ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૪

સોમવાર, તા.૧૩મી જુલાઇ, ૨૦૦૯
આષાઢ ૨૨, ૧૯૩૧ શાકે

થી

શુક્રવાર, તા.૧૭મી જુલાઈ, ૨૦૦૯
આષાઢ ૨૬, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**ચોથું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા. ૧૩મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૨૨, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪ - ૪૩ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૪૪ - ૪૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૫ - ૪૬ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૪૭ - ૪૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૪૯ - ૫૯ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૬૦ - ૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૨ - ૭૪ |
| **મંગળવાર, તા.૧૪મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૨૩, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૭૫ - ૮૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૮૬ - ૧૦૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ - ૧૧૨ |
| વિશેષાધિકારભંગનો મુદ્દો | ૧૧૩ - ૧૧૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૪ - ૧૩૬ |
| **બુધવાર, તા.૧૫મી જુલાઈ ૨૦૦૯ / આષાઢ ૨૪, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૩૭ - ૧૪૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૮ - ૧૭૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૭૭ - ૧૭૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૭૯ - ૧૭૯ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૧૮૯ - ૧૮૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૦ - ૨૦ |
| **ગુરૂવાર, તા. ૧૬મી જુલાઈ, ૨૦૦૯ / આષાઢ ૨૫, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૦૨ - ૨૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૬ - ૨૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ) | ૨૫૧ - ૨૭૩ |
| દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો | ૨૭૪ - ૨૭૪ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| બિન સરકારી વિધેયકો | ૨૭૫ - ૨૭૯ |

**શુક્રવાર, તા.૧૭મી, જુલાઈ ૨૦૦૯ / આષાઢ ૨૬,૧૯૩૧ શાકે**

| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૮૦ - ૨૯૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૧ - ૩૩૭ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૩૩૮ - ૩૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૩૯ - ૩૭૪ |


***

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર તા. ૧૩મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૨૨, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**સામખીયાણી અને ખારાઘોડાના મીઠા ઉદ્યોગના વિકાસ માટે દરિયાઈ પાણીની ગટર બનાવવા અંગે**

*** ૯૧૫૦ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મીઠા ઉદ્યોગના વિકાસ માટે સામખીયાણીથી ખારાઘોડા સુધી દરિયાઈ પાણીની ગટર બનાવવા માટેની કામગીરી ચાલુ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયથી ચાલુ છે અને તેનો ખર્ચ કેટલો થયો?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી:**

(૧) આવી કોઈ કામગીરી ચાલુ નથી.

(૨) લાગુ પડતુ નથી

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર મીઠા ઉદ્યોગની ખૂબ જ વ્યાપક શકયતા રહેલી છે ત્યારે આ પ્રશ્ન દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી મારે જાણવું છે કે મીઠાના પાણીની દરિયાઈ ગટર બનાવવા અંગેનો પ્રશ્ન છે એ અંગે અગાઉ કોઈએ રજૂઆત કરી હતી કે કેમ અને તે પરત્વે શું નિર્ણય લેવાયો હતો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧૦-૧૨-૧૯૯૮ની સાલમાં સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટ અને મંત્રીશ્રીની એક બેઠક થઈ હતી અને દરિયાનું પાણી અહીંયા નાના રણ ઓફ કચ્છમાં મીઠા ઉદ્યોગ માટે વાપરવામાં આવે અને એમાં કેટલો લાભ થઈ શકે એ માટે મિટિંગ રાખવામાં આવી હતી. એમાં ઘણી બધી ચર્ચા વિચારણા થઈ અને એવો નિર્ણય લેવામાં આવ્યો કે આ જે પાણી ત્યાંથી લાવવું હોય તો પાઈપલાઈન કે કેનાલ દ્વારા લાવવામાં આવે. એને માર્શીલેન્ડમાંથી પસાર થવું પડે. ખેડૂતોની જમીનમાંથી પસાર થવું પડે અને સૌથી અગત્યનું એ હતું કે એની ગ્રેડીઅન્ટ નેગેટીવ આવતી હતી એટલે દરિયાનું પાણી આ વિસ્તારમાં લાવવું હોય તો ૭થી ૧૦ મીટર ઉંચાઈ એટલે પમ્પીંગ કરીને લાવવું પડે. કુલ ૧૨૫કરોડની પ્રોજેકટ કોસ્ટ નકકી કરી હતી. એ વિસ્તારમાં મીઠાનું ઉત્પાદન માત્ર ૩૦લાખ ટન થાય છે. ફાયદો ૪૦ રૂપિયે ટનનો ફાયદો આવતો હતો. કુલ ૧૨કરોડનો ફાયદો થતો હતો એની સામે ખૂબ મોટો ખર્ચ ખૂબ મોટું મેન્ટેનન્સ અને આટલું ઊંચું પાણી લઈ જવું શકય ન લાગ્યું એટલે એ જ વખતે મિટિંગમાં જે બધા હાજર રહ્યા હતા એ લોકોએ નિર્ણય કર્યો હતો કે આ પ્રોજેકટમાં વાયેબીલીટી નથી એટલે આપણે કરવો ન જોઈએ.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મીઠાના ઉદ્યોગમાં જે કામદારો રોકાયેલા છે તેમના માટે રાજય સરકારની કોઈ કલ્યાણ યોજના છે કે કેમ? જો છે તો તેની વિગત શું છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે મીઠાના ઉદ્યોગની અંદર અગરિયાઓ કામ કરી રહ્યા છે તેના માટે રાજય સરકારની યોજના છે એમાં આ લોકોને બધા જ લાભ આપવામાં આવે છે. એ લોકોને આવાસ યોજના છે એમાં ઘર આપવામાં આવે છે. એ લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને માંદા સાજા થાય તો એના માટે મોબાઈલવાન અને ફ્રી મેડિસીનપણ કારીગરોને આપવામાં આવે છે. પીવાના પાણી માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મોબાઈલ વાન દ્વારા રેશનીંગ કરવામાં આવ્યું છે. એમના છોકરાઓને ભણાવવા માટે પ્રાયમરી એજયુકેશન માટે શાળાના ઓરડાની સગવડ પણ કરવામાં આવે છે. બીજું કે યુનિફોર્મથી માંડીને એ લોકોને વીજળી મળે અને વીજળીની લાઈટો ત્યાં ન પહોંચી શકે તો સોલાર દ્વારા પણ વ્યવસ્થા ગોઠવી છે. આ બધી જગ્યાએ આપણે કનેકટીવીટી પણ રોડ દ્વારા કરી છે અને રાજય સરકારે મીઠાનું ઉત્પાદન સારામાં સારી રીતે થાય એના માટે બધી જ જાતના પ્રોત્સાહન આપ્યા છે. ઈનકલુડીંગ આપણે એક જેટી પણ પ્રોત્સાહન માટે બનાવવાનું નકકી કર્યું છે.

**વડોદરા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

*** ૯૬૨૯ શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે:-

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો કયા કયા સ્થળે સરકાર સ્થાપવા માટે છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા):

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વડોદરા જિલ્લામાં ૬૬ કે.વી.ના નીચે મુજબના ૨ (બે) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબસ્ટેશનનું નામ |
|---|---|
| ૧. | પાનવડ |
| ૨. | સાઠોદ (પિસઈ) |

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે ૬૬ કે.વી. નવા સબસ્ટેશન સ્થાપવા માટે કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે અને એનો અંદાજીત ખર્ચ કેટલો થાય છે. બીજું, ૨૦૦૮-૦૯માં રાજયમાં કેટલા સબસ્ટેશનો સ્થાપવામાં આવ્યા અને એમાં વડોદરા જિલ્લામાં કેટલા સબ સ્ટેશન સ્થાપવામાં આવ્યા?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર છેલ્લા ૫-૭ વર્ષની અંદર ૬૬ કે.વી. સબ સ્ટેશનનું પ્રમાણ રાજયની અંદર અને જિલ્લે જિલ્લે ખૂબ વધારે કરવામાં આવ્યું છે આનું મુખ્ય કારણ એ હતું કે વર્ષોથી લો વોલ્ટેજનો પ્રશ્ન ગામડાંઓમાં ખેડૂતોને અને ઘર વપરાશ માટે ની વીજળી માટે આવતા હતા.એટલે આ પ્રોબ્લેમ્સ દૂર કરવા માટે ફિડર બહુ લાંબા હોવાના કારણે ફિડર ટૂંકા થાય એ માટે નવા સબસ્ટેશનો ઊભા કરવાનું નક્કી કર્યુ. બીજું વધારેમાં વધારે વીજળીના કનૅક્શન આપતા જઈએ છીએ, એટલે existing સબસ્ટેશનોની અંદર જગ્યા ઓછી છે, એટલે એમાં ઓવરલોડ ન થાય તે માટે નવાં સબસ્ટેશનો આપવાનું ચાલુ કર્યુ. વધારે લાંબી લાઈનો હોય એટલે ટી. એન્ડ ડી. લોસ વધતા જાય, એટલે ટી. એન્ડ ડી. લોસમાં ઘટાડો કરવા માટે આ આપણે ૬૬ કે.વી. ના સબસ્ટેશનો આપતા જઈએ છીએ. ગુણવત્તાવાળી વીજળી મળે અને દરેકને વીજળી મળે એ રીતનું ઈન્ફ્રાસ્ટ્રકચર કરવામાં આવ્યું છે અને ટેકનીકલી વાયેબિલિટી હોય ત્યાં ૬૬ કે.વી., ૨૨૦ કે.વી. અને ૪૦૦ કે.વી. ઊભા કરીએ છીએ. ૬૬ કે.વી. ની કિંમત આશરે ૩ કરોડ હોય છે, ૨૨૦ કે.વી. ની ૨૫ કરોડ અને ૪૦૦ કે.વી. ની કિંમત ૯૦ કરોડ હોય છે. ધારાસભ્યશ્રીએ વાત કરી કે વડોદરા જિલ્લામાં કંવાટ અને ડભોઈમાં આ વખતે ૬૬ કે.વી. ઊભા કરવાના છીએ. કંવાટની અંદર સિવિલ વર્ક ચાલુ થઈ ગયું છે. ડભોઈની જમીન અંગે કલેકટરશ્રી પાસે દરખાસ્ત પેન્ડિગ છે. આવતા દિવસમાં તુરંત કરી અને કામ ચાલુ કરી દઈશું.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં કેટલા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે? તે પૈકી વડોદરા જિલ્લામાં કેટલા સબસ્ટેશનો સ્થપાશે અને જિલ્લામાં કુલ કેટલા સબસ્ટેશનો કાર્યરત છે? ચાલુ વર્ષમાં ૨૦૦૯-૧૦ દરમ્યાન જિલ્લામાં કેટલાં નવાં સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે?

**શ્રી સૌરભ પટેલ** : પહેલો સવાલ ફરીથી કહો.

**અધ્યક્ષશ્રી** : વડોદરા જિલ્લામાં કેટલા સબસ્ટેશનો સ્થાપવાનું નક્કી કર્યુ?

**શ્રી સૌરભ પટેલ** : ૨

**અધ્યક્ષશ્રી** : કેટલા કાર્યરત ?

**શ્રી સૌરભ પટેલ** : આજની તારીખે કુલ વડોદરા જિલ્લામાં ૫૬ સબસ્ટેશનો કાર્યરત છે. એની અંદર ૪૦૦ કે.વી.ના ૧,૨૦૦ કે.વી.ના ૩, ૧૩૨ કે.વી.ના ૭ અને ૬૬ કે.વી.ના ૪૫ અને તાલુકાવાઈઝ વિગતો માગી છે?

**અધ્યક્ષશ્રી** : ના જિલ્લાની માગી.

**શ્રી સૌરભ પટેલ** : છોટા ઉદેપુરમાં ૧, ડભોઈ-૩ કરજણમાં ૪, કવાંટમાં-૧, નસવાડીમાં-૧, પાદરામાં-૭ અને પાવીજેતપુરમાં- ૨, સાવલી- ૭, સંખેડા-૩, શિનોર-૨, વડોદરા-૨૩, વાઘોડિયા-૨.

**રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશનો**

*** ૯૫૮૮ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે..,

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. સબ સ્ટેશનો કયા કયા સ્થળે સરકાર સ્થાપવા માગે છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** :

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી.ના નીચે મુજબના ૧૧ નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | શાસ્ત્રી મેદાન |
| ૨ | મોટી પાનેલી |
| ૩ | ઉમરાલી |
| ૪ | જામવડી |
| ૫ | સિધાંવદર |
| ૬ | રાયડી |
| ૭ | ચાચાપર |
| ૮ | ફાડડંગ |
| ૯ | ઘાંટીલા |
| ૧૦ | ઠીકીયારી |
| ૧૧ | ખાખીજાલીયા |

તદ્ઉપરાંત ૬૬ કે.વી. માવડી રોડ(રાજકોટ) સબ સ્ટેશન કે જેનું આયોજન ૨૦૦૮-૦૯ના વર્ષમાં કરી દેવામાં આવેલ, તેને ટેસ્ટ ચાર્જ કરી દેવામાં આવેલ છે અને તેને સંલગ્ન ૬૬ કે.વી. લાઈનનું કામ ચાલુ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે તે વિસ્તારમાં ૬૬ કે.વી.ના નવીન સબસ્ટેશનો સ્થાપવાથી વીજ ગ્રાહકોને શું શું ફાયદો થશે?

**શ્રી સૌરભ પટેલ** : મારે આ વિધાનસભાના સભ્યોને આનંદ સાથે કહેવું છે કે રાજકોટ જિલ્લાને આ વખતે સૌથી વધારે સબસ્ટેશનો ૧૧ આપણે ફાળવ્યા છે. આ ઈતિહાસની અંદર કયારેય બન્યું નથી. આનું મૂળ કારણ એ હતું કે રાજકોટ જિલ્લામાં ખૂબ વધારે લોડ આવતો હતો અને ઘણા વખતથી પેન્ડિંગ સબસ્ટેશનોની અરજી બાકી હતી, એટલે નવા ઉદ્યોગો માટે ખેડૂતોને કનેકશન અને નવા ઘરવપરાશ માટે ગુણવત્તાવાળી વીજળી મળે, એના માટે ૧૧ સબસ્ટેશનો એક જ વર્ષમાં નાખી બેકલોગ પતાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો. આના કારણે વધારે લાભ થશે. વધતી જતી ખેડૂતોની કનેકશનની પેન્ડિંગ અરજીઓ છે તે નીવારવા માટે સબસ્ટેશનોનું આયોજન કર્યુ છે. ચોક્કસપણે ગુણવત્તાવાળી વીજળી આપવા માટેનું કામ કરેલો છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી મુખ્યમંત્રી અને મંત્રી અભિનંદન. અગાઉ અમે લખતા ત્યારે બે વર્ષે એક સબસ્ટેશન મંજૂર થતું. આજે મારી રજુઆત હતી કે માળિયા તાલુકાનું વેજલપુર ગામ છે. માત્ર ૯૦૦ ની વસ્તી છે ત્યાં સબસ્ટેશન મંજૂર કર્યુ. એટલે અભિનંદન આપું કે આ ૧૧ સબસ્ટેશનો કેટલા સમયમાં પૂરા કરશો?

**શ્રી સૌરભ પટેલ** : વસ્તીના ધોરણ ઉપર સબસ્ટેશન મંજૂર થતા નથી. જગ્યા એ પ્રમાણે સિલેકટ કરી આજુબાજુના ગામડાઓને લાભ મળે એ હેતુથી આ સબસ્ટેશનો આપવામાં આવે છે. આખા રાજ્યમાં એ પ્રમાણે આયોજન કર્યુ છે. દરેક તાલુકામાં એનો ડિમાન્ડ ફેકટર હાથમાં લઈ કેટલા કનેકશનો છે, કેટલો લોડ છે. એ પ્રમાણેનો આપણે માસ્ટર પ્લાન બનાવેલ છે અને કુલ જમીન સંપાદન થયા પછી કામનું ટેન્ડર અપાયા પછી ૪ મહિનામાં આપણે સબસ્ટેશનોનું કામ કાર્યરત કરીએ છીએ.

## સુરત જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજળીકરણ

***૯૬૦૯ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.,

(૧) આદિવાસી વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

(૨) કેટલી અરજીઓ હાલમાં પડતર છે, અને

(૩) ઉકત બાકી વીજ જોડાણો કયારે આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની રાજય સરકારની "કુટિર જયોતિ યોજના" અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૭૮૧૩ અને "આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઈબ્સ)" ના લાભાર્થીઓને વીજળીકરણ યોજના અંતર્ગત ૬૭૪ વીજ જોડાણો આપવામાં આવ્યા

(૨) અને (૩)

કુટિર જયોતિ યોજના અંતર્ગત ૬૯૫ અરજીઓ પડતર છે. જે તમામને ચાલુ નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. જયારે "આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઈબ્સ)ના લાભાર્થીઓને વીજળીકરણ યોજના" અંતર્ગત કોઈ અરજી પડતર નથી.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુટિર જયોતિ યોજના અને આદિમજૂથ વીજળીકરણ યોજનામાં લાભાર્થીઓને વીજ જોડાણ મેળવવા માટે કેટલી રકમ ભરપાઈ કરવી પડે છે? અને વર્ષ ૨૦૦૮-૦૯માં સુરત જિલ્લામાં તાલુકાવાઈઝ કુટિર જયોતિ યોજના અંતર્ગત કેટલા ઘરોનું વીજળીકરણ કરવામાં આવ્યું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર જયોતિ યોજના ટ્રાબલ વિસ્તારની અંદર આપણે કનેકશન આપવા માટે દાખલ કરી છે. તેની અંદર સિંગલ પોઈન્ટ કનેકશન ફ્રી કોસ્ટ આપવામાં આવી છે. જેની આવક મર્યાદા ૧૧ હજારથી ઓછી હોય કે બી.પી.એલ. કુટુંબમાં હોય તેના દરેક લાભાર્થીઓને આની અંદર આપણે સમાવેશ કરીએ છીએ. સભ્યશ્રીએ સવાલ પૂછયો કે ૨૦૦૮-૦૯ની અંદર ચોર્યાસીમાં ૦, મહુવામાં ૪૯૬, પલસાણામાં ૩૦૪, કામરેજમાં ૪૯૬, માંગરોળમાં ૧૧૦૦, ઓલપાડમાં ૧૪૨, ઉમરપાડામાં ૨૭૫૨, બારડોલીમાં ૨૧૫૨, માંડવીમાં ૩૭૧ એમ કરીને ૭૮૧૩ કનેકશન આપણે આપ્યા છે અને ૨૦૦૯-૧૦ની અંદર જુન સુધીમાં ૩૬૨૫ કનેકશનો આપણે આપ્યા છે. જે પેન્ડીંગ અરજીઓ છે જુન-૨૦૦૯ સુધીમાં તેમાં માત્ર ૬૯૫ છે. બધા તાલુકાઓમાં અરજી ૦ છે. ઉમરપાડાની અંદર ૩૪૩ અને માંડવીની અંદર ૩૫૨ એમ કરીને માત્ર ૬૯૫ અરજીઓ પેન્ડીંગ છે. તેનું ટૂંક સમયમાં આપણે કામ પૂર્ણ કરી નાંખીશું.

**ખેડૂતોને વીજ બચતનું મહત્વ સમજાવવા અંગેનું આયોજન**

*** ૮૫૮૫ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.,

(૧) ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજય સરકાર દ્વારા કોઈ વિશેષ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તે અંતર્ગત ૨૦૦૮-૦૯ દરમ્યાન શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે માટે રાજય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) હા,જી ખેડૂતો વીજ બચતનું મહત્વ સમજે તે માટે ખેતી વિષય વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે રાજય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯માં પાયલોટ પ્રોજેકટ તરીકે હયાત મોટર પમ્પ સેટને વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવાની યોજના અમલમાં મૂકેલ છે.

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજયના ૧૧ તાલુકાઓમાં કુલ ૪૧૯ હયાત મોટર પમ્પ સેટને વીજ કાર્યક્ષમ પમ્પ વડે બદલવામાં આવેલ છે.

(૩) આ યોજના હેઠળ નવા વીજ કાર્યક્ષમ પમ્પ સેટની કિંમતનો બે તૃત્યાંશ ભાગ અથવા નિયત કરેલ મહત્તમ રકમ, બેમાંથી જે રકમ ઓછી હોય તે વીજ કંપની અને રાજય સરકાર સરખા ભાગે ભોગવે છે. જયારે બાકીની રકમ ખેડૂતોએ ભોગવવાની હોય છે. તદઉપરાંત જૂનો પમ્પ સેટ ખેડૂતે જે તે વીજ કંપનીમાં જમા કરાવવાનો રહે છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એનર્જી એફીશીયન્ટ પમ્પ યોજના જે છે તેની માહિતી જોઈએ છે તેનાથી શું ફાયદા થાય છે.અને મારો બીજો પ્રશ્ન છે કે વર્ષ ૨૦૦૯-૧૦માં એનર્જી એફીશીયન્ટ પમ્પ યોજના માટે કેટલી નાણાંકીય સહાય ચુકવાઈ છે અને તેના માટે કુલ કેટલી જોગવાઈ છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ખેડૂતોની વીજળીની માંગ દિવસે દિવસે વધતી જાય છે. રાજય સરકાર સંપૂર્ણપણે વીજ માંગ આપવા કટિબદ્ધ છે. પરંતુ મોટાભાગના ખેડૂતોના જે પમ્પ સેટ અને મોટર એસેમ્બલ છે. એસેમ્બલ મોટર અને પમ્પ સેટ હોવાના કારણે ખેડૂતો વધારે વીજળી વાપરતા હોય છે. આ વીજળી વધારે ખેડૂતો ન વાપરે અને ખેડૂતોને ગુણવત્તાવાળી મોટર અને પમ્પ મળે, ઓછા કલાકમાં વધારે પાણી મળે, વીજળીનો દૂરુપયોગ ન થાય એના કારણે આપણે આ એનર્જી એફીસીયન્સી પમ્પ યોજના જાહેર કરી છે. આ યોજનાની અંદર જે લાભો મળે છે. મુખ્ય લાભ એ છે કે એનર્જીનો વપરાશ એસેમ્બલ મોટર અને સારી ગુણવત્તાવાળી મોટરનો તફાવત હોય છે તે ૧૫ ટકાથી ૨૫ ટકા સુધીનો હોય છે. બીજું કે દા.ત. ૨૫ હોર્સ પાવરની મોટર વાપરતો હોય તો તેની જગ્યાએ ૨૨.૫ હોર્સ પાવર કે ઓછા હોર્સ પાવર વાપરવી પડે છે એટલે બીલનું ચુકવણું ઓછું થાય છે. સરકારના રેટ હોય તે રેટમાં તેણે જેટલી બચત થાય છે તે બચતના કારણે એણે બીલમાં ઓછું આપવાનું હોય છે. ત્રીજું કે લોસીસ પણ ઓછા થાય છે. કવોલીટી ઓફ પાવર જે ગુણવત્તાવાળી સારી મોટર હોય છે તેનાથી મળે છે. દરેક ખેડૂત વર્ષે દહાડે પાંચ દસ હજાર રૂપિયા એસેમ્બર મોટરના મેન્ટેનન્સમાં ખર્ચતો હોય છે. સારી મોટરના કારણે તે ખર્ચવાનું પ્રમાણ ઘણું ઓછું થઈ જાય છે. એટલે પ્રેકટીકલી શરૂઆતના બે ચાર વર્ષમાં કોઈ મેન્ટેનન્સ કોસ્ટ લાગતો નથી. પાણીની મેં વાત કરી તેમાં પમ્પીંગ વધારે થવાના કારણે ખૂબ મોટા લાભ થાય છે. રાજય સરકારે જયારે આ યોજના જાહેર કરી ત્યારે જે તાલુકા કવર કર્યા તેની અંદર ગાંધીનગર જિલ્લાની અંદર માણસા, મહેસાણા જિલ્લાની અંદર વિજાપુર, બનાસકાંઠાની અંદર કાંકરેજ, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર હળવદ, અમરેલી જિલ્લાની અંદર અમરેલી તાલુકો એ પછી આ તા. ૧૬-૭-૨૦૦૮ની અંદર પાંચ તાલુકાઓનો સમાવેશ કર્યો હતો. પાંચ તાલુકાઓના સમાવેશ પછી તા. ૨૦-૨-૦૯ની અંદર બીજા છ તાલુકાઓનો સમાવેશ કર્યો હતો. એમાં મહેસાણા જિલ્લાના વિસનગર અને મહેસાણા તાલુકો. બનાસકાંઠા જિલ્લાની અંદર ધાનેરા અને ડીસા. સાબરકાંઠા જિલ્લાની અંદર હિંમતનગર. આજની તારીખમાં આ યોજના ૧૧ તાલુકાઓની અંદર ચાલે છે.આ જે કંપનીઓ સિલેંકટ કરવામાં આવે છે એ કંપનીઓની ડિઝાઈન, જે

એપ્રુવલ છે એ એડા અને જેડા દ્વારા કરવામાં આવે છે. જેડા દ્વારા લિસ્ટ ઑફ મેન્યુફેકટરરની યાદી બને છે. અને એ યાદી કઈ જાતની કવોલીટી મોટર કરી હોય એ આખુ સિલેક્શન એડા અને જેડા કરે છે અને એના કારણે કવોલિટી મોટર્સ અપાય એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી છે. શરૂઆતમાં જ્યારે આ યોજના કરી ત્યારે ગ્રાહક ૫૦ ટકા આપવાનું નક્કી કર્યું હતું. સરકાર ૨૫ ટકા અને ૨૫ ટકા ડિસ્કાઉન્ટ. એ પછી આપણે સુધારો કર્યો અને સુધારો એવો કર્યો કે વન થર્ડ કન્ઝયુમર આપે, વન થર્ડ સરકાર આપે અને વન થર્ડ ડિસ્કાઉન્ટ આપે પણ હવે એવું નક્કી કરવામાં આવ્યું છે, એક વિચાર આવ્યો છે કે જે જૂની મોટર છે એ સ્ક્રેપ કરી અને જે મેન્યુફેકચરર પાસેથી લઈએ છીએ એને પાછી આપી દેવી, અને આવું કરીએ તો કન્ઝયુમર દશ ટકા, અને ૪૫-૪૫ એમ ૯૦ ટકા, એટલે આપણે પ્રોત્સાહન આપવા માટે આ પ્રમાણેનો વિચાર કરી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું કે ટોટલ કેટલા પંપ સેટ રિપ્લેસ થયા છે તો ૨૦૦૮-૦૯ની અંદર ૪૧૯ આપણે ટ્રાયલમાં કર્યા હતા અને ૪૧૯ કર્યા પછી ૨૦૦૯-૧૦માં એકલા ત્રણ મહિનાની અંદર બીજા ૧૧૫૧ કુલ કર્યા એટલે અત્યાર સુધી ૧૫૭૦ આપણે પંપસેટ અને મોટર બદલી છે અને આવતા મહિનાઓની અંદર આ વધારે મોટી ઝુંબેશ ઉપાડી ૧૧ તાલુકાઓની અંદર ટારગેટ નક્કી કરી, કંપનીઓની કેપેસીટી નક્કી કરી અને કંપનીઓ વધે એ પ્રમાણેની ગોઠવણ કરી અને કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યનો ઈસ્યુ એ છે કે, કંપનીઓનું સિલેક્શન ગ્રાહક કરે છે. સરકારમાંથી કોઈ નથી કરતું. આપણે જે કંપનીઓની યાદી આપીએ છીએ એ યાદીમાંથી ગ્રાહક નક્કી કરે કે એને કઈ પંપ અને મોટર વાપરવી એ પ્રમાણેની આખી વ્યવસ્થા ગોઠવીએ છીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, યોજના બહુ સારી છે, સરકારને પણ ફાયદો છે, વિદ્યુતની અંદર બચત થાય છે, ખેડૂતોને પણ ફાયદો છે એમને પણ બિલ ઓછું ભરવું પડે પણ સહેજ, લોકોની એક માગણી છે એ માગણી હું ગૃહ સમક્ષ મૂકવા માગું છું. આ યોજનામાં શરૂઆતમાં ખેડૂતને સહેજ વધારે ભરવા પડતા હતા પણ એ પછી સરકારે સુધારો કર્યો અને ૬૬ અને ૩૩ છે એ પ્રમાણે ભરવા પડે છે. હજી પણ આ યોજનાને ફૂલ સ્વરૂપે જો વિકસાવવી હોય અને લાઈટ એનર્જી બચાવવી હોય તો સતત એક માગણી રહ્યા કરે છે કે ૭૫-૨૫નો રેશિયો કરવામાં આવે. તો ખેડૂતને મોટો ફાયદો થાય અને સમસ્ત ખેડૂતોમાં આ વાતને સ્વીકારે, તો વિદ્યુત બોર્ડને પણ ફાયદો થાય અને સરકારને પણ એનર્જી બચાવવામાં મોટો ફાયદો થાય આ મારું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : ૭૫-૨૫ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એનાથી પણ સારું કરવા માગીએ છીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ મોટર તો ખેડૂતની છે, એને કોઈ ઉપયોગી નથી. એ મોટરનો તો નાશ થાય છે. એ તો લોખંડ બની જાય છે. એમાં તો ખેડૂતને કોઈ ફાયદો નથી. તો આ રીતે સીધો ફાયદો આપવામાં આવે. ૭૫-૨૫નો રેશિયો કરવામાં આવે તો યોજના સરસ ઊપડે એવી છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મોટર પાછી લેવી જ પડે, પાછી ન લઈએ તો બીજી રીતથી એનો ઉપયોગ થાય. એટલે મોટર તો ફરજિયાત રીતે પાછી લઈ અને છૂંટું કરીએ છીએ અને ડિસ્ટ્રોય કરી નાખીએ છીએ અને આપણે વેચી નાખીએ છીએ અને આપણે નક્કી કર્યું છે કે મેન્યુફેકચરરને પાછી વેચીને, ડિસ્ટ્રોય કરીને તો મેન્યુફેકચરર ખાલી દશ ટકા લે એ પ્રમાણેનું આપણું એક પ્લાનિંગ ચાલી રહ્યું છે. એટલે ખેડૂતે માત્ર દશ ટકા પ્લસ મોટર, આટલું આપવાનું, આ પ્રમાણેની ગોઠવણી કરવાનું વિચારીએ છીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ થાય તો બરાબર છે.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે જાણવું છે કે, જે ૧૧ તાલુકાઓમાં પાયલોટ પ્રોજૅકટ તરીકે ૪૧૯ જેટલી ૨૦૦૮-૦૯માં મોટરો બદલવામાં આવી, તો ૨૦૦૯-૧૦માં બીજા અન્ય તાલુકાઓનો સમાવેશ કરવા માગો છો કે કેમ? અને એમાં ભાવનગર જિલ્લાના કોઈ તાલુકાનો સમાવેશ કરવા માગો છો કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધીમે ધીમે મેન્યુફેકચરની કેપેસીટી એડિશન થાય, નવા મેન્યુફેકચર્સ આવે અને એક વાર સેટ થઈ જાય અને એનો ટેકનિકલી કેટલો લાભ થાય છે એ જોવું બહું અગત્યનું છે અને આપણે આટલો મોટો પ્રોજેકટ આટલા મોટા ખર્ચ સાથે હાથમાં લીધો છે એમાં કરોડો રૂપિયા રાજય સરકાર જ્યારે ખર્ચવાની છે ત્યારે આપણી જવાબદારી છે કે આમાં એકે એક રૂપિયો બરાબર વપરાય એના માટે આપણે આ કામની શરૂઆત ૧૧ તાલુકાથી કરી છે અને પછી આખા રાજયમાં આને લઈ જવાની સરકારની ઇચ્છા છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ખેડૂતોને જે લાભ આપવાના છે એમાં ખેતર દીઠ નાનું ટ્રાન્સફૉર્મર મૂકવાની વાત હતી એ વાત સાચી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ એક ખેડૂતો માટેની નવી યોજના છે ખુશી યોજના છે એની અંદર આપણે એચ.પી.લાઈન અને પોતાનું ટ્રાન્સફૉર્મર આવી ખુશી યોજના દ્વારા બધા જ નવા કનૅક્શન અત્યારે ખુશી યોજનામાં જ અપાય છે અને વહેલામાં વહેલીતકે આપણો પ્રયત્ન રહેશે એમાં ખર્ચ બહું મોટો છે

પણ બધાને સો ટકા ગુણવત્તાવાળી વીજળી મળે, ટ્રાન્સ્ફૉર્મર બળે નહીં આ માટે ખુશી યોજનાનું અમલીકરણ કર્યું છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ માહિતી જોઈએ છે કે, વીજ કાર્યક્ષમ પંપ સેટ છે એના એક પંપ સેટનો અંદાજી ખર્ચ કેટલો થાય છે, બીજું માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ફલિત થાય છે કે, ૧૫૬૦ જેટલા વીજ કાર્યક્ષમ પંપ અમલવારીમાં આવ્યા છે ત્યારે જે તાલુકાઓ છે એ તાલુકાવાર કેટલી સંખ્યા છે? એની માહિતી મારે જોઈએ છે.

**અધ્યક્ષશ્રી** : માહિતી હોય તો આપો મંત્રીશ્રી, માહિતી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા સવાલમાં જે એમણે કહ્યું કે અંદાજીત ખર્ચ શું છે? તો એ તો દરેક હોર્સપાવર દીઠ કોસ્ટીંગ અલગ અલગ હોય એ મારી પાસે અત્યારે માહિતી છે નહીં કેમ કે હોર્સપાવર પ્રમાણે એના રેટ બદલતા હોય છે. અને તાલુકાની એમણે વાત કરી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તાલુકા એમને આપી દીધા શરૂઆતમાં જ એની સંખ્યા આપી દીધી છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને તાલુકા દીઠ સંખ્યા જોઈએ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તાલુકા વાઈસ સંખ્યા જોઈએ છે એટલે ખ્યાલ આવે કે કેટલો વ્યાપ છે આ યોજનાનો.

**અધ્યક્ષશ્રી** : મારે માટે પરિસ્થિતિ એ છે કે બાકીના બે સભ્યો હજુ છે એમને પણ પ્રશ્ન પૂછવો છે માટે આપ આ માહિતી ટેબલ ઉપર મૂકજો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ યોજનામાં કચ્છ જિલ્લાનો સમાવેશ કરવા માગો છો કે નહીં, અને એમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાનો સમાવેશ કરવા માગો છો કે નહીં? બીજું આ યોજના જેવી જ ટપક સિંચાઈ યોજના છે એમાં સરકારની વીજ કનેકશન આપવા અંગેની શું નીતિ છે?

**અધ્યક્ષશ્રી** : જયંતીભાઈ, પ્રશ્ન મર્યાદિત છે એના સંદર્ભમાં જ પૂરક પ્રશ્ન આપ પૂછો, બીજા પ્રશ્નમાં જવાનું આપ છોડી દો. એમના પહેલા પ્રશ્નનો જ આપ જવાબ આપો. ટપક સિંચાઈ પદ્ધતિ માટે આપ જુદો પ્રશ્ન પૂછજો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં પહેલા કહ્યું તેમ ધીમે ધીમે આખા રાજયના બધા જ તાલુકાનો સમાવેશ કરવા ઇચ્છીએ છીએ અને સભ્યશ્રીની લાગણી છે કે કચ્છને વહેલા લેવામાં આવે તો આવતા ફેઈસમાં ચોક્કસપણે કચ્છને લઈ લઈશું.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતને પણ ફાયદો થાય અને વીજળી પણ બચે એવી સરસ યોજના લઈ આવવા બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, આ એસેમ્બલ પંપમાંથી આપણે જે કાર્યક્ષમ પંપ આપવાની વાત કરીએ છીએ તો વીજ કનૅક્શન ધરાવતા ખેડૂતને એની સીધી માહિતી પહોંચે એ પ્રકારની કોઈ યોજના સરકારે વિચારી છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક તાલુકાની અંદર આપણે સેમિનાર કરીને ખેડૂતોને માહિતી આપવાનું આયોજન કર્યું છે અને એ માટેનું લીટરેચર પણ બનાવેલ છે એટલે વધારેમાં વધારે તાલુકામાં આ યોજનાની ખેડૂતોને ખબર પડે એ પ્રમાણેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

## ગુજરાત વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટરની જગ્યાઓ

**૯૬૨૨ *શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજયની વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટરની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે?

**કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજયની વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટરની જગ્યા મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે, હાઈકોર્ટમાં નહીં પરંતુ જે બીજી કોર્ટો છે તેમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરની ખાલી

જગ્યાઓ ભરવા અંગે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ? અને આ જગ્યાઓ કેવી રીતે ભરવામાં આવે છે ? અને આ ખાલી જગ્યાઓ ભરવા અંગેના કયા નીતિ-નિયમો હોય છે?

**શ્રી અમિત શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટરની ખાલી જગ્યાઓ ભરવા માટે આ રાજયની અંદર, રાજયની સ્થાપના પછી પહેલીવાર ૨૪૨ જગ્યાઓ એક સાથે ભરવાનો નિર્ણય કર્યો છે. અને આ જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગની મારફતે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પૂરી થઈ ગઈ છે અને હવે તે સ્પર્ધાત્મક પરીક્ષા પછીની મૌખિક કસોટીની કાર્યવાહી ચાલુ છે એટલે ટૂંક જ સમયની અંદર રાજયની જુદી જુદી કોર્ટોની અંદર ૨૪૨ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરોની નિમણૂંક કરવામાં આવશે. અને આ નિમણૂંક થયા પછી રાજયની એક પણ કોર્ટ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટર વગરની ખાલી રહેવાની નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો આસિસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટરની રાજયમાં અન્ય કોર્ટોની જે વાત કરી છે ત્યારે હાલ રાજયમાં કુલ કેટલા પબ્લિક પ્રોસીકયુટરોની નિમણૂંક થયેલી છે ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટરમાં ૪૬૧ જગ્યાઓ કુલ મંજૂર થયેલી છે તેમાંથી ૧૬૮ ભરાયેલી છે અને બાકીની ખાલી છે તે બધાની ભરવાની કાર્યવાહી ચાલુ છે અને આ ૧૬૮ જે ખાલી બતાવી છે તે પૈકીની ૮૨ તો આ વર્ષે નવી મંજૂર કરેલી જગ્યાઓ છે. જે કોર્ટો નવી ચાર વર્ષની અંદર પ્રસ્થાપિત થઈ માનનીય નામદાર અદાલતના સૂચન મુજબ રાજય સરકારે જે નવી કોર્ટો સ્થાપી તેની અંદર પણ નવી જગ્યાઓ ઉભી કરી અને ભરવાની કાર્યવાહી ચાલુ થઈ છે. અને આ કાર્યવાહી પત્યા પછી જ એક પણ જગ્યા ખાલી નથી રહેવાની. આની અંદર રાજયના બધાજ જિલ્લાઓની તાલુકા કક્ષાની બધીજ કોર્ટોનો સમાવેશ થઈ જાય છે. જ્યાં જ્યાં ખાલી છે ત્યાં આ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટર કામગીરી બજાવશે અને તેના લીધે નીચેની કોર્ટોમાં ક્રિમિનલ કેસોનો ભરાવો ખાસ કરીને વિશેષ છે તેનો ઝડપી નિકાલ થશે અને ત્વરિત ન્યાય મળવાની દિશામાં આપણે એક વધુ ઝડપી કદમ ઉઠાવીશું.

**ખંભાળીયા તાલુકામાં ઓછી આવક ધરાવતાં કુટુંબોના ઘરનું વીજળીકરણ**

**૮૪૮૦શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં ઘરમાં વપરાશ માટે ઓછી આવકના જુથના કુટુંબોના ઘરોમાં વીજળીકરણ કરવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) આ અરજીઓ પૈકી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા ઘરોમાં વીજ કનેકશનો આપવામાં આવ્યા,

(૩) કેટલી અરજીઓ બાકી છે, અને

(૪) બાકી અરજીઓના અરજદારોને વીજ જોડાણ આપવાનું શું આયોજન છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) ૧૯૭૮ અરજીઓ.

(૨), (૩) અને (૪) તમામ ૧૯૭૮ અરજદારોને વીજ કનેકશનો આપવામાં આવેલ છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત ઘર વપરાશના વીજ જોડાણ મેળવવા માંગતા લાભાર્થીઓને કેટલી રકમ ભરપાઈ કરવાની થાય છે? નંબર.૨, ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત ૨૦૦૯-૧૦ દરમિયાન કેટલાં વીજ જોડાણો આપવાનું આયોજન કરેલ છે? તે પૈકી જામનગર જિલ્લામાં કેટલાં વીજ જોડાણો આપવામાં આવશે. નંબર.૩, ખંભાળીયા તાલુકાના ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત કેટલાં વીજ જોડાણો આપવામાં આવ્યાં? અને કેટલી અરજીઓ પડતર છે?

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડપટ્ટી યોજના છેવાડાના માનવીને તેના ઘરની અંદર લાઈટ મળે તેના માટે રાજય સરકારે આ યોજના બહાર પાડી છે. જ્યોતિ ગ્રામ થયા પછી બધાને જ્યોતિ ગ્રામનો લાભ મળે તેના માટે બીપીએલ કુટુંબો ખાસ કરીને અને અગિયાર હજારની આવકથી ઓછી મર્યાદા હોય તેવાને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. તેમને કોઈ ખર્ચો આપવો નથી પડતો માત્ર અને માત્ર તેમને ૫૦ રૂપિયા તાલુકા પંચાયતમાં ભરવાના હોય છે અને તાલુકા પંચાયત કે મ્યુનિસિપલ કોર્પોરેશન એ લિસ્ટનું રજિસ્ટ્રેશન કરતું હોય છે. અને જે કેસનું રજિસ્ટ્રેશન થાય એ પ્રમાણે લોકો ત્યાંની ડિસ્કાઉન્ટની ઓફિસમાં જાણ કરે છે. અને ડિસ્કાઉન્ટની ઓફિસમાં જાણ કર્યા પછી તે લોકોને વીજળીનું કનેકશન આપવામાં આવે છે. મને સભ્યશ્રીને કહેતાં આનંદ થાય છે કે, ખંભાળીયા તાલુકાની અંદર છેલ્લાં બે વર્ષમાં ૧૯૭૮ અરજીઓ આવી હતી અને સંપૂર્ણપણે ૧૯૭૮ અરજીઓ રીલીઝ કરી છે અને આજે કોઈ અરજી પેન્ડિંગ નથી. એમણે જે ૨૦૦૮-૦૯ની રીલીઝ માગી કલેકશનની, એમાં જામનગર તાલુકામાં ૬૭૬, લાલપુરમાં ૨૫, ધ્રોલમાં ૨૮, જોડીયામાં ૬૦૩, કાલાવડમાં ૧૧૫, કલ્યાણપુરમાં ૯૦, ઓખા મંડળમાં ૧૩૬, ખંભાળીયામાં ૮૪૮, જામજોધપુરમાં ૪૫ અને ભાણવડમાં ૯ એમ કુલ ૨૫૭૫ અરજી ૨૦૦૮-૦૯માં રીલીઝ કરી છે. અને એપ્રિલ,મે,જૂન એમ આ વર્ષના શરૂઆતના ત્રણ માસમાં અત્યારસુધી ૨૯૦ અરજી રીલીઝ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પેન્ડિંગ અરજીઓની વાત કરી, તો

અત્યાર સુધી ૩૧/૫ની સ્થિતિએ જામનગરમાં એકેય વીજળીકરણ કરવાનું બાકી નથી. કાલાવડમાં એકેય નથી. લાલપુરમાં નથી. ધ્રોલમાં નથી. જોડીયામાં નથી. જામજોધપુરમાં નથી. ઓખામંડળમાં નથી. ખંભાળીમાં નથી. માત્ર કલ્યાણપુરમાં ૩૦ અને ભાણવડમાં ૨ એમ કરીને ૩૨ અરજીઓ બાકી છે. બનશે તો આ જુલાઈ મહિનામાં જ એ પૂરી થાય, એવી વ્યવસ્થા ગોઠવીશું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : ઝૂંપડપટ્ટી યોજના હેઠળ વીજ જોડાણ મેળવનાર બી.પી.એલ. લાભાર્થીને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે? જો હા, તો કેટલી? જામનગર જિલ્લામાં તાલુકાવાઈઝ ઝૂંપડપટ્ટી યોજનામાં વીજ જોડાણની કેટલી અરજીઓ પડતર છે? જામનગર જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વીજળીકરણ યોજના અમલમાં છે કે કેમ, અને હોય તો એમાં કેટલા વીજ જોડાણો બાકી છે?

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલજીભાઈ, જે પ્રશ્ન ઉપસ્થિત થતો હોય એટલાનો જ જવાબ મળશે. એટલાનો જ જવાબ આપો.

**શ્રી સૌરભ પટેલ**: એમણે ઝૂંપડપટ્ટી યોજનાની અંદર જે વાત કરી, એને ફેબ્રુઆરી મહિનાથી પહેલા ૩૦ યુનિટ માસિક હોય એને દોઢ રૂપિયે યુનિટ દીઠ આપવામાં આવે છે. એટલે કે બી.પી.એલ. કુટુંબના લાભાર્થીઓને વીજ બિલમાં ખૂબ મોટો લાભ આ રાજય સરકાર આપે છે. આર. જી. જી.વાય. એ કેન્દ્ર સરકાની યોજના છે. અને ૩૦/૬/૦૯એ જ આપણને એપ્રુવલ આપવામાં આવી છે. આર. જી. જી.વાય. યોજના ઘણા વર્ષોથી કેન્દ્ર સરકારે બહાર પાડી છે, પણ આ યોજનાની અંદર આપણે સંપુર્ણપણે જે કંઈ વિષય હોય તેની મંજૂરી દિલ્હી મોકલવી પડે છે અને કેન્દ્ર સરકારે આપણને હમણાં ૩૦/૬એ જ મંજૂરી આપી છે. એ પછી આગળ કાર્યવાહી આપણે આ યોજનાની અંદર જામનગર જિલ્લામાં લઈશું.

## અંબાજી ચેકપોસ્ટની આવક

*** ૯૫૮૬ શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) વાહન વ્યવહાર ખાતાની બનાસકાંઠાના અંબાજી ખાતે આવેલ ચેકપોસ્ટની નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલી આવક થઈ?
(૨) આગળના વર્ષ કરતાં આ આવકમાં ઘટાડો થયેલ છે કે કેમ? અને
(૩) જો હા, તો તેના કારણો શાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી:**

(૧) રૂા. ૪૪૦.૨૦ લાખની આવક થયેલ છે.
(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે અંબાજી ચેકપોસ્ટ ખાતે ઈન્ફ્રાસ્ટ્રકચર શું છે અને રાજયમાં મોટરવાહન ઈન્સ્પેકટર દીઠ સરેરાશ આવક કેટલી થાય છે?

**શ્રી અમિત શાહ**: અંબાજી ચેકપોસ્ટ ખાતે નીચે મુજબનું ઈન્ફ્રાસ્ટ્રકચર છે. એક તો ત્યાં પાકું વહીવટી મકાન છે. કેશિયરની કેબિન એની અંદર પાકી બંધાયેલી છે. બે કોમ્પ્યુટરાઈઝ વે બ્રિઝ અને બે કોમ્પ્યુટર કેબિન જે વે બ્રિઝ પર આવેલી છે. રસ્તાની અને સ્ટ્રીટ લાઈટની સુવિધા છે. પાર્કીંગનો એરિયા નોટિફાઈડ કરીને અલગથી બનાવેલો છે. જેથી ગાડીઓ આવતી હોય તેના દસ્તાવેજમાં કંઈ મુશ્કેલી હોય તો સાઈડ ઉપર પાર્ક થઈ શકે અને ત્યાંથી એમના માલિક કે કંપની સાથે વાત કરી શકે. એક સર્વર, બે કોમ્પ્યુટર અને ત્રણ પ્રીન્ટર પણ અંબાજી ચેકપોસ્ટ ખાતે લગાવવામાં આવ્યા છે. અંબાજી ચેક પોસ્ટની કનેકટીવીટી રાજયના વાહન વ્યવહાર કમિશનરની કચેરી સાથે પણ કરી દેવામાં આવી છે. મેઈન આર.ટી.ઓ. ઓફિસ સાથે અને આ રીતે અંબાજી ચેક પોસ્ટ પર ઈન્ફ્રાસ્ટ્રકચરની દ્રષ્ટિએ બધું જ કામ પૂરું કરવામાં આવેલ છે. રાજયના મોટર વાહન ઈન્સ્પેકટર દીઠ છેલ્લા ત્રણ વર્ષની આવકનો સવાલ છે ત્યાં સુધી ૨૦૦૬-૦૭માં આ આવક ૭.૭૯ કરોડ રૂપિયા હતી. ૨૦૦૭-૦૮માં ૧૦.૨૧ કરોડ રૂપિયા અને ૨૦૦૮-૦૯માં આ આવક ૧૧.૨૩ કરોડ રૂપિયા થઈ છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લો એ સરહદી વિસ્તાર છે. બીજા પ્રાંતોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ગૌવંશની હેરાફેરી

**અધ્યક્ષશ્રી** : માનનીય મફતભાઈ, આમાંથી જે પ્રશ્ન ઉભો થતો હોય એની જ વાત કરો. આમાં ચેક પોસ્ટની આવકનો પ્રશ્ન છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : એવા કેટલા કેસો થયા છે એ હું જાણવા માગું છું. આ ગૌમાંસ બીજા પ્રાંતોમાંથી ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાંથી લઈ જવામાં આવે છે. તો એવા કેટલા કેસો થયા છે અને આ કેસોમાં કેટલા આરોપીઓને સજા કરવામાં આવી છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ જ અગત્યનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. આ રાજયમાં ગૌમાંસ ઉપરનો પ્રતિબંધ છે અને ગૌવંશની હત્યા ઉપર પણ પ્રતિબંધ છે, ગૌમાંસના ટ્રાન્સપોર્ટેશન ઉપર પણ પ્રતિબંધ છે અને આપણા બનાવેલા કાયદાને સુપ્રીમ કોર્ટ સુધી માન્યતા મળી છે અને એના દૃઢ અમલીકરણ માટે સરકાર કટિબધ્ધ છે. એટલા માટે આ સરકારે ૬ મોબાઈલવાન બનાવી છે. પહેલાં એવું થતું હતું કે આ ગૌમાંસ ભરેલી ટ્રકો બીજા રાજયમાંથી આવતી હતી અને વાયા ગુજરાત અને મુંબઈના બંદરો ઉપર થઈને એનું એકસપોર્ટ થતું હતું અને પોલીસ કે ચેકપોસ્ટના લોકો એને રોકે તો એની અંદર ગૌમાંસ છે કે નહીં એ પ્રશ્ન ઉપસ્થિત થતો હતો અને એ નિશ્ચિત થતું ન હતું. હવે આ ૬ એફ.એસ.એલ.ની મોબાઈલ વાન આપણી પાસે હોવાને લીધે ફરિયાદ મળેથી ર કલાકમાં જ અને ઘણીવાર તો જે તે સ્થળે મોબાઈલ વાન ઉપસ્થિત હોય છે એના લીધે અરધા કલાકમાં જ આ ટ્રકમાં ગૌમાંસ છે કે નહીં એનું ટેસ્ટિંગ થાય છે. અને ગૌમાંસ છે કે નહીં એનું પરિક્ષણ થાય છે અને એનો નિર્ણય આવે છે અને કેસ રજીસ્ટર થાય છે. છેલ્લા ર વર્ષમાં મારી પાસે ચોકકસ આંકડો એટલે કે નંબર ઓફ કેસીસ નથી, પરંતુ ૩૦ કરોડ રૂપિયાથી વધારે મૂલ્યનું ગૌમાંસ પકડીને કેસ કર્યા છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું એમાં મારો પ્રશ્ન નાણા વિભાગ અને વાહનવ્યવહાર મંત્રીશ્રીને છે. એટલે કે બહારના રાજયમોમાંથી આવતી ટ્રકો એ ખોટાં બિલિંગ કરીને બીજાં રાજયોનાં બિલ બનાવે છે. તો આ બાબતમાં રાજય સરકાર દ્વારા એવું આયોજન થાય કે ત્યાં પણ સેલ્સટેક્ષ ભરાય અને એ ટ્રકો રાજયની બહાર જાય તો ત્યાં સેલ્સ ટેકસ ભરેલી ટ્રકો હોય તો સેલ્સ ટેકસ પરત કરવો એવું આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : ચેકપોસ્ટ ઉપર આપણો વિભાગ અને સેલ્સ ટેકસ બન્નેના નાકાઓ છે. એ વાત સાચી છે કે સંકલનના અભાવે બન્ને પોતપોતાના નિયમો મુજબ કામ કરે છે. ટ્રાયલ બેઈઝ ઉપર એક જ જગ્યાએ બન્ને નાકાઓ એક કરવાનો પ્રયત્ન કર્યો છે અને સારાં પરિણામ મળ્યાં છે અને બન્ને વિભાગની કનેકટિવિટી એક સાથે થાય અને બન્ને નાકાંઓ એક સાથે બેસીને સાથે મળીને કામગીરી કરે તો ટેકસની ચોરી અને આર.ટી.ઓના નિયમો હેઠળ દંડની કાર્યવાહી એ બન્ને એક સાથે થઈ શકે. એ વાત એકદમ વાજબી છે અને એમનું સૂચન ઉપયોગી પણ છે. આ દિશામાં બન્ને વિભાગ ભેગા થઈને માનનીય નાણાંમંત્રીશ્રીની અધ્યક્ષતામાં કામ કરી રહયા છે અને ટૂંક સમયમાં એ સૂચનનો અમલ થાય એ દિશામાં વિચારીશું.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે ગુજરાત રાજય આજુબાજુના રાજયો રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં મોટર વાહન નિરીક્ષકદીઠ સામાન્ય શું આવક હોય છે અને બીજો પ્રશ્ન એ છે કે ગુજરાત રાજયની તમામ આર.ટી.ઓ. ચેકપોસ્ટોનો છેલ્લા ૩ વર્ષમાં બજેટેડ અંદાજ શું હતો અને વાસ્તવિકતા શું છે?

**અધ્યક્ષશ્રી** :માનનીય મંત્રીશ્રી, બીજા રાજયોની માહિતી આપવાની જરૂર નથી. આપણા રાજયની માહિતી આપો.

**શ્રી અમિત શાહ** : બજેટેડ અંદાજ આમાં દંડ આધારિત કાર્યવાહી હોવાને લીધે એનો કોઈ નિશ્ચિત અંદાજ થતો નથી અને સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ એ પ્રમાણે છે કે બજેટના અંદાજનો પાર્ટ ના હોઈ શકે, પરંતુ વાસ્તવિક આવક જે થઈ છે એ ૨૦૦૬-૦૭ માં ૯૦૫ કરોડ, ૨૦૦૭-૦૮ માં ૯૫૨ કરોડ અને ૨૦૦૮-૦૯ માં ૧૦૦૦ કરોડ રૂપિયા આવક થઈ છે. બીજા રાજયોની વાત કરી એ કહેતો નથી, પરંતુ આખા ભારતના બધા વાહનવ્યવહાર સચિવશ્રીઓની કોન્ફરન્સ થઈ હતી એના આંકડા મુજબ માથાદીઠ વાહન વ્યવહાર નિરીક્ષકની આવકમાં ગુજરાત આખા ભારતમાં પ્રથમ નંબરે છે. બીજાં રાજયો આપણાથી અરધામાં પણ નથી એ વાત મારે કરવી છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૮-૦૯માં આપણી આવક ૪૪૦ અને ૨૦ પૈસા, તો ૨૦૦૭-૦૮માં કેટલી હતી કે જેને કારણે આવકમાં ઘ ટાડો ન થયો, અને બીજું આપણી પાસે આની પુરી માહિતી મળી રહે અને આવકમાં કયાંય તકલીફ ન પડે તેના માટે કલોઝ સર્કીટ કેમેરા પહેલા હતાં, આમાં મુકેલા છે કે કેમ? અને ચાલુ છે કે બંધ છે, અને ચાલુ ન હોય તો ચાલુ કરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ આવકનો જવાબ વાંચ્યો, પરંતુ જયાં સુધી કલોઝ સર્કીટ કેમેરાનો પ્રશ્ન છે ત્યારે કલોઝ સર્કીટ કેમેરા અંબાજી ચેક પોષ્ટ પર પણ લગાવવામાં આવ્યા છે તેની કનેકટીવીટી ચાલુ છે. અને કયારેક ખોટકાય તો ડાઉન ટાઈમ રજિસ્ટર પણ મુખ્ય કચેરીમાં રાખવામાં આવ્યું છે જેથી તરત તેનું રીપોર્ટીંગ થાય છે કે આ ચેક પોસ્ટ પરના આટલા કેમેરામાંથી આ કેમેરા ખોટવાયો છે અને તરત બીજી લાઈન ઉપર વાહન ડાયવર્ટ કરવામાં આવે છે અને તરત જ કાર્યરત કરવાની પધ્ધતિ વિકસાવવામાં આવી છે. પહેલા થોડાક રીપેરીંગના પ્રશ્નો હતા, પરંતુ અત્યારે તેનું ત્રણ વર્ષ માટે મેન્ટેનન્સનો કોન્ટ્રાકટ પણ આપી દેવામાં આવ્યો છે અને હેવી ચેક પોસ્ટ ઉપર મેન્ટેનન્સના અમુક માણસો રાઉન્ડ ધી કલોક હાજર રહે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે એટલે મીનીમમ કેમેરા બંધ થાય એ પ્રકારની કાળજી લેવામાં આવી છે. અને તેના સારા પરિણામો પણ મળ્યાં છે.

## રાજયમાં જિલ્લા સરકારી વકીલોની નિમણૂક

***૮૫૮૮ શ્રી કેશુભાઈ હી. નાકરાણી(સિહોર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજયમાં જિલ્લા સરકારી વકીલોની નિમણૂક કયા કયા જિલ્લામાં કરવામાં આવી છે,

(૨) કયા કયા જિલલામાં નિમણૂક બાકી છે, અને

(૩) આ નિમણૂકો કયારે કરવામાં આવશે?

**કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) :**

(૧) પરિશિષ્ટ-ક મુજબ.

(૨) (૧) દાહોદ અને (૨) વડોદરામાં બાકી છે.

(૩) દાહોદ ખાતે તા. ૧૧-૬-૨૦૦૯ થી નિમણૂક કરેલ છે. જયારે વડોદરા ખાતેની જગ્યા પેનલ અંગેની તમામ કાર્યાવહી પૂર્ણ થયા બાદ .

**પરિશિષ્ટ - ક**

| ક્રમ | જિલ્લાનું નામ | સરકારી વકીલનું નામ |
|---|---|---|
| ૧ | અમદાવાદ (રૂરલ) | શ્રી પી. એમ. ત્રિવેદી |
| ૨ | અમરેલી | શ્રી એમ. બી. સોલંકી |
| ૩ | આણંદ | શ્રી એન. પી. મહિડા |
| ૪ | બનાસકાંઠા-પાલનપુર | શ્રી ઉદય આચાર્ય |
| ૫ | ભરૂચ | શ્રી પી. એન. પરમાર |
| ૬ | ભાવનગર | શ્રી ગીરીશ પી. દવે |
| ૭ | દાહોદ | શ્રી એચ. એમ. જાની ઇ.ચા. |
| ૮ | ગાંધીનગર | શ્રી હિતેશ રાવલ |
| ૯ | જામનગર | શ્રી બી. એચ. ચોટાઇ |
| ૧૦ | જૂનાગઢ | શ્રી એન. ડી. મોરી |
| ૧૧ | કચ્છ-ભુજ | શ્રી યોગેશ ભાંડારકર |
| ૧૨ | ખેડા-નડીયાદ | શ્રી પરેશ ધોરા |
| ૧૩ | મહેસાણા | શ્રી સી. એલ. રાજપૂત |
| ૧૪ | નર્મદા-રાજપીપળા | શ્રી જે. કે. પંડયા |
| ૧૫ | નવસારી | શ્રી અરવિંદ એ. રાણા |
| ૧૬ | ગોધરા-પંચમહાલ | શ્રી પી. એલ. ગાંધી |
| ૧૭ | પાટણ | શ્રી શૈલેષ ઠક્કર |
| ૧૮ | પોરબંદર | શ્રી એસ. કે. અમલાણી |
| ૧૯ | રાજકોટ | શ્રી નરેન્દ્ર મોહનભાઈ બુંસા |
| ૨૦ | સાબરકાંઠા-હિંમતનગર | શ્રી એ. જે. પટેલ |
| ૨૧ | સુરત | શ્રી નયન એલ. સુખડવાલા |
| ૨૨ | સુરેન્દ્રનગર | શ્રી જી. સી. પુરોહિત |
| ૨૩ | વડોદરા | શ્રી પી. આર. ભટ્ટ ઇ.ચા. |
| ૨૪ | વલસાડ | કુ. મીતાબેન એ. પટેલ |

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ સરકારી વકીલોની જગ્યા કેવી રીતે ભરવામાં આવે છે અને તે જગ્યાઓ ભરવા માટેના નિયમો શું છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વકીલોની જગ્યા લો ઓફિસર્સ રૂલ્સ મુજબ ભરવામાં આવે છે. લો ઓફિસર્સ રૂલ્સ ૨૦૦૯માં રાજય સરકારે એમેન્ડ કર્યા છે. અને નિયમ ૪-(૧) ની જોગવાઈ અનુસાર કોર્ટ અને ટ્રીબ્યુનલમાં દાખલ થતા સરકારના કેસો ચલાવવા માટે સરકારને યોગ્ય લાગે તેટલા કાયદા અધિકારીઓની નિમણૂક કેસોના ભારણ મુજબ કરી શકે છે. નિયમ-૪ ની પેટા કલમ (૫) મુજબ ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને ડીસ્ટ્રીકટ સેસન્સ જજ દ્વારા તૈયાર કરેલ પેનલમાંથી જ રાજય સરકાર સરકારી વકીલોની નિમણૂક કરે છે. નિયમ ૫ નો પેટા નિયમ(૧) મુજબ જોગવાઈ અનુસાર ૬૦ વર્ષ સુધીની ઉમરના વ્યકિતને સરકારી વકીલ તરીકે નિમવામાં આવતા હોય છે. અને સબળ કારણો જણાય તો નિમણૂકના સમય સુધી તેનું એકસ્ટેન્સન કરવામાં આવતું હોય છે. નિયમ-૬/૧ મુજબ કાયદા અધિકારીની નિમણૂક ૩ વર્ષની હોય છે. અને સરકારને યોગ્ય લાગે તો બીજી એક ટર્મ સુધી તેને એકસ્ટેન્સન આપી શકવાની નિયમોમાં જોગવાઈ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે જિલ્લામાં નિમણૂક બાકી છે તે પૈકીની વડોદરા જિલ્લાની નિમણૂક કયાં સુધીમાં થશે?

**શ્રી અમિત શાહ** : આખા રાજયમાંથી ફકત બે જિલ્લાની નિમણૂક બાકી છે. વડોદરા જિલ્લાની નિમણૂક માટે પણ પેનલો મંગાવવાની કાર્યવાહી પૂરી થવાના આરે છે. અને ટૂંક સમયમાં વડોદરા જિલ્લાની નિમણૂક પણ અમે પૂરી કરવાના છીએ.

**અમદાવાદ જિલ્લામાં ૬૬ કે. વી. ના વીજ સબ સ્ટેશનો**

**૯૫૯૧ શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે. વીના સબ સ્ટેશનો કયા કયા સ્થળે સરકાર સ્થાપવા માગે છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા) :**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં ૬૬ કે. વી. ના નીચે મુજબના ૪ (ચાર) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ. નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| (૧) | મોડેસર |
| (૨) | મેટોડા |
| (૩) | ધોલેરા |
| (૪) | વેન્ડરપાર્ક |

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, હાલમાં અમદાવાદ જિલ્લામાં કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે? અને નવા વર્ષમાં કેટલા નવા સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં અમદાવાદ જિલ્લાની અંદર ૧૧ તાલુકાની અંદર કુલ ૩૭ સબ સ્ટેશન કાર્યરત છે, એમાં અમદાવાદ તાલુકો ૪, બાવળા ૩, બરવાળા ૨, દસક્રોઈ ૯, ધોળકા ૫, દેત્રોજ ૨, ધંધુકા ૧, માંડલ ૧, રાણપુર ૧, સાણંદ ૬ અને વિરમગામ ૩, એમ કુલ ૩૭ ચાલુ છે. આ વર્ષે કુલ નવા પાંચ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે એમાં ૨૨૦ કે.વી.એ. ભાટ, જે ૨૫ કરોડના ખર્ચે કામ ચાલુ થયું છે. બાકીનું ૬૬ કે. વી.એ. સાણંદનું કામ ચાલુ છે. ૬૬ કે.વી.એ. ધોલેરા ધંધુકા તેનું ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. ૬૬ કે.વી. મોડાસર અને માટોડા તેની લેન્ડ માટેની કામગીરી ચાલુ છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં પહેલા ૨૦-૨૫ કિલોમીટર લાંબી લાઈનો હતી એના કારણે એક વખત ક્યાંક ફોલ્ટ થાય તો ૧૭-૨૦ ગામોની વીજળી બંધ થતી હતી. પરંતુ નવા સબ સ્ટેશનો સ્થાપીને લાઈટ સતત અને સળંગ તથા ૨૪ કલાક મળે છે એના માટે માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ આયોજન કર્યુ છે એ બદલે તેઓને અભિનંદન આપું છું. પરંતુ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ સબસ્ટેશનો શરૂ કરવાના છે એ કયા કયા તાલુકામાં આવેલા છે, આ સબસ્ટેશનો પાછળ અંદાજી કેટલો ખર્ચ થવાનો છે અને એ ક્યારે પૂરા કરવામાં આવશે.

**શ્રી સૌરભ પટેલ** : ૨૨૦ કે.વી.નું છે એ દસક્રોઈ તાલુકામાં આવેલ છે અને એની પાછળ આશરે ૨૫ કરોડનો ખર્ચ થવાનો છે. એનું કામ બને એટલી ઝડપે થશે. ૨૨૦ કે.વી. સબસ્ટેશન માટે કેન્દ્ર સરકારે ગઈ સાલ જેટકો કંપની જે આપણી છે એને ગોલ્ડ શિલ્ડ એવોર્ડ આપ્યો હતો. ૨૨૦ કે.વી. સબ સ્ટેશનની સુરેન્દ્રનગર જિલ્લામાં વહેલામાં વહેલી તકે સ્થાપના કરી એના માટે ફેબ્રુઆરી ૨૦૦૯ની અંદર એવોર્ડ આપવામાં આવેલ હતો. એટલે મને ચોક્કસ વિશ્વાસ છે. ભાટ ગામનું પણ એટલું જ ઝડપી પુરુ થશે, સાણંદનું કામ ચાલે છે એ કામ પણ ઝડપથી પુરુ થશે. ધંધૂકાનું ટેન્ડર છે એ પણ આ વરસમાં પૂર્ણ થશે. મોડેસર અને મેટોડા સાણંદ તાલુકાના બીજા બે નવા સબસ્ટેશન છે એની જમીનનું સિલેક્શનનું કામ ચાલી રહ્યું છે એ કામ પુરુ થવાથી કલેક્ટરને દરખાસ્ત કરવામાં આવશે અને જો આ જમીન સિલેક્શનનું કામ બે ત્રણ મહિનામાં પુરુ થાય અને જમીન મળી જાય તો આ વરસના અંત સુધીમાં, મોટે ભાગે ૧૨૦ દિવસમાં અમે ૬૬ કે.વી. સબસ્ટેશનનું કામ કાર્યાન્વિત કરતાં હોઈએ છીએ. ટેન્ડર આવ્યા પછી એટલે ઝડપી કામ પૂર્ણ થાય એના માટે વ્યવસ્થા કરવામાં આવશે.

**પાટણ જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશન**

*** ૯૫૯૩ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે-

વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પાટણ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબસ્ટેશનો સરકાર કયા કયા સ્થળે સ્થાપવા માગે છે?

**ઊર્જા મંત્રીશ્રી:**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પાટણ જિલ્લામાં ૬૬ કે.વી.ના નવા વીજ સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન નથી. પરંતુ ૧૧મી પંચવર્ષીય યોજના દરમિયાન વર્ષ ૨૦૧૦-૧૧માં કત્રા ખાતે અને વર્ષ ૨૦૧૧-૧૨માં મુડાણા ખાતે એમ બે નવા વીજ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન પાટણ જિલ્લામાં બે નવા વીજ સ્ટેશનો સ્થાપવા માટેની વાત કરી છે એ માટે એમને અભિનંદન અને આભાર માનું છું. પરંતુ મારે એ જાણવું છે કે હાલની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલા સબસ્ટેશનો કાર્યરત છે અને ક્વોલિટી પાવર આપવાની શરૂઆત થઈ છે. અત્યારે પાવર ગયો હોય અને ૧૦-૧૫ મિનિટમાં રિપેરીંગ કરવા માટે ચોમાસામાં પણ કર્મચારીઓ પહોંચી જાય છે. હવે પ્રજાની અપેક્ષા વધતી જાય છે. પ્રજાની વધતી અપેક્ષા પૂર્ણ કરવા માટે એ પણ હવે એમ માને છે કે આપણને હવે આ સુવિધા મળશે ત્યારે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન નવા સબસ્ટેશનો સ્થાપવા માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : ૨૦૦૯-૧૦માં પાટણ જિલ્લામાં કોઈ આયોજન નથી. પરંતુ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં એક એક સબસ્ટેશન છે. ૨૦૧૧-૧૨નું સબસ્ટેશન ૨૦૧૦--૧૧માં થાય એ સૂચન ચોક્કસ જોઈ લઈશ. આપણે ૧૧મી પંચવર્ષીય યોજનામાં ૨૩૦ સબસ્ટેશનો સ્થાપવાનું પ્લાનિંગ કરેલ હતું. ૨૦૦૭-૦૮માં ૫૨ કર્યા, ૨૦૦૮-૦૯માં ૬૦ કર્યા, ૨૦૦૯-૧૦માં ૬૦ કરીને ટાર્ગેટ એચીવ કર્યો છે. બાકીના ૫૬ સબસ્ટેશનો લેવાના રહે છે એટલે મને વિશ્વાસ છે કે આવતી સાલ ૨૦૧૧-૧૨નું આયોજન છે એ ૨૦૧૦-૧૧માં લઈ શકીશું. મારે માનનીય ધારાસભ્યશ્રીઓને જણાવવાનું કે તેઓ એમના વિસ્તારમાં ફરતા હોય એમને લાગતું હોય કે નોમ્સની અંદર કોઈ જગ્યાએ ગુણવત્તાવાળી વીજળી નથી મળતી, લોડ વધી ગયો હોય, પ્રૅશર વધુ હોય અને ગુણવત્તાવાળી વીજળી ખેડૂતોને નથી મળતી એવું મારા ધ્યાન ઉપર લાવે. આપણે આખા રાજયમાં એક બે વર્ષમાં એ પ્રમાણે આયોજન કરવું છે. કે કોઈ પણ જગ્યાએ ૧૧મી પંચવર્ષીય યોજના પૂરી થાય ત્યારે સબ સ્ટેશનની માગણી ન હોય એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવી છે. જે પાટણ જિલ્લાની વાત કરી, તો ચાણસ્મામાં ૫, હારીજમાં ૩, પાટણમાં ૧૨, રાધનપુરમાં ૨, સમીમાં ૪, સિદ્ધપુરમાં ૪, સાંતલપુરમાં ૩ એમ કરીને ૩૩ સબ સ્ટેશનો પાટણમાં હયાત છે અને ગઈ સાલ બે સબ સ્ટેશનો ચાણસ્મા અને પાટણમાં એટલે તા. ૨૩-૧-૨૦૦૯ અને તા. ૩૧-૧-૦-૨૦૦૯ એવા ૬૬ કે.વી.એ. બનીયારી અને ૬૬ કે.વી.એ. ભાટસણનું આયોજન કર્યું હતું. જે માનનીય સભ્યશ્રીએ કહ્યું કે તુરત જ કામ કરવા પહોંચી જાય છે. આટલા બધા સબ સ્ટેશનો થયા એટલે આપણે આઉટસોર્સીંગના કૉન્ટ્રેકટ જ આપી દીધા છે. આખું સબ સ્ટેશન બહારથી કંપનીઓ ચલાવે છે અને ૬૬ કે.વી.એ.ના સબ સ્ટેશન માટે કોઈ નવી ભરતી પણ આપણે અત્યારે કરતાં નથી. જેના કારણે રાજયનો ઘણો બધો ખર્ચ પણ ઘટ્યો છે. ઉપરાંત આ મેન્ટેનન્સના કૉન્ટ્રૅક્ટ સાથે જ્યારે આપતા હોઈએ છીએ એટલે તાત્કાલિક એનો કૉન્ટ્રૅક્ટ પણ થઈ જાય છે. ઓવરઓલ સુપરવીઝન એન્ડ મેનેજમેન્ટ એન્ડ કંટ્રોલ એ જેટકો રાખે છે પણ ડે ટુ ડે મેનેજમેન્ટનું આપણે ૬૬ કે.વી.એ.ના સબ સ્ટેશનોમાં અને ખાસ કરીને નવા સબ સ્ટેશનોનું સંપૂર્ણપણે કૉન્ટ્રૅક્ટ દ્વારા આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બહાર લોડ વધ્યો કે ન વધ્યો પણ પ્રશ્નોત્તરીમાં ૬૬ કે.વી.ના પ્રશ્નોનો લોડ વધી ગયો. પ્રશ્ન ક્રમાંક-૨૪.

### સાબરકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબ સ્ટેશન

***૯૫૯૪ શ્રી દિલીપસિંહ વ.પરમાર (મોડાસા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

૧. વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવા સરકાર માગે છે કે કેમ અને

૨. જો હા, તો કયા સ્થળે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

૧. હા,જી.

૨. વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી.નું ૧ (એક) નવું વીજ સબ સ્ટેશન મુનપુર ખાતે સ્થાપવાનું આયોજન છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં મુનપુર ખાતે ૬૬ કે.વી.નું નવું વીજ સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન છે. તો આની કામગીરી હાલ કયા તબક્કે છે, કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થશે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે જે ૬૬ કે.વી.એ. મુનપુર, તાલુકો હિંમતનગરની અંદર જે ૬૬ કે.વી.એ. સબ સ્ટેશનનું કામ લીધું છે તેની કામગીરી આ વર્ષમાં જ પૂરી થાય એ પ્રમાણે આપણે પ્રયાસો કરીને સંપૂર્ણપણે સફળતા મેળવીશું. સાબરકાંઠા જિલ્લામાં પણ હાલમાં કુલ ૫૧ સબ સ્ટેશનો કાર્યરત છે. તેમાં ૬૬ કે.વી.એ.ના કુલ ૪૬, ૧૩૨ કે.વી.એ.ના ૨, ૨૨૦ કે.વી.એ.ના ૩ એ પ્રમાણે ૫૧ સબ સ્ટેશનો કાર્યરત છે. ઉપરાંત સાબરકાંઠાની માંગ પૂરી કરવા માટે જે ગઈ સાલ ૨૦૦૮-૦૯માં આપણે ત્રણ સબ સ્ટેશનો કાર્યરત કર્યા. એક હતું ભીલોડા તાલુકામાં, બીજું ખેડબ્રહ્માામાં અને ત્રીજું હિંમતનગરમાં અને આવતા દિવસોમાં સાબરકાંઠા જિલ્લાના તાલુકાની અંદર જે કોઈ જરૂરિયાત હશે, તો આપણે એ પૂરી કરીશું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટપણે જણાવેલું છે કે સાબરકાંઠા જિલ્લાનું ૬૬ કે.વી. સબ સ્ટેશન જે મુનપુર ખાતે મંજૂર કર્યું છે. મારા મતવિસ્તાર હિંમતનગર તાલુકામાં આ મુનપુર ખાતે સબ સ્ટેશન મંજૂર કરવા બદલ રાજયના ઉર્જા મંત્રીશ્રીનો ખૂબ હૃદયપૂર્વક આભાર માનું છું. સાથે

સાથે માનનીય મંત્રીશ્રીને વિનંતી પણ કરું છું કે આ સબ સ્ટેશન સત્વરે પૂરું થાય અને એ સાથે હિંમતનગર તાલુકાનું ચાંદરડી ગામે જે સબ સ્ટેશન તૈયાર થયેલું છે તેનું લોકાર્પણ પણ સત્વરે થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી પણ કરું છું.

**અધ્યક્ષશ્રી** : સૂચન છે. નેક્સ્ટ.

## વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ માટે કર્મયોગી શિબિરો

***૮૪૭૩ શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે-

૧. વર્ગ-૧ અને ૨ના સરકારી અધિકારીઓ માટે ૨૦૦૮માં કેટલી કર્મયોગી શિબિરો થઈ અને

૨. કેટલા અધિકારીઓએ તેનો લાભ લીધો?

**મુખ્યમંત્રીશ્રી (વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ) :**

૧. ૨૦૦૮ના વર્ષ દરમ્યાન વર્ગ-૧ અને વર્ગ-૨ના ૧૮૨૪૭ અધિકારીઓને ૮૧૮ તાલીમ વર્ગોમાં તાલીમ આપવામાં આવેલ છે. કુલ ૭૦૯૫૩ માનવદિન તાલીમ અપાયેલ છે.

૨. ૧૮૨૪૭ અધિકારીઓ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાયોરિટીમાં આ ટર્મમાં પહેલો પ્રશ્ન આવ્યો મારો. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના આ નવતર અભિગમને હું આવકારું છું અને અભિનંદન પણ આપું છું. મારે એ જાણવું છે કે આ તાલીમ વર્ગનું જે આયોજન થાય છે વિવિધ તબક્કે થાય છે અને વિવિધ સમયગાળા દરમ્યાન થાય છે. તો આ તાલીમવર્ગનો સમયગાળો કેટલો હોય છે? એક તાલીમ વર્ગ એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ. એ પ્રકારનો સમયગાળો કેટલો છે? અને ૨૦૦૮ના વર્ષ દરમિયાન આ કર્મયોગી તાલીમ શિબિર માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ તાલીમ વર્ગ રાખવામાં આવે છે એ કોઈ એક જગ્યાએ નથી. આપણી જે ઇન્સ્ટિટ્યૂટો છે, એ ઇન્સ્ટિટ્યૂટોની અંદર આપણે બધાને જે નોકરી માટેની સગવડો કરી દીધેલ છે. એના માટે બજેટ પણ ફાળવ્યું છે. એ જ લોકો માટે એમાંથી ખર્ચ થાય છે. આપે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રમાણે ૨૦૦૮ની અંદર જે સ્પીપા, અમદાવાદ એ પરમેનન્ટ સેટ અપ છે. એનું કામ એ જ છે અને જરૂર પડે તો સ્પેશિયલ બોલાવે છે અને ત્યાં ટ્રેનિંગ આપે છે. આ સ્પીપાની અંદર ૩૨૬ તાલીમ વર્ગો કર્યા, એમાં ૧૧૮૨૬ ક્લાસ-૧ અને ક્લાસ-૨ના અધિકારીઓએ આની અંદર ભાગ લીધો. વન વિભાગનું ટ્રેનિંગ એન્ડ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન છે. એ પણ પરમેનન્ટ છે અને ત્યાં તાલીમવર્ગોની સંખ્યા ૪૩ થઈ એમાં ૧૧૭૦ ક્લાસ-૧ અને ક્લાસ-૨ના અધિકારીઓએ એમાં ભાગ લીધો. એ જ રીતે જલ સેવા તાલીમ વર્ગ પાણી પુરવઠા મારફતે ચાલે છે. ત્યાં ૯ તાલીમ વર્ગ થયા અને ૧૯૨ અધિકારીઓએ એમાં ભાગ લીધો હતો. એ જ રીતે નાણા વિભાગ, અમદાવાદે ૨૯ તાલીમવર્ગો કર્યા. એમાં ૭૪૭ અધિકારીઓએ ભાગ લીધો. માર્ગ અને મકાન વિભાગનું તાલીમ કેન્દ્ર સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, ગાંધીનગર ચાલે છે. એમાં ૬૩ તાલીમ વર્ગ થયા અને ૧૨૦૫ લોકોએ એમાં ભાગ લીધો. એ જ રીતે મહાત્મા ગાંધી લેબર ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ છે. એમાં ૧૮૬ તાલીમ વર્ગ થયા અને ૫૪૧ અધિકારીઓએ એની અંદર શિક્ષણ લીધું. અથવા તો એની અંદર ટ્રેનિંગ લીધી. જળ સંપત્તિ વિભાગ વાલ્મિકી ટ્રેનિંગ સૅન્ટર આણંદ ખાતે ચાલે છે એમાં ૩૨ તાલીમ વર્ગ થયા અને ૨૫૫૨ લોકોએ ભાગ લીધો. ગૃહ વિભાગ તરફથી ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે ૨ તાલીમ વર્ગ થયા એમાં ૧૪ અધિકારીઓએ ભાગ લીધો. એ જ રીતે કુલ ૮૧૮ તાલીમવર્ગો થયા અને એની અંદર ૧૮૨૪૭ જેટલા અધિકારીઓએ ભાગ લીધો અને એમાં જે માનવ દીન છે એ રીતે જોઈએ તો ૭૦૯૫૩ થયા. દરેકની અંદર કામના પ્રમાણમાં બે, ત્રણ, ચાર, પાંચ, સાત એમ જુદા જુદા દિવસો દરેક વિષય પ્રમાણે વર્ગ લેવામાં આવ્યા છે અને આના કારણે જે અધિકારીઓ છે એમની કાર્ય કરવાની ગતિ અથવા એના નૉલેજ, કાર્યપદ્ધતિ બધામાં ખૂબ જ ફાયદો થયો છે. આ ટ્રેનિંગ વર્ગ રાજયના વહીવટની અંદર પણ ખૂબ જ ઉપયોગી થાય. એટલે આ રીતે આ બધા કાર્યક્રમો ચાલે છે. આપે પ્રશ્ન ક્લાસ-૧ અને ક્લાસ-૨નો પૂછ્યો. પણ વર્ગ-૩ અને ચારના કર્મચારીઓ માટે જિલ્લા લેવલે કલેક્ટર, ડી.ડી.ઓ. આ બધા ભેગા થઈ વર્ગ-૩ અને ૪ ના કર્મચારીઓને ટ્રેનિંગ આપે. આ ટ્રેનિંગ આપવાનો કન્સેપ્ટ કર્મચારીમાંથી કર્મયોગી બનાવવા માટેનો છે અને આ ગુજરાત રાજયની ભાજપની સરકારે એની શરૂઆત કરેલી છે અને એના પરિણામ સારા આવ્યા છે. વહીવટ ખૂબ જ સુદૃઢ થયો છે અને ફરિયાદો ઘણી ઓછી થઈ છે. કર્મચારીઓ અને અધિકારીઓ સાથે મળે ખૂબ જ સારી રીતે આનાથી કામ કરે છે અને આના પૉઝિટીવ પરિણામ આવ્યા છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ કર્મયોગી તાલીમ વર્ગ જે ચાલુ કર્યા એનાથી કર્મચારીઓમાં પરિવર્તન આવ્યું તે પહેલાં લોકો ઑફિસોમાં જાય ત્યારે એના જોડે ઉદ્ધત વર્તન થતું હતું, કામમાં વિલંબ થતો હતો અને એમાં કામ કરવાની પદ્ધતિ અને કામ કેવી રીતે કરવું જોઈએ એનું ઉત્તમ ઉદાહરણ ગુજરાત સરકારે પૂરું પાડ્યું છે.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### કચ્છ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો

૯૫૮૪ **ડૉ. નીમાબેન આચાર્ય(અંજાર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા સરકાર માંગે છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કચ્છ જિલ્લામાં ૬૬ કે.વી.ના નીચે મુજબના ૨ નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | તલવાણા |
| ૨ | નાની મઉ (દેવપુર ગઢ) |

------------

### જૂનાગઢ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવાના થયેલ એમ. ઓ. યુ.

૮૭૯૪ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૩માં વાયબ્રન્ટ સમીટમાં જૂનાગઢ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવાના કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) આ રોકાણોથી કેટલા લોકોને રોજગારી મળવાની હતી, અને

(૩) મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલા લોકોને રોજગારી મળી ?

**જવાબ**

(૧) સન ૨૦૦૩માં વાયબ્રન્ટ સમીટમાં જુનાગઢ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવાના રૂપિયા ૯૦૦ કરોડના એમ.ઓ.યુ. થયા હતા.

(૨) વર્ષ-૨૦૦૩માં થયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ સમયે એમ.ઓ.યુ. કરવા માટે સુચિત રોજગારીની માહિતી મેળવવામાં આવતી ન હતી.

(૩) આ એમ.ઓ.યુ.ના પ્રોજેક્ટોને કારણે અંદાજીત રૂા.૫૧૬ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.જેમાં અંદાજીત ૪૫૦ લોકોને રોજગારી મળે છે.વિશેષમાં નવું મૂડી રોકાણ થવાથી આવા પ્રોજેક્ટો કાર્યાન્વિત થવાથી જરૂરી સંલગ ક્ષેત્રો જેવા કે માઇનીંગ, ટ્રાન્સપોર્ટેશન, પેકેજીંગ, પેકીંગ, સીક્યુરીટી સેવાઓ, હાઉસકીપીંગ, મેઇન્ટેન્સ સર્વીસીસ તેમ જ આનુષાંગિક ઉદ્યોગો જેવા કે પ્રિકાસ્ટ બ્લોક્સ, વીજળીના થાંભલા વગેરે ક્ષેત્રોમાં રોજગારી ઉભી થયેલ છે; જેનો અંદાજ આંકી શકાય નહિ.

------------

### અમદાવાદ શહેરમાં ક્રિકેટ મેચના સટ્ટા અંગે દરોડા પાડવા બાબત

૯૫૧૨**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ક્રિકેટ મેચના સટ્ટા અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) કેટલા ઈસમોની તે અન્વયે ધરપકડ કરવામાં આવી, અને

(૩) કેટલી રકમનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૨

(૨) ૪૬

(૩) રૂા. ૧૪,૪૨,૯૧૨/-

------------

### દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પેસેન્જરોની હેરાફેરી કરતાં વાહનો

૯૫૩૧**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પેસેન્જરોની ગેરકાયદેસર હેરાફેરી કરતાં કેટલા વાહનો પકડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૧૫૭૦ વાહનો પકડવામાં આવ્યા.

(૨) આવાં વાહનોને કાયદેસર કરવા સરકાર શું વિચારે છે ?

(૨) આવા વાહનોને કાયદેસર કરવા માટે ટેક્ષીકેબ તથા મેક્ષીકેબમાં રૂપાંતર કરી કાયદેસરની પરમીટ આપવામાં આવે છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો**

૯૫૭૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણો માટેની કેટલી અરજીઓ પડતર છે, | (૧) ૧૯૫૦૧ અરજીઓ |
| (૨) આ અરજીઓ કેટલા સમયથી પડતર છે, | (૨) આદિજાતિ વિસ્તારમાં વર્ષ-૨૦૦૬ થી અને બિન-આદિજાતિ વિસ્તારમાં વર્ષ-૧૯૯૨ થી. |
| (૩) ઉક્ત અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને<br>(૪) ઉક્ત અરજીઓ પડતર રહેવાનાં કારણો શાં છે ? | (૩) અને (૪) સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં ૨૦૦૮-૦૯માં ૨૧૭૩ તથા ૨૦૦૯-૧૦માં મે અંતિત ૬૦૬ જ્યારે બિન-આદિજાતિ વિસ્તારમાં ૨૦૦૮-૦૯માં ૧૩૦૮ અને ૨૦૦૯-૧૦માં મે અંતિત ૩૨૨ વીજ જોડાણ આપવામાં આવ્યાં છે. તદ્ઉપરાંત રાજ્ય સ્થાપનાની સુવર્ણજયંતિ નિમિત્તે નક્કી કરેલ સ્વર્ણિમ સિધ્ધિઓ અનુસાર આદિજાતિ વિસ્તારમાં તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં નોંધાયેલ ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજીઓનો તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે. તે અંતર્ગત ૫૨૦ અરજીઓનો નિકાલ તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કરવામાં આવશે. જ્યારે બાકી રહેતી અરજીઓના નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજમાંગ ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજવિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેનાં નાણાકીય આયોજનને ધ્યાને લઇને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે. |

------------

**ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ**

૯૬૪૧**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસમાં ખાણ અને ખનિજ ખાતાના કેટલા અધિકારીઓની સંડોવણી બહાર આવેલ છે, અને | (૧) ૩ (ત્રણ) અધિકારીઓ સામે પ્રાથમિક તપાસની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) સરકારે આ બાબતે શાં પગલાં ભર્યા છે અથવા ભરવા માગે છે ? | (૨) પ્રાથમિક તપાસ બાદ સંડોવણી નિયત થયેથી નિયમાનુસાર પગલાં ભરવામાં આવશે. |

------------

**આંધ્રપ્રદેશની કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાંથી મળેલ ગેસ અને થયેલ આવક**

૮૩૩૫ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આંધ્રપ્રદેશની કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાં રાજ્ય સરકારે જુલાઈ ૨૦૦૫ માં ગેસ શોધવાનું જાહેર કરેલ તે અન્વયે ઉત્પાદન શરૂ થયું ત્યારથી તા. ૩૧-૫-૦૯ | (૧) કૃષ્ણા ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ.પી.સી. હસ્તકના બ્લોકનો ફીલ્ડ ડેવલોપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઇડ્રોકાર્બન, નવી દિલ્હીને |

સુધીમાં તેમાંથી વર્ષવાર કેટલો ગેસ મળ્યો,

(૨) તે થકી કેટલા રૂપિયા આવક થઈ, અને

(૩) રાજ્ય સરકારે તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો ?

સુપરત કરેલ છે. આ પ્લાનની મંજુરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) ખંડ(૧) માં જણાવ્યા પ્રમાણે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજુરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી થઇ શકે તેમ હોવાથી હાલમાં કોઇ આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉત્પાદન શરૂ થતાં રાજ્યમાં વીજ ક્ષેત્રે, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘરવપરાશકારો સહિતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતા પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃદ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃદ્ધ થશે પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી રાજ્યના લોકોની જીવનશૈલીની ગુણવત્તા વધશે.

(૩) તા. ૩૧-૫-૦૯ સુધીમાં જી.એસ.પી.સી. દ્વારા રૂ. ૩૮૭૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ**

૯૬૩૮**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસમાં ખાણ અને ખનીજ ખાતાના કેટલા અધિકારીઓની સંડોવણી બહાર આવેલ છે, અને

(૨) સરકારે આ બાબતે શાં પગલાં ભર્યા છે અથવા ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ) અધિકારીઓ સામે પ્રાથમિક તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રાથમિક તપાસ બાદ સંડોવણી નિયત થયેથી નિયમાનુસાર પગલાં ભરવામાં આવશે.

------------

**નર્મદાના અસરગ્રસ્તોની વસાહતોમાં પીવાના પાણીની સુવિધા**

૮૫૧૫**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં નર્મદાના અસરગ્રસ્તોની વસાહતોમાં પીવાના પાણી માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કઈ કઈ સુવિધાઓ છે, અને

(૨) ઉક્ત સુવિધાઓ ન હોય તો સરકાર પીવાના પાણીની સુવિધા પૂરી પાડવા શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં નર્મદાના અસરગ્રસ્તોની ૧૯ વસાહતોમાં ૫૧૦ કુટુંબો વસવાટ કરે છે. જેના માટે કુલ-૪૭ હેન્ડપંપ, ૩ કુવા અને ૧૫ બોર સાથેની પાણી પુરવઠા યોજનાઓ છે. જે ધારાધોરણ કરતાં ત્રણ ગણી સુવિધાઓ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નર્મદા કેનાલ, સોરાષ્ટ્રમાં ફરજ બજાવતા ચીફ એન્જીનીયર**

૯૧૭૦**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સોરાષ્ટ્રભરમાં નર્મદા કેનાલ માટે કેટલા ચીફ એન્જીનીયરો ફરજ બજાવે છે, અને

(૨) જો એક પણ ચીફ એન્જીનીયર ફરજ ઉપર મૂકવામાં ન આવેલ હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ સોરાષ્ટ્ર વિસ્તારના કામો માટે બે ચીફ એન્જીનીયરોની જગ્યા પૈકી એક ચીફ એન્જીનીયર ફરજ બજાવે છે, અન્ય એક જગ્યા ખાલી હોવાથી હવાલો અધિક્ષક ઇજનેરશ્રીને સોંપવામાં આવેલ છે. મુખ્ય ઇજનેરશ્રીઓની બઢતી મળેથી આ જગ્યા ભરવામાં આવશે.

------------

## ગૌણ ખનીજ પેદાશોની રોયલ્ટીની રકમ પંચાયતોને આપવા બાબત

૭૦૨૪**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજ પેદાશોમાંથી રોયલ્ટી પેટે પંચાયત પણ નાણા મેળવવા હક્કદાર છે કે કેમ, અને

(૨) જો હા, તો સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં રાજ્ય સરકારે પંચાયતોને આ રોયલ્ટી પેટે વર્ષવાર કેટલી રકમ ક્યારે ચૂકવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં મળતા ગૌણ ખનિજો પૈકી રેતી, કંકર અને ગ્રેવલ ગૌણ ખનિજો પર મળતી રોયલ્ટી અને ડેડરેન્ટની આવકમાંથી ૯૫ ટકા રકમ જિલ્લા પંચાયતોને અનુદાન સ્વરૂપે ચુકવવામાં આવે છે.

(૨)

| વર્ષ | ચુકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૭૭૦.૩૮ |
| ૨૦૦૮-૦૯ | ૧૪૦૧.૨૬ |
| ૨૦૦૯-૧૦ (૩૧-૫-૦૯) સુધી | ૨૬૧.૭૬ |

------------

## ખેડા અને આણંદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ માટે મળેલ અરજીઓ

૮૬૭૨**ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણ માટે કેટલી અરજીઓ સરકારને મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) બાકીનાઓને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ૮૯૫ અને આણંદ જિલ્લામાં ૧૦૦૮ ખેતી વિષયક વીજ જોડાણ માટેની અરજીઓ મળી છે.

(૨) અગાઉનાં વર્ષની નોંધાયેલ અરજીઓ પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં ૨૨૭ અને આણંદ જિલ્લામાં ૮૭ વીજ જોડાણો આપવામાં આવેલ છે. જ્યારે છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ અરજીઓ પૈકી ખેડા જિલ્લામાં ૪ અને આણંદ જિલ્લામાં ૧૩ સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવનાર લાભાર્થીઓને અગ્રતાનાં ધોરણે વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૩) બાકી રહેતી અરજીઓનાં નિકાલ માટે વીજ ઉત્પાદન, વીજમાંગ, ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેનાં નાણાંકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન છે.

------------

## કાલાવડ તાલુકાના પેટાપરાંઓમાં વીજળીકરણ

૯૬૧૫**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) બાકીના પેટાપરાંનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ૬૧ પેટાપરા પૈકી ૫૮ પેટાપરાંનું વિજળીકરણ રૂા.૧૮૮ લાખના ખર્ચે અગાઉ કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ૩ પેટાપરામાં વિજળીકરણની માંગણી થયેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

------------

## વડોદરા જિલ્લામાં ઓરસંગ નદીમાંથી લઈ જવાતી રેતી

૮૮૫૬ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં મુખ્યત્વે ઓરસંગ નદીની રેતી વપરાય છે એ હકીક્ત સાચી છે,

(૨) આ રેતીની જે ટ્રકો ચાલે છે તે બમણી ક્ષમતાથી રેતી ભરીને લઈ જાય છે એ હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ માટે સરકારે શાં પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) તપાસ દરમ્યાન અમુક કિસ્સાઓમાં વાહનની ક્ષમતા કરતા વધુ ખનિજ જથ્થાનું વહન કરેલ હોવાનું જણાયેલ છે.

(૩) (૧) છેલ્લા બે વર્ષમાં ઓવરલોડથી વધુ રેતી ખનીજ ભરી જતા વાહનોના ૨૦૦૭-૦૮માં ૧૮૦ કેસોમાં રૂા.૧,૩૧,૦૦૦/- અને ૨૦૦૮-૦૯માં ૧૦૭ કેસોમાં રૂ. ૧,૬૯,૬૦૦/- વસુલાત કરેલ છે.

(૨) વાહનવ્યવહાર ખાતા દ્વારા પણ ઓવરલોડના કેસોમાં છેલ્લા એક વર્ષમાં માંડવાળની રકમ અને અન્ય વસુલાત મળી કુલ રૂ. ૫,૯૩,૩૦૦/- વસુલ કરવામાં આવેલ છે.

(૩) કલેકટરશ્રી, વડોદરા અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી વડોદરાને અવાર નવાર ચેકીંગ કરવા અને લીઝ ધારકો સામે નિયમાનુસાર પગલાં લેવાની સુચના આપવામાં આવેલ છે.

(૪) બિનઅધિકૃત ખનીજ વહનની પ્રવૃત્તિ રોકવા દરેક જીલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે ટાસ્કફોર્સ સ્થાપવામાં આવેલ છે. જેમાં પોલીસ, વાહન વ્યવહાર, ખનીજ અને પ્રદુષણ ખાતાના અધિકારીઓનો સમાવેશ થાય છે. દર માસે જીલ્લા કક્ષાએ આ કામગીરીની સમીક્ષા થાય છે.

------------

## સેકટર નં. ૨૧ ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના કેસો

૯૨૦૪**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં કેટલા અપહરણના કેસો દાખલ થયા,

(૨) તેમાં સગીરવયની છોકરીઓના અપહરણના કેટલા કેસો દાખલ થયેલ છે,

(૩) સગીરવયની છોકરીઓના કેસ દાખલ થયે કેટલો સમય થયો,

(૪) આટલા સમયમાં પોલીસે અપહરણ કર્તાઓને શોધવા ક્યા ક્યા પ્રયત્નો કરેલ છે, અને ઉક્ત પ્રયત્નોનું પરિણામ શું આવ્યું, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં કુલ-૮(આઠ) અપહરણના કેસો દાખલ થયેલ છે.

(૨) ઉક્ત નોંધાયેલ ગુન્હા પૈકી સગીર વયની છોકરીઓના અપહરણના ૫ કેસો દાખલ થયેલ છે.

(૩) સગીર વયની છોકરીઓના દાખલ થયેલ કેસોના સમયગાળાની વિગત નીચે મુજબ છે.

| અનુ. | દાખલ થયેલ કેસ ગુ.ર.નં. | સમયગાળો |
|---|---|---|
| ૧ | સેકટર-૨૧ ફ.ગુ.ર.નં. ૨૬૧/૦૮ | ૮ માસ |
| ૨ | સેકટર-૨૧ ફ.ગુ.ર.નં. ૩૨૨/૦૮ | ૬ માસ ૧૩ દિવસ |
| ૩ | સેકટર-૨૧ ફ.ગુ.ર.નં. ૩૬૧/૦૮ | ૫ માસ |
| ૪ | સેકટર-૨૧ ફ.ગુ.ર.નં. ૩૬૨/૦૮ | ૫ માસ |
| ૫ | સેકટર-૨૧ ફ.ગુ.ર.નં. ૧૦૭/૦૯ | ૧૫ દિન |

(૪) સગીરવયની છોકરીઓના અપહરણના ૫ કેસો પૈકી ૪ કેસોમાં ભોગ બનનારને શોધી આરોપીઓ વિરૂધ્ધ ગુના નોંધી, ચાર્જશીટ કરવામાં આવેલ છે તેમજ બાકીના એક ગુન્હામાં અપહરણકર્તા તથા ભોગ બનનારને શોધવા માટે તેઓના સગા સબંધીને મળી

તેઓના મળી આવવાની સભંવિત તમામ જ્ગ્યાએ તપાસ કરવામાં આવેલ છે.

(૫) અપહરણ કરવામાં મદદગારી કરનાર ઈસમો ઉપર ક્યા પગલાં લેવામાં આવ્યા ?

(૫) અપહરણના ગુન્હામાં મદદગારી કરનાર ઈસમોને પકડી અટક કરી મદદગારી કરવા બદલ તેઓની વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

------------

**મહેસાણા જિલ્લાના પોલીસ સ્ટેશનમાં ડીટેઈન કરેલ વાહનો**

૯૦૯૨**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લા પોલીસ સ્ટેશનોમાં કેટલા ગુનાહીત વાહનો ડીટેઈન કરવામાં આવેલ છે,

(૧) ૨૫૭ વાહનો

(૨) ક્યા ક્યા ગુનાઓમાં વાહનો ડીટેઈન કરેલ છે,

(૨) ખૂન ખૂનની કોશિષ, ધાડ, લૂંટ, ઘરફોડ, ચોરીઓ, વિશ્વાસઘાત, ઠગાઈ, અપહરણ, બળાત્કાર, સરકારી નોકર ઉપર હુમલો, વાહન અક્સ્માત, આર્મ્સ એક્ટ પ્રીવેન્શન ઓફ ક્રુઅલ્ટી અગેંસ્ટ એનિમલ એકટ પ્રોહિબીશન, જુગાર આઈ.પી.સી. ક્લમ-૧૨બી, ૨૮૩, બોમ્બે પોલીસ એક્ટની ક.૧૨૨ સી, ૧૨૪,૧૧(૧ડી) મોટર વેહિક્લ એક્ટની ક.૧૮૫, હેઠળના ગુનાઓમાં ડીટેઈન કરેલ છે.

(૩) ડીટેઈન કરેલ વાહનો કેટલા વર્ષોથી પડેલ છે, અને

(૪) વાહનો મુક્ત કરવાના નિયમો ક્યા છે ?

(૩) અને (૪) ડીટેઈન થયેલા વાહનો પૈકી ૧૭૫ વાહનો ૨૦૦૪ અને ત્યાર પછીના વર્ષોથી પડી રહેલ છે. બાકીના વાહનો તે અગાઉથી ડીટેઈન કરેલ છે. અલગ અલગ કાયદાઓની જોગવાઈઓ મુજબ અને કોર્ટના હુકમ બાદ વાહન મુક્ત કરવામાં આવે છે. કેસોમાં કોર્ટના આદેશ સિવાય વાહન પરત આપી શકાતું નથી. કોર્ટના હુકમો મેળવવામાં થતો વિલંબ, ચોરી, લૂંટ, ધાડ, ખૂન, ઠગાઈ, અપહરણ, બળાત્કાર, જેવા ગુનામાં વાહન માલિકોનું વાહન લેવા ન આવવું, વાહન અક્સ્માતના કેસમાં વીમાનો દાવો મળતાં વાહન માલિકનું વાહન લેવા ન આવવું, બિનવારસી વાહનોના માલિકોની નિષ્કાળજી તથા પકડાયેલા વાહનોના નંબર/ચેસીસ નંબરમાં ચેડાં થતાં પકડાયેલા વાહનના માલિક શોધી ન શકાય વગેરે કારણોસર આવા ડીટેઈન થયેલ વાહનો પડી રહેતા હોય છે.

------------

**સુરત જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૫૭૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવા સરકાર માંગે છે, અને

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સુરત જિલ્લામાં ૬૬ કે.વી.ના ૪(ચાર) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨) ઉક્ત સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા માગે છે ?

(૨)

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | સિવાણ(સાયણ વેસ્ટ) |
| ૨ | કોસાડ(અમરોલી) |
| ૩ | જિયાવ(બામરોલી) |
| ૪ | મોરા |

------------

**ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ**

૯૬૪૦**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસમાં ખાણ અને ખનીજ ખાતાના કેટલા અધિકારીઓની સંડોવણી બહાર આવેલ છે, અને

(૨) સરકારે આ બાબતે શાં પગલાં ભર્યા છે અથવા ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ) અધિકારીઓ સામે પ્રાથમિક તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રાથમિક તપાસ બાદ સંડોવણી નિયત થયેથી નિયમાનુસાર પગલાં ભરવામાં આવશે.

------------

**જી.એસ.પી.સી. કે સાથી કંપની ધ્વારા ગેસ કે ક્રુડ તેલનું ઉત્પાદન**

૯૨૮૩**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જી.એસ.પી.સી. કે સાથી કંપની ધ્વારા થયેલ શારકામ અન્વયે ગેસ કે ક્રુડ તેલનું ઉત્પાદન મેળવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૦૩-૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં કેટ કેટલા જથ્થાનું ગેસ કે /અને ક્રુડ તેલનું ઉત્પાદન મેળવવામાં આવ્યું, અને

(૩) આ ઉત્પાદનોના વેચાણથી સંબંધિત વર્ષોમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ કેટ કેટલી રકમની ઉપજ રાજ્ય સરકારને મળી ?

**જવાબ**

(૧) ""હા, જી ""

(૨) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં ગેસ અને ક્રુડ તેલનું ઉત્પાદન નીચે પ્રમાણે થયેલ છે.

| વર્ષ | કુલ ઉત્પાદન ક્રુડ તેલ (બેરલ તેલ) | કુલ ઉત્પાદન ગેસ (મીલીયન સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર) |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૦૭૦૭૭ | ૯૮૧.૫૩ |
| ૨૦૦૭-૦૮ | ૪૭૮૯૪૧ | ૭૨૫.૦૨ |
| ૨૦૦૮-૦૯ | ૭૦૪૬૮૦ | ૫૩૨.૧૩ |

(૩) રાજ્ય સરકાર દ્વારા ઓ.એન.જી.સી.એલ., જી.એસ.પી.સી.એલ. કે અન્ય ખાનગી કંપનીઓને ક્રુડ ઓઈલ અને ગેસના ઉત્ખનન માટે પેટ્રોલિયમ માઈનીંગ લીઝ અપાયા બાદ તેના ઉત્પાદનની ઉપજ/આવક જે તે કંપની મેળવે છે. જ્યારે રાજ્ય સરકારને ક્રુડ ઓઈલ અને ગેસના ઉત્પાદન પર કેન્દ્ર સરકારે નક્કી કરેલી ફોર્મ્યુલા પ્રમાણે પેટ્રોલિયમ રોયલ્ટી તેમજ વેટ પરની આવક મળે છે. તદનુસાર ઉત્પાદનોના કારણે સંબંધિત વર્ષોમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારને નીચે દર્શાવ્યા પ્રમાણેની આવક થયેલ છે.

| વર્ષ | વર્ષવાર રોયલ્ટી | વર્ષવાર વેટ |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂ. ૩૫.૫૨ કરોડ | રૂ. ૨૮.૮૫ કરોડ |
| ૨૦૦૭-૦૮ | રૂ. ૨૬.૬૯ કરોડ | રૂ. ૨૦.૨૮ કરોડ |
| ૨૦૦૮-૦૯ | રૂ. ૨૭.૩૩ કરોડ | રૂ. ૧૯.૮૭ કરોડ |

------------

**રાજ્યમાં સાંધ્ય કોર્ટોના મકાન બાંધવા બાબત**

૯૬૩૧**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) :માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી અને કઈ કઈ કોર્ટોના મકાનો બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કુલ : ૭ કોર્ટો

૧. વિસનગર કોર્ટ
૨. પાટણ જિલ્લા અદાલત
૩. દાહોદ જિલ્લા અદાલત
૪. દેવગઢબારીયા કોર્ટ
૫. જામનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટ
૬. સુરેન્દ્રનગર અને

૭. ગઢડા

(૨) આ મકાન બાંધવામાં કુલ કેટલો ખર્ચ થયો ? (૨) રૂા. ૨૬,૭૦.૦૯ લાખ

------------

**ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ**

૯૬૩૯ **શ્રી બ્રિજરાજસિંહ જાડેજા(જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસમાં ખાણ અને ખનીજ ખાતાના કેટલા અધિકારીઓની સંડોવણી બહાર આવેલ છે, અને

(૨) સરકારે આ બાબતે શાં પગલાં ભર્યા છે અથવા ભરવા માગે છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ) અધિકારીઓ સામે પ્રાથમિક તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રાથમિક તપાસ બાદ સંડોવણી નિયત થયેથી નિયમાનુસાર પગલાં ભરવામાં આવશે.

------------

**ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

૮૮૧૦**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેક્ટીવ પ્લાન તૈયાર કરેલ છે તેના ભાગરૂપે વર્ષ-૨૦૦૮ માં સીધી ભરતીના ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની તથા ૧૬૫ ખાસ સ્પર્ધાત્મક બઢતીના પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની નિમણૂંકો કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં સીધી ભરતીના ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટરો અને ખાસ સ્પર્ધાત્મક બઢતીના ૫૪૪ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે. વર્ષ-૨૦૦૮ માં સીધી ભરતીના ૫૩૯૦ લોકરક્ષકોને નિમણૂંક આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯ માં ૮૭૩૪ સીધી ભરતીના લોકરક્ષકોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે.

(૧) **પત્રક (બીન હથિયારી)**

(૨)

| અ. નં. | પોલીસ સ્ટેશનનું નામ | પોલીસ ઇન્સ્પેક્ટર | | | પો.સ.ઇ. | | | | એ.એસ.આઇ.(અ) | | | | અ.હે.કો.(બ) | | | | અ.પો.કો.(ક) | | | | અ.લોકરક્ષક(ડ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા | ક્યારથી | મંજુર મહેકમ | હાજર મહેકમ | ખાલી જગ્યા |
| **ભરૂચ ડીવીઝન** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧. | ભરૂચ શહેર એ ડીવીઝન | ૧ | ૧ | ૦ | ૩ | ૫ | +૨ | ૦ | ૧૬ | ૧૦ | -૬ | ૬માસ સુધીની | ૨૪ | ૩૪ | +૧૦ | ૦ | ૧૩૬ | ૭૯ | -૫૭ | ૬થી૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૨ | ભરૂચ શહેર બી ડીવીઝન | ૧ | ૧ | ૦ | ૬ | ૨ | -૪ | ૬થી૧૨ માસ સુધી | ૧૩ | ૧૦ | -૩ | ૬માસ સુધીની | ૧૯ | ૨૦ | +૧ | ૦ | ૪૭ | ૩૪ | -૧૩ | ૬થી૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૩ | ભરૂચ રૂરલ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૩ | -૨ | ૬માસ સુધીની | ૧૫ | ૧૨ | -૩ | ૬માસ સુધીની | ૨૬ | ૧૫ | -૧૧ | ૬થી૧૨ માસ સુધી | ૦ | ૦ | ૦ |
| ૪ | નબીપુર | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૮ | -૩ | ૬માસ સુધીની | ૨૪ | ૧૫ | -૯ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૫ | પાલેજ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | +૩ | ૦ | ૬ | ૪ | -૨ | ૬માસ સુધીની | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | દહેજ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | -૨ | ૬થી૧૨ માસ સુધી | ૧ | ૫ | +૪ | ૦ | ૩ | ૨ | -૧ | ૬માસ સુધીની | ૬ | ૯ | +૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| **જંબુસર ડીવીઝન** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૭ | જંબુસર | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | -૧ | ૬માસ સુધીની | ૫ | ૬ | +૧ | ૦ | ૭ | ૬ | -૧ | ૬માસ સુધીની | ૨૭ | ૨૧ | -૬ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૮ | આમોદ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૪ | -૧ | ૬માસ સુધીની | ૮ | ૫ | -૩ | ૬માસ સુધીની | ૧૫ | ૧૧ | -૪ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૯ | વાગરા | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૪ | -૧ | ૬માસ સુધીની | ૭ | ૪ | -૩ | ૬માસ સુધીની | ૧૪ | ૧૨ | -૨ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૦ | કાવી | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૩ | ૭ | +૪ | ૦ | ૬ | ૩ | -૩ | ૬માસ | ૧૧ | ૮ | -૩ | ૬માસ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | | સુધીની | | | | સુધીની | | | | |
| ૧૧ | વેડચ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૩ | -૧ | ૬માસ સુધીની | ૭ | ૬ | -૧ | ૬માસ સુધીની | ૧૧ | ૯ | -૨ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| **અંક્લેશ્વર ડીવીઝન** | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૨ | અંક્લેશ્વર શહેર | ૧ | ૧ | ૦ | ૨ | ૩ | ૧ | ૦ | ૧૦ | ૯ | -૧ | ૬માસ સુધીની | ૧૪ | ૧૨ | -૨ | ૬માસ સુધીની | ૬૫ | ૪૪ | -૨૧ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૩ | અંક્લેશ્વર રૂરલ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૫ | +૧ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૧૮ | ૧૬ | -૨ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૪ | અંક્લેશ્વર જીઆઈડીસી | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | +૧ | ૦ | ૪ | ૪ | ૦ | ૦ | ૬ | ૧૩ | +૭ | ૦ | ૨૨ | ૨૫ | +૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | હાંસોટ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૭ | ૪ | -૩ | ૬માસ સુધીની | ૭ | ૮ | +૧ | ૦ | ૧૮ | ૧૨ | -૬ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૬ | વાલીયા | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૮ | ૮ | ૦ | ૦ | ૧૧ | ૧૮ | +૭ | ૦ | ૩૪ | ૨૪ | -૧૦ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ઝઘડીયા | ૧ | ૧ | ૦ | ૨ | ૧ | -૧ | ૬થી૧૨ માસ સુધી | ૮ | ૭ | -૧ | ૬માસ સુધીની | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૩૫ | ૨૫ | -૧૦ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ઉમલ્લા | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૫ | ૮ | +૩ | ૦ | ૮ | ૪ | -૪ | ૬માસ સુધીની | ૨૨ | ૧૭ | -૫ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૮ | ૮ | ૦ | ૨૯ | ૨૫ | -૪ | ૦ | ૧૦૩ | ૧૦૦ | -૩ | ૦ | ૧૭૬ | ૧૭૬ | ૦ | ૦ | ૫૪૩ | ૩૮૮ | -૧૫૫ | ૦ | ૦ | ૦ | ૦ |

**(૨) પત્રક (હથિયારી)**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | એ.એસ.આઇ.(અ) | | | | અ.હે.કો.(બ) | | | | અ.પો.કો.(ક) | | | | અ.લોકરક્ષક(ડ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર મહેક્મ | હાજર મહેક્મ | ખાલી જ્ગ્યા | ક્યારથી | મંજુર મહેક્મ | હાજર મહેક્મ | ખાલી જ્ગ્યા | ક્યારથી | મંજુર મહેક્મ | હાજર મહેક્મ | ખાલી જ્ગ્યા | ક્યારથી | મંજુર મહેક્મ | હાજર મહેક્મ | ખાલી જ્ગ્યા |
| **ભરૂચ ડીવીઝન** | | | | | | | | | | | | | | | | |
| ૧. | ભરૂચ શહેર એ ડીવીઝન | ૦ | ૨ | +૨ | ૦ | ૦ | ૬ | +૬ | ૦ | ૦ | ૯ | +૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ભરૂચ શહેર બી ડીવીઝન | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | +૧ | ૦ | ૩ | ૮ | +૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ભરૂચ રૂરલ | ૦ | ૩ | +૩ | ૦ | ૦ | ૨ | +૨ | ૦ | ૦ | ૩ | +૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | નબીપુર | ૦ | ૧ | +૧ | ૦ | ૧ | ૦ | -૧ | ૬માસ સુધીની | ૫ | ૨ | -૩ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૫ | પાલેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૪ | ૫ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | દહેજ | ૧ | ૦ | -૧ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૭ | +૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| **જંબુસર ડીવીઝન** | | | | | | | | | | | | | | | | |
| ૭ | જંબુસર | ૨ | ૫ | +૩ | ૦ | ૪ | ૧ | -૩ | ૬માસ સુધીની | ૧૬ | ૧૧ | -૫ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૮ | આમોદ | ૧ | ૨ | +૧ | ૦ | ૩ | ૧ | -૨ | ૬માસ સુધીની | ૧૧ | ૬ | -૫ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૯ | વાગરા | ૨ | ૨ | ૦ | ૦ | ૫ | ૦ | -૫ | ૬માસ સુધીની | ૨૪ | ૧૨ | -૧૨ | ૬ થી ૧૨માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૦ | કાવી | ૧ | ૦ | -૧ | ૬માસ સુધીની | ૦ | ૪ | +૪ | ૦ | ૪ | ૫ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | વેડચ | ૧ | ૧ | +૧ | ૦ | ૧ | ૦ | -૧ | ૬માસ સુધીની | ૪ | ૬ | +૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| **અંક્લેશ્વર ડીવીઝન** | | | | | | | | | | | | | | | | |
| ૧૨ | અંક્લેશ્વર શહેર | ૨ | ૨ | ૦ | ૦ | ૪ | ૬ | +૨ | ૦ | ૧૭ | ૧૨ | -૫ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૩ | અંક્લેશ્વર રૂરલ | ૦ | ૧ | +૧ | ૦ | ૧ | ૦ | -૧ | ૬માસ સુધીની | ૩ | ૪ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | અંક્લેશ્વર જીઆઈડીસી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | +૨ | ૦ | ૪ | ૧૫ | +૧૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | હાંસોટ | ૧ | ૧ | ૦ | ૦ | ૩ | ૨ | -૧ | ૬માસ સુધીની | ૧૧ | ૬ | -૫ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ |
| ૧૬ | વાલીયા | ૧ | ૨ | +૧ | ૦ | ૩ | ૨ | -૧ | ૬માસ સુધીની | ૧૧ | ૧૬ | +૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | ઝઘડીયા | ૨ | ૩ | +૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૧૫ | ૧૬ | +૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | ઉમલ્લા | ૧ | ૦ | ૧ | ૬માસ સુધીની | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૧૪ | ૨૫ | +૧૧ | ૦ | ૩૧ | ૩૩ | +૨ | ૦ | ૧૪૦ | ૧૪૮ | +૮ | ૦ | ૦ | ૦ | ૦ |

## પંચમહાલ જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણોનું વીજળીકરણ

૯૬૧૩**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

(૨) કેટલી અરજીઓ હાલમાં પડતર છે, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની રાજ્ય સરકારની કુટીર જ્યોતિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન૨૮૧૨ અને ૩ પેટાપરાના ૮૦ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુટીર જ્યોતિ યોજના અંતર્ગત ૪૪૬૬ અરજીઓ પડતર છે.

(૩) ઉક્ત બાકી વીજ જોડાણો ક્યારે આપવામાં આવશે ?

(૩) કુટીર જ્યોતિ યોજનાની પડતર અરજીઓ પૈકી ૨૫ વીજ જોડાણો જૂન-૨૦૦૯ અંતિત આપી દેવામાં આવેલ છે. જ્યારે હવે બાકી તમામ અરજદારોને ચાલુ નાણાકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. તદુઉપરાંત પેટાપરા વીજળીકરણના વાર્ષિક લક્ષ્યાંક મુજબના ૫૫ પેટાપરાના ૧૩૭૫ લાભાર્થીઓને ચાલુ નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**રાજ્યની લોકાયુક્ત કચેરીના વહીવટ માટે કરેલ ખર્ચ**

૮૩૩૧**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્યની લોકાયુક્ત કચેરીના વહીવટ પાછળ રાજ્ય સરકારે કેટલી રકમનો ખર્ચ કર્યો છે ?

**જવાબ**

૨૦૦૭-૦૮ કુલ ખર્ચ રૂપિયા ૨૪,૭૪,૬૧૪-૦૦
૨૦૦૮-૦૯ કુલ ખર્ચ રૂપિયા ૨૧,૯૨,૩૭૭-૦૦

------------

**રાજ્યના પોલીસ કર્મચારીઓને પોલીસ ક્વાર્ટસમાં જ રહેવાના હુકમો**

૯૦૩૯ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં રાજ્યના પોલીસ કર્મીઓને પોલીસ ક્વાર્ટસમાં જ રહેવાના હુકમો કરી પોલીસ કર્મીઓને મકાન ભાડું ચૂકવવાનું બંધ કરવાના આદેશો થયા છે તે હકીક્ત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વલસાડ જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજળીકરણ**

: ૯૫૭૮ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

(૧) વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની રાજ્ય સરકારની કુટિર જ્યોતિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૬૮૦૧ અને ""આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઇબ્સ)નાં લાભાર્થીઓને વીજ જોડાણ યોજના"" અંતર્ગત ૨૭૧૧ તથા ૨૯ પેટાપરાના ૧૧૬૫ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) કેટલી અરજીઓ હાલમાં પડતર છે, અને

(૨) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૪૯૯૫ અરજીઓ પડતર છે જ્યારે ""આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઇબ્સ)નાં લાભાર્થીને વીજ જોડાણ યોજના"" અંતર્ગત કોઇ અરજી પડતર નથી.

(૩) ઉક્ત બાકી વીજ જોડાણો ક્યારે આપવામાં આવશે ?

(૩) કુટિર જ્યોતિ યોજનાની પડતર અરજીઓ પૈકી ૮૦ વીજ જોડાણો જૂન-૨૦૦૯ અંતિત આપી દેવામાં આવેલ છે. જ્યારે હવે બાકી તમામ અરજદારોને ચાલુ નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. તદુપરાંત ""પેટાપરા વીજળીકરણ યોજના"" અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ નાં વાર્ષિક લક્ષ્યાંક મુજબના ૧૦ પેટાપરાનાં તમામ ૪૦૦ લાભાર્થીઓને મે-૨૦૦૯ અંતિત વીજ જોડાણો આપી દેવામાં આવેલ છે.

------------

**સુરત જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૬૩૦**શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સરકાર સ્થાપવા માંગે છે, અને

(૨) ક્યાં ક્યાં ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સુરત જિલ્લામાં ૬૬ કે.વી.ના ૪ (ચાર) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨)

| **અ.નં.** | **સબસ્ટેશનનું નામ** |
|---|---|
| ૧ | સિવાણ (સાયણ વેસ્ટ) |
| ૨ | કોસાડ (અમરોલી) |
| ૩ | જિયાવ (બામરોલી) |
| ૪ | મોરા |

------------

**આંધ્રપ્રદેશની કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાંથી મળેલ ગેસ અને થયેલ આવક**

૮૪૩૩**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંધ્રપ્રદેશની કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાં રાજ્ય સરકારે જુલાઈ-૨૦૦૫ માં ગેસ શોધવાનું જાહેર કરેલ તે અન્વયે ઉત્પાદન શરૂ થયું ત્યારથી તા. ૩૧-૫-૦૯ સુધીમાં તેમાંથી વર્ષવાર કેટલો ગેસ મળ્યો,

(૨) તે થકી કેટલા રૂપિયા આવક થઈ, અને

(૩) રાજ્ય સરકારે તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) કૃષ્ણા, ગોદાવરી બેઝિન ખાતેના જી.એસ. પી.સી. હસ્તકના બ્લોકનો ફીલ્ડ ડેવલપમેન્ટ પ્લાન ડાયરેક્ટર જનરલ, હાઈડ્રોકાર્બન, નવી દિલ્હીને સુપરત કરેલ છે. આ પ્લાનની મંજુરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) ખંડ (૧)માં જણાવ્યા પ્રમાણે ફિલ્ડ ડેવલપમેન્ટ પ્લાનની મંજૂરી મળ્યા બાદ ઉત્પાદનની કાર્યવાહી થઈ શકે તેમ હોવાથી હાલમાં કોઈ આવક થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉત્પાદન શરૂ થતાં રાજ્યમાં વીજ ક્ષેત્ર, ખાતરો, રસાયણો, મોટર વાહનોમાં સી.એન.જી. અને ઘર વપરાશકારો સહિતના લઘુ અને મધ્યમ ઉદ્યોગોને એમની જરૂરીયાત પ્રમાણે પૂરતાં પ્રમાણમાં ગેસ પૂરો પાડવામાં આવશે. આના પરિણામે ઓદ્યોગિક પ્રવૃત્તિઓમાં સમગ્રતયા વૃદ્ધિ આવશે અને રાજ્યનું અર્થતંત્ર સમૃદ્ધ થશે પ્રદુષણ પણ ઘણા અંશે ઓછું થશે. જેથી રાજ્યના લોકોની જીવનશેલીની ગુણવત્તા વધશે.

(૩) તા. ૩૧-૫-૦૯ સુધીમાં જીએસપીસી દ્વારા રૂ. ૩૮૭૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૬૩૬**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સરકાર સ્થાપવા માંગે છે, અને

**જવાબ**

(૧) અને (૨)

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જુનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી.ના નીચે મુજબના ૩ (ત્રણ) નવા વીજ સબ

(૨) ક્યા ક્યા સ્થળે સ્થાપવામાં આવશે ?

સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | પાલડી |
| ૨ | ઘુસીયા |
| ૩ | મેંડપરા |

તદ્ઉપરાંત ૬૬ કે.વી. સિંઘજ સબ સ્ટેશન કે જેનું આયોજન ૨૦૦૮-૦૯ના વર્ષમાં કરવામાં આવેલ, તેને ટેસ્ટ ચાર્જ કરી દેવામાં આવેલ છે અને તેને સંલગ્ન ૬૬ કે.વી. લાઈનનું કામ ચાલુ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

------------

## આણંદ આર.ટી.ઓ. કચેરીનું મહેકમ

૮૮૯૦**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આર.ટી.ઓ. કચેરીનું કર્મચારીઓનું મહેકમ પ્રમાણે આણંદ ખાતે આવેલ કચેરીમાં સંવર્ગવાર કેટલા કર્મચારી હોવા જોઈએ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ આર.ટી.ઓ. કચેરીમાં કેટલા કર્મચારીઓ/અધિકારીઓ પૂર્ણ સમય માટે કામ કરે છે ?

**જવાબ**

(૧)

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | સહા.પ્રાદેશિક વા.વ્ય. અધિ. | ૦૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૩ | જનસંપર્ક અધિકારી | ૦૧ |
| ૪ | સહા.મોટર વાહન અધિકારી | ૦૧ |
| ૫ | હેડ ક્લાર્ક | ૦૨ |
| ૬ | સીનીયર ક્લાર્ક | ૦૪ |
| ૭ | જુનીયર ક્લાર્ક | ૧૮ |
| ૮ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૯ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૦ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૧ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૨ | પટાવાળા | ૦૩ |
| | કુલ :- | ૩૬ |

(૨)

| અ. નં. | સંવર્ગનું નામ | પૂર્ણ સમય માટે કામ કરતાં કર્મચારીઓ/અધિકારીઓ |
|---|---|---|
| ૧ | મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૨ | સહા.મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૩ | હેડ ક્લાર્ક | ૦૨ |
| ૪ | સીનીયર ક્લાર્ક | ૦૪ |
| ૫ | જુનીયર ક્લાર્ક | ૧૮ |
| ૬ | ડ્રાઈવર | ૦૧ |
| ૭ | પટાવાળા | ૦૩ |
| | કુલ :- | ૩૦ |

------------

## ગુજરાતમાં વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યાઓ

૯૫૮૧**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે,

(૨) આ પેકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે, અને

(૩) કેટલી ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કોઈ જગ્યા મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જેતપુર-પાવી તાલુકામાં વડોય ગામે ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશન**

૯૪૦૮ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં વડોય ગામે ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશન બાંધવા માટેની માંગણી આવેલ છે કે કેમ,

(૨) તેનાથી અંતરિયાળ ડુંગરાળ વિસ્તારના કેટલા ગામોને લાભ મળશે, અને

(૩) આ વીજ સબ સ્ટેશન કેટલા સમયમાં કરવા માંગો છો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારના ૩૮ ગામોને

(૩) તાંત્રિક ચકાસણી કર્યા બાદ વર્ષ ૨૦૧૦-૧૧માં આ વીજ સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન છે.

------------

**ભીલોડા તાલુકામાં દારૂનો ધંધો કરતાં ઈસમો પર થયેલા કેસો**

૯૪૪૦**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં દારૂનો વેપાર કરતા ઈસમો સામે કુલ કેટલા કેસો વર્ષવાર કરવામાં આવ્યા,

(૨) એમાંથી કેટલા કેસોમાં સજા થઈ, અને

(૩) દારૂની બદી રોકવા સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| તા.૧-૬-૦૭ થી તા.૩૧-૫-૦૮ | તા.૧-૬-૦૮ થી તા.૩૧-૫-૦૯ |
|---|---|
| ૨૯૫ કેસો | ૩૦૭ કેસો |

(૨)

| તા.૧-૬-૦૭ થી તા.૩૧-૫-૦૮ | તા.૧-૬-૦૮ થી તા.૩૧-૫-૦૯ |
|---|---|
| ૧૭૧ કેસોમાં | ૧૪૩ કેસોમાં |

(૩) આ બદી રોકવા અવાર-નવાર રેઈડો કરવામાં આવે છે અને સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ ""પાસા"", ""હદપારી"" તથા પ્રોહીબીશન ની કલમ ૯૩ મુજબના અટકાયતી પગલાં લેવામાં આવે છે. ખાતાના વડા તથા ઉચ્ચ કક્ષાએ દર મહિને સમીક્ષા પણ કરવામાં આવે છે.

------------

**વડોદરા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૬૦૬**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સરકાર સ્થાપવા માંગે છે, અને

(૨) ઉક્ત વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવામાં આવશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન વડોદરા જિલ્લામાં ૬૬ કે.વી.ના ૨ (બે) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨)

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | પાનવડ |
| ૨ | સાઠોદ (પિસઈ) |

------------

**જામનગર શહેરના બ્રાસપાર્ટના ઉદ્યોગનો પુનઃવિકાસ કરવા બાબત**

૮૭૭૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર શહેરનો બ્રાસપાર્ટ ઉદ્યોગ ભારે મુશ્કેલીમાંથી પસાર થઈ રહયો છે અને તેનો વિકાસ અટકી ગયો છે તે ગંભીર હકીકત સરકાર જાણે છે કે કેમ,

(૨) બ્રાસપાર્ટ ઉદ્યોગની મુખ્ય સમસ્યાઓ કઈ કઈ છે, અને

**જવાબ**

(૧) જામનગર શહેરના બ્રાસપાર્ટ ઉદ્યોગમાં તા. ૩૧-૩-૦૮ના રોજ ૩૪૨૭ એકમો નોંધાયેલ હતાં. તેમાં તા. ૩૧-૩-૦૯ના રોજ ૨૫૨ બ્રાસપાર્ટ એકમોનો ઉમેરો થયો છે.

(૨) બ્રાસપાર્ટના વેટના દર અને પ્રક્રિયા બ્રાસ સ્ક્રેપમાં ભાવ વધારો અને આંતરિક સુવિધાઓ તથા

વિજળી બાબત, જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશન જામનગર દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જામનગરને રજૂઆત કરી હતી.

(૩) આ ઉદ્યોગને પુનઃ બેઠો કરવા અને તેની સમસ્યાના નિરાકરણ માટે સરકારે લીધેલાં પગલાંની વિગતો શી છે?

(૩) (અ) રાજ્ય સરકારની નવી ઓદ્યોગિક નિતી-૨૦૦૯થી ઉદ્યોગોનો વિકાસ અને પ્રોત્સાહન પુરૂં પાડવા માટે અમલીકરણ કરેલ છે. જેમાં નીચે મુજબની પ્રોત્સાહક યોજનાઓનો સમાવેશ થાય છે.

(૧) વ્યાજ સહાય યોજના
(૨) ગુણવત્તા આંક સહાય યોજના
(૩) ક્લસ્ટર ડેવલપમેન્ટ યોજના
(૪) ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના
(૫) માર્કેટીંગ પ્રમોશન યોજના
(૬) આધુનિકરણ અને વિસ્તૃતિકરણ માટે સહાય
(૭) માંદા (સિક) યુનિટને પુનઃસ્થાપિત કરવાની યોજના

(બ) ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ જામનગર જીલ્લાના નીચેના ઓદ્યોગિક એસોસીએશન એકમને સહાય આપવામાં આવેલ છે.

(૧) એમ. પી. શાહ મ્યુનિસિપલ ઉદ્યોગનગર એસોસીએશનને આંતર માળખાકીય સુવિધાનું અપગ્રેડેશન કરવા માટે રૂપિયા ૧૪૫.૨૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે અને તેનો ચેક માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે એસોસીએશનને અર્પણ કરવામાં આવેલ છે.
(૨) જામનગર સહકારી ઉદ્યોગનગર સંઘ લીમીટેડ હાપાને ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ રૂપિયા ૯૪.૯૨ લાખ મંજૂર કરવામાં આવેલ છે અને તે પૈકી રૂપિયા ૧૦.૧૫ લાખ ચૂકવવામાં આવેલ છે.
(૩) જી.આઈ.ડી.સી. પ્લોટ એન્ડ શેરહોલ્ડર એસોસીએશન ફેસ-૨ જામનગરને રૂપિયા ૪૨૨.૪૯ લાખ મંજૂર કરવામાં આવેલ છે.
(૪) મેસર્સ ટાટા કેમિકલ્સ પ્રાઈવેટ લીમીટેડને આ યોજના હેઠળ રૂપિયા ૧૧.૧૧ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

------------

**નવસારી જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણોનું વીજળીકરણ**

૯૬૧૧**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, | (૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ""કુટિર જ્યોતિ યોજના"" હેઠળ ૬૬૭૬ અને આદિમ જૂથના પ્રીમીટીવ ટ્રાઈબના લાભાર્થીઓને વીજ જોડાણ આપવાની યોજના હેઠળ ૧૩૫૫ એમ કુલ ૮૦૩૧ વીજ જોડાણો આપવામાં આવેલ છે. |
| (૨) કેટલી અરજીઓ હાલમાં પડતર છે, અને | (૨) કુટિર જ્યોતિ યોજના અંતર્ગત ૨૫૦૦ અરજીઓ પડતર છે. જ્યારે આદિમ જૂથ માટેની યોજનાની કોઈ અરજી પડતર નથી. |
| (૩) ઉક્ત બાકી વીજ જોડાણો ક્યારે આપવામાં આવશે? | (૩) કુટિર જ્યોતિ યોજનાની પડતર અરજીઓ પૈકી ૧૫૨ વીજ જોડાણો જુન-૨૦૦૯ અંતિત આપી દેવામાં આવેલ છે. જ્યારે હવે બાકી તમામ અરજદારોને ચાલુ |

નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**જેતપુર તાલુકાના ઝુંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને વીજ જોડાણ**

૯૬૨૫**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝુંપડપટ્ટીમાં વસતા ગરીબી રેખા હેઠળના લોકોને ઘરેલું વીજળીકરણ માટે સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મૂકેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં કેટલા લાભાર્થીઓને ઉક્ત યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૩) તેમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) હા, જી. રાજ્યના ગરીબી રેખા નીચે ઝુંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની **""ઝુંપડા વીજળીકરણ યોજના""** અમલી છે.

(૨) અને (૩)
વર્ષ ૨૦૦૮-૦૯માં **""ઝુંપડા વીજળીકરણ યોજના""** અંતર્ગત રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં ૧૮૯ વીજજોડાણો રૂ. ૭.૧૧ લાખના ખર્ચે આપવામાં આવ્યા.

------------

**ખેડા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૫૯૫ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખેડા જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા માંગે છે?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખેડા જિલ્લામાં ૬૬ કે.વી. ના નવા વીજ સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન નથી.

------------

**ગુજરાત વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યાઓ**

૯૫૮૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કેટલી જગ્યાઓ મંજૂર થયેલી છે,

(૨) તે પેકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે,

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની કોઇ જગ્યા મંજૂર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં બળાત્કાર અને હત્યાની ઘટનાઓ**

૮૪૧૯**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર અને હત્યાની કુલ કેટલી ઘટનાઓ બની, અને

**જવાબ**

(૧) ખૂનની કુલ-૭૮ અને બળાત્કારની-૧૩ ઘટનાઓ બની છે. તાલુકાવાર માહિતી નીચે પ્રમાણે છે.

| પો.સ્ટે.નું | ખૂન | બળાત્કાર |
|---|---|---|
| ઓલપાડ | ૦૯ | ૦૩ |
| પલસાણા | ૦૮ | ૦૧ |
| કામરેજ | ૧૭ | ૦૦ |
| માંગરોળ | ૧૭ | ૦૫ |
| ઉમરપાડા | ૦૦ | ૦૦ |
| બારડોલી | ૦૭ | ૦૦ |
| મહુવા | ૦૯ | ૦૨ |
| માંડવી | ૧૧ | ૦૨ |

| | | |
|---|---|---|
| માંડવી | ૧૧ | ૦૨ |
| **કુલ :** | **૭૮** | **૧૩** |

(૨) આવી ઘટનાઓના જવાબદારો સામે એફ.આર.આઈ. નોંધવામાં આવી છે કે કેમ?

(૨) દરેક કિસ્સામાં એફ.આઇ.આર. નોંધાવામાં આવી છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા માટે અસરકારક વીલેજ વીઝીટેશન કરી, સામાન્ય તકરારો મોટુ સ્વરૂપ ધારણ ન કરે, તે માટે તાત્કાલિક અટકાયતી પગલાં લેવામાં આવે છે.

અસરકારક નાકાબંધી કરવામાં આવે છે તથા વાહનોનું કડક ચેકીંગ કરવામાં આવે છે.

અજાણ્યા વ્યક્તિઓને મકાન ભાડે આપવા બાબતે ભાડુઆતોની નોંધણી કરાવવાનું ફરજીયાત બનાવવામાં આવેલ છે. અસરકારક નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ કરવામાં આવે છે.

ગંભીર પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા ત્વરિત કાર્યવાહી કરી, આરોપીઓની તત્કાલ ધરપકડ કરવામાં આવે છે. આમ ઉપર જણાવેલ અવિરત પ્રયાસોને પરિણામે ગુનામાં અગાઉના સમયની સરખામણીએ ઘ ટાડો નોંધાયેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૬૩૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સરકાર સ્થાપવા માંગે છે? અને

(૨) ઉક્ત વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવામાં આવશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ત્રણ નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

(૨)

| અ.નં. | સબસ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | ચોમલ (માનગઢ) |
| ૨ | પાનવી |
| ૩ | નથુગઢ |

------------

**મધ્ય પ્રદેશને વિજળીનું ઉત્પાદન કરવા નર્મદાનું પાણી આપવા બાબત**

૮૪૨૮ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણM#> (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને નર્મદાનું પાણી મળતું નથી ત્યારે નર્મદા નિગમ દ્વારા મધ્યપ્રદેશને વીજળી ઉત્પાદન કરવા માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ફાળાનું પાણી કેટલું આપવામાં આવ્યું, અને

(૨) આ અંગે રાજ્ય સરકાર કે નર્મદા નિગમ દ્વારા મધ્યપ્રદેશને પાણી આપવા અંગે કોઈ કરાર કે સૈધ્ધાંતિક મંજૂરી આપી છે કે કેમ, તેની વિગતો કઈ કઈ?

**જવાબ**

(૧) રાજ્યના ફાળામાંથી પાણી આપવામાં આવ્યું નથી.

(૨) ના જી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ડાંગ જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજળીકરણ**

૯૬૧૦**શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯

**જવાબ**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯

દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

દરમ્યાન નીચે મુજબ કુલ ૧૭૮૧ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

| યોજનાનું નામ | આપવામાં આવેલા વીજ જોડાણો |
|---|---|
| કુટિર જ્યોતિ યોજના | ૧૪૪૭ |
| આદિમ જૂથ (પ્રીમીટીવ ટ્રાઇબ) ના લાભાર્થીઓને વીજળીકરણ યોજના | ૩૩૪ |
| કુલ : | **૧૭૮૧** |

એચબી-૨૩૭-૮ ...માં પડતર છે, અને જોડાણો ક્યારે આપવામાં આવશે?

(૨) અને (૩) હાલમાં કોઇ અરજી પડતર નથી.

## સુરત જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણોનું વીજળી કરણ

૯૬૧૨**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

(૨) કેટલી અરજીઓ હાલમાં પડતર છે, અને

(૩) ઉક્ત બાકી વીજ જોડાણો ક્યારે આપવામાં આવશે?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળી કરણનો લાભ આપવાની રાજ્ય સરકારની ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન **૭૮૧૩** અને ""આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઇબ્સ) નાં લાભાર્થીઓને વીજળીકરણ યોજના"" અંતર્ગત **૬૭૪** વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) અને (૩) ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત **૬૯૫** અરજીઓ પડતર છે જે તમામને ચાલુ નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. જ્યારે ""આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઇબ્સ) નાં લાભાર્થીઓને વીજળીકરણ યોજના"" અંતર્ગત કોઇ અરજી પડતર નથી.

------------

## વડોદરા જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી લીફ્ટ કરવા બદલ ખેડૂતો સામે ફોજદારી કેસો

૮૫૧૮ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાંથી ખેતીવાડી માટે પાણી લીફ્ટ કરવા બદલ કેટલા ખેડૂતો ઉપર ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા?

**જવાબ**

કોઇપણ ખેડૂત સામે ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ નથી.

------------

## મહેસાણા જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબ સ્ટેશનો

૯૫૯૨**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા સરકાર માંગે છે?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન મહેસાણા જિલ્લામાં ૬૬ કે.વી. ના નીચે મુજબના ૨ (બે) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબસ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | સાદ્રા |
| ૨ | ઉમરી |

------------

## જૂનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો

૯૫૮૯ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા સરકાર માંગે છે?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જુનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી. ના નીચે મુજબના ૩ (ત્રણ) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | પાલડી |
| ૨ | ઘુસીયા |
| ૩ | મેન્દપરા |

તદ્ઉપરાંત ૬૬ કે.વી. સિંધજ સબ સ્ટેશન કે જેનું આયોજન ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કરવામાં આવેલ, તેને ટેસ્ટ ચાર્જ કરી દેવામાં આવેલ છે અને તેને સંલગ્ન ૬૬ કે.વી. લાઇનનું કામ ચાલુ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

------------

## ધોળીધજા ડેમમાં નર્મદાનું પાણી ઠાલવવા મળેલ રજૂઆતો

૭૬૩૩**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ધોળીધજા ડેમમાં નર્મદાના પાણી ઠાલવવા તા. ૫-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટ કેટલી રજૂઆતો સરકારને મળી, અને

(૨) ઉક્ત રજૂઆત અન્વયે ડેમ નર્મદાના પાણીથી ભરવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) કોઇ લેખિત રજૂઆત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન માટે કરેલ અરજીઓ

૯૦૬૮**શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વરસમાં જી.જી.આર.સી. કંપનીને ડ્રીપ ઈરીગેશન માટે ખેડા જિલ્લાના તાલુકાવાર કેટલા ખેડૂતોએ અરજી કરી છે, અને

(૨) કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ બે વર્ષમાં જીજીઆરસી કંપનીને ડ્રીપ ઇરીગેશન માટે ખેડા જિલ્લાના ૪૬૬ ખેડૂતોએ અરજીઓ કરી છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. અને

| તાલુકાનું નામ | અરજી કરેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| બાલાસિનોર | ૩૯ |
| કપડવંજ | ૧૭૭ |
| ઠાસરા | ૨૬ |
| ખેડા | ૯ |
| મહુધા | ૬ |
| માતર | ૨૫ |
| મહેમદાવાદ | ૪૨ |
| નડીયાદ | ૪૦ |
| ઠાસરા | ૪૪ |
| વિરપુર | ૫૮ |
| કુલ : | ૪૬૬ |

(૩) ખેડા જિલ્લામાં ૪૨૧ ખેડૂતોને આ યોજનાનો લાભ મળેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છ

(૪)

(૫) .

| તાલુકાનું નામ | લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| બાલાસિનોર | ૩૯ |
| કપડવંજ | ૧૭૫ |
| ઠાસરા | ૨૬ |
| ખેડા | ૯ |
| મહુધા | ૬ |

| | |
|---|---|
| માતર | ૧૨ |
| મહેમદાવાદ | ૧૭ |
| નડીઆદ | ૪૦ |
| ઠાસરા | ૪૪ |
| વિરપુર | ૫૩ |
| કુલ : | ૪૨૧ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો

૯૫૮૩**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સ્થાપવા માંગે છે?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં ખેરાલી ખાતે ૧ (એક) નવું ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન છે.

------------

## નવા બંદરની સગર્ભા મહિલાને પોલીસ દ્વારા ઢોર માર મારતાં ગર્ભસ્થ બાળકનું થયેલ મૃત્યુ

૯૨૩૮**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં ઉના નજીક નવા બંદરની સગર્ભા મહીલાને દેલવાડાના પોલીસ જમાદારે ઢોર માર મારતાં ૭ માસના ગર્ભનું બાળક મૃત્યુ પામ્યુ હતુ તે ગંભીર હકીક્ત સરકાર જાણે છે,

(૨) આવી ગંભીર ગુનાહિત પ્રવૃત્તિ કરનારા પોલીસ કર્મચારી સામે શા પગલાં લેવાયાં છે, અને

(૩) તેની સામે કઈ કઈ કલમો અન્વયે ગુન્હો નોંધવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) અરજદાર તરફથી નામદાર કોર્ટમાં ફરીયાદ થતાં ઉના પો.સ્ટે.માં એમ. કેસ નંબર ૪/૦૯ થી ઇ.પી.કો. કલમ ૩૧૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ તા. ૨૫-૪-૦૯ના રોજ ગુનો નોંધવામાં આવેલ છે. આ ફરિયાદમાં નીચે મુજબના છ આરોપીઓ છે.

(૨) અને (૩)

૧. ભગુભાઈ મેરામણભાઈ (પોલીસ હે.કો.)
૨. રજાક ઉર્ફે મીલનબાપુ ગુલામ
૩. જાફર રજાક સેયદ
૪. રફીક રજાક સેયદ
૫. ફારૂક રજાક સેયદ
૬. ઇદ્રીશ રજાક સેયદ

ગુનાની ન્યાયીક તપાસ અને તટસ્થ તપાસ થાય તે માટે નાયબ પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારીને તપાસ સોંપવામાં આવી છે. ગુનાની તપાસમાં એવું જણાયેલ છે કે, ગર્ભસ્થ શીશુનું સીઝેરીયન ઓપરેશન કરી જન્મ કરાવેલ બાદ, બાળક થોડો સમય જીવીત રહી મૃત્યુ પામેલ છે. જ્યારે સગર્ભા મહિલાના શરીર ઉપર ઇજાના નિશાન જોવા મળેલ નથી કે માર મારવાથી ગર્ભ પડી જવાના પુરાવા મળેલ નથી. આમ ફરિયાદની હકીક્તને કોઇ સમર્થન મળેલ નથી જેથી "બ" સમરી ભરી નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

------------

## રાજ્યમાં સાંધ્ય કોર્ટોની સ્થાપના

૯૬૩૨**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરી, અને

(૨) આ કોર્ટો ક્યા ક્યા જિલ્લામાં સ્થાપવામાં આવી?

**જવાબ**

(૧) ૩૯ સાંધ્ય કોર્ટો

(૨)

| જિલ્લાનું નામ | સ્થાપવામાં આવેલ સાંધ્ય કોર્ટો |
|---|---|
| અમદાવાદ (ગ્રામ્ય) | ૦૪ |
| સીટી સીવીલ કોર્ટ | ૦૩ |
| સ્મોલ કોઝ કોર્ટ | ૦૧ |
| અમરેલી | ૦૧ |
| આણંદ | ૦૨ |
| બનાસકાંઠા | ૦૨ |
| ભાવનગર | ૦૧ |
| દાહોદ | ૦૩ |
| જામનગર | ૦૧ |
| જૂનાગઢ | ૦૧ |
| કચ્છ | ૦૨ |
| ખેડા | ૦૫ |
| નર્મદા | ૦૧ |
| સાબરકાંઠા | ૦૫ |
| સુરત | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૦૧ |
| વલસાડ | ૦૧ |
| મજુર અદાલત | ૦૧ |
| કલોલ (ગાંધીનગર) | |
| કુલ : | ૩૯ |

------------

## જામનગર ચેકપોસ્ટની આવક

૯૫૮૭ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર ચેકપોસ્ટની નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલી આવક થઈ,

(૨) અગાઉના વર્ષ કરતાં આ આવકમાં કોઈ ઘટાડો નોંધાયેલ છે કે કેમ?

(૩) જો હા, તો તેનાં શા કારણો છે?

**જવાબ**

(૧) રૂા. ૪૪૫.૨૨ લાખની આવક થયેલ છે.

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે સબજેલ શરૂ કરવા અંગે

૮૬૯૭**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે સબજેલ કેટલા વખતથી બંધ છે, અને

(૨) આ સબ જેલ ક્યારે શરૂ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેની સબ જેલની છતનો સ્લેબ તૂટી ગયેલ હોઇ, સન ૨૦૦૩ થી બંધ છે. જેના રીપેરીંગ માટેના અંદાજપત્રકોની તાંત્રિક મંજૂરી વિચારણા હેઠળ છે. આ જેલની કેદી સમાવેશ ક્ષમતા માત્ર ૧૨ની છે. વૈકલ્પિક વ્યવસ્થા તરીકે કેદીઓને જિલ્લા જેલ, પાલનપુર ખાતે રાખવામાં આવે છે.

## રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબસ્ટેશનો

૯૫૮૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો ક્યા ક્યા સ્થળે સરકાર સ્થાપવા માંગે છે ?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી. ના નીચે મુજબના ૧૧ નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબસ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | શાસ્ત્રી મેદાન |
| ૨ | મોટી પાનેલી |
| ૩ | ઉમરાલી |
| ૪ | જામવડી |
| ૫ | સિધાંવદર |
| ૬ | રાયડી |
| ૭ | ચાચાપર |
| ૮ | ફાડદંગ |
| ૯ | ઘાંટીલા |
| ૧૦ | ઢીકીયારી |
| ૧૧ | ખાખીજાલીયા |

તદ્ઉપરાંત ૬૬ કે.વી. માવડી રોડ (રાજકોટ) સબ સ્ટેશન કે જેનું આયોજન ૨૦૦૮-૦૯ના વર્ષમાં કરી

દેવામાં આવેલ, તેને ટેસ્ટ ચાર્જ કરી દેવામાં આવેલ છે અને તેને સંલગ્ન ૬૬ કે.વી. લાઇનનું કામ ચાલુ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

------------

**અમદાવાદ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૯૬૩૫**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવા માંગે છે, અને

(૨) ક્યા ક્યા સ્થળે સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં ૬૬ કે.વી. ના ૪(ચાર) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલું છે.

(૨)

| અ.નં. | સબસ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | મોડસર |
| ૨ | મેટોડા |
| ૩ | ધોલેરા |
| ૪ | વેન્ડરપાર્ક |

------------

**જૂનાગઢ જિલ્લામાં ખુલ્લા વાયરના વીજ કરંટથી થયેલ માનવી અને પ્રાણીઓના મૃત્યુ**

૮૭૯૫**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૭ અને ૨૦૦૮ માં ખુલ્લા વાયરના વીજ કરંટથી કેટલા માનવી અને પ્રાણીના મૃત્યુ થયા,

(૨) આવી ગંભીર ગુનાહિત બેદરકારી બદલ જવાબદારોને શી શિક્ષા થઈ, અને

(૩) આવા અકસ્માતો ન બને તેના માટે શી વ્યવસ્થા થઈ છે ?

**જવાબ**

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રનાં કાબુ બહારના સંજોગોને કારણે સામાન્ય રીતે વીજ અકસ્માતો થતા હોય છે.

જુનાગઢ જિલ્લામાં જીવંત વાયરો તૂટી જવાના કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં થયેલ અકસ્માતોને કારણે વર્ષ ૨૦૦૭માં ૬ નાગરિકો અને ૫૮ પ્રાણીઓ તેમ જ વર્ષ ૨૦૦૮માં ૩ નાગરિકો અને ૩૮ પ્રાણીઓના મૃત્યુ થયાં છે.

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સાઓમાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ કિસ્સામાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અકસ્માતો થયેલ હોઇ, કોઇની જવાબદારી પ્રસ્થાપિત થતી ન હોઇ, શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

- વીજ અકસ્માતો નિવારવા માટે નીચે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.
  વીજ રેષાઓનું સમયાંતરે નિયમન અને સમારકામ કરવામાં આવે છે.
- સાગરખેડૂ યોજના અંતર્ગત જુનાગઢ જિલ્લામાં ૨૩૪૬.૫૧ કી.મી. વીજ રેષાઓ બદલવામાં આવેલ છે. જેથી તુટતા વાયરોનું પ્રમાણ ઘટાડી અકસ્માત નિવારી શકાય.
- ગામડાઓમાં આવેલ ટ્રાન્સફોર્મરનું જરૂરી સમારકામ ચાલુ છે. તથા ગામની લાઇનના વીજ વાયરો ઇન્સ્યુલેટથી બદલવાનું કામ ચાલુ છે.
- અકસ્માતો ઘટાડવા માટે વીજ કર્મચારીઓને સલામતીના ઉચ્ચ ગુણવત્તાવાળા સાધનો પૂરતા પ્રમાણમાં અપાયેલ છે. આ ઉપરાંત તેને વાપરવાની તાલિમ પણ આપવામાં આવેલ છે.

- માહિતી/માર્ગદર્શન આપતા પત્રો ક્ષેત્રીય કચેરીઓને પાઠવવામાં આવે છે. સમયાંતરે અધિકારીઓ/ કર્મચારીઓની મીટીંગો બોલાવવામાં આવે છે. જેમાં ભૂતકાળમાં થયેલા અકસ્માતોનું વિશ્લેષણ કરી તેના કારણો તપાસી ભવિષ્યમાં આવા અકસ્માતો ફરી ન બને તે રીતે વીજ રેષાઓની જાળવણી થાય તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવે છે.

------------

**અમદાવાદ શહેરમાં ચાલતા હુક્કાબારના અડ્ડાઓ**

૯૫૧૩ **શ્રી મોહંમદ ફારુક શેખ** (કાલુપુર) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં હુક્કાબારના અડ્ડાઓ ઉપર પોલીસતંત્ર ધ્વારા કેટલા છાપા મારી, આવી ગેરકાનૂની પ્રવૃત્તિ કરતા કેટલા ઈસમો સામે પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં હુક્કાબારના અડ્ડાઓ ઉપર પોલીસતંત્ર દ્વારા ૯ છાપા મારી, ૯ ગુનાઓ નોંધવામાં આવેલ છે. તેમાં કુલ ૧૫ ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ થયેલ છે. તે પેકી ૧૩ ઈસમોની અટકાયત કરવામાં આવેલ છે, જ્યારે બાકીના બે ઈસમોને પકડવાની કાર્યવાહી ચાલુ છે.

------------

**ભાવનગર જિલ્લામાં નર્મદાની સિંચાઈ કેનાલ દ્વારા સિંચાઈના લાભો**

૮૮૪૮ **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા** (પાલીતાણા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાંથી પસાર થતી સોરાષ્ટ્ર વિભાગની નર્મદાની સિંચાઈ કેનાલમાંથી ભાવનગર જિલ્લાના ક્યા ક્યા વિસ્તારને સિંચાઈનો લાભ મળવાનો છે ?

**જવાબ**

ભાવનગર જિલ્લામાંથી પસાર થતી સોરાષ્ટ્ર વિભાગની નર્મદાની શાખા નહેરો દ્વારા ભાવનગર જિલ્લાના વલ્લભીપુર, ભાવનગર, બોટાદ, ગઢડા, અને ઉમરાળા તાલુકાના કુલ ૯૯ ગામોની ૬૫૨૯૨ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળવાનો છે.

------------

**જામખંભાળીયા તાલુકાના પેટાપરાંઓમાં વીજળીકરણ**

૯૬૧૪**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન જામનગર જિલ્લાના જામખંભાળીયા તાલુકાના કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) આ માટે કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકીના પેટાપરાંનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) જામનગર જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ થયેલ બુક્લેટ અનુસાર જામનગર જિલ્લાના જામખંભાળીયા તાલુકામાં કોઈ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

**વડોદરા જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી લીફ્ટ કરવા બદલ ખેડૂતો સામે ફોજદારી દાવા**

૮૫૧૬**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાંથી ખેતીવાડી માટે પાણી લીફ્ટ કરવા બદલ કેટલા ખેડૂતો સામે ફોજદારી દાવાઓ માંડવામાં આવ્યા ?

**જવાબ**

કોઈપણ ખેડૂત સામે ફોજદારી દાવો દાખલ કરવામાં આવેલ નથી.

------------

**રાજ્યમાં નવા સ્થપાતા ઉદ્યોગોને વિદ્યુત કરમાં માફી**

૮૪૭૪**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં નવા સ્થપાતા ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા વીજ કરમાં માફી આપવાની જોગવાઈ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા ઉદ્યોગોને કેટલી રાહત અપાય છે ? | (૨) ૮૩૫ એકમોને પાંચ વર્ષના સમયગાળા દરમ્યાનની તેમની વીજળીના વપરાશ પર રાહત મળશે. |

------------

**છોટાઉદેપુર ચેક પોસ્ટની આવક**

૯૫૮૫**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વડોદરાના છોટાઉદેપુર ખાતેની ચેકપોસ્ટની નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કેટલી આવક થઈ, | (૧) રૂા. ૮૩.૬૭ લાખની આવક થયેલ છે. |
| (૨) આગળના વર્ષ કરતાં આ આવકમાં કોઈ ઘટાડો થયો છે કે કેમ, અને | (૨) આવકમાં ઘટાડો થયેલ નથી. |
| (૩) જો હા, તો ક્યા કારણોસર ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલોની ભરતી**

૯૧૪૦**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં મે-૨૦૦૯ની સ્થિતિએ પોલીસ કોન્સ્ટેબલોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) આર્મ/અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ-૯૨૫૭<br>વુમન પોલીસ કોન્સ્ટેબલ - ૪૮૬<br>લોકરક્ષક - ૨૪૩૧ |
| (૨)આ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ? | (૨) રાજ્યના પોલીસદળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેક્ટીવ પ્લાન હેઠળ પો.સ.ઈ. ની કુલ-૧૨૨૪ જગ્યા અને લોકરક્ષકની કુલ ૮૭૩૪ જગ્યાઓ ભરવા માટે મંજુરી આપેલ છે. અને આ જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રીયા પોલીસ ભરતી બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. |

------------

**કચ્છ જિલ્લામાં વેકલ્પિક ઊર્જા સ્ત્રોતથી વીજ ઉત્પાદન**

૯૨૮૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વેકલ્પિક ઊર્જા સ્ત્રોતથી વીજ ઉત્પાદન અન્વયે કચ્છ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં સ્થાપિત શક્તિ સામે ૫૦ ટકાથી પણ ઓછું ઉત્પાદન મળે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કચ્છ જિલ્લામાં પવનની ગતિના આધારે તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પવનચક્કી ઉભી કરવાની મંજૂરી આપવામાં આવી અને તેમાંથી કેટ કેટલું વિજ ઉત્પાદન ગ્રીડમાં ગત ત્રણ વર્ષમાં વર્ષવાર લેવામાં આવ્યું ? | (૨) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ ૮૪૦.૨૫ મેગાવોટ ક્ષમતાની પવનચક્કીઓ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવી છે અને તેમાંથી ૨૦૧૬.૫૯ મીલીયન યુનીટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું. જેની ગત ત્રણ વર્ષની તાલુકાવાર માહિતી આ સાથે સામેલ **પત્રક** મુજબ છે. |

**પત્રક**

| | વિન્ડફાર્મની સ્થાપેલ ક્ષમતા, મેગાવોટમાં | | | | વિજ ઉત્પાદન, મીલીયન યુનિટમા | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકા | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| અબડાસા | ૧૨૬.૭૫ | ૩૦૪.૭૫ | ૪૮.૬૦ | ૪૮૦.૧૦ | ૨૯.૫૫ | ૨૭૭.૯૪ | ૯૧૭.૯૯ | ૧૨૨૫.૪૮ |
| અંજાર | | | ૪૨.૦૦ | ૪૨.૦૦ | | | ૫.૧૭ | ૫.૧૭ |
| ભચાઉ | ૯.૪૫ | ૬૭.૮૦ | ૧૦૦.૫૦ | ૧૭૭.૭૫ | ૪૨.૫૩ | ૪૭.૨૨ | ૨૩૧.૬૫ | ૩૨૧.૪૦ |
| માંડવી | | ૨૭.૫૦ | ૧૦.૦૦ | ૩૭.૫૦ | ૩૯.૪૪ | ૩૬.૭૩ | ૯૪.૫૨ | ૧૭૦.૬૯ |
| રાપર | | ૯૨.૧૮ | ૧૦.૭૩ | ૧૦૨.૯૦ | ૩૦.૮૯ | ૧૧૬.૦૩ | ૧૪૬.૯૩ | ૨૯૩.૮૫ |
| કુલ | ૧૩૬.૨૦ | ૪૯૨.૨૩ | ૨૧૧.૮૩ | ૮૪૦.૨૫ | ૧૪૨.૪૧ | ૪૭૭.૯૨ | ૧૩૯૬.૨૬ | ૨૦૧૬.૫૯ |

-----------

## વાયબ્રન્ટ ગુજરાતમાં ભરૂચ જિલ્લા માટે થયેલ એમ.ઓ.યુ.

૮૮૧૨**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતમાં વૈશ્વિક રોકાણકારોની સમિટ-૨૦૦૯ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ. પૈકી ભરૂચ જિલ્લા માટે કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) આ અંગે કેટલી પ્રગતિ થઈ, અને

(૩) જિલ્લાના ક્યા ક્ષેત્રની કઈ ઓદ્યોગિક વસાહતો માટે કેવું મૂડીરોકાણ થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતમાં વૈશ્વિક રોકાણકારોની સમીટ-૨૦૦૯ દરમ્યાન થયેલા એમ.ઓ.યુ. પૈકી ભરૂચ જિલ્લા માટે ૨૪૯ એમ.ઓ.યુ. થયા.

(૨) ૨૪૯ એમ.ઓ.યુ. પૈકી રૂા. ૧૬૧૫૮ ક્રોડના ૧૩૬ એમ.ઓ.યુ. અમલીકરણ હેઠળ છે. આ પૈકી ૮ પ્રોજેક્ટોમાં ઉત્પાદન શરૂ થયેલ છે. જેમાં રૂા. ૨૫૯.૫૦ ક્રોડનું મૂડી રોકાણ થયેલ છે. અન્ય ૧૧૩ એકમો પ્રાથમિક તબક્કે છે. આમ ૫૪.૬૧% પ્રોજેક્ટો પ્રગતિમાં છે.

(૩) ભરૂચ જિલ્લામાં પીસીપીઆઈઆર હેઠળ જીઆઈડીસી દ્વારા થયેલ એમ.ઓ.યુ. દ્વારા રૂા. ૨૨૦૫૮ ક્રોડનું રોકાણ થવાની ધારણા છે. જ્યારે એસએમઈ કેટેગરી હેઠળ રૂા. ૨૫૯ ક્રોડનું રોકાણ થવાની ધારણા છે. જિલ્લાના નીચે મુજબના વિવિધ વિસ્તાર/વસાહતોમાં સૂચિત રોકાણ થવાની સંભાવના છે.

| વસાહતનું નામ | - | મૂડી રોકાણ (રૂા. ક્રોડમાં) |
|---|---|---|
| અંક્લેશ્વર | - | ૩૫૧ |
| દહેજ | - | ૧૬૬૯૫ |
| પાનોલી | - | ૨૬૨ |
| ઝગડીયા | - | ૩૨૨૭ |
| દહેજ (SEZ) | - | ૧૭૮૦ |

------------

## ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળવા અંગે

**૩૭/page>૮૩૩૨શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોળકા બ્લોકમાંથી જુન-૨૦૦૮ થી પ્રતિદિન કેટલા બેરલ તેલ ઉત્પાદનની મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) ત્યારથી તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા બેરલ ઓઈલ મેળવવામાં આવ્યું, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારને કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) ધોળકા બ્લોકમાંથી જુન-૨૦૦૮થી પ્રતિદિન જીએસપીસીને ૬૦૦-૭૦૦ બેરલ તેલના ઉત્પાદનની મંજુરી મળી છે.

(૨) જુન-૨૦૦૮ થી તા. ૩૧-મે-૨૦૦૯ સુધીમાં ૧૯.૫૩ લાખ બેરલ તેલ મેળવવામાં આવ્યું છે.

(૩) રોયલ્ટી રૂા. ૬.૭૯ ક્રોડ
વેટ રૂા. ૩.૭૦ ક્રોડ
કુલ રૂા. ૧૦.૪૯ ક્રોડ

------------

## માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતાં પાક્ષિકની છપામણી અને તેનો ખર્ચ

૯૧૫૪**શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતું ગુજરાત પાક્ષિક વર્ષવાર કેટલા ગુજરાત પાક્ષિકો છપાયા. | (૧) (અ) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં કુલ ૨૪ પાક્ષિક અંકો સામે ૧૯ પાક્ષિક અંકો છપાયા છે, બાકી રહેતા ૫ અંકો વિધાનસભા ચૂંટણી આચાર સંહિતાના કારણે છપાયા નથી<br>(બ) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં કુલ ૨૪ પાક્ષિક અંકો સામે ૨૨ પાક્ષિક અંકો છપાયા છે જ્યારે બાકી રહેતા ૨ અંકો, દિપોત્સવી તહેવાર અને લોકસભાની ચૂંટણી આચાર સંહિતાને કારણે છપાવેલ નથી.<br>(ક) સને ૨૦૦૯-૧૦માં તારીખ ૩૧/૫/૦૯ની પરિસ્થિતિએ ૪ અંકો પ્રસિધ્ધ કરવાના થાય પરંતુ લોકસભાની ચૂંટણીની આચાર સંહિતાને કારણે કોઈ અંક છાપવામાં આવેલ નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) આ ત્રણ વર્ષનો કુલ ખર્ચ રૂા. ૧૩,૮૯,૫૧, ૯૪૮/- (અંકે રૂપિયા તેર કરોડ નેવ્યાસી લાખ એકાવન હજાર નવસો અડતાલીસ પૂરા) છે. |
| (૩) ગુજરાત પાક્ષિકના વાર્ષિક લવાજમ પેટે વર્ષવાર કેટ-કેટલી આવક થઈ? | (૩) |

| વર્ષ | વાર્ષિક લવાજમની આવક |
|---|---|
| ૨૦૦૭-૦૮ | રૂા. ૫૩,૧૯,૩૫૦/- |
| ૨૦૦૮-૦૯ | રૂા. ૬૧,૨૦,૭૦૦/- |
| ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ) | રૂા. ૨,૨૨,૭૦૦/- |
| કુલ | રૂા.૧,૧૬,૬૨,૭૫૦/- |

------------

## વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકાને આયોજનની ફાળવેલ રકમના કામો

૯૪૧૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જેતપુર-પાવી તાલુકામાં ધારાસભ્યશ્રી સાથે પરામર્શ કર્યા વગર કેટલી રકમના કામો બે વર્ષમાં મંજૂર કર્યા, | (૧) જેતપુર-પાવી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિવેકાધીન જોગવાઈ અને પ્રોત્સાહક જોગવાઈના કામોની દરખાસ્તો તાલુકા આયોજન સમિતિ દ્વારા જિલ્લા આયોજન બોર્ડમાં રજૂ કરવામાં આવે છે અને તાલુકા આયોજન સમિતિ અને જિલ્લા આયોજન મંડળ દ્વારા મંજૂર કરવામાં આવે છે. તાલુકા આયોજન સમિતિ અને જિલ્લા આયોજન બોર્ડ બંનેમાં માન.ધારાસભ્યશ્રી સભ્ય હોય છે. જેથી અલગથી પરામર્શ કરવાનો રહેતો નથી. |
| (૨) ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર જિલ્લાના આયોજન અધિકારીના માદરે વતનના જિલ્લા બહારના ટ્રસ્ટને આ કામગીરી સોંપી છે તે હકીક્ત સાચી છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તાલુકામાં રાજ્ય સરકારે નિયુક્ત કરેલ અધિકારીશ્રી આ હકીક્ત જાણે છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ધારાસભ્યશ્રી સાથે પરામર્શ નહીં કરવા પાછળના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં રત્ન કલાકારોની આત્મહત્યા**

૮૭૭૭ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં સને ૨૦૦૮-૦૯માં કેટલા રત્ન કલાકારોએ આત્મહત્યા કરી, | (૧) રાજ્યમાં સને ૨૦૦૮-૦૯ માં ૩૦ રત્ન કલાકારોએ આત્મહત્યા કરી છે. |
| (૨) આત્મહત્યાના કારણો શા હતાં, અને | (૨) આત્મહત્યાના કારણોમાં હીરા ઉદ્યોગમાં મંદી, બેકારી તથા આર્થિક તંગી જેવા કારણો મુખ્ય છે. |
| (૩) રત્ન કલાકારોની આત્મહત્યા રોકવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા? | (૩) |

- હીરા ઉદ્યોગમાં મંદીને કારણે બેરોજગાર થયેલ રત્ન કલાકારોને મદદરૂપ થવા બેંકેબલ યોજના અંતર્ગત સુરતમાં ૫૭ રત્ન કલાકારોને લોન સહાયનો લાભ આપવામાં આવ્યો છે.
- અમદાવાદમાં માનવ કલ્યાણ યોજના હેઠળ ૪૮૦ ટુલ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે તથા રત્ન કલાકારના કુટુંબના મહિલા સભ્યને વાજપાઈ બેંકેબલ યોજના અંતર્ગત ૨૦૦ લાભાર્થીઓને સિલાઈ મશીન આપવામાં આવ્યા છે.
- રત્નદીપ કૌશલ્ય વર્ધક તાલીમ સહાય પેકેજ યોજના અંતર્ગત અમદાવાદમાંથી ૧૨૩૮, સુરતમાંથી ૭૩૫ અને ભાવનગરમાંથી ૨૨૩ વ્યક્તિઓની અરજી મળતાં, તાલીમની પ્રથમ બેચ તા. ૧/૭/૦૯ થી અમદાવાદ તથા સુરત ખાતે શરૂ થયેલ છે.
- કામ કરતા રત્ન કલાકારો માટે અકસ્માત વીમા યોજનાનું સુરક્ષા કવચ જાહેર કરેલ છે.
- હીરા ઉદ્યોગ જે જિલ્લામાં વિકાસ પામેલ છે તે જિલ્લાઓમાં સેમીનાર, પ્રદર્શન, હેલ્થ કેમ્પ, ઓપન હાઉસ ટ્રેનિંગ પ્રોગ્રામ વગેરે યોજવામાં આવેલ છે.
- હીરા ઉદ્યોગમાં રત્ન કલાકારોની બેકારીના પ્રશ્ન સંબંધમાં સરકારે હીરા ઉદ્યોગ માલિક એસોસીએશન, રત્ન કલાકાર સંઘ અને અન્ય યુનિયન સાથે તા. ૨૦/૧૨/૦૮ના રોજ ત્રિપક્ષીય બેઠક યોજેલ છે. હીરા ઉદ્યોગના દરેક એકમો ચાલુ થાય તે માટે હકારાત્મક પ્રયત્નો કરેલ છે.
- બેકાર થયેલા રત્ન કલાકારો માટે ઉચ્ચ કક્ષાએ સતત સમીક્ષા કરવામાં આવે છે અને હીરા ઉદ્યોગના એકમો પુનઃ શરુ થાય તેવા સંનિષ્ઠ પ્રયાસો સરકાર દ્વારા સતત કરવામાં આવી રહ્યા છે.
- વૈશ્વિક મંદીમાંથી હીરા ઉદ્યોગને બહાર

લાવવા મા.કેન્દ્રીય વાણિજ્ય મંત્રીશ્રીને હીરા ઉદ્યોગને માટે ખાસ પેકેજ જાહેર કરવા મા.રા.ક.મંત્રીશ્રી(ઉદ્યોગ) કક્ષાએ લખાણ કરવામાં આવેલ છે તેમજ મા. મુ. મંત્રીશ્રીએ પણ મા. વડાપ્રધાનશ્રીને જરૂરી પત્ર પાઠવી મંદીમાં ફસાયેલ હીરા ઉદ્યોગને પુનઃજીવિત કરવા માટે લખાણ કરેલ છે.

------------

**તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝ**

૯૦૧૫**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાંથી પસાર થતી તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝ કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૨) લીઝની માગણી અંગેની ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી નદીમાંથી નીચે મુજબ રેતી કાઢવાની મંજુરી આપવામાં આવી હતી.

| **જિલ્લો** | **લીઝની સંખ્યા** |
|---|---|
| સુરત | ૧૧ |
| તાપી | ૭ |

(૨) તા. ૩૧/૫/૨૦૦૯ની સ્થિતિએ લીઝની માંગણી અંગે નીચે મુજબની અરજીઓ પડતર છે.

| **જિલ્લો** | **પડતર અરજીઓ** |
|---|---|
| સુરત | ૧૦૫૦ |
| તાપી | ૧૬૯ |

------------

**નવી દિલ્હી ખાતે ગુજરાત ભવન પાછળ ખર્ચ**

૮૬૬૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી દિલ્હી ખાતે ગુજરાત ભવન પાછળ કેટલો વહીવટી ખર્ચ કરવામાં આવ્યો છે,

(૨) ગુજરાત ભવન દિલ્હીનો સ્ટાફ ધારાસભ્યો અને સંસદ સભ્યશ્રીઓને ગાંઠતો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો ગુજરાતના ધારાસભ્યો-સંસદ સભ્યોને ગાંઠતા ન હોય તેવા કર્મચારીઓની તાકીદે બદલી કરવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) રૂા. ૩,૫૫,૫૯,૧૯૮

(૨) આવી કોઈ ફરિયાદ સરકાર સમક્ષ આવી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ કલેક્ટર કચેરી પર ફાટેલો રાષ્ટ્રધ્વજ ફરકાવવા બાબત**

૯૨૩૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ કલેકટર કચેરીમાં ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ-૦૯ દરમિયાન ફાટેલો રાષ્ટ્રધ્વજ ફરકતો રહયો હતો તે હકીક્તથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ઘટનાની એફ.આઈ.આર.

**જવાબ**

(૧) અમદાવાદ કલેકટર કચેરીમાં ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ-૦૯ દરમિયાન ફાટેલો રાષ્ટ્રધ્વજ ફરકતો રહયો હતો તે હકીક્ત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ક્યારે નોંધાઈ છે, અને

(૩) રાષ્ટ્રધ્વજના આવા અપમાન બદલ જવાબદાર અધિકારી સામે શાં પગલાં લેવાયાં છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પાસા હેઠળ થયેલ ફરિયાદ**

૮૬૯૮**શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ઈસમો ઉપર પાસા લગાડવામાં આવ્યો, અને

(૨) પાસા લગાડવાનાં કારણો શાં છે?

**જવાબ**

(૧) ૩૭ ઈસમોની પાસા હેઠળ અટકાયત કરવાના હુકમ કરવામાં આવેલ છે.

(૨) જિલ્લામાં જાહેર વ્યવસ્થા જળવાય તેમજ લોકોનું સ્વાસ્થ્ય અને સુખાકારી જળવાઈ રહે તેને અનુલક્ષી દેશી/વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ કરનાર, ભયજનક તેમજ સરકારી મિલ્કત પચાવી પાડનાર ઈસમોની "પાસા" હેઠળ અટકાયત કરવામાં આવેલ છે.

------------

**પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો**

૮૮૪૯**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં તા. ૩૦-૪-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૬૬ કે.વી. ના કેટલા વીજ સબ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કાર્યરત થયેલ છે અને કેટલા બાકી રહેલ છે, અને

(૩) બાકી રહેલા વીજ સબ સ્ટેશનો ક્યાં સુધીમાં કાર્યરત થશે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાનાં પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં તા. ૩૦-૪-૨૦૦૯ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં ૬૬ કે.વી. ના ૩ (ત્રણ) વીજ સબ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી બોડાનાનેસ અને કુંભણ એમ બે સબ સ્ટેશનો કાર્યરત છે.

(૩) બાકી રહેલ એક વીજ સબ સ્ટેશન ચોમલ (માનગઢ) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબ સ્ટેશન**

૯૫૯૦ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબસ્ટેશનો સ્થાપવા સરકાર માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા સ્થળે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી.ના નીચે મુજબના ૩ (ત્રણ) નવા વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | ચોમલ (માનગઢ) |
| ૨ | પાનવી |
| ૩ | નથુગઢ |

**ગૃહ વિભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસો**

૯૧૪૧**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂન-૨૦૦૯ની સ્થિતિએ ગૃહ વિભાગમાં રહેમરાહે નોકરી આપવાની કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) અને (૨) : ગૃહ વિભાગમાં જૂન-૨૦૦૯ની સ્થિતિએ પડતર ૫૨ (બાવન) અરજીઓ પેકી ૨૭ (સત્તાવીસ) અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને

(૨) આ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

ફાળવણી માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોક્લવામાં આવી છે. બાકીની ૨૫ અરજીઓમાં ખૂટતી વિગતો કે સ્પષ્ટતા માગવામાં આવી છે.

તા. ૧૦-૩-૨૦૦૦ના ઠરાવથી સામાન્ય વહીવટ વિભાગે રહેમરાહે નોકરી માટે નવી નીતિ બહાર પાડી હોઈ તે ઠરાવની જોગવાઈઓ ન સંતોષાતી હોઈ તેવી ૭૩૬ અરજીઓનો અસ્વીકાર કરાયેલ છે. જ્યારે ૭૯૩ અરજીઓના કિસ્સામાં જોગવાઈઓ સંતોષાતી હોઈ સ્વીકાર થયેલ છે.

પડતર અરજીઓમાં ખૂટતી વિગતો/સ્પષ્ટતા મળ્યે સક્ષમ સત્તા દ્વારા ત્વરીત નિર્ણય લેવામાં આવે છે.

------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસે એફ. આઇ. આર. નોંધાવા કરેલ ઇન્કાર**

૯૨૪૦**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસે એફ.આઇ.આર. નોંધવા કરેલા ઇન્કારને પરિણામે થયેલા કેટલા કેસો મામલતદાર પાસે સન-૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં તા.૩૧-૫-૦૯ સુધીમાં નોંધાયા,

(૨) એફ.આઇ.આર. નોંધવાનો ઇન્કાર કરનાર પોલીસ કર્મચારીઓ સામે શાં પગલાં લેવાયા, અને

(૩) એફ. આઇ. આર. ફરજીયાત નોંધવા સરકારે કોઇ આદેશો કર્યા છે કે કેમ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્ય સરકારની નિતી અનુસાર વહીવટને પારદર્શક અને પ્રજાભિમુખ હોવાની છાપ સામાન્ય જન-માનસ ઉપર ઉપસી શકે તે હેતુને ધ્યાનમાં રાખીને ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ ૧૫૪ ની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે અને કોગ્નીઝેબલ અપરાધ સંબંધમાં બાતમીદારે આપેલી માહિતી (ફરિયાદીએ આપેલ ફરિયાદ) નિયત કરેલ નમૂનાના રજીસ્ટરમાં ત્રણ નક્લોમાં નોંધવામાં આવે તથા ત્રીજી નક્લ બાતમીદારને (ફરિયાદીને) વિના મુલ્યે તુરત જ આપવામાં આવે તે મુજબની વ્યવસ્થા ગોઠવવા તથા તમામ પોલીસ સ્ટેશનોમાં આ સૂચનાઓ પરિપત્રિત કરવા ગૃહ વિભાગના તા. ૨૯-૫-૯૫ના પરિપત્રથી જરૂરી સૂચનાઓ પો.મ.નિ.શ્રી અને મુ.પો.અ.શ્રી, ગુ.રા., ગાંધીનગરને આપવામાં આવેલી છે અને આ સૂચનાઓનો ચુસ્ત અમલ તા. ૨૯-૫-૯૫થી ચાલુ છે.

આમ, ઉપર મુજબની સૂચનાઓ હોવા છતાં લોકોની ફરિયાદો યોગ્ય રીતે નોંધાય તે માટે વિશેષ કાળજી લઈને તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવી છે. જેથી સમાજના નબળા વર્ગના ફરિયાદીને યોગ્ય ન્યાય મેળવવામાં વિશેષ મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે. આ સંદર્ભમાં જ્યારે સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારી ફરિયાદીની ફરિયાદની નોંધણી ન કરે, ત્યારે સંબંધિત વ્યક્તિ નજીકના તાલુકા મેજીસ્ટ્રેટશ્રીને લેખિતમાં કોગ્નીઝેબલ ગુનાનો પ્રથમદર્શી અહેવાલ (F.I.R.) આપી શકશે અને તાલુકા મેજીસ્ટ્રેટશ્રી આ ફરિયાદ તેમના "શેરા" સાથે સબંધિત પોલીસ સ્ટેશન અધિકારીને મોકલશે તાલુકા મેજીસ્ટ્રેટશ્રી તરફથી આવી વિગતો મળ્યેથી તુરત જે તે પોલીસ અધિકારીએ તેની નોંધણી કરવાની રહેશે. આમાં, કોઈ કસૂર ન થાય તેની જવાબદારી પોલીસ અધિક્ષકશ્રીની રહેશે. આમ, ગૃહ વિભાગના તા. ૨૨-૪-૯૮ના ઠરાવથી આપવામાં આવેલી સૂચનાઓના ચુસ્ત અમલના ફલ સ્વરૂપે એફ.આઈ.આર. નહી નોંધવાનો એકપણ કેસ નોંધાયેલ નથી પરિણામે કોઈ પોલીસ કર્મચારી સામે પગલાં લેવામાં આવેલ નથી.

------------

**બનાસકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૮૬૯૯ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૧-૧-૨૦૦૮થી તા.૩૧-૫-૦૯ દરમિયાન માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને,

(૩) નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૧-૧-૨૦૦૮થી તા.૩૧-૫-૦૯ દરમિયાન માનવ કલ્યાણ યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | અરજીઓ |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૦૧ |
| ૨ | અમીરગઢ | ૨૯૦ |
| ૩ | ડીસા | ૪૯૯ |
| ૪ | વડગામ | ૫૦૨ |
| ૫ | દાંતા | ૫૭૦ |
| ૬ | ધાનેરા | ૩૯૦ |
| ૭ | દાંતીવાડા | ૧૯૦ |
| ૮ | થરાદ | ૨૨૫ |
| ૯ | વાવ | ૩૫૫ |
| ૧૦ | દિઓદર | ૨૧૦ |
| ૧૧ | ભાભર | ૭૮ |
| ૧૨ | કાંકરેજ | ૧૧૦ |
| | **કુલ** | **૩૯૨૦** |

(૨) આ પેકી મંજૂર કરેલ અને નામંજૂર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૪૨ | ૪૩ |
| ૨ | અમીરગઢ | ૨૩૫ | ૧૧ |
| ૩ | ડીસા | ૨૪૧ | ૫૨ |
| ૪ | વડગામ | ૩૫૮ | ૪૦ |
| ૫ | દાંતા | ૪૪૨ | ૩૦ |
| ૬ | ધાનેરા | ૨૮૫ | ૪ |
| ૭ | દાંતીવાડા | ૧૪૩ | ૪ |
| ૮ | થરાદ | ૧૬૭ | ૨૯ |
| ૯ | વાવ | ૨૩૦ | ૭૧ |
| ૧૦ | દિઓદર | ૧૧૭ | ૧૪ |
| ૧૧ | ભાભર | ૫૦ | ૩ |
| ૧૨ | કાંકરેજ | ૯૩ | ૧૨ |
| | **કુલ** | **૨૭૦૩** | **૩૧૩** |

(૩) નામંજૂર કરવાનાં મુખ્ય કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | અરજદારે સાધનિક પુરાવા પુરા ન પાડેલ હોવાથી |
| ૨ | અરજદારના કુટુંબે આ યોજનાનો અગાઉ લાભ લીધેલ હોવાથી |
| ૩ | અરજદારની ઉંમર નિયત કરતાં વધુ/ઓછી હોવાથી |
| ૪ | પુછવામાં આવેલ ખામીઓની પૂર્તતા અરજદારે કરેલ ન હોવાથી |

-----------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## જૂનાગઢ જિલ્લાના સૂત્રાપાડા તાલુકામાં વરસાદ અને વાવાઝોડાના કારણે થયેલ નુકસાન અંગે

**સચિવશ્રી:** માનનીય સભ્યશ્રી ભગવાનભાઈ બારડ .... (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## તા.૧૦મી જૂલાઈની સોંપેલ તપાસના નિર્ણયની જાહેરાત અંગે

**અધ્યક્ષશ્રી** : તારીખ: ૧૦મી જુલાઈએ લગભગ બપોરે ૧૨-૦૦ વાગ્યાના સુમારે મારા કાર્યાલયમાં વિપક્ષના નેતા શ્રી શકિતસિંહજી સાથે માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા સહિત કેટલાક સભ્યો આવ્યા હતા. તેઓએ મને ફરિયાદ કરી હતી કે અમે પૂ. ગાંધીજીની પ્રતિમા પાસે જતા હતા ત્યારે ભા.જ.પ.ના કેટલાક કાર્યકરોએ અમારા પર હુમલા કર્યા. તેઓશ્રીએ આ ફરિયાદમાં એમ પણ જણાવ્યું હતું કે, અધ્યક્ષશ્રીના આધિપત્યવાળા ક્ષેત્રમાં અમારા પર હુમલો થાય તે યોગ્ય નથી. આવા અર્થવાળી ફરિયાદો મારી સમક્ષ થઈ ત્યારે તુરત જ મેં કહ્યું હતું કે, આ અંગેની તપાસ હું જિલ્લા પોલીસ વડાને સોંપું છું અને વીડીયો કલીપીંગ જોઈને હું મારો નિર્ણય કરીશ. આ પછી મેં જે ખાતરી ગૃહ બહાર વિપક્ષને આપી હતી તેની મેં ગૃહમાં આવીને જાહેરાત કરી હતી.

આ અંગે મારે મારા નિર્ણયને આજે જાહેર કરવો જોઈએ અને તે નીચે મુજબ છે. :

ગૃહની ચેમ્બર, એની ફરતી લોબી અને અધ્યક્ષશ્રી વખતોવખત જાહેર કરે તેને નિયમ-૨ (ણ) હેઠળ આ ગૃહની હદમર્યાદા ગણાય છે. આ ઉપરાંત ગુજરાત વિધાનસભાનું બિલ્ડીંગ વિઠ્ઠલભાઈ પટેલ ભવન પણ મારા આધિપત્યમાં આવે છે પરંતુ તે બહારનો વિસ્તાર જયાં આ ઘટના બની એ વિસ્તાર વિધાનસભા પરિસર નથી, પરંતુ સચિવાલય સંકુલનો એક ભાગ છે. ગાંધીજીની પ્રતિમા સહિતની અન્ય પ્રતિમાવાળો વિસ્તાર પણ સચિવાલય સંકુલમાં આવેલો છે. નિયમો હેઠળ ઉપર જણાવ્યા મુજબની પરિસ્થિતિ હોવા છતાં પણ જયારે ધારાસભ્યશ્રીઓ પર હુમલો ગૃહની બહાર થયાંની વિરોધ પક્ષના નેતાશ્રીની ફરિયાદને મેં ખૂબ જ ગંભીરતાથી લીધી હતી. આ પ્રકારની ઘટના વિધાનસભા ગૃહમાં બની હોય કે વિધાનસભા ગૃહની બહાર બની હોય તે ખૂબ જ ગંભીર બાબત છે અને તુરત જ મેં જિલ્લા પોલીસ વડા શ્રી પિયૂષ પટેલને તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. ત્યાર બાદ આ અંગેની જાહેરાત મેં ગૃહમાં પણ કરી હતી એ બતાવે છે કે બનેલી ઘટના માટે હું ખૂબ જ ગંભીર હતો.

આજરોજ મને જિલ્લા પોલીસ વડા તરફથી મળેલો અહેવાલ અને તારીખ ૧૦મી જુલાઈના રોજની બનેલી ઘટના અંગે જુદી જુદી ચેનલો દ્વારા, ટી.વી. નાઈન ચેનલો સહિતની ચેનલોની પ્રદર્શિત થયેલી વીડીયો કલીપીંગ તથા તેના સમાચારોને મેં ખૂબ જ ધ્યાનપૂર્વક જોયા અને એ જોયા બાદ મેં જે ગૃહને ખાતરી આપી હતી તેની સંપૂર્ણ તપાસનો અહેવાલ જોતાં હું મારો નિર્ણય જાહેર કરું છું.

તા.૧૦-૭-૨૦૦૯ના રોજ બનેલી ઘટના વિધાનસભાના પરિસરમાં બની ન હતી. સચિવાલય સંકુલમાં બની હતી, તેથી મારા આધિપત્યવાળા વિસ્તારની ઘટના ન હોવાના કારણે મારે આ અંગે કોઈ નિર્ણયની જાહેરાત કરવાની રહેતી નથી. આ બાબતમાં મારા પૂરોગામી અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણય ક્રમાંક: ૫૬૫ (પાના નંબર-૪૭૪) માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, અધ્યક્ષશ્રીની કાર્યમર્યાદા બહાર જે કંઈ બને તેની નોંધ અધ્યક્ષશ્રી લઈ શકે નહીં પરંતુ મેં આ અંગે ગૃહને ખાતરી આપી હતી તેથી હું આ નિર્ણયની જાહેરાત કરતા જણાવું છું કે, આ વિધાનસભા પરિસર અને વિધાનસભા ગૃહને જોવા આવેલો કોઈપણ નાગરિક કે નાગરિક જૂથ જયારે વિધાનસભા ગૃહ જોવા આવે ત્યારે તેમણે ખૂબ સંયમપૂર્વક પોતાનો વ્યવહાર કરવો જોઈએ અને વિધાનસભા ગૃહ જોયા બાદ પણ સંયમપૂર્વક જ બહાર જવું જોઈએ. અહીંયા આ ઘટના બની ત્યારે બન્ને પક્ષો કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ આમનેસામને આવી ગયા હતા તે દ્રશ્યો પણ વીડીયો કલીપીંગમાં દેખાય છે. સમાંતર કાર્યક્રમ થયા છે. વિધાનસભા સચિવાલય પરિસરમાં આવા કાર્યક્રમો થવા જ ન જોઈએ પણ સચિવાલય સંકુલની અંદર પણ આ પ્રકારના સમાંતર કાર્યક્રમો થાય તે યોગ્ય નથી, આને કારણે તનાવ પેદા થાય તેવી પરિસ્થિતિ સર્જાય તેમ હતી. ત્રણેય ચેનલો, ટી.વી.૯ સહિતના મૂળ ફૂટેજ મેં મેળવ્યા હતા અને તે પણ મેં જોયા હતા અને તારીખ ૧૦મી અને ૧૧મીના ટી.વી.નાઈનમાં પણ દર્શાવેલા દ્રશ્યો પણ મેં જોયા હતા અને આ દ્રશ્યો સૌએ જોયા છે. આ પ્રકારની વિડિયો કલીપીંગમાં સ્પષ્ટપણે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો કોંગ્રેસના ધારાસભ્યો પણ હુમલો કરતા હોય તેમ તેઓએ જણાવેલ છે તે સાચું લાગતું નથી પણ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પર હુમલો થયાના

સમાચારને જુદી જુદી ચેનલોએ દર્શાવેલ છે અને તેને પોલીસ વડા શ્રી પિયુષ પટેલે આપેલા તપાસ અહેવાલમાં પણ સમર્થન મળે છે. આ અહેવાલ જ્યારે પોલીસ વડાએ રજૂ કર્યો ત્યારે મેં જિલ્લા પોલીસ વડાને સ્પષ્ટપણે પૂછ્યું હતું કે આ અંગે કોઈ ફરિયાદ ધારાસભ્યશ્રી તરફથી મળી છે કે કેમ, ત્યારે તેમણે જણાવ્યું હતું કે હજુ સુધી આવી કોઈ ફરિયાદ તેમને મળેલ નથી. પરંતુ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર પર હુમલો થયાની એક અરજી મને મળી છે. જેની તપાસ હાલ ચાલુ છે. આવી ઘટના વિધાનસભા ગૃહમાં કે વિધાનસભા ગૃહની બહાર બને તે અત્યંત દુઃખદ બાબત છે. કારણ કે કોઈપણ આવી ઘટના તનાવ ઊભો કરી શકે છે અને આવી તનાવભરી પરિસ્થિતિ પેદા કરતી કોઈ ઘટના થતી હોય ત્યારે ફરજ પરના પોલીસ અધિકારીઓ માટે પણ તેને સાચવવું કપરું બનતું હોય છે. મેં વિડિયો કલીપીંગ ખૂબ ધ્યાનપૂર્વક જોયેલ છે અને લગભગ ત્રણ વખત તેને પુનરાવર્તિત કરીને જોયા પછી હું એ તારણ પર આવ્યો છું કે ફરજ પરના પોલીસ અધિકારીઓએ આ બન્ને જૂથોની વચ્ચે થયેલ સંઘર્ષ ટાળવાનો-રોકવાનો જે પ્રયાસ કર્યો છે તેમાં બન્ને જૂથોને શાંત પાડવામાં તેઓ સફળ થયાં છે અને તેમણે કુનેહપૂર્વક તેમની ફરજ બનાવી તેને પરિણામે મોટાપાયે સંઘર્ષ પેદા થાય તેવી પરિસ્થિતિને રોકી શક્યા છે.

અગાઉ જણાવ્યા મુજબ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રીએ આપેલા આદેશ પ્રમાણે નિર્ણય-૫૬૫ (અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪) પાના નંબર-૪૧૪ માં જણાવ્યા મુજબ અધ્યક્ષશ્રીની કાર્ય મર્યાદાની બહાર જે કાંઈ બને તેની નોંધ અધ્યક્ષશ્રી લઈ શકે નહીં. આ નિર્ણયના અનુસંધાને હું મારા ઉપરોક્ત નિવેદનને મારા નિર્ણય તરીકે નહીં પણ મેં સોંપેલી તપાસના ભાગરૂપે જાહેર કરું છું અને એ રીતે આ સભાગૃહને જે મેં ખાતરી આપી હતી તે હું પૂરી કરું છું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## કાળા કપડાં પહેરી સભાગૃહમાં પ્રદર્શન કરવા બાબત

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક અગત્યના મુદ્દા ઉપર સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ વિધાનસભા ગૃહમાં વિપક્ષના મિત્રોએ કાળાં કપડાં પહેરીને પ્રદર્શન કરીને આ સભાગૃહની ગરિમા, સભાગૃહનું જે મહત્ત્વ છે એની સામે આવો પહેરવેશ અને આવા દેખાવના કારણે સભાગૃહના અવમાનનો મુદ્દો ઉપસ્થિત થાય છે. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં ૧૯૮૫ થી ૨૦૦૨ દરમિયાન આપેલા અગત્યના નિર્ણયો પૈકી કેટલાક નિર્ણયો તરફ માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ ૧૯૮૫ થી ૨૦૦૨ના પાના નં. ૪૭ના નિર્ણય ક્રમાંક: ૪૫ પ્રમાણે પ્રણાલિકાગત હોય તે સિવાય હેતુસર પહેરવામાં આવતા પહેરવેશને પ્રદર્શન ગણી શકાય. તા. ૨૭મી માર્ચ ૧૯૯૧ના રોજ થયેલી આ ઘટના અને એમાં માનનીય અધ્યક્ષશ્રીએ જે નિર્ણય આપ્યો છે એ નિર્ણયના સંદર્ભમાં આ પ્રમાણેના પહેરવેશને પ્રદર્શન ગણી શકાય. આપ જ્યારે આ સન્માનનીય સભાગૃહનું તટસ્થતાપૂર્વક અને સુચારુરૂપે સંચાલન કરી રહ્યા હોય, સમાજ જીવનમાં કોઈ ઘ ટના બને અને એ ઘટનાની સામે જ્યારે જે તે વિભાગના માનનીય મંત્રીશ્રીએ નિયમ-૪૪ પ્રમાણે એનું નિવેદન કર્યું હોય અને એ નિવેદન પછી આ સન્માનનીય સભાગૃહને વાકેફ કર્યા હોય, છતાં પણ વિપક્ષના નેતા સહિત વિપક્ષના તમામ સભ્યોએ કાળા કપડાં પહેરીને આ સભાગૃહની ડિગ્નીટી સાચવવા માટેનો પ્રયાસ કર્યો નથી. આ સભાગૃહના વિપક્ષના નેતા છાશવારે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સમક્ષ આ સભાગૃહનું ધ્યાન દોરે છે. માનનીય અધ્યક્ષશ્રી, વકૃતત્વ અને કતૃત્વમાં અંતર ના હોવું જોઈએ. જ્યારે જ્યારે જે આપણે વકતૃત્વના સ્વરૂપમાં આપણે આ સભાગૃહની અંદર આપણો જે દેખાવો હોય છે એ જ પ્રમાણે આપણું કતૃત્વ હોવું જોઈએ પણ વકતૃત્વ અને કતૃત્વની વચ્ચે મોટું અંતર કરીને ગુજરાતના જાહેર જીવનમાં અમે સૌ આ સભાગૃહની અંદર આ સભાગૃહની ગરિમા જાળવવા માટે એકેએક ધારાસભ્ય જ્યારે આપની સાથે અને આપના આદેશોનું સંપૂર્ણપણે પાલન કરતા હોય એવા સંજોગોમાં બીજાનું ધ્યાન પોતા ઉપર દોરવા માટે અને આ સભાગૃહનું અવમાન કરવાના એમના જે પ્રયાસો છે એના સામે વિપક્ષના સભ્યોએ માફી માગવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, લોકસભા સચિવાલય તરફથી પણ સંસદીય પ્રથાઓ, પ્રણાલિકાઓ અને શિરસ્તાઓમાંથી લેવાયેલ કંડિકાઓમાં પણ સભાગૃહની ગરિમાનો ઉલ્લેખ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉલ્લેખની સામે સંસદીય અનુશાસન, શિષ્ટાચાર ઓર ગરિમા. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ એવું છે કે આ સભાગૃહની અંદર આપણે સમગ્ર ગુજરાતભરના લોકોની અપેક્ષા પ્રમાણે અહીંયા બજેટ મુકાયું હોય એ બજેટના પાસાઓની આપણે ચર્ચા કરી એની યર્થાતતાઓ લોકો સમક્ષ આ સભાગૃહના માધ્યમથી મુકતા હોઈએ પણ માત્ર અને માત્ર પોતાના રાજકીય આશયને સિદ્ધ કરવા માટે અને પોતાના તરફ સભાગૃહનું ધ્યાન દોરવા માટે એમણે કરેલા આ કૃત્યથી સમગ્ર સભાગૃહનું અપમાન છે અને સાથે સાથે આપ દ્વારા પણ એમને વખતો વખત જ્યારે કહેવામાં આવે છે છતાં પણ એવી ઘટનાઓ તરફ પણ વિપક્ષના

સભ્યો ધ્યાન નથી આપતા એટલા માટે આ સભાગૃહનું સન્માન જળવાય, આ સભાગૃહની ગરિમા જળવાય, આ સભાગૃહની ડિગ્નીટી જળવાય એવા આશયથી આપ જેમણે આ સભાગૃહનું અપમાન કર્યુ છે એવા વિપક્ષના સભ્યો ઉપર પગલાં લઈ અને એ માફી માગે એવું હું આપના તરફ ધ્યાન દોરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ: (માંડલ)** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આજે સભાગૃહની અંદર ખૂબજ ગંભીર મુદ્દો ઉપસ્થિત કર્યો છે એના સમર્થનમાં મારા વિચારો મૂકું છું. આ સભાગૃહની અંદર વિરોધપક્ષના તમામ સભ્યોએ સંપૂર્ણ કાળો પહેરવેશ પહેરીને અને એક વિરોધ પ્રદર્શન કરવા માટે જે વર્તન કર્યુ છે અને એની સાથે સાથે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આપના તરફ પીઠ રાખીને જે વર્તન કર્યુ એ ખૂબ ગંભીર બાબત છે અને જ્યારે આમ તો સમાજની અંદર સામાન્ય વિરોધ આપણે જોઈએ છીએ લોકો કાળી પટ્ટી પહેરીને વિરોધ કરતા હોય છે. પરંતુ આ સભાગૃહમાં જ્યારે આખા ગુજરાતના કાયદા ઘડતા હોય, આખા ગુજરાતનું સંચાલન સન્માનનીય સભાગૃહ કરતું હોય અને આની અંદર આ નિયમોના ભંગ થાય અને નિયમોની હાંસી ઉડાવે એવું વર્તન વિરોધપક્ષના સભ્યો કરે એ સહેજ પણ ચલાવી શકાય નહિ એવી આ સભાગૃહે ગંભીર નોંધ લેવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હું દરેક સંસદ મંડળ અને વિધાન મંડળોએ જે આચારસંહિતા બનાવી છે એ તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. ૨૫મી નવેમ્બર, ૨૦૦૧ નાં રોજ નવી દિલ્હી ખાતે પ્રમુખ અધિકારીશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીઓ, સંસદીય બાબતોના મંત્રીશ્રીઓ, નેતાશ્રીઓ, વિપક્ષના દંડકશ્રીઓ અખિલ ભારતીય પરિષદે સર્વાનુમતે જે ઠરાવને અનુવાદ કર્યો છે અને એની અંદર જે નિયમો કર્યા છે એની અંદર આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર ભાગ-૨ની અંદર ગૃહની અંદર સભ્યોએ પાળવાના વર્તણૂકના નિયમો બનાવ્યા છે એની અંદર જ્યારે ગૃહની બેઠક ચાલુ હોય ત્યારે જે વર્તન સભ્યોનું હોવું જોઈએ એની અંદર અનુક્રમ નંબર ૮ માં વાચું છું કે- " પ્રમુખ સ્થાન તરફ પીઠ રહે તે રીતે બેસવા કે ઊભા રહી શકાશે નહિ" એ સિવાય અન્ય ઘણાં બધા નિયમો આચારસંહિતાના બનાવ્યાં છે અને એના માટે આચારસંહિતાના ભંગ બદલ એને શું સજા કરી શકાય એની પણ આચારસંહિતાની અંદર જોગવાઈ છે. આચારસંહિતાના ભંગ બદલ સજા ભાગ ક્રમાંક:૮ એની અંદર (ક) ચેતવણી આપવી. (ખ) સીધો ઠપકો આપવો, (ગ) ઠપકો, (ઘ) ગૃહમાંથી દૂર કરવા અને (ચ) કોઈ ખાસ સમયગાળા પૂરતી ગૃહમાંથી ફરજો મોકૂફી અને ગૃહને યોગ્ય લાગે તેવી કોઈ પણ દંડાત્મક જોગવાઈની આમ આચારસંહિતામાં જોગવાઈ કરેલી છે ત્યારે આ સભાગૃહ સમક્ષ મારી પણ લાગણી છે કે, આ મુદ્દો ખૂબ જ ગંભીરતાથી લેવાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહે જે મુદ્દો ઉપાડ્યો અને શ્રી પ્રાગજીભાઈએ જેને સર્મથિત કર્યો છે તે પ્રશ્ન કાળાં કપડાં પહેરીને આવવાનો અને પ્રદર્શન અંગેનો છે. આ સભાગૃહ એ લોકશાહીનું મંદિર છે. આ સભાગૃહની અંદર અધ્યક્ષના પદ માટે હું પુરુષોત્તમ ગણેશ માવળંકરના વિચારોને જોતો હતો. એમણે બહુ સ્પષ્ટપણે કહ્યું છે કે, જે દેશમાં લોકતંત્ર છે, જ્યાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓથી માંડીને રાષ્ટ્રીય સંસદ સુધીના તમામ લોક પ્રતિનિધિ મંડળોમાં ચર્ચા અને વાતચીત કરવા માટે, બનતો વધુ સમય મુકરર કરવામાં આવે છે. એ માટેના નિયમો પણ નક્કી કરવામાં આવે છે. એનો મુખ્ય હેતુ અભિવ્યકિતની મોકળાશનો, અને એ સતત જાળવવાનો અને અમલી બનાવવાનો છે. તેની જ સભા સંચાલન વખતે અધ્યક્ષપદે જે વ્યકિત બેઠી હોય તેની વિશેષ જવાબદારી એ રહે છે કે, તેણે જાગૃત રહીને જવાબદારી પૂર્વક તથા નિષ્પક્ષપાદ પણે સભાગૃહ સમક્ષ પ્રશ્નો, મુદ્દા અને ચર્ચાઓના વિવિધ પાસાંઓમાં વ્યક્ત થવાં દેવાં જોઈએ. જે અભિપ્રાયો અણગમતા જેવા લાગતા હોય કે કયારેય તે કેવળ એકલ દોકલ વ્યકિતના તરંગ સમા જણાતા હોય તેની રજૂઆત થતી ન અટકે એ માટે અધ્યક્ષે ખાસ જોવું જોઈએ. એ રીતે જે અભિપ્રાયો/ સૂચનો સત્તાધારી પક્ષે મુઝવણમાં કે મુશ્કેલીમાં વધારો કરતા હોય તેને દાબી દેવામાં ના આવે એ પણ જોવું જોઈએ. લોકશાહીમાં વાણી સ્વતંત્રાનું મૂલ્ય ઘણું જ છે. વાણી સ્વતંત્રના મૂલ્યમાં વિરોધ વ્યક્ત કરવાનું સ્વાતંત્ર્ય રહેલું છે, એટલે ચર્ચા ચાલવી જ જોઈએ. આ હાર્દને જોઈએ તો આપણે ત્યાં ચર્ચા ચાલવી જોઈએ એનો કોઈ વાંધો નથી. ચર્ચા નિયમોને આધારે થવી જોઈએ એ પણ હું માનું છું અને એ પછીથી હું જોતો હતો એની વારંવાર પુનઃઉક્તિ કરતો નથી પણ આદરણીય સોનિયાજીએ જે પ્રવચનો તા.૨૫મી નવૅમ્બર, ૨૦૦૧ના રોજ કર્યુ એમાં સૌથી વધારે ભાગ, એના પાછલા ભાગમાં કવેશ્ચન અવર્સનો કહ્યો છે, કે લોકસભામાં કવેશ્ચન અવર્સ એક વખતે સવારના બદલે એટલે બપોરના કાળ પછી સાંજે લઈ જવામાં આવ્યો તે પણ યોગ્ય નથી એવું સોનિયાજીએ લોકસભાની આ ચર્ચાની બેઠક હતી એમાં કહ્યું હતું. એટલે. ત્રણ દિવસ સુધી તા.૮-૯-૧૦ અને ૧૦માં વિશેષ કરીને ત્રણેય દિવસની પ્રશ્નોત્તરી કાળમાં, આપણે ત્યાં પ્રશ્નોત્તરીકાળ એ સભ્યોનો કાળ ગણાય છે અને પ્રશ્નોત્તરીકાળ અને તાકીદની જાહેર અગત્યની બાબત પછી શૂન્યકાળ આવે છે. ગુજરાત વિધાનસભાની પરંપરાઓ મુજબ શૂન્યકાળમાં જે કોઈ રજૂઆત કે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવે એ માટે મંત્રીશ્રીની મંજૂરી લઈને આપણે એની ચર્ચાને ઉદ્‌ભવ થવા દેતા હોઈએ છીએ. પહેલે જ દિવસે આ પ્રશ્ન ઊભો થયો ત્યારે માનનીય મંત્રીશ્રી અમિતભાઈની મંજૂરી નહતી તેમ છતાં પણ પ્રશ્નની ગંભીરતા જોતાં મેં શ્રી સિદ્ધાર્થભાઈને આની મંજૂરી આપી હતી, ત્યાર પછી તે જ દિવસે માનનીય મંત્રીશ્રી અમિત શાહે એમ જણાવ્યું કે હું આ અંગેનું નિવેદન બીજા દિવસે કરીશ. નિયમ-૪૪ નીચે બીજા દિવસે નિવેદન કરવામાં આવ્યું. આપણા નિયમ-૪૪ની મર્યાદા જોતાં, અને નિયમ જોતાં એમાં કોઈ બીજી વિશેષ ચર્ચા ઉપસ્થિત કરી શકાતી નથી, પરંતુ જે

ઘટના બની છે એ ઘટનાની ગંભીરતાને જોતાં એ દિવસે મેં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત ચાર સભ્યોને આ અંગે પ્રશ્નો પૂછીને વાત કરવાની મંજૂરી આપી હતી. આપણે જોઈએ તો લગભગ ૩૦ મિનિટ કરતાં વધારે સમય એમાં આપ્યો હતો અને ત્યારપછી એ પ્રશ્નોનો જવાબ પણ માનનીય મંત્રીશ્રીએ આપ્યો એની હું પુનરોકિત કરતો નથી એટલે આ સભાગૃહની અંદર આવી ચર્ચા થવા જ નથી દીધી અને અમે નિયમોનો આધાર લઈને ચર્ચા કરવા માગીએ છીએ પણ થતી નથી એમ કહેવું ઉચિત નથી. એમણે સભામોકૂફીની વાત કરી. સભામોકૂફીના નિયમ-૧૦૮ પ્રમાણે જો જોઈએ તો એક કલાક પહેલાં મને દરખાસ્ત આપવી જોઈતી હતી અને એ દિવસે એક કલાક પહેલાં જો મને આપી હોત તો હું ચોકકસ એ અંગે નિર્ણય કરત. ત્યારપછી બીજે દિવસે જયારે ફરી બીજી દરખાસ્ત આવી ત્યારે મારે એમ કહેવું પડયું કે ગઈકાલે આ અંગેનું તપાસ પંચ નિમાઈ ગયું છે એટલે વિધાનસભાના નિયમ પ્રમાણે કમિશન નિમાયું હોય તો હું એને દાખલ કરી શકતો નથી, પરંતુ જે મુદ્દો છે એ આ છે કે આપણે અધ્યક્ષ પદનો આદર નહીં રાખીએ તો એ અધ્યક્ષ પદનું અવમાન થતું નથી પરંતુ સમગ્ર ગૃહનું અવમાન થાય છે. અધ્યક્ષપદે કોઈપણ બેઠા હોય આજે અશોક ભટ્ટ છે કાલે બીજા હોય, વિરોધ પક્ષના સભ્ય પણ બેસે પરંતુ પદ એ પદ છે અને એનું અવમાન છે. કાળા વસ્ત્રો પહેરીને સમગ્ર ગૃહની અંદર આવવું એ પ્રદર્શન છે અને મેં જોયું તો નિર્ણય સામૂહિક હતો. કોઈ એવો એકસીડન્ટ કે અકસ્માત રીતે બધા કાળા કપડા પહેરીને આવ્યા હોય એવું નહોતું. એકાદ સભ્યશ્રીની તો વરસગાંઠ હતી તો પણ એમને પહેરવાં પડયાં. કેટલાકને ત્યાં લગ્નની કંકોતરી છપાઈ ગઈ હતી, પછી મેં તપાસ કરી અને મને આવીને કહી ગયા કે શું કરીએ સાહેબ, અમારે ત્યાં તો લગ્નની કંકોતરી પણ વહેંચાઈ ગઈ છે પણ અમને પક્ષનો આદેશ છે એટલે અમે કાળાં કપડાં પહેરીએ છીએ. મેં કહયું કાળાં કપડાં પહેર્યા તમે હું એને બીજી રીતે ગંભીરતાથી જોઉં છું પરંતુ જો આજે આ અંગેનો નિર્ણય ન આપું તો આ સભાગૃહની અંદર કાળાં કપડાં પહેરીને આવવાની, આવીને પ્રદર્શન કરવાની, એક લાંબાગાળા સુધીની છૂટ જેમને આ કરવાનું છે એને મળી જાય છે અને હું એ આપી શકતો નથી. જો કાળી પટ્ટીને પણ આપણે પ્રદર્શન ગણતા હોઈએ કે એ ન થઈ શકે એટલે વિવિધ રીતે પ્રદર્શનો કરવા માટેનું આ ગૃહ નથી. ગૃહ પોતાની વાત કરવા માટેનું ચોકકસ આ સ્થાન છે અને એટલા માટે હું સભ્યની આ પક્ષના હોય કે તે પક્ષના હોય એની વાણી સ્વતંત્રતાને રૂંધવા માગતો નથી, એની અભિવ્યકિતને હું રોકવા માગતો નથી પરંતુ અભિવ્યકિતની સાથેસાથે એ સભ્ય અથવા તો એ પક્ષ જો આ સભાગૃહને બાનમાં લેવાનો પ્રયત્ન કરે તો એ પણ માત્ર અધ્યક્ષને બાનમાં લેતા નથી પણ લોકશાહીને અને સંસદીય લોકશાહીને બાનમાં લેવાય એવું કૃત્ય આપણે ત્યાં ન થાય એવી હું આશા રાખું છું અને જે સભ્યશ્રીઓએ આ કૃત્ય કર્યું છે તેઓએ આ સભાગૃહની પાસે આવીને વાત કરવી જોઈએ. બીજી એક વાત કે આપણે ત્યાં અભિવ્યકિતની જયારે છૂટ આપીએ છીએ ત્યારે બહુ સ્પષ્ટ નિયમો બન્યા છે અને નિયમ ન હોય તો પણ એક વિવેક બન્યો છે અને એ વિવેક એ છે કે જયારે કોઈપણ સભ્યે કોઈને પણ કંઈ કહેવું હોય તો એ અધ્યક્ષ દ્વારા કહેવું. અધ્યક્ષને સંબોધિત કરીને કહેવું એ આપણા નિયમોમાં પણ છે અને જે આચારસંહિતા આપણી પાસે આવી છે એની અંદર પણ છે. હાઉસ ઓફ કોમન્સથી શરૂ કરીને મેઈજ પાર્લામેન્ટરી પ્રેકટીસ પણ હું જોઈ ગયો છું અને કોલ -શકધરને પણ હું જોઈ ગયો છું કે કેવી રીતે સભ્યએ રજૂઆત કરવી જોઈએ મને દુ:ખ એ વાતનું છે કે આ સભાગૃહની અંદર હું જયારે આ પદ ઉપર બેઠો ત્યારે ફરીથી એક વાર માનનીય શકિતસિહંજી વિરોધપક્ષના નેતાનું પ્રવચન હું વાંચી ગયો અને એ જે અપેક્ષા મારી પાસે રાખતા હતા કે હું નિષ્પક્ષ થાઉં અને મારા અત્યાર સુધીના નિર્ણયો છે એ બધા જ નિર્ણયોને હું મૂલ્યાંકનના એરણ ઉપર મૂકવા તૈયાર છું અને એ કોઈપણ સંસદીય બાબતોના નિષ્ણાત એને જુએ અને મારો એક પણ નિર્ણય પક્ષપાતી હોય તો હું એ અંગે મારી ક્ષમ્ય મનોવૃત્તિને ફરી જાગૃત કરીને ક્ષમા માગવા પણ તૈયાર છું પરંતુ આ સભાગૃહની અંદર અધ્યક્ષપદની સામે કાળા કપડા પહેરીને. જે વ્યક્તિ જે નેતા વિરોધ પક્ષના નેતા એ મારી સાથે આગ્રહ રાખતા હોય કે તમારી સંસદીય પ્રણાલિકા આ પ્રમાણેની છે. એ જ સંસદીય પ્રણાલિકાનો ફરીથી વારંવાર ભંગ કરે, સતત ભંગ કરે અને પીઠ ફેરવીને ઉભા રહે, મને લાગે છે કે એટલા માટે આગલા દિવસે ટકોર પણ કરી હતી, કે જે વાત આપે કહી, એની ટકોર જરા સરળ ભાષામાં કહી હતી, હળવાશથી નહોતી કહી, ગંભીરતાપૂર્વક કહી હતી. હું આ વાતને ગંભીરતાથી લઉ છું. વિપક્ષના નેતા મારી સાથે આંખ મીલાવીને વાત કરી શકતા નથી. હું શ્રી પ્રદીપસિંહજીનો પૉઈન્ટ ઑફ ઑર્ડરનો સ્વીકાર કરું છું અને કહું છું કે નિર્ણય ઉપર આવું છું કે કોઈપણ સભ્ય આ સભાગૃહની અંદર જે ઉચ્ચ સ્થાન ઉપર જે બેઠી છે, અધ્યક્ષસ્થાને બેઠી છે અને તેની સામે પીઠ ફેરવીને વાત ન કરી શકે એ ગૃહના અવમાનરૂપ ગણાશે. (અંતરાય) (ઓર્ડર) (ઓર્ડર) મેં મારો નિર્ણય જાહેર કર્યો છે. (અંતરાય) મેં મારો નિર્ણય આપી દીધો છે. (ઓર્ડર) (ઓર્ડર) નેકસ્ટ. શ્રી આત્મારામભાઈ બેસી જાઓ.

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

### પાલીતાણા જૈન મંદિરના ચિત્ર પર હુમલા અંગે

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : હું આ સભાગૃહનું ગંભીર વાત ઉપર ધ્યાન દોરવા જઈ રહ્યો છું. આ સભાગૃહમાં શુક્રવારે એક ખૂબ જ ગંભીર ઘટના બની ગઈ કે જે આપણી લૉંજ છે, ત્યાં તૈલ ચિત્રો આવેલાં છે. ફોટા ચિત્ર આવેલાં છે, તેમાં એક જૈનોના ભગવાન એ જે પવિત્રમાં પવિત્ર પાલિતાણા નગરી છે, તેનું

ચિત્ર આવેલું છે અને આ ચિત્રો ઉપર આ કોંગ્રેસના સભ્યો દ્વારા જે રીતે એની તોડવાની સ્ટાઈલ હતી કે જે પગમાં બૂટ પહેરેલ હતા અને બૂટથી ચિત્રને તોડવામાં આવ્યું. ચૌદમી સદીમાં અલાઉદીન ખીલજી કરીને મોગલ રાજા હતો અને એણે પાલીતાણા ઉપર ચડાઈ કરેલી હતી અને ત્યારે પણ ક્ષત્રિયોએ બબ્બે હજારની સંખ્યામાં શહાદત વહોરી હતી. મારે આ ગૃહનું એ ધ્યાન દોરવું છે કે અમારે ત્યાં અત્યારે ચાતુર્માસ ચાલી રહ્યો છે. ૨૫ થી ૩૦ હજાર જૈન સાધુ, ભક્તો, શ્રાવકો ત્યાં અત્યારે ચોમાસુ કરી રહ્યા છે. કાલે ખૂબ મોટી સભા થઈ. જ્યાં આ જે કાર્ય કરવામાં આવ્યું છે, તેને ખૂબ વખોડી કાઢવામાં આવ્યું છે અને આ કાર્ય તેમને એવું લાગી રહ્યું છે કે આ લોકો કોના *(xxxxx) છે? અમારે..

**અધ્યક્ષશ્રી** : હું આ શબ્દ કાઢી નાખું છું. ચાલો આગળ ચાલો.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : હા જી. અમારે ભાવનગરમાં રાજવીઓ આવેલા છે. માનનીય વિરોધ પક્ષના નેતા તેઓ પણ ક્ષત્રિય કુળમાંથી આવી રહેલ છે. તેમના વંશજો એવા લાઠીના રાજા કે જેઓએ સોમનાથની ચડાઈ થઈ હતી. ઔરંગાઝેબ...

**અધ્યક્ષશ્રી** : મૂળ મુદા ઉપર આવો તમે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : મુદા ઉપર આવવા માગું છું. મારી લાગણી છે.

**અધ્યક્ષશ્રી** : મારે સોમનાથની એ બધી વાતની જરૂર નથી. તમે મૂળ મુદા ઉપર આવો.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : મારો વિષય એટલો છે કે ધર્મ માટે શું ધર્મ આપણો ધર્મ બને છે. ક્ષત્રિયનો શું ધર્મ છે એ વાત હું કહેવા માગું છું કે યુવાન માણસ સોમનાથની ચડાઈ કરી હોય અને ત્યાં રક્ષણ કરવા ગયો હતો.

**અધ્યક્ષશ્રી** : મારે જે વાત કાઢી નાખવી પડે. એ વાત ન કહો. તમે જે મૂળ વાત છે એના ઉપર આવો.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : જૈન સમાજ તેમજ સમસ્ત હિન્દુ સમાજની પણ લાગણી દુભાઈ છે, તો આ કૃત્ય જે સભ્યશ્રીઓએ કર્યુ છે, તેને સારામાં સારી સજા આપના દ્વારા થાય તેવી મારી માગણી છે અને તપાસ થવી જોઈએ અને જે જે સભ્યશ્રીઓએ પગમાં બૂટ પહેર્યા છે અને બૂટ પહેરીને જે ધૃણાસ્પદ લાતો મારી છે, તો જેણે આવું કૃત્ય કર્યુ છે, તેને સારામાં સારી સજા થાય તેવી મારી માગણી છે અને તપાસ થાય.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી મહેન્દ્રસિંહ સરવૈયાએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે, તેમાં મારો સૂર પૂરાવું છું. વાત ગયા શુક્રવાર સવારની છે. સન્માનનીય સભાગૃહની બહાર સમગ્ર જૈન સમાજ અને જૈનેતર સમાજ પણ જેને આસ્થાના પવિત્ર સ્થળ તરીકે જુએ છે અને આખા વર્ષ દરમ્યાન હજારો લોકો જેની પરિક્રમા કરે છે તેવા પાલિતાણાની પવિત્ર પ્રતિકૃતિ સમાન ફોટોગ્રાફને કોંગ્રેસના સભ્યોએ પગથી લાત મારીને તોડવાનું હિચકારું જે કૃત્ય કર્યુ છે તેને આ સભાગૃહ તથા ધર્મપ્રેમી જનતા વખોડી નાંખે છે. સમગ્ર વિશ્વને જૈન શાસન અહિંસા તથા જીવદયાનો સંદેશ આપતું રહયું છે. એ શ્રેષ્ઠ શાસન છે. આ શાસનને જયારે સમગ્ર વિશ્વ અત્યારે સન્માનનીય નજરથી જુએ છે તથા તેને અનુસરે પણ છે. ભગવાન મહાવીરનો સંદેશો લોકોએ સ્વીકારીને પોતાની જીવનશૈલી બનાવી છે. મહાવીરના અહિંસાત્મક સંદેશ આપતા જૈન સમાજની પ્રતિકૃતિ ઉપર અને સમગ્ર જૈન સમાજની જેનામાં આસ્થા રહેલી છે તેવા પાલિતાણાની પ્રતિકૃતિ ઉપર હિંસક હુમલો કરીને કોંગ્રેસના સભ્યોએ તેમની જે માનસિકતા છતી કરી છે તે નિંદનીય છે. કોઈપણ વિરોધ તેની મર્યાદામાં યોગ્ય હોય છે. પણ રાજકીય વિરોધમાં આ પરિસરના ધાર્મિક ચિત્રોને નિશાન બનાવી અને જયાં આપની અનુમતિથી લાગેલા ધાર્મિક ચિત્રોને નુકસાન પહોંચાડયું છે તેવા ચૂંટાયેલા આ કોંગ્રેસના લોકપ્રતિનિધિ માનસિક સમતુલા ગુમાવી છે તેવું મને લાગે છે. આ સભાગૃહ લોકશાહીનું સન્માનનીય મંદિર છે અને આ ભાવનાને આપણે સૌ સ્વીકારીએ છીએ ત્યારે જૈનોની સંસ્કૃતી સમા પાલિતાણાના મંદિરનો તોડનારા અને તોડફોડની પ્રવૃત્તિઓ કરી છે તે નિંદનીય છે. આવી પ્રવૃત્તિમાં જે સભ્યોએ ભાગ લીધો છે તેઓ જાહેરમાં માફી માગે અને આપના દ્વારા આની ન્યાયિક તપાસ થાય તેવી મારી માગણી છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારની ઘટના શુક્રવારે આ લોન્જમાં બની તે ખરેખર નિંદનીય ઘટના છે. અહિસાનો સંદેશો આપનાર ભગવાન મહાવીરની એક ફોટોને પગથી લાત મારીને તોડી નાંખવાનો હિન પ્રયત્ન થાય તે કયારેય પણ ચલાવી ન લેવાય તેવી શરમજનક ઘટના છે. એકવાર એક ટોળું વાત કરતું હતું અને તેમાં અચાનક

**અધ્યક્ષશ્રી:** આપ મુદા ઉપર આવો, પ્રવચન નહીં. તમે જે નિંદનીય કહયું તે બરાબર છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની જે વિચારસરણી રહી છે હિંસક. આ દેશમાં અનેક અહિંસક આંદોલનો ચલાવનાર અને કયાંય પણ સામાન્ય હિંસા થાય તો પોતે ખૂબ વ્યગ્ર થઈ જતા, દુ:ખી થઈ જતા તેવા મહાત્મા ગાંધી અને તેમનું નામ આગળ ધરીને કોઈ પોલીટીકલ પાર્ટીના લોકો સતત વાતચીત કરતા હોય તેવા સમયે આ પ્રકારની હિંસા કરી હિંસક મનોવૃત્તિનું દર્શન કરાવનાર, પ્રદર્શન કરનાર આવા લોકો

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સામે ખૂબ જ કડક રીતે પગલાં લેવા જોઈએ અને આ વિધાનસભાગૃહમાં જયારે આવી ઘટના બને આખા રાજયની નજર જેના ઉપર હોય, આખા રાજયનું ગૌરવસમા આવા ગૃહ ઉપર આવી ઘટના બને તેને સહેજ પણ ચલાવી ન લેવાય, તેમના ઉપર કોઈ પ્રકારના એકશન લેવાય તેવી વિનંતી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓની લાગણીમાં એક જ વાત ઉમેરવી છે. હમણાં સવારે જે નિર્ણય આપ્યો અને જે વ્યાખ્યા ટાંકી છે કે વિધાનસભા અધ્યક્ષશ્રીના પરિસરમાં આવતી મિલકતો તે આપણા નીચેની મિલકતો ગણાય. આપણા આધિપત્ય અને વહીવટ નીચેની મિલકતો ગણાય. એ મિલકતની આ લોબીમાં કોંગ્રેસના ધારાસભ્યોએ પાલીતાણાના પવિત્ર તીર્થના ફોટો ઉપર પગથી લાત મારી અને જે નુકસાન પહોંચાડયું છે, એમાં જો વીડીયો ફૂટેજ મળી જાય, કારણકે એમાં બહાર પત્રકારો હોય છે, બહાર વીડીયો શુટીંગ કરનારા હોય છે, તેમની પાસેથી જો આપ તપાસ કરાવો અને જે રીતે ગાંધીજીની પ્રતિમા પાસેની વિડિયો ફૂટેજ આપે જોઈ, એવી આવી કોઈ વિડિયો ફૂટેજ મળે અને આમાં જે સભ્યે, કોંગ્રેસના ધારાસભ્યશ્રીએ પગેથી લાતો મારી એ ચિત્રને નુકસાન પહોંચાડ્યું હોય અને હિન્દુઓની અને જૈનોની ધાર્મિક લાગણી આખા રાજયની અંદર અને દેશની અંદર દુભાઈ હોય એવા સભ્ય જો મળી આવે તો એમની સામે કડકમાં કડક કાર્યવાહી કરી દાખલો બેસાડો એવી મારી માગણી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહજી, શ્રી રાકેશભાઈ, શ્રી રજનીભાઈ અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ સમર્થિત જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો, આ અંગેનું દુ:ખ મેં તે જ દિવસે મેં મારા નિર્ણયની અંદર જાહેર કર્યું હતું અને ફરીથી થોડીક પુનરોકિત સાથે મારી વેદનાને હું વ્યક્ત કરું છું. લોકશાહીની અંદર આપણે સૌ લોકો વડે ચાલતી, લોકો માટે ચાલતી, લોકો વડે ચાલતી જ્યારે લોકશાહી કહીએ ત્યારે બધા લોકો લોકશાહીને ચલાવવા નથી આવતા પણ લોક પ્રતિનિધિ જે આ સભાગૃહમાં, સંસદમાં જે લોકપ્રતિનિધિ તરીકે જાય છે એ લોકશાહીને ચલાવે છે. લોકશાહીની શોભા એ લોકપ્રતિનિધિ છે, લોકશાહીની શોભા એ વિધાનસભા છે, લોકશાહીની શોભા એ સંસદ છે, લોકશાહીની શોભા એ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે. આ છે જ, એ હકીકત છે, અને એ જ ભારતીય લોકશાહીની સૌથી મોટી શોભા છે. આપણે એને ખંડિત કરવી છે? ભારતના બંધારણની અંદર અને ભારતના પ્રજાજીવનની અંદર પ્રત્યેક ધર્મના પ્રત્યે સમભાવની લાગણી બતાવવામાં આવી છે ત્યારે હું એને તસવીર કે કોઈ મંદિરના દ્રશ્યની તસવીર ગણતો નથી, પરંતુ મેં જ્યારે આ સભાગૃહની અંદર ગુજરાતના સાંસ્કૃતિક સ્થળોની તસવીરો મૂકવાનો નિર્ણય કર્યો અને દેવસ્થાન વિભાગે એને સમર્થન આપીને એમણે અહીંયાં એ તસવીરો મૂકી ત્યારે તસવીરોને જાળવવાની જવાબદારી પણ મારી હતી અને મારી છે પરંતુ મને ભરોસો હતો કે આ સભાગૃહની અંદર આવી લોકશ્રધ્ધાના કેન્દ્રોસમી , આસ્થાના કેન્દ્રોસમી, ગુજરાતના ગૌરવસમી તસવીરો હું જ્યારે મૂકું છું ત્યારે તેને પ્રત્યેક સભ્ય અને સભાગૃહમાં આવતો પ્રત્યેક નાગરિક એને આદરપૂર્વક જોશે. આપણે ગમે ત્યારે આ સભાગૃહની બહાર નીકળીને ગમે તેવા દેખાવો કરતા હોઈએ પરંતુ ગુજરાતના અને દેશના આસ્થા કેન્દ્રો ઉપર આપણે હુમલો કરીએ અથવા તો એને તોડવાનો પ્રયત્ન કરીએ, મને લાગે છે કે દુનિયાની કોઈ લોકશાહી વિચારનો તત્ત્વજ્ઞ આ વાત જોડે સંમત નહીં થાય અને એટલા માટે આપણે આ જે સંસ્થાની અંદર આવ્યા છીએ અને ભારતની લોકશાહીમાં ગુજરાત એક માર્ગદર્શક રાજય છે એ ગર્વથી કહેતા હોઈએ ત્યારે એ જ રાજયની વિધાનસભા ગૃહની અંદર એક ધર્મની નહીં, જૈન ધર્મના એક મંદિરની આ તસવીર હતી એમ નહીં, પરંતુ ગુજરાતની પ્રજાના અને દેશની પ્રજાના આસ્થા કેન્દ્ર અને શ્રદ્ધા કેન્દ્રનું આ પ્રતિક હતું. એના ઉપર જેમણે હુમલો કર્યો હોય તેમણે આવીને માફી માગવી જોઈએ, હું જાણું છું કે આને કારણે જૈન ધર્મના અનેક લોકોને અને જે લોકો ધર્મની અંદર આસ્થા રાખે છે એ સૌને દુ:ખ થયું છે, મને પણ દુ:ખ થયું છે, અને જેમણે ગુજરાત વિધાનસભાભવનની અંદર આ તસવીર, શ્રધ્ધાકેન્દ્ર ઉપર જે હુમલો થયો છે એને કારણે દુ:ખ થયું હોય એવા સૌની સાથે હું પણ જોડાવું છું અને હું જે લોકોએ આ કૃત્ય કર્યુ છે, એ માફી માગે એવી હું એમને અપીલ કરું છું કારણ કે આખરે એમણે માફી માગવી જ જોઈએ, એ ન માગે તો હું ગુજરાતની પ્રજાની માફી માગું છું, ક્ષમા માગું છું કે આ મારી જવાબદારી છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ)

## સામાન્ય વહીવટ વિભાગ

### માગણી ક્રમાંક-૩૦

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂા.૧,૩૨,૩૩,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક-૩૧

**વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂા.૩૦,૧૯,૧૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છુ.

**માગણી ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૩૧ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક-૩૩**

**વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ સેવાની લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂા.૩૭,૮૦,૦૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૩ રજૂ કરું છુ.

**માગણી ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૩૩ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક-૩૫**

**વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂા.૧૬૬,૮૬ ૨૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૧,૩૧,૪૭,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૫ રજૂ કરું છુ.

**માગણી ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૩૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી ક્રમાંક-૫૪**

**શ્રી જયનારાયણ વ્યાસ ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રચારણ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂા.૩૪,૩૯,૬૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૪ રજૂ કરું છુ.

**માગણી ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫૪ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**માગણી ક્રમાંક-૮૯**

**શ્રી જયનારાયણ વ્યાસ ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસુલ ખર્ચ માટેની રૂા.૭૫,૧૭,૯૬,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૯ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૮૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના** વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **સોમવાર, તા ૧૩-૭-૨૦૦૯** (બીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રુા.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં.૩૧** | | | |
| ૧ * | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૩-મતદાર ... છપાવવી<br>રુા૧૨,૦૦,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૨૦ થી ૨૨ | ૧૦૦ | મતદાર યાદીઓ તૈયાર કરવામાં થયેલ છબરડાઓ સુધારવામાં અને જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ * | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૮-મતદારોને ઓળખપત્રો આપવા<br>રૂા.૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૨૫ | ૧૦૦ | મતદારોને ક્ષતિરહિત ઓળખપત્રો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **માગણી નં.૩૩** | | | |
| ૩ * | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મંત્રીઓ...કર્મચારીવર્ગ<br>રૂા.૬,૬૯,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૩૧ | ૧૦૦ | મંત્રીમંડળના સીધી ભરતીના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ તેમજ મોંઘવારી ભથ્થાની એરીયર્સની રકમ સત્વરે ચૂકવવાના આદેશો કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪ * | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૨ સામાન્ય.......વિભાગ<br>રૂા.૧૨,૬૯,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૩૨ | ૧૦૦ | સરકારી કચેરીઓમાં નિયમિત જગ્યાઓ ખાલી હોવા છતાં ફિકસ પગારથી નિમણૂક આપવાની નીતિથી કર્મચારીઓનું થતું શોષણ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫ * | -- " -- | ૧૦૦ | સરકારની જુદી જુદી એજન્સીઓ દવારા સરકારી કચેરીઓમાં થતી ભરતીમાં થતો ભ્રષ્ટાચાર રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ * | -- " -- | ૧૦૦ | સરકારી કચેરીઓમાં ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭ * | --"-- | ૧૦૦ | કર્મચારીઓના વાજબી અને સાચા પ્રશ્નો પ્રત્યેહકારાત્મક વલણ અપનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮ * | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૧-સંલગ્ન કચેરી<br>૦૧-નિવાસી....દિલ્હી<br>રૂા.૫,૯૨,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૩૫ | ૧૦૦ | ગુજરાત ભવન, નવી દિલ્હીના ભોજનાલયમાં સારી કક્ષાનું ભોજન પૂરુ પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯ * | --"-- | ૧૦૦ | ગુજરાત ભવન, નવી દિલ્હીમાં ગેરવર્તણૂંક આચારનાર કર્મચારીઓ સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦ * | --"-- | ૧૦૦ | ગુજરાત ભવન નવી દિલ્હી ખાતે સંસદ સભ્યો અને ધારાસભ્યોને અપમાનિત થવાની ગંભીર બાબત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧ * | --"-- | ૧૦૦ | ધારાસભ્યો ગુજરાત ભવન નવી દિલ્હીમાં ફોનથી રૂમ બુક કરાવી શકે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨ * | --"-- | ૧૦૦ | ગુજરાત ભવન નવી દિલ્હી ખાતે રૂમો તથા કોમ્પ્લેક્ષની સ્વચ્છતા જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ * | ૩૪૫૧-સચિવાલય...સેવાઓ<br>૧૦૨-જિલ્લા આયોજનતંત્ર<br>રૂા.૭,૦૪,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના.નં.૫૬ | ૧૦૦ | જિલ્લા આયોજનની મીટીંગોમાં જે તે વિભાગના અધિકારીઓ હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૪ * | --"-- | ૧૦૦ | જિલ્લા આયોજનતંત્રની મીટીંગોમાં ધારાસભ્યો વ્દારા રજૂ થયેલ પ્રશ્નોનો સત્વરે નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૩૫** | | |
| ૧૫ * | ૨૦૭૦-અન્ય...સેવાઓ<br>૦૦૩-તાલીમ<br>રૂા.૯,૭૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના.નં.૪૧-૪૨ | ૧૦૦ | સરકારી કર્મચારીઓને તાલીમ આપ્યા બાદ તેઓની પાસેથી અસરકારક કામગીરી લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬ * | ૨૦૭૦-અન્ય...સેવાઓ<br>૧૦૪-તકેદારી<br>૦૧-લોક આયુકત<br>રૂા.૨૬,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના.નં. ૪૨ | ૧૦૦ | લોક આયુકતમાં લાંબા સમયથી ખાલી પડેલ જજોની જગાઓ પર સમયસર નિમણૂક કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭ * | ૨૫૧૫-બીજા...કાર્યક્રમો<br>ડીડીપી-૭ સ્વાતંત્ર્યદિન..ઉજવણી<br>રૂા.૮,૭૫,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પાના.નં. ૪૯ | ૧૦૦ | ઉત્સવોની ઉજવણી પાછળ થતા બિનજરૂરી ખર્ચાઓ રોકીને વિકાસના કામોમાં જરૂરી ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં.૫૪** | | |
| ૧૮ * | ૨૨૨૦-માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>૦૧- માહિતી નિયામક<br>રૂા.૧૪,૬૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૧૮ | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯ * | ---"--- | ૧૦૦ | કચેરીમાં થતા બિન જરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦ * | ---"--- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોને યોગ્ય પ્રસિધ્ધિ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧ * | | ૧૦૦ | ગુજરાત પાક્ષિક અને અન્ય પ્રકાશનોમાં વિરોધપક્ષની પ્રજાલક્ષી રજુઆતોને પૂરતી પ્રસિધ્ધિ અપાય એવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૮૯** | | |
| ૨૨ * | ૨૦૫૨-સચિવાલય....સેવાઓ | ૧૦૦ | -સ્વાન નેટવર્કની કામગીરીને સંગીન | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૯૦-સચિવાલય<br>૦૧-વિજ્ઞાન..........વિભાગ<br>રૂા.૨૯,૨૬,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પા.નં.૫ | | બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩ * | -- " -- | ૧૦૦ | વધુ ક્ષમતાવાળા તથા આધુનિક ટેકનોલોજીવાળા કોમ્પ્યુટરો ખરીદવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪ * | -- " -- | ૧૦૦ | હલકી કક્ષાના કોમ્પ્યુટરો ખરીદાતાં સરકારી કામગીરી પર પડતી વિપરીત અસર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫ * | -- " -- | ૧૦૦ | વિભાગના પરિપત્રો સમયસર વેબ સાઈટ ઉપર મૂકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬ * | -- " -- | ૧૦૦ | સરકારી કોમ્પ્યુટરો ઉપર ખાનગી કામ થતું રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭ * | -- " -- | ૧૦૦ | સરકારની વેબસાઈટ બહારના લોકો તૈયાર કરે છે તથા તેને અપડેટ પણ કરે છે ત્યારે જોખમી બનતો પાસવર્ડ સાચવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮ * | -- " -- | ૧૦૦ | સરકારી તમામ ડોકયુમેન્ટસ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવતાં તેની સલામતી માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષ સ્થાને**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ મંત્રી પરિષદ, ચૂંટણી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગને લગતી જે માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓના સમર્થનમાં હું ઉભો થયો છું..

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની અંદર જોઈએ તો માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સો ટકા સમર્થન એટલા માટે કરું છું કે, બધા વિષયો ન લેતા બે ચાર બાબત આપના અને સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ભણતો ત્યારે આ ગુજરાત નામનું મેગેઝિન એ કયાં છે એ ખબર ન હતી. એક પત્રિકા આવતી બેરોજગાર યુવાનો હોય એમને કયાં જાહેરાત પડશે એટલી માહિતી તેની અંદર જાણવા મળતી. કોઈ પણ પરિવર્તન કે ક્રાંતિ આવતી હોય છે તે વિચારોમાંથી આવતી હોય છે. અને પ્રજાની અંદર સાચી દિશાના વિચારો પહોંચાડવા માટેનું માધ્યમ તે પત્રિકા સ્વરૂપે, ઈલેકટ્રોનિક હોય, મીડિયા હોય, પ્રિન્ટ મિડિયા હોય કે માઉથ મિડિયા હોય આ વિભાગ દ્વારા ત્રણેય દિશાની અંદર જે પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે તેને આવકારું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નામના સામયિકની વાત કરીએ તો પહેલાં લોકો એવું કહેતાં કે આ ગુજરાત સરકારનું મુખપત્ર છે. આવું કહેવાવાળા લોકો હવે અત્યારે એવું કહે છે કે આ ગુજરાતની પ્રજાનું મુખપત્ર છે. ગુજરાતની પ્રજાના જે વિચારો છે તે આ ગુજરાત નામના અંકના માધ્યમથી જનતા સુધી પહોંચાય એટલું જ નહીં પ્રજા પોતે કઈ રીતે જીવવું, કાયદાનું પાલન કઈ રીતે કરવું માત્ર માહિતી મેળવવી એટલું જ નહીં પોતાના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવું, સરકારી યોજના હોય તો તેનો લાભ કઈ રીતે લેવો અને ગરીબમાં ગરીબ માણસ પણ તેનો ઉપયોગ કઈ રીતે કરી શકે તે અને જેને પ્રતિષ્ઠિત એવા લેખકો, જે દિશા આપી શકે એવા લેખકોની કલમો આ અંકની અંદર જ્યારે હોય છે ત્યારે આ કલમ અને તેના માધ્યમથી લખાયેલી કોલમોના માધ્યમથી ખૂબ મોટું પરિવર્તન અત્યારે આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં દોલત ભટ્ટ, વિષ્ણુ પંડયા, ડો.ભરત ગરીવાલા અને ગુણવંત શાહને વાંચવા માટે ગુજરાત નામના પાક્ષિકની અંદર કયાંય જગ્યા નહોતી. અત્યારે આવા પ્રતિષ્ઠિત લેખકો જ્યારે આની અંદર લખાણ લખતાં હોય ત્યારે ખૂબ આનંદ થાય છે. ગુજરાતની બહાર પણ આ ગુજરાતનો અંક પહોંચતો હોય છે. એટલું જ નહીં સવાર-સાંજ ગામનાં ચોરે બેસીને પણ કેટલાંક વડીલો આ ગુજરાતના અંકને વાંચતા હોય છે. અને અમે જઈએ ત્યારે જે માહિતીઓ સરકારના વિભાગોની અમારી પાસે ના હોય તે પ્રજા સુધી પણ પહોંચવાની પણ શરૂઆત આ ગુજરાતના અંકથી થઈ છે. ગુજરાત સરકારની કામગીરી, ગુજરાતની પ્રતિષ્ઠા, ગુજરાતનું ગૌરવ, ગુજરાતનું સ્વાભિમાન એ જગાવવા માટેનો માનનીય અધ્યક્ષશ્રી જે પ્રયત્ન થયો છે ખૂબ જ અભિનંદનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ્ઞાનની સદી છે અને જ્ઞાનની સદીની અંદર જ્ઞાન અને માહિતી આ બેનું અનેરૂં એક મહત્ત્વ રહેલું છે. અને તેમાં સાયન્સ અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને પ્રજાભિમુખ આ નોલેજને પહોંચાડી શકાય, આ નવા નવા સંશોધનો પહોંચાડી શકાય અને તેનાથી પણ વધારે રોજબરોજની જે જીવન પદ્ધતિ છે સરકારી યોજનાઓ હોય અથવા તો પોતાનું વ્યકિતગત જીવન હોય તેની અંદર પણ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી અને પ્રજાની સુખાકારી વધી શકે તે માટેના રાજય સરકારે જે પ્રયત્નો કર્યા છે ખૂબ જ અભિનંદનીય છે. માનનીય અધ્યક્ષશ્રી, માત્ર બાયસેગની જ વાત કરીએ તો સેટેલાઈટ કોમ્યુનિકેશન, રિમોટ સેન્સીંગ, જીઓગ્રાફીક ઈન્ફોર્મેશન સિસ્ટમ, global navigation satellite system, ફોટોગ્રાફી, સોફટવેર ડેવલપમેન્ટ, શિક્ષણ અને સંશોધન અને તાલીમ માટેના જે પ્રયત્નો થયા છે તે અવર્ણનીય છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ગામડાંની અંદર બેઠેલો કોઈ વ્યકિત હોય અને તેના ખેતરની અંદર કેટલાં વૃક્ષો છે તે સર્વે કરવો હોય તો અહીં બેઠાં થઈ શકે. હમણાં શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓ કયાં આગળ, કયા વિસ્તારની અંદર શાળાઓની જરૂરિયાત છે. આટલા કિલોમીટરની અંદર વિદ્યાર્થીઓને વધારે મુશ્કેલી પડે છે ત્યાં જવા માટે તો કયા કયા વિસ્તારની અંદર નવી શાળાઓ ચાલુ કરવી તે માટેની અહીંયા આગળ માહિતી અને તે એની ડેટાના આધાર ઉપર અહીંયા નિર્ણય કરી શકીએ. તે અહીંયા ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટની અંદરથી આપણને માહિતી મળી શકે. કયા વિસ્તારની અંદર ખનિજ થઈ રહ્યું છે તેનો ડેટા મેળવવા માટે પણ અહીં ગાંધીનગરની અંદરથી બેઠા બેઠા સેટેલાઈટના માધ્યમથી જોઈ શકાય. વૃક્ષો કયા વિસ્તારની અંદર હતા, કયા વિસ્તારની અંદર વધુ વધ્યા છે, કયા વિસ્તારની અંદર કટીંગ થયું છે વન ખાતું પણ તેની માહિતી મેળવી શકે. ડેમ હોય પાણીની સ્થિતિ શું છે, સિંચાઈ કેટલાં વિસ્તારમાં થઈ છે. તમામ માહિતી મોટે ભાગે અહીં બેઠા બેઠા મળી શકે. માત્ર એક વખત ડેટા નાંખીએ અને પછી ડેટા અપડેટ કરતા જઈએ. બહુ મોટું ક્રાંતિકારી કામ થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વખત આને માટે નાણા ફાળવી દઈએ અને પડયા રહે એવું પણ આમાં થતું નથી. ગયા વર્ષે આ કામગીરી માટે ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૩૦૦ લાખની જોગવાઈ થઈ હતી. એ ત્રણસોએ ત્રણસો લાખ વપરાઈ ગયા છે. આ વખતે પણ વધુ સારી રીતે કામ કરવા માટે ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૪૫૧ લાખની જોગવાઈ કરી છે. આ જોગવાઈ ઈન્સ્ટિટયૂટ નવા નવા સંશોધન કરે અને નવા ડેટા મેળવે અને અલગ અલગ વિભાગોના માધ્યમથી ગુજરાતની પ્રજાના પ્રશ્નોનો સારી રીતે ઉકેલ આવે એ પ્રકારે કામ થઈ રહ્યું છે. આ બાયસેકના માધ્યમથી કુદરતી સંપત્તિની મોજણી, દેખરેખ, નિયંત્રણ અને સૌથી મોટામાં મોટું કામ એ થયું છે કે **GSWAN** નું નામ હવે ગામડે ગામડે પહોંચ્યું છે. ગ્રામ પંચાયતમાં સરપંચ હોય અને એમને કોઈ માહિતી જોઈતી હોય કે ગામની અંદર કોઈ સરકારી યોજનાની માહિતી લેવી હોય તો ગ્રામ પંચાયતના ટી.વી. ઉપર, ત્યાંના કોમ્પ્યુટર ઉપર એ માહિતી મેળવી શકે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે આ **GSWAN** નો ઉપયોગ એ એક ક્રાંતિકારી પરિણામ આવતા દિવસોમાં આપશે. કે સારામાં સારા શિક્ષક હોય અને ગામડાની પ્રાથમિક શાળામાં જે તે પાઠય પુસ્તકના સિલેબસને સારી રીતે અલગ અલગ પદ્ધતિથી કઈ રીતે ભણાવી શકાય એ માટે પણ **GSWAN** નો ખૂબ મોટો ઉપયોગ થશે. વિજ્ઞાનનો ઉપયોગ માનવજાતને ઉપયોગી થવા માટે મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. સીસ્મોલોજીક્લ રીસર્ચ, માનનીય અધ્યક્ષશ્રી, આપણો કેટલોક વિસ્તાર ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને નર્મદાના કેટલાક વિસ્તારો ભૂકંપના એરિયામાં આવે છે. ત્યાં આગળ ભૂકંપ થવાની શકયતા વધુ રહેલી છે. તો આ ભૂકંપની એડવાન્સ માહિતી મળી જાય, તે માટે આ ઈન્સ્ટિટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચના માધ્યમથી ૬૪ જેટલા સીસ્મીક સ્ટેશન, ૫૦ જેટલાબ્રોડબેન્ડ અને ૫૦ જેટલા સ્ટીમ મીશનના માધ્યમથી આખી એક ચેનલ બનાવી છે. જો ભૂકંપનો આંચકો ત્યાં આગળ આવ્યો હોય તો એનો ગ્રાફ કેટલો હતો અને સંભવિત કયાં કયાં થઈ શકે એના માઈક્રો સંશોધન સુધી આગળ પહોંચી રહ્યાં છીએ. આ વિસ્તારની અંદર ૩૦ જેટલા જી.પી.એસ. સ્ટેશન પણ કાર્યરત થયા છે.

સૌથી મોટું ક્રાંતિકારી પરિવર્તનવાળું કામ આવનારા સમયમાં આવી રહ્યું છે તે છે બાયોટેકનોલોજી. બાયોટેકનોલોજી મિશનના માધ્યમથી ગુજરાત સરકારે કૃષિનું ક્ષેત્ર હોય, મેડિકલનું ક્ષેત્ર હોય કે બીજા કોઈપણ ક્ષેત્રે આ મીશનના માધ્યમથી અલગ અલગ રીતે સંશોધન કરીને, માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાનનો આ જમાનો છે. જે જે દેશો આગળ વધ્યા છે એ નોલેજનું વેચાણ કરે છે. પોતાને ત્યાં થયેલા નવા નવા સંશોધનોનો સૌથી પહેલા પોતે ઉપયોગ કરીને કુદરતી સંપત્તિનો પણ પદ્ધતિસર ઉપયોગ કરી શકાય એ માટે નોલેજ બેઝ એ એક મહત્વનો વિષય છે. એક જમાનામાં જેની પાસે શસ્ત્રો વધારે હોય તે શકિતશાળી ગણાતા હતા. ત્યારપછી લશ્કર વધારે હોય તે

શકિતશાળી ગણાતા. અત્યારે જેની ઈકોનોમી સારી હોય તે સક્ષમ ગણાય છે. પણ આવતીકાલ શસ્ત્રો, લશ્કર કે ઈકોનોમીની નહીં, પરંતુ જ્ઞાન અને માહિતીની હશે. નોલેજ અને ઈન્ફરમેશનની હશે. એમાં વધારેમાં વધારે સંશોધન કરીને સૌથી વધારે આગળ આપણે પહોંચવું એ દિશાનો અભિગમ રાજય સરકારે કર્યો છે. એ માટે હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માટે જાતને નીચોવવી પડે. અંદર હોય તો બહાર આવે. દેશી ભાષામાં કહેવાય છે કે "કૂવામાં હોય તો હવાડામાં આવે" આ રાજયના મુખ્યમંત્રી સવારે વહેલા ૪ વાગે ઉઠીને ઈન્ટરનેટ પર દુનિયાભરની માહિતી લેતા હોય છે. નહીંતર મોટા ભાગે તો એવું જ આવે કે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ટ્રાન્સલેશનમાંથી જ બહાર ન અવાય, આ વીઝનવાળા મુખ્યમંત્રીના કારણે નવી જ્ઞાનની સદીનું નેતૃત્વ ગુજરાત કરે એ દિશા નિર્ધારીત થઈ છે અને એ નિર્ધારીત દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે તેમા બહુ આશ્ચર્યજનક ઘટના છે. પહેલાં એવી અનેક ફરિયાદો આવતી કે દસ્તાવેજ કોનો હોય અને કોણે કરી નાખ્યો હોય અને પછી પાછળથી કોર્ટ કચેરીમાં જાય કે મારો આ અંગુઠો નથી અને મેં આ સહી કરી નથી, મેં આ દસ્તાવેજ કર્યો નથી એવી ફરિયાદો થતી હતી. હવે તો ટેકનોલોજીનો ઉપયોગ કરીને મહેસૂલ વિભાગે જે જમીન લેવા કે વેચવા આવે તો એ બન્નેનો વેબ કેમેરામાં ફોટો આવી જાય અને દસ્તાવેજમાં જ એ બન્નેનો ફોટો આવી જાય. એટલે કોઈ બોગસ વ્યકિત દસ્તાવેજ કરાવવા માટે આવ્યો હોય તો તુરત જ પકડાઈ જાય. એટલે ખરેખર ગુનાખોરીની માનસિકતા ધરાવનાર જે તત્વો હતા, એની સામે આવા કાયદાના માધ્યમથી અને ટેકનોલોજીના માધ્યમથી પ્રજાને સરળતા રહે એ માટેનો પ્રયત્ન આ સરકારે કર્યો છે. સાથે સાથે અંગુઠો હોય તો કેમેરા ઉપર નાનકડા મશીન ઉપર એ પોતાનો અંગુઠો મૂકે એટલે એના અંગુઠા ઉપરની જે કરચલીઓ હોય, એની સાથે એની ફીંગરપ્રિન્ટ એ કેમેરામાં આવી જાય અને વર્ષોસુધી એ દસ્તાવેજી પુરાવા તરીકે રહે એ ખૂબજ સારો અભિગમ આ મહેસૂલ વિભાગે. કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જંતરીમાં પણ અને નવી શરતમાંથી જૂની શરતમાં જમીનો કરવામાં સૌથી મોટા ગોટાળા થતા હતા. નવી શરતમાંથી જૂની શરતમાં ખેતીલક્ષી જે જમીન હોય એ એક જ કલમના આધાર ઉપર આખા રાજયના ખેડૂતોની જમીન, અરજી કરવાની પણ જરૂર ના પડે અને રાજય સરકાર નિર્ણય કરે અને તમામ જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ખેતીના હેતુ માટે ફેરવી છે. એન.એ.કરવાની વાત આવે એટલે મોટાં મોટાં મોટાં ડોકયુમેન્ટ, ૬-૬ મહિના કે ૧૨-૧૨ મહિના સુધી જમીન એન.એ.ના થઈ શકે. એન. એ. કરવી હોય તો આ એનામાટે આટલા આટલા કાગળો લાવો અને કાગળો લાવ્યા પછી અને એક નાનકડી કવેરી કાઢીને મૂકે અને પછી ધકકા ખાધા કરે. તો વિકાસ માટે સૌથી મોટી અવરોધક બાબત એ ફાઈલો અને એનાં કાગળીયાં હતાં. રાજય સરકારના આ મહેસૂલ વિભાગે આ નિર્ણય કરીને ખૂબ સારો નિર્ણય કર્યો. એના માટેની સમયમર્યાદા નકકી કરી કે આટલા સમયમાં અરજી આવ્યા પછી તપાસ પૂરી કરવી અને જો તપાસ પૂરી કર્યા પછી નિર્ણય ના લે તો એ જવાબદારી નકકી કરી અને જે તે વિભાગનો વાંધોવચકો હોય તો સામેથી આવી શકે. પહેલાં તો લેવા જવું પડે. અલગ અલગ ડોકયુમેન્ટ, અલગ અલગ વિભાગમાં જવું પડે અને આ બધું કરતાં આંખે પાણી આવી જાય અને પછી છેવટે એમ વિચારે કે આપણે આ બધી જફામાં પડવું નથી. હવે સરકારે જંતરીની અંદર નવો અભિગમ કર્યો કે જંતરીની અંદર એની વેલ્યુએશન નકકી થાય. રાજયમાં ભાવ નકકી કરવા માટે અલગ અલગ કમિટીમાં એ જિલ્લા કક્ષાની કમિટી હોય, રાજયકક્ષાની કમિટી હોય અને પછી એ કમિટીમાં આટલા ભાવ નકકી થયા અને બીજી કમિટીમાં આટલા ભાવ નકકી થયા છે. પછી એ ભાવ વધારેમાં ઓછા કરવા માટે દલાલોની લાઈનો લાગે. કાયદામાં છટકબારી રહેતી હોય એના કારણે ભ્રષ્ટાચાર કરનાર લોકોને મોકળું મેદાન મળતું હોય છે. રાજય સરકારે આ ભષ્ટાચાર થવાનાં કાણાં પૂરીને જંતરીના આધારે આખા રાજયની વેલ્યુએશન નકકી કરી અને એ આધાર ઉપર જ આવનાર દિવસોમાં નિર્ણય થાય, કોઈને વેચાણ કરવું હોય તો એ આધાર ઉપર દસ્તાવેજ થાય, કોઈને લેવાનું હોય તો પણ ભાવ એના આધાર ઉપર જ નકકી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ખૂબ સારા નિર્ણયો કર્યા છે. કર્મયોગી તાલીમ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. પ્રજાની અંદર એનું પરિવર્તન દેખાય છે. કર્મચારી કે અધિકારીને એવું લાગવા માંડયું છે કે હું પ્રજા માટે કામ કરું છું. પહેલાં જે અફસરશાહી કે સાહેબશાહી હતી એની જગ્યાએ એ ભાવ તેમને લાગવા માંડયો છે કે ના, ના, હું તો પ્રજા વતી અહીં બેઠો છું. એક ખૂબ ઉચ્ચ અધિકારી છે તેમણે હમણાં વાત કરી કે રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક મિટિંગમાં એવું કહયું હતું કે કયાંક કયાંક જગ્યાએ કેટલાક અધિકારીઓના વહેવારના કારણે અનેક બાબતો મારા કાન ઉપર આવતી હોય છે ત્યારે મને ખૂબ જ દુ:ખ થાય છે અને આવી બાબતો આવે ત્યારે આ રાજયના વડા તરીકે હું એક દિવસનો ઉપવાસ કરું છું. જે લોકોને દંડાના આધાર ઉપર સુધારી શકાતા નહોતા એવા લોકો માટે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીની આંખમાં જળજળીયાં આવી ગયાં અને તેમણે કહયું કે હું આવા લોકોના વહેવાર માટે એક દિવસનો ઉપવાસ કરીશ. આવી વાત કરવાને કારણે આવા અધિકારીઓમાં પરિવર્તન આવ્યું અને એ પરિવર્તન સંવેદનાનું પરિવર્તન. માત્ર ભાવ અને દંડના આધાર

ઉપર નહીં, પરંતુ એમની અંદર પડેલી સંવેદના જગાડવી.આ કર્મ યોગી યોજનાના માધ્યમથી તાલીમ, એટલે અંદર પડેલો આત્મા જાગે, એ અંદર પડેલો આત્મા એ પ્રજાભિમૂખ બને માનનીય અધ્યક્ષશ્રી.

**સભાપતિશ્રી :** માનનીય શંકરભાઈ, તમારો ફાળવેલો સમય પૂરો થાય છે. હવે કેટલો સમય આપને જોઈશે?

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : બે મિનીટની અંદર હું પૂરું કરીશ. હમણાં જ પૂરું કરી દઈશ. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કર્મચારીને પ્રોત્સાહિત કરવાનું પણ દેખાય છે. એ ગુજરાતના કોઈ પોલીસ અધિકારી એવરેસ્ટ શીખર ઉપર ચડે, આપણું અને ગુજરાતનું ગૌરવ છે. અતુલ કરવાલ નામના એક અધિકારીએ એવરેસ્ટ શીખર સર કરેલુ, આ કર્મયોગી યોજના અને રાજય સરકારનો અભિગમ અંદર પડેલી સુશુપ્ત શકિતઓને ઉજાગર કરવા માટેની પ્રેરણા મળતી હોય ત્યારે આ અંદરનો આત્મા પ્રોત્સાહિત થાય છે, દરેકની અંદર સારુ કરવાની ભાવના તો હોય જ છે. પણ યોગ્ય વાતાવરણ મળતું નથી કોઈ પ્રેરણા આપવા વાળું નથી મળતું હોતું, આજે અનેક લોકોની અંદર બદલાવ આવ્યા છે. જિલ્લા વિકેન્દ્રીકરણ યોજનાની અંતર્ગત ખૂબ સારી જોગવાઈ કરવામાં આવી છે. અને હવે અહીંથી જ માત્ર નિર્ણય નાણાનો ન કરતા જિલ્લા કક્ષાએ એ નાણાની જોગવાઈ કરવામાં આવે છે અને ત્યાં બેઠેલા લોકોના પ્રતિનિધિઓની હાજરીમાં એ પૈસાની ફાળવણી થાય તે ખૂબ આનંદ અને ગૌરવનો વિષય છે, સંસદ સભ્યની ગ્રાન્ટની જોગવાઈ હોય, ધારાસભ્યની ગ્રાન્ટની જોગવાઈ હોય, તેના માટે પણ આખી એક સીસ્ટમ બનાવીને સમયસર તે વપરાય અને સમયસર પ્રજાના ઉપયોગમાં આવે, આ ખૂબ સારી નીતિ, અને સારી નિયતીના કારણે અત્યારે અમલીકરણ નીચે સુધી પહોંચી રહયું છે. જે વિસ્તાાર બાકી રહી ગયો હોય પછાત રહી ગયો હોય તેવા અલગ અલગ તાલુકાઓને વિકાસ શીલ તાલુકાઓની સાથે આગળ લાવીને એ પણ બાકીના આગળ વધેલા તાલુકાઓની હરોળમાં આવી શકે તે માટે અતિ પછાત એવા તાલુકાને રાજય સરકારે આગળ લાવવા માટે અગાઉના વર્ષે ૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી અને આ વર્ષે પણ ગયા વર્ષના બજેટમાં અને આ વર્ષે પણ બે કરોડ રૂપિયા એક એક તાલુકાને આપી શકાય તેની સ્પેશિયલ જોગવાઈ કરી છે, તેટલું જ નહીં પરંતુ અલગ અલગ વિભાગોનું સંકલન કરીને આ અલગ અલગ ક્ષેત્રમાં જે સૌથી પછાત રહી ગયા છે અને વિકાસ નથી થઈ શકયો તેવા તાલુકાઓને વિકાસશીલ તાલુકાની હરોળમાં લાવવા માટે રાજય સરકારે ખૂબ સારી વ્યવસ્થા કરી છે. એ માટે સામાન્ય વહીવટ વિભાગે આયોજન કર્યુ છે. તેને પણ અભિનંદન આપું છું. રાજય સરકારની આ જે માગણીઓ છે તેની અંદર પૂરેપૂરું મારું સમર્થન કરું છું. અને ખૂબ સારું આવતીકાલનું ગુજરાત, એક નવો સૂર્ય વિકાસની દ્દષ્ટિમાં ઉગી રહયો છે. અને ગુજરાતની આવતીકાલનું ભવિષ્ય સુવર્ણ અક્ષરે લખાય તે પ્રમાણેના દિવસો આવી રહયા છે ત્યારે આ માગણીઓને મારું સમર્થન કરું છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ અને માહિતી વિભાગની માગણી નંબરઃ ૩૦ થી ૩૩, ૩૫, ૫૪ સુધીની જે માગણીઓ લઈને આવ્યા છે, તેમાં મારો સૂર પૂરાવું છું. ગુજરાત રાજયે ખૂબ સારી પ્રગતિ કરી છે. સમગ્ર દેશમાં દરેક ક્ષેત્રમાં નંબર વન રાજય તરીકે આપણે આગળ વધી રહ્યા છીએ. સામાન્ય વહીવટમાં, આયોજન પ્રભાગની વાત કરીએ તો જે ગ્રાન્ટની સત્તાઓ છે તે સત્તાઓ જિલ્લા લેવલ સુધી જાય તેના માટે વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમનો ૧૯૮૦થી આ રાજયમાં અમલ થયેલો છે. આ આયોજન મંડળના અધ્યક્ષ જે તે જિલ્લાના પ્રભારી હોય છે અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હોય, તમામ સંસદ સભ્યો, ધારાસભ્યો અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ આ કાર્યક્રમમાં સભ્યો હોય છે. જે બજૅટમાં જોગવાઈ કરેલી હોય છે એટલી રકમના કામોની મંજૂરી આપવાનું કામ આ જિલ્લા આયોજન મંડળમાં થતું હોય છે. આનાથી પ્રજાના નાના નાના કામો છે જે રાજય સરકાર સુધી આપણે લાવી શકતા નથી એવા કામોને જિલ્લા આયોજન મંડળમાં મંજૂરી આપવામાં આવે છે.

વર્ષ ૨૦૦૯-૧૦ માટે ૨૯૨૮૮.૫૬ લાખની જોગવાઈ કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ સ્વતંત્ર દિન, પ્રજાસત્તાક દિન, ગુજરાત સ્થાપના દિન, ધારાસભ્ય ફંડ, પ્રોત્સાહક જોગવાઈ અને ૩૦ વિકાસશીલ તાલુકા તેમજ વિવેકાધીનની જોગવાઈ પણ આની અંદર કરવામાં આવેલ છે. ૩૧-૨૦૦૯ સુધીમાં આ કાર્યક્રમ હેઠળ અનેક સિદ્ધિઓ હાંસલ કરેલ છે. પ્રાથમિક શાળાઓના ઓરડાઓની વાત કરું તો ૩૦૮૮૪ જેટલા ઓરડાઓ આ યોજના હેઠળ બનેલા છે. એ જ રીતે પાણી પુરવઠાની વાત કરું તો ૬૩૬૫૧ જેટલા કામો આ યોજના હેઠળ થયેલા છે. ૬૮૯૩૬ જેટલા લીંક માર્ગો અથવા ગામોના આંતરિક રસ્તાઓ બનેલા છે. ૫૧૧ જેટલી બંધ પડેલ પાણી પુરવઠા યોજનાઓ આ કાર્યક્રમ હેઠળ ચાલુ કરવામાં આવેલ છે. પ્રાથમિક શાળાના ૪૧૩૦ વર્ગખંડોની મરામત કરવામાં આવેલી છે એ રીતે ૧૪૬૯ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું રિપેરીંગ કામ થયેલ છે.

ગુજરાત રાજયને દેશમાં સૌથી મોટો આશરે ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો મળેલો છે. એ દરિયા કિનારે ૩૮ તાલુકાઓ, ત્રણ હજાર ગામો અને ૬૦ લાખ લોકોના સર્વાંગી વિકાસ માટે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ૧૧ હજાર કરોડની પંચવર્ષીય યોજના આ વિસ્તાર માટે તા. ૬-૩-૨૦૦૭ના રોજ જાહેર કરેલ છે. આ યોજનાનો ૧૨ મુદ્દાના કાર્યક્રમમાં સમાવેશ કરેલો છે. આ યોજના હેઠળ કૌશલ્ય વર્ધક કાર્યક્રમો કરવા, રોજગારી પૂરી પાડવી, એમને ઘરો આપવા, જમીનોનું રક્ષણ કરીવું, શિક્ષણની સુવિધા પૂરી પાડવી તેમજ સાગરકાંઠે રાષ્ટ્રીય સુરક્ષા પૂરી પાડવી અને આરોગ્ય જેવા કાર્યક્રમોનો સમાવેશ કરેલો છે. આ

રાજયમાં પછાત તાલુકાઓના અભ્યાસ માટે તપાસ સમિતિ નીમી હતી એ સમિતિના તપાસ અહેવાલના આધારે રાજય સરકારે ઘણા બધા પછાત તાલુકાઓની શોધ કરેલી છે. આ પછાત તાલુકાના લોકોનો પણ અન્ય વિકસિત તાલુકાની માફક સર્વાંગી વિકાસ થાય એ હેતુથી રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ પછાત તાલુકાઓ છે એમને વિકસિત તાલુકાનું નામ આપ્યું છે અન્ય ગ્રાન્ટ ઉપરાંત દર વરસે બે કરોડની ગ્રાન્ટ અલગથી આપવામાં આવે છે. તાલુકાના વિકાસની જવાબદારી ઉચ્ચ કક્ષાના અધિકારીને સોંપવામાં આવે છે. આ ઉચ્ચ કક્ષાના અધિકારી એ સચિવ કક્ષાના હોય છે અને તેઓ તાલુકાના વિકાસની જવાબદારી લેતા હોય છે. આ ઉચ્ચ કક્ષાના અધિકારીને સોંપવાનો નિર્ણય રાજય સરકારે ૧૭-૨-૨૦૦૯ના રોજ કરેલો છે. તાલુકાના ઈન્ચાર્જ સચિવ તરીકે આ અધિકારી તાલુકાનો ડેવલપમેન્ટ પ્લાન કરીને જે તે પ્રભારી મંત્રીશ્રી, સંસદસભ્ય, ધારાસભ્ય અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રી સાથે બેઠકનું આયોજન કરી. બે કરોડ રૂપિયાનું આયોજન આ રાજય સરકારને મોકલાવતા હોય છે. સમગ્ર હિંદુસ્તાનમાં વિદેશમાં જઈને વસવાટ કરીને પોતાનો ધંધો-રોજગાર કરનાર જો સૌથી વધારે સંખ્યા હોય તો સમગ્ર વિશ્વમાં ગુજરાતીઓ છે. તેમની માતૃભાષા, સંસ્કૃતિ અને સંસ્કારો સાથે સંબંધ જળવાઈ રહે, તેમની સમસ્યાનું નિરાકરણ થાય અને તેમને જરૂરી માર્ગદર્શન મળે, તેમજ તેમના જ્ઞાનનો લાભ આપણું રાજય પણ લઈ શકે તેના માટે આ રાજય સરકારે ૧૯૯૮માં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બિન નિવાસી ભારતીયોના પ્રભાગની રચના કરેલી છે. બિન નિવાસી ગુજરાતી સમાજો, મંડળોના ડેટા બેઝ ભેગા કરવામાં આવે છે અને સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતીઓનો વસવાટ છે તેમના નામ-સરનામા, એડ્રેસ સાથે તેમનો જીવંત સંપર્ક રાખવામાં આવે છે.

**સભાપતિશ્રી** : માનનીય ગણપતભાઈ, ફાળવેલ સમય પૂરો થયો છે. વધુ કેટલો સમય લેવા માગો છો?

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : એક જ મિનિટ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી સમાજના નિર્માણ માટે પાત્રતા ધરાવતી સંસ્થાઓ કે સમાજને ૧૦ લાખ રૂપિયા જેવી સહાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ આ વર્ષે ૨૦૦૯-૧૦માં ભોપાલ, ચંદીગઢ અને મદુરાઈના ગુજરાતી સમાજને આ સહાય ચૂકવવામાં આવી છે. આ રાજય સરકાર દ્વારા જાન્યુઆરી માસમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ વિશ્વ ગુજરાતી પરિવાર તરફથી રાખવામાં આવે છે અને સમગ્ર વિશ્વના ગુજરાતીઓ આપણાં રાજયમાં આવીને આ પતંગ મહોત્સવ ઉજવે છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારો હાર્દિક ટેકો છે અને આ સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેના સમર્થનમાં હું મારી વાત મૂકવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં લોક શિક્ષણ, લોક જાગૃતિ અને લોક ભાગીદારી આ ત્રણ બાબતો ખૂબ જ મહત્વની હોય છે. આ ત્રણે બાબતોનું જ્યારે સારી રીતે મોનીટરીંગ કરવામાં આવતું હોય ત્યારે તેના ખૂબ સારા પરિણામો મળી શકે. આપણાં ગુજરાતમાં જે ઝડપથી ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે, ખેતી, શિક્ષણ એ દરેક ક્ષેત્રમાં જે રીતની કામગીરી થઈ રહી છે તે પ્રસંશાને પાત્ર છે. તે બધી કામગીરીની માહિતીનો યોગ્ય રીતે પ્રજાના હિતમાં ઉપયોગ કરવા માટે માહિતી ખાતું જે આયોજન કરે છે તે ખરેખર પ્રસંશાને પાત્ર છે. આ રાજયના ગામડાંમાં લોક ભાગીદારીથી લગભગ ૧૦,૦૦૦ જેટલા ટી.વી. સેટ ગોઠવવામાં આવ્યા છે. આદિજાતિ વિસ્તારમાં ૩,૬૩૨, અનુસૂચિત જાતિ માટે ૪૫૨ વિનામૂલ્યે એ સેટ મૂકવામાં આવ્યા છે અને ગુજરાતની સરહદની રક્ષા કરતા બી.એસ.એફ.ના જવાનો માટે પણ માહિતી ખાતા દ્વારા ૬૪ આ રીતના સેટા યગોઠવવામાં આવ્યા છે. પ્રજાલક્ષી વિકાસ યોજનાની માહિતી અંતરિયાળ વિસ્તારમાં લોકો સુધી પહોંચે અને ગામડાંના તમામ લોકો એ વાતને જાણે. રાજય સરકારના જે કામો છે એ કામગીરી માટે પોતે કોઈ સૂચનો કરવા માગતા હોય. પોતે કોઈ સૂચન કરવા માગતા હોય, એમના પ્રતિભાવ હોય એને પણ મેળવવા માટેની વ્યવસ્થા માહિતી ખાતા દ્વારા કરવામાં આવી છે. પ્રજાની અપેક્ષાઓ અને પ્રજા પોતે જે યોજનાઓ છે એનો લાભ લે એના માટે પણ માહિતી ખાતા દ્વારા ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્ષેત્રની અંદર પણ ધોરણ- ૧૦ અને ૧૨ પાસ થયા પછી વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે એના માટે માહિતી ખાતા દ્વારા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક બહાર પાડવામાં આવે છે અને પોતે કઈ લાઈન લેવી, કયા વ્યવસાયમાં જોડાવું એની માહિતી એમાંથી મળી રહે છે. જિલ્લાની અને તાલુકાની જે કચેરીઓ છે એના દ્વારા લગભગ આખા ગુજરાતની અંદર ૫૦૦૦ જેટલા પ્રદર્શનો કરીને એનાથી પ્રજામાં વ્યસનમૂકિત થાય, કુરિવાજોમાંથી મુકિત થાય એવા પ્રયાસો કરવામાં આવે છે. આ વિભાગની આયોજન સદરની રૂ.૨૪.૧૦ કરોડની જે જોગવાઈ છે એમાંથી આદિજાતિ વિસ્તાર માટે રૂ.૪.૨૫ કરોડની વ્યવસ્થા કરવામાં આવી છે. સરકાર એના તમામ ખાતાઓની જે કોઈ નિવિદાઓ હોય છે એને અપડેટ કરીને સારી રીતે વેબસાઈટ ઉપર મૂકવાનું કામ માહિતી અને પ્રસારણ ખાતું કરે છે. આપણા રાજયના બેરોજગાર યુવાનોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેના માટે કેન્દ્ર સરકાર, બોર્ડ, કૉર્પોરેશન અને રાજય સરકારની સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી ભરતી વિષયક વિજ્ઞાપનો ગુજરાતી ભાષાની અંદર સંકલિત કરીને ગુજરાત રોજગારમાં આપવામાં આવે છે. જેનાથી આપણા યુવાનોને માર્ગદર્શન મળી રહે છે. આવી ખૂબ જ સુંદર કામગીરી માહિતી અને પ્રસારણ વિભાગ કરે છે. એમ તો જવા જઈએ તો ગુજરાત જે રીતે કામ કરી રહ્યું છે, ગુજરાત સરકારના

તમામ વિભાગો પ્રજાલક્ષી કામો જે દિલ દઈને કરે છે, આપણા મુખ્યમંત્રીશ્રી એમને જે રીતે માર્ગદર્શન આપે છે એ જોઈને મારી બનાવેલી પંકિતઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને સમર્પિત કરું છું.

" સમાજ મારા આરાધ્ય દેવ, હું પૂજારી, સમર્પિત થઈ કરું પૂજા આ ભાવ નિરંતર રહે,
ભેદભાવ, ગરીબી, અજ્ઞાનતાના દૈત્યોની સામે લડવું મારે, નથી કરવી કષ્ટોની પરવા,
ના ડરું હું ના ડગુ, પ્રશંસા, પુરસ્કારની ચાહના નથી, આ માર્ગે સતત ચાલતો રહું
તેવી શકિત દેજે પ્રભુજી, તેવી શકિત દેજે પ્રભુજી."

આ ઉમદા ભાવ અને સમર્પણ લઈને આપણા મુખ્યમંત્રીશ્રી નીકળ્યા છે ત્યારે ગુજરાતની તમામ પ્રજા આજે એક નવી આશા અને વિશ્વાસથી કહે છે કે, અમારું ગુજરાત ભારતની અંદર નંબર વન છે અને અમારા મુખ્યમંત્રીશ્રી પણ નંબર વન છે, છે અને છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના અનેક મિત્રોને મુખ્યમંત્રીનું નામ લેવામાં આવે છે ત્યારે તકલીફ થાય છે. વંશવાદની પરંપરા, નહેરુ વંશની આરતી ઉતારવાની પરંપરાની એમણે જે પદ્ધતિ ચાલુ કરી છે ત્યારે એમણે શરમાવાની જરૂર છે એમને શરમ હોવી જોઈએ. આપણે તો ભારત માતાના પૂજારી છીએ અને સમર્પિત મુખ્યમંત્રી ગુજરાતને મળ્યા છે ત્યારે તમામ ગુજરાતીઓએ ગૌરવ લેવું જોઈએ.

**શ્રી ૫૮/page>પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી પ્રસાર અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન પુરાવુ છું. મહત્વનો વિભાગ છે સામાન્ય વહીવટ વિભાગ, નામ એનું સામાન્ય પણ ખરેખર આ વિભાગ સામાન્ય નથી. વિચાર કરીએ તો રાજયની અંદર જેટલા વિભાગો છે સરકારના એ વિભાગનો પ્રાણ છે આ સામાન્ય વહીવટ વિભાગ. રાજયની પ્રગતિની બાબત હોય કે વિકાસનું સંચાલન હોય એમાં આ વિભાગની ખૂબ જ અસરકારક ભૂમિકા છે. રાજયના વહિવટી તંત્રના સૌ જાણે છે કે આ દેશની અંદર આપણા વહીવટીતંત્રના વખાણ થાય છે. આપણા અધિકારીશ્રીઓ પહેલાના જમાનામાં ઓફીસમાં બેસીને કામ કરતા હતા પણ આજે આપણે જોઈએ છીએ તો એ કન્યા કેળવણી રથયાત્રા હોય, સરકારના કોઈ કાર્યક્રમ હોય તો ગામડામાં અંદર જઈને પણ પોતાનું યોગદાન જઈને પૂરાવે છે. આજે મારો અનુભવ છે કે મારા વિસ્તારમાં હમણા મુખ્યસચિવશ્રી કન્યા કેળવણીની અંદર પધારેલા અને ગામડાની અંદર એને પ્રોત્સાહન પૂરું પાડવા માટે એમણે જે વાત મૂકી હતી એ ખરેખર વખાણવા લાયક છે અને જયારે અધિકારીઓ પોતે કામ કરતા હોય, મને ખ્યાલ છે ચોમાસાની અંદર નાયબ કલેકટર જેવા કલેકટરો પણ અડધા કેડ સમા પાણીની અંદર રહીને બચાવ કામગીરીની અંદર કામ કરતા હોય છે ત્યારે ખરેખર હું સામાન્ય વહીવટ વિભાગની માગણીને આવકારું છું. ન્યાય માટેની વાત કરીએ, સામાન્ય માણસની વાત કરીએ, ગામડાનો માણસ પહેલાના શાસનમાં તાલુકા કક્ષાએ મામલતદારની ઓફીસમાં જઈ શકતો નહોતો, તાલુકા વિકાસ અધિકારીની ઓફીસમાં જઈ શકતો નહોતો આજે સામાન્ય માણસ ન્યાય મેળવવા માટે મુખ્યમંત્રીશ્રીએ ઓનલાઈન સ્વાગત કાર્યક્રમ શરૂ કર્યો છે. ગમે ત્યારે પ્રશ્ન પૂછવામાં આવે તો તંત્રના આ વિભાગ મારફતે એને મુખ્યમંત્રીશ્રી એને સાંભળી તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પણ જો એને ન્યાય ના મળ્યો હોય તો એને ન્યાય પૂરો પાડવામાં આવે છે. એવી જ રીતે માનનીય મુખ્યમંત્રીની કચેરીમાં જનસંપર્ક કાર્યક્રમ પણ ચાલે છે એની અંદર પણ અરજદારોની અરજીઓ લઈ એનો નિકાલ કરવાની સરસ મજાની ઝુંબેશ ચાલે છે, એનું પણ ખૂબ જ સારું પરિણામ આપણને મળ્યું છે.

ચૂંટણીની કામગીરી એ સામાન્ય વહીવટ વિભાગ સંભાળે છે અને આપણે પણ સૌ જાણીએ છીએ કે જયારે જયારે ચંટણીઓ થાય અને અન્ય રાજયોમાં પણ ચૂંટણીઓ થતી હોય છે. કેટલા બુથકેપ્ચ્યરીંગના ગુના, કેટલા મારામારીના ગુના, ખુનામરકીના ગુના બનતા હોય છે, તાજેતરમાં લોકસભાની ચૂંટણીનું સંચાલન ખૂબ જ સારી રીતે કર્યુ છે અને આ વિભાગને એના માટે હું આવકારુ છું.. રાજયની અંદર આવકના અંદાજો, અને અને રાજયના ઘરગથ્થું ઉત્પાદનના અંદાજો આ વિભાગ સંભાળે છે. એનો જી.એસ.ડી.પી. જે તૈયાર કરવાની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ સંભાળે છે. રાજયના વિકાસ દરની માહિતી તૈયાર કરવામાં આવે છે. અને માથાદીઠ આવક આ બધા આંકડા તૈયાર કરી અને ભારત સરકારને નવી દિલ્હીમાં આયોજન પંચને મોકલવામાં આવે છે. મહેસૂલી ખાધની ટકાવારી પણ આ જી.એસ.ડી.પી.ના અંદાજોમાં ખૂબ જ મહત્વનું છે. જી.એસ.ડી.પી.ની વાત કરું તો આજે સમગ્ર દુનિયાની અંદર મંદીનો માહોલ છે. સમગ્ર દેશની અંદર આર્થિક મંદી જયારે પ્રવર્તતી હોય ત્યારે જી.એસ.ડી.પી.માં ભારત સરકારે ૦.૫ ટકાની છૂટછાટ આપી છે. રાજયોની મહેસૂલી ખાધ જે શૂન્ય રાખવાના લક્ષ્યાંકો હતા એમાં પણ ભારત સરકારે આપણને છૂટછાટ આપી છે. છઠ્ઠું પગારપંચ, આપણે સૌ જાણીએ છીએ કે ૨૦૦૯-૧૦ના આપણા જે બજેટ ઉપર રુ. ૪હજાર કરોડ જેટલો બોજો પડયો છે. પગાર અને પેન્શનના ચૂકવણા માટે, આવા સંજોગોમાં પણ આ વિભાગે જી.એસ.ડી.પી.ની ૩ ટકાની જે મર્યાદા જાળવી રાખી છે તે ખૂબ જ પ્રસંશનીય છે.

માહિતી ખાતાની વાત કરું તો આ રાજય સરકારની માહિતી ખાતા દ્વારા જે પ્રજાને ઝડપી અને સરળતાથી માહિતી મળે છે એની અંદર ખૂબ જ સારા પ્રયત્નો કર્યા છે એના માટે ખાસ ૨૦૦૮-૦૯ની અંદર ખાસ મલ્ટી મીડીયા ફિલ્મ, ૧૧૦ ટી.વી. દસ્તાવેજો અને ૪ કવીકનું નિર્માણ કરેલું એની અંદર જયોતિગ્રામ, સમુદ્ર

ગાથા ગુજરાતની, કન્યા કેળવણી અને બીજા અનેક નર્મદા અને વનબંધુ કલ્યાણ યોજનાના જે કાર્યક્રમો હતા એ જી.ટી.વી. ગુજરાતી ઉપર, ઈ ટી.વી. ગુજરાતી ઉપર, ટી.વી. નાઈન ઉપર અને બીજી ચાલુ સ્થાનિક ચેનલો મારફત પણ આ બધી જાણકારી પ્રજા સુધી પહોંચાડવાનું કામ આ વિભાગે કર્યુ છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની વાત કરું તો વિજ્ઞાન એ તો સાધન છે. એ સાધ્ય નથી. વિજ્ઞાનને માનવતા સાથે જો જોડીશું તો એનો સર્વોદય થશે અને વિજ્ઞાનને હિંસા સાથે જોડીશું તો સર્વનાશ થશે એવું જીનીવાની અંદર અણુ પરિષદમાં ડૉ. વિક્રમભાઈ સારાભાઈએ કહેલું. આપણે સૌ જાણીએ છીએ કે અમદાવાદ ખાતે આ વિભાગ તરફથી સાયન્સ સિટીનું નિર્માણ થયું છે. આજે દેશભરમાં આ સાયન્સ સિટીના વખાણ થાય છે. વિશાળ પાયે વિજ્ઞાન અને એના પ્રશિક્ષણને જ્યારે લોકપ્રિય બનાવ્યું હોય ત્યારે સામાન્ય લોકો પણ આનો લાભ લઈ રહ્યા છે. સામાન્ય માણસ જ્યારે સાયન્સ સિટીમાં આવે અને એનો લાભ લે ત્યારે એના દિમાગ ઉપર પ્રશંસાની છાપ ઊભી થાય છે. અમદાવાદના સાયન્સ સિટીની અંદર આઈમેક્સ થ્રીડી એક અદ્‌ભુત વસ્તુ છે. આઠ માળ જેટલી ડિઝીટલ સાઉન્ડ સાથે આપણને કલ્પનાની અંદર જોવા મળે એવી દુનિયામાં લઈ જાય છે. એ સિવાય સાયબલ વર્લ્ડ થ્રીડી અને એના દ્વારા વિજ્ઞાનના જે કાંઈ લાભો મળે છે એનો આનંદથી આપણી જનતા લાભ લે છે. આ વિભાગે વર્ષ ૨૦૦૮-૦૯ની અંદર ૫૩.૨૦ કરોડની જોગવાઈ કરેલી અને ૧૩૫ ટકાના વધારા સાથે આ વર્ષે ૨૦૦૯-૧૦માં ૧૨૫ કરોડની જે માગણી લઈને આવ્યા છે એ માગણીને હું આવકારું છું.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૦નું વર્ષ ગુજરાત માટે સ્વર્ણિમ વર્ષ બની રહે તે માટે જ્યારે ગુજરાત રાજ્યને ૫૦ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે ત્યારે આખું ગુજરાત ઉજવણીના અવસરમાં ઉત્સાહિત થાય એ સ્વભાવિક છે. આ ઉત્સવની પૂર્વસંસ્ધ્યાએ આવીને ઊભા છીએ ત્યારે આગામી સાઈટ ટુ સેટેલાઈટના આ સમયમાં સરકાર અદ્યતન ટૅક્નૉલૉજીની રાજ્યની જ્ઞાન આધારિત અર્થ વ્યવસ્થામાં સિંહફાળો ધરાવે છે. સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકના માનનીય મંત્રીશ્રી જે અનુદાનની માગણીઓ લઈને આવ્યા છે તે માગણીઓને હું મારું અનુમોદન આપવા ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મિડિયાની સકારાત્મક ભૂમિકાની ચર્ચાઓ હર-હંમેશ થતી આવી છે. તેથી ખરા અર્થમાં સમાજમાં સકારાત્મક ભૂમિકા ભજવતા ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત પાક્ષિકની નોંધ આપણે સૌએ લેવી જોઈએ. કલા, સંસ્કૃતિ, શિક્ષણ, રોજગાર જેવી અનેક યોજનાકીય પાસાઓને આવરી લેતા રાજય સરકારના મુખપત્ર તરીકે ૪૯ વર્ષથી પ્રસિદ્ધ થતાં પ્રકાશનને સમાજના તમામ વર્ગનો સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી ગુજરાત પાક્ષિકના રંગરૂપ તેમજ તેમાં સમાવવામાં આવતી માહિતીમાં પણ આપણે ફેરફાર કર્યો છે. આના પ્રતિસાદરૂપે આપણા ગુજરાત પાક્ષિકના આ પ્રકાશનનો ફેલાવો અંદાજે ૧.૭૫ લાખ સુધી પહોંચ્યો છે. ગુજરાત પાક્ષિકમાં પીરસવામાં આવતી લોકોપયોગી માહિતીના કારણે આજે નકલોમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. આ ગુજરાત પાક્ષિક માત્ર ગુજરાતીઓનું જ ન બને અને દેશ-વિદેશમાં પણ ગુજરાત પાક્ષિકનું વાંચન થાય તેના માટે સરકારશ્રીએ અંગ્રેજીમાં તેમજ હિન્દી માસિક તરીકે પ્રસિદ્ધ થાય તેવા પ્રયત્નોનું આયોજન કર્યું છે. હું એટલું જ કહીશ કે ગુજરાત પાક્ષિક માત્ર સરકારનું નહીં પણ લોકોનું મેગેઝિન છે. જ્યારે આપણે આઈ.ટી. ક્ષેત્રે આગળ વધી રહ્યા છીએ ત્યારે આઈ.ટી. ક્ષેત્રનો પણ માહિતી અને પ્રસારણમાં અસરકારક ઉપયોગ કરી શક્યા છીએ. જ્યારે આ વિભાગ દ્વારા ત્રણ મહત્ત્વના કાર્યક્રમો કાર્યરત છે. જેમાં ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅક્નૉલૉજી, સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી અને બાયો ટૅક્નૉલૉજીના વિકાસ તરફ આપણે જ્યારે આગળ વધી રહ્યા છીએ ત્યારે આ ટૅક્નૉલૉજીના કારણે પેપરલેસ એડમિનિસ્ટ્રેશનનું સ્વપ્ન પણ સાકાર થવા જઈ રહ્યું છે. જ્યારે જી.સ્વાનની રચના કરી, ઈલેકટ્રોનિક મિડિયામાં થઈ રહેલ ઝડપી વિકાસનું અભિનંદનીય કાર્ય સરકારે કર્યુ છે ત્યારે મિડિયા રિસ્પોન્સ સિસ્ટમ ઈ-મેઈલ દ્વારા માહિતી અને પત્ર વ્યવહારની અસરકારક કામગીરી, જી-સ્વાનના ઉપયોગથી જિલ્લા સાથેનો સંપર્ક અને કેબલ નેટવર્કથી વિવિધ સી.ડી. તૈયાર કરી રાજ્યના કેબલ ઓપરેટર્સ દ્વારા સરકારની કામગીરી પહોંચાડવાનો પ્રયાસ આ વિભાગ દ્વારા થઈ રહ્યો છે. જ્યારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક ક્ષેત્રે આગળ વધી રહ્યા છીએ ત્યારે રાજ્યના નાગરિકોને માહિતી અને સેવાઓ સહેલાઈથી મળી રહે તે માટે કોમન સર્વીસ સેન્ટરો પણ ઊભા કરવામાં આવ્યા છે. પંચાયત વિભાગને પણ ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામ સાથે જોડીને ગામડાઓને પણ ઈ-કનેકટીવિટીથી જોડ્યા છે અને આજે વિધાનસભાના પ્રશ્નો પણ સભ્યો ઈ-મેઈલ દ્વારા મોકલી શકે છે.

**સભાપતિશ્રી :** આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## યુવાનો પર થયેલા હુમલા અંગે

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ગત શુક્રવારના દિવસે જે ઘટના ઘટી અને વિરોધપક્ષના કેટલાક ધારાસભ્યશ્રીઓ દ્વારા ગુજરાતની પ્રજાના કેટલાક યુવાનો ઉપર હુમલો થયો એના અંગે આપણે હમણાં વાત પણ કરી. પરંતુ મારે એ બાબતે આ સભાગૃહનું ધ્યાન આપના માધ્યમથી મૂકવું છે કે ચૂંટાયેલા પ્રતિનિધિ બે લાખથી વધુ મતદારોનું પ્રતિનિધિત્વ કરતા હોય. બે લાખ પ્રજાના પ્રતિનિધિ જ્યારે કોઈ પ્રજા, લોકો અહીં આગળ આવેલા હોય એની સામે ઉશ્કેરણીજનક કોઈ ઘટના બને અને એમાંય ટી.વી.ની અંદર જે વિગતો જોઈ અને પ્રજા જે વાત કરે છે એ વાત માત્ર જેમણે આ કૃત્ય કર્યુ છે એવા ધારાસભ્ય પુરતું જ નહિ પણ વિધાનસભા ગૃહની અંદર આવેલા અમને પણ લાગે છે. વિધાનસભાની અંદર કાળાં કપડાં પહેરીને..

**અધ્યક્ષશ્રી** : જે વસ્તુ ઉપર મેં નિર્ણય આપ્યો છે એને બાદ રાખીને વાત કરો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે હુમલો કર્યો જેના કારણે વિધાનસભાની, હમણાં અમે વિધાનસભાની બહાર ગયા ત્યારે યુવાનોએ અમને વાત કરી કે સાહેબ વિધાનસભા જોવા આવવું છે પણ પરમ દિવસની જે ઘટના હતી અને જે પ્રમાણે ધારાસભ્યો પ્રજાના કેટલાક ગુજરાતના યુવાનોને જે પ્રમાણે મારામારી કરતા હતા અને જે દૃશ્યો જોયાં અને જેના કારણે આ વિધાનસભાના સભ્ય તરીકે પણ એક લાંછન લાગે એવી ઘટના છે, એની ગરિમાને શોભે નહિ એવી ઘટના છે ત્યારે પ્રજાનો કોઈ વ્યકિત ગુનો કરે છે ત્યારે એના ઉપર સજા થતી હોય છે તો આ બે લાખ મતદારોનું પ્રતિનિધિ જ્યારે આ પ્રમાણેનો ગુનો કરે ત્યારે એની ગૃહની ગરિમા જોતા આ બાબતમાં કડક પગલા લેવાવા જોઈએ. ભલે આ ગૃહના પરિસરની અંદરની ઘટના ના હોય પરંતુ બહાર પણ ઘટના થાય છે તો વાત એવી થાય છે કે ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ધારાસભ્યોએ આ પ્રમાણેનો હુમલો કર્યો એ ગુજરાતની વિધાનસભાની ગરિમા માટે પણ આ બાબત સારી નથી અને ખાસ કરીને આવતીકાલનું ભવિષ્યના જે યુવાનો છે એના ઉપર આ પ્રમાણેના હુમલા થાય અને ગુજરાતના યુવાનો ધારાસભ્યથી ગભરાય કે બીક લાગે તો હું માનું છું કે એ લોકશાહી પરંપરા પ્રમાણે પણ આ બાબત ઠીક નથી. આ બાબતે આપની કક્ષાએથી યોગ્ય પગલાં લેવાય એવી આપને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : આ જ વિષય ઉપર છે કે બીજું કાંઈ?

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની જે પરંપરા છે. ગૃહમાં જે આપણે જવાબદારી લઈને આવ્યા છીએ. ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા એ આપણને બધું જોઈ રહી છે ત્યારે વિરોધપક્ષના ખુદ નેતા અને એમના કેટલાક ધારાસભ્યો જેની સીડી પણ અમારી પાસે છે એવા આ પ્રજાના પ્રતિનિધિઓ જે ચૂંટાઈને આવ્યા છે એ સામાન્ય કાર્યકરો ઉપર જીવલેણ હુમલા કર્યા છે. આ કોઈ નાનીસૂની ઘટના નથી અને એટલા માટે જ આના માટે જેટલા પણ કડકમાં કડક કાયદે કામ લેવું પડે એમાં લેવા જેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વાત..

**અધ્યક્ષશ્રી** : જયંતીભાઈ ખૂબ ટૂંકમાં કહો અને હું એક કે બેથી વધારે સભ્યોને નહિ કહું. કારણ કે એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. તમે એના ઉપર બોલો છો. આ વિષયની ચર્ચા મેં નથી આપી. બહુ મર્યાદાની અંદર રહેશો વધારે હું નહિ બોલવા દઉં. નહિ.. એકજ જણને હવે, પ્રફુલભાઈ તમારે કાંઈ કહેવું છે?

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર છે. ગંભીર એટલા માટે છે કે એ ગૃહની અંદર પણ પરંપરા નથી જાળવતા અને ગૃહની બહાર પણ આ પ્રકારનું વર્તન, માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે ગૃહની અંદર કાળાં કપડઁ પહેરીને આવ્યા..

**અધ્યક્ષશ્રી** : અરે એ વાત થઈ ગઈ છે અને એનો મેં નિર્ણય પણ આપી દીધો છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની બહાર આ જાતનું વર્તન અને એક સામાન્ય માણસો ઉપર આ હુમલા થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ચિત્રો એ કોઈ ચિત્રો ઉપર હુમલો નથી. પણ આપણા હ્રદય સમાન.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) આ જે પ્રશ્ન ઉપર મેં ચુકાદો આપી દીધો છે એની ચર્ચા ન કરો, આ વિષયની ઉપર મેં ચર્ચા નથી આપી. પૉઈન્ટ ઑફ ઑર્ડર રજૂ કર્યો છે એના અનુસંધાને તમારે કાંઈ નિયમોથી ટાંકીને કહેવું હોય તો કહો, આપ બેસી જાઓ. પ્રફૂલભાઈ.(અંતરાય) મને પૂરતી વિગતો મળી ગઈ છે, એક બેથી વધારે નહીં, માનનીય મંત્રીશ્રીને કાંઈ કહેવું હોય તો કહે, મેં ગંભીરતાથી લીધું છે.(અંતરાય) આપે સવારે કહી દીધું છે.(અંતરાય) તમારે બજૅટ ઉપરની ચર્ચા કરવાની છે કે નહીં? તમારા ઉપર (અંતરાય) કોઈ ચર્ચાની મર્યાદાઓ ન રાખું તો એ ચાલે નહીં.(અંતરાય) ક્માભાઈ, પ્લીઝ. ( આ તકે સભ્યશ્રી જયંતિભાઈ ભાનુશાળી કાંઈક બોલતાં ) હું મારે જે કહેવું જે એ જજમૅન્ટ, નિર્ણય પર આવું એ પહેલાં (અંતરાય) (આ તકે કોઈક સભ્યશ્રીએ, કાર્યકર્તાઓ ઉપર હુમલાઓ કરે તો આની ગંભીરતાથી તપાસ થવી જોઈએ એમ બોલતાં) પહેલી વસ્તુ એ છે કે, મેં સવારે પણ કહ્યું છે એની પુન:ઉક્તિ કરું છું કે, જે પ્રિમાઈસીસની અંદર આ બન્યું છે એ સચિવાલયની પ્રિમાઈસીસ છે અને

સચિવાલયના સંકુલની અંદર બન્યું હોય તો એની અંદર અધ્યક્ષનું કાર્યક્ષેત્ર આવતું નથી એટલે મારે કોઈ પગલાં લેવાનાં રહેતાં નથી. બીજી વાત એવી છે કે, જે ઘટના બની છે એ ઘટના વિશેનું મેં મારા અગાઉના રૂલિંગમાં પૂરી વિગતો સાથે મેં વાત કરી દીધી છે એટલે એ મારા નિર્ણયની પુન:ઉક્તિ કરતો નથી. માત્ર એક જ લોકશાહીના જાહેર જીવન, સામાન્ય જીવન અને સામાન્ય ચૂંટણી પૂજ્ય પુરુષોત્તમ માવલંકરનું વાક્ય છે એમાં ગાંધીજીએ કહ્યું છે, એની હું પુન:ઉક્તિ કરું છું, એની હું વાત કહું છું. લોકશાહીની ભાવના બહારથી લાદી ન શકાય તે તો અંદરથી, અંતરથી સ્ફુરવી જોઈએ. લોકપ્રતિનિધિઓની અંદર લોકશાહીની ભાવના હોવી જોઈએ. કારણ કે, સવારે પણ મેં કહ્યું હતું કે, આપણે જો એમ કહેતા હોઈએ કે લોકશાહી લોકો વડે ચાલતી રાજય વ્યવસ્થા છે અને લોકો વડે ચાલતી રાજય વ્યવસ્થા એટલે લોક પ્રતિનિધિઓ દ્વારા ચાલતી રાજય વ્યવસ્થા અને એ લોક પ્રતિનિધિઓની અંદર લોકશાહીની ભાવના એ હું બહારથી લાદી શકીશ નહીં. ગાંધીજીએ પણ કહ્યું હતું એજ વાક્યનો સહારો લઈને હું કહું છું કે, તે અંદરથી જ સ્ફુરવી જોઈએ, નેક્સ્ટ. (અંતરાય) (આ તકે સભ્યશ્રી જયંતિભાઈ ભાનુશાળી કાંઈક બોલતાં) આપ આ અંગેની ફરિયાદ પોલીસ પાસે કરજો. મેં કહ્યું છે, આપ ગૃહમંત્રીશ્રીને મળીને વાત કરજો.નેક્સ્ટ.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## વિપક્ષના નેતાશ્રીના માનનીય અધ્યક્ષશ્રી સામેના વર્તન અંગે

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું એક ગંભીર બાબત પ્રત્યે ધ્યાન દોરવા માગું છું અને સાથે સાથે સન્નમાનીય સભાગૃહનું પણ ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના કામકાજના છેલ્લા ત્રણ દિવસ દરમિયાન આ ગૃહની અંદર જે પ્રકારની વર્તણૂંક થઈ છે, જે પ્રકારનું અશિસ્તનું વાતાવરણ ઊભું થયેલું છે એ વાતાવરણમાં અને વિશેષ કરીને વિરોધ પક્ષના સન્નમાનીય નેતા શ્રી શક્તિસિંહે જે પ્રકારે વર્તન કર્યુ છે એમની સાથેના એમના સાથી સદસ્યોએ જે વ્યવહાર કર્યો છે એ વ્યવહાર પ્રત્યે હું આપનું વિશેષ ધ્યાન દોરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં તમામે તમામ ચૂંટાયેલા ધારાસભ્યશ્રીઓએ શ્રેષ્ઠ આચારસંહિતાઓનું અને નૈતિકતાઓનું પાલન કરવા માટે નૈતિક રીતે પણ બંધાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અંગેના કેટલાક નિયમો પણ બનેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમોની પુસ્તિકના ભાગ-૨માં પાના-૧૧માં એક બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે, માનનીય અધ્યક્ષશ્રી પ્રમુખ સ્થાન તરફ પીઠ રહે તે રીતે બેસે કે ઊભા રહી શકશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ આ છેલ્લા ત્રણ દિવસ દરમિયાન વિરોધ પક્ષના નેતાશ્રી તેમજ તેમના સાથી મિત્રોએ જે પ્રકારે વ્યવહાર અને વર્ણાતૂંક કરી છે એ કયારેય ચલાવી શકાય તેવી બાબત નથી અને હું એમ માનું છું કે, આ પ્રકારની વર્તણૂંક કરનાર લોકો પ્રત્યે ગંભીરમાં ગંભીર પ્રકારની કાર્યવાહી ચોક્કસપણે હાથ ધરવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી અમે લોકો તો પહેલી વખત આ વિધાનસભા ગૃહમાં ચૂંટાઈને આવ્યા છીએ, અમારી પણ કેટલીક ચોક્કસ અપેક્ષાઓ હતી અને કેટલીક કલ્પનાઓ મનમાં હતી પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, મને એમ લાગે છે અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ વારંવાર પોતે એક વાતનો ઉલ્લેખ કરેલો છે કે,આ માત્ર ભવન નથી પણ લોકશાહીનું મંદિર છે જેણે શ્રેષ્ઠ લોકશાહી પરંપરા જાળવવા માટેનો સતત આગ્રહ રાખ્યો છે એવા વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજી મને એમ લાગે છે કે એમની કથની અને કરણીમાં ખુબ મોટો ભેદ હોય એવું જણાઈ આવ્યું. માત્ર બોલવું કંઈ અને વર્તવું કંઈ આ બંને બાબતો મને એમ લાગે છે કે એમની સાથે ફીટ થઈ નથી. આ સન્માનનીય સભાગૃહમાં સદસ્યશ્રીઓ પોતાના વિસ્તારના પ્રશ્નો ખૂબ સરળતાપૂર્વક ચર્ચા કરી શકે, એની વાત કરી શકે, સંવાદ કરી શકે. પરંતુ આ પ્રકારનું વર્તન મને એમ લાગે છે કે ખૂબ અશોભનીય અને કયારેય ન ચલાવી શકાય તેવું છે એટલેથી વાત પૂરી નથી થતી. આ ગૃહની કાર્યવાહી નિહાળવા માટે પત્રકાર મિત્રો પણ અહીંયા ઉપસ્થિત હોય છે સાથેસાથે પ્રેક્ષક ગેલેરીમાં કેટલાક યુવાનો, નાના બાળકો અને મહિલાઓ પણ ઉપસ્થિત રહે છે. આ ગૃહમાં ચાલી રહેલી કાર્યવાહી માટે સમગ્ર રાજયની પ્રજા વિશ્વાસ ધરાવતી હોય છે. આ ગૃહ માટે એક વિશેષ લાગણી અને સદભાવના હોય છે પરંતુ આ કાર્યવાહી જોયા પછી મને એમ લાગે છે જેને ઈલેકટ્રોનિક મીડીયા અને પ્રીન્ટ મીડીયાના માધ્યમથી આ વિરોધ પક્ષના મિત્રો દ્વારા અને ખાસ કરીને એના વિરોધ પક્ષના નેતાશ્રીના વર્તનને જયારે નિહાળ્યું છે ત્યારે તેમની શ્રદ્ધા અને ભાવના પ્રત્યે ઠેસ પહોંચી છે. હું આપશ્રીને વિશેષ વિનંતી કરું છું એમનું જે વર્તન હતું, જે વ્યવહાર હતો એને કારણે માત્ર વ્યકિતગત રીતે આપશ્રીનું નહીં, પરંતુ આ લોકશાહીના મંદિરના પીઠાધીશ છો, આપે આ ગૃહનું શ્રેષ્ઠ રીતે સંચાલન કર્યું છે. આપશ્રીનું અને આ સન્માનનીય સભાગૃહનું એમણે જે અવમાન કર્યું છે, જે અપમાન કર્યું છે એમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ. આ કાર્યવાહી કરનાર મિત્રો સામે એવા પ્રકારની કડક કાર્યવાહી કરવી જોઈએ જેના માટે છ થી સાત પ્રકારની સજાનો ઉલ્લેખ પણ કરેલો જ છે. એવી કડક કાર્યવાહી કરશો જેથી ભવિષ્યમાં પણ કોઈ સદસ્ય આ પ્રકારનો વ્યવહાર કે વર્તણૂક ન કરે એવા પ્રકારની સજાનો નિર્ણય કરીને એક નવો દાખલો બેસાડશો એવી આપની પાસેથી અપેક્ષા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : મેં સવારે પણ મારા નિર્ણયની અંદર એનો ઉલ્લેખ કરેલો છે એટલે તેની પુનરોકિત હું કરતો નથી. પીઠાધીશની સામે જોઈને, અધ્યક્ષની સામે રહીને વિવેકપૂર્ણ વાત કરવી એ આપણા સૌનું ગૌરવ છે અને એ

ગૌરવ જાળવવાની આપણા સૌની જવાબદારી છે અને એ ન જાળવે તો એ સૌથી પહેલા એમની જવાબદારી રહે છે અને એટલા માટે હું સૌને વિનંતી કરું છું કે જો આપણે અહીં લોકશાહીના પ્રતિનિધિ તરીકે આવતા હોઈએ તો લોકશાહીના સિદ્ધાંતમાં સૌથી મોટો સિદ્ધાંત એ વિવેકનો છે, સહિષ્ણુતાનો છે, એકબીજાના પ્રત્યેના આદરનો છે અને અધ્યક્ષપદનો આદર મેં સવારે પણ કહયું હતું કે અધ્યક્ષની સામે જોઈને વાત કરવાનો જે ભાવ આપણી અને દુનિયાની સંસદીય લોકશાહીની જે પ્રણાલિકામાં અપનાવ્યો છે એની પાછળનો ભાવ એ આદરનો ભાવ છે એની સામે પીઠ ફેરવીને વાત કરવી એ અનાદર છે અને એ અનાદર છે એ ફરીથી કહું છું કે લોકશાહીનું તત્વ અને સત્વ હું ઉપરથી લાદી શકતો નથી તે અંદરથી આવવું જોઈએ. (અંતરાય)

પ્રફુલભાઈએ જે પુસ્તકોનો ઉલ્લેખ કર્યો છે હું આ સત્રના અંત પહેલા બંને પુસ્તકો આચાર સંહિતા અને આચાર સંહિતા જે ઘડાઈ એટલે સંસદ અને રાજય કેન્દ્ર શાસિત પ્રદેશોના વિધાનમંડળોમાં શિસ્ત અને ગરિમા જાળવવા માટે જે આચાર સંહિતાનું મોડલ આપણે સ્વીકારેલું છે અને આપણે પોતે પણ પ્રસિદ્ધ કર્યું છે અને એ વખતે થયેલા પ્રવચનો પણ આ બંને પુસ્તકો પુનઃ મુદ્રિત કરીને હું આપ સૌને આપીશ. નેકસ્ટ, ગીતાબહેન. માગણીઓ પર ચર્ચા આગળ ચલાવો.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ**: ( ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિક ક્ષેત્રે આપણે ત્યાં રજીસ્ટર સંસ્થાઓ જેવી કે Gujarat Informatics Limited, Gujarat Council of Science City. BISAG,, Gujarat Council of Science & Technology, Gujarat State Bio-Technology, Institute of Seismological Research જેવી સંસ્થાઓ કામ કરે છે ત્યારે આ ટેકનોલોજી આવવાથી આપણા ભારતીય બંધુઓ સાથે આપણે (અંતરાય)) આપણે અહીયા બેઠા બેઠા વેબ કેમેરા દ્વારા તેઓની સાથે વાતચીત કરી શકીએ છીએ અને જોઈ પણ શકીએ છીએ. આનાથી સાત સમુન્દર પાર બેઠેલા આત્મીયજનોને પોતાની સાથે રહેવાનો અહેસાસ આપણે કરાવી શકીએ છીએ. આ ટૅક્નૉલૉજીનો વિકાસ છે. રાજયના બેરોજગાર યુવક યુવતિઓની ચિંતા કરવા માટે રાજય સરકારે રોજગારી, સ્વરોજગારીનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, બોર્ડ કૉર્પોરેશન અને અર્ધ સરકારી સંસ્થા દ્વારા આવતી તમામ જાહેરાતોને સંકલિત કરી અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ માધ્યમથી બેરોજગાર યુવક યુવતિઓને રોજગારી મળી રહે છે. જે ગુજરાતી ફિલ્મોની કથા સારી હોય, સમાજ જીવન માટે પ્રેરણાદાયક અને આદર્શ ચારિત્ર્ય અનુમાન કરતી હોય તેવા ગુજરાતી રંગીન ચલચિત્રો ગરીબ આદિવાસી વિસ્તારોમાં આવે અને આવા ગુજરાતી રંગીન ચલચિત્રો તેઓ જોઈ શકે તે માટે રાજય સરકારે તા. ૧-૪-૨૦૦૫ થી કાયમી ધોરણે કરમુક્તિ આપી છે. ગામડામાં પહેલા જ્યારે ઘરે રેડિયો હોય અને એ રેડિયો સાંભળવા માટે લોકોના ટોળા એકત્રિત થતા હતા. ત્યારબાદ ટેલિવિઝન યુગ આવ્યો અને છેવાડાના ગામમાં આદિવાસી વિસ્તારના ગામોમાં ટેલિવિઝનના માધ્યમથી દેશ વિદેશના સમાચારોથી તેઓ અવગત થાય તે માટે રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં લોક ભાગીદારીથી ૯૭૫૮ ટીવી સેટ ગોઠવ્યા. એ પૈકી આદિવાસી વિસ્તારમાં ૩૬૩૨ ટીવી સેટ ગોઠવ્યા. અનુસૂચિત જાતિના વધારે વસ્તીવાળા ગામોમાં ૪૫૨ ટીવી સેટ ગોઠવ્યા. આવી રીતે ગરીબો, દલિતો અને આદિવાસીઓની સાચી ચિંતા કરી ગણાય. હું અને આ સન્માનનીય સભાગૃહના બધા સભ્યો ટીવી દ્વારા મનોરંજનના કાર્યક્રમો અને સમાચાર જોઈ શકીએ છીએ, માણી શકીએ છીએ, પણ આ ગરીબોનું કોણ? આની ચિંતા કરીને ૯૭૫૮ ટીવી સેટ ગોઠવ્યા તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ રાજય સરકારને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. સામાન્ય વહીવટની માગણી નંબર ૩૩, માહિતી અને પ્રસારણની માગણી નં. ૫૪ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની માગણી નં. ૮૯ મંત્રીશ્રી જે લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને સન્માનનીય સભ્યોને, ગૃહને કહું છું કે આપ સૌ સોનેરી વિકાસના અવસરમાં આપ સૌનો લોકભાગીદારીનો ફાળો નોંધાવો અને માગણીઓનો સ્વીકાર કરી આપ સૌ સંમતિ આપો એ જ વિનંતી સાથે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણી નં. ૩૩, સામાન્ય વહીવટ વિભાગને લગતી માગણી નં. ૩૫, માહિતી અને પ્રચારની માગણી નં. ૫૪ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી માગણી નં. ૮૯ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, એમને હું મારું અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

વહીવટ એ કોઈપણ સંસ્થાનો પ્રાણ હોય છે અને આ પ્રાણ જો નિર્જીવ હોય તો એ સંસ્થાનો કે સમાજનો કયારેય વિકાસ થતો નથી. રાજ્યની ધૂરા જ્યારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંભાળી ત્યાર પછી વહીવટી તંત્રમાં પ્રાણ પુરવા માટે અનેક પ્રયોગો કર્યા છે અને આખા વહીવટી તંત્રને ધબકતુ કર્યુ છે અને આ ધબકતા વહીવટી તંત્રને લીધે અત્યારે આ રાજ્ય ખૂબ સારાં પરિણામ ભોગવી રહ્યું છે, તે બદલ આપણે માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ટ ટેકનોલોજી તે માનવ સમાજ માટે અગત્યનો વિષય છે. આ માનવ સમાજના વિકાસમાં પત્થર યુગથી માંડીને આઈ.ટી. યુગ સુધીનો એક ખૂબ લાંબો ઈતિહાસ છે. આ ઈતિહાસમાં માનવ સમાજે ખૂબ પ્રગતિ કરી છે. સૌથી પહેલાં અગ્નિની શોધ થઈ, ત્યારબાદ ચક્રની શોધ થઈ અને આ ચક્રની

શોધની સાથે ઔદ્યોગિક ક્રાંતિના મંડાણ થયા. જો આ સમાજ વિજ્ઞાનના વિકાસની સાથે કદમ ન મિલાવે તો તે સમાજનો નાશ થતો હોય છે. જે સમાજ નવી ટેકનોલોજી અને વિજ્ઞાન સાથે કદમ મિલાવશે તેનો સતત વિકાસ થતો હોય છે. મારે આ ઈતિહાસ તરફ આ ગૃહનું ધ્યાન દોરવું છે. આજથી ૨૫૦ વર્ષ પહેલાં અંગ્રેજો જયારે આ દેશની અંદર આવ્યા ત્યારે ખૂબ મોટી વસ્તી ધરાવતા ભારત ઉપર અંગ્રેજો વિજયી થયા. તેમાં સૌથી મોટો ફાળો હોય તો તેની ટેકનોલોજીનો હતો, હથિયારોનો હતો. આપણે પરંપરાગત હથિયારોથી લડયા, અંગ્રેજો પાસે આધુનિક હથિયારો હતા તેના કારણે આપણે પરાજિત થયા. આ ઈતિહાસમાંથી બોધપાઠ લઈને ભારત કયારેય દુનિયામાં પાછું ન રહે, તેમાં ગુજરાત કયારેય દુનિયામાં પાછું ન રહે તે પ્રકારનાં પગલાં છેલ્લા આઠ-દસ વર્ષથી લેવાઈ રહયા છે. આપણે એવું કહીએ છીએ કે ગુજરાત જે રીતે પ્રગતિ કરી રહયું છે, ગુજરાતના જે ગોલ્ડન ગોલ છે એની હરિફાઈ છે તે ભારતના કોઈ રાજય સાથે નહીં પરંતુ દુનિયાના દેશો સાથે છે ત્યારે ગુજરાત ટેકનોલોજીમાં કયાંયથી પાછળ ન રહે તે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ટેકનોલોજી વિકાસલક્ષી હોય અને તે વિકાસના ફળ આમ આદમી સુધી પહોંચે તેવા ગુજરાત સરકારની નીતિ રહી છે ત્યારે થોડા સમય પહેલાં ઐતિહાસિક ગામ હરિપુરા, સુરત જિલ્લાના બારડોલી તાલુકાનું કે જયાં સુભાષચંદ્ર બોઝે ત્યાં કોગ્રેસનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. આ ઐતિહાસિક સ્થળ ઉપર આ રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ગુજરાતને ઈ-ગ્રામથી ઘોષિત કર્યા અને ગુજરાતના ૧૩૬૯૩ ગામડાઓને ઈ-કનેટીવીટીથી જોડાણ આપ્યું અને આખું ગુજરાત ત્યારે એક વૈજ્ઞાનિક ક્રાંતિથી, વિકાસથી ગૌરવવંત થયા. ગુજરાતના પનોતા પુત્ર ધીરુભાઈ અંબાણીએ એક સૂત્ર આપ્યું હતું કે **"કર લો દુનિયા મુઠ્ઠીમે"** નરેન્દ્રભાઈ મોદીએ આ ઈ ગ્રામ વિશ્વગ્રામ યોજના મૂકીને આ દુનિયાને મુઠ્ઠીમાં કરવા કરતાંય આખી દુનિયાને આંગળીના ટેરવા ઉપર લાવવાનું કામ કર્યુ છે. અત્યારે આખા ગુજરાતની અંદર ઈ કનેકટીવીટી મળવાથી જે શહેરની અંદર ઈ-સેવાઓ મળે છ તે સેવાઓ આજે ગુજરાતના નાનામાં નાના ગામડા સુધી આપણે પહોંચાડી શકયા છીએ. આપણને એમ લાગે કે ઈ કનેટીવીટીથી ગામડાને જોડવાથી સામાન્ય માણસને શું ફાયદો થાય? સામાન્ય માણસોને આના પરિણામે દખાવા માંડયા છે. એક સમય હતો કે જયારે ૭-૧૨ના ઉતારા લેવા હોય તે ગામડાનો ખેડૂત કેટલો હેરાન, પરેશાન થતો હતો. આજે આ ઈ કનેટીવીટીના જોડાણથી ૭-૧૨ના ઉતારા, જન્મ મરણના દાખલાઓ, જાતિના દાખલાઓ, ચારિત્ર્યનું પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર સહેલાઈથી મળવા લાગ્યા છે. એક સમય હતો કે સરકારી યોજનાઓને જો સમજવી હોય તો તે શહેર સાથે અને ગાંધીનગર સાથે અને જિલ્લા મથક સાથે જે કાયમ સંપર્ક ધરાવતા હોય તે જ વ્યકિત આવી રાજયની યોજનાઓથી માહિતગાર થતા હતા. ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ આવતાં દરેક ગામ ઈ-કનેકટીવીટીથી જોડાતાં સરકારની તમામ યોજનાઓ, સરકારની તમામ યોજનાઓનાં ફોર્મ, સરકારની તમામ યોજનાઓના પત્રકો, તેના અરજીપત્રકો, એના પરિપત્રો, ખેતી વિષયક માહિતી આ ઈ-ગ્રામ વિશ્વગ્રામની કનેકટીવીટીથી મળવા લાગ્યું છે એટલું જ નહીં પણ આ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામથી, એક વિશ્વગ્રામ એ ખૂબ મોટું લોક શિક્ષણનું માધ્યમ બન્યું છે. ખેતીમાં જે વૈજ્ઞાનિક પદ્ધતિઓ છે એ વૈજ્ઞાનિક પદ્ધતિઓ, આ સમગ્ર વિગત આપણને આમાંથી મળે છે. આરોગ્યલક્ષી હોય કે શિક્ષણ વિષયક હોય આ બધી જ બાબતો આપણને ઈ-કનેકટીવીટીથી ઈ-ગ્રામ વિશ્વગ્રામના યોજના માધ્યમથી મળે છે. ટેલિફોનના બિલો હોય કે વીજળીના બિલો હોય કે કોઈપણ હોય આ બધી જ વસ્તુઓના બિલો આ દ્વારા આપણે ભરી શકીએ છીએ. કદાચ અત્યારે એ નહીં થયું હોય ટૅક્નૉલૉજી કે ટૅક્નીકલ કારણોસર પણ આવતા દિવસોની અંદર આ ઈકનેકટીવીટીથી જ્યારે સંપૂર્ણપણે આપણા ત્યાં કાર્યાન્વિત થઈ જશે ત્યારે ગામડાનો માણસ, ગામડાનો ખેડૂત કે સામાન્ય માણસ ખૂબ સહેલાઈથી આ સરકારની બધી જ સેવાઓનો લાભ લઈ શકશે. આજે ગુજરાતના તમામ જિલ્લાઓ તમામ તાલુકા મથકો જીસ્વાન સાથે જોડાણ ધરાવે છે. ત્યારે વિજ્ઞાન અને સાયન્સથી બાયોટેકનોલોજીનો પણ ખૂબ સારો વિકાસ થયો છે અને આ વિકાસથકી ગુજરાતનો સામાન્ય માણસ વિકાસના ખૂબ સારાં ફળો મેળવશે.

માહિતી અને પ્રસારણ વિભાગમાંથી અહીં જે સભ્યશ્રી શંકરભાઈએ વાત કરી કે 'ગુજરાત' એ પ્રજાનું મુખપત્ર બન્યું છે. માનનીય શંકરભાઈએ ખૂબ સાચી વાત કરી, હું ૨૦૦૭ની અંદર આ 'ગુજરાત' એ પ્રજાનું એક મુખપત્રક બન્યું છે એનો એક દાખલો આપવા માગું છું. સુરતની અંદર એક જ દિવસમાં સુરતની પ્રજાએ એક લાખ અને દશહજાર લવાજમ ગુજરાતના એક જ દિવસે ભર્યા હતા. એ આનો એક પુરાવો છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માનનીય મંત્રીશ્રીઓ માગણીઓ લઈને આવ્યા છે એમને મારા સમર્થન સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ માટે જે માગણીઓ લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું મારો સુર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ એ બાબતથી સુવિદિત છીએ કે એકવીસમી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન. માનવી પાષાણયુગથી કંઈક નવું કરવા માટે સતત ઉત્સુક રહ્યો છે. મારી જાણકારી મુજબ આજના સમયની અંદર જે સરકાર જે રીતે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની અંદર જે સમર્થન આપી રહી છે અને જે રીતે મહત્ત્વ આપી રહી છે એ મહત્ત્વ પહેલાંના વખતમાં અપાયું નહતું એટલે બીજાં રાજયોની

સરખામણીમાં ગુજરાત રાજય શિક્ષણ અને ઉપયોગ અને વિકાસમાં ઘણું પાછળ રહી ગયું હતું પરંતુ આજની પરિસ્થિતિ બદલાઈ છે. આજે અનેક રાજયો ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીના કારણે નામના પણ ધરાવે છે, પરંતુ આ રાજયો ટૅક્નૉલૉજી ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત નથી કરી શક્યાં, માત્ર રોકડિયા પાક, એટલે કે કેશ ક્રોપની જેમ ટૂંકાગાળાની ટૅક્નૉલૉજી ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે, જેનું ફળ આ દશકા સુધી એક આઈટી રાજય તરીકે તેઓ મેળવી શકશે. પરંતુ હવેનો દશકો ગુજરાત રાજયનો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિના કારણે આજે ગુજરાતમાં વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના વિકાસ અને ઉપયોગનું સંપૂર્ણ માળખું તૈયાર થઈ રહ્યું છે, જેનાં ફળ આવતા દિવસોમાં ચોક્કસ મળવાનાં છે. આપણી સરકાર આઈટી ઉપરાંત બાયોટેકનોલોજી, બાયોઈન્ફર્મેટિક્સ, સ્પેશ એપ્લિકેશન્સ, ફોરેન્સિક સાયન્સ, નેનો ટૅક્નૉલૉજી, મરીન ટૅક્નૉલૉજી, રિમોટ સેન્સીંગ, જીઓઈન્ફરમેટિક , સીસ્મોલોજીકલ ટૅક્નૉલૉજી, જેનિટીક ટૅક્નૉલૉજી  જેવાં વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના તમામ ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી સંપૂર્ણ સંપૂર્ણ વિકાસનું આયોજન કરી રહી છે. મને કહેતાં ગૌરવ થાય છે કે, આ બધાના કારણે અને આ જે સંપૂર્ણ વિકાસ જોઈ રહ્યા છીએ તેના કારણે આવતા દિવસોમાં ગુજરાત દેશમાં જ નહીં, પરંતુ વિશ્વમાં વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના હબ તરીકે ઓળખાશે. આજે આપણી સરકાર વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો ઉપયોગ સામાન્ય વહીવટ, કૃષિ, શિક્ષણ, આરોગ્ય, મહેસૂલ, નાગરિક સુવિધા, સૂચના અને પ્રસારણ, કુદરતી આફતોનું નિયંત્રણ વગેરે જેવા અનેક કાર્યો માટે કામ કરી રહી છે જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારશ્રીની ટૅક્નૉલૉજી આધારિત યોજનાઓ જે આપણી ચાલી રહી છે એમાં ખાસ કરીને ઈલેકટ્રોનિક નૅટવર્ક જી-એ સ્વાન, ઈ-ગ્રામ, ઈ-ધારા, સાયન્સ સીટી, ઈન્ફોસીટી, ગીફટ સીટી, ગુજરાત સેટકોમ નેટવર્ક સમગ્ર દેશમાં આજે વખણાય છે અને ટૅક્નૉલૉજીના ઉપયોગના ઉદાહરણ માટે સાબિત થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા ગૌરવ થાય છે કે, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રમાં અદ્વિતિય યોગદાન આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ડો. વિક્રમ સારાભાઈ એવોર્ડની સ્થાપના કરી છે અને એ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વૈજ્ઞાનિકને આ એવોર્ડથી સંમાનિત કરવામાં આવે છે. આપણી સરકારના ટૅક્નૉલૉજીના સદુપયોગના કારણે અને સકારાત્મક અભિગમના કારણે ગામના છેવાડાના માનવી સુધી એનો ઉપયોગ થઈ રહ્યો છે. એનું એક જ ઉદાહરણ છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી વિડિઓ કૉન્ફરન્સ દ્વારા ગામડાના છેવાડાના માનવી સુધી પોતે વાતચીત કરી શકે છે અને એ ગામડામાં છેવાડે બેઠેલો માણસ છે એ પોતાની વાત અને પોતાની ભાવના માનનીય મુખ્યમંત્રીશ્રી સુધી અને સરકારના અભિગમ સુધી પહોચાડી શકે છે. આપણી સરકારનો વહીવટ ટૅક્નૉલૉજીના ઉપયોગથી વધુ સરળ અને સુગમ બની શક્યો છે અને એમાં સરકાર  સફળ પણ રહી છે. એનો મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે સરકારશ્રીની માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણી છે એમાં પણ હું મારું સમર્થન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, માહિતી એજ એક મોટી શકિત છે. આ ભાવનાથી આપણી સરકાર વાકેફ છે અને ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત માસિકની નોંધ આપણે સૌએ લેવી જોઈએ. આજે આપણું માહિતી વિભાગ ઇલૅક્ટ્રોનિક્સ પ્રિન્ટ અને વેબ માધ્યમોથી સરકારશ્રીની તમામ યોજનાઓને સમાજના તમામ વર્ગો સુધી પહોંચાડવામાં સફળતાપૂર્વક કામ કરી રહ્યું છે. આનું એક જ ઉદાહરણ છે કે વાઈબ્રન્ટ ગુજરાતમાં સમગ્ર વિશ્વમાંથી મળેલો પ્રતિસાદ એ માહિતી વિભાગ માટે ખૂબ મોટું યોગદાન અને નોંધનીય બાબત રહી છે. આજ રીતે ટીવી દ્વારા ઝરૂખો, પરિવર્તન અને શયગાથા ગુજરાત જેવી શ્રેણીનું નિર્માણ થયું છે. જેના દ્વાર ગુજરાતના ખૂણે ખૂણે સરકારની કામગીરીની અને અન્ય માહિતી પહોંચાડી શકાય છે. આ રીતે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમને મારું સમર્થન આપુ છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** માનનીય અધ્યક્ષશ્રી, આજે મંત્રીશ્રીઓ સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે ૨૦૦૮-૨૦૦૯નું આપણી યોજનાનું કદ ૨૧ હજાર કરોડનું હતું.આ વર્ષની આપણી યોજનાનું કદ છે ૨૩,૨૭૫ કરોડનું છે. એટલે આપણે એમાં ૧૧ ટકાનો વધારો કર્યો છે. આ આયોજનનું કદ એ ગુજરાત સરકારે અને આ ભારતીય જનતા પક્ષની સરકારે આમજનતાને આપેલા વચનનું પરિણામ દેખાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સામાન્ય માણસને આમાં આંકડાની માયાજાળમાં સમજણ નથી પડતી એ આપણે સ્વીકારીએ છીએ પણ વચન આપવું એના કરતાં એને પાળવું એ ખૂબ અઘરું છે. આ ૨૩,૨૭૫ કરોડ રૂપિયા કાંઈ આકાશમાંથી નથી આવતા એ આપણી આવકના સાધનોમાંથી જ એ ઊભા કરવા પડે છે. આ કરવામાં આમજનતાને અવળી અસર ન થાય એ રીતે આપણે આયોજનના કદ પ્રમાણે એ નાણા ઊભા કરવા પડે છે અને વાપરવા પડે છે. આયોજનના કદ પ્રમાણે નાણા વાપરવા અને અને એ ઊભા કરવા એ માટે આપણા નાણામંત્રીશ્રીને કોઈ પહોંચી શકે એમ નથી તે બદલ હું એમને પણ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ લાંબી વાત નથી કરવી કેમ કે, સમયની મર્યાદા છે ગુજરાત માસિક માટે મારા ઘણાં બધા મિત્રોએ વાત કરી છે પણ ગુજરાત માસિકની જે લોકપ્રિયતા છે, ગુજરાત માસિકને કોઈ જાણતું ન હતું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના ધ્યાન ઉપર આવ્યું અને માહિતી ખાતાના અધિકારીઓની ધગશને લીધે

એનું આખું કલેવર બદલાઈ ગયું છે. ઘણાં બધા મિત્રોએ વાત કરી છે એટલે પુનરાવર્તન નથી કરતો પણ મારી જાણ પ્રમાણે આઈ.એ.એસ.ના જે વિદ્યાર્થીઓ છે તે પણ એક સંદર્ભ પુસ્તક તરીકે આ માસિકનો ઉપયોગ કરે છે તે જ તેની લોકપ્રિયતા છે. માહિતી ખાતાએ ખૂબ કામ કરેલું છે દ્રશ્ય અને શ્રાવ્યનું જે માધ્યમ છે તે માધ્યમ પ્રચાર-પ્રસાર માટે અગત્યનું પાસું છે. અને આ દ્રશ્ય શ્રાવ્યનું જે માધ્યમ છે તે શિક્ષિત અને અશિક્ષિત બન્ને વર્ગને માટે છે એટલે આ ગુજરાતનો વિકાસ, આ ગુજરાતની પ્રજાની આકાંક્ષા, ગુજરાતની પ્રજાની લાગણી, તેના પ્રતિભાવો, સરકારની યોજનાઓ આ બધાનો જે પ્રતિભાવ છે તે આ માસિકથી પડે છે. અને તેના લીધે આ ગુજરાતનો વિકાસ, આ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ એ આખી દુનિયામાં લોકો જાણી શક્યા છે એ જ આ માહિતી ખાતાનું મોટું કામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું લાંબી વાત નથી કરતો પણ હું વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી વિભાગ તરફ આવું છું. સાહેબ, ચાલુ વર્ષે આપણે ૧૨૫ કરોડની જોગવાઈ કરી છે. ગત વર્ષે ૫૩ કરોડની હતી એટલે સરકારે આ વિભાગ ઉપર કેટલું ધ્યાન આપ્યું છે તે આના ઉપરથી ફલિત થાય છે. ભલે, સાહેબ ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામ યોજના તે પંચાયત વિભાગ સંભાળે છે પરંતુ તેમાં, તેના પાયામાં સાયન્સ અને ટૅક્નૉલૉજી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હરિપુરા મુકામે તેનો શુભારંભ કરેલો. હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર એક વસ્તુ મૂકવા માંગુ છું કે, કેટલો શુભગ સમન્વય થયો કે કોંગ્રેસ, આપણે એમ માનીએ કે આપણે તો કોંગ્રેસમાં નથી છતાં પણ કોંગ્રેસના સુભાષચંદ્ર બોઝની આગેવાની નીચે હરિપુરામાં અધિવેશન ભરાયું અને આ દેશમાં એક નવો સંચાર થયો સ્વરાજ્ય માટે, તેને શુભગ સમન્વયથી જોડીને આપણાં મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિથી તેમણે ત્યાં કર્યુ. સ્વરાજ્ય તો આપણને મળ્યું છે. સ્વરાજની ચેતનામાં આ સુભાષચંદ્ર બોઝનો બહુ મોટો ફાળો છે અને એની શરૂઆત આપણે હરિપુરાથી કરવાની છે કેટલો સુંદર અભિગમ એ હતો એ હું આપના ધ્યાન ઉપર મૂકવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ થકી આપણે જે ઈ-કનેકટીવીટી છે તેમાં ગુજરાત આજે પ્રથમ નંબરે છે. આ ગૌરવ લેવા જેવી બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગર્વ સાથે કહેવું છે કે આ વ્યવસ્થામાં ગુજરાત દેશનું પ્રથમ રાજય છે. આ બધું કંઈ મફતમાં નથી મળતું. એમ પણ કહેવાય છે " નથી મફતમાં મળતાં, એના મૂલ ચૂકવવા પડતાં, સંતોને સંતપણા, નથી મફતમાં મળતાં." મને ચોક્કસ યાદ છે એક વખત કાર્યક્રમ હતો. આપણાં પૂ. મોરારીબાપુ આવેલાં ત્યારે એમણે જે કહેલું તે મારા સ્મૃતિ પટ ઉપર હજુ અંકિત છે. " આપણાં નરેન્દ્રભાઈ શાસન નથી કરતાં અનુષ્ઠાન કરે છે " આ શબ્દો હું આજે પણ ભૂલી શકતો નથી. આ બધી વ્યવસ્થા માટે તમારું સમર્પણ જોઈએ, દીર્ઘ દ્રષ્ટિ જોઈએ, મથામણ જોઈએ, આગવી સૂઝ જોઈએ, તો જ આ બધું આ બની શકે છે. એટલે જ આજે ગુજરાત માટે તેમણે સેવેલા સ્વપ્નો સાકાર થાય છે. મારે થોડીક વાતો કરવી છે જ્યારથી આ નરેન્દ્રભાઈએ સુકાન સંભાળ્યું છે ત્યારથી નિયતી પણ સાથ આપે છે. વરસાદની કોઈ તકલીફ પડી નથી. આ વર્ષે પણ આપણે બધા ગભરાતાં હતા પણ વરસાદ આ વખતે પડ્યો છે એટલે નિયતીએ આપેલો સહકાર સાચા સેવેલા સ્વપ્નોમાં આપેલો છે. આજે તો આપણી જમણી બાજુએ બેઠેલાં આપણા સભ્યશ્રીઓ અહીંયા હાજર નથી પણ મારે એમ કહેવું છે કે જ્યાં સુધી તેમની દીર્ઘ દ્રષ્ટિ છે, આ મથામણ છે, તેમણે સેવેલાં સ્વપ્ના છે તેમને ગુજરાતની પ્રજાએ જે સહકાર આપ્યો છે અને તમારે હજુ જમણી બાજું જ બેસવાનું છે ભાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડો ડાયવર્ટ થાઉં છું. કે આપણા અમીતભાઈએ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીની વાત કરી. આવી લેબોરેટરી કયાંય નથી અને ગુજરાતમાં તેનો નંબર પહેલો છે એટલે એ માટે હું અભિનંદન આપું છું. આ વખતે ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ સાયન્સ સીટી ખાતે ઉજવવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકારે રાજયમાં બાયોટેકનોલોજી મિશનની પણ સ્થાપના કરી છે. અને એ માટે એમણે પૂરી નામના અપાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકારે સાયન્સ સીટીનો અભ્યાસ કર્યો છે તેમાં રાજયના જ નહીં પણ રાજ્યભરના બાળકો એમાં આવે છે અને અચંબામાં પડી જાય છે આ એક આપણી આગવી સિદ્ધિ છે અને ત્યાં બધી જ વસ્તુઓ છે. આ ગૃહના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આ વિસ્તારમાં વિજ્ઞાનને લોકભોગ્ય બનાવાય અને આપણે પ્રજામાં જાગૃતિ લાવો. અને એ માટે ગુસકોસની જે આપણે રચના કરી છે એ ગુસકોસ હંમેશા તૈયાર છે. કચ્છમાં જે ભૂકંપ આવેલો એના પ્રીકોશન તરીકે ભૂકંપ માટે એક સુનામી મોડેલનું આયોજન સરકારે કર્યુ છે. સોફટવેર ક્ષેત્રે પણ સારું કામ થયું છે. એ જ રીતે એક અગત્યની સંસ્થા છે બાયોસેક. જેના થકી **ISO** તરીકે એ સંસ્થાને પ્રમાણિત કરી છે. એવી એની લાક્ષણિકતા છે. ભૂસ્તરશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એમાંથી ખુબ સારું જ્ઞાન મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ માટે જેટલી વાત કરું તેટલી ઓછી છે. ફકત વોટ બેંક માટે અમારે વાત કરવી નથી. ગુજરાતની પ્રજાને એવો અહેસાસ થયો છે કે આ સરકારે જે રીતે કામ કર્યુ છે, એને લીધે દરેક પ્રજાજન કોઈને કોઈ રીતે લાભાન્વિત બન્યો છે. એના લીધે પ્રજાને આ સરકારમાં વિશ્વાસ બેઠો છે. માનનીય અધ્યક્ષશ્રી, થોડીક અન પાર્લામેન્ટરી વાત છે, પણ અમારામાં કહેવત છે

**અધ્યક્ષશ્રી** : એવો કોઈ પ્રયત્ન ન કરતા જાણી જોઈને.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : એક જ મિનિટ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : ના, ના. તમે તમારી વાત કરો. આમ તો આપનો સમય પૂરો થયો છે, પણ તમે એમ કહો કે અનપાર્લામેન્ટરી વાત કરીશ, તો એવો કોઈ પ્રયત્ન કરતા નહીં.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : આપનો આદેશ છે, તો છોડી દંઉ છું. એક જ મિનિટમાં પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : જાણી જોઈને કૂવામાં ન પડાયને ભાઈ.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : આપનો આદેશ સ્વીકાર્ય છે, પરંતુ મારે એક વાત કરવી છે કે ગુજરાતની જે અસ્મિતા છે, ગુજરાતનો જે વિકાસ થયો છે, એના અનુભવની વાત હું ટૂંકમાં એક જ મિનિટમાં કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ઘણા **NRI** મિત્રો છે. એમણે જાણ્યા પછી એમને પણ વિશ્વાસ બેઠો છે. હું શિક્ષણ સંસ્થાઓ અને આરોગ્ય સંસ્થાઓમાં કામ કરું છું. જે **NRI** મિત્રો આવે છે, તેઓ આજે એક જ વાત કરે છે. પહેલા આવી સંસ્થાઓમાં પૈસા આપવામાં તેઓ ગભરાતા હતા. હવે ગુજરાતનો વિકાસ જોયા પછી **NRI** મિત્રો આવે છે, તેઓ સામેથી ઓફર કરે છે કે તમારે કેટલા નાણા જોઈએ છે? તમારે ગુજરાતનો વિકાસ કરવો હોય તો અમે તમારી સાથે છીએ. હું અમારા વિસ્તારની ત્રણેક સંસ્થાઓમાં ગયો છું. 'ગામનો જોગી તે જોગટો' એવું આપણી ભાષામાં કહેવાય છે, પણ બહારના જે ગુજરાતી વસ્યા છે એમણે આપણી કદર કરી છે.

માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ આવ્યા હતા. અંદેસર મંદિરમાં કેટલું સરસ કામ થયું. અમારી એક સંસ્થા છે. મુખ્યમંત્રીશ્રી એનું ઓપનીંગ કરવા આવેલા. ઘણા બધા **NRI** મિત્રોએ લાખો રૂપિયા આપ્યા છે. જયાં જયાં અમે ગયા છીએ, ત્યાં તેમણે એમ કહ્યું છે કે તમે વિકાસની આગેકદમ ચાલુ રાખો. આ ચૂંટણી વખતે પણ બિન નિવાસી ભારતીયોએ દરેક પ્રજામાં શકય હોય ત્યાં એક જ વાત કરી છે કે નરેન્દ્ર મોદી મુખ્યપ્રધાન બનવા જોઈએ, એમાં અમારો સહયોગ છે. ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે અને એ માટે આ બજેટમાં સુંદર આયોજન કર્યુ છે ત્યારે તેમની વાત સાથે સહકાર આપું છું અને મારા દરેક મિત્રોને વિનંતી કરું છું કે આપણે આ માગણીઓને સર્વાનુમતે પસાર કરીએ. જય હિંદ. જય ભારત.

**શ્રી વજુભાઈ વાળા (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે કંઈ અમારી માગણીઓ છે એ તમામ માગણીઓને સમર્થન આપ્યું છે. ચૂંટણીને લગતી વાત હોય, સામાન્ય વહીવટને લગતી વાત હોય એ તમામનો ડિટેઈલમાં અભ્યાસ કરીને બધી વાતને અહીંયા યોગ્ય રીતે રજૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે માગણીઓ લઈને આવ્યો છું, એમાં મંત્રી પરિષદ, ચૂંટણી અને સામાન્ય વહીવટ. ખાસ કરીને ચૂંટણી અને સામાન્ય વહીવટ. એના માટેની જે વાત તમામ માનનીય સભ્યશ્રીઓએ કરી છે. એક વાત હું કહીશ કે ચૂંટણી અંગેની જે કોઈ કામગીરી હોય, એ તમામ કામગીરી ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર અહીંયા કરવામાં આવે છે. જે પ્રમાણે ભારતના ચૂંટણી પંચની સૂચના મળે એ જ પ્રમાણે અહીંયાં મતદાર યાદી તૈયાર કરવામાં આવે છે. એ મતદાર યાદીમાં સુધારો કરવા માટે પણ એના માટે તારીખ નકકી કરે છે એ એ તારીખથી જે પ્રમાણે કાર્યવાહી કરવાનું કહે એ પ્રમાણે એ કાર્યવાહી અહીંયાં કરવામાં આવે છે, પરંતુ આપણે ચોકકસ કહી શકીએ કે ગુજરાતમાં જે પધ્ધતિ છે એ પધ્ધતિ બહુ જ સહેલાઈથી અને સરળતાથી આ ચૂંટણીની તમામ કાર્યવાઅી કરે છે. ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર થાય છે એમાં દરવર્ષે મતદાર યાદીમાં સંક્ષિપ્ત સુધારા કરવા માટે જાહેરનામું બહાર પાડે છે અને એમાં મતદાર યાદીમાં સુધારો કરવા માટે લોકોને ખબર પડે કે મતદાર પાદીમાં પોતાનું નામ નથી એ નામ ઉમેરવાનું હોય અથવા તો પોતાના નામમાં કોઈ ભૂલ હોય તો એ ભૂલ સુધારવાની વાત હોય તો એની બહોળી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને એ પ્રસિધ્ધિ માટે વર્તમાનપત્રો, રેડીયો કે હોલ્ડિંગ હોય, ટી.વી.મારફતે, કલેકટર કચેરીમાં પણ હેલ્પ લાઈન દ્વારા આધુનિકતાથી  આ મતદાર યાદી સુધારવા માટેનો પ્રોગ્રામ નકકી કરીને કોઈપણ મતદાર પોતાનો મત આપવાનો અધિકાર છે એ અધિકારથી વંચિત ના રહે એ માટે સતત લોકોમાં જાગૃતિ કેળવાય એ માટે પૂરેપૂરી મતદારોને તક આપવામાં આછે છે કે તમે તમારી મતદાર યાદી સુધારી લો.. જેની ઉંમર ૮૦ વર્ષથી વધારે હોય અને એનું નામ એમને એમ રહેતું હોય તો ખાસ કરીને આ વિભાગ મારફતે આવા મોટી ઉમંરના લોકો પાસે જઈને જુએ છે કે આ માણસ હયાત છે કે નહીં. એટલે ખોટા આંકડા ના રહે એના માટેપણ પૂરેપૂરી ચકાસણી કરવામાં આવે છે અને હમણાં આધુનિક લેટેસ્ટ પધ્ધ્તી પ્રમાણે જે બૂથ લેવલમાં ૧૦૦૦ કે ૧૧૦૦નું મતદારનું બૂથ હોય તો ઓફિસરની નિમણૂક કરવામાં આવે છે અને આ નિમાયેલ અધિકારી પોતાના બૂથમાં પોતાના મતદારોની યાદી કેમ વ્યવસ્થિત રહે એના માટેપ્રયત્ન કરે છે. મતદાર યાદી કે મામલતદાર કચેરી, કલેકટર કચેરી, મ્યુનિસિપલ કોરપોરેશન કે ગ્રામ પંચાયત વગેરે સ્થળે રાખવામાં આવે છે જેથી નજીકમાં નજીક સ્થળ હોવાથી લોકો સહેલાઈથી ત્યાં આગળ કોન્ટેકટ કરીને પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહીં એની ચકાસણી કરી શકે છે અને અમુક મતદાર એ પોતે રહેવા માટે બીજે ગામ ગયા હોય, એમણે સ્થળાંતર કર્યુ હોય તો એ સ્થળાંતર કરેલ મતદારને પણ તક આપવામાં આવે છે કે અહીંથી તમારું નામ કમી કરીને બીજી જગ્યાએ તમે તમારું મતદાર યાદીમાં નામ સુધરાવી શકો છો અને અને નામનું સ્થળાંતર ચેઈન્જ પણ કરાવી શકો છો. તા.૧-૧-૦૯ ની ઈીયકાતના સંદર્ભે ગેરહાજર રહેલા કે સ્થળાંતર કરેલા એવા ૨,૪૬,૩૦૬ ના નામો કમી કરેલા છે અને આ ઉપરાંત ડુપ્લિકેટ એવા ૪૦૨૭૧ નામાં હતાં એપણ કમી કર્યા છે અને ૨૧-૧-૦૯ ના રોજ પ્રસિધ્ધ કરેલ યાદીમાં ૩,૬૩,૭૪,૭૧૧ મતદારો નોંધાયા હતા અને લોકસભાની ચૂંટણી

આવી ત્યારે જે મતદારોએ પોતાનાં નામ નોંધાવ્યાં નહોતાં એવા ૯૨,૨૨૨ મતદારોએ લોકસભાની ચૂંટણી વખતે પોતાનાં નામો ઉમેરાવ્યાં. એ પ્રમાણે હવે મતદાર યાદી છે એમાં ૩,૬૪,૬૬,૯૩૩ મતદારો અત્યારે મતદાર યાદીમાં રહેલા છે. આ આંકડો બતાવે છે કે મતદાર યાદી તૈયાર કરવામં કેટલી ચોકસાઈ રાખવામાં આવે છે અને મતદારને પોતાનો અધિકાર પ્રાપ્ત થાય એના માટે રાજય સરકાર કેટલી સજાગતાથી આ મતદાર યાદી બનાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મતદાર યાદી સિવાય હવે જે નવી પધ્ધતિ પ્રમાણે ઓળખકાર્ડ આપવા માટેની વાત છે એમાં પણ મતદાર કોઈ એમ કહે કે મારું ઓળખકાર્ડ છે. તો સરકાર તરફથી ઘેર જઈને ફોટો પાડી મતદાર યાદી સાથે ઓળખકાર્ય છે એ પણ તૈયાર કરવામાં આવે છે. આજ સુધીમાં કુલ ૩ કરોડ ૬૪ લાખ મતદારોમાંથી ૩ કરોડ ૩૮ લાખ મતદારોને તે કાર્ડ આપી દીધા છે. એટલે અંદાજ ૯૨.૬૯ ટકા એટલે લગભગ ૯૩ ટકા મતદારોને કાર્ડ આપી દેવામાં આવ્યા છે. આ ફોટા વાળા કાર્ડ સિવાય કદાચ બાકીના જે ૭ ટકા જે બાકી રહી ગયા છે તેવા લોકોને મત આપવો હોય તો તેના માટે રાજય સરકારે કેન્દ્રની સૂચના મુજબ તેમની પાસે કોઈ ફોટાવાળું ઓળખ કાર્ડ હોય, ધારો કે પાસપોર્ટ હોય, ડ્રાઈવીંગ લાયસન્સ હોય, કે પાન કાર્ડ હોય, કે કોઈ કર્મચારી જે જગ્યાએ કોઈ ઉદ્યોગમાં કોઈ જગ્યાએ કામ કરતા હોય અને તેને ફોટાવાળું આઈડેન્ટી કાર્ડ આપ્યું હોય, તો તેવા જુદા જુદા ૧૩ પ્રકારના ફોટા વાળા કાર્ડ ચલાવી અને તે મતદાર પોતાનું મતદાન કરી શકે તેના માટે પૂરેપુરી તક આપવામાં આવેલી છે. અને લોકશાહી પધ્ધતિ પ્રમાણે એક પણ મતદાર મત દીધા વગર બાકી ન રહી જાય અથવા તો કોઈ મતદાર એમ ન કહે કે મારે મત આપવો છે અને હું તકથી વંચિત રહી જાઉં છું તેવું કોઈ ન કહી શકે તેના માટે પૂરેપૂરી વ્યવસ્થા રાજય સરકાર મારફત કરવામાં આવી છે. એ જ રીતે બીજી જે સામાન્ય વહીવટ માટેની વાત છે એમાં તમામ સાથી સભ્યશ્રીઓએ સામાન્ય વહીવટ માટે ઘણું ઘણું બોલ્યા છે અને બહુ ડિટેઈલમાં વાત કરી છે એટલે હું વધુ કહીશ નહીં, પણ ખાસ કરીને ગુજરાતના મુખ્ય મંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી આવ્યા પછી વહીવટની અંદર ચીલા ચાલુ વહીવટ કરવાને બદલે કર્મચારીઓનો પણ સાથ અને સહકાર લઈ અને કર્મચારીને વધુમાં વધુ ટ્રેઈનિંગ આપી એટલું જ નહીં પણ કર્મચારીને વધુમાં વધુ સમજદારી આપવામાં આવે કે આપણે પબ્લીકનું કામ કરવા માટે બંધાયેલા છીએ, વી આર. પબ્લીક સર્વન્ટ, અને લોકોનું કામ કરવું તે આપણું કર્તવ્ય અને ફરજ છે અને તે કર્તવ્ય અને ફરજનું પાલન યોગ્ય રીતે થાય તેના માટે થઈને અનેક વખતે જુદી જુદી ટ્રેઈનિંગના કલાસીસ રાખવામાં આવે છે. જે કર્મચારી પોતના વહીવટમાં કેવી રીતે કામ કરવું અને આજની તારીખે જે આધુનિકતા આવી છે તે આધુનિકતાનો ઉપયોગ કેવી રીતે કરવો તે માટે કર્મચારીને તમામ રીતે ટ્રેઈન કરવામાં આવે છે. તે પછી કોમ્પ્યુટરની ટ્રેઈનિંગ હોય, સીસીસી અથવા સીસીસી પ્લસ, તેના માટેની પરીક્ષા આપવાની વાત હોય તો પણ તે કર્મચારી યોગ્ય રીતે પ્રજાના કામ કરી શકે, પ્રજાના પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ કરી શકે તેવા તમામ પ્રકારની ટ્રેઈનિંગ આપવા માટે રાજય સરકાર કાર્યવાહી કરે જ છે. આ સિવાય જે સત્તાના વિકેન્દ્રીકરણની વાત છે તો તેના માટે જિલ્લા પંચાયતમાં જિલ્લા આયોજન મંડળ મારફત તાલુકાના, નગરપાલીકાના, કોરપોરેશનના, ધારાસભ્યો અને સંસદસભ્યો એ તમામ લોકોનું જે જિલ્લા આયોજન મંડળમાં હોય છે તેમના મારફત સત્તાનું વિકેન્દ્રીકરણ કરી અને વ્યવસ્થિત રીતે લોકો જે કહે છે તે કામ કરી શકે તેના માટે પણ જિલ્લા આયોજન મંડળ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ સિવાય જિલ્લાની અંદર જિલ્લા સંકલન સમિતિ દ્વારા ધારાસભ્યશ્રીઓ પોતાના વિસ્તારના અને પોતાના જિલ્લાના પ્રશ્નોની ચર્ચા કરી અને જે કોઈ ફરિયાદ હોય અથવા જે જરૂરિયાત હોય તે જરૂરિયાતનું નિરાકરણ યોગ્ય રીતે લાવી શકે, અને ફરિયાદનું નિરાકરણ કરી શકે તેના માટે પણ બરાબર વ્યવસ્થા છે, અને હમણાં જ છેલ્લે માનનીય નાનુભાઈએ અને બાકીના લોકોએ વાત કરી કે સુભાષચંદ્ર બોઝની યાદીમાં હરીપુરાથી ઈ ગ્રામ, વિશ્વ ગ્રામ ની શરૂઆત કરી, આ ગુજરાતની ભાજપની સરકાર ગૌરવ લઈ શકે તેવી વાત છે, કે આખા દેશમાં કોઈએ પણ ગામડાંને કોમ્પ્યુટરથી અથવા તો નેટવર્કથી જોડવાની વાત નથી કરી તે વાત આ ભાજપની સરકારે ઈગ્રામ, વિશ્વગ્રામથી તેની શરૂઆત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ હજાર ઉપરાંત ગામડાંને બ્રોડ બેન્ડ કનેકિટવિટીથી જોડવામાં આવેલા છે. આના લીધે ગામડાંના માણસો દુનિયાભરના સમાચારો લઈ શકે છે, દુનિયા ભરની વિગતો જાણી શકે છે, એટલું જ નહિ પરંતુ સ્થાનિક ખેડૂતનો દીકરો હોય તો માર્કેટીંગ યાર્ડમાં પડતા જુદી જુદી વસ્તુઓના ભાવ પણ જાણી શકે છે. એ સિવાય સાત બારના ઉતારા જોઈતા હોય, જન્મ મરણનો દાખલો જોઈતો હોય, આવકનો દાખલો જોઈતો હોય, જ્ઞાતિનો દાખલો જોઈતો હોય, આ તમામ કોમ્પ્યુટર સિસ્ટમ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ મારફતે મેળવી શકે છે. આવી આધુનિક પદ્ધતિ ગુજરાત રાજયે અપનાવેલી છે. આના કારણે ગુજરાત રાજયની અંદર પ્રજાની ફરિયાદોનું પ્રમાણ છે એ નહિવત્ થઈ ગયેલું છે. જે નહિવત્ ફરિયાદ આવે છે એનું તાત્કાલિક નિવારણ થાય તેવી સિસ્ટમ રાજય સરકારે ગોઠવેલ છે. એટલા માટે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે મારી માગણીઓ ચૂંટણી અંગેની છે, સામાન્ય વહીવટ વિભાગને લગતી છે અને મંત્રી પરિષદની માગણી છે આ બધી માગણીઓ મંજૂર કરે તેવી તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (માહિતી પ્રસારણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી માગણી ઉપર આ સન્માનનીય સભાગૃહના માનનીય ધારાસભ્યશ્રીઓ, માનનીય સભ્યશ્રી શંકરભાઈ, માનનીય સભ્યશ્રી

ગણપતભાઈ, માનનીય સભ્યશ્રી મફતભાઈ, માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈ, માનનીય સભ્ય શ્રીમતી ગીતાબહેન, માનનીય સભ્યશ્રી નાનુભાઈ, માનનીય સભ્ય શ્રીમતી વર્ષાબેન અને માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટેલે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને અમે જે કંઈ કામગીરી કરી રહ્યા છીએ તે અંગે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો છે તે માટે હું આ સૌ સાથી ધારાસભ્યશ્રીઓનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી જે સૂચનો એમણે પોતાના વક્તવ્યમાં અમારા માટે મૂક્યા છે એ સૂચનો ઉપર પૂરેપૂરી વિચારણા કરી એનો અમલ કરવા માટે પ્રયત્ન કરીશું.

માહિતી વિભાગને લાગેવળગે છે ત્યાં સુધી હું એવું માનું છું કે સરકારની નાડીના ધબકારા પ્રજા સુધી લઈ જતું સૌથી અગત્યનું કોઈ તંત્ર હોય તો એ માહિતી અને પ્રસારણ વિભાગ છે. તંત્ર કયા પ્રકારે અને કેવું કામ કરી શકે અને એણે ગુજરાતના વિકાસના ઇતિહાસમાં કઈ રીતનો ફાળો આપ્યો છે એનો ઇતિહાસ આ રાજયના પ્રથમ માહિતી નિયામકશ્રી મણીભાઈ શાહે પોતાના પુસ્તક " હું પોતે" એમાં સવિસ્તાર આપ્યો છે. એ જ રીતે આ દેશના અગત્યના નિર્ણયો અને રાજનીતિ કઈ રીતે ચાલી એ વિશે જાણવું હોય તો ઘણા લાંબા સમય સુધી માહિતી અને પ્રસારણ વિભાગના કેન્દ્રમાં અત્યંત જવાબદારી પૂર્વક કામ કર્યુ તેવા એમ.વાય. શારદાપ્રસાદનું પુસ્તક The Book that I would not be writing. વાચવું પડે. જ્યારે આ તંત્ર બરાબર કામ કરે છે ત્યારે એના થકી સમયસર પ્રજા સુધી માહિતી પહોંચે છે. માહિતી ખાતું એટલે માત્ર સરકારના વખાણ કરવા વાળુ ખાતું તેવી વાત માહિતી ખાતાની કામગીરીના અભિગમમાં અમે રાખી નથી. માહિતી ખાતું જ્યારે વ્યવસ્થિત કામ નથી કરતું ત્યારે હું ચંદ્રવદન મહેતાનું પુસ્તક "રેડિયો ગઠરિયા" વાચતો હતો. એમાં એક માહિતી ખાતાની કામગીરી છે એના કારણે એવા ત્રણ દાખલા નોંધેલા છે. પાના ૫૭ ઉપર આવા બે ત્રણ દાખલા નોંધેલા છે. મહાત્મા ગાંધીની હત્યા વખતે પણ આપણે મોડા પડ્યા હતા. ઈન્દિરા ગાંધીની હત્યા વખતે આઠ કલાક પછી એનાઉસમેન્ટ થયું હતું. જયપ્રકાશ નારાયણને તો વહેલા મારી નાખેલા. હજી આવી પરિસ્થિતિમાં આપણે બાળક જ છીએ. એક સમયે માહિતી અને પ્રસારણ વિભાગની શું પરિસ્થિતિ હતી તેનું તાદ્દશ વર્ણન ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ પોતાના આ પુસ્તકમાં સુપેરે કર્યું છે. તેની સાથોસાથ વાવાઝોડાથી માંડીને રેલ હોય, કોઈ અકસ્માત હોય,

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

કોઈ મુશ્કેલ પરિસ્થિતિ હોય, યુદ્ધ હોય એવા સમયે સાચા સમાચારો થકી પોતાની વિશ્વસનીયતા પ્રજા માનસમાં સમયસર સમાચારો પૂરા પાડીને ઉભી કરવાનું કામ પણ માહિતી ખાતાનું છે. Sometimes a communication which is not timed properly or a communication which is delayed, is more dangerous then the communicationnot made at all અને તેના કારણે ક્યારેક ઘણી બધી ગેરસમજો અને ઘણી બધી ક્યારેક વિમાસણની પરિસ્થિતિ પણ સર્જાતી હોય છે. એ વાતને લક્ષમાં લઈને માહિતી અને પ્રસારણ વિભાગનું જે અંદાજપત્ર ૨૦૦૯-૧૦ માટેનું અમે ગૃહ સમક્ષ રજૂ કર્યું છે તેના કેટલાક મુદ્દાઓ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી માહિતી ખાતાએ સમુહ માધ્યમોનો ઉપયોગ જન જાગૃતિ અને લોક કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી પ્રજા સમક્ષ રજૂ કરવા અસરકારક રીતે કરેલ છે. એક જમાનો હતો કે જ્યારે થિયેટરમાં પણ સમાચારનું જે માહિતી ખાતાનું રીલ આવતું હતું એ ચૂકાઈ ન જવાય તેના માટે થઈને ચલચિત્ર શરૂ થાય તે પહેલાં અચૂક પોતાની બેઠક મેળવી લેવા માટેનો પ્રયત્ન દર્શકો કરતા હતા. આજે માધ્યમોની એક વિશાળ શ્રેણી ઉપલબ્ધ બની છે. મુદ્રિત માધ્યમો, વિજાણું માધ્યમો, ઉપરાંત લોકમાધ્યમોની અસરકારકતાને ધ્યાને લઈને આ માધ્યમોનો માહિતી ખાતાએ પ્રચાર-પ્રસારની કામગીરી માટે સુચારુ ઉપયોગ કર્યો છે. રાજય સરકારના વિકાસ કાર્યક્રમો, જેવા કે વાઈબ્રન્ટ ગુજરાત, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ, નવરાત્રિ તથા પતંગોત્સવ, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, રથયાત્રા, નિરોગી બાળ વર્ષ અભિયાન, સામાજીક ન્યાય અને અધિકારિતા, સાગર ખેડુ યોજના, ગરીબ સમૃદ્ધિ યોજના, વન બંધુ વિકાસ યોજના, કુટુંબ કલ્યાણ યોજના, રોગ પ્રતિરક્ષણ, સમાજ સુરક્ષા અને મહિલા સશકિતકરણ વગેરે સંદર્ભે થતા નૂતન આયોજનોની માહિતી લોકો સુધી પહોંચાડીને લોકોને વિકાસના ભાગીદાર બનાવવામાં માહિતી ખાતુ સતત અગ્રેસર રહ્યું છે. તેનો આપણને આનંદ છે.

માહિતી અને પ્રસારણ વિભાગનું કુલ ૫૮.૪૫ કરોડ રૂપિયાનું અંદાજપત્ર સન ૨૦૦૯-૧૦ માટે સભાગૃહની મંજૂરી અર્થે રજૂ કરવામાં આવ્યું છે. જેમાં આયોજન સદરના ૨૪.૧૦ કરોડ, આયોજન બહાર સદરે ૩૯.૦૩ કરોડની જોગવાઈ આવરી લેવાઈ છે. આ જોગવાઈ પૈકી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ૪.૨૫ કરોડ અને અનુસૂચિત જનજાતિ માટે ૧.૯૨ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. માહિતી ખાતાએ સમયની સાથે ચાલીને એક સુચારુ વ્યવસ્થા ઉભી કરી છે. જે ચીલાચાલુ પ્રચાર માધ્યમો છે જેવા કે હોર્ડીંગ્સ છે, લોકમેળાઓ છે, ભવાઈ છે, નાટકો છે, પ્રદર્શન છે, તેની સાથો સાથ વેબસાઈટ જેવા ઇલેક્ટ્રોનિક્સ સોફીસ્ટીકેશનને પણ માહિતી ખાતાએ અપનાવ્યા છે અને તેના પરિણામે માહિતી ખાતુ એ વિવિધ માધ્યમો થકી રાજય સરકારની કામગીરી અંગેની માહિતી પ્રજા સુધી લઈ જવામાં સક્ષમતાપૂર્વક કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફિલ્મ એક અસરકારક માધ્યમ છે અને માહિતી ખાતુ એ દિશામાં પણ આપણે આનંદિત થઈએ તેવી કામગીરી કરી રહ્યું છે. રાજયના માહિતી ખાતા દ્વારા તૈયાર કરવામાં આવતી ટી.વી. શ્રેણીઓ જેવી કે ઝરૂખો, પરિવર્તન, યશ ગાથા ગુજરાતની, વિકાસની વિશેષ શ્રેણીઓ કે જે માહિતી ખાતા દ્વારા ઈન હાઉસ પ્રોડક્શન તરીકે તૈયાર કરીને દૂરદર્શન, ઝી ટી.વી., ઈ ટી.વી. જેવા માધ્યમો દ્વારા તેનું પ્રસારણ કરવામાં આવે છે. તેમાં આ વિષયોને આવરી લેતી જાણકારી પ્રજા સમક્ષ મૂકવામાં આવે છે. માહિતી ખાતાની આ ટી.વી. શ્રેણીઓ જે તે દૂરદર્શન ચેનલો ઉપર ટી.આર.પી. રેટીંગમાં પ્રતિવર્ષ અગ્રસ્થાને રહેતી આવી છે. સામાન્ય રીતે સરકારી કાર્યક્રમો અથવા તો સરકારી શ્રેણી હોય. ત્યારે એના દર્શકોને કંટાળાજનક લાગતું હોય છે. અહીંયાં માહિતી ખાતાએ એને એવી રોચક બનાવી છે કે આ બધી જ શ્રેણીઓ ટી.આર.પી. રેટીંગમાં અગ્રતાક્રમે રહી છે. માહિતી દર્શક ફિલ્મો, દસ્તાવેજી ફિલ્મો તૈયાર કરવા રૂ.૨.૬૦ કરોડની જોગવાઈ આ બજૅટમાં સૂચવવામાં આવી છે. મેં અગાઉ પ્રદર્શનોની વાત કરી. માહિતી ખાતા દ્વારા ૨૦૦૮-૦૯માં અંદાજે ૬૦૦૦ પ્રદર્શનો યોજાયા હતા. જેનો ૨૦ લાખ લોકોએ લાભ લીધો હતો. આ પ્રદર્શનો દ્વારા વધુમાં વધુ લોકો સુધી માહિતી પહોંચાડવાના પ્રયત્નો માહિતી ખાતા દ્વારા કરવામાં આવે છે. વિવિધ વિકાસ પ્રવૃત્તિઓ - અસ્મિતા, સંસ્કૃતિ અને ઇતિહાસની પ્રવૃત્તિ માહિતી પ્રદર્શન વાનમાં આધુનિક ઢબે ડિસ્પ્લે કરવાના આશયથી આધુનિક સાધનથી સુસજ્જ મોબાઈલ પ્રદર્શન વાન mobile media projection, sign boards, inlay/outlay display, vinyl scroll, pop-ups જેવા સાધનોથી સુસજ્જ પ્રદર્શનો આધુનિકરણથી સુસજ્જ કરવા માટે રૂ.૬૦ લાખના ખર્ચે ૨ પ્રદર્શનવાન તૈયાર કરવામાં આવનાર છે. આ થશે એના કારણે જે દૂર-સુદૂરના વિસ્તારો છે, ગ્રામ્ય વિસ્તારો છે, જ્યાં સુધી હજુપણ કદાચ ટી.વી.ના માધ્યમ થકી નથી પહોંચી શકતા ત્યાં સુધી રાજયની કલ્યાણ યોજનાઓને લઈ જવામાં માહિતી ખાતું એનું વાહક બનશે. ગુજરાત પાક્ષિક વિશે જે કોઈ વિચારો વ્યક્ત થયા એને હું આવકારું છું. આજે ગુજરાત પાક્ષિક એક જમાનામાં એવું પાક્ષિક હતું કે, કદાચ ઘણા બધા ઘરોમાં એનું રેપર પણ ખોલવામાં નહોતું આવતું. આજે ગુજરાત પાક્ષિક જે કોઈપણ સરસ મજાના પ્રકાશનો જેવું સમૃદ્ધ માહિતીનો રોચક પિરસાયેલ રસથાળ લઈને આવે છે. બે લાખ કરતાં પણ વધુ નકલો આ મેગેઝીનની પ્રસિદ્ધ થાય છે અને આમ છતાંય એની માહિતી છેક નાનામાં નાના વ્યકિત સુધી પહોંચે અને એના લવાજમનું ભારણ ન પડે એ માટે એનું લવાજમ માત્ર રૂ.૫૦ રાખ્યું છે. વેબસાઈટ- www.gujaratpublication.com પર ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક તેમજ ગુજરાત પાક્ષિક નિયમિત મૂકવામાં આવે છે. એને ત્યાંથી જોઈ પણ શકાય છે અને ઉપયોગી માહિતી ડાઉનલોડ પણ કરી શકાય છે. ચાલુ વર્ષે ધોરણ-૧૦, ૧૨ અને સ્નાતકની પરીક્ષા પૂરી થયા બાદ વ્યવસાયિક માર્ગદર્શક અંક પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેમાં ધોરણ-૧૦ પછી શું? ધોરણ-૧૨ પછી શું? તથા સ્નાતક પછી શું? વગેરે અંગેનું નિષ્ણાત લેખકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે. આ રાજયમાં ઘણા બધા ઘર એવા છે કે, ઘણા બધા મા-બાપ એવા છે કે, પોતાના બાળકોને કારકિર્દી કેવી રીતે પસંદ કરવી તે અંગેનું માર્ગદર્શન એમને જરૂરી હોય છે. ત્યારે સરળ ગુજરાતી ભાષામાં માત્ર રૂ.૨૦માં આ પ્રકાશન એમને આ માહિતી ઉપલબ્ધ કરાવે છે. ગુજરાત રોજગાર સમાચાર-એ જ રીતે જે લોકો રોજગારીની તલાશમાં છે એમને રોજગારીની તકો વિશે માહિતી અને એ અંગેની સંલગ્ન જરૂરી માહિતી હોય એ ઉપલબ્ધ કરાવે છે. ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક નહીં નફોના ધોરણે બેરોજગારોને રોજગારી અંગે માર્ગદર્શન આપવાના ઉજળા આશયથી પ્રસિદ્ધ કરવામાં આવતું હોય તેનું લવાજમ ફક્ત રૂ.૩૦ રાખવામાં આવે છે. આ પ્રકાશનો માટે ચાલુ વર્ષે રૂ.૧.૬૭ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે. વિવિધ લોક ડાયરા, શેરી નાયકો, ભવાઈ જેવા કાર્યક્રમો દ્વારા ગ્રામ્ય અને લોક સમુદાય સુધી માહિતી પહોંચાડી છે જે લોકભોગ્ય બન્યું છે. સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૨૧૧ લોકડાયરા, ૭૦ નાટકો, ૧૧૨ કઠપૂતળી, ૯૫ ભવાઈ, ૨૦૧ હરિકથા અને ૨૨ તમાશા, ૧૫ સાંસ્કૃતિક કાર્યક્રમો એમ કુલ મળી ૭૨૫ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. પરંપરાગત માધ્યમ હેઠળ ભવાઈ, કઠપૂતળી, શેરી નાટકો, લોક ડાયરા વગેરે કાર્યક્રમો માટે રાજય સરકારની લોકોત્સર્ક યોજનાની manuscript નીચે પૂતળાઓ તૈયાર કરીને કાર્યક્રમો કરવા ૨૫ જિલ્લા કલેક્ટર કચેરીઓને આપવામાં આવ્યા હતા. અત્રે હું કહેવા માગીશ કે, આ બધા કાર્યક્રમો માત્ર રાજય સરકારના પ્રચાર અને પ્રસાર માટેના છે. એવા સીમિત દાયરામાં એને જોવા જોઈએ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમો થકી જે લોકકલાકારો અને જે લોકકલા એ ધીરેધીરે નાશવંત થવાની છે, અદૃશ્ય થવાની છે આજે ભવાઈ અથવા તો શેરી નાટકો માટેના લોકકલાકારોની સંખ્યા ઘટતી જાય છે. આજે રામલીલા કે એ પ્રકારના પ્રસંગો એ ભજવાતા ઓછા અને ઓછા થતા જાય છે ત્યારે આ પ્રકારનો રાજયઆશ્રય આ પ્રકારનું રાજય તરફથી પ્રોત્સાહન એ આ કલાકારો માટે પણ એક મોટું જીવતદાનરુપ બની રહે એ પ્રકારની આ વ્યવસ્થા માહિતી ખાતા થકી ગોઠવાયેલી છે અને આ પરંપરાગત માધ્યમો માટે આ બજેટમાં ૫૩ લાખની જોગવાઈ કરી છે. ફિલ્મ નિર્માણ અને ફિલ્મ પ્રોત્સાહન ૧૦૦ ટકા કરમુકતીની યોજના છે. અને ૫ લાખની સબસીડીનું આયોજન છે. ૨૦૦૬માં ૧૩ ગુજરાતી રંગીન ફિલ્મોને કરમુકિત અપાઈ હતી એ વધીને ૨૦૦૭માં લગભગ અઢીગણા એટલે ૩૧ ચલચિત્રો અને ૨૦૦૮માં ચારગણી એટલે કે ૫૨ ચલચિત્રોના નિર્માણ સુધી આગળ વધી. આ વખતે ચાલુ સાલે આ માટે ૮૦ લાખ રુપિયાની જોગવાઈ કરી છે અને કુલ ૪૪ ફિલ્મો સબસીડી માટે વિચારણા હેઠળ છે. રાજયના કલાકારોને પણ પ્રોત્સાહન એવોર્ડ આપવાની એક વિશિષ્ટ પદ્ધતિ રાજય સરકારે શરુ કરી છે અને એ પદ્ધતિ હેઠળ પણ માહિતી ખાતા દ્વારા

વિશિષ્ટ પ્રોત્સાહનો અને કલાકારોને તેમજ ગુજરાતી ચલચિત્રોને જૂદાજૂદા એવોર્ડ આપવાની કામગીરી કરવામાં આવે છે. સ્વર્ણિમ જયંતિની ઉજવણી ગુજરાત જયારે એની સ્થાપનાની સ્વર્ણિમ જયંતિ ઉજવે ત્યારે એ સ્વર્ણિમ જયંતિની ઉજવણી રોચક બની રહે, એની ઉજવણી માહિતી વિભાગ દ્વારા એટલી સરસ રીતે પ્રસ્તુત થાય અને માહિતી વિભાગ એમાં અગત્યનો ભાગ ભજવી શકે તે માટે એક વિવિધ આયામી પ્લાનનું આખરીકરણ થયેલ છે. સ્વર્ણ જયંતિનો સંકલ્પ રથ બનાવી તેને જનાકર્ષક બનાવવાનું કામ માહિતી વિભાગે સાંસ્કૃતિક વિભાગ સાથે રહીને કર્યુ છે અને સાંસ્કૃતિક વિભાગ તરફથી અમને જે સહકાર મળ્યો છે એ માટે મારા સાથી મંત્રી માનનીયશ્રી ફકીરભાઈનો હું આ તબકકે આભાર માનું છું. આવતી પેઢી એ પત્રકારત્વમાં કઈ રીતે રસ લેતી થાય અને આવતી પેઢીને આગામી પેઢીના પત્રકારો જે બનવાના છે તેમને ગુજરાતની વિકાસ યાત્રાનો અહેસાસ કઈ રીતે ઉભો કરાવાય અને એમને એમાં રસ લેતા કઈ રીતે કરાય એ માટે માહિતી વિભાગના અધિકારીઓએ યુનિવર્સિટીના વિધાર્થીઓ અને પ્રાધ્યાપકો સાથે એકદમ જીવંત સંપર્ક ડાયલોગ ઉભો કર્યો છે. અને આ સંવાદમાં ગુજરાતના વરિષ્ટ પત્રકારો સાહિત્યકારો અને યુનિવર્સિટી સત્તાવાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો છે. આમ માહિતી ખાતુ એ એકમાત્ર માહિતી આપનાર એક ચેનલ નહીં પણ ઈન રીયલ સેન્સ એક કોમ્યુનીકેશન ડિપાર્ટમેન્ટ કે જે એક ચોકકસ હેતુથી અને ચોકકસ લાભાર્થીઓ, ચોકકસ વિભાગ માટે ચોકકસ દ્દષ્ટિકોણથી માહિતી પૂરી પાડી અને રાજયના વિકાસની યાત્રામાં સહજ રીતે પોતાનું યોગદાન આપવાનું કામ કરે છે એટલે માહિતી ખાતુ એટલે માત્ર પ્રેસ નોટ રજૂ કરનારું ખાતું એવું નથી પણ રાજયની વિકાસ યાત્રામાં સતત સંવેદનશીલતાથી વિકાસના ધબકારા જીલીને એ વિકાસના સ્પંદનોને લોકો સુધી સહજ રીતે લઈ જવાનો અને એને ઝરૂખો અથવા પરિવર્તન જેવી શ્રેણીઓ થકી રજૂ કરીને રાજય સરકાર જે કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકી રહી છે એના પરિણામો અને એ યોજનાઓ વિશેની માહિતી રજૂ કરવાનું કામ માહિતી ખાતુ કરે છે અને to that extent, હું એવું ચોકકસ કહીશ કે information technology has also an important role as a presentation and marketing department of various schemes as far as State Government is concerned. A communication department that communicates effectively અને એ વાતને લક્ષમાં રાખીએ તો માનનીય સભ્યશ્રીઓએ માહિતી ખાતાની કામગીરી માટે પોતાના જે વિચારો વ્યકત કર્યા છે અને એમણે જે સ્વાભાવિક અને સહજ રીતે માહિતી ખાતાની કામગીરીની, એના પ્રકાશનોની અને કાર્યક્રમોની જે પ્રશંસા કરી છે એ સકારણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ અંગેની વાત કરવા માગું છું. સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગના વર્ષ ૨૦૦૯-૧૦ના અંદાજપત્રની વાત આપણે કરી રહ્યા છીએ ત્યારે એની કેટલીક જોગવાઈઓ ઉપર આવતા પહેલા હું કહેવા માગીશ કે એલ્વિન ટોફલર કે જે આ સદીના મહાન ચિંતક ગણી શકાય એવા વિચારક છે એમણે ઘણા પુસ્તકો લખ્યા છે, Powershift છે, Third Wave છે, Future Shock છે, પણ એમાનું એમનું એક પુસ્તક છે Powershift. Knowledge, Wealth and Power at the edge of Twenty First Century એના કેટલાક અવતરણોથી હું મારી આજની ચર્ચાનો પ્રારંભ કરવા માગું છું. એલ્વિન ટોફલરનું પહેલું વાક્ય છે, Knwledge is the most democratic source of Power કોઈપણ લોકશાહી વ્યવસ્થામાં જ્ઞાન એ લોકશાહીને પ્રેરતું અને પોષતું એક મોટું પરિબળ છે. જો આ જ્ઞાન સરળતાથી ઉપલબ્ધ બને તો લોકશાહી વ્યવસ્થા સુપેરે ચાલે છે. જો જ્ઞાનનો પ્રસાર અને પ્રચાર અટકાવવામાં આવે તો લોકશાહી વ્યવસ્થામાં અવરોધો ઊભા થાય છે, ગેરસમજો ઊભી થાય છે. એના કારણે લોકશાહી વ્યવસ્થાનું બળ ઘટે છે અને એટલા કારણથી આપને ખ્યાલ છે કે ઇમરજન્સીના કાળા દિવસોમાં જ્યારે સેન્સરશીપ લાદવામાં આવી હતી ત્યારે જ્ઞાન અને સાચી માહિતી જતી અટકાવવાના કારણે એ પછીનો સમય આવ્યો ત્યારે પ્રજા મતે એનો પડઘો પાડ્યો હતો. આ દેશના ઈતિહાસથી સૌ કોઈ વિદિત છે. હું અત્યારે એની વિગતોની ચર્ચામાં પડવા માગતો નથી. એનું બીજું વાક્ય છે, Technology feeds on itself. Technology makes more technology possible એક ટૅક્નૉલૉજીથી શરૂ કરીએ તો એક પછી બીજી, બીજી પછી ત્રીજી એમ એની આખી શ્રૃંખલા ઊભી થાય છે. એટલે જ્યારે તમે અટકો છો ત્યારે સ્વભાવિક એનો વિરોધ સાચો પડે છે. જો ટૅક્નૉલૉજીથી મોઢું ફેરવી લઈશું તો એ ટૅક્નૉલૉજી આગળ વધતી અટકશે. સાદો દાખલો આપીશ કે આજની ગૃહિણી કેટલા પ્રકારની ટૅક્નૉલૉજી વાપરે છે. એ ઘરમાં દળવા માટેની ઘંટી વાપરે છે, એ મોબાઈલ ફોન વાપરે છે, એ મિક્સર ગ્રાઈન્ડર વાપરે છે. એ ડી.વી.ડી. પ્લેયર, ટેલિવિઝન અને કમ્પ્યુટર વાપરે છે, ઈન્ટરનેટ સર્ચ કરે છે. આજે એક ઘરમાં આટલી ટૅક્નૉલૉજી વપરાય છે. આ તો માત્ર ઉદાહરણ છે. આખું એકઝોસ્ટીવ લિસ્ટ નથી. જો ગૃહિણીઓને આટલી ટૅક્નૉલૉજીની જરૂર પડતી હોય તો કોઈપણ રાજ્ય વ્યવસ્થા કે જેને પ્રજાના હિતો માટે અનેકવિધ યોજનાઓ કરવાની છે, એ યોજનાઓના મોનિટરીંગ માટે, એ યોજનાઓના સાચા રિપોર્ટીંગ માટે ટૅક્નૉલૉજીની જરૂર પડે અને એ આ રાજ્ય સરકારે અપનાવી છે. એનું ત્રીજું વાક્ય છે, The great growing engine of chnge - the technology. એનાથી બદલાવ આવે છે. અત્યાર સુધી આપણે શું કરતા હતા? અત્યાર સુધી કદાચ આપણે પર્યાવરણનો સત્યાનાશ કરતાં હતા કારણ કે કાગળો વાપરતા હતા. આ પર્યાવરણને બચાવવા માટે કાગળો ન વાપરીએ, શાહી ન વાપરીએ અને ઈ-મેઈલનો ઉપયોગ કરીએ, એસ.એમ.એસ.નો ઉપયોગ કરીએ તો મેં સરળ દાખલો આપ્યો છે કે

The great grawing engine of chnge is the technology Sir. ચોથી વાત છે કે, The illiterate of the future, Sir, This is most important, The illiterate of the future will not be the person who can not read. વાંચી શકનારા માણસો અભણ છે એવું નહીં કહી શકીએ. આવનારા સમયમાં It will be the person who does not know how to learn. કઈ રીતે શીખી ન શકે, કઈ રીતે વાંચી ન શકાય? એટલે હવે નોકરીઓમાં એક શબ્દ વપરાતો થયો છે. આપણે સર્ટિફિકેટ માગીએ છીએ. ઘણી જાહેરાતોમાં જોઈએ છીએ કે એમણે લખ્યું હોય છે કે, Computer literacy essential or Computer literacy a must. એટલે આ જે ટૅક્નૉલૉજી છે એ ટૅક્નૉલૉજી ઈલીટરસી ખતરનાર વસ્તુ છે. ક્યાંક I remember same Tophler have said કે ટૅક્નૉલૉજીનો જે લોકો ઉપયોગ કરે છે, જીવનના દરેક ક્ષેત્રમાં ટૅક્નૉલૉજી પ્રવેશ કરી ચૂકી છે અને કરશે. જે લોકો એનો ઉપયોગ કરશે એ લોકો સધ્ધર બનશે અને જે લોકો એનાથી મોઢું ફેરવીને ચાલશે એ લોકો ડાયનાસોરની જેમ અદૃશ્ય થઈ જશે. Technology is going to be a buzz word as far as tomorrow's administration is concerned and therefore, Government of Gujarat gives lot of importance to the Science and Technology Department. Not only the department, also the exhibition on the ground like Science City એટલે આ વિભાગ અને વિભાગ થકી અમે ઘણી કામગીરી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, we are all in power shift era. Power deals with knowledge and the role it plays in life. Without knowledge, you will not win in battle; in war or marketing competition, Knoweldge is going to give success. અને એને ચરિતાર્થ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની વહીવટી વ્યવસ્થાને જે દિશા આપવાનું કામ કર્યુ છે એમાં ગુજરાતનું ઈ-ગવર્નન્સએ કેન્દ્ર સ્થાને છે અને એ ઈ-ગવર્નન્સના કારણે એનું એક ધ્યેય અમારી દૃષ્ટિ એવી છે કે make all Government services accessible to the common person in his locality, through common sevice outlets and deliver and ensure efficiency, transparency and reliability of such service at affordable cost to realize the basic needs of the commonman. માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગવર્નન્સના ચાર મુખ્ય હેતુ છે. એક એ છે કે સરકારની જે કાંઈ સેવાઓ છે એ સામાન્યમાં સામાન્ય માણસને એ જ્યાં છે ત્યાં લઈ જઈને પૂરી પાડવી. બીજો એનો હેતુ છે transparency એટલે બિલકુલ વિશ્વસનિયતાપૂર્વક આ સેવાઓ અથવા આ વિગતો તેને મળે એ જોવું. ત્રીજો at affordable cost - એવું પણ નહિ થવું જોઈએ કે કિંમત એને એટલી અઘરી પડે કે એના બદલે એ ચીલાચાલુ રસ્તા તરફ જ ચાલતો થાય અને ચોથો મુદ્દો એ છે એ આ સેવાઓ એ દૃષ્ટિએ એ સમયે they must be available quickly and promptly. આ ચારેય મુદ્દા અમે ઈ-ગવર્નન્સના માધ્યમ થકી અમારો જે વિભાગ છે એણે ગુજરાતની પ્રજા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનું જે આવનાર સમય માટેનું જે વિઝન છે એ વિઝન માનનીય મુખ્યમંત્રીશ્રીના જ શબ્દોમાં કહીએ તો એમણે એવું કહ્યું છે કે " Governance is to mean - is easy, effective and efficient government.: ત્રણ વસ્તુ સાહેબ eassy સરળતાથી સમજણ પડે તેવી, effective અસરકારક અને efficient કાર્યદક્ષ, સરળતાથી, સમજણ પડે તેવી, અસરકારક અને કાર્યદક્ષ સરકાર એ માનનીય મુખ્યમંત્રીશ્રીનું આવતીકાલની ગુજરાતની વહીવટી વ્યવસ્થા છે તે માટેનું એમનું સ્વપ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, Elvin Tofflre ના આ વિચારોના સંદર્ભમાં ઈ-ગવર્નન્સના ક્ષેત્રમાં ગુજરાત સરકારે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણું સારું કામ કર્યુ છે એનો પહેલો દાખલો છે જેને આપણે જીશ્વાનના નામથી ઓળખીએ છીએ. Gujarat State Wide Area Network. ૨૦૦૧માં જ્યારે હજુ આ દેશમાં માંડ computerization and its application in Government services, એની શરૂઆતની ચર્ચા ચાલતી હતી ત્યારે ૨૦૦૧માં આપણે જીશ્વાનની સ્થાપના કરી. ૨૦૦૮-૦૯ માં રિંગ સ્ટ્રકચરથી સુદૃઢ બનાવ્યું. લોકલ એરિયા નેટવર્ક અને વાઈડ એરિયા નેટવર્કના સાધનોથી અને આગળ જતા વધુ સુદૃઢ બનાવ્યું અને રાજ્ય સરકારનું ઈ-ગવર્નન્સનું વિઝન નાગરિક લક્ષી સેવાઓને પારદર્શક રીતે, સરળતાથી પોષાય તેવી કિંમતે ઘર આંગણે મળી રહે એવી વ્યવસ્થામાં અગ્રેસર રહેવાનો અમારો પ્રયત્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું આ કહું છું ત્યારે મને ખ્યાલ છે કે સામાન્ય નાગરિકોને તેમના ઘર આંગણે નાગરિક લક્ષી સેવાઓ ઉપલબ્ધ થઈ શકે તે માટે ગુજરાત પોર્ટલના માધ્યમથી ૪૦ જેટલી નાગરિકલક્ષી સેવાઓ ઈ-ગ્રામ અને સાયબરકાફેના માધ્યમથી પૂરી પાડવા માટેનું પણ આયોજન અને દૃષ્ટિકોણ આ સરકારે રાખ્યો છે. એના પ્રથમ ચરણમાં જે માનનીય લક્ષ્મણભાઈએ જે વાત કરી કે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા.૨૩મી જાન્યુઆરી ૨૦૦૯ નાં રોજ ગુજરાત પોર્ટલના માધ્યમથી સરકારની વિવિધલક્ષી સુવિધાની માહિતી ઉપલબ્ધ કરવા ગુજરાત પોર્ટલનું પ્રથમ ચરણ અમલમાં મૂકેલ છે. બીજા ચરણમાં આગળ જણાવ્યું તે પ્રમાણે ૫૦ જેટલી નાગરિક સેવાઓ રાજ્યના નાગરિકોને ઈ-ગવર્નન્સના માધ્યમથી ઉપલબ્ધ કરાવવાનું અમારું આયોજન છે. નાગરિકોને તેમના પ્રશ્નો પ્રત્યે કઈ રીતે મદદરૂપ થઈ શકાય? સામાન્ય રીતે રાજ્યના મુખ્યમંત્રીશ્રીને મળવું હોય અથવા તો એમના સામે સીધી કોઈ રજૂઆત કરવી હોય તો એ કોઈપણ રાજ્યમાં ખૂબ મુશ્કેલ હોય છે અને ક્યારેક જે ચારણીમાંથી ચળાઈને માણસને આવવાનું હોય છે એ ચારણી પણ સાચી માહિતી ઉપર સુધી પહોચવા ના દે તેવા પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક સરસ મજાની પહેલ, આ રાજયના એક સામાન્ય માણસને ભેટ આપી છે.

ઑન લાઈન સ્વાગત કાર્યક્રમ એ આનું તાદ્રશ્ય ઉદાહરણ છે કે જેમાં સીધે સીધી ફરિયાદ મુખ્ય મંત્રીશ્રીના લોક દરબારમાં થાય અને એનો સીધે સીધો જવાબ સંબંધિત તાલુકા કક્ષાના અધિકારીઓ સુધી મંગાય અને તાલુકા કક્ષાના અધિકારીઑને એ પહેલા પોતે જે કહેવાનું છે તે કહેવાની તક અપાય, અરજદારને સંભળાય અને તાત્કાલિક ત્યારબાદ એનો નિકાલ થાય, મને એમ લાગે છે કે, આપણે જહાંગીરી ન્યાયની વાત બહુ વખત પહેલા ઇતિહાસમાં સાંભળી હશે, મને લાગે છે કે, એ વખતે આ ઑન લાઈન નહીં હોય એટલે ઘંટ વગાડવાનું રાખ્યું હશે. આ જહાંગીરી ન્યાયનો ઘંટ છે એ જ્યારે વગાડે કોઈ પણ માણસ ત્યારે રાત દિવસ જાગતો રહે અને ૨૦૦૮માં કુલ ૨૩,૦૦૦થી પણ વધુ આવી રજૂઆતો ઑન લાઈન મળેલ છે, જે પૈકી ૨૦,૯૨૭ જેટલી રજૂઆતોનો નિકાલ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૯માં મે અંતિત ૪૭૦૦થી વધુ ઑન લાઈન રજૂઆતો મળેલ છે જે પૈકી ૩૫૦૦થી વધુ ફરિયાદોનો નિકાલ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મને આ કાર્યક્રમ એક કરતાં વધારે વખત ચલાવવા માટેનો માનનીય મુખ્ય મંત્રીશ્રીના આદેશથી અનુભવ મળ્યો છે અને એની અસરકારકતા માટે હું જે કહું છું આપને, એ એ રીતે સ્વાનુભવ ઉપરથી મેં જે જોયું એના આધારે કહું છું અને એ કારણથી આ કાર્યક્રમ મને લાગે છે કે, ખૂબ જ ઉપયોગી કાર્યક્રમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવો જ કાર્યક્રમ એ ઈ-ધારાનો કાર્યક્રમ છે. એ કાર્યક્રમ એ અગત્યનો એટલા માટે છે કે, એમાં જે અરજીઓ આવે અને એ અરજીઓ એ ગ્રામ્યકક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ અને જે કલીયરન્સીસ્ અથવા સર્ટિફિકેટસ્ જોઈતા હોય અથવા તો એના માટેની જે માહિતી જોઈતી તેના માટેની હોય ત્યારે આ પ્રોજૅક્ટ હેઠળ વર્ષ ૨૦૦૯માં કુલ ૬ લાખ ૫૭ હજાર જેટલી અરજીઓ મળી છે, તે પૈકી ૬ લાખ ૪૨ હજાર જેટલી અરજીઓનો નિકાલ થયેલો છે, જેના દ્વારા ૧૨ કરોડ ૮૪ લાખ જેટલી રકમની આવક થયેલી છે. જે વર્ષ ૨૦૦૮ના વર્ષના કુલ વર્ષના આંકડા કરતાં વધુ છે.. વર્ષ ૨૦૦૮માં કુલ ૬ લાખ ૨ હજાર અરજીઓ મળી હતી અને તેમાંથી ૧૧. ૮૭ કરોડની આવક થઈ હતી જે ટાર્ગેટ અમારા વિભાગે ૧૦ જુલાઇ, સુધીમાં પૂરો કર્યો છે. કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જે ઈ-ગ્રામ વ્યવસ્થા છે એ જિલ્લા પંચાયત ૪૦ કોમ્પ્યુટર દરેક જિલ્લા પંચાયતમાં ઉપલબ્ધ કરાવ્યા છે. ૨૨૪ તાલુકા પંચાયતને બે પી.સી., સી.ડી. રાઈટર, લેઝર પ્રીન્ટર touch screen kiosk ની સવલત આપી છે. એ રીતે છવ્વીસે છવ્વીસ જિલ્લા પંચાયત અને ૨૨૪ તાલુકા પંચાયત જીસ્વાનથી જોડયા છે. ૧૩૬૯૩ ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ધરાવે છે. web camera છે. ૭૪૦૦ ગ્રામ પંચાયત KU band facility છે અને બાઈસેગ સાથે સંકળાયેલી છે. નાણા વ્યવસ્થા પણ સુપેરે થઈ શકે તે માટે ગ્રામ રૂરલ એકાઉન્ટીંગ મેનેજમેન્ટ સોફટવેર ગ્રામના ખાસ ઉપયોગ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે આ વ્યવસ્થા થકી ૧૩૬૯૩ ગામને જોડવામાં આવ્યા છે. જન્મ સર્ટિફિકેટ, મરણ સર્ટિફિકેટ, જાતિનો દાખલો, આવક સર્ટિફિકેટ, કોઈપણ પ્રકારના વેરા ભર્યા હોય તેની રસીદ, Various forms for development schemes. વિવિધ વિકાસ યોજના માટેની અરજીઓ, રાઈટ ઓફ રેકોર્ડ, આર.ઓ.આર. ઈકલેકશન સેન્ટર વગેરે તો સેવાઓ આપીએ જ છીએ પણ હવે ધીરેધીરે રેલ્વે અને એરલાઈનની ટિકિટો પણ ગામડાંમાં બેઠા બેઠા બુક કરી શકાય. માનનીય લક્ષ્મણભાઈએ એન.આર.આઈ.માટેની વાત કરી ત્યારે ગામડાંમાં બેઠાબેઠા રેલવે અને એરલાઈનની ટિકિટ બુક કરી શકાય. પોતાના ઈલેકટ્રીસીટી, ટેલિફોન કે મોબાઈલ વાપરતા હોય તેના બીલ ઘરે બેઠાબેઠા એ કરી શકાય. લાયસન્સ, પરમિટ, એન.ઓ.સી. ઈન્સ્યોરન્સ વગેરે એના થકી મેળવી શકાય. telemedicine અમે જેનો અખતરો કરવા માટે જઈ રહ્યા છીએ કે જેના માધ્યમ થકી ગામડાંને શહેરના telemedicines centres સાથે જોડીને એનો પ્રયોગ કરી શકાય. આપ જાણો છો કે કેન્સર સોસાયટીએ આનો મર્યાદિત રીતે ઉપયોગ શરૂ કર્યો છે અને અમારો ઈરાદો આ નેટવર્કનો પણ ઉપયોગ કરીને અન્ય ક્ષેત્રમાં પણ telemedicines લઈ જવાનો છે. આના ફાયદા એ થયા છે કે વેટની જે આવક છે એમાં ૨૦૦૬-૦૭ની સરખામણીમાં સારો એવો વધારો થયો છે. ૨૦૦ જેટલા MIS reports have been made available to administrators for decision support. Profiles of tax payers and tax paying dealers also become available. E-return facility ૪૦૦૦૦ ડીલરોને મળે એટલે સેલ્સ ટેકસ કચેરીમાં કે કોઈ જગ્યાએ જવું ના પડે અને માનનીય નાણામંત્રીશ્રીએ એ વ્યવસ્થા ગોઠવીને મને લાગે છે કે આટલા વિશાળ પાયા પર આ વ્યવસ્થા ઉભી કરવાનું શ્રેય ગુજરાતના વેચાણવેરા વિભાગને આપ્યું છે એ પણ એક મોટું અમારા માટે સંતોષનું કામ છે એની સાથેસાથે એક વિઝિટ કાર્યક્રમ Unique instand invoice matching for checking input tax credit to refund and assessment એ પણ એ વિભાગે દાખલ કર્યો છે અને આ બધું જે કર્યું છે અનેક એવોર્ડસ મળ્યા છે. પણ ૨૦૦૭માં સી.એસ.આઈ. એટલે Computer Society of India E - Governance Award સેવાઓને મળ્યો છે. હોસ્પિટલ મેનેજમેન્ટ અંગેની વાત મેં કરી એની પુનરોકિત હું કરતો નથી. આવનાર સમયમાં વાઈબ્રન્ટ ગુજરાતમાં જે કરારો થયા છે એના આધાર ઉપર ઈન્ફર્મેશન ટેકનોલોજી અને તેની સાથે જોડાયેલ ટેકનોલોજીકલ અપગ્રેડેશનના પ્રોજેકટ અમલમાં મૂકવા માટેનું કામ અત્યારે ગતિમાં છે અને જે પ્રકારનો પ્રતિસાદ આ વખતે મળ્યો છે એ જોતાં મને લાગે છે કે સારું ડેવલપમેન્ટ આવનાર સમયમાં આ વિભાગ દ્વારા થશે. ત્રીજો વિભાગની મારે વાત કરવી છે. બજેટની જોગવાઈની દ્રષ્ટિએ જોઈએ તો સાવ નાનો વિભાગ છે. ટાંકણીના ટોચકા કરતા પણ નાનું બજેટ એટલે ત્રણ કરોડ રૂપિયાના બજેટની વાત છે. ૨૦૦૯-૧૦ માટે એક રાજય તરીકે આપણે જોયું છે કે જયારે બર્મામાં જનરલ navy

એ હુમલો કર્યો, જયારે યુગાન્ડામાં ઈદી અમીનનો પ્રશ્ન ઉભો થયો. તાજેતરમાં કેન્યામાં મુશ્કેલી ઉભી થઈ. હમણાં ઓસ્ટ્રેલિયામાં જે પ્રકારના બનાવ બની રહ્યા છે ત્યારે રાજય તરીકે ગુજરાતના ભલે વર્ષોથી ત્યાં વસતા હોય નાગરિકો પણ જેમના મુળ ગુજરાત સાથે જોડાયેલા છે એ નાગરિકો ગુજરાત રાજય તરફ કંઈક આશાથી જુએ છે અને બંને કિસ્સાઓ કેન્યાના કિસ્સામાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાતે દરમ્યાનગીરી કરીને ત્યાંની સરકાર પાસે ત્યાં જે આપણા ગુજરાતીઓ વસે છે. એમના વેપાર ધંધાને કોઈ મુશ્કેલી ન થાય, એમના જાનમાલને મુશ્કેલી ન થાય એ પ્રકારની ખાતરી મેળવી હતી. એ રીતે ઓસ્ટ્રેલિયામાં પણ જે બનાવો બની રહ્યા છે એના સંદર્ભમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પહેલ કરી અને એમણે ભારત સરકારના માનનીય વિદેશ મંત્રીને અને બિન નિવાસી એટલે પ્રવાસી ભારતીય વિભાગના મંત્રીશ્રીને જે પત્ર લખ્યા અને ત્યારપછી દિલ્હીમાં જે ઓસ્ટ્રેલિયન હાઈકમિશ્નર સાથે વ્યકિતગત ધોરણે જે ચર્ચા કરી ત્યારપછી ઓસ્ટ્રેલિયન હાઈકમિશ્નરના નેતૃત્વ નીચે ખૂબ મોટું ડેલીગેશન પણ તાજેતરમાં જ ગુજરાતમાં આવી ગયું અને એના કારણે આપણને માહિતીના આદાનપ્રદાન માટેની અને આપણા નાગરિકો અથવા તો ગુજરાતી મુળના ભારતીયો ત્યાં જે વસે છે ઓસ્ટ્રેલિયામાં એમને જો કોઈ તકલીફ હોય તો વાત કરવા માટેની જગ્યા અને એ માટેની ચિંતા આપણે કરી એના પરિણામો હવે આપણને દેખાય છે. એ કારણથી આ વિભાગ એ રાજય બહાર રહેતા ગુજરાતીઓએ ગુજરાત સાથેના પોતાના મુળ ન ગુમાવી શકે અને એ ગુજરાતીઓ આપણા માટે એવી વેલ્યુએડેડ મુડી છે વિદેશમાં કે એને આપણે ન ખોઈ બેસીએ કારણકે એ લોકો બહાર ગયા ત્યારે એ જે પેઢી બહાર ગઈ છે એના સંપર્કો છે આ દેશ સાથે પણ એમના જે સંતાનો છે એમના સંતાનો માટે ઈન્ડીયા ઈઝ ધેર પેરેન્ટસ કન્ટ્રી એટલે જો એ અનુસંધાન આ દેશ સાથે નહીં જાળવીએ તો જે વેલ્યુએડીશન આપણને આપણા નાગરિકોના વિદેશમાં રહેવાને કારણે મળવાની છે.જે પ્રકારના ફૉરેન એક્સ્ચેંજ રેમિટેન્સેસ આપણને મળે છે. જે પ્રકારના લક્ષ્મણભાઈએ કહ્યું તે રીતે સામાજિક સેવાના અથવા તો ગ્રામ્ય વિકાસના કાર્યક્રમમાં મદદ મળે છે. એ મદદ આપણે ગુમાવી બેસીશું. એ રીતે અન્ય રાજયમાં ગુજરાતીઓ રહે છે. એ ગુજરાતીઓની સાથે સમજદારીનો સેતુ જળવાયેલ રહે, સંવાદ ચાલુ રહે એ એટલા માટે જરૂરી છે કે અન્ય રાજયમાં ગુજરાતીઓને સમાજ ભવનના નિર્માણ માટે આર્થિક સહાય આપવાની નીતિ આ રાજય સરકાર અનુસરે છે અને ૧૦ લાખ રૂપિયા સુધીની સહાય એ ગુજરાતી સમાજનું મકાન બાંધવા અને વિસ્તરણ અને રિનોવેશન માટે આપવામાં આવે છે. આ યોજના હેઠળ આ વર્ષે નીચે મુજબના ગુજરાતી સમાજને સહાય આપવામાં આવેલ છેઃ ગુજરાતી સમાજ-ભોપાલ- ૫ લાખ, ગુજરાતી સમાજ-મદુરાઈ-૫ લાખ, ગુજરાતી સમાજ- ચંદિગઢ-૫ લાખ અને એ રીતે એમની સાથે સમજદારીના સેતુ બંધાયેલા રહે તે રીતનો પ્રયત્ન કર્યા છે. હવે હમણાં નવી સમસ્યા ઊભી થઈ છે. ગુજરાતીમાં આપણે ત્યાં કહેવત હતી કે લંકાની લાડીને ઘોઘાનો વર. નવી પરિસ્થિતિ ઊભી થતી જાય છે. વિદેશથી મુરતિયો આવે. મા-બાપ ઉતાવળમાં હોય અને ખાસ એન.આર.આઈ. મૅરેજ શરૂ થયા છે. અમાસના દિવસે પણ લગ્ન થઈ જાય. આજે આવ્યો, બે દિવસમાં જોયું અને ત્રીજે દિવસે સગાઈ થઈ જાય અને ચોથા દિવસે લગ્ન કરી છોકારો જતો રહે. ત્યારપછી પ્રશ્ન ઊભા થાય છે. એના કારણે આપણી દીકરીઓને મુશ્કેલી ઊભી થાય છે. એ મુશ્કેલીમાં શું ખ્યાલ રાખવો એ તરફ ધ્યાન કેન્દ્રિત કરવા માટે બે સૅમિનાર અત્યાર સુધીમાં અમારા વિભાગે કર્યા છે. તાજેતરમાં જ ચોથી જુલાઈના રોજ સ્પીપા ખાતે એક સૅમિનાર આ માટે કરવામાં આવ્યો હતો. એની સાથે સાથે અન્ય રાજયના ગુજરાતી સમાજ સાથે જીવંત સંપર્ક રાખવા માટેની વ્યવસ્થા અમે ગોઠવી રહ્યા છીએ. અમારા સંસદીય સચિવશ્રી ટૂંક સમયમાં જ એક આયોજિત કાર્યક્રમ તરીકે રાજય બહારના જે જે ગુજરાતી સમાજો છે, જ્યાં ગુજરાતી સંસ્થાઓ છે, તેની મુલાકાત લઈ બધા સાથે વ્યક્તિગત રીતે સંવાદ ઊભો કરવા માટેનો આયામ લઈને નીકળવાના છે. આ રીતે અત્યાર સુધી આપણે અમુક મોટા કેન્દ્રમાં વસતા ગુજરાતીઓ માટે સભાન હતા, એના બદલે આખું નૅટવર્ક ઊભું થાય એના માટે અમે પ્રયત્ન કરીએ છીએ. વેબસાઈટનો જમાનો છે. એટલે નવું કર્યુ છે કહેવા નથી માગતો. WWW.NRI.GUJARAT.COM વેબસાઈટ અમે શરૂ કરી છે અને ઈન્ટરેક્ટિવ પોર્ટલ અને અદ્યતન વેબસાઈટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત સુવર્ણ જયંતીના ભાગરૂપે આવનારા સમયમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતીઓ મોટા પાયે સુવર્ણ જયંતીની ઉજવણીના કાર્યક્રમ સાથે જોડાય એ માટેના પ્રયાસ અમે અમારા માધ્યમ થકી પણ રાજય સરકાર જે કઈ પ્રયાસ કરી રહી છે. રાજયનો યુવક અને સાંસ્કૃતિક વિભાગ જે કઈ આયોજન કરે છે, એ પ્રમાણે અમે પણ અમારો ફાળો એમાં આપવાનો પ્રયત્ન કરીશું. આ વાત સાથે મેં જે મારા ત્રણેય વિભાગ માટેની માહિતી અને પ્રસારણ, એન.આર.જી. સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી માટેની જે માગણી સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરી છે. મેં જે માનનીય સભ્યશ્રીઓને સાંભળ્યા છે. એમની અમારા માટેની લાગણી એમના પ્રવચનમાં વ્યક્ત થતી જોઈ છે. તેમને વિનંતી કરું છું કે આ માગણી સર્વાનુમતિ પસાર કરીએ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં થોડા પ્રશ્ન છે, જે વણી લેવાય. માણસા તાલુકો મહેસાણા જિલ્લામાં હતો, પછી એનું વિભાજન થઈ ગાંધીનગર જિલ્લામાં જોડાયો, એના પરિણામે આયોજન પંચની ગ્રાન્ટ મળતી હતી એ ગ્રાન્ટ મહેસાણા જિલ્લામાં જેટલી મળતી હતી, એટલી અત્યારે મળે છે. ખરેખર નિયમ એવો છે કે જન સંખ્યાના પ્રમાણમાં આયોજનની ગ્રાન્ટ મળે. છેલ્લા ૧૦ વર્ષથી આ પ્રશ્ન હું અવાર-નવાર આયોજન મંડળની ઑફિસમાં અને મીટિંગમાં ઊભો કર્યો છે, પણ નિકાલ આવી શકતો નથી. પ્રશ્ન ઘણો લંબાઈ

ગયો છે અને માણસા તાલુકાને વર્ષે ૫૦ લાખનું નુકસાન જાય છે. અહીયા તાલુકા કરતા તે તાલુકાને ૫૦ લાખ ઓછા મળે છે, જે મોટું નુકસાન છે.મારો આ પ્રશ્ન ઉકેલાઈ જાય તો માણસા તાલુકાને નુકસાન ન થાય. મારો બીજો નાનો પ્રશ્ન ચૂંટણી અંગેનો છે. ચૂંટણી અંગે હમણાં દિલ્હીમાં જે મોટી ચર્ચાઓ થાય છે તેમાં ખાસ કરીને મને લાગે છે કે મીસ્ટર સાયગલ છે તે ૧૯૬૪ની બેંચના આપણા આઈ.એ.એસ. અધિકારી હતા. તેમણે કહયું કે ઈવીએમ મશીન છે તે ઈવીએમ મશીનમાં ઘણી ગરબડો થઈ શકે. તેમણે તેના માટે પ્રદર્શન કરી બતાવ્યું અને કહયું કે આવું શકય બને છે. અમૂક પ્રકારની કી છે તે કી જો દબાવવામાં આવે તો ચોકકસ પ્રકારના પાંચમા ક્રમે મત મળે તેવું સાબીત કરી બતાવ્યું. આપણે ત્યાં એ નિર્ણય લેવાયો કે આ બધી શંકાઓ છે. જે ઈવીએમ શંકાઓ છે તે શંકાઓ દૂર ન થાય ત્યાં સુધી આપણા જે જૂના મતપત્રક પદ્ધતિ છે તેને આપણે અપનાવવા માગીએ છીએ કે કેમ? આપણે ૨૦૦૯-૧૦માં લગભગ આપણે ત્યાં ગ્રામ પંચાયતનું વિભાજન થયું છે અને તેના પરિણામે લગભગ ૧૧૭ ગ્રામ પંચાયના ઈલેકશન છે, તાલુકા પંચાયના ઈલેકશન પણ છે, જિલ્લા પંચાયના ઈલેકશન છે, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઈલેકશન આવે છે તો જયાં સુધી આ ઈવીએમની શંકાઓ દૂર ન થાય ત્યાં સુધી આપણે આ સાદા મત પત્રકની આપણે ઈલેકશન કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તે ચૂંટણીની જે વાત છે, પદ્ધતિમાં તે ચૂંટણી પંચ દિલ્હીથી જે પ્રોસીજર નકકી કરે ઓલ ઓવર ઈન્ડિયા માટે તે કરી શકે. આપણને પોતાને સત્તા નથી. કઈ પદ્ધતિથી આપણે ચૂંટણી કરાવવી. આપણે વાંચીએ છીએ કે જે જગ્યાએ બટન દબાવ્યું હોય તેના બદલે પાંચમા નંબરમાં મત નીકળે છે. આવી પાંચે એક થાય છે તેવું બધું અત્યારે ન્યુઝમાં અને ટીવીમાં જોઈએ છીએ. આ કામ આપણે ન કરી શકીએ. તે કામ ચૂંટણી પંચ જ કરી શકે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાતનું ચૂંટણી પંચ છે. રાજય સરકારનું છે.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, આપણું નહીં. કેન્દ્ર સરકારનું ચૂંટણી પંચ ઓલ ઓવર ઈન્ડિયા માટે જે પદ્ધતિ નકકી કરે, આપણે જે સૂચના આપે તે પ્રમાણે કરી શકીએ. આપણે તેમાં મતદાર યાદીની અંદર નામ ઉમેરવા માટે, કમી કરવા માટે થઈને આપણે ઈન્ડીપેન્ડન્ટ ન કરી શકીએ. તે આખો પ્રોગ્રામ આપે તે રીતે કરી શકે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આપણા ચૂંટણી પંચની વાત છે.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી લીગલી આ બાબતની અંદર ચકાસીશું.

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, તે વિધાનસભા અને સાંસદની ચૂંટણીની વાત નથી કરતા. રાજયમાં જે ચૂંટણી રાજય ચૂંટણી પંચ કરે છે તેમાં આપ તેમના સૂચન ઉપર ધ્યાન આપો તે કહેવું છે.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં જોઈ લઈશું. બીજી આયોજનની ગ્રાન્ટ માટે વાત કરી. તે ફકત વસ્તીના ધોરણે નહીં પરંતુ તેના માપદંડો ધ્યાનમાં લઈને અપાય છે અને ફરીથી આ અંગે નવા ધોરણો માટેની અત્યારે કાર્યવાહી ચાલુ છે. માપદંડો માટેની.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછેલો હતો. વાત સ્વીકારી છે કે અન્યાય થાય છે અને ગ્રાન્ટ ઓછી મળે છે, આ ભૂલ છે તે વાત સ્વીકારી છે. જલદી ઉકેલ આવે એટલે આ પ્રશ્ન પૂછયો છે

**અધ્યક્ષશ્રી :** માણસા તાલુકો મહેસાણા જિલ્લામાંથી ગાંધીનગર જિલ્લામાં આવ્યો તેના કારણે ફેરફાર થયા છે તેની વાત છે. આપ તે જોવડાવી લેશો.

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, ચોકકસ જોવડાવી લઈશું.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના લગભગ બધા માનનીય સભ્યશ્રીઓએ ગુજરાત પાક્ષિકની સુંદર કામગીરી વિશે પોતાના વિચારો વ્યકત કર્યા. માનનીય મંત્રીશ્રીના કહેવા પ્રમાણે માહિતી ખાતાએ જે શ્રેણીઓ બનાવી અને ઈ.ટીવી અને જી.ટીવી.માં રજૂ કરી તેનું ટીઆરપી ઘણું ઉંચું છે. આ એકવીસમી સદી ઈલેકટ્રોનિક મીડીયાની સદી છે ત્યારે માહિતી ખાતું પોતાની ટીવી ચેનલ શરૂ કરવા માટે વિચારે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ :** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે. ચકાસી જોઈશું.

**માગણી ક્રમાંક: ૩૦, ૩૧, ૩૩, ૩૫, ૫૪ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર તા.૧૪મી જૂલાઈ,૨૦૦૯ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૪મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૨૬,૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## આણંદ શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં

***૯૭૦૧ શ્રીમતી જયોત્સનાબેન ર. પટેલ(આણંદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન આણંદ શહેરમાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,

(૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી થાય છે, અને

(૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે કયા પ્રકારનાં પગલાં લીધા છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રૂા.૫૪.૯૧ કરોડ

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઊભા થયેલા કેસો પૈકી રૂા.૧.૪૫ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૩) શકય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રીમતી જયોત્સનાબેન ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે આણંદ શહેરમાં ૧.૪૫ કરોડની રકમ બાકી છે, તો બાકી રકમ કઈ રીતે વસૂલ કરવાના છો? આ ૨૦૦૮-૦૯ માં ડિમાન્ડ કેટલી ઊભી થઈ, તેમાંથી કેટલી રકમ વસૂલ કરવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કુલ ૨૦૦૮-૦૯ દરમ્યાન આવક ૫૪.૯૧ કરોડ મળી. સભ્યશ્રીએ કહ્યું ૧.૪૫ કરોડની રકમ કઈ રીતે વસૂલ કરશો, તેમાં ૧.૪૫ કરોડની જે રકમ બાકી છે, એમાં કુલ ૨૫ ગ્રાહકો છે, એની પાસેથી વસૂલ કરવાની બાકી છે. ૨૫ ગ્રાહકોમાંથી બે ગ્રાહક ઉપર સ્ટે છે. સ્ટે એટલા માટે થઈને કે એક ગુજરાત વાયર પ્રોડક્ટ, નાયબ કમિશનર અપીલ પાસે છે, અપીલ કરેલ હોવાથી વસૂલાત થઈ શકે નહીં. બીજા રવિ કિરણ સિરામિકસ જેની પાસે ૨૮૮૩૫ અને ૯૦૭૯૫ એમ કરીને ટોટલ ૧,૧૯,૬૩૦. નંબર-૧ પાસે ૧.૧૫ કરોડ બાકી છે અને નંબર-૨ પાસે ૧.૧૯ કરોડ બાકી છે. આ બે કેસો છે, એમાં સ્ટે હોવાથી એમાં વસૂલાત કરી શકાશે નહિ, પણ બાકીની ૨૩ અરજીઓ છે, તે તમામ ઉપર આપણા નિયમો પ્રમાણે એ વસૂલાતની કાર્યવાહી એ રીતે ચાલુ છે અને એમણે બીજો જે સવાલ પૂછયો જે વસૂલાત બાકી છે, એમાં કેટલું માગણું ઊભું થયું હતું? ૨૦૦૭-૦૮ માં કુલ આવક ૪૯.૬૬ કરોડ, ૨૦૦૮-૦૯ માં થયેલી આવક ૫૪.૯૧ કરોડ હતી, જે આણંદ શહેરનું માગણું જે તે વર્ષની અંદર ૧.૭૪ કરોડનું માગણું ઊભું થયું અને વસૂલાત આવી ૨૯ લાખની અને ૧.૪૫ કરોડ રૂપિયા છે એ આજની તારીખે બાકી છે અને આ ૧.૪૫ કરોડ બાકી છે એ ૨૫ ગ્રાહકો વચ્ચે છે. એ ૨૫ ગ્રાહકોમાંથી બે માં તો સ્ટે છે. ૨૩ ઉપરની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જો માહિતી હોય તો ૫૪.૯૧ કરોડની આવક થઈ એમાં સ્પેસિફિક ખંભાતના ઝવેરાતના ધંધામાંથી કેટલી આવક થઈ?

**અધ્યક્ષશ્રી** : શક્ય ન બને. ખંભાતમાં ઝવેરાતમાંથી કેટલી આવક થઈ?

**શ્રી વજુભાઈ વાળા** : આમાં એવી રીતે ટોટલ ગ્રાહક હોય એની પાસેથી ટોટલ આવક હોય એ કેમિકલની કેટલી, હીરામાંથી કેટલી, લોખંડના વેપારીની કેટલી થઈ એ રીતે ન કરી શકાય, એના માટે જુદી રીતે આપે તો ચોક્કસ કહી શકું. હીરા ઉપર બહુ ઓછી આવક એટલા માટે છે લગભગ હીરા છે.

**અધ્યક્ષશ્રી** :ખંભાતની સાથે ઝવેરાતમાં અકીક આવે. શિરીષભાઈ એ માહિતી મળી શકશે નહીં.

## કચ્છ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચુકવેલ સાયકલ સહાય

***૯૭૧૩ શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થિનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય ચુકવવામાં આવી અને

(૩) બાકી રહેલ વિદ્યાર્થિનીઓને ક્યારે સાયકલ સહાય ચુકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૨૧૨ વિદ્યાર્થિનીઓ

(૨) ૨૧૨ વિદ્યાર્થિનીઓને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની સરસ્વતી સાધના યોજના હેઠળ કચ્છ જિલ્લામાં ૨૦૦૮-૦૯ માં કેટલા વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય પાત્રતા ધરાવતી હતી અને તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય ચુકવવામાં આવી છે? બાકી રહેલ વિદ્યાર્થિનીઓને ક્યારે સાયકલ સહાય ચુકવવામાં આવશે અને સાયકલની કિંમત શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકપ્રિય યોજના સરસ્વતી સાધના સહાય છેલ્લા દસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. તેમાં કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૨૨૨ અરજીઓ આવી હતી તેમાંથી ૨૧૨ અરજીઓ મંજૂર થઈ હતી અને ૧૦ અરજીઓ નામંજૂર થઈ હતી. એકપણ અરજી પડતર નથી. બીજો પ્રશ્ન હતો કે કેટલી સહાય ચુકવવામાં આવે છે તો સાહેબ અગાઉ ૧૫૦૦ રૂપિયાની સહાય ચુકવવામાં આવતી હતી પણ ગત વર્ષના બજેટમાં એટલે કે ૨૦૦૮-૦૯ની અંદર આ સહાયમાં વધારો કરીને ૨૦૦૦ રૂપિયા કરવામાં આવી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજના હેઠળ માંડવી તાલુકામાં કેટલી વિદ્યાર્થીનીઓને સહાય ચુકવાઈ છે અને તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અનુસૂચિત જાતિની અને કેટલી વિકસતિ જાતિની હતી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના નીચે માંડવી તાલુકામાં ૩૪ વિકસતિ જાતિની અને ૧૭ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓ એમ કુલ મળીને ૫૨ વિદ્યાર્થીનીઓને સહાય ચુકવવામાં આવી છે.

**વડોદરા શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં**

***૯૭૦૨ શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.,

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન વડોદરા શહેરમાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,

(૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી થાય છે, અને

(૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે કયા પ્રકારના પગલાં લીધાં છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રૂા.૬૭૫.૪૬ કરોડ

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઉભા થયેલા કેસો પૈકી રૂા.૩૩.૭૫ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૩) શકય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વડોદરા શહેરની વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮માં વેટની કેટલી આવક હતી અને બીજો પ્રશ્ન છે કે ૨૦૦૯ની રાજયની સેલ્સટેક્ષની આવક છે તેમાં વડોદરા શહેરનો કેટલા પર્સન્ટેજ હિસ્સો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા છે તે એક ડિવીઝન છે. એક શહેર પૂરતો જુદી રીતે આવકનો પ્રશ્ન કર્યો તેમાં જવાબ તે રીતે આપ્યો છે. ૨૦૦૭-૦૮ની આવક હતી ૯૯૬.૫૯ કરોડ, ૨૦૦૮-૦૯માં આવક થઈ ૬૭૫.૪૬ કરોડ એક ડિવીઝનની વાત કરીએ તો ૩૧-૩-૦૯ની સ્થિતિએ આખા ડીવીઝનની આવક હતી તેમાં જુદી જુદી રીતે જે બાકી રહેતી રકમ હતી તેમાં ૪૨૭ કરોડ રૂપિયાની રકમ બાકી હતી અને ૫૦૬૪ કેસીસ હતા. આખા ડીવીઝનના અને ૨૦૦૮-૦૯માં બાકી જે મેં મારા જવાબમાં આપ્યું છે, તેમાં ૩૩.૫૭ કરોડ રૂપિયા તે રકમ બાકી હતી. આ ૩૩.૫૭ કરોડ રૂપિયા જે હતા તેમાં વડોદરા શહેરમાં જે તે વર્ષે ૩૭.૮૭ કરોડ રૂપિયાની ડિમાન્ડ ઉભી થઈ, ૪.૨૯ કરોડ રૂપિયાની આવક થઈ અને ૩૩.૫૭ કરોડ રૂપિયા બાકી રહયા. આ જે ૩૩.૫૭ કરોડ બાકી છે તેમાં મનાઈ હુકમના સ્ટેજે ૨૭ કેસ છે, રીકવરી ટ્રીબ્યુનલનો એક કેસ છે, ધંધો બંધ કે લાપત્તા હોય તેવા ૩૧ કેસ છે અને વસૂલાતની કાર્યવાહી ચાલુ હોય તેવા ૨૬૫ કેસ છે. કુલ ૩૨૪ કેસ છે. જેની પાછળ ૩૩ કરોડ ૫૭ લાખ ૧૭ હજાર રૂપિયા બાકી છે અને આ ૩૨૪ કેસમાંથી મુખ્ય જે ૨૫ કેસ છે તેની અંદર ૨૫.૧૪ કરોડ રૂપિયાની આવક બાકી છે. આ પ્રમાણે બરોડાની સ્થિતિ છે. બરોડા ડીવીઝન છે. ત્યાં બધાની કલેકટીવલી આવકનું કામકાજ થાય છે. શહેર માટેની આવક પૂછી હતી તેનો પણ મેં જવાબ આપ્યો છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વેટ લાગુ પડયો તે અગાઉના વર્ષથી શહેરની સેલ્સ ટેક્ષની આવક કેટલી હતી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના વર્ષની આવકમાં વર્ષ ૨૦૦૭-૦૮માં ૮૯૬.૫૯ કરોડ હતી.

**સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ બાળ મજૂરો**

*** ૯૭૨૩ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા બાળમજૂરો પકડવામાં આવ્યા, અને

(૨) બાળ મજૂરી રોકવા સરકારે શા પ્રયત્નો કર્યા છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) કુલ ૩૭ (સાડત્રીસ) બાળ મજૂરો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં શોધેલ છે.

(૨) (અ) સાબરકાંઠા જિલ્લામાં બાળ શ્રમિકોને મુક્ત કરાવવા માટે તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કારખાનાઓ / સંસ્થાઓમાં કુલ ૨૪૨૫ નિરીક્ષણો/ મુલાકાતો કરવામાં આવેલ છે.

(બ) બાળશ્રમિક નાબૂદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.

(ક) બાળ શ્રમયોગી પ્રથા નાબૂદીને વેગ મળે તે હેતુથી પ્રચાર અને પ્રસાર માધ્યમ મારફતે જાગૃતિ અભિયાન કરેલ છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં બાળ મજૂરો જે પકડાયા તેમને રિમાન્ડ રૂમમાં રાખવામાં આવે છે કે જેલમાં? મારો બીજો પ્રશ્ન એ છે કે, આ પકડાયેલા બાળ મજૂરોને છોડાવવા માટે એમના વાલીઓ દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, આવા બાળમજૂરોની પ્રથા બંધ કરવા માટે સરકારશ્રી કેવા કાર્યક્રમો યોજે છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બાળમજૂરો કોઈપણ જગ્યાએ નોકરી ના કરે તે માટે બાળમજૂર પ્રતિબંધ અને નિયમન અધિનિયમ ૧૯૮૬ નીચે કાર્યવાહી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે રીતે પૂછ્યું એમાં શ્રમ વિભાગ તરફથી ત્રણ ડિપાર્ટમૅન્ટ મારફત એની ખૂબ જ ચકાસણી થાય છે અને આ ચકાસણીની અંદર એક તો શ્રમ આયુક્ત એની ચકાસણી કરે છે. બીજું ગ્રામ શ્રમ આયુક્ત ચકાસણી કરે છે અને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય ડિપાર્ટમૅન્ટના જે ફૅક્ટરી ઇન્સ્પેક્ટર છે એ પણ એની તપાસ કરે છે આ રીતે અમે શ્રમ આયુક્ત મારફતે ૪૦૫ જગ્યાએ તપાસ કરી, ગ્રામ શ્રમ આયુક્ત મારફતે ૧૫૩૩ જગ્યાએ તપાસ કરી અને ફૅક્ટરી ઈન્સ્પૅક્ટર મારફત ૪૮૭ જગ્યાએ તપાસ કરી આ પ્રમાણે ૨૪૨૫ જગ્યાએ તપાસ કરી અને એમાંથી કુલ૩૭ બાળમજૂરોને શોધેલ છે. બાળમજૂરી કરતા એટલે કે, ચૌદ વર્ષથી નાની ઉંમરના હોય તે એટલે એવા ૩૭ બાળમજૂરોને શોધ્યા અને એ બાળમજૂરો શોધી અને સામાન્ય રીતે એના વાલી હોય એને ત્યાં આપી દેવામાં આવે છે. રખડતા- ભટકતા હોય તે, જો ગુનેગાર હોય તો એને બાળ અદાલતમાં કે ઓબ્ઝર્વેશન રૂમમાં રખાય છે. નહીંતર લગભગ એના વાલીને સોંપી દેવામાં આવે છે અને આ જે બાળ મજૂરો જેને નોકરીએ રાખ્યા હતા એમાં જે બાળમજૂરો શોધાયા એમાં પાંચ ઉપર કોર્ટ કેસ કર્યા છે અને જે ૩૨ રહ્યા એમાંથી ૧૫ માલિકો સામે કેસ કર્યા છે. આ રીતે ૨૦ જણા ઉપર કેસ કર્યા છે અને વીસમાંથી બે કેસનો નિકાલ થયો છે જેની અંદર એમને દંડ થયો છે અને બાકીના ૧૮ કેસ રહ્યા એ પેન્ડિંગ છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બાળશ્રમિક નાબૂદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરિંગ માટે રાજય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે. તો આ સમિતિઓમાં સભ્ય કોણ હોય છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કલેક્ટરના નેજા નીચે એ થાય છે. એ જેની અંદર પ્રિસ્કાઈબ કરેલું ફોર્મમાં છે, રૂલ્સમાં છે એ જ પ્રમાણે એના સભ્યોને એ હોય છે પણ એમાં માનનીય સભ્યશ્રીને કોઈ સૂચન હોય કે આ સભ્યોને બદલે આવા રાખવા જોઈએ, આ રાખવા જોઈએ કે આ ન રાખવા જોઈએ એ આપ ચોક્કસ કહી શકો છો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં કુલ ૩૭ બાળ મજૂરોને પકડવામાં આવેલ છે એની તાલુકાવાર વિગત હું મેળવવા માગું છું અને બીજું, જે જિલ્લા કક્ષાએ અમલીકરણ અને મોનીટરિંગની જે સમિતિ છે આ સમિતિઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનો સમાવેશ કરવા માટે રાજય સરકાર વિચારણા કરે છે કે કેમ? અને આ જે મોનિટરિંગ અને અમલીકરણ સમિતિ છે એ વર્ષ દરમિયાન કેટલી વખત મળતી હોય છે અને એનું પ્રોસિડિંગ્સ જો ધારાસભ્યશ્રીઓને પણ મળતું હોય તો જરા ઉપયોગી થશે, આ એક મારું સૂચન છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. આમાં જે એની કોર કમિટી હોય છે એ ૧૯-૭ મળી, ૧૨-૨ મળી, ૧૫-૪ મળી આમ વારંવાર મળી છે. મોનિટરિંગ સેલ સમિતિ છે એમાં શ્રમ આયુક્ત છે એ ૨૬-૩ના રોજ મળી, ૧૩-૩એ મળી, ૧૩-૫એ મળી, ૧૬-૬એ મળી આ પ્રમાણે વારંવાર એની મીટિંગો મળતી હોય

છે અને એની ચકાસણી કરતા હોય છે પણ ૧૪ વર્ષથી નીચેની વયના બાળકો લગભગ હવે જે ફૅક્ટરીઓ છે એમાં નથી મળતા પણ હોટલોમાં અને એની અંદર મળતા હોય છે એના ઉપર પણ પૂરતું ચૅકીંગ કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : એમનું કહેવું એ છે કે, આવી સમિતિ જ્યારે મળી હોય એની મિનિટસ જો ધારાસભ્યશ્રીને મળે તો એમાં એ પોતે પણ સૂચનો રજૂ કરીને ઉપયોગી થઈ શકે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મિનિટ્સ એમને જોઈતી હોય અને એ માગણી કરે તો ચોક્કસ આપવા માટે હું અમારા અધિકારીને સૂચના આપી દઈશ. જે ધારાસભ્યશ્રીને જોઈતી હોય એ માગશે એને માટે હું મારા અધિકારીને સૂચના આપી દઈશ કે એમને એ મિનિટ્સ મોકલાવે. એટલે જે લોકોને રસ છે એ બધાને આપશે પણ બધાને પહોંચાડવાને બદલે જેને રસ હશે એને ચોક્કસ એ માગશે તો એને મળશે.

**સુરત જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે કરેલ સહાય**

***૯૭૭૪ શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ સુરત જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૫૨,૪૫૪ વિદ્યાર્થીઓને.

(૨) રૂા.૭૮,૬૮,૧૦૦/-

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં ગણવેશ યોજના હેઠળ સુરત જિલ્લામાં તાલુકાવાઈસ કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તરફથી સુરત જિલ્લાના તાલુકા અંગેની જે માહિતી માગવામાં આવી છે એમાં સુરતમાં ૨૪,૩૮૯ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ, વિચરતી અને વિમુક્ત જાતિના ૨,૯૫૬ એમ કુલ ૨૭,૯૪૫ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. ચોર્યાસી તાલુકામાં ૮,૯૫૧ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીને અને વિચરતી વિમુક્ત જાતિના ૬૧૮ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે એમ કુલ ૯,૫૬૯ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. ઓલપાડ તાલુકામાં ૫,૨૯૩ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને અને ૧૮૬ વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને એમ કુ ૫,૪૭૯ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. બારડોલી તાલુકામાં ૧૫૩૩ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને અને ૧૩૭ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે એમ કુલ ૧,૬૭૦ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે.માંગરોળ તાલુકામાં ૨,૪૫૮ અસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓ અને ૧૯૩ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાથીઓ એમ કુલ ૨,૬૫૧ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. ઉમરપાડામાં ૩૫૬ એસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે અને વિચરતી વિમુક્ત જાતિના કોઈ વિદ્યાર્થીની અરજી મળી નથી આમ કુલ ૩૫૬ વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી છે. કામરેજ તાલુકામાં ૨,૭૩૭ એસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે અને ૧૬૮ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે આમ કુલ ૨,૯૦૪ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. મહુવા તાલુકામાં ૫૫૬ એસ.ઈ.બી.સી. ના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે વિચરતી અને વિમુક્ત જાતિની સંખ્યા શૂન્ય છે આમ કુલ ૫૫૬ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. પલસાણા તાલુકામાં ૧,૧૦૦ એસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે અને વિચરતી વિમુક્ત જાતિના ૮૫ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે, એમ કુલ ૧,૧૮૫ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. માંડવી તાલુકામાં ૧,૫૯૬ એસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે અને વિચરતી વિમુક્ત જાતિના એક પણ વિદ્યાર્થીની અરજી આવેલ નથી આમ કુલ ૧,૫૯૬ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે. આમ કુલ ૪૮,૯૬૯ એસ.ઈ.બી.સી.ના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે અને ૪,૩૪૨ વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ ૫૩,૩૧૧ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એમાં હું થોડોક સુધારો કરવા માગું છું. એમણે જે જવાબો આપ્યા છે જે અરજીઓ આવી હતી એના જવાબો આપ્યા છે પણ જે અરજી મંજૂર થઈ અને ગણવેશ સહાય જે ચૂકવવામાં આવી એ કુલ સંખ્યા ૫૨,૪૫૪ની છે. સુરત જિલ્લામાં સુરત તાલુકામાં ૨૬,૬૧૩, ચોર્યાસીમાં ૯,૫૫૪, ઓલપાડમાં ૫,૪૬૪, બારડોલીમાં ૧,૬૫૬, માંગરોળમાં ૨,૬૩૬, ઉંમરપાડામાં ૩૫૧, કામરેજમાં ૨,૮૮૭, મહુવામાં ૫૪૬, પલસાણામાં ૧,૧૬૭ અને માંડવીમાં ૧,૫૮૦ છે.

**ભાવનગર જિલ્લાના ખેતમજૂરોને વીમા રક્ષણનો લાભ**

***૮૮૪૫ શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

તા.૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખેતમજૂરોને વીમા રક્ષણ આપવા માટેની યોજના હેઠળ તાલુકાવાર કેટલા ખેતમજૂરોને લાભો આપવામાં આવેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૧ | ૦૬ | ૦૬ |
| ૨ | બોટાદ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૩ | ગારીયાધાર | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૪ | ગઢડા | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૫ | ઘોઘા | ૦૨ | ૦૨ | ૦૪ |
| ૬ | મહુવા | ૦૨ | ૦૭ | ૦૫ |
| ૭ | પાલીતાણા | ૦૨ | ૦૧ | ૦૬ |
| ૮ | શિહોર | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૯ | ઉમરાળા | ૦૧ | ૦૩ | ૦૦ |
| ૧૦ | વલ્લભીપુર | ૦૧ | ૦૩ | ૦૨ |
| ૧૧ | તળાજા | ૦૯ | ૦૫ | ૦૩ |
| | .. કુલ .. | ૨૦ | ૩૩ | ૩૦ |

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ગારિયાધાર
અને શિહોર તાલુકામાંથી વીમા રક્ષણ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી? અને વીમા રક્ષણ આપવા માટેના ધોરણો શું છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ત્રણે ત્રણ વર્ષનું લિસ્ટ આપ્યું છે કે, ભાવનગરમાં ૨૦૦૬માં આટલા ખેત મજૂરોને જે લાભ આપવામાં આવ્યો ૨૦૦૬માં ૩૦ હતા એમાં ગારિયાધારમાં શૂન્ય હતું, ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં એક અરજી આવી હતી અને ૨૦૦૮-૨૦૦૯માં એક અરજી હતી એટલે આ પ્રમાણે ૨૦૦૬-૨૦૦૭, ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ આ ત્રણેયના જે કેસીસ હોય તો ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં ૨૦ અરજીનો નિકાલ થયો અને ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ૩૩ અરજીનો નિકાલ થયો અને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં ૩૦ અરજીનો નિકાલ થયો. આ જે યોજના છે એ યોજના જે લાગુ પડે છે એ અસંગઠિત કામદારો હોય એવા લોકોને જ લાગુ પડે છે. ખાસકરીને જે ખેતમજૂરો હોય એને લાગુ પડે છે. બીજું જે પશુધન, વન ઉછેર, મત્સ્યોદ્યોગ, શિકાર, પ્લાન્ટેશન, બાગબગીચા અને એને આનુંષાંગિક કામ કરે એવા લોકોને લાગુ પડે છે. પછી ખનિજ-ખાણ અને કવોરી વ્યવસાયમાં રોકાયેલા કામદારો છે એને પણ લાગુ પડે છે. ગૃહ ઉદ્યોગમાં ઉત્પાદન પ્રોસેસીંગમાં, સર્વિસીંગમાં અને રિપેરીંગમાં રોકાયેલ હોય એવા કામદારોને લાગુ પડે છે. ગૃહ ઉદ્યોગ સિવાયના ઉત્પાદન પ્રોસેસીંગ, સર્વિસીસ તેમજ રિપેરીંગના અન્ય ઉદ્યોગોમાં રોકાયેલ કામદાર છે એને પણ લાગુ પડે છે અને બાંધકામની પ્રવૃત્તિમાં રોકાયેલ હોય એને પણ આ લાગુ પડે છે. ૨૬-૧-૨૦૦૫થી અકસ્માત મૃત્યુ કે કાયમી અપંગતાના કેસ માટે થઈને આપણે એમાં જે માનનીય સભ્યશ્રીએ કહ્યું કે કેટલું વળતર આપવામાં આવે છે? તો મૃત્યુના કેસમાં એક લાખ અને પરમેનન્ટ ડિસેબલીટી હોય તો પણ એક લાખ રૂપિયા અને આંશિક હોય તો પચ્ચાસ હજાર સુધીની સહાય આપવામાં આવે છે. આવી રીતે એના ધોરણો છે. જે આની અંદર ૧૪ વર્ષની ઉપરની વયના હોય એ ગ્રામિણ હોય કે શહેરી અસંગઠિત શ્રમયોગીઓ હોય એને લાગુ પડે છે અને આવા અંદાજે શ્રમયોગીઓની સંખ્યા ૮૬ લાખ છે એટલે એ લોકોને આવી રીતે એ લાગુ પડે છે. શ્રમ વિભાગ સિવાય બાકીના વિભાગમાંથી પણ આ યોજનાનો લાભ મળે છે. પહેલા આ યોજના ઈન્સ્યુરન્સ કંપની મારફત અપાતી હતી એની સાથે થોડુંક કાઈને કાંઈ વાંધા કે વારંવાર એની સાથે કોરસ્પોન્સડીંગ કરવું પડતું હતું હવે આ યોજના છે એ આપણા ગુજરાત રાજયનું વીમા નિયામકશ્રી છે એના મારફત આ રકમ ચૂકવાય છે એટલે હવે કોઈ ફરિયાદો આવતી નથી અને સરળતાથી આ શ્રમયોગીઓને વળતર મળે છે. અત્યાર સુધીમાં પડતર કેસો છે એ ૨૦૦૬ના બે કેસ છે, ૨૦૦૭-૨૦૦૮ના ત્રણ કેસ છે અને ૨૦૦૮-૨૦૦૯ના બાર કેસ છે. એટલે આ પ્રમાણે કુલ ૧૭ કેસ છે એ પડતર છે એ સિવાય ભાવનગર જિલ્લામાં બીજા કોઈ પડતર કેસ નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલી અરજીઓ આવી, અને એ પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૨૦૦૭ની અંદર ખેત શ્રમિકમાં મળેલા કુલ કેસો ૫૩ એમાં ૨૦ના મંજૂર થયા ૩૧ નામંજૂર થયા અને બે પડતર છે. અસંગઠિતમાં ૩૦ કેસ આવેલા એમાં ૨૪ કેસ

મંજૂર થયા ૬ નામંજૂર થયા કોઈ કેસ પડતર નથી. એજ રીતે ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન ખેત શ્રમિકના ૫૬ કેસ મળ્યા એમાં ૩૩ મંજૂર થયા ૨૦ નામંજૂર થયા અને ત્રણ કેસ પડતર છે એજ રીતે અસંગઠિત શ્રમિકમાં ૮ કેસો આવ્યા ૪ મંજૂર થયા ૪ નામંજૂર થયા કોઈ કેસ પડતર નથી. અને ૨૦૦૮-૨૦૦૯માં ખેત શ્રમિકના ૭૨ કેસ આવ્યા એમાંથી ૩૦ મંજૂર થયા ૩૦ નામંજૂર થયા અને ૧૨ કેસો પડતર છે અને અસંગઠિતમાં ૭ કેસો મળેલા એમાં ૨ મંજૂર થયા ૫ નામંજૂર થયા પડતર કોઈ કેસ નથી. અસંગઠિતની અંદર ૭ કેસો મળેલાં, ૨ મંજૂર થયા, ૫ નામંજૂર થયા પડતર કોઈ નથી. આ પ્રમાણેની અંદર ૨૦૦૬-૦૭ની અંદર ૮૩ કેસો મળ્યાં, ૪૪ મંજૂર થયા, ૩૭ નામંજૂર થયા અને બે પડતર. તે જ પ્રમાણે ૨૦૦૭-૦૮ની અંદર ૬૪ કેસો મળ્યાં, ૩૭ મંજૂર થયા, ૨૪ નામંજૂર અને ત્રણ પડતર. અને ૨૦૦૮-૦૯ની અંદર ૮૯ કેસો મળ્યાં તેમાંથી ૩૨ મંજૂર થયા, ૩૫ નામંજૂર અને ૧૨ કેસ પડતર છે.

**૮૦/page>મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

*** ૯૬૮૯ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,

(૨) તે પૈકી તા.૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને

(૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૮૫૮

(૨) ૧૮૫૮

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માંગુ છું કે મહેસાણા જિલ્લામાં ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ લગભગ ૧૮૫૮ વિદ્યાર્થીનીઓને સહાય ચૂકવવામાં આવી. તે પૈકી ૩૧-૩-૦૯માં ૧૮૫૮ વિદ્યાર્થીનીઓને પૂરેપૂરી સહાય ચૂકવવામાં આવી તો આ યોજના હેઠળ કડી તાલુકામાં વિદ્યાર્થીનીઓને કેટલી સહાય ચૂકવાણી ? અનુસૂચિત જાતિની કેટલી અને વિકસતી જાતિની કેટલી ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજના તે કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે અને કન્યાઓમાં ડ્રોપ આઉટ રેઈટ ઘટાડવા માટેની ભારતીય જનતા પાર્ટીની આ એક યોજના છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે મહેસાણા જિલ્લામાં જે ૧૮૫૮ સાયકલ સહાય ચૂકવાઈ તેમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કેટલાં ? તો માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ૩૦૫ અને વિકસતી જાતિના ૧૫૪૫ અને ગયા વર્ષે આપણે તેમાં સુધારો કર્યો પહેલાં આ યોજના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ માટે હતી પણ અન્ય જે સવર્ણ સમાજ છે તેમના જે ગરીબો હોય તેમને માટે ગત વર્ષે આપણે સુધારો કર્યો છે અને આ યોજનાનો લાભ તેમને પણ આપણે આપી રહ્યા છીએ. મહેસાણા જિલ્લામાં એવા ૮ લાભાર્થીઓને આ લાભ આપ્યો હતો. તેમનો બીજો પ્રશ્ન હતો કડી તાલુકા માટેનો તો કડી તાલુકામાં કુલ ૨૯૧ વિદ્યાર્થીનીઓને આ સહાય ચૂકવાય છે. તેમાં અનુસૂચિત જાતિની ૮૯ અને વિકસતી જાતિની ૨૧૨ હતી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા તાલુકામાં આવી કેટલી વિદ્યાર્થીનીઓને આવી સહાય ચૂકવવામાં આવી ? અને મારે એ જાણવું છે માનનીય મંત્રીશ્રી પાસે કે, ડ્રોપ આઉટ રેઈટ ઘટાડવા માટેની આ યોજના છે ત્યારે કન્યા કેળવણી એ શિક્ષણ વિભાગનો વિષય છે. જ્યારે સમાજ કલ્યાણ વિભાગ આ કામગીરી કરે છે તો બન્ને વિભાગો વચ્ચે એવું કોઈ મોનીટરીંગ થાય છે કે જેના કારણે આ યોજના દ્વારા કન્યા કેળવણીને વિશેષ ઉત્તેજન મળે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટી રહ્યો છે તે દિશામાં પણ કામગીરી થાય છે કે કેમ ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય સભ્યશ્રીની હું માહિતી સુધારીશ કે ડ્રોપ આઉટ રેશિયો જે ઘટી રહ્યો છે તે રાજય સરકારના જે સર્વાંગી શિક્ષણ માટેના કાર્યક્રમો છે તેને કારણે ઘટી રહ્યો છે. અને એમાં પણ ખાસ કરીને જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિની અંદર આ રીતે જો પ્રોત્સાહિત સ્કીમો કરવામાં આવે તો જ ઘટે. એમણે મહેસાણા તાલુકાની જે માહિતી માંગી છે તો હું આપના દ્વારા તેમને જણાવું કે કુલ મહેસાણા તાલુકાની અંદર સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની ૩૬૨ અરજીઓ આવી હતી અને ૩૬૨ તે પૂરેપૂરી મંજૂર કરવામાં આવી હતી. તે જ રીતે આર્થિક પછાત વર્ગમાં પણ પાંચ અરજીઓ જે ગયા વર્ષે આપણે શરૂ કરી તેમાં આવી હતી અને પાંચે પાંચ તે રીતે સામાજિક શૈક્ષણિક અને આર્થિક પછાત વર્ગમાં ૩૬૭ વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી છે.

**સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

*** ૯૬૯૬ શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને

(૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :-**

(૧) ૭૩૮

(૨) ૭૩૮

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સરસ્વતી સાધના યોજના હેઠળ એક વિદ્યાર્થીનીને કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? અને આ રકમમાં કોઈ વધારો કરાયો છે કે કેમ ? ક્યારથી ? બીજો પ્રશ્ન એ છે કે આ સરસ્વતી સાધના યોજના હેઠળ માંગરોળ તાલુકામાં કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે? જે સહાય ચૂકવવામાં આવી, તેમાં અનુસૂચિત જાતિના કેટલા અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ કેટલા?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** સરસ્વતી સાધના યોજના હેઠળ અગાઉ ૧૫૦૦ રૂપિયા સાયકલ સહાય ચૂકવવામાં આવતી હતી, પણ ગયા વર્ષના બજેટમાં જ એમાં વધારો કરીને ૨૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે અને ૨૦૦૮-૦૯થી જ એની શુભ શરૂઆત કરી દેવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન હતો કે માંગરોળ તાલુકામાં કેટલી સહાય ચૂકવાઈ છે, તો ૩૪ વિદ્યાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવી છે. જેમાં અનુસૂચિત જાતિના ૫ અને વિકસતી જાતિના ૨૯ છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ સુરત જિલ્લામાં ૨૦૦૮-૦૯માં સાયકલની સહાય માટે કેટલી અરજીઓ આવી? કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ? નામંજૂરીના કારણો સાથે માનનીય મંત્રીશ્રી આપે અને કોઈ અરજી પડતર છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** સુરત જિલ્લામાં ૨૦૦૮-૦૯માં કુલ્લે ૭૭૨ અરજી આવી હતી. એમાં ૭૩૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૩૪ અરજી નામંજૂર થઈ છે. નામંજૂર થઈ છે તેના કારણોમાં આવક મર્યાદા સિવાયની અરજી હોય એ નામંજૂર થઈ છે. બીજું સ્થાનિક વિદ્યાર્થીઓને એટલે કે એ જ ગામમાં સ્કૂલ હોય તેમને આ લાભ આપતા નથી, એવી પણ અરજીઓ આમાં હતી. એક પણ અરજી આજે પડતર નથી.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે સુરત જિલ્લામાં જે ૭૩૮ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, તેમાં અનુસૂચિત જાતિના કેટલા? વિકસતી જાતિના કેટલા અને આર્થિક રીતે પછાત વર્ગના કેટલા?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** સુરત જિલ્લામાં ૭૩૮ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, તે પૈકી અનુસૂચિત જાતિના ૧૭૩, વિકસતી જાતિના, એમાં બે છે. એ રીતે વિકસતી જાતિના ૫૪૯ અને આર્થિક રીતે પછાતના ૧૬ એમ કરીને ૫૬૫ અને ૧૭૩ મળીને ટોટલ ૭૩૮ને સાયકલ સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**બનાસકાંઠા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય**

***૯૭૭૫ શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં બક્ષી પંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૨,૬૦,૫૨૧ વિદ્યાર્થીઓને

(૨) રૂા. ૩,૯૦,૭૮,૧૫૦-૦૦.

**શ્રી અનિલકુમાર અ. માળી** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનાના માપદંડ શું છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર**: આ યોજનાના જે માપદંડ છે તે મુજબ-

(૧) યોજનાની પાત્રતા ધરાવતા વિદ્યાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને વિચરતી વિમૂક્ત જાતિના હોવા જોઈએ.

(૨) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને એટલે કે શહેરી વિસ્તાર માટે ૨૧,૨૦૬ અને ગ્રામીણ વિસ્તાર માટે ૧૫૯૭૬ ની આવક ધરાવતા કુટુંબોના વિદ્યાર્થીઓને આ સહાય મળવાપાત્ર છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : આ યોજના કયારથી અમલમાં આવી છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર**: આ યોજના સરકારશ્રીના તા. ૭/૧૧/૭૮ના ઠરાવથી અમલમાં આવી છે. અને આ યોજનામાં જે સુધારો કરવામાં આવ્યો છે એ સરકારશ્રીના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અગાઉ ગણવેશ આપવામાં આવતા હતા એના બદલે તારીખ ૨૬/૫/૦૫ના ઠરાવથી બે જોડી ગણવેશના બદલે રૂપિયા ૧૫૦ની રોકડ સહાય આપવાનું નકકી કરેલ છે અને અત્યારે એ પ્રમાણે આપવામાં આવે છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** :આ યોજના દ્વારા જે પછાતવર્ગની જાતિઓના વિદ્યાર્થીઓને લાભ મળે છે તો તેમાં ડ્રોપ આઉટ રેશિયો છુ એ ઘટયો છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રિ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૭ વર્ષથી સમગ્ર રીતે આ શિક્ષણને અગ્રતા આપીને તમામ વિભાગોનું સંકલન કરીને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો આપ્યા છે અને ૭ વર્ષ પહેલાં રાજયનો ડ્રોપ આઉટ રેશિયો ૩૭ ટકા જેટલો હતો એ આ રીતે સરકારના સમગ્રતયા પ્રયત્નોને કારણે આજે મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે આજે પ્રાથમિક શાળાઓમાં આ ડ્રોપ આઉટ રેશિયો ૨ા થી ૨ાા ટકા થયો છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ

*૯૭૮૫ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ બે વર્ષમાં કલસ્ટર સહિત કેટોલી વસાહત મંજૂર કરવામાં આવી છે, અને

૨. આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

૧. ૫૬.

૨. રૂા. ૨૦૬.૯૦/- લાખ ખર્ચ કરવામાં આવ્યો અને ૭૯૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના કયારથી શરૂ થઈ છે અને રાજય સરકાર આની પાછળ કેટલો ખર્ચ કરે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, આ મકાન સહાય યોજના સરકારશ્રનિા તા. ૨૮-૧-૭૯ ના ઠરાવથી અમલમાં આવી છે અને ત્યારપછી આ યોજનામાં સુધારો કરીને આ યોજના પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના તરીકે તા. ૨૮-૧-૨૦૦૪ થી ચાલુ કરવામાં આવી છે અનેઆ યોજના હેઠળ સહાયનું ધોરણ જે અત્યારસુધી તા. ૨-૩-૦૯ થી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ એસ.ઈ.બી.સી.ના લાભાર્થીઓ માટે ૨૦૦૮-૦૯ થી ૪૦ હજારથી ૪૩,૫૦૦ રૂપિયા કરીને આ સહાયમાં વધારો કરેલ છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૫૬ વસાહતો મંજૂર થઈ છે તેમાં પાટડી તાલુકામાં અને લખતર તાલુકામાં કેટલી મંજૂર થયેલ છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, પાટડી તાલુકામાં ૧૧ કલ્સ્ટર અને લખતર તાલુકામાં ૨ મંજૂર કરી છે.

## રાજય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફટ

*૯૭૦૬ **શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. રાજય સરકાર દ્વરા તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફટ લેવામાંઆવ્યો, અને

૨. સરકારે આ પેટે કેટલું વ્યાજ ચૂકવ્યું?

**નાણામંત્રીશ્રી:**

૧. શૂન્ય.

**૨.** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબથી સંતોષ છે અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : મારે જાણવું છે કે સરકારે નાણાકીય ડિસિપ્લિન જાળવી રાખી છે અને કોઈ ઓવરડ્રાફટ લીધો નથી એ બદલ ગુજરાત સરકારને કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રોત્સાહિત ઈનામ મળેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં આપણે ઓવરડ્રાફટ જ લેતા નથી તો કેન્દ્ર સરકાર તરફથી આપણી નાણાકીય સ્થિતિ સારી છે જેથી રેવન્યુ ડેફિશિએટ ઝીરો હોય અને ફીઝીકલ ડેફિશિએટ ૩ ટકાથી ઓછી હોય એના માટે નાણાકીય પરિસ્થિતિને કારણે એ દેવું માફ કરવા માટે કેન્દ્ર સરકાર આપણને પ્રોત્સાહનની રીતે આપે છે એમાં છેલ્લા ૨ વર્ષથી દરવર્ષે ૪૭૧ કરોડ કેન્દ્ર સરકાર આપણને પુરસ્કાર તરીકે આપે છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓવરડ્રાફટ એ ભૂતકાળની બાબત બની ગઈ છે, પરંતુ રાજયના વિકાસ માટે રાજય સરકારે નાણાં ઉછીનાં લેવાં પડતાં જ હોય છે ત્યારે જે કોસ્ટ ઓફ બોરોઈંગ છે એ કોસ્ટ ઓફ બોરોઈંગ એનો જેઈન્ટરેસ્ટ રેટ છે એ પિરીઓડીકલી ઘટાડવા માટે રાજય સરકાર તરફથી પ્રયત્નો થયા છે કે કેમ અને છેલ્લે કેટલો કોસ્ટ ઓફ બોરોઈંગનો વ્યાજનો દર એ કેટલા દરે રાજય સરકારનો ખર્ચ ઉછીના લીધેલ નાણાં ઉપર આવે છે?

**શ્રી વજુભાઈ વાળા** : કેન્દ્ર સરકારે આખા હિન્દુસ્તાન માટે કર્યુ છે કે તમે તમારું કરજ છે એ કરજ જેટલું ઘટાડતા જાઓ અને તમારી સ્થિતિ પ્રમાણે કરજ લો કારણ કે કરજ લેવું એ આપણી રાજય સરકારની ઈન્ડીપેન્ડન્ટ ઈચ્છા હોતી નથી. આપણે કેટલું કરજ લેવું એ આયોજન પંચ એટલે કે પ્લાનિંગ કમિશન નકકીક રે છે અને નકકી થયેલ કરજ એ આપણી જરૂરિયાત હોય ત્યારે આપણે કેન્દ્ર સરકારને એપ્લાય કરીએ છીએ. આયોજન પંચે નકકી કરેલ મર્યાદામાં કેન્દ્ર સરકાર મંજૂરી આપે છે, મંજૂરી આપ્યા પછી કેન્દ્ર સરકાર રીઝર્વ બેંકને કહે છે. અને રીઝર્વ બેંક આપણા વતી એ કરજ આપણને ઉઘરાવીને આપે છે. તેનો રેટ સામાન્ય રીતે ઓછો હોય છે. અને બે વર્ષ પહેલા જે રેટ હતો તેમાં અત્યારે એક ટકાનો ઘટાડો થયો છે, દિવસે દિવસે એ રેટ ઘટતો જાય છે. અને જે રાજયની નાણાકીય સ્થિતિ સારી હોય એ જયારે કરજ માગવા માટે થઈને જાય કે એના બોન્ડ બહાર પાડે છે તો ટૂંક સમયમાં લોકો એ બોન્ડ પરચેજ કરી લે છે. કારણ કે બોન્ડ લેનાર હંમેશા જાણતો હોય છે કે આની આર્થિક સ્થિતિ સધ્ધર છે. આપણને પૈસા મળવામાં કોઈ વાંધો નહીં આવે, એ પ્રમાણે ગુજરાતની અંદર આજે રેન્કીંગમાં એ પ્લસ કરતા પણ વધુ રેન્કીંગમાં ગુજરાત રાજયનું સ્ટાન્ડર્ડ છે એટલે આખા હિન્દુસ્તાનમાં આર્થિક દૃષ્ટિએ સારામાં સારું રાજય હોય તેવું આ ગુજરાત રાજય છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે છેલ્લે કઈ રાજય સરકાર કઈ હતી કે જેણે ઓવર ડ્રાફટ લીધો હતો, અને એમાં કેટલું વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા વખતની અંદર ઓવરડ્રાફટની રકમ છે તે કેટલા દિવસ માટે કેટલી રકમ વપરાણી તેના માટેનું હોય છે, ૧૯૯૯માં આપણે ઓવરડ્રાફટની રકમ ૨૦.૪૪ કરોડ રૂપિયા હતી, નાણાકીય વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં ૪૫ દિવસ માટે આખા વર્ષમાં ઓવરડ્રાફટ લીધો હતો તે ૭૯.૫૭ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૦૦૧-૨૦૦૨ માં કચ્છની પરિસ્થિતિના કારણે વધુ ઓવરડ્રાફટ લેવો પડયો હતો. ૨૦૦૩માં બહુ ઓછા સમય માટે, ૪૭ દિવસનો જ ઓવરડ્રાફટ લેવો પડયો હતો, અને ત્યાર પછી નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૦૮-૦૯ સુધી એટલે છેલ્લા પાંચ વર્ષમાં આપણે કયારેય ઓવરડ્રાફટ લેવો પડયો નથી, અને લેવાની જરૂરત પણ ઉભી નથી થઈ, એ સિવાય પણ રીઝર્વ બેંકે આપણી ૬૩૦ કરોડ રૂપિયાની સાધનોપાય પેશગી મંજૂર કરી છે. એટલે જયાં સુધી આપણે રીઝર્વ બેંકમાંથી ૬૩૦ કરોડ રૂરપિયા આપણી ક્રેડીટ પ્રમાણે લઈએ ત્યાં સુધી એ ઓવરડ્રાફટ ગણાય નહીં, અને આ ઓવરડ્રાફટ માટે આપણી પાસે આપણા રાજય સરકારની પુરાંત રહી છે. આપણું જે સીંકીંગ ફંડ છે અને ગેરંટી રીડમ્પ્શન ફંડ, આ બન્ને થઈ અને ૫૫૦૦ કરોડ રૂપિયાનું અંદાજે આપણું પોતાનું આ ફંડ છે આ ફંડ આપણે સરકારી જામીનગીરીમાં રોકીએ છીએ, એટલે ૬૩૦ કરોડ રૂપિયા ઉપરાંત ૫૫૫ કરોડ રૂપિયા એટલા સુધી આપણે રકમ વાપરીએ ત્યાં સુધી ઓવરડ્રાફટ કહેવાય નહીં, આ રાજય સરકારને હાલમાં હું નથી ધારતો કે ઓવરડ્રાફટ લેવાની કોઈ જરૂરત ઉભી થાય.

**અધ્યક્ષશ્રી** : મારે માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે કે સભ્યશ્રીઓ એ ખ્યાલ રાખે કે પૂરક પ્રશ્નની અંદર બહુ લાંબા ગાળાના પાછળના સમયના પ્રશ્ન પૂછશો તો એનો જવાબ શકય નહીં બની શકે, કારણ કે આપણે તારાંકીત પ્રશ્ન દાખલ કરતી વખતે પણ પાછલા ત્રણ વર્ષની મર્યાદાઓ રાખેલી છે. એટલે તેના આગળના વર્ષના પૂરક પ્રશ્નો ઉપસ્થિત થાય તો માનનીય મંત્રીશ્રીઓને જવાબ આપવો પણ મુશ્કેલ બને અને નિયમોથી પણ તે બાધીત છે.

### વડોદરા જિલ્લામાં સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય

***૯૬૯૫ શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,

(૨) તે પૈકી તા. ૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને
(૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને કયારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૫૩૭.
(૨) ૧૫૩૭
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાય માટે કુલ કેટલી અરજીઓ આવી, તે પૈકી કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ, નામંજૂરીના કારણો શાં છે, આમાંથી કોઈ અરજી પડતર છે કે કેમ? અને બીજું કે આ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કુલ ૧૫૩૭ વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, જેમાં અનુસૂચિત જાતિની કેટલી વિકસતી જાતીની કેટલી અને આર્થિક પછાત વર્ગની કેટલી, ત્રીજું, આ યોજના હેઠળ છોટા ઉદેપુર તાલુકામાં કેટલી વિદ્યાર્થીનીઓને સહાય ચુકવવામાં આવી, તેમાં અનુસૂચિત જાતિની કેટલી અને વિકસતી જાતીની કેટલી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનો પ્રથમ પ્રશ્ન હતો કે વડોદરા જિલ્લામાં ૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ અને આ નામંજૂર થવાના કારણો શું? ૨૦૦૮-૦૯માં સાયકલ સહાય માટેની કુલ ૧૬૨૮ અરજીઓ આવી તેમાંથી ૧૫૩૭ અરજીઓ મંજૂર થઈ અને ૯૧ નામંજૂર થઈ. માનનીય સભ્યશ્રીએ નામંજૂરીના કારણો પણ પૂછ્યા છે તો આ યોજનાની અંદર જે ગરીબી રેખા નીચેનું આવકનું ધોરણ છે એ ધોરણને ધ્યાનમાં રાખીને આ સહાય ચૂકવવામાં આવે છે. એનાથી વધારે આવક હોય તો નામંજૂર કરવામાં આવે છે. બીજું જે કારણ હતું કે ઘણી વખત નવમાં કે દસમાં ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીઓ પણ અરજી કરતી હોય છે. આ યોજના ફક્ત ધોરણ આઠની વિદ્યાર્થિનીઓ માટે છે. ૧૯૯૯માં આ યોજના શરૂ થઈ ત્યારે ધોરણ ૮,૯ અને ૧૦ની વિદ્યાર્થિનીઓને એના પહેલા તબક્કામાં આ યોજનાનો લાભ આપ્યો હતો જેથી કરીને બધી ૮,૯ અને ૧૦માં ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આનો લાભ મળી જાય અને એના પછી જે આઠમાં ધોરણમાં આવતી જાય એને લાભ આપતા હોઈએ છીએ. ત્રીજું સ્થાનિક વિદ્યાર્થિની હોય એને ગામમાં સ્કૂલ હોય તો એને આનો લાભ મળતો નથી. આ બધા કારણોસર આ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે કેટલી અરજીઓ પડતર હતી તો જે તે સમયે એક પણ અરજી પડતર નહોતી અને આજે પણ નથી. એમના વડોદરા જિલ્લામાં ૧૫૩૭ વિદ્યાર્થિનીઓને સહાય ચૂકવી છે. એસ.સી. ૧૬૯, વિકસતી જાતિના ૧૦૫૬, આર્થિક રીતે પછાત વર્ગના ૩૧૨. એમણે પોતાના તાલુકાનો પ્રશ્ન પૂછ્યો છે. છોટાઉદેપુર તાલુકામાં કેટલી સહાય ચૂકવાઈ તો એમાં એક વિદ્યાર્થિનીને સહાય ચૂકવવામાં આવી છે. વિકસતી જાતિની આઠ અરજીઓ હતી એમાંથી સાત આવક મર્યાદાના કારણે અને સ્થાનિક ગામની હોવાથી નામંજૂર કરવામાં આવી છે. અનુસૂચિત જાતિની એક પણ વિદ્યાર્થિની નથી. એક વિકસતી જાતિની વિદ્યાર્થિનીને આ સાયકલ સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : સરસ્વતી સાધના યોજના હેઠળ વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય આપવાની યોજના છે, પ્રશ્ન ૧૪માં વાત કરી એ પ્રમાણે સવર્ણની દીકરીઓને પણ સહાય ચૂકવવાની વાત છે તો એના ધારા ધોરણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ધોરણ-૮માં અભ્યાસ કરતી કન્યાઓ માટે આ યોજના છે. જેની અંદર આવક મર્યાદામાં પણ ગ્રામ કક્ષાએ જે બી.પી.એલ.ની આવક મર્યાદા અગાઉ નક્કી કરી હતી એ પ્રમાણે ૧૫૯૭૬ રૂપિયા વાર્ષિક કુટુંબની આવક હોય અને શહેરી વિસ્તારમાં ૨૧૨૦૬ એ રીતની જેની આવક મર્યાદા હોય એને જ આ લાભ આપવામાં આવે છે. બીજું ક્રાઈટ એરિયામાં પોતાના રહેઠાણથી અન્ય ગામમાં અવરજવર માટે આ યોજનાનો લાભ દીકરીઓને આપવામાં આવે છે.

### પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય

*** ૯૬૯૦ શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થિનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,
(૨) તે પૈકી તા. ૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને
(૩) બાકી રહેલ વિદ્યાર્થિનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૯૧૦ વિદ્યાર્થિનીઓ.
(૨) ૯૧૦ વિદ્યાર્થિનીઓને.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કુલ ૯૧૦ વિદ્યાર્થિનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી છે. મારે એ જાણવું છે કે ૯૧૦ વિદ્યાર્થિનીઓને સહાય ચૂકવવામાં આવી એ પૈકી કુલ કેટલી અરજીઓ આવી હતી અને ધારા ધોરણો તો મંત્રીશ્રીએ જણાવ્યા પણ આ અરજીઓ કઈ જગ્યાએ કરવાની હોય છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં ૨૦૦૮-૦૯માં ૯૧૪ કુલ અરજીઓ મળી હતી. તેમાંથી ૯૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૪ નામંજૂર કરી છે. તેની પાછળ તેની આવક અને તે સ્થાનિક હોવાને કારણે સહાય ચૂકવવામાં આવી નથી. માનનીય સભ્યશ્રીનો બીજો પણ પ્રશ્ન હતો કે તેમાં અનુસૂચિત જાતિની અને વિકસતી જાતિની કેટલી? તો અનુસૂચિત જાતિની ૧૦૧ વિદ્યાર્થીનીઓને, વિકસતી જાતિની ૭૩૮ અને આર્થિક પછાત જાતિની ૭૧ વિદ્યાર્થીનીઓને આ સહાય ચૂકવવામાં આવી છે. તેના માટે જિલ્લા કક્ષાએ પ.વ.ક. અને સમાજ કલ્યાણ અધિકારી આ બન્ને અધિકારીઓને અરજી કરવાની હોય છે.

## અમદાવાદ શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં

***૯૭૦૦ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં સેલ્સ ટેક્સ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,
૨. આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી થાય છે, અને
૩. આ બાકી રકમ વસૂલ કરવા સરકારે કયા પ્રકારના પગલાં લીધાં છે?

**નાણા મંત્રીશ્રી:**

૧. રૂા. ૪૩૧૫.૦૩ કરોડ.
૨. ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઉભા થયેલા કેસો પૈકી રૂા. ૩૨૯.૪૯ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.
૩. શકય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ શહેરની વેટની આવક ૨૦૦૮-૦૯માં ૪૩૧૫ કરોડ હતી, તો ૨૦૦૭-૦૮માં જે આવક થઈ હતી તેમાં વધારો છે કે ઘટાડો છે એ મારે જાણવું છે અને રાજયની વેટની આવક ૨૦૦૭-૦૮માં કેટલી હતી અને ૨૦૦૮-૦૯માં કેટલી હતી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ની આવક તો મેં આમાં જણાવેલ છે. ૨૦૦૭-૦૮ની આવક ૩,૩૨૮.૭૬ કરોડ હતી અને ૨૦૦૮-૦૯ની આવક ૪,૩૧૫.૦૩ કરોડ હતી. એટલે ૨૦૦૭-૦૮ કરતા ૨૦૦-૮-૦૯માં ૯૮૬.૨૭ કરોડ એટલે ૨૯.૬૩ ટકાનો વધારો દર્શાવે છે. એટલે ૨૦૦૭-૦૮ કરતા ૨૦૦૮-૦૯માં આવકમાં ૯૮૬.૨૭ કરોડનો વધારો થયેલ છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૪૩૧૫ કરોડની જે આવક થઈ છે તેની સામે માત્ર સાડા સાત ટકા જેટલી જ રકમ વસૂલ કરવાની બાકી છે. ત્યારે થયેલ આવક અંદાજ પ્રમાણે છે કે ઓછી છે? અને ઓછી હોય તો આપ શું પગલાં લેવા માગો છો?

**શ્રી વજુભાઈ વાળા** : આવક જે હોય એ એસેસમેન્ટ જે પ્રમાણે થાય જેટલા એસેસમેન્ટનો નિકાલ થાય એટલી આવક એ પ્રમાણે થતી હોય છે. રેગ્યુલર બાકી ભરતા હોય છે. બાકી જે એનું એસેસમેન્ટ થયું હોય અને જે રકમ નક્કી થઈ હોય તે પૂરેપૂરી વસૂલ કરવા માટે થઈને કાયદેસર પગલાં લઈને આપણે કાર્યવાહી કરીએ છીએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : ૨૦૦૮-૦૯માં કેટલી ડિમાન્ડ ઉભી થઈ હતી? ઉભી થયેલી ડિમાન્ડમાંથી કેટલી રકમ આવી? છેલ્લા બે વર્ષના રાજયની વેટની આવક અંગેના આંકડા હોય તો માનનીય મંત્રીશ્રી તે અંગે જરૂરી માહિતી આપે.

**શ્રી વજુભાઈ વાળા** : આખા રાજયની આપી છે પણ રાજયના બદલે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે ૨૦૦૮-૦૯માં કેટલી ડિમાન્ડ ઉભી થઈ અને કેટલી રકમ આવી અને કેટલી વસૂલ કરવાની બાકી છે? વસૂલ કરવાની બાકી છે એ કહ્યું છે ૩૨૯.૪૯ કરોડ છે એ વસૂલ કરવાની બાકી છે. ૨૦૦૮માં માગણું ઉભું થયું તે ૪૦૬.૭૨ કરોડનું માગણું ઉભું થયું. ૭૭.૨૩ કરોડ રકમ આવી અને ૩૨૯.૪૯ કરોડ રકમ બાકી છે. આ જે બાકી રકમ છે એ બાકી રહેવાના કારણોમાં ૨,૭૧૩ કેસો છે. ૨,૭૧૩ કેસોની અંદરથી મનાઈ હુકમ જેના છે તેવા ૬૦ કેસ છે. કે જેની ૭૮.૬૭ કરોડની રકમ મનાઈ હુકમમાં રહેલી છે. રીકવરી ટ્રીબ્યુનલના પાંચ કેસ છે. ૨૧.૨૦ કરોડ રૂપિયા તેમાં બાકી છે. જેનો ધંધો બંધ અને લાપતા હોય એવા ૧૧૯૯ કેસો છે. તેમાં ૮૧.૮૮ કરોડ બાકી છે. અને વસુલાતની કાર્યવાહી જેમાં ચાલે છે એવા ૧૪૫૯ કેસો છે. એમાં ૧૪૭.૭૪ જેટલી રકમ છે.

૨૭૧૩ કેસોમાંથી ૩૨૯.૪૯ કરોડની આ રકમ છે એ વસૂલાત કરવાની બાકી છે. મારા બે નંબરના પ્રશ્નના જવાબમાં રૂ.૩૨૯.૪૯ કરોડની ડીટેઈલ આપી છે.

**સુરત અને ભાવનગર જિલ્લાઓમાં અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ચૂકવેલ ફી અંગે**

***૮૪૬૯ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યુશન ક્લાસની ફીમાં મદદરૂપ થવાની રાજય સરકારની યોજના અન્વયે ૨૦૦૮ના વર્ષમાં સુરત- ભાવનગર જિલ્લામાં કુલ કેટલા વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

સુરતના- ૨(બે) અને ભાવનગર- ૮ (આઠ) વિદ્યાર્થીઓને.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્યુશન ક્લાસની ફીમાં મદદરૂપ થવાની યોજના આ ભાજપ સરકારના શાસનમાં થઈ છે અને એના માટે અભિનંદન આપું છું. મારે મંત્રીશ્રી પાસેથી એ હકીકત જાણવી છે કે, આ સહાય આપવા માટેના ધોરણો શું છે? નંબર -૧ અને નંબર-૨-- રાજયનો આ પ્રશ્ન છે ત્યારે રાજયમાં ૨૦૦૮ માં કુલ કેટલી..

**અધ્યક્ષશ્રી** : સુરત અને ભાવનગર પૂરતો મર્યાદિત રહેશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : ૨૦૦૮માં કુલ કેટલી રકમ ટ્યુશન ફી પેટે ચૂકવવામાં આવી અને સુરત અને ભાવનગરમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે સહાયના ધોરણો પૂછ્યા છે. એમાં પાત્રતા માટે દર વર્ષે અનુસૂચિત જાતિના ૧૦૦ વિદ્યાર્થીઓને મેરીટના આધારે ખાનગી ટ્યુશન ફી આપવામાં આવે છે અને એમાં ધોરણ-૧૦ની અંદર જે ૭૫ ટકાથી વધારે ઉચ્ચ ટકાવારી લાવ્યા હોય એને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. એમાં સહાયનું ધોરણ છે એ સામાન્ય પ્રવાહમાં ધોરણ-૧૧માં વાર્ષિક રૂ.૮૦૦૦/- ટ્યુશન ફી આપવામાં આવે છે અને ધોરણ-૧૨માં વાર્ષિક રૂ.૪૦૦૦/- ટ્યુશન ફી આપવામાં આવે છે. જે વિજ્ઞાન પ્રવાહ છે એમાં ધોરણ-૧૧માં વાર્ષિક રૂ.૧૫૦૦૦/- ટ્યુશન ફી આપવામાં આવે છે અને ધોરણ-૧૨ માં રૂ.૧૦૦૦૦/- ટ્યુશન ફી આપવામાં આવે છે. એ માટેની આવક મર્યાદા રૂ.૬૦૦૦૦/-ની રાખવામાં આવી છે. એમાં એમણે એમ પૂછ્યું છે કે કેટલા વિદ્યાર્થીઓને આપવામાં આવી છે? તો ૨૦૦૮ના વર્ષની અંદર ધોરણ-૧૧ ના ૪૬ વિદ્યાર્થીઓને અને ધોરણ-૧૨ના ૧૧ એમ કુલ ૫૭ વિદ્યાર્થીઓને આ ટ્યુશન ફી આપવામાં આવી હતી અને વિજ્ઞાન પ્રવાહની અંદર ૨૦૦૮-૦૯ના વર્ષમાં ધોરણ-૧૧ના ૧૦૦ વિદ્યાર્થીઓને અને ધોરણ-૧૨ના બીજા ૧૦૦ એમ કુલ ૨૦૦ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી આપવામાં આવી છે.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સુરત તેમજ ભાવનગર જિલ્લામાં ટ્યુશન ફી માટે કેટલી અરજીઓ મળી હતી અને કેટલી અરજીઓ નામંજૂર થઈ છે? અને તેના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ૧૪ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. એમાં ૭ અરજી નામંજૂર થઈ હતી અને ભાવનગર જિલ્લામાં ૨૩ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી અને ૬ અરજી નામંજૂર થઈ હતી. મેં અગાઉ કહ્યું તેમ મેરીટના ધોરણે ટ્યુશન ફી આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)**

**આણંદ જિલ્લામાં આંબેડકર ભવનની સુવિધા અંગે**

૯૮૦૧**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આંબેડકર ભવનની સુવિધા છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આંબેડકર ભવનની મંજૂરી ક્યારે આપવામાં આવી અને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી રકમ ખર્ચ પેટે કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**૮૭/page>સાબરકાંઠા જિલ્લામાં બાળમજૂર પકડવા કરેલ પ્રયત્નો**

૯૭૩૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બાળ મજૂરોને પકડવા માટે સરકાર ધ્વારા શા શા પ્રયત્નો કરવામાં આવ્યા છે,

(૨) કેટલા બાળ મજૂરો પકડવામાં આવ્યા છે, અને

(૩) બાળ મજૂરોને મજૂરીએ રાખનારાઓ સામે શા શા પગલાંઓ લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧)

(અ) સાબરકાંઠા જિલ્લામાં બાળ શ્રમિકોને મુક્ત કરાવવા માટે તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કારખાનાઓ/સંસ્થાઓમાં કુલ ૨૪૨૫ નિરીક્ષણો/મુલાકાતો કરવામાં આવેલ છે.

(બ)બાળશ્રમિક નાબુદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.

(ક) બાળ શ્રમયોગી પ્રથા નાબુદીને વેગ મળે તે હેતુથી પ્રચાર અને પ્રસાર માધ્યમ મારફતે જાગૃતિ અભિયાન કરેલ છે.

(૨) કુલ-૩૭ (સાડત્રીસ) બાળ મજુરો શોધેલ છે.

(૩) બાળ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ના કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સક્ષમ અદાલતમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂં યોજનાની મળેલ અરજીઓ**

* ૯૦૧૯ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરૂં યોજનામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી અરજીઓ આણંદ જિલ્લામાં તાલુકાવાર મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર થઇ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરું યોજનામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| આણંદ | ૧૪૯ |
| ઉમરેઠ | ૧૧૭ |
| બોરસદ | ૧૩૧ |
| આંકલાવ | ૦૬૭ |
| પેટલાદ | ૨૭૬ |
| સોજીત્રા | ૦૪૭ |
| ખંભાત | ૧૮૪ |
| તારાપુર | ૦૪૦ |
| કુલ : | ૧૦૧૧ |

(૨)

| તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ | નામંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| આણંદ | ૧૨૯ | ૧૯ |
| ઉમરેઠ | ૧૧૦ | ૦૭ |
| બોરસદ | ૧૧૮ | ૧૩ |
| આંકલાવ | ૦૫૮ | ૦૯ |
| પેટલાદ | ૨૫૪ | ૨૨ |
| સોજીત્રા | ૦૩૬ | ૧૧ |
| ખંભાત | ૧૫૫ | ૨૯ |
| તારાપુર | ૦૩૧ | ૦૯ |
| કુલ : | ૮૯૧ | ૧૧૯ |

(૩) યોજનાની શરતો પરિપૂર્ણ ન થવાને કારણે.

**જૂનાગઢ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૭૧૮**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી,

**જવાબ**

(૧) ૪૪૭૭ વિદ્યાર્થીનીઓ

(૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને

(૨) ૪૪૭૭ વિદ્યાર્થીનીઓને

(૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

૯૪૪૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગારો અને અર્ધશિક્ષિત બેરોજગારોની નોંધણી થઇ,

(૧)

| | |
|---|---|
| શિક્ષિત | ૨૭૫૫૮ |
| અર્ધશિક્ષિત | ૨૪૦૮ |
| કુલ | ૨૯૯૬૬ |

(૨) એમાંથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની નોકરી માટે ભલામણ કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| શિક્ષિત | ૫૯૧૦ |
| અર્ધશિક્ષિત | ૨૯૫ |
| કુલ | ૬૨૦૫ |

(૩) છેલ્લા બે વર્ષમાં ભલામણ ન થઇ હોય એવા કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો છે ?

(૩)

| | |
|---|---|
| શિક્ષિત | ૩૦૫૮૮ |
| અર્ધશિક્ષિત | ૧૮૭૩ |
| કુલ | ૩૨૪૬૧ |

------------

## અમદાવાદ જિલ્લામાં વેચાણવેરાની આકારણીની ક્ષતિ અંગે

૯૦૫૦**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેર તથા જિલ્લાની વેચાણવેરાની કચેરીઓમાં વેચાણવેરાની આકારણીમાં એકાઉન્ટન્ટ જનરલ દ્વારા ક્ષતિ બતાવાઇ સરકારી આવકને નુકસાન થયાનું ધ્યાન પર આવ્યા છતાં આવી ક્ષતિયુક્ત આકારણી કરનાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા અધિકારીઓને ઉચ્ચતર બઢતી માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટિએ લાયક ગણ્યા છે, અને

(૧) આવું બનેલ નથી.

(૨) જો આ ભૂલથી બઢતી માટે લાયક ઠેરવ્યા હોય તો આ બઢતીના હુકમો સરકાર રદ કરવા માંગે છે કે કેમ, અને ક્યારે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કેન્દ્ર સરકારની મળેલ લોન તેમજ ચૂકવેલ વ્યાજ

૯૭૦૮**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં લોન પેટે કેટલી રકમ મળેલ છે, અને

(૨) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન ઉપર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

(૧) અને (૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ

(૨) રૂ.કરોડમાં

| નાણાકીય વર્ષ | લોન પેટે મળેલ રકમ | ચૂકવેલ વ્યાજ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૦૯ | ૮૭૪ |
| ૨૦૦૮-૦૯ (અંદાજીત) | ૨૨૭ | ૮૪૯ |

------------

**સાણંદ ખાતે સ્થપાનાર નેનો કારના પ્રોજેકટમાં સ્થાનિક રોજગારીના ઠરાવના અમલ અંગે**

૮૧૮૨**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થપાતા ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનોને ૮૫ % રોજગારી આપવાના ઠરાવ અન્વયે સાણંદ ખાતે સ્થપાનાર નેનો કાર પ્રોજેકટમાં આ ઠરાવનો અમલ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) કરાર પ્રમાણે આ બાબતનો અમલ થાય છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) આ પ્રોજેક્ટ હજુ શરુ થયેલ ન હોઇ, અત્યારે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં રૂ. પાંચ કરોડથી વધુ વેટ બાકીના ઉદ્યોગગૃહો**

૯૭૪૦**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧મી મે, ૨૦૦૯ની સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગગૃહો પાસેથી પાંચ કરોડથી વધુ રકમનો વેટ વસુલ કરવાનો બાકી છે,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

પત્રક -૧

| ક્રમ | ઉદ્યોગ ગૃહોનાં નામ |
|---|---|
| ૧ | પ્રભાત સોલવન્ટ એક્સ. પ્રા.લી. |
| ૨ | તિરુપતિ ઇન્ડસ્ટ્રીઝ |
| ૩ | મયુર ઇન્ડસ્ટ્રીઝ |
| ૪ | પ્રસાંત એન્ટરપ્રાઇઝ |
| ૫ | ત્રિવેણી ઇન્ડસ્ટ્રીઝ |
| ૬ | બાલમુકુંદ ઇન્ડસ્ટ્રીઝ |
| ૭ | ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લી. |
| ૮ | ગુજરાત હાઇટેક ઇન્ડસ્ટ્રીઝ લી. |

(૨) આ રકમ કેટલા સમયથી બાકી છે,

(૨) ૯૧-૯૨ થી ૦૭-૦૮ સુધીના અલગ અલગ વર્ષના બાકી છે.

(૩) બાકી રકમ વસુલ લેવા ઉચ્ચકક્ષાએ શાં પ્રયાસો થાય છે, અને

(૩) (૧) વિભાગીયકક્ષાએ બીઆઇએફઆર, લીકવીડેટર, ડીઆરટી તથા કોર્ટ સમક્ષ સમયસર દાવો નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) વડી કચેરી ખાતેથી સરકારી પ્રતિનિધીઓ મારફત નામ. વાણિજ્યિકવેરા પંચ તથા નામ. વડી અદાલત સમક્ષ સરકાર તરફી રજુઆત કરવામાં આવે છે.

(૩) વડી કચેરી દ્વારા સમયાંતરે વસુલાત બાબતે વહીવટી સુચનાઓ આપી નિયંત્રણ રાખવામાં આવે છે.

(૪) તે ક્યાં સુધીમાં વસુલ લેવાશે ?

(૪) શક્ય તેટલી ઝડપથી.

------------

**રાજકોટ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં મજુરોના અપમૃત્યુના બનાવો**

૮૬૩૯ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઓદ્યોગિક એકમોમાં કામ કરતા મજુરોના અકસ્માતને કારણે અપમૃત્યુ / મૃત્યુ થયા છે તે હકિકત સાચી છે,

(૨) જો હા તો, ક્યા ક્યા એકમોમાં અને ક્યારે ક્યારે અપમૃત્યુ કે મૃત્યુના બનાવો બન્યા અને કેટલા કામદારોના મૃત્યુ થયા, અને

(૩) આવા અકસ્માતો કે બેદરકારી બદલ કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) કુલ ૪૨ એકમોમાં ૪૨ બનાવોમાં ૪૭ કામદારોના મૃત્યુ થયા.

* વિગતો પત્રક-૧ મુજબ

(૩) સંબંધિત કારખાનાના કબજેદાર સામે કુલ ૪૪ કેસો કરવામાં આવેલ છે.

* વિગતો પત્રક-૨ મુજબ
* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**જામનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની મળેલ અરજીઓ**

૯૬૪૪ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી મંજૂર થઈ કેટલી નામંજૂર થઈ, અને

(૩) નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | મંજૂર અરજીઓની સંખ્યા | નામંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| જામનગર | ૧૧૯ | ૧૧૮ | ૦૧ |
| ખંભાળીયા | ૧૨૯ | ૧૨૯ | ૦૦ |
| કલ્યાણપુરા | ૧૨૩ | ૧૨૩ | ૦૦ |
| દ્વારકા | ૧૫૯ | ૧૫૮ | ૦૧ |
| ભાણવડ | ૨૫૦ | ૨૪૬ | ૦૪ |
| જામ જોધપુર | ૮૫ | ૮૨ | ૦૩ |
| લાલપુર | ૧૪૦ | ૧૨૩ | ૧૭ |
| કાલાવાડ | ૫૦ | ૫૦ | ૦૦ |
| ધ્રોલ | ૩૫ | ૩૩ | ૦૨ |
| જોડીયા | ૧૫ | ૧૩ | ૦૨ |
| **કુલ :** | **૧૧૦૫** | **૧૦૭૫** | **૩૦** |

(૩) યોજનાની શરતો પરિપૂર્ણ ન થવાના કારણે.

**પંચમહાલ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૯૭૨૪**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ સ્વરોજગારીના ધંધા માટે અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, કેટલી પડતર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

| | બક્ષીપંચ જાતિ | અનુસૂચિત જાતિ |
|---|---|---|
| મળેલ અરજીઓ | ૨૨૧ | ૧૫૯ |
| મંજૂર કરેલ અરજીઓ | ૨૧૧ | ૧૦૩ |
| નામંજૂર કરેલ અરજીઓ | ૧૦ | ૫૬ |
| પડતર અરજીઓ | શૂન્ય | શૂન્ય |

------------

**નાની બચત અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ**

૯૨૮૨**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાની બચત અન્વયે રોકાણમાંથી રાજ્ય સરકારને વાપરવા માટે કેન્દ્ર સરકાર તરફથી વધુને વધુ રકમ તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષોમાં ફાળવવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ સ્થિતિએ રાજ્ય સરકારને નાની બચતના રોકાણો સામે વર્ષવાર કેટ કેટલી રકમ કેટલા વર્ષ માટે વાપરવા મળી, અને

(૩) જો ના, તો તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ નાની બચત અન્વયે રોકાણો અને રાજ્ય સરકારને વાપરવા મળતી રકમનાં આંકડા ક્યા છે ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યને નાની બચતના રોકાણો સામે મળતી રકમ લોન સ્વરૂપે હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

રૂા. કરોડ

| નાણાકીય વર્ષ | રોકાણ | લોન |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૮૪૭૬.૬૩ | ૫૭૭૪.૫૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૨૭૩૫.૨૬ | ૯૧૫.૦૨ |
| ૨૦૦૮-૦૯ | ૧૪૭૯૮.૭૪ | ૬૭૧.૧૪ |

------------

## જામનગર જિલ્લામાં રૂ. ૧૦ કરોડથી વધુ વેટ વસુલ લેવાના ઉદ્યોગગૃહો

૮૭૭૮**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧મી મે, ૨૦૦૯ની સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગગૃહો પાસેથી દશ કરોડથી વધુ રકમનો વેટ વસુલ લેવાનો બાકી છે,

(૨) આ વેટ કેટલા સમયથી લેવાનો બાકી છે,

(૩) તે વસુલ લેવા ઉચ્ચ કક્ષાએ શા પ્રયાસો થયા છે, અને

(૪) આ વેટ ક્યાં સુધીમાં વસુલ લેવામાં આવશે ?

**જવાબ**

(૧) એસ્સાર ઓઇલ લી.

(૨) જુલાઇ-૨૦૦૮ થી.

(૩) અને (૪) આ ઉદ્યોગ ગૃહને વેરાની વિલંબીત કર ચૂકવણીનું પ્રમાણપત્ર એક માસમાં આપવા માટે નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા રાજ્ય સરકારને જણાવવામાં આવેલ. તેની સામે રાજ્ય સરકાર દ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં સ્પે. લીવ પીટીશન દાખલ કરવામાં આવેલ. નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આ પીટીશનનાં નિકાલ થતાં સુધી સખ્તાઇવાળા પગલાં ન લેવા હુકમ કરવામાં આવેલ છે. આ કેસ સુપ્રિમ કોર્ટ સમક્ષ હાલ પડતર છે.

------------

## ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારલક્ષી તાલીમ અંગે

૮૮૧૫**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બેરોજગારોને તાલીમ આપી રોજગારલક્ષી તાલીમ વર્ગો દ્વારા કુશળ બનાવવા શું આયોજન કરેલ છે,

(૨) એક વર્ષમાં કેટલા બેરોજગારોને ભરૂચ જિલ્લામાં રોજગાર લક્ષી તાલીમ આપવામાં આવી, અને

(૩) દહેજ અને વિલાયત ઓદ્યોગિક વસાહતો હેઠળના વાગરા અને ભરૂચ તાલુકામાં આ યોજના અંતર્ગત કેટલા બેરોજગારોને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) બેરોજગારોને રોજગારલક્ષી તાલીમ આપવા માટે ૦૫ સરકારી આઇ.ટી.આઈ., ૦૫ ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.સી. અને ૦૯ સ્વનિર્ભર સંસ્થાઓમાં વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં તાલીમ આપવાનું આયોજન કરેલ છે.

(૨) ૪૨૭૪.

(૩) વાગરા તાલુકામાં ૫૨(બાવન) અને ભરૂચ તાલુકામાં ૫૧૪(પાચસો ચોદ) બેરોજગારોને તાલીમ આપવામાં આવી.

------------

## જુનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ

૯૭૮૨**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી, અને

(૨) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૩૨.

(૨) રૂા. ૨૨૮.૮૦/-લાખ ખર્ચ કરવામાં આવ્યો અને ૭૯૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો.

------------

## દાહોદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું કરેલ આયોજન

૯૫૩૪**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રોજગાર વિનિમય ક્ચેરી ધ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરો યોજવામાં આવી, અને

**જવાબ**

(૧) ૧૩.

(૨) આ શિબિરોમાંથી કેટલા ઉમેદવારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં ? — (૨) ૩૮૧.

------------

**ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનના સંચાલન અંગે**

૮૪૫૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા શહેરોમાં ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન કાર્યરત છે, | (૧) પાલનપુર, મહેસાણા, પાટણ, અમરેલી, જામનગર, જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, પોરબંદર, ગાંધીનગર અને વલસાડ. |
| (૨) આ ભવનના સંચાલન માટે કોઈ કર્મચારીની જ્ગ્યાઓ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૨) ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાના ભવન માટે ૧૧(અગીયાર) જ્ગ્યાઓ મંજૂર થયેલ છે, જ્યારે જિલ્લા કક્ષાના ભવનો માટે કોઇ જ્ગ્યા મંજૂર થયેલ નથી. |
| (૩) જો હા, તો આ ભવનનો વહીવટ-સંચાલન અને મરામતની કામગીરી કોના હસ્તક છે ? | (૩) ગાંધીનગર ખાતે આ કામગીરી ભવનના મેનેજર હસ્તક છે. જ્યારે જિલ્લા કક્ષાએ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી આ કામગીરી સંભાળે છે. |

------------

**પીપાવાવ પોર્ટમાં સ્થાપિત ધોરણ મુજબ સ્થાનિક લોકોને રોજગારી**

૯૫૧૪**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાતમાં સ્થપાતા ખાનગી સાહસોમાં સ્થાનિક લોકોને રોજગારી આપવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો પીપાવાવ પોર્ટમાં સ્થાપિત ધોરણ મુજબ કેટલા લોકોને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રોજગારી અપાઈ છે, અને | (૨) ૮૫.૪૩ ટકા સ્થાનિક લોકોને રોજગારી અપાઇ છે. |
| (૩) સ્થાનિક લોકોને ઓછી રોજગારી આપવા બદલ જવાબદારો સામે શા પગલાં લેવાયા છે ? | (૩) સ્થાનિક લોકોની નિયત ટકાવારી જળવાતી હોઇ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કેન્દ્ર સરકારની લોન પેટે મળેલ રકમ તેમજ ચૂકવેલ વ્યાજ**

૯૭૦૭ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોન પેટે કેટલી રકમ મળેલ છે, અને

(૨) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન ઉપર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ

(રૂા. કરોડમાં)

| વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી લોન પેટે મળેલ રકમ | ચૂકવેલ વ્યાજ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨૦૯ | ૮૭૪ |
| ૨૦૦૮-૦૯ (અંદાજીત) | ૨૨૭ | ૮૪૯ |
| તા. ૧-૪-૦૯ થી ૩૧-૫-૦૯ (અંદાજીત) | ૧૨ | ૦ |

**જામનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ**

૯૭૮૬**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ બે વર્ષમાં ક્લસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૨. |
| (૨) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) રૂા. ૧૮૪.૮૦/-લાખ ખર્ચ કરવામાં આવ્યો અને ૬૨૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો. |

------------

**જામનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૭૧૭**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૩૪૧ વિદ્યાર્થીનીઓ. |
| (૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૩૪૧ વિદ્યાર્થીનીઓને. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૬૮૬ **શ્રી કાંતિલાલ ર઼ા. લકુમ(બાવળા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૧૧૦૭. |
| (૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૦૭૨. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે ? | (૩) બાકી રહેલ ૩૫ વિદ્યાર્થીનીઓને તા. ૧૭-૬-૦૯ના આદેશથી સહાય મંજૂર કરવામાં આવેલ છે. |

------------

**વલસાડ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય**

: ૯૭૭૨**શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૮-૦૯માં ગણવેશ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૧૯,૫૧૫ વિદ્યાર્થીઓને |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૨૯,૨૭,૨૫૦/-. |

------------

**મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ**

૯૭૮૭ **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ વખતે જ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂા. ૨,૩૩,૯૩,૦૦૦/- |

-

-----------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે મળેલ કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ અન્વયે કરેલ ખર્ચ**

૯૭૧૬ **શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ મળી, અને | (૧) પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ રૂ. ૪,૪૨,૮૭,૫૦૦/-<br>પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ રૂ. ૫,૧૨,૬૧,૦૦૦/- |
| (૨) તે પેકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પૂરેપૂરી રકમનો ખર્ચ કરવામાં આવ્યો. |

------------

**વિદેશ અભ્યાસ માટે મળેલ અરજીઓ**

૯૭૧૨**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ કરવા માટે વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૬૨ અરજીઓ મળી. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૦ અરજીઓ મંજૂર કરી<br>૦૫ અરજીઓ નામંજૂર કરી. |
| (૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે ? | (૩) યોજનાની શરતો પરિપૂર્ણ ન થવાના કારણે. |

------------

**અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૭૧૯**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૬૫૪ વિદ્યાર્થીનીઓ |
| (૨) તે પેકી તા. ૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૬૫૪ વિદ્યાર્થીનીઓને |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૬૯૨ **શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૪૮૨૮. |
| (૨) તે પેકી તા. ૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૪૮૨૮. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે મળેલ કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ અન્વયે કરેલ ખર્ચ**

૯૬૮૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજનાવાર કેટલી રકમ મળી, અને | (૧) પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ રૂ. ૪,૪૨,૮૭,૫૦૦/- પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ રૂ. ૫,૧૨,૬૧,૦૦૦/- |
| (૨) તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પૂરેપુરી રકમનો ખર્ચ કરવામાં આવ્યો. |

------------

**જામનગર શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધલ પગલાં**

૯૬૯૮ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન જામનગર શહેરમાં સેલ્સટેક્ષ / વેટની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) રૂ. ૧૦૨.૫૪ કરોડ |
| (૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી થાય છે, અને | (૨) ૨૦૦૮-૦૯નાં વર્ષમાં નવા ઉભા થયેલા કેસો પૈકી રૂ. ૧.૨૦ કરોડની રકમ વસુલ કરવાની બાકી છે. |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યાં પ્રકારનાં પગલાં લીધા છે ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

------------

**અમદાવાદ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય**

૯૭૭૮**શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૨,૦૯,૫૨૮ વિદ્યાર્થીઓને |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૩,૧૪,૨૯,૨૦૦/- |

------------

**આણંદ જિલ્લામાં વેચાણવેરાની બાકી વસુલાત અંગે લીધલ પગલાં**

૯૪૬૬**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ તથા વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં વેચાણવેરા દ્વારા આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આવક સરકારને મળી, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) આ વર્ષોમાં કેટલા વેપારી તથા ઓદ્યોગિક એક્મો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) ૪૬૫ વેપારી/ઓદ્યોગિક એક્મો, રૂ. ૧૨.૦૪ કરોડ |
| (૩) વસુલાત અસરકારક અને ઝડપી બનાવવા સરકારે શાં શાં પગલાં લીધા છે ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**પત્રક-૧** (રકમ રૂા. કરોડમાં)

| તાલુકા | ૨૦૦૭-૦૮માં મળેલ આવક | ૨૦૦૮-૦૯માં મળેલ આવક |
|---|---|---|
| આણંદ | ૬૧.૪૯ | ૫૮.૨૫ |
| ઉમરેઠ | ૦.૮૮ | ૨.૪૧ |
| પેટલાદ | ૧.૮૪ | ૨.૪૫ |

| | | |
|---|---|---|
| સોજીત્રા | ૦.૭૯ | ૧.૦૫ |
| બોરસદ | ૨.૭૫ | ૩.૬૭ |
| આંક્લાવ | ૧.૧૮ | ૧.૫૭ |
| ખંભાત | ૩.૩૩ | ૩.૬૬ |
| તારાપુર | ૦.૬૭ | ૦.૨૬ |

------------

**ભાવનગર જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂક્વેલ સહાય**

૯૭૭૯**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂક્વવામાં આવી, અને | (૧) ૨,૫૧,૬૫૦ વિદ્યાર્થીઓને |
| (૨) કેટલી રકમનો ખર્ચ ક્રવામાં આવ્યો ? | (૨) રૂ. ૩,૭૭,૪૭,૫૦૦/- |

**પાટણ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂક્વેલ સહાય**

૯૭૭૭**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ પાટણ જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂક્વવામાં આવી, અને | (૧) ૧,૧૬,૪૫૦ વિદ્યાર્થીઓને |
| (૨) કેટલી રકમનો ખર્ચ ક્રવામાં આવ્યો ? | (૨) રૂ. ૧,૭૪,૬૭,૫૦૦/- |

------------

**બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂક્વેલ સાયક્લ સહાય**

૯૬૯૧**શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયક્લ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૯૫૫. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયક્લ સહાય ચૂક્વવામાં આવી, અને | (૨) ૯૫૫. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયક્લ સહાય ચૂક્વવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્ય સરકાર ધ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ**

૯૭૦૫**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય |
| (૨) સરકારે આ પેટે કેટલું વ્યાજ ચૂક્વ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૭૧૪ **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૮૮૪. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૮૮૪. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૬૮૮**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૧૧૩૭. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૧૩૭. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રમતગમત ક્ષેત્રે મળેલ એવોર્ડ**

૯૪૩૨ **શ્રી જીતુભાઈ ચૌધરી** (મોટા પોંઢા) **: માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રમતગમત ક્ષેત્રમાં રાષ્ટ્રીય કક્ષાએ કેટલા એવોર્ડ મેળવેલ છે, | (૧) એવોર્ડ નહિ પણ ૨૪૬ ચંદ્રક મેળવેલ છે. |
| (૨) કઇ કઇ રમતોમાં આ એવોર્ડ મેળવેલ છે, અને | (૨) સુચવ્યા મુજબ. |
| (૩) રાજ્ય કક્ષાએથી ઓલમ્પીક્માં ક્યા ક્યા ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ કરેલ છે? | (૩) એક પણ ક્ષેત્રમાં નહિ. |

------------

**આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૬૯૪ **શ્રી શિરીષભાઈ શુક્લ** (ખંભાત) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ-૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૧૮૭૮. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૮૭૮. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વલસાડ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૬૯૭ **શ્રી લક્ષ્મણભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વર્ષ-૨૦૦૮-૨૦૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૭૩૮. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૭૩૮. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૯૪૭૦**પ્રો. મંગળભાઈ પટેલ(માણસા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત/અર્ધશિક્ષિત બેરોજગારોની કુલ કેટલી સંખ્યા નોંધાયેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધ-શિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૪૩૯૪ | ૨૧૦૫ | ૧૬૪૯૯ |
| ૨ | દહેગામ | ૩૪૦૫ | ૫૭૦ | ૩૯૭૫ |
| ૩ | માણસા | ૩૪૪૭ | ૪૫૨ | ૩૮૯૯ |
| ૪ | કલોલ | ૩૪૩૪ | ૫૯૧ | ૪૦૨૫ |
| | કુલ : | ૨૪૬૮૦ | ૩૭૧૮ | ૨૮૩૯૮ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી માટે ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવ્યા, અને

(૨) ૧૯૧૧૬

(૩) તેમાંથી કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને નોકરી આપવામાં આવી?

(૩)

| | |
|---|---|
| શિક્ષિત | ૫૬૧૫ |
| અર્ધ-શિક્ષિત | ૬૭૮ |
| કુલ : | ૬૨૯૩ |

------------

**રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૭૧૫ **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૧૬૨૧. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૨૦૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૬૨૧. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ભાવનગર શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં

૯૬૯૯ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન ભાવનગર શહેરમાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજ્ય સરકારને મળી, | (૧) રૂ. ૩૮૯.૩૫ કરોડ |
| (૨) આ વર્ષમાં કેટલી રકમ વસૂલ કરવાની બાકી થાય છે, અને | (૨) ૨૦૦૮-૦૯ નાં વર્ષમાં નવા ઉભા થયેલા કેસો પૈકી રૂ. ૪૪.૩૫ કરોડની રકમ વસુલ કરવાની બાકી છે. |
| (૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે ક્યા પ્રકારનાં પગલાં લીધા છે? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

------------

### ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય

૯૬૯૩ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૫૨૭૮. |
| (૨) તે પૈકી તા.૩૧-૩-૦૯ સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૫૨૭૮. |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### ઝાલોદના ફતેપુરા તાલુકા મથકે ટ્રેઝરી કચેરી શરૂ કરવા અંગે

૯૪૨૨**શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ઝાલોદના ફતેપુરા તાલુકા મથક હોવા છતાં ટ્રેઝરી ઓફીસની માંગણી છતાં કોઈ કાર્યવાહી થઇ નથી, તે હકીક્ત સાચી છે, અને | (૧) અને (૨) નાણાકીય વ્યવહારોનું કાર્યભારણ ધ્યાને લેતાં પેટા તિજોરી કચેરી શરૂ નહી કરવાનો સરકારે નિર્ણય લીધેલ છે. |
| (૨) જો હા, તો ટ્રેઝરી ઓફીસ આપવા સરકારે શી કાર્યવાહી કરી? | |

------------

### સાબરકાંઠા જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ

૯૭૩૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ |
| ૧ | હિંમતનગર | ૧૭ | ૩૧ |
| ૨ | ઈડર | ૭ | ૨૫ |
| ૩ | વડાલી | ૫ | ૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩ | ૭ |
| ૫ | વિજયનગર | ૬ | ૫ |
| ૬ | ભિલોડા | ૧૪ | ૧૮ |
| ૭ | મોડાસા | ૧૮ | ૨૧ |
| ૮ | માલપુર | ૧૦ | ૧૨ |
| ૯ | મેઘરજ | ૧૦ | ૧૧ |
| ૧૦ | ધનસુરા | ૧૮ | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | બાયડ | ૧૨ | ૪૪ |
| ૧૨ | તલોદ | ૧૨ | ૨૭ |
| ૧૩ | પ્રાંતિજ | ૩ | ૯ |
| | કુલ : | ૧૩૫ | ૨૪૦ |

(૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | |
|---|---|---|---|
| | | ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ |
| ૧ | હિંમતનગર | ૧૪ | ૨૯ |
| ૨ | ઈડર | ૬ | ૨૫ |
| ૩ | વડાલી | ૧ | ૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૨ | ૭ |
| ૫ | વિજયનગર | ૪ | ૩ |
| ૬ | ભિલોડા | ૧૦ | ૧૪ |
| ૭ | મોડાસા | ૧૪ | ૧૭ |
| ૮ | માલપુર | ૯ | ૧૧ |
| ૯ | મેઘરજ | ૧૦ | ૧૧ |
| ૧૦ | ધનસુરા | ૧૮ | ૨૩ |
| ૧૧ | બાયડ | ૯ | ૩૮ |
| ૧૨ | તલોદ | ૧૦ | ૧૯ |
| ૧૩ | પ્રાંતિજ | ૩ | ૫ |

(૩) મંજૂર કરેલ પેકી કેટલાને સહાય આપી દેવામાં આવી છે અને કેટલાને આપવાની બાકી છે, અને

(૩) મંજૂર કરેલ તમામ લાભાર્થીને સહાય ચુકવી દેવામાં આવેલ છે.

(૪) પડતર અરજીઓ કેટલી છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કોઈ અરજીઓ પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**માથાદીઠ આવક અને દેવું**

૯૦૨૦ **શ્રી નિરંજનભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં માથા દીઠ આવક કેટલી છે, અને માથા દીઠ દેવું કેટલું છે, અને

(૧) રાજ્યની માથાદીઠ આવક કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ તૈયાર કરવામાં આવતી નથી. આથી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહિં. આમ છતાં વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યમાં માથાદીઠ આવક રૂ.૪૫૭૭૩/- અંદાજવામાં આવી હતી અને માથાદીઠ દેવું રૂ.૧૪૦૮૭/- છે.

(૨) માથા દીઠ દેવું ઘટાડવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે?

(૨) માથાદીઠ દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રહેશે.

**સાબરકાંઠા જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ**

૯૭૩૭ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અપંગ સાધન સહાય યોજના અન્વયે તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ |
| ૧ | હિંમતનગર | ૧૭ | ૩૧ |
| ૨ | ઈડર | ૭ | ૨૫ |
| ૩ | વડાલી | ૫ | ૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩ | ૭ |
| ૫ | વિજયનગર | ૬ | ૫ |
| ૬ | ભિલોડા | ૧૪ | ૧૮ |
| ૭ | મોડાસા | ૧૮ | ૨૧ |
| ૮ | માલપુર | ૧૦ | ૧૨ |
| ૯ | મેઘરજ | ૧૦ | ૧૧ |
| ૧૦ | ધનસુરા | ૧૮ | ૨૫ |
| ૧૧ | બાયડ | ૧૨ | ૪૪ |
| ૧ | તલોદ | ૧૨ | ૨૭ |
| ૧૩ | પ્રાંતિજ | ૩ | ૯ |
| | કુલ : | ૧૩૫ | ૨૪૦ |

(૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | |
|---|---|---|---|
| | | ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ |
| ૧ | હિંમતનગર | ૧૪ | ૨૯ |
| ૨ | ઈડર | ૬ | ૨૫ |
| ૩ | વડાલી | ૧ | ૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૨ | ૭ |
| ૫ | વિજયનગર | ૪ | ૩ |
| ૬ | ભિલોડા | ૧૦ | ૧૪ |
| ૭ | મોડાસા | ૧૪ | ૧૭ |
| ૮ | માલપુર | ૯ | ૧૧ |
| ૯ | મેઘરજ | ૧૦ | ૧૧ |
| ૧૦ | ધનસુરા | ૧૮ | ૨૩ |
| ૧૧ | બાયડ | ૯ | ૩૮ |
| ૧૨ | તલોદ | ૧૦ | ૧૯ |
| ૧૩ | પ્રાંતિજ | ૩ | ૫ |
| | કુલ : | ૧૧૦ | ૨૦૬ |

(૩) મંજુર કરેલ પેકી કેટલાને સહાય આપી દેવામાં આવી છે અને કેટલાને આપવાની બાકી છે, અને

(૩) મંજૂર કરેલ તમામ લાભાર્થીને સહાય ચુકવી દેવામાં આવેલ છે.

(૪) પડતર અરજીઓ કેટલી છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કોઈ અરજીઓ પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

૬૬

**સાબરકાંઠા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય**

૯૭૭૧**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ-૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૧) ૧,૪૮,૧૨૦ વિદ્યાર્થીઓને

(૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) રૂ. ૨,૨૨,૧૮,૦૦૦/-

------------

**મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃતિ**

૯૭૬૨ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ વખતે જ શિષ્યવૃતિ ચૂકવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨) રૂ. ૨,૩૩,૯૩,૦૦૦/-

------------

**સુરત જિલ્લામાં ગણવેશ પેટે ચૂકવેલ સહાય**

૯૭૬૬**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ-૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ સુરત જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૧) ૫૨,૪૫૪ વિદ્યાર્થીઓને

(૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) રૂ. ૭૮,૬૮,૧૦૦/-

------------

**વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના શોષણ અંગે**

૯૭૨૨**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓના શોષણ અંગે કેટલી ફરિયાદો આવેલ છે, અને | (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓના શોષણ અંગે કુલ ૭૩૧ ફરીયાદો આવેલ છે. |
| (૨) આ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે? | (૨) તમામ ૭૩૧ ફરિયાદોમાં સ્થળ તપાસ કરી ૧૦૬ કસુરવાર એકમો સામે જુદા જુદા શ્રમ કાયદાઓના ભંગ બદલ ૨૬૯ ફોજદારી કોર્ટ કેસો કરવામાં આવેલ છે. |

------------

**પાટણ જિલ્લામાં વિદ્યાર્થીઓના ગણવેશ પેટે ચૂકવેલ સહાય**

૯૭૬૪**શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ગણવેશ યોજના હેઠળ પાટણ જિલ્લામાં બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ૧,૧૬,૪૫૦ વિદ્યાર્થીઓને |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂ. ૧,૭૪,૬૭,૫૦૦/- |

------------

**વિદેશ અભ્યાસ માટે મળેલ અરજીઓ**

૯૪૪૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ કરવા માટે અનુસૂચિત જાતીના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ માં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૧૬. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને નામંજૂર કેટલી થઈ? | (૨) મંજૂર-૧૨૨<br>નામંજૂર-૩૮ |

------------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે મળેલ કેન્દ્ર સરકારની શિષ્વૃત્તિ અન્વયે કરેલ ખર્ચ**

૯૬૮૫**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજનાવાર કેટલી રકમ મળી, અને | (૧) પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ રૂ. ૪,૪૨,૮૭,૫૦૦/-<br>પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ રૂ. ૫,૧૨,૬૧,૦૦૦/- |
| (૨) તે પેકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પૂરેપૂરી રકમનો ખર્ચ કરવામાં આવ્યો. |

------------

**જામનગર જિલ્લાના તાલુકા મથકે રમત ગમત સંકુલ સુવિધા અંગે**

૯૬૮૨**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર તાલુકા મથકે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા રમત-ગમત સંકુલો આવેલ છે, | (૧) એક પણ નહિ. |
| (૨) જિલ્લાના ક્યા તાલુકા મથકે ઉક્ત સ્થિતિએ | (૨) એક પણ તાલુકામાં નહિ. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રમત ગમત સંકુલની સુવિધા નથી, | |
| (૩) જે તાલુકા મથકે રમત ગમત સંકુલ નથી ત્યાં આવા સંકુલ સ્થાપવા સરકારનું શું આયોજન છે, અને | (૩) હાલમાં ફક્ત જિલ્લા કક્ષાએ જ રમત સંકુલ સ્થાપવાની યોજના છે. |
| (૪) આ સંકુલો ક્યાં સુધીમાં સ્થાપવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**પંચમહાલ અને દાહોદ જિલ્લામા રમતગમતના મેદાનો અંગે**

૯૭૨૫**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં રાજ્યકક્ષાના તેમજ જિલ્લાકક્ષાના કુલ કેટલા રમતગમતના મેદાનો આવેલા છે, | (૧) પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં રાજ્યકક્ષાનું એક પણ મેદાન આવેલ નથી. પંચમહાલ અને દાહોદ ખાતે જિલ્લા કક્ષાના રમતના મેદાનો આવેલા છે. |
| (૨) બંને જિલ્લાઓમાં જરૂરિયાત પ્રમાણેના મેદાનો છે, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો સરકારનું આ અંગે શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જામનગર જિલ્લામાં રૂા. ૧૦ કરોડથી વધુ વેટ બાકી હોઈ તેવી સિમેન્ટ કંપનીઓ**

૮૭૭૯ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રૂપિયા દશ કરોડથી વધુ વેટ બાકી હોય તેવી કઈ કઈ સિમેન્ટ કંપનીઓ છે, | (૧) એક પણ નહિ. |
| (૨) તે કેટલા સમયથી બાકી છે, | |
| (૩) તે વસુલ લેવા શા પ્રયાસો ઉચ્ચકક્ષાએ થયા છે, અને | (૨), (૩) અને (૪) } પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી વેટ ક્યાં સુધીમાં વસુલ લેવાશે? | |

------------

**ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય**

૯૬૮૪**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯માં સરસ્વતી સાધના યોજના હેઠળ કેટલી વિદ્યાર્થીનીઓ સાયકલ સહાયને પાત્રતા ધરાવતી હતી, | (૧) ૨૧૬૧ વિદ્યાર્થીનીઓ |
| (૨) તે પૈકી તા. ૩૧-૩-૨૦૦૯સુધીમાં કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૨૧૬૧ વિદ્યાર્થીનીઓને |
| (૩) બાકી રહેલ વિદ્યાર્થીનીઓને ક્યારે સાયકલ સહાય ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભરૂચ જિલ્લામાં આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ તેમજ ખાલી જગ્યાઓ ભરવા અંગે**

૮૮૧૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં જે તાલુકામાં સરકાર માન્ય આઈ.ટી.આઈ. કોર્ષ ચલાવવામાં આવે છે તેમાં કેટલા વિષયના કોર્ષ ચાલે છે, | (૧) અંકલેશ્વર - ૩૧ કોર્ષ<br>વાલિયા - ૧૦ કોર્ષ<br>ભરૂચ - ૦૬ કોર્ષ<br>ઝઘડિયા - ૦૬ કોર્ષ |

હાંસોટ - ૦૪ કોર્ષ

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોના સ્ટાફની જ્ગ્યાઓ કેટલી ખાલી છે, અને

(૨)

| ક્રમ | ટ્રેડનું નામ | મંજુર જ્ગ્યાની સંખ્યા | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૦૪ | ૦૨ |
| ૨ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) | ૦૨ | ૦૧ |
| ૩ | ઇલેક્ટ્રોનિક્સ મિકેનીક | ૦૨ | ૦૧ |
| ૪ | ઇનફોર્મેશન ટેક્નોલોજી એન્ડ ઇલેક્ટ્રોનીક્સ સીસ્ટમ મેન્ટેનન્સ | ૦૧ | ૦૧ |
| ૫ | લેબોરેટરી આસીસટન્ટ (કેમીકલ પ્લાન્ટ) | ૦૨ | ૦૧ |
| ૬ | પ્લમ્બર | ૦૨ | ૦૧ |
| ૭ | ટર્નર | ૧૧ | ૦૧ |
| ૮ | વેલ્ડર | ૧૧ | ૦૫ |
| ૯ | વાયરમેન | ૧૫ | ૦૩ |
| ૧૦ | કોમ્પ્યુટર ઓપરેટર-કમ-પ્રોગ્રામિંગ આસીસટન્ટ | ૦૬ | ૦૩ |
| ૧૧ | ફીટર | ૧૮ | ૦૩ |
| ૧૨ | મિકેનિક ડિઝલ | ૧૨ | ૦૨ |
| ૧૩ | ઇલેક્ટ્રીશીયન | ૦૮ | ૦૧ |
| | કુલ સરવાળો :- | ૯૪ | ૨૫ |

(૩) આ ખાલી જ્ગા કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) ખાલી જ્ગ્યાઓ નિયમિત નિમણૂકથી ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રક મોકલી આપવામાં આવેલ છે. પસંદગી યાદી મળ્યેથી ભરવામાં આવશે. આ દરમિયાન આ જ્ગ્યાઓ કરારના ધોરણે ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

**દાહોદ જિલ્લામાં શ્રમિક સુરક્ષા યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૯૫૩૫ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય શ્રમ અને રોજ્ગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ તાલુકાવાર આકસ્મિક મૃત્યુ પામનાર મજૂર તથા ઓછી આવક ધરાવતા ઈસમોને શ્રમિક સુરક્ષા યોજના હેઠળ મૃત્યુ સહાય-વળતર મેળવવા માટેની કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી, અને

(૨) આ અરજીઓ પૈકી કેટલા કેસોમાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) કુલ ૧૫ અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨ |
| ૨ | ફતેપુરા | ૫ |
| ૩ | લીમખેડા | ૩ |
| ૪ | ઝાલોદ | ૪ |
| ૫ | ધાનપુર | ૧ |

(૨) આ અરજીઓપૈકી કુલ ૬ કેસોમાં રૂ. ૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ) ની સહાય ચુકવવામાં આવેલ છે.

------------

**પેટ્રોલ ડીઝલના વેચાણથી સેસની થયેલ આવક**

૮૪૫૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પેટ્રોલ અને ડીઝલના વેચાણ ઉપર તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને જુદા જુદા વેરા (સેસ)ની વાર્ષિક કેટલી આવક થઈ ?

**જવાબ**

| વર્ષ | સેસની આવક (રકમ રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૪૧.૮૬ |
| ૨૦૦૭-૦૮ | ૪૫૧.૪૮ |
| ૨૦૦૮-૦૯ | ૫૨૬.૩૩ |

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના અન્વયે ચૂકવવાની બાકી સહાય**

૯૪૬૮**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાયતા ચુકવવાની બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત તાલુકાવાર અનુસૂચિત જાતિના કોઇ જ લાભાર્થીને સહાય ચૂકવવાની બાકી નથી.

જ્યારે સા.શે.પ.વ.ના લાભાર્થીની બાકી સહાય ચૂકવવાની વિગતો નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** | **ચૂકવવાની બાકી રકમ રૂ. લાખમાં** |
|---|---|---|
| આણંદ | ૧ | ૦.૦૫ |
| ઉમરેઠ | ૫ | ૦.૨૫ |
| બોરસદ | ૧ | ૦.૦૫ |
| પેટલાદ | ૧૪ | ૦.૭૦ |
| સોજીત્રા | ૨ | ૦.૧૦ |
| ખંભાત | ૧૩ | ૦.૬૫ |

(૨) જો સહાય ચુકવવાની બાકી હોય તો સરકાર ક્યાં સુધીમાં ચુકવવા માગે છે, અને

(૨) શક્ય તેટલી ઝડપથી.

(૩) સહાય ચુકવવાના થયેલા વિલંબના કારણો ક્યા છે?

(૩) ચાલુ નાણાકીય વર્ષની અરજીઓ હોવાથી વિલંબ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં આઈ.ટી.આઈ.માં શિક્ષકોની ઘટ**

૯૦૨૧ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી આઈ.ટી.આઈ. સંસ્થાઓ કાર્યરત છે,

(૨) આ સંસ્થાઓમાં ક્યા ક્યા વિષયના કોર્ષ ચલાવવામાં આવે છે, અને

(૩) આ કોર્ષના અભ્યાસ માટે કેટલા શિક્ષકોની ઘટ છે?

**જવાબ**

(૧) ૦૩ (ત્રણ)

(૨)

૧. આર્મેચર મોટર રિવાઈન્ડિંગ
૨. એટેન્ડન્ટ ઓપરેટર કેમિકલ પ્લાન્ટ
૩. સેન્ટર ઓફ એક્સેલન્સ (કેમિકલ) બેઝિક મોડ્યુલ
૪. કોમ્પ્યુટર ઓપરેટર-કમ-પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ
૫. ઈલેક્ટ્રીશીયન
૬. ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક
૭. ફીટર
૮. પ્લાસ્ટીક પ્રોસેસિંગ ઓપરેટર
૯. વેલ્ડર
૧૦. વાયરમેન
૧૧. સેન્ટર ઓફ એક્સેલન્સ (કેમિકલ) એડવાન્સ્ડ મોડ્યુલ
૧૨. ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક
૧૩. મિકેનિક ડિઝલ
૧૪. સોફ્ટવેર પ્રોગ્રામિંગ
૧૫. હેર એન્ડ સ્કીન કેર
૧૬. સ્ટેનો-કમ-કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી)

(૩) ૦૫ (પાંચ)

### સાબરકાંઠા જિલ્લામાં બાલ મજૂર પકડવા કરેલ પ્રયત્નો

૯૭૩૮ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં બાળ મજૂરોને પકડવા માટે સરકાર દ્વારા શા શા પ્રયત્નો કરવામાં આવ્યા છે,

(૨) કેટલા બાળ મજૂરો પકડવામાં આવ્યા છે, અને

(૩) બાલ મજૂરોને મજૂરીએ રાખનારાઓ ઈસમો સામે શા શા પગલાંઓ લેવામાં આવ્યા છે?

**જવાબ**

(૧)

(અ) સાબરકાંઠા જિલ્લામાં બાળ શ્રમિકોને મુક્ત કરાવવા માટે તા. ૩૧-૫-૦૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કારખાના/સંસ્થાઓમાં કુલ-૨૪૨૫ નિરીક્ષણો/મુલાકાતો કરવામાં આવેલ છે.

(બ) બાળશ્રમિક નાબુદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.

(ક) બાળ શ્રમયોગી પ્રથા નાબુદીને વેગ મળે તે હેતુથી પ્રચાર અને પ્રસાર માધ્યમ મારફતે જાગૃતિ અભિયાન કરેલ છે.

(૨) કુલ-૩૭ (સાડત્રીસ) શોધવામાં આવેલ છે.

(૩) બાળ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ના કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સક્ષમ અદાલતમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

------------

### જૂનાગઢ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં પકડાયેલ બાલ મજૂરોનાં પુનઃસ્થાપન અંગે

૯૭૪૨**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં બાળ મજૂરી કરાવતા કેટલા ઓદ્યોગિક એકમોના માલીકો પકડાયા,

(૨) પકડાયેલા માલિકો સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પકડાયેલા કેટલા બાળ મજૂરોનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) કુલ-૯ (નવ) સામે કાર્યવાહી કરેલ છે.

(૨) બાળ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ના કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સક્ષમ અદાલતમાં ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

(૩) મુક્ત કરાવેલ કુલ-૯ (નવ) બાળ મજુરોનું શૈક્ષણિક પુનઃસ્થાપન કરવામાં આવેલ છે.

------------

### ભાણવડ તાલુકામાં નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગે

૯૬૮૩ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાના ભાણવડ તાલુકામાં આદર્શ નિવાસી શાળા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ભાણવડ તાલુકામાં આદર્શ નિવાસી શાળા સરકાર ક્યારથી શરૂ કરનાર છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલમાં કોઈ આયોજન નથી.

------------

### જામનગર જિલ્લામાં નાની બચત પેટે મળેલ રકમ

૮૭૮૧ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં વર્ષવાર જામનગર જિલ્લામાં રોકાણકારો ધ્વારા નાની બચત યોજનામાં કેટલી રકમની ડીપોઝીટ મળેલ છે, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં વર્ષવાર જામનગર જિલ્લામાં નીચે મુજબની વિગતે રોકાણકારો ધ્વારા ડીપોઝીટ મળેલ છે.

(આંકડા રૂ. કરોડમાં)

| વર્ષ | રોકાણ | ઉપાડ | સાફી (નેટ) |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૯૫.૯૦ | ૩૫૪.૭૦ | ૧૪૧.૨૦ |
| ૨૦૦૭-૦૮ | ૪૮૪.૧૮ | ૫૨૧.૮૧ | -૩૭.૬૩ |

(૨) આ ડીપોઝીટમાંથી જામનગર જિલ્લાના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી?

(૨) જિલ્લાવાર ફાળવવાની નીતિ નથી.

------------

**દાહોદ જિલ્લામાં રમતગમત પાછળ કરેલ ખર્ચ**

૯૫૩૬ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કુલ કેટલો ખર્ચ રમતગમત પાછળ કરવામાં આવ્યો, અને

(૧)

| તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮નો ખર્ચ રૂા. | ૨૦૦૮-૦૯નો ખર્ચ રૂા. | કુલ ખર્ચ રૂા. |
|---|---|---|---|
| ફતેપુરા | ૪૬૫૦ | ૫૦૦૦ | ૯૬૫૦ |
| ઝાલોદ | ૬૩૫૦ | ૫૨૫૦ | ૧૧૬૦૦ |
| દાહોદ | ૬૧૬૬૫૨ | ૨૫૬૦૦ | ૬૪૨૨૫૨ |
| ગરબાડા | ૯૮૨૪ | ૧૮૯૪૫ | ૨૮૭૬૯ |
| ધાનપુર | ૪૬૫૦ | ૫૭૫૦ | ૧૦૪૦૦ |
| લીમખેડા | ૧૨૩૬૨ | ૬૮૦૦ | ૧૯૧૬૨ |
| દેવગઢ બારીયા | ૨૧૮૨૫૩૯ | ૮૧૦૮૩૭ | ૨૯૯૩૩૭૬ |
| **કુલ રૂા. :** | **૨૮૩૭૦૨૭** | **૮૭૮૧૮૨** | **૩૭૧૫૨૦૯** |

(૨) કુલ ખર્ચ પેકી રમતગમત મેદાનોના નિભાવ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮નો ખર્ચ રૂા. | ૨૦૦૮-૦૯નો ખર્ચ રૂા. | કુલ ખર્ચ રૂા. |
|---|---|---|---|
| ફતેપુરા | ૧૮૨૫ | ૨૮૫૦ | ૪૬૭૫ |
| ઝાલોદ | ૨૩૧૦ | ૨૩૬૦ | ૪૬૭૦ |
| દાહોદ | ૧૬૨૫૭ | ૩૪૫૫ | ૧૯૭૧૨ |
| ગરબાડા | ૧૯૯૫ | ૩૩૯૫ | ૫૩૯૦ |
| ધાનપુર | ૧૭૭૫ | ૧૪૯૦ | ૩૨૬૫ |
| લીમખેડા | ૧૨૪૦ | ૨૭૨૦ | ૩૯૬૦ |
| દેવગઢ બારીયા | ૪૮૪૨૦ | ૯૩૫૯ | ૫૭૭૭૯ |
| **કુલ :** | **૭૩૮૨૨** | **૨૫૬૨૯** | **૯૯૪૫૧** |

------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

## ભરૂચ જિલ્લાના ઝધડીયા તાલુકામાં વાવાઝોડાના કારણે થયેલ નુકસાન અંગે

**સચિવશ્રી:** માનનીય સભ્યશ્રી કિશોરકુમાર મકવાણા (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી :** આજે સવારે ૧૧-૦૦ કલાકે વિપક્ષ અને શાસકપક્ષ વચ્ચેની મેં એક મીટિંગ બોલાવી હતી. આ મીટિંગ રાખવાનો ઉદ્દેશ બંને પક્ષો વચ્ચે સેતુ બની સમન્વય સાધવાનો હતો. ગઈકાલે તા:૧૩મીના રોજ સવારે વિપક્ષના દંડકશ્રી ઈકબાલભાઈ પટેલ મને મળ્યા હતા અને ત્યારબાદ તેઓ સાંજે પણ મને મળવા આવ્યા હતા. રાત્રે આ જ પ્રશ્ન પર વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી સાથે પણ ગઈકાલે ટેલિફોન પર વાત થઈ હતી. એ જ પ્રમાણે શાસકપક્ષના સંસદીય બાબતોના મંત્રીશ્રી સાથે મેં ગઈકાલે આ વિષય પર વાત કરી હતી અને તેના અનુસંધાને આજે બંને પક્ષો વચ્ચે સમન્વય સધાય તે માટે સેતુ બનીને મેં બંને પક્ષોના આગેવાનોને આ મીટિંગમાં બોલાવ્યા હતાં. શાસકપક્ષ તરફથી સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહ, શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને મુખ્ય દંડકશ્રી આર. સી. ફળદુ હાજર રહ્યા હતા. જયારે વિપક્ષ તરફથી વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી ગોહીલ, ઉપનેતાશ્રી મોહનસિંહ રાઠવા, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ અને દંડકશ્રી ઈકબાલભાઈ પટેલ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં. બંને પક્ષો વચ્ચે જુદાજુદા મૃદ્દાઓ ઉપર ચર્ચાઓ થઈ હતી અને તેમાં સમન્વય સધાયો ન હતો. આ બેઠકમાં થયેલ ચર્ચાઓને અંતે જો સમન્વય સધાયો હોત તો વિધાનસભામાં સંવાદિતા સર્જાત. આ ઘટનાની હું ગૃહને જાણ કરું છું.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી જીતેન્દ્ર સુખડીયા (સભાગૃહની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી જીતેન્દ્ર સુખડીયા ( સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**માગણી ક્રમાંક: ૫૯**

**શ્રી અમીતભાઈ શાહ ( કાયદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કાયદા વિભાગ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૦૬,૦૯,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૫૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૯ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૬૫**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂા. ૧૧,૫૮,૩૭,૬૭,૦૦૦/- માગણી ક્રમાંક: ૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૫રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૬૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૬૬**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૬૨,૦૫,૪૭,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૮,૬૮,૪૯,૧૩,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૬૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૬૭**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૦૨,૧૨,૬૭,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨,૮૮,૩૩,૩૩,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૬૭ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૬૮.**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતા અન્ય ખર્ચ સેવાને લગતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૧૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૬૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૮ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૬૮ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

<u>સન ૨૦૦૯-૨૦૧૦ના</u> વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી <u>મંગળવાર, તા ૧૪-૭-૨૦૦૯</u> (ત્રીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **કાયદા વિભાગ<br>માગણી નં.૫૯** | |
| ૧. * | ૨૦૫૨-સચિવાલય....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-કાયદા વિભાગ<br>રુા.૫,૧૮,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬<br>પા.નં.૩૪-૩૫ | ૧૦૦ | કાયદા વિભાગ પાસે અભિપ્રાય માટે આવતી ફાઈલોનો સમયસર નિકાલ કરાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨. * | -- " -- | ૧૦૦ | સરકારી વકીલોને ચૂકવાતી ફી ના ધોરણોમાં ચાલતી ભેદભાવભરી નીતિ બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. * | -- " -- | ૧૦૦ | નોટરીઓની નિમણૂકમાં ચાલતી ગેરરીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪. * | -- " -- | ૧૦૦ | કોર્ટોમાં જજોની ખાલી જગ્યાઓ સમયસર ભરાય તે જોવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. * | --"-- | ૧૦૦ | સરકારી વકીલોની નિમણૂકમાં લાયકાત ધરાવતા વકીલોને થતો અન્યાય રોકવામાં તંત્રની ઉદાસીનતા. | |
| | | | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં. ૬૫** | |
| ૬. * | ૪૭૦૦-મોટી .... જોગવાઈ<br>૩૧ નર્મદા પરિયોજના એકમ-૧<br>૯૦૧-અન્ય...રકમ<br>રૂા. ૧,૩૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૮૩ | ૧૦૦ | સાથી રાજયો પાસેથી નર્મદા યોજનાના ખર્ચ પેટે લેણી થતી રકમ સમયસર વસુલ લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭. * | ૪૭૦૦-મોટી .... જોગવાઈ<br>૩૨- નર્મદા પરિયોજના એકમ-૨<br>૧૯૦- જાહેર ......રોકાણ<br>રૂા. ૬૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૮૪ | ૧૦૦ | નર્મદા કેનાલોના નબળા કામને કારણે પાણીનો થતો બગાડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮ * | ૪૭૦૦-મોટી .... જોગવાઈ<br>૩૨- નર્મદા પરિયોજના એકમ-૨<br>૧૯૦- જાહેર ......રોકાણ<br>રૂા. ૬૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૮૪ | ૧૦૦ | મુખ્ય કેનાલનું કામ સત્વરે પૂર્ણ કરવા તેમજ તેની જાળવણીમાં પૂરતી કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯* | --"-- | | નર્મદા કેનાલોમાં ભરાયેલ કચરો/કાંપ/ ગંદકી દૂર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ (મહંમદ જાવેદ પીરઝાદા) |
| ૧૦* | ૪૭૦૦-મોટી .... જોગવાઈ<br>૩૩ નર્મદા પરિયોજના એકમ-૪<br>૧૯૦-જાહેર ..... રોકાણ<br>રૂા. ૧૭,૦૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૮૪-૧૮૫ | ૧૦૦ | નર્મદા સબ-કેનાલોના પાણી પહોંચાડવાના ઢાળીયા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧* | --"-- | ૧૦૦ | નાની કેનાલોના કામો પ્રત્યે દાખવવામાં આવતી નિષ્ક્રિયતા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૨* | --"-- | ૧૦૦ | નર્મદા યોજનાના પાણી કચ્છના ખેડૂતોને આપવાના બદલે ઉદ્યોગોને આપી અપનાવવામાં આવતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૬૬** | |
| ૧૩* | ૨૭૦૧-મધ્યમ સિંચાઈ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૬૯,૦૧,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૮૧ થી ૧૧૭ | ૧૦૦ | સિંચાઈના કામોના નકકી કરવામાં આવેલા લક્ષ્યાંકો સમયસર પૂરા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪* | --"-- | ૧૦૦ | જયાં સિંચાઈની સગવડ નથી તેવા આંતરિયાળ વિસ્તારોમાં સિંચાઈથી પાણીની સુવિધાઓ ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫* | --"-- | ૧૦૦ | મધ્યમ સિંચાઈ યોજનાનો વ્યાપ વધારી તેનો લાભ વધુ ગામડાઓ સુધી પહોંચાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬* | --"-- | ૧૦૦ | નદીઓની ગંદકી દૂર કરી તેમાં નર્મદા ડેમનું વધારાનું પાણી સંગ્રહ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૬૭** | |
| ૧૭* | ૨૨૧૫- પાણી .....સ્વચ્છતા<br>૦૧- પાણી પુરવઠો<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૫ | ૧૦૦ | પાણી માટે અબજો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ગામડાઓમાં ટેન્કરો દ્વારા પાણી પુરુ પડાય છે તે સ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮* | ૨૨૧૫- પાણી .....સ્વચ્છતા<br>૦૧- પાણી પુરવઠો<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૫ | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડમા કલોરીન ગેસની ખરીદીમાં ગેરરીતી કરનારા સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯* | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડમાં ખુલ્લેઆમ થતી ગેરરીતિ અને ભ્રષ્ટાચાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦* | --"-- | ૧૦૦ | સમયસર કામો પૂર્ણ ન કરનાર કોન્ટ્રાકટરોની ડિપોઝિટ જપ્ત કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૧* | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડમાં ટેન્ડરો આપવામાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨* | --"-- | ૧૦૦ | હલકી ગુણવતા વાળી પાઈપો ખરીદી આચરવામાં આવતી ગેરરીતિ રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩* | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડના કામો નિયત સમયમાં પૂરા થાય તેવું આયોજન કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૪* | --"-- | ૧૦૦ | નર્મદા યોજનાના પાણી મોટા શહેરો અને નાના-નાના ગામડાઓ સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પહોંચાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | | **માગણી નં. ૬૮** | |
| ૨૫ * | ૭૬૧૦- સરકારી .......લોન<br>૨૦૧- મકાન....પેશગી<br>રૂા.૧,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૩૪૫ | ૧૦૦ | વિભાગના કર્મચારીઓને મકાન પેશગી ઝડપથી મળે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી :** હવે રજૂ થયેલી માગણીઓ ઉપર ચર્ચા કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ...

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઈ, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં જે મહત્ત્વની પૂરક જોગવાઈઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપી હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિકાસમાં જળ સંપત્તિની મહત્ત્વની ભૂમિકા રહી છે. જ્યારે ગુજરાત જેવા રાજ્યમાં જ્યાં મોટો વિસ્તાર બારમાસી નદીઓથી વંચિત છે અને મોટાભાગના વિસ્તારમાં જ્યારે વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે ત્યારે ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે માનનીય મંત્રીશ્રી જે દરખાસ્તો લઈ આવ્યા છે અને એ માટે માનનીય નાણામંત્રીશ્રીએ જે બજેટની જોગવાઈઓ

મૂકી છે એ માટે હું એમને લાખ લાખ અભિનંદન આપું છું. ગુજરાત જેવા સુકાભઠ્ઠ વિસ્તાર કે જ્યાં અવાર-નવાર દુષ્કાળ પડે છે અને એના કારણે આજે આપણે પાણીનું મહત્ત્વ આપણે સમજ્યા છીએ અને માનનીય નરેન્દ્રભાઈ મોદી જ્યારે આ રાજ્યને વેગવંતુ બનાવવા માગે છે ત્યારે મને એક પંક્તિ યાદ આવે છે,

હું એવો ગુજરાતી, હું એવો ગુજરાતી, જેની હું ગુજરાતી એ વાતથી ગજગજ ફૂલે છાતી.
હું ગાંધીનું મૌન, હું જ સરદાર તણી છું હાક, હું જ સત્યનું આયુષ્ય, જેની દિગ દિગંતમાં ધાક,
હું સંતોનું સૌમ્ય સ્મિત, હું સંતોનું સૌમ્ય સ્મિત, તલવાર શૂરાની તાતી, હું એવો ગુજરાતી

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર વર્ષો પહેલાં જે પીવાના પાણીની તકલીફ હતી અને ઠેરઠેર ટૅન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું. આજની પરિસ્થિતિ આપણે જોઈએ તો હવે મોટા ભાગે ૭૮ જેટલા ગામોમાં જ ટૅન્કરથી પાણી પહોંચાડવું પડે છે, જે પહેલાં લાખોની સંખ્યામાં હતું. ગુજરાતની અંદર અવાર-નવાર દુષ્કાળ પડે અને લોકોને મુશ્કેલી પડે. અગાઉ આપણને ખ્યાલ છે કે રાજકોટમાં આપણે ટ્રેન દ્વારા પાણી પહોંચાડતા હતા. આજે એ પરિસ્થિતિમાંથી બહાર આવ્યા છીએ. એનું સાચું શ્રેય જો કોઈને હોય તો માનનીય નરેન્દ્રભાઈ અને એમની સરકારના તત્કાલીન મંત્રી માનનીયશ્રી નરોત્તમભાઈ પટેલ અને પ્રવર્તમાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલને છે. **આજના આ વિષયમાં આપણે વિચારીએ તો જ્યારે અગાઉ છપ્પનીયો દુષ્કાળ પડ્યો હતો ત્યારે છપ્પનીયા દુષ્કાળમાં પીવાના પાણી માટે કોઈ તકલીફ નહોતી. એ સમયે માણસને અનાજ મળતું નહોતું. અનાજ લાવવા માટે જ્યારે એ વખતની અંગ્રેજ સરકાર થોડી ઘણી વ્યવસ્થા કરતી તો એ અનાજ રસ્તામાં લૂંટાઈ જતું અને માણસને પીવા માટે જો ઓસામણ કે એવું કાંઈ બનાવવું હોય તો અનાજ નહોતું એટલે એના બદલે ઝાડના મૂળિયાનું ઓસામણ બનાવીને માણસ પીતો હતો. આજની પરિસ્થિતિમાં ૧૯૯૦ પછી જે ૩૦ મિટરે જે પાણી હતા એ પાણી ઊંડાને ઊંડા જતા ગયા અને અત્યારે ૧૩૦-૧૩૫ મિટરે સિંચાઈમાં એ પાણી જ્યારે ગયું છે ત્યારે એ ભૂગર્ભ જળનો વધારો કરવો એ તાતી આવશ્યકતા હતી અને એ સંજોગોમાં સરકાર દ્વારા આ પાણી ભૂગર્ભ જળને બદલે સરફેશ વોટર ઉપર આધારિત અને શુદ્ધ પીવાનું પાણી મળે એ માટે જે અનેક પ્રયત્નો થયા છે એ માટે સરકાર અને એના અધિકારીઓની ટીમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પીવાના પાણી અંગે આપણે જે સરફેશ વોટર ઉપર જે આધાર રાખ્યો છે એમાં નર્મદાના નહેર આધારિત પાણીનો પણ આપણે મહત્તમ ઉપયોગ કરીએ છીએ અને સુજલામ્ સુફલામ્ કેનાલ અને સ્પ્રેડિંગ કેનાલ દ્વારા પણ આપણે એ પાણીનો ઉપયોગ કરી રહ્યાં છીએ. સરદાર સરોવર નર્મદા કેનાલ આધારિત યોજના સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ જિલ્લાના કુલ ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને આવરી લેતી અંદાજીત કિંમત રૂા.૨૦૦ કરોડની યોજના અમલીકરણ હેઠળ છે. હાલમાં સરદાર સરોવર યોજના તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ ૧૬૯૦ કિલોમિટરની લંબાઈની બલ્ક વોટર પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને તેના દ્વારા ૪૭૯૯ ગામોને આવરી લેતી ૮૦ ગૃપ ગ્રામ યોજનાઓ શરૂ કરવામાં આવી છે અને તેના દ્વારા ૩૦૩૩ ગામો અને ૭૦ શહેરોને શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા મળશે. આ સિવાય સુજલામ્ સુફલામ્ યોજના આધારિત જે બલ્ક પાઈપ લાઈનની યોજના છે એના આધારે પણ ગુજરાતના જે શહેરો એનાથી વંચિત છે એ શહેરોને પીવાનું પાણી પૂરું પાડવાના છીએ. આ સિવાય જુદા જુદા ડેમોમાંથી ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજના આપણે બનાવીએ છે અને એના આધારે જ્યાં અન્ય કોઈ સોર્સ નથી ત્યાં પીવાનું શુદ્ધ પાણી ફ્લૉરાઇડ અને નાઈટ્રોજનથી રહિત એવું આપણે આપી રહ્યા છીએ આનો મને અનુભવ છે કે જ્યારે ધરોયમાંથી ઈડર જૂથ પાણી પુરવઠા યોજનામાંથી આપણે પાણી છોડતા તો ૧૦૦ લિટરે આપણને ઈડર વલાસબ દીઠ જોડે માત્ર પાંચ લિટર પાણી મળતું હતું. પરંતુ ધરોય આધારિત આપણી જે પિયત પાઈપ લાઈન નાંખેલ એ પાઈપ લાઈન દ્વારા જ્યારે આપણે પાણી વહન કરવાનું શરૂ કર્યું તો વલાસબ બ્રીજ ઉપર ૧૦૦ એ ૯૫ લિટર પાણી મળી રહેતું આમ ઈન્ફાસ્ટ્રકચર ગમે એટલું મોઘું હોય પણ એનો વારંવાર ઉપયોગ અને મલ્ટીપરપઝ ઉપયોગ થવાના કારણે એની જે ઈનીશયલ કોસ્ટ છે એ માત્ર એકવાર ખર્ચવી પડે છે એના કારણે ખૂબ ખૂબ મોટા ફાયદા થાય છે. પાણી પુરવઠાની આપણી અગત્યની કામગીરીના કારણે તા.૨૧-૪-૦૮ નાં રોજ વાસ્મોને લોકશાસનમાં ઉત્કૃષ્ઠ કામગીરી માટે પી.એમ. એવોર્ડ મળેલો છે અને તાજેતરમાં સંયુકત રાષ્ટ્ર સંઘ UNO દ્વારા જાહેર પુરસ્કાર ૨૦૦૯માં નીતિ વિષયક નિર્ણયોમાં લોકભાગીદારીને વેગ આપવા એ બાબતે પણ આપણને એવોર્ડ મળેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગમાં જળસંપત્તિ વિભાગની અંદર જળસંપત્તિના કામો પણ ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાત રાજ્યની અંદર એકેએક પાણીનું ટીપું આપણને ઉપયોગી થાય એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સિંચાઈ મંત્રીશ્રીએ આપણને ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં એ મંત્ર આપ્યો અને એના દ્વારા આપણે ગામની અંદર જે વરસાદી પાણી હોય એને પીવાના પાણીના ટાંકામાં સંગ્રહ કરવાનું, વરસાદી પાણી જ્યાં ગામમાં ફેલાઈ અને ઉપદ્રવ કરે એ પાણીને ભૂગર્ભમાં રિચાર્જ કરીને ઉતારવાનું,** અને સીમમાં ખેત તલાવડીઓ, ચેક ડૅમો એવા નુસખાઓ દ્વારા આપણે અનેકગણું પાણી રિચાર્જ કરવાનું શરૂ કર્યું છે અને એનો અનુભવ એવો આવ્યો છે કે, હવે જે જમીનો ડાર્ક ઝોનમાં હતી એને મુક્ત કરવા માટે દરખાસ્ત કરી શકીએ એમ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા છેલ્લા વર્ષોમાં કુલ ૧,૧૩,૭૩૮/- ચેક ડૅમો પૂર્ણ થયા છે, એના આધારે ૫,૭૦,૦૦૦ હેકટર જમીનમાં આપણને સિંચાઇનો લાભ મળશે અને ભૂગર્ભ જળ જે નીચા ગયા હતા એમાં ત્રણ

થી પાંચ મીટરનો વધારો થવાના કારણે ડાર્ક ઝોનમાં આપણે બહાર નીકળી શકીએ તેમ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના દ્વારા જે ૧૧ જિલ્લાઓ પંચમહાલ, દાહોદ, અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને કચ્છ એ ૧૧ જિલ્લાઓના અગત્યના ગામોને આપણે આવરી લેતી યોજના જે બનાવી છે એમાં ૬,૨૩૭/- કરોડનો ખર્ચ થવા પામ્યો છે અને આ યોજના દ્વારા ૨૫૦ કિલોમીટર સુધીમાં આપણે પાણી વહાવી શક્યા છીએ. આ સુજલામ સુફલામ યોજના દ્વારા આપણે બનાસકાંઠાની રેલ નદી સુધી પાણી લઈ જવાના છીએ અને એની કુલ લંબાઈ ૩૩૭ કિલોમીટર છે, જેના આધારે વચ્ચે આવતી નદીઓને પણ આપણે ઈન્ટર લિન્કીંગ વ્યવસ્થા આપી શકવાના છીએ. સુજલામ સુફલામ યોજનામાં આ નદીઓનું જે છે એનું પાણી પણ આપણને મળે અને બનાસકાંઠાની રેલ નદી કે જ્યાં સૂકો વિસ્તાર છે, એ વિસ્તારો સુધી જો આપણે પાણી પહોંચાડી શકીએ તો આ પાણી રેલ દ્વારા કચ્છના મોટા રણમાં સ્પ્રેડ થવા પામશે અને રણ આગળ વધતું અટકશે. માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા આપણે ગુજરાતના જે મહત્ત્વના જળાશયો છે તેમાંથી જે સિંચાઇ થાય છે એ સિંચાઇને વધુ વેગ આપી શકીશું. અત્યાર સુધીમાં કુલ ૧૪ પાઈપ લાઈનો આપણે નાખવાનું જે આયોજન કર્યુ છે એમાં ૮ પાઈપ લાઈનો આપણે પૂર્ણ કરી છે, જેમાં ૨ ધરોઈ જળાશયો, ૧ હાથમતી-ગુહાઈ જળાશય, સરસ્વતી અને ચાર સ્પ્રેડીંગ કેનાલ પૂર્ણ કરી છે. આમ કુલ ૮ પાઈપ લાઈનો આપણે પૂર્ણ કરી છે અને ૩ પાઈપ લાઈનો હાલ જે હાથ પર છે એમાં દાંતીવાડા, મેશ્વો અને ધરોઈ સુધી ત્રણ પાઈપ આયોજનમાં છે અને એ પછીના ગાળામાં ત્રણ પાઈપ લાઈનોના આગળના તબક્કે કામો હાથ ધરવામાં આવનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ઊંડા કરવાની કામગીરી જે આપણે હાથ ધરેલ છે એના આધારે કુલ ૧૨,૫૮૫ તળાવો ઊંડા કરેલાં છે જેમાં ૧૯૦૦ તળાવો આદિજાતિ વિસ્તારોમાં ઊંડા કરી ત્યાં પાણીનું જળ સંચય કરવાનું કામ કરેલ છે. દરિયા કિનારાના વિસ્તારોની જે ખારાશ આગળ વધતી હોય છે એના કારણે ભૂગર્ભ જળ ખારા બને છે અને પરિણામે એ જમીન બિનઉપયોગી બને છે, ખેતી માટે ઉપજાઉ રહેતી નથી. દક્ષિણ ગુજરાતના ૩૦૦ કિલોમીટરના દરિયાઈ વિસ્તારમાં અને જ્યાં જરૂર છે ત્યાં બંધારા, ટાઈડલ રેગ્યુલેટર, ચેક ડૅમો, સ્પ્રેડીંગ કેનાલો વગેરેના આધારે આપણે ૫૮ બંધારાના કામો પૂર્ણ કર્યા છે અને જ્યાં ધોવાણ થાય છે એવા દક્ષીણ ગુજરાતના ૩૦૦ કિલોમીટરના વિસ્તારમાં કુલ ૮ કામો મંજૂર કર્યા છે જેમાં ૨ કામો પૂર્ણ થયા છે અને ૬ કામો હાથ ઉપર છે. માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ યોજનામાં લોકો પોતાની યોજના છે અને પોતે એમાં જોડાય એ માટે સરકારનો જે અભિગમ છે સહભાગી સિંચાઇ યોજનાનો એના દ્વારા આપણે જે કાંઈ કેનાલોમાં પાણી વહાવીએ છીએ એ કેનાલમાં પાણી વહાવવા માટે લોકો પોતાની સમિતિ બનાવે, પોતે જ નક્કી કરે, કેનાલોની સફાઈ, કેનાલોના મજબૂતી કરણ, કેનાલોના કામો એ પોતે જ કરે અને આમ પી.આઈ.એમ. દ્વારા આપણે ગુજરાતમાં સહભાગી સિંચાઇ યોજના શરૂ કરી છે જેનો ૧ લાખ ૯૫ હજાર હેકટરમાં હાલ આનો લાભ ખેડૂતોને મળે છે અને દિવસે દિવસે આ વિસ્તાર આપણો વધતો જશે. આપણે ત્યાં ઈન્ટર લિન્કીંગ સિસ્ટમ ઉપર જે વિચાર્યુ છે, ભારત ભરમાં જે હજુ શકય બન્યું નથી પણ ગુજરાતમાં આપણે સૌ પ્રથમ નદીઓનું ઈન્ટર લિન્કીંગ શરૂ કર્યુ છે. સૌ પ્રથમ આપણે સરસ્વતી નદીમાં ધરોઈ કેનાલ આધારિત નર્મદા નદીનું પાણી લાવી અને ત્યાં લોકોને એકત્ર કરી અને આ ઈન્ટર લિન્કીંગ શું છે, અને તેના દ્વારા શું શું લાભો થઈ શકે, એ સમજાવ્યું છે. આજે પણ નર્મદા નદીના જે પાણી છે.એ નર્મદા મેઈન કેનાલ દ્વારા જુદી જુદી નદીઓમાં આપણે વહાવીએ છીએ અને વહાવવાના કારણે ત્યાં જે પાણી જાય છે એને કારણે દરિયામાં નદીઓની અંદર આડા ચેકડેમ બાંધી રીચાર્જીંગ કરવામાં આવે છે અને નદીઓના જે મુખ પ્રદેશ છે ત્યાં જે ખારું પાણી અંદર આવતું હોય છે અને એના કારણે સેલીનીટી વધે છે.એ સેલીનીટી ઘટાડવાનું કામ પણ આપણે હાલ હાથ ધરી રહયા છીએ. આમ અનેક પ્રકારે સરકાર એમાં પ્રવૃત્ત છે. કલ્પસર વિભાગ એ પણ આ જ પ્રભાગનો એક ભાગ છે. ગુજરાત રાજયનું ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર નર્મદા નદીથી આધારિત જે મેઈન કેનાલ છે એનું પાણી જયારે મળશે એમાંથી બચી જતો જે ભાગ છે એ ભાગને એટલે કે દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમ સૌરાષ્ટ્રનો જે ભાગ છે એ ભાગને પણ સિંચાઈનો લાભ મળે એટલા માટે આપણે કલ્પસરનું આયોજન કરી રહ્યા છીએ. કલ્પસર યોજનામાં ૧૯૭૫માં યુ.એન.ડી.પી.ના નિષ્ણાત શ્રી એરિક વિલ્સને ૧૯૭૫માં આપણને એક એવો રિપોર્ટ આપેલો કે ખંભાતના અખાતની અંદર જળસ્ત્રોત દ્વારા ઉર્જા થઈ શકે તેમ છે અને ખંભાતનો અખાત તેના માટે એક સારું સ્થાન છે. એ માટે ૧૯૮૯માં નેધરલેન્ડની મેસર્સ આસ્કોનિક કંપની દ્વારા આપણે એનો આવિક્ષણ અહેવાલ મેળવેલો અને ૧૯૯૮માં એનો પૂરો શકયતાદર્શી અહેવાલ તૈયાર કરાવેલ છે જેના આધારે આ યોજના સફળ થઈ શકે તેમ છે અને એને કલ્પસર નામ આપવામાં આવ્યું છે. કલ્પસર પરિયોજનાના આધારે ખંભાત અખાતના પશ્ચિમ કાંઠા અને પૂર્વ કાંઠાને જોડતો બહુહેતુક બંધ બનાવવાનું આયોજન છે. જેને કારણે સમુદ્રની ભરતીને કારણે ખારી થઈ ગયેલી જમીન નવસાધ્ય કરી શકાશે. નવા વિસ્તારમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેડાણ લાયક જમીનમાં સિંચાઈ વ્યવસ્થા થશે. વિશેષમાં વહાણવટાની સુવિધા, મત્સ્યોદ્યોગનો વિકાસ, દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્રના માર્ગમાં અંતરનો ઘટાડો અને એને કારણે સમયમાં બચત અને ફયુઅલમાં પણ બચત થશે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ આયોજનપૂર્વક જે જોગવાઈઓ મુકી છે એને કારણે આવતીકાલનું ગુજરાત, આવતી કાલનો ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ બનશે અને સામાન્ય ખેડૂત જેને આપણે જગતનો તાત કહીએ છીએ છતાં એની જે સ્થિતિ દયનીય અસહ્ય

હોય છે એની સ્થિતિ સુધરે એના માટે તમામ પ્રયત્નો હાથ ધરાયા છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય શ્રી વજુભાઈ વાળા અને સિંચાઈ મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું અને ગુજરાતની અંદર આવા જ કામો થતા રહે એટલા માટે માનનીય વજુભાઈએ જે ૧૪મી વાર પોતાનું બજેટ રેકોર્ડ કર્યું છે એ માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

## વિશેષાધિકાર ભંગનો મુદ્દો

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મને મળેલી સૂચના અનુસાર વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ આ જ ગૃહમાં આપણે જે બિલ્ડીંગમાં બેસીએ છીએ એ બિલ્ડીંગના ચોથા માળે મોક એસેમ્લીનું આયોજન કર્યું છે. જયારે વિધાનસભા ગૃહનું કામકાજ ચાલુ હોય ત્યારે ગૃહમાં ભાગ લેવાની જગ્યાએ સમાંતરે વિધાનસભાનું આયોજન કરવું મને લાગે છે આ ઔચિત્યભંગ પણ છે અને વિશેષાધિકારનો પણ મુદ્દો ઊભો થાય છે એટલે આ બંને વસ્તુઓ આપના અધિકારવાળા પરિસરની અંદર થઈ રહી છે એટલે હું આ બાબતમાં આપનું માર્ગદર્શન અને આપ કોઈ નિર્ણય આપો એને માટે મુદ્દો ઉપસ્થિત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે સમાંતર વિધાનસભા અથવા તો મોક વિધાનસભા આ જ પરિસરની અંદર મળી રહી છે તે અંગે ઔચિત્યભંગ અને વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. આ અગાઉ ગયા વર્ષની અંદર પણ મેં આ જ પ્રકારનો મુદ્દો જયારે ઉપસ્થિત થયો હતો. તા. ૧૪-૯-૨૦૦૫ના રોજ આઠમા સત્રના છેલ્લા દિવસે વિરોધ પક્ષના સભ્યો તરફથી "ઝીરો" અવર્સની ચર્ચાની માગણી કરવામાં આવી હતી. તેનો અધ્યક્ષશ્રીએ અસ્વીકાર કર્યો હતો અને એ અસ્વીકાર કરતા સમાંતર વિધાનસભા બીજે માળે મળી હતી, એને એટલી જ ગંભીરતાથી લીધી હતી. એના બે કારણ છેઃ એક તો આપણે સૌ આ પક્ષના હોઈએ કે પેલા પક્ષના હોઈએ, પણ લોકપ્રતિનિધિ જ છીએ અને આપણે સૌએ લોકશાહીના ગૌરવને જાળવવાનું છે અને લોકશાહીના ગૌરવને જાળવવું હોય તો મારે ફરીથી આદરણીય સોનિયા ગાંધીજીના જે કહેલ શબ્દોને યાદ દેવડાવવા પડે છે. એમણે સંસદીય અને રાજ્ય વિધાન મંડળના શિસ્ત અને ગરિમા ઉપર મળેલ પરિષદમાં ભાગ લેતા એમાં એમણે કહ્યું હતું કે "Democracy is the single most important achievement of independence India. India -a political miracle. We are among the few countries who have translated independence in our country into the freedom for our people. Parliament is the symbol of mircale, Parliament is the ultimate guarantee of continution and the strengthening of our democracy. આ જો વાત કરીએ તો આપણે લોકશાહીને સૌથી વધારે ગૌરવવંતુ ગૌરવ આપણા દેશની આઝાદી પછી આપણે માન્યું છે, સ્વીકાર્યુ છે. બહુ ઓછા દેશ એવા છે કે જેમાં વિશ્વની સૌથી મોટી લોકશાહી એ ભારતની છે. ગુજરાત માટે ગૌરવ એ છે કે દુનિયામાં લોકશાહીની શરૂઆત ગુજરાતથી થઈ હતી. ગુજરાત માટે ગૌરવ એ છે કે સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઈ પટેલ અને સ્વર્ગસ્થ દાદ સાહેબ માવલંકર દેશની સંસદીય લોકશાહીના પિતામહ જેવા હતા. આપણા માટે આદરણીય વ્યકિત હતા, એટલે ગુજરાતના લોકપ્રતિનિધિ માટે આજીવન એક સંકલ્પ રહેશે કે લોકશાહીની સંસ્થાને ક્યાંય ખંડિત જાણ્યે અજાણ્યે પણ ન કરીએ. એની શોભા, આભા, એનું ગૌરવ જાળવીએ અને એ સંસ્થા એ આપણું વિધાનસભા ગૃહ છે. એ વિધાનસભા ગૃહમાં મતમતાંતર હોઈ શકે, ચર્ચા અપાય કે ન અપાય એના માટેનો મત હોઈ શકે. એ મતના કારણે આપણે આપણા મતોને રજૂ કરવાની અંદર જો પાછા પડીશું તો મને ચોક્કસ લાગે છે કે આપણે ક્યાંક ચૂકી રહ્યા છીએ, એટલે ગઈ વખતે મેં જ્યારે આ જ પ્રશ્ન તા. ૧૪-૯-૨૦૦૫ ના રોજ પ્રશ્ન ઉપિસ્થિત થયો ત્યારે એ સમગ્ર પ્રશ્ન મેં વિશેષાધિકાર સમિતિને સોંપ્યો હતો. આ અગાઉ પણ વિધાનસભાના નિર્ણયમાં જ્યારે ટાઉનહોલની અંદર મળી હતી, ત્યારે આ બાબતમાં પણ તત્કાલિક અધ્યક્ષશ્રીએ નિયમ ૨૬૩ અન્વયે વિશેષાધિકાર સમિતિને તપાસ અને અહેવાલ માટે સોંપ્યો હતો. ફરીથી હું એ જ નિયમ નીચે સંસદીય બાબતના મંત્રીશ્રીએ મુદ્દો ઉપસ્થિત કર્યો છે, તેને વિશેષાધિકાર ભંગનો મુદ્દો ગણીને વિશેષાધિકાર સમિતિને સોંપવાનો નિર્ણય કરું છું. એ નિર્ણય માટે વિશેષાધિકાર સમિતિને પણ અનુરોધ કરું છું કે બંને સમાંતર વિધાનસભાઓના મુદાઓ એમની પાસે છે, એ તાત્કાલિક બેઠક બોલાવી તે અંગેનો નિર્ણય કરીને આ ગૃહમાં રજૂ કરે. નેક્સ્ટ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી દોલતરાય ના. દેસાઈ(વલસાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા અને આવકારવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિષયને સ્પર્શતાં પહેલાં મારે બજેટ વિશે પણ થોડું અવલોકન કરવા છે. તે અવલોકનને લીધે છેલ્લા વર્ષોથી આ ધારાસભાનો સન્માનનીય સભ્ય બન્યો છું. બજેટની જે પ્રક્રિયા માનનીય વજુભાઈએ શરૂ કરી તેમાં જે તે વિભાગના મંત્રીશ્રીઓ, જે તે વિભાગના અધિકારીઓ અને મુખ્યમંત્રીશ્રીના સલાહ સૂચનને આધારે બજેટની પ્રક્રિયા શરૂ કરી અને આ પ્રક્રિયા આ રીતે શરૂ કરવાથી મારા જે પ્રશ્ન હતા, મારા

વિસ્તારના જે પ્રશ્ન હતો, સાહેબ આ એક હ્દયદ્રાવક પ્રશ્ન હતા. તે પ્રશ્નને ત્યારબાદ વણી લેવામાં આવ્યા અને એટલે કદાચ જે વિસ્તાની જનતા મને છેલ્લા ચોવીસ વર્ષથી મોકલે છે. આ પ્રશ્નો માટે સાહેબ હું હ્દયદ્રાવક પરિસ્થિતિમાં મારી રજૂઆત પહેલાંના સમયમાં કરતો આવ્યો હતો. મારી આ રજૂઆતને દાદ આપવા માટે જે તે વખતના સિંચાઈ મંત્રીશ્રીએ પ્રત્યક્ષ મુલાકાત પણ લીધેલી. છતાં પણ પરિણામ શૂન્ય આવ્યું. પરિણામ સાહેબ કયારે આવ્યું? મારે આ પરિસ્થિતિમાં કુળ બદલવાની ઉપસ્થિત થઈ. મને એમ થયું કે કુળ બદલ્યા સિવાય કોઈ પરિસ્થિતિ સુધરે તેમ નથી.

**સભાપતિશ્રી ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

સાહેબ, હું કોંગ્રેસનો સભ્ય હતો અને કુળ બદલીને ભારતીય જનતા પક્ષમાં આવ્યો અને આ ભારતીય જનતા પક્ષમાં આવતાની સાથે જ હું પરિણામ મેળવી શકયો છું એટલે હું વિશ્લેષણ કરું છું. . આની રજૂઆત માનનીય ચીમનભાઈ પટેલની સરકારમાં મેં કરી હતી. મને કહેવા દો સાહેબ, તે વખતના વિરોધપક્ષના નેતાશ્રી માનનીય કેશુભાઈ પટેલ અને ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ભાઈશ્રી કાશીરામ રાણાએ મુલાકાત લીધેલી અને એમણે જોયું કે આ દરિયાઈ ધોવાણમાં એક ગામ આખું ગરક થઈ ગયેલું દરિયામાં અને એમની આંખમાં આંસું મેં જોયાં હતાં તે દિવસે અને ત્યારપછી એમણે પણ એક કડક નોંધ તે વખતની સરકારમાં આપી પણ છતાં પરિણામ શૂન્ય આવ્યું. પછી મને કહેવા દો કે ઈશ્વરના જ આશિર્વાદ મળ્યા અમને કે *"નપાવટોની સરકાર" કદાચ શબ્દ નહીં કહેવાય. તે સરકાર સાહેબ હું આ શબ્દો પાછા ખેંચી લઉ છું. પૂરું નથી બોલ્યો. અધ્યક્ષશ્રી હું પૂરું નથી બોલતો.

**સભાપતિશ્રી:** આપ જાણો છો પછી શું કામ બોલો છો.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : પૂરું બોલ્યો નથી. કારણકે હું તે કુળનો સભ્ય હતો એટલે તે મને અટકાવી દે છે. પણ તે સરકાર બદલાઈ ગઈ અને ભારતીય જનતા પક્ષની સરકાર અમારા સદનસીબે આવી અને તે વખતે આજના જે મંત્રીશ્રી માગણી લઈને આવ્યા છે તે સદનસીબે તે મંત્રી ત્યારે જળસંપત્તિ મંત્રી થયા અને ત્યારથી આ જે ધોવાણની પ્રક્રિયા આમાં મારે થોડીક પાછી બીજી વાતો કરવી છે. આમાં માનનીય મંત્રીશ્રીએ એવું જણાવેલ છે કે ૩૦૦ કિલોમીટરનો અમારો વિસ્તાર દરિયાઈ છે. તેમાં ધોવાણનો પ્રશ્ન અતિગંભીર છે પણ વલસાડ, કોસંબા, અમલસાડ, ઉમરગામ, નાનીજાતિ, મોટીજાતિ ગામે, ભરૂચ જિલ્લા અને મઢી ગામે દરિયાઈ ધોવાણ અને પૂર સંરક્ષણના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. સાહેબ પૂર્ણ કરવામાં આવ્યા નથી. શરૂઆત થઈ છે. તમે નીતિનભાઈ અને ઘણી વખત મારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે. તમારી પકડ બહું જબરદસ્ત છે એટલે મને વિશ્વાસ છે. પણ અધિકારીઓ આને બહું કેટલીકવાર સીધી રીતે ગણે છે અને રોજને રોજ શું કરવા લાવો છો એવું કહેનારા બીજા અધિકારીઓ છે. એટલે તમને ખાસ કહેવું પડે છે કે જે રીતે અમે ત્યાં જીવીએ છીએ, સાગરખેડુ લોકો

**સભાપતિશ્રી:** માનનીય દોલતભાઈ આપ અધ્યક્ષશ્રીને સંબોધીને બોલો

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : આ તો અમારે સંબંધો જોવા પડે. મારે એટલું જ કહેવું છે કે તેને હળવાશથી ન લે. આજે પણ પરિસ્થિતિ એટલી વિકટ છે કે છેલ્લી ભરતી ગયા જૂન મહિનામાં આવી, એવી વિકરાળ ભરતી આવી છે કે ત્યાંના જે લોકો ૬૦-૭૦ વર્ષના ડોસાએ એવી ભરતી જોઈ નથી. ૧૭ થી ૨૦ ફૂટ મેં મારી આંખે જોઈ છે. કલેકટર સાહેબે જોઈ છે. દરિયો એટલો બધો આગળ ધસી ગયો છે કે હજારો માણસોની વસ્તીને અસર કરે તેમ છે. મારે આટલું જ કહેવું છે. મારે એટલું જ કહેવું છે આપણે બહુ ચિંતા કરીએ છીએ સાગર ખેડુઓની, (અંતરાય) સાહેબ, એ તો આમ તેમ તો જોવાવાનું. સીધું તો નહીં જોવાય, કારણકે કદાચ ડોકી રહી જાય, મારી ઉંમર થઈ છેને સાહેબ, એટલે ડોકી સંભાળવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એટલું જ છે કે, સરકાર ચિંતા કરે છે સાગર ખેડુ માટે ૧૧૦૦૦ કરોડ રૂપિયાનું પૅકેજ આપવામાં આવ્યું છે એનો મને આનંદ છે અને એ પેકેજમાં ઘણી સુવિધાઓ ઊભી કરવાની છે. માનનીય મંત્રીશ્રી વજુભાઈ સાહેબને મારી નમ્ર વિનંતી છે અને અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને કે આ જે સાગરખેડુનું જે ૧૧૦૦૦ કરોડ રૂપિયાનું પૅકેજ મૂક્યું છે તેમાં કદાચ ધોવાણ ન લીધું હોય તો આ ધોવાણ લઈને મોટી રકમ અમને પાછી આપો. મેં બજૅટ જોયું છે, બજૅટમાં પૂર સંરક્ષણ માટે ૯૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે પણ ૯૮ કરોડ રૂપિયા તો હું એકલો જ ખાઈ જાઉં. ૯૮ કરોડ રૂપિયાની આપે જોગવાઈ કરી છે, તો ૯૮ કરોડમાં તમે, આ જે કહી દીધું કે કામો પૂર્ણ થઈ ગયા, કામો પૂર્ણ નથી થયા, ૪૦ કરોડ રૂપિયા મારા મત વિસ્તારને આપશો તો જ આ લોકો કદાચ આ યાતનામાંથી બચી શકશે. જો એ યાતનામાંથી બચી નહીં શકે તો, આ સાગર ખેડુની સુવિધા કોણ લેવાનું? એ જીવી જ નહી શકવાના, એ જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતા હોય અને એમના જીવનનો આ પ્રાણ પ્રશ્ન હોય ત્યારે એનું જીવન સાચવવું એ બહુ અગત્યનું અંગ છે એટલા માટે માનનીય મારા મુખ્ય મંત્રીશ્રીને, માનનીય નાણાં મંત્રીશ્રીને, અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈને મારી નમ્ર વિનંતી છે કે, એ માટે સંપૂર્ણ પૈસા એ માટે ફાળવો અને આવતા દિવસોમાં, આવતા વર્ષમાં એ કામો પૂર્ણ થાય તે જોવા માટે હું આપ સાહેબને વિનંતી કરું છું. તો જ કાંઠા વિસ્તારના લોકો ચોક્કસ જીવન જીવી શકશે. આજે પણ

* આ શબ્દો માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી પાછા ખેંચવામાં આવ્યા.

એ લોકો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે અને ભાઈશ્રી, નીતિનભાઈને મારી નમ્ર વિનંતી છે કે, આ બજેટ સત્ર પૂરું થાય પછી તમારા અધિકારીઓને લાવજો, કેટલાક અધિકારીઓ તો કેટલાક લોકો, ત્યાંના લોકો મળવા આવ્યા ત્યારે એમ કહે કે તમે તો આવ્યા જ કરવાના, આ વાત બરાબર નથી, એમના દુઃખ ઉપર પાટું મારવાનું બંધ કરો. એટલે તમે તમારી આખી અધિકારીઓની ટીમ લઈને આવજો, હું સરસ માવજત કરીશ કારણ કે વલસાડ જિલ્લો છેને એ માવજત કરવામાં જબરજસ્ત છે, તમને બહુ સરસ રીતે અમે સત્કારીશું પણ વહેલીતકે આ મુલાકાત લો અને મુલાકાત લઈને જે તે કામોનો તાત્કાલિક એસ્ટીમેટ કરાવીને એ કામો એક વર્ષમાં પૂરાં થાય એવી જાતનો પ્રયત્ન કરજો, આપે પ્રયત્ન કર્યો છે, પ્રયત્ન કર્યો છે તો જ હું આજે વાત કરી શકું છું. અને મને હિંમત આવી છે. આપે વીસ કરોડ રૂપિયાના કામો કર્યા છે, હું કયાં ના પાડું છું? પણ જે બાકી છે એના માટે મારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે, એ કામો તાકીદથી લઈને પૂરાં થાય એ જોવાનું છે. તમે પાણી પુરવઠા વિભાગના મંત્રી છો, પાણી પુરવઠાના મંત્રી તરીકે અને સિંચાઈના મંત્રી તરીકે, અને સાહેબ,અમને ઘણાયે કહ્યું છે કે આ સિંચાઈ ખાતું જોવું પડે, એ ઘણા સાથે સંબંધ ધરાવે છે, પાણી પુરવઠા યોજના કાકરાપારનું પાણી તળાવમાં નાખીને જૂથ પાણી પુરવઠા યોજના ચાલે છે, તો સાહેબ, મારી આપને એટલી જ વિનંતી છે, બહુ સારી રીતે ચાલે છે વ્યવસ્થા, પણ મને એમ પ્રશ્ન ઉપસ્થિત થયો. ( સમયસૂચક ઘંટડી ) સાહેબ, મને સમય આપવો પડે, હું તો સિનિયર સભ્ય છું, હું તો પ્રોટેમ સ્પીકર છું, હું મિનિસ્ટર હતો અને આજે પણ સ્પીકર તરીકે બેસું છું. માનનીય ફળદુ સાહેબને મારી વિનંતી છે કે જરાક મારી ઉંમર તો જુઓ, હું તો બોલવાનો જ નહતો, ફળદુ સાહેબ, એક દિવસ તો બોલવું પડે. મારો જે પ્રાણ પ્રશ્ન છે અને એ અહીંયાં વિધાનસભાના પ્લૅટફૉર્મ ઉપર નહીં બોલું તો મને પેલા લોકો અહીં નહી મોકલે. બાકી અમને શું કહે છે સાહેબ ખબર છે? તમને કહી દઉં છેલ્લું, માનનીય નીમાબહેન, અધ્યક્ષ તરીકે આપ બેઠા છો, તમને વિનંતી કરું છું, આજે વલસાડમાં એવું કહેવાય છે કે, ડોસો મરે તો જગા થશે. મારા કન્સ્લટન્સે એમ કહ્યું કે, કાકા રોગથી મરવાના નથી, મેં એમને કહ્યું કે તમે આવું કેમ બોલો છો? તો એ એમ કહે કે આ કોંગ્રેસવાળા એમ કહે છે કે મરે તો જગા થાય નહીંતર જગા નથી થવાની. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની પ્રગતિ છેને, માનનીય વજુભાઈને અભિનંદન ફરી આપવાના છે, કે સાહેબ, તમે એકેએક વિભાગની સાથે પરામર્શ કરીને બજેટ ઘડો છો, પણ અમે લોકો સાથે ચર્ચા કરીને બધા કામો લઈએ છીએ એટલે મને અહીં મોકલે છે. અને હું જીવું ત્યાં સુધી આવવું હોય તો અહીં આવી શકું તેમ છું એનું કારણ અને કોઈને જશ આપવાનો હોય તો ચૌદ વર્ષથી, ચૌદ વર્ષથી, ચૌદ વર્ષથી નહીં પણ એ પંદર વર્ષની બજેટ મૂકે છે એટલે હું પંદર વર્ષથી સળંગ આવું છું. તો એનો મુખ્ય યશ કોઈને આપવાનો હોય તો એમને આપવાનો છે કારણ કે બજેટમાં જે કોઈ કામો કહીએ છીએ એ હું પ્રજા સાથે સતત સંપર્ક કરીને અને પરામર્શ કરીને બધાં કામો લેતો આવું છું. એટલે લોકો એમ કહે છે કે કાકા જોઈએ. હું એક જ વાત કહેવા માગુ છું, હું તમને વધારે નહીં કહું.. મારે એક જ વાત કરવી છે કે શ્રી નરોત્તમભાઈ પણ આ ખાતામાં જળસંપત્તિ મંત્રી હતા અને એમણે બહુ સરસ રીતે મારી એક દાદ સાંભળેલી. મારી એટલે લોકોની, વલસાડ શહેર સુધરાઈનો જે વિસ્તાર છે એ વધારવામાં આવ્યો અને એ વિસ્તાર કાંકરાપારનું જ પાણી પીએ છે તો નવો વિસ્તાર વધ્યો ત્યારે અમારા વિસ્તારના લોકો અને અમારા તરફથી એવી વિનંતી કરવામાં આવી કે આ બંધની ઊંચાઈ વધારવી જોઈએ. મને કહેવા દો કે સિંચાઇ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તાત્કાલિક અસરથી અમારી વિનંતી સ્વીકારી અને ત્રણ મિટર જેટલી ઊંચાઈ વધારવી એવો નિર્ણય કર્યો અને એ માટેની વહિવટી મંજૂરી પણ મળેલી છે પણ કમનસીબી એ છે કે, પાણી પુરવઠા ખાતુ અને નહેર ખાતુ એ બેમાંથી કોણે કરવું એની ખેંચાખેંચીમાં મંજૂર થયેલ બંધનું કામ થતું નથી. સાહેબ, એ બંધ તમે ઊંચો નહીં કરો તો પાણી વગર ટળવળવાનો પ્રશ્ન આવશે. માટે મારી આપના મારફત એમને વિનંતી છે કે, આ ખોરંભે પડેલું કામ છે જેની વહિવટી મંજૂરી પણ મળી ગયેલ છે એ પાણી પુરવઠાના અધિકારીઓ જાણે છે અને નર્મદા અને જળસંપત્તિ વિભાગના સર્વોચ્ચ અધિકારીઓ પણ જાણે છે ત્યારે તાત્કાલિક અસરથી એ કામ થાય એ માટે મારી વિનંતી છે. બીજું પ્ર-શાખાનું મેં કહ્યું એ પ્ર-શાખાનું કામ પણ બાકી છે ત્યારે કરોડો રૂપિયાનું બજેટ ફાળવીએ છીએ તો માનનીય મંત્રીશ્રી વજુભાઈ સાહેબને કહું છું કે એ શક્ય હોય તો કરો. સાગર ખેડુમાંથી પણ ભાઈશ્રી નીતિનભાઈનો હાથ મજબૂત કરો. જરૂર અમારા આ કામ થવાના છે અને એ માટે ઈશ્વર એમને સતબૂદ્ધિ આપે એ ખાતાને અને નાણામંત્રીશ્રી અને જરૂર પડે તો માનનીય મુખ્યમંત્રીએ એમાં ઈન્ટરવીન થઈને પણ મારા વિસ્તારના જે કામો બાકી છે અને મને વર્ષોથી જેમણે અહીં બેસાડ્યો છે તેનું ઋણ અદા કરવા માટે ઈશ્વર સૌને શકિત આપે એવી પ્રભુને પ્રાર્થના કરી વિરમું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી તેમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં દેશની પ્રગતિની કે દેશના વિકાસની વાત હોય તો એની અંદર ન્યાયતંત્રનું ખૂબ જ મોટું મહત્ત્વ છે. માનનીય અધ્યક્ષશ્રી, જે દેશમાં ઝડપી ન્યાય મળે, નિષ્પક્ષ ન્યાય મળે અને શેહ શરમ વગર ન્યાય મળે તો એ દેશની પ્રગતિ ટોચ ઉપર હોય છે. ગુજરાતના ન્યાયતંત્રની વાત કરવા જઈએ તો ગુજરાતના ન્યાયતંત્રની ઉત્તમ વ્યવસ્થા છે અને આ રાજયમાં કાયદા વિભાગની જે માગણી છે એના ઉપર ધ્યાન દોરીએ તો સને ૨૦૦૮-૨૦૦૯માં રૂા.૫૯.૭૫ કરોડની જોગવાઈ હતી તેની સામે આજે આ ચાલુ વર્ષમાં સૂચિત

જોગવાઈ ૨૦૦૯-૨૦૧૦માં રૂા. ૧૫૫.૨૫ કરોડની કરી છે. એટલે કે ૧૨૪ ટકા જેટલો વધારો આ વિભાગે વિભાગના કામ માટે મૂક્યો છે ત્યારે વિભાગને ખરેખર હું આવકારું છું. કારણ કે અદાલતોમાં ઝડપી કેસોનો નિકાલ થાય અને ન્યાયતંત્રને માનવ બળ મળે, એને માટે આધુનિક ટૅક્નૉલૉજીનો લાભ મળે, માળખાકીય સુવિધા મળે અને જ્યારે ૨૦૧૦માં ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થવા આવી રહ્યાં છે ત્યારે અને સુવર્ણજયંતી મહોત્સવ જ્યારે ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે કાયદા વિભાગે ત્યારે આ કાયદા વિભાગે એક ગોલ્ડન ગોલ પણ નક્કી કર્યો છે કે જે વર્ષની અંદર કેસ દાખલ થાય એજ વર્ષની અંદર એ કેસનો નિકાલ થાય, આવો જે ગોલ્ડન ગોલ કાયદા વિભાગે નક્કી કર્યો છે તો આ માગણી એના સમર્થનમાં જે છે એ વાજબી છે, ગુજરાતની અંદર સૌથી પહેલો પ્રયોગ કર્યો છે સાંધ્ય અદાલતો, રાત્રીની અદાલતો. આ અદાલતો શરૂ કરવા માટે હું તો ગુજરાતનું ગૌરવ માનું છું. ગુજરાતની અંદર ૮૭ જેટલી આવી સાંધ્ય અદાલતો આજે કાર્યરત છે અને આ અદાલતોની અંદર જે કેસોનો નિકાલ થયેલો છે એની સંખ્યા છે ૫,૩૪,૧૫૨. આ કોર્ટની અંદર જે ફાયદો થાય છે, સામાન્ય માણસ હોય, શ્રમજીવી હોય, જે દિવસે કામધંધો કરતો હોય એને દિવસના ભાગે એને પોતાની રોજીરોટીમાંથી કોર્ટની અંદર દિવસે જવું ના પડે અને એ બધું કામ પતાવીને રાત્રે કોર્ટમાં હાજર રહી શકે, આવા અરજદારોને આ સાંધ્ય અદાલતોનો ખૂબજ મોટો લાભ મળ્યો છે, હમણાં તાજેતરમાં ખૂબજ અવનવું મૉડલ ઈ-કોર્ટનું રાજયમાં લોકાર્પણ કર્યુ, કાયદા મંત્રી પણ હાજર હતા, દેશના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ, સુપ્રીમ કોર્ટના માનનીય કે.જી. બાલાક્રિશ્નન પણ હાજર હતા, મૉડલ ઈ-કોર્ટનું જ્યારે ઉદ્‌ઘાટન કર્યુ ત્યારે એની અંદર વિશિષ્ટ સુવિધા, કમ્પ્યુટરાઈઝેશન કનેક્ટીવીટી અને વૈજ્ઞાનિક અભિગમ એમાં અપનાવ્યો છે, કારણકે ઝડપી ન્યાય મેળવવો હોય અને એની સાથે પોલીસ કમિશનરની કચેરી, સાબરમતી જેલ, ફોરેન્સીક લૅબૉરેટરી, લાયબ્રેરીને પણ એની સાથે કનેક્ટ કરીને ખૂબજ સરસ મજાનું આ કર્યુ છે અને એના કારણે ફાયદો શું શું થશે? જેલની અંદર કોઈ મોટો આરોપી હોય, ખૂંખાર ત્રાસવાદી હોય, તો એને કોર્ટમાં ના લાવવો પડે અને આ ટૅક્નૉલૉજીની સિસ્ટમથી સાબરમતી જેલમાં બેઠાં બેઠાં પણ આ કોર્ટની અંદર પણ એનો કેસ ચલાવી શકાય, આ પ્રકારની વ્યવસ્થા આપણા દેશમાં પ્રથમ છે, આપણા રાજયમાં, અને બીજા દેશોની વાત કરવા જઈએ તો આ પ્રકારની વ્યવસ્થા સિંગાપુર, ઑસ્ટ્રેલિયા અને યુ.એસ.એ.ની અંદર છે, આના સિવાય પણ જે આજે આધુનિક વ્યવસ્થા કાયદા વિભાગે કરી છે કે હાઈકોર્ટની અંદર તમારા કેસનું સ્ટેટસ જાણવું હોય, કોઈ કેસની મુદત જાણવી હોય તો મોબાઈલની અંદર ૫૬૭૬૭ પર એસ.એમ.એસ. કરીને જે એના કેસનું સ્ટેટસ હોય, મુદત હોય એની પણ જાણકારી માટે એક નવો અધ્યાય રચાયો છે, કાયદા વિભાગની વાત કરીએ તો આપણે સૌ જાણીએ છીએ કે, સમાજની અંદર પારિવારિક બાબતોના ઝઘડા, લગ્નના ઝઘડાઓ અનેક આજે વધી રહ્યા છે નાના મોટા ત્યારે એના માટે ખાસ પ્રકારની ફૅમિલી કોર્ટ આ રાજયની અંદર આ વિભાગે શરૂ કરી છે, જે શહેરની વસતિ ૧૦,૦૦,૦૦૦ કરતાં વધારે હોય ત્યાં આવા પ્રકારની ફેમીલી કોર્ટ કાયદા વિભાગે મંજૂર કરી છે, એના માટે આજે જોઈએ તો ચાર કોર્ટો આજે કાર્યાન્વિત છે અને આગામી બજેટની અંદર છ નવી કોર્ટો કરવા માટેનું પણ આ વિભાગે આયોજન કર્યુ છે એ આવકારદાયક છે. નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટની કલમ-૧૩૮ હેઠળના જે કેસો છે આજે એ કેસોનું દિવસે ને દિવસે ભારણ વધતું જાય છે તો આવા કેસો માટે પણ અમદાવાદ શહેરમાં બે કોર્ટ, સુરતમાં એક કોર્ટ, વડોદરામાં એક અને રાજકોટમાં એક એમ ખાસ વધારાની કોર્ટો આ વિભાગે શરૂ કરી છે, કાયદાનું વિશેષ જ્ઞાન મળે અને આંતરરાષ્ટ્રિય કાયદાઓની જાણકારી મળે અને એ કક્ષાના સ્નાતકો ઊભા થાય એના માટે ગુજરાતમાં સૌપ્રથમ નેશનલ લૉ યુનિવર્સિટી શરૂ કરી છે, એ માટે રાજય સરકારે ૩૮ એકર જેટલી જમીન ફાળવી છે અને એના મકાનના બાંધકામ માટે રૂા.૪૦ કરોડની જે જોગવાઈ કરી છે તે પણ આવકાર્ય છે અને એની પ્રથમ બેચ જ્યારે બહાર પડી છે અને પહેલી બેચના મોટાભાગનાને એનું પ્લેસમેન્ટ પણ મળી ગયેલું છે આજે ગુજરાતમાં લોકઅદાલતોની વાત કરીએ તો રાજયની અંદર લોકઅદાલતોને ખૂબજ સાનુકૂળ, જેને કહેવાય કે ખૂબ સારો આવકાર મળ્યો છે સામસામે પક્ષકારો બેસીને અને સમાધાન કરે એનાથી કોઈ મોટી બાબત નથી, તારીખ ૩૦-૪-૦૯ ની સ્થિતિએ જોઈએ તો ૯૨૫૬૦ લોકઅદાલતો આખા રાજયમાં યોજાઈ અને એમાં ૬૧,૨૭,૮૨૭ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આ વિભાગ માટે મારું એક સૂચન પણ હતું કે વિરમગામમાં જે સિનિયર ડિવિઝનની સિવિલ કોર્ટ છે એ ૨૯ દિવસ માટે મંજૂર કરવામાં આવી છે એના કારણે પરિસ્થિતિ એવી થાય છે કે સ્ટાફને પણ વિરમગામથી અપડાઉન કરવું પડે છે અને વિરમગામમાં જે નવા સિવિલ દાવા દાખલ કરવા હોય તો એને અમદાવાદ જવું પડે છે અને આ જો પુરા સમયની સિવિલ કોર્ટ વિરમગામની અંદર મંજૂર કરવામાં આવે તો રાજય સરકારને કોઈ નાણાકીય બોજ પડતો નથી, તો હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, વિરમગામની જે સિવિલ કોર્ટ છે સિનિયર ડિવિઝનની એને પૂરા સમય માટે મંજૂર કરે અને આ કાયદા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ માનનીય મંત્રીશ્રી સિંચાઈ અને માનનીય કાયદા મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સિંચાઈ વિભાગમાં મારે મારા વિચારો રજૂ કરવા છે. મારો મહુવાનો વિસ્તાર, મહુવા(૫૪) મત-વિસ્તાર છે તે દરિયાકાંઠાનો વિસ્તાર છે. અને કુલ મળીને ૪૦ કિલોમીટરનો દરિયા કાંઠો તેનાથી મારો વિસ્તાર બને છે. અને હું એક ખૂબ જ નસીબદાર ધારાસભ્ય મારી જાતને ગણું છું કે આ ૪૦ કિલોમીટરનો દરિયા કિનારો તે ક્ષાર પ્રવેશથી મુકત રહે અને ક્ષાર નિયંત્રણના બંધારાઓ સંપૂર્ણ રીતે બની જાય એવું આયોજન માનનીય મંત્રીશ્રીએ કર્યુ અને તે લગભગ પૂર્ણતાના આરે છે એટલે હું તેમને અભિનંદન આપું છું. ૪૦ કિલોમીટરના આ દરિયા કિનારામાં ચાર બંધારાઓ છે. કલસાર બંધારો. તે એક નાનો એવો બંધારો છે. જે ૩૫-૪૦ લાખના ખર્ચે આજથી અગિયાર કે બાર વર્ષ પહેલાં બનેલો. ત્યાર બાદ માનનીય અધ્યક્ષશ્રી, નિકોલ બંધારો. જે ૧૯૯૮માં માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ હતા ત્યારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ અને માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ તે બન્નેની ઉપસ્થિતમાં પૂ.મોરારીબાપુ દ્વારા તેનું ખાતમુહૂર્ત થયું હતું અને દોઢ જ વર્ષમાં પૂરો થયો અને આજે તેના ખૂબ જ મીઠાં ફળ જનતા મેળવી રહી છે અને આખો વિસ્તાર હરિયાળો બની ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ સમયમાં સમઢીયાળા નામનો બંધારો જેના વિશે હું અલગ પણ થોડું કહેવા માંગીશ. એ પણ ચારેક કરોડના ખર્ચે બનેલો  દશ લાખ ઘનફૂટની કેપેસિટીનો બંધારો. નિકોલ બંધારો એ ૮૫૫ની કેપેસિટી તેની સામે આ સમઢીયાળાનો બંધારો નાનો છે. કળસાર બંધારો એ ભાવનગર તરફના છેડે છે પેલો રાજુલા તરફના છેડા ઉપર આવેલો બંધારો. અને એકચ્યુલી રાજુલા વિસ્તારમાં આવે છે. મત-વિસ્તારની અંદર બાંધકામ થયેલું છે પણ તેનો પૂરો ફાયદો છે તે મારા મત-વિસ્તારને મળે છે. તો આ સમઢીયાળા બંધારો તે પણ પૂર્ણ થયો છે અને દશ વર્ષથી લોકો તેના સારાં ફળ ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માલણ બંધારો જેનું ખાતમુહૂર્ત પૂ. મોરારીબાપુ અને આપણાં આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની ઉપસ્થિતિમાં ૨૦૦૨માં કરવામાં આવ્યું. છતાં પણ આજ સુધીમાં એક સહેજ કામ તેની અંદર બાકી રહ્યું છે કાંઈક અને કાંઈક વિવાદો છે, રાજકીય કારણો પણ છે. પણ એ કામ પૂરું કરવા માટે માનનીય મંત્રીશ્રીને હું હ્રદયપૂર્વક આ સભાગૃહમાં વિનંતી કરું છું. તેમણે પોતે પોતાની બધી જ શકિતઓ કામે લગાડી છે તેમાં હું ના નથી કહેતો. તેમણે જાતે મુલાકાત લીધી છે. દોઢેક વર્ષ પહેલાં મુલાકાત લીધી ત્યારે જ અધૂરું કામ ચાલુ થયુ હતું. નહીંતર એ કામ સાવ સ્થગિત હતું. પણ એવા અને એવા કારણોથી માત્ર એક ૮૮ મીટર જેટલું કામ એક મીટર ઉંચાઈનું જો થઈ જાય તો ૬૫૦ મિલિયન ક્યુબિક ફુટનું પાણી એ મહુવાના જે બાગ-બગીચાઓ છે, જે નદીના કાંઠે આવેલાં છે, માલણના કાંઠે આવેલાં છે અને આજુબાજુના ગામડાંઓ તે બધાં જ આનાથી હરિયાળા બની શકે તેમ છે. આની સાથે સાથે જ એ વિસ્તારને લગતી નહીં પણ સમગ્ર ભાવનગર જિલ્લાને લગતી એક બાબત છે, સિંચાઈની બાબત છે. ત્યાં એકિઝક્યુટિવ એન્જીનીયરની જે જગ્યાઓ છે જે જગ્યાઓ કુલ મળીને પાંચેક જેટલી છે. તેમાં ક્ષાર નિયંત્રણની જગ્યા પણ આવી જાય. આજે એક પણ જગ્યા ઉપર કોઈ ફૂલ ટાઈમ અધિકારી નથી માત્ર ચાર્જથી આ કાર્ય ચાલી રહ્યું છે તો આટલા મોટાં કામો ચાલી રહ્યાં હોય ત્યારે આ જગ્યાઓ વહેલી તકે ભરવા પણ મારી માનનીય મંત્રીશ્રી નીતિનભાઈને વિનંતી છે. માલણ બંધારાની મેં વિગતે વાત કરી. આની સાથે જે અમારા વિસ્તારનો વિકાસ. ખેડૂતો ન્યાલ થઈ ગયા છે અને એટલા માટે જ માલણ બંધારાની કાગડોળે રાહ જુએ છે કે આ બંધારો પૂરો થઈ જાય તો અમારે એક નવું નસીબ ખૂલી જાય અને એટલા માટે કોઈ વિરોધ વગર તે લોકો તેને પૂરો કરવા ઝંખે છે. પણ એક જ ગામના લોકો એ ગામની પાંચ હજાર કે સાત હજારની વસતિ છે એ ગામના લોકો તેમના રસ્તા માટે થઈને, તેમનો રસ્તો માનનીય અધ્યક્ષશ્રી છે. રસ્તો બનાવી પણ આપ્યો છે માનનીય મંત્રીશ્રી અને સિંચાઈ વિભાગે પણ તે રસ્તો દોઢ કિલોમીટર લાંબો છે અને ટૂંકો રસ્તો તેમનો ડૂબમાં જાય છે. એ ટૂંકો રસ્તો તાત્કાલિક બનાવી દેવાની માગણી છે અને એમાં પણ એકદમ હકારાત્મક અભિગમ માનનીય મંત્રીશ્રીએ લીધો અને ત્રણ કરોડનો રસ્તો મંજૂર કરીને તેના ટેન્ડરની પણ સૂચના આપી, ટેન્ડર નીકળી ગયા છે. માત્ર એક ચોમાસા પૂરતું આજે પણ તે બાંધકામ થઈ શકે એવું છે. **તો આ એક ચોમાસા પૂરતું દોઢ કિલોમીટરની લંબાઈ આ ગામના લોકો સહન કરે, તો આ વખતે પણ ચોકકસ આ જળાશય ભરી શકાય તેવી હજુ પણ શકયતાઓ છે. એટલે આ મુદ્દાનો હું ફરી ફરીને ઉલ્લેખ કરું છું.**

સાથોસાથ અમારા વિસ્તારના ૪૦ કિલોમીટર જોડાયેલા વીસેક ગામડાઓ, કલસારથી માંડીને સમઢિયાળા સુધીના ગામડાઓમાં એક કમનસીબ બાબત પણ રહેલી છે. કવિ કલાપીએ કીધું છે કે "જે પોષતું તે મારતું, એ દીસે ક્રમ કુદરતી." આ ગામડાઓની ખેતીની જમીનની નીચે પથ્થર પડેલા છે. સોનેરી પથ્થર, લાઈમ સ્ટોન, જેમાંથી સીમેન્ટ બને છે. અમારા લોકોને ખેતીવાડી માટે ખૂબ જ પ્રેમ, એટલે આજસુધી કોઈપણ સીમેન્ટ ઉદ્યોગને એમણે આવવા દીધો નથી. એવામાં એક સીમેન્ટ ઉદ્યોગ આવી રહ્યો છે અને આ બધા જ ગામડાઓ એની સામે એક રીતે એને દૂર કરવા માટે મથામણ કરે છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે સિંચાઈથી જે ફાયદો થવાનો છે, આ ગામડાઓને જે સિંચાઈ મળવાની છે માલણ બંધારા દ્વારા સમઢિયાળા અને નીકોલ બંધારા દ્વારા જે સિંચાઈ મળી રહી છે, એ બધી જ સિંચાઈનો કુલ લાભ ગણીએ તો ખેતીવાડી અને પશુપાલનને જબરજસ્ત લાભ આજે પણ ડુંગળીના ૫૦ જેટલા ડિ-હાઈડ્રેશન કરવાના કારખાના મહુવામાં છે. ૨૦ જેટલા જીનીંગના કારખાના છે. આ માલણ બંધારો બંધાઈ જાય એટલે આ કારખાના ડબલ થઈ જવાના છે. અને આમાંના એક એક

કારખાનામાં દોઢસો દોઢસો માણસોને મજૂરી મળે છે. એટલે રોજગારીની જે તકો ખેતઉદ્યોગ અને પશુપાલન દ્વારા ઉભી થવાની છે, તેટલી કદી કોઈ સીમેન્ટ ઉદ્યોગ આપી શકે નહીં.

આની સાથે બીજી દુ:ખની વાત એ પણ જોડાયેલી છે કે સમઢિયાળાનું જળાશય એ પણ આ ઉદ્યોગને આપવામાં આવ્યું છે. આજે ન્યાય તંત્રની પણ માગણીઓ છે, ત્યારે મારે કહેવું જોઈએ કે ૨૦૦૨ના ઓગષ્ટમાં, બીજી ઓગષ્ટે નામદાર હાઈકોર્ટ દ્વારા એક સારો ચુકાદો આપવામાં આવ્યો હતો કે કોઈપણ જળાશય કદી પણ કોઈને આપી ન શકાય અને ત્રણ માસમાં એનું નોટિફિકેશન થવું જોઈએ. આ ૨૦૦૨ ના ઓગષ્ટનો ચુકાદો છે, તેમ છતાં આજે ૨૦૦૭માં નામદાર એડવોકેટ જનરલશ્રીએ એક અભિપ્રાય આપ્યો કે આ સમઢિયાળાનો બંધારો એ રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલો નથી, એના કારણે ઉદ્યોગને આપવામાં વાંધો નહીં. એટલે આ ઉદ્યોગ આવી રહ્યો છે. ત્યારે મારે ખાસ કહેવું છે કે આજસુધી હજુ એ રેવન્યુ રેકર્ડમાં કેમ નોંધાયેલો નથી? માનનીય મંત્રીશ્રીને હું એ પણ વિનંતી કરું છું કે આ બંધારાને તાત્કાલિક રેવન્યુ રેકર્ડમાં નોંધવામાં આવે, જેથી કરીને અમારા વિસ્તારના લોકોને સિંચાઈનું રક્ષણ મળે અને સિંચાઈ દ્વારા એમની ખેતીવાડી કાયમ માટે ટકી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, આજકાલ આપણે વિકાસની વાતો કરીએ છીએ. અને વિકાસ જરૂરી છે, માનનીય અધ્યક્ષશ્રી. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હું બે મિનિટમાં મારી વિકાસની વાતનું હાર્દ કહીને બેસી જઈશ.

**સભાપતિશ્રી:** એક મિનિટમાં પૂરું કરો.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : બે મિનિટમાં પૂરું કરીશ. આપણે વિકાસની વાતો કરીએ છીએ. આપણે વિકાસ કેને કહીએ છીએ? વિકાસ એટલે ખેતી અને ખેતીની જમીનો જતી રહે. લોકો ધંધા, રોજગાર વગરના થઈ જાય. લોકોની વેદનાની વચ્ચે આપણે એનો ખેતીવાડી અને પશુપાલનનો ધંધો છીનવી લઈએ તો એ વિકાસને હું વિકાસ કહેતો નથી. એટલે વિવેકપૂર્વકનો વિકાસ થવો જોઈએ. આ દુનિયાને ભૌતિક સુખ-સુવિધાઓ જોઈએ છે, પણ ભૌતિક સુવિધાની સાથોસાથ માનવતાનો વિકાસ થાય એ આપણી સંસ્કૃતિનું હાર્દ છે. એટલા માટે આપણા ભારતને હું વિકાસશીલ નથી ગણતો, પણ વિકસીત ગણું છું. અને વિકસીત દેશો જે છે, એ ખરેખર વિકસીત નથી. આપણે એની પાછળ જે દોટ મૂકી છે, એ દોટમાંથી આપણે વિવેકપૂર્વક પાછા વળીને આપણી સંસ્કૃતિનું રક્ષણ કરવું જોઈએ. આટલું કહીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઈ મંત્રીશ્રી અને પાણી પુરવઠા મંત્રીશ્રી માગણી નંબરઃ ૬૫,૬૬ અન. ૬૭ લઈને આવ્યા છે એના અનુસંધાનમાં મારી વાત કરવા માગું તે પહેલાં એક નાની સરખી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીને લાંછન લાગે એવું કૃત્ય આજે વિધાનસભામાં થઈ રહ્યું છે. લઠ્ઠાકાંડની આપણને સૌને સંવેદનશીલતા છે, એના માટેની આપણી લાગણી છે કે આ ન બનવું જોઈએ, પરંતુ કોંગ્રેસના એ મિત્રોને હું યાદ અપાવવા માગું છું કે જે નાગરિકો લઠ્ઠો પીતા નથી, દારૂ પીતા નથી, પરંતુ તમારી આ કાર્યવાહીથી જયારે આજે ભીષણ મોંઘવારીમાં પીડાઈ રહ્યા છે એ લોકોનો જયારે જઠરાગ્ની જાગશે ત્યારે એને તમે યાદ કરવાના છો. નવનિર્માણ આંદોલન જેવું આંદોલન થશે. તમે લોકોએ ભાજપના કાર્યાલયની તોડફોડ કરી, પરંતુ તમને લોકો બહાર પણ નીકળવા નહીં દે એવો વખત આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું માગણીઓ ઉપર આવું તો જયારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે શાસન શરૂ કર્યુ ત્યારથી પાણીના પ્રશ્નને ખૂબ જ ગંભીરતાથી હાથમાં લીધો છે. પાણી એ જીવન છે, એને ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી લોકોને સમજાવવનો પણ પ્રયત્ન કર્યો છે, ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત સિવાય કચ્છ, ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા જેવા દરેક જિલ્લામાં પાણીની કાયમી અછત રહે છે. આ ઉપરાંત ૧૬૦૦ કિલોમિટરનો ગુજરાતનો દરિયા કિનારો છે અને દરિયા કિનારા ઉપર દરિયાને કારણે કિનારા ઉપરનાં ગામોમાં ખારાશ વધવા માંડી છે. આ બધું સરકારના ધ્યાનમાં હતું. એટલે ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સરકારનું કાર્ય નહીં, પરંતુ સમગ્ર સમાજનું કાર્ય છે એ રીતે પાણીના પ્રશ્નને જલ આંદોલનના સ્વરૂપમાં સ્વીકાર્યુ અને એના માટે જબરજસ્ત પ્રયત્નો થયા અને ખાસ કરીને જે ગ્રાઉન્ડ લેવલનાં પાણી છે એ પાણી જેટલું વધારે ખેંચાય એ રીતે તો ગુજરાતમાં ભૂમિમાંથી પાણી સંપૂર્ણ ખલાસ થઈ જશે. એટલે મોટેભાગે ગ્રાઉન્ડ લેવલનું પાણી ખેંચવાને બદલે પાઈપલાઈનથી જળાશયોમાંથી પાણી ગામડાં અને શહેરો સુધી પહોંચાડવા માટેના પ્રયત્નો શરૂ થયા અને આજે ગુજરાતમાં કોઈ ગમે તેટલું કહેતા હોય, પરંતુ ગામડાંમાં સુપૂર્ણપણે પાણી મળતું નથી એવું નથી, કોઈક ગામડામાં ઓછુંવત્તું મળતું હશે, પરંતુ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આજે પોતાના શાસનના ગાળામાં આ કામ સિધ્ધ કરી બતાવ્યું છે અને લોકોને પીવાનું શુધ્ધ પાણી મળે છે. આ ઉપરાંત અનેકવિધ કાર્યક્રમો કર્યા, દા.ત. રિચાર્જ કૂવા બનાવ્યા અને ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં, દ ારનું પાણી ઘરમાં અને શહેરનું પાણી શહેરમાં એ નિયમને અનુસરીને નગરપાલિકાઓ હોય, મોટાં સરકારી સંકુલો હોય, એ બધાને સૂચનાઓ આપીને ફરજીયાતપણે વરસાદનું પાણી રિચાર્જ કૂવાઓ મારફતે .ફરી જમીનમાં નાંખવામાં આવે. પરિણામે દરેક જગ્યાએ આ પાણીની તંગી ના રહે એના વિશેષ પ્રયત્નો થયા. આ રીતે મારા વિસ્તારમાં વર્ષોથી લોકોનાં ઘરોમાં પાણીના ટાંકા છે અને વર્ષોથી આ વરસાદનું મીઠું પાણી આ ટાંકાંમાં નાખીને

એનો ઉપયોગ કરવામાં આવે છે. આ પાણીને સૂર્યપ્રકાશ બિલકૂલ જવા દેવામાં ના આવે તો એ જીવજંતુવાળું પણ થતું નથી. તો આ પધ્ધિતનો ઉપયોગ કરીને સરકારે ખૂબ જ સારું કામ કર્યુ છે. આ ઉપરાંત ગુજરાતની નગરપાલિકાઓ હોય, કોરપોરેશનો હોય, ગામડાં હોય એની અંદર કેન્દ્ર સરકારની યોજનાના હિસાબે, ગુજરાત સરકારની યોજના સ્વજલધારા હેઠળ ગુજરાતનાં ગામડાંને પીવાના પાણીની તંગીમાંથી બહાર કાઢયાં છે અને ખાસ કરીને હમણાં શુધ્ધ પીવાના પાણીનો પ્રશ્ન એ ગુજરાત સરકારે પ્રાયોરિટીના રૂપમાં લીધો છે. વાસ્મો જેવી સંસ્થા મારફતે ગુજરાતના ગામોમાં ૯૦:૧૦ ની યોજના હેઠળ ૧૦ ટકા લોકફાળા સાથેની યોજનાથી શુધ્ધ પીવાનું પાણી ગુજરાતની જનતાને ઘણા ગામડામાં મળે છે અને બારડોલી જેવી નગરપાલિકા આર.ઓ. પ્લાન્ટ નાંખીને પ્યોર પીવાનું પાણી લોકોને ઘર ઘર સુધી પહોંચાડે છે એ અભિનંદનને પાત્ર છે. આ રીતે પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે આ સરકારને અભિનંદન આપવા પડે કે આટલું સરસ કામ કર્યુ છે, આ ઉપરાંત સિંચાઈ ક્ષેત્રે નર્મદાની વાત કરો, તો નર્મદા માટે જે પૈસાની ફાળવણી કરી છે તે ચાર રકમમાં પૈસા ફાળવ્યા છે, ખૂબ પૈસા ફાળવ્યા છે, નર્મદાનું કામ ઘણું બાકી છે, મેઈન લાઈન થઈ ગઈ છે. પણ દરેક ગામડાં સુધી ઈન્ટીરીયલ સુધી જે કામ કરવાનું છે તે કામ માટે ગુજરાતનાં સિંચાઈ મંત્રીશ્રી, મુખ્ય મંત્રીશ્રી અને ગુજરાતની સરકાર કટ્ટીબધ્ધ છે. એટલે આ કામ માટે પણ ખૂબ પૈસા ફાળવેલા છે. આ ઉપરાંત દરિયાના કિનારા ઉપરની ખારાશ અટકે તે માટે જેમ મહુવાના ધારાસભ્યશ્રીએ વાત કરી તે પ્રમાણે હું પણ ખંભાતના દરિયા કિનારાનો ધારાસભ્ય છું. મારે ત્યાં પણ ગુજરાતની સરકારે ૪ મોટા આડબંધ બાંધેલા છે. આજે ચાર મોટા આડબંધના કારણે મહી સિંચાઈનો છેવાડાનો મારો વિસ્તાર છે તે છેલ્લા પાણી માટે જયારે તકલીફ પડતી હોય ત્યારે આ આડબંધના પાણીથી લોકો ડાંગર અને બીજું બધું પકવે છે આ પણ અભિનંદનને પાત્ર છે. હમણાં છેલ્લા ચાર મહિના પહેલા ૩ કરોડ ૬૫ લાખના ખર્ચે વડગામ તારાપુર આડબંધ સરકારે મંજૂર કર્યો અને કામ ચાલુ કરી દીધું અત્યારે પુરું થઈ ગયું. મે કાલે સાહેબને વાત કરી કે લોકાર્પણ કરી શકાય તેવું છે. તો આવી કામ કરતી સરકાર હોય આવા સરસ કામ થતા હોય એટલે વિપક્ષના લોકોને એવું લાગે કે અમારે ગમે તેમ કંઈક ખલેલ નાખવી છે. પરંતુ આ ગુજરાતની સરકારનો વિકાસ ગુજરાતના લોકોનો વિકાસ ગુજરાતની સરકારે લોકોનો સાથ લઈને આ વિકાસ કર્યો છે એમાં ઓટ આવે, એવો વિશેષ પ્રયત્ન આજે ગુજરાતના વિરોધપક્ષ તરફથી થઈ રહયો છે. આજના સમાચાર પત્રોમાં પણ ન્યુઝ છે કે લઠ્ઠાકાંડની અંદર પણ કોઈ ષડયંત્ર હોય તેવું લોકોને લાગે છે. લોકોને લાગે છે કે આ એક ષડયંત્ર છે, ગુજરાતની સરકાર અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને બદનામ કરવા માટેનું આ કોઈ પૂર્વ યોજીત કાવતરું છે તેવા સમાચાર છે. આ હું કહેતો નથી, તો જયારે આવી રીતે આ સરકાર સિંચાઈ ક્ષેત્રે આટલી સરસ કામગીરી કરી રહી છે તેને બિરદાવવાના બદલે આજે આખા વર્ષ માટેની બજેટ પરની ચર્ચા અને માગણીઓ અંગેની ચર્ચા ચાલતી હોય ત્યારે આ વિરોધપક્ષની હાજરી વિધાનસભામાં હોવી જોઈએ, તો આ રચનાત્મક અભિગમ ગુજરાતની સરકાર બજાવે છે તેની એમને પ્રતિતિ થાય, તો આજે જે માગણીઓ લઈને આવ્યા છે તે વિષે વધારે વાત ન કરતા ગુજરાતની અંદર પાણી પુરવઠાની જે યોજનાઓ છે દા. ત. મારી કનેવાલ આધારિત યોજના છે એમાં કનેવાલમાંથી બીજી જૂથ યોજનાઓ થયેલી છે. પરંતુ માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવાની છે કે કનેવાલમાં જયારથી આપણે પાણી ભરીએ છીએ ત્યારથી કદાચ એક વાર પણ તેનું સીલ્ટીંગ દૂર થયું નથી એટલે લગભગ ૯ થી ૧૦ ફૂટ, એટલે ૩ મિટર જેટલો કાદવ ભરાઈ ગયો છે. જો ઉનાળાની અંદર સામટા જે.સી.બી. મુકીને તેનાથી આ કાદવ અને કાંપ કાઢી નાખવામાં આવે તો ૨૦૦ રૂપિયે ટ્રેકટર લોકો લેવા તૈયાર છે. જો આ કનેવાલ ઉંડુ થાય તો પાણીની તકલીફ પડે છે તે ન પડે. કારણ કે ખૂબ જૂથ યોજનાઓ છે. અને આખા ખંભાત તાલુકાને પાણી એમાંથી મળે છે. તારાપુર તાલુકને પણ મળવાનું છે. અત્યારે એવું લાગે કે આ પાણી કેવી રીતે મળશે, તો એની ક્ષમતા પ્રમાણે જો પાણી નાખવામાં આવશે તો આ કામ થશે. એના માટે અભિનંદન આપું છું. ખંભાત નગરપાલિકાને પાઈપ લાઈન મારફત દસ કરોડના ખર્ચે મીઠું પાણી મળ્યું છે. અને હમણાં જયારે એકદમ પાણીની તંગી પડી ત્યારે માનનીય મંત્રીશ્રીએ ૪૦૦ કયુસેક પાણી નાખીને પણ કનેવાલ તળાવ ભર્યુ છે. ખંભાતની જનતાને મીઠું પાણી ભર ઉનાળામાં આપ્યું છે તેને અભિનંદન આપું છું. આભાર માનું છું. તો આ રીતે ગુજરાત સરકાર અને સરકારના મંત્રીશ્રીઓ કોઈ પણ પ્રશ્ન હોય પાણીનો પ્રશ્ન હોય તો તાકીદે હાથમાં લે છે અને કામ કરે છે તે માટે અભિનંદન આપું છું. આજ રીતે ગુજરાતમાં ચેક ડેમ બનાવવાની ઝૂંબેશ ફરીથી ચાલુ થાય, અને ગુજરાતને કદાપી પાણીની તકલીફ ન પડે તેવો આપણે જબરજસ્ત કાર્યક્રમ કરવો પડશે. આ ઉપરાંત ગુજરાતને માટે આપણે જે લોકો પાણીનો બગાડ કરે છે તેવા લોકો માટે સખત કાયદો કરવો પડશે. હું તો વિનંતી કરું છું કે ગુજરાતના શહેરોની અંદર પાણી માટેના મીટરો નાખી દો. જેને પરિણામે પાણીનો દુરપયોગ ન થાય, લોકો પીવાના પાણી ખેતરમાં ટોટી નાખીને લેતા હોય છે, અને પાક પકવતા હોય છે. જયારે બીજા લોકોને પાણી ન મળતું હોય તો તેના માટે કડકમાં કડક કાયદો થાય જેથી કરીને ગુજરાતમાં પાણીનું સિંચન વ્યવસ્થિત થાય અને પાણીનો વહીવટ બરાબર થાય. તો ભવિષ્યમાં પાણીનો સારો વહીવટ થશે તો પાણી માટે તલસવું નહીં પડે. આટલું કહી અને આ માગણીઓને હું ટેકો આપું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી નંબર ૬૫,૬૬,૬૭ અને ૬૮ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી છે તેથી આ યોજના ઝડપથી બને એના માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ખૂબ જ પ્રયત્નો કરી રહ્યા છે. આ યોજના પરિપૂર્ણ ન થાય આ યોજનાને લંબાવવાના કારણો હતા કે જે તે સમયની સરકારોએ ગુજરાતની પ્રજા સાથે દ્રોહ કર્યો હતો. ગુજરાતની પ્રજા પાણી વિના ટળવળે, એને પાણી ન મળે, એમને ગુજરાતની પ્રજાના વિકાસની અંદર રસ નહોતો પરંતુ અમારું રાજકારણ ચાલતું રહે, અમારો પોતાનો વિકાસ થાય તેવું ગણિત હતું પરંતુ ગુજરાતના આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૨ની સાલથી સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી નર્મદા યોજના ઝડપથી આગળ વધી રહી છે. કેનાલોનું કામ પણ મોટે ભાગે પૂર્ણ થઈ ગયું છે. બંધનું કામ ૧૨૧ મીટરની ઊંચાઈ સુધી પહોંચાડીને ગુજરાતના ખૂણે ખૂણે, સૌરાષ્ટ્રમાં, નહેરો દ્વારા છેક રાજસ્થાન સુધી પાણી પહોંચાડ્યું છે. એની સાથે પાણી પુરવઠા મંત્રીશ્રીએ પણ ખૂબ કામ કર્યુ છે.

મારા વિસ્તારની વાત કરું તો વડોદરા જિલ્લાની અંદર લગભગ વડોદરા, સંખેડા, નસવાડી, પાદરા, સાવલી તાલુકાની અંદર ૨૦૦૨ની સાલથી પાણી પહોંચાડ્યું છે. નસવાડી તાલુકાની ૬૭૩૨ હેકટરને પાણી આપ્યું છે. ડભોઈ તાલુકાની વાત કરું તો પિયત વિસ્તાર ૩૩૨૯૭ હેકટર, ૨૦૦૯ની સ્થિતિએ જોઈએ તો ૩૧૭૭૫ હેકટરમાં પાણી આપવામાં આવ્યું છે. પાદરા તાલુકાની વાત કરુ તો એનો પિયત વિસ્તાર ૩૩૦૦૫ હેકટર છે. ૨૦૦૮ની સ્થિતિએ ૨૦૩૫૪ હેકટર અને ૨૦૦૯ની સ્થિતિએ જોઈએ તો ૨૪૧૮૮ હેકટર વિસ્તારમાં પાણી આપ્યું છે. એ જ રીતે સંખેડા તાલુકાની વાત કરુ તો અત્યારે ૧૪૪ ગામોની અંદર આખા તાલુકાની અંદર પાણી ફરતું થયું છે. એના લીધે મારા બીજા ૭૦ ગામો બાકી રહી જાય છે એને પણ આ વર્ષમાં પાણી મળવાનું આયોજન છે. બીજા ગામો છે એને સુખી યોજના નીચે આવરી લેવાયા છે. નસવાડીનો પૂર્વનો વિસ્તાર છે, જેતપુર અને નસવાડી તાલુકાને પાણી આપવાનો વિકલ્પ વિચારે તેવી મારી માગણી અને લાગણી છે. આ સરકાર ખૂબ કામ કરી રહી છે ત્યારે ૨૦૦૨ની સાલમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી સંખેડાની મુલાકાતે આવેલા હતા ત્યારે કોસિન્દ્રામાં ખેડૂતો મળવા ગયા હતા, ખેડૂતોની સંખ્યા ઘણી વધારે હતી. ખેડૂતોની માગણી એ હતી કે અમારી હેરણ કેનાલની અંદર નર્મદાની કેનાલમાંથી પાણી નાખવામાં આવે તો ૪૫૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળે જેના લીધે ૧૭ થી ૧૮ ગામોના ખેડૂતોને આનો લાભ મળે તેમ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી પાર્ટીના પ્રોગ્રામમાં હતા, તેમ છતાં તેમણે તાત્કાલિક ખેડૂતોની માગણી સ્વીકારીને એમણે કહ્યું કે ખેડૂતોને મારે મળવું છે. ખેડૂતોએ તેમની માગણી મૂકી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમની માગણી સ્વીકારી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અમારા વિસ્તારમાંથી થઈ ગયા તેમણે એ કામ નહોતું કર્યું. એ આ મુખ્યમંત્રીશ્રીએ કરી બતાવ્યું છે. તેના માટે લાખ લાખ અભિનંદન માનનીય મુખ્યમંત્રીશ્રીને આપું છું.

બીજી વાત કરું, અત્યારે ચોમાસાની સીઝન છે. જ્યારે ઉનાળાની સીઝન હતી ત્યારે પાણીની ખૂબ તકલીફ હતી. ત્યારે ખેડૂતોએ માગણી કરી, બધા માનનીય ધારાસભ્યશ્રીઓને રજૂઆત કરી કે વરસાદ ખેંચાવાથી પાક સુકાય છે. ઉનાળામાં જે મોંઘા ભાવનું કપાસનું બિયારણ કર્યું હતું તે બળી ન જાય તેના માટે આ સરકારના સિંચાઈ મંત્રી માનનીય નીતિનભાઈને અમે વાત કરતા આખા જિલ્લાની અંદર તેમણે પાણી છોડાવીને પાક બચાવ્યો છે. એટલે આ ખેડૂતોને માટે લાગણીવાળી સરકાર છે. ખેડૂતની કામ કરતી સરકાર છે. જ્યારે નર્મદા યોજનાની વાત કરું છું ત્યારે નર્મદા યોજના થકી અમારા વિસ્તારની અંદર પાણી થકી જે લાભો થયા છે તેનાથી ૨૦૦૫ની સાલમાં મારા તાલુકામાં ખાલી ૧૧૨ મંડળી હતી. પહેલા ઘાસચારાની ખૂબ તંગી પડતી હતી. ત્યારે આ સરકારે નર્મદા યોજનાના પાણી થકી ગામડે ગામડે પાણી પહોંચ્યું છે અને મંડળીઓની સંખ્યા સંખેડા તાલુકામાં ૧૪૨ થઈ છે અને ૫૨ ડે અમારા તાલુકાની જે મંડળીઓ છે, વડોદરા જિલ્લાની નસવાડી, સંખેડા, ડભોઈ, પાદરા. આજે વડોદરા જિલ્લા ડેરીમાં મોટા પ્રમાણમાં આ ઘાસચારાથી ઉગાડવાથી ખૂબ ફાયદો થયો છે. લોકોનું જીવનધોરણ પણ ઉંચું આવ્યું છે. ૨૦૦૫ પહેલાં જે ખેડૂતોની જમીનમાં મુશ્કેલી પડતી હતી. એક વીઘે બે કિવન્ટલનો કપાસ પાકતો હતો. ચાલુ સાલે આ પાંચ વર્ષની અંદર પિયત થવાથી ૧૦ કિવન્ટલનો કપાસ પાકે છે. જે મકાઈ ૧૦ કિવન્ટલ પાકતી હતી તેના બદલે વીઘે ૬૦ કિવન્ટલ મકાઈ પાકે છે. આ રીતે આ સરકારે અમારા વિસ્તારની અંદર ખૂબ પ્રગતિ કરી છે અને પાણીના આવવાથી અમારા વડોદરા જિલ્લાની જે કાયાપલટ થઈ છે તેને લઈને માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઈને આવ્યા છે તેને હું આવકારું છું.

**શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ માગણી નં ૬૫, રૂા. ૧૧૫૮ કરોડ, ૩૭ લાખ, ૬૭ હજારની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ ત્રણ દિવસ પહેલાં પોતાના પ્રવચનમાં જે નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવા માટેની આ સભાગૃહમાં વાત કરી હતી. ગુજરાતના સાડા પાંચ કરોડ લોકો અહીં વિધાનસભા સુધી સભ્યને મૂકે છે. તેનું કારણ છે. ત્યાં ગુજરાતનું હિત અને ગુજરાતનો વિકાસ થાય એટલા માટે

મૂકતા હોય છે. અહીં બેઠેલા અને છેલ્લા કેટલાક દિવસોથી આ ગૃહનો વિરોધ કરીને જે ફરી રહ્યા છે એ લોકોને મારે જાણ કરવી છે. કે રાષ્ટ્રીય યોજના બનાવવા માટે તમે કેન્દ્રમાં રજૂઆત કરો. તમે પ્રયત્ન કરો. જો લઠ્ઠાકાંડ માટે તમે આટલું કરતા હો તો આ નર્મદા યોજના ગુજરાતની પ્રાણરૂપી યોજના છે. ગુજરાતના દરેક નાગરિકને આ યોજનાનો લાભ મળવાનો છે. ગુજરાતના દરેક ખેડૂતને આ નર્મદા યોજનાના પાણીનો લાભ મળવાનો છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે આ યોજનાની ઉંચાઈ માટે કેન્દ્રમાં અન્યાય થયો, એ અન્યાય વખતે આ મરદ મુખ્યમંત્રી પોતે ઉપવાસ પર બેઠાં.
પોતે જ ઉપવાસ ઉપર બેસીને આ ગુજરાતના નર્મદાના પ્રશ્ન માટે અન્યાય ન થાય તે માટે માગણી મૂકીને તેને ન્યાય અપાવ્યો છે. આપણા વિરોધપક્ષના નેતાશ્રીની સરકાર છે. એમને વિનંતી કરીએ, તમે પહેલ કરો. રાજયના અન્ય સદસ્યો સહકાર આપશે. એવી મારી વિનંતી છે. પક્ષાપક્ષીથી પર રહીને નર્મદા યોજના પરિપૂર્ણ થાય એના માટે અવિરત પ્રયાસ કરેલ છે અને તેના ફળસ્વરુપે નર્મદા બંધનું ક્રોક્રિટનું કામ પૂરું કરી શક્યા છીએ. ગુજરાતના ગરીબ માનવીઓને વ્યાજના ભારણમાંથી બચાવી શક્યા તે માટે મંત્રીશ્રી નીતિનભાઈને અભિનંદન આપું છું. ૨૨૨૪ કરોડ રૂપિયાના બૉન્ડની રકમ પરત કરી શક્યા છીએ. આના પરિણામે ગુજરાતના ૨૭૧૩ કરોડ રૂપિયાનું ભારણ ગરીબ જનતાના માથે આવતું ઘટ્યું છે. નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર લઈ જવા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નર્મદા અને સિંચાઇ વિભાગે કંટ્રોલ ઓથોરીટી તરફથી મંજૂરી મળ્યા બાદ એક અઠવાડિયાની અંદર જ કામની શરૂઆત કરી છે તે માટે રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી નીકળતી મોરબી શાખાનું કામ આ વર્ષે હાથ ધરવામાં આવશે. બોટાદ, લીમડી અને ધ્રાંગધ્રાના કામ પ્રગતિમાં છે. આશરે એક લાખ હેકટર વિસ્તારમાં આ યોજનાનો લાભ મળવાનો છે. સૌરાષ્ટ્ર શાખા નહેર અને રાજસ્થાનમાં જતી નર્મદાની મુખ્ય નહેરમાંથી નીકળતી ૧૫ શાખાઓ પૈકી ૪ શાખા નહેરનું કામ પૂર્ણ થયું છે. રાજય સરકાર નર્મદાના કામમાં જે રીતે પ્રગતિ કરી રહી છે તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. વધુમાં માર્ચ-૨૦૦૯ સુધીમાં ૪.૬૦ લાખ હેકટર જમીનમાં સિંચાઇ ક્ષમતા ઊભી કરીને ગુજરાતની ૧૪.૫૦ લાખ હેકટર સિંચાઇ ક્ષમતા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારે ઝુંબેશ સ્વરૂપે ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ટપક સિંચાઇ અને ફુવારા પદ્ધતિ દ્વારા સિંચાઇનું વિશાળ પાટે કામ હાથ ધરેલ છે. તે અંતર્ગત ૨૦૦૮-૦૯ સુધીમાં ૯૨.૯૫૫ ખેડૂતોને અને ૧૫૧૧૧૦ હેકટર જમીનને સક્ષમ સિંચાઇનો લાભ મળશે. રાજય સરકારે ખેડૂતોને રૂ.૨૬૨.૧૩ કરોડની સહાય ચૂકવી છે. વર્ષ ૨૦૦૯-૧૦ માં ૭૫૦૦૦ હેકટર જમીન અને ૬૦૦૦૦ ખેડૂતોને સક્ષમ સિંચાઇ પદ્ધતિનો લાભ મળવાનો છે. એના માટે રાજય સરકારે ૧.૧૫૦ કરોડ રૂપિયાની બજૅટમાં જોગવાઈ કરી છે. સરદાર સરોવરના હેડ પાવર હાઉસમાં વિદ્યુત ઉત્પન્ન કરાશે. એના હેડ પાવર હાઉસમાં ૫૦ મેગાવોટના ૫ વિદ્યુત સેટ બેસાડવામાં આવ્યા છે. એનાથી ૨૫૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે અને ગુજરાતને તેનો લાભ મળશે. ગુજરાત માટે આ ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મુખ્ય નહેર ૪૫૮ કી.મી. લાંબી અને પાકી કેનાલ છે. કેવડિયાથી એની શરૂઆત થાય છે. વનશકિત ૪૦૦૦૦ ઘન ફૂટ વિસ્તારમાં છે. નર્મદાની મુખ્ય કેનાલની કુલ ૩૮ શાખાઓ નીકળે છે. એમાંથી ૩૦ શાખા નહેરોનું કામ પૂર્ણ થયેલ છે. ૬ શાખા નહેરોમાં સૌરાષ્ટ્ર શાખા નહેર, ધોલેરા, રાજપુરા, અમરાપુરા, રાધનપુર અને કચ્છ શાખા નહેરોનું કામ પ્રગતિમાં છે. કચ્છ શાખા નહેરનું કામ વર્ષ ૨૦૧૨-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું સ્વપ્ન છે. એ કચ્છ માટે ઐતિહાસિક ઘટના હશે. ઉપરોક્ત રાજય સરકારના સુંદર આયોજન માટે મંત્રીશ્રી નર્મદા મૈયાના કામની જે માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ માગણી લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતની જનતાનો ખૂબ જ મહત્વનો પ્રશ્ન હતો. વરસાદ પડે અને પાણી દરિયામાં વહી જાય, અત્યાર સુધીની સરકારો આવી પણ કોઈ સરકારે પાણીને રોકવાનો કોઈ પ્રયત્ન કર્યો નહીં. માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી ગુજરાત રાજયમાં નાના ચેકડેમો અને નદી ઉપર બંધ બાંધવામાં ખૂબ જ ધ્યાન આપ્યું અને હજારોની સંખ્યામાં ડેમો બન્યા જેને કારણે પાણીના તળ ઉંચા આવ્યા. અને કૃષિની આવક છેલ્લા પાંચ વર્ષમાં અનેકગણી વધી છે ત્યારે ખેડૂત પોતે પોતાને પગભર થયો. હું મારા કચ્છ જિલ્લાની વાત કરું તો ખાલી કચ્છમાં ૧૪ જેટલા બંધારા કરોડો રૂપિયાના ખર્ચે બાંધ્યા જેના કારણે પાણીનો સંગ્રહ પણ વિપુલ પ્રમાણમાં થયો છે અને આના કારણે રણ આગળ વધતું અટકયું છે. સરહદ ઉપર આજે કિસાન ખેતી કરતો થયો છે. પાણી સંગ્રહને કારણે એક વખત પછાત ગણાતું કચ્છ આજે કૃષિ ક્ષેત્રે નંબર-વન થયું છે. આજે કચ્છની કેસર કેરી વિદેશમાં વખણાય છે. કચ્છનો સૂકો મેવો ખારેક જેની આખા વિશ્વમાં માગણી થાય છે. આજે કચ્છમાં કાજુ અને દ્રાક્ષની ખેતી પણ થાય છે. આ દીર્ઘદૃષ્ટિની ખાલી વાતો કરવાથી પેટ ભરાતું નથી. પણ નરેન્દ્રભાઈ મોદી જેવી દીર્ઘદૃષ્ટિને કારણે ગરીબ માનવ પણ રોજીરોટી ભેગો થયો છે. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની વાત કરું તો સરકારશ્રી દ્વારા જળવ્યવસ્થાપન અને જળસંચયમાં લોકોની સક્રિય ભાગીદારી દ્વારા વધુમાં વધુ વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવા તથા જળસંચયની કામગીરી મોટા પાયે હાથ ઉપર લીધેલ છે. જળસંચયના આ કાર્યક્રમ અંતર્ગત રાજય સરકારે સરદાર પટેલ સહભાગી જળસંચય કાર્યક્રમ શરૂ

કર્યા છે અને સને ૨૦૦૦ના વર્ષથી સફળતાપૂર્વક અમલમાં મૂકયા છે. શરૂઆતમાં આ યોજનામાં લોકફાળો ૪૦ ટકા જ્યારે સરકારી લોકફાળો ૬૦ ટકા રાખવામાં આવ્યો હતો. આદિજાતિ વિસ્તારમાં લોકફાળો ૨૦ ટકા અને સરકારી ફાળો ૮૦ ટકા રાખવામાં આવ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬થી સમગ્ર રાજયમાં આ યોજનામાં ૮૦ અને ૨૦ના કિસ્સામાં ૮૦ ટકા સરકારી ફાળો અને ૨૦ ટકા લોકફાળાના ધોરણે કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત મોટા ઔદ્યોગિક ગૃહો અને સેવાભાવી સંસ્થાઓના સક્રિય સહકારથી સરેરાશ રૂા. ૧૫ થી ૩૫ લાખની કિંમતના ૩૪૦ વધુ મોટા ચેકડેમો બાંધવામાં આવ્યા છે. જળસંચયના આવા કામોથી આશરે ૪૫૦ લાખ હેકટર વિસ્તારને પ્રત્યક્ષ સિંચાઇ વિદ્યુત ઉપલબ્ધ કરાઈ શકાઈ છે. નર્મદા યોજનામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ૧૨૧ ફૂટની ઊંચાઈ સુધી પહોંચી છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને, સિંચાઇ મંત્રીશ્રીને લાખલાખ અભિનંદન આપુ છું. ઘણા વર્ષોથી વાતો સાંભળેલ કે નર્મદાના પાણી કચ્છ જિલ્લામાં આવશે. વડીલો વાતો કરતા હતા એ ગુજરી પણ ગયા, કચ્છને નર્મદાને મળશે કે નહીં મળે આવી વાતો અગાઉ થતી હતી. પણ જયારે ભા.જ.પ.ની સરકાર આવી અને બજેટમાં માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળાએ જે રકમ ફાળવી અને કેનાલનું કામ પણ ખૂબ જ ઝડપથી આગળ વધ્યું અને આજે અમને અમારા વડીલોની વાત યાદ આવે છે કે ગુજરાતના હિતની ચિંતા કરનાર, ગુજરાતના રાજા માનનીય નરેન્દ્રભાઈ મોદી આવશે ત્યારે જ ગામડામાં નર્મદામૈયા આવશે. આજે મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતનો નાથ જેણે સંપૂર્ણ જીવન સાડા પાંચ કરોડની જનતા માટે આપેલ છે અને તેના સાનિધ્યમાં નર્મદા મૈયા, પીવાનું પાણી આજે ગામડે ગામડે પહોંચ્યું છે. અમને કહેતા આનંદ થાય છે કે ખેતી માટેનું પાણી પણ ૨૦૧૨-૧૩માં કચ્છને મળતું થઈ જશે ત્યારે મુખ્યમંત્રીશ્રીની કલ્પના કચ્છને સિંગાપુર બનાવવાનું સ્વપ્ન સાકાર થશે. નર્મદા માટે ૨ વર્ષ પહેલા કચ્છના એક લાખ મીલીયન પાણીનો નવો જથ્થો માનનીય મુખ્યમંત્રીશ્રીની જાહેરાતને કચ્છની પ્રજાએ ખૂબ જ આનંદથી વધાવી છે.

**સભાપતિશ્રી** : સભાગૃહનો વિરામનો સમય થયો છે વિરામ બાદ સભાગૃહ બપોરના ૩-૧૫ કલાકે ફરીથી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

# વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(ક્રમશઃ)** માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસંગે મને એક વાત યાદ આવે છે કે, એક ગામડું કે જેમાં સાત સાત દુકાળો પડ્યા ત્યારે ગામના લોકોએ જ્યોતિષ પાસે આની હકીકત પુછાવી ત્યારે જ્યોતિષીએ કહ્યું કે એ કૂવામાં તાજા પરણેલા દીકરા અને વહુને પધરાવો તો દુકાળનો શ્રાપ નાબૂદ થશે. આથી ત્યાં એક બત્રીસ લક્ષણા ક્ષત્રિય પરણેલા દીકરા-વહુને કૂવામાં પધરાવેલા અને આજે પણ આ વણઝારી વાવની વાર્તા આપણે સાંભળીએ છીએ. અમારા કચ્છ જેવા ૮૦૦ કિલોમીટર દૂર સુધી પાણી પહોંચાડનાર આવા મુખ્યમંત્રીશ્રીની વાર્તા પણ એક ઈતિહાસ બની રહેશે. ઉપરોક્ત વાર્તા કર્યા બાદ મારે કહેવું છે કે ગુજરાતને નંબર વન કર્યું, કચ્છ નંબર વન બન્યું અને ગુજરાતના આવા વિકાસના કારણે ગુજરાતની માટીના સપૂત એવા ગુજરાતના મુખ્યમંત્રી દેશના નંબર વન મુખ્યમંત્રીશ્રી બન્યા છે. છેવાડાના ગરીબ માણસોને ૪૦ વર્ષથી વાર્તાઓ સંભળાવીને કોંગ્રેસની સરકારોએ પ્રજાને છેતરી હતી. વિકાસની વાતો કરતી કોંગ્રેસની સરકારમાં વિકાસ થયો ન હતો, માત્ર કોંગ્રેસી લોકોનો વિકાસ થયો હતો. ગરીબ માણસોના પેટને, ગરીબ લોકોના જઠરને સંતોષવાનું કામ કર્યું હોય તો ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. મારે નરેન્દ્રભાઈ માટે કહેવું છે કે, તુમ જુઓ હજારો સાલ ઔર સાલકા દિન હો પચાસ હજાર. આટલું કહી માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આખા ગુજરાતમાં એ સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય કે પછી દક્ષિણ ગુજરાત હોય, પણ પાણી માટેની અનેક સમસ્યાઓ હતી. ઘણીવાર ઘણાને એવો પણ વિચાર આવતો હતો કે દક્ષિણ ગુજરાતમાં ૧૦૦-૧૨૫ ઈંચ વરસાદ પડે છે એટલે લગભગ ત્યાં મુશ્કેલીઓ નહીં હોય. પણ દક્ષિણ ગુજરાતની પણ વાત કરું તો ડાંગ, વલસાડ, નવસારી કે સુરત કે પછી અમારી આદિવાસી જંગલ પટ્ટીમાં આવતો વિસ્તાર હોય, ત્યાં વરસાદ ખૂબ સારો થાય છે. પરંતુ આ ખડકાળ એરિયાના કારણે અને પાણીને રોકવા માટેનું ભૂતકાળમાં કોઈ આયોજન થયું ન હતું એના કારણે કદાચ હોળી આવે એ સિજન સુધીમાં મોટાભાગના લોકોને પીવાના પાણીની પણ મુશ્કેલી પડતી હતી. મારે ગર્વ સાથે કહેવું છે કે ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી અને ખાસ કરીને ૨૦૦૧ પછી તો પાણી પુરવઠા વિભાગ અને આ સિંચાઈ વિભાગે જે રીતે અમારા દક્ષિણ ગુજરાત વિભાગની કાળજી લીધી છે એના માટે મારે સિંચાઈ મંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપવા છે. પીવાના પાણીની જ્યારે આપણે વાતો કરીએ છીએ ત્યારે અમારે ત્યાં ભૌગોલિક પરિસ્થિતિ એ એવી છે કે અમારે ત્યાં ગામ જથ્થામાં રહેતું નથી. અમારે ત્યાં ગામમાં એકદમ છુટાછવાયા પથરાયેલા ફળિયામાં મહોલ્લાઓ હોય છે. અમારે ત્યાં પરિસ્થિતિ એવી હોય છે કે કદાચ સરકાર સારા અભિગમ સાથે પાણી માટેની વ્યવસ્થા ઊભી કરવાની વ્યવસ્થા કરે, તાત્કાલિક પહોંચી વળવું ખૂબ અઘરું બની જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે ૨૦૦૧ થી અને

અત્યાર સુધીમાં જે રીતે આયોજન થયું છે, એની જે વ્યવસ્થા થઈ છે કે જે હેન્ડપંપ આધારિત એટલે કમસેકમ ૪૦ થી ૫૦ લોકો હશે ત્યાં પણ આપણે હેન્ડપંપ કરી દીધા છે. જ્યાં ફળિયું છે એટલે કે વ્યકિતગત યોજના, જે મીની યોજના છે ત્યાં પણ મોટાભાગે એક અગાઉ જે રીતે પ્રદિપભાઈએ કહ્યું કે જે રીતે આપણી સરકાર કદાચ રૂપિયો ખર્ચે અને સવા રૂપિયાનું કામ કરે એ રીતે જે લોકભાગીદારોનો આપણો અભિગમ છે. આજે આપણે માની જવું પડે કે લોકો સામે જોડાય છે એક સમય એવો હતો કે હેન્ડપંપનું એક વાઈસર બદલવું હોય તો ફાં ફાં પડતા હતા અને ૧૫-૨૦ દિવસ સુધી એ લોકો પાણીની મુશ્કેલી ભોગવતા હતા પણ આજે જ્યારે સામે ચાલીને ૧૦ ટકા લોકફાળો આપવા માટે લોકો તૈયાર થાય છે. આ ગુજરાતની સામાન્ય જનતા હોય કે સારી વ્યવસ્થિત રીતે પગભર જનતા હોય એને પણ આપણે અભિનંદન આપવાં જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૧૦ ટકા લોકફાળાની અંદર વ્યકિતગત આધારિત જે યોજના છે એના દ્વારા કમસેકમ ફળિયું હોય, ફળિયામાં પણ જે મહોલ્લો હોય ત્યાં આપણે ખૂબ સારી રીતે પાણી આપી શકયા છીએ અને એના કારણે હેન્ડપંપની જે મુશ્કેલીઓ હતી એ પણ આપણે ધીમે ધીમે દૂર કરી રહ્યા છીએ. પીવાના પાણીની સમસ્યા એટલી જબરજસ્ત હતી કદાચ આપણે કલ્પના પણ નહિ કરી શકીએ કે હોળી પછી કાવડ લઈને લેવા જવું પડે એવી પરિસ્થિતિ હતી. છોકરાં ભણતા હોય તો એને વોટરબેગ લઈને જવું પડે એવી સ્થિતિ હતી. દક્ષિણ ગુજરાતમાં પણ આ સ્થિતિ હતી પણ આજે આપણે સારી રીતે ધીમે ધીમે...

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સિંચાઈ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને સમૃદ્ધ, શક્તિશાળી બનાવવાની આ વિકાસયાત્રામાં અત્યાર સુધીના જે મુખ્ય મંત્રીશ્રીઓ હતા એના કરતાં આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ સાહેબે સૌથી વધારે યોગદાન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરતી એ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની પ્રયોગ ભૂમિ બની છે. આપણે અનેક સોપાનો સર કર્યા છે ત્યારે ગુજરાત આજે દેશનું નંબર વન રાજય છે અને ગુજરાતને ગૌરવ અપાવનારા આપણા ગૃહના નેતા અને રાજયના મુખ્ય મંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ એક કુશળ પ્રશાસક છે અને એમણે દેશને અને રાજયને પણ ગૌરવ અપાવે એવા એક વાર નહીં પણ દેશના સર્વશ્રેષ્ઠ મુખ્ય મંત્રીશ્રી તરીકે લોકોએ ચાર-ચાર વાર અભિનંદન આપ્યા છે, ચૂંટ્યા છે ત્યારે કલ્પના અને સંકલ્પના સાકાર કરવી એ જુદી વસ્તુ છે. આ ગુજરાત રાજયની સંકલ્પના પ્રમાણેની સિદ્ધિઓ અપાવવા બદલ આ રાજયના મુખ્ય મંત્રીશ્રી સંપૂર્ણ સફળ નીવડ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે સંકલ્પના કરી છે એ મુજબનું એક ઉજ્જવળ ગુજરાત, એક ઉન્નત ગુજરાત અને વિશ્વ આખામાં જેનું નામ રહે એવા ગુજરાતની દિશામાં જ્યારે તેઓ આગળ વધી રહ્યા છે ત્યારે રાજયના દીર્ઘ દ્રષ્ટા મુખ્ય મંત્રીશ્રીને આ સમગ્ર ગૃહ વતી અભિનંદન આપતાં એક વાત કહેવાનું મન થાય છે,

`` જબ બાત ચલેગી ઈસ યુગ કી,
જબ બાત ચલેગી ઈસ યુગ કી,
તુમ સે ગૌરવ પાયેગા,
ઈતિહાસ આપકી કદમો મેં,
આ કર શિશ ઝૂકાયેગા ``.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસમાં જળ સંપત્તિ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. રાજયની આર્થિક અને સામાજિક પ્રગતિનો મુખ્ય આધાર જળ સંપત્તિનો અસરકારક સંચય કરવાનો હોય છે. રાજયના વિકાસ માટે વરસાદના એકે એક ટીંપાનો મહત્તમ ઉપયોગ કરવો એ આ રાજયનો મુખ્ય હેતુ છે. આ ઉદેશને ધ્યાને રાખીને જળ સંચય, જળ પ્રબંધ, પુરના પાણીના ઉપયોગ માટે અને દરિયાઇ ક્ષાર અટકાવવા અને નદીઓના આંતર જોડાણ જેવી યોજનાઓને હંમેશે પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. લોક ભાગીદારી અને અન્ય સામાજિક સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓનો સહકાર લઈને રાજયની આર્થિક પ્રગતિમાં મદદરૂપ થાય તેવાં પગલાઓ લેવામાં આવ્યાં છે. જળ સંપત્તિ પ્રભાગ, ખેડૂતોને સક્રિય ભાગીદારી દ્વારા વધુમાં વધુ વિસ્તાર સિંચાઈ હેઠળ આવરી લેવા પ્રયત્નશીલ છે. ગુજરાત રાજયમાં પાણીની ઉપલબ્ધિ, દક્ષિણ ગુજરાતમાં પૂરતો વરસાદ અને પાણીની જરૂરિયાત મુજબ જ્યારે ઉપલબ્ધ હોય છે ત્યારે અન્ય ત્રણ વિસ્તારો, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ખૂબ જ મર્યાદિત અને અનિયમિત વરસાદના કારણે પાણીની કાયમી અછત વર્તાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાના વિસ્તારોમાં ક્ષાર પ્રવેશને લીધે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. જળ સંપત્તિ પ્રભાગ દ્વારા આ સમસ્યાના ઉકેલ માટે આયોજન કરવામાં આવ્યું છે. રાજયના અતિ દુષ્કાળગ્રસ્ત પાણીની મુશ્કેલીવાળા વિસ્તારોને મુશ્કેલીમાંથી કાયમી છૂટકારો અપાવવા માટે રાજય સરકારે મહતવકાંક્ષી સુજલામ સુફલામ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાના મહત્ત્વના ઘટક એવી કડાણા જળાશયની, બનાસકાંઠાની રેલ નદી સુધીની સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલની લંબાઈ કુલ ૩૩૨ કિલોમીટરની છે. સુજલામ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ અંતર્ગત આશરે ૬ કરોડ ઘનમીટર માટી કામ, ૭ રેલવે ક્રોસિંગો સ્ટ્રકચર્સ , ૨૧ મોટી નદી ક્રોસિંગો પરના સ્ટ્રકચર્સ , ૨ રાષ્ટ્રીય ધોરી માર્ગ ક્રોસિંગ સ્ટ્રકચર્સ અને બીજા ૫૦૦થી વધુ સ્ટ્રકચર્સનો સમાવેશ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ચોમાસા દરમિયાન પણ કેનાલમાં વરસાદના પાણીનો સંગ્રહ થવાથી, કેનાલોમાં પાણી વહેવડાવવાના કારણે

વરસાદી વિસ્તારોમાં પાણીના ઉદ્વહન સિંચાઈનો લાભ મળે છે. સંગ્રહીત પાણી ભૂગર્ભ જળ તરીકે જમીનમાં ઉતરે છે. આ યોજનાનો લાભ મળવાનું શરૂ થઈ ગયેલ છે. આ યોજના ઉત્તર ગુજરાતના પાણીની મુશ્કેલીવાળા વિસ્તારોમાં જીવાદોરી સમાન છે. સુજલામ સુફલામ હેઠળ ધરોઈ જમણા કાંઠા અને ધરોઈ ડાબા કાંઠા કેનાલની વિસ્તૃતણની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારના ખેડૂતો માટે ખૂબ ઉપયોગી થશે. આ સરકારે પાણીની સમસ્યાને કાયમી હલ કરવા માટે ભગીરથ પ્રયાસો હાથ ધર્યા છે. રાજય દ્વારા જળ વ્યવસ્થા પણ સાથેસાથે અંતરિયાળ વિસ્તારોમાં, આદિવાસી વિસ્તારોને પણ સિંચાઈની પુરતી સુવિધા મળે તે માટે પ્રયત્ન કર્યા છે. રાજય સરકારે લીધેલાં વિવિધ પગલાંઓને કારણે આ વિસ્તારોમાં પણ વિકાસના દ્વારા ખુલ્યા છે. સુજલામ સુફલામ યોજના હેઠળ કડાણા ડાબા કાંઠા હાઈલેવલ કેનાલ દ્વારા સંતરામપુર-કડાણા અને લુણાવાડા તાલુકાના સિંચાઈથી વંચિત એવા ગામોમાં ૫૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઈની સુવિધાઓ ઉપલબ્ધ થશે. પંચમહાલ જિલ્લામાં શહેરા, ગોધરા તથા લુણાવાડા તાલુકાના અંતરિયાળ ગામોને પણ સિંચાઈથી વંચિત વિસ્તારોને પણ હવે પાણી મળશે. આ ઉપરાંત ઉકાઈ-પુર્ણા હાઈલેવલ કેનાલથી સોનગઢ અને વ્યારા તાલુકાના વિસ્તારને પણ સિંચાઈનો લાભ મળશે. વલસાડ જિલ્લામાં ઉદવહન સિંચાઈ યોજના દ્વારા વલસાડ તાલુકાના ૧૮ ગામોમાં સાત હજાર હેકટરને સિંચાઈ વ્યવસ્થા પૂરી પાડશે. વડોદરા, પંચમહાલ, દાહોદ, સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તારોમાં જળાશય અને નદી આધારિત યોજનાઓને કારણે હાલ ત્યાં સિંચાઈની સુવિધા પ્રાપ્ત થશે. નર્મદા જિલ્લાની કરજણ સિંચાઈ યોજના નહેરોના ઈન્સ્ટોલેશનના કામ પૂરા થવાથી ત્રીસ હજાર હેકટર વિસ્તારમાં સિંચાઈની ઉપલબ્ધતા થશે. આદિજાતિ વિસ્તારોમાં સહભાગી ધોરણે ચેકડેમો બનાવવાની કામગીરીને સરકાર દ્વારા હંમેશા પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈ પૂરી પાડવા માટે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા મોટી, મધ્યમ અને નાની યોજના મારફતે કરાયેલી સિંચાઈ ક્ષમતાનો મહત્તમ લાભ છેવાડાના ખેડૂતો સુધી મળે એ માટેના તમામ પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા)**:માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી નં. ૬૫, ૬૬, ૬૭ અને ૬૮ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. પાણી પુરવઠા પ્રભાગ હેઠળની ૨૦૦૯-૧૦ની જે જોગવાઈ કરી છે તેમાં ૧૫૪૯.૨૫ કરોડની ચાલુ વર્ષે આ વિભાગ દ્વારા જોગવાઈ કરવામાં આવી છે. એક કહેવત છે "મન હોય તો માળવે જવાય" આ કહેવત પ્રમાણે હું એક પશ્ચિમ વિસ્તારમાંથી જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાંથી આવું છું. આ વિસ્તાર ઘણા સમયથી પાણીથી વંચિત છે અને સૌરાષ્ટ્રમાં આમેય પાણીની અછત છે. ચાલુ સાલે ખૂબ પાણીની અછત હતી અને આ વર્ષે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ અમારા જામનગર જિલ્લામાં ખંભાળીયા તાલુકાને જે પાણીની તકલીફ હતી એ એમના વિભાગ દ્વારા ચાલુ સાલે ફેબ્રુઆરી મહિનામાં ખંભાળીયા અને સલાયાને પીવાનું પાણી ૧૭૦ કિલોમીટરની લાંબી પાઈપલાઈન નાખીને અમારા વિસ્તારને પાણી પૂરું પાડયું છે એ બદલ એમના વિભાગને અને મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. આ વિભાગ દ્વારા ૧૬૮૦ કિલોમીટરની બલ્ક પાઈપલાઈન નાખીને ૫૬ વિતરણ વ્યવસ્થા ગૃપની કામગીરી કરીને લગભગ ૩૦૩૩ ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે. સૌરાષ્ટ્રની અંદર ૧૭૬૬ ગામો અને ૨૬ શહેરો આ ૨૪ વિતરણ વ્યવસ્થા ગૃપની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. ત્યારે ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦માં આ વિસ્તારના ૫૦૦ ગામોને પાણી આપવાની જે જોગવાઈ છે એના માટે પણ ૧૮૦કરોડની જોગવાઈ કરેલ છે. જામનગર જિલ્લો એટલે દરિયાકાંઠાનો વિસ્તાર એના પાંચ તાલુકા છે એ સમગ્ર દરિયાકાંઠે આવેલા છે ત્યારે એ વિસ્તારને સાગર ખેડૂત સર્વાંગી વિકાસ યોજના નીચે આવરી લઈને ચાલુ સાલે ૨૨૯કરોડની જોગવાઈ કરી છે.અને આના હિસાબે અમારા જે પાંચ તાલુકા છે. એ વિસ્તારોમાં જે ખારાશ વધી રહ્યા છે, એ રોકવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે, ત્યારે બેડ બંધારા યોજના, નાના આંબલા બંધારા યોજના, ચારબાળા બંધારા યોજના આવી અનેક યોજનાઓ કરી રિવર્સ કેનાલની જોગવાઈ કરી આ વિસ્તારોમાં ખારાશ અટકાવવા માટે વિભાગ દ્વારા જોગવાઈ થયેલ છે. જામનગર જિલ્લામાં જે ૪૫ વર્ષમાં કામો નથી થયાં એ ૫ વર્ષમાં કામ થયાં છે. જામનગર જિલ્લાના ભાણવડ અને જામજોધપુર તાલુકામાં છેલ્લા ૫-૭ વર્ષમાં જે ૫૦ વર્ષમાં ચેકડેમો પહેલાની સરકાર વખતે નહોતા થયા એવા ૫,૦૦૦ ચેકડેમ એક જ વર્ષમાં કરી તળાવો, ખેત તલાવડી ઊંડી બનાવી આ વિભાગ દ્વારા જળસંચયનું મુખ્ય કાર્ય થઈ રહ્યું છે. એનો એક દાખલો આપું ભાણવડ તાલુકામાં એક કુવાની અંદર રિચાર્જ કરવામાં આવે છે, ત્યારે આજુબાજુના ૬ કિ.મી. સુધી પાણી રિચાર્જ થાય છે. આ ચેકડેમથી આ વિસ્તારના પાણીના તળ ઊંચા આવ્યા છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકપ્રસાશનની ઉત્કૃષ્ટ કામગીરી બદલ વડાપ્રધાનશ્રીનો એવોર્ડ આપવામાં આવેલ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ યુનો દ્વારા આંતરરાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવેલ છે. અમારા જામનગર જિલ્લાના વિસ્તારને આમ જોઈએ તો આ વિસ્તારમાં કાયમ પાણીની તંગી રહે છે. આ વિભાગ દ્વારા પીવાના પાણીની જોગવાઈ કરેલી છે. આવતા વર્ષમાં જે સમગ્ર જિલ્લાને ૨૦૧૦ સુધીમાં પાણીથી આવરી લેવામાં આવશે. આજે હું આ વિભાગના મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. આ માગણી લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૯-૧૦ નું ફેરફાર કરેલ બજેટની કાયદા વિભાગની દરખાસ્ત લઈને હું ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. આપણા બંધારણની અંદર દેશના અનેક બંધારણ કરતા જુદી પડતી જોગવાઈ કરેલ છે. આપણા બંધારણની અંદર સ્ટેટને કોઈ સ્પેશ્યલ સ્ટેટસ નથી આપ્યું. આપણું બંધારણે જ્યારે નાગરિક અને સ્ટેટ વચ્ચે કોઈ ડિસ્પ્યુટ થાય, સ્ટેટના કર્મચારી અને સ્ટેટ વચ્ચે ડિસ્પ્યુટ થાય ત્યારે એને પક્ષકારનું સ્ટેટસ આપ્યું છે, એટલા માટે સ્ટેટ પક્ષકાર હોય એ વખતે કાયદો ન્યાય તંત્ર સ્વતંત્ર રહે એ બહુ જરૂરી છે અને એના માટે આપણા બંધારણે બરોબર વ્યવસ્થા કરી છે. રાજય સરકાર હોય કે કેન્દ્ર સરકાર એ ન્યાય તંત્ર ઉપર એની કોઈ સીધી પક્કડ નીતિ વિષયક નિર્ણય બાબતમાં એનો રોલ નથી હોતો. જે કાયદો ઘડાયો હોય તેનો અમલ ન્યાય તંત્ર કરાવતું હોય છે. ન્યાય તંત્રના ખર્ચની જોગવાઈ બજેટની અંદરથી પૂરી પાડવામાં આવતી હોય છે, પરંતુ તેનો સીધો અંકુશ ન્યાય તંત્ર ઉપર નથી હોતો. ન્યાય તંત્રને જોઈતી બધી સગવડો, માળખાકીય સુવિધાઓ હોય કે મેન પાવર વધારવાનો હોય કે બીજી આધુનિક સગવડો હોય એ પૂરી પાડવાની જવાબદારી રાજય સરકારના શીરે છે અને એના માટે છેલ્લા કેટલાક વર્ષોથી આ રાજય સરકારે માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આ વિભાગની અંદર પણ હાઈકોર્ટનો સહયોગ લઈ અનેક સુધારાઓ કરવાના ચાલુ કર્યા છે અને નવા ઈનીશિયેટિવ લીધાં છે, જેથી ન્યાય તંત્રમાં સ્થગિતતા દૂર થાય અને કેસનો ભરાવો ઝડપથી દૂર થયા પછી જે પક્ષકારને ન્યાય જોઈએ છીએ, જે ન્યાયની અદાલતના દરવાજે આવે છે, એને સમયસર ન્યાય મળી શકે. છેલ્લા કેટલાક વર્ષોથી બજેટ ઉપર નજર રાખીશું તો બહુ સ્પષ્ટ થાય છે કે આ રાજય સરકારે ન્યાય તંત્રને પોતાના અગ્રીમ ક્ષેત્રમાં સ્થાન આપ્યું છે. વર્ષ ૨૦૦૨-૦૩ માં પ્લાન બજેટ ૧૨.૫૯ કરોડ રૂપિયા હતું.જે ૨૦૦૮-૦૯માં વધીને ૬૯.૨૫ કરોડ રૂપિયા બજેટ થયું છે. નૉન પ્લાન બજૅટ જે ૧૨૭.૬૧ કરોડ રૂપિયા હતું તે વધીને ૨૦૧.૧૯ કરોડ રૂપિયા થયું છે. જેમ સમાજની અંદર જાગૃકતા વધતી જાય છે, લોકોની અંદર એક પ્રકારની અધિકારની ભાવના જાગૃત થતી જાય છે, લોકશાહીનાં મૂળિયાં જેટલાં ઊંડાં જતા જાય છે તેમ સ્વાભાવિક છે કે લીટીગેશન વધવાના. કેસોનો ભરાવો પણ વધવાનો અને નાગરિક પોતાના અધિકાર માટે ન્યાયાલયના બારણે આવે તે કોઈપણ વેલ્ફેર સ્ટેટ માટે સ્વાગતની વસ્તુ હોવી જોઈએ અને એટલા માટે કેસોનું ભારણ તો આપણે ઓછું કરવું છે પરંતુ ન્યાય પણ સમયસર આપવો છે અને જો એવું કરવું હોય તો વ્યવસ્થાની અંદર વધારો કરવો પડે, વ્યવસ્થાની અંદર સુધારો કરવો પડે, વ્યવસ્થાની અંદર આધુનિકરણ કરવું પડે. એટલા માટે ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં રાજયની અંદર નવા ૮૨ કોર્ટના મકાનો બાંધવામાં આવ્યા છે. જેની અંદર મોટા મોટા સંકુલો બાંધ્યા છે. જેની અંદર એકથી માંડી ચાલીસ સુધીની કોર્ટો બેસી શકે તે પ્રકારના આપણે મકાનો રાજયની અંદર બાંધ્યા છે. તેના માટે ૧૧૨ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં ખર્ચવામાં આવ્યા છે. ૭૭ કરોડ રૂપિયા અધિકારીઓના નિવાસ માટે ખર્ચવામાં આવ્યા છે. કોર્ટોની સંખ્યા વધારવામાં આ રાજયની સરકારે ખૂબ ઈનીસીએટીવ લીધો છે અને તેના માટે ૨૦૦૩ થી ૨૦૦૮ સુધી કુલ જુદા જુદા પ્રકારની ૧૪૧ કોર્ટોનું આ રાજય સરકારે નવી રચના કરી છે. ૨૦૦૯-૧૦ના બજૅટની માગણીઓ લઈને આવ્યો છું તેના માટે પણ સી.બી.આઈ.ના કેસો ઝડપથી ચલાવવા માટે ત્રણ ખાસ અદાલતો, અમદાવાદ શહેર, નડિયાદ, મહેસાણા, ભાવનગર, જામનગર એની અંદર એકટ્રોસીટી માટે પાંચ ખાસ કોર્ટોની સ્થાપના, રાજયમાં જુદા જુદા જિલ્લામાં એ.સી.બીના કેસો વધુ ઝડપથી ચાલે તેના માટે પાંચ કોર્ટોની સ્થાપના, આઠ ફૅમિલી કોર્ટની સ્થાપના, સાબરકાંઠા જિલ્લામાં મોડાસા ખાતે સિનિયર સિવિલ જજની કોર્ટની સ્થાપના, બનાસકાંઠા જિલ્લામાં વડગામ, ધાનેરા, ભાવનગરમાં ઉમરાળા, ખેડામાં મહુધા, મહેસાણામાં સતલાસણા, પંચમહાલમાં જાંબુઘોડા, મોરવાહડપ, ખાનપુર, રાજકોટ જિલ્લામાં પડધરી ખાતે, અમરેલી જિલ્લામાં બાબરા અને ખાંભા, સાબરકાંઠા જિલ્લામાં મેઘરજ ખાતે અને સુરત જિલ્લામાં મહુવા અને ઉચ્છલ ખાતે કુલ ૧૪ નવી સિવિલ જજ જે.એમ.એફ.સી.ની પૂર્ણ સમયની કોર્ટોની સ્થાપના આ રાજય આગામી બજૅટની અંદર તેની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક નવતર પ્રયોગ સમગ્ર દેશના ન્યાયતંત્રની અંદર શરૂ કરવાનો યશ ગુજરાતના માથે જાય છે. માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ દેશના બધા મુખ્યમંત્રીશ્રીઓ, હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીઓ અને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓના સંમેલનની અંદર એક નવો વિચાર મૂક્યો હતો કે આ દેશની અંદર જ્યારે કેસોનો ભરાવો આટલો બધો હોય, ભણતર અને જાગૃકતાના લીધે નવા કેસોની સંખ્યા વધતી હોય તે વખતે એકજીસ્ટીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવ્યું છે તેનો ઉપયોગ થવો જોઈએ અને જો સાંજે થોડોક સમય કોર્ટ વધુ બેસાડવામાં આવે તો આના આ જ મેન પાવરથી આના આ જ ઈન્ફ્રાસ્ટ્રકચરથી તેનો મલ્ટીપરપઝ ઉપયોગ થાય અને કેસોના ભારણમાં ઘટાડો કરવામાં આવે. સમગ્ર દેશની અંદર સૌથી પહેલી સાંધ્ય કોર્ટની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ જે અત્યારના પણ મુખ્યમંત્રી છે અને તત્કાલીન કાયદામંત્રી અશોકભાઈની ઉપસ્થિતિમાં અને દેશના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિના હસ્તે થઈ હતી અને આજે મને કહેતાં ગૌરવ થાય છે કે ૧૦૨ સાંધ્ય કોર્ટોની સ્થાપના રાજય સરકારે કરી છે અને લગભગ ૫.૨૫ લાખ જેટલા કેસોનો નિકાલ આ સાંધ્ય કોર્ટોની અંદર થયો છે. માણસ પોતાની રોજગારી રળી શકે છે, પેટિયું પણ ભરી શકે છે અને સાંજે પોતાના દાવાના નિકાલ માટે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થઈ શકે છે. સમગ્ર દેશની અંદર ગુજરાતે લોક અદાલતોના કન્સેપ્ટને ખૂબ સુંદર રીતે સ્વીકાર્યો છે. દેશની અંદર લોક અદાલતનું મૉડલ કોઈ એક રાજયમાં સંપૂર્ણ રીતે પોતાના બધા આશયો સિદ્ધ કરવામાં સફળ

થયું હોય તેવું એક માત્ર રાજય ગુજરાત છે. ૨૦૦૪ થી ૨૦૦૯ એપ્રિલ સુધીના હું આંકડા આપું તો ૫૬૨૬૮ લોક અદાલતોનું આયોજન થયું અને તેની અંદર ૨૯ લાખ ૯૩ હજાર એટલે કે લગભગ ૩૦ લાખ કેસોનો નિકાલ થયો છે અને મને કહેતાં એ પણ આનંદ થાય છે કે આ જે કેસોનો નિકાલ થયો છે તેની પાછળ થયેલ ખર્ચ ફક્ત ૬૨ પૈસા આવેલ છે. આ જે કેસોનો નિકાલ થયો છે એની પાછળ થયેલો ખર્ચ ફક્ત ૬૨ પૈસા આવે છે જેનાથી આપણને ખબર પડે કે, આ વિવાદ નીપટાવવાની જે પ્રક્રિયા છે એ ગુજરાતમાં કેટલી સફળ થઈ છે. જ્યારે એનડીએની સરકાર કેન્દ્રમાં હતી ત્યારે ફાસ્ટટ્રેક કોર્ટોનો કન્સેપ્ટ લઈને કેન્દ્ર સરકાર આવી હતી. એ વખતના કાનૂન મંત્રીશ્રીએ ફાસ્ટટ્રેક કોર્ટો માટે સમગ્ર દેશની અંદર દરેક રાજય સરકારોને આહ્વાન કર્યુ હતું અને નાણાકીય જોગવાઈઓ, મદદ કરવાની જોગવાઈઓ કેન્દ્રના બજૅટની અંદર કરી હતી. ગુજરાતે પણ ફાસ્ટટ્રેક કોર્ટોની અંદર ખૂબ સુંદર કામ કર્યુ છે ૨૦૦૧-૨૦૦૯ સુધી ૧૬૬ ફાસ્ટટ્રેક કોર્ટોની સ્થાપના કરી છે એના લીધે કમસેકમ આજે ક્રિમિનલ કેસોની અંદર એવી સ્થિતિ આવી છે કે જેમાં સાત વર્ષથી વધુ સજાની જોગવાઈ હોય એ કેસો લગભગ એક દોઢ વર્ષની અંદર ચાલવા પર બોર્ડ ઉપર આવી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભરતીની અંદર પણ અનેક પ્રકારના નવા અભિગમો અને ઝડપ કરી રાજય સરકારે ભરતી માટે ઝડપી નિર્ણયો કર્યા છે અને ૨૦૦૩ થી ૨૦૦૮ સુધી લગભગ ૧૨૦૦થી વધુ જુદા જુદા વર્ગના કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. કુલ ૯૩૮ નોટરીની નિમણૂક- જગ્યાઓ આ રાજયની સ્થાપનાથી અત્યાર સુધી થઈ છે એમાંથી ૪૦૫ની નિમણૂક આ છેલ્લા બે વર્ષની અંદર આ રાજય સરકારે કરી છે. વર્ષોથી લો ઓફિસર્સ રૂલ્સની અંદર સમયની જોડે જોડે જે ફેરફારો કરવાની જરૂર હતી, જે થયા ન હતા છેલ્લા ત્રણ વર્ષથી આ કાર્યવાહી હાથ ઉપર ધરી હતી. કાયદા વિભાગના તજજ્ઞો, કેટલાક કાયદા વિભાગના લો ઑફિસર્સ અને કેટલાક વકીલ મંડળો સાથે ચર્ચા કરી લો ઑફિસર્સ રૂલ્સને પણ ફાઈનલ કરી દેવામાં આવ્યા છે. ૨૦૦૯ની સાલથી આ રૂલ્સ લાગુ કરી દેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ લો યુનિવર્સિટી સમગ્ર દેશની અંદર ગુજરાત માટે આવનારા દિવસોની અંદર હું ચોક્કસ એવું માનું છું કે, જે પંદર વીસ વર્ષ પછી દેશના કાયદાકીય શિક્ષણના ઈતિહાસની અંદર ગુજરાત ગુજરાત લો યુનિવર્સિટી ગુજરાતનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરાવશે એમાં કોઈને પણ શંકા રાખવાનું કારણ નથી. નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના થઈ ગઈ છે, એની પહેલી બેચ પણ બહાર પડી ગઈ છે એમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓને કોઈને કોઈ જગ્યાએ નોકરી મળવાની પણ પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે અને રાજય સરકારે કોબા આગળ લો યુનિવર્સિટી માટે ૩૮ એકર જગ્યા આપી છે અને હું શહેરી વિકાસ વિભાગનો ખાસ આભાર માનું છું કે, કપાતમાંથી પણ લો યુનિવર્સિટીને મુકિત આપી છે અને આ બજૅટની અંદર ૪૦ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ આ લો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ભણતરની સુવિધા અને એમના નિવાસની સુવિધા માટે એની જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોમ્પ્યુટરાઈઝેશનને પણ અમે ખૂબ ઝડપથી હાથ ઉપર લેવા માગીએ છીએ. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિશ્રી અને એમની ન્યાયમુર્તિશ્રીઓની કમિટી આગળ રાજય સરકારે ઇચ્છા વ્યક્ત કરી છે કે ખૂબ ઝડપથી કોમ્પ્યુટરાઈઝેશન થાય અને એની નવી શરૂઆત માટે હમણાં જ માનનીય મુખ્ય મંત્રીશ્રી, મુખ્ય ન્યાયમુર્તિશ્રી, રાજયના મહેસૂલ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લાની બધી જ કોર્ટોનું કોમ્પ્યુટરાઈઝેશન પૂરું કરવામાં આવ્યું છે. આજે પાટણ જિલ્લાની ૧૯-૧૯ કોર્ટો સંપૂર્ણ કોમ્પ્યુટરાઝ થઈ છે અને એના માટેની એક સફળ શરૂઆત પાટણ જિલ્લાથી કરી છે. ચેરિટી કમિશનરની કોમ્પ્યુટાઝેશનનું કામ પણ હાથમાં લેવામાં આવ્યું છે. આ રાજયની અંદર, કદાચ દેશની અંદર સૌથી વધુ નોંધાયેલા ટ્રસ્ટો જે એક બે ત્રણ રાજયોમાં છે એ પૈકીનું આપણું રાજય છે અને એ બધા જ ટ્રસ્ટોને સારી રીતે સેવા આપી શકાય એના માટે પણ અલગ પ્રકારથી કોમ્પ્યુટરાઈઝેશન અને એનું શોફટવેર બનાવવાની કામગીરી કાયદા વિભાગે હાથ ધરી છે. ગુજરાત હાઈકોર્ટના બધા જ વકીલો અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય સરકારી વકીલની કચેરીને પણ કૉમ્પ્યુટરથી જોડવાની કામગીરી પુરી કરવામાં આવી છે અને એમને દેશભરની બધી જ અદાલતોના જજમેન્ટોના શોફટવેર પણ ઓનલાઈન ઉપલબ્ધ થાય એ પ્રકારની વ્યવસ્થા કરી છે. આ બધી વ્યવસ્થા કરવાને લીધે હું એક આંકડો માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું કે, ૨૦૦૨ના વર્ષના અંતમાં આ રાજયની અંદર ૪૨ લાખ કેસ પડતર હતા એ પછી ૨૦૦૨થી અત્યાર સુધી નવા કેસો ૮૧ લાખ બીજા ઉમેરાયા તેમ છતાંય અત્યારે ૩૦-૪ની સ્થિતિએ ફક્ત ૨૨ લાખ કેસો રાજયની જુદી જુદી કોર્ટોની અંદર પેન્ડિંગ છે. એનો અર્થ એ થયો કે, અડધા કરતા પણ વધુ કેસોનો ભરાવો જે હતો એ આપણે ઓછો કરી શક્યા છીએ આમને આમ જે ઝડપ માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ચાલે છે એ પ્રમાણે મને ચોક્કસ શ્રદ્ધા છે કે કોઈ પણ ન્યાય માગવા માટે આવવા વાળી વ્યકિત ન્યાયાલયના આંગણે આવશે એને એક વર્ષની અંદર આપણે ન્યાય આપી શકીએ એવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આપણે સફળ થઈશું. આજની માગણીમાં જુદા જુદા સભ્યશ્રીઓએ જે મારી માગણીને અનુમોદન આપ્યું છે એમનો આભાર માની હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠૅ અને કલ્પસર વિભાના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિભાગ, નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ લઈને આ

સન્માનીય સભાગૃહ સમક્ષ જ્યારે આવ્યો છું ત્યારે અમારી માગણીઓ ઉપર, અમારા બધા વિભાગની કામગીરી ઉપર માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો કર્યા છે એમાં માનનીય ગોવિંદભાઈ પ્રજાપતિ, માનનીય દોલતરાય દેસાઈ, માનનીય કનુભાઈ કલસરિયા, માનનીય શિરિષભાઈ શુકલ, માનનીય અભેસિંહભાઈ, માનનીય રમેશભાઈ, માનનીય ધનજીભાઈ, માનનીય નરેશભાઈ, માનનીય દેવુસિંહભાઈ અને માનનીય મેઘજીભાઈ એમ દસ જેટલા માનનીય સભ્યશ્રીઓએ એમના સૂચનો અને એમના પ્રશ્નો અમારા બજૅટની માગણી વખતે આનુષાંગિક રીતે રજૂ કર્યા છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ અને સંતોષ છે આ વિભાગના મંત્રી તરીકે કે તમામ માનનીય સભ્યશ્રીઓએ જે સૂચનો અને રજૂઆત કરી એ ખૂબ પૉઝિટીવ, પ્રજાને ઉપયોગી અને સરકારના જે નાણાં વપરાય છે એ નાણાં પ્રજાના ઉપયોગ માટે સારી રીતે વપરાય એ માટેના માનનીય સભ્યશ્રીઓએ સૂચનો કર્યા છે એ તમામ સભ્યશ્રીઓના સૂચનો મેં નોંધ્યા છે, એના ઉપર જે કોઈ કાર્યવાહી કરવાની હશે એ ચોક્કસ કરીશ અને પ્રજાની ને આપણી બધાની જે જવાબદારી અને ઇચ્છા છે એ પ્રમાણેના સુંદર પરિણામો અમારા આ વિભાગો તરફથી આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ હું નર્મદા વિભાગ અંગેની અમારી જે માગણી છે એના ઉપર વાત કરવા માગુ છું. આપણે બધા જાણીએ છીએ કે, નર્મદા યોજના એ ગુજરાત માટે અતિ મહત્ત્વની, અતિ ઉપયોગી યોજના છે. અને નર્મદા યોજનાની વાત વર્ષોથી આપણે સાંભળતા આવતા હતા, પરંતુ અહીંયા ઘણા માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, નર્મદા નર્મદા સાંભળી એક આખી પેઢીએ પૃથ્વી ઉપરથી વિદાય લઈ લીધી પણ ભૂતકાળની સરકારોની ઢીલી નીતિના કારણે, અણઆવડતના કારણે અને ગુજરાતની પ્રજા પ્રત્યેની એમની કામ કરવાની જે ગંભીરતા ઓછી હતી એના કારણે અને ખાસ કરીને જે તે વખતની કેંદ્રની સરકારોની સામે •(xxxx) રાજય સરકારની જે શકિતને (xxxx)ન હતી એના કારણે નર્મદા યોજનાનું કામ ખૂબ લંબાઈ ગયું અને જે યોજના આપણે વર્ષો પહેલા પૂરી થવી જોઈતી હતી, જે યોજનાનો લાભ ગુજરાતની પ્રજાને વર્ષો પહેલા મળી જવો જોઈતો હતો એ યોજનાનો લાભ આપણને સમયસર ન મળ્યો એના કારણે આપણે ગુજરાતે ઘણું ગુમાવવું પડ્યું છે. એક તો ખર્ચની રીતે ગુમાવવું પડ્યું અને માનનીય અધ્યક્ષશ્રી, મેં ગયા અઠવાડિયે જ કહ્યું હતું કે, ૨૮,૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુ ખર્ચ અત્યાર સુધી આપણે નર્મદા યોજના માટે કરી ચૂક્યા છીએ અને હજુ પણ લગભગ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની આવશ્યકતા છે ત્યારે લગભગ ૨૦૧૪ની આજુબાજુમાં આખી નર્મદા યોજનાની તમામ કામગીરી આપણે પૂરી કરી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચ વધ્યો એને તો આપણે કદાચ ગુજરાતની પ્રજાની શકિતઓ અને ગુજરાતની પ્રજાની સમર્થનના કારણે આપણે પહોંચી વળી શકીએ પણ, માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૬માં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે આ નર્મદા યોજનાની કલ્પના કરેલી, એનું આયોજન કરેલું અને ૧૯૪૬થી શરૂ કરી છેક આપણે એમ કહીએ કે ૧૯૯૫ સુધી આ યોજના જુદા જુદા કારણોસર લંબાઈ ગઈ.૧૯૪૬ થી ૧૯૯૫ના સમયગાળો કોર્ટ કેસમાં, જુદા જુદા વિવાદોમાં નર્મદાના ગુજરાતના વિરોધીઓના કારણે જે લંબાયો એના કારણે આપણે ધારી પ્રગતિ કરી શક્યા નહોતા અને ટ્રિબ્યુનલોમાં અને સુપ્રીમ કોર્ટમાં જ આ કેસ એટલો બધો ગૂંચવાઈ ગયેલો જેમાંથી ભૂતકાળની કોઈ સરકારો પાર પડી શકી નહોતી, ગુજરાતની પ્રજાનું આપણા સૌનું સદ્નસીબ છે કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, એ સરકાર આવ્યા પછી જે ઝડપથી આપણે નર્મદા વિવાદને કાયદાની આંટીઘૂંટીમાંથી, નર્મદા વિરોધીઓના કારણે પડતા પ્રશ્નોમાંથી અને કેન્દ્ર સરકારની ગુજરાત પ્રત્યેની જે કાયમી અન્યાયભરી નીતિ રીતિ રહી છે એમાંથી છૂટકારો અપાઈ અને આજે આપણે લડતો અનેક આપી, પ્રજાનો સહયોગ મળ્યો, આ સભાગૃહનો સહયોગ મળ્યો અને આ ગુજરાતને આપણે નર્મદા યોજનાની આંટીઘૂંટીઓના કાયદામાંથી બહાર કાઢી અને સર્વોચ્ચ અદાલતે આપણને ૨૦૦૦ની સાલમાં જે ચુકાદો આપ્યો ગુજરાતની તરફેણમાં ત્યાંથી શરૂ કરીને અને ગુજરાતની નર્મદા યોજનાની ઊંચાઈ આજે આપણે ૧૨૧.૯૨ મીટરે પહોંચાડી શક્યા છીએ અને નર્મદાની કેનાલોના આપણે જે કામો કર્યા, નર્મદાનું જે પાવર હાઉસ, હાઈડ્રોપાવર એનું વીજળીનું ઉત્પાદન આપણે જે ચાલુ કર્યુ અને છેક રાજસ્થાન સુધીની ૪૫૮ કિલોમીટર સુધીની મુખ્ય કેનાલ જે આપણે પૂરી કરી અને નર્મદા યોજનામાંથી ખેતીવાડી માટેનું પાણી, સિંચાઇ માટેનું પાણી, પીવા માટેનું પાણી, ઉદ્યોગ માટેનું પાણી અને બીજા રાજયોને મળતી વીજળી આ બધાની જો આપણે આર્થિક રીતે કિંમત ગણીએ તો અબજો અબજો રૂપિયા, નર્મદા યોજના જો વહેલી થઈ હોત તો ગુજરાતની પ્રજાને, ભારત દેશને અને નર્મદા યોજનાના જે સાથી રાજયો છે, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના, એનો લાભ આપણે આપી શક્યા હોત, આપણે ૧૨૧.૯૨ મીટરે આ યોજનાની છલતીનું મુખ્ય બાંધકામ પૂરું કરી શક્યા છીએ, પણ હજી આપણે એનાથી સંતોષ માનવાની જરૂર નથી કારણકે નર્મદાની ઊંચાઈ હજી આપણે ૧૩૮.૬૮ મીટરે જે લઈ જવાની છે એની સામે હજી આપણા માટે ઘણા મોટા પ્રશ્નો ઊભાં થયેલા છે, જે ગુજરાત વિરોધીઓ છે, ગુજરાતની સમૃદ્ધિના, ગુજરાતની પ્રગતિના જે લોકો કાયમી વિરોધીઓ છે, એવા લોકોના જુદા જુદા નાના મોટા પગલાંના કારણે, નાની મોટી કાર્યવાહીઓના કારણે આ યોજનાની ઊંચાઈ વધારવામાં હજી પણ આપણને થોડાંક પ્રશ્નો ઉદ્ભવી રહ્યા છે અને એમાં મને કહેતા દુઃખ થાય છે કે હાલની કેન્દ્ર સરકાર, અગાઉની જ્યારે પાંચ વર્ષ હતી

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના પાના નં૪૭ પર આપેલ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ત્યારે પણ અને અત્યારે પણ ગુજરાતની આ નર્મદા યોજનાને જોઈએ એવો સહકાર આપતી નથી, હું કોઈ ટીકા નથી કરતો માનનીય અધ્યક્ષશ્રી, પણ કેન્દ્ર સરકારે આ યોજનાને જે મહત્ત્વ આપવું જોઈએ આ યોજનાને જે સમર્થન આપવું જોઈએ અને આ યોજના વહેલામાં વહેલીતકે પૂરી થાય અને એના માટે કેન્દ્ર સરકારે પોતે જે ઈનિશિએટીવ પગલાં લેવા જોઈએ, જે પોતે પૉઝિટીવ આયોજન કરવું જોઈએ એ નહિ કરી શકવાના કારણે હજી આપણે ઘણું કામ કરવાનું જે બાકી છે એમાં સમયસર કરી શકતા નથી એનું આપણને દુઃખ છે, માનનીય અધ્યક્ષશ્રી, એકજ આંકડાથી, માહિતીથી હું આ સભાગૃહને અને ગુજરાતની પ્રજાને આ ઊંચાઈ વધારવાની શા માટે જરૂર છે એ હું કહેવા માગું છું આપણે અત્યારે ૧૨૧.૯૨ મીટર સુધી જે પાણી ભરાય છે સમજી લો કે આખો ડૅમ ભરાઈ ગયો, ડેમ ઓવરફ્લો થયો તો પણ અત્યારે આપણને જે પાણી મળે છે વપરાશપાત્ર જે જીવંત જથ્થો કહેવાય, અમારા સિંચાઇ વિભાગની વ્યાખ્યા પ્રમાણે, એ માનનીય અધ્યક્ષશ્રી, એ ૧૫૭ કરોડ ઘનમીટર પાણી આપણને મળે છે, ૧૫૭ કરોડ ઘનમીટર પાણી આપણે ગુજરાતમાં ચારેયબાજુ પહોંચાડીએ છીએ, અહીંયા માનનીય સભ્યશ્રીઓએ કહ્યું એમના પ્રવચનોમાં કે ભારતમાં કોઈ રાજયે ના કર્યુ હોય એ રીતે આપણી નદીઓનું, નદીઓ સાથેનું નર્મદાનું જોડાણ, આ રીવર લીંકીંગનું કામ આપણી સરકારે સફળતાપૂર્વક પૂરું કર્યુ છે. અને ઘણી નદીઓને નર્મદાની સાથે બીજી નદીઓ અને બીજી નદીઓ આપણે જ્યારે ભારે વરસાદ હોય, પુર આવ્યું હોય, નર્મદાનું પાણી દરિયામાં જતું રહેતું હોય, નકામું જતું રહેતું હોય એવા સંજોગોમાં આ રીવર લીંકીંગથી રીવર ગ્રિડ બનાવી અને પાણીને આપણે જુદી જુદી નદીઓમાં પહોંચાડી અને પાણીનો આખા રાજયમાં બને એટલો સદ્ ઉપયોગ કરવા માગીએ છીએ. પણ માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫૭ કરોડ ઘનમીટરનો જે જથ્થો છે હવે હું સભાગૃહના ધ્યાન ઉપર એ મૂકવા માંગુ છું કે આપણી ઇચ્છિત લંબાઈ છે, ઉંચાઈ છે ૧૩૮.૬૮ ઘન મીટરની. તો આપણને કેટલું પાણી ઉપલબ્ધ થવાનું છે? તેનાથી માનનીય અધ્યક્ષશ્રી આપણને ૫૮૦ ઘન મીટર પાણી ઉપલબ્ધ થવાનું છે. અત્યારે જે પાણી છે તે ૧૫૭ કરોડ ઘન મીટર પાણી છે. અને જે મળવાનું છે, જેને માટે આપણે મહેનત કરી રહ્યા છીએ, જેના માટે આપણે અબજો રૂપિયા રાજયના બજેટમાંથી ખર્ચ કરી રહ્યાં છીએ તે જથ્થો ૫૮૦ કરોડ ઘન મીટર છે. એટલે અત્યારે જે પાણી ભરાય છે તેના કરતાં ચાર ગણું વધારે પાણી નર્મદા યોજનામાં ભરાવાની આપણી તૈયારી છે, આપણું બધું આયોજન છે પણ કેટલાક પ્રશ્નોના કારણે આપણે આમાં થોડું આપણે આપણી ઇચ્છા પ્રમાણે કામ કરી શકતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને મારે એ પણ જણાવવું છે કે આ કામ હવે આપણે શું કરવાનું બાકી છે. સ્વભાવિક છે કે આપણે તેની ઉંચાઈ વધારવી હોય તો શું શું કરવું જોઈએ ? તો માનનીય અધ્યક્ષશ્રી, આપણે સિવિલ વર્કનું કામ પૂરું કર્યુ છે. હવે આપણે જે કામ કરવાનું છે તે દરવાજા ચડાવવાનું મુખ્ય કામ કરવાનું છે. આ ૧૩૮ મીટરની હાઈટના જે દરવાજા છે. તેના માટેના જે પીયર ઉભાં કરવાના છે અત્યારે ભારત સરકાર હસ્તકની જે કમિટી છે તેના સમક્ષ આ માગણી મૂકેલી છે કે અમને દરવાજા ઉભાં કરવા માટે જે પિયર ઉભાં કરવા પડે. જેમાં દરવાજા બેસાડવાના છે તેને સાદી ભાષામાં કહું તો પીલ્લર આપણે ઉભાં કરવાના છે. તેના માટેની તમે અમને પરવાનગી આપો તો આ અમે પિયર બનાવવાનું કામ કરી શકીએ અને પિયર આપણી ગુજરાતની આ કમિટી સમક્ષ દલીલ એવી છે અને અન્ય સાથી રાજયો સમક્ષ કે પિયર અમે જે ઉભાં કરીએ તેના કારણે ડૂબાણ વિસ્તાર નર્મદાનો વધતો નથી. અને જ્યારે દરવાજા બેસાડવાની વાત આવે અને જ્યારે અમે દરવાજા બેસાડીએ ત્યારે નર્મદા કન્ટ્રોલીંગ ઓથોરીટી અને સક્ષમ સત્તાઓનો જ્યારે આપણને આદેશ મળે આ દરવાજા બેસાડવા માટેનો ત્યારે દરવાજા આપણે બેસાડીશું. પણ દરવાજા બેસાડવા માટેનું કામ જે પિયર ઉપર કરવાનું છે જો આપણને તેની મંજૂરી મળી જાય તો આપણે સમય બચાવી અને તેનો લાભ લઈ શકીએ અને અત્યારે તો ભારત સરકાર સમક્ષ આપણી આ જે માગણી છે કે તમે અમને પિયર બનાવવાની મંજૂરી આપો તે કેન્દ્ર સરકાર ઝડપથી પોતે રસ લઈ અને આ કામ કરાવે એવું ગુજરાતની પ્રજા અને આપણે ઈચ્છી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત છે તે ગયા અઠવાડિયે આ સન્માનનીય ગૃહે સર્વાનુમતે ઠરાવ આપણે કર્યો છે. ગુજરાત ઉપર ઓરમાયું વર્તન કરી અને કેન્દ્ર સરકારે દેશની ૧૪ રાષ્ટ્રીય યોજનાઓ તરીકે બીજા રાજયોની યોજનાઓને રાષ્ટ્રીય યોજના તરીકે જાહેર કરી છે. અને તે યોજનાઓનો ૯૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર આપશે અને બાકીનો ૧૦ ટકા ખર્ચ જ રાજય સરકારે ભોગવવો પડશે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની યુ.પી.એ. સરકારે ગઈ સરકાર જ્યારે હતી ત્યારે તેમણે આ ઠરાવ કર્યો, તેમણે આનું નોટિફિકેશન બહાર પાડ્યું ત્યારથી જ આપણાં માનનીય મુખ્યમત્રી નરેન્દ્રભાઈએ વડાપ્રધાનશ્રીને રૂબરૂમાં જ્યારે જ્યારે મુલાકાત કરવાની થઈ છે ત્યારે તેમણે આગ્રહપૂર્વક રજૂઆત કરી છે, પત્રો લખીને રજૂઆત કરી છે, કેન્દ્ર સરકાર સાથેના ચર્ચાના પ્લેટફોર્મ હોય તેની ઉપર પણ રજૂઆત કરી છે કે તમે નર્મદાને રાષ્ટ્રીય યોજના તરીકે સ્વીકારો, તેની મંજૂરી આપો અને બીજી યોજનાઓને જે રીતે તમે ૯૦ ટકા ખર્ચ આપો છો એ પ્રમાણે અમને પણ, નર્મદા યોજનાને પણ ૯૦ ટકા ખર્ચ આપો. આપણાં કમનસીબે કેંદ્રની સરકાર અને અહીંયા બેઠેલાં અમારા કોંગ્રેસના સાથી મિત્રો છે.એ આ ગુજરાતની લાગણીને, આ ગુજરાતની પ્રજાની લાગણીને, આ ગુજરાતના વિકાસ અને સમૃદ્ધિની લાગણીને એમના પક્ષની સરકાર સુધી પહોંચાડતા નથી. એમના પક્ષના વડા છે, ત્યાં સુધી પહોંચાડતા નથી. એમના જે વડાપ્રધાન છે, ત્યાં

સુધી પહોંચાડતા નથી. અને ગુજરાતની પ્રજાને નર્મદા યોજના દ્વારા મદદરૂપ થવાનું જે કામ આ સભાગૃહમાં બેઠેલા સભ્યોનું છે, એમાં કોંગ્રેસ પક્ષના સભ્યો પાછા પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીનું ઉત્પાદન આપણે શરૂ કરી દીધું છે અને એને લીધે આપણે જે ૨૦૦૫-૦૬માં વીજળીનું ઉત્પાદન ચાલુ કર્યુ, ત્યારે ૧૯૫૨ મિલિયન યુનિટ એટલે કે ૧૯૫ કરોડ યુનિટ વીજળી આપણે ઉત્પન્ન કરી હતી. એમાં ધીમે ધીમે જેમ જેમ નર્મદાની કામગીરી આગળ વધતી ગઈ અને જે રીતે નવા પાવર પ્લાન્ટ ચાલુ કરતા ગયા, તેને લીધે ૨૦૦૫-૦૬માં ૧૯૫ કરોડ યુનિટ વીજળી આપણે ઉત્પન્ન કરી હતી, તેમાં આજે આગળ વધીને ગયા વર્ષે એટલે કે ૨૦૦૭-૦૮માં ૪૪૨ કરોડ યુનિટ વીજળી આપણે એમાંથી ઉત્પન્ન કરી છે. એની રકમ જો આપણે ગણીએ તો ૫૦૦૦ કરોડ કરતા વધુ રકમની વીજળી હજુ નર્મદા યોજનાનું પૂરેપૂરું બાંધકામ થયું નથી. ફકત છલતી લેવલનું ૧૨૧.૯૨ મીટરનું બાંધકામ કર્યુ હોય અને ૫૦૦૦ કરોડ રૂપિયાની વીજળી નર્મદા યોજનાથી ઉત્પન્ન થતી હોય. અને આનો લાભ મધ્યપ્રદેશને પહેલા નંબરે મળે છે. ૫૭ ટકા વીજળી મધ્યપ્રદેશને મળે છે. ૨૭ ટકા વીજળી મહારાષ્ટ્રને મળે છે. ગુજરાતને ફકત ૧૬ ટકા વીજળી જ મળે છે. ત્યારે અમે એમ જોયું નથી કે ગુજરાતને ૧૬ ટકા જ વીજળી મળે છે, તો પાવર પ્લાન્ટનું કામ શું કામ ઝડપથી કરીએ? આપણે શું કામ પાવર હાઉસો ચલાવીએ? એવી રીતે અમે વિચાર્યુ નથી. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની જે કલ્પના છે કે મારું ગુજરાત એકલું નહીં, મારા સો કરોડ ભારતીય નાગરિકોને નર્મદા યોજનાનો લાભ મળે. આ રીતે ગુજરાતને વીજળીના ૧૬ ટકા જ મળતા હોવા છતાં આપણે વીજળીનું ઉત્પાદન વધાર્યુ છે.

નર્મદાનું કામ હજુ એક તરફ આપણે ડેમ સાઈટની ઉંચાઈ વધારવાની છે અને બીજી બાજુ પાણીને ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાનું આયોજન કર્યુ છે. એના માટે મેઈન કેનાલ, ડિસ્ટ્રીબ્યુટરી શાખાઓ, ખેતરો સુધી પાણી પહોંચાડવા માટેના ઢાળિયાઓ સહિતના કામો મોટા પ્રમાણમાં અત્યારે રાજયમાં ચાલી રહ્યાં છે. એના કારણે અંદાજે સાડાચાર લાખ હેકટર જમીનને આપણે પાણી પહોંચાડયું છે. આ વખતે અમારું આયોજન છે કે વધુ બે લાખ હેકટર જમીનને નર્મદા યોજના મારફતે સિંચાઈ પૂરી પાડીએ. કુલ ૧૮ લાખ હેકટરની આયોજિત સિંચાઈ થવાની છે, એમાંથી સાડાચારથી પાંચ લાખ હેકટરને અત્યારે પહોંચે છે અને બે લાખ અત્યારે વધારીએ. એમ કરીને સાતેક લાખ હેકટરને ફલો ઈરિગેશન અને પંપીંગ ઈરિગેશનથી અને લિફટ ઈરિગેશનથી પાણી પહોંચાડવાનું અમારું આયોજન છે.

પીવાના પાણીના વિષય ઉપર આવીશ, ત્યારે પીવાના પાણીમાં નર્મદાનું શું મહત્વ છે એ હું અલગથી કહેવાનો છું. કારણ કે નર્મદા યોજના એ સિંચાઈ માટેનું પાણી આપે છે, વીજળી ઉત્પાદન માટેનું પાણી પણ આપણને આપે જ છે, પણ પીવાના પાણી માટે નર્મદા યોજનાનું જે મહત્વ છે, એની કલ્પના તો અત્યારે વરસાદ ખેંચાયો છે અને રાજયની જે સ્થિતિ છે. દુષ્કાળની સ્થિતિનું આખા દેશમાં ગ્લોબલ વોર્મિંગ અને અન્ય કારણોસર જે પ્રશ્નો ઉભા થયા છે, એના કારણે જે પરિસ્થિતિ છે, એમાં નર્મદા યોજનાનો પીવાના પાણી માટે કેટલો ઉપયોગ છે એ હું આ માનનીય સભાગૃહને માહિતી આપીશ. અમારું જે લક્ષ્ય છે, એ પ્રમાણે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી નર્મદાનું પાણી પહોંચાડયું છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં નર્મદાનું પાણી ખેતરો સુધી પહોંચાડવામાં આપણે લગભગ કામગીરી પૂર્ણ કરી છે. અને હવે સૌરાષ્ટ્ર-કચ્છ કેનાલ અને મુખ્ય કેનાલ કડીથી કચ્છ સુધી અને બનાસકાંઠામાં જાય છે એના દ્વારા પાણી પહોંચાડવાનું આયોજન કરી રહ્યા છીએ. ગયા વર્ષે આ જ સભાગૃહે સુંદર કાયદો મંજૂર કરી આપ્યો કે અગાઉની સરકારોએ જયારે ૧૮ ટકા અને ૧૯ ટકા વ્યાજ નર્મદા યોજના માટે બોન્ડ બહાર પાડયાં હતાં એનો ખૂબ મોટો વ્યાજનો બોજો ગુજરાતની પ્રજા ઉપર આવતો હતો અને એમાંથી પ્રજાને મુકત કરવા માટે અને સરકારની જવાબદારી ઓછી કરવા અને નર્મદા યોજનાની કામગીરીમાં પડતો આર્થિક બોજો ઓછો કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હિંમતપૂર્વકનું પગલું લઈને અગાઉની સરકારે જે ઉંચા વ્યાજનાં બોન્ડ બહાર પાડયાં હતાં એ પાછાં આપવાનો સર્વાનુમત્તે નિર્ણય કર્યો અને વિરોધપક્ષે પણ આ ઠરાવને જે રીતે સર્વાનુમત્તે પસાર કરવામાં સહકાર આપ્યો. એના કારણે વ્યાજના ભારણમાં આપણે ઘણો મોટો ઘટાડો કરી શકયા છીએ અને હવે એના જે કેટલાક પ્રશ્નો છે એ અત્યારે કાયદાકીય રીતે ચાલે છે અને મને આશા છે કે વ્યાજ પૂરેપૂરું ઘટી જાય એ પ્રકારની કામગીરીમાં મદદ થશે. એટલે અન્ય સભ્યશ્રીઓએ પણ આ નર્મદા યોજનામાં આપસૌએ સહકાર આપ્યો છે એ પ્રમાણે જ સહકાર આપતા રહો અને વધારેમાં વધારે આ કામગીરી ઝડપથી પૂરી થાય એ માટેનાં સૂચનો કે બીજા આપના વિસ્તારના પ્રશ્નો હોય તો ચોકકસ અમારું ધ્યાન દોરજો અને આ નર્મદા યોજનાનું કામ ખૂબ સારી રીતે થાય એ માટે આપણે બધાએ સાથે મળીને ગુજરાતની સરકારનું લક્ષ્ય જે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નકકી કર્યુ છે કે ૨૦૧૦-૧૧ માં જયારે ગુજરાત રાજય એની સુવર્ણ જયંતી ઉજવતું હશે ત્યારે ૨૦૧૧-૧૨ પછી નર્મદા યોજનાનાં તમામ કામો પૂર્ણ થવા ઉપર આવે અને પૂરેપૂરો એનો લાભ ગુજરાતની પ્રજાને મળતો થઈ જાય. આપણે અત્યારસુધીમાં ૨૮ હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યા અને બીજા ૧૦ હજાર કરોડ રૂપિયા ખર્ચવાના છે એ બધા મળીને ૩૮ હજાર કરોડ રૂપિયાનું વળતર ઝડપથી મળતું થઈ જાય એ માટે સહયોગ આપો એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપે આપના નર્મદા યોજના ઉપરના પ્રવચનમાં "ભૂતકાળમાં રાજયની સરકારોનો કેન્દ્ર સરકાર સામે • (xxxx) (xxxx) અભાવ હતો' એ તેમજ 'કેન્દ્ર સરકારનું રાજય માટે (xxxx)વર્તન છે' એ શબ્દો પણ અસંસદીય ગણીને કાઢી નાંખું છું.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું અમારા જળસંપત્તિ વિભાગની અગત્યની કામગીરી છે એ માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. જે રીતે નર્મદા નિગમ દ્વારા આપણે ૧૮ લાખ હેકટર જમીન સિંચિત કરવા માટેનું કામ કરી રહ્યા છીએ એ પ્રમાણે જ સિંચાઈ વિભાગ દ્વારા પણ રાજયમાં વધુને વધુ જમીન સિંચાઈ હેઠળ આવે તે માટેના અમે પ્રયત્નો કરી રહ્યા છીએ. હું આ માનનીય સભાગૃહના ધ્યાન ઉપર એ વાત ફરીથી મૂકવા માગું છું કે ગુજરાતની જે ભૌગોલિક સ્થિતિ છે અને ગુજરાત રાજયનું જે ભૌગોલિક રીતે આબોહવાનું વાતાવરણ છે એના કારણે આપણે ત્યાં વરસાદ અનિયમિત હોય છે. દર ૪ કે ૫ વર્ષે એક એવું સર્કલ આવી જાય છે જેથી દુષ્કાળ પડી જાય છે, પરંતુ ગયા ૭-૮ વર્ષ આપણા બધાનું સદ્‌ભાગ્ય છે કે ગુજરાતમાં કોઈપણ જાતનું દુષ્કાળનું વાતાવરણ નહોતું અને પ્રજાને ખૂબ મોટો લાભ વરસાદ અને વરસાદના વરસેલા પાણી નર્મદા યોજના અને સિંચાઈ વિભાગના ડેમો, ચેકડેમો અને તળાવોમાં, વિયરોમાં વગેરેમાં ભરીને આપણે જે સિંચાઈ આપી શકયા એના કારણે અમારા સાથી કૃષિમંત્રીશ્રી દિલીપભાઈને ખૂબ મોટો ફાયદો થયો છે અને આખી ગુજરાતની પ્રજાને મૂબ મોટો ફાયદો થયો છે. થોડા વર્ષો પહેલાં જે ગુજરાતનું કૃષિ ઉત્પાદન ૯ હજાર કરોડ રૂપિયાની આજુબાજુ હતું એ આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીના અથાગ પ્રયત્નો, સિંચાઈ વિભાગના પ્રયત્નો, લોકજાગૃત્તિ, કૃષિ રથનું આયોજન, પ્રજાકીય સહયોગ, ચેકડેમોનો સહયોગ, તળાવોનો સહયોગ અને ટપક સિંચાઈ યોજના આ બધા દ્વારા સિંચાઈનાં વિવિધ પાસાંનો ઉપયોગ કરીને, પાણીનો સક્ષમ ઉપયોગ કરીને ગયા વર્ષે રાજયનું કૃષિ ઉત્પાદન ૪૮ હજાર કરોડ રૂપિયાએ પહોંચ્યું છે.૯ હજાર કરોડ રૂપિયાથી ૪૮ હજાર કરોડ રૂપિયે પહોંચ્યું, એમાં નર્મદા અને સિંચાઈ વિભાગની કામગીરીનું પણ ખૂબ મોટું યોગદાન છે, હું જે વાત કરતો હતો તે ગુજરાતમાં પાણીની ઉપલબ્ધીની, હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મુકવા માગું છું કે આપણા દેશમાં જે વરસાદ પડે છે અને નદીઓ મારફત જે પાણી ઉપલબધ છે તેની આખા દેશની સરેરાશ જોઈએ તો વ્યકિતદીઠ એટલે કે માથાદીઠ ૨૦ લાખ લીટર પાણી આખા દેશના નાગરિકોને ઉપલબધ થાય છે. પછી તે ખેતીવાડીમાં વપરાય, ઉદ્યોગમાં વપરાય, કે ઘરગથ્થુ ઉપયોગ માટે વપરાય, પણ ૨૦ લાખ લીટર પાણી ભારતની પ્રજાને માથા દીઠ મળેછે. તેના ઉપરથી હવે ગુજરાત ઉપર આવીએ તો દેશની જે માથાદીઠ ઉપલબ્ધી છે તે ૨૦ લાખ લીટર છે તેની સામે ગુજરાતની જે ભૌગોલિક પરિસ્થિતિ છે તેના કારણે સીધી માથાદીઠ ઉપલબ્ધી ઘટી જાય છે. માથાદીઠ ૧૧ લાખ લીટર થઈ જાય છે. પણ દેશના બીજા રાજયોના નાગરિકો કરતાં ગુજરાતના નાગરિકોની માથાદીઠ ઉપલબ્ધી ૯ લાખ લીટર ઘટી જાય છે. પાણી કુદરતી રીતે ઓછું મળે છે, વરસાદથી અથવા નદીઓથી, એમાં પણ જે ૧૧ લાખ લીટર ઉપલબ્ધી છે તેમાં પણ બહુ મોટી અસમાનતા જોવા મળે છે. આપણે ત્યાં દક્ષિણ ગુજરાતના જે નાગરિકો છે તેમને વર્ષે માથાદીઠ ૧૯ લાખ લીટર પાણી મળે છે જયારે કચ્છમાં, ઉત્તર ગુજરાતમાં અને સૌરાટ્રમાં તેની સામે ઘણું ઓછું પાણી મળે છે, એના આંકડા જોઈએ તો સૌરાષ્ટ્રમાં જોઈએ તોં ૭ લાખ લીટર છે, ઉત્તર ગુજરાતમાં જોઈએ તો માથાદીઠ ૮ લાખ લીટર પાણીની ઉપલબ્ધી છે એટલે ગુજરાતમાં પણ બહુ વિસંગતતા છે, દક્ષિણ ગુજરાતના નાગરિકોને ૧૯ લાખ લીટર માથાદીઠ પાણી મળે છે જયારે ઉત્તર ગુજરાતના લોકોને ૮ લાખ લીટર પાણી મળે છે અને સૌરાષ્ટ્રના લોકોને ૧૧ લાખ લીટર મળે છે, એ જ રીતે વરસાદની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતનું જે પાણી છે નદીઓ કે વરસાદનું એ દક્ષિણ ગુજરાતમાં અને મધ્ય ગુજરાતમાં ૭૧ ટકા છે. ઉત્તર ગુજરાતમાં ૧૦ ટકા છે, અને .સૌરાષ્ટ્રમાં ૧૭ ટકા છે. અને કચ્છમાં બે ટકા છે. એટલે આ પાણીની વાત હું એટલા માટે માનનીય સભ્યશ્રીઓને ધ્યાને મુકવા માગું છું. કે દક્ષિણ ગુજરાતમાં પાણી પુરતા પ્રમાણમાં રાષ્ટ્રીય સરેરાશની નજીકમાં મળે છે. પણ ગુજરાતની જે ભૌગોલિક પરિસ્થિતિ, સપાટી છે કે દક્ષિણ ગુજરાતનું પાણી આપણે ઉત્તર ગુજરાતમાં કે સૌરાષ્ટ્રમાં લઈ જઈ શકતા નથી. અને એ પાણી દરિયામાં મોટા ભાગે સુરત બાજુ અથવા વધુમાં વધુ ખંભાત સુધી દરિયામાં વહી જાય છે. ત્યારે અમારી સરકારનો મોટામાં મોટો જે સંકલ્પ છે, અને ગુજરાતની પ્રજાનો પણ એક સંકલ્પ છે કે પાણી જયાં મળે ત્યાં રોકવું, જમીનમાં ઉતારવું, રીચાર્જ કરવું, તળાવો ભરવા, ચેકડેમો ભરવા અને ડેમો ભરવા, અને દીરયામાં ઓછામાં ઓછું પાણી જાય, રણમાં ઓછામાં ઓછું પાણી જાય તે આ સરકારનો સંકલ્પ છે. તે સંકલ્પ અમારા સિંચાઈ વિભાગ દ્વારા પ્રજાના સહયોગથી અમલમાં મુકી રહયા છીએ. અને ભૂતકાળમાં ૧૯૬૦ માં ગુજરાત અલગ બન્યું, આ વાત એટલા માટે વારંવાર કહું છું કે પ્રજાના ધ્યાન ઉપર આવે કે ૧૯૬૦ થી ૧૯૯૫ સુધી ૩૫ વર્ષ સુધી બીજા પક્ષોની સરકાર રહી, તે પક્ષોની સરકારોએ ગુજરાતમાં ફકત ૪ હજાર ચેક ડેમો બનાવેલા, અમારા પક્ષની ભારતીય જનતા પક્ષની સરકારે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ વાળી સરકારે ચાર હજાર ચેક ડેમો જે ૩૫ વર્ષમં બન્યા હતા તેની સરખામણીમાં અમારા ૧૦ વર્ષમં ૧ લાખ ૨૫ હજર ચેક ડેમો બનાવ્યા, તેનો લાભ આખા ગુજરાતમાં અત્યારે પ્રજાને મળી રહયો છે. આ બધું આપણે જયારે જાણીએ છીએ ત્યારે અમારી જે મુખ્ય યોજના

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીઆ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે આખા ગુજરાતના દરેક વર્ગોને આવરી લે છે. તેના વિષે અમારું આ બજેટનું જે આયોજન છે તેના આંકડા મારે આપવા છે. અને આ આંકડાઓ યોજનાદીઠ હું ધ્યાન ઉપર મુકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના માટે અને એની પાઈપ લાઈનો માટે અને નર્મદાનું પાણી વહી જતું હતું એમાંથી એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ફાળવ્યું છે. એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્રને અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને ફાળવ્યું છે. આ ત્રણ મિલિયન એકર ફીટ પાણી જ્યારે પૂર આવે ત્યારે નકામું જતું હતું એ પાણીની જરૂરિયાતવાળા વિસ્તારમાં પહોંચાડવા માટે આપણે પાઈપ લાઈન નાખીએ છીએ, પમ્પીંગ સ્ટેશન, જળાશય બનાવીએ છીએ અને એ જળાશયમાં આ પાણી પહોંચાડીએ છીએ. આ બધું કામ કરીએ છીએ એના માટે ૧૭૭ કરોડ પાંચ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. સુજલામ સુફલામ સ્પ્રીડીંગ કેનાલના કામ માટે ૮૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. સૌરાષ્ટ્રને એક મિલિયન એકર ફીટ પાણી ફાળવ્યું એના માટે પ્રાથમિક તબક્કે ૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

પંચમહાલ જિલ્લામાં પાનમ ડૅમ આવેલ છે જે ખૂબ જ અગત્યનો ડૅમ છે. એની સ્થિતિ એવી હતી કે આ પાનમ ડૅમની આજુબાજુ આવેલા કેટલાક તાલુકા પર્વતીય વિસ્તારમાં અને ડુંગરાળ વિસ્તારમાં આવતા હતા તેથી કેનાલ દ્વારા પાણી પહોંચાડી શકતા નહોતા. પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે વર્ષ પહેલા નિર્ણય કરેલો કે પાનમ ડૅમનું પાણી પર્વતોના કારણે શહેરા વગેરે તાલુકાઓને પહોંચાડી શકતા નથી. તેથી આ પર્વત કોચીને પણ કેનાલ બનાવવી. આપણે ૩.૫ કિલોમીટરની કેનાલ મોટા મોટા પવર્તોને કાપીને બનાવી છે અને આ કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ છે અને એના દ્વારા પાણી પહોંચાડી શકીએ તેવી સ્થિતિમાં આવી ગયા છીએ. આ કેનાલ અને બાકીના કામ માટે આ વરસે ૪૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. કડાણા હાઈ લેવલ કેનાલ માટે આઠ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. કચ્છને જે એક મિલિયન એકર ફીટ પાણી ફાળવ્યું છે એના માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. ઉત્તર ગુજરાતના બંધો છે કમાન્ડ વિસ્તારને વધુ સારા વિકસાવવા માટે ૧૭.૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

ખેડૂતો અને ગામડામાં ખૂબ લોકપ્રિય સરદાર પટેલ સહભાગી જળ સિંચાઇ યોજના પહેલા ૯૦:૧૦ હતી. અત્યારે આપણે આના માટે ૧૧૩ કરોડ રૂપિયા નવા ચેકડૅમો બનાવવા માટેની જોગવાઈ કરી છે. જૂના ચેકડૅમો હોય અને ભારે વરસાદના કારણે નુકસાન થયું હોય એના રિપેરીંગ માટે ૨૮ કરોડ ૪૯ લાખની જોગવાઈ કરી છે. આ વખતે એક નવી કામગીરી અમલમાં મૂકી છે. ૧૫ લાખ સુધીના ચેકડૅમો ૯૦:૧૦માં થઈ શકતા હતા પરંતુ મોટી નદીઓ હોય એક કરોડ, દોઢ કરોડ કે બે કરોડવાળા ચેકડૅમો બનાવવા હોય તો સ્વાભાવિક છે કે ખેડૂતો આવી મોટી રકમનો ફાળો આપી શકે નહિ એના કારણે ચેકડૅમો નહોતા કરી શકતા. તો એનું ધ્યાનમાં રાખી આ વખતે સિંચાઈ વિભાગે નક્કી કર્યુ છે કે મોટી નદીઓ ઉપર ૫૦ લાખથી માંડીને બે કરોડ કે અઢી કરોડ સુધીના ચેકડૅમો બનાવવા હોય તો કોઈ લોકફાળો લેવાનો નહિ, સો ટકા ખર્ચ રાજય સરકાર આપશે અને એના માટે ૧૮૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. એવી રીતે તળાવો ઊંડા કરવાના કામો અત્યારે ચાલે છે. તળાવો ઊંડા થાય એની માટી પાળા ઉપર નંખાય જેથી તળાવની મજબૂતાઈ વધે. જો માટી વધારે હોય તો સાર્વજનિક સ્થળોમાં નાખવી, મંદિર, સ્કૂલ હોય કે ગામનું નાળિયું હોય કે રસ્તો હોય વગેરે જગ્યાએ નાખવી એના માટે ૩૦ કરોડની જોગવાઈ કરી છે.

આ ગૃહના સિનિયર સભ્ય અમારા વડીલ માનનીય દોલતભાઈએ ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારાની પાણીની ખારાશથી થતા નુકસાનની વાત કરી છે. તેમની લાગણીસભર જે વાત હતી. એ ખૂબ જરૂરી છે. ખેડૂતો માટે, એ વિસ્તારના બચાવ માટે. અમે ભૂતકાળથી જ એ કામ હાથ ઉપર લીધું છે. કરોડો રુપિયાની ફાળવણી આપણે કરી ચૂક્યા છીએ. પણ જુદા જુદા વિસ્તારોમાં અમારા હેડ પ્રમાણે જે ફાળવણી કરી છે એ હું આપને કહું કે સૌરાષ્ટ્ર, ઘેડ અને દક્ષિણ ગુજરાતમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ માટે એક હેડ નીચે ૬૪.૯૮ કરોડ રૂપિયા એટલે કે લગભગ ૬૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. બીજું, માનનીય દોલતભાઈએ કહ્યું એ વિસ્તારના કામો માટે ૯૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. હયાત યોજનાના વિસ્તરણ અને આધુનીકરણ માટે ૧૧૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. નાની સિંચાઈના કામો, ભૂતકાળમાં જ્યારે દુષ્કાળ પડતો હતો ત્યારે આપણે તળાવો ઉંડા કરાવતા હતા. તળાવો ખોદીને તેના કામ પૂરા કરતા હતા. તેને સલામત તબક્કે, સેઈફ સ્ટેજે લઈ જવું હોય તે કામ નહોતા કરતા. તેના કારણે વરસાદ આવે, ફરી તળાવ ઉભરાઈ જાય, ફરી તૂટી જાય. તો અમે એવું નક્કી કર્યું છે કે ભૂતકાળમાં જે દુષ્કાળ વખતે રાજયની અંદર સૌરાષ્ટ્ર, કચ્છ, બનાસકાંઠા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં જે તળાવો સેઈફ સ્ટેજે લઈ જવાની જરૂર છે તેનું કામ અમે ઉપાડ્યું છે અને તેના માટે ગયા વર્ષે પણ ફાળવણી કરી હતી. તેમાં ઘણાં કામ કર્યા. આ વખતે પણ અમે ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી નાના નાના ગામ તળાવોને મજબૂત બનાવવા માટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને ખ્યાલ છે કે સુરતમાં જ્યારે પૂર આવ્યું ત્યારે વર્ષો પહેલાં બનેલા પાળા તૂટી ગયેલા. લોકોએ દબાણ કર્યું હોય, તેના ઉપર લોકો રહેવા આવી ગયા હોય. એના ઉપર મકાનો બની ગયા હોય અને તેના કારણે સુરતને નુકસાન સહન કરવું પડેલું. એ જ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સુરતની પ્રજાને

વચન આપ્યું હતું કે આ પાળાઓનું મરામતનું કામ, તેને મજબૂત કરવાનું કામ અમે કરીશું અને અમે એ કામ ગયા વર્ષે પૂરું કર્યું અને તેના બાકીના કામ માટે આ વખતે ૮૦ કરોડ રુપિયાની માતબર રકમની જોગવાઈ કરેલી છે. જેથી સુરતની પ્રજાને પૂરની સામે આપણે રક્ષણ આપી શકીએ.

**અધ્યક્ષશ્રી** : આપે જેટલો માગ્યો હતો એટલો સમય પૂરો થયો છે. હું આપને રોકતો નથી. આ તો આપની જાણ માટે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, ૧૦ હજાર કરોડ રૂપિયાનું બજૅટ છે. અહીં સભ્યોના ધ્યાન ઉપર મૂકું. પારદર્શકતાથી..

**અધ્યક્ષશ્રી** : એ તો બરાબર છે. હું આપને રોકતો નથી. તમે જે મિનિટો મારી પાસે માગી હતી અને મુખ્ય દંડકે આપી હતી એ પૂરી થાય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હજુ સાહેબ, પાણી પુરવઠા વિભાગ આખો બાકી છે. (અંતરાય) ઓવરડ્રાફ્ટ અમે નથી લેતા, પણ ઓવર ટાઈમ જરૂર આપો. માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેતા હો તો સિંચાઈ વિભાગની કામગીરી..

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, હું કશું જ નથી કહેતો. ૫-૧૫ સુધીની સમય મર્યાદા છે. આપ આપની રીતે બોલી શકો છો. આ તો આપની જાણ માટે. (અંતરાય) રમણલાલ, તમે ખોટા પ્રયત્નો ના કરો. નીતિનભાઈ, આપ ચાલુ રાખો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ઉંડા કરવાની કામગીરી આપણે આ વર્ષે જે લીધી છે, તેમાં મોટા પાયે આપણે નક્કી કર્યું છે કે ચાર એકરના તળાવો હોય તેમાં લોકફાળો નહીં લેવો અને તેને સરકારના ૧૦૦ ટકા ખર્ચે એવા તળાવો ઉંડા કરવા અને તેના માટે તળાવ દીઠ ૨૫ લાખ રૂપિયા અમે સિંચાઈ વિભાગ તરફથી ફાળવીએ છીએ. તો દરેક સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપના વિસ્તારમાં ચાર એકર કરતાં મોટા કોઈ પણ સરકારી તળાવો હોય તો ચોક્કસ અમને તેની યાદી આપજો અને એ તળાવો સરકારના ખર્ચે ૨૫ લાખ રૂપિયા તળાવ દીઠ ફાળવીને અમે ઉંડાં કરી આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મોટા પ્રમાણમાં સિંચાઈ વિભાગના કામો થઈ રહ્યાં છે. પ્રજાને વધુને વધુ સિંચાઈનું પાણી મળે તે માટેના અમારા પ્રયત્નો છે. એમાં આપ સૌ સહયોગ આપો અને સરકારના જે સેંકડો અને કરોડો રૂપિયા છે જે પ્રજાના છે એ સિંચાઇ વિભાગ દ્વારા પ્રજાના ઉપયોગ માટે વાપરીએ છીએ. રાજયનું કૃષિ ઉત્પાદન વધારીએ છીએ. એમાં આપ સહયોગ આપો એટલી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું પાણી પુરવઠા વિભાગની માગણી છે એના વિશે માનનીય સભ્યશ્રીઓને વિગતો આપીશ. પાછલા ઘણા વર્ષોના અનુસંધાનમાં મેં જોયું તો અત્યારે આપણે પીવાના પાણી અંગેની બજૅટની માગણી કરી રહ્યા છીએ ત્યારે સૌથી વિષમ સંજોગો આ વર્ષે અત્યારના સમયે સામનો કરી રહ્યા છીએ. દર વર્ષે જે ગુજરાતમાં વરસાદ થાય છે એના દસ વર્ષની એવરેજ જોઈએ તો એમાંથી સિંચાઇ માટેનું અને પીવાના પાણી માટે પાણી મળે છે. આ વર્ષે કુદરત રૂઠી છે. કેન્દ્રમાં ગમે તેમ હોય, ફેરબદલ થવાથી કે ગમે તેમ..

**અધ્યક્ષશ્રી** : એ બધી વાતમાં ન પડો, હું બધું સાંભળું છું, સમજું છું. મારે આપનું ધ્યાન રાખવાનું છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પાછલા દસ વર્ષની જે એવરેજ છે ૯૬૧ મી.મી. વરસાદ છે. એની સામે આ વખતે ૧૭.૪૪ ટકા આજની છેલ્લી સ્થિતિ પ્રમાણે વરસાદ પડ્યો છે. અત્યારે પીવાના પાણી માટે જે નર્મદાનું જે પાણી હોય, જે તળાવો હોય, જે મોટા ડૅમો હોય, સ્થાનિક બોર હોય, સ્થાનિક હેન્ડપંપ હોય, સ્થાનિક કૂવા હોય એમાં સ્વાભાવિક વરસાદ ઓછો પડવાના કારણે મોડો પડવાના કારણે બધાજ ડૅમોમાં પાણી ઓછું થઈ ગયું છે, બધા જ હેન્ડ પંપોના પાણીના લેવલ ખૂબ જ નીચે ગયા છે. લગભગ બધાજ ૯૫ ટકા તળાવોના પાણી સુકાઈ ગયા છે એમ કહીએ તો ખોટું ન કહેવાય. ત્યારે પીવાના પાણી માટે અમે અત્યારે ખૂબ આયોજન કરી રહ્યા છીએ, એની ચિંતા પણ છે, એની જવાબદારી પણ છે. એના માટે ઓલ્ટરનેટ વિકલ્પો પાણી પુરવઠા વિભાગ તરફથી કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ વિભાગમાં મારે જે કહેવાનું હતું એમાં વિગતો ઉમેરું છું. વરસાદ મોડો પડવાના કારણે અને સિંચાઇના ડૅમોમાં પાણી ન હોવાના કારણે ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપી શકતા નથી. એની સીધી અસર અત્યારે કૃષિ વિભાગ અને ખેડૂતોની કામગીરી ઉપર થઈ છે. દર વર્ષે આ સમયે જે ગુજરાતની વાવેતર લાયક જમીન છે એમાં ચોમાસું સિઝનમાં વાવેતર હોય છે, એના ફક્ત ૪૫ ટકા વાવેતર આજની તારીખ સુધીમાં ગુજરાતમાં વાવેતર થયું છે. એટલે કે, ૫૫ ટકા વાવેતર ગયા વર્ષની સરખામણીમાં રાજયની અંદર ઓછું થયું છે. ત્યારે અમારા સિંચાઇ વિભાગની અને નર્મદા વિભાગની બન્નેની જવાબદારી વધી જાય છે. જે વાવેતર થાય છે એ વાવેતર કેવી રીતે પૂરેપૂરું ટકી રહે, એને કરકસરથી અમે કેવી રીતે પાણી આપી શકીએ અને પાકને બચાવી શકીએ. ખેડા, આણંદ જિલ્લામાં મહી કમાન્ડ વિસ્તાર છે એમાં સિંચાઇ આપી રહ્યા છીએ, એવી જ રીતે દમણ ગંગાનો જે સિંચાઇ વિસ્તાર છે એમાં સિંચાઇ આપી રહ્યા છીએ, કરજણનો વિસ્તાર છે એમાં સિંચાઇ આપી રહ્યા છીએ. સરદાર સરોવર યોજનાનો કમાન્ડ વિસ્તાર છે એમાં ૨૫૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇ આપી રહ્યા છીએ. ખારીકટ યોજના અને ફતેહવાડી યોજનાનો વિસ્તાર અને અમદાવાદ અને ભાલ કાંઠા વિસ્તાર તથા આણંદ

અને ખેડા જિલ્લાના કેટલાક વિસ્તારો લાગુ પડે છે. એમાં આપણે ૩૦હજાર હેકટરને પાણી આપી રહ્યા છીએ. અત્યારે જે ડૅમોમાં આપણી પાસે પાણી ઉપલબ્ધ છે એને તો આપણે આપવાના કરકસરથી પણ ખેડૂતોના પાક બચે એ રીતે આપણે ઉપયોગ કરી રહ્યા છીએ પણ પીવાનું પાણી એ અલગ વિષય છે. પીવાનું પાણી તો ગમે તે ઉપાય કરવો પડે પણ અમારે પ્રજાને આપવું પડે એ અમારી સરકારની એક જવાબદારી છે. હું પાણી પુરવઠા મંત્રી તરીકે કહીશ જે અમારા સભ્યશ્રીઓએ ખૂબ સુંદર રીતે કહ્યું છે. હું ૧૯૯૦માં આજથી ૧૯ વર્ષ પહેલા જ્યારે આ ગૃહમાં જ્યારે પહેલી વાર ચૂંટાયો ત્યારે અમે પણ વિરોધપક્ષમાં હતા ત્યારે એ વખતે તો અમે માગણી કેવી કરતા હતા એ વખતની સરકાર સામે, એ વખતના મંત્રીઓ સાથે કે અમારા હેન્ડપંપના વાઈસર નાખી આપો, અમારા ટયુબવેલની મોટર બળી ગઈ છે તો અમને મોટર રીપેર કરી આપો. અમારા પાણીના તળ નીચા ગયા છે તો બે કોલમ પાઈપ વધારી આપો, આવી નાની નાની માગણીઓ જે એ જમાનાની ૧૦ હજાર રૂપિયાની કિંમતમાં કામ થઈ જાય એવી માગણીઓ અમારે કરવી પડતી હતી. કેમ કે એ વખતે સરકારોની કામગીરી જે પાણી પુરવઠા વિભાગની હતી એ ખૂબ મર્યાદિત હતી. એનો લાભ પ્રજાને એ વખતની સરકારો આપી શકતી નહોતી ત્યારે હું માનનીય સભ્યોના ધ્યાન ઉપર એ બાબત મૂકવા માગુ છું. અત્યારે જે રાજયની સ્થિતિ છે અને બધાય માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિસ્તારની વાત કરી હેન્ડપંપો, પીવાના પાણીની યોજનાઓ, જૂથ યોજનાઓ, નર્મદાથી મળતું પાણી અથવા તો સૌરાષ્ટ્રમાં શેત્રુંજી હોય, રાજકોટમાં હાજી ડેમ હોય કે ન્યારી ડેમ હોય એનાથી મળતું પાણી, જામનગર જિલ્લાના ડેમ હોય તો એમાંથી મળતું પાણી એ બધાની સ્થિતિ ગંભીર હોવા છતાં કોઈપણ માનનીય સભ્યશ્રીઓએ આ ઉનાળો આટલો મોટો ગયો, ૪૪ ડીગ્રી ગરમી પડી, મહીનાઓ સુધી ગરમી પડી પણ મને આનંદ અને સંતોષ છે કે ગુજરાત પાણી પુરવઠા વિભાગની કામગીરી અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ વર્ષોથી જે આયોજન કર્યુ, પાણી પુરવઠા વિભાગમાં અત્યારે હું જે કામગીરી કરુ છું એ અગાઉ પાણી પુરવઠા મંત્રી માનનીય નરોત્તમભાઈએ જે કામગીરી કરી, માનનીય વજુભાઈએ જે બજેટ ફાળવ્યું એના કારણે પાડોશી રાજયો જોડે અત્યારે સરખામણી કરવી મને થોડીક સમયોચિત લાગે છે. હું કહીશ કે અહીંયા આપણા સભ્યશ્રી નરેશભાઈએ કીધું કે અમારા ફળીયા હોય છે. સ્વાભાવિક છે આદિવાસી વિસ્તારોમાં, પર્વતાળ વિસ્તારોમાં મોટા ૫-૫ હજારની વસ્તીના ગામ હોય, ૨૦૦-૫૦૦ લોકો રહેતા હોય એવું ગામ હોય અને એ ગામને ૧૦-૧૫-૨૦ ફળીયા હોય, આખા ફળીયાઓની બધી વસ્તી ભેગી કરો તો ૫ હજાર પરાણે થતી હોય પણ એક ડુંગરા ઉપર ૧૫-૨૦ લોકો રહેતા હોય, બીજા ડુંગરા ઉપર ૧૫-૨૦ લોકો રહેતા હોય, આવા ફળીયાઓ સહિત આપણે પાણી પુરવઠા વિભાગમાંથી અત્યારે પાણી મોટા પ્રમાણમાં ફાળવી આપ્યું છે. મોટા પ્રમાણમાં આપણે હેન્ડપંપો બનાવ્યા છે એના કારણે આટલો મોટો મેં કહ્યું એ પ્રમાણે ગરમીનો સમય ગયો, આ વરસાદ ખેંચાયો છે છતાં પીવાના પાણીની સ્થિતિ આપણે પ્રજાને સંતોષકારક પાણી આપી શકીએ, કરકસરથી આપીએ છીએ બરાબર છે. બગાડ ના કરે એ જરૂરી છે, પણ પાણી ના મળતું હોય એવું અત્યારે નથી. હમણાં થોડા દિવસ પહેલા ભારત સરકાર પણ આ બાબતમાં ચિંતિત છે. એણે આખા દેશના પાણી પુરવઠા સચિવોની મીટિંગ બોલાવી હતી કે રાજયની અંદર તમારા ત્યાં શું સ્થિતિ છે એ માહિતી આપો. આખા દેશના અધિકારીઓ એ મીટિંગમાં હાજર હતા. ત્યાં જે સ્થિતિ મળી, આખા દેશની એમાં આપણી પડોશનું મહારાષ્ટ્ર, એ મહારાષ્ટ્રમાંથી જે માહિતી કેન્દ્ર સરકારને આપી,

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, આપ આપની વિગતો આપો.. કોઈ સરખામણી બીજા રાજયો જોડે ના કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : પાડોશી રાજયમાં ૫હજાર ફળીયાઓને અને ૫ હજાર નાના નાના ગામોને આજે ટેન્કરથી પાણી પૂરું પાડવું પડે એવી સ્થિતિ અત્યારે ચાલુ છે. પાંચ હજાર જગ્યાએ આ પાડોશી રાજ્ય ટૅન્કરથી પાણી આપે છે. બીજું આપણું પડોશી રાજ્ય છે એમાં ૧૧ હજાર ફળિયાઓને ટૅન્કરથી અને ૭૦ શહેરોને ટૅન્કરથી તેમજ બે મોટા શહેરને ટ્રેનથી આજના દિવસે પાણી અપાઈ રહ્યું છે. આપણા ગુજરાતમાં શું સ્થિતિ છે? ગુજરાતમાં તાજી સ્થિતિ પ્રમાણે ૨૯૦ ગામમાં આપણે ટૅન્કરથી પાણી આપવું પડે છે. આમાં ખારાશવાળા અને અન્ય જે વિસ્તારો છે એમાં પણ આપણે ઘટાડો કર્યો છે અને અત્યારે ગુજરાતના મોટાભાગના ફળિયાઓમાં તેમાંય ખારાશવાળા ગામોમાં પણ પીવાનું શુદ્ધ પાણી ભારત સરકારના નીતિ નિયમો પ્રમાણેનું પાણી આપણે પહોંચાડી શકીએ છીએ. ૧૯૯૦ની હું વાત કરતો હતો. અગાઉની સરકારોની જે ગંભીરતા ઓછી હતી એ હું રકમથી કહેવા માગું છું. જ્યારથી ભારતીય જનતા પક્ષની સરકાર ગુજરાતમાં આવી ત્યારથી બજેટ ફાળવણી ખૂબ મોટા પાયા ઉપર આપણે વધારી દીધી છે. ૧૯૯૨-૯૩માં જ્યારે અમે સામી પાટલીએ વિરોધ પક્ષ તરીકે બેસતા હતા ત્યારે એ સરકારનું બજૅટ ૮૦ કરોડ રૂપિયાનું હતું. એ પછી ભારતીય જનતા પક્ષની સરકારોએ એમાં મોટી છલાંગ મારી ૧૯૯૮-૯૯માં ૪૦૬ કરોડ રૂપિયા, ૨૦૦૩માં ૬૩૨ કરોડ રૂપિયા, ૨૦૦૫-૦૬માં ૯૮૭ કરોડ અને મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનવો છે કે આજથી ૧૦ વર્ષ પહેલાં રાજ્યમાં જે ૮૦ કરોડ પાણી પુરવઠાનું બજૅટ હતું એ આજે વધારીને ૧૫૪૯ કરોડ રૂપિયાનું બજૅટ અમારા વિભાગને રાજ્ય સરકારે આપ્યું છે. શા માટે અમને બજૅટ આપે છે? મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે કે સ્વર્ણિમ ગુજરાત જ્યારે ઊજવાય ત્યારે ગુજરાતનું કોઈ ગામ કે ફળિયું એવું બાકી ન રહે કે જેને પીવાનું પાણી રાજ્ય સરકારની વ્યવસ્થા દ્વારા મળતું ન હોય. અત્યારે પણ મોટા ભાગની વ્યવસ્થાઓ આપણે પૂરી કરી છે ત્યારે ગુજરાત જ્યારે ૫૦ વર્ષની

ઉજવણી કરે ત્યારે ગુજરાતની અત્યારની સાડા પાંચ કરોડની જનતાને પીવાનું પાણી, શુદ્ધ પીવાનું પાણી મળી રહે એ માટેનું આયોજન અમારી સરકારે, અમારા વિભાગે કર્યું છે. અમે પદ્ધતિસર આગળ વધીએ છીએ. કોઈ છુટાછવાયા થીગડાં મારી અમે કોઈ કામ કરતા નથી. નર્મદા કેનાલમાંથી પાણી ઉપાડવા માટેના પમ્પીંગ સ્ટેશનની વાત અગાઉ પણ આ ગૃહમાં કહેવાઈ છે. મને ફરી કહેતા આનંદ થાય છે કે ઢાંકી પાસે નર્મદા કેનાલ ઉપર ગુજરાત સરકારે જે પમ્પીંગ સ્ટેશન બનાવ્યું છે એ પમ્પીંગ સ્ટેશન પીવાના પાણીની યોજનાઓ માટેનું આખી દુનિયામાં આજની તારીખે મોટામાં મોટું પમ્પીંગ સ્ટેશન છે અને લગભગ ૨૦૦ ફૂટ ઊંચાઈ સુધીનું પાણી આપણે એનાથી લિફ્ટ કરીએ છીએ. કેટલું પાણી આપીએ છીએ? નર્મદા યોજના અને જૂથ પાણી પુરવઠા યોજના થકી ગુજરાતની પ્રજાને કેટલું પાણી આપીએ છીએ એ અંગે આ સભાગૃહમાં મારે ધ્યાન દોરવું છે. કદાચ જો આ યોજના ન થઈ હોત તો આજે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં એટલી ગંભીર સ્થિતિ હોત કે આ જુલાઈ મહિનામાં કઈ સ્થિતિમાં હોત એની કલ્પના પણ કરી શકાતી નથી. અત્યારે અમે જે પીવાના પાણીનો જથ્થો યોજનાઓ મારફતે આપીએ છીએ, એ સભાગૃહના ધ્યાન પર હું મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોને આપણે બે બાજુથી પાણી આપીએ છીએ. એક મહિપરિએજ બાજુથી, માનનીય સભ્યશ્રી શિરિષભાઈએ કહ્યું એ પ્રમાણે કનેવાલમાંથી પણ આપણે પાણી લઈએ છીએ અને છેક ભાવનગર, અમરેલી સુધી આપણે અને પહોંચાડીએ છીએ. કદાચ એમાંથી પાણી પહોંચાડીએ છીએ એ પાણી એને મળી રહે, સીધો લોકોને, નાગરિકોને લાભ આપીએ છીએ. એવી રીતે માળિયા બ્રાંચ કેનાલમાંથી રોજ ૪૫ કરોડ લિટર પાણી ઉપાડીએ છીએ એમાંથી કચ્છને દસેક કરોડ લિટર, રાજકોટ શહેરને ચારથી પાંચ કરોડ લિટર, જામનગર શહેરને દરરોજ બે કરોડ લિટર, રાજકોટના ગામડાને ચાર કરોડ લિટર આપીએ છીએ. ૪૫ કરોડ લિટર પાણી નર્મદાનું ૪૦૦ કિલોમિટર સુધી ઉપાડી દરરોજ એને શુદ્ધ કરી, ફિલ્ટર કરી નાગરિકોના દ ાર સુધી આપણે એ પહોંચાડીએ છીએ. એ રીતે ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લો આખો, પાટણ જિલ્લો ૭૦ ટકા અને બનાસકાંઠા, સાબરકાંઠાના લગભગ ૫૦ ટકા નાગરિકોને નર્મદાનું પાણી અને જૂથ યોજનાનું પાણી આપણે આજે પહોંચાડીએ છીએ. દરરોજ ૧૫૨ કરોડ લિટર પાણી ફક્ત નર્મદાનું ઉપાડી આપણે નાગરિકોને પીવા માટે પહોંચાડીએ છીએ. કલ્પના કરી લો નરેન્દ્રભાઈ મોદીની આ સરકાર નર્મદાનું પાણી જો ના લાવી શક્યા હોત તો, ૧૯૨ એ ના પહોંચી હોત તો શું સ્થિતિ થઈ હોત એ આપ વિચારી શકો છો ત્યારે અમને એવોર્ડ પણ મળ્યો છે. પ્રજાકીય સહયોગ મળે છે. ભારત સરકારે એવોર્ડ આપ્યો છે, UNO એ એવોર્ડ આપ્યો. પાણી સમિતિઓ બનાવી. દેશમાં કોઈ એવું રાજ્ય નથી કે જે લોક સહયોગથી કામ કરતું હોય. માનનીય મુખ્યમંત્રીશ્રીનો જે સિદ્ધાંત છે પ્રજાકીય સહયોગ, લોકભાગીદારી, પછી એ ચેક ડેમ હોય, તળાવો ઊંડા કરવા, વીજળીનું કામ હોય, પીવાના પાણીનું કામ હોય અમારે પાણી પુરવઠા વિભાગમાં આ લોકસિદ્ધાંત અમે લીધો છે. લોક સહયોગ અમે લીધો છે. ૯૦ ટકા રકમ સરકાર આપે, ૧૦ ટકા ગામનો લોકફાળો ગામમાં પીવાના પાણીની ટાંકી, ટ્યૂબ વેલ, પંપ હાઉસ, પાણીની લાઈનો, ધોબી ઘાટ, હવાડા જે બનાવવું હોય એ બધા પૈસા સરકાર આપે. કેટલો ખર્ચ થયો? ૭૦૦ કરોડ રૂપિયાનું કામ, ૯૦ ટકા સરકારના. કામ કોણે કર્યુ? તો ગામડાની લોક સમિતિઓએ કર્યુ, એનો એવોર્ડ UNO એ આપ્યો અને અહીંયા અમારા મિત્રો એમ કહે છે કે તમે શું કામ કરો છો? ભૂતકાળમાં આક્ષેપો કરતા હતા કે એવોર્ડ મળ્યો નથી. ક્યાં છે એવોર્ડ? તમે તો છાપામાં ખોટો રિપોર્ટ કરો છો. એમના માટે સચિવાલયમાં બ્લોક નંબર-૧ નીચે સાડા ત્રણ સો જેટલા એવોર્ડ મૂક્યા છે. જો એમને જોવા હોય તો જોઈ આવે. વાસ્મોને UNO નો, યુનાઈટેડ નેશનના સેક્રેટરી જનરલે એ એવોર્ડ આપ્યો. એ કામ અમે પૂરું કર્યુ છે તો અમારું બજેટ વિના વિરોધે સર્વાનુમતે પસાર કરો અને કલ્પસરનું પણ બજેટ પસાર કરો એવી માનનીય સભ્યશ્રીઓને વિનંતી અને બધા સહયોગ કરે એવી વિનંતી.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાણીની બહુ સુંદર વાત છે અને બધા વિસ્તારોમાં પણ એ બધાને મળતું થયું છે પણ સહેજ એમાં થોડી ઘણી મુશ્કેલી છે એ આ સભાગૃહ સામે મૂકવા માગું છું. આપણે લગભગ ૯૦:૧૦ ટકાની સ્કીમ છે. ૯૦ ટકા સહાય સરકાર આપે ૧૦ ટકા જે લાભાર્થી છે એને ભોગવવાના છે.પણ અમારા વિસ્તારોમાં કેટલાક નાના ગામો છે અને કેટલા એકદમ ગરીબ ગામો છે, જે દસ ટકા ભરી શકતા નથી અને ઘણા પ્રશ્નો ઊભા થાય છે, એના પરિણામે. પહેલાં જે આપણે એમ.એલ.એ. સ્કીમમાંથી દસ ટકા આપવાની છૂટ હતી, જો એ છૂટ જો ફરીથી આપવામાં આવે, અત્યારે બંધ છે એ છૂટ ફરીથી આપવામાં આવે તો આ ગરીબ અને નાના ગામો છે એને આપણે એ સહાય આપણા ફંડમાંથી કરી શકીએ અને જો વધારે ફંડની છૂટ ના આપવામાં આવે તો આપણને જે પચાસ લાખ મળે છે એમાંથી માત્ર દસ ટકા એટલે કે પાંચ લાખ રૂપિયા જ એમાં અમે વાપરી શકીએ એવું કાંઈક તારણ કાઢવામાં આવે અને એવો નિર્ણય કરવામાં આવે તો આવા ગરીબ અને નાના ગામો જે છે એને મોટો ફાયદો થાય એમ છે.

એક બીજો સવાલ એ છે કે, મારા વિસ્તારમાં સાબરમતી નદીમાં લાકરોડા ગામમાં વીયર છે, એ વીયર લગભગ ત્રણ વર્ષ પહેલાં તૂટી ગયેલ છે અને જ્યારે જ્યારે મેં વાત એની મારા પૂરતી કરી છે ત્યારે એમ તેમ, તાત્કાલિક મરામત થઈ ગયું છે એવી વાત કરવામાં આવે છે અને બાકીનું કામ હવે જે મૉડલ સ્ટડી છે એ મૉડલ સ્ટડી અને ડિઝાઇન છે એ માટેની તૈયારી ચાલે છે એ પૂરી થાય એટલે અમે આ બાંધકામ કરીશું પણ મારે અને

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને કહેવાનું કે, સાહેબ આવો તો મૉડલ સ્ટડી કેવો છે કે ત્રણ વર્ષે પૂરો ના થાય? એટલે એ જલદી પૂરો થાય, ત્રણ વર્ષ ના લાગે એટલે આ મૉડલ સ્ટડી જલદી પતે અને જલદીથી અંતે આ કામ થાય એવી મારી લાગણી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે સૂચનો કર્યા છે, એક તો ધારાસભ્ય ફંડમાંથી લોકફાળો અપાય કે કેમ? એ આયોજન વિભાગને લગતો પ્રશ્ન છે, આપની લાગણી આયોજન મંત્રીશ્રી સૌરભભાઈને હું પહોંચાડીશ.

બીજી આપે જે લાકરોડા વીયરની વાત કરી છે, એમાં વીયરને કોઈ નુકસાન નથી થયું પણ વીયરની બાજુમાં જે નદીનો કાંઠો છે, માટી પાળો છે એને નુકસાન થયું છે એ અંગે માનનીય મંગળભાઈએ કહ્યું એ પ્રમાણે સ્ટડી ચાલી રહ્યો છે અને વહેલી તકે એનું કામ કરાવવા પ્રયત્નો કરીશ.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારું માનનીય મંત્રીશ્રીને એ સૂચન છે કે, જે હેન્ડ પંપો, આમ તો વિભાગની કોઈ ભૂલ નથી પણ જે ગ્રામ પંચાયતોએ જે ખુશીથી પોતે જે હેન્ડ પંપોને રિપેર કરવાની જે જવાબદારી ઊપડેલ છે એમાં કેટલાક અનુભવો એવા થાય છે એટલે માનનીય મંત્રીશ્રીને મારું સૂચન એ છે કે, બોર દીઠ જે પાંચસો રૂપિયા મળે છે, એ ફરી વિભાગે સંભાળી લેવું જોઈએ એ એટલા માટે કે, મિકેનિકને ત્રણસો રૂપિયા ખર્ચ છે અને કમસે કમ એ હેન્ડ પંપ જ્યારે ખોલ્યા પછી ખબર પડે કે એકાદ પાઈપ એકાદ કદાચ સિલિન્ડર એટલે એ ખર્ચ એક હજાર થી પંદર સો થઈ જાય છે એટલે ફરીથી એ વિભાગ સંભાળે તો કદાચ એ સારી રીતે. કારણ કે, અમારે ત્યાં ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે, હેન્ડ પંપ ઉપર પૂરેપૂરા આધારિત છે. એટલે ફરી વિભાગ રિપેર માટે જવાબદારી ઉપાડે તો સારું એ સૂચન છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીના સૂચનને હું સ્વીકારું છું, જે ગામમાં સરપંચ એમ કહેશે કે અમે રીપેરીંગ કરીએ છીએ એનો ખર્ચો આપે છે તો પાણી પુરવઠા બોર્ડ જ પણ સરપંચ પોતે જોડે રહીને કામ કરાવે તો સારું કામ થાય એવું અમારું માનવું છે પણ સરપંચ એમ કહે કે અમારે નથી કરવું, જે સરપંચ લેખિત આપશે તો એ અમે અમારા કોન્ટ્રાકટરો મારફતે એ કામ સ્વીકારી લઈશું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે સૂચન એ કરવું છે કે, સુજલામ સુફલામની પાઈપ લાઈનની જે યોજના છે એના દ્વારા ખાસ કરીને જ્યારે એમણે કહ્યું છે કે, ઉત્તર ગુજરાત એ અછતનો વિસ્તાર છે, મહેસાણા જિલ્લામાં હજુ માઈક્રો ઈરીગેશન સિસ્ટમનો જોઈએ તેવો પ્રચાર અને પ્રસાર થયો નથી, સુજલામની જે પાઈપ લાઈન દ્વારા કેનાલમાં પાણી નાખવાનું છે તે પાઈપ લાઈનોમાંથી સીધું માઈક્રો ઈરીગેશન મારફતે ડ્રીપ ઈરીગેશન સિસ્ટમથી પાણી આપવા માટેની કોઈ નવીન યોજનાનો મંત્રીશ્રી વિચારણા કરશે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અનિલભાઈનું સૂચન ખૂબ સારું અને ઉપયોગી છે. આમ તો મારા પ્રવચનમાં પણ હું એ વિગત આપવાનો હતો પણ સમયમર્યાદાને કારણે એ નથી આપી શકયો. રાજય સરકારનો એક અભિગમ રહયો છે કે નર્મદા અને સિંચાઈ બધું પાણી મળી ગયા પછી પણ ગુજરાતની ૫૦ટકા જમીન સિંચાઈ વિહોણી રહેવાની જ પણ આપણે એવું રહેવા દેવા ઈચ્છતા નથી એટલા માટે મુખ્યમંત્રીશ્રીએ ડ્રીપ ઈરીગેશનનો ૧૫૦૦ કરોડનો મોટો પ્રોજેકટ અને જી.જી.આર.સી.કંપનીની રચના કરી ૫૦ટકા સબસીડી આપવાનું આયોજન કર્યું છે. એમાં કેટલાક વિસ્તારમાં ખૂબ આવકાર મળ્યો છે. કચ્છ, સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો, સાબરકાંઠાના કેટલાક તાલુકામાં આવકાર સારો મળ્યો છે પણ હજુ અમે એને વધુ સારી રીતે ઉપયોગમાં લેવા ઈચ્છીએ છીએ. માનનીય અનિલભાઈનું સૂચન બીજા એક સભ્યશ્રીએ પણ કર્યું છે એના ઉપર અમે ગંભીરતાથી વિચારણા કરીશું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ બજેટમાં ખૂબ સારી જોગવાઈ થઈ છે એટલે મારે વધારે વાત કહેવી નથી પણ એક બે સૂચન છે. અમારો જે કાંઠા વિસ્તાર છે એમાં બે ત્રણ પ્રશ્નો છે એક તો વાગરજ ખાતે દરિયાઈ પાણીની ભરતી રોકવાનું કામ સરકારે સિદ્ધાંતમાં સ્વીકારેલું છે અને એ ચાલે જ છે. આપણા મંત્રીશ્રી પણ માહિતગાર છે એ કામ વહેલી તકે મંજૂર થાય એવું માનનીય મંત્રીશ્રીને સૂચન છે. બીજું, અમારા કોસ્ટલ એરીયામાં અમુક ગામો એવા છે જે ખૂબ દુર છે ત્યાં પીવાનું પાણી તો આપણે પહોંચાડીએ છીએ પણ એમને બીજા વપરાશ માટે નહેરનું પાણી જો પહોંચાડી શકીએ તો બીજો વપરાશ થઈ શકે અને ત્રીજી વાત, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય લક્ષ્મણભાઈ,

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : એક જ વાત,

**અધ્યક્ષશ્રી** : એક વાતનો મારા માટે પ્રશ્ન નથી. મારા માટે સભા સંચાલનનો પ્રશ્ન એ છે કે મંત્રીશ્રીના પ્રવચન પછી મંત્રીશ્રીના પ્રવચનમાંથી ઉભા થતા પ્રશ્નો હોય એ જ ઉભા કરી શકો. અહીંયા જે કોઈ સભ્યોને મેં છુટ આપી એમણે એ મર્યાદા રાખી નથી એટલે તમે સૂચન કરવું હોય તો મંત્રીશ્રીને લેખિત કરો કોઈ વાંધો નથી પણ જો આ પ્રથા પડે તો એક કલાક જાય એટલા માટે હું એને મંજૂરી આપતો નથી અને મંત્રીશ્રી આપે ૩૫ મિનિટ માગી હતી મેં ૭૦ મિનિટ તો પણ આપને ઓછી પડી?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, આપનો ખૂબ આભાર કે મને પૂરતો સમય આપ્યો. માનનીય લક્ષ્મણસિંહભાઈની જે રજૂઆત છે એક તો સેલીનીટી ઈનગ્રેશ વિસ્તાર જે છે એમાં ક્ષાર અંકુશ નિયંત્રણ નીચે ખૂબ મોટી રકમો આપણે વલસાડથી માંડી છેક કચ્છ સુધી મંજુર કરી દીધી છે. એમનું કામ ખૂબ ઝડપથી લેવડાવીશું. બીજું, એમણે જે દરિયાકિનારાના નાના નાના ગામની વાત કરી. અમે એક નવો અભિગમ આ વખતે અમલમાં મુકયો છે. એ અભિગમ એવો છે કે જે નાના ગામ હોય ત્યાં પાણી પુરવઠા યોજના પહોંચાડીએ, પાઈપલાઈન નાખીએ એ અમને મોંઘું પડે છે. મેન્ટેનન્સમાં ખર્ચાળ પડે છે. અમે એવો નિર્ણય કર્યો છે કે એવા ગામોમાં હજાર લીટર, બે હજાર લીટર, પાંચ હજાર લીટરના આર.ઓ. પ્લાન્ટ ૯૦ટકા સરકારના અને ૧૦ટકા લોકફાળો આર.ઓ. પ્લાન્ટ નાખી આપવાના. જે રીતે આપ અમને વિધાનસભામાં ચોખ્ખું પાણી પીવડાવો છો એ રીતે અમે દરિયાકિનારે એ લોકોને પણ આર.ઓ. પ્લાન્ટ મારફત એ લોકોને પાણી આપવા માગીએ છીએ.

**માગણી ક્રમાંક :** ૫૯, ૬૫, ૬૬, ૬૭ અને ૬૮ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૫મી જૂલાઈ,૨૦૦૯ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર તા.૧૫મી જુલાઈ ૨૦૦૯**
**આષાઢ ૨૪, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## બાળવા તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાનો

*** ૯૯૬૧ શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ લાભાર્થીઓને કયાં સુધીમાં આવાસો સોંપવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૨૨ સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) ૩૨૨ લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ યોજના તે ગામડાઓમાં ગરીબ લોકોને રહેવા માટે મકાન ન હોય તેવા લોકોને મકાન આપવાની એક યોજના છે અને આ યોજનામાં પહેલાં ૬૫૦ રૂપિયા સબસીડી અપાતી હતા અને બાકીની લોન આમ કરીને ૨૫૦૦ રૂપિયામાં મકાન બનાવવામાં આવતું હતું તેમાં આ સરકારે ઉત્તરોત્તર રકમ વધારી અને અત્યારે ૩૬ હજાર રૂપિયા જેટલી રકમ આપવામાં આવે છે. તો તેમાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાવળા તાલુકામાં સરદાર આવાસો બનાવવામાં આવ્યા છે તેમાં પ્રગતિ શું છે? તાલુકા જિલ્લાની લેન્ડ કમિટી મળે છે તો એ લેન્ડ કમિટીનું બંધારણ શું છે અને બીજો પ્રશ્ન એ છે કે જે ગામમાં ગામતળ કે સરકારી જમીન ન મળે તેવા ગામોમાં સરદાર આવાસ યોજનાના મકાનો બાંધી શકાતા નથી તો આવા ગામોમાં ગામતળ ઉપલબ્ધ કરાવવા માટે કોઈ નીતિ સરકારે વિચારેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે બાવળા તાલુકામાં સરદાર આવાસ યોજનમાં છેલ્લા બે વર્ષમાં પ્રગતિ શું થઈ છે. તે બાબતમાં ડીટેઈલ આપું તો ૨૦૦૭-૦૮માં લક્ષ્યાંક ૧૯૩નો હતો અને આ ૧૯૩ કામોના વર્ક ઑર્ડર આપી દેવામાં આવ્યા છે. તેમાંથી ૧૮૫ કામો શરૂ કર્યા છે અને ૧૮૧ સરદાર આવાસો પૂર્ણ કર્યા છે. બે આવાસો પ્લીન્થ લેવલે છે અને બે આવાસો લીન્ટર લેવલે છે. ૨૦૦૮-૦૯માં ૨૩૮નો લક્ષ્યાંક હતો તેમાં ૨૩૮ના વર્ક ઑર્ડર આપવામાં આવ્યા છે. ૨૧૬ કામો શરૂ કર્યા છે અને તેમાંથી ૧૪૧ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. આમાંથી ૭૧ કામો પ્લીન્થ લેવલે છે અને ૪ કામ સ્લેબ લેવલે છે. આમ ૨૦૦૭-૦૮ના ૪ અને ૨૦૦૮-૦૯ના ૭૫ મકાનો પ્રગતિમાં છે. લેન્ડ કમિટી એ સરદાર આવાાસ, ઈન્દિરા આવાસ યોજનામાં અગત્યનું ફેકટર છે. લેન્ડ કમિટી તાલુકામાં હોય છે તેમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં હોય છે. તાલુકા મામલતદાર તેના સભ્ય હોય છે, વિકાસ અધિકારી સભ્ય હોય છે જે તે તાલુકાના સ્થાનિક ધારાસભ્યશ્રી પણ તેના સભ્ય હોય છે. જે તે તાલુકાની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પણ આ કમિટીના સભ્ય હોય છે. જિલ્લા લેન્ડ કમિટી જે હોય છે તેમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી આના અધ્યક્ષ હોય છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી સભ્ય તરીકે હોય છે, નિવાસી નાયબ કલેકટર પણ આના સભ્ય તરીકે હોય છે, જે તે વિસ્તારના ધારાસભ્યશ્રી પણ આના સભ્ય તરીકે હોય છે. જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પણ આ કમિટીના સભ્ય તરીકે હોય છે. તાલુકાની લેન્ડ કમિટી દર મહિને મળે છે અને જિલ્લા કક્ષાની લેન્ડ કમિટી દર ત્રણ મહિને મળે છે. બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછયો કે ઘણી જગ્યાએ આવા ગામોમાં ગામતળ કે સરકારી જમીન મળતી નથી એટલે સરદાર આવાસ યોજનાના મકાનો બાંધવાનું મુશ્કેલ બને છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આ વર્ષના બજેટમાં અમે એક પ્રોવીજન રાખ્યું છે કે જે જગ્યાએ આના માટે જમીન ન મળે ત્યાં જમીન સંપાદન કરીને જગ્યા મેળવવાની અને સરદાર આવાસ યોજના બાંધવાનું આયોજન છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું તે પહેલાં ગુજરાતના દરેક ગામડાઓની અંદર સરદાર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના અને ડો.બાબાસાહેબ આંબેડકર યોજનાને સંકલિત કરી સ્વર્ણિમ નગરો બનાવવાનું જે આયોજન કર્યુ છે તે બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાહેબ, સરદાર આવાસ

યોજનામાં નવી નીતિ પ્રમાણે મકાનની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ અને તેની વિશેષતા શું છે તે જણાવવા માનનીય મંત્રીશ્રી કૃપા કરશે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આવાસો બાંધવાનું કામ છે એમાં ઈન્દિરા આવાસની એક યોજના કેન્દ્ર સરકારની અહીંયા આવી. રાજય સરકારના સહયોગમાં રહીને એના જે ગરીબી રેખા નક્કી કરવાના જે પૉઈન્ટ હતા તે ઝીરોથી વીસ સુધીના હતા. ગુજરાત સરકારે એવી રજૂઆત કરી કે ગુજરાતના ગરીબો છે તે ઝીરોથી વીસ સુધી કાઉન્ટ કરવા જોઈએ પરંતુ મને કહેતાં દુઃખ થાય છે કે કેન્દ્ર સરકારે એ આપણી અપીલ નહીં સાંભળી અને ઝીરો થી સોળ સુધીના ૧૧ લાખ ૩૬ હજાર જ ગરીબોને કન્સીડર કર્યા એના પછી એટલા જ બીજા ગરીબો ૧૭ થી ૨૦ સુધીના રહી ગયા પૉઈન્ટમાં તે ગરીબોને માટે જે મુદ્દો ઊભો થયો, ગુજરાત સરકારે એમાં એક સોલ્યુશન કાઢ્યું અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા જે ગરીબો છે પેલા અતિ ગરીબો કહીએ આ પણ ગરીબો જ છે પણ બહુ નજીકના ગરીબો, જે ગુજરાતના ગરીબો છે એમને મકાનો આપવા માટે, ગરીબી આવાસો આપવા માટે સરદાર આવાસ યોજનાનો જન્મ થયો. એ જે થયો એમાં ગઈ વખત સુધી ૪૩૦૦૦ રૂપિયાની કિંમત હતી. અને કેન્દ્ર સરકારે ૩૬૦૦૦ની કિંમત ત્યાંથી મોકલી એ સંજોગોમાં ગુજરાત સરકારે નિર્ણય કર્યો કે ૩૬ હજારની કિંમત અને ગઈ વખતે ૪૩ હજારમાંથી ૭૦૦૦ શ્રમફાળો હતો, સરદાર આવાસની પણ આપણે એ સમકક્ષ કર્યો, ઈન્દિરા આવાસની સમકક્ષ સરદાર આવાસો પણ બનાવવાના કર્યા આ સરદાર આવાસો સો ટકા ગુજરાત સરકારના ફંડથી જ બનાવવામાં આવે છે અને ગઈ વખતે જે ૪૩ હજારની કોસ્ટ હતી એમાં ૩૬ હજાર સરકારના સહયોગમાં હતા રાજય સરકાર અને કેન્દ્ર સરકાર, ૭૦૦૦ શ્રમફાળો હતો એ ૪૩ હજારના બદલે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ હમણાં જ આ વર્ષે આપણને ૫૦૫૦૦ રુપિયાની કિંમત મંજૂર કરી આપી છે અને એના કારણે ૪૩૫૦૦ રૂપિયા સરકારનો ફાળો અને ૭૦૦૦ રૂપિયા શ્રમફાળો એમ કરીને કુલ્લે ૫૦૫૦૦ રૂપિયાની કિંમતે આ આવાસો પૂરા કરવાના આવે છે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાવળાનો પ્રશ્ન છે તો આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાવળા લૅન્ડ કમિટી ક્યારે- ક્યારે મળી, અને આ પ્લૉટો મેળવવા માટે કેટલી અરજીઓ આવી અને એનો શું નિકાલ કર્યો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં બાવળા તાલુકામાં જે લૅન્ડ કમિટી મળવાની હતી તે તા. ૨૪-૮-૦૮ના રોજ લૅન્ડ કમિટી બોલાવવામાં આવી અને ૧૨૭ અરજીઓ જે બાવળામાં આવી હતી એ તમામ અરજીઓ એ બેઠકમાં ૧૨૭ અરજીઓ પૂરેપૂરી સો ટકા અરજીઓ મંજૂર કરી દેવામાં આવી છે.

### પાલીતાણા તાલુકાની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ દ્વારા વીજળી બીલ ભરવાની વ્યવસ્થા

*** ૯૯૯૯ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ ભરવાની ઈ-ગ્રામ વિશ્વગ્રામના ઈ-ગ્રામ કેન્દ્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને

(૨) આ તાલુકાની બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં આવી વ્યવસ્થા ક્યારે ગોઠવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) અને (૨) પ્રથમ તબક્કે ૩૦૦૦થી વધુ વસતિ ધરાવતી ગ્રામ પંચાયતો પૂરતું જ વીજ બીલ ભરવાની વ્યવસ્થા ગોઠવવાનું આયોજન કરવામાં આવેલ છે તે મુજબ પાલીતાણા તાલુકાની ૩૦૦૦થી વધુ વસતી ધરાવતી ૬ ગ્રામ પંચાયતોમાં તા. ૩૧-૮-૦૯ સુધીમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ના સહકારથી આવી વ્યવસ્થાનું આયોજન વિચારેલ છે અને બાકી ગામોની વ્યવસ્થા તબક્કાવાર લેવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, પહેલાં તો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને પંચાયત મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ જે ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના છે એ સમગ્ર દેશમાં ગુજરાત રાજય એ એવું છે કે જે પ્રથમ નંબરે છે અને આ યોજનાનો અર્પણ વિધિ હરીપુર ખાતે માનનીય મુખ્ય મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવી, મારો પ્રશ્ન એ છે કે, પાલીતાણા તાલુકામાં કયાં છ ગામો ઈગ્રામ મારફતે મારફતે વીજળી બિલ કલેકશનનું આયોજન છે અને આ વીજ બિલ કલેકશન શરૂ થયે કોને કોને કેટલો ફાયદો થશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં ૩૦૦૦થી વધારે વસતીવાળા એવાં ૬ ગામોને આપણે પ્રાયોગિક ધોરણે વીજ બિલ માટે પસંદ કર્યા છે, અને એ છ ગામો છે એ ૩૧-૮-૦૯ સુધીમાં અમે એનું અમલીકરણ કરીશું, એની વિધિ કરવાની હોય છે વીજ કંપની સાથે કરવાનો કરાર, એની અંદરની કબુલાતો અને આ નાણાકીય વ્યવસ્થા હોવાના કારણે એની ફોર્માલિટી પૂરી કરવામાં થોડોક સમય જાય છે પણ છ ગામ પસંદ કર્યા છે આની અંદર પ્રથમ તબક્કે ૩૦૦૦થી વધુ વસતીવાળા જે છ ગામ લીધાં છે એનું કલેકશનનું આયોજન કર્યુ અને છ ગામો જે છે એ ઘેટી, વાલુકડ, નાનીરાજથરી, નગાવડર, ખણાજ,

મોખાડગામ, આ છ ગામો લેવામાં આવ્યાં છે અને આ જે વીજ કલેકશન થશે એના કારણે ગામના લોકોને વીજ બિલ ભરવા માટે વીજ કંપનીની કચેરી જે સ્થળે આવેલી હોય ત્યાં જવાનું હોય છે એના બદલે ગામમાં જ બિલ ભરી શકશે. એના કારણે સમય અને ખર્ચની હાડમારીમાંથી મુકિત મળશે અને સ્થાનિક સરળતાથી આનો લાભ લઈ શકશે. ગામમાં કૉમ્પ્યુટર જાણકાર કોઈ હોય એવા યુવકને ઈ-ગ્રામ ખાતે રોજગાર પ્રાપ્ત થાય છે. કેંદ્રની જુદી જુદી કામગીરી ઉપરાંત વીજ કલેકશનની કામગીરી પણ એ કરી શકે છે. આના માટે વીજ કંપની એક બિલ પેટે ૫ રૂપિયા કમિશન આપે છે એમાંથી ચાર રૂપિયા ઓપરેટરને મળે છે અને એક રૂપિયો લગભગ ગ્રામ પંચાયતને મળે છે આ રીતે પંચાયતને પણ આવક થશે અને ઓપરેટરને પણ સપોર્ટીંગ આજીવિકા મળશે. વીજ કંપનીને નાના નાના ગામોમાં વીજ બિલના કલેકશનની સુવિધાના અભાવે કલેકશન પૂરેપૂરું આવતું ન હતું તે હવે ગામમાં જ વીજ બિલ કલેકશન હોવાના કારણે વીજ કંપનીને પણ ફાયદો થશે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગે છું કે, ઈ-ગ્રામ, વિશ્વગ્રામ યોજના અંતર્ગત હાલમાં ગ્રામ પંચાયતો ખાતે જે સેવાઓ આપવામાં આવે છે એ સેવાઓ ઉપરાંત ભવિષ્યમાં કેવી સેવાઓ આપવાનું આયોજન રાજય સરકારે કરેલ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાલની જે સેવાઓ આપવામાં આવે છે, ૭/૧૨ના ઉતારા, સર્ટીફિકેટસ, જન્મ મરણના દાખલા એ ઉપરાંત ઈ-ગ્રામ, વિશ્વગ્રામના કાર્યક્રમમાં બી.એસ.એન.એલ.ફોન બિલ કલેકશન પણ કરી શકાશે, એમ.ટી.એન.એલ. કૉઇન ફોન બૉક્સ સર્વીસ પણ ત્યાં મળી શકશે, કોઈ પણ કંપનીનો વીમો પણ ત્યાં મેળવી શકાશે, કુરિયર સર્વીસ પણ ત્યાં આપી શકાશે, ભારતની પોસ્ટલ સેવાઓ, પાન કાર્ડ ઈસ્યુ થઈ શકશે, ઓનલાઈન શેર માર્કેટ, મીચ્યુઅલ ફંડનું પણ કામ ત્યાંથી કરી શકાશે, એસ.ટી. પાર્સલ સર્વીસ પણ ત્યાંથી મેળવી શકાશે. આ ઉપરાંત રાજય સરકારની વિવિધ લાઈન ડિપાર્ટમેન્ટ દ્વારા ઈન્ટરનેટ કનેકિટવિટીની મદદથી ગ્રામજનોને નીચે બતાવ્યા પ્રમાણેની સેવાઓ આપવાનું આયોજન કર્યું છે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નેશનલ રૂરલ એમ્પ્લોઈમેન્ટ ગૅરન્ટી પ્રોગ્રામ અને બી.પી.એલ.ની યાદી ઈ-ગ્રામ દ્વારા ગામની અંદર જ જોઈ શકાશે., ગૃહ વિભાગ દ્વારા પોલીસ ફરિયાદની ઓનલાઈન નોંધણીનો કાર્યક્રમ પણ કરવાનો છે, આરોગ્ય વિભાગ દ્વારા ટેલિમેડિસીન સર્વીસ, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બેરોજગારોની નોંધણી અને તેનું મોનિટરીંગ, કાયદા વિભાગ દ્વારા વિવિધ કોર્ટોમાં ચાલતા કેસોની વિગતોની માહિતી પણ ગામમાં બેઠા મળી શકશે, વાહન-વ્યવહાર વિભાગ દ્વારા વાહનોની નોંધણી પણ કરી શકાશે, ગ્રામજનોને બૅંકીંગને લગતી સુવિધા પણ ત્યાંથી મળી શકશે.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં લખ્યું છે કે ૩૦૦૦ની ઉપરની વસતિવાળા ગામને આવી મંજૂરી આપવામાં આવે છે તો આ કેંદ્ર શરૂ કરવા માટે ગ્રામ પંચાયતો પાસેથી વીજ કંપની દ્વારા કયા કયા પુરાવા માગવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૦૦૦ની વસતિવાળા ગામમાં પ્રાયોગિક ધોરણે શરૂ કર્યું છે અને બધા જ ગામડાઓને એમાં ભાવનગરના તમામ આવા ગામોની કનેકિટવીટી પૂરી કરી છે અને નાના ગામોને પણ આવરી લેવાનો સીકવન્સમાં કાર્યક્રમ રાખ્યો છે.

## કામરેજ તાલુકામાં વનીકરણની યોજનાઓ

***૯૯૬૪ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં વનીકરણની કઈ કઈ યોજનાઓ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ થઈ છે, અને

(૩) બાકી રહેલ યોજનાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**વન મંત્રીશ્રી :-**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન એટલે કે સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રૂા.૧૬.૨૯ લાખ અને ખાસ અંગભૂત યોજના હેઠળ રૂા.૪.૧૨ લાખ મળી કુલ રૂા.૨૦.૪૧ લાખની રકમ મંજૂર કરવામાં આવી.

(૨) યોજનાની કામગીરીઓ પૂર્ણ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કામરેજ તાલુકામાં સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને આ પૈકી કેટલા ટકા રોપાઓ જીવંત છે, અને આ વાવેતરની સામાન્ય પદ્ધતિ શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, કામરેજ તાલુકામાં સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં ૪૩ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે એમાં ૩૬ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે આ પૈકી ૨૫ હજાર

રોપાઓ જીવંત છે, આમ જીવંત રોપાઓની ટકાવારી ૭૦ ટકા છે. એમણે બીજો પ્રશ્ન કર્યો કે, સામાન્ય વાવેતરની પદ્ધતિ શું છે? વાવેતરની સામાન્ય પદ્ધતિમાં વાવેતરનું સ્થળ નક્કી કર્યા બાદ તેમાં કયા પ્રકારના વૃક્ષો વાવવા હિતાવહ રહેશે તે જમીનની સ્થળ સ્થિતિ પ્રમાણે નક્કી કરવામાં આવે છે અને તે મુજબ નર્સરીની શરૂઆત કરવામાં આવે છે અને તે માટે રોપાઓને પોલીથીન બેગમાં ખાતાકીય નર્સરીમાં ઉછેરવામાં આવે છે, વાવેતરની ફરતે રક્ષણ માટે ખાઈ અગર તો વાડ કરવામાં આવે છે, તે વિસ્તારમાં જે તે મૉડલની જોગવાઈ મુજબ ૩૦ x ૩૦ x ૩૦ સેન્ટીમીટરના અથવા તો ૪૫ x ૪૫ x ૪૫ સેન્ટીમીટરના ખાડાઓ ખોદવામાં આવે છે. ચોમાસામાં રોપણી લાયક વરસાદ થયેથી નર્સરીમાંથી રોપાઓને વાવેતરના સ્થળ સુધી વહતૂક કરી ખાડાઓમાં રોપવામાં આવે છે, પ્રથમ વર્ષે રોપાઓની ફરતે ત્રણ વાર નીંદામણ અને ગોળ કામ કરવામાં આવે છે રોપાઓ વધુ જીવંત રહે તે માટે મૉડલની જોગવાઈ પ્રમાણે પૂરક પાણી આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે, બીજા વર્ષે રોપાઓની બે વાર ગોળ કામ અને નીંદામણ કરવામાં આવે છે. ત્રીજા વર્ષે એકવાર ગોળ કામ અને નીંદામણ કરવામાં આવે છે, વાડ અસરકારક રહે તે માટે વાડની દુરસ્તી કરવામાં આવે છે. વાવેતરના રક્ષણ માટે જરૂરિયાત પ્રમાણે મજૂર પણ રોકવામાં આવે છે. આમ આ સામાન્ય રીતેની વાવેતરની પદ્ધતિ છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વન વિભાગ દ્વારા સુરત જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં સામાજિક વનીકરણ અને ક્ષેત્રીય વિભાગ દ્વારા વાવેલ વાવેતરોમાં તાલુકા વાર વાવેલ રોપા અને જીવંત રોપાઓની સંખ્યા તથા ટકાવારી કેટલી છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : સામાજિક વનીકરણ દ્વારા સને ૨૦૦૮-૦૯માં વાવેલ વાવેતરોમાં તાલુકા વાર વાવેલ રોપાઓ અને જીવંત રોપાઓની સંખ્યા તથા ટકાવારી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વાવેલ રોપાઓની સંખ્યા | જીવંત રોપાઓની સંખ્યા | જીવંત ટકાવારી |
|---|---|---|---|
| ચોર્યાસી | ૪,૭૮,૦૦૦ | ૪,૦૭,૦૦૦ | ૮૫ |
| ઓલપાડ | ૩,૬૦,૦૦૦ | ૧,૬૫,૦૦૦ | ૪૬ |
| કામરેજ | ૩૬૦૦૦ | ૨૫૦૦૦ | ૭૦ |
| પલસાણા | ૬૨૦૦૦ | ૪૯૦૦૦ | ૭૯ |
| બારડોલી | ૧૧૬૦૦૦ | ૧૧૩૦૦૦ | ૯૭ |
| મહુવા | ૧૩૮૦૦૦ | ૧૧૪૦૦૦ | ૮૩ |
| માંડવી | ૮૭૦૦૦ | ૭૯૦૦૦ | ૯૧ |
| માંગરોળ | ૧,૮૧,૦૦૦ | ૧,૩૦,૦૦૦ | ૭૨ |
| ઉમરપાડા | ૫૭૦૦૦ | ૩૭૦૦૦ | ૬૪ |

આમ કુલ સામાજિક વનીકરણ હેઠળ જિલ્લામાં વાવેતર કરેલ રોપાઓની સંખ્યા ૧૫,૧૫,૦૦૦ અને જીવંત રોપાઓની સંખ્યા ૧૧,૧૯,૦૦૦ અને જીવંત ટકાવારી ૭૪ ટકા છે.

ક્ષેત્રીય વિભાગ દ્વારા પણ ૨૦૦૮-૦૯માં વાવેતર કરવામાં આવેલ રોપાઓ તથા જીવંત રોપાઓની સંખ્યાની ટકાવારી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વાવેલ રોપાની સંખ્યા | જીવંત રોપાની સંખ્યા | જીવંત ટકાવારી |
|---|---|---|---|
| મહુવા | ૭૩,૦૦૦ | ૫૩,૦૦૦ | ૭૫ |
| ચોર્યાસી | ૧૮,૭૫,૦૦૦ | ૧૭,૮૨,૦૦૦ | ૯૫ |
| માંડવી | ૬,૦૦,૦૦૦ | ૫,૧૦,૦૦૦ | ૮૫ |
| ઉમરપાડા | ૮,૨૪,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | ૮૫ |
| માંગરોળ | ૨,૯૦,૦૦ | ૨,૪૬,૦૦૦ | ૮૫ |

આમ ક્ષેત્રીય વિભાગ હેઠળ સુરત જિલ્લામાં વાવેતર કરેલ રોપાઓની સંખ્યા ૩૬,૬૨,૦૦૦ અને જીવંત રોપાઓની સંખ્યા ૩૨,૯૧,૦૦૦ અને જીવંત ટકાવારી ૯૦ ટકા છે.

## અંજાર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં આવાસો

*** ૯૯૫૯ ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ લાભાર્થીઓને ક્યાં સુધીમાં આવાસો સોંપવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ૭૩ સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) ૭૩ લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર આવાસ યોજનામાં જે રીતે સરકારે સાત હજાર રૂપિયા વધારાના મંજૂર કરી ગરીબ લોકો માટે ખરેખર ઉદારતા બતાવી છે તે માટે રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે ૭૩ સરદાર આવાસો બનાવવામાં આવ્યાં છે અને તમામ અરજીઓ પણ મંજૂર કરવામાં આવી છે. ખૂબ જ સારો અભિગમ આ સરદાર આવાસમાં લેન્ડ કમિટીની અંદર હોય છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ સરદાર આવાસના બેનિફિશ્યરી છે તેને માટેના કયા ક્રાઈટેરિયા છે મંજૂર કરવાના? અને આ સરદાર પટેલ આવાસના બાંધકામનું ક્ષેત્રફળ કેટલું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સરદાર પટેલ આવાસ યોજના કોને આપી શકાય તેની પાત્રતાનું પૂછ્યું છે તો પહેલો ક્રાઈટેરિયા ગરીબી રેખા નીચે હોવા જોઈએ અને તેનો ગુણાંક ૧૭ થી ૨૦ની અંદર આવતો હોવો જોઈએ. મેં અગાઉ કહ્યું તેમ ઈંદિરા આવાસ માટે ૦ થી ૧૬ અને સરદાર આવાસ માટે ૧૭ થી ૨૦ ગુણાંકને પસંદ કરવામાં આવે છે. લાભાર્થી એક તો બી.પી.એલ.હોવો જોઈએ. લાભાર્થીને પોતાના નામે પ્લોટ કે મકાન ધારણ કરતો ના હોવો જોઈએ. તેની પાસે પિયતવાળી જમીન હોય તો ફક્ત અડધો હેકટર જ હોય તો જ તેને તેમાં કન્સીંડર કરાય છે. અને બિન પિયતવાળી જમીન એક હેકટર હોય ત્યાં સુધી તેને કન્સીડર કરવામાં આવે છે. પતિ-પત્ની બન્ને સાથે રહેતાં હોવા જોઈએ અને પતિ-પત્નીના નામે પ્લોટ કે મકાન ના હોય તો આ બે પૈકી એકને લાભ આપી શકાય છે. લાભાર્થી જે ગામમાં રહેતો હોય અને તેની માગણી કરતાં હોય તો ત્યાં આગળ ઓછામાં ઓછાં પાંચ વર્ષથી તેનો વસવાટ હોવો જોઈએ. સરદાર પટેલના આવાસનું બાંધકામ છે તેનું ક્ષેત્રફળ ૨૨.૯૦ ચો.મીટર ઓટલા સિવાય એટલું બાંધકામ તેને આપવામાં આવે છે. પોઈન્ટ ૯૦ મીટર સુધી પાયાનું ખોદકામ કરવામાં આવે છે. પ્લીન્થની ઉંચાઈ પોઈન્ટ ૪૫ એટલે દોઢ ફૂટની ઉંચી પ્લીન્થ હોય છે. પ્લીન્થથી ધાબાની ઉંચાઈ ૨.૭૦ મીટર હોય છે. પેરાપીટની ઉંચાઈ પોઈન્ટ ૩૦ મીટર હોય છે. એનો જે મોટો ઓરડો રહેવાનો હોય છે તે ૩.૩૫ મીટર બાય ૪.૯૮ મીટરનો મોટો ઓરડો હોય છે. અને ૧.૮૨ મીટરની સંડાસ કમ બાથરૂમની જગ્યા હોય છે. અને આગળ વરંડા આગળ ૧.૮૦ મીટર પહોળાઈ ધરાવતો અને ૩૦ મીટર ઉંચાઈ વાળો ખુલ્લો ઓટલો હોય છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સરદાર આવાસનું જે મકાન આપવામાં આવે છે તે છેવાડાના ગરીબ માણસો માટે, જેમ સુદામા માટે શ્રીકૃષ્ણ ભગવાને ઝૂંપડું બનાવ્યું હતું તેમ છેવાડાના ગરીબ માણસો માટે શ્રીકૃષ્ણ બનનાર આ ગુજરાતના મુખ્યમંત્રી અને પંચાયત મંત્રીશ્રીને મારા લાખ લાખ અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, કચ્છ જિલ્લામાં અંજાર તાલુકામાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ દરમિયાન સરદાર આવાસ યોજનાના લક્ષ્યાંકો સામે શું પ્રગતિ થઈ ? કેટલી લેન્ડ કમિટી ભરાઈ ? અને સરદાર આવાસની માગણીઓની અરજીઓનો શું નિકાલ કરવામાં આવ્યો ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંજાર તાલુકાનો પ્રશ્ન છે. અને અંજાર તાલુકામાં ૨૦૦૭-૦૮માં ભૌતિક લક્ષ્યાંક ૫૦નો હતો તેમાંથી ૨૧ની સિદ્ધિ થઈ છે. તેની જે જોગવાઈ ૧૮ લાખની હતી તેમાંથી ૧૩ લાખ ૮ હજારનો ખર્ચ થયો છે. ૨૦૦૮-૦૯માં ૫૫નો લક્ષ્યાંક હતો, ૪૮ સિદ્ધિ થઈ છે અને ૧૯.૮૦ લાખની ખર્ચની જોગવાઈ હતી તેમાંથી ૧૮.૨૮ લાખનો ખર્ચ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે લેન્ડ કમિટી ૨૦૦૭-૦૮નો જે પ્રશ્ન પૂછ્યો તેમાં અંજારમાં ૨૦૦૭-૦૮માં બે લેન્ડ કમિટી બે વખત મળી હતી. ૧૩-૬-૨૦૦૭ના રોજ મળી તેમાં જે અરજીઓ આવી હતી તે કુલ અરજીઓ ૩૫ આવી તે અરજીઓ પૈકી ૨૮ અરજીઓ મંજૂર કરી છે અને ૨૮ પ્લોટ એલોટ કરવામાં આવ્યાં છે. તેમાંથી ૭ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ૨૧/૯/૦૭ના રોજ બીજીવાર રેવન્યુ કમિટી મળી. ૮૬ પ્લોટની અરજી આવી હતી. આ ૮૬ અરજી પૈકી ૫૫ અરજી મંજૂર કરીને ૫૫ પ્લોટ એલોટ કર્યા છે. ૩૧ અરજી નામંજૂર કરી છે. આમ ૧૨૧ પૈકી ૮૨ અરજી મંજૂર કરી છે અને ૩૮ અરજી નામંજૂર કરી છે. ૨૦૦૮-૦૯માં અંજાર તાલુકામાં ૬ વખત લેન્ડ કમિટી મળી હતી. અંજાર તાલુકામાં ૯/૬/૦૮ના રોજ ૧૦૭ અરજીઓ આવી હતી, તેમાંથી ૮૯ અરજી મંજૂર કરીને ૮૯ પ્લોટ ફાળવવામાં આવ્યા છે. ૧૮ અરજી નામંજૂર કરી છે. ૧૭/૭/૦૮ના રોજ બીજી ૧૦૦ અરજીઓ આવી, જેમાંથી ૯૭ અરજીઓ મંજૂર કરી અને ૯૭ને પ્લોટ એલોટ કરી દીધા. ૩ અરજી નામંજૂર કરી. ૨૩/૧૦/૦૮ના રોજ ૧૬૫ અરજીઓ આવી. તે પૈકી ૧૪૫ અરજી મંજૂર કરી અને ૧૪૫ પ્લોટ એલોટ કરી દીધા. ૨૦ અરજી નામંજૂર કરી છે. ૨૧/૧૨/૦૮ના રોજ ૨૮૫ અરજીઓ આવેલ હતી, તે પૈકી ૭૯ અરજી મંજૂર કરી અને ૭૯ને પ્લોટ એલોટ કર્યા. ૨૦૬ અરજી નામંજૂર કરી છે. ૫/૧/૦૯ના રોજ ૨૮૦ અરજીઓની ચકાસણી કરી, જે પૈકી ૧૭૦

અરજી મંજૂર કરી અને ૧૭૦ પ્લોટ એલોટ કર્યા. ૧૧૦ અરજી નામંજૂર કરી. છેલ્લે ૫/૨/૦૯ના રોજ ૩૧૧ અરજી લેન્ડ કમિટીએ ચકાસી, જે પૈકી ૧૭૦ અરજી મંજૂર કરી અને ૧૭૦ને પ્લોટ એલોટ કર્યા છે. બાકીની ૧૪૧ અરજી નામંજૂર કરી છે. આમ અંજાર તાલુકામાં કુલ ૧૨૪૮ અરજી પૈકી ૭૫૦ અરજી મંજૂર કરી અને ૪૯૮ અરજી નામંજૂર કરી.

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈ, તમારા કહેવા પ્રમાણે અનેક સુદામાઓને, લાભાર્થીઓને લાભ આપ્યો છે. નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંક: ૭. માનનીય નટવરસિંહ. નેક્સ્ટ. પ્રશ્ન ક્રમાંક: ૮. માનનીય બાવકુભાઈ. નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંક: ૯ માનનીય બચુભાઈ. નેક્સ્ટ.

### ધારી તાલુકામાં સરપંચો સામે ફરિયાદો

*** ૯૯૮૪ શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરપંચો સામે ગૌચરના દબાણો અને ગ્રામ પંચાયતોના ગેર વહીવટ અંગે કેટલી ફરિયાદો મળી, અને

(૨) ઉક્ત ફરિયાદો સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી?

**પંચાયતમંત્રીશ્રી:**

(૧) સરપંચો સામે ગૌચરના દબાણની કોઈ ફરિયાદ મળેલ નથી. ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે (૫) પાંચ ફરિયાદો મળેલ છે.

(૨) ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગેની પાંચ (૫) ફરિયાદ પૈકી ચાર (૪) નો નિકાલ કરવામાં આવેલ છે. એક (૧) ફરિયાદ અંગે કાર્યવાહી ચાલુ છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ધારી તાલુકામાં સરપંચોએ ગૌચરના દબાણો કરેલ છે, એમાં કોઈ ફરિયાદ મળેલ નથી. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરપંચો સિવાય દબાણ કરનાર અન્ય લોકોની ગૌચરના દબાણોની કોઈ ફરિયાદ મળેલ છે કે કેમ અને એમાં શું કાર્યવાહી કરવામાં આવી? બીજો પ્રશ્ન એ છે કે જે સરપંચશ્રીઓની ગૌચરના દબાણની કોઈ ફરિયાદ મળેલ નથી, પરંતુ ગ્રામ પંચાયતોના ગેરવહીવટ બાબતની ૫ ફરિયાદો મળેલ છે, એમાં શું કાર્યવાહી કરવામાં આવી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મનસુખભાઈનો પ્રશ્ન હતો કે સરપંચે ગૌચરના દબાણ કર્યા છે. અમે જવાબ આપ્યો છે કે સરપંચે ગૌચરનું કોઈ દબાણ કર્યુ નથી. પરંતુ ગેરવહીવટ કરવાને લીધે એમાં ૫ ફરિયાદો છે. મોણવેલ ગ્રામ પંચાયતમાં જે ફરિયાદ આવેલ છે, એ ગેરવહીવટની છે. એમાં તપાસ કરાવી છે. એમાં ગેરવહીવટ જણાયેલ નથી. જે અંગે ૬/૭/૦૯ના પત્રથી અરજદારને જવાબ આપેલ છે. ધારગણી ગ્રામ પંચાયત ગેરવહીવટ ન થયેલ હોઈ તાલુકા વિકાસ અધિકારીને મળેલ ફરિયાદ તેમના દ્વારા દફતરે કરવામાં આવેલી છે. ખીચા ગામમાં સરપંચશ્રી દ્વારા દાખલાઓમાં સહી કરી આપેલ હતી અને માનનીય ધારાસભ્યશ્રીને એનો જવાબ મોકલી આપ્યો છે. ખીચા ગામમાં ખીચા ગામ, ફતેગઢ, મીઠાપુર, ડુંગરી ગ્રામ પંચાયતમાં પ્રાથમિક શાળાના બાંધકામ બાબતે ગેરરીતિ અંગેની સુનાવણી પૂરી થઈ છે. ખીચા સરપંચશ્રીને આપેલ ૫૭(૧) ની નોટિસ પરત ખેંચવા ૪/૭/૦૯ના રોજ હુકમ કરેલ છે. ખીચા અને ફત્તેગઢ ગામે શાળાના રિપેરિંગનું કામ પૂરું થઈ ગયું છે. મીઠાપુર ગામે પ્રાથમિક શાળાના રિપેરિંગ માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી કોઈ ખર્ચ થયેલ નથી. હવે શાળા રિપેરિંગનું કામ બાંધકામ સમિતિ દ્વારા કરવામાં આવશે. ઈમતીમડી ગ્રામ પંચાયત પરા વિસ્તાર પ્રત્યે ઓરમાયું વર્તન અને ગટરના નબળા બાંધકામ અંગેની રજૂઆત હતી, એ અંગેની ફરિયાદ હતી એ એંગે તપાસ કરાવી છે, પરંતુ એમાં કોઈ ગેરરીતિ માલૂમ પડી નથી અને ઓરમાયું વર્તન રાખવાની ફરિયાદ હતી એ પણ તપાસ કરી હતી. પરા વિસ્તારને પાણી પૂરું પાડવામાં આવે છે જે અંગે અરજદારને તા. ૬-૭-૦૯ ના રોજ પત્ર મોકલ્યો છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન હતો કે સરપંચે ગૌચરનું દબાણ કરેલ નથી, પરંતુ અન્ય કોઈ લોકોએ દબાણ કરેલ છે કે કેમ અને જો કરેલ હોય તો કોઈ કાર્યવાહી કરી છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરના બીજા કોઈના દબાણનો રેકર્ડ અમારી પાસે અત્યારે નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનો પ્રશ્ન છે એમાં ફરિયાદનું તત્વ હોય તેમ જણાય છે તો આપની કક્ષાએ જોઈ લેજો.

### છોટાઉદેપુર તાલુકામાં સરપંચો સામે ફરિયાદો

***૯૯૮૫શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

૧. વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરપંચો સામે ગૌચરના દબાણો અને ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે કેટલી ફરિયાદો મળી, અને
૨. ઉક્ત ફરિયાદો સંબંધમાં શી કાર્યવાહી કરવામાં આવી?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. ગૌચરના દબાણની કોઈ ફરિયાદ મળેલ નથી, પરંતુ ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે. ચાર (૪) ફરિયાદો મળેલ છે.

૨. કાર્યવાહી ચાલુ છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકામાં ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે ચાર ફરિયાદ મળેલ છે તો તેની વિગતો શું હતી અને હાલ આ તપાસણી કયા તબકકે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ અગાઉના પ્રશ્ન જેવો જ પ્રશ્ન છે. વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકામાં ગ્રામ પંચાયતોના ગૌચરના દબાણની કોઈ ફરિયાદ નથી, પરંતુ ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગેની ફરિયાદ છે અને તેમણે પૂછયું છે કે શું ફરિયાદ છે તો એમાં ફરિયાદ કરનાર એવા જાગૃત લોકો તરફથી સહી કરીને ફરિયાદ કરી હતી. ગામ દુમાલી છે, ખાડીવલ્લી ફળિયા નવી વસાહત ટીનાના ખેતર નજીક બનાવેલ કોઝવેનું કામ ખરાબ થયેલ છે એવી ફરિયાદ હતી. તાલુકા વિકાસ અધિકારી, છોટા ઉદેપુર દ્વારા જાત તપાસ કરી હતી અને ગામના લોકોનો જવાબ લેતાં સંતોષકારક રીતે કામ થયેલ છે. નાયબ કાર્યપાલક ઈજનેર મારફતે આ કામનું ચેકિંગ કરી વર્ક કમ્પ્લીશનનું સર્ટિફિકેટ આપી દીધેલ છે અને એમાં ત્રણ કોઝવેના કામોના ફોટા પણ પાડી લીધા છે અને જે કોમાના થયેલ ખર્ચની પણ વિગતો છે. એમાં ખાડીવલ્લી જલોદા કોઝવે છે એ ૧.૨૬ લાખનો છે, વસંત જલોદા ૧.૮૪ લાખ, ટીનાના ખેતર નજીકના કોઝવેની ફરિયાદ હતી એનો ખર્ચ ૧.૪૯ લાખનો છે અપ્રશ્ને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરાને આનો જવાબ મોકલી આપવામાં આવેલ છે. બીજી એક આર.આર.રાઠવાની ફરિયાદ છે એ રાયસીંગપુરા ગામની ફરિયાદ છે. એમાં આ રાયસીંગપુરા ગામના તલાટી-કમ-મંત્રી દાખલો આપવા માટે પૈસા લે છે એવી ફરિયાદ છે, દ્વીભાષા બોલે છે અને સરપંચને ગાંઠતા નથી એવી ફરિયાદ છે. એના માટે સરપંચશ્રી અને ગામ લોકો પાસેથી જવાબ મેળવતાં ઉપરોકત તલાટી સામે ફરિયાદ પૂરવાર થયેલ નથી. શ્રી એસ.એન.રોહિતની નાયબ જિલ્લા વિકાસ અધિકારીના તા. ૬-૨-૦૯ ના હુકમથી એમની આ રાયસીંગપુર સેજા ઉપરથી હરવદ ગ્રામ પંચાયત સેજા ઉપર બદલી કરવામાં આવી છે, પરંતુ ખાસ જણાવવાનું કે તપાસ કરતાં આવા આર.આર.રાઠવા નામનો માણસ જ નથી. એમના નામે આ રાયસીંગપુરા પોસ્ટ ઓફિસમાંથી આર.પી.એ.ડી. કવર મોકલેલ એ પણ પરત આવેલ છે. ત્રીજી ફીરયાદ છે એ નાગજીભાઈ કાદુભાઈ રાઠવાની ડોલરીયા ગ્રામ પંચાયતની છે એમાં ૫ વર્ષનાં સમયમાં આ ડોલરીયા ગ્રામ પંચાયતમાં થયેલ કામોમાં તપાસ કરવાની ફરિયાદ છે. આ તપાસની કાર્યવાહી ઉપલબ્ધ થયેથી એનો અહેવાલ સંબંધિતને મોકલી આપવામાં આવશે. એક ચોથી ફરિયાદ છે એ નાયકા અંબુભાઈ કાળુભાઈની મોટા કોટવા ગામની છે એમાં આક્ષેપની વિગતો એવી છે કે એમણે મોટા કોટલા જૂથ પંચાયતમાં થયેલ ગેરરીતિની તપાસ કરવાની માગણી કરી છે એમાં પણ પ્રાથમિક તપાસ ચાલે છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ છોટા ઉદેપુર તાલુકાની ગ્રામ પંચાયતના ગૌચરના દબાણનો પ્રશ્ન છે, પણ તે પૈકી આ ગૌચરની જે જમીનો છે એમાં રાજય સરકારે ખૂબ ઉમદા પગલું વર્ષો પહેલાં ભરેલું અને આ ગૌચરની જમીનો છે તેનો પોષક આહાર યોજના માટે એ જમીનોને નીમ કરેલી અને એમાંથી જે ઉત્પાદન ગ્રામ પંચાયત કરે તે બાલવાડીના બાળકો, આંગણવાડીના બાળકો અને સગર્ભમા બહેનો છે તેમને મદદરૂપ થવાના હેતુ માટે આ જમીનો પોષક આહાર માટે નીમ કરવામાં આવેલી છે. હવે મારે એ જાણવું છે કે કેટલીક ગ્રામ પંચાયતોમાં આવી પોષક આહાર માટે નીમ કરવામાં આવેલી જમીનો છે તે હરરાજીથી કેટલાક સ્થાપિત હિતોના નામે આપી દેવામાં આવેલી છે. તો એ નીમ કરેલા ગૌચરની જમીન આ રીતે આપી દેવામાં આવી હોય તેને રદ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એમનું સૂચન સારું છે. પણ છોટા ઉદેપુર તાલુકામાં આવી જમીન પોષક આહાર માટે ઉપયોગ કરવાનો છે તેવી કોઈ જમીન કોઈને આપવામાં આવી છે કે કેમ તેની વિગતો મેળવવામાં આવશે અને તેની વિગતો મેળવીને જો કોઈ ફરિયાદ હશે તો......

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, ગૌચરની જમીન આવા કોઈ હેતુ માટે આપવામાં આવી હતી તે છોટા ઉદેપુર તાલુકામાં વેંચી દેવામાં આવી છે તેવી ફરિયાદ છે. તો આપ તપાસ કરાવી લેજો, કારણ કે આપની પાસે અત્યારે વિગતો નહીં હોય.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અત્યારે વેચાણ અંગેની કોઈ જાણકારી નથી, છતાં એમનું સૂચન છે તે તપાસ કરાવીશું.

**અધ્યક્ષશ્રી** : ફરિયાદ છે, ફરિયાદની આપ તપાસ કરાવજો ને.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અત્યારે ફરિયાદ કોઈ નથી એવી.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીએ કહયું તે ફરિયાદ જ ગણાય, તેની તપાસ કરાવીને આપ એમને જવાબ આપજો.

**સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી આવાસ**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૫૧ (એકાવન)

(૨) ૨૧ (એકવીસ)

(૩) રૂા. ૬૯.૭૨ લાખનો (રૂપિયા ઓગણસિત્તેર લાખ બોંતેર હજાર).

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં સ્પષ્ટ જણાવેલ છે કે સાબરકાંઠા જિલ્લામાં લગભગ ૫૧ જેટલા પંચાયત ઘરો મંજૂર કર્યા અને તે પૈકી લગભગ ૭૦ લાખ રૂપિયા જેટલો ખર્ચ કરી અને ૨૧ જેટલા પાંયતઘરોની કામગીરી પૂર્ણ કરેલ છે. તે બદલ હું રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રીને વંદન સહ અભિનંદન આપું છું. આપશ્રીના માધ્યમથી હું એ જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા પંચાયતઘર હયાત છે, બીજો પ્રશ્ન એ છે કે આ પંચાયતઘર પૈકી કેટલા ઉપયોગમાં લઈ શકાય તેવા છે અને કેટલા જર્જરીત છે. અને ત્રીજો પ્રશ્ન એ છે કે આવા જર્જરીત પંચાયતઘરો છે તે બાંધવા માટે સરકારશ્રીએ શું આયોજન કરેલ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સાબરકાંઠા જિલ્લામાં જે પંચાયતઘરો આ વર્ષે મંજૂર કર્યા છે તે ૫૧ મંજૂર કરેલા તેમાંથી ૨૧ પૂરા કર્યા છે. પરંતુ એમનો પ્રશ્ન ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિનો છે, તો આ વર્ષે અમે તાલુકાવાર પંચાયત ઘરની વ્યવસ્થા ગોઠવી અને નવી નીતિના આધારે ૨૦૧૦ સુધીમાં ઘણા બધા પંચાયત ઘર પૂર્ણ કરવાના હોવાના કારણે લગભગ પુરા થઈ જવાના છે, પણ ત્યાં જે જર્જરીત પંચાયત ઘરની વાત છે તેમાં ૧૧૩ જેટલા જર્જરીત છે, એમનો બેસવા લાયક પંચાયતઘર અંગેનો પ્રશ્ન છે તો કુલ ૭૧૯ ગ્રામ પંચાયતો છે એમાંથી ૫૯૫ ગ્રામ પંચાયતઘર બેસવા લાયક છે. અને એમાંથી ૧૧૩ જર્જરીત છે. અને ૧૨૪ નવા બનાવવા પાત્ર છે. એમણે તાલુકાવાર માગણી કરી છે તો બાયડમાં ૬૦ પંચાયતઘર છે એમાંથી ૪૮ પંચાયતઘર વાપરી શકાય એવા છે અને ૧૨ જર્જરીત છે. ભીલોડામાં ૭૮ પંચાયતઘર છે એમાંથી ૭૨ બેસવા લાયક છે અને ૬ જર્જરીત છે. ધનસુરામાં ૩૩ પંચાયતઘર છે એમાંથી ૨૫ સારા છે અને ૭ જર્જરીત થઈ ગયા છે. હિંમતગનરમાં ૮૫ પંચાયત ઘ ાર છે એમાંથી ૫૯ બેસવાલાયક જગ્યા છે. અને ૨૫ જર્જરીત છે. ઈડરમાં કુલ ૯૫ પંચાયતઘર છે એમાંથી ૮૮ સારા છે અને ૬ જર્જરીત છે. ખેડબ્રહમાં તાલુકામાં ૪૮ ગ્રામ પંચાયતો છે એમાંથી ૩૯ બેસવા લાયક પંચાયતો છે જ્યારે સાત પંચાયત ઘરો જર્જરિત છે. માલપુરમાં ૩૭ ગ્રામ પંચાયતો છે એમાંથી ૨૯ ગ્રામ પંચાયતો બેસવાલાયક છે. જ્યારે આઠ ગ્રામ પંચાયતો જર્જરિત હાલતમાં છે. મેઘરજમાં ૪૩ ગ્રામ પંચાયતો છે એમાંથી ૪૧ ગ્રામ પંચાયતો બેસવાલાયક છે જ્યારે બે જર્જરિત છે. મોડાસામાં ૫૫ ગ્રામ પંચાયતો છે એમાંથી ૪૧ સારી પંચાયત ઘ ારો છે અને ૧૩ જર્જરિત હાલતમાં છે. પ્રાંતિજ તાલુકામાં ૫૭ ગ્રામ પંચાયતો છે એમાંથી ૪૭ બેસવાલાયક છે અને નવ પંચાયતો જર્જરિત છે. તલોદમાં ૫૯ ગ્રામ પંચાયતો છે એમાંથી ૪૫ બેસવાલાયક છે અને ૧૨ જર્જરિત હાલતમાં છે. વડાલીમાં ૩૮ ગ્રામ પંચાયતો છે એમાંથી ૩૬માં બેસવાલાયક છે અને બે નવા બનાવવા પાત્ર છે. વિજયનગર તાલુકામાં ૩૧ પંચાયત ઘર છે એમાંથી ૨૫ બેસવાલાયક છે અને છ જર્જરિત છે. આમ જિલ્લામાં ૭૦ જર્જરિત પંચાયત ઘરોને નવા બનાવવા માટે મંજૂરી આપવામાં આવી છે અને બાકી રહેતા પંચાયતઘરો તબક્કાવાર પૂરા કરવામાં આવશે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા પંચાયત મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં ગત વરસે પંચાયત ઘર તલાટી કામ મંત્રી આવાસ આદિવાસી વિસ્તારમાં કેટલા થયા અને મારો બીજો પ્રશ્ન એ છે કે આદિવાસી વિસ્તારમાં તાલુકાવાઈઝ કયા કયા ગામમાં પંચાયત ઘરો થયા છે એ જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘરો બનાવવામાં આવ્યા છે એમાં આદિવાસી તાલુકાઓ જોઈએ તો ભીલોડા, વિજયનગર,ખેડબ્રહ્માં અને મેઘરજ આમ કુલ ચાર તાલુકાઓ આવેલા છે. એમણે કહ્યું કે કેટલા પંચાયત ઘરો ફાળવવામાં આવ્યા છે. તાલુકાવાર જોઈએ તો ભીલોડા તાલુકામાં નવ ગ્રામપંચાયત ઘરોને મંજૂરી આપવામાં આવી છે. એમાં નાંદોજ, ખુમાપુર, વાછડી, બુડેલી, ભવાનપુર,ખારસા, ટોડડા, ગંગાસણ અને નાના કંથારિયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તાલુકાવાર આંકડા આપી દો. હજી બીજા બે સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવા છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : વિજયનગરમાં નવ પંચાયતો જર્જરિત છે. ખેડબ્રહમામાં નવ પંચાયત છે અને મેઘરજમાં ત્રણ પંચાયતઘરો છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : બેસવાલાયક ન હોય તેવી પંચાયત ઘરોની જગ્યાએ નવા પંચાયત ઘરો બનાવવાની જોગવાઈ ક્યારથી કરવામાં આવી છે અને એની યુનિટ કોસ્ટ શું છે અને તેમાં કોઈ વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જે પંચાયત ઘરો જર્જરિત છે એના માટે સરકારે નિર્ણય કર્યો છે એને તોડી પાડીને બજૅટની અંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૦૦૬-૨૦૦૭થી બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત રાજયમાં ૧૦૪૪ ગ્રામ પંચાયતના મકાનો છે જ્યાં પંચાયત ઘરો નવા કરવાના છે. આપણે તબક્કાવાર કામ હાથમાં લીધેલ છે. પંચાયત ઘર તલાટી કામ આવાસ ઘરની યુનિટ કોસ્ટ ધરતી કંપ આવ્યો ત્યારપછી જ્યારે જ્યારે ડિઝાઇન કરવામાં આવે છે ત્યારે યુનિટ કોસ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ભૂકંપ પ્રતિરોધક મકાન બને એટલા માટે ૩ લાખ ૬૫ હજાર કોસ્ટ કચ્છમાં રાખવામાં આવેલ છે. જ્યારે રાજયના અન્ય વિસ્તારોમાં ૩ લાખ ૩૨ હજાર યુનિટ કોસ્ટ નક્કી કરવામાં આવેલ છે. એની અંદર નવા એસ.ઓ.આર. પ્રમાણે રીવાઈઝ એસ્ટીમેટ કરવાનું કામ વિભાગ દ્વારા ચાલુ છે અને અત્યારે એ વિચારણા હેઠળ છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તેમણે પોતાના પ્રત્યુત્તરમાં જણાવ્યું છે કે હિંમતનગર તાલુકાના ૮૫ પંચાયત ઘર પૈકી લગભગ ૨૫ જર્જરિત છે. આ જર્જરિત થયેલ ૨૫ પંચાયત ઘર પૈકી રાજય સરકારે શું આયોજનની વિચારણા કરી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ૭૦ જર્જરિત પંચાયતોને આ વર્ષે બાંધવા માટેનો કાર્યક્રમ હાથ ઉપર લીધેલ છે. એટલે એમણે જે ૨૫નું સૂચન કર્યું છે એ અંદર આમેજ કરેલ છે.

## મોડાસા તાલુકામાં ગૌચરની જમીનોના દબાણો

*** ૯૯૯૪ શ્રી દિલીપસિંહ વ.પરમાર (મોડાસા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકામાં ગૌચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો મળી, અને

૨. આ દબાણો દૂર કરવા શાં પગલાં લેવામાં આવ્યાં?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. ૩ (ત્રણ)

૨. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ હેઠળ સંબંધિત ગ્રામપંચાયત દ્વારા ૧ (એક) દબાણ દૂર કરેલ છે અને બાકીના દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ દબાણમાંથી એક દબાણ દૂર કર્યું છે. બે દબાણ કેટલા સમયમાં દૂર કરવામાં આવશે અને બીજો પ્રશ્ન છે કે એક દબાણ જે દૂર કર્યું, એ ફરીથી દબાણ થાય છે. તો આ દબાણ અવારનવાર થતું હોય તો જે તે ગ્રામપંચાયત સામે કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જે દબાણ દૂર થયું છે, તેમણે જે વિગત માગી છે કે દબાણ ફરી ફરીને થાય છે. તેને ચોક્કસપણે અટકાવવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : એમનો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે કે જે ગ્રામપંચાયતમાં આ દબાણ દૂર કર્યા પછી ફરીથી થયું છે તેમની સામે પગલાં લેવા માગો છો કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : હા, જી. મેં હા જ પાડી છે.

## ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લૉટ

***૯૯૫૮ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લૉટ મેળવવા કેટલી અરજીઓ મળી,

૨. તે પૈકી કેટલા અરજદારો માટે ૧૦૦ ચોરસવારના પ્લૉટ મંજૂર કરવામાં આવ્યા,

૩. કેટલી અરજીઓ પડતર છે અને

૪. કેટલા સમયમાં આ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસ વારના પ્લૉટ મેળવવા માટે ૬૪૭ અરજીઓ મળેલ છે.

૨. ૧૫૫ લાભાર્થીના ૧૦૦ ચોરસવારના પ્લૉટ મંજૂર કરવામાં આવ્યા.
૮૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

૩. ૪૦૭ અરજીઓ પડતર છે.

૪. ૪૦૭ પડતર અરજીઓનો તા. ૧૫-૬-૦૯ની લૅન્ડ કમિટીની બેઠકમાં નિકાલ કરેલ છે. કોઈ અરજી પડતર નથી.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાઈઝ કઈ તારીખોએ લૅન્ડ કમિટીની બેઠકો થઈ અને તેમાં કેટલી અરજીઓ આવી અને તેનો શું નિકાલ થયો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ એક વર્ષમાં જે ૧૦૦ ચોરસવારના પ્લૉટ ફાળવવા માટેની અરજીઓ આવી છે તેમાં જે લૅન્ડ કમિટી મળે છે એ લૅન્ડ કમિટીની મિટિંગોનો પ્રશ્ન પૂછ્યો છે. તો ગાંધીનગર તાલુકામાં બે મિટિંગો થઈ છે. લૅન્ડ કમિટીની બેઠક બોલાવી, ૧-૫-૨૦૦૮ અને ૧૮-૧૨-૨૦૦૮ એ બે મિટિંગ થઈ છે. પહેલી મિટિંગમાં ૯૫ અરજીઓ આવી, ૭૧ અરજીઓ મંજૂર કરી અને ૨૪ અરજીઓ નામંજૂર કરી. બીજી તા. ૧૮-૧૨ના રોજ ૧૫૦ અરજીઓ આવી, ૮૦ મંજૂર કરી અને ૭૦ નામંજૂર થઈ. દહેગામ તાલુકામાં ૩૦-૪-૨૦૦૮ના રોજ ૩૫ અરજીઓ આવી. ૩૫ મંજૂર કરી અને ૩૫ પ્લૉટ એલોટ કર્યા. કલોલ તાલુકામાં ૨૫-૪-૨૦૦૮ના રોજ ૯૨ અરજીઓ આવી, કમિટીમાં લીધી. ૯૨ અરજીઓ મંજૂર કરી. ૯૨ પ્લૉટ એલોટ કર્યા. માણસા તાલુકામાં ૩-૬-૨૦૦૮ના રોજ ૪૯ અરજીઓ કમિટીમાં લીધી. ૪૩ અરજીઓ મંજૂર કરી. ૬ અરજીઓ નામંજૂર કરી. ૩-૭-૨૦૦૮ના રોજ લૅન્ડ કમિટીની મિટિંગ મળી, ૪૧ અરજીઓ લીધી. ૩૨ અરજીઓ મંજૂર કરી. ૯ અરજીઓ નામંજૂર કરી. તેમ કુલ ૪૬૨ અરજીઓ ગાંધીનગર જિલ્લામાં આવી. ૩૫૩ અરજી મંજૂર કરી અને ૧૦૯ અરજીઓ નામંજૂર કરી.

**ખંભાત તાલુકામાં સરપંચો સામે ફરિયાદ**

***૯૯૮૬ શ્રી શિરિષકુમાર મ. શુક્લ (ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરપંચો સામે ગૌચરના દબાણો અને ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે કેટલી ફરિયાદો મળી અને

૨. ઉક્ત ફરિયાદો સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. ગૌચરના દબાણો અંગે સરપંચ સામે એક પણ ફરિયાદ મળી નથી. ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે ૫ (પાંચ) સરપંચો સામે ફરિયાદો મળેલ છે.

૨. ગ્રામપંચાયતના ગેરવહીવટની ફરિયાદ બાબતે એક (૧) સરપંચ સામે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અન્ય સરપંચો સામેની ગેરવહીવટ અંગેની ફરિયાદ અંગે અહેવાલ મંગાવેલ છે. જે પરત્વે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે પાંચ સરપંચો સામે ફરિયાદ કરી છે તેના નામ શું છે અને જ્યારે આપણી પાસે ફરિયાદ આવી છે ગૌચરની ત્યારે જ આપણે જોઈએ છીએ કે આપણી પાસે કોઈ સ્વતંત્ર તંત્ર છે.કે તલાટી કમ મંત્રી છે. આ ગૌચરની જમીન પરના એમના દ્વારા દબાણો થાય છે. એની સ્વતંત્રપણે તપાસ કરાવીને ગૌચરના દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ગૌચર અંગેની મળતી ફરિયાદો તરત જ સરપંચશ્રીને સોંપીને કામગીરી શરૂ કરવામાં આવે છે. ઘણી વખત એવા પ્રકારના દબાણ હોય છે. જેમાં વહિવટી દૃષ્ટિએ દૂર કરવામાં થોડોક વિલંબ થતો હોય છે. ચોક્કસપણે જે કોઈ અરજીઓ હોય છે એની તપાસ કરીને આ દબાણો દૂર કરવામાં આવે છે. પાંચ સરપંચો અંગે અરજીઓ મળી છે અને એના વિશે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો. એમાં ઉમદેલ ગામના ચીમનભાઈ એમ.પટેલ સરપંચશ્રી છે, અરજી કરનાર ચાવડા નરેન્દ્રસિંહ છે. એમણે તા.૫-૬-૦૮ના રોજ એવી ફરિયાદ કરી છે કે ઉમદેલ ગામના સરપંચશ્રીએ કલમ-૫૭(૧) હેઠળ સત્તાનો દુરુપયોગ કરવા બદલ દૂર કરવાની વાત હતી. અરજીની તપાસ કરતાં, અરજદારશ્રીનો જવાબ મેળવતા તેઓએ જણાવેલ છે કે સદર અરજી અમોએ ગેરસમજથી તથા યોજનાકીય માહિતીના અભાવે કરેલ હોઈ, સદર અરજી દફતરે કરવામાં આવે છે. ઘણી વખત ફરિયાદો એવી આવે છે કે, એક્સરસાઈઝ કર્યા પછી કાંઈ નીકળે નહીં. પોપટવાવ કરીને એક ગામ છે. પટેલ પ્રવિણભાઈ રાવજીભાઈ ગામના સરપંચ છે. ગોહીલ ડાહ્યાભાઈ ગીરધરભાઈએ તા. ૫-૪-૦૮ના રોજ ફરિયાદ કરી છે. એમની ફરિયાદ એવી છે કે, પોપટવાવ સતરડી ગ્રામ પંચાયતમાં ઉમરડાનું ફળાઉ ઝાડ બિન પરવાનગીથી વેચેલ છે. મારે સભ્યશ્રીઓને જણાવવું છે કે, અરજી પરત્વે તપાસ કરાવતાં સરપંચશ્રીએ જણાવેલ છે કે, ફળાઉ ઉમરડાનું ઝાડ તા.૪-૪-૦૮ના રોજ અતિ ભારે પવનના કારણે પડી ગયેલ હતું એવો રિપૉર્ટ છે. સરપંચશ્રી અને ઉપસરપંચશ્રી તા.૨-૪-૦૮થી તા.૪-૪-૦૮ સુધી ગાંધીનગર ખાતે તાલીમમાં હતા. એટલે પડી ગયેલ ઝાડ અન્ય ઇસમો લઈ ગયેલ હોવાથી અરજી દફતરે કરેલ છે. ત્રીજી અરજીમાં શંકરપુરાના સરપંચશ્રી સામે ફરિયાદ ઊભી થઈ છે. શંકરપુરાના દિનેશભાઈ પટેલ સરપંચ છે અને પી.પી.પટેલે તા.૩-૨-૦૮ ના રોજ ફરિયાદ કરી છે. એમાં કબ્રસ્તાનમાં બિન પરવાનગીથી ઝાડ કાપવાની ફરિયાદ આપી છે. એની અમે તપાસ કરાવી છે. તપાસ કરતાં અરજદારશ્રીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, આ અરજીમાં મેં સહી જ કરી નથી. મુસ્લિમ વૉર્ડ નં.૧૧ તથા કબ્રસ્તાનના વહીવટકર્તા આગેવાનોએ જણાવેલ છે કે ઝાડના માત્ર ડાળાં કાપવામાં આવેલ છે. તેથી સરપંચશ્રી,

તલાટી કમ મંત્રી અને સદસ્યશ્રીઓ દોષિત નથી અને તેથી અરજી દફતરે કરવામાં આવે છે. ચોથી અરજી- ગોહીલ ઈન્દ્રવિજયસિંહ દિલિપસિંહ સરપંચ છે અને મયુરભાઈ કે.રાવલે ફરિયાદ કરી છે. વિકાસના કામો નહીં કરવા બાબતની ફરિયાદ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, મંત્રીશ્રીની એકાગ્રતા ન તોડો. (અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સદર અરજી પરત્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ તા.૧૯-૮-૦૯ના રોજ વિકાસના કામો અંગેનો અહેવાલ માગેલ હતો. જેની તાલુકા પંચાયતે તપાસ પૂર્ણ કરેલ છે. જે મુજબ હાલમાં વિકાસના તમામ કામો પૂર્ણ થયેલ હોઈ સદર અરજી દફતરે કરેલ છે. આ પ્રમાણે ચારેય અરજીઓનો નિકાલ કરેલ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લા ૩ વર્ષમાં ખંભાત તાલુકામાં ગૌચરના ઘણા દબાણો થયા છે. એમાંથી દબાણો દૂર કરવાની ફરિયાદો કેટલી આવી અને કેટલા દબાણ દૂર થયા? એના ઉપર શું એકશન લેવાયા?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરના દબાણો અંગેની વિગતો આપવામાં આવશે અને એમના જે ગામો હશે એની વિગતો આપવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : ૩ વર્ષમાં થયેલ દબાણોની વિગતોની માગણી કરી છે અને એમાંથી દૂર થયા હોય તો એની વિગતો માગી છે. અત્યારે તમારી પાસે હોય તો આપો નહીં તો ટેબલ ઉપર મૂકજો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ ઉપર મૂકીશ.

**આર.બી.ડી. પામોલીન તેલનો જથ્થો**

***૧૦૦૧૬ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આર.બી.ડી. પામોલીન તેલના કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો,

(૨) તે પૈકી કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું અને

(૩) લોકોને તે કયા ભાવે વેચાણ કરવામાં આવ્યું?

**નાગરિક પુવરઠા મંત્રીશ્રી :**

(૧) ૧૯૯૪૧ મે. ટન જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો.

(૨) ૧૯૯૪૧ મે. ટન

(૩) અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડધારકોને નીચે મુજબના ભાવે વિતરણ કરવામાંા આવ્યું.

| **સમયગાળો** | **વિતરણ ભાવ પ્રતિ ૧ લીટર** |
|---|---|
| જુન-૦૮ થી ઓકટો-૦૮ | રૂા. ૪૪/- |
| નવે-૦૮ | રૂા. ૪૦/- |
| ડીસે.-૦૮ | રૂા. ૩૫/- |

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન પામોલીન તેલ ગરીબ કુટુંબોને તહેવારોમાં આપવા માટે રાજય સરકાર દ્વારા શું અને કેટલા પ્રકારની જોગવાઈ કરવામાં આવેલ હતી અને સબસીડી કેટલી આપવામાં આવેલ હતી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯ એટલે કે ગયા વર્ષે પામોલીન તેલ ગરીબોને તહેવારોમાં આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. ગઈ સાલ તેલના ભાવ બહુ બજારમાં ઉંચા હતા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને ૨૦હજાર મેટ્રીક ટન આર.બી.ડી. પામોલીન તેલનો બફર સ્ટોક કરવા માટેની સૂચના આપી હતી. સમયસર અમે આ તેલ ખરીદવા માટેનો કાર્યક્રમ કર્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા પણ તેલની ઓફર કરી હતી આપણને અને આપણને એમાંથી થોડોક તેલનો જથ્થો મળ્યો હતો. એમણે જે પ્રશ્ન પૂછયો હતો કે આપણે જે ખરીદી કરી છે એ લગભગ ૧૯,૯૭૧ મેટ્રીકટન આપણે તેલ ખરીદ્યું છે એમાં સુધારેલું બજેટ અમારી જોડે ૩૨ કરોડનું બજેટ હતું અને ઉપલબ્ધ ખરીદી ૧૯૯૪૧ મેટ્રીક ટન હતી એમને થોડીક વિગત હું આપું કે જે કાર્ડ હતા ગરીબ લોકોને આપવા માટે ૩૪ લાખ ૫૧ હજાર ગરીબ લોકોને આપણે આ તેલનું વિતરણ કર્યુ હતું. એનો જે ભાવ છે ટેન્ડરથી ખરીદ્યું હતું તે ૬૧ રૂપિયા અને ૪૧ પૈસા અને એસ.ટી.સી. પાસેથી જે આવ્યું હતું એ ૪૮ રુપિયા અને ૮૦ પૈસાએ આવ્યું ટ્રાન્સપોર્ટેશન કરીને. ટેન્ડરથી ખરીદેલું જે તેલ છે પામોલીન એ ગઈ સાલ આપણને ૭૧ રૂપિયા અને ૪૦ પૈસામાં હતું અને ૫૮ રૂપિયા અને ૫૦ પૈસાએ આપણને એસ.ટી.સી. પાસેથી મળ્યું હતું. આ જે આપણે તેલ ખરીદ્યું એ ૪૪ રૂપિયાના ભાવે અને ૪૦ રૂપિયા અને છેવટે

૩૫ રૂપિયાએ ગરીબ લોકોને સબસીડી આપીને આપ્યું હતું એની લગભગ ૪૨ કરોડ રૂપિયા આપણે સબસીડી આપી હતી.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં તહેવાર નિમિત્તે જે પામોલીન તેલ ગરીબોને આપ્યું હતું તો આ વર્ષે એના માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે તેલના ભાવ જયારે બજારમાં ઉંચા જાય છે એના માટે રાજય સરકાર પ્રોવિઝન કરે છે. આ સાલે પણ બજેટમાં અને અમારા આયોજનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને ૧૬હજાર મેટ્રીક ટનનો જથ્થો કરવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે પરંતુ મારે ગૃહને ધ્યાન ઉપર મૂકવું છે કે આ સાલ તેલના ભાવ એટલા ઉંચા જતા નથી જેવા ગઈ સાલે ભાવ ઉંચા ગયા હતા. ગઈ સાલ આપણે ૭૧ રુપિયે તેલ ખરીદતા હતા. આ સાલ આપણે ૪૦ રુપિયાની અંદર પામોલિન તેલ અહીંયા મળે છે અને એટલા માટે આપણે વધારે ખરીદતા નથી પરંતુ અચાનક વરસાદ નહોતો આવવાનો અને જયારે વરસાદની મુશ્કેલી ઉભી થઈ હતી એ સંજોગોમાં અમે ૬હજાર મેટ્રીક ટન તેલ એડવાન્સમાં આગોતરા ખરીદ્યું છે અને એના કારણે ગરીબ લોકોને જો કોઈ મુશ્કેલી પડે તો આ ૬ હજાર મેટ્રીક ટન દ્વારા પહેલા તબકકામાં અમે આપી શકીએ. બાકીનું જે અમારે જે ૧૦હજાર મેટ્રીક ટન તેલ ખરીદવાનું છે એને અમે વેટ એન્ડ વોચ ઓવર રાખ્યું છે. સંજોગો જો એવા આવશે તો ખરીદી શકાશે અને જો સંજોગો એવા નહીં આવે અને ભાવ ઉંચા નહીં જાય તો એના અંગે ફેરવિચારણા કરવામાં આવશે. આ પ્રમાણે અત્યારે જે તેલ અમે ખરીદ્યું છે એ લગભગ ૪૨ રૂપિયા અને ૫૧ પૈસાએ ખરીદ્યું છે અને ટ્રાન્સપોર્ટેશન અને બાકીની કિંમત થઈને ૫૧રૂપિયા અને ૧૦ પૈસાએ પડયું છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ૪૪ રૂપિયા જુનમાં નવેમ્બરમાં ૪૦ રૂપિયા, ડીસેમ્બરમાં ૩૫ રૂપિયાનો આમ ૯ રૂપિયાનો જે ફેર છે આવું કયારેક ઉંચા નીચા ભાવ થતા હોય તો વધારે સબસીડી આપી અને સ્થિર ભાવ કરવા માગો છો કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે ૭૧ રુપિયે તેલ ખરીદ્યું ત્યારે આપણે એને સબસીડી આપીને ૪૪ રૂપિયામાં ગરીબ લોકોને આપણે આપ્યું હતું આપણે સબસીડી એટલી આપી હતી કે જેના કારણે આપણી જોડે નાણાકીય વ્યવસ્થા પણ એડવાન્સમાં કરી હતી. ૪૪ રૂપિયા પછી તેલના ભાવ એકદમ ડાઉન ગયા ત્યારે ગરીબ લોકોને સબસીડી મળી રહે અને બજારમાં આપણને તો ૪૪માંથી ૪૦ અને પછી ૩૫ રૂપિયા સુધીનું આપણે વેચાણ કર્યુ હતું. એ સંજોગો અને પરિસ્થિતિ જોઈને તેલના ભાવ નકકી કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### અમદાવાદ શહેરમાં કેરોસીનના કાળાબજાર રોકવા દરોડા

૯૫૦૯**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેરોસીનની માસિક જરૂરીયાત કેટલી રહે છે, | (૧) ૫૫૮૮ કિ. લી. |
| (૨) કેરોસીન વિક્રેતાઓ દ્વારા કેરોસીનનું કાળાબજારમાં મોટા પાયે વેચાણ થાય છે તે અન્વયે કેટલા દરોડા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાડ્યા, અને | (૨) ૨૯૩૦ દરોડા |
| (૩) કેટલા વિક્રેતાઓ સામે ગેરકાયદેસર કેરોસીન વહેંચવાના ગુન્હા નોંધાયા ? | (૩) ૬ વિક્રેતાઓ ઉપરાંત ગેરકાયદેસર વેચાણના દરોડાના અનુસંધાને નીચે મુજબ પગલાં લીધેલ છે.<br>૧ રૂા. ૩,૫૯,૧૭૪/-નો કેરોસીનનો જથ્થો કબજે કર્યો.<br>૨ રૂા. ૨,૪૮,૬૮૭/-નો કેરોસીનનો જથ્થો રાજ્યસાત કર્યો.<br>૩ રૂા. ૭૦,૩૦૦/- પરવાના પેટની અનામત રાજ્યસાત કરી.<br>૪ ૭ પરવાના મોકુફ રાખ્યા. |

------------

## ગીરના સિંહોને રાજ્યમાં અન્ય જગ્યાએ વસાવવા બાબત

૮૭૨૮**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગીરના સિંહોને રાજ્યમાં અન્યત્ર વસાવવા માટે કોઈ યોજના તૈયાર થયેલ છે કે કેમ, | (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગીરના સિંહોને રાજ્યમાં અન્યત્ર વસાવવા માટે કોઈ યોજના તૈયાર થયેલ નથી. |
| (૨) જો હા, તો ક્યા સ્થળોએ વસાવવા માટેની યોજના બનાવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થળોના વિકાસ માટે શાં પગલાં લેવાયાં, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તેની પાછળ ઉક્ત સ્થિતિએ અંદાજે કેટલો ખર્ચ થયો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ધોરણ-૧ થી ૭ માં શિક્ષણ સુધારણા

૯૦૨૯**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દા વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ધોરણ ૧ થી ૭ ની શિક્ષણ સુધારણા હેઠળ ગણિત- વિજ્ઞાન - અંગ્રેજી વિષયો માટે કઈ યોજના શરૂ કરવામાં આવી, | (૧) ""કણાદ"" યોજના શરૂ કરવામાં આવી. |
| (૨) કઈ એજન્સીને કામ આપવામાં આવ્યું, | (૨) આઈ. એલ. એન્ડ એફ.એસ.એજ્યુકેશન એન્ડ ટેક્નોલોજી સર્વિસ લીમિટેડ, અમદાવાદને કામ આપવામાં આવ્યું. |
| (૩) આ એજન્સીની કેવા પ્રકારની કામગીરીને કારણે ઉક્ત યોજના સ્થગિત કરવામાં આવી, | (૩) આ એજન્સીની પ્રથમ તબક્કાની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ હોવાથી સદરહુ તાલીમ દરમ્યાન આશ્રમશાળાના શૈક્ષણિક સ્તરમાં ગુણાત્મક સુધારો થયેલ છે કે કેમ, તે જાણવું જરૂરી હોઈ મીડ ટર્મ ઈવેલ્યુએશન ન થાય ત્યાં સુધી ""કણાદ"" યોજના સ્થગિત કરવામાં આવી. |
| (૪) ઉક્ત યોજના સ્થગિત કરવાનો નિર્ણય કોના ધ્વારા લેવાયો, | (૪) પ્રોજેક્ટના મીડ ટર્મ ઈવેલ્યુએશન માટેના નાણા વિભાગના પરામર્શમાં કામગીરી સ્થગિત કરેલ છે. |
| (૫) કામગીરી શંકાસ્પદ હોય તો કામ સ્થગિત કર્યા પછી કેટલું ચૂકવણું કરવામાં આવ્યું, | (૫) કામગીરી સ્થગિત કર્યા બાદ તા. ૩-૧૦-૨૦૦૭ના ઠરાવની શરતોને આધીન રહીને થયેલ કામગીરીની ચકાસણી અહેવાલ મેળવ્યા બાદ રૂા. ૬૪,૩૭,૨૯૪, તા. ૨૪-૩-૨૦૦૯ના હુકમથી ચુકવણું કરવામાં આવ્યું. |
| (૬) કામગીરી બાબતે એજન્સી સાથે કેટલી મીટીંગો કામ સ્થગિત કર્યા પછી કોની સાથે કઈ તારીખોએ કરવામાં આવી, અને | (૬) કામ સ્થગિત કર્યા પછી એજન્સી સાથે નીચે મુજબ મીટીંગો કરવામાં આવી. |

| અ.નં. | મીટીંગ તારીખ | મીટીંગ કોની સાથે થઈ તેની વિગત. |
|---|---|---|
| ૧ | તા. ૨-૨-૨૦૦૯ | માન. સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠક રાખવામાં આવી. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૭) સરકાર વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી કામગીરી પુનઃ ક્યારે શરૂ કરવા માગે છે ? | (૭) મીડ ટર્મ ઈવેલ્યુએશનની કામગીરી પૂર્ણ થયા બાદ. |

------------

## નવસારી અને વલસાડ જિલ્લામાં જંગલની જમીનોની સનદો

૯૮૯૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન અધિકાર કાયદા અન્વયે આદિવાસી ખેડૂતોને જંગલની જમીનો આપવાનું ઠરાવવામાં આવેલ છે કે કેમ,

(૨) સરકાર આ જમીનોની સનદો વનબંધુ કલ્યાણ યોજના હેઠળના નામે આપે છે તે હકીકત સાચી છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયે તાલુકાવાર કુલ કેટલા આદિવાસી ખેડૂતોને જંગલની જમીનોની સનદો આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા. જી.

(૨) ના. જી.

(૩) વન અધિકાર કાયદા હેઠળ સનદ આપવામાં આવતી નથી. પરંતુ અધિકારપત્ર આપવામાં આવે છે. નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અધિકારપત્ર આપવામાં આવ્યા છે.

| નવસારી | | | વલસાડ | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **હક્કપત્રની સંખ્યા** | **તાલુકાનું નામ** | **હક્કપત્રની સંખ્યા** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | વાંસદા | ૧૪૦ | ધરમપુર | ૨૨૯ |
| ૨ | ચીખલી | ૦૦ | કપરાડા | ૨૮૨ |
| ૩ | જલાલપુર | ૦૦ | ઉમરગામ | ૧૦ |
| ૪ | ગણદેવી | ૦૦ | પારડી | ૦૦ |
| ૫ | નવસારી | ૦૦ | વલસાડ | ૦૦ |
| | | **૧૪૦** | | **૫૨૧** |

------------

## દાહોદ જિલ્લામાં જંગલની જમીનની માલિકી માટેની અરજીઓ

૯૫૨૮**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં જંગલની જમીનનો માલિકી અધિકાર મેળવવા માટેની કેટલી અરજીઓ તાલુકાવાર આવી, અને

(૨) આ અરજીઓ પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ અધિકાર પત્ર માટે દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૩૦૬૦ |
| ૨ | ઝાલોદ | ૩૫૨૯ |
| ૩ | ગરબાડા | ૧૧૦૩ |
| ૪ | ફતેપુરા | ૧૪૮૯ |
| ૫ | દે.બારીયા | ૧૭૩૨ |
| ૬ | લીમખેડા | ૩૫૫૨ |
| ૭ | ધાનપુર | ૧૫૨૨ |
| | કુલ | ૧૫૯૮૭ |

(૨) ૬ (છ)

## આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો

૯૯૧૯**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના મકાન ઉપયોગ લાયક છે,

(૨) કેટલી ગ્રામ પંચાયતોના મકાન નવા

**જવાબ**

(૧) ૩૦૬ (ત્રણસો છ).

| ક્રમ | તાલુકાનું નામ | ઉપયોગ લાયક મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૪ |
| ૨ | ઉમરેઠ | ૩૭ |
| ૩ | બોરસદ | ૫૩ |
| ૪ | આંકલાવ | ૨૫ |
| ૫ | પેટલાદ | ૫૩ |
| ૬ | સોજીત્રા | ૧૯ |
| ૭ | ખંભાત | ૪૯ |
| ૮ | તારાપુર | ૨૬ |
| | **કુલ :** | **૩૦૬** |

(૨) ૪૬ (છેંતાલીસ).

બનાવવા જરૂરી છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આ અન્વયે કેટલા નવા મકાનોની દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૩) ૨૮ (અઠ્ઠાવીસ).

(૪) તે માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

(૪) રૂા. ૬૩૦૮૦૦૦-૦૦ (ત્રેંસઠ લાખ આઠ હજાર).

------------

**જંબુસર તાલુકામાં હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ મંજૂર થયેલ કામો**

૮૪૩૦**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ ક્યા ક્યા ગામોમાં ક્યા ક્યા કામો મંજૂર થયા, અને

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા, અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ સામેલ ***પત્રક-૧** મુજબ કુલ-૨૪ ગામોમાં ૨૬૬ કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ૬૫ કામો પૂર્ણ થયેલ છે અને ૨૦૧ કામો પ્રગતિમાં છે.

* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં અનાજ/કેરોસીનના વિતરણ અંગે ફરિયાદ**

૯૯૪૩ **શ્રીમતિ વંદનાબેન મકવાણા** (કેશોદ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનાજ/કેરોસીન વિતરણ અંગે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો સામે કેટલી ફરિયાદો મળી,

(૨) તે પેકી કેટલા ભંડારોની તપાસણી કરવામાં આવી, અને

(૩) ગેરરીતિ બદલ જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ૨૭.

(૨) ૨૭.

(૩) ગેરરીતિ બદલ જવાબદારો સામે નીચે મુજબના પગલાં લીધાં.

૧. રૂા. ૧૯,૯૨૧/-ની કિંમતનો જથ્થો જપ્ત કર્યો.
૨. રૂા. ૮,૭૧૮/-ની કિંમતનો જથ્થો રાજ્ય સાત કર્યો.
૩. રૂા.૩૬,૨૫૦/-ની કિંમતની પરવાના/ અધિકારપત્રની અનામત રાજ્યસાત કરી.
૪. રૂા. ૮૪,૮૪૫/-ની કિંમતનો દંડ કર્યો.
૫. બે પરવાના મોકુફ રાખ્યા.

------------

**ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો**

૮૮૧૬ **શ્રી ઈકબાલ પટેલ** (વાગરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસો તાલુકાવાર ફાળવેલ છે,

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર આવાસો ફાળવેલ છે.

| ક્રમ | તાલુકો | ફાળવેલ આવાસો | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧. | ભરૂચ | ૧૨૦ | ૫૧ | ૧૭૧ |
| ૨. | અંકલેશ્વર | ૧૨૫ | ૧૦૨ | ૨૨૭ |
| ૩. | હાંસોટ | ૧૦૫ | ૮૫ | ૧૯૦ |
| ૪. | વાગરા | ૧૦૫ | ૬૫ | ૧૭૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | વાગરા | ૧૦૫ | ૬૫ | ૧૭૦ |
| ૫. | આમોદ | ૧૧૦ | ૮૦ | ૧૯૦ |
| ૬. | જંબુસર | ૧૨૫ | ૧૦૬ | ૨૩૧ |
| ૭. | ઝગડીયા | ૧૧૫ | ૨૧૭ | ૩૩૨ |
| ૮. | વાલીયા | ૧૧૦ | ૧૮૫ | ૨૯૫ |
| | **કુલ :** | **૯૧૫** | **૮૯૧** | **૧૮૦૬** |

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોના કામો પ્રગતિ હેઠળ છે,

(૨) વર્ષ ૨૦૦૭-૦૮ના ૯૧૫ના લક્ષ્યાંક સામે ૯૧૫ કામો પૂર્ણ થયેલ હોઇ કોઇ કામ પ્રગતિ હેઠળ નથી. વર્ષ ૨૦૦૮-૦૯ ના ૮૯૧ આવાસો પેકી ૮૨૦ કામો પૂર્ણ થયેલ છે. ૭૧ કામો બાકી છે.

(૩) કેટલા પૂર્ણ થયાં અને કેટલા આવાસોના બાંધકામ શરૂ કરાયેલ નથી, અને

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ ના ૯૧૫ ના લક્ષ્યાંક સામે ૯૧૫ કામો પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯ના ૮૯૧ મકાનો પેકી ૮૨૦ કામો પૂર્ણ થયેલ છે. અને ૭૧ આવાસોના કામો શરૂ કરાયેલ નથી.

(૪) તે ક્યારથી શરૂ કરવામાં આવશે ?

(૫) ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

------------

**ફતેપુરા તાલુકાના સુખપુર ગામે પંચાયતની માલિકીની જમીનમાં દબાણ**

૯૪૨૪ **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ફતેપુરા તાલુકાના સુખપુર ગામે પંચાયતની માલિકીની સર્વે નં. ૧૭૨ વાળી જમીનમાં દબાણ થયેલ છે તે દબાણ દૂર કરવા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી ફરિયાદો મળી, અને

(૧) ૨ (બે) ફરિયાદો મળી.

(૨) આ ફરિયાદો પછી સરકારે શાં પગલાં લીધાં ?

(૨) વહીવટી કાર્યવાહી ચાલુ છે.

------------

**ઉપલેટા તાલુકામાં ગોચરની જમીનના દબાણોની ફરિયાદો**

૯૯૪૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં ગોચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો મળી, અને

(૧) ૧ (એક)

(૨) આ દબાણો દૂર કરવા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) દબાણ દૂર થઇ ગયેલ છે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લાના આદીમ જૂથના લાભાર્થીઓને બી.પી.એલ.માંથી એ.પી.એલ.માં લઈ જવા બાબત**

૯૮૫૪**શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં આદીમ જૂથના લાભાર્થીઓને બી.પી.એલ.માંથી એ.પી.એલ.માં ફેરવીને વિકાસના લાભથી વંચીત રાખેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### દાહોદ અને ગરબાડા તાલુકામાં ફાળવેલ ગ્રાન્ટ અને કરેલ ખર્ચ

૮૪૯૩**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બારમા નાણાં પંચમાં ૨૦૦૮ અને ૨૦૦૯ના વર્ષમાં તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ આ બંને તાલુકામાં ક્યા હેતુ માટે કેટલી વાપરી ?

**જવાબ**

(૧)

| તાલુકો | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટની રકમ રૂા. (લાખમાં) |
|---|---|---|
| દાહોદ | ૨૦૦૭-૦૮ | ૧૧૮.૮૩ |
| | ૨૦૦૮-૦૯ | ૮૯.૬૯ |
| ગરબાડા | ૨૦૦૭-૦૮ | ૩૯.૦૯ |
| | ૨૦૦૮-૦૯ | ૩૮.૮૫ |

(૨) આ ફાળવેલ ગ્રાન્ટ બંને તાલુકામાં પાણી પુરવઠા, આંતરીક રસ્તા, સેનીટેશન અને અંતિમધામના હેતુ માટે રૂા. ૧૬૪.૪૯ લાખ વાપરવામાં આવેલ છે.

------------

### ઉના તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનો

૯૯૯૦**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને

(૩) બાકીનાને ક્યાં સુધીમાં સનદો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૯૧૫ ઇન્દિરા આવાસ બનાવેલ છે.

(૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે તેથી લાભાર્થીઓને સનદ આપવાની હોતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ સહાય

૯૭૨૬**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા મકાન બાંધવાનું આયોજન હતું,

(૨) બાંધકામ પેટે કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને

(૩) આ સ્થિતિએ કેટલા મકાનો પૂર્ણ થયા અને કેટલા બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ ઇન્દિરા આવાસ યોજના હેઠળ કુલ-૧૩૩૮૦ મકાન બાંધવાનું આયોજન હતું. (વિગતવાર **પત્રક** સામેલ છે)

(૨) બાંધકામ પેટે તમામ લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે.

(૩) આ સ્થિતિએ ૯૧૮૦ મકાનો પૂર્ણ થયેલ છે અને ૪૨૦૦ મકાનો બાકી છે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ભૌતિક લક્ષ્યાંક | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ગોધરા | ૩૯૧ | ૫૭૦ | ૫૭૩ | ૧૫૩૪ |
| ૨. | મોરવા (હ) | ૩૩૩ | ૫૩૮ | ૪૪૮ | ૧૩૧૯ |
| ૩. | શહેરા | ૩૬૨ | ૬૧૪ | ૬૯૩ | ૧૬૬૯ |
| ૪. | લુણાવાડા | ૧૫૨ | ૨૬૭ | ૨૭૨ | ૬૯૧ |
| ૫. | ખાનપુર | ૮૪ | ૧૪૪ | ૧૮૩ | ૪૧૧ |
| ૬. | લલોલ | ૨૯૬ | ૫૦૫ | ૫૨૩ | ૧૩૨૪ |
| ૭. | હાલોલ | ૨૪૮ | ૩૯૨ | ૪૯૮ | ૧૧૩૮ |
| ૮. | જાંબુઘોડા | ૬૨ | ૯૮ | ૧૦૦ | ૨૬૦ |
| ૯. | ઘોઘંબા | ૪૫૭ | ૭૨૫ | ૫૬૦ | ૧૭૪૨ |
| ૧૦. | સંતરામપુર | ૫૫૧ | ૮૩૪ | ૯૫૨ | ૨૩૩૭ |
| ૧૧. | કડાણા | ૨૬૪ | ૪૦૩ | ૨૮૮ | ૯૫૫ |
| ૧૨. | **કુલ :** | **૩૨૦૦** | **૫૦૯૦** | **૫૦૯૦** | **૧૩૩૮૦** |

## બારડોલી અને માંડવી તાલુકામાં ગ્રામવન

૮૫૨૨**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાના ગામોમાં ગ્રામવન હેઠળ કેટલી જમીનમાં વાવેતર કરવામાં આવે છે, અને

(૨) ગ્રામ પંચાયતોને એનાથી શો લાભ મળે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાના ગામોમાં ગ્રામવન હેઠળ ૧૭ હેકટર જમીનમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ઉછરેલ ગ્રામવનમાં વૃક્ષો પરિપક્વ થયેથી તેની હરાજીમાં ઉપજેલ રકમમાંથી ખર્ચ બાદ કરી ચોખ્ખી ઉપજના ૭૫% રકમ જે તે ગ્રામ-પંચાયતોને વિકાસના કામો માટે ફાળવવામાં આવે છે. તથા ૨૫% રકમ પુનઃ વનીકરણ માટે અનામત રાખવામાં આવે છે.

## રાજકોટ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ

૯૯૬૮**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર રહેલ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે ૪૫૫૩ અરજીઓ મળી.

(૨) ૨૩૭૧ અરજીઓ મંજૂર કરવામાં આવી.
૧૮૯૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) ૨૯૨ અરજીઓ પડતર છે.

(૪) પડતર રહેલ અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

## કાલોલ તાલુકામાં સરદાર આવાસ બનાવવા બાબત

૯૯૬૦**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને આવાસો

૨ એચબી-૨૪૭-૪

[illegible] લાભાર્થીઓને ક્યાં સુધીમાં આવાસો સોંપવામાં આવશે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૨૨ આવાસો અને વર્ષ ૨૦૦૮-૦૯ માં ૬૧ આવાસો મળી કુલ ૧૮૩ આવાસો પૂર્ણ થયેલ છે અને ૪૪ આવાસો પ્રગતિમાં છે.

(૨) ૧૮૩ લાભીર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા.

(૩) બનતી ત્વરાએ.

## રાજકોટ જિલ્લામાં સરકાર માન્ય રેશનીંગની દુકાનો

૮૬૪૧ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સરકાર માન્ય રેશનીંગની કેટલી દુકાનો આવેલી છે, અને

(૨) કેટલા તાલુકાઓમાં દુકાનો ફાળવવાની બાકી

**જવાબ**

(૧) ૯૧૮.

(૨) ૧૪.

**માંગરોળ તાલુકામાં સસ્તા અનાજની દુકાન પર દરોડા**

૯૯૪૪**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સસ્તા અનાજની કેટલી દુકાનો પર દરોડા પાડવામાં આવ્યા, | (૧) ૩૧. |
| (૨) કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને | (૨) કોઇ પુરવઠો રાજ્યસાત કરવામાં આવેલ નથી. |
| (૩) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા ? | (૩) કોઇ પરવાના રદ કરવામાં આવેલ નથી. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ**

૯૯૬૭**શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે ૨૧૩૮ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૮૯૨ અરજીઓ મંજૂર કરવામાં આવી.<br>૮૦૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) ૪૪૪ અરજીઓ પડતર છે. |
| (૪) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

------------

**ભાવનગર શહેરમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર સામે ફરિયાદો**

૧૦૦૧૫**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર શહેરમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનાજ/કેરોસીન વિતરણ અંગે પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો સામે કેટલી ફરિયાદો મળી, | (૧) ૦૭. |
| (૨) તે પૈકી કેટલા ભંડારોની તપાસણી કરવામાં આવી, અને | (૨) ૦૭. |
| (૩) આવી ગેરરીતિ બદલ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ફરિયાદ અન્વયે ભંડારોની તપાસમાં કોઇ ગેરરીતિ ન હોઇ પગલાં લેવાનો પ્રશ્ન નથી. |

------------

**વિજાપુર તાલુકામાં ઈન્દિરા આવાસના મકાનો**

૯૯૯૬**શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા, | (૧) મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૫૬૬ ઇન્દિરા આવાસ બનાવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને | (૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે. તેથી લાભાર્થીઓને સનદ આપવાની હોતી નથી. |
| (૩) બાકીનાઓને ક્યાં સુધીમાં સનદો આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મુન્દ્રા તાલુકામાં સરપંચો સામે ફરિયાદો**

૯૯૮૩ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરપંચો સામે ગોચરના દબાણો અને ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે કેટલી ફરિયાદો મળી, અને | (૧) બે (૨) ફરિયાદો મળી. |
| (૨) ઉક્ત ફરિયાદો સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) એક સરપંચશ્રીને હોદ્દા પરથી દુર કરવામાં આવેલ છે. જ્યારે અન્ય સરપંચશ્રી સામે કાર્યવાહી ચાલુ છે. |

------------

**કચ્છ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવાની અરજીઓ**

૯૯૬૬**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે ૬૭૩૨ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૩૦૫ અરજીઓ મંજૂર કરવામાં આવી. ૨૬૩૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) ૧૭૯૩ અરજીઓ પડતર છે. |
| (૪) પડતર રહેલ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે. |

------------

**વિસાવદર તાલુકામાં સરપંચો સામે ફરિયાદો**

૯૯૮૨**શ્રી કનુભાઈ ભાલાળા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરપંચો સામે ગોચરના દબાણો અને ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે કેટલી ફરિયાદો મળી, અને | (૧) સરપંચો સામે ગોચરના દબાણ અંગે છ (૬) અને ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે બે (૨) ફરિયાદો મળેલ છે. |
| (૨) ઉક્ત ફરિયાદો સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ગોચરના દબાણ સંબંધે એક (૧) સરપંચશ્રીને ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૫૭(૧) અન્વયે નોટીસ આપી, કાર્યવાહીના અંતે નોટીસ દફતરે કરવામાં આવેલ છે. અન્ય પાંચ(૫) સામે તપાસની કાર્યવાહી ચાલુમાં છે.<br>ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે એક(૧) સરપંચને ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) અન્વયે નોટીસ આપી, કાર્યવાહીના અંતે નોટીસ દફતરે કરવામાં આવેલ છે. અન્ય એક(૧) કિસ્સામાં મળેલ તપાસ અહેવાલ પરત્વે કાર્યવાહી ચાલુમાં છે. |

------------

**આર. બી. ડી. પામોલીન તેલનો જથ્થો**

૯૯૪૮ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આર.બી.ડી. પામોલીન તેલના કેટલા જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો, | (૧) ૧૯૯૪૧ મે.ટન જથ્થાનો બફર સ્ટોક કરવામાં આવ્યો. |

(૨) તે પૈકી કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ૧૯૯૪૧ મે. ટન.

(૩) લોકોને તે ક્યા ભાવે વેચાણ કરવામાં આવ્યું?

(૩) અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ ધારકોને નીચે મુજબના ભાવે વેચાણ કરવામાં આવ્યું.

| **સમયગાળો** | **વેચાણ ભાવ** પ્રતિ ૧લીટર |
|---|---|
| જુન-૦૮ થી ઓક્ટોબર-૦૮ | રૂ. ૪૪/- |
| નવેમ્બર-૦૮ | રૂ. ૪૦/- |
| ડીસેમ્બર-૦૮ | રૂ. ૩૫/- |

------------

## ડી સેગ માટે ફંડ માટેના સોર્સ

૯૮૨૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ડી. સેગ ઉભી કરવા સરકારે કરેલા હુકમોમાં કેટલું ફંડ ક્યા ક્યા સોર્સમાંથી આપવાનું નક્કી કરેલ છે,

(૧) (૧) ન્યુ ગુજરાત પેટર્નના રાજ્ય કક્ષાના ૨૦ ટકા ફંડમાંથી ૩ ટકા અને વધુમાં વધુ ૧ કરોડની મર્યાદામાં.

(૨) બંધારણની કલમ-૨૭૫(૧) હેઠળ ભારત સરકારમાંથી મંજૂર થયેલા પ્રોજેક્ટોની ગ્રાંટના ૨ ટકા રકમ.

(૩) ડીસેગ કચેરી દ્વારા ડિપોઝીટ તરીકે મુકેલ રકમમાંથી મળતું વ્યાજ.

(૨) તે પૈકી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ કઈ કામગીરી માટે ડી. સેગને આપવામાં આવી, અને

(૨) (૧) ગુજરાત પેટર્નની ૩ ટકા ગ્રાંટમાંથી અત્યાર સુધી કોઇ રકમ ડીસેગને મળેલ નથી.

(૨) ભારત સરકાર તરફથી બંધારણની કલમ-૨૫૭(૧) હેઠળ

| | | |
|---|---|---|
| (ક) | પ્રોજેક્ટમેનેજમેન્ટ માટે | રૂ. ૫૭.૭૬ લાખ |
| (ખ) | યંગપ્રોફેશનલના મહેનતાણા માટે | રૂ. ૨૦.૦૦ લાખ |
| (૨) | વ્યાજની આવક | રૂ. ૧૧૨.૦૯ લાખ |

(૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ પરત કરવામાં આવી ?

(૩) ખર્ચ થયેલ રકમ રૂ. ૩૨.૮૨ લાખ
પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે મળેલ રૂ. ૫૭.૭૬ લાખ ગ્રાંટ પરત કરવામાં આવી.

------------

## જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ

૯૯૭૮**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ આવી,

(૧) ૨ (બે)

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને વિભાજન કરી [illegible] રજ્જો આપવામાં આવ્યો, અને

(૨) કોઇ નહીં.

એચબી-૨૪૭-૫

(૩) [illegible] પંચાયતોને ક્યારે વિભાજીત કરવામાં આવશે ?

(૩) બાકી માહિતીની પૂર્તતા થયેથી.

------------

### ચીખલી તાલુકામાં વનકુટિરો બનાવવા બાબત

૧૦૦૦૨**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચીખલી તાલુકામાં કેટલી વનકુટિરો બનાવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચીખલી તાલુકામાં વનકુટીરો બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ અંગેની કુલ કેટલી માંગણીઓ આવેલ, અને | (૨) આ અંગેની ચીખલી તાલુકામાં કુલ ૬ (છ) માંગણી આવેલ છે. |
| (૩) બાકીની વનકુટીરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) બાકીની વનકુટીરો આગામી વર્ષની નાણાકીય જોગવાઈને આધીન અગ્રતાક્રમે બનાવવામાં આવશે. |

### દિયોદર તાલુકામાં ગોચરની જમીનના દબાણો

૯૯૯૩ **શ્રી અનિલભાઈ માળી (દિયોદર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકામાં ગોચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરીયાદો મળી, અને | (૧) ૯ (નવ) |
| (૨) આ દબાણો દૂર કરવા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) તે પેકી ત્રણ દબાણો દૂર કરાવેલ છે. બે કેસમાં કોર્ટ મેટર છે. બાકીના ગોચર દબાણો દૂર કરવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓને આધિન કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

### વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનો

૯૩૩૨**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બનાવવામાં આવ્યા, અને | (૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૬૨૭૦ ઈન્દિરા આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવ્યા. (પત્રક સામેલ છે) |

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર / વર્ષવાર બનાવેલ મકાનો | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ) | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વડોદરા | ૬૩૫ | ૫૨૩ | ૪ | ૧૧૬૨ |
| ૨ | સાવલી | ૧૧૬૨ | ૭૫૩ | ૦ | ૧૯૧૫ |
| ૩ | વાઘોડીયા | ૪૬૩ | ૩૮૪ | ૦ | ૮૪૭ |
| ૪ | પાદરા | ૭૩૭ | ૭૬૭ | ૧૦૦ | ૧૬૦૪ |
| ૫ | કરજણ | ૫૨૪ | ૫૫૨ | ૮૫ | ૧૧૬૧ |
| ૬ | શિનોર | ૭૫ | ૧૯૩ | ૦ | ૨૬૮ |
| ૭ | ડભોઈ | ૩૨૧ | ૪૯૮ | ૧૩૫ | ૯૫૪ |
| ૮ | સંખેડા | ૫૩૧ | ૮૨૧ | ૮૯ | ૧૪૪૧ |
| ૯ | નસવાડી | ૫૧૫ | ૪૬૬ | ૦ | ૯૮૧ |
| ૧૦ | જેતપુર પાવી | ૯૧૦ | ૯૫૭ | ૪૩ | ૧૯૧૦ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૯૩૯ | ૭૦૨ | ૩૦ | ૧૬૭૧ |
| ૧૨ | ક્વાંટ | ૧૧૩૯ | ૧૨૦૫ | ૧૨ | ૨૩૫૬ |
| | કુલ :- | ૭૯૫૧ | ૭૮૨૧ | ૪૯૮ | ૧૬૨૭૦ |

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને મકાનનો કબજો સોંપવામાં આવ્યો ?

(૨) લાભાર્થી આવાસ જાતે જ શરૂ કરી પૂર્ણ કરતાં હોઈ મકાનનો કબજો સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દસક્રોઈ તાલુકામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૦૦૧૧ **શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, | (૧) ૨૭૧૫ રેશનકાર્ડ |
| (૨) તે પૈકી કેટલા બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય કાર્ડ હતા, અને | (૨) રદ કરેલ તમામ કાર્ડ એ.પી.એલ. હતા. |
| (૩) ભૂતિયા રેશનકાર્ડ બનાવનાર અધિકારી/કર્મચારી સામે શાં પગલાં લીધાં ? | (૩) ભૂતિયા કાર્ડ નાબૂદી ઝુંબેશના ભાગરૂપે કાર્ડ રદ કરવામાં આવેલ હોઈ, અધિકારી / કર્મચારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભાણવડ તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ**

૯૯૪૬**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના ભાણવડ તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ આવી, | (૧) ૨૯૩ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૬૮ અરજીઓ મંજૂર કરી |
| (૩) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) તમામ અરજીઓનો નિકાલ કરેલ છે. |

------------

**ટંકારા તાલુકાના સરપંચો સામે ફરિયાદો**

૯૯૮૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લાના ટંકારા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરપંચો સામે ગોચરના દબાણો અને ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે કેટલી ફરિયાદો મળી, અને | (૧) ગોચરના દબાણની કોઈ ફરીયાદ મળેલ નથી. પરંતુ ગ્રામ પંચાયતોના ગેરવહીવટ અંગે ૫ (પાંચ) ફરિયાદો મળેલ છે. |
| (૨) ઉક્ત ફરિયાદો સંદર્ભમાં શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) કાર્યવાહી ચાલુ છે. |

------------

**અમદાવાદ શહેરમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો સામે ફરિયાદો**

૧૦૦૧૪**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનાજ/કેરોસીનના વિતરણ અંગે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો સામે કેટલી ફરિયાદો મળી, | (૧) ૧૧૨ |
| (૨) તે પૈકી કેટલા ભંડારોની તપાસ કરવામાં આવી, અને | (૨) ૯૫ |
| (૩) આવી ગેરરીતિ બદલ શી કાર્યવાહી કરવામાં | (૩) ગેરરીતિ બદલ નીચે મુજબ કાર્યવાહી કરવામાં |

આવી ?

આવી.
૧. કેરોસીન ૨૧૫ લીટર કિંમત રૂા. ૨,૧૨૫/-નો જથ્થો કબજે કરવામાં આવ્યો. આ તમામ જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
૨. રૂા. ૧૬,૬૦૦/-ની પરવાના અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી.
૩. બે પરવાના મોકુફ રાખવામાં આવ્યા.
૪. એક પરવાનો રદ કરવામાં આવ્યો.
૫. એક કોર્ટ કેસ કરવામાં આવ્યો અને તેની સામે અટકાયતી હુકમ હેઠળ પગલાં લેવામાં આવ્યા.

------------

**માંડલ તાલુકાની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ ધ્વારા વીજળી બિલ ભરવાની વ્યવસ્થા**

૯૯૭૮**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાની કેટલી ગ્રામ પંચાયતોમાં વીજળી બીલ ભરવાની ઈ-ગ્રામ વિશ્વગ્રામના ઈ-ગ્રામ કેન્દ્ર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને

(૨) આ તાલુકાની બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં આવી વ્યવસ્થા ક્યારે ગોઠવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ કંપની સાથે જરૂરી પરામર્શ ચાલુ છે. પ્રથમ તબકકે માંડલ તાલુકામાં ૪ ગ્રામ પંચાયતો કે જે ૩૦૦૦ થી વધુ વસ્તી ધરાવે છે તે ગ્રામ પંચાયતોમાં આ કામગીરી ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. ના સહયોગથી શરૂ કરવાનું આયોજન હાથ પર છે. વીજ કંપની સાથે જરૂરી કરાર થયે કામગીરી શરૂ કરવામાં આવશે અને બાકીના ગામો તબકકાવાર લેવામાં આવશે.

------------

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની માંગણીઓ**

૯૯૭૯ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માંગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરી અલગ ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે વિભાજીત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) બે (૨)

(૨) કોઈ નહીં.

(૩) સરકારશ્રીમાં વિગતવાર દરખાસ્ત મળ્યેથી જરૂરી નિર્ણય કરવામાં આવશે.

------------

**તાપી જિલ્લામાં વન ખાતા ધ્વારા ચેકડેમ, જૂથકૂવા અને વન તલાવડીઓ બનાવવા બાબત**

૮૪૮૭**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯ માં વન ખાતા ધ્વારા તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમ, લિફ્ટઈરીગેશન, જૂથકૂવા અને વન તલાવડીના કામ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭-૦૮ અને ૦૮-૦૯માં વન ખાતા દ્વારા તાપી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ચેકડેમ અને વન તલાવડીના કામ કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|

| | ચેકડેમ (સંખ્યા) | વન તલાવડી (સંખ્યા) | ચેકડેમ (સંખ્યા) | વન તલાવડી (સંખ્યા) |
|---|---|---|---|---|
| વ્યારા | ૩ | ૦ | ૨૭ | ૧ |
| ઉચ્છલ | ૩ | ૦ | ૧૯ | ૦ |
| સોનગઢ | ૯ | ૦ | ૪૧ | ૦ |
| **કુલ** | **૧૫** | **૦** | **૮૭** | **૧** |

લિફ્ટ ઈરીગેશન અને જૂથકૂવાની કામગીરી કરવામાં આવેલ નથી.

(૨) તે માટે કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) તે માટે કુલ રૂ. ૨૭૦.૪૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) થયેલ યોજનાઓ પેકી કેટલી કાર્યરત છે, અને

(૩) તમામ કાર્યરત છે.

(૪) થયેલા તમામ કામની ગુણવત્તા કેવી છે ?

(૪) સારી છે.

------------

## મોરબી તાલુકામાં ભૂતિયા રેશનકાર્ડ

૯૯૫૭**શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય કાર્ડ હતા, અને

(૩) ભૂતિયા રેશનકાર્ડ બનાવનાર અધિકારી/ કર્મચારી સામે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ૩૭૨૩ રેશનકાર્ડ

(૨) રદ કરેલ કાર્ડ નીચે મુજબ છે.

| **ક્રમ** | **કાર્ડનો પ્રકાર** | **રદ કરેલા કાર્ડ** |
|---|---|---|
| ૧. | એ.પી.એલ. | ૩૪૯૧ |
| ૨. | બી.પી.એલ. | ૨૨૧ |
| ૩. | અંત્યોદય | ૧૧ |
| | **કુલ :** | **૩૭૨૩** |

(૩) ભૂતિયા કાર્ડ નાબુદી ઝુંબેશના ભાગ રૂપે કાર્ડ રદ કરવામાં આવેલ હોઈ અધિકારી/કર્મચારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો ઉપર દરોડા

૧૦૦૧૦**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સસ્તા અનાજની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા દુકાનદારો સામે પગલાં ભરવામાં આવ્યા,

(૩) તે સંબંધમાં કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૬૩૯

(૨) ૨૮૯

(૩) કેરોસીન ૮૩૩૩ લીટર અને અનાજનો ૮૫ કીલો જથ્થો મળી કુલ રૂા. ૮૪,૭૬૯/-ની કિંમતનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૪) ૨

------------

## અમદાવાદ શહેરમાં ચોખા અને ઘઉંનું વિતરણ

૧૦૦૧૩ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ કેટલા ટન ઘઉં અને ચોખાનું વિતરણ રાજ્ય સરકાર ધ્વારા કરવામાં આવ્યું,

**જવાબ**

(૧)
ઘઉં -- ૧૮૪૮૬ મેટ્રીકટન.
ચોખા -- ૧૦૩૨૫ મેટ્રીકટન.

(૨) આ વિતરણ વ્યવસ્થા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) રાજ્ય સરકાર ધ્વારા કેટલી સબસીડી ભોગવવામાં આવી ?

(૨) રૂા. ૧૫,૫૦,૮૧,૯૨૦/- (રૂપિયા પંદર કરોડ પચાસ લાખ એક્યાશી હજાર નવસો વીસ પુરા)

(૩) રૂા. ૩,૨૬,૦૦,૭૬૦/- (રૂપિયા ત્રણ કરોડ છવ્વીસ લાખ સાતસો સાઈઠ પુરા)

------------

**વાંસને ફૂલ આવવાને કારણે વાંસના વનોને નુકસાન**

૯૯૫૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ, વલસાડ અને સુરત જિલ્લાના જંગલ વિસ્તારમાં વાંસને ફૂલ આવવાને કારણે વાંસના વનોને નુક્સાન થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) આ કુદરતી આપત્તી સામે વાંસના વનો બચાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વાંસને ૪૦ થી ૬૦ વર્ષ મોટા વિસ્તારમાં ફૂલ (ગ્રીગેરીયસ ફ્લાવરીંગ) આવતાં વાંસના ઝૂંડ સૂકાઈને નાશ પામે છે, આ કુદરતી પ્રક્રિયાથી થતાં નુક્સાન સામે વાંસના વનોના રક્ષણ,રીજનરેશન (પુનરુત્થાન) માટે નીચે પ્રમાણે પગલાં લેવામાં આવેલ છે.

(૧) સૂકાઈ ગયેલ વાંસ/ઝૂંડના સ્થળેથી, સૂકા વાંસ તથા વાંસના ટુકડા હટાવી લેવાની કામગીરી કરવામાં આવેલ છે.
(૨) વાંસ વિસ્તારનું દવથી રક્ષણ કરવા માટે ફાયર વોચર્સ તથા જન ભાગીદારીથી રક્ષણની કામગીરી કરવામાં આવેલ છે.
(૩) વાંસના બીજ એકત્ર કરવામાં આવેલ છે.
(૪) વાંસના રીજનરેશનને વેગ આપવા માટેની કામગીરી કરવામાં આવેલ છે અને ચરિયાણથી રક્ષણ આપવામાં આવેલ છે.

------------

**પાટડી તાલુકામાં ગોચરના દબાણો દૂર કરવાની ફરિયાદો**

૯૯૮૭**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં ગોચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો મળી, અને

(૨) આ દબાણો દૂર કરવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૬ (છ)

(૨) તે ફરિયાદો પેકી દસ દબાણો દૂર થયેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ ગોચરની જમીન ઉપર થયેલ દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને પ્રાપ્ત થયેલાં છે. અને તે અંગેની કાર્યવાહી કરવા ગ્રામ પંચાયતોને સૂચનાઓ આપવામાં આવેલ છે.

------------

**ડી-સેગ માં પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત**

૯૮૩૧ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડી-સેગ એજન્સીમાં કુલ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ૩૨ પ્રોજેક્ટ.

(૨) એની પાછળ કુલ કેટલા રૂપિયાનું આયોજન હતું અને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને

(૩) એનો લાભ ક્યા ક્યા ટ્રાયબલ તાલુકાઓને આપ્યો ?

(૨) (૧) જુદા જુદા સમયગાળાનાં આ પ્રોજેક્ટો માટે રૂા. ૫૯૪.૧૦ ક્રોડનું આયોજન છે.
(૨) રૂા. ૧૦૩.૦૯ ક્રોડનું ખર્ચ.

(૩) ૪૩ તાલુકાઓને કેટલો આપ્યો.

------------

**જૂનાગઢ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ**

૯૯૭૦**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર રહેલ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે ૪૯૪૨ અરજીઓ મળેલ છે.

(૨) ૩૪૭૫ અરજીઓ મંજૂર કરવામાં આવી.
૧૪૩૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) ૩૩ અરજીઓ પડતર છે.

(૪) બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

------------

**આણંદ જિલ્લામાં વનીકરણ**

૯૩૦૦ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા રોપા વનીકરણ માટે રોપવામાં આવ્યા, અને

(૨) તે અંગે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૧-૪-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના રોપ વનીકરણ માટે રોપવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | રોપેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૦.૯૧ |
| ૨ | ઉમરેઠ | ૦.૭૧ |
| ૩ | બોરસદ | ૦.૭૨ |
| ૪ | આંક્લાવ | ૦.૩૪ |
| ૫ | પેટલાદ/સોજીત્રા | ૧.૧૪ |
| ૬ | ખંભાત | ૨૧.૯૫ |
| ૭ | તારાપુર | ૦.૭૧ |
| | **કુલ** | **૨૬.૪૮** |

(૨) તે અંગે તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૨૦.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૭.૬૭ |
| ૨ | ઉમરેઠ | ૧૬.૪૯ |
| ૩ | બોરસદ | ૨૦.૨૩ |
| ૪ | આંક્લાવ | ૭.૦૪ |
| ૫ | પેટલાદ/સોજીત્રા | ૧૪.૮૮ |
| ૬ | ખંભાત | ૩૭.૨૬ |
| ૭ | તારાપુર | ૭.૩૫ |
| | **કુલ** | **૧૨૦.૯૨** |

------------

**વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની માગણીઓ**

૯૯૮૦ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ આવી,

**જવાબ**

(૧) કોઈ નહીં.

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને વિભાજન કરી અલગ ગ્રામ પંચાયતોનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે વિભાજિત કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કણાદ પ્રોજેક્ટનું મૂલ્યાંકન**

૯૦૩૦**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદ્દા વનબંધુ કલ્યાણ યોજના હેઠળના ""કણાદ"" પ્રોજેક્ટના મીડ-મૂલ્યાંકન માટે ક્યારે જાહેરાત આપી,

(૨) કઈ એજન્સીને નિયુક્ત કરવામાં આવી,

(૩) કોઈ એજન્સીને મીડ-મૂલ્યાંકન માટે નિયુક્ત ન કરેલ હોય તો ""કણાદ"" પ્રોજેક્ટને સ્થગિત રાખવાના કારણો શાં છે અને નિવારવા સરકારે શાં પગલાં લીધાં છે, અને

(૪) શિક્ષણમાં થતાં વિલંબના કારણે વિદ્યાર્થીને થતું નુકસાન નિવારવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ""કણાદ"" પ્રોજેક્ટના મીડ ટર્મ-મૂલ્યાંકન માટે ગાંધીનગર સમાચારમાં તા. ૪-૧-૦૯, ગુજરાત સમાચારમાં તા. ૫-૧-૦૯ અને સંદેશમાં તા. ૬-૧-૦૯નાં રોજ જાહેરાત આપી.

(૨) જાહેરાત અન્વયે કોઈ એજન્સીને નિયુક્ત કરવામાં આવેલ નથી.

(૩) પ્રથમ તબકકાની તાલીમબાદ આશ્રમશાળાના શૈક્ષણિક સ્તરમાં ગુણાત્મક સુધારો થયેલ છે કે કેમ ? તે જાણવું જરૂરી હોઈ ""કણાદ"" પ્રોજેક્ટને સ્થગિત કરવામાં આવ્યો અને આ પ્રોજેક્ટની અસરકારક્તા જાણવા મીડ ટર્મ ઈવેલ્યુએશન કામગીરી રાજ્ય મૂલ્યાંકન કાર્યાલય ગાંધીનગર દ્વારા કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

(૪) વિદ્યાર્થીને કોઈ નુકસાન થતું નથી. જેથી પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી.

------------

**વલસાડ જિલ્લામાં ટોટલ સેનીટેશન અન્વયે ફાળવેલ રકમ**

૯૪૨૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટોટલ સેનીટેશન કાર્યક્રમ અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટોટલ સેનીટેશન કાર્યક્રમ અન્વયે રૂ. ૫૧૦.૬૦ લાખ રકમ ફાળવવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૫૯.૬૫ |
| ૨ | ધરમપુર | ૯૦.૪૧ |
| ૩ | પારડી | ૭૪.૬૫ |
| ૪ | કપરાડા | ૮૦.૭૬ |
| ૫ | ઉમરગામ | ૧૦૫.૧૩ |
| | કુલ : | **૫૧૦.૬૦** |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને

(૨) તે અન્વયે તાલુકાવાર રૂ. ૩૯૧.૦૪ લાખ ખર્ચ થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૩૧.૪૭ |
| ૨ | ધરમપુર | ૫૪.૫૧ |
| ૩ | પારડી | ૬૪.૪૮ |
| ૪ | કપરાડા | ૭૮.૪૨ |
| ૫ | ઉમરગામ | ૬૨.૧૬ |
| | કુલ : | **૩૯૧.૦૪** |

(૩) કેટલા લાભાર્થીઓને તેનો લાભ મળેલ છે?

(૩) વલસાડ જિલ્લામાં ૫૨૫૭૬ કુટુંબોએ પોતાના

વ્યક્તિગત શોચાલય બનાવી આ કાર્યક્રમ અંતર્ગત લાભ મેળવેલ છે. ઉપરાંત ૨૮ શાળા શોચાલય સંકુલ તેમજ ૨(બે) સામુહિક શોચાલય સંકુલો બનાવવામાં આવેલ છે.

------------

**શહેરા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનો**

૯૯૯૧**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને

(૩) બાકીનાઓને ક્યાં સુધીમાં સનદો આપવામાં આવશે?

**જવાબ**

(૧) પંચમહાલા જિલ્લાના શહેરા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૧૯૯ ઇન્દિરા આવાસ બનાવવામાં આવ્યા.

(૨) ઇન્દીરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે. તેથી સનદ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત અને ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોનું વિભાજન**

૮૯૭૮**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગ્રામ પંચાયતોના વિભાજન માટેની નીતિ અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને ભાવનગર જિલ્લામાં કેટલી ગ્રમ પંચાયતોનું વિભાજન થયેલ છે?

**જવાબ**

(૧) હા

(૨) સુરત-૦ (શૂન્ય)
ભાવનગર-૧ (એક)

------------

**રાધનપુર તાલુકામાં ગોચરની જમીન પર દબાણો**

૯૯૮૯**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકામાં ગોચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો મળી, અને

(૨) આ દબાણો દૂર કરવા શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૧ (એક)

(૨) દબાણ દૂર થઇ ગયેલ છે.

------------

**ભાવગનર જિલ્લામાં તલાટીઓની ખાલી જ્ગ્યાઓ**

૯૪૮૯**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૬-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટીની જગ્યા ખાલી છે, અને

**જવાબ**

(૧)

| | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૮ |
| ૨ | ઘોઘા | ૦૮ |
| ૩ | તળાજા | ૧૫ |
| ૧ | ૨ | ૩ |
| ૪ | મહુવા | ૨૬ |
| ૫ | ગારીયાધાર | ૧૨ |
| ૬ | પાલીતાણા | ૨૧ |
| ૭ | સિહોર | ૦૯ |
| ૮ | વલ્લભીપુર | ૧૩ |
| ૯ | ઉમરાળા | ૧૪ |
| ૧૦ | ગઢડા | ૧૪ |

| | | |
|---|---|---|
| ૧૦ | ગઢડા | ૧૪ |
| ૧૧ | બોટાદ | ૧૨ |
| | કુલ : | ૧૫૨ |

(૨) ઉક્ત ખાલી જગ્યા ભરવા માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે?

(૨) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે.

------------

**ઓલપાડ તાલુકામાં વનીકરણ માટે રકમ**

૯૯૬૩ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં વનીકરણની કઈ કઈ યોજના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) કેટલી યોજનાઓ પૂર્ણ થઈ છે, અને

(૩) બાકી રહેલી યોજનાઓ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એટલે કે સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં સામાજીક વનીકરણ યોજના માટે રૂ. ૬.૫૪ લાખ, ખાસ અંગભૂત યોજના માટે રૂ. ૦.૬૬ લાખ અને મેન્યુવ વાવેતર માટે રૂ. ૪.૫૦ લાખ મળી કુલ રૂ. ૧૧.૭૦ લાખની રકમ મંજૂર કરવામાં આવી છે.

(૨) ઉક્ત તમામ યોજનાઓ નાણાકીય વર્ષના અંતે પૂર્ણ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખંભાળીયા તાલુકામાં વન કુટિરો બનાવવા બાબત**

૯૯૪૨**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખંભાળીયા તાલુકામાં કેટલી વનકુટિરો બનાવવામાં આવેલ છે,

(૨) આ અંગેની કુલ કેટલી માગણીઓ આવેલ, અને

(૩) બાકીની વન કુટિરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખંભાળીયા તાલુકામાં વનકુટિરો બનાવવામાં આવેલ નથી.

(૨) આ અંગેની એક પણ માંગણી આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ચાણસ્મા તાલુકામાં ગોચરના દબાણો દૂર કરવાની ફરિયાદો**

૯૯૮૮**શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકામાં ગોચરની જમીનના દબાણો દૂર કરવા કેટલી ફરિયાદો મળી, અને

(૨) આ દબાણો દૂર કરવા શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૧(એક) ફરિયાદ મળેલ છે.

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અન્વયે ગ્રામ પંચાયત તરફથી નિયમોનુસારની કાર્યવાહી કરતાં દબાણકારો તરફથી નામ. કોર્ટ પાસે દાદ માંગેલ જેમાં દબાણ માટે યથાવત પરિસ્થિતી જાળવવાનો હુકમ થયેલ છે.

------------

**જિલ્લા પંચાયતના વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા ફેર બદલીમાં ઉચ્ચત્તર પગાર ધોરણ માટે જુની સર્વીસને ગણતરીમાં લેવા બાબત**

૮૭૭૪ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા પંચાયતના વર્ગ-૩ના કર્મચારીઓની આંતર જિલ્લા બદલી થાય ત્યારે ઉચ્ચત્તર પગાર ધોરણ માટે તેની જુની સર્વીસને ગણતરીમાં લેવા ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં ચુકાદો આપ્યો છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ ચૂકાદાના અમલ માટે સરકાર કક્ષાએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ? | (૨) જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે. |

**અમદાવાદ જિલ્લામાં ગોચરના દબાણો**

૯૫૧૭**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગોચરના દબાણો છે,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૨૭૩ દબાણો છે.

તાલુકાવાર ગોચરના દબાણો નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગોચર દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | દશક્રોઇ | ૧૭૧ |
| ૨ | સાણંદ | ૪૬ |
| ૩ | બાવળા | ૨ |
| ૪ | ધોળકા | ૭ |
| ૫ | ધંધુકા | ૫ |
| ૬ | બરવાળા | ૯ |
| ૭ | રાણપુર | ૧૦ |
| ૮ | વિરમગામ | ૧૬ |
| ૯ | દેત્રોજ | ૫ |
| ૧૦ | માંડલ | ૨ |
| | **કુલ :** | **૨૭૩** |

**પ્રશ્ન**

(૨) તે પેકી ત્રણ અને પાંચ વર્ષથી વધુ સમયથી થયેલા દબાણો ક્યા ક્યા છે,

**જવાબ**

(૨) ત્રણ અને પાંચ વર્ષથી વધુ સમયથી થયેલા દબાણોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ત્રણ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા | પાંચ વર્ષ ઉપરના દબાણોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દશક્રોઇ | ૧૨૪ | ૪૭ |
| ૨ | સાણંદ | ૩૦ | ૧૬ |
| ૩ | બાવળા | ૨ | ૦ |
| ૪ | ધોળકા | ૫ | ૨ |
| ૫ | ધંધુકા | ૪ | ૧ |
| ૬ | બરવાળા | ૫ | ૪ |
| ૭ | રાણપુર | ૮ | ૨ |
| ૮ | વિરમગામ | ૮ | ૮ |
| ૯ | દેત્રોજ | ૪ | ૧ |
| ૧૦ | માંડલ | ૨ | ૦ |
| | **કુલ :** | **૧૯૨** | **૮૧** |

(૩) આટલા વર્ષોથી દબાણો થવા બદલ પંચાયતના જે તે સામે શાં શિક્ષાત્મક પગલાં લેવાયાં છે, અને

(૪) થયેલા તમામ દબાણો ક્યારે હટાવી દેવાશે?

(૩) ગોચરના દબાણો દુર કરવામાં નિષ્ફળ ગયેલ જવાબદારો સામે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૨) હેઠળ ગોચરની જમીન ઉપર થયેલ દબાણો દુર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને પ્રાપ્ત થયેલાં છે. અને તે અંગેની કાર્યવાહી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

------------

## કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને અપાતી ખાંડના ભાવ

૮૭૩૦**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને એ.પી.એલ. પરિવારો માટે ખાંડ ક્યા ભાવથી આપાય છે,

(૨) રાજ્ય સરકાર સદરહું ખાંડ ક્યા ભાવે વિતરણ કરે છે, અને

(૩) જો રાજ્ય સરકાર કેન્દ્ર સરકારે આપેલા ભાવ કરતા વધારે કિંમતે વિતરણ કરતી હોય તો આ ભાવ વધારો દૂર કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી એ.પી.એલ. પરિવારો માટે ખાંડ ફાળવવામાં આવતી નથી, જેથી ભાવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ખાંડની ફાળવણી મળતી ન હોઈ વિતરણના ભાવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ

૯૯૭૬**ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતોને વિભાજન કરી અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) બાકી ગ્રામ પંચાયતોને ક્યારે વિભાજીત કરવામાં આવશે?

**જવાબ**

(૧) આઠ (૮).

(૨) કોઈ નહીં.

(૩) બાકી વિગતોની પૂર્તતા થયેથી.

## દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગૅરંટી યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ

૯૫૨૯ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એન.આર.ઈ.જી.એ. યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકાર તરફથી મળેલ છે, અને

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એન.આર.ઈ.જી.એ. યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂા. ૧૭.૫૨ કરોડ તથા વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂ. ૨૮.૫૨ કરોડ ફાળવેલ છે. જે પૈકી દાહેદ જિલ્લાના તાલુકાઓની ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ (રૂ. કરોડમાં) | |
|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| દાહોદ | ૦.૨૦ | ૧.૮૦ |
| ગરબાડા | ૦.૧૦ | ૦.૯૫ |
| ઝાલોદ | ૧.૯૮ | ૫.૫૬ |
| ફતેપુરા | ૩.૮૫ | ૮.૧૬ |
| લીમખેડા | ૩.૫૨ | ૫.૧૧ |
| ધાનપુર | ૩.૨૫ | ૨.૭૧ |
| દેવગઢ બારીયા | ૩.૭૦ | ૪.૧૭ |
| **કુલ :** | **૧૬.૬૦** | **૨૮.૪૬** |

કેન્દ્ર સરકાર તરફથી તાલુકાવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી નથી. પરંતુ કેન્દ્ર સરકાર દરેક જિલ્લાને ગ્રાન્ટ ફાળવે છે અને દરેક જિલ્લાઓ તેઓના તાબા હેઠળના તાલુકાઓને ગ્રાન્ટની ફાળવણી કરે છે.

(૨) આ ગ્રાન્ટ પેકી કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી?

(૨) આ ગ્રાન્ટ પેકી વર્ષ ૨૦૦૭-૦૮ માં રૂ. ૧૧.૪૫ કરોડ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં રૂ.૨૭.૩૬ કરોડ વાપરવામાં આવ્યા જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વાપરવામાં આવેલ ગ્રાન્ટની વિગત (રૂ. કરોડમાં) | |
|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
| દાહોદ | ૦૦ | ૧.૬૪ |
| ગરબાડા | ૦૦ | ૦.૯૦ |
| ઝાલોદ | ૧.૨૮ | ૫.૫૬ |
| ફતેપુરા | ૨.૨૯ | ૮.૧૫ |
| લીમખેડા | ૨.૪૦ | ૪.૮૭ |
| ધાનપુર | ૨.૩૭ | ૨.૫૦ |
| દેવગઢ બારીયા | ૩.૧૧ | ૩.૭૪ |
| **કુલ :** | **૧૧.૪૫** | **૨૭.૩૬** |

------------

**જંબુસર તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ એન.જી.ઓ.ને કામ આપવા બાબત**

૮૬૫૦**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં ક્યા એન.જી.ઓ. ને કેટલા ગામના કામો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા કામો ઉક્ત સ્થિતિએ પ્રગતિમાં છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં જનશક્તિ પરિષદ એન.જી.ઓ. ને નીચેના ગામોનાં કામ આપવામાં આવેલ છે.
(૧) સિંધવ (૨) ટંકારી (૩) કલક (૪) સીગામ (૫) ઠા. તલાવડી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ હાલમાં ૫ (પાંચ) કામો પ્રગતિમાં છે.

------------

**કેશોદ તાલુકામાં ઈન્દીરા આવાસ યોજના હેઠળના મકાનો**

૯૯૯૭**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને

(૩) બાકીનાઓને ક્યાં સુધીમાં સનદો આપવામાં આવશે?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૫૧૭ ઈન્દિરા આવાસ બનાવેલ છે.

(૨) ઈન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે. તેથી લાભાર્થીઓને સનદ આપવાની હોતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભરૂચ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર કર્મચારીઓ

૮૮૧૭**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સવર્ગવાર કુલ કેટલા કર્મચારીઓનું મંજૂર થયેલ મહેકમ છે,

(૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૯ |
| વર્ગ-૨ | ૧૩ |
| વર્ગ-૩ | ૨૨૫૫ |
| વર્ગ-૪ | ૩૦૨ |
| કુલ : | ૨૫૭૯ |

(૨) ૮૬૧ જ્ગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) બનતી ત્વરાએ.

------------

## ગુજરાત પેટર્નના આયોજન માટેની આયોજન સમિતિઓ

૯૮૫૫**શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગુજરાત પેટર્નના આયોજન માટે સરકારે તાલુકા આયોજન સમિતિ અને જિલ્લા આયોજન સમિતિઓ બનાવેલ છે તે હકીકત સાચી છે?

**જવાબ**

હા, જી.

## દાહોદ અને ગરબાડા તાલુકામાં બી.પી.એલ. કાર્ડ

૮૫૧૧**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ દાહોદ અને ગરબાડા તાલુકામાં જે કુંટુબો બી.પી.એલ. કાર્ડ મેળવવાની જોગવાઈમાં ન આવતા હોય તેવાને આવા કાર્ડ ફાળવવામાં આવ્યા છે તેની કોઈ તપાસ કરવામાં આવી છે કે કેમ,

(૨) ઉપરોક્ત તાલુકાઓમાં બી.પી.એલ. કાર્ડ મેળવવા પાત્ર હોય તેવા કેટલા લાભાર્થી રહી ગયેલ છે, અને

(૩) ખરેખર બી.પી.એલ. કાર્ડ મેળવવા પાત્ર હોવા છતાં રહી ગયેલ કુટુંબોને આવું કાર્ડ આપવા માટે સરકારે કોઈ આયોજન કર્યુ છે કે કેમ?

**જવાબ**

(૧) ના જી.
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) અરજી કરી હોય અને પાત્રતા ધરાવતા હોય તેવા કોઈ લાભાર્થી બાકી નથી.

(૩) સરકાર ધ્વારા બીપીએલ કાર્ડ આપવાની પ્રક્રિયાએ સતત ચાલતી પ્રક્રિયા છે.

બીપીએલ કાર્ડ મેળવવા માટેની જોગવાઈ પરિપૂર્ણ કરનાર લાભાર્થીને બીપીએલ કાર્ડ કાઢી આપવામાં આવે છે.

------------

## માંગરોળ તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળના આવાસો

૯૯૬૨**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરદાર આવાસો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ લાભાર્થીઓને ક્યાં સુધીમાં આવાસો સોંપવામાં આવશે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૪૩ આવાસો બનાવવામાં આવ્યા.

(૨) ૨૧૨ લાભાર્થીઓને આવાસો સોંપવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ ૩૧ લાભાર્થીઓને બનતી ત્વરાએ પુર્ણ કરી આવાસો સોંપવામાં આવશે.

------------

**વડોદરા જિલ્લામાં ગોચરની જમીન ઉપર થયેલ દબાણોની ફરિયાદો**

૯૩૩૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગોચરની જમીન ઉપર દબાણ કરવાની કેટલી ફરિયાદો મળી, અને

(૨) આ દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ગોચરની જમીન ઉપર દબાણ બાબતે નીચેની વિગતે ફરિયાદો મળેલ

| ક્રમ | તાલુકાનું નામ | કુલ ફરીયાદની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૦ |
| ૨ | પાદરા | ૦૦ |
| ૩ | કરજણ | ૦૪ |
| ૪ | વાઘોડીયા | ૦૨ |
| ૫ | સાવલી | ૦૪ |
| ૬ | નસવાડી | ૦૦ |
| ૭ | ડભોઈ | ૦૨ |
| ૮ | સંખેડા | ૦૨ |
| ૯ | શિનોર | ૦૧ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૦૦ |
| ૧૧ | જેતપુર-પાવી | ૦૦ |
| ૧૨ | ક્વાંટ | ૦૦ |
| | કુલ : | ૩૫ |

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની ક્લમ-૧૦૫ હેઠળ ગોચરની જમીન ઉપર થયેલ દબાણો દૂર કરવાના અધિકારો ગ્રામ પંચાયતને પ્રાપ્ત થયેલાં છે. અને તે અંગેની કાર્યવાહી કરવા સુચનાઓ આપવામાં આવેલ છે. ચાર કિસ્સામાં દબાણ દૂર કરવામાં આવેલ છે.

**જામનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ**

૯૯૬૯**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) પડતર રહેલ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવા કુલ ૨૧૩૩ અરજીઓ મળેલ છે.

(૨) ૧૨૫૦ અરજીઓ મંજૂર કરવામાં આવી.
૭૪૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૩) પડતર રહેલ ૧૩૯ અરજીઓ બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

**સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

૮૪૮૯ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિતજનજાતિના વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તરફથી કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. ?

**જવાબ**

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ઉચ્ચ અભ્યાસક્રમોના ગૃપ પ્રમાણે કેન્દ્ર સરકાર તરફથી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નીચે મુજબના નિયત દર પ્રમાણે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

| ગૃપ | હોસ્ટેલર રૂા. (માસિક) | ડેસ્કોલર રૂા. (માસિક) |
|---|---|---|
| ૧. | ૭૪૦ | ૩૩૦ |
| ૨. | ૫૧૦ | ૩૩૦ |
| ૩. | ૩૫૫ | ૧૮૫ |
| ૪. | ૨૩૫ | ૧૪૦ |

સદરહુ યોજના હેઠળ થયેલ કુલ ખર્ચ પૈકી, છેલ્લી દસમી પંચવર્ષિય યોજનાના અંતિમ વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન થયેલ ખરેખર ખર્ચની રકમ રૂા. ૨૪૨૫.૪૮ લાખ રાજ્ય સરકાર ભોગવે છે. અને ૧૧મી પંચવર્ષિય યોજનાના દરેક વર્ષે બાકીના વધતા ખર્ચની રકમ કેન્દ્ર સરકાર આપે છે.

------------

**ડી સેગ માટે ફંડ માટેના સોર્સ**

૯૮૨૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ડી. સેગ ઊભી કરવા સરકારે કરેલા હુકમોમાં કેટલું ફંડ ક્યા ક્યા સોર્સમાંથી આપવાનું નકકી કરેલ છે, | (૧) (૧) ન્યુ ગુજરાત પેટર્નના રાજ્ય ક્ક્ષાના ૨૦ ટકા ફંડમાંથી ૩ ટકા અને વધુમાં વધુ ૧ કરોડની મર્યાદામાં,<br>(૨) બંધારણની કલમ-૨૭૫(૧) હેઠળ ભારત સરકારમાંથી મંજૂર થયેલા પ્રોજેક્ટોની ગ્રાન્ટના ૨ ટકા રકમ<br>(૩) ડીસેગ ક્ચેરી દ્વારા ડિપોઝીટ તરીકે મુકેલ રકમમાંથી મળતું વ્યાજ |
| (૨) તે પૈકી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ કઇ કામગીરી માટે ડી. સેગને આપવામાં આવી, અને | (૨) (૧) ગુજરાત પેટર્નની ૩ ટકા ગ્રાન્ટમાંથી અત્યાર સુધી કોઇ રકમ ડીસેગને મળેલ નથી.<br>(૨) ભારત સરકાર તરફથી બંધારણની કલમ-૨૭૫(૧) હેઠળ<br>(ક) પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે રૂા. ૫૭.૭૬ લાખ<br>(ખ) યંગ પ્રોફેશનલના રૂા. ૨૦.૦૦ લાખ મહેનતાણા માટે<br>(૩) વ્યાજની આવક રૂા. ૧૧૨.૦૯ લાખ |
| (૩) તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ પરત કરવામાં આવી? | (૩) ખર્ચ થયેલ રકમ રૂા. ૩૨.૮૨ લાખ<br>પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે મળેલ રૂા. ૫૭.૭૬ લાખ ગ્રાન્ટ પરત કરવામાં આવી. |

------------

**આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના સેજા નક્કી કરવા બાબત**

૯૩૦૧**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના સેજા હજુ નક્કી કરી આપવામાં આવ્યા નથી, તે વાત સાચી છે, | (૧) એક. |
| (૨) જો હા, તો સરકાર સેજા નક્કી કરી આપશે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં? | (૩) બનતી ત્વરાએ. |

------------

**ગઢડા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનો**

૯૯૯૨**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા, | (૧) ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૯૮ ઇન્દિરા આવાસ બનાવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને | (૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે. તેથી લાભાર્થીઓને સનદ આપવાની હોતી નથી. |
| (૩) બાકીનાઓને ક્યાં સુધીમાં સનદો આપવામાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આવશે?

------------

## ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ

**૯૪૮૭શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૬-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ કેટલા બી.પી.એલ. રેશનકાર્ડ ધારણકર્તા કુટુંબો છે,

**જવાબ**

(૧) તા. ૧-૬-૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબ બી.પી.એલ. રેશનકાર્ડ ધારણકર્તા કુટુંબો છે.

| ક્રમ | તાલુકાનું નામ | બી.પી.એલ. કાર્ડ |
|---|---|---|
| ૧ | ભાવનગર શહેર | ૨૨૩૬૭ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૧૦૦૮૬ |
| ૩ | ઘોઘા | ૩૫૨૧ |
| ૪ | તળાજા | ૧૪૮૩૦ |
| ૫ | મહુવા | ૨૨૫૦૬ |
| ૬ | પાલીતાણા | ૧૩૯૭૩ |
| ૭ | ગારીયાધાર | ૮૩૮૦ |
| ૮ | ગઢડા | ૭૦૯૮ |
| ૯ | બોટાદ | ૧૧૫૯૬ |
| ૧૦ | ઉમરાળા | ૭૫૧૪ |
| ૧૧ | વલ્લભીપુર | ૩૧૩૯ |
| ૧૨ | શિહોર | ૯૨૨૮ |
| | **કુલ :** | **૧૩૪૨૩૮** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. યાદીમાં નામ સમાવિષ્ટ કરવા માટે કેટલી માંગણીઓ મળેલ છે, અને

(૨) તા. ૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. યાદીમાં નામ સમાવેશ કરવા માટે નીચે દર્શાવેલ વિગતોએ ૧૪૧૭૫૨ માંગણીઓ (અરજીઓ) મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ (૧-૬-૦૯ની સ્થિતિએ) |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૪૪૪૫ | ૧૭૯ | ૨૭૮૬ |
| ૨ | બોટાદ | ૧૩૧૭૭ | ૪૭૩ | ૩૫૪ |
| ૩ | ગઢડા | ૯૫૮૬ | ૧૧૯ | ૧૯૮ |
| ૪ | ગારીયાધાર | ૪૩૧૭ | ૭૭ | ૧૯૨ |
| ૫ | ઘોઘા | ૬૦૨૧ | ૩૪ | ૧૫ |
| ૬ | મહુવા | ૨૬૯૫૧ | ૪૨ | ૧૫૦૪ |
| ૭ | પાલીતાણા | ૧૪૩૧૫ | ૧૩૦ | ૧૩૪૫ |
| ૮ | શિહોર | ૧૩૧૭૮ | ૨૧૦ | ૩૬૩૫ |
| ૯ | તળાજા | ૧૬૬૯૬ | ૧૨૮ | ૨ |
| ૧૦ | ઉમરાળા | ૬૧૯૬ | ૪૫ | ૯૧૯ |
| ૧૧ | વલ્લભીપુર | ૩૭૦૧ | ૧૬ | ૭૬૬ |
| | **કુલ :** | **૧૨૮૫૮૩** | **૧૪૫૩** | **૧૧૭૧૬** |

(૩) આવેલ માંગણીઓમાંથી કેટલાનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ છે?

(૩) આવેલ માંગણીઓ (અરજીઓ) પૈકી ૦ થી ૧૬ ગુણાંકમાં ૬૬૪૭ અને ૧૭ થી ૨૦ માં ૧૦૩૬૮ મળી કુલ ૧૭૦૧૫ કુટુંબોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ છે. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૦૭-૦૮ | | ૨૦૦૮-૦૯ | | ૨૦૦૯-૧૦ (૧-૬-૦૯ની સ્થિતિએ) |
|---|---|---|---|---|---|---|
| | | ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા | ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા | ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા | ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા | વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં મળેલ અરજીઓની ચકાસણી પ્રગતિ હેઠળ છે. |
| ૧ | ભાવનગર | ૩૭૯ | ૮૦૦ | ૬૩ | ૨૧ | |
| ૨ | બોટાદ | ૫૨૧ | ૧૦૦૦ | ૧૦૫ | ૨૬ | |
| ૩ | ગઢડા | ૨૦ | ૫૭ | ૨૭ | ૧૪ | |
| ૪ | ગારીયાધાર | ૧૪ | ૧૮૯ | ૧ | ૦ | |
| ૫ | ઘોઘા | ૩૨૨ | ૫૫૯ | ૧૫ | ૬ | |
| ૬ | મહુવા | ૧૧૦૫ | ૨૧૪૧ | ૦ | ૦ | |
| ૭ | પાલીતાણા | ૧૫૪૮ | ૧૬૪૩ | ૧૯ | ૫ | |
| ૮ | શિહોર | ૪૫૨ | ૯૭૭ | ૧૭ | ૨૫ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | તળાજા | ૧૫૦૩ | ૨૦૨૯ | ૪ | ૯ | |
| ૧૦ | ઉમરાળા | ૩૦૯ | ૫૬૬ | ૮ | ૨ | |
| ૧૧ | વલ્લભીપુર | ૨૧૫ | ૨૯૫ | ૦ | ૪ | |
| | **કુલ :** | **૬૩૮૮** | **૧૦૨૫૬** | **૨૫૯** | **૧૧૨** | |

------------

**ખંભાળીયા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનો**

૯૯૯૫ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને

(૩) બાકીનાઓને ક્યાં સુધીમાં સનદો આપવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૬૬૫ ઇન્દિરા આવાસ બનાવવામાં આવેલ છે.

(૨) ઇન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાધકામ કરે છે. તેથી લાભાર્થીઓને સનદ આપવાની હોતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવા બાબત**

૮૭૮૨**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮-૦૯માં કેટલા ભૂતિયા રેશન કાર્ડ પકડાયા,

(૨) ભૂતિયા રેશનકાર્ડ ઈસ્યુ કરનારા અધિકારી કોણ હતા, અને

(૩) તેની સામે શાં પગલાં લેવાયા?

**જવાબ**

(૧) ૨૧૫૯૨ રેશનકાર્ડ.

(૨) તત્કાલિન સબંધિત મામલતદારશ્રીએ ઇસ્યુ કરેલ હતા.

(૩) ભૂતિયા રેશકાર્ડ નાબુદી ઝુંબેશના ભાગરૂપે કાર્ડ રદ કરવામાં આવેલ છે તેથી અધિકારી/કર્મચારી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**દાહોદ અને ગરબાડા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નીચે રોજગારીનાં નાણાંની ચૂકવણી**

૮૫૧૨**શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકામાં ક્યા ક્યા કામો ચાલે છે, અને તેમાં કેટલા લોકોને રોજગારી આપવામાં આવી,

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકામાં ચાલતા કામો અને રોજગારીની વિગત નીચે મુજબ છે.

(૨)

| તાલુકાનું નામ | ચાલતા કામોની વિગત | |
|---|---|---|
| | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
| દાહોદ | - જળ સંચય અને જળ સંગ્રહના કામો, દુષ્કાળ પ્રતિરોધક્ના કામો,<br>-સિંચાઇની સુવિધાના કામો (કુવા), પરંપરાગત જળસ્ત્રોતનું નવીનીકરણ, ગ્રામ્ય જોડાણના રસ્તા. | જળ સંચય અને જળ સંગ્રહના કામો, સિંચાઇની સુવિધાના કામો (કુવા), પરંપરાગત જળસ્ત્રોતનું નવીનીકરણ, પૂર નિયંત્રણ અને સંરક્ષણના કામો, ગ્રામ્ય જોડાણના રસ્તા. |
| ગરબાડા | - જળ સંચય અને જળ સંગ્રહના કામો, દુષ્કાળ પ્રતિરોધક્ના કામો,<br>-સિંચાઇની સુવિધાના કામો (કુવા), પરંપરાગત જળસ્ત્રોતનું નવીનીકરણ, પૂર નિયંત્રણ અને | જળ સંચય અને જળ સંગ્રહના કામો, દુષ્કાળ પ્રતિરોધક્ના કામો, સિંચાઇની સુવિધાના કામો (કુવા), પરંપરાગત જળસ્ત્રોતનું નવીનીકરણ, પૂર નિયંત્રણ અને |

| | | |
|---|---|---|
| | સંરક્ષણના કામો, ગ્રામ્ય જોડાણના રસ્તા, જમીન વિકાસના કામો. | સંરક્ષણના કામો, ગ્રામ્ય જોડાણના રસ્તા. |

દાહોદ અને ગરબાડા તાલુકામાં નીચે મુજબ લોકોને રોજગારી આપવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૭-૦૮ | | વર્ષ ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|---|
| | શ્રમિકોની સંખ્યા | માનવદિન (લાખમાં) | શ્રમિકોની સંખ્યા | માનવદિન (લાખમાં) |
| દાહોદ | ૬૪૫૩ | ૦.૪૮ | ૩૬૪૬૪ | ૩.૦૯ |
| ગરબાડા | ૩૧૨૫ | ૦.૨૯ | ૧૫૨૦૨ | ૧.૧૬ |

(૨) ઉપરોક્ત તાલુકામાં આ યોજના હેઠળ જે કામો કરવામાં આવ્યાં તેના નાણાં ચૂકવવાનાં હજી બાકી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો, ઉક્ત બાકી નાણાં ચૂકવવા સરકારે શું આયોજન કરેલ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતના મકાનો

૯૮૩૩ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોના મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૧) ૧૨ (બાર).

(૨) તે પૈકી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોના મકાનોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) ૩ (ત્રણ)

(૩) બાકીની ગ્રામ પંચાયતોનું મકાન કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

(૩) વહેલી તકે.

------------

### ખેડા જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ પકડવા બાબત

૯૩૪૪ **શ્રી લાલસિંહ વડોદિયા** (ઉમરેઠ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ભૂતિયા રેશનકાર્ડ પકડવામાં આવ્યા, અને

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ભૂતિયા રેશનકાર્ડ સંખ્યા |
|---|---|---|
| ૧. | નડીયાદ શહેર | ૨૬૩૨ |
| ૨. | નડીયાદ ગ્રામ્ય | ૨૫૦૦ |
| ૩. | માતર | ૧૨૭૪ |
| ૪. | ખેડા | ૧૦૩૬ |
| ૫. | મહેમદાવાદ | ૨૧૩૧ |
| ૬. | મહુધા | ૧૦૬૩ |
| ૭. | કઠલાલ | ૧૩૮૭ |
| ૮. | કપડવંજ | ૧૯૬૦ |
| ૯. | ઠાસરા | ૨૬૭૦ |
| ૧૦. | બાલાશિનોર | ૧૨૮૨ |
| ૧૧. | વિરપુર | ૭૬૨ |
| | **કુલ :** | **૧૮,૬૯૭** |

(૨) જે દુકાનો અથવા સંસ્થામાંથી ભૂતિયા રેશનકાર્ડ પકડાયા તેની સામે શાં પગલાં ભરવામાં

(૨) ભૂતિયા રેશનકાર્ડ નાબુદી યોજના ઝુંબેશના ભાગરૂપે હોઇ દુકાનો કે સંસ્થા સામે પગલાં ભરવાનો

આવ્યા? — પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ**

૯૪૮૮ **શ્રી કેશુભાઈ નાકરાણી** (શિહોર) **: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ તાલુકાદીઠ તા. ૧-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ તાલુકાદીઠ તા. ૧-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે, સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં નીચે મુજબ કુલ-૮.૪૧ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ (લાખમાં) |
|---|---|---|
| ૧ | ઘોઘા | ૦.૮૧ |
| ૨ | પાલીતાણા | ૦.૫૭ |
| ૩ | બોટાદ | ૦.૭૨ |
| ૪ | મહુવા | ૦.૭૪ |
| ૫ | ભાવનગર | ૧.૦૨ |
| ૬ | વલ્લભીપુર | ૦.૫૭ |
| ૭ | ઉમરાળા | ૦.૬૦ |
| ૮ | તળાજા | ૧.૦૭ |
| ૯ | ગઢડા | ૦.૬૭ |
| ૧૦ | શિહોર | ૧.૧૯ |
| ૧૧ | ગારીયાધાર | ૦.૪૫ |
| | કુલ : | ૮.૪૧ |

(૨) રોપાના વાવેતર અને તેના ઉછેર પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) રોપાના વાવેતર અને તેના ઉછેર પાછળ સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં રૂા. ૬૧.૭૭ લાખ અને સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રૂા. ૧૦૪.૩૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પક્ષીનો શિકાર**

૮૭૮૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં સન ૨૦૦૮-૦૯માં કેટલા પક્ષીઓના શિકાર થયા,

(૨) તે અંગે કેટલા શિકારી પકડાયા અને કેટલા પકડવાના બાકી છે,

(૩) ઉક્ત ગુનેગારો સામે શી કાર્યવાહી થઈ, અને

(૪) ઉક્ત અભયારણ્યને સુરક્ષિત કરવા શી વ્યવસ્થા થઈ છે?

**જવાબ**

(૧) એક પણ પક્ષીનો શિકાર થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખીજડીયા પક્ષી અભયારણ્યને સુરક્ષિત કરવા માટે સ્ટાફ દ્વારા સતત પેટ્રોલીંગ કરવામાં આવે છે.

------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૮-૦૯નો ગુજરાત પ્રદૂષણ નિયંતત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યો.**

**સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૦૮નો ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

**સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપ સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

**સન ૨૦૦૮-૦૯નો સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો વાર્ષિક વહીવટી અહેવાલ.**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો સન ૨૦૦૮-૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યો.**

**સન ૨૦૦૬-૦૭નો ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૦૭નો ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક હિસાબ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

**શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ.**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની નીચે દર્શાવ્યા પ્રમાણેની અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

(અ) સન-૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૫-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૦૫-૨૦૦૯/પીવીએસ/૧૦૨૦૦૮/૬૪૧/એસ.
(૨) તા. ૬-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૦૬-૨૦૦૯/પીવીએસ/૧૦૨૦૦૮/૬૩૧/એસ.
(૩) તા. ૬-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૦૭-૨૦૦૯/પીવીએસ/૧૦૨૦૦૮/૬૩૨/એસ.
(૪) તા. ૧૪-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૦૮-૨૦૦૯/પીવીએસ/૧૦૨૦૦૯/૧૦૬૪/એસ.
(૫) તા. ૧૪-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૦૯-૨૦૦૯/પીવીએસ/૧૦૨૦૦૯/૧૦૬૨/એસ.
(૬) તા. ૨૯-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૧૨-૨૦૦૯/પીવીએસ/૧૦૨૦૦૮/૧૪૬૫/એસ.
(૭) તા. ૨૯-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૧૩-૨૦૦૯/એમબીએ/૧૦૨૦૦૮/૬૩૩/એસ.
(૮) તા. ૨૯-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૧૪-૨૦૦૯/એમસીએ/૧૦૨૦૦૮/૬૩૩/એસ.

(બ) સન-૨૦૦૭ના ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૨-૩-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૩-૨૦૦૯/જીટીયુ/૧૦૨૦૦૮/૧૨૧૧/એસ.
(૨) તા. ૨૬-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક: જીએચ/એસએચ/૧૦-૨૦૦૯/જીટીયુ/૧૦૨૦૦૮/૯૬૦/એસ.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.**

**આરોગ્ય વિભાગની અધિસૂચના**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની તા. ૧૬-૭-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-જીપી-એનએસજીના ૨૧-૧૦-૨૦૦૮-એસએફએસ-૭૬-ઈ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.**

**ઉદ્યોગ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૯-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૭/એસઆઈઆર/૧૧૨૦૦૯/૧૦૧૪૯૨/આઈ,

(૨) તા. ૨૨-૫-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૪/એસઆઈઆર/૧૧૨૦૦૯/૨૫૩(૧)/આઈ,

સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : ઓડિટ અહેવાલો અને અધિસૂચનાઓ મેજ ઉપર આવે છે પણ મેં જોયું છે કે કેટલીક અધિસૂચનાઓ એક વર્ષ પહેલાની, દોઢ વર્ષ પહેલાની, બે વર્ષ પહેલાની આવે છે. વિધાનસભાના નિયમમાં છે અને આપણી રાજ્ય સરકારે પણ એ સ્વીકારેલું છે કે એક સત્ર એટલે ૬ મહિનાનો ગાળો મળે એ દરમ્યાન અધિસૂચના અને અહેવાલો રજૂ થવા જોઈએ. આપના વિભાગની જે અધિસૂચનાઓ બહાર પડી ગઈ હોય એ ૨૯મી તારીખ પહેલાં આ સભાગૃહના મેજ ઉપર મૂકવાનો હું આદેશ આપું છું.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સન ૨૦૦૩ના ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક ઉપર પુનઃવિચારણા કરવા માટેના રાષ્ટ્રપતિશ્રીના સંદેશા અંગે

**અધ્યક્ષશ્રી** : અગિયારમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૬ મી માર્ચ ૨૦૦૩ નાં રોજ સન ૨૦૦૩ નું વિધેયક ક્રમાંક-૩૦ સન ૨૦૦૩નું ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક આ સભાગૃહે પસાર કર્યુ હતું. આ વિધેયકને રાજ્યપાલશ્રીની અનુમતિ માટે રજૂ કરવામાં આવતાં રાજ્યપાલશ્રીએ આ વિધેયકને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦૦ ની જોગવાઈ મુજબ રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખ્યું હતું. રાષ્ટ્રપતિશ્રીએ તા.૧૬મી માર્ચ, ૨૦૦૪ ના સંદેશા સાથે બંધારણના અનુચ્છેદ ૨૦૧ નાં પરંતુકના અનુસરણમાં નિર્દેશ આપીને સદરહું વિધેયક ઉપર પુનઃવિચારણા કરવા માટે ગુજરાત વિધાનસભાને પરત મોકલ્યું હતું. ગુજરાત વિધાનસભાએ તા. ૨ જી જૂન, ૨૦૦૪ નાં રોજ ઉક્ત વિધેયક જરૂરી સુધારાઓ સાથે પસાર કરી રાજ્યપાલશ્રીની અનુમતિ માટે ફરીથી રજૂ કર્યુ હતું. રાજ્યપાલશ્રીએ ઉક્ત વિધેયક બંધારણના અનુચ્છેદ-૨૦૦ અન્વયે રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખેલ હતું. આ વિધેયકને રાજ્યપાલશ્રીએ બંધારણના અનુચ્છેદ અન્વયે રાષ્ટ્રપતિશ્રીની વિચારણા અર્થે રજૂ કરતાં, રાષ્ટ્રપતિશ્રીએ પુનઃ બંધારણના અનુચ્છેદ ૨૦૧ અન્વયે વિધેયકની તેમના સંદેશામાં નિર્દિષ્ટ કરેલ જોગવાઈઓ અન્વયે પુનઃવિચારણા કરવા માટે તા.૨૪મી જૂન, ૨૦૦૯ ના સંદેશા સાથે આ વિધાનસભાને પરત મોકલાવેલ છે. હવે રાષ્ટ્રપતિશ્રીએ મોકલેલ સંદેશ હું સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવું છું.

**MESSAGE**

"I, Pratibha Devisinh Patil, President of India, having considered the Gujarat Control of Organized Crime Bill, 2003, which was reserved for my consideration under the provisions of article 200 of the Constitution, do hereby direct, in pursuance of the proviso to article 201 of the Constitution, that the Bill be returned to the Legislatre of the State of Gujarat together with a message to reconsider it and-

i) to delete clause 16,

ii) to substitute 'may' for 'shall' after the words Special Court occurring in Clause 20(2) and to bring the provisio in line with the proviso to Section 43 D (2) of the Unlawful Activities (Prevention) Amendment Act, 2008,

iii) to amend Clause 20 (4) to bring it in conformity with Section 43 D (5) of the Unlawful Activities (Prevention) Amendment Act, 2008."

**આ સંદેશાનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે.**

હું પ્રતિભા દેવીસીંઘ પાટિલ, ભારતની રાષ્ટ્રપતિ, સંવિધાનના અનુચ્છેદ ૨૦૦ની જોગવાઈઓ હેઠળ મારી વિચારણા માટે ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક, ૨૦૦૩ રાખેલ હતું, જેની પર વિચારણા કર્યા પછી, સંવિધાનના અનુચ્છેદ ૨૦૧ ના પરંતુક અનુસાર, આથી, આદેશ કરું છું કે ઉક્ત વિધેયકને તેની પુન:વિચારણાના સંદેશ સાથે ગુજરાત રાજ્યના રાજ્ય વિધાનમંડળને પરત મોકલવામાં આવે અને તેમાં, -

૧. કલમ ૧૬ કમી કરવામાં આવે.
૨. કલમ ૨૦(૨)(ખ)માં વિશેષ કોર્ટથી શરૂ થતાં પરિચ્છેદના અંતે આવતા 'જોઈશે' એ શબ્દને બદલે 'શકશે' એ શબ્દ મૂકવો અને તેના પરંતુકને ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ)(સુધારા) અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૪૩ ઘ(૨)ના પરંતુક અનુસાર સુધારવો.
૩. કલમ ૨૦(૪)ને, ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) (સુધારા) અધિનિયમ, ૨૦૦૮ની કલમ ૪૩ ઘ (૫) સાથે સુસંગત હોય તે પ્રમાણે સુધારવી.

**રાષ્ટ્રપતિશ્રીએ પરત મોકલાવેલા આ વિધેયકની નકલો રાષ્ટ્રપતિશ્રીના સંદેશા સાથે છપાવીને સર્વે સભ્યશ્રીઓને ટપાલખાનામાં મૂકવામાં આવી છે. આ વિધેયક ઉપર હવે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૪૭ની જોગવાઈઓ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**
**શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે.**

**અધ્યક્ષશ્રી** : મારે જાહેરાત કરવાની કે, ૩જી જૂલાઈ, ૨૦૦૯ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન સ્વાઈન ફ્લુ બાબતના પ્રશ્નની ચર્ચા દરમિયાન માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે, કેન્દ્ર સરકાર બાબતે, ‘‘દિલ્હીની સરકારને ચોકકસ લાગ્યો છે’’, શબ્દો બોલેલા હતા. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા વિરોધ પક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલ હતો. અન્ય રાજય મંડળો અને કેન્દ્ર સરકાર બાબતે ટીકા કરી શકાય નહીં, રેકોર્ડ જોતાં વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) (૨) અન્વયે ઉકત શબ્દો હું સભાગૃહની કાર્યવાહીના રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત.**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ.**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલ સાથે સમંત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ.**
**માગણી ક્રમાંક: ૨૨**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧,૬૭,૪૪,૫૬,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૨૨ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૫,૩૨,૨૦,૦૦૦/ અને મૂડી ખર્ચ માટે રૂા.૧૪,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૨૩ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**શ્રમ અને રોજગાર વિભાગ.**

**માગણી ક્રમાંક : ૫૬**

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૩,૭૩,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૫૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૫૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક : ૫૭**

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧,૪૩,૯૪,૮૩,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૫૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૫૭ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**અધ્યક્ષશ્રી** : કાપ દરખાસ્ત નથી આની? (અંતરાય) હા, એટલે ગૃહમાં ગેરહાજર છે અને હાજરી પત્રકમાં હાજર છે. શ્રી રમણલાલ પાટકર....

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય વિધાનસભા ગૃહમાં ૨૦૦૯-૧૦ની શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંક: ૫૬ અને ૫૭ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આજે સમગ્ર ભારતની અંદર અને એમાં પણ ગુજરાત એક ઔદ્યોગિક વિકાસ તરીકે હરણફાળ ભરી રહ્યું છે. જયારે ગુજરાત ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ગુજરાતમાં જે શ્રમિકો, ગુજરાતના શિક્ષિત બેરોજગારોને રોજગારી મળે એ ખૂબ મહત્વની બાબત છે અને એટલા માટે જ આ સન્માનનીય ગૃહની અંદર આ બજેટની અંદર મહેસૂલી રૂ. ૩૭૩૦૦૦૦૦ તથા ૧૪૩૯૪૮૩૦૦૦ની જે જોગવાઈ મૂકી છે એ ખરેખર આવકારદાયક છે. ગુજરાતની અંદર આર્થિક વૃદ્ધિ થાય અને એનો જનરલ ફાયદો આખા દેશની અંદર આર્થિક દ્રષ્ટિએ ગુજરાત આગેવાની લે એટલા માટે ગુજરાતની અંદર છેલ્લી ત્રણ વાઈબ્રન્ટ ગુજરાત સમીટ આપણે યોજી છે. ૨૦૦૯ વાઈબ્રન્ટ ગુજરાતની અંદર સમગ્ર દેશના અને વિદેશથી ૪૦ જેટલા વિદેશીઓએ એન.આર.આઈ.એ ભાગ લઈને કમસેકમ ૧૨લાખ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ ગુજરાતમાં થાય અને એને કારણે ગુજરાતે શિક્ષિત બેરોજગાર યુવાનોને ૨૫લાખ જેટલી રોજગારી ઉત્પન્ન થાય એવો એક કાર્યક્રમ આ ગુજરાતમાં યોજાયો છે. આજે આપણે સૌ જોઈ શકીએ છીએ કે દેશની અંદર બેરોજગારોને રોજી આપવા માટેના આ કાર્યક્રમમાં છેલ્લા છ વર્ષનો આંકડાકીય ઈતિહાસ જો જોઈશું તો દેશની અંદર ૧૦૫૩૦૯૩ જેટલા રોજગારોને રોજી આપવાનો કાર્યક્રમ ભારત સરકાર કર્યો છે અને એમાં સૌથી મોખરાનું સ્થાન ગુજરાતે ૫૮૪૦૯૩ જેટલા બેરોજગારોને નોકરી આપીને ૫૧ ટકા જેટલી સિદ્ધિ માત્ર ગુજરાતે હાંસલ કરી છે અને ગુજરાતની સિદ્ધિની અવેજની અંદર ભારત દેશના પૂર્વ રાષ્ટ્રપતિ માનનીયશ્રી અબ્દુલ કલામ સાહેબે આ ગુજરાત સરકારને જી.ડબલ એલ સેવન અને બી.એલ.ડબલ સેવન નામના પ્રાસિદ્ધિક ઈનામથી નવાજયા છે એ ખરેખર ગુજરાતની સિદ્ધિ છે. ગુજરાત એ ઔદ્યોગિક દ્રષ્ટિએ હરણફાળ ભરી રહ્યું છે એટલું જ નહીં પણ સતત યુવાનોને નોકરી કયા એંગલથી મળી શકે એ બાબત સતત ચિંતિત છે. આપણે જોઈ શકીએ છીએ કે આપણા દેશની અંદર સીમા રક્ષણ કરવા માટે ભારત અને ગુજરાતના યુવાનો એક હરણફાળ ભરી રહ્યા છે અત્યાર સુધી એમ હતું કે ગુજરાતના યુવાનો આ દેશની સીમા રક્ષણ કરવા માટે વધારે ભાગ ન લઈ શકે પરંતુ ગુજરાતના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા પ્રયત્ન થતાં આજે લશ્કરી ભરતી મેળા જે જિલ્લાની અંદર થાય છે. એમાં યુવાનોને સ્પેશ્યલ તાલીમ આપી ભરતી મેળાઓની અંદર આમેજ કરવા અને આમેજ કરીને આ દેશની સરક્ષણ, લશ્કરી શાખામાં પ્રવેશ થાય અને એટલું જ નહિ, પરંતુ પ્રવેશ થાય પછી એ ગુજરાતની નામના કેળવે એવા પ્રયત્નો ગુજરાત સરકાર, શ્રમ વિભાગ દ્વારા કરવામાં આવે છે અને એ રીતે ગુજરાતની અંદર ૬૮ જેટલા ભરતી મેળાઓ કરીને કુલ ૬૬૮ જેટલા યુવાનોને એમાં રોજગારી આપવામાં આવી છે. આજે આપણે જાણીએ છીએ કે જ્યારે જ્યારે પણ યુવાનો સરકારી નોકરી મેળવવા માટે શ્રમ અને રોજગાર કચેરીમાં નામ નોંધાવે છે અને એવા યુવાનોને જ્યારે વિભાગ દ્વારા સૂચના

આપવામાં આવે છે કે તમારે ઇન્ટર્વ્યૂમાં ફલાણી ફલાણી તારીખે જવાનું છે, ત્યારે તેમને આર્થિક બોજો નહિ પડે, એટલા માટે ગુજરાત સરકારે ભરતીના ઇન્ટર્વ્યૂમાં જઈ શકે અને એટલા માટે તેમને ત્યાં જવા માટે મફત સેવા સરકાર દ્વારા આપવામાં આવે છે અને આના માટે સરકારશ્રી દ્વારા ૮ ટર્મની અંદર રોજગાર વિભાગે ૨,૩૦,૦૦૦ જેટલો ખર્ચ પણ એમાં કરવામાં આવેલ છે. આ રીતે શ્રમ વિભાગ સમગ્ર ગુજરાતની અંદર એક આગવું સ્થાન મેળવીને એક દિશા આપી રહ્યો છે. ગુજરાતની અંદર નવા નવા ઉદ્યોગો આવી રહ્યા છે. આ ઉદ્યોગોની અંદર ભરતીના જે નિયમો કરવામાં આવ્યા છે, તેમાં પણ ૧૦ વર્ષથી ગુજરાતમાં રહેતા હોય એ ગુજરાતી ગણી શકાય અને આ ગુજરાતીઓને જે ઉદ્યોગ સાહસિક દ્વારા ઉદ્યોગો નાખવામાં આવે છે, તેમાં મેનેજર કક્ષાની કે આસિસ્ટંટ મેનેજર કક્ષાની ભરતી કરવી હોય તો ૬૦ ટકા સ્થાનિક યુવાનોને રોજગારી આપવામાં આવે એવી નીતિ પણ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. આ રીતે ૧૦ વર્ષથી ગુજરાતની અંદર રહેતા અને શિક્ષિત બેરોજગાર હોય અને શ્રમ અને રોજગાર વિભાગમાં નામ નોંધાવેલ હોય તેવા ઉમેદવારને પણ એવા ૮૫ ટકા બેરોજગારોને નોકરી ગુજરાતની અંદર મળે તેવી વ્યવસ્થા કરેલ છે અને એના કારણે આજે દક્ષિણ ગુજરાતની અંદર જોઈએ છીએ કે અમારા ઉંમરગામ, સરી ગામ, વાપી અને આજુબાજુના સેલ્વાસ કે દમણ એ આખો ઔદ્યોગિક બેલ્ટ છે, તે બેલ્ટની અંદર આજે રોજગારોને રોજી આપવાનો પ્રશ્ન રહ્યો નથી. જ્યારે આખું વાતાવરણ જોઈએ છીએ ત્યારે આદિવાસી કક્ષાના ભાઈઓને ભુતકાળની અંદર કોઈ રોજગારી નહોતી મળતી, પરંતુ આજે એક બહેન એ શિક્ષિત હોય, ભણેલી હોય તે તમામને ઔદ્યોગિક ઉદ્યોગ ગૃહની અંદર જઈને સારી એવી નોકરી મેળવી શકે છે, એટલે સરકારશ્રીએ એ જ રીતે સ્કૂલ કે કૉલેજ કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓને એક સારું એવું માર્ગદર્શન મળે એટલા માટે ૧૯૯૯ જેટલા કૅરિયર કૉર્નર સ્થાપવામાં આવ્યા છે. (સમય સૂચક ઘંટડી) હું વધારે નહિ બોલું. બે-ત્રણ સૂચન મારે કરવાં છે.

**અધ્યક્ષશ્રી** : આપને આપેલ સમય કરતા પણ વધારે સમય થયેલ છે.

**શ્રી રમણલાલ ના.પાટકર** : એક-બે સૂચન છે. શ્રમ રોજગાર વિભાગને એટલું કહેવું છે કે દૂર દૂરથી આવતા મજૂરો માટે એક ઔદ્યોગિક વિસ્તારની અંદર રેનબશેરા જેવી યોજના પ્રમાણે રહેણાંકની યોજના કરી આપવામાં આવે તો ફાયદો થશે. બીજું મોર્નિગની અંદર જે મજૂરો કામ પર આવે છે તેમના માટે એક ગરીબ બસની સેવા કરી આપવામાં આવે તો ઉદ્યોગોમાં ઉત્પાદન વધશે અને આર્થિક દૃષ્ટિએ સરકારની તિજોરીમાં વધારે આવક આવશે આ મારું સૂચન છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે વર્ષ ૨૦૦૯-૧૦ ની એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન વિભાગ તો એવો વિભાગ છે કે જયાં ફરિયાદોનો પાર ન હોય. પણ જયારથી અમારા નરોત્તમકાકા આવ્યા છે ત્યારથી કોઈ ધારાસભ્યએ ફરિયાદ કરી હોય તેવું દેખાતું નથી. લોકોને સંતોષ આપવાની કામગીરી તેઓ અવિરતપણે કરતા આવ્યા છે. આ ખાતું એવું છે કે અનેક ફરિયાદો હોય. પરંતુ આમાં વિભાગો પાડયા છે. તેમાં ગરીબી રેખાથી નીચે જીવતા નાગરિકો માટે કે જે બી.પી.એલ. યાદીમાં હોય અને ૧૧ હજારથી ઓછી વાર્ષિક આવક હોય તેવા લોકો માટે બે રૂપિયે કિલો ઘઉં વ્યકિતદીઠ બે કિલો અને કાર્ડદીઠ ૯ કિલો આપવામાં આવે છે. તે રીતે ચોખા ત્રણ રૂપિયે કિલો, વ્યકિતદીઠ ૧.૫ કિલો અને કાર્ડદીઠ ૩.૫ કિલો આપવામાં આવે છે. તેમાં રાજય સરકાર સબસીડી આપે છે. ઘઉમાં પ્રતિ કિલો ૩.૦૪ પૈસા અને ચોખામાં ૩.૬૪ પૈસા સબસીડી આપવામાં આવે છે. ૨૦૦૯માં બી.પી.એલ.ની યાદીમાં આવતા લોકોને ૩,૦૩,૯૫૭ મેટ્રિક ટન ઘ ઉંનું વિતરણ કરેલ છે. જયારે ૧ લાખ ૩૮ હજાર ૨૫૮ મેટ્રિક ટન ચોખાનું વિતરણ કરેલ છે. સાહેબ તેના કરતાં અંત્યોદય યોજના અતિગરીબ લોકો માટે રાજય સરકાર દ્વારા બનાવવામાં આવી છે. તેમાં પણ સરકાર સબસીડી આપે છે. આ યોજનામાં ઘઉંનું વિતરણ કાર્ડદીઠ ૧૯ કિલો બે રૂપિયે કિલોના ભાવે આપે છે, જયારે ચોખા કાર્ડદીઠ ૧૬ કિલો ત્રણ રૂપિયે કિલોના ભાવે આપવામાં આવે છે. ગરીબી રેખાથી ઉપર જીવતા લોકો માટે પણ આ સરકારે વ્યવસ્થા કરી છે. કારણકે દરેકને અનાજની જરૂર પડે છે. ગરીબી રેખાથી ઉપર જીવતા લોકો માટે ૭ રૂપિયે કિલોના ભાવે અનાજમાં ઘઉં આપવામાં આવે છે. આવા લોકો માટે ચોખા આપવાની કોઈ યોજના નથી મારી દૃષ્ટિએ ચોખા આપવાની વ્યવસ્થા કરવામાં આવે તેવું મારું સૂચન છે. બીજી અન્નપૂર્ણા યોજના એવી છે કે આ યોજનામાં પેન્શનપાત્ર હોય અને ૬૫ વર્ષથી ઉંમરના હોય અને અરજી કરી હોય તેવા પેન્શન પાત્ર હોય અને પેન્શન મળતું ન હોય તેવા લોકો માટે સરકારે મફત અનાજ આપવાની જોગવાઈ કરી છે અને તે રીતે વૃદ્ધોને સહાયરૂપ થવાનું કામ કર્યુ છે. વ્યાજબી ભાવની દુકાનો સાહેબ, આ બધી સગવડો કરી હોય અને વિતરણ વ્યવસ્થા કરી હોય અને વ્યાજબી ભાવની દુકાન દ્વારા આ સમગ્ર ગુજરાતમાં વિતરણ થતું હોય તેના પણ નિયમો બનાવેલા છે. તેમાં ગ્રામ્ય વિસ્તારમાં બે હજારની વસ્તીના ધોરણે એક વ્યાજબી ભાવની દુકાન એલોટ કરવામાં આવે છે. તેમ શહેરી વિસ્તારોમાં, નગરપાલિકા, મહાનગરપાલિકામાં પાંચ હજારની વસ્તીના ધોરણે એક દુકાન એલોટ કરવામાં આવેલ છે. ૧૬૦૦૦ ઉપરાંત વાજબી ભાવની દુકાનો ગુજરાત રાજયમાં છે અને હમણાં આપણે દીનદયાળ ઉપાધ્યાયના નામે નામકરણ કરીને આજે ગુજરાતમાં સસ્તા અનાજની દુકાનો ચાલી રહી છે. હમણાં- હમણાં મૉડલ ફેર પ્રાઈસની દુકાનો એવી કે જે સસ્તા અનાજમાં જઈએ તો લોકોને ખરીદવાનું ગમે ના ગમે અને કાર્ડ

સિવાયની આમજનતા પણ મૉડલ ફેર પ્રાઈસમાં જઈ શકે એના માટેનું પણ આયોજન કર્યું છે. ૧૦ હજાર ઉપરાંતની એવી દુકાનો છે.

મહત્ત્વની બાબત ઓ એ છે કે, ફોર્ટીફિકેશન એ આટો સમગ્ર ભારતમાં કોઈ જગ્યાએ આ જાતનો આટો મળતો નથી કારણ કે આ આટામાં આરોગ્ય સચવાય એના માટે ગુજરાત સરકારે આ આટો બનાવેલ છે. એમાં ગુજરાતમાં થતું ફોર્ટીફિકેશન એક નવો અભિગમ બનાવેલ છે. જેમાં વીટામીન-એ, અને ઘઉંનું આયર્ન અને ફોલીક એસીડથી ફોર્ટીફિકેશન કરવામાં આવે છે. ફોર્ટીફિકેશન આટો અને ફોર્ટીફિકેશન તેલ સમગ્ર ગુજરાતમાં આપણને પ્રાપ્ત થાય છે. એનેમિયા આયર્ન અને વીટામીન -એ ની ઊણપ  જે ઘટાડવાનો છે. માર્ચ ૨૦૦૯ સુધીમાં ૧૬૦૧૭૩૧ મેટ્રિકટન ઘઉંના લોટનું તેમજ ૧૨૪૭૩૨૩ ટન ખાદ્યતેલનું ફોર્ટીફિકેશન કરવામાં આવ્યું છે.

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આયોડીનયુકત મીઠું આદિવાસી એરિયામાં પછાત જિલ્લાઓમાં ગોઈટર જેવા રોગો થતા હોય અને એ ગોઈટર જેવા રોગના પ્રતિકાર માટે આયોડીન મીઠુ કિલો એકના રૂપિયા એકના ભાવે આપવામાં આવે છે. ૧૧ જિલ્લાઓમાં અને ૫૪ તાલુકાઓમાં આ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. એમાં આવતા આદિવાસી આશ્રમો, શાળાઓ અને  બીજી અન્ય  સંસ્થાઓમાં પણ સરકાર રાહતદરે આયોડીન મીઠુ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બીપીએલ યાદીમાં હોય, કાર્ડધારકો હોય, અતિગરીબ નાગરિકો હોય, એમને લેવી ખાંડ આપવામાં આવે છે. ખાદ્યતેલ અંગે હમણાં જ એક પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન આવ્યો કે, ૧૯૯૪૧ એવો જથ્થો ખાદ્યતેલનો આપણે સંગ્રહ કર્યો છે અને એ સંગ્રહ કર્યો છે એના કારણે, બજારમાં ભાવ ઊંચા હોવાના કારણે સબસિડી રૂપે ૪૪ રૂપિયાના ભાવે, જેમ આપણે ઓછા ભાવે ખરીદ્યો  એમ પછી ૪૦ રૂપિયાના ભાવે, અને એનાથી પણ ઓછા ભાવે ૩૫ રૂપિયાના ભાવે ખરીદ્યો હતો એટલે આપણે ગુજરાતની પ્રજાને તેલ પૂરું પાડી શક્યા છીએ.

કેરોસીનની વિતરણ વ્યવસ્થામાં જોઈએ તો, જે વ્યકિત એલપીજી ગેસ ધારણ ના કરતો હોય અને ચાર વ્યકિતથી ઓછું કુટુંબ હોય એને પાંચ લિટર કેરોસીન માસિક આપવામાં આવે છે. એમ ચાર વ્યકિતઓથી વધુ કુટુંબ ધરાવતો હોય એને પ્રતિમાસ દશ લિટર કેરોસીન આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાના કારણે કેટલાય લોકો શાંતિથી પોતાની રસોઈ પકાવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એલપીજી ગેસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તાલુકાવાઈઝ અને મોટા-મોટા ગામોમાં એજન્સીઓ ફીકસ કરીને ગેસ આપવાની વિતરણ વ્યવસ્થા ગુજરાત સરકારે કરી, એનાથી પણ મોટા - મોટા શહેરોમાં પાઈપલાઈન દ્વારા અને ઘેર ગેસ પુરવઠો મળે એનું પણ આયોજન ગુજરાત રાજય કર્યુ છે એનું પણ આયોજન ગુજરાત રાજયે કર્યું છે. સંપૂર્ણ ગ્રામીણ યોજના છે એમાં પહેલા મજૂરીના બદલામાં રોકડ રકમ આપવામાં આવતી નથી અને મજૂરોને રોકડ રકમ લઈને પાછું અનાજ લેવા જવું પડતું હતું અત્યારે સ્થળ ઉપર જ શ્રમ કરવા વાળા મજૂરને કુપન આપવામાં આવે છે અને એના દ્વારા એને અનાજ આપવામાં આવે છે એના કારણે સરકારની આ યોજના મજૂરો માટે ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અભ્યાસ કરતી આદિવાસી કન્યાઓનો ડ્રોપ આઉટ રેશિયો ઓછો કરવા માટે કન્યાઓના વાલીઓને મફત અનાજ આપવામાં આવે છે. અન્નપૂર્ણા યોજના વિશે તો મેં વાત કરી. આમાં કોઈ ફરિયાદ હોય તો ફરિયાદો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.અને વધુ પડતો રીઢો ગુનેગાર હોય તો એને પાસા નીચે જેલમાં પૂરવામાં આ સરકાર અચકાતી નથી. આમ દરેક ક્ષેત્રે નાગરિક પુરવઠા વિભાગનું કામ સારી રીતે અમારા નરોત્તમભાઈ પટેલ કરી રહ્યા છે. આને કારણે કોઈ ધારાસભ્યશ્રીએ ફરિયાદ કરી નથી આથી માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારુ સમર્થન આપું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી તેમની માગણી નંબર ૫૬ અને ૫૭ આ ગૃહ સમક્ષ લઈન આવ્યા છે ત્યારે હું તેને સમર્થન આપવા માટે અને મારા અનુમોદન માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને મજૂર કલ્યાણ વિભાગના મહેસૂલ વિભાગના સામાજિક વિકાસ લક્ષી ખર્ચના છેલ્લા ચાર વર્ષના આંકડાઓ પર નજર કરવામાં આવે તો ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં રૂા.૧૩૩.૯૯ કરોડ, ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં રૂા.૧૫૭.૬૪ કરોડ, ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ૧૯૫.૫૯ કરોડ અને ૨૦૦૮-૨૦૦૯ના સુધારેલા અંદાજ પ્રમાણે ૨૩૭.૭૭ કરોડનો ખર્ચ સામાજિક વિકાસ લક્ષી આયોજન માટે કરવામાં આવ્યો છે અને ૨૦૦૯.૨૦૧૦માં તેનો અંદાજ રૂા. ૨૫૫.૧૮ કરોડનો કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બતાવે છે કે, સરકાર વધુમાં વધુ રોજગાર લક્ષી વિકાસ કરી ગુજરાતના વિશ્વાસને દેશમાં અન્ય રાજયો કરતાં ઊંચો રાખવામાં પોતાની તનતોડ મહેનત કરે છે અને આથી શ્રમ અને રોજગાર મંત્રીશ્રી એક દ્રઢ વિશ્વાસ સાથે આ માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું ચોક્કસપણે એને અભિનંદન આપું છું અને તેને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના શ્રમ મંત્રાલય તરફથી પ્રકાશિત થતા અહેવાલ તરફ પણ એક નજર કરવા માગું છું. આ અહેવાલ સદસ્યશ્રીઓ માટે એક ગર્વ સમાન અને ગૌરવ સમાન રહેવાનો છે. કારણ કે,

છેલ્લા અહેવાલ મુજબ ૨૦૦૨ થી ૨૦૦૭ ના વર્ષ દરમ્યાન શ્રમ મંત્રાલયના અહેવાલ મુજબ ગુજરાત સરકારે બેરોજગારોને જે રોજગારી આપી છે આખા દેશમાં તેમાં આંકડાકીય દ્દષ્ટિએ જોઈએ તો ૨૦૦૨ના વર્ષમાં ભારત દેશમાં કુલ ૧,૫૩,૦૦૦ બેરોજગારોને રોજગારી મળી હતી તેની સામે ગુજરાત રાજયે ૭૦,૭૦૦ બેરોજગારોને રોજગારી પૂરી પાડી.અને આખા દેશમાં બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સરકારે ૪૬ ટકા સિદ્ધિ હાંસલ કરી છે અને એ રીતે ગુજરાત સરકારનો તેમાં આગવો હિસ્સો છે, તે જ પ્રમાણે ૨૦૦૩માં ૧,૫૪,૯૦૦ સામે ગુજરાત રાજયમાં ૬૪૯૦૦ એટલે કે રાજયનો હિસ્સો ૪૨ ટકા, વર્ષ ૨૦૦૪માં ૧,૩૭,૭૦૦ ની સામે ગુજરાત રાજય દ્વારા ૬૪,૯૦૦ એટલે કે રાજયનો હિસ્સો ૪૭ ટકા, ૨૦૦૫ના વર્ષમાં ૧,૭૩,૨૦૦ની સામે ગુજરાત રાજય દ્વારા ૯૨,૯૦૦ એટલે કે કુલ રોજગારીના ૫૪ ટકા, ૨૦૦૬ના વર્ષમાં ૧,૭૭,૦૦૦ની સામે ગુજરાત રાજય દ્વારા ૯૯,૦૦૦ એટલે કે કુલ રોજગારીના ૫૬ ટકા અને વર્ષ ૨૦૦૭માં ભારત દેશમાં ૨,૬૩,૫૦૦ની રોજગારી સામે રાજય સરકારે ૧,૯૧,૭૬૧ એટલે કે કુલ રોજગારીના ૭૩ ટકા હિસ્સો પૂરો પાડી મુખ્યમંત્રીશ્રી અને રાજય સરકારને મળેલ નંબર-વનનું બિરુદ યથાર્થ કરે છે. ગુજરાત રાજય તરફથી બેરોજગારોને રોજગારી પૂરી પાડવા માટે વિરલ સિદ્ધિ જે હાંસલ કરી છે, એમાં સી.એન.એન., આઈ.બી.એન.૭ નૅટવર્કમાં તારીખ ૨૩-૯-૨૦૦૦ના રોજના સમારંભમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા તેમના વરદ્ હસ્તે ડાયમંડ એવોર્ડ રાજય સરકારને એનાયત કરવામાં આવ્યો હતો, ૨૦૦૯-૧૦ના વર્ષ દરમ્યાન સંભવિત રોજગારીની તક માટે રાજય સરકાર વિચારી રહી છે અને તે માટે સંભવિત રોજગાર નિર્માણ ક્ષમતા ધરાવતી યોજનાઓ જેવી કે કૃષિ અનુજાતિ વિકાસ નિગમ, ગ્રામ વિકાસ કુટિર ઉદ્યોગ, સફાઈ કામદાર નિગમ તથા અન્ય નિગમો દ્વારા ૩,૭૧,૬૭૩ સ્વરોજગાર લાભાર્થીઓને આવરી લેતી રોજગારીની યોજનાઓ લાવવાના માટે રાજય સરકારને હું ધન્યવાદ આપું છું, ગુજરાત રાજયમાંથી ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર પસાર થઈ રહ્યો છે, ત્યારે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ હબ બનનાર છે, આ સંજોગોમાં મેનેજર અને સુપરવાઈઝર કક્ષાએ કુશળ અને નિપુણ વ્યકિતઓને રોજગારીની તકો મળી રહે તે માટે ખાનગી યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકારે હમણાં જ બિલ પસાર કરીને કરેલ છે તથા એન્જીનીયરીંગ ક્ષેત્રે ડીગ્રી અને ડિપ્લોમા કોર્સની શિક્ષણ વિભાગ તરફથી બેઠકોનો વધારો કરી રાજય સરકારે રોજગારીની તકો પૂરી પાડવા માટે ઉમદા આયોજન કરેલ છે, એટલું જ નહિ કામદાર કક્ષાની રોજગારીની તકો મળી રહે તે માટે ૨૦ નવી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવનાર છે તથા ઉદ્યોગમાં કુશળ માનવ બળ પૂરું પાડી શકાય અને હાલમાં ચાલુ આઈ.ટી.આઈ. માં રૂા.૮.૨૧ કરોડના ખર્ચે પાંચ હજાર બેઠકોની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે, આ તમામ આયોજન રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩૧-૫-૧૯૯૫ના રોજના ઠરાવથી ઉદ્યોગોમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારના જાહેર સાહસો તેમજ ખાનગી ક્ષેત્રના ઉત્પાદન લક્ષી એકમોમાં સ્થાનિક રહીશો માટે રોજગારી મેનેજર તથા સુપરવાઈઝર કક્ષાએ મળી રહે અને તેમાં ૬૦ ટકા ગુજરાત સરકારનો હિસ્સો હોય તેમજ કામદાર કક્ષામાં ૮૫ ટકા વ્યક્તિઓને રોજગારીની તકો મળી રહે તેવી જોગવાઈ અનુલક્ષીને કરી હોય આ બેરોજગારીના વિષચક્રમાંથી ગુજરાત રાજયને નાબૂદ કરવાની દિશામાં લીધેલા પગલાં પ્રશંસાને પાત્ર છે અને કાબીલેદાદ માગી લે તેમ છે, બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં જે અસંગઠિત કામદારો છે તેના માટે પણ સરકારે ઘણું વિચારેલ છે, હાલમાં જ સુરતમાં હીરા ઉદ્યોગમાં આખા વિશ્વની અંદર મંદીનો માહોલ થયો તેમાં સુરતનો જે મુખ્ય હીરા ઉદ્યોગ છે એ મંદો પડી ગયો હતો. અને લગભગ જેટલાં હીરાઘસું ભાઈઓ છે તેઓ બેરોજગારની અવસ્થામાં આવી ગયા હતા. પરંતુ સરકાર તરફથી કેન્દ્ર સરકારમાં પ્રપોઝલ મોકલવામાં આવી હતી પરંતુ રાજય સરકાર હંમેશા ચિંતિત રહેતી હતી કે સુરતની અંદર આ હીરાઘસું ભાઈઓ જે બેરોજગાર થયા છે તે લોકોને રોજગારીની તક કેવી રીતે પૂરી પાડવી. હું સુરતના ઉદ્યોગ સાહસિકોને, સામાજિક સંસ્થાઓને, રાજકીય રીતે જોડાયેલી તમામ વ્યકિતઓને અને રાજય સરકારને આમાં ચોક્કસ કદમ ઉઠાવવા માટે અપીલને માન આપીને સુરતની અંદર ટૅક્સટાઈલ ઉદ્યોગની અંદર આવા કારીગરોને રોજગારી પૂરી પાડવા માટે ટ્રેનિંગ નોટ ઓનલી ઘેટ, એટલું જ નહીં પરંતુ તેઓને સમજાવીને ટૅક્સટાઈલ ઉદ્યોગમાં વાળવામાં આવ્યા અને બેરોજગારીના વિષચક્રમાંથી સુરતની અંદર જે મંદીની અસર હતી તે લગભગ નહીવત્ જેવી રહી. રાજય સરકારે આવા અસંગઠિત કામદારો માટે આપ જાણો છો કે યુનિયનોને પણ મંજૂરી આપીને આવા કામદારો માટે લડાઈ કરવા માટેની એક સંસ્થાને પણ પ્રોત્સાહન આપવાનું ચાલુ કર્યુ છે. કેટલાય કારીગરો કે જ્યાં ઉદ્યોગનો વિકાસ થઈ રહ્યો છે જ્યાં સરકાર, યુનિયનો અને સરકાર હસ્તક ચાલતી શ્રમ રોજગારની કચેરીઓ કે જ્યાં ન્યાય થઈ શકે, કામદારોને ન્યાય મળી શકે, કામદારોના આરોગ્ય માટે, કામદારોને પૂરેપૂરી રોજી રોટી મળી રહે તે માટે લઘુત્તમ વેતન ધારાથી માંડીને તેઓને સામાજિક, આર્થિક તેમજ દરેક પ્રકારનું રક્ષણ મળી રહે તે પ્રકારની કાળજી રાજય સરકાર રાખી રહી છે. અને રાજય સરકાર આ શ્રમ રોજગાર ખાતાને આ રીતે જે પ્રોત્સાહન આપી ગુજરાતના તમામ કામદારોને એક જૂથ રાખીને ફક્ત ઉદ્યોગપતિ નહીં, પરંતુ શહેરમાં વસતા ગરીબ કામદારો માટે પણ સમૃદ્ધિ યોજનાઓ ૧૩ હજાર કરોડ રૂપિયાની યોજના મૂકીને ગુજરાતમાં વસતા તમામ વર્ગોની આ સરકાર દરકાર કરી રહી છે અને એટલા જ માટે શ્રમ મંત્રાલય અને શ્રમ મંત્રીશ્રી માગણી નંબર ૫૬ અને ૫૭ લઈને આવ્યાં છે તેને હું અનુમોદન આપું છું અને તેના સમર્થન માટે ગૃહના હું સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમના સમર્થનમાં હું ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સંપૂર્ણ વિશ્વમાં છવાયેલી મંદીના કારણે અનેક દેશોમાં બેરોજગારીનો આંક ઝડપથી વધી રહ્યો છે. મલ્ટીનેશનલ અને સધ્ધર કંપનીઓ પણ બંધ થવા લાગી છે અથવા નાદારી નોંધાવી રહી છે એવા સમયે આપણા રાજયના મુખ્યમંત્રીશ્રીના આગોતરા આયોજન અને સુઝબૂઝના કારણે આપણે રોજગારીની તકો ઉભી કરવામાં સફળ રહ્યાં છીએ અને તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. ભારત સરકારના શ્રમ મંત્રાલય તરફથી પ્રકાશિત થયેલાં અહેવાલ મુજબ સન ૨૦૦૨ થી આજ સુધી એટલે કે ૨૦૦૯ના વર્ષ સુધી બેરોજગારીને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે. આ સિદ્ધિને બિરદાવવા ૨૦૦૮માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ સાહેબના વરદ હસ્તે રાજય સરકારને એવોર્ડ એનાયત થયો જે આપણા માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, દેશના સરેરાશ ઉત્પાદન કરતાં રાજયનું સરેરાશ ઉત્પાદન વધારે છે. રાજયમાં સરેરાશ ઉત્પાદન વધારે છે, એનો સીધો મતલબ એ થાય છે કે રાજયમાં રોજગારીની તકો વધી છે. આજે રોજગારીની સૌથી વધારે તકો શિક્ષણમાં, મેડિકલ ટુરિઝમમાં, ફાર્મામાં, કૃષિમાં, નાગરિક ઉડ્ડયન, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ તેમજ આઈ.ટી. જેવા ક્ષેત્રોમાં ઉભી થતી જોવા મળી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજય વેપારીઓની ધરતી છે. જયાં વેપારી હોય ત્યાં વ્યાપાર હોય અને જયાં વ્યાપાર હોય ત્યાં રોજગાર હોય. આજે વ્યાપાર અને ઔદ્યોગિક ક્ષેત્રમાં ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે. તેથી રોજગારીની નવી નવી તકો ઉભી થવાની છે, તેમાં બેમત નથી. રાજયની ઔદ્યોગિક વિકાસની હરણફાળ જોઈને મને એમ લાગે છે કે ભવિષ્યમાં આપણા રાજયનું માનવધન પણ ઓછું પડવાનું છે. ગુજરાતના લોકોને રોજગારી માટે બિહાર કે યુ.પી. જેવા રાજયોમાં જવાની જરૂર પડતી નથી, બલ્કે બીજા રાજયોમાંથી ઘણાબધા લોકો રોજગારી માટે ગુજરાતમાં આવી રહ્યા છે. આજે રાજયમાં કારીગર તાલીમ યોજના અન્વયે કુશળ કારીગરોની જરૂરિયાતને પહોંચી વળવા માટે ૫૯૩ જેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે. જી.સી.વી.ટી. અને એન.સી.વી.ટી. દ્વારા અનેક વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચાલી રહ્યાં છે અને હજારો નવયુવાનોને કૌશલ્યયુકત બનાવી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સમયસરના નોંધનીય અને અસરકારક પગલાંને કારણે નવા અને જૂના ઉદ્યોગોને કુશળ માનવધન ઉપલબ્ધ કરાવી શકયા છીએ. તેના કારણે ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતામાં વધારો જોવા મળી રહ્યો છે. સરકારની રોજગાર કચેરી દ્વારા તમામ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે. ૨૦૦૮-૦૯ દરમ્યાન ૪૭,૫૫૩ બેરોજગાર યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. આમ નવયુવાનોને નોકરી મેળવવા માટે જે શ્રમ પડતો હતો એ આજે ઓછો પડે છે.

ગુજરાત રાજય ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો ધરાવે છે. રાજયના દરિયા કિનારે અનેક બંદરો વિકસ્યા છે, ત્યારે રાજય સરકાર દ્વારા તાજેતરમાં આ બંદરોને વિકસાવવા માટે નવી નીતિ ઘડવામાં આવી છે. સામૂહિક વેપારના વિકાસની સાથોસાથ વહાણવટાનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. દરિયા કિનારે વસતા સાગરખેડુ યુવાનોને વ્યવસાયિક તાલીમ મળી રહે અને નવયુવાનોમાં રહેલ કૌશલ્યમાં વધારો કરી શકાય તે માટે રાજય સરકારે ૬ આઈ.ટી.આઈ. રૂપિયા ૪૦૦ લાખની જોગવાઈ સાથે શરૂ કરી છે. તદ્‌પરાંત પરંપરાગત ઉદ્યોગોની તાલીમ અને કોર્સ તો રાજય સરકાર પૂરો પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે હમણાં જ નવો ચિંતાજનક વિષય ગ્લોબલ વોર્મિંગ જે હતો, એ વિષયને પણ ધ્યાનમાં લઈ તેને નજર સમક્ષ રાખીને પોસ્ટ ઓન એનવાયરમેન્ટનો કોર્સ પણ શરૂ કરવામાં આવ્યો છે. આ બાબતથી જ પુરવાર થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રત્યેક માનવી, પ્રત્યેક રોજગારી, પ્રત્યેક કામના કૌશલ્ય બાબતે ઘણું જ ચિંતન અને મનન કરે છે, તે સરાહનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજની અડધી આબાદી એટલે મહિલા. રાજયમાં મહિલાઓ આર્થિક રીતે પગભર બને તે હેતુથી મહિલાઓને તાલીમ આપીને રોજગારીની તકો ઉભી કરવામાં આવી છે. રાજયમાં દિન પ્રતિદિન શિક્ષણના વ્યાપની સાથે આજે મહિલાઓ પણ ભણતી થઈ છે અને તેમનામાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેથી મહિલાઓને રોજગારી પૂરી પાડવાની બાબતમાં રાજયના જાહેર ક્ષેત્રની તમામ ભરતી અને નિમણૂકમાં ૩૦ ટકા મહિલા અનામત ફાળવવામાં આવી છે. રાજયમાં ૧૬ જેટલી મહિલા આઈ.ટી.આઈ. કાર્યરત છે. આજે મને જણાવતા આનંદ થાય છે કે ચાલુ વર્ષે જે બે મહિલા આઈ.ટી.આઈ. આપવામાં આવી, તેમાંથી એક મહિલા ગ્રાન્ટેડ આઈ.ટી.આઈ. મારા સુરેન્દ્રનગર વિસ્તારમાં આપવામાં આવી છે અને એ માટે હું માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબનો હ્રદયપુર્વક આભાર પણ માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારી કે ખાનગી ક્ષેત્રમાં હડતાલના સમાચાર નહીંવત્ત જોવા મળે છે. તેના માટે જો કોઈ નોંધનીય બાબત હોય તો એ છે કે શ્રમ અને રોજગાર વિભાગ માલિકો અને કર્મચારીઓ વચ્ચે સંકલનથી કામ કરાવવામાં સફળ રહ્યું છે. રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ખૂબ જ અનુભવી અને કુશળ વહીવટકર્તા છે. તેઓશ્રી કોઈપણ ઉદ્‌ભવતી સમસ્યાઓનો ઉકેલ સરળતાથી લાવી શકે છે. તે માટે માનનીય મંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીની સીધી દેખરેખ હેઠળ કામ કરતી મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટયૂટ ખૂબ જ ઉમદા કામ કરી રહી છે અને સમગ્ર દેશમાં પણ ખૂબ જાણીતી છે. માનનીય મંત્રીશ્રી રાજયના નવયુવાનોના હાથ મજબૂત કરવા અને પ્રત્યેક નવયુવાનને કામ આપવાના ચોકકસ નિર્ધાર સાથે જે માગણીઓ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં મારું અનુમોદન આપું છું.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાગરિક પુરવઠા અને ગાંહકોની બાબતોના વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક રર અને ર૩ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વસવાટ કરતા ગામડાંના કે શહેરોના તમામ નાગરિકોને રોજેરોજની જરૂર પડતી આવશ્યક ચીજવસ્તુઓ જેવી કે તમામ પ્રકારનું અનાજ, કઠોળ, ખાંડ, ખાદ્યતેલ, ગેસ, પેટ્રોલ, કેરોસીન, શાકભાજી વગેરે શુધ્ધ અને પૂરતા પ્રમાણમાં ભેળસેળ વિનાનાં મળી રહે એ માટે આપણી આ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર તેમજ અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોના વિભાગ બાબતના મંત્રીશ્રી ખૂબ જ કાળજી લીધી છે તે બદલ હું તેમને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા રાજયના તમામ નાગરિકોના સ્વાસ્થય અને સુખાકારી માટે ખૂબ જ ચિંતા રાખી છે. રાજયના તમામ નાગરિકોને પૂરતા પ્રમાણમાં આવકશ્યક ચીજવસ્તુઓ મળી રહે એ માટે રાજય સરકારે અલગ અલગ કાયદા અને નિયમો બનાવ્યા છે. આ કાયદા અને નિયમોનો ભંગ કરનાર સામે કડકમાં કડક કાર્યવાહી, સજા અને દંડ કરવામાં આવે છે. આ કામગીરી જિલ્લા પુરવઠા અધિકારીઓ, જિલ્લા કલેકટરો અને તાલુકા કક્ષાએ મમામલતદારો સંભાળતા હોય છે. રાજયના તમામ નાગરિકોને શુધ્ધ અને ભેળસેળ વિનાની આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે એ માટે રાજય સરકારે તથા આ વિભાગે ખૂબ જ સારી વ્યવસ્થા ગોઠવી છે. હોટલો, લારીગલ્લા ઉપર રાંધેલો વાસી કે બગડેલ ખોરાક વેચનાર સામે તથા દુકાનોમાં ભેળસેળવાળી ચીજવસ્તુઓ વેચનાર ઈસમો અને વેપારીઓ સામે આ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરી દંડ અને સજા કરવામાં આવે છે. રાજયના ઉંડાણના છેવાડાનાં ગામડાંના નાગરિકોને પણ આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે એ માટે રાજય સરકારે રાજયમા ૧૬૩૧૦ જેટલી વાજબી ભાવની દૂકાનો ઉભી કરેલ છે. આ દુકાનોમાં ગરીબી રેખા નીચે જીવતા અને જેમની આવક મર્યાદા વાર્ષિક ૧૧ હજારથી ઓછી હોય તેમને વ્યકિતદીઠ રૂપિયા ર ના ભાવથી ૧ાા કિલો અને બી.પી.એલ. કુટુંબોને કાર્ડદીઠ ૯ કિલો ઘઉં પ્રતિ માસ આપવામાં આવે છે. આવા કુટુંબોને દર માસે કાર્ડ દીઠ રૂપિયા ૩ ના ભાવે ૩.પ કિલો ચોખાનું પણ વિતરણ કરવામાં આવે છે. અતિ ગરીબ કુટુંબોને પ્રતિ માસ રૂપિયા ર ના ભાવથી કાર્ડદીઠ ૧૯ કિલો ઘઉં અને પ્રતિ કિલો રૂપિયા ૩ ના ભાવથી ૧૬ કિલો ચોખાનું વિતરણ કરવામાં આવે છે. એપ્રિલ, ર૦૦૮ થી આવા અતિ ગરીબ કુટુંબોને ૧૬.૮૦૦ કિલો ફોર્ટીફાઈડ આટો આપવાનું શરૂ કરેલ છે. મકાઈ અને બાજરાનું પણ વિતરણ શરૂ કરેલ છે. તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ રાજયમાં ૧૬૪૧૦ જેટલી વાજબી ભાવની દુકાનો મંજૂર કરવામાં આવેલ છે અને આ મંજૂર થયેલ વાજબી ભાવની દુકાનો પૈકી ૧૦પ૪૦ જેટલી દુકાનોને આધુનિક બનાવી તેવી દુકાનોમાં તમામ પ્રકારની પાયાની સુવિધાઓ મળી રહે એ માટે મોડેલ .ફેર પ્રાઈઝ તરીકે ચાલુ કરવામાં આવેલ છે. આવી દુકાનો શરૂ કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજય છે. કોઈટર જેવા રોગો સામે રક્ષણ મળી રહે એ માટે આદિવાસી સબ પ્લાન મારફત આદિવાસી વસતિ ધરાવતા ૧૧ જિલ્લાના પ૪ તાલુકાને પેકેજ બનાવી દર માસે કાર્ડદીઠ ર કિલો રૂપિયા ૧ ના ભાવથી આયોડીનયુકત મીઠાનું વાજબી ભાવની દુકાનો માફરતે વિતરણ કરવામાં આવે છે. વાજબી ભાવની દુકાનોમાં ખાંડ, ખાદ્યતેલ અને કેરોસીનનું પણ વાજબી ભાવથી વિતરણ કરવામાં આવે છે. રાજયમાં કરોસીનનું વિતરણ વ્યવસ્થિત કરવા માટે ૪૬૦ જેટલા એજન્ટો, ૧પ૩ર૪ જેટલી વાજબી ભાવની દુકાનો, ૪૮૯ર જેટલા છૂટક વેચનાર અને ર૭૧૧ જેટલા ફેરીયાઓને કેરોસીનના વિતરણમાં જોડવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાગરિકોને પુરતા પ્રમાણમાં રાંધણ ગેસ મળી રહે તેના માટે પણ રાજય સરકારે ખાસ કાળજી રાખી છે. ગ્રાહકોને રક્ષણ મળી રહે તે માટે કાળાબજાર, ગ્રાહક સુરક્ષા, ગ્રાહક તકરાર નિવારણ, તોલ-માપ તેમજ ભેળસેળ વગેરે સામે રાજય સરકારે નિયમો અને કાયદા બનાવ્યા છે. ર૦૦૯-૧૦ ના બજેટમાં નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને સુવ્યવસ્થિત કરવા માટે કર્મચારી-અધિકારીની નવી જગ્યાઓ માટે રૂા. ર૧ લાખ ૧૭ તથા તાપી જિલ્લા માટે રૂા. ૮ હજારની જોગવાઈ કરી છે. સુરત શહેરના પુણા, લીંબાયત અને અમરેલી ખાતે ઝોનલ કચેરી માટે રૂા. ૧૬૦૦૦, ફોર્ટીફિકેશનના વિકાસ માટે ધાનપુર, દાહોદ જિલ્લો, ચોટીલા સુરેન્દ્રનગર જિલ્લા, આ બે તાલુકાના લાભાર્થીઓને સુરક્ષા પુરી પાડવા માટે રૂા. ૬૦ લાખની વ્યવસ્થા અને આયોજન કરવામાં આવેલ છે. કેરોસીનના વિતરણ માટે સોફટવેર વિકસાવવા માટે રૂા. ૪ કરોડ પ૪ લાખ પ૧ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે. પેટ્રોલ અને ડીઝલના સેમ્પલ લેવા ચકાસવા માટે રૂા. ૧પ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. વ્યાવસાયિક અભ્યાસ અને તાલીમ માટે રૂા. પ૩ લાખ પ૦ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે. ગ્રાહક જાગૃતિ માટે ૩ર લાખ ૧પ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે. આયોડીન યુકત મીઠા માટે રૂા. ૪ કરોડ ૭૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજયના રપ જિલ્લાઓમાં મંચસ્થ કચેરી મકાન બાંધકામ માટે દરેક મંચ માટે રૂા. ૩૩ લાખ લેખે ૪ કરોડ ૯૮ લાખ ૯૭ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ આ જે માગણીઓ

માનનીય નાગરિક અને પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રીશ્રી લઈને આવ્યા છે માગણી ક્રમાંક ૨૨ અને ૨૩, તેને હું સમર્થન આપી મારું પ્રવચન પુરું કરું છું.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ૫૬ અને ૫૭ નંબરની માંગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપવા ઉભો થયો છું. શ્રમ અને રોજગાર વિભાગની રચના ૧૭ જુલાઈ ૧૯૮૦ થી અલગ વહીવટી વિભાગ તરીકે કરવામાં આવી હતી. શ્રમ અને રોજગાર બાબતે પુરતું લક્ષ આપી શકાય, રોજગારી આપવામાં ઝડપી આયોજન થઈ શકે અને હેતુ લક્ષી આયોજનના ઉદેશથી આ વિભાગની રચના કરવામાં આવી હતી. આ વિભાગ તરફથી શ્રમ અને રોજગાર તાલીમ અને માનવ શકિતને લગતી બાબતો નીતિ નિયમો અને કાર્યક્રમો ઘડવામાં આવે છે. શ્રમિકો માટે કલ્યાણકારી પગલાં, રોજગાર નિર્માણ અને કાર્યક્રમો તૈયાર કરવામાં આવતા હોય છે. રોજગાર સેવાઓ હેઠળ મુખ્યત્વે રોજગાર વાંચ્છુઓ નોંધણી તેમજ નોકરીમાં સ્વરોજગાર મેળવવા માટે વિસ્તારોમાંના રોજગાર વાંચ્છુઓને રોજગાર મેળવવામાં સહાય સલાહ અને માર્ગદર્શનનો સમાવેશ થતો હોય છે. નોકરી દાતાઓને માગણીની જગ્યાએ અનુરૂપ લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ અગ્રતાક્રમ મુજબ નોકરી દાતાઓને કરવામાં આવે છે.અને આમ ઉમેદવાર અને નોકરી દાતા વચ્ચે કડી રૂપ કામ જો કોઈ કરતું હોય તો તે રોજગાર કચેરીઓ મારફત થઈ રહયું છે. હાલમાં ગુજરાત રાજયના જિલ્લાઓનું વિભાજન થતાં કુલ ૪૧ રોજગાર કચેરીઓ આ કામ સંભાળી રહી છે. ૨૦૦૮-૦૯ના વર્ષમાં રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૭,૪૪,૯૫૬ ઉમેદવારોની ભલામણ કરવામાં આવી હતી. અને તે પૈકી ૧,૬૨,૭૭૧ ઉમેદવારોને રોજગારી આપવામાં આવેલ છે. બેરોજગારોની વિકટ સમસ્યાઓને હલ કરવાના પ્રયાસ રૂપે શિક્ષણ અને રોજગાર વિકાસ ક્ષેત્રે અને એમની વચ્ચે પરસ્પર લાભદાયી સંબંધો વિકાસ પામે અને લાંબા ગાળા માટેના ઉપાયો માટે નિરંતર ધોરણે વિકેન્દ્રીય સ્તરે પસાર થતા રહે તે હેતુથી જિલ્લા સલાહકાર સમિતિઓની રચના પણ કરવામાં આવતી હોય છે. એ અન્વયે માર્ચ ૨૦૦૮-૦૯ સુધીમાં ૫૮૬ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે એ પૈકી ૪૮૪૬૪ ઉમેદવારોએ પ્રોત્સાહિત થઈને લોન ફૉર્મ ભરેલ હતા અને એમાંથી ૩૬૪૯૭ બેરોજગારોની લોન મંજૂર કરવામાં આવી છે.

સંરક્ષણ સેવાઓ માટે રોજગાર કચેરી મારફતે સારી કામગીરી થઈ રહી છે. ગુજરાતના યુવાનો લશ્કરમાં વધુમાં વધુ જોડાય અને એમના માટે પૂર્વ તાલીમની યોજનાઓ પણ સરકાર માન્ય શાળાઓમાં પૂર્વ સેવા સંરક્ષણ તાલીમ વર્ગો ચલાવવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજયને ફાળે આવતી લશ્કરી અને અર્ધ લશ્કરીદળોની જગ્યાઓ ઉપર ગુજરાતના યુવાનો જોડાય અને આ જગ્યાઓ પૂરાય એ માટે શાખા અધિકારી અમદાવાદ, જામનગર અને રોજગાર કચેરીઓનો સહકાર મેળવીને આયોજન કરવામાં આવતું હોય છે. ૨૦૦૭-૦૮માં ૧૧ સંરક્ષણ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું એમાંથી ૮૯૦ ઉમેદવારોની આખરી પસંદગી કરવામાં આવી હતી. એ જ રીતે ૨૦૦૮-૦૯માં ૧૦ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૧૮ જેટલા ઉમેદવારો પસંદ પામ્યા હતા. ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવા પડે કે છેલ્લા છ વર્ષમાં ગુજરાતે રોજગારી આપવામાં દેશમાં પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે એ બદલ લાખ લાખ ધન્યવાદ આપું છું. ભારત સરકારના રિપૉર્ટ મુજબ રોજગાર કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી રોજગારીમાં ગુજરાત છેલ્લા છ વર્ષથી દેશમાં પ્રથમ સ્થાને રહેલ છે. ૨૦૦૨ના વર્ષ દરમિયાન ૪૬ ટકા, ૨૦૦૩ના વર્ષમાં ૪૨ ટકા, ૨૦૦૪ના વર્ષ દરમિયાન ૪૭ ટકા, ૨૦૦૫ના વર્ષમાં ૫૪ ટકા, ૨૦૦૬ના વર્ષ દરમિયાન ૫૬ ટકા ગુજરાત સરકારે રોજગારી પૂરી પાડી છે. ૨૦૦૭ના વર્ષ દરમિયાન ૭૩ ટકા રોજગારી પૂરી પાડીને સમગ્ર દેશમાં ગુજરાતે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો એટલા માટે શ્રમ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

બેરોજગાર ઉમેદવારોને સહાયરૂપ થવાના હેતુથી ઈન્ટરવ્યુ સ્થળ સુધી જવા માટે એસ.ટી. કૂપનનો ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૨૮૯૨૧ ઉમેદવારોને લાભ આપવામાં આવ્યો હતો અને તેમના દ્વારા ૨,૨૦,૭૪૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. રોજગાર વિનિમય કચેરીઓના માધ્યમથી ઉત્કૃષ્ટ કેન્દ્રની યોજનાઓ ચાલુ હોય છે. આંતરરાષ્ટ્રીય બહુલક્ષી કામદાર વર્ગ પેદા કરવા અને રાજયમાં ઉત્કૃષ્ટ કેન્દ્રની યોજનાનો અમલ કરવામાં આવી રહ્યો છે. હાલમાં ૩૭ ઉત્કૃષ્ટ કેન્દ્રો સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવી રહી છે. અત્યારે અર્થ પૂર્ણ રોજગાર મેળવવા માટે કોઈપણ ઉમેદવારને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું એ આવશ્યક છે આ હેતુને ધ્યાનમાં લઈને રાજયના ૨૩ ઉત્કષ્ટ કેન્દ્રો ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ડિજીટલ ભાષા પ્રયોગશાળા સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ છે. હાલમાં રોજગાર વિનિમય કચેરી દ્વારા ઉમેદવારોની નોંધણી સમયે નોંધણી કાર્ડ આપવામાં આવે છે. કોમ્પ્યુટરાઈઝ બ્લૅક પેપર નોંધણી કાર્ડ આપવામાં આવે છે. લાંબા ગાળા સુધી રાહ જોવાની હોય, સાચવવું પડતું હોય, ખોવાઈ જવાની તૂટી જવાથી ઘણી વખત સમસ્યાઓ આવતી હોય છે. ગુજરાત રાજયના રોજગાર વિભાગ દ્વારા રોજગાર વિનિયમ કચેરીમાં રોજગાર વાંચ્છુઓને ઝડપથી અને સારી સેવાઓ પૂરી પડે એટલા માટે ટકાઉ અને નાની સાઇઝના ફોટા સાથેના બારકોટ સાથેના નોંધણી કાર્ડ આપવાનું પણ નક્કી કરવામાં આવેલ છે. જે લાંબો સમય સાચવી શકાશે અને સાચવવામાં ખૂબ સરળતા રહેશે.

ગુજરાત રાજયમાં ઝડપથી વધી રહેલ ઔદ્યોગિકરણ અને રાજયમાં થયેલ મૂડી રોકાણને ધ્યાનમાં રાખી ને કૌશલ્યયુકત માનવ શકિતની જરૂરિયાત ઊભી થઈ છે. હાલમાં સરકાર દ્વારા ૬૮,૭૬૦ જગ્યાઓ ધરાવતી ૧૬૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા વ્યવસાયીક તાલીમ આપવામાં આવી રહી છે. આ હાલના અને ઉભરી રહેલા ઉદ્યોગોની જરૂરિયાત પૂરી પાડવા માટે પ્રાપ્ત નથી અને આ જ વિષયને ધ્યાનમાં રાખીને માનનીય શ્રમમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રી સાહેબે દરિયા કાંઠાના વિસ્તારોમાં વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ નવા આઈ.ટી.આઈ. ખોલવા માટેના પણ પ્રયત્નો કર્યા છે અને તેમાં ૧૨૮ પ્રત્યેક જગ્યાઓ ધરાવતી કુલ ૬ નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજી ભાષાના જ્ઞાન બાબત ગુજરાત સરકાર દ્વારા યુવાનોમાં અંગ્રેજી ભાષામાં નિપુણતા મેળવવા અને આ રીતે રોજગાર મેળવવામાં મદદરૂપ થવા માટેના વર્ગોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. અંગ્રેજી સ્કોપ વર્ગો માટે બી.પી.એલ. અને મહિલા ઉમેદવારો માટે આ વર્ગોમાં જોડાય તો ૧૫૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે આ વર્ગોમાં જોડાવા માટે ૧૦૦૦ રૂપિયા આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૨૦૦૯-૧૦ના વર્ષમાં બી.પી.એલ. અને મહિલા ઉમેદવારો ૮૫૦ અને ૨૫૦૦ ઉમેદવારોને તાલીમમાં આવરી લેવામાં આવેલ હતા. તેમજ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં ૨૫૦૦ એમ કુલ ૫૮૫૦ ઉમેદવારોનો લક્ષ્યાંક છે અને તેમાં ૨૦૦૯-૧૦માં ૭૫.૨૫ લાખનું ખર્ચ કરવામાં આવી રહ્યું છે.

બાંધકામ ક્ષેત્રે રોજગારી બાબત. રાજયમાં બાંધકામ ક્ષેત્રમાં રોજગાર માટે વ્યાપક તકો છે. રોજગાર કચેરીમાં નોંધણી કરવામાં આવેલ બિન કુશળ બેરોજગાર ઉમેદવારોને બાંધકામ ક્ષેત્રમાં તાલીમ આપી શકાય તે માટે જુદી જુદી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ગરીબી રેખા હેઠળના ૨૦૦ ઉમેદવારો તેમજ શૈક્ષણિક પછાત શ્રેણીના ૫૨૫ ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે. આમ ગરીબી રેખા હેઠળના બેરોજગારોને દર મહિને ૨૫૦૦ વૃત્તિકા માટે અને ૧૦૦૦ માલ સામગ્રી માટે તેમજ સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ માટે દર મહિને ૧૫૦૦ રૂપિયા વૃત્તિકા અને ૧૦૦૦ રૂપિયા માલ સામગ્રી માટે આપીને તેમને શિક્ષિત કરવામાં આવશે. આવી અનેકવિધ યોજનાઓ દ્વારા ગુજરાત રાજયના શ્રમ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે પ્રયત્નો કરી રહ્યા હોય અને ચક્રધારી મોહનથી શરૂ કરીને ચરખાધારી મોહન સુધીની અનેકવિધ યોજનાઓ લઈને ગુજરાતના યુવાનોને કલ્પનાની પાંખેથી લઈને રોજગારી સુધી લઈ જવાના પ્રયત્નો કરી રહ્યા છે એટલે આ માગણીઓને હું મારું અનુમોદન આપીને અને લાખ-લાખ ધન્યવાદ આપીને મારી વાતને વિરામ આપું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની જે માગણી ક્રમાંક-૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની સંસ્કૃતિએ હંમેશા દરિદ્રમાં નારાયણના દર્શન કરાવ્યાં છે અને એટલા માટે સ્વામી વિવેકાનંદ જ્યારે અમૅરિકા ગયા ત્યારે આ દેશની ગરીબી અને પશ્ચિમનો વૈભવ જોઈને આખી રાત રડ્યા અને તેમણે કલ્પના કરી કે પશ્ચિમનો વૈભવ અને પૂર્વની આધ્યાત્મિકતાનો સમન્વય કરીને કોઈ સંસ્કૃતિનો વિકાસ થાય. આ પ્રકારની કલ્પના વિવેકાનંદજીએ એ વખતે કરેલી. મારી પાર્ટીના અમારા સૌના અને દેશના માર્ગદર્શક પંડિત દિનદયાળજીએ પણ એકાત્મ માનવવાદના દર્શન આપીને આ દેશનો ગરીબમાં ગરીબ વ્યકિત તેની પણ સંભાળ લેવાવી જોઈએ એ પ્રકારની ચિંતા પંડિત દિનદયાળજીએ કરેલી. આજે માનનીય નરેન્દ્રભાઈની સરકારમાં પણ પ્રત્યેક ગરીબના સંસાધનોનો, સેવાનો, તેમની ચિંતા કરવી પડે એ પ્રકારના બધા જ વિભાગો દ્વારા કંઈકને કંઈક પ્રયત્ન થઈ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ગરીબી હટાવોનું લોભામણા સૂત્ર આપી અને સત્તાના સિંહાસને બેઠેલા શાસકોએ ગરીબો માટે કેટલું કર્યું એ સૌ કોઈ જાણે છે. એવે વખતે મને એ વાતનું ગૌરવ છે કે, જ્યારથી આ રાજયમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે, સાચા અર્થમાં સંવેદનાપૂર્ણ વ્યવહાર ગરીબો માટે રહ્યો છે. ગરીબોના ઉત્થાન માટેની ચિંતા રાજય સરકારે કરી છે. અન્ન અને નાગરિક પુરવઠા અંતર્ગત ગરીબી રેખાથી ઉપર જીવતા કુટુંબો માટે અને ગરીબી રેખાથી નીચે જીવતા કુટુંબો માટે એટલે કે, બી.પી.એલ. કાર્ડ ધારકો માટે અનેક યોજનાઓ બનાવી છે. આ રાજયમાં કુલ ૨૬.૫૦ લાખ કુટુંબો ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો છે. રૂ.૧૧૦૦૦ કરતાં ઓછી આવક ધરાવતા આવા પરિવારોને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ.૧૩૦ કરોડનો ફેરફાર કરેલ અંદાજવામાં આવ્યો છે અને આ યોજના તળે પ્રતિ વ્યકિત રૂ.૨ની માસિક દોઢ કિ.ગ્રા. અને કાર્ડ દીઠ ૯ કિ.ગ્રા. મુજબ ઘઉંનો જથ્થો વિતરણ કરવામાં આવે છે. પ્રતિ કિલો ૩ ના ભાવે વ્યકિત દીઠ એક કિલો અને કાર્ડ દિઠ મહત્તમ ૩.૫ કિલો મુજબ ચોખાનું વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૩,૦૩,૯૫૭ મૅટ્રિક ટન ઘઉં, ૧૩૮૨૫૮ મૅટ્રિક ટન ચોખા, ૧૫૮૫૯ મૅટ્રિક ટન મકાઈ, ૩૪૨૫૩ મૅટ્રિક ટન બાજરીનું વિતરણ કરવામાં આવ્યું છે. ગરીબી રેખા કરતાં પણ કેટલાક કુટુંબ એવા છે કે જે અતિ ગરીબ છે. એવા કુટુંબોને અંત્યોદય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને એમને પ્રતિ કિલોગ્રામે ૦.૮૮ ઘઉંના, પ્રતિ કિલોગ્રામે ૧.૦૧ પૈસા રાજય સરકાર એની સબસિડી ભોગવે છે. અંત્યોદય યોજના હેઠળ હાલમાં વિતરણ કરાતા ૧૬.૭૦૦ કિલોગ્રામ ફોર્ટી ફાઈડ ઘઉંના આટાને વધારીને ૧૮.૫૦૦ કિલોગ્રામ ફોર્ટી ફાઈડ આટો આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે. ભૂતકાળમાં અનાજ આપતા હતા એની સામે ગરીબ માણસોની તંદુરસ્તી સચવાય એ માટેનો અભિગમ લઈને રાજય સરકારે

ફોર્ટી ફાઈડ આટો આપવાનું નક્કી કર્યું હોઈ ૨૦૦૮-૦૯માં ૧૦૪૯૮૫ મૅટ્રિક ટન ફોર્ટી ફાઈડ આટો આપવાનું નક્કી કર્યું છે. એમાં ૧,૪૩,૯૦૦ મૅટ્રિક ટન ચોખાનો અને ૪૭ મૅટ્રિક ટન મકાઈ અને ૧૪૭ મૅટ્રિક ટન બાજરીનું વિતરણ કરવામાં આવ્યું છે. ગરીબી રેખાથી ઉપર જીવતા કુટુંબો માટે પણ હાલમાં પ્રતિ કિલો રૂ.૭ના ભાવે વ્યકિત દિઠ ૨.૫ કિ.ગ્રા ઘઉંનું વિતરણ કરવામાં આવે છે અને કાર્ડ દીઠ મહત્તમ ૯ કિ.ગ્રા. ઘઉંનું વિતરણ કરવામાં આવે છે. આ યોજના હેઠળ ચોખાની પણ ફાળવણી કરવામાં આવે છે. ૬૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા નિરાધાર વૃદ્ધો માટે રાજય સરકારે અન્નપૂર્ણા યોજના શરૂ કરેલ છે. આવા નિરાધાર વૃદ્ધો કે જેઓ પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવા પાત્ર હોય, પરંતુ એમને પેન્શન મળતું નથી એવા નાગરિકોને માસિક ૧૦ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે. આ ઉપરાંત વ્યાજબી ભાવની દુકાનો કે ત્યાંથી સસ્તા અનાજ જે ગ્રાહકો મેળવે છે એમને અન્ય વસ્તુઓ પણ ત્યાંથી ઉપલબ્ધ થાય એ પ્રકારની મોડેલ ફેરપ્રાઈઝ શોપ પણ રાજય સરકારના પ્રયત્નથી બનાવવામાં આવી છે. આમ અનેક યોજનાઓ એમાંની એક યોજના એટલે આયોડીનયુકત મીઠું આપવાની યોજના છે. ગોઈટર જેવા રોગોની સામે રક્ષણ મળી રહે એટલા માટે થઈ અને આ રાજયના ગરીબોને વર્ષ ૨૦૦૯-૧૦માં આયોડીન યુકત મીઠાનું વિતરણ કરવાનું સરકારે વિચાર્યુ છે અને આ યોજના અંતર્ગત સમગ્ર AAY અને B.P.L. કાર્ડ હોલ્ડરોને માસિક રુ. ૧ કિલોગ્રામ પ્રતિકિલો રૂ.૧ના ભાવે આયોડીનયુકત મીઠું વિતરણ કરવાનું રાજય સરકારે નકકી કર્યુ છે અને આવા બંને A.A.Y. અને B.P.L. કાર્ડ ધારકોની કુલ સંખ્યા ૩૩,૬૭,૦૩૨ની છે એ માટે આ આયોડીન યુકત મીઠું આપવા માટે રૂા. ૪.૭૦ કરોડની જોગવાઈ આ રાજય સરકારે કરી છે. આમ રાજયમાં આમ આદમીની ચિંતા કરવાવાળી આ સરકાર અને એનો વિભાગ જયારે આવી સુંદર યોજનાઓ રાજયના પ્રત્યેક ગરીબ માટે લઈને આવી હોય ત્યારે એને સમર્થન આપી અને વિરમું છું.

**શ્રીમતી જયોત્સનાબેન ૨ા. પટેલ(આણંદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ હું અન્ન નાગરિક અને પુરવઠા વિભાગની માનનીય મંત્રીશ્રી જે માગણી નં. ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. આજે હું આપની સમક્ષ રાજય સરકારશ્રીની અન્ન નાગરિક પુરવઠા વિભાગની માગણીઓના સમર્થનમાં ઉભી થઈ છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે ૧૪મી વખત આ બજેટ લઈને આવ્યા છે તેમને હું અભિનંદન આપું છું તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી જે આ ગુજરાતનો કુશળ વહીવટ જે આપણે છેલ્લા ૭ વર્ષથી જોઈ રહ્યા છીએ અને એમાં આપણા ગુજરાતના વિકાસની જે હરણફાળ જોઈ રહ્યા છીએ તેમને પણ હું ખૂબખૂબ અભિનંદન આપું છું. છેવાડાના માનવીના બી.પી.એલ. કાર્ડધારકોને રૂા. ૨/- કિલોના ભાવે જે ઘઉ છેલ્લા ૭ વર્ષથી આ સરકાર નિયમિત આપે છે એની સરખામણીમાં જ્યારે કેન્દ્ર સરકાર રૂા. ૩ આપવાની વાત કરે છે. આ સરકારે તે ઘઉ જે સરેરાશ વ્યકિતદીઠ પ્રતિમાસે રૂા. ૧.૫ કિલોગ્રામ અને કાર્ડદીઠ મહત્તમ ૯ કિલોગ્રામ ધઉ આપવાનું નકકી કર્યુ છે જેમાં આ રાજય સરકારનો પોતાનો ફાળો રૂા. ૩.૪ પૈસા ભોગવે છે. આ રાજય સરકારે રાજયના બી.પી.એલ. કાર્ડધારકોને રૂા. ૩ના કિલોના ભાવે જે ચોખા વ્યકિતદીઠ ૧ કિલો અને વધારે ૩.૫ કિલો ચોખા આપવામાં આવે છે તેમાં આ રાજય સરકાર રૂા. ૩.૬૪ પૈસાની સબસીડી આ સરકાર ભોગવે છે. આમ આ સરકારે ગરીબના અને બી.પી.એલ. કાર્ડધારકોના જીવન જીવવા માટેના ખોરાકની પણ ચિંતા કરેલી આપણે જોઈ રહ્યા છીએ. રાજય સરકારની અંત્યોદય યોજના હેઠળ નિગમની ૫ડતર કિંમત અને વિતરણ ભાવના તફાવતમાં ૧ કિલો ધઉંમાં ૮૮ પૈસા અને ચોખામાં ૧ કિલો ચોખાએ રુ. ૧.૦૧ પૈસા સબસીડી આ સરકાર ભોગવે છે જે ખરેખર અભિનંદન અને આપણને ગૌરવ લેવા જેવી બાબત છે અને તે માગણી પણ આ બાબતમાં વ્યાજબી છે. મને કહેતા આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે દેશમાં ગુજરાત એક એવું રાજય છે કે જેમાં ૧૬,૩૫૦ વ્યાજબી ભાવની દુકાનોમાંથી તા:૩૧/૩/૨૦૦૯ સુધીમાં ૧૦,૫૪૦ દુકાનોને આ સરકારે આધુનિક બનાવી છે તેમાં ગરીબ બી.પી.એલ. કાર્ડ ધારકોને મદદરૂપ થવાની તેમજ પાયાની સુવિધાઓ એક જગ્યાએથી પ્રાપ્ત થાય તે હેતુથી આ સરકારે મોડેલ પ્રાઈઝ શોપ સૅન્ટરનો નવો વિચાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે રાજ્યની આમ જનતા માટે પણ નવા ઉદ્‌ભવતા રોગો માટે પણ કાળજી લીધેલ છે. જેમ કે, ગોઈટર જેવા રોગો સામે ગરીબ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધે અને તે સામનો કરી શકે તે માટે આ સરકારે બી.પી.એલ. કાર્ડ દીઠ બે કિલોગ્રામ અને તે પણ માત્ર નજીવા ભાવે એટલે કે એક રૂપિયે કિલોના સસ્તા ભાવે આયોડીનયુક્ત મીઠાનું વિતરણ સરકારી દુકાનો મારફતે કરવામાં આવે છે. સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન આ સરકારે ૫૫૧૪ મે.ટન. મીઠાનું વિતરણ આમ આદમીને કરેલ છે. આથી હું એટલું કહી શકું કે આ સરકારે ગરીબ વર્ગના આરોગ્યની બાબતે ઉદારતા રાખી રોગપ્રતિકારક શક્તિ વધે અને રોગો સામે સામનો કરી શકે તે માટે આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરેલ છે. આ સરકાર થકી બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડ ધારકોને દર મહિને વ્યક્તિ દીઠ ૫૦૦ ગ્રામ લેવી ખાંડનું વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત આ કાર્ડ ધારકોને ઑક્ટોબર-૦૮માં કાર્ડદીઠ બે કિલોગ્રામ રૂા. ૧૩.૫૦ના નજીવા ભાવથી ખાંડનું વિતરણ કરવામાં આવેલ છે. આમ, સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૭૭,૭૭૩ મે.ટન લેવી ખાંડનું વિતરણ કરવામાં આવેલ છે. આજના છેલ્લા બે મહિનાના ખાંડનો બજાર ભાવ જોતાં કેન્દ્ર સરકારે ગરીબોના દીવા સ્વપ્ન જેવી અને મધ્યમવર્ગના લોકોની સવારની ચા માટે ખાંડનો ભાવ જોઈએ તો સમાજના દરેક વર્ગની સવારની ખુશી કેવી રીતે મુશ્કેલભરી બનાવી છે એની સામે આ સરકારે આમ આદમીની ખૂબ જ ચિંતા કરેલ છે. આ કાર્ય સરકારની મોટી સિદ્ધિ છે. આ સરકારે

બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડ ધારકોને તેમના પ્રિય તહેવારોની ઉજવણી માટે ખાદ્ય તેલના વિતરણ માટે ઑક્ટોબર-૦૮ દરમિયાન પ્રતિ લિટર રૂા. ૪૪, નવેમ્બર-૦૮માં રૂા.૪૦ અને ડિસેમ્બર-૦૮માં રૂા. ૩૫ પ્રતિ લિટરના ભાવે રાહત દરે બી.પી.એલ. કાર્ડધારકોને ખાદ્યતેલનું વિતરણ કરેલ છે. આમ, આ રાજ્ય સરકારે આ પાછળ રૂા. ૪૨.૪૫ કરોડની સબસિડી ભોગવેલ છે. આથી આપણે કહી શકીએ કે આ સરકારે ગરીબો માટે તેમના તહેવારોની ઉજવણીની નાનામાં નાની બાબતોનું ધ્યાન રાખેલ છે. આ સરકારે બી.પી.એલ. કાર્ડધારકોના રાંધવા માટે ઉપયોગી વસ્તુ એવી કેરોસીન માટે દર માસે ૯૦ હજાર લિટર જથ્થાની જરૂરિયાત સામે કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને દર મહિને ૭૯.૬૪૪ કિલો લિટર જથ્થો મળે છે અને આ જથ્થામાં ૧૨ હજાર કિલો લિટર જથ્થો મત્સ્યોદ્યોગ માટે ફાળવતાં જાહેર વિતરણના હેતુ માટે ૭૮.૪૪૪ કિલો લિટર જથ્થો ઉપલબ્ધ રહે છે. આમ તેમની આ નીતિના કારણે આપણને ખ્યાલ આવે છે કે કેન્દ્ર સરકારને આમ આદમીની કેટલી ચિંતા છે. જેમાં મધ્યમ વર્ગને ગેસના બાટલા, પેટ્રોલ, ડિઝલના ભાવમાં વધારો કરતાં અચકાતી નથી. જ્યારે ગરીબ વર્ગની રાંધવા માટે પાયાની જરૂરિયાત એટલે કે કેરોસીન માટે કોઈ ચિંતા કરેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય એવા પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈજી જ્યારે વડાપ્રધાનના પદ પર હતા ત્યારે તેમના શાસનકાળ દરમિયાન ૧૫મી ઑગસ્ટ ૨૦૦૧ના રોજ ભારતભરમાં વસતા ગરીબ અને પછાત વર્ગો માટે વેતનની સાથે સાથે અનાજ પૂરું પાડવાના હેતુથી સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના અમલમાં મુકવાનું નક્કી કરેલ હતું. આ સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનામાં એપ્રિલ-૦૮માં જે હાલમાં કેન્દ્ર સરકારમાં કોંગ્રેસની સરકાર છે. આ સરકાર સદાય ગરીબો અને પછાત વર્ગના લોકોની સતત ચિંતા કરે છે તેની સરખામણીમાં દિલ્હીમાં બેસતી સરકારે અનાજના જથ્થાની ફાળવણી બંધ કરેલ છે. તેમ છતાં આ સરકારે સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન આ યોજના હેઠળ ૧૩,૧૯૨ મે.ટન ઘઉંના જથ્થાનું વિતરણ કરેલ છે. જેનો ખર્ચ ખુદ આ રાજ્ય સરકાર ભોગવે છે. આમ આદમીની આ સરકારે સતત ચિંતા કરી છે જે આપણે સૌ કોઈ જોઈ શકીએ છીએ.

આ સરકારે આદિજાતિના બાળકો કે જેનું શિક્ષણનું પ્રમાણ એટલે કે ધોરણ ૧ થી ૭ ની આદિવાસી કન્યાઓ માટે કન્યા કેળવણીનો વ્યાપ વધે અને વધુ કન્યાઓ ભણવા આગળ આવે તે માટે આ સરકારે આવી કન્યાઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાના મુખ્ય આશયથી દરેક આદિવાસી કન્યા દીઠ વાર્ષિક ૬૦ કિલો અને એક કુટુંબ દીઠ વધુમાં વધુ બે કન્યાઓને વિના મૂલ્યે અનાજ આપવાનું આ સરકારે પ્રથમ વિચારેલ છે. જેનો અમલ શિક્ષણ વિભાગ દ્વારા કરાવેલ છે. આમ સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન આ યોજનામાં આ સરકારના નાગરિક પુરવઠા નિગમ દ્વારા ૨૭,૨૦૨ મે.ટન ઘઉંના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. જે આ સરકાર માટે એક સન્માનનીય અને ગૌરવ લેવા જેવી બાબત છે એ સૌએ સ્વીકારવી જોઈએ. આ સરકારે મધ્યાહન ભોજન યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી માત્ર ૧ થી ૫ ના ધોરણવાળા વિદ્યાર્થીઓને ઘઉં, ચોખાનો જથ્થો ફાળવવામાં આવે છે. આ સરકારે ધોરણ ૧ થી ૭ ની અન્ય જરૂરિયાત માટે કઠોળ, ખાદ્યતેલની ખરીદી કરી જેમાં સન ૨૦૦૮-૦૯ના આયોજનમાં ૪૨,૫૪૨મે.ટન ઘઉં, ૪૧,૬૩૧ મે.ટન ચોખા અને ૧૬,૫૦૮ મે.ટન તુવેરદાળનું વિતરણ કરવામાં આવેલ છે તેમજ ૭૭૨૭ મે.ટન કપાસિયા તેલ અને ૧૮૫.૮૮ મે.ટન ફોર્ટીફાઈડ આટાનું વિતરણ નિગમ દ્વારા કરવામાં આવેલ છે. જેનો ખર્ચ આ નિગમ ઉપર આવે છે માટે તેમની માગણી યોગ્ય છે અને એને હું મારું સમર્થન આપું છું.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

**વિરોધપક્ષના સભ્યશ્રીઓના ભથ્થાં અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, એક અગત્યના મુદ્દા તરફ હું આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક દિવસથી વિપક્ષના મિત્રોએ આ સભાગૃહનો બહિષ્કાર કર્યો છે. માનનીય રાજ્યપાલશ્રીને મળીને પણ એમણે આજે વિધાનસભાના ગૃહનો બહિષ્કાર કર્યો છે એની જાણ કરી. ગુજરાતની પ્રજાને પણ અમે વિધાનસભાનો બહિષ્કાર કર્યો છે એવી જાણ કરી, પણ વિધાનસભાનું અહીંનું જે રજિસ્ટર છે એની અંદર આ બહિષ્કાર કરતા વિપક્ષના સભ્યોએ હાજરી પૂરી છે માનનીય અધ્યક્ષશ્રી, તો મારી આપને વિનંતી છે કે જે વિધાનસભાના સભ્યોએ આ જ વિધાનસભાના બિલ્ડીંગના ચોથા માળે સમાંતર વિધાનસભા યોજીને વિધાસભાની ગરીમાને ઠેસ પહોંચાડવા માટેનો જે પ્રયાસ કરે છે એવા સભ્યો માટે, નૈતિકતા પણ જેમણે નેવે મૂકી છે એવા લોકો માટે No Work, No Pay, આવા લોકોને કોઈપણ ભથ્થામાં કન્સીડર કરવા ના જોઈએ. કેમ કે, પ્રજાની વચ્ચે નૈતિકતાની વાત કરે અને પોતે પ્રશ્નો માટે અમે બહિષ્કાર કરીએ છીએ એવી વાત કરે છે. પરંતુ સભાગૃહની અંદર હાજરી પૂરે છે અને હાજરી પૂર્યા બાદ સભાગૃહની અંદર ઉપસ્થિત રહેતા નથી. આ કયા પ્રકારની નૈતિકતા છે? આના સંદર્ભમાં હું આપનું ધ્યાન દોરું છું કે No Work, No Pay, અને

નૈતિકતાના આધાર ઉપર આપ આ સભાગૃહને એવું માર્ગદર્શન આપો, એવો દાખલો બેસાડો જેના કારણે આવો બહિષ્કાર કરી, સહી કરી, સભાગૃહમાં નહિ આવવું એ ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે તેમણે જે ફરજ નિભાવવાની હોય એ ફરજમાં પણ આવાં ધોરણો અપનાવે છે તેના માટે હું આપનું માર્ગદર્શન માગી આપના આદેશ માટે આ અગત્યનો મુદ્દો રજૂ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધાનસભાના નિયમો ઉપર હું વાત કરીશ. કારણે કે નિયમની અંદર કહ્યું છે તે પણ આપે બે મુદ્દા ઉપર વાત કરી છે. મેં વિગતો મેળવી છે આ પહેલા પણ ૧૩ મી તારીખે જે સભ્યશ્રીઓ સભાગૃહમાં નહોતા અને સહી કરી છે એવા સભ્યોની સંખ્યા ૨૪ની હતી. ૧૪મી તારીખે સભાગૃહની અંદર હાજર નથી, પરંતુ બહાર સહી કરી છે એવા સભ્યોની સંખ્યા ૨૮ ની છે. તમે જ્યારે નિયમની વાત કરી ત્યારે મારા માટે આપણા વિધાનસભાના નિયમોના નિયમ ૨૭૯ની જોગવાઈ મુજબ એક હાજરીપત્રક રાખવામાં આવશે, જેમાં અધ્યક્ષ, મંત્રીઓ, નાયબ મંત્રીઓ, સંસદીય સચિવો સિવાય સભ્યો જે જે દિવસે તેઓ સભાગૃહની બેઠકમાં હાજર રહે તે દિવસે સહી કરવી. જે દિવસે હાજરીપત્રકમાં સહી કરી નહિ હોય તે દિવસે સભાગૃહની બેઠકમાંથી ગેરહાજર છે એમ માની લેવામાં આવશે. એટલે એક વાત સાચી છે કે જે સચ્યશ્રીઓ સહીઓ કરી છે એ આ સભાગૃહમાં હાજર છે અને આ સભાગૃહમાં હાજર છે માટે ભથ્થું લે છે. પરંતુ જે સભ્યશ્રીઓ સભાગૃહનો બહિષ્કાર કર્યો છે એમ જો કહેતા હોય તો એમને નૈતિક બંધનો પણ હોવાં જોઈએ. ગાંધી વિચારધારાને આપણે વરેલા છીએ ત્યારે ગુજરાત એ ગાંધીનું ગુજરાત આપણે કહીએ છીએ ત્યારે એ આપણા જીવનનો આગ્રહ હોય અને આદર્શ હોય તો જે દિવસે આપણે સભાગૃહનો બહિષ્કાર કર્યો હોય, સભાગૃહમાં ના જઈએ એટલે કે એક પ્રકારનો સત્યાગ્રહ કર્યો હોય તો એ દિવસનું આર્થિક ઉપાર્જન કરવું એ પણ નીતિને માનનારાઓ માટે નીતિશાસ્ત્ર પ્રમાણે યોગ્ય નથી. વિધાનસભા નિયમોના પ્રમાણે એમણે સહી કરી છે એટલે આજના આ બે દિવસનું ભથ્થું મારે તો એમને ચૂકવવું જ પડે. પરંતુ આપણે જો નૈતિક બળને, નૈતિક શક્તિઓથી બંધાયેલા હોઈએ, નીતિથી બંધાયેલા હોઈએ તો આપણે એ લેવું જોઈએ નહીં અને એ એમના પક્ષનો અને એમના નિર્ણયોનો આધાર છે, હું ચોક્કસ માનું છું કે, વિધાનસભાના નિયમ-૨૭૯ પ્રમાણે જે સભ્યશ્રીઓએ સહી કરી છે એટલે એમને ભથ્થું વિધાનસભામાંથી મળશે. જે લોકોએ સત્યાગ્રહ કર્યો હોય અથવા તો નિર્ણય કર્યો હોય કે, અમે વિધાનસભાનો બહિષ્કાર કર્યો છે, એમણે સહી કરવી જોઈતી નહતી. એ એમના પોતાના ઉપર આધાર રહે, સહી કરે એટલે એ સભાગૃહમાં હાજર છે એ આપણા નિયમો કહે છે, જો બહિષ્કાર કર્યો હોય તો માત્ર ગૃહની અંદરની ગેરહાજરી જ નહીં હાજરી પત્રકમાં પણ એમણે સહી નહોતી કરવી જોઈતી. સહી કરી છે એટલે મારે ભથ્થું આપવાનું છે, એટલે ફરીથી પુનઃઉક્તિ સાથે હું એ કહું છું કે, ગાંધી વિચારધારા એવું કહે છે કે, આપણે જો પગાર-ભથ્થાં મેળવવાં હોય તો આપણે કામ કરવું જોઈએ અને મને ખબર છે કે, હૈદરાબાદ જ્યાં ઑલ ઈન્ડિયા દંડક કૉન્ફરન્સમાં હું ગયો હતો ત્યારે પણ આ વિષય ખૂબ ચર્ચાયો હતો, અને એની ચર્ચા એવી થઈ હતી કે, જે દિવસે આપણે કામ ન કરીએ એ દિવસે આપણે ભથ્થું લેવું જોઈએ નહીં, એટલા માટે જે આ નો વર્ક નો પેની વાત આવી, એ વિષયમાં આવ્યું પણ હજુ એ નિયમોમાં રૂપાંતરિત થયું નથી એ મારા માટે મુશ્કેલી છે. તમે કહયું છે ત્યારે એને હું ખૂબ ગંભીરતાથી લઉં છું અને આ પ્રકારની ઘટનાઓ હવે પછી ન બને એટલા માટે વિધાનસભાના નિયમોની સમિતિ પણ હું બોલાવીશ અને નિયમોની સમિતિની અંદર પણ આ વાત કહીશ કે, ગૃહની હાજરી સાથે એને જોડવી જ જોઈએ અને ગૃહમાં હાજર હોય એમણે જ બહાર સહી કરવી જોઈએ અને તો જ એમને ભથ્થું મળે એવો આપણે નિર્ણયમાં લઈશું. આજે પણ સહી ન કરી હોય એવા જે સભ્યો છે. ગૃહમાં હાજર હોય તો એની અમે હાજરી મંજૂર કરીએ છીએ. આજના પ્રસંગ તમારો જે મુદ્દો છ એખૂબ ગંભીર છે કે જેમણે બહિષ્કાર કર્યો છે અને બહાર સહી કરી છે એને વિધાનસભાના પ્રવર્તમાન નિયમો પ્રમાણે કશું જ કરી નહી શકું એમને તો મારે ભથ્થું આપવું જ પડશે, પરંતુ મારો એ પણ આગ્રહ છે કે, જેમણે કામ કર્યુ નથી અને આપણે ગાંધી વિચારધારાને વરેલા છીએ માટે એમણે સહી કરવી જોઈતી નહતી, એ સહી કરે છે એનો અર્થ એ છે કે, પોતે ભથ્થું લેવા માટે સહી કરે છે. એટલા માટે સહી નહતી કરવી જોઈતી કે એમણે વિધાનસભાનો બહિષ્કાર કર્યો છે, એટલે એમણે બહાર સહી કરવી જોઈએ નહીં. આ સ્પષ્ટતા સાથે ફરીથી હવે તમે જ્યારે પ્રશ્ન ઊભો કર્યો છે ત્યારે હું એને એટલી ગંભીરતાપૂર્વક લઉં છું કે, આવનારા વખતમાં નિયમોની સમિતિની અંદર પણ આ મૂકીશ અને આપણી સમિતિ અને આ ગૃહ નિયમોમાં ફેરફાર કરે એ પછી આપણે આ ૨૭૯ના નિયમને બદલી શકીશું. નેકસ્ટ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)

**શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના મંત્રીશ્રી સન ૨૦૦૯-૧૦ના અંદાજપત્રની માગણી જે લઈને આવ્યા છે તેમાં હું મારો સુર પુરાવું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ આ રાજયના જેમની આવક ઓછી છે, સીમિત છે તેવા ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે જેમ ભગવાનના દરબારમાં અન્નકૂટિર ચાલતી હતી તેમ આ રાજયમાં આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતની અંદર ગરીબ લોકો માટે આ અન્ન અને નાગરિક પુરવઠા

દ્વારા એક અન્નકૂટિર ચાલે છે, જેના માટે ૨૦૦૮-૦૯ની રૂપિયા ૩૫.૪૫ કરોડ સામે રૂપિયા ૧૨૨.૩૧ ટકાના જંગી વધારા સાથે વર્ષ ૨૦૦૯-૧૦ માટેની સૂચિત જોગવાઈ રૂપિયા ૭૧.૮૧ કરોડ કરવામાં આવી છે તે બદલ માનનીય મંત્રીશ્રી અને આદરણીય મુખ્ય મંત્રીશ્રીને વંદન સહ હું અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને રાજયના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની એક નેમ છે કે " ન ધરા સુધી, ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી" આવી જેમની નેમ છે, એવા આ રાજયના મુખ્યમંત્રીએ ગરીબો માટે વિવિધલક્ષી યોજનાઓ મુકીને આ રાજયના સર્વાંગી વિકાસની સાથેસાથે ગરીબોનો વિકાસ થાય એવી યોજનાઓ મૂકી છે. ગુજરાતની સરકાર એ ગરીબ પ્રજાને પ્રેમ કરતી સરકાર છે. એક કવિએ સાચું જ કહ્યું છે કે " પ્રેમમાં કોઈ શરતો નથી હોતી, સમર્પણમાં કોઈ શરતો નથી હોતી. સમર્પણમાં અને પ્રેમમાં સરવાળો હોય છે. બાદબાકીના ત્યાં કોઈ હિસાબ નથી હોતા". પુરવઠાની એક જાહેર યોજના તેમાં કુટુંબની વાર્ષિક મર્યાદા રૂ. ૧૧૦૦૦ હોય તેવા બી.પી.એલ. કુટુંબોને આ યોજનામાં આવરી લેવામાં આવ્યા છે. આ વાત થઈ એવા ગરીબની જે મોટા મોલ કે ભવ્ય દુકાનમાં જઈ પોતાના કુટુંબ માટે અનાજ ખરીદી શકતા નથી જયારે આ યોજના હેઠળ માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગરીબોને બે રૂપિયે કિલોના ભાવથી કાર્ડદીઠ ઘઉં આપવાનું નકકી કર્યું છે. પહેલાંની સરકારોમાં માનવીમાં દરિદ્રનારાયણના દર્શન થાય એના માટેની ઘણીબધી વાતો થઈ પરંતુ આ વાતોને સાર્થક કરવા માટે એક પણ સરકાર કાબિલ ન નીવડી ત્યારે રાજયના મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે દરિદ્રનારાયણના દર્શન આદરણીય મુખ્યમંત્રીએ કરાવ્યા છે. આ યોજનામાં આપવામાં આવતા સસ્તા ઘઉં એ સસ્તા ઘઉં નથી પરંતુ રાજય સરકાર ઉંચા ભાવે પડતર થયેલા ઘઉંમાં કિલોદીઠ ત્રણ રૂપિયા અને ચાર પૈસા ઉપરાંત રાજય સરકાર તફાવતની સબસીડી આ ગુજરાતની સરકાર ભોગવે છે. ચોખામાં પણ એવું રૂપિયા ત્રણ કિલોના ભાવે કાર્ડદીઠ સાડા ત્રણ કિલો ચોખાનું વિતરણ થાય છે તેમાં પણ પડતર અને તફાવતમાં ત્રણ રૂપિયા અને ચોસઠ પૈસાની રાજ્ય સરકાર સબસીડી ભોગવે છે. મારા સાથી મિત્રો હાજર નથી નહીંતર મારે એમને યાદ કરાવવું હતું કે લોકસભાની ચુંટણી વખતે પણ એમના મેનીફેસ્ટોની અંદર જાહેરાત કરવામાં આવી હતી કે અમારી સરકાર આવશે તો અમે ત્રણ રૂપિયે કિલો ઘઉં ગરીબોને આપીશું પણ કદાચ એ મારા મિત્રોના આગેવાન, એમના નેતાને ખબર નહીં હોય કે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર અને રાજયના મુખ્યમંત્રી ગુજરાતની ગરીબ પ્રજાને બે રૂપિયે તો ઘઉં આપે છે. તમે ત્રણ રૂપિયાની વાત કરો છો ત્યારે આમાં શંકા જાય કે આ ગુજરાતના બે રૂપિયે કિલો ઘઉં ખરીદી અને એ જ પ્રજાને એક રૂપિયો કમાણી કરી અને ત્રણ રૂપિયે આપવા માગો છો. બી.પી.એલ. જાહેર વિતરણ યોજના હેઠળ રાજય સરકારે ૨૦૦૮-૦૯માં ત્રણ લાખ મેટ્રિક ટન ઘઉં, ૧૪૦૦૦૦ મેટ્રિક ટન ચોખા, ૧૫૮૫૯ ટન મકાઈ અને ૩૪૦૦૦ મેટ્રિક ટન ઉપરાંત બાજરીનું ગરીબોને વિતરણ કરી સસ્તા ભાવે ગરીબોને અનાજ પૂરું પાડયું છે. બી.પી.એલ. કુટુંબો પૈકીના અત્યંત ગરીબ કુટુંબોને અનાજના વિતરણ માટે અંત્યોદય અન્ય યોજના હેઠળ પણ શરૂ કરી છે. આ યોજના અતિ ગરીબ લોકોની છે એના ઘરમાં મહિને ૧૯ કિલો ઘઉં, ૧૬ કિલો ચોખા સાવ સસ્તા ભાવે પહોંચે ત્યારે એના ઘરમાં સુખનો રોટલો પ્રાપ્ત થાય છે. આ યોજનાના તમામ લાભાર્થીઓને ઘઉંના બદલે કાર્ડદીઠ આટો આપવાનું સરકારે શરૂ કર્યું છે ત્યારે એ ગરીબના ઘરમાં દળવાના પૈસાનો ખર્ચ બચે, એના માટેની આ યોજના છે અત્યાર સુધીમાં ૧૬ કિલો ઘઉંનો લોટ અપાતો હતો એમાં અઢી કિલોનો વધારો કરી આ ગરીબો પ્રત્યે જે લાગણી દાખવી છે એ બદલ આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માત્ર ગરીબીની વાત નથી પણ ગરીબી રેખા નીચે જીવતા લોકોને પણ આવરી લેવામાં આવ્યા છે એ લોકોને પણ વ્યાજબી ભાવે આપવાની જે નીતિ છે એને હું સ્વીકારું છું. આ રાજયના ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના વુદ્ધોને એક અન્નપૂર્ણા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાષ્ટ્રીય નિરાધાર કુટુંબમાં પણ પેન્શન યોજના જે છે એ પેન્શન મેળવવા પાત્ર હોય પરંતુ જેમને પેન્શન મળતું નથી એવા વૃદ્ધ નાગરિકોને આ રાજયમાં ૧૦ કિલો અનાજ વિનામુલ્યે આપવામાં આવે છે. અન્ન અને પુરવઠા વિભાગ સાચે જ ગરીબો માટે કામ કરતો વિભાગ છે. ગરીબો માટે કામ કરતા આ વિભાગ માટે માનનીય મંત્રીશ્રી આ વર્ષના બજેટમાં ૧૨૧.૩૧ટકા કરતા વધારે જે વધારો લઈ આવ્યા છે તે વાતને આપણે સૌએ સ્વીકારવી જોઈએ. અંદાજપત્રમાં માનનીય મંત્રીશ્રી જે મહત્વની વાતો લઈને આવ્યા છે તેમાં અન્ન સલામતીના સુરક્ષા કવચ વિસ્તૃત કરવાની મહત્વની યોજના છે. તેલમાં વિટામિન એ અને બી ઘઉં અને મેંદામાં લોહતત્વ અને ફોલીક એસીડનો ઉમેરો કરી મહિલા અને બાળકોમાં જોવાતા એનિમિયા જેવી આરોગ્ય વિષયક સમસ્યામાંથી આપણે કઈ રીતે મુકત થઈએ એની પણ ચિંતા કરી છે.મને જણાવતાં આનંદ થાય છે કે રાજયના ફુડ અને પોટેશિયમના અમલમાં દેશનું આ ગુજરાત રાજય એ આપણા દેશમાં પ્રથમ નંબરે આવ્યુ છે, એ બદલ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ઘઉના આટામાં સોયાબીનનો લોટ ઉમેરવાનું આ વખતે સરકારશ્રીએ આયોજન કર્યુ છે. વ્યકિતદીઠ ૧૬.૫૦પૈ. કિલોગ્રામ વિતરણ સામે વ્યકિતદીઠ ૨.૫૦ કિ.ગ્રામ વધારે વિતરણ કરવાનો રાજય સરકારનો મહત્ત્વનો નિર્ણય છે, તેને હું આવકારું છું. આ સરકારે જે ગતિએ અને જે તીવ્રતાથી ગરીબોનો વિકાસ કરી રહી છે અને સીમિત આવકવાળા ગરીબ કુટુંબોને આ બીપીએલ જાહેર યોજના હેઠળ અન્ન સલામતિની સુરક્ષાનું કવચ પૂરું પાડવાની નેમ સાથે આ જે બજેટ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે,

તેને હું હ્દયપૂર્વક આવકારું છું અને સમર્થન આપું છું. અને મારા સાથી મિત્રોને કહું છું કે આ માગણી લઈને આવ્યા છે, તેને સમર્થન કરે તે વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયના માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં ઊભો થયો છું.

ગુજરાત રાજયના ગરીબ લોકો અને હું જે દલિત સમાજમાંથી આવું છું તે દલિત સમાજ હોય, આદિવાસી સમાજ હોય કે બક્ષી સમાજ હોય કે તેમાંથી આવતા દરેક ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે મા.મુખ્યમંત્રીશ્રી અને માન. પુરવઠા મંત્રીશ્રીએ અનેકવિધ યોજના જાહેર કરી તે બદલ હું તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. એક યુક્તિ છે- " **અન્ન સમો નહિ ઔષધિ, ઝરણા સમો નહિ જાત, કૃષ્ણ સમો નહિ દેવતા અને નિંદા સમો નહિ પાપ** " પ્રવર્તમાન રાજય સરકારે જે નિર્ણય લીધો છે, તે નિર્ણયની અંદર ગરીબી રેખા નીચે જીવતા દરેક છેવાડાના માનવી સુધી જવાનો પ્રયત્ન કરી જાહેર વિતરણ યોજના હેઠળ જે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા ૧૧,૦૦૦ હોય તેવા કુટુંબને બી.પી.એલ. યાદીમાં આવરી લઈને ગરીબોનો ઘરનો ચૂલો કોઈ દિવસ ઓલવાઈ ન જાય અને તેઓ પોષણક્ષમ આહાર લઈ શકે તે માટે ૧-૬-૧૯૯૭ થી આ યોજના હેઠળ પ્રતિ કિ.ગ્રા. ૨-૦૦ ના ભાવે ઘઉં અને કાર્ડદીઠ ૯ કિ.ગ્રા. જેટલું અનાજ આપવામાં આવે છે. આ યોજનામાં ઘઉં આપવા માટે રાજય સરકારે પ્રતિ.કિ.ગ્રા. ૩-૦૪ પૈ. નિગમના પડતર ભાવ અને વિતરણ વ્યવસ્થાના તફાવતના ભાવરૂપે ભોગવી રહી છે. આનું નામ ગરીબોની ચિંતા કરી કહેવાય. આ મુજબ ચોખા પ્રતિ રૂપિયા ૩-૦૦ કિ.ગ્રા.ના ભાવે વ્યક્તિદીઠ ૧-૦૦ કિ.ગ્રા. અને કાર્ડધારક દીઠ ૩.૫ કિ.ગ્રા. આપવામાં આવે છે, જેની તફાવતની રકમ એક કિ.ગ્રા. દીઠ ૩-૬૪ પૈ. રાજ્ય સરકાર ભોગવી રહી છે. વર્ષ ૨૦૦૮-૦૯ ના વર્ષમાં આ યોજના દ્વારા ઘઉં ૩,૦૩,૯૫૭ મૅટ્રિક ટન, ચોખા ૧,૩૮,૨૫૮ મૅટ્રિક ટન, મકાઈ ૧૫,૮૫૯ મૅટ્રિક ટન અને બાજરી ૩૪,૨૫૩ મૅટ્રિક ટનનું વિતરણ કરી લાખો કરોડો રૂપિયા સબસિડીના ભાગરૂપે રાજય સરકાર સહાય કરીને દરિદ્ર નારાયણનો અન્ન યજ્ઞમાં આહુતિ રૂપે આપીને ગરીબો પ્રત્યેની સંવેદના પ્રગટ કરેલ છે.

ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો પૈકી તેમાંથી પણ જે અત્યંત ગરીબ હોય તેવા કુટુંબોને ઘઉં, ચોખાનું વિતરણ કરવા માટે ભારત સરકાર તરફથી ઘઉં, ચોખાનો જથ્થો ફાળવવામાં આવે છે. ઉપરોકત જથ્થામાં ઘઉંમાં પ્રતિ કિ.ગ્રા. ૦.૮૮ પૈ. અને ચોખાના પ્રતિ કિ.ગ્રા. ૧ રૂપિયા રાજય સરકાર સબસિડી ભોગવી રહી છે, ત્યારે આ યોજના હેઠળ દર માસે પ્રતિ કિલો રૂપિયા ૨-૦૦ ના ભાવે કાર્ડદીઠ ૧૯ કિ.ગ્રા. ઘઉં અને પ્રતિ કિ.ગ્રા.ના ૩-૦૦ ના ભાવે ૧૬ કિ.ગ્રા.ના ચોખાનું વિતરણ કરવા બદલ રાજય સરકારને લાખ લાખ અભિનંદન પાઠવું છું. આ યોજના દ્વારા રાજયના તમામ લાભાર્થીઓને એપ્રિલ ૨૦૦૮ થી ૧૯ કિ.ગ્રા. ઘઉંની સામે ૧૬,૭૦૦ ફોર્ટીફાઈડ આટો આપવાનું શરૂ કરેલ છે અને આ યોજના હેઠળ ૧,૪૦,૯૮૫ ટન ફોર્ટીફાઈડ આટાનું વિતરણ કરવામાં આવેલ છે. મને આ સભાગૃહના સભ્યોને જણાવતાં આનંદ થાય છે કે રાજય સરકારે તેમાં પણ વધારો કરીને ફોર્ટીફાઈડ લોટ અત્યાર સુધી ૧૬,૭૦૦ કિ.ગ્રા. મળતો હતો તેના બદલે ૧૮,૫૦૦ કિ.ગ્રા. ઘઉંનો ફોર્ટીફાઈડ લોટ આપવાનું રાજય સરકારે જે આયોજન કરીને ગરીબોના શરીરને પોષણક્ષમ આહાર પૂરો પાડીને સાચા અર્થમાં નીરોગી ગુજરાતનું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર કર્યુ છે, તે ભગીરથ કદમ આદરવા બદલ રાજય સરકારને અભિનંદન પાઠવું છું.માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પ.ની રાજય સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ માત્ર ગરીબો, અત્યંત ગરીબો, આદિવાસીઓ જ નહિ પરંતુ ગરીબી રેખાથી ઉપર જીવતા મધ્યમવર્ગના લોકોની પણ ચિંતા કરી છે . આ યોજનાનું નામ એ.પી.એલ. આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ હાલમાં પ્રતિ કિલો રૂપિયા સાતના ભાગે ૨.૫ કિલોગ્રામ અને કાર્ડ દીઠ મહત્તમ ૧૦ કિલોગ્રામ ઘઉં આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, અન્નપૂર્ણા યોજના અંતર્ગત ૬૫ વર્ષ કે તેનાથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધો કે જેમને રાષ્ટ્રીય નિરાધાર માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મળવાપાત્ર હોય છતાં ન મળતું હોય તેવા વૃદ્ધ નાગરિકોને મફત દસ કિલો ઘ ાઉ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૮-૦૯માં રાજય સરકારે આવા વૃદ્ધ લોકોને ૬૮૦ મે.ટન ઘઉંનું વિતરણ કરેલ છે. આમ બી.પી.એલ., એ.પી.એલ., અંત્યોદય, અન્નપૂર્ણા જેવી યોજના દ્વારા સાચા અર્થમાં એક કવિએ કહ્યું છે તેમ

**" છે ગરીબોના કુબામાં તેલનું ટીપું દોહ્યલું, ને ત્યાં અમીરોની કબર પર ઘીના દીવા થાય છે"**

આ ઉકિત હવે જ્યારે ભૂતકાળ બની છે, રાજય સરકારના સઘન પ્રયત્નોના કારણે આ ઉકિત જ્યારે ભૂતકાળ બની ચૂકી છે, આ ઉકિત સાચી પુરવાર ન થાય તે માટે રાજય સરકારે ગરીબો, આદિવાસીઓ, બક્ષીપંચ અને વૃદ્ધો માટે જે કમર કસી છે તે બદલ નત મસ્તકે પ્રણામ કરવાનું મન થાય છે. પહેલાંની સરકારોમાં સસ્તા અનાજની દુકાનો માત્ર મોટા ગામોમાં હોય, નાના ગામોવાળા ગરીબો, મજૂરો લોકો બિચારા પાંચ પાંચ કિલોમીટર સુધી ચાલીને જતા. હું જે વિસ્તારમાંથી આવું છું તે ઝાંઝરકા ગામમાં પહેલાં દુકાન ન હતી ત્યારે સાત સાત કિલોમીટર સુધી અગાઉની સરકારોમાં ચાલીને દુકાનોએ અનાજ લેવા જવું પડતું ત્યારે આ પરિસ્થિતિમાં ચાલીને આવતા બિચારા ગરીબ લોકો દુકાને અનાજ લેવા આવે, લાઈનમાં બેસે, પાંચ પાંચ કલાક સુધી લાઈનમાં બેસી રહેવું પડે અને નંબર સાંજ પડતાં સુધીમાં આવે. આખો દિવસ ભૂખ્યા તરસ્યા બિચારા ગરીબ માણસ અનાજ

લેવા માટે પોતાની એક દિવસ મજૂરીનું કામ છોડીને આજે તો કવોટા આવ્યો છે આજે તો કવોટા આવ્યો છે તેવા આનંદમાં અનાજ લઈને ઘેર જાય.

માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પ.ની નરેન્દ્રભાઈ મોદીના વડપણવાળી સરકારે તા. ૨-૮-૦૪ના રોજ ઠરાવ કરીને જે ગામની વસ્તી બે હજાર કે તેથી વધારે હોય તેવા ગામોને રેશનીગની દુકાનો આપવાનું નક્કી કર્યુ છે અને તેનું નામ અમારા સૌના આદર્શ એવા પંડિત દિનદયાળજીના નામ જેમણે એકાત્મ માનવવાદનો આ રાષ્ટ્રને એક વિચાર આપ્યો હતો તેવા આદરણીય દિનદયાળજીના નામ પરથી પંડિત દિન દયાળજી ગ્રાહક ભંડાર નામ આપવામાં આવ્યું છે. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં રાજય સરકારે આવા ૧૬૪૧૦ વ્યાજબી ભાવની દુકાનો મંજૂર કરી ખરા અર્થમાં શ્રમજીવીઓની ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મીઠું પકવતા વિસ્તાર એવા કચ્છના નાના રણના કાંઠાના વિસ્તાર પાટડી તાલુકામાંથી આવી રહ્યો છું. ત્યાં ગોઈટર જેવા રોગો સામે રક્ષણ મળી રહે તે માટે રાજય સરકારે આદિજાતિ ટ્રાઈબલ સબ પ્લાન અંતર્ગત ૧૧ જિલ્લાઓના ૫૪ તાલુકાઓમાં જ્યાં વધારે પ્રમાણમાં આદિવાસી લોકો વસી રહ્યા છે તેવા તાલુકાઓમાં કાર્ડ દીઠ એક રૂપિયે કિલોના ભાવે દર માસે બે કિલોગ્રામ આયોડીનયુકત મીઠું આપવાનું આયોજન હાથ ધરેલ છે. ઉપરોકત બધા તાલુકાની હૉસ્પિટલો, આશ્રમશાળાઓ, છાત્રાલયો વગેરેમાં રાહતદરે આયોડીનયુકત મીઠાનું વિતરણ થાય અને વર્ષ ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૫૫૧૪ મે.ટન આયોડીનયુકત મીઠાનું વિતરણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આયોડીનયુકત મીઠું સમગ્ર રાજયના એ.એ.વાય તથા બી.પી.એલ. કાર્ડ ધારકોને માસિક એક કિલોગ્રામ એક રૂપિયાના ભાવે આપવાનું નક્કી કરી આશરે ૩૩,૬૭,૦૩૨ કાર્ડ ધારકોને આયોડીનયુકત મીઠું ખાતા કરી ગોઈટરના રોગને નામશેષ કરવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. વિરોધપક્ષના લોકો કેન્દ્ર સરકારની જે વાતો કરી રહ્યા છે તેમના તરફ તથા માનનીય સભાગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે ગુજરાત સરકારને દર મહિને ૯૦ હજાર લિટર કેરોસીનના જથ્થા સામે ૭૯ હજાર લિટર જથ્થો મળે છે. એટલે કે ૧૧ હજાર લિટર ઓછો જથ્થો કેન્દ્ર સરકાર ઓછો આપે છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજય સરકાર આ ૧૧ હજાર લિટર કેરોસીનની સબસીડી ભોગવી ખરા અર્થમાં ગરીબોના ગેસ કહેવાતા પ્રાઈમસ ચલાવવાનું કામ કરી રહી છે. કેરોસીનનું વિતરણ સુવ્યવસ્થિત રીતે થાય તેટલા માટે રાજય સરકારે ૪૬૦ જેટલા એજન્ટો, ૧૫૩૨૪ કેરોસીન વિતરણ વ્યવસ્થા કરતી વ્યાજબી ભાવની દુકાનો અને ૪૮૯૦ છૂટક વિક્રેતાઓ અને ૨૭૧૧ જેટલા ફેરિયાઓને કેરોસીનના વિતરણ કાર્યમાં જોતરીને રોજગારી આપવાનું કામ પણ રાજય સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર કાળાબજારીયાઓ, ભેળસેળીયાઓ, સંગ્રહખોરો, ગરીબોનું ગરીબોના હક્કનું અનાજ અને કેરોસીન વગેરેનો કાળો બજાર ભેળસેળ કે સંગ્રહાખોરી ના કરે તેટલા માટે કાળા બજાર નિવારણ અને આવશ્યક ચીજ વસ્તુઓના પુરવઠાની જાળવણી અધિનિયમથી શરૂ થઈ ત્યાર પછી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સત્તાનો દોર સંભાળ્યો ત્યારે આવી ગેરરીતિઓ આચરનારા ઈસમોની સામે કડકમાં કડક હાથે પગલાં લઈ ૨૦૦૪માં ૬૩ કેસો હતા તેની સામે આજે ૨૦૦૯માં માત્ર સાત જ કેસો રહ્યા છે. આમ રાજય સરકારે સઘન કામગીરી કરી છે એ બતાવે કે ગુજરાતની રાજય સરકાર ગરીબોની આંતરડી ઠારવામાં કેટલી કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોની કરણી અને કથનીમાં જોજનોનું અંતર છે એવા લોકો જ્યારે ગરીબોની દલિતોની, આદિવાસીઓની ચિંતા કરતા હોય ત્યારે આ સન્માનનીય સભાગૃહના એક દલિત ધારાસભ્ય તરીકે ખરા અર્થમાં રાજય સરકારે દલિતો, આદિવાસીઓ, બક્ષીપંચ, આબાલ-વૃદ્ધ સૌ કોઈની ચિંતા કરીને માનનીય પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સુર પુરાવી અને છેલ્લે, એક ગામઠી કહેવત જે છે એ કહેવા માગું છું કે, " કાયાં વચાળે ગુમડું, ઓહડ છે એનું અન્ન, ભીમદાસ કહે ભર્યા પછી મોજૂ માણે મન્ન" અમારી ઝાલાવાડ સુરેન્દ્રનગરમાં બીજી એક એવી ઉકિત છે કે, " પાણી પાએ પાંચ ફળ, છાશ પાયે ફળ છો, અન્ન આપે અનેક ફળ જો મન ઉજળાથી અપાય તો" એમ માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયની રાજય સરકાર પ્રગતિનું પંચામૃત લઈને જ્યારે આવી છે ત્યારે આ સરકારને અને માગણીઓ લઈને આવેલા માનનીય પુરવઠા મંત્રીશ્રીની માગણીઓને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મુખ્ય દંડકશ્રી, જેમણે ચર્ચામાં ભાગ લીધો હોય એવા સભ્યશ્રીઓએ માનનીય મંત્રીશ્રીઓ જવાબ આપે ત્યારે ઉપસ્થિત રહેવું જોઈએ, એવી આપ એમને સૂચના આપો, શ્રી રમણભાઈ પાટકર અને શ્રી કિશોરભાઈ વાંકાવાળા અત્યારે હાજર નથી. માનનીય મંત્રીશ્રીના જવાબ વખતે તેઓએ હાજર રહેવું જોઈએ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૯-૨૦૧૦ના અંદાજપત્રમાં મારા વિભાગની માગણીઓ લઈને હું સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. મારા વિભાગોનો મુખ્ય ઉદ્દેશ ગરીબોમાં પણ ગરીબ હોય તે નાગરિકોને માટે, દરિદ્રનારાયણને આદરણીય દીનદયાળ ઉપાધ્યાયજીના એકાદ માનવવાદને અનુરૂપ સેવા આપવાનો અમારો મુખ્ય હેતુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન નીચે ગરીબોના માટે ઉપયોગી એવા આ બજેટમાં ૩૯ ટકાનો વધારો કર્યો છે, અને સન ૨૦૦૮-૦૯ કરતાં ૨૧૫ કરોડ રૂપિયાના બદલે ૨૯૩ કરોડ ૭૨ લાખ રૂપિયાનું બજેટ મને અહીયાં ફાળવ્યું છે અને એ માટે માનનીય નાણા મંત્રીશ્રીનો અને માનનીય મુખ્ય મંત્રીશ્રીનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનાજની પ્રાપ્તિ સંગ્રહ અને પુરવઠા અંગેની નીતિ ઘડવી, અનાજ અને બીજી આવશ્યક ચીજવસ્તુઓ વાજબી ભાવે પૂરતા પ્રમાણમાં સુનિશ્ચિત કરવા માટે યોગ્ય કાર્યક્રમોનો અમલ કરવો એ અમારું મુખ્ય કામ છે. તોલમાપ નિયમન અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોની અમલવારી એ અમારું મુખ્ય કાર્ય છે. વાજબી ભાવની દુકાનો મારફતે વિતરણ વ્યવસ્થા કરવાનો એ અમારો મુખ્ય ઉદ્દેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળવાપાત્ર ઘઉં, ચોખા, ખાંડ અને કેરોસીન પાત્ર ધરાવતા લોકોને નિયત જથ્થામાં અને નિયત સમયમાં પોષણયુકત જથ્થો મળી રહે એવી વ્યવસ્થા કરવાનો અમારો સંકલ્પ છે. રાજયના બીપીએલ અને અંત્યોદય લાભાર્થીઓને અન્ન, સલામતી તેમજ પોષણ સલામતી બક્ષવાનો અમારો અભિગમ છે એટલા માટે પાત્ર ધરાવતા લોકો માટે અમારો આ વિભાગ સતત કાર્યરત છે. આ તબક્કે હું ખાસ ઉલ્લેખ કરવા માગું છું કે, ગરીબી રેખાની નીચે જીવતા લોકોની યોજના હેઠળ ૨૦૦૯-૧૦ માટે અનાજ વિતરણ માટે ગરીબો માટે ૧૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે આવકશ્યક ચીજવસ્તુઓના કાળાબજાર, નફાખોરી, ગેરરીતિઓ કરનારને યોગ્ય સજા-દંડ થાયકરનારને યોગ્ય સજા થાય અને દંડ થાય એ જોવાનું અમારા વિભાગનું મુખ્ય કામ છે. ગ્રાહકોના હકોનું રક્ષણ થાય અને તેઓને કાયદાથી મળતા હકો પ્રત્યે જાગૃતિ કેળવાય તે જોવા માટે અમારો વિભાગ કામ કરે છે. રાજયમાં રાજય ગ્રાહક કલ્યાણ નીધિની સ્થાપના કરી ગ્રાહક મંડળોને આર્થિક રીતે સધ્ધર બનાવવાનું રાજય સરકારે એક ઉદાહરણીય કદમ લીધું છે. ચાલુ વર્ષની કામગીરી તથા ભાવિ આયોજનને લક્ષમાં લઈ મારા વિભાગની ઉપર જણાવેલી માગણીઓ મંજૂર કરવા આ સન્માનીય ગૃહને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે મેં કહ્યું તે પ્રમાણે ૧૩૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી છે. આ તબક્કે સન્માનીય ગૃહનું એ ધ્યાન દોરવા માગુ છું કે, કેંદ્ર સરકાર ૨૦૦૯-૨૦૧૦ના બજેટમાં બી.પી.એલ. કુટુંબોને ૨૫ કિલો અનાજ રૂા. ૩ ના ભાવે આપવા દરખાસ્ત કરી છે. અમને બહું આશ્ચર્ય લાગે છે, મને લાગે છે કે કેંદ્ર સરકારના ધ્યાનમાં તો હશે જ કે ગુજરાત સરકાર કયા ભાવે અનાજ ગરીબોને વિતરણ કરે જ છે. એમના ખ્યાલ બહાર હોય એવું નથી હોતું. પરંતુ ગુજરાત રાજય, માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર અને અગાઉના અમારા અગ્રણીઓની સરકારોએ બહું ચીવટપૂર્વક ધ્યાન રાખ્યું છે કે ગરીબોને માટે શું વ્યવસ્થા કરવી. ૧૯૯૮થી તે વખતના સમયથી રાજય સરકારે બી.પી.એલ. કાર્ડ ધારકોને ઘઉં ૨ રૂપિયે કિલો ગુજરાતમાં આપવામાં આપે જ છે, ત્યારે કેંદ્ર સરકાર ૩ રૂપિયે કિલો આપણને આપવાની જાહેરાત કરે છે, અને ચોખા ૩ રૂપિયે કિલો આપણને આપશે એમ કહ્યું ત્યારે અહીંયા ૩ રૂપિયે કિલો ચોખા ૧૯૯૮થી અપાઈ જ છે ત્યારે આ વાત આપણા માટે કોઈ રીતે મદદરૂપ નથી. કદાચ આપણને નહીં આપવા માગતા હોય એવી એમની દ્દષ્ટિ હોય તો ૩ રૂપિયે આપવાની જાહેરાત કરી છે એનાથી કોઈ મદદ આપણને મળતી નથી એની જાહેરાત કોઈ પણ મોટા મોટા વર્તમાન પત્રમાં આવે છે એનો આપણને કોઈ ફાયદો નથી આપણી બાબતમાં કદાચ એમણે ધ્યાન આપ્યું હોત તો ૨ રૂપિયે કિલો અનાજ આપવાની વાત એમણે કરી હોત. કેંદ્રે ૩ રૂપિયે કિલો આપવાની જે જાહેરાત કરેલી છે, ૩ રૂપિયે કિલો આપવાની જ્યારે જાહેરાત કરી છે ત્યારે હું અહીંથી જાહેર કરું છું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દભાઈ મોદીના સમર્થનથી કે અમે ૨ રૂપિયે કિલો ઘઉં આપવાનું અમે ચાલુ રાખવાના છીએ અને ૩ રૂપિયે કિલો આવશે તો પણ અમે ૨ રૂપિયે કિલો આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય યોજના માટે વાત કરું તો અંત્યોદય એટલે ગરીબોમાં પણ ગરીબ લોકો માટે ૩૬ કરોડ રૂપિયાનું પ્રોવિઝન અમે બજેટમાં રાખ્યું છે ગરીબીની રેખા નીચે જીવતા અત્યંત ગરીબ એવા કુટુંબોને ઘઉં-ચોખાનું વિતરણ કરવા માટે ભારત સરકાર દ્વારા બી.પી.એલ. યોજના કરતા નીચા ભાવથી આ યોજનામાં માટે ઘઉં ચોખાનો જથ્થો ફાળવવામાં આવે છે. અમને જે ભાવે પડે છે એમાં કેંદ્ર સરકાર અત્યંત ગરીબ લોકોને જે ઘઉં અને ચોખાની ફાળવણી કરે છે એમાં પણ પ્રત્યેક કિલોએ ઘઉંમાં ૦.૮૮ પૈસા અને ચોખામાં ૧-૦૧ રૂપિયાની વધારાની સબસીડી આપી ૮.૧૫ લાખ લોકોને માટે અમે સબસીડી આપીએ છીએ. સન્માનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય કે આ યોજના હેઠળ ૨ રૂપિયે કિલોના ભાવે ૧૯ કિલોગ્રામ ઘઉં આપવામાં આવતા હતા તેના બદલે ૧૬.૭૦૦ કિલોગ્રામ ફોર્ટિફિકેશન આટો અમે આપીએ છીએ. ગરીબોના ઘરમાં ઘંટી નથી હોતી, અનાજ દળાવવા માટે થઈને ગરીબોને આ અનાજ લઈ ઘંટીએ જવું પડે છે એ ન જવું પડે એના માટે થઈને અત્યાર સુધી ૧૯ કિલો ઘઉંના બદલે ૧૬.૭૦૦ કિલોગ્રામ લોટ આપતા હતા એની ગણતરી કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણા જ ગણતરી કરીને અમને કહ્યું કે આપણે શા માટે એમને આટલો જ લોટ આપવો જોઈએ? અત્યારે જ એમણે જાહેરાત કરી છે કે ૧૬.૭૦૦ કિલોગ્રામ લોટના બદલે ૧૮.૫૦૦ કિલોગ્રામ ફોર્ટિફાઈડ આટો હવેથી આપવાનો સૈદ્ધાંતિક સ્વીકાર અમે કર્યો છે. આમ કરવાથી લગભગ૧.૮ કિલોગ્રામ ફોર્ટીફાઈડ આટો વધુ મળશે અને તે માટે લાભાર્થીઓએ કોઈ વધારાની કિંમત ચૂકવવાની રહેશે નહિ, 'અન્નપૂર્ણા યોજના' છે, સામાજિક

ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ સહાય મેળવવાપાત્ર હોય, પરંતુ સહાય ન મળતી હોય તેવા ૬૫ વર્ષથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધોને ૧૦ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે, આ યોજના હેઠળ ૧૩૨૩૮ લાભાર્થીઓ આનો લાભ મેળવે છે, ૨૦૦૮-૦૯ દરમ્યાન ૭૭૬ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખાદ્યતેલની બાબતમાં વર્ષ દરમ્યાન આવતા અગત્યના તહેવારો જેવા કે જન્માષ્ટમી અને દિવાળી દરમ્યાન રાજયના બી.પી.એલ. તથા અંત્યોદય કુટુંબોને ખુલ્લા બજારમાં પ્રવર્તમાન ભાવો કરતાં નીચા ભાવે પામોલીન તેલનું વિતરણ કરવા માટે અમે આયોજન રાખીએ છીએ. દર વર્ષે જ્યારે તેલના ભાવ ખૂબ ઊંચા જાય ત્યારે ગરીબો એમના ઉત્સવો ઉજવી શકતા નથી એવા સંજોગોમાં દિવાળીનું પર્વ હોય કે પછી ગોકુળઅષ્ટમી હોય એવા સંજોગોમાં ગરીબોને ખૂબ ઊંચા ભાવે તેલ ખરીદવું ના પડે તેનું ધ્યાન આ સરકાર રાખે છે, ૨૦૦૮-૦૯ દરમ્યાન ૨૦૦૦૦ મે.ટન ખાદ્ય તેલ રૂપિયા ૩૨.૫ કરોડની સબસીડી આપીને વ્યવસ્થા કરવામાં આવી હતી એના કારણે આપણા ઉપર ૩૨.૫ કરોડ રૂપિયાનું ભારણ આવ્યું હતું. ૨૦૦૯-૧૦માં પણ તે જ પ્રમાણે ૧૬૦૦૦ મે.ટન ખાદ્યતેલનો પુરવઠો રાખવા માટેનો સૈદ્ધાંતિક સ્વીકાર માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણાંમંત્રીશ્રીએ કર્યો છે, એના માટે બજેટમાં ૩૪.૫ કરોડ રૂપિયાની જોગવાઈ રાખવામાં આવી છે, મારે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે રાજય સરકારે ૬૦૦૦ મે.ટન પામોલીન તેલનો જથ્થો બજારમાંથી ખરીદ્યો છે અને એનું સ્ટોરેજ કરવાનું અમે ચાલુ કરેલ છે, તેલના ભાવ અચાનક ઊંચા ચાલ્યા જાય અને ગરીબ લોકોને મોંઘુ પડે, એટલા માટે ૧૬૦૦૦ મે.ટનનું પ્રોવીઝન અમે કર્યુ છે અને અગાઉ જણાવ્યું તેમ ૬૦૦૦ ટનનો જથ્થો અમે કરી લીધો છે, ખાંડના ભાવો આસમાને જતા જાય છે એવા સંજોગોમાં કેન્દ્ર સરકાર દ્વારા ૫૮૮૧ મે.ટન લેવી ખાંડનો ક્વોટા નિયત કરવામાં આવ્યો છે, એવી જ રીતે રાજયના બી.પી.એલ. અને અંત્યોદય ખાંડધારકોને પ્રતિ કિલો ૧૩.૫ રૂપિયાના ભાવે અને વ્યક્તિદીઠ ૫૦૦ ગ્રામના પ્રમાણ દીઠ ખાંડ આપવામાં આવે છે, આ લાભાર્થીઓને ખાંડનો જથ્થો સમયસર મળી રહે તેવું અમારા વિભાગે આયોજન કરેલું છે, ખાંડના ભાવો જ્યારે ઊંચા જાય છે ત્યારે અમે વિચાર્યુ કે ઊંચા ભાવે ગરીબ લોકો અથવા તો સામાન્ય માણસ આ ખાંડ ખરીદી ન શકે એવા સંજોગોમાં હમણાં જ અમે જથ્થાબંધ વિક્રેતા ઉપર કન્ટ્રોલ કર્યો છે, હોલ્ડીંગ લિમિટ નક્કી કરી છે અને તારીખ ૨૦-૬-૨૦૦૯ના હુકમથી ખાંડના માન્ય વિક્રેતાઓ ઉપર ટર્નઓવર લિમિટ અને હોલ્ડીંગ લિમિટ પણ લાગુ કરી છે, જેનો અમલ સમગ્ર દેશમાં તો થાય છે અને ગુજરાતમાં પણ એનો અમલ થઈ રહ્યો છે, તારીખ ૨૦-૬-૦૯ના આદેશથી રાજયમાં ખાંડના જથ્થાબંધ વિક્રેતાઓ ઉપર વધુમાં વધુ ૨૦૦૦ ક્વિન્ટલ અને છૂટક વિક્રેતાઓ માટે વધુમાં વધુ ૨૦૦ ક્વિન્ટલ ખાંડનો સંગ્રહ વેચાણ કે ખરીદી માટે સ્ટોક હોલ્ડીંગ લિમિટ કરવા માટેના હુકમો કર્યા છે, એટલા માટે ખાંડના ભાવો ખૂબ ઊંચા ગયા છે, કોઈપણ માણસને કાળા બજારમાં લેવું પડે અગર તો આવા સ્ટોકીસ્ટો પોતે કાળાબજાર કરવા માટે જથ્થા કરી નાંખે પોતાના ગોડાઉનમાં એટલે ૨૦૦૦ ક્વિન્ટલથી વધારે જથ્થો પોતે પોતાના ગોડાઉનમાં ન રાખી શકે એવી વ્યવસ્થા કરવાના હુકમો કર્યા છે, આ હુકમોના કારણે ડીલરો દ્વારા ખરીદવામાં આવેલો જથ્થો ગોડાઉનમાંથી બહાર આવશે અને ભાવ કન્ટ્રોલ થશે, ગુજરાતમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રૅશનકાર્ડની વ્યવસ્થા છે. સમગ્ર દેશમાં વ્યવસ્થા છે, પણ મને કહેતા દુ:ખ થાય છે કે જે રૅશનકાર્ડ છે એની અંદરની વ્યવસ્થા ભૂતકાળમાં એટલા બધા રૅશનકાર્ડ થઈ ગયા હતા કે જેને ધડ, માથાં ન હોય એવા રૅશનકાર્ડ આની અંદર ઘૂસી ગયા હતા, આપણને દુ:ખ થાય કે સાચા અર્થમાં ગરીબોને જથ્થો મળવાને બદલે એવા લોકો જેમકે 'ચકલાને દાણા નાંખીએ તો કાગડા ખાઈ જાય' એમ આપણે આ જે ગરીબો માટેનો જથ્થો એકઠો કર્યો હોય અને લાવતા હોય ત્યારે આવા લોકો વચ્ચે આવીને બનાવટી રૅશનકાર્ડ, ધડ માથાં વગરના રૅશનકાર્ડ દ્વારા, જેનો જન્મ ન થયો હોય, જેનું નામ ન હોય એવા રૅશનકાર્ડ આની અંદર ઘૂસી ગયેલા હતા.

તેને કાઢવા માટેનો અમારી સરકારે બહુ પ્રયત્ન કર્યો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને આદેશ આપ્યો કે ગરીબોને જોઈએ તેટલું આપો પણ જે લોકો ખોટી રીતે આને લૂંટી જાય છે એવા લોકોને પકડો. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે અમારા આ આખા આયોજનથી બધા વિભાગોના સહકારથી, બધા ધારાસભ્યોના સહકારથી અને મારા મિત્રોના સહકારથી ૬.૮૫ લાખ ભૂતિયા રેશનકાર્ડ અમે ગુજરાતના આ પુરવઠામાંથી કાઢ્યાં છે. ઘણાં સ્થાપિત હિતવાળા લોકોએ ઘણું બધું બુમરાણ કર્યુ પરંતુ જે સરકારે નક્કી કર્યુ છે કે એક પણ કાર્ડ અંદર એવું ના હોવું જોઈએ કે જે ભૂતિયું હોય. આના કારણે રાજયમાં હાલ ૨૫,૬૯,૪૦૬ બી.પી.એલ. અને કુલ ૮,૧૫,૨૬૭ અંત્યોદય કાર્ડ ધારક છે. આમ બન્ને મળીને ૩૩,૮૪,૬૭૩ કાર્ડ ધારકો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલા ગરીબ લોકો છે અને મારે એ કહેવું છે કે અમારું કામ ફક્ત ભૂતિયાં કાર્ડ કાઢવાનું નથી પરંતુ જે લોકોની પાસે કાર્ડ નથી, જે લોકો સાચા અર્થમાં પોતે નીડી છે તેમને હોવું જોઈએ. તે સુખી હોય, ગમે તે પરિવારનો હોય તો પણ તેને તેનું રેશન કાર્ડ મળવું જ જોઈએ એ અમારો અભિગમ છે. અને જે રેશન કાર્ડ ધડ-માથાં વગરનાં છે એવા શોધીને કાઢી નાંખવા. મારે હિસાબ આપવો છે હાઉસમાં ૨૦૦૪-૦૮ની સ્થિતિએ રેશન કાર્ડ ૧ કરોડ ૨૪ લાખ ૬૪ હજાર હતા. તેમાં અંત્યોદયના ૭ લાખ ૮૮ હજાર ૮૪૪ હતા. બી.પી.એલ.ના ૨૬ લાખ ૬૧ હજાર ૧૯૩ હતા અને એ.પી.એલ.ના ૯૦ લાખ ૧૩ હજાર ૯૩૭ એમ કરીને ૧ કરોડ ૨૪ લાખ ૬૪ હજાર કુલ રેશન કાર્ડ ગુજરાતમાં હતા.

માનનીય અધ્યક્ષશ્રી, અમે નવા રેશનકાર્ડ ભૂતિયાં રેશનકાર્ડ જે રદ કર્યા તે ૬ લાખ ૮૫ હજાર કર્યા. નવા રેશનકાર્ડ જે નીડી અને ખરેખર અમારી ચકાસણીમાં આવ્યા ૭ લાખ ૭૬ હજાર ૧૬૧ રેશનકાર્ડ અમે નવા પણ કાઢ્યાં એમ કરીને ૧ કરોડ ૨૪ લાખ ૬૪ હજાર ૩૪ રેશન કાર્ડની સામે આજે અમારી પાસે ૧ કરોડ ૨૫ લાખ ૫૫ હજાર ૧૮૮ રેશન કાર્ડ થાય છે. વસતિનો વધારો અને માઈગ્રેશનથી જે લોકો આવે છે, આવતા જાય છે અને જે લોકોને જરૂરિયાત લાગે છે રેશન કાર્ડની એવા લોકો માગે છે તો ચોકસાઈ કરીને તેમને રેશનકાર્ડ આપવાનો અમારો અભિગમ છે. નવા રેશનકાર્ડમાં ૨૯,૯૩૪ બી.પી.એલ. રેશનકાર્ડ કાઢ્યાં છે. ૩૮,૧૬૯ નવા અંત્યોદય કાર્ડ પણ ઉમેર્યાં છે અને તે પ્રમાણે આ આખો હિસાબ જોતાં આ કાર્ડની વ્યવસ્થા ગુજરાત સરકાર ખૂબ ગંભીરતાથી સાચવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીનની બાબત. અમારું કામ વિતરણ કરવાનું છે અને કેરોસીનની બાબતમાં વારંવાર અમે કેન્દ્ર સરકારને રિકવેસ્ટ કરીએ છીએ, વિનંતી કરીએ છીએ કે અમારા લોકોને ઓછામાં ઓછું ૧૦ લિટર કેરોસીન એક કુટુંબને આપવું જોઈએ. અને તેના અનુસંધાનમાં ૯૦ હજાર કિલો લિટર અમે કેરોસીનની માગણી કરી હતી. પરંતુ અમોને ૭૯,૬૪૪ કિલો લિટર ફક્ત કેરોસીન અમને આપ્યું છે. પાછળનાં ચાર વર્ષથી આ પ્રમાણે અમારો આ જથ્થો એ લોકો સાચવે છે. મને કહેતાં દુ:ખ થાય છે એક બાજુ અમારી માગણી ૯૦ હજાર કિલો લિટરની છે બીજી બાજુ ૭૯ કિલો લિટર મળે છે તો ત્રીજી બાજુ જે પેલા ઉર્જા વિભાગમાં જે રીતે વ્યવસ્થા કરી હતી કે યુનિટ કાપી નાંખ્યા હતા તે પ્રમાણે અમારે અહીંયા ૧૫૦ કિલો લિટરની કવોન્ટિટી ગયા મહિને અમારી કટ કરી નાખી તેના કારણે અમોને તકલીફ પડે છે. પણ અમે કેન્દ્રને રજૂઆત કરી છે કે ગુજરાતને કેરોસીન આપવાનો કોઈ કવોટા ઓછો નહીં કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી વ્યવસ્થા વિતરણ અને ચીવટના લીધે એક વર્ષની બાબતમાં મારે આપનું ધ્યાન દોરવું છે કે અમે જે પહેલાં ગયા એપ્રિલ-૨૦૦૮માં અમે ૯૪ ટકા કેરોસીન આપી શકતા હતા. જે જથ્થો જાહેર કર્યો હતો ૧ થી ૩ વ્યકિતના કુટુંબને ૫ લિટર અને ૪ થી વધારે કુટુંબને ૧૦ લિટર આપવાની અમારી જાહેરાત હતી. એમાં પણ અમે જે ૯૪ ટકા જ આપી શકતા હતા, કારણ કે ભૂતીયા રેશન કાર્ડવાળા અને ગેસ વાપરનારા લોકો પણ કેરોસીન લેતા હતા. એ ન લે તો વિક્રેતા એ જ કાર્ડનો ઉપયોગ કરીને એના ભાગનું કેરોસીન કાઢી લેવાનું અને એક લીટરે ૧૫ થી ૨૦ રૂપિયા વધારે લઈ કેરોસીનના કાળાબજાર કરતા હતા. એમાં પણ અમે અટકાવી દીધું અને એને લીધે મને કહેતા આનંદ થાય છે કે મેં અગાઉ ધારાસભામાં કહ્યું હતું કે અમે ૯૪ ટકા જ કેરોસીન ફાળવી શકીએ છીએ તે આજની તારીખે ૧૦૦ ટકા આપી શકીએ છીએ. વ્યવસ્થા, ચીવટ અને કાળાબજાર કરનારા લોકોને પણ ખબર છે કે આ સરકાર ચલાવી લેવાની નથી, આ અમારો અભિગમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રેશન કાર્ડ બાબતમાં હજુ પણ એવા ઘણા કાર્ડ છે કે જે દબાવી રાખ્યા છે, અમે હમણાં જ એક કન્સેપ્ટ અમે ઉભો કર્યો હતો કે ગુજરાતના દરેક જિલ્લામાં એક એક તાલુકાનો પાયલોટ પ્રોજેકટ કર્યો અને એમાં બધી જ દુકાનોમાં અધિકારીને મૂકીને Thoroughly checking કે રેશન કાર્ડ લઈને આવનાર માણસ જ ખરેખર છે કે કેમ, એનું પૂરેપૂરું ચેકીંગ કરીને જ રેશન આપવાનું. મને મળેલા રીપોર્ટ પ્રમાણે વિક્રેતાઓ અને કાળાબજાર કરનારાઓ ભયભીત થઈ ગયા છે કે તમામ રેશન કાર્ડ જેટલા ખરેખર Needy છે, અથવા જૂના રેશન કાર્ડ છે એને આપવામાં આવે છે. જે ભૂતીયા રેશન કાર્ડ છે, એને ખબર પડી તો એ લોકો પણ ગભરાઈ ગયા છે. અનેક દબાણો કરવા છતાં પણ અમે એકના બે થયા નથી અને કોઈપણ સંજોગોમાં ભૂતીયા રેશન કાર્ડ, ખોટા રેશન કાર્ડને કાઢીને જ અમે રહીશું.

ગેસની બાબતમાં આપણે ત્યાં ૫૬ લાખ ગેસ કનેકશન છે. કેન્દ્ર તરફથી આપણને ૩૫ લાખ ગેસ સિલિન્ડર મળે છે. પરિણામે કોઈને કોઈ જગ્યાએ શોર્ટ પડી જાય છે. પરિણામે ક્યાંક કયાંક નોંધાયા પછી થોડા દિવસે મળે છે. ઉપરાંત ગેસને બ્લેકમાં વેચવા વાળા લોકો પણ દુરૂપયોગ કરે છે. અમારા નેટવર્ક દ્વારા શકય તેટલું અમે એને કંટ્રોલ કરીએ છીએ. આજે વર્તમાનપત્રમાં મેં વાંચ્યું, ૫૬ લાખ સિલિન્ડરની અમારી માગણી છે, તેમાં •(સ્ટંટ) હોય કે ગમે તે..

**અધ્યક્ષશ્રી** : * (સ્ટંટ )શબ્દ..

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : હું એ શબ્દ પાછો ખેંચી લઉં છું. આજે જાહેર કર્યુ છે કે નોંધાવ્યા પછી ૪૮ કલાકમાં આપવામાં આવશે. આપે એનો કોઈ વાંધો નથી. કોઈ તકલીફ નથી. પરંતુ સાચી જાહેરાત હોય તો એ હુકમો જલ્દી કરી નાંખવા જોઈએ, કે જેથી કરીને ગુજરાતના લોકોને ૫૬ લાખની સામે ૩૫ લાખ આપે છે, એટલે ૫૬ લાખની અમે રાહ જોઈએ છીએ. અને કેન્દ્ર સરકારને અમે ફરીથી કહીએ છીએ, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી તરીકે હું અહીંથી અપીલ કરું છું કે જલદી અમને એલોકેશન આપે, કે જેથી કરીને ૪૮ કલાકમાં લોકોને ગેસ મળતો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસ સ્ટેમ્પીંગ ઝૂંબેશ કરી. ગેસમાં થતી ગેરરીતિને અટકાવવા માટે સ્ટેમ્પીંગ કરાવ્યું. એકબાજુ સિલિન્ડર લે, બીજી બાજુ પાઈપલાઈન આપી હોય, ત્રીજી બાજુ રેશન કાર્ડ ફંકશન કરતું હોય. એ રેશન

• (     ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

કાર્ડ લઈને વિક્રેતા અથવા એ.પી.એસ. દુકાનદાર એનો ઉપયોગ કરીને કેરોસીન કાઢી લેતા હતા. ૪,૧૬,૩૪૫ રેશન કાર્ડ પર અમે સ્ટેમ્પીંગ કરાવ્યું. એટલા ગેસ સિલિન્ડરો ઓવર લેપીંગ થતા હતા. કેરોસીન મળતું નહોતું, એને કંટ્રોલ કરાવ્યું. કાર્ડ ઉપર સ્ટેમ્પીંગ થતાં ૪,૧૬,૩૪૫ કાર્ડનું સ્ટેમ્પીંગ થવાને લીધે ૩૩૩૧ કિલોલીટર કેરોસીન બચ્યુ છે. જે આજે અમે ૧૦૦ ટકા વિતરણ કરી શકીએ છીએ.

વનબંધુ કલ્યાણ યોજનામાં ૧ કરોડનું પ્રોવિઝન રાખ્યું છે. ગરીબ લોકોને ચૂલા અને સગડી ખરીદવા માટે જે નાણાની જરૂર પડે, તો ૧૫૦૦ રૂપિયા અમે દરેક આદિવાસીને ગેસનું એલોકેશન કરીએ, ત્યાં આપતા હતા. અને અમે ૧૧૦૦ માંથી ૨૨૦૦ રૂપિયા દરેક આદિવાસીને આપવાની જાહેરાત કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વાજબી ભાવની દુકાનો એ અમારા મુખ્ય નેટવર્કમાં ૧૬૩૯૯ દુકાનો છે. ગામડામાં ૨ હજારની વસતિએ એક રેશનીંગની દુકાન અપાય છે અને શહેરોમાં ૫ હજારની વસતિએ આપવામાં આવે છે. એપીયર્સ દુકાનો હોવી એ જુદી વસ્તુ છે અને એને ડેવલપમેન્ટ કરવી એ જુદી વસ્તુ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નવો કન્સેપ્ટ આપ્યો કે આ દુકાનોમાં ફકત ઘઉં, ચોખા અને કેરોસીનનું જ કેમ વેચાણ કરીએ? આપણી સરકારની આ દુકાનો છે એમાં નાગરિક પુરવઠા વિભાગની એપીયર્સ દુકાનો છે એમાં ચીલાચાલુ ફકત ઘઉં, ચોખા અને કેરોસીન મળે અને બહુ બહુ તો ખાંડ કોઈક જગ્યાએ મળે, એના સિવાય બાકીની કોઈ વસ્તુ રાખી શકે નહીં કે વેચી શકે નહીં. તો એનો આપણે આખો બેઝીક ફન્ડામેન્ટલ છોડી દીધો અને એક એવી વ્યવસ્થા કરી કે એને મોડેલ ફેર પ્રાઈઝ શોપ બનાવવાનું ચાલુ કર્યુ અને આજે મને કહેતાં આનંદ થાય છે કે મોડેલ ફેર પ્રાઈઝ શોપ કરે એને ૧૫ હજાર રૂપિયાનું ઈન્સેન્ટીવ આપવાનું અને ૧ લાખ રૂપિયાની બેંક તરફથી લોન અપાવવાની અને એમ કરતાં કરતાં આજે ૧૬ હજાર એપીયર્સ દુકાનોમાંથી ૧૦૬૨૬ દુકાનો મોડેલ ફેર પ્રાઈઝ શોપમાં કન્વર્ટ થઈ છે એના કારણે ગામડાંના લોકોને પોતાના જ ગામમાં ચીજવસ્તુઓની સુવિધાઓ જેવી કે ગેસ સિલિન્ડર, મોબાઈલ, મોબાઈલ રિચાર્જ વાઉચર, સીમ કાર્ડ, ખાતર બિયારણ અને બીજી નાની મોટી વસ્તુઓ સાબુ વગેરે એ બધી જ ચીજવસ્તુઓ પોતાના ગામમાંથી જ આ મોડેલ ફેર પ્રાઈસ શોપમાંથી મળી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશમાં કોઈએ ના કર્યુ હોય, અનેક મારા મિત્રો બોલતા હતા એ બોલેલા મિત્રોનો હું આભાર માનું છું કે તેઓ ઘણી બધી વસ્તુઓનો અભ્યાસ કરીને આ ગૃહમાં બોલ્યા છે. આ ફોર્ટીફિકેશનનો કન્સેપ્ટ એ ફકત ગુજરાતમાં જ ચાલુ કર્યો છે. સમગ્ર દેશમાં આ ફોર્ટિફાઈડ આટો કરીને આપવાની હિંમત કોઈએ કરી નથી અને એની જરૂરિયાત અંગે પણ કોઈને ખ્યાલ નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ફોર્ટિફાઈડ આટાનો પ્રયોગ શરૂ કરવાનું અમને કહ્યું અને મને કહેતાં આનંદ થાય છે કે આપણે અંત્યોદયથી શરૂ કરીને અંત્યોદયમાં જે ૮ લાખ કાર્ડ છે એ કાર્ડ ધારકોને આપણે ફોર્ટિફિકેશનનો ઘઉંનો લોટ આપીએ છીએ એ આપીએ છીએ એટલે એને દળવાનો કન્સેપ્ટ નથી, એમાં આયર્ન અને ફોલીક એસીડ મીકસ કરીએ છીએ જે એનેમિયા દૂર કરે છે અને આયર્ન અને વિટામીન એ. અને ડી.ની ઉણપ ઘટાડે છે ખાદ્યતેલમાં પણ વિટામીન એ અને ડી નાંખવામાં આવે છે. લિવર અને આંખોને વધુ કાર્યક્ષમ બનાવવા માટે આ ગરીબો માટે આ બહુ જરૂરી છે. નહીંતર તો ગરીબો જે મળે તે ખાઈ લે છે અને તેમના શરીરમાંથી તત્વો ઘટતાં હોવાને કારણે, આયર્ન ઘટતું જાય છે અને એમનું શરીર એનેમિક બને છે સોયા ફોર્ટિફિકેશનમાં સોયાનો લોટ એના કારણે ફાર્ટિફાઈડની ઉણપ ઓછી હોય તો એને પ્રોટિન મળી રહે એના માટે પણ આ વ્યવસ્થા છે. આ ગુજરાતમાં પ્રથમ આ ફોર્ટિફિકેશનનો એક નવો આદર્શ બની ગયો છે જેમાં ખાદ્યતેલમાં વિટામીન એ અને ડી અને ઘઉંને આયર્ન અને ફોલીક એસીડથી ફોર્ટિફાઈડ કરવામાં આવે છે. ફોર્ટિફાઈડ આટો અને ફોર્ટિફાઈડ ખાદ્યતેલ આ ગુજરાતમાં ઉપલબ્ધ છે. અમારી કલ્પના છે કે ગરીબ લોકો માટે બી.પી.એલ. કાર્ડ છે એ લોકોને ફોર્ટિફાઈડ કરીને આટો આપવાનું પણ અમારું આયોજન ચાલે છે શકય એટલા પ્રયત્નો કરવાના છે.

ગામડાંમાં ગ્રેઈન બેંક હોય છે જયાં આગળ ગરીબ લોકોને અથવા તો જે નીડી લોકો માટે ૨૨૬ આવી ગ્રેઈન બેંક રાખી છે. આ બેંકમાંથી ગરીબ લોકો હોય તેમને ડિસેબલ હોય તો તેમને અનાજ મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિતઓ અશકત અને નિરાધાર છે, હોસ્પિટલને બિછાને છે અને સામાન્ય રીતે કામ કરી શકે તેમ નથી, તેમને કોઈપણ પ્રકારનું રેશન કાર્ડ ઉપલબ્ધ નથી તેવી વ્યકિતઓને અનાજ વિના મૂલ્યે પ્રતિ માસ ૧૦ થી ૧૫ કિલો વધુમાં વધુ ૬ માસ માટે વિતરણ કરવા માટે રાજય સરકારે ૧૦ કિવન્ટલ અનાજ ફાળવીને દરેક બેંકમાં રાખવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કાળાબજાર નિવારણ અને આવશ્યક ચીજ વસ્તુના પુરવઠાની જાળવણી માટે અધિનિયમ ૧૯૮૦ થી, માર્ચ-૧૯૮૦ થી અમલવારી શરૂ કરી છે. ગ્રાહક સુરક્ષાની કામગીરી પણ અમારા વિભાગ મારફત ચલાવાય છે. ગ્રાહકોના હિતનું રક્ષણ કરવા માટે ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૦ અંતરર્ગત ૩ પદ્ધતિથી અમે કામ કરીએ છીએ. ગ્રાહક જાગૃતિ કરીએ છીએ, ગ્રાહકના પ્રશ્નોનું તકરાર નિવારણ કરીએ છીએ અને કાનુની પ્રક્રિયા દ્વારા એનો ઉકેલ કરીએ છીએ, ગ્રાહક જાગૃતિ કરવાની કામગીરી અમે અલગ અલગ રીતે કરીએ છીએ, આકાશવાણી, દૂરદર્શન, ઈલેકટ્રોનિકસ અને પ્રીન્ટ મીડીયા વગેરે દ્વારા વ્યવસ્થા કરીએ છીએ. કાનુની માપ વિજ્ઞાન દ્વારા પણ ૯ કરોડ રૂપિયાની વ્યવસ્થા અમે રાખી છે. અને ગ્રાહકોની સુરક્ષાના વિશાળ હિતને ધ્યાનમાં રાખી અને કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા પ્રમાણભૂત વજન અને માપ અમલીકરણ ધારો ૧૯૮૫ તથા ગુજરાત પ્રમાણભૂત વજનમાં અમલીકરણ કરવામાં આવ છે. તંત્રની કામગીરીમાં મુખ્યત્વે વજન, માપ

અને તોલવાના આધારોની સમયાંતરે ચકાસણી અને મુદ્રણની કામગીરી થાય છે.ખાદ્ય પદાર્થો હોય કે કૃષિ પેદાશો હોય કે ઔદ્યોગિક ચીજ વસ્તુ હોય તમામની ગુણવત્તા અને નિયંત્રણ કરવામાં આવે છ. એક જાહેરાત કરતાં મને આનંદ થાય છે કે આપણે ત્યાં વસતિ વધારો થયો, જરૂરિયાત વધી માંગ વધી હયાત ગોડાઉનની સંગ્રહ શકિત વધારવાની જરૂર છે.અને તે માટે માનનીય મુખયમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીએ બજેટમાં તેના માટે ૮ કરોડ ૬૪ લાખ રૂપિયાની ફાળવણી નવા ગોડાઉન બાંધવા માટે કરી છે. અને તેના કારણે દરેક જિલ્લામાં પૂરતો જથ્થો રાખી શકાય, હજાર હજાર મેટ્રીક ટન જથ્થો રાખી શકાય તેવા ગોડાઉનો અમે બાંધવાના છીએ. નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ એ પણ અમારા વિભાગનું એક નિગમ છે, એના દ્વારા પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારોનું સંચાલન તેના ચાલે છે અને તેના લીધે શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં અમે અનાજ ખાદ્ય તેલ વગેરેનું વિતરણ કરીએ છીએ. મધ્યાહન ભોજન યોજનમાં પણ અમે સેવા આપીએ છીએ.તેને જોઈતો પુરવઠો પણ અમે ખરીદી અને પુરો કરીએ છીએ. બાળ વિકાસની અંદર પણ અમારી આઈ.સી.ડી.એસ.માં પુરવઠો પુરો કરવાની અમારી જવાબદારી હોય છે. સગર્ભા મહિલા, ધાત્રી માતાઓ, અશકત કિશોરીઓને અનાજનું વિતરણ પણ અમારા વિભાગ દ્વારા કરવામાં આવે છે. ૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મૂલ્યે અનાજ આપવાની વ્યવસ્થા અમારા વિભાગ દ્વારા થાય છે. પેટ્રોલ પંપ પણ અમે કોઈ જગ્યાએ સારું પેટ્રોલ મળે તેનતા માટે જેટલી વ્યવસ્થા સંચાવાય તે માટે ૧૭ જેટલા પેટ્રોલ પંપ ચલાવીએ છીએ, ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, કચ્છ, ડાંગ, ભાવનગર, જુનાગઢ અને સુરતમાં આવા ૧૭ પેટ્રોલ પંપ અમારા દ્વારા ચાલે છે. હમણાં સિમેન્ટના ખૂબ ભાવ ઉંચકાઈ ગયા ત્યારે અમે વચ્ચે રહી અને જે લોકો સિમેન્ટના પ્રોડયુસરો છે, અને સિમેન્ટનું પોડકશન કરે છે તેમની સાથે મધ્યસ્થી કરીને સરકારી કામોમાં જે સિમેન્ટની કિંમત ખૂબ ઉંચી ગઈ ત્યારે સરકારને તેનો ખર્ચ ખૂબ ભોગવવો પડતો હતો. ત્યારે અમે મૂળ ખરીદ કિંમત અને ચોકકસ પણે નીચા ભાવ રાખીને અમે ઘણો સિમેન્ટનો જથ્થો ખરીદયો અને તેને સરદાર સરોવર નર્મદા ડેમના બાંધકામમાં ૨૦૦૪ થી આજ સુધી ૧.૩૪ લાખ મેટ્રીક ટન તથા નહેરો માટે ૧.૧૫ લાખ મેટ્રીક ટન સિમેન્ટ અમે ખરીદયો છે. નો ડાઉટ, થોડાક બે રૂપિયા જેટલું કમિશન નિગમ લે છે. પણ એમને ૪૦ રૂપિયા જેટલો નીચો ભાવ મળ્યો તેના લીધે સરકારને ૧૨.૪૭ કરોડ રૂપિયાની બચત થઈ છે. એની નોંધ પણ લઈને અમને આનંદ એટલા માટે થાય છે કે આવો પુરવઠો પુરું કરવાનું કામ સરકારના મધ્યસ્થી તરીકે રહેવાનું કામ અમે કરીએ છીએ. મેં મારા વિભાગની માગણીઓ અહીંયા મુકી છે, હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારા વિભાગની આ માગણીઓ મંજૂર રાખે.

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની શ્રમ અને રોજગાર માટેની જે માગણીઓ છે એ માગણીઓની અંદર માનનીય સભ્યશ્રી રમણલાલ પાટકર, શ્રીમતી વર્ષાબેન દોશી અને શ્રી લાલજીભાઈ સોલંકી, આ સભ્યશ્રીઓએ લગભગ ડિટેઈલમાં બધી વાત કરી છે અને શ્રમ અને રોજગાર વિભાગની તરફદારી કરી છે. શ્રમ અને રોજગાર વિભાગની શું કામગીરી છે એનો પણ ઘણો ઉલ્લેખ કર્યો છે. કાપદરખાસ્ત કોઈ છે નહિ, કાપદરખાસ્ત વાળા જ કપાઈ ગયા છે એટલે એના વિશે કંઈ કહેવાની જરૂર નથી.

શ્રમ અને રોજગાર વિભાગ એ સમસ્ત હિન્દુસ્તાન માટે થઈને ગુજરાતની પદ્ધતિ છે એ દાખલારૂપ છે. આપણે પણ ઇચ્છીએ કે ગુજરાતમાં જે પરિસ્થિતિ શ્રમ અને રોજગારની છે, શ્રમિક ભાઈઓને મદદરૂપ થવા માટે રોજગારી મેળવવા માટે જે કામગીરી કરી છે એ રીતે આખા દેશમાં કામગીરી કરે તો આ દેશમાં ગરીબાઈ રહેશે નહિ. બેરોજગારી પણ હટે. આપણે પણ આ દિશાની અંદર વધુમાં વધુ આગળ કેમ કામગીરી કરી શકીએ એના માટે પ્રયત્ન કરીએ છીએ. અત્યાર સુધી કામદારની ડેફિનેશનમાં શ્રમ અને રોજગાર વિભાગ જે સંગઠિત હોય ફૅકટરીમાં કામ કરતા હોય, શહેરોમાં ગુમાસ્તા ધારામાં કામ કરતા હોય એના માટે થઈને યોજના લાવીએ એના માટે કાયદો બનાવીને ચાલતું હતું. શરૂઆતમાં ઇન્ડસ્ટ્રીયલ એકટ હોય કે ફૅકટરી એકટ નીચેનો કાયદો હોય ત્યાર પછી મિનિમમ વેઈઝ માટેના કાયદા હોય પરંતુ હવે ખાસ કરીને ઉપેક્ષિત વર્ગ હતો અસંગઠિત કામદાર લોકો હતા જે સંગઠિત કામદારો નથી એવા અસંગઠિત કામદારો છે એનું શોષણ ન થાય એટલા માટે આ રાજય સરકારે એના ઉપર પૂરેપૂરો અભ્યાસ કરીને એના જોઈએ એટલા નિયમો બનાવ્યા છે એના માટે કાયદો બનાવ્યો છે અને એના માટે બોર્ડની રચના કરી છે. હું શરૂઆતમાં કહીશ કે જે અસંગઠિત કામદારો હતા એમાં રાજયની અંદર શહેરી વિસ્તાર સિવાય જે ગ્રામ્ય વિસ્તારની અંદર ખેત વ્યવસાય સાથે જોડાયેલા જે શ્રમયોગીઓ હતા એના સ્વાસ્થ્ય અને સલામતી બંને માટે થઈને રાજય સરકારે વિચાર કર્યો છે અને ગુજરાત રાજયમાં આશરે ૮૬ લાખ જેટલા શ્રમયોગીઓની એક કલ્યાણકારી યોજના ૧૪ વર્ષથી ૭૦ વર્ષની ઉંમરના છે એના માટે થઈને પૂરેપૂરુ આયોજન કરવું. આવા શ્રમયોગીઓ જો કદાચ કોઈ અકસ્માત થાય, એકસીડન્ટ થાય અને મૃત્યુ પામે તો એનો કયાંય ઈન્સ્યોરન્સ હોય નહિ, એને પૈસા મળતા નહિ એના માટે થઈને રાજય સરકારે યોજના કરી છે એની પાસેથી કોઈ પ્રિમિયમ લેવાનું નહિ અને રાજય સરકાર આવા શ્રમયોગીઓ છે એ અકસ્માતમાં મૃત્યુ પામે તો એક લાખ રૂપિયા એને તાત્કાલિક ચૂકવવાની વાત છે. આ એક લાખનું ચૂકવણું છે એ પહેલા ઈન્સ્યોરન્સ કંપની મારફતે અપાવવાની વાત કરતા હતા પરંતુ ઈન્સ્યોરન્સ કંપની એમ કહે કે એનું પોસ્ટમોર્ટમ સર્ટિફિકેટ આપો અકસ્માતનું સર્ટિફિકેટ આપો આવી અનેક રીતે લીંગરીંગ થતું હતું અને લંબાતુ હતું એના બદલે આ બધી જે

યોજનાઓ છે એ યોજનાઓ વીમા નિયામકશ્રી ગાંધીનગરની કચેરી આપણે એના મારફત જ અત્યારે આપીએ છીએ જેના કારણે વિના વિલંબે આ શ્રમયોગીને પૂરેપૂરુ વળતર મળી જાય. એ જ રીતે ગ્રામ્ય વિસ્તારની અંદર જે અસંગઠિત શ્રમ યોગીઓ હોય એ શ્રમયોગી તો ઠીક પણ જે નાના અને સીમાંત ખેડૂતો હોય,એ લોકોને પણ જ્યારે ગંભીર પ્રકારની બિમારી હોય તો એ ગંભીર પ્રકારની બિમારી કૅન્સર, કિડની, હૃદયરોગનો ઑપરેશનનો ખર્ચ કરવાનો હોય તો એ અત્યાર સુધી પોતે જાતે ભોગવતા હતા, પણ નાણાકીય વર્ષમાં આવા લોકોને પણ તેમાં સહાય થવા માટે થઈને તેનું પણ ચૂકવણું રાજય સરકાર તરફથી આપે છે. એ જ રીતે ગ્રામ્ય વિસ્તાર સિવાય શહેરી વિસ્તારમાં ખાસ કરીને પ્રાયોગિક ધોરણે અત્યારે ત્રણ શહેરો લીધા છે. અમદાવાદ, સુરત અને જામનગર. આ શહેરી વિસ્તારોમાં જે અમુક વ્યવસાયમાં જે તે શહેરની અંદર જે તે પ્રકારના અસંગઠિત કામદારો હોય કે ખાસ કરીને આપણે જોઈએ તો અગરબત્તીના વ્યવસાયમાં લોકો રોકાઈ રહેલા હોય, પછી રેક પીકર્સ એટલે કાગળ, કચરો અને લોખંડનો ભંગાર વીણતા હોય, ફેરિયાઓ હોય, કેટરીંગ સર્વીસવાળા હોય, પતંગ બનાવવાના વ્યવસાયમાં જે લોકો હોય, સીલાઈકામ, રેડીમેઈડ ગાર્મેન્ટ્સ બનાવતા હોય, સ્વતંત્ર સફાઈ કામગીરી કરતા હોય, રોડ સાઈડના સ્ટોલ્સ ઉપર કામ કરતા હોય અને મંડપના વ્યવસાયમાં કામગીરી કરતા હોય એવા લગભગ અમદાવાદ અને સુરત શહેરના અસંગઠિત કામદારો અને ખાસ કરીને જામનગર વિસ્તાર જ્યાં બ્રાસ પાર્ટનો ઉદ્યોગ વધુ છે. તેની સાથે રોકાયેલા શ્રમયોગીઓને પણ આવરી લઈને ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ એ કાયદા મારફત તેને પણ મદદ કરવામાં આવે છે. આ સિવાય ખાસ કરીને જે વ્યવસાય છે એ ગુજરાતમાં જે મકાન બાંધકામમાં જે શ્રમયોગીઓ રોકાયેલા હોય છે તેના માટે થઈને, તેને મદદ કરવા માટે થઈને રાજય સરકાર તેને શિક્ષણની સહાયતા પણ આપે છે. બહેનો હોય તો પ્રસૂતિ સહાય માટે થઈને ૩૦૦૦ રૂપિયા સુધીની મદદ કરે છે અને જો આવો કામદાર જે આનો મેમ્બર થયો હોય અને જો તે અકસ્માતમાં મૃત્યુ પામે તો તેને ૨ લાખ રૂપિયા સુધીનું વળતર આપવામાં આવે છે અને જો કાયમી અશકત હોય, પરમેનેન્ટ ડીસેબલ થાય તો તેને ૧ લાખ રૂપિયા સુધીની મદદ પણ રાજય સરકાર તરફથી કરવામાં આવે છે. એ જ રીતે તેની અંત્યેષ્ઠી યોજના, મેમ્બરશીપ ચાલુ હોય એ દરમ્યાન માણસ ગુજરી જાય તો તેની અંતિમ ક્રિયા કરવા માટે ૨૦૦૦ રૂપિયા તેને આપવામાં આવે છે અને તબીબી સહાય યોજના નીચે તેને હૃદયરોગ હોય, કિડનીની બિમારી હોય, કૅન્સર હોય, એઈડ્ઝ હોય, અસ્થમા હોય, ટી.બી. જેવા જીવલેણ રોગો હોય તો રાજય માન્ય હૉસ્પિટલોમાં લીધેલ સારવારના કુલ ખર્ચના ૭૫ ટકા, ૧ લાખ રૂપિયા સુધી, આ જે કામદારો હોય છે જે બિલ્ડીંગ કન્સ્ટ્રકશનમાં રોકાયેલા છે તેને આપવામાં આવે છે અને તેને મકાન ખરીદવા માટે થઈને જોઈએ તો ૨૦ હજાર રૂપિયા સુધી આપવામાં આવે છે. તેના કૌશલ્યમાં વધારો થાય તેના માટે થઈને પણ જુદી જુદી સહાયતા આપવામાં આવે છે. આ સિવાય જે ખાસ કરીને આપણે જોઈએ કે ફૅક્ટરી એકટમાં ૩૩,૯૪૪ રજિસ્ટર થયેલા કારખાના છે. આ કારખાનાની અંદર અંદાજે ૧૧,૭૫,૦૦૦ કામદારો કામ કરે છે. છતાં પણ સમસ્ત હિંદુસ્તાનમાં જેટલા અકસ્માતના કેસ બને છે અને જે કામદારોના સ્વાસ્થ્યને જોખમકારક બનાવો બને છે તેમાં ઓછામાં ઓછા બનાવ અથવા તો નગણ્ય બનાવ જ અહીં થાય છે. તેના માટે થઈને તેની સલામતી અને સ્વાસ્થ્યનું પૂરેપૂરું રક્ષણ થાય તેના માટે થઈને વારંવાર ચૅકીંગ કરીને એ ફૅક્ટરીના કામદારોને કોઈ પ્રકારનું નુકસાન ન થાય અને કોઈ અકસ્માત ન બને તેના માટે થઈને પૂરેપૂરો ખ્યાલ રાખવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પહેલાંના ઘણાં સભ્યશ્રીઓએ વાત કરી છે. એ પ્રમાણે હું ફરીથી વાતને દોહરાવીશ કે આપણે અહીં ૧ નિયામકશ્રીની કચેરી, ૪ પ્રાદેશિક કચેરીઓ અને ૪૧ રોજગાર કચેરીઓ એમ કુલ ૪૬ કચેરીઓ કાર્યરત છે અને આ ૪૬ કચેરીમાં,આપણે ૨૦૦૨થી આખા હિંદુસ્તાનની અંદર જે શ્રમ અને રોજગાર મંત્રાલય મારફત જે પ્રકાશિત થયેલ રિપૉર્ટ છે એમાં રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે અને આજે પણ એ પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે. આખા હિંદુસ્તાનના આંકડા આપ્યા છે. એમાં આખા હિંદુસ્તાનમાં ૨૦૦૨માં ૧,૫૩,૦૦૦ લોકોને રોજગારી મળી છે એમાંથી ૭૦,૭૦૦ લોકોને તો ગુજરાતે રોજગારી આપી છે. ત્યાર પછી ૨૦૦૩માં ૯૪,૯૦૦ લોકોને રોજગારી આપી હતી. એમાંથી ૬૪,૯૦૦ એટલે કે ૪૨ ટકા રોજગારી તો ગુજરાતે આપી હતી. ૪૨ ટકા પછી બીજા ક્રમે તામિલનાડુ છે ત્યાં ૧૨ ટકા અને મહારાષ્ટ્રમાં ૯ ટકાને રોજગારી મળી છે. ૪૨ ટકા અને ૯ ટકા વચ્ચે આટલો ડિફરન્સ છે. ૨૦૦૪માં ૧,૩૭,૭૦૦ લોકોને રોજગારી મળી. ગુજરાતમાંથી ૬૪,૯૦૦ લોકોને રોજગારી મળી એટલે કે ૪૭ ટકા, ૨૦૦૫માં ૧,૭૩,૨૦૦ લોકોને રોજગારી મળી એમાંથી ગુજરાતમાં ૯૨,૯૦૦ લોકોને એટલે કે ૫૪ ટકા અને એ જ પ્રમાણે ૨૦૦૬ની અંદર ૧,૭૭,૦૦૦ને રોજગારી મળી. એમાંથી ગુજરાતમાં ૯૯,૦૦૦ લોકોને રોજગારી મળી. એટલે કે, ૫૫ ટકા, ત્યાર પછી ૨૦૦૭ની અંદર આખા હિંદુસ્તાનમાં ૨,૬૩,૦૦૦ લોકોને રોજગારી મળી. જ્યારે ગુજરાતમાં ૧,૯૧,૦૦૦ એટલે કે, ૭૩ ટકા રોજગારી તો ગુજરાતમાં મળી છે. વર્ષ ૨૦૦૮ના આંકડા નથી આપ્યા. પણ ૨૦૦૭માં ૧,૯૧,૦૦૦ ને રોજગારી આપી હતી. તો ૨૦૦૮માં ૨,૨૫,૭૧૪ આપણા રાજયના લોકોને રોજગારી મળી છે. ૨૦૦૮માં આપણો પ્રથમ નંબર આવવાનો છે એ નિર્વિવાદ વાત છે. ગુજરાતની અંદર ગુજરાતના ઉદ્યોગો છે અને કામની ક્ષમતા છે ત્યારે ૨૦૦૯નો વાઈબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ થયો. એમાં ૧૩ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા છે. આ ઉદ્યોગો આવશે તો ગુજરાતની અંદર કામદારોને રોજીરોટી મળશે એ નિર્વિવાદ વાત છે.

અમે ઇચ્છીએ છીએ કે, સમગ્ર રાષ્ટ્રના વિકાસની અંદર ગુજરાત એક એના ભાગ તરીકે એનો વિકાસ થાય. અમે ઇચ્છીએ છીએ કે, અમારા રાજયની અંદર જે પ્રમાણે કામદારોને રોજીરોટી મળે છે, ઓપોર્ચ્યુનીટી મળે છે. એવી હિંદુસ્તાનના બીજા રાજયને પણ મળે. કેન્દ્ર સરકારમાંથી જે આપણા ડાયરૅક્ટર જનરલ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગના જોઈન્ટ સેક્રેટરી આવ્યા હતા, એ જોઈન્ટ સેક્રેટરીએ પણ આપણી કામગીરી જોઈને કહ્યું કે, રાઈટ અપ ઑન યોર રોજગાર, ભરતી મેળા આપણે કરીએ છીએ એની તમે રાઈટ અપ કરીને મોકલો. અમે આખા હિંદુસ્તાનની અંદર આ વાત આગળ વધારીશું. એ જ રીતે વર્લ્ડ બૅન્કના પ્રતિનિધિ આવ્યા હતા. એમણે પણ ગુજરાત રાજયની શ્રમ અને રોજગારની બધી કામગીરી છે એનો એટલો જ અભ્યાસ કરી અને એમણે પણ આપણને એપ્રિશીએશન કર્યું છે. આપણે જે તા.૩૧-૩-૧૯૯૫ના રોજ ઠરાવ કર્યો છે. મેનેજર અને સુપરવાઈઝરી કક્ષા હોય, કોઈપણ ફૅકટરી હોય ત્યાં ૬૦ ટકા મેનેજરને આપવા અને કામદારની કક્ષાને ૮૫ ટકા આપવા. એ રીતે મેનેજર અને કામદાર, કર્મચારી કક્ષા અને સુપરવાઈઝરી કક્ષાની અંદર આ ધોરણો છે. લગભગ ૧૦૦ ટકામાંથી ૯૮ ટકા આપણે જાળવી રાખ્યા છે. ક્યાંક ટકાવારી ઓછી હોય તો ૮૫ ટકા હશે, ક્યાંક ૭૫ ટકા હશે. પણ સાવ નહીં હોય એવું નહીં હોય. એટલે ગુજરાત રાજયમાં ૫૦ એકમો હશે તો એ ૫૦ એકમોમાં ૧૦૦ ટકા જાળવી છે.કેન્દ્ર સરકારની અંદર આ ધોરણ આપણે કમ્પ્લશન એને કરી શકતા નથી. કેન્દ્ર સરકારની ભરતી છે એ ભરતીનો આધાર એ દિલ્હીથી અને એની હેડ ઓફીસથી થાય છે એટલે એ ધોરણ જળવાતા નથી. બાકી આપણે ગુજરાતની અંદર જે ૮૫ ટકા અને ૬૦ ટકા અને સરેરાશ ૮૫ ટકાનું ધોરણ છે એ આપણે જાળવી રાખ્યું છે અને આ જે કામદારોની આપણે ભરતી કરીએ છીએ એમાં એમ્પલોમેન્ટ એકસચેન્જમાં બે-ત્રણ વખત જે લોકોએ ઈન્ટરવ્યુ આપ્યા હોય અને છતાં એમને નોકરી ના મળી હોય તો એવા લોકોને કહીએ છીએ કે સ્વરોજગારી ક્ષેત્રની અંદર તમારે જો કોઈ ધંધો-વ્યવસાય કરવો હોય તો એવા લોકોને વ્યવસાય કરવા માટેની પણ આપણે સગવડતા કરી દઈએ છીએ. અને ખાસ કરીને ગુજરાતી છે એના માટે એમ કહેવાય કે ગુજરાતના લોકો છે એ વેપાર ધંધામાં જ માને, ગુજરાતના લોકોમાં ઝનૂન ઓછું હોય, મીલેટરીમાં ઓછા દાખલ થાય, પરંતુ આપણે પ્રયત્ન કર્યો કે મીલેટરીની અંદર પણ ગુજરાતના લોકો દાખલ થાય એટલા માટે થઈને આપણે દસ લશ્કરી ભરતી મેળાઓ કર્યા અને એના દ્વારા ૬૮૧ ઉમેદવારોને સંરક્ષણ ક્ષેત્રે એને ત્યાં રોજગારી- નોકરી મળી એટલે ગુજરાતના લોકો મીલેટરીની અંદર જવા માટે પણ એટલા જ ઉત્સાહી છે. જે આખાએ હિંદુસ્તાનની અંદર જે લઘુત્તમ વેતન બધાને મળવું જોઈએ એના માટે થઈને ખેતીમાં કામ કરનાર મજૂરને પણ મીનીમમ ૧૦૦ રુપિયા મળે એ પ્રકારનું આપણે લઘુત્તમ વેતનના કાયદામાં હમણા સુધારો કર્યો છે અને ફેકટરીમાં કે ત્યાં કામ કરતા હોય એને ૧૪૦ રુપિયા મળે એ રીતે વાત કરી છે. આ સિવાય હું કહીશ કે ગુજરાત રાજયની અંદર આપણે ૧૬૫ આઈ. ટી.આઈ. છે એટલે ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયૂટ જે ગવર્નમેન્ટ ચલાવે છે એવા ૧૬૫ છે. આઈ.ટી.સી. કે જેને આપણે ગ્રાન્ટ ઈન એઈડથી આપીએ છીએ એવા ૧૨૫ છે અને સ્વનિર્ભર ૩૦૩ છે. આવી રીતે ૫૦૩ આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. અને સ્વનિર્ભરની અંદર કુલ ૯૯,૫૩૪ તાલીમાર્થીઓ કામ કરે છે અને આ તાલીમ લીધેલા તમામ લોકોને રોજગારી મળી જાય છે. એ નિર્વિવાદ વાત છે અને આ વખતે મેં મારા બજેટની અંદર પણ કહ્યું છે કે ૨૦૦૯-૧૦ની કરવામાં આવનાર સૂચિત નવી ૨૦ આઈ.ટી.આઈ.ની વિગત આ પ્રમાણે છે કે જે નવી ૨૦ આઈ.ટી.આઈ. છે એમાં ૧- બોટાદમાં ભાવનગર જિલ્લામાં, ૨-ઉમેરઠ, ૩-હજીરા, ૪-દહેજ, ૫- તારાપુર, ૬-જસદણ, ૭-કોડીનાર, ૮-અબડાસા, ૯-આમોદ, ૧૦-વાગરા, ૧૧-ફતેપુરા, ૧૨- રામી ૧૩-ખાનપુર, ૧૪ સતલાસણા, ૧૫, જેતપુર એટલે જેતપુર રાજકોટનું અને ૧૬-ધનસુરા,૧૭ સુરેન્દ્રનગર અને ૧૮- ગોધરા, ૧૯-રાજકોટ અને ૨૦-વડોદરા. આ ૨૦ જગ્યાએ નવી આઈ.ટી.આઈ. આપણે કરવા માટેની વાત છે અને આ સિવાય જે જગ્યાએ બાકી રહેતી કારણ કે આપણે કહ્યું છે કે ૨૦૦૯-૧૦ની અંદર એક પણ તાલુકો એવો બાકી ન રહે કે જ્યાં આઈ.ટી.આઈ. કે આઈ.ટી.સી. ન હોય તો આ વર્ષે જે નવી ૪ જગ્યાએ ગ્રાન્ટ ઇન એઈડની અમે પરમીશન આપી છે અને એક તાલુકો બાકી રહેતો હતો એ એક તાલુકાની અંદર પણ રાજય સરકાર તરફથી આઈ.ટી.આઈ. શરૂ કરી અને ૨૦૦૯-૧૦ની અંદર ગુજરાતના તમામે તમામ તાલુકાની અંદર આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. શરુ થઈ જશે. અને માનનીય સભ્યશ્રીઓને હું કહીશ કે હજી જે આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. આપના વિસ્તારની અંદર હોય અને ત્યાં નવા કોર્સની જરૂર હોય કે આનાથી રોજગારી વધુ મળશે તો ચોકકસ એના સૂચનોને અમે આવકારીએ છીએ અને નવા કોર્ષો અમે એ રીતે કરશું. કોઈને નવું સ્વનિર્ભરની જરૂરત હોય તો પણ એ રીતે કહેશે અને આ વખતે નવો અભિગમ પણ લીધો છે કે આ બારમું ધોરણ જે પાસ થયા હોય,દસમું અને બારમું ધોરણ એને આઈ.ટી.આઈ.ને બદલે શોર્ટ ટર્મના પણ કોર્સ હોય છે. ઘણી વખત ચાર ચોપડી ભણેલો માણસ હોય અને એને જો કયાંય ટ્રેનિંગ ન મળતી હોય તો એને માટે શૉર્ટ ટર્મનો કોર્સ કરીએ છીએ. કોઈ કડિયા કામ શીખે કે કોઈ બીજો કોર્સ કરે, ૩-૪ મહીનાની ટ્રેનિંગમાં એને રોજગારી મળી શકે એવી રીતના કોર્સીસ પણ આપણે ચાલુ કરીશું.એટલે માનનીય ધારાસભ્યશ્રીઓને ફરીથી વિનંતી કરું છું કે આપના વિસ્તારમાં કોઈ આઈ.ટી.આઈ., આઈ.ટી.સી. કે સ્વનિર્ભરમાં વધારાના કોર્સ કરવાના હોય તો ચોક્કસ કહેજો. રાજ્ય સરકાર તરફથી એને પરવાનગી આપવામાં આવશે એ નિર્વિવાદ વાત છે. હાલમાં વધુમાં વધુ ધસારો (Rush) જો હોય તો એ ડ્રાઈવિંગ માટેનો હોય છે. અત્યાર સુધી ૧૭ જિલ્લાઓમાં આ સવલત હતી અને ૭

જિલ્લાઓમાં આ મોટર ડ્રાઈવિંગનો કોર્સ ન હતો. તો ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઉત્તરસંડામાં આ મોટર ડ્રાઈવિંગ સ્કૂલની શરૂઆત થશે. ઔદ્યોગિક તાલીમ સંસ્થા સુરેન્દ્રનગર, એ પ્રમાણે ભાવનગર, અમરેલી, ભુજ, પાટણ અને વ્યારા આ બધી જગ્યાએ થશે. આમ, આપણા ગુજરાતના તમામ જિલ્લા કેન્દ્રો ઉપર મોટર ડ્રાઈવિંગની પૂરેપૂરી સગવડતા મળી રહેશે. જે કાંઈ મારા શ્રમ અને રોજગાર વિભાગની આટલી કામગીરી છે એ કામગીરીની અંદર હમણાં જ પ્રશ્નોત્તરી વખતે ચર્ચા થઈ હતી કે ગુજરાત રાજ્યની અંદર વધુ લોકોને રોજગારી આપવા માટે ગુજરાત પ્રથમ છે. અન્ય બાબતોમાં પણ પ્રથમ છે. હું એમ કહીશ કે ગુજરાત રાજ્યમાં જે ઔદ્યોગિક શાંતિ છે એના કારણે માનવદિન ગુમાવવાની બહુ ઓછી શક્યતા છે. આખા હિન્દુસ્તાનમાં ઓછામાં ઓછા જો માનવદિન ગુમાવ્યા હોય તો એ ગુજરાત રાજ્યમાં છે. આ રીતે ગુજરાત તમામ દ્રષ્ટિએ પહેલું છે. આંકડા આપીને કહીશ કે ગુજરાત રાજ્યમાં ૨૦૦૬માં ૧.૦૩ લાખ માનવદિન ગુમાવ્યા હતા. આ કોઈ ટીકા નથી કરતો પણ મહારાષ્ટ્રની અંદર ૨.૪૧ લાખ, પશ્ચિમ બંગાળની અંદર ૧૫૨.૬૨ લાખ અને તામિલનાડુમાં ૩.૩૩ લાખ એટલે બીજા રાજ્યો કરતાં ૫૦ ટકા કરતા ઓછા માનવદિન આપણે ગુમાવ્યા છે. ૨૦૦૭માં આપણે ૮૭ હજાર માનવદિન ગુમાવ્યા હતા અને પશ્ચિમ બંગાળમાં ૨૪ લાખ માનવદિન, તામિલનાડુમાં ૭.૫૦ લાખ માનવદિન ગુમાવ્યા હતા. ૨૦૦૮માં આપણે માત્ર ૪૨ હજાર માનવદિન ગુમાવ્યા છે. જ્યારે બીજા રાજ્યોમાં અનેક રીતે વિશેષ છે. એટલે માનવદિન ગુમાવવા માટેની વાત હોય તો ઓછા માનવદિન ગુમાવવા માટે ગુજરાતનો પહેલો નંબર, વધુ લોકોને રોજગારી આપવાની વાત હોય તો પહેલો નંબર, નાના નાના અસંગઠિત લોકોને વધુ રોજગારી આપવાની વાત હોય તો એની અંદર પહેલો નંબર. આમ, મને લાગે છે કે આ કેટલા એકડા પહેલાં થશે? ૧,૧૧,૧૧૧ જેમ પંચવર્ષીય યોજનાનો પ્રોજેક્ટ છે એ તમામ ક્ષેત્રે થાય. પહેલો નંબર લઈએ એનું અભિમાન નથી પણ એનો ગર્વ ચોક્કસ હોઈ શકે. આપણે સમજીએ છીએ કે ગુજરાત રાજ્ય જેમ એક નંબર છે એમ આખા વિશ્વમાં આપણું હિન્દુસ્તાન બધા ક્ષેત્રોમાં એક નંબર પ્રાપ્ત કરે એના માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. હું મારા વિભાગની જે માગણીઓ લઈને આવ્યો છું એ મંજૂર કરે એવી તમામ સભ્યોને વિનંતી કરું છું.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુરવઠા મંત્રીશ્રીએ નવા ગોડાઉનો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની વાત કરી છે. મારા મત વિસ્તારમાં ધનસુરા તાલુકામાં નાગરિક પુરવઠા નિગમનું ગોડાઉન નથી. પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારના સંચાલકો છે એમને મોડાસા અને બાયડ જવું પડે છે. તો ધનસુરા ખાતે આવું ગોડાઉન શરૂ કરવા માટે મારી વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જે તાલુકામાં ગોડાઉનની કેપેસિટી ઓછી હોય અથવા જર્જરિત થઈ ગયા હોય અથવા લીકેજ હોય એવી જગ્યાએ જરૂરિયાત પ્રમાણે અભ્યાસ કરીને એમના સૂચનને પ્રાયોરિટી આપવામાં આવશે.

**માગણી ક્રમાંક: ૨૨, ૨૩, ૫૬,૫૭ મત માટે મુકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૪૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા. ૧૬મી જૂલાઈ, ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૬મી જુલાઈ, ૨૦૦૯**
**આષાઢ ૨૫, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં લઠ્ઠાકાંડ અને દારૂના ગુનેગારો સામે આજના દિવસે જેલ અને ફાંસીની સજાની જોગવાઈનું બિલ લાવનાર ગુજરાત રાજય પ્રથમ રાજય છે તેથી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આ ઐતિહાસિક નિર્ણય કરવા બદલ હું ગુજરાતની મહિલાઓ વતી લાખ લાખ અભિનંદન આપું છું અને બહેનોની અને બાળકોની જિંદગી બચાવવાનું કામ કર્યુ છે તો આ માટે પણ હું તેમને લાખ લાખ અભિનંદન આપું છું. અંધકારની ગર્તામાં ધકેલાઈ ગયેલા સમાજનું આ એક સરસ કામ કર્યુ છે, તેથી માનનીય મુખ્ય મંત્રીશ્રીને ગુજરાતની મહિલાઓ વતી હું અભિનંદન આપું છું અને એમને આવા સરસ કામ કર્યા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ લઠ્ઠાકાંડના ગુનેગારોને મૃત્યુદંડ સુધીની સજા ફટકારવાનું બિલ જે આજે લઈ આવ્યા છે તો આ ઐતિહાસિક નિર્ણય બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આજે હું ગુજરાતની સમગ્ર બહેનોવતી અમે લાખ લાખ અભિનંદન પાઠવીએ છીએ.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, દારૂબંધી સામે મહિલાઓ ખૂબ ઝઝુમી છે આજે આ વેદનાને સમજવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીના ઐતિહાસિક નિર્ણયથી અનેક પરિવારોને એક રક્ષણનું કવચ મળવાનું છે ત્યારે મહિલાઓ વતી હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રીમતી ભાવનાબેન ર. મકવાણા**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ જે દારૂ અને લઠ્ઠાના ગુનેગારોને સજા કરવા માટે જે નિર્ણય કર્યો છે એ માટે હું લાખ લાખ અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી** :ઑર્ડર, ઑર્ડર, તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧

# તારાંકિત પ્રશ્નો

### વૈદ્યનાથન સમિતિના આધારે સહકારી ધારામાં સુધારા

***૧૦૦૩૫ શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વૈદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી ધારામાં કયા પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે, અને

(૨) તેને કારણે રાજયની મંડળીઓને શું લાભ મળ્યા ?

**સહકાર મંત્રીશ્રી :**

(૧) વૈદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી ધારામાં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવામાં આવ્યા છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧

| | |
|---|---|
| પ્રકરણ-૧ : | પ્રારંભિક |
| પ્રકરણ-૨ : | રજીસ્ટ્રાર અને રજીસ્ટ્રેશન. |
| પ્રકરણ-૩ : | સભ્યો તેમજ તેમના હક્કો અને જવાબદારીઓ. |
| પ્રકરણ-૪ : | મંડળીઓનું સંસ્થાપન, ફરજો અને વિશેષાધિકારો. |
| પ્રકરણ-૫ : | મંડળીઓને રાજય સહાય આપવા બાબત. |
| પ્રકરણ-૬ : | મંડળીઓના મિલકત અને ફંડ. |
| પ્રકરણ-૭ : | મંડળીઓનો વહીવટ. |
| પ્રકરણ-૮ : | ઑડિટ, તપાસ, તપાસણી અને દેખરેખ. |
| પ્રકરણ-૧૦-ક : | વિમો ઉતરાવેલ સહકારી બેંકો. |
| પ્રકરણ-૧૧-ક : | કેટલીક મંડળીઓની સમિતિઓ અને અધિકારીઓની ચૂંટણીઓ. |
| પ્રકરણ-૧૨: | ગુના અને શિક્ષા. |
| પ્રકરણ-૧૪: | પ્રકીર્ણ. |

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ તા. ૨૩-૦૧-૨૦૦૮ના ગેઝેટથી કરવામાં આવેલ સુધારાના કારણે, રાજયની સહકારી મંડળીઓને પોતાના વ્યવસ્થાપન માટે વધુ નાણાકીય, વહીવટી તેમજ આંતરિક બાબતો માટે સત્તા અને સ્વતંત્રતા પ્રાપ્ત થયેલ છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાતમાં આ લઠ્ઠાકાંડ પછી જે નવો કાયદો લઈને આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા છે, જે એમણે વચન આપેલું કે હું સખતમાં સખત આ માટેનાં એકશન લઈશ એ આજે પુરવાર કર્યુ છે, એ બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા એ જાણવા માગું છું કે, રિવાઈવલ પૅકેજ હેઠળ રાજયની કેટલી મંડળીઓને સહાય મેળવે છે અને તે પૈકી જિલ્લાવાર મંડળીઓની સંખ્યા તેમજ તેમને ચૂકવાયેલ રકમ કેટલી છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રિવાઈવલ પૅકેજ હેઠળ હાલમાં રાજયમાં એ બે અને સી કેટેગરીની મંડળીઓની સંખ્યા નીચે મુજબ છે. એ કેટેગરી- ૪૮૯૫ મંડળીઓ, બી કેટેગરી- ૪૭૭ મંડળીઓ, સી કેટેગરી- ૩૪૧ મંડળીઓ, આમ કુલ ૫૭૧૩ મંડળીમાં આનો સમાવેશ કરવામાં આવેલ છે. જિલ્લાવાઈઝ મંડળીઓની સંખ્યા અને એની રકમની માગણી જોઈએ તો, અમદાવાદ જિલ્લામાં કુલ ૪૨૧ મંડળીઓને આનો લાભ મળ્યો છે, જેની રકમ છે એ ૬૩ કરોડ ૪૮ લાખ ૧૫ હજાર ૬૪ રૂપિયા, ગાંધીનગર જિલ્લો-૧૪૮ મંડળી અને રકમ છે એ ૧૫ કરોડ ૮૯ લાખ ૭૬ હજાર ૫૭૦ રૂપિયા, અમરેલી જિલ્લો- ૨૪૧ મંડળીઓ અને રકમ છે એ ૫ કરોડ ૧૧ લાખ ૧૬ હજાર ૫૫૧ રૂપિયા, બનાસકાંઠા જિલ્લો- કુલ ૭૦૯ મંડળીઓ એમાં ૪ કરોડ ૪૭ લાખ ૮ હજાર ૭૩૩ રૂપિયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બધા જ જિલ્લાઓ વાંચવાના છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બધા જ જિલ્લાની માહિતી માગી છે. જિલ્લાવાઈઝ માહિતી અને રકમની માહિતી માગી છે.

**અધ્યક્ષશ્રી** : રાજયનો પ્રશ્ન છે અને બધા જિલ્લાની માહિતી..

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બરોડામાં ૧૯૧ મંડળી છે, ૧૪,૬૧,૧૦,૩૪૩ની રકમ છે, ભરૂચ જિલ્લો ૨૧૬ મંડળી, ૭૮,૭૯,૭૩,૦૫૬ની રકમ છે, નર્મદા જિલ્લો ૭,૪૪,,૨૫,૨૨૨ની રકમ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ટેબલ ઉપર મૂકજો કેમ કે મારી પાસે બીજા ૬ પ્રશ્ન પૂછનારા સભ્યશ્રીઓ છે બધાને હું ચાન્સ આપીશ તો આ એક જ પ્રશ્નમાં એક કલાક જાય એવી પરિસ્થિતિ છે. હવે જે બાકી જિલ્લાના નામ સાથેનું લિસ્ટ છે એ ટેબલ ઉપર મૂકી દેજો, શ્રી શંકરભાઈ ચૌધરી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે વૈદ્યનાથન સમિતિની ભલામણ સ્વીકારી તેમજ ગુજરાત રાજયના ખેડૂતોને ૭ ટકાના દરે રાહત મળે તે માટે ૫૦ કરોડથી વધારાનું જે વ્યાજ રાહત માટેનું પૅકેજ ખેડૂતોને આપ્યું છે એ માટે રાજયના ખેડૂતો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજય સરકારને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વૈદ્યનાથન સમિતિની ભલામણ અને આ કાયદો બનાવ્યા પછી પ્રાથમિક મંડળીઓના વહીવટમાં અસરકારકતા આવે તે માટે આ કાયદામાં શું જોગવાઈ છે? અને બીજું એ કે પ્રાથમિક જે મંડળીઓ છે એને ફાયદો શું થશે, અને ત્રીજો મારો એ પ્રશ્ન છે કે, નબળી બૅન્કો જે હતી જૂના જમાનાથી એમાં વૈદ્યનાથન સમિતિની ભલામણ અને આપણે આ કાયદો બનાવ્યા પછી એ નબળી બૅન્કોને શું મદદ થશે? એ જણાવવા માટે માનનીય મત્રીશ્રી કૃપા કરે.

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ પૂછ્યું છે એ મુજબ કે સહકારી મંડળીઓના અસરકારક વહીવટ માટે કલમ ૨૭માં મુદતવીતી બાકીદારને મતાધિકાર પર બાન મૂકેલ છે.કલમ ૭૬માં ડાયરૅક્ટર અને સી..ઈ..ઓ.માટે લાયકાતના ધોરણો નક્કી કરેલ છે, કલમ ૮૪(૧૧)માં પિરિયોડીકલ ઈન્સ્પેકશન વગેરેની જોગવાઈ આવરી લીધેલ છે. સાથે સાથે પ્રાથમિક કૃષિ વિષયક ધીરાણ સહકારી મંડળીઓને સરકારશ્રી દ્વારા મળનાર આર્થિક સહાયના કારણે તેઓ આર્થિક રીતે સધ્ધર થતા તેઓની બોરોઈંગ કેપેસિટી વધતા ખેડૂતોને અપાતા ધીરાણની રકમમાં વૃદ્ધિ કરી થઈ શકે તેમ છે. સાથે સાથે આપણે જે નબળી જિલ્લા સહકારી બૅન્કોની વાત કરી છે તો આ રીવાઈવલ પૅકેજમાં મંડળીઓને પ્રાપ્ત થયેલ સહાયની રકમ પૈકી મંડળીઓ જિલ્લા બૅન્કના બાકી દેવા ભરશે જેથી જિલ્લા સહકારી બૅન્કોનું મુદત વીતી લેણું ઘટશે અને રોકડ પ્રવાહિતા વધશે. આ ઉપરાંત બૅન્કને પણ તેની એકત્રિત ખોટ અને કેપીટલ ટુ રીસ્ક વેઈટેડ એસેટ રેશિયો માટે મળનાર સહાયથી બૅન્કની રોકડ પ્રવાહિતા વધશે. બૅન્કનું સરવૈયું પ્રોફિટ થશે અને પરિણામે આવી બૅન્કો બેન્કીગ રેગ્યુલેશન એકટની કલમ ૧૧(૧) ની જોગવાઈઓનું પાલક કરતી થશે અને નબળી બૅન્કોમાંથી બહાર નીકળવાની શક્યતાઓ વધશે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ખાતાનો આ પ્રશ્ન છે એમાં મારે વિશેષ કહેવું છે, માનનીય સભ્યશ્રી બૅન્ક સાથે સંકળાયેલા છે, એમાં શંકરભાઈએ ફાયદાઓ અંગે વિશેષ જે વાત કરી એમાં સી.સી..એસ. એટલે કે કો-ઓપરેટીવ માળખાની મંડળીઓને ૧૯૬૧માં આ કાયદો બન્યા પછી પહેલી વખત એને સ્વાયત્તતા આપી અને આ મંડળીઓનું કાર્યક્ષેત્ર જે ભૌગોલિક ક્ષેત્રમાં મર્યાદિત હતું તેના બદલે તે કાર્યક્ષેત્રથી બહારથી પોતે ધીરાણ લઈ શકે અને આપી શકે એવી સ્વતંત્રતા કાયદો સુધારી પહેલી વખત આ રાજય સરકારે કરી., સહકારી અને કૃષિ માળખાની નાણાકીય આંતરીય વહિવટી બાબતો અને લોન અને ડિપોઝિટ પર વ્યાજના

દરો નક્કી કરવા, નાણાનું ફાજલ રોકાણ, ઉછીના નાણા, પૉલિસી, સ્ટાફ પૉલિસી, આંતરિક અંકુશની બાબતોમાં જે રાજય સરકારનું આજ દિન સુધી કો-ઓપરેટીવ માળખા ઉપર નિયંત્રણ હતું એમાં કાયદો સુધારીને મુકતતા આપવી, એને સ્વતંત્રતા આપી. આજ માળખાને ત્રિસ્તરીય માળખા પૈકી સમવાયી મંડળીઓ સાથે જોડાણ કરવાની કે રદ કરવાના અધિકારો કાયદો સુધારીને આપવા,. રાજય અને જિલ્લાના બૅન્કોના બોર્ડ ઑફ ડિરોકટરોની વ્યવસાયી નિમણૂક કરીને એની સેવાનો લાભ લેવા માટે કાયદો

સુધારીને પણ લાભ આ સ્વાયત્તતા ઉપર રાજય સરકારે આપ્યો છે. રાજય સરકારનું કૃષિ ધીરાણ માળખાની મંડળીઓ ઉપર રાજય સરકારની ભૂમિકા મર્યાદિત કરવામાં આવેલ છે.એમ આ મંડળીઓ પર રાજય સરકાર વધુમાં વધુ ૨૫ ટકા જ પોતાનું શેર મૂડીભંડોળ રાખી શકે એ રીતે રાજય સરકારે પોતે પોતાના ઉપર નિયંત્રણ કરીને કો-ઓપરેટીવ માળખાને સ્વાયત્તતા આપી એમ અનેક પ્રકારે ગુજરાતની સ્થાપના પછી કો-ઓપરેટીવ એક્ટમાં પ્રથમ વખત આવો સ્વતંત્રતા આપતો સુધારો કરીને કો-ઓપરેટીવના માળખાને સ્વાયત્તતા આપેલ છે.

## રાજકોટ શહેરમાં ચાલતી આંગણવાડીઓ

***૧૦૦૨૯ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજકોટ શહેરમાં કેટલી આંગણવાડીઓ તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કયા કયા વિસ્તારમાં ચાલે છે,

(૨) આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) રાજકોટ શહેરમાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આ સાથે સામેલ પત્રક મુજબની ૨૩૮આંગણવાડીઓ ચાલે છે.

પત્રક

**રાજકોટ શહેરી વિસ્તારોમાં ચાલતા આંગણવાડી કેન્દ્રોની યાદી**

| અનુ. | આંગણવાડી કેન્દ્રનો વિસ્તાર | અનુ. | આંગણવાડી કેન્દ્રનો વિસ્તાર | અનુ. | આંગણવાડી કેન્દ્રનો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | છોટુનગર-૧ | ૪૧ | વાયરલેસ સ્ટેશન | ૮૧ | કુબલીયાપરા-વાઘરીવાસ |
| ૨ | તોપખાના હરીજનવાસ | ૪૨ | તિલકપ્લોટ | ૮૨ | કુબલીયાપરા-હરીજનવાસ |
| ૩ | રાજીવનગર (મોચીનગર) | ૪૩ | શ્રધ્ધાનંદ હરીજન વાસ | ૮૩ | ગંજીયાડા-૫૭ મહાકાળી ચોક |
| ૪ | બજરંગવાડી મફતીયુ | ૪૪ | પેઠક રામપાર્ક | ૮૪ | ગંજીયાડા-હરીજનવાસ |
| ૫ | ભોમેશ્વર પ્લોટ | ૪૫ | પેડક-ખાદી ગ્રામોદ્યોગ | ૮૫ | ગંજીયાડા-૪ |
| ૬ | પરસાણાનગર-૧ | ૪૬ | ભગવતીપરા-બાવાવાસ | ૮૬ | બાલકનગર-કસ્તુરબા |
| ૭ | રેલનગર | ૪૭ | વિવેકાનંદનગર-૨ | ૮૭ | સર્વોદય સોસાયટી-૨ |
| ૮ | પોપટપરા-૧૫ | ૪૮ | નવા પાવરહાઉસ-મનહરનગર | ૮૮ | રામનાથપરા પો. લાઇન |
| ૯ | પોપટપરા-૪ ના ખુણે | ૪૯ | ગોકુળપરા-૪ | ૮૯ | ભવાનીનગર |
| ૧૦ | રૂખડીયાપરા મે. રોડ | ૫૦ | શ્રમજીવી સોસાયટી-૩ | ૯૦ | ગંજીવાડા મે. રોડ |
| ૧૧ | માઉ.પો.લાઇન | ૫૧ | રામનાથપરા-૧૪ | ૯૧ | નવી ઘાચીવાડ-૭ |
| ૧૨ | બેડીપરા-લંગડા હનુમાન | ૫૨ | સોરઠીયા પ્લોટ-૧૦ | ૯૨ | ખોડીયારનગર મે. રોડ |
| ૧૩ | નંદનગર | ૫૩ | નવયુગપરા-૨ | ૯૩ | કસ્તુરબા-૨, ગોકુળપરા-૧ |
| ૧૪ | ચામુંડાપરા | ૫૪ | જિલ્લા ગાર્ડન સ્લમ ક્વા.૪૯ | ૯૪ | હસનવાડી |
| ૧૫ | નારસંગપરા | ૫૫ | જંગલેશ્વર-૩૧ | ૯૫ | ઉદયનગર-૨/૧૫ |
| ૧૬ | છોટુનગર-૨ | ૫૬ | ઘનશ્યામનગર-કે.-હ.વાસ | ૯૬ | લાધેશ્વર સોસાયટી |
| ૧૭ | લલુડી વોકળી-૧ | ૫૭ | ઘનશ્યામનગર-૬ | ૯૭ | માયાણીનગર-૪ |
| ૧૮ | લલુડી વોકળી-૧ | ૫૮ | ધોબીવાસ-૧ | ૯૮ | શ્રીનાથજી-૩ |
| ૧૯ | સંજયનગર | ૫૯ | વીરમાયા પ્લોટ-૩ | ૯૯ | નહેરૂનગર-૪ |
| ૨૦ | ભગવતીપરા-૧ | ૬૦ | ઠક્કરબાપા હરીજનવાસ | ૧૦૦ | હીંગળાજનગર-ભરવાડ વાસ |
| ૨૧ | ધરમનગર | ૬૧ | નાડોદાનગર | ૧૦૧ | લક્ષ્મીવાડી ક્વાટર-૧૨૫ |
| ૨૨ | ભગવતીપરા-૭ | ૬૨ | લાલપરી | ૧૦૨ | ઇન્દીરાનગર |
| ૨૩ | સંતોષીનગર મ.પરા | ૬૩ | શક્તિ સોસાયટી-૧૩ | ૧૦૩ | હુડકો ક્વાટર-સી-૨૬૦ |
| ૨૪ | પોપટપરા-ઇમામ ચોક | ૬૪ | સાગરનગર-૫ | ૧૦૪ | હુડકો ક્વાટર-બી-૫૮ |
| ૨૫ | પોપટપરા-કરીયાણા દુકાન | ૬૫ | કબીરટેકરી મે. રોડ | ૧૦૫ | લક્ષ્મીનગર-૪ |
| ૨૬ | પોપટપરા-૧૧ | ૬૬ | પાંજરાપોળ સંઘવી શેરી | ૧૦૬ | સૂર્યનગર |
| ૨૭ | વેશાલીનગર-૩ | ૬૭ | કુંભારવાડા | ૧૦૭ | ગોકુલધામ આવાસ યોજના |

| અનુ. | આંગણવાડી કેન્દ્રનો વિસ્તાર | અનુ. | આંગણવાડી કેન્દ્રનો વિસ્તાર | અનુ. | આંગણવાડી કેન્દ્રનો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૨૮ | જયપ્રકાશનગર, ભગવતીપરા | ૬૮ | કનકનગર | ૧૦૮ | ભોલેનાથ-૪ |
| ૨૯ | ભગવતીપરા-ઇંટોના ભઠા | ૬૯ | લાખાજીરાજ નવા થોરાળા | ૧૦૯ | વિજયપ્લોટ-૩૦ |
| ૩૦ | રોહીદાસપરા | ૭૦ | કુબલીયાપરા-૧૩ | ૧૧૦ | દેવનગર-૩ |
| ૩૧ | ગણેશનગર | ૭૧ | માજોઠીનગર-કે.એસ.ડીઝલ્સ | ૧૧૧ | ચામુંડાનગર-૧ |
| ૩૨ | ગાંધીવસાહત મે. રોડ | ૭૨ | આંબેડકરનગર-૫ | ૧૧૨ | દાસીજીવણપરા |
| ૩૩ | ભગીરથ સોસાયટી | ૭૩ | નવા થોરાળા-૫ | ૧૧૩ | વિજયપ્લોટ-૬ |
| ૩૪ | ગોકુલનગર | ૭૪ | જંગલેશ્વર-૧૮ નુરાની ચોક | ૧૧૪ | મારૂતીનગર |
| ૩૫ | ગોકુલનગર-૨ | ૭૫ | જંગલેશ્વર-૧૮ હુસાની ચોક | ૧૧૫ | આશાપુરાનગર |
| ૩૬ | મહાત્માગાંધી પ્લોટ-૭ | ૭૬ | જંગલેશ્વર-૨૨ | ૧૧૬ | લોહાનગર |
| ૩૭ | કીટીપરા-વાઘરીવાસ | ૭૭ | જંગલેશ્વર-શાળા નં. ૭૦ | ૧૧૭ | સુભાષનગર-નંદાહોલ પાસે |
| ૩૮ | જલારામનગર | ૭૮ | ચુનારાવાડ-શિવાજીનગર | ૧૧૮ | નવલનગર-૧૮ |
| ૩૯ | ઝુલેલાલનગર | ૭૯ | લાખાજીરાજ દુધની ડેરી | ૧૧૯ | ધરમનગર મફતીયુ-મવડી હોડ |
| ૪૦ | વિવેકાનંદનગર-૧ | ૮૦ | ખોડીયારનગર-૧ | ૧૨૦ | સહકાર મે. રોડ |
| ૧૨૧ | સુમરા સલસાયટી | ૧૬૧ | ધરમનગર આ. યોજના ક્વાટર | ૨૦૧ | ખોડીયારનગર-આજી વસાહત |
| ૧૨૨ | ઉદયનગર મે. રોડ | ૧૬૨ | શાસ્રીનગર ગાંધીગ્રામ, રૈયારોડ | ૨૦૨ | કુબલીયાપરા |
| ૧૨૩ | ક્વા. નં. ૭૬-ઢેબર કોલોની | ૧૬૩ | ધરમનગર આ. યોજના ક્વાટર | ૨૦૩ | લલુડી વોંકળી |
| ૧૨૪ | ભીલવાસ- ભારત બેકરી | ૧૬૪ | ઇન્દીરાનગર-રૂપવાટીકા | ૨૦૪ | ખોડીયારનગર મફતીયુ, ગોંડલરોડ |
| ૧૨૫ | માયાણીનગર આવાસ યોજના | ૧૬૫ | મારવાડી વિસ્તાર મફતીયુ-ઇ.નગર | ૨૦૫ | ભારતનગર, પીટીસી હોસ્ટેલ પાસે |
| ૧૨૬ | ચંદ્રેશનગર | ૧૬૬ | વણઝારા વિસ્તાર મફતીયુ | ૨૦૬ | ભીમરાવનગર-માંડા ડુંગર |
| ૧૨૭ | લક્ષ્મીનગર | ૧૬૭ | રૈયાધારની ગોશાળા | ૨૦૭ | મેહુલનગર શે.નં.-૪ પાછળ |
| ૧૨૮ | દાસીજીવણપરા | ૧૬૮ | રૈયા સ્લમ ક્વાર્ટર | ૨૦૮ | હનુમાનપરા |
| ૧૨૯ | ગોતમનગર | ૧૬૯ | શ્યામનગર | ૨૦૯ | જલીયાણનગર |
| ૧૩૦ | બાબરીયા કોલોની-૪ | ૧૭૦ | અક્ષરનગર, ૨૫ ચો.મી. | ૨૧૦ | પુનીતનગર |
| ૧૩૧ | હસનવાડી મે. રોડ | ૧૭૧ | ઇન્દીરાનગર, મફતીયુપરૂ | ૨૧૧ | વિનાયકનગર |
| ૧૩૨ | નારાયણનગર | ૧૭૨ | જીવંતીકાનગર | ૨૧૨ | વેલદીપ-મવડી રોડ |
| ૧૩૩ | બાબરીયા કોલોની-૨ | ૧૭૩ | નારસંગપરા-ક્લેક્ટર કચેરી પાછળ | ૨૧૩ | અક્ષરધામ પાછળ મફતીયુ |
| ૧૩૪ | શ્રીનાથજી સોસાયટી | ૧૭૪ | સંતોષીનગર-રેલનો ધક્કો | ૨૧૪ | આંબેડકરનગર-મવડી રોડ |
| ૧૩૫ | આનંદનગર-એ/૭ | ૧૭૫ | વેલનાથપરા-મોરબી રોડ | ૨૧૫ | સર્વશક્તિનગર-મવડી રોડ |
| ૧૩૬ | રામ મઢી-કાલાવડ | ૧૭૬ | ભગવતીપરા શે. નં. ૮ | ૨૧૬ | ભવાની સરસ્વતીનગર |
| ૧૩૭ | શ્યામનગર | ૧૭૭ | જયજવાન-જયકિશન સોસા. મો. રોડ | ૨૧૭ | હરીજનવાસ-મવડીગામ |
| ૧૩૮ | શ્યામનગર | ૧૭૮ | ન્યુ જલારામ સોસા.-મોરબી રોડ | ૨૧૮ | ખોડીયારનગર-મવડીરોડ |
| ૧૩૯ | કલ્યાણ સોસાયટી | ૧૭૯ | નરસિંહનગર-આરટીઓ પાસે | ૨૧૯ | ધરમનગર કફતીયાપરા મવડીરોડ |
| ૧૪૦ | મેઘમાયાનગર-૨ | ૧૮૦ | લાલપરી મફતીયુ | ૨૨૦ | પ્રભુત્વનગર-ગુરૂપ્રસાદ ચોક |
| ૧૪૧ | મેઘમાયાનગર | ૧૮૧ | શિવ-શક્તિ કોલોની-યુની. રોડ | ૨૨૧ | વિનોદનગર |
| ૧૪૨ | અમરનગર | ૧૮૨ | ગુજરાત ગૃ.નિ.બોર્ડ-૩ માળીયા ક્વા. | ૨૨૨ | સુખરામનગર |
| ૧૪૩ | કોલોની ઢેબર | ૧૮૩ | સોમનાથ-૩ નું મફતીયુ | ૨૨૩ | સુભાષનગર-૪ કોઠારીયા |
| ૧૪૪ | બાબરીયા કોલોની | ૧૮૪ | નટરાજનગર મફતીયુ | ૨૨૪ | રૈયા-૧ સાધુવાસવાણી સ્કુલ |
| ૧૪૫ | કૃષ્ણનગર | ૧૮૫ | નટરાજનગર આ.યોજના સા. વાસવાણી | ૨૨૫ | રૈયા-૨ રૈયા ગામ |
| ૧૪૬ | હુડકો | ૧૮૬ | બાલમુકુંદ મફતીયુ-ભરવાડવાસ | ૨૨૬ | રૈયા-૩ બ્રહ્મસમાજ ચોક |
| ૧૪૭ | આશાપુરાનગર | ૧૮૭ | ક્રિસ્મતપાર્ક-૨૫ ચો.મી. | ૨૨૭ | રૈયા-૪ ગાંધીગ્રામ રામદેવપીર |
| ૧૪૮ | જંગલેશ્વર-૧ | ૧૮૮ | નુરાનીપરા-રૈયા રોડ | ૨૨૮ | રૈયા-૫ બ્રહ્મસમાજ પાસે |
| ૧૪૯ | જંગલેશ્વર-૨ | ૧૮૯ | જલીયાણનગર | ૨૨૯ | રૈયા-૬ રૈયાધાર ૨૫ ચો.મી. |
| ૧૫૦ | રાજીવનગર | ૧૯૦ | શ્રીહરીનગર-મવડી રોડ | ૨૩૦ | રૈયા-૭ રૈયાધાર ૨૫ ચો.મી. |
| ૧૫૧ | શીવપરા | ૧૯૧ | ગીરનાર મજુર કોલોની | ૨૩૧ | નાના મવા-૧ લક્ષ્મીનગર રોડ |
| ૧૫૨ | ઉદ્યોગનગર | ૧૯૨ | ઇલાબેન લોઢવીયા ક્વાર્ટર | ૨૩૨ | નાનામાવા-૨ વિશ્વઆવાસ યોજના |
| ૧૫૩ | મકરબાશેરી | ૧૯૩ | આંબેડકરનગર ક્વાર્ટર | ૨૩૩ | મવડી-૧ ગામમાં |
| ૧૫૪ | મનહરપરા | ૧૯૪ | ઉદયનગર ગરબી ચોક | ૨૩૪ | મવડી-૨ જીથરીયા હનુમાન પાસે |
| ૧૫૫ | ચુનારાવાડા ચોક | ૧૯૫ | જય ભીમનગર | ૨૩૫ | મવડી-૩ આંબેડકરનગર મોવડી |
| ૧૫૬ | નવા પાવર હાઉસ | ૧૯૬ | ઓમનગર | ૨૩૬ | મવડી-૪ ખોડીયાર પરા વિસ્તાર |
| ૧૫૭ | નવા થોરાળા | ૧૯૭ | ભારતનગર-નાનામવા રોડ | ૨૩૭ | મોબાઇલ આંગણવાડી કેન્દ્ર-૧ |
| ૧૫૮ | રૈયાધારા પ્લોટ વિસ્તાર | ૧૯૮ | માટેલ સોસાયટી | ૨૩૮ | મોબાઇલ આંગણવાડી કેન્દ્ર-૧ |
| ૧૫૯ | રૈયાધારા મફતીયાપરા | ૧૯૯ | કાંગસીયાપરા | | |
| ૧૬૦ | શાહનગર | ૨૦૦ | શિવપરા-જીઆઇડીસી પાછળ | | |

(૨) નાજી,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજકોટ શહેરમાં આંગણવાડીઓની કેટલી જગ્યાઓ ખાલી છે અને ક્યારે ભરાશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજકોટ જિલ્લામાં કુલ ૧૫ તાલુકા અને શહેર આવેલા છે, એમાં આંગણવાડી વર્કરનું મંજૂર મહેકમ છે ૧૯૨૨, એમાં ભરેલી જગ્યા છે ૧૮૨૩ અને ખાલી જગ્યા ૯૯ છે, આંગણવાડી તેડાગર બહેનો પણ એમાં હોય છે અને એનું મંજૂર થયેલું મહેકમ ૧૯૨૨ છે અને ભરાયેલી જગ્યા ૧૮૬૫ છે અને ૫૭ જગ્યાઓ ખાલી છે, આ આંગણવાડી કાર્યકર અને હેલ્પરની જે ખાલી જગ્યાઓ છે એ ભરવા માટે ખાસ કરીને એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે, જે બહેનો વિધવા હોય એમને આની અંદર પ્રાયોરિટિ આપવી જોઈએ, જે ગામની અંદર વિધવા બહેનો આવતી નથી અથવા મળતી નથી એવી જગ્યા થોડાક સમય માટે ખાલી રહેતી હોય છે, પરંતુ હમણાં એક નિર્ણય મહિલા અને બાળ કલ્યાણ વિભાગે કર્યો છે કે એડવાન્સમાં જે જિલ્લામાં કઈ જગ્યાએ જગ્યા ખાલી પડવાની છે કઈ બહેન ક્યારે રિટાયર થવાની છે નિવૃત્ત થવાની છે એની એડવાન્સમાં યાદી લઈને અને ત્રણ મહિના પહેલાં એની જાહેરાત આપીને અને એનું વેઈટીંગ લિસ્ટ બનાવવું અને પછી જ્યારે કોઈ નિવૃત્ત થાય ત્યારે તુરત જ એની જગ્યા ભરી દેવી આવો એક નિર્ણય રાજય સરકારે કર્યો છે એટલે ભવિષ્યમાં આવી કોઈ જગ્યા ખાલી રહેશે નહિ અને આ જગ્યાઓ જે ખાલી છે એ પણ ટૂંક સમયની અંદર ભરી દેવામાં આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રમાં આઈ.સી.ડી.એસ. યોજના નીચે કેટલા બાળકો, કેટલી મહિલાઓ અને કેટલી કિશોરીઓ આનો લાભ લે છે, બીજી વાત એ છે કે અમારું મોરબી ઔદ્યોગિક શહેર છે અને કોઈપણ ઔદ્યોગિક વિસ્તારમાં આજુબાજુમાં શાળા ન હોવાના કારણે નાના બાળકોને આંગણવાડીનો લાભ મળતો નથી એટલા માટે કોઈપણ કંપની, ઉદ્યોગવાળા આંગણવાડીનું મકાન બનાવી દે, તમામ સુવિધા ઉભી કરી દે તો આના માટે આપણે કોઈ વિચારણા કરી છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મોરબી વિસ્તારની એમણે માગણી કરી છે આ વિસ્તારની અંદર કેટલાક એવા સ્થાનો છે કે ત્યાં ઘરોની સંખ્યા ઓછી હોવાના કારણે એક આંગણવાડી ખોલી શકતા નથી અને એટલા માટે મોબાઈલ આંગણવાડીની આપણે શરૂઆત કરી છે અને એનો લાભ એમને પણ ભવિષ્યમાં મળશે, આની અંદર જે બહેનો લાભ લઈ રહી છે એ લગભગ ૧૫,૦૦,૦૦૦ છે અને ગ્રેડ ૩ અને ૪ ના બાળકો એ બાળકોને પૂરક પોષણ આપવામાં આવે છે અને એ સ્વસ્થ જીવન જીવે એના માટેનો પ્રયાસ કરવામાં આવે છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારા વિસ્તારમાં બે મોબાઈલ આંગણવાડી મંજૂર કરવામાં આવેલ છે તો આ મોબાઈલ આંગણવાડી પાછળનો હેતુ શું છે અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવે છે અને આ મોબાઈલ આંગણવાડી કયા કયા વિસ્તારોમાં ફરે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આ રાજય સરકારનો એક ઐતિહાસિક નિર્ણય છે, આખા દેશમાં કોઈપણ રાજય સરકારે આવી મોબાઈલ આંગણવાડી શરૂ કરી હોય એવું બન્યું નથી સંકલિત બાળ વિકાસ યોજનાની શરૂઆત ગુજરાત રાજયમાં ૧૯૭૫માં થઈ અત્યારે ૪૪૮૭૯ આંગણવાડીઓ શહેરોમાં, ગામડાઓમાં અને આદિવાસી ક્ષેત્રોની અંદર ચાલે છે જેમાં છ માસથી છ વર્ષ સુધીના નાના બાળકોને આપણે આરોગ્ય સેવાઓ અને પોષણયુક્ત આહાર આપીએ છીએ. પરંતુ અંતરિયાળ વિસ્તારો, આદિવાસી વિસ્તારો, ઝુંપડપટ્ટી તેમજ મકાન બાંધકામની સાઈટ પર કામ કરતી વર્કર મહિલાઓ અને તેના બાળકો, શેરડીના ખેતરમાં કે રસ્તા કે મકાનો બંધાતા હોય ત્યાં, ઈંટો બનાવવાના ભઠ્ઠા પર કામ કરતી માતાઓ અને તેમના બાળકો માટે પૂરક પોષણ, આરોગ્ય સેવાઓ પૂરતા પ્રમાણમાં પૂરી પાડી શકાતી નહોતી, જે સંજોગોને ધ્યાને લઈને રાજય સરકાર દ્વારા નવતર પ્રયોગ કરીને નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૦૦૪-૦૫નો ડેટા મેળવીને ૪૭ ટકા કુપોષણનો દર ઘટાડવા માટેના હેતુને ધ્યાનમાં લઈને તેમજ છ વર્ષથી ઓછી ઉંમરના ૭૦ ટકા બાળકો..તેમજ છ વર્ષથી ઓછી ઉંમરના ૭૦ ટકા બાળકોમાં એનિમિયા અને વિટામિન એ' ની ઉણપ દૂર કરવા અભિયાન આપણે શરૂ કર્યુ છે. અને આવી મોબાઈલ વાન તે રાજકોટ જિલ્લાને આવરી લઈ અને જે વિસ્તાર આવરી લીધો છે તેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝૂંપડપટ્ટીઓ અને કન્સ્ટ્રકશન સાઈટમાં આપણે બે મોબાઈલ વાન આપી છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને ઝૂંપડપટ્ટી અને રેલવે ટ્રેક માટે બે આપી છે. સુરત અર્બન મ્યુનિસિપલ કોર્પોરેશન કન્સ્ટ્રકશન સાઈટ શેરડીના ખેતરમાં કામ કરતા મજૂરો માટે બે મોબાઈલ વાન આપી છે. વડોદરા અર્બન મ્યુનિસિપલ કોર્પોરેશન તેમાં પણ કન્સ્ટ્રકશન સાઈટ, ઝૂંપડપટ્ટી વિસ્તાર અને રેલવે ટ્રેક વિસ્તારમાં આવેલાં પરિવારો માટે બે મોબાઈલ વાન. વલસાડ જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ. યુનિટને શેરડીના ખેતરમાં કામ કરતાં વર્કરના કુટુંબો માટે એક મોબાઈલ વાન અને નવસારી જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ. શેરડીના ખેતરમાં કામ કરતાં વર્કર,

ખેતમજૂરો, આદિવાસી, અંતરિયાળ વિસ્તારો માટે એક મોબાઈલ વાન આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી દશ મોબાઈલ વાન ૨૫ લાખ રૂપિયાના ખર્ચે આપણે તૈયાર કરી છે અને તેનો તમામ ખર્ચ નાણાં વિભાગની મંજૂરીથી મહિલા બાળ કલ્યાણ વિભાગ ભોગવી રહ્યો છે. અને એમાં જે મોબાઈલ વાન માટે પેટ્રોલ અને ડ્રાયવરનો જે ખર્ચ થશે તે મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા પંચાયત હેઠળ આરોગ્ય વિભાગ ભોગવી રહ્યું છે.

**રાજયમાં એન્જીનીયરીંગ કોલેજો**

***૧૦૧૧૮ શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયમાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં એન્જીનીયરીંગ કોલેજોની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ૩૬૯૫ બેઠકોનો વધારો થયો.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, વર્ષ ૨૦૦૮ની સ્થિતિ કરતાં આજની સ્થિતિએ રાજયમાં જે એન્જીનીયરીંગ ડિગ્રી, ડિપ્લોમા અને ફાર્મસીમાં કુલ કેટલી બેઠકો થઈ છે ? ગયા વર્ષની સરખામણીએ આ કેટલી બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે ? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, ગરીબ કે આર્થિક પછાત વર્ગના જે વિદ્યાર્થીઓ છે તેમના માટે કોઈ અલગ જોગવાઈ છે કે કેમ તેની વિગતો જો હોય તો આપવા કૃપા કરશોજી.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮ની સ્થિતિ અને ૧૩-૭-૨૦૦૯. ૨૦૦૮માં ડિગ્રી ઈજનેરીની ૧૮૮૩૯ બેઠકો હતી ૧૩-૭-૨૦૦૯ના દિવસે ૩૪૩૨૩ એટલે ૧૫૪૮૪ સીટનો વધારો. ડિપ્લોમાં ઈજનેરીમાં ૨૯૭૧૦ થી ૧૩-૭ની સ્થિતિએ ૪૭૭૫૩ એટલે ૧૮૦૪૩નો વધારો. ડિગ્રી ફાર્મસીમાં ૪૫૬૩, ૧૩-૭ની સ્થિતિએ ૫૫૪૬ એટલે ૯૮૩ કુલ એક જ વર્ષમાં ૩૪૫૧૦ બેઠકોનો વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહને આપના મારફતે થોડીક વધારે વિગતો એ આપવી છે કે ૨૦૦૧ની સાલમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ રાજયના મુખ્યમંત્રી બન્યાં અને એ વખતે ડિગ્રી ઈજનેરી કોલેજોની અંદર ૨૦૦૧-૦૨માં ૮૫૦૧ બેઠકો હતી જે બેઠકો હાલમાં ૩૪૩૨૩ એટલે ૨૫૮૨૨ બેઠકોનો વધારો થયો છે. ડિપ્લોમાં ઈજનેરીમાં ૨૦૦૧-૦૨માં ૧૩૮૫૫ બેઠકો હતી જે હાલમાં ૪૭૭૫૩ કરી ૩૩૮૯૮નો વધારો થયો છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ગુજરાતની સ્થાપના બાદ કોઈ એક વર્ષમાં એન્જીનીયરીંગ અને ફાર્મસીની આટલી સીટો વધવા બદલ હું રાજય સરકારને અને માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને હાર્દિક અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે, આર્થિક રીતે નબળાં વિદ્યાર્થીઓ કે જેને એન્જીનીયરીંગમાં જવું હોય પરંતુ ગુણવત્તાના કારણે કદાચ રહી ગયા હોય અને જેમને ફી પોસાય તેવી ના હોય એવા સંજોગોમાં રાજય સરકારે આ ફી અંગે કોઈ નિર્ણય કર્યો છે કે કેમ? એ અંગેની વિગતો શું છે અને આ નિર્ણય જો લીધો હોય તો એનો લાભ કેટલા વિદ્યાર્થીઓને મળી શકે?

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, મારી પાસે પ્રશ્ન પૂછનારાની યાદી ઘણી લાંબી છે. ઘણીબધી આંગળીઓ ઉંચી થાય છે. એટલે પ્રશ્ન પૂછનાર પણ ટૂંકમાં પૂછે અને મંત્રીશ્રી પણ એ જ સમય મર્યાદામાં રહે.

**શ્રી રમણલાલ વોરા:** નબળા અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને સારી શૈક્ષણિક સંસ્થાઓમાં એડમિશન મળે એ માટે રાજય સરકારે ટયૂશન ફી માફીની યોજના અમલમાં મૂકી છે. તમામ વિદ્યા શાખાવાર જેટલી બેઠક મંજૂર થયેલી છે, તેના ૧૦ ટકા બેઠકો એ મહિલાઓ, આર્થિક રીતે પછાત એટલે કે ગરીબો અને વિકલાંગો માટે આ ૧૦ ટકા બેઠકોમાં ટયૂશન ફી માફી આપવામાં આવે છે. આ ટયૂશન ફી માફીના કારણે ડીગ્રી ઈજનેરી કોલેજોમાં ૨૪૮૮ અને ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં ૩૭૧૩, ડીગ્રી ફાર્મસીમાં ૪૬૪ અને ડિપ્લોમા ફાર્મસીમાં ૯૬ મળી કુલ ૭૧૩૯ ગરીબ વિદ્યાર્થીઓને ટયૂશન ફી માફીનો લાભ રાજય સરકારના કારણે મળી રહ્યો છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : રાજયની પોલિટેકનિકોમાં બેઠકો વધે તે માટે ડબલ શીફ્ટ કરવા માટે શું આયોજન કર્યુ છે? આજની સ્થિતિએ કેટલી કોલેજો ડબલ શીફ્ટ કરવામાં આવી છે? અને ભવિષ્યમાં કેટલી બેઠકોનો વધારો થશે?

**શ્રી રમણલાલ વોરા:** કાયદા વિભાગમાં સાંધ્ય કોર્ટો ચલાવવામાં આવે છે, એ જ પ્રમાણે આજથી બે વર્ષ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરેલી અને રજૂઆતના અનુસંધાને ડબલ શીફ્ટ બેઠકો આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો. એના માટેની મંજૂરી ઈ.આઈ.સી.ટી. દિલ્હીએ આપવાની હોય છે. અત્યાર સુધીમાં રાજય સરકારે ડબલ શીફ્ટ બેઠકો માટે ૧૦૬૮૦ બેઠકો ઈ.આઈ.સી.ટી.ની મંજૂરી માટે મોકલી છે. અન્ય રાજયોમાં નામદાર કોર્ટમાં આ બાબત પડતર હોઈ હજુ સુધી આ ડબલ શીફ્ટનો વધારો થયો નથી. પરંતુ કેન્દ્રની મંજૂરી મળવાથી ૧૦૬૮૦ બેઠકોનો વધારો થશે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે નવી એન્જીનીયરીંગ ડીગ્રી કોલેજો આપી છે, એમાંથી મારા વિસ્તાર સુરેન્દ્રનગર જિલ્લામાં આવી કોઈ કોલેજ આપવામાં આવી છે કે કેમ? અને જો આપવામાં આવી છે, તો એમાં કેટલી બેઠકોનો વધારો થશે?

**શ્રી રમણલાલ વોરા**: રાજય સરકારે બે સરકારી કોલેજો અને ૧૨ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ એટલે કે PPP ના ધોરણે ૧૪ ઈજનેરી કોલેજો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ ૧૪ જિલ્લા પૈકી જે જિલ્લામાં એક પણ કોલેજ નથી એવા તમામ જિલ્લાનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર, નવસારી, ખંભાત, જૂનાગઢ, કપડવંજ, વ્યારા, મહેસાણા, રાજપીપળા, જામનગર, પાદરા, પાલનપુર અને ગોધરા. આમ સુરેન્દ્રનગરનો પણ આમાં સમાવેશ થયેલો છે. ડીગ્રી ઈજનેરી કોલેજોમાં કુલ ૨૮૮૦ અને ડિપ્લોમામાં ૨૭૦૦ એમ કુલ ૫૫૦૦ બેઠકોનો વધારો થવાનો છે, જેનો લાભ સુરેન્દ્રનગર જિલ્લાને પણ મળશે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : બેઠકોમાં જંગી વધારા માટે સરકાર અભિનંદનની અધિકારી તો છે જ. મારે વિશેષ એ જાણવું છે કે ડિપ્લોમાની જયારે ૫૨૦૦૦ બેઠકો છે, ત્યારે ડિપ્લોમા પાસ થયેલ વિદ્યાર્થીને કેરીયર આગળ ધપાવવા માટે ડીગ્રી એન્જીનીયરીંગ કરવું હોય તો માત્ર એના માટે ૧૦ ટકા બેઠકો જ સામાન્ય રીતે ઉપલબ્ધ થાય છે, તો માનનીય મંત્રીશ્રી આ દિશામાં રાજય સરકાર ડિપ્લોમામાંથી ડીગ્રી અભ્યાસ માટે વિદ્યાર્થીઓને તક મળી રહે એના માટે આગળ ઉપર કોઈ વિચારણા કરશે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આ દિશામાં રાજય સરકાર જરૂરથી વિચારણા કરશે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**આણંદ જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

*૧૦૧૧૫ **શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફિસમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આણંદ જિલામાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| **સંવર્ગ** | **ખાલી જગ્યાની સંખ્યા** | **કયારથી ખાલી છે** |
|---|---|---|
| સર્વેયર વર્ગ-૩ | ૯ | ઓગસ્ટ-૦૮ થી |
| કારકૂન વર્ગ-૩ | ૨ | જૂન-૦૮ થી |
| પટાવાળા વર્ગ-૪ | ૪ | જૂન-૦૮ થી ૨<br>ઓકટોબર-૦૮ થી ૧<br>જાન્યુઆરી-૦૯ થી ૧ |
| કુલ | ૧૫ | |

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધયક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માપણી કચેરીમાં કઈ કઈ બીજી પ્રવૃત્તિઓ થાય છે? બીજું કે તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ માપણી કચેરીમાં કેટલી જગ્યાઓ ભરાયેલી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં માપણી કચેરીમાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિ અને ત્યારપછી ભરાયેલી જગ્યાઓમાં ડી.આઈ.એલ.આર ની જગ્યા ૧ ખાલી હતી એ ભરાયેલી છે, ખાલી નથી, આસિસ્ટન્ટ ડી.આઈ.એલ.આર ની ૧ જગ્યા છે એ પણ ભરાયેલી છે, હેડ કવાર્ટર આસિસ્ટન્ટની એક જગ્યા હતી એ પણ ભરાયેલ છે, સર્વેયરની ૧૮ જગ્યામાંથી ૯ જગ્યા ભરાયેલી છે અને ખાલી ૯ જગ્યા હતી, પરંતુ ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આ ૯ જગ્યા ખાલી હતી એમાંથી ૬ ભરી છે અને હાલ માત્ર ૩ જ ભરવાની બાકી છે, જુનિયર કારકુનની ૩ જગ્યા હતી એમાંથી એક ભરેલી હતી અને ૨ ખાલી હતી એ પણ તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ભરી દીધી છે અને એકપણ ખાલી નથી, પટાવાળાની ૯ જગ્યા ખાલી હતી એમાંથી ૫ ભરેલી હતી અને ૪ ખાલી હતી એમાંથી ૪ હાલ ખાલી છે. આમાં મંજૂર થયેલ મહેકમ ૩૭ નું હતું એમાંથી ૨૨ જગ્યા ભરેલી અને ૧૫ જગ્યા ખાલી હતી, પરંતુ ત્યારબાદ ૮ જગ્યા ભરાઈ છે. એટલે હાલ ૭ જગ્યા ખાલી છે. મારે આ સભાગૃહના સભ્યોને એક જાણ કરવાની કે જમીન દફતર ખાતામાં જે પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં જમીનની માપણી કરવાની હોય છે, પરંતુ પાછલા ૧૦૦ વર્ષમાં એકપણ વાર જમીનની માપણી થઈ નથી. કાયદો એવો છે કે દર ૩૦ વર્ષે માપણી

કરવી જોઈએ અને એટલે રાજય સરકારે પહેલીવાર આ વર્ષે જમીનની માપણી કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. જામનગર, પાટણ અને ગાંધીનગરમાં આ જમીનની માપણી કરવાના કામનો આરંભ થયો છે. આ જમીન દફતર ખાતામાં જે પ્રવૃત્તિઓ હાથ ધરાય છે તેમાં સરવે, રિ-સરવે, જેમાં જમા બંધીને લગતી કામગીરી હોય છે. ફી ભરેલ કેસોની માપણી કરવાની હોય છે,હિસ્સા સત્તા અધિકારીના હુકમોને આધારે બિનખેતી લેન્ડ ગ્રાન્ટ કેસોની માપણી કરવાની હોય છે, પ્રાદેશિક ફેરફારને લગતી કામગીરી કરવાની હોય છે, જમીન સંપાદન અધિનિયમ હેઠળ માપણી અને જમીન રેકર્ડમાં એવોર્ડ મુજબ દુરસ્તીની કામગીરી કરવાની હોય છે, ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા અને ખાતાના એકત્રીકરણ બાબતના અધિનિયમ ૪૭ અંતર્ગત એકત્રીકરણ યોજનાને લગતી યોજના તૈયાર કરવી, અનુકરણ અને ખાતેદારોની વાંધા અરજીઓનો નિકાલ કરવાની કામગીરી કરવાની હોય છે. શહેરી વિસ્તારની મિલકતોની માપણી, હક્ક ચોકસી અને હ્કક પત્રક અને શહેરી વિસ્તારના રેકર્ડ નિભાવણીની કામગીરી કરવાની હોય છે, ટાઉન પ્લાનિંગ એકટ હેઠળ તૈયાર થતી ટી.પી.સ્કીમના મહેસૂલ રેકર્ડ, ઈન્ડ રેકર્ડ પૈકી સરવે રેકર્ડ અને શહેરી મોજણી રેકર્ડમાં અમલવારીનીની કામગીરી કરવાની હોય છે.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે જમીન માપણીના કેસોમાં ઘ ણા કેસો માપણી માટે પડતર છે ત્યારે સરકાર ખાનગી લાઈસન્સ આપવા માગે છે કે કેમ અને જો આપવા માગતી હોય તો એના માટે સરકારે શું પ્રયાસ હાથ ધર્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય સભ્યશ્રીની વાત તદ્દન સાચી છે. જેમ જેમ ઔદ્યોગિક વિકાસ ગુજરાતમાં થતો જાય છે તેમાં જમીનની માપણીના અનેક કેસો આ ખાતામાં આવે છે અને એના માટે જરૂરી સ્ટાફ તો છે જ, પરંતુ જયારે માપણીના કેસો વધારે આવે છે ત્યારે ઝડપથી માપણી થઈ જાય એ માટે ખાલી લાઈસન્સદારોને પણ જમીન માપણી કરવા માટે જવાબદારી સોંપવી જોઈએ અને એટલા માટે રાજય સરકારે પહેલી જ વાર નિર્ણય કર્યો છે કે ખાનગી લાઈસન્સધારકોને આની અંદર ભાગીદાર બનાવવા અને એના માટે તા. ૧૪-૭-૦૯ સુધી કેટલાંક લાઈસન્સ ઈસ્યુ કર્યા છે તેમાં ખાસ કરીને ૨૬ જિલ્લામાં ૬૬ જેટલા લાઈસન્સધારકોને આપણે જમીન માપણી કરવા માટે લાઈસન્સ આપેલ છે અને બાકી જે છે એમાં ૩૧ એવા છે કે જે અત્યારે તાલીમ હેઠળ છે અને તેમની તાલીમ જયારે પૂરી થશે કે તુરત જ તેમને પણ લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવશે અને બાકી જાહેરાત આપવામાં આવશે અને આની અંદર યોગ્ય લાયકાત ધરાવતા હોય છે તેમને પણ તાલીમ આપીને લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તમે કહ્યું કે સો વર્ષ પછી આ માપણી થાય છે, એટલે પહેલા એન્ડરસને કરાવી હતી અને હવે આનંદીબેન કરાવે છે.

**વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો આપવા બાબત**

***૧૦૦૨૧ શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકાર મફત પાઠય પુસ્તકો પુરા પાડે છે તે હકીકત સાચી છે, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના કેટલા વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યા?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ૩,૪૧,૧૪૪ વિદ્યાર્થીઓ.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૩,૪૧,૧૪૪ વિદ્યાર્થીઓને મફત પાઠય પુસ્તકો આપવા બદલ આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાઠય પુસ્તક યોજના હેઠળ પુસ્તકો કઈ કઈ ભાષામાં આપવામાં આવે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : રાજય સરકારે જિલ્લા શિક્ષણ સમિતિ, નગર શિક્ષણ સમિતિ સંચાલિત રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૭ સુધી ક્રમિક રીતે વીના મૂલ્યે પાઠય પુસ્તકો આપવાની યોજના અમલમાં મૂકેલી છે. વડોદરા જિલ્લામાં પણ ૩,૪૧,૧૪૪ જેટલા પાઠય પુસ્તકો આપેલા છે માનનીય સભ્યશ્રીએ પૂછયું તે પ્રમાણે પાઠય પુસ્તકની જરૂરિયાત મુજબ ગુજરાતી, હિન્દી, મરાઠી અને સીંધી ભાષામાં સંખ્યાના આધારે પુરા પાડવામાં આવે છે.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર મારફત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકાર મારફત જે મફત પાઠય પુસ્તકો આપવામાં આવે છે તે ખૂબ આવકારદાયક છે, હું એ જાણવા માગું છું કે જે ૩,૪૧,૧૪૪ વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો આપવામાં આવ્યા એમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? અને બીજો પ્રશ્ન એ છે કે મફત પુસ્તકો જે આપવામાં આવે છે એમાં જે પુસ્તક મફત આપીએ છીએ તે વિદ્યાર્થી અને વાલીની પણ થોડીક જવાબદારી એમને લાગવી જોઈએ, એટલા માટે આ મફત પાઠય પુસ્તકો આખું વર્ષ સંચવાય અને તે પુસ્તક વર્ષના અંતે પરત સ્કુલમાં મળે તેના માટે કોઈ જોગવાઈ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય સભ્યશ્રીએ પૂછયું તે પ્રમાણે રાજય સરકાર આ યોજનાની સાથે સાથે ચાલુ વર્ષથી ધોરણ ૩ થી ૭ ના જે વિદ્યાર્થીઓ છે તેમને વીના મૂલયે સ્વ અધ્યયન પોથી, તેમજ ૩ થી ૭ ના તમામ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રયોગ પોથી અને નકશા પૂર્તિ પણ મફત આપવાનું નકકી કર્યુ છે. આના અનુસંધાને આખા રાજયની વાત કરીએ તો ૬૧,૫૫,૨૬૪ જેટલા વિદ્યાર્થીઓને ૪૯,૭૦,૫૯,૮૯૩ રૂપિયાનો કુલ ખર્ચ કરવામાં આવ્યો છે. આ સાથે કહું તો સ્વ અધ્યયન પોથી, પ્રયોગ પોથી, નકશા પૂર્તિ માટે ૭૩,૦૩,૦૪૦ જેટલા વિદ્યાર્થીઓને ૩૫,૩૬,૮૫,૨૬૩ રૂપિયાનો ખર્ચ કર્યો છે. વડોદરા જિલ્લામાં પણ પાઠય પુસ્તક માટે ૨,૯૮,૦૬૫ વિદ્યાર્થીઓ માટે ૨,૪૦,૨૯,૪૫૧ રૂપિયાના પુસ્તકો સરકારે પુરા પાડયા છે, કોર્પોરેશનમાં વડોદરામાં પણ ૪૩૦૭૯ વિદ્યાર્થીઓ માટે ૩૪,૩૭,૮૮૫ રૂપિયાનો ખર્ચ કર્યો છે. એટલે એકલા વડોદરા જિલ્લામાં કુલ ૩,૪૧,૧૪૪ વિદ્યાર્થીઓ માટે સરકારે ૨,૭૪,૬૭,૩૩૬ રૂપિયાનો ખર્ચ કરેલ છે. બીજો પ્રશ્નો એમનો હતો કે આ પુસ્તકો સરકાર આપે છે અને એના માટે ખર્ચ કરવામાં આવે છે અને પ્રાથમિક શાળાઓની અને બાળકોની ચિંતા કરતી હોય ત્યારે સરકાર આ પુસ્તકો વીના મૂલ્યે આપતી હોય, સ્વ અધ્યયન પોથી, પ્રયોગ પોથી અને નકશા પુર્તી પણ મફત આપતી હોય ત્યારે એની ફરજમાં આવે છે કે વિદ્યાર્થીઓ એ પુસ્તકો સાચવે એ એમની પણ જવાબદારી હોય છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : પાઠયપુસ્તક સાથે અન્ય કોઈ વાચન સામગ્રી આપવામાં આવે છે કે કેમ અને એ આપવામાં આવતી હોય તો ક્યારથી આપવામાં આવે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : હમણાં જ મારા જવાબમાં કહ્યું તે પ્રમાણે પાઠ્યપુસ્તકો સાથેસાથે આ વખતે પણ ધોરણ ૩ થી ૭ના બાળકો માટે સહઅધ્યયન પોથી પૂરી પાડવામાં આવી છે. ધોરણ ૬ અને ૭ ના બાળકો માટે પ્રયોગપોથી અને નકશાપોથી પૂરી પાડવામાં આવેલ છે. સહઅધ્યયનપોથી, પ્રયોગપોથી અને નકશાપોથી આ વખતે આપણે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ચાલુ વર્ષથી આ યોજના લાવી છે. આખા ગુજરાતમાં કુલ ૭૩ લાખ ૩ હજાર ૪૦ હજાર વિદ્યાર્થીઓને આનો લાભ આપવામાં આવ્યો છે. જેમાં રાજય સરકારે ૩૫,૩૬,૮૫,૨૬૩ રૂપિયાનો ખર્ચ કર્યો છે. વડોદરા જિલ્લાની અંદર પણ ૩,૪૩,૬૯૫ વિદ્યાર્થીઓ પાછળ અમે ૧,૬૭,૭૧,૪૧૧ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વડોદરા કોરપોરેશનના ૫૦,૨૭૨ વિદ્યાર્થીઓ માટે ૨૪૦૪૮૯૭ રૂપિયાનો ખર્ચ કર્યો છે.ટોટલ વડોદરા જિલ્લાની વાત કરીએ તો વડોદરાની અંદર ૩,૯૩,૯૬૭ બાળકો માટે આ સરકારે સહઅધ્યયનપોથી, નકશાપોથી અને પ્રયોગપોથી માટે રાજય સરકારે ૧,૯૧,૭૬૩૦૮ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

### ખેડા જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે

*** ૯૪૯૪ શ્રી પંકજકુમાર વી. દેસાઈ(નડિયાદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ખેડા જિલ્લા ખાતે તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાના કેટલા કેસોનો નિકાલ કરવામાં આવેલ છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

કુલ ૧૧૩૯૮ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે શહેરી વિસ્તારની મૂળ નવી શરતના કેટલા કેસોનો નિકાલ થયો, તેમાં કેટલું પ્રિમિયમ સરકારને મળ્યું અને એમાં ગણોતધારાના કેટલા કેસોનો નિકાલ થયો અને એમાં સરકારને કેટલું પ્રિમિયમ મળ્યું?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : નડિયાદ શહેરના નવી શરતના ૨૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને ગણોતધારાના ૨૧૧૩ કેસોનો નિકાલ થયો. ઠાસરાના નવી શરતના છ કેસોનો નિકાલ થયો જ્યારે ગણોતધારાનો એક પણ કેસ નથી. બાલાસિનોરના નવી શરતના ૧૨૬ કેસોનો નિકાલ થયો અને ગણોતધારાના ૫૮૮ કેસોનો નિકાલ થયો. વિરપુરમાં નવી શરતનો એક પણ કેસ નહોતો પણ ગણોતધારાના ૧૫૬ કેસોનો નિકાલ થયો.કઠાલાલમાં નવી શરતના ૧૪૫ કેસોનો નિકાલ થયો જ્યારે ગણોતધારાના ૧૬૭૬ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. કપડવંજમાં નવી શરતના ૪૪૧ કેસોનો નિકાલ થયો અને ગણોતધારાના ૪૩૧ કેસોનો નિકાલ થયો. માતરમાં નવી શરતના ૫૬૫ કેસોનો નિકાલ થયો અને ગણોતધારાના ૪૪૬ કેસોનો નિકાલ થયો. ખેડામાં નવી શરતના ૨૧ કેસોનો નિકાલ થયો અને ગણોતધારાના ૩૧ કેસોનો નિકાલ થયો. મહેમદાવાદમાં નવી શરતના ૧૬૧૩ કેસોનો નિકાલ થયો અને ગણોતધારાના ૬૦ કેસોનો નિકાલ થયો. મહુધામાં નવી શરતના ૧૮૮ કેસોનો નિકાલ થયો અને ગણોતધારાના ૨૨૦૧ કેસોનો નિકાલ થયો. આમ કુલ નવી શરતના ૩૬૨૯ કેસોનો નિકાલ થયો જ્યારે ગણોતધારાના ૭૭૬૯ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. એના માટે ૪,૧૧,૯૦૩ રૂપિયાનું પ્રિમિયમ મળ્યું છે અને બીજા ૬૬ કેસો ગણોતધારાના થયા છે જેમાં ૧,૦૨,૮૯૨૯૩ રૂપિયાનું પ્રિમિયમ મળ્યું છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : શહેરી વિસ્તારના કેટલા કેસોનો નિકાલ થયો અને કુલ કેટલા હેકટર જમીન જૂની શરતમાં ફેરવાઈ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : શહેરી વિસ્તારમાં કુલ ચાર કેસોનો નિકાલ થયો જેમાં ૪,૧૧,૯૦૩ રૂપિયાનું પ્રિમિયમ મળ્યું. બીજા શહેરી વિસ્તારના નવી શરતના ૬૬ કેસોનો નિકાલ થયો જેમાં ૧,૦૨,૮૯૨૯૩ રૂપિયાનું પ્રિમિયમ મળ્યું. કેટલા હેકટર જમીન છે એ મારી પાસે નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછનાર બહેન હાજર નથી. પણ કચ્છના અમારા ભૂલકાઓની અમને ચિંતા છે. આ ભૂલકાઓ કયાં બેસશે એ મનની વ્યથા છે. આપ પ્રશ્ન પૂછવા દો એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : વ્યથા હોત તો આપે પ્રશ્ન પૂછયો હોત. મંત્રીશ્રી જવાબ આપવા તૈયાર હશે તો હું મંજૂરી આપીશ. બાકી આપની વ્યથા વ્યક્ત કરવા માટે આપનો પ્રશ્ન નથી એટલે, મંત્રીશ્રી જવાબ આપતા હોય તો મને વાંધો નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : હા, હું જવાબ આપીશ.

### રાજયમાં આંગણવાડીના મકાનો બનાવવા બાબત

*** ૧૦૦૨૭ ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. કચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આંગણવાડીઓના કેટલા મકાનો બનેલ છે અને

૨. બાકી મકાનો કેટલા સમય સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

૧. ૯૮૫

૨. બાકી રહેલ આંગણવાડીના મકાનોનું બાંધકામ તબક્કાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : આપનો ખૂબ આભાર. આપ અમારા છેવાડાના કચ્છ જિલ્લાને પણ આ રીતે ન્યાય આપો છો એ બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**અધ્યક્ષશ્રી** : કંઈ પૂર્વ ભૂમિકાની જરૂર નથી. આપ આંગણવાડીના પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં આંગણવાડીના મકાનો બન્યા છે. એ કુલ ૯૮૫ છે. હજી કેટલા બનાવવાના બાકી છે? આંગણવાડીમાં બાંધકામનું શું આયોજન છે? આંગણવાડીઓમાં લાઈટ, પાણી, કીચન ગાર્ડનની વ્યવસ્થાવાળી કેટલી આંગણવાડીઓ છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ૨૦૦૭-૦૮માં ૧૫૫ અને ૨૦૦૮-૦૯ દરમ્યાન ૭૪ મકાનો પૂર્ણ કર્યા. ૨૭૪ મકાનો અત્યારે પ્રગતિ હેઠળ છે. ૨૮૯ મકાનો બાંધવાના બાકી છે. જે ૭૮૯ મકાનો બાકી છે તેમાંથી લગભગ ૫૦૦ જેટલા મકાનોનું આયોજન કરવામાં આવ્યું છે અને આ વર્ષના બજૅટમાં ૧૦૦ કરોડ જેવી માતબર રકમ આંગણવાડીના મકાનો બાંધવા માટે મૂકવામાં આવી છે. જે ૯૮૫ આંગણવાડીઓના પોતાના મકાનો છે તેમાં આંગણવાડીમાં શૌચાલયની વ્યવસ્થા હોય એવી ૯૧૫ આંગણવાડીઓ છે. જેમાં નળ કનૅક્શનની સુવિધા હોય એવી ૫૨ આંગણવાડીઓ છે અને જેમાં વીજળીની સુવિધા હોય એવી ૧૬ આંગણવાડીઓ છે અને કીચન ગાર્ડનની સુવિધા હોય એવી ૫૬૭ આંગણવાડીઓ છે. આમાં મારે કહેવું છે કે વીજળીની સુવિધા અને નળ કનૅક્શન એટલે કે પાણીની વ્યવસ્થા કરવા માટે પણ રાજય સરકારે ૧૦ કરોડ જેવી રકમ મૂકી છે. જેથી એમાંથી નળ કનૅક્શન અને વીજળીનું કનેકશન પણ આપવામાં આવશે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લાની અંદર બાળમંદિર એટલે કે બાળકોના ઘડતર માટે ૯૮૫ આંગણવાડીઓ બની ચૂકી છે. મારો પ્રશ્ન એ છે કે કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આ આંગણવાડીમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયો છે તે જણાવે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં રાપરમાં ૧૫, ભૂજમાં ૨૬, મુંદ્રામાં ૫, માંડવીમાં ૪૭, નખત્રાણામાં ૨૧, દયાપરમાં ૩, ભચાઉમાં ૬, અંજારમાં ૧૯, નલિયામાં ૪ અને ગાંધીધામમાં ૯ એમ કુલ ૧૫૫ આંગણવાડીઓ બાંધી. જેમાં રાજય સરકારે આની પાછળનો ખર્ચ કર્યો નથી પરંતુ યુરોપિયન કમિશન અને રીલાયન્સ દ્વારા એ ખર્ચ કરવામાં આવ્યું છે અને જે એમની પાસે બજૅટ હતું તેનો ઉપયોગ કરીને ૧૫૫ આંગણવાડી જનભાગીદારીથી બાંધવામાં આવી છે. ત્યાર પછી જે આંગણવાડીઓમાં ૨૦૦૮-૦૯માં ખર્ચ કર્યો તેમાં રાપરમાં ૧૨ આંગણવાડી બાંધી અને તેમાં ૩૦,૪૨,૭૨૨ રૂપિયાનો ખર્ચ થયો છે. ભૂજમાં ૨૧ કરી, તેમાં ૩૦,૬૮,૬૦૩નો ખર્ચ થયો છે. મુંદ્રામાં આંગણવાડી બાંધી નથી. માંડવીમાં ૧૪ આંગણવાડીઓ બાંધી છે એમાં ૧૭,૩૬,૪૦૯ રૂપિયાનો ખર્ચ થયો, નખત્રાણામાં ૧૦,૭૪,૮૨૨ રૂપિયાનો ખર્ચ થયો છે, તેમાં પણ ૧૦ આંગણવાડી બાંધી છે. દયાપરમાં એક આંગણવાડી બાંધી છે એનો ત્રણેક લાખ રુપિયાનો ખર્ચ થયો છે. ભચાઉમાં ૧૪ આંગણવાડીઓ બાંધી છે. ૩૦,૪૬,૮૦૫નો ખર્ચ થયો છે. નલિયામાં ૪ આંગણવાડીઓ બાંધી છે અને તેમાં

૬,૨૨,૭૦૦નો ખર્ચ કર્યો છે. ગાંધીધામમાં આંગણવાડી બાંધી નથી. પ્રગતિ હેઠળ છે એમાં ૨૭૪ આંગણવાડી પ્રગતિ હેઠળ છે અને ટૂંક સમયમાં એ પણ પૂર્ણ કરી દેવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : સામાન્ય રીતે પ્રશ્ન પૂછનાર પ્રભારી સભ્ય ગેરહાજર હોય તો પ્રશ્ન પૂછવાની છૂટ આપતા નથી.

પરંતુ મંત્રીશ્રી સંમત હોય તો હું એને સંમતિ આપું છું એ રીતે આપી છે, એટલે પ્રણાલિકા ન પડે.

**ભાવનગર જિલ્લામાં માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

*** ૧૦૧૨૨ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર આવેલ છે?

(૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી માધ્યમિક અને કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે, અને

(૩) વિજ્ઞાન પ્રવાહના કુલ કેટલા વિદ્યાર્થીઓ આ શાળાઓમાં તાલુકાવાર અભ્યાસ કરે છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૯૫ | ૫૫ |
| ૨ | ઘોઘા | ૧૨ | ૦૧ |
| ૩ | તળાજા | ૩૦ | ૧૪ |
| ૪ | મહુવા | ૩૯ | ૨૦ |
| ૫ | પાલીતાણા | ૩૦ | ૧૫ |
| ૬ | ગારીયાધાર | ૧૮ | ૦૫ |
| ૭ | ગઢડા | ૨૫ | ૧૧ |
| ૮ | ઉમરાળા | ૧૧ | ૦૫ |
| ૯ | બોટાદ | ૩૫ | ૨૦ |
| ૧૦ | વલ્લભીપુર | ૦૮ | ૦૩ |
| ૧૧ | સિહોર | ૩૦ | ૦૭ |
| | **કુલ :** | **૩૩૩** | **૧૫૬** |

(૨) ૨૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૭૧૪ |
| ૨ | તળાજા | ૨૯ |
| ૩ | મહુવા | ૪૦૭ |
| ૪ | પાલીતાણા | ૧૩૧ |
| ૫ | ગારીયાધાર | ૪૮ |
| ૬ | બોટાદ | ૨૪૭ |
| ૭ | સિહોર | ૫૩ |
| | **કુલ :** | **૩૬૨૯** |

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ભાવનગર જિલ્લામાં કુલ કેટલી માધ્યમિક શાળાઓ આવેલી છે અને એમાં વિદ્યાર્થીઓની કેટલી સંખ્યા છે અને આ માધ્યમિક શાળાઓ મંજૂર કરવાનાં ધારા-ધોરણો શું છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : ભાવનગર જિલ્લામાં ૩૩૩ જેટલી માધ્યમિક શાળાઓ આવેલી છે. આ શાળાઓમાં ૯૪૦૦૦૫૯ વિદ્યાર્થીઓ છે. માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે જૂના ધોરણોમાં સામાન્ય વિસ્તારમાં અંતર ૧૦ કી.મી. હતું. આદિવાસી વિસ્તારમાં ૫ કી.મી. અંતર હતું. તેની જગ્યાએ સુધારેલા ધોરણો અનુસાર બન્ને વિસ્તારમાં ૫ કી.મીનું રાખવામાં આવેલ છે. શહેરી વિસ્તારમાં વસ્તીના ધોરણો હાલમાં યથાવત રાખવામાં આવેલ છે. નવ વિકસિત વિસ્તારો હોય એમાં પછાત વિસ્તારોમાં અગ્રીમતા આપવી એવું નક્કી કરેલ છે.

**શ્રીમતી ભાવનાબેન ર. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ભાવનગર જિલ્લામાં જૂન ૨૦૦૯થી કેટલી સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં ૨૦૦૯ કુલ આઠ સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી છે. એમાં માધ્યમિક શાળાઓ બે છે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છ છે. એમાં વિજ્ઞાન પ્રવાહની ૫ અને સામાન્ય પ્રવાહની ૧ શાળા છે. ભાવનગર જિલ્લાના વેળાવદરમાં વેળાવદર, સનેસમાં એક સામાન્ય પ્રવાહની, વિજ્ઞાન પ્રવાહની ઉમરાળા તાલુકામાં ઉમરાળા, ગઢડા તાલુકામાં ગઢડા, વલ્લભીપુર તાલુકામાં

વલ્લભીપુર, તળાજા તાલુકામાં તળાજા અને ઘોઘાની અંદર ઘોઘા વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને સનેસ મુકામે એક સામાન્ય પ્રવાહની એમ આઠ શાળાઓ શરૂ કરવામાં આવેલ છે.

**સુરત જિલ્લામાં તાલુકાવાર નિરાધાર મહિલાઓને ચૂકવેલ માસિક સહાય**

*** ૧૦૦૪૪ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી નિરાધાર મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી?

(૨) કેટલી નિરાધાર વિધવા બહેનોને આ સહાય બંધ કરવામાં આવી છે અને

(૩) તેનાં કારણો શાં છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :-**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ૮૨૩૯ નિરાધાર મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૧-૬-૦૭થી તા. ૩૧-૫-૦૯ના સમયગાળા દરમ્યાન ચૂકવણી કરેલ લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત સીટી | ૧૯૯૪ |
| ૨ | ચોર્યાસી | ૩૨૧૭ |
| ૩ | પલસાણા | ૧૩૪ |
| ૪ | ઓલપાડ | ૭૯૫ |
| ૫ | કામરેજ | ૨૫૧ |
| ૬ | માંડવી | ૪૩૮ |
| ૭ | માંગરોળ | ૩૬૪ |
| ૮ | ઉમરપાડા | ૭૮ |
| ૯ | બારડોલી | ૫૧૩ |
| ૧૦ | મહુવા | ૪૫૫ |
| | કુલ : | ૮૨૩૯ |

(૩) ૬૪૭ વિધવા બહેનોને સહાય બંધ કરવામાં આવી છે.

(૪) નિરાધાર વિધવા સહાય બંધ કરવાના કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ૬૦ વર્ષની ઉંમર થવાથી | ૧૧૭ |
| ૨. | પુત્ર પુખ્ત ઉંમરનો હોવાથી | ૪૯૬ |
| ૩. | અવસાન થવાથી | ૦૦૫ |
| ૪. | પુનઃ લગ્ન કરવાથી | ૦૦૭ |
| ૫. | વાર્ષિક આવક વધારે હોવાથી | ૦૦૩ |
| ૬. | જિલ્લા ફેર થવાથી | ૦૦૨ |
| ૭. | અન્ય કારણોસર | ૦૧૭ |
| | કુલ : | ૬૪૭ |

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં વિધવા સહાયની કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ અને કેટલી પડતર રહી અને એનો ક્યારે નિકાલ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૨૨૮૩ અરજીઓ આવી, એમાંથી ૧૬૮૫ અરજીઓ મંજૂર કરવામાં આવી, ૨૧૭ અરજીઓ નામંજૂર કરવામાં આવી અને ૩૮૧ અરજીઓ પડતર છે. ૨૧૭ નામંજૂર કરવામાં આવી તેમાં પુખ્તવયનો પુત્ર હોવાથી ૪૫ અરજીઓ નામંજૂર કરી, સમય મર્યાદામાં અરજી ન કરેલ હોવાના કારણે ૯ અરજીઓ નામંજૂર કરી, વાર્ષિક આવક વધુ હોવાથી ૧૩૧ અરજીઓ નામંજૂર થઈ, અરજદારે અરજી કરી છે પણ અરજદાર મળી આવતા નથી એટલે કે ખોટી અરજી કરી છે એવી ૧૭ અરજીઓ નામંજૂર કરી છે અને અન્ય કારણોસર ૧૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ૩૮૧ અરજીઓ પડતર છે એમાંથી ૨૩૭નો બે માસ સુધીની છે એનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ નિરાધાર મહિલાઓને માસિક સહાય કેટલી આપવામાં આવે છે અને આ સહાય અંગે તાલુકા કક્ષાએ અને

જિલ્લા મથકે કઈ કચેરીમાંથી ફૉર્મ મળે છે? આ સહાય માટે શહેર અને ગામડાઓમાં વાર્ષિક આવકની મર્યાદા કેટલી છે? અને આ જે રકમ અત્યારે ચૂકવાય છે એમાં રાજય સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા પેન્શન દર મહીને ૫૦૦ રૂપિયા આપણે આપીએ છીએ અને પોસ્ટ ઓફીસની અંદર બહેનોનું એકાઉન્ટ ખોલીને સીધું જ એની અંદર પોસ્ટ ઓફીસ દ્વારા આપણે એમના ખાતાની અંદર જમા કરાવીએ છીએ અને ૨૪૦૦ રૂપિયાની વાર્ષિક આવક હોય તો વિધવા પેન્શન એમને મળતું હોય છે અને તાલુકા પંચાયતની કચેરીઓમાં એનું ફોર્મ મળતું હોય છે અને એ ભરીને ત્યાં જ આપી પણ શકે છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધવા બહેનોને સહાય મેળવવા માટેના ધારાધોરણો એટલે કે પાત્રતા શું હોય છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૧૮ થી ૪૦ વર્ષની નિરાધાર બહેનો છે એમને તો આપણે તાલીમ આપીને ૫૦૦ રુપિયા કરતા વધારે કમાય એ માટેના પ્રયત્નો કરતા હોઈએ છીએ પરંતુ જે બહેનો વિધવા છે અને ૨૪૦૦ રૂપિયા કરતાં એમની આવક ઓછી હોય છે એવી બહેનોને આ મળવાપાત્ર હોય છે. એ બહેનોનો એક વખત સરવે વગેરે થઈ જતો હોય છે અને મામલતદાર કચેરીની અંદર એની ચકાસણી થતી હોય છે અને ચકાસણી કર્યા પછી લાગે કે આ બહેનને વિધવા પેન્શન મળવાપાત્ર છે તો મળતું હોય છે, આ અરજી બે વર્ષની અંદર કરવાની હોય છે પણ ૨ વર્ષની અંદર જો અરજી ના કરે તો કલેકટરશ્રીને એના અધિકારો આપવામાં આવ્યા છે કે ૨ વર્ષ પછી જો અરજી કરવાની હોય તો કલેકટરશ્રીને અરજી કરી શકે છે અને જો નીતિ નિયમોમાં આવતું હોય તો કલેકટરશ્રી પણ એને મંજૂરી આપતા હોય છે.

### મહેસાણા જિલ્લામાં માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

*** ૧૦૧૨૧ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહેસાણા જિલ્લામાં તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર આવેલ છે,

(૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે, અને

(૩) વિજ્ઞાન પ્રવાહના કુલ કેટલા વિદ્યાર્થીઓ આ શાળાઓમાં તાલુકાવાર અભ્યાસ કરે છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૫૦ | ૩૪ |
| ૨ | વિજાપુર | ૧૬ | ૨૬ |
| ૩ | વડનગર | ૧૭ | ૦૮ |
| ૪ | સતલાસણ | ૧૦ | ૦૩ |
| ૫ | ખેરાલુ | ૧૬ | ૦૫ |
| ૬ | વિસનગર | ૨૭ | ૧૪ |
| ૭ | કડી | ૩૨ | ૧૪ |
| ૮ | બેચરાજી | ૧૫ | ૦૪ |
| ૯ | ઉંઝા | ૧૫ | ૧૨ |
| | કુલ : | ૧૯૮ | ૧૨૦ |

(૨) ૪૨ ઉચ્ચતર માધ્યમિક શાળા.

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૨૬૬ |
| ૨ | વિજાપુર | ૧૫૨૩ |
| ૩ | વડનગર | ૧૬૬ |
| ૪ | સતલાસણ | ૧૪૭ |
| ૫ | ખેરાલુ | ૨૧૫ |
| ૬ | વિસનગર | ૨૩૪૬ |
| ૭ | કડી | ૧૧૬૨ |
| ૮ | બેચરાજી | ૧૧૪ |
| ૯ | ઉંઝા | ૬૦૮ |
| | કુલ : | ૯૫૪૭ |

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ આપવા માટેના શું ધોરણો છે? અમારા જિલ્લામાં વડનગર, સતલાસણા, ખેરાલુ, બેચરાજી આ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની અંદર ઘણી ઓછી સંખ્યા છે. સાથેસાથે વિદ્યાર્થીનીઓની સંખ્યા એનાથી પણ ઘણી ઓછી હશે એ સંજોગોમાં વિદ્યાર્થિનીઓમાં અને આ પછાત તાલુકાઓમાં

વિજ્ઞાન પ્રવાહને વેગ આપવા માટે સરકારશ્રીનું શું આયોજન છે અને એવી ગ્રાન્ટેબલ સ્કુલોને મંજૂરી આપવા માગે છે કે કેમ? બીજું એક મારું સૂચન છે કે જયારે કન્યા કેળવણીને વેગ આપવા માટે જે ગામોમાં માધ્યમિક શાળાઓ નથી એ ગામોમાં ૮ ધોરણને પ્રાથમિક શાળાઓ સાથે જોડવાની નીતિ સરકારે જયારે શરૂ કરી છે ત્યારે જે ગામોમાં માધ્યમિક શાળાઓ છે એવા ગામોમાં ગુણવત્તાની સુધારણા માટે ૬ અને ૭ ધોરણને એવી ગ્રાન્ટેબલ શાળાઓ સાથે એ પ્રાથમિક વિભાગોને જો જોડવાનું આયોજન કરવામાં આવે તો એ પ્રાથમિક શાળાઓ ઉપરથી બર્ડન ઘટીને એ ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓ ખૂબ સારું શિક્ષણ ૬ અને ૭ ધોરણમાં આપી શકશે. એ જ દિશામાં સરકાર કોઈ વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જણાવ્યું છે તે પ્રમાણે મહેસાણા જિલ્લામાં કુલ ૩૧૮ જેટલી શાળાઓ આવેલી છે. એમાં માધ્યમિક શાળાઓ ૧૯૮, એમણે કહ્યું એ પ્રમાણે વિદ્યાર્થીઓ ૮૬,૨૦૧ આવેલા છે. ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અંદર સામાન્ય પ્રવાહમાં ૨૩૭૯૯ વિજ્ઞાન પ્રવાહમાં ૮૭૯૨ ઉત્તર બુનિયાદી પ્રવાહમાં ૬૦ અને વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૧૯૯ કુલ ૩૨૭૭૦ વિદ્યાર્થીઓ ઉચ્ચતર માધ્યમિકમાં છે. આમ જોવા જઈએ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧,૧૮,૯૭૧ જેટલા બાળકો ત્યાં અભ્યાસ કરી રહ્યા છે. હાલ મહેસાણા જિલ્લામાં કુલ ૪૨ જેટલી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ત્યાં આવેલી છે એમાં ૪૨ની અંદર બીન સરકારી ગ્રાન્ટેડ ૨૬, નૉન ગ્રાન્ટેડ ૧૬ શાળાઓ આવેલી છે. આપના માધ્યમથી માનનીય સભ્યશ્રી અને સમગ્ર ગૃહનું ધ્યાન દોરવા માગુ છું. રાજ્ય સરકારે એવું નક્કી કર્યું છે કે ગુજરાતના ૨૨૫ તાલુકાઓમાં એક પણ તાલુકો વિજ્ઞાન પ્રવાહથી વંચિત રહી ન જાય એ માટે ગત વખતે તમામ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ બને એ માટે ચિંતા કરી અને ચાલું વર્ષથી બાકી રહી ગયા હતા એવા ૪૦ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ બની છે. માનનીય સભ્યશ્રીઓને હું અપીલ કરું છું કે આપણે જ્યારે ૨૧મી સદીને વિજ્ઞાનની સદી તરીકે વાત કરતા હોઈએ ત્યારે વધુને વધુ બાળકો વિજ્ઞાન પ્રવાહમાં ઘણે એ માટે એ વિસ્તારના એક ધારાસભ્ય તરીકે અને લોક પ્રતિનિધિ તરીકે આપણે પ્રયત્નો કરવા પડશે. વધુમાં વધુ બાળકો દાખલ થાય એ માટેની ચિંતા આપ સૌ કરો એવી વિનંતી કરું છું. બીજો એમનો પ્રશ્ન છે કે આ માટે માધ્યમિક શાળાઓ સાથે પ્રાથમિક શાળાના વર્ગ જોડાય એવી વાત કરી છે. આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જ્યારે કન્યા કેળવણી રથમાં ગયા ત્યારે આપણે ડ્રોપ આઉટ રેશિયો અંગે બધાને જાણ કરતા હતા તો વર્ગવાર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં આ ડ્રોપ આઉટ રેશિયો કેટલો છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : વચ્ચેથી બધા ઊઠી જાય છે. આપણે જો પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટે એ માટે પ્રયત્નો કરીએ છીએ તો આમાં ન કરી શકાય?

**અધ્યક્ષશ્રી** : કરવું જોઈએ, ચોક્કસ હોવું જોઈએ. પણ આ પ્રશ્નમાંથી ઉપલબ્ધ ન થાય માટે, મંત્રીશ્રી પાસે માહિતી હોય તો આપે.

**શ્રી રમણલાલ વોરા** : અત્યાર સુધીમાં આખા રાજ્યમાં ૩૧૭ જેટલી સરકારી શાળાઓ હતી. ગત વર્ષના બજૅટમાં રાજ્ય સરકારે ૨૪૦ નવી શાળાઓ મંજૂર કરી છે અને આ ૨૪૦ શાળાઓ પણ બાયસેક મારફતે આદિજાતી વિસ્તાર હોય, સાગરખેડૂ વિસ્તાર હોય કે અતિ પછાત વિસ્તાર હોય, જ્યાં શિક્ષણનું સ્તર ઊંચું ન હતું એમાં ૧૦ કિલોમીટરે માધ્યમિક શાળા અને ૧૫ કિલોમીટરે ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણો આ વખતે રાજ્ય સરકારે પૂરાં કર્યાં છે. એટલે ૨૪૦ નવી શાળાઓ આ વર્ષે કાર્યરત હોવાના કારણે જેટલા વિદ્યાર્થીઓ ધોરણ-૭માં પાસ થાય એ બધાને સમાવવાનો રાજ્ય સરકારનો આશય છે.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : આમાં ભૂલ છે એ અંગે ધ્યાન દોરવું છે. વિજાપુરમાં જે માધ્યમિક શાળાનો આંકડો આપ્યો છે એ ૧૬ અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો આંકડો ૨૬ છે. આ શક્ય નથી. આ ભૂલ છે. સહેજ જોઈને જવાબ આપવામાં આવે એવી વિનંતી છે.

**શ્રી રમણલાલ વોરા** : આંકડાઓની ચકાસણી કરી લઈશું અને ભૂલ હશે તો સુધારવાનો પ્રયાસ કરીશું.

**માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી દર્દીઓને સહાય**

*૯૨૬૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ગરીબ દર્દીઓને કે જેઓ, કૅન્સર, કિડની, હૃદયરોગ જેવી જીવલેણ બિમારીથી પીડાતા દર્દીઓને સારવારમાં સહાયભૂત થવા માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય ચૂકવવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દર્દીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) અને (૩)

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨૯૭૦ દર્દીઓને કુલ રૂા. ૧૨,૧૬,૩૫,૬૩૩ ની સહાય ચૂકવવામાં આવી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના ૨૫ થી વધારે દર્દીઓ કે જે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી મદદ મળવાના કારણે બચી શક્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આવા ગરીબ દર્દીઓને આર્થિક સહાય આપવા માટેના ધોરણો શું છે અને બીજું કે આવા ગરીબ દર્દીઓને સારવાર આપવાની હોય ત્યારે કોઈ હૉસ્પિટલ સાથે ટાઈ-અપ કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પુણ્યનું કામ છે, માનવતાનું કામ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પહેલીવાર આવું રાહત ફંડ એકત્રિત કરાવીને રાહત આપવાનો એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે. હૃદય રોગ, કિડની, કૅન્સર જેવા ગંભીર રોગો માટે સારવારના હેતુ માટે ૧/૩ ભાગની સહાય પૂરી પાડવામાં આવે છે. અરજદારની અરજી સંપૂર્ણ વિગતો સાથે મળી હોય અને ઑપરેશન કરાવવાની તાત્કાલિક જરૂરિયાત હોય અને સરકારની મંજૂરી મેળવવાની અથવા હૉસ્પિટલને સહાયની રકમનો ચેક મોકલવામાં વિલંબ થાય તેવી શક્યતા જણાય તેવા કિસ્સામાં માનનીય મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ દ્વારા હૉસ્પિટલને સહાયની રકમનો ઉલ્લેખ કરી સહાય મોકલવામાં આવશે એવો ખાતરી પત્ર ફેક્સ દ્વારા મોકલવામાં આવે છે અને ફોન ઉપર પણ એની જાણ કરવામાં આવે છે. જેથી સમયના અભાવે દર્દીનું મૃત્યું ન થાય.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### આણંદ જિલ્લામાં ભારે વરસાદથી નુક્સાન ન થાય તે માટેની કામગીરી

૮૮૦૩**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં દર વરસે વરસાદથી ભારે નુક્સાન થાય છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ વરસાદના પાણીના નિકાલ માટે સરકારે તા. ૩૧-૫-૦૯ સુધીમાં ક્યા ક્યા પ્રકારની કામગીરી કરી છે ?

**જવાબ**

(૧) જ્યારે ભારે વરસાદ પડે ત્યારે નુક્સાન થાય છે તે હકીક્તથી સરકાર વાકેફ છે.

(૨) (અ) સિંચાઇ વિભાગ હસ્તક્ના આણંદ જિલ્લાના કુલ ૧૧૧૮.૭૮ કિ.મી. લંબાઇના કાંસો પેકી પ્રથમ અગ્રતા અને તાકીદની જરૂરિયાતવાળા કુલ ૩૯૨ કી.મી. લંબાઇમાં કાંસોની મરામત ક્રવાની કામગીરીના પેકેજ બનાવી કામગીરી શરૂ ક્રવામાં આવેલ છે.

(બ) તેમજ ઉક્ત પ્રશ્નના કાયમી ઉકેલ અર્થે તજજ્ઞો ની સેવા લેવામાં આવેલ છે. તેઓ દ્વારા હાલ અસરગ્રસ્ત ગામોની મોજણી, અભ્યાસ ક્રાઇ રહેલ છે. તેમનો અહેવાલ મળ્યેથી યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવશે,

(ક) વધુમાં અતિવૃષ્ટિ દરમ્યાન જરૂરીયાત મુજબ ડીવોટરીંગ પંપ સેટનો ઉપયોગ ક્રવામાં આવે છે.

------------

### અમદાવાદ ખાતે આશારામ આશ્રમમાં ગેરકાયદેસર દબાણ

૯૫૧૫**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતે આશારામ આશ્રમે ગેરકાયદે દબાણ ક્રેલ ૬૭,૦૦૦ ચો.મી. જમીન પરત લેવાની કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે, અને

(૨) લાંબા સમયથી ચાલતી આ કાર્યવાહી ક્યાં સુધી પૂરી કરી અને ક્યાં સુધીમાં સરકારી જમીન પરત લેવામાં આવશે ?

**જવાબ**

(૧) હાલ સુનાવણીના તબક્કે છે.

(૨) આ એક અર્ધન્યાયિક પ્રક્રિયા હોવાથી તે પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

------------

**ચાકલીયા રોડ રેલ્વે ક્રોસીંગ પર અન્ડર બ્રીજનું કામ**

૯૫૪૭**શ્રી દિતાભાઈ ભી.મછાર(ઝાલોદ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ નગરના ચાકલીયા રોડ રેલ્વે ક્રોસીંગ પર અન્ડર બ્રીજનું કામ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામ માટે કુલ કેટલો ખર્ચ થશે,

(૩) આ કામ માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે, અને

(૪) અન્ડર બ્રીજના બાંધકામના વિલંબનું કારણ શું ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ ખર્ચ રૂા. ૮૫૨ લાખ થનાર છે. તે પૈકી રાજ્ય સરકારનો હિસ્સો રૂા. ૪૫૧.૦૦ લાખ, અને કેન્દ્ર સરકારનો હિસ્સો રૂા. ૪૦૧ લાખ છે.

(૪) અન્ડર બ્રીજનું બાંધકામ રેલ્વે ધ્વારા હાથ ધરવામાં આવે છે.

------------

**વડોદરા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં કન્યાઓને શાળામાં પ્રવેશ**

૯૪૦૦**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ટ્રાયબલ તાલુકાઓમાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કન્યાઓને પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા રૂપિયાના નર્મદા નિધિ બોન્ડ કેટલી કન્યાઓને આપવામાં આવ્યા, અને

(૩) વર્ષવાર કેટલા બોન્ડ આપવાના બાકી છે, ક્યારે અપાશે ?

**જવાબ**

(૧) ૧૩,૬૬૯ કન્યાઓ.

(૨) ૧૪,૩૦૫ કન્યાઓને રૂપિયા ૧,૪૩,૦૫,૦૦૦/- ના બોન્ડ .

(૩) કોઇ બોન્ડ આપવાના બાકી નથી.

------------

**સાબરકાંઠા જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા અંગે**

૧૦૧૫૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસૂલ વિભાગના તા. ૪-૭-૨૦૦૮ના ઠરાવ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નવી શરતમાંથી ખેતી વિષયક હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે કેટલા કિસ્સાઓમાં તા. ૪-૭-૨૦૦૮ થી તારીખ ૩૧-૫-૦૯ સુધીમાં જમીન ફેરવવામાં આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર કેસોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | કેસો |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૮૫ |
| ૨ | ભિલોડા | શૂન્ય |
| ૩ | તલોદ | ૩૫ |
| ૪ | પ્રાંતિજ | ૦૩ |
| અ.નં. | તાલુકો | કેસો |
| ૫ | ઇડર | ૦૫ |
| ૬ | વડાલી | ૦૧ |
| ૭ | ખેડબ્રહ્મા | ૧૬ |
| ૮ | વિજ્યનગર | ૦૭ |
| ૯ | મોડાસા | ૨૬૦ |
| ૧૦ | માલપુર | ૨૦૦ |
| ૧૧ | મેઘરજ | ૧૭ |
| ૧૨ | બાયડ | ૧૦૫ |
| ૧૩ | ધનસુરા | ૮૩ |
| | કુલ | ૮૧૭ |

(૨) તાલુકાવાર કેટલી જમીનો નવી શરત અને નિયંત્રીત સત્તા પ્રકારે ચાલુ છે, અને

(૩) તાલુકાવાર જમીનો/કેસોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ હે.આ.ચો. | કેસની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫-૦૦-૦૦ | ૪ |
| ૨ | ભિલોડા | ૩૦૮-૪૯-૮૧ | ૨૩૧ |
| ૩ | તલોદ | ૪૮૦-૧૧-૦૦ | ૧૭૧ |
| ૪ | પ્રાંતિજ | ૭૯-૫૭-૩૪ | ૩૭ |
| ૫ | ઇડર | ૧૬૬-૪૧-૬૪ | ૨૭૭ |
| ૬ | વડાલી | ૧૯-૪૮-૯૪ | ૫ |
| ૭ | ખેડબ્રહ્મા | ૧૬૪-૫૦-૦૩ | ૨૧૫ |
| ૮ | વિજયનગર | ૫૫-૮૩-૨૩ | ૬૮ |
| ૯ | મોડાસા | ૯-૭૦-૭૩ | ૧૭ |
| ૧૦ | માલપુર | ૪૧-૫૧-૨૭ | ૪૭ |
| ૧૧ | મેઘરજ | ૪૩૫-૩૮-૯૪ | ૩૩૪ |
| ૧૨ | બાયડ | ૧૧૬-૧૦-૭૨ | ૬ |
| ૧૩ | ધનસુરા | ૬૩૮-૬૨-૭૧ | ૪૯૬ |
| | કુલ | ૨૫૨૦-૭૬-૩૬ | ૧૯૦૮ |

(૩) આ જમીનો ક્યાં સુધીમાં જુની શરતમાં ફેરવવામાં આવશે ?

(૩) નિયમોનુસાર મુદ્દત પૂર્ણ થયેથી.

------------

**આણંદ જિલ્લામાં રાજ્ય/પંચાયત હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ**

૮૭૪૨**શ્રી નિરંજનભાઈ પટેલ(પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના રાજ્ય અને પંચાયત હસ્તકના ક્યા ક્યા નવા રસ્તા ડામરના કરવામાં આવ્યા છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ સમય દરમ્યાન ક્યા ક્યા રસ્તાઓના કામો મંજૂર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી, તેના કારણો શાં છે,

(૩) આ રસ્તાના કામો ક્યારે શરૂ કરી ક્યારે પૂરા કરવામાં આવશે, અને

(૪) રસ્તાદીઠ કેન્દ્ર સરકાર ધ્વારા કેટલો હિસ્સો ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના કુલ ૮૦ નવા રસ્તાઓ ડામરના કરવામાં આવ્યા અને કુલ રૂા.૩૭૯૪.૦૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. નવા ડામર કરેલ રસ્તાઓની યાદી સામેલ **પરિશિષ્ટ-૧માં** દર્શાવેલ છે.

(૨) આ સમય દરમ્યાન ૭ રસ્તાઓના કામો લોકસભાની સામાન્ય ચૂંટણીની આચારસંહિતાના કારણે તથા તબક્કાવાર કામો હાથ ધરવાના હોવાથી શરૂ કરવામાં આવ્યા નથી.(**પરિશિષ્ટ-૨** મુજબ)

(૩) આ રસ્તાના કામો ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી, કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) **પરિશિષ્ટ-૧** મુજબ.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | રસ્તાનું નામ | સદર | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | નાપાડ તળપદ જોશનપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૫.૦૦ |
| ૨ | નાપાડ તળપદ ઇન્દીરાનગરી રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૫.૫૦ |
| ૩ | સામરખા કોઠી વિસ્તાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૫.૬૦ |
| ૪ | બાક્રોલ સિંહા તલાવડી રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૮.૨૫ |
| ૫ | કાસોર શીવનગર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૧.૫૦ |
| ૬ | ખેરવા વાડીનાથપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૧.૬૭ |
| ૭ | સારસા ઘોડપુર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૦.૫૦ |

| ક્રમ | રસ્તાનું નામ | સદર | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૮ | વડોદ રાવપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૫.૯૦ |
| ૯ | વહેરા ગુગોત્રીયા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૨.૦૯ |
| ૧૦ | બેડવા વલીપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૯.૧૭ |
| ૧૧ | બોરયાવી સોનપરીયા કુવા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૨.૧૦ |
| ૧૨ | કરમસદ ખાડીયાવગો રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૨.૫૫ |
| ૧૩ | રામનગર હરપાલી વિસ્તાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૦.૫૦ |
| ૧૪ | રામનગર કંચનનગર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૧.૩૦ |
| ૧૫ | સામરખા ખોડી વિસ્તાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૧.૬૦ |
| ૧૬ | વલાસણ કેવલપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૭.૫૧ |
| ૧૭ | વલાસણ ગીરધરપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૨.૫૦ |
| ૧૮ | સુરેલી શિલીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૦.૮૩ |
| ૧૯ | ઉમરેઠ દામોદરકુવા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૪.૮૭ |
| ૨૦ | ઉટખરી કાનજીપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૨.૮૬ |
| ૨૧ | જાખલા ઠાકોરપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૧૯.૩૦ |
| ૨૨ | ખાંખણપુર પંચમહુડી રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૮.૧૦ |
| ૨૩ | ખાનકુવા મગનપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૧.૨૭ |
| ૨૪ | ખાનકુવા માણેકપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૧.૧૫ |
| ૨૫ | પ્રતાપપુરા વાઘમાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૬.૨૨ |
| ૨૬ | સુંદલપુરા જોખડપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૭.૫૦ |
| ૨૭ | પોહવગો નાનીશેરડી રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૩.૮૭ |
| ૨૮ | બીલીયાપુરા વીરસદ રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૧૩૧.૮૧ |
| ૨૯ | દહેવાણ છીણાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૫.૨૦ |
| ૩૦ | ક્લોઝપુરા વિજયનગર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૪.૧૦ |
| ૩૧ | કુકડીયા વિસ્તાર વાલવોડ રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૮૮.૫૧ |
| ૩૨ | મહાદેવપુરા ગાજણા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૫.૫૭ |
| ૩૩ | રણછોડપુરા શંકરપુરા દેદરડા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૫.૭૫ |
| ૩૪ | વૃંદાવનનગર કઠાણા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૪.૭૦ |
| ૩૫ | જારીયાપુરા કણભા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૧.૪૬ |
| ૩૬ | છગનપુરા એ. રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૬.૩૦ |
| ૩૭ | કાલુ વાઘેલાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૬.૭૦ |
| ૩૮ | કણભા મહાદેવપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૯.૮૦ |
| ૩૯ | કાંધરોટી ઇશ્વરનગર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૯.૧૦ |
| ૪૦ | એમ.૧૮ થી જાદપુરા વિસ્તાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૧૫.૨૦ |
| ૪૧ | નામણ હાડીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૭.૯૦ |
| ૪૨ | નાપાવાંટા વાડીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૯.૪૪ |
| ૪૩ | નાપા તળપદ ફટડીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૩.૪૦ |
| ૪૪ | નાપા તળપદ ભવાનપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૮.૧૦ |
| ૪૫ | સેજપુર સોમપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૦.૧૫ |
| ૪૬ | સારોલ ક્રિશ્નાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૧.૮૦ |

| ક્રમ | રસ્તાનું નામ | સદર | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૪૭ | સારોલ પીલોદરાથી મહાદેવપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૮૫.૧૦ |
| ૪૮ | એસ.એચ. ટુ લાંબી સીમ વિસ્તાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૬.૪૦ |
| ૪૯ | વહેરા હજારીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૮.૫૦ |
| ૫૦ | દેદરડા રણછોડપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૫.૭૫ |
| ૫૧ | હર્ષિતપુરા કંક્રાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૨.૨૫ |
| ૫૨ | માધવપુરા બીલપાડ રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૧.૭૨ |
| ૫૩ | મહાદેવપુરા ખડોલ રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૬.૪૫ |
| ૫૪ | મહેરામણ જોષીકુવા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૧.૦૪ |
| ૫૫ | રવિપુરા ચમારીયા મુજકુવા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૭.૦૪ |
| ૫૬ | વિક્રાપુરા-ઉમેટા સંખ્યાડ રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૯૦.૫૭ |
| ૫૭ | ખડોલ રાજનગર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૯.૦૫ |
| ૫૮ | આસોદર શેરડીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૮.૩૦ |
| ૫૯ | ચમારા ટેકરા વિસ્તાર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૬૧.૪૦ |
| ૬૦ | આમોદ વાઘપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૧.૬૦ |
| ૬૧ | મહેળાવ ગંજીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૩.૩૪ |
| ૬૨ | મહેળાવ શ્રીજીપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૪.૫૦ |
| ૬૩ | સુંદરણા શંકરપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૦.૮૧ |
| ૬૪ | વડદલા વખોડીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૫.૪૮ |
| ૬૫ | સુણાવ મહેળાવ રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૭૮.૨૫ |
| ૬૬ | દેવા તળપદ રાહુકુવા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૪.૬૮ |
| ૬૭ | માલાસોની વીરપુર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૨૩.૮૦ |
| ૬૮ | ઉંદેલ સલાટપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૧૪.૧૫ |
| ૬૯ | ભુવેલ ક્રાસીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૧૯.૮૦ |
| ૭૦ | એમડીઆર થી બાબર કોલોની રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૯.૫૧ |
| ૭૧ | જલુંધ સરદારનગર નીલકંઠપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૫૨.૪૩ |
| ૭૨ | એસએચ થી ભાટીયાપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૩.૫૮ |
| ૭૩ | એમડીઆરથી મઢી મંદિર રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૩૯.૩૧ |
| ૭૪ | વાડોલા શીવરામપુરા રોડ | પી.એમ.જી.એસ.વાય. | ૪૭.૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૧ | બેડવા મોગર રોડ | ઓ.ડબલ્યુ.આર. | ૫૪.૨૪ |
| ૨ | જંત્રાલ સેજપુર રોડ | ઓ.ડબલ્યુ.આર. | ૨૨.૨૮ |
| ૩ | વિરસદ વાસણા રોડ | ઓ.ડબલ્યુ.આર. | ૧૫.૮૦ |
| ૪ | આંકલાવ પ્રકાશનગર રોડ | ઓ.ડબલ્યુ.આર. | ૬૪.૨૭ |
| ૫ | સિંહોલ અરડી પોરડા રોડ સેક્શન-૧ | ઓ.ડબલ્યુ.આર. | ૪૬.૮૨ |
| ૬ | સિંહોલ અરડી પોરડા રોડ સેક્શન-૨ | ઓ.ડબલ્યુ.આર. | ૪૪.૦૦ |

* અનુ.નં. ૧ થી ૭૪ એટલે કે પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનાના કામો માટે કેન્દ્ર સરકાર કામની અંદાજી રકમ સુધી થયેલ ખર્ચ આપે છે. અંદાજી રકમથી વધુ થતો ખર્ચ ગુજરાત સરકાર ભોગવે છે.

* જ્યારે બાકીના કામો ગુજરાત સરકારના ફંડમાંથી કરવામાં આવે છે.

**પરિશિષ્ટ-૨**

| ક્રમ | રસ્તાનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | કુંજરાવ ભીલેશ્વર ખોબલીપુરા રોડ | ૪૦.૦૦ |
| ૨ | ખંભોળજ તાડીયાપુરા રોડ | ૪૦.૦૦ |
| ૩ | નવાખલ માનપુરા ખડોલ રોડ | ૬૦.૦૦ |
| ૪ | ખાનપુર જીચકા રોડ | ૪૪.૦૦ |
| ૫ | ઉંદેલ જહાંગીરપુરા વાસણા રોડ | ૫૪.૦૦ |
| ૬ | ખાનકૂવા મગનપુરા વાયા ગણેશપુરા રોડ | ૪૩.૦૦ |
| ૭ | નાનકલોદરા વાસણા ખુટતી કડી રોડ | ૪૮.૦૦ |

----------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી તેડાગર બહેનોની ખાલી જ્ગ્યા**

૧૦૦૫૭**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડી તેડાગર બહેનોની જ્ગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી તેડાગર બહેનોની ખાલી જ્ગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ઘટક (તાલુકા)નું નામ | આંગણવાડી તેડાગર બહેનોની ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| ૧ | ખંભાત-૧ | ૦૩ |
| ૨ | પેટલાદ-૧ | ૦૨ |
| ૩ | બોરસદ-૧ | ૦૩ |
| ૪ | પેટલાદ-૨(સોજીત્રા) | ૦૮ |
| ૫ | બોરસદ-૨ | ૦૧ |
| ૬ | બોરસદ-૩(આંકલાવ) | ૦૧ |
| ૭ | આણંદ-૧ | ૦૨ |
| ૮ | આણંદ-૨ | ૦૧ |
| ૯ | આણંદ-૧(ઉમરેઠ) | ૦૪ |
| ૧૦ | ખંભાત-૨ | ૦૬ |
| ૧૧ | તારાપુર | ૦૦ |
| | **કુલ :** | **૩૧** |

**પ્રશ્ન**

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

**જવાબ**

(૨) વિધવા પેન્શન મેળવતી બહેનોની યાદી જે-તે ઘટક દ્વારા સંબંધિત કચેરીએથી મંગાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે. જે ગામે વિધવા ઉમેદવાર ઉપલબ્ધ ન હોય ત્યાંથી અન્ય ઉમેદવારો મારફતે ભરવાપાત્ર જ્ગ્યાઓ અંગે એન.ઓ.સી. મેળવી ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

**પ્રશ્ન**

(૩) કેટલા સમયમાં આ જ્ગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૩) ચાલુ નાણાકિય વર્ષ દરમ્યાન ભરતીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

------------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો**

૮૭૬૭ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં કેટલા રસ્તા મંજૂર થયા, અને

**જવાબ**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તારીખ ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં ૩ (ત્રણ) રસ્તા મંજૂર થયા.

(૨) તે પેકી કેટલા કામો પૂર્ણ થયા ?

(૨) તે પેકી એક કામ પૂર્ણ થયેલ છે. બે કામોના ટેન્ડર મંજૂરી હેઠળ છે.

**ભાવનગર શહેરમાં ચાલતી આંગણવાડીઓ**

૧૦૦૩૧ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર શહેરમાં કેટલી આંગણવાડીઓ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા વિસ્તારમાં ચાલે છે, | (૧) ભાવનગર શહેરમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ સાથે સામેલ *પત્રક મુજબની ૨૬૮ આંગણવાડીઓ ચાલે છે. |
| (૨) આંગણવાડીઓ સ્વેચ્છિક સંસ્થા ધ્વારા ચલાવવામાં આવે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કઇ કઇ સ્વેચ્છિક સંસ્થા ધ્વારા ચલાવવામાં આવે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**જામનગર જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા**

૯૯૭૩**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓમાં કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા અને તે પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો, અને | (૧) એક પણ શોચાલય બનાવવામાં આવેલ નથી. જેથી ખર્ચ થયેલ નથી. |
| (૨) જિલ્લાની બાકીની શાળાઓમાં શોચાલયો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ? | (૨) જિલ્લાની બાકીની ૧૮ (અઢાર) શાળાઓમાં શોચાલયો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

------------

**રાજકોટ જિલ્લામાં ઇ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધોનો નિકાલ**

૧૦૦૫૨**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ઇ-ધરા હેઠળ તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં હક્ક પત્રકની કેટલી નોંધોનો નિકાલ થયો, | (૧) ૯૯,૩૯૮ |
| (૨) કેટલો બાકી છે, અને | (૨) ૧૭,૮૪૯ |
| (૩) બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) છેલ્લા હિત ધરાવનાર વ્યક્તિને લેન્ડ રેકર્ડ કોડની કલમ ૧૩૫-ડીની નોટિસ બજ્યેથી, અને નોટિસની મુદત પૂર્ણ થયેથી સત્વરે નિકાલ કરવામાં આવશે. |

------------

**ભાવનગર જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા**

૯૯૭૪**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓમાં કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા અને તે પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો, અને | (૧) ૧૯ શાળાઓમાં ૧૯ શોચાલયો બનાવવામાં આવ્યા અને તે પાછળ રૂ. ૩,૮૦,૦૦૦/- નો ખર્ચ થયેલ છે. |
| (૨) જિલ્લાની બાકીની શાળાઓમાં શોચાલયો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ? | (૨) જિલ્લાની બાકીની ૧૩ શાળાઓમાં ચાલુ વર્ષે શોચાલયો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

------------

**ગારીયાધાર શહેરનો બાયપાસ રસ્તો બનાવવા માટેની દરખાસ્તો**

૯૪૮૬**શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર શહેરની ફરતો બાયપાસ રસ્તો બનાવવા માટેની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે કે નહી, અને

(૨) જો હા, તો આ દરખાસ્ત હાલમાં ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં રસ્તાઓની મરામતની કામગીરી**

૮૭૪૮**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની મરામત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આવી મરામત કામગીરી થયા પછી ટૂંક સમયમાં જ રસ્તાઓ તૂટી ગયા હોય તેવા કેટલા રસ્તાઓ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર રસ્તાઓની ચાલુ અને ખાસ મરામત કામગીરી પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|
| ઓલપાડ | ૩૨૩.૯૯ |
| પલસાણા | ૧૦૬.૫૪ |
| બારડોલી | ૩૪૦.૦૩ |
| કામરેજ | ૨૬૧.૪૦ |
| મહુવા | ૪૮૫.૪૯ |
| માંડવી | ૬૬.૫૯ |
| માંગરોળ | ૧૮૨.૧૩ |
| ઉમરપાડા | ૧૦૫.૫૩ |
| ચોર્યાસી | ૨૪૨.૦૧ |
| કુલ : | ૨૧૧૩.૭૧ |

(૨) ખાસ મરામતની કામગીરી કર્યા બાદ ટૂંક સમયમાં કોઈ રસ્તાઓ તૂટી ગયેલ નથી.

------------

**રાજ્યમાં નવી ડિગ્રી ટેક્નિકલ કોલેજો મંજૂર કરવા બાબત**

૯૨૪૭ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૮થી મે ૨૦૦૯ સુધીમાં રાજ્યમાં કેટલી નવી ડિગ્રી ટેક્નિકલ શિક્ષણ આપતી કોલેજોને મંજૂરી આપી છે, અને

(૨) કેટલી બેઠકોનો વધારો થયો ?

**જવાબ**

(૧) ૨૩.

(૨) ૩૬૯૫.

------------

**રાજ્યમાં જિલ્લા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન રીસ્પોન્સ સેન્ટરો**

૧૦૦૨૩**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લા કક્ષાએ કેટલા આપત્તિ વ્યવસ્થાપન રીસ્પોન્સ સેન્ટર (ઈ.આર.સી.)તેયાર કરવામાં

**જવાબ**

(૧) રાજ્યમાં જિલ્લા કક્ષાએ ૧ આપત્તિ વ્યવસ્થાપન રીસ્પોન્સ સેન્ટર (ઈઆરસી) રાજકોટ ખાતે

આવ્યા છે, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા ?

તેયાર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તે માટે રૂ. ૧૧.૦૦ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

------------

**માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી દર્દીઓને સહાય**

૯૩૨૯ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગરીબ દર્દીઓને કે જેઓ કેન્સર, કિડની, હૃદય રોગ જેવી જીવલેણ બિમારીથી પીડાતા દર્દીઓને સારવારમાં સહાયભૂત થવા માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય ચૂકવવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દર્દીઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩)

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ : ૨૯૭૦ દર્દીઓને કુલ રૂ. ૧૨,૧૬,૩૫,૬૩૩ ની સહાય ચૂકવવામાં આવી.

------------

**સુરત જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૧૦૦૩૮ **શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ મેળાઓમાં કેટલા પશુઓને મુખ્યત્વે ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૮૦.

(૨) આ મેળાઓમાં કુલ ૧૦,૦૭૪ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ - ગર્ભાશય ના રોગો, તણછ, કરમોડી, ગાંઠ, વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી.

(૩) ૧૪,૭૭૧.

------------

**મોટેરા આશારામ આશ્રમની જમીન ઉપર દબાણ દૂર કરવા અંગે**

૮૭૪૦**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરમતી મોટેરા આશારામ આશ્રમ દ્વારા તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી વધારાની જમીન ઉપર દબાણ કરેલ છે,

(૨) રાજ્ય સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ અંગે આ વધારાની જમીન દબાણ બાબતે કેટલી વખત માપણી કરવામાં આવી, અને

(૩) આ વધારાનું દબાણ તાકીદે દૂર નહીં કરવાના કારણો શા છે, અને કેટલા સમયમાં દબાણો દૂર થશે ?

**જવાબ**

(૧) ૬૭૦૫૯ ચો.મી.

(૨) એક વખત.

(૩) મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની જોગવાઈઓ મુજબ દબાણ દૂર કરવા અંગેની પ્રક્રિયા ચાલુ છે. આ એક અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવાથી તે પૂર્ણ થયા બાદ દબાણ દૂર કરાશે.

------------

**રાજ્યમાં આંગણવાડીના મકાનો બાબત**

૧૦૦૨૮**શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આંગણવાડીઓના કેટલા મકાનો બનેલ છે, અને | (૧) ૧૦૦૩. |
| (૨) બાકી મકાનો કેટલા સમય સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બાકી રહેલ આંગણવાડીના મકાનોનું બાંધકામ તબક્કાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે. |

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં ખેતીના કામમાં લેવામાં આવતા બળદોની ઉપયોગીતા**

૯૩૪૬ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ અને ખેડા જિલ્લામાં ખેતીના કામમાં લેવામાં આવતા બળદોની ઉપયોગીતા, ખેતીમાં ટ્રેક્ટરનો ઉપયોગ વધતા નહીંવત બની છે એ હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સારી ઓલાદના બળદોની જાતિ નામનેષ ન થાય અને ભવિષ્યમાં ગરીબ ખેડૂતોને ખેતીકામ માટે બળદો સહેલાઈથી મળી રહે તે માટે સરકારે કોઈ યોજના બનાવી છે, અને<br>(૩) જો હા, તો શું યોજના છે ? | (૨) અને (૩) હા, જી.<br>હાલમાં રાજ્યમાં સારી ઓલાદના બળદોની જાળવણી માટે અને ખેતીકામ માટે બળદોની ખરીદી માટે સહાયની નીચે મુજબની યોજનાઓ અમલમાં છે.<br>(૧) રાજ્યમાં બળદ માટે ઉપયોગી એવા કાંકરેજ તેમજ ગીર ઓલાદની જાળવણી તેમજ સુધારણા માટે ભુજ(કચ્છ), થરા (જિ. બનાસકાંઠા), માંડવી (જિ.સુરત) તથા ભૂતવડ (જિ.રાજકોટ) ખાતે પશુ ઉછેર કેન્દ્રો કાર્યરત છે.<br>**સહાય માટે :**<br>(૨) કાંકરેજ ઓલાદના બળદ માટે કિંમત ના ૭૫% અથવા રૂપિયા ૧૪૨૫૦/- બેમાંથી જે ઓછું હોય તે,<br>(૩) ગીર ઓલાદના બળદ માટે કિંમત ના ૭૫% અથવા રૂપિયા ૧૨૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે,<br>(૪) અન્ય ઓલાદના બળદ માટે કિંમત ના ૭૫% અથવા રૂપિયા ૬૧૫૦/- બેમાંથી જે ઓછું હોય તેટલી સહાય આપવામાં આવે છે. |

------------

**પોરબંદરમાં એરપોર્ટના વિસ્તાર માટે જમીનની માંગણી**

૮૭૩૧**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ પોરબંદર એરપોર્ટના વિસ્તરણ માટે કેટલા એકર જમીનની માંગણી ક્યારે કરવામાં આવી, | (૧) એકર-૨૭૬-૦૦ગું. જમીનની માંગણી તા.૧૩-૬-૦૮ના પત્રથી કરવામાં આવી. |
| (૨) સદરહુ જમીન એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાને આપવામાં કઈ કઈ અડચણો છે, અને | (૨) સદરહું જમીન એરપોર્ટ ઓથોરીટીને આપવામાં નીચે મુજબની અડચણો છે.<br>(ક) કેટલીક જમીન અન્ય સંસ્થા/એકમોને તથા કોસ્ટગાર્ડને ફાળવવામાં આવેલ છે.<br>(ખ) માંગણીવાળી જમીનની વચ્ચે ૬ મીટર પહોળો ડામર રોડ આવેલ છે. |

(ગ) જમીનમાં પ્રાથમીક શાળા આવેલી છે.
(ઘ) કિંમત માફીથી જમીનની માંગણી છે. જે સરકારની નીતિ સાથે સુસંગત નથી.
(ચ) માંગણીવાળી જમીનમાંથી પાણીનું વહેણ વોકળો પસાર થતો હોવાથી નામ. હાઈકોર્ટના આદેશ અનુસાર વોટર બોડીની ફાળવણી થઈ શકે નહિ.

(૩) આ અડચણો દૂર કરી કેટલા સમયમાં જમીન આપવામાં આવશે ?

(૩) એરપોર્ટ ઓથોરીટી તરફથી જમીન સંપાદન અંગેની દરખાસ્ત મળ્યેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

------------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં માછીમારો માટે ૭૫-હોર્સ પાવરનું એન્જીન ધરાવતી ફીશીંગ બોટને ડીઝલ ફાળવણી**

૧૦૧૪૫**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧૫-૬-૦૯ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં માછીમારો માટે ૭૫ હોર્સ પાવરનું એન્જીન ધરાવતી ફીશીંગ બોટોને અગાઉ કેટલા લીટર કર મુક્ત ડીઝલ આપવામાં આવતું હતું,
(૨) આ સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આ ડીઝલમાં ઘટાડો કરવામાં આવ્યો છે તે હકીક્ત સાચી છે,
(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ ૭૫ હોર્સ પાવરવાળી કેટલી બોટો જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં છે, અને
(૪) ૭૫ હોર્સ પાવર કરતા વધુ હાર્સ પાવર વાળી માછીમારોની બોટો માટે ડીઝલનો કેટલો ક્વોટા ફાળવવામાં આવે છે ?

**જવાબ**

(૧), (૨), (૩), અને (૪) કરમુક્ત ડીઝલ આપવામાં આવતું ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર શહેરમાં સરકારી દૂધની ડેરી શરૂ કરવા બાબત**

૯૬૪૫**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જામનગર શહેરમાં સરકારી દૂધ ડેરી બંધ છે તે હકીક્ત સાચી છે અને
(૨) જો હા, તો આ દૂધની ડેરી પુનઃ ક્યાં સુધીમાં શરૂ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧), અને (૨) ગુજરાત ડેરી વિકાસ નિગમ (જી.ડી.ડી.સી.) હસ્તકની જામનગર ડેરી તા. ૩૧-૧-૨૦૦૫ના ત્રિપક્ષિય કરાર અન્વયે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદ (એન.ડી.ડી.બી.)ને સોંપવામાં આવેલ હોઈ, તે રાજ્ય સરકાર હસ્તક ન હોઈ લાગુ પડતું નથી.

------------

**નર્મદા જિલ્લાના ડામર કર્યા વગરના મંજૂર થયેલ રસ્તાઓ**

૯૮૫૧**શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના મોજે રાજપરા-ગુંદીયામોઝા ડામર રસ્તો ક્યારે મંજૂર કરેલ છે,
(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ રસ્તાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને
(૩) તે કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) રસ્તાના ડામરની કામગીરી એપ્રિલ-૨૦૦૮માં મંજૂર કરી.
(૨) ૧૮૦૦ મીટર લંબાઈમાં બી.એસ.જીની કામગીરી કરવામાં આવેલ છે.
(૩) તા. ૧૨-૪-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**આણંદ જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા**

૧૦૦૦૧**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા તારીખ ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓમાં કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા અને તે પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો, અને | (૧) ૨૮૭ શાળાઓમાં ૨૮૭ શોચાલયો બાંધવામાં આવ્યા છે અને તે પાછળ રૂા. ૧,૦૩,૬૭,૨૭૨/-નો ખર્ચ થયેલ છે. |
| (૨) જિલ્લાની બાકીની શાળાઓમાં શોચાલયો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ? | (૨) આણંદ જિલ્લાની તમામ ૧૦૩૪ શાળાઓમાં શોચાલયની સગવડ ઉપલબ્ધ છે. |

------------

**સગર્ભા બહેનોને આરોગ્ય સુધારણા માટે પગલાં**

૧૦૦૨૪**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા રશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૦૯માં સગર્ભા બહેનોને આરોગ્ય સુધારણા માટે શાં પગલાં લેવામાં આવેલ છે, અને | (૧) આઈસીડીએસ યોજનાના પુરકપોષણ કાર્યક્રમ હેઠળ તેઓને પોષક્તત્વો સભર પુરક આહાર આપવામાં આવે છે. મમતા દિવસના રોજ સગર્ભા બહેનોની આરોગ્ય સુધારણા માટેની તમામ સેવાઓ જેવી કે, રેફરલ સેવા, આર્યન ફોલીક એસીડની ગોળી, આશા વર્કર, આંગણવાડી કાર્યકર દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આરોગ્ય વિભાગના સંયુક્ત પ્રયાસથી એક્જ સ્થળે આપવામાં આવે છે. |
| (૨) કુપોષણ ધરાવતા બાળકો માટે સરકારે શાં પગલાં લીધા છે ? | (૨) રાજ્યના આઈસીડીએસ યોજના હેઠળ લાભ મેળવતા તમામ બાળકોનું વજન કરી તે પૈકીના કુપોષણ ધરાવતા બાળકો માટે આઈસીડીએસ યોજનાના પુરકપોષણ કાર્યક્રમ હેઠળ તેઓને પ્રોટીન, કેલેરી, સુક્ષ્મપોષક તત્વો સભર પુરક આહાર આપવામાં આવે છે. આરોગ્ય વિભાગ સાથે સંક્લન કરી રેફરલ સેવા, રસીકરણ આરોગ્ય તપાસ વગેરે સેવાઓ આપવામાં આવે છે. |

------------

**ભરૂચ જિલ્લામાં મીઠા ઉદ્યોગોની જમીનોની લીઝ લંબાવવા માંગણીઓ**

૮૮૨૦ **શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મીઠા ઉદ્યોગની જમીનો રીગ્રાન્ટ કે મુદત પૂરી થતા લીઝ લંબાવવા કેટલી માંગણીઓ આવી, | (૧) ૪૦ માંગણીઓ આવી. |
| (૨) તે અન્વયે કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) પટેદારોએ લોકલફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ ભરેલ ના હોવાથી, કોઇપણ મંજુર કરવા પાત્ર થતા નથી. |
| (૩) વિલંબ થવાના કારણો શા છે ? | (૩) પટેદારોએ લોકલફંડ તથા શિક્ષણ ઉપકરની રકમ ભરેલ ના હોવાથી, કોઈ પણ મંજુર કરવા પાત્ર થતા નથી. |

------------

**વડોદરા જિલ્લામાં વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૦૧૩૪ **શ્રી ગુલસીંગભાઈ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી કેટલી મંજૂર થઈ, અને

(૩) કેટલી મંજૂર થવાની બાકી છે ?

**જવાબ**

(૧) ૧૮૫૮ અરજીઓ.

(૨) ૧૨૭૦ અરજીઓ.

(૩) નિકાલ કરવાની બાકી રહેલ ૩૭૭ અરજીઓ ચકાસણી કરી, મંજુર કરવાપાત્ર અરજીઓ મંજુર કરવામાં આવશે.

------------

૪૧

**જમીન બિનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવાની સત્તા**

૧૦૦૪૭ **શ્રી જયંતિલાલ ભાનુશાળી** (અબડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જમીન બિનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવાની સત્તામાં સરકાર કોઈ ફેરફાર કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ના જી, તાજેતરમાં ૧-૭-૦૮ના ઠરાવથી બિનખેતી વિષયે સરળીકરણ થઇ ગયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જામનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૧૦૦૪૨ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા**(ખંભાળીયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ મેળાઓમાં કેટલા પશુઓને મુખ્યત્વે ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૧૦૮.

(૨) આ મેળાઓમાં કુલ ૧,૭૩,૯૯૮ પશુઓને મુખ્યત્વે ઝાડા, આફરો, અપચો, ન્યુમોનીયા, ચકરી, તાવ, ચામડીના રોગો, કૃમિજન્ય રોગો, સુવા રોગ, વલો, મોઢામાં ચાંદા, આંચળના રોગો, વંધ્યત્વ-ગર્ભાશયના રોગો, તણછ, કરમોડી, ગાંઠ વગેરે રોગો માટે સારવાર આપવામાં આવી.

(૩) ૪૩,૨૩૪.

------------

**પંચમહાલ જિલ્લામાં જમીન માપણી માટેની અરજીઓ**

૮૭૩૬**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા)** :**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જમીન માપણી માટે કુલ કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર જમીન માપણી માટે કુલ-૨૨૦૫ અરજીઓ આવી.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ગોધરા | ૬૯૧ |
| ૨ | મોરવા | ૧૫૧ |
| ૩ | લુણાવાડા | ૨૬૦ |
| ૪ | શહેરા | ૧૮૫ |
| ૫ | ખાનપુર | ૮૪ |

| | | |
|---|---|---|
| ૬ | હાલોલ | ૨૨૨ |
| ૭ | કાલોલ | ૨૫૭ |
| ૮ | જાંબુઘોડા | ૫૧ |
| ૯ | સંતરામપુર | ૧૪૯ |
| ૧૦ | કડાણા | ૫૬ |
| ૧૧ | ઘોઘંબા | ૯૯ |
| | **કુલ :** | **૨૨૦૫** |

(૨) આ પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

(૨) તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કુલ-૧૮૩૧ અરજીઓનો નીચે મુજબ નિકાલ કરવામાં આવ્યો

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **નિકાલ કરેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | ગોધરા | ૫૯૩ |
| ૨ | મોરવા | ૧૩૪ |
| ૩ | લુણાવાડા | ૨૦૩ |
| ૪ | શહેરા | ૧૩૫ |
| ૫ | ખાનપુર | ૭૩ |
| ૬ | હાલોલ | ૨૧૦ |
| ૭ | કાલોલ | ૧૯૦ |
| ૮ | જાંબુઘોડા | ૪૧ |
| ૯ | સંતરામપુર | ૧૨૮ |
| ૧૦ | કડાણા | ૪૮ |
| ૧૧ | ઘોઘંબા | ૭૬ |
| | **કુલ :** | **૧૮૩૧** |

------------

**માજી ધારાસભ્યોની મુસાફરી દરમ્યાન ટોલ ટેક્ષ વસૂલ ન કરવા માંગણીઓ**

૮૭૪૭**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માજી ધારાસભ્યોના માન-સન્માન માટે પોતાનું ઓળખકાર્ડ બતાવી મુસાફરી દરમિયાન ટોલટેક્ષ વસુલ નહીં કરવા સરકાર પાસે છેલ્લા બે વર્ષમાં કોઈ માંગણી આવી છે, અને

(૨) જો હા, તો સરકારે શું નિર્ણય લીધો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીએ માંગણી અંગે વિસ્તૃત વિચારણા કરેલ, પરંતુ ટોલ અંગેના જાહેરનામામાં/કરારનામામાં આ પ્રકારની ટોલ મુક્તિની જોગવાઇ ન હોઇ, તેમજ અન્ય વિવિધ કારણોસર સરકાર માંગણી સ્વીકારી શકેલ નથી.

------------

**૪૫**

**સાબરકાંઠા જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા**

૯૯૭૫**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર ધ્વારા તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓમાં કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા અને તે પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો, અને

(૨) જિલ્લાની બાકીની શાળાઓમાં શોચાલયો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૪ શાળાઓમાં ૩૪ શોચાલયો બાંધવામાં આવ્યા છે. અને તે પાછળ રૂા.૯.૬૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) જિલ્લાની બાકી રહેતી ૭૮ શાળાઓમાં શોચાલયો બનાવવાનું આયોજન સૂચવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૦૦૪૫ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) :માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર થઈ, અને

(૩) કેટલી મંજૂર થવાની બાકી છે ?

**જવાબ**

(૧) ૭૪૩.

(૨) ૪૧૧.

(૩) નિકાલ કરવાની બાકી રહેલ ૧૪૭ અરજીઓની ચકાસણી કરી, મંજૂર કરવાપાત્ર અરજીઓ મંજૂર કરવામાં આવશે.

------------

**વલસાડ જિલ્લાના અતિ પછાત કપરાડા તાલુકાના દોલધા ખાડી ઉપર માયનોર બ્રિજ બનાવવા અંગે**

૯૪૨૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના અતિ પછાત કપરાડા તાલુકાના પાનસથી અરણાઈ જતા ૧૩ કી. મી. રસ્તા પર દોલધા ખાડી ઉપર માયનોર બ્રીજ બનાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) તેની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) : હયાત કોઝવેના સ્થાને માયનોર બ્રીજ બનાવવાનું હાલમાં આયોજન કરેલ નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૧૦૧૧૦ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના)માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફિસમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સંવર્ગવાર નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે |
|---|---|---|
| શિરસ્તેદાર વર્ગ-૩ | ૧ | સપ્ટેમ્બર-૦૮થી |
| સર્વેયર વર્ગ-૩ | ૧૮ | એપ્રિલ-૦૫થી ૧<br>એપ્રિલ-૦૭થી ૨<br>જુલાઇ-૦૭થી ૪<br>એપ્રિલ-૦૮થી ૨<br>જૂન-૦૮થી ૩<br>ડીસેમ્બર-૦૮થી ૨<br>માર્ચ-૦૯થી ૪ |
| કારકૂન વર્ગ-૩ | ૧ | ડીસેમ્બર-૦૪થી |
| **કુલ :** | **૨૦** | |

------------

**દાહોદ જિલ્લામાં માધ્યમિક/પ્રાથમિક શાળાના શિક્ષકોને કર્મયોગીની તાલીમ**

૯૫૩૮**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના કુલ

**જવાબ**

(૧) પ્રાથમિક શાળામાં ૮૬૫૩ શિક્ષકોને અને માધ્યમિક શાળાના ૧૦૩૯ શિક્ષકોને કર્મયોગી તાલીમ

કેટલા શિક્ષકોને કર્મયોગી તાલીમ આપવામાં આવી,

(૨) આ તાલીમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ તાલીમ પાછળ સરકારનો મુખ્ય હેતુ શું છે ?

આપવામાં આવેલ છે.

(૨) આ તાલીમ પાછળ કુલ-૧૦૦.૨૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩)
- શિક્ષણની ગુણવત્તા સુધારવા.
- શિક્ષકોને ચાલુ અભ્યાસક્રમથી સુસજ્જ કરવા.
- શિક્ષણના નવા પ્રોજેક્ટ/પ્રયુક્તિઓ તારવવી.
- વિષયને અનુરૂપ વિશિષ્ટ વર્ગ વ્યવસ્થાનો અનુભવ મેળવવો.
- વિદ્યાર્થીને માટે સ્વ-અધ્યયનલક્ષી પ્રવૃત્તિઓ કરવી.
- વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓની ખીલવણી માટે પર્યાવરણ-ભાવવરણ ઉભુ કરવાનો અનુભવ મેળવવો.
- શિક્ષકને વધુ પ્રવૃત્તિશીલ બનાવવો.
- શિક્ષણના નવીન પ્રવાહોથી માહિતગાર કરવા.

------------

**જામનગર ખાતે દરિયામાં ડૂબી ગયેલા વ્યક્તિઓને મૃત્યુની સહાય**

૯૩૫૨**શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૪-૧૦-૨૦૦૮ના રોજ જામનગર ખાતે દરિયામાં ડુબી જવાથી દસ વ્યક્તિઓના મૃત્યુ થવા પામ્યા હતા, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ દસ વ્યક્તિઓને સરકાર તરફથી કોઈ સહાય જાહેર કરવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સહાય મંજુર કરવામાં આવેલ, પરંતુ મૃતકોના સંબંધિત વારસદારોએ સહાયની રકમ સ્વીકારેલ નથી.

------------

**પાટણ જિલ્લામાં તાલુકાવાર ગ્રાન્ટેબલ શાળાઓની મંજૂરી**

૯૩૩૭**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેબલ શાળાઓની મંજૂરી માટે અરજીઓ થઈ,

(૨) તે અન્વયે પંદર કી.મી.ના નિયમ મુજબ જે શાળાઓ ન હોય તેવા વિસ્તારો માટેની અરજીઓ કેટલી હતી, અને

(૩) તેવી કેટ કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ ?

**જવાબ**

(૧)

| વર્ષ | સંખ્યા | |
|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક વિભાગ |
| ૧-૬-૦૭ થી ૩૧-૫-૦૮ | ૦૦ | ૦૦ |
| ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ | ૧૩ | ૧૧ |

તાલુકાવાર **પત્રક-૧** સામેલ છે,

(૨)

| વર્ષ | સંખ્યા | |
|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક વિભાગ |
| ૧-૬-૦૭ થી ૩૧-૫-૦૮ | ૦૦ | ૦૦ |
| ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ | ૦૦ | ૦૨ |

તાલુકાવાર **પત્રક-૨** સામેલ છે.

(૩) સરકારશ્રીના તા. ૧૦-૪-૦૮ ના હુકમથી ૦૧ મંજૂર થઈ.

એચબી-૨૫૧-૮

**પત્રક-૧**

**તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ તાલુકાવાઈઝ ગ્રાન્ટેબલ શાળાઓની મંજૂરી માટે થયેલ અરજીઓની સંખ્યા**

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | માધ્યમિક | ઉ.મા.વિ. | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૬-૦૭ થી ૩૧-૫-૦૮ | પાટણ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સમી | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સાંતલપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | રાધનપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સિધ્ધપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | **કુલ :** | **૦૦** | **૦૦** | **૦૦** |
| ૨ | વર્ષ | તાલુકાનું નામ | માધ્યમિક | ઉ.મા.વિ. | કુલ |
| | ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ | પાટણ | ૦૭ | ૦૩ | ૧૦ |
| | | સમી | ૦૩ | ૦૫ | ૦૮ |
| | | સાંતલપુર | ૦૨ | ૦૦ | ૦૨ |
| | | રાધનપુર | ૦૧ | ૦૨ | ૦૩ |
| | | સિધ્ધપુર | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | **કુલ :** | **૧૩** | **૧૧** | **૨૪** |

**પત્રક-૨**

**તે અન્વયે ૧૫ કિ.મી.ના નિયમ મુજબ જે શાળાઓ ન હોય તેવા વિસ્તારો માટેની અરજીઓ કેટલી હતી, અને**

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | માધ્યમિક | ઉ.મા.વિ. | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૬-૦૭ થી ૩૧-૫-૦૮ | પાટણ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સમી | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સાંતલપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | રાધનપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સિધ્ધપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | **કુલ :** | **૦૦** | **૦૦** | **૦૦** |
| ૨ | વર્ષ | તાલુકાનું નામ | માધ્યમિક | ઉ.મા.વિ. | કુલ |
| | ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ | પાટણ | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | સમી | ૦૦ | ૦૧ | ૦૧ |
| | | સાંતલપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | રાધનપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | સિધ્ધપુર | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | **કુલ :** | **૦૦** | **૦૨** | **૦૨** |

------------

**તત્કાલ બિનખેતી યોજના હેઠળ અરજીઓનો થયેલ નિકાલ**

૧૦૦૨૫**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તત્કાલ બિનખેતી યોજના હેઠળ અમદાવાદ કલેક્ટરશ્રી દ્વારા છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓનો નિકાલ થયો છે ?

**જવાબ**

કુલ ૧૭૬ અરજીઓ

------------

**સુરત જિલ્લાના રસ્તાઓનું મજબૂતીકરણ કરવા અંગે**

૧૦૧૩૧ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ફુલવડી- ખારવણ- જેરવાવાળા -વેલનપુર- કાંકરિયા- વલવાડા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા માટે સરકાર માંગે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ રસ્તાને પહોળો તથા મજબૂતીકરણ કરવાનાં કામ માટે રૂા. ૧૪,૯૯,૮૧,૭૦૦/- નો અંદાજી ખર્ચ થનાર છે.

(૩) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આ રસ્તામાં વાઈડનીંગની મેટલીંગની કામગીરી પ્રગતિમાં છે.

**વેધનાથન સમિતિના આધારે સહકારી ધારામાં સુધારા**

૧૦૦૪૩**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વેદ્યનાથન સમિતિના અહેવાલના આધારે સહકારી ધારામાં ક્યા પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) વેદ્યનાથન સમિતના અહેવાલના આધારે સહકારી ધારામાં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવામાં આવ્યા છે, અને

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧**

પ્રકરણ-૧ : પ્રારંભિક.
પ્રકરણ-૨ : રજીસ્ટ્રાર અને રજીસ્ટ્રેશન
પ્રકરણ-૩ : સભ્યો તેમજ તેમના હક્કો અને જવાબદારીઓ.
પ્રકરણ-૪ : મંડળીઓનું સંસ્થાપન, ફરજો અને વિશેષાધિકારો.
પ્રકરણ-૫ : મંડળીઓને રાજ્ય સહાય આપવા બાબત.
પ્રકરણ-૬ : મંડળીઓના મિલક્ત અને ફંડ.
પ્રકરણ-૭ : મંડળીઓનો વહીવટ
પ્રકરણ-૮ : ઓડિટ, તપાસ, તપાસણી અને દેખરેખ.
પ્રકરણ-૧૦-ક : વિમો ઉતરાવેલ સહકારી બેંકો
પ્રકરણ-૧૧-ક : કેટલીક મંડળીઓની સમિતિઓ અને અધિકારીઓની ચૂંટણીઓ.
પ્રકરણ-૧૨ : ગુના અને શિક્ષા.
પ્રકરણ-૧૪ : પ્રકિર્ણ.

(૨) તેને કારણે રાજ્યની સહકારી મંડળીઓને શું લાભ મળ્યા ?

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ માં તા. ૨૩-૦૧-૨૦૦૮ ના ગેઝેટથી કરવામાં આવેલ સુધારાના કારણે, રાજ્યની સહકારી મંડળીઓને પોતાના વ્યવસ્થાપન માટે વધુ નાણાકીય, વહીવટી તેમજ આંતરિક બાબતો માટે સત્તા અને સ્વતંત્રતા પ્રાપ્ત થયેલ છે.

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં મરામત કર્યા વગરના રસ્તાઓ**

૯૮૩૦ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાનો ટાંકાટુકા-ટોરડા-ભાણમેર રસ્તો કેટલી વખત મરામત કરવામાં આવ્યો, અને,

(૨) એની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાનો ટાંકાટુકા-ટોરડા-ભાણમેર રસ્તો ૯ વખત ચાલુ મરામત કરવામાં આવ્યો.

(૨) એની પાછળ વર્ષવાર કરેલ ખર્ચ.
તા. ૧-૬-૦૬ થી તા. ૩૧-૫-૦૭ - રૂા.૦.૬૮ લાખ
તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ - રૂા.૧.૨૦ લાખ
તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ - રૂા.૧.૧૯ લાખ
કુલ : રૂા.૩.૦૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ**

૮૭૫૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે રાજ્યને કેટલી રકમ ફાળવી, અને

(૨) ફાળવેલ રકમોમાંથી અમદાવાદ શહેરમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | રૂ, લાખમાં |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૫૪૩૨.૪૭ |
| ૨૦૦૯-૧૦ (૩૧.૫.૦૯ ની સ્થિતિએ) | ચાલુ વર્ષ દરમ્યાન કોઈ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ નથી. |

(૨) રૂ. લાખમાં

| વર્ષ | આગળના વર્ષની બચત | ફાળવેલ ગ્રાન્ટ (એસએસએ) | મળેલ વ્યાજ અને અન્ય આવક | કુલ | થયેલ ખર્ચ | બચત રકમ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૭૪.૬૪ | ૭૭૬.૯૪ | ૮.૨૦ | ૮૫૯.૭૮ | ૮૨૮.૨૬ | ૩૧.૫૨ |
| ૨૦૦૯-૧૦ (૩૧.૫.૦૯ ની સ્થિતિએ) | ૩૧.૫૨ | ૧૦૦.૦૦ | ૬.૯૨ | ૧૩૮.૪૪ | ૧૧૦.૭૨ | ૨૭.૭૨ |

------------

## દાહોદ જિલ્લાની સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ

૯૫૨૨**શ્રી વજેસિંગભાઈ પણદા(દાહોદ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૮ની સ્થિતિએ કુલ કેટલી સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ હયાત છે, અને

(૨) સન ૨૦૦૮-૦૯માં ઉક્ત સ્થિતિએ કુલ કેટલી માધ્યમિક શાળાઓ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૭ સ્વનિર્ભર શાળા

(૨) ૩૪ સ્વનિર્ભર શાળા

------------

## કલોલ તાલુકામાં સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ સ્કૂલો

૯૯૨૨ **શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કલોલ તાલુકામાં શહેરી વિસ્તાર સહિત સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કુલ કેટલી સ્કૂલો છે,

(૨) આ સ્કૂલો પૈકી કેટ કેટલી સ્કૂલોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, અને

(૩) જે સ્કૂલોમાં પીવાના પાણીની સુવિધા નથી તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે, ખાનગી શાળાઓ માટે કોઈ સુચિત કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| સરકારી ગ્રાન્ટેડ | ૪૪ |
| નોન ગ્રાન્ટેડ | ૫૫ |
| કુલ : | ૯૯ |

(૨) તમામ સ્કૂલોમાં પીવાના પાણીની સુવિધા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના લાભ

૮૭૩૭ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો સમાવેશ કરી ગ્રામ સડક યોજનાના લાભો અપાયા, અને

(૨) કેટલા રસ્તાઓનું કામ ઉક્ત સ્થિતિએ હજી બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨)

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શિકા મુજબ સમાવેશ કરવાપાત્ર ગામોના રસ્તા કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં ૫ ગામોને (રાજકોટ-૧, વાંકાનેર-૨, પડધરી-૨ ગામો) જોડતા રસ્તાઓ મંજૂર કરેલ છે. જે હાલમાં ટેન્ડરના તબક્કે છે.

## પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને માસિક સહાય

૧૦૧૩૩ **શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચેની વિગતે ૬૩૨૭ નિરાધાર વિધવા મહિલાઓને તાલુકાવાર માસિક સહાય રૂ. ૪૫૫.૫૫ લાખ ચૂકવવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કરેલ ચૂકવણીની વિગત | |
|---|---|---|---|
| | | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ રકમ (રૂ.લાખમાં) |
| ૧. | ગોધરા | ૧૧૨૫ | ૮૧.૦૦ |
| ૨. | કાલોલ | ૮૩૮ | ૬૦.૩૪ |
| ૩. | હાલોલ | ૮૯૩ | ૬૪.૩૦ |
| ૪. | ઘોઘંબા | ૨૬૨ | ૧૮.૮૬ |
| ૫. | મોરવા(હડફ) | ૪૨૫ | ૩૦.૬૦ |
| ૬. | જાંબુઘોડા | ૧૯૩ | ૧૩.૯૦ |
| ૭. | લુણાવાડા | ૭૫૨ | ૫૪.૧૪ |
| ૮. | શહેરા | ૭૩૯ | ૫૩.૨૧ |
| ૯. | ખાનપુર | ૨૩૨ | ૧૬.૭૦ |
| ૧૦. | સંતરામપુર | ૬૧૩ | ૪૪.૧૪ |
| ૧૧. | કડાણા | ૨૫૫ | ૧૮.૩૬ |
| | કુલ : | ૬૩૨૭ | ૪૫૫.૫૫ |

(૨) કેટલી નિરાધાર બહેનોને આ સહાય બંધ કરવામાં આવી છે, અને

(૨) ૨૧૫

(૩) તેના કારણો શા છે ?

(૩) નિરાધાર વિધવા સહાય બંધ કરવાના કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ૬૦ વર્ષની ઉંમર થવાથી | ૭૧ |
| ૨. | પુત્ર પુખ્ત ઉંમરનો થવાથી | ૧૪૦ |
| ૩. | અવસાન થવાથી | ૦૩ |
| ૪. | વાર્ષિક આવક વધારે હોવાથી | ૦૧ |
| | કુલ : | ૨૧૫ |

## દિયોદર - જાડા - ક્રાતરવાડા - ધ્રાંગધ્રા - મોળીયા - વાવ રસ્તાને મજબૂતીકરણ કરવા અંગે

૧૦૧૩૨**શ્રી અનિલભાઈ માળી(દિયોદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર -જાડા - ક્રાતરવાડા -ધ્રાંગધ્રા-મોળીયા -વાવ રસ્તાને મજબૂતીકરણ અને પહોળા કરવા સરકાર માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અંદાજે રૂા. ૧૩,૪૩,૪૯,૧૦૦/-નો ખર્ચ થનાર છે.

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ રસ્તાના કુલ ૩૧.૭૨૦ કિં.મી. પૈકી ૨૫ કિ.મી. લંબાઇમાં બંને બાજુની પહોળાઇમાં જળબધ્ધ સપાટી સુધીનું કામ પુર્ણ થયેલ છે.

## રાજકોટ જિલ્લાની ખાનગી શાળાઓમાં સ્કોલરશીપની ગ્રાન્ટો માટે છેતરપીંડી

૯૯૨૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટની કેટલીક ખાનગી શાળાઓએ તેમની શાળાઓ બંધ હોવા છતાં સને ૨૦૦૬ થી ૨૦૦૮ના વર્ષ માટે સ્કોલરશીપની ગ્રાન્ટો મેળવી અને સરકાર સાથે છેતરપીંડી કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવી કઈ કઈ અને કેટલી સ્કૂલોએ કેટલી ગ્રાન્ટો ખોટી રીતે મેળવી છે, અને

(૩) સરકારે આ બાબતે કઈ કઈ સ્કૂલો સામે તથા સંડોવાયેલા કેટલા અધિકારીઓ સામે શું કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | શાળાનું નામ | વર્ષ-<br>૦૬-૦૭ | વર્ષ-<br>૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | માસ્રી પ્રા.શાળા | -- | ૬૯૩૨૫ |
| ૨ | ભાગ્યવિધાતા પ્રા.શાળા | -- | ૧૩૪૩૫૦ |
| ૩ | એચ.પી.ત્રિવેદી પ્રા. શાળા | ૬૨૩૫૦ | ૮૮૩૨૫ |
| ૪ | અક્ષરમૂર્તિ પ્રા.શાળા | ૧૨૯૫૭૫ | ૧૫૧૫૫૦ |
| ૫ | નવજ્યોત વિદ્યામંદિર | ૧૩૨૭૨૫ | ૧૨૬૪૫૦ |

(૩) શાળાના કર્મચારીઓ તથા સંચાલકો પર પ્રધ્યુમનગર પોલીસ સ્ટેશનમાં ગુ. ર. નં. ૧૭૦/૦૯ તા. ૧-૬-૦૯થી ફરીયાદ દાખલ કરેલ છે.

## વડોદરા જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર ખાલી જ્યાઓ

૧૦૧૧૬**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ જમીન માપણી ઓફિસમાં સંવર્ગવાર કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સંવર્ગવાર નીચે મુજબની જ્યાઓ ખાલી છે.

| સંવર્ગ | ખાલી જ્યાની સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| સર્વેયર<br>વર્ગ-૩ | ૬ | ઓગસ્ટ-૦૮ થી ૨<br>સપ્ટેમ્બર-૦૮ થી ૩<br>ડિસેમ્બર-૦૮થી ૧ |
| **કુલ :** | ૬ | |

**રાજ્યમાં અતિ વૃષ્ટિથી પાકોને રક્ષણ આપવા માટે વીમા યોજના સહાય અંગે**

૯૨૦૮ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વાવાઝોડા અને અતિવૃષ્ટિથી બાગાયતી પાકો જેવા કે, આંબા, ચીકુ, કેળ અને પપૈયા પાકોને ખૂબ નુક્શાન થાય છે તે હકીક્ત સરકાર જાણે છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉપરોક્ત આપત્તિથી રક્ષણ આપવા માટે ક્યા ક્યા પાકોને પાક વીમાયોજના નીચે સમાવેશ કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં ક્યારે ક્યારે રજૂઆતો કરી છે અને તેનો શો પ્રતિભાવ મળેલ છે ? | (૨) કેન્દ્ર સરકારની નીતિ અન્વયે બહુવર્ષાયુ પાકોનો આ યોજના હેઠળ સમાવેશ થતો નથી. તેથી આંબા, ચીકુ અને પપૈયાના પાકો માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેળનો પાક વર્ષાયુ હોવાથી તે માટે પસંદગીના જિલ્લા/તાલુકામાં પાક વીમા યોજના અમલમાં છે. |

------------

**ખેડા જિલ્લામાં પાકા ડામરના રસ્તાઓ**

૯૮૧૩ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ કેટલાં રેવન્યુ ગામો ડામરના પાકા રસ્તાથી વંચિત છે, | (૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાના ૫ ગામો, કપડવંજ તાલુકાના ૪ ગામો અને વીરપુર તાલુકાના ૨ ગામો મેટલ સપાટીથી જોડાયેલા છે. આ પેકી ૧૦ ગામોને ડામર રસ્તાથી જોડવાના મંજુર થયેલ છે. |
| (૨) કપડવંડ તાલુકાનું કંબોયા ગામ રેવન્યુ ગામ હોવા છતાં તેને પાકા ડામરના રસ્તાથી કેમ જોડવામાં આવ્યું નથી, અને | (૨) કપડવંજ તાલુકાનું કંબોયા ગામના રસ્તાને ડામર કરવા માટે પી.એમ.જી.એસ.વાય. ફેઝ-૮ હેઠળ ભારત સરકારમાં મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ ગામને ડામરના રસ્તાથી જોડવામાં આવશે ? | (૩) ભારત સરકારની મંજૂરી આવ્યેથી આ ગામને નિયત સમય મર્યાદામાં ડામરના પાકા રસ્તાથી જોડવાનુ આયોજન છે. |

------------

**રાજ્યમાં સામૂહિક વિમા યોજના અંગેની અરજીઓ**

૯૭૪૬ **શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રાજ્યમાં સામૂહિક જૂથ (જનતા) અક્સ્માત વિમા યોજના હેઠળ કેટલા ખેડૂતોની અરજીઓ મળી છે, | (૧) ૯૫૨. |
| (૨) તે પેકી મે-૨૦૦૯ ની સ્થિતિએ કેટલા મૃતક ખેડૂતોના વારસદારોને સહાય ચૂકવી, અને | (૨) ૫૧૨. |
| (૩) કેટલાને ચુકવવાની બાકી છે અને તે સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ? | (૩) ૩૧૪ બાકી છે, અને વીમા નિયામકશ્રી કક્ષાએ વિચારણા હેઠળ હોઇ નિયમાનુસાર નિર્ણય થયેથી ચૂકવણી કરવામાં આવશે. |

**સમાજ કલ્યાણ વિભાગ પાસેથી બાળકોના વિકાસને લગતી કામગીરી**

૯૮૯૦ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ મહિલા બાળ વિકાસ વિભાગે સમાજ કલ્યાણ વિભાગ પાસેથી બાળકોના વિકાસને લગતી કામગીરી સ્વીકારેલ નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં આ કામગીરી પોતાના હસ્તક લેવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૦૧૨૩ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની કેટલી કન્યાઓને કુલ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) કન્યા દીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) <u>પ્રાથમિક શાળા :</u>
૭૦૭૮ કન્યાઓને રૂા. ૭૦,૭૮,૦૦૦ની રકમના
<u>માધ્યમિક શાળા :</u>
૨૮૦ કન્યાઓને રૂા. ૫,૬૦,૦૦૦ની રકમના

(૨) પ્રાથમિક શાળામાટે કન્યા દીઠ રૂા. ૧,૦૦૦ અને ધો.-૮ની કન્યાઓને કન્યાદીઠ રૂા. ૨,૦૦૦.

------------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને અકસ્માત વિમા સહાય**

૧૦૦૩૬**શ્રી કનુભાઈ ભાલાળા(વિસાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડૂત અકસ્માત વીમા સહાય યોજના અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલાં ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) સહાય ચૂકવવાની કેટલી દરખાસ્તો વિચારણા હેઠળ છે ?

**જવાબ**

(૧) ૪૨ ખેડૂતોને કુલ રૂા. ૪૨/- લાખ રકમ ચૂકવવામાં આવી.

(૨) ૪૦ (ચાલીસ).

------------

**કચ્છ જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા**

૯૯૭૧**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓમાં કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા અને તે પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો, અને

(૨) જિલ્લાની બાકીની શાળાઓમાં શોચાલયો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૪૩ શાળાઓમાં ૧૪૩ શોચાલયો બાંધવામાં આવ્યા છે. અને તે પાછળ રૂા. ૩૫.૬૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) બાકી રહેતી ૧૫૬ શાળાઓમાં શોચાલયો બનાવવાનું આયોજન સૂચવેલ છે.

------------

**મોરબી અને માળીયા તાલુકાને જોડતો રસ્તો**

૯૧૫૫ **શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી અને માળીયા તાલુકાના કેટલા ગામોને મુખ્ય રોડથી ગામને જોડતો એપ્રોચ રોડ મળવાનો બાકી છે, અને

(૨) જો આવા ગામો બાકી હોય તો તે ગામોને એપ્રોચ રોડની સુવિધા કેટલા સમયમાં ઉપલબ્ધ થશે ?

**જવાબ**

(૧) તમામ ગામો જોડાયેલા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## કચ્છ જિલ્લામાં પવન ચક્કી ઊભી કરવા માટે સરકારી પડતર જમીનો

૧૦૧૬૦**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકારી પડતર જમીનનો ઉપયોગ પવનચક્કી ઊભી કરવા પરવાનગી આપવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છનાં ક્યા ક્યા તાલુકામાં ઉક્ત સ્થિતિએ ખાનગી કંપનીઓને વેચાતી કે ભાડાપટ્ટે કેટ કેટલી જમીનો કેટ કેટલી કીંમતે આપવામાં આવી છે, અને

(૩) જો ના, તો કચ્છમાં લખપત / અબડાસા / માંડવી / ભચાઉ / રાપર / અંજાર તાલુકામાં ઉભી કરાયેલ પવન ચક્કીઓ કઈ જમીન પર ઊભી કરાઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) લખપત, અબડાસા, માંડવી, અંજાર તથા નખત્રાણા તાલુકામાં **પત્રક-અ** ની વિગતે પ્રતિ હેક્ટરના રૂા.૧૦,૦૦૦/- પ્રમાણે વાર્ષિક ભાડું વસુલ લઇને ભાડાપટ્ટે આપવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| ક્રમ | ઉદ્યોગ ગૃહનું નામ | ગામ | તાલુકો | ભાડાપટ્ટે આપેલ જમીનનું ક્ષેત્રફળ | હુકમ નંબર/ તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સુજલોન ગુજરાત વિન્ડપાર્ક લી. | આશાલડી | લખપત | હે.૨૭-૦૦ | તા.૧૬-૬-૨૦૦૯ |
| ૨ | --""-- | માતાના મઢ | લખપત | હે.૬-૦૦ | તા.૧૬-૬-૨૦૦૯ |
| ૩ | --""-- | માપર | માંડવી | હે.૬-૦૦ | તા. ૩૦-૫-૨૦૦૬ |
| ૪ | --""-- | ભીસરા | માંડવી | હે.૭-૦૦ | તા.૧૨-૬-૨૦૦૬ |
| ૫ | --""-- | બાંભડાઇ | માંડવી | હે.૪૪-૦૦ | તા.૩૦-૫-૨૦૦૬ |
| ૬ | --""-- | ભાડા | માંડવી | હે.૫-૦૦ | તા.૩૧-૫-૨૦૦૬ |
| ૭ | --""-- | નાના લાયજા | માંડવી | હે.૯-૪૦ | તા.૫-૭-૨૦૦૬ |
| ૮ | --""-- | બાડા | માંડવી | હે.૪૦-૦૦ | તા.૧૨-૬-૨૦૦૬ |
| ૯ | સુજલોન ગુજરાત વિન્ડપાર્ક લી. | કોક્લીયા | માંડવી | હે.૯-૦૦ | તા.૩૦-૫-૨૦૦૬ |
| ૧૦ | --""-- | દેઢીયા | માંડવી | હે.૮-૦૦ | તા.૨૫-૫-૨૦૦૬ |
| ૧૧ | --""-- | બેરૂ | નખત્રાણા | હે.૧૫-૦૦ | તા.૧૬-૬-૨૦૦૯ |
| ૧૨ | --""-- | માથક | અંજાર | હે.૬-૭૦ | તા.૮-૧૦-૨૦૦૮ |
| ૧૩ | --""-- | સંઘડ | અંજાર | હે.૧૭-૫૦ | તા.૨૭-૧૦-૨૦૦૮ |
| ૧૪ | --""-- | મીંદીયાળા | અંજાર | હે.૫-૦૦ | તા.૧૮-૧૨-૨૦૦૮ |
| ૧૫ | --""-- | કુંભારીયા | અંજાર | હે.૧૧-૦૦ | તા.૧૮-૬-૨૦૦૮ |
| ૧૬ | --""-- | સીનુગ્રા | અંજાર | હે.૯-૦૦ | તા.૧૮-૧૨-૨૦૦૮ |
| ૧૭ | --""-- | ખેડોઇ | અંજાર | હે.૯-૦૦ | તા.૧૮-૧૨-૨૦૦૮ |
| ૧૮ | --""-- | સીંઘોડી મોટી | અબડાસા | હે.૪૪-૦૭ | તા.૨૮-૨-૨૦૦૭ |
| ૧૯ | --""-- | કડુલી | અબડાસા | હે.૨૯-૦૦ | તા.૨૮-૨-૨૦૦૭ |
| ૨૦ | --""-- | રાપરગઢ | અબડાસા | હે.હે.૬-૪૮ | તા.૨૮-૨-૨૦૦૭ |
| ૨૧ | --""-- | સુથરી | અબડાસા | હે.૧૨-૪૬ | તા.૨૫-૫-૨૦૦૬ |
| ૨૨ | --""-- | છછી | અબડાસા | હે.૫-૯૮ | તા.૨૨-૨-૨૦૦૬ |
| ૨૩ | --""-- | વરનોરી | અબડાસા | હે.૫-૬૮ | તા.૫-૪-૨૦૦૬ |
| ૨૪ | --""-- | નાની સીંઘોડી | અબડાસા | હે.૯-૮૭ | તા.૨૫-૫-૨૦૦૬ |
| ૨૫ | --""-- | રાપરગઢ | અબડાસા | હે.૨૨-૦૦ | તા.૨૨-૨-૨૦૦૬ |
| ૨૬ | --""-- | સીંઘોડી મોટી | અબડાસા | હે.૩૬-૧૬ | તા.૧૫-૫-૨૦૦૬ |
| ૨૭ | --""-- | લઠેડી | અબડાસા | હે.૨૭-૬૦ | તા.૫-૪-૨૦૦૬ |
| ૨૮ | --""-- | ખુંઅડા | અબડાસા | હે.૭-૦૦ | તા.૨૨-૨-૨૦૦૬ |
| ૨૯ | --""-- | બુડીયા | અબડાસા | હે.૧૨-૮૧ | તા.૧૭-૮-૨૦૦૬ |
| ૩૦ | --""-- | સાંઘાણ | અબડાસા | હે.૩-૧૪ | તા.૫-૪-૨૦૦૬ |
| ૩૧ | --""-- | જખૌ | અબડાસા | હે.૩૯-૦૦ | તા.૨૫-૫-૨૦૦૬ |
| ૩૨ | --""-- | હોથીયાય | અબડાસા | હે.૨૮-૯૦ | તા.૧૪-૯-૨૦૦૬ |
| ૩૩ | --""-- | થુમડી | અબડાસા | હે.૮-૯૨ | તા.૧૭-૮-૨૦૦૬ |
| ૩૪ | --""-- | નવાવાસ | અબડાસા | હે.૪-૨૨ | તા.૧૭-૮-૨૦૦૬ |
| ૩૫ | --""-- | ચરોપડી નાની | અબડાસા | હે.૧૫-૫૪ | તા.૧૮-૮-૨૦૦૬ |
| ૩૬ | --""-- | ચરોપડી મોટી | અબડાસા | હે.૧૦-૮૧ | તા.૧-૯-૨૦૦૬ |
| ૩૭ | --""-- | ગોલાય | અબડાસા | હે.૧૬-૮૨ | તા.૧૮-૭-૨૦૦૬ |
| ૩૮ | --""-- | કોસા | અબડાસા | હે.૪૭-૮૬ | તા.૬-૯-૨૦૦૬ |
| ૩૯ | --""-- | કરમટા | અબડાસા | હે.૨૦-૭૨ | તા.૬-૯-૨૦૦૬ |
| ૪૦ | --""-- | અકરી મોટી | અબડાસા | હે.૨૮-૦૮ | તા.૧૭-૮-૨૦૦૬ |
| ૪૧ | --""-- | નાની બેર | અબડાસા | હે.૩૮-૨૦ | તા.૧૦-૪-૨૦૦૬ |
| ૪૨ | --""-- | વાંકુ | અબડાસા | હે.૨૭-૨૬ | તા.૮-૧૨-૨૦૦૬ |
| ૪૩ | --""-- | કમંડ | અબડાસા | હે.૧૧-૬૪ | તા.૨૩-૧-૨૦૦૭ |
| ૪૪ | --""-- | જખૌ | અબડાસા | હે.૮૫-૪૮ | તા.૮-૧-૨૦૦૮ |

------------

## આણંદ જિલ્લામાં ધોરણ-૧૧ તથા ૧૨ની સાયન્સ શાળાઓ

૮૮૦૪**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ધોરણ ૧૧ તથા ૧૨ની કેટલી સાયન્સ શાળાઓ છે, અને | (૧) ૩૨. |
| (૨) વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ નવી સાયન્સ શાળાઓ ખોલવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) સોજીત્રા તાલુકામાં વિજ્ઞાનપ્રવાહની શાળા ન હોવાથી, સોજીત્રા ખાતે જૂન-૦૯થી વિજ્ઞાનપ્રવાહની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરેલ છે. |

------------

**રાજ્યના માછીમારોને પાકિસ્તાનમાંથી છોડાવવા અંગે**

૯૫૧૬**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના કેટલા માછીમારો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પાકિસ્તાનમાં કેદ છે, અને | (૧) ૩૯૪. |
| (૨) તેને છોડાવવા ગુજરાત સરકારે શાં પગલાં લીધા છે ? | (૨) ભારત તથા પાકિસ્તાન બે દેશો વચ્ચેની રાજદ્વારી બાબત હોઇ, ગુજરાત સરકારે આગળની કાર્યવાહી માટે ભારત સરકારને રજુઆતો કરેલ છે. |

------------

**જેતપુર - પાવી તાલુકામાં હિરપરી ગામમાં વિવિધ કાર્યકારી સહકારી મંડળી વિરૂધ્ધ અરજીઓ**

૯૪૦૧**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકામાં હિરપરી વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. ની વિરૂધ્ધમાં થયેલ કેટલી અરજીઓ સરકારને મળી છે, | (૧) એક. |
| (૨) આ અરજીની તપાસ કોને સોંપવામાં આવી છે, | (૨) મદદનીશ સહકારી અધિકારી (પ્લાન) લગત જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, વડોદરા. |
| (૩) મૃત્યુ પામેલાને લોન અપાઈ છે કે નહીં, | (૩) ઉક્ત અરજીની પ્રાથમિક તપાસ કરતાં પ્રાથમિક તપાસના તારણો મુજબ અરજીમાં દર્શાવેલ સભાસદો પૈકી મૃત્યુ પામેલાને લોન આપાયેલ નથી. પરંતુ અરજદારોના નિવેદનો મંડળીના રેકર્ડથી વિપરીત હોઇ મંડળીમાં નાણાંકીય અનિયમિતતાની સંભાવના જણાતી હોવાથી મંડળીના બાકીદાર તમામ ૧૭૨ સભાસદોના નિવેદન લઇ જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવાની રહે છે. આ માટે કલમ-૮૬ હેઠળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |
| (૪) આ તપાસ ક્યારે શરૂ થશે, અને | (૪) ઉક્ત અરજીની પ્રાથમિક તપાસ તારીખ ૩-૭-૦૯ના રોજ પૂર્ણ થયેલ છે. જ્યારે કલમ-૮૬ હેઠળની કાર્યવાહી હાથ ધરેલ છે. |
| (૫) કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૫) ઉક્ત અરજીની પ્રાથમિક તપાસ પૂર્ણ થયેલ છે. જ્યારે કલમ-૮૬ હેઠળની કાર્યવાહી પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે. |

**આણંદ જિલ્લામાં રાજ્ય/પંચાયત હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ**

૮૭૪૩ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જે પ્લાન રસ્તા હોઈ અને જિલ્લા પંચાયત હસ્તક હોઈ તેને કેટલા સમયની મર્યાદામાં ફરી ડામરકામ કરવામાં આવે છે, | (૧) રસ્તાઓને ફરીથી ડામર કરવા રસ્તાની અગત્યતા, ટ્રાફિકનું ભારણ તથા નાણાકીય ઉપલબ્ધતા મુજબ નિર્ણય લેવામાં આવે છે. |
| (૨) જે નોન પ્લાન રસ્તા છે તેના માટે સરકાર શું આયોજન કરવા વિચારી રહી છે, તેને ભવિષ્યમાં પ્લાનમાં સમાવશે કે કેમ, અને | (૨) અને (૩) : ૨૦ વર્ષીય માર્ગ વિકાસ યોજના મુજબ તથા નાણાકીય ઉપલબ્ધતા અનુસાર રસ્તાઓનું આયોજન વિચારવામાં આવશે. |

(૩) નોન-પ્લાન રસ્તાને ડામર કામ પાકા રસ્તા ક્યારે કરવામાં આવશે ?

**જામનગર શહેરમાં ચાલતી આંગણવાડીઓ**

૧૦૦૩૦ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર શહેરમાં કેટલી આંગણવાડીઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા વિસ્તારમાં ચાલે છે,

(૨) આંગણવાડીઓ સ્વેચ્છિક સંસ્થા ધ્વારા ચલાવવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ કઈ સ્વેચ્છિક સંસ્થા ધ્વારા ચલાવવામાં આવે છે ?

**જવાબ**

(૧) જામનગર શહેરમાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ૨૬૬ આંગણવાડીઓ સામેલ *પત્રકમાં દર્શાવેલ વિસ્તારોમાં ચાલે છે.

(૨) હા, જી.

(૩) શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ-જામનગર નામની સ્વેચ્છિક સંસ્થા દ્વારા ૨૦ આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાધનપુર-મસાલી-માધાપુરા રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે**

૧૦૧૨૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના રાધનપુર-મસાલી-માધાપુરા રાજ્ય ધોરી માર્ગ ૨/૯ થી ૧૨/૦ને પહોળો કરી મજબૂતીકરણ કરવાની કામગીરી સરકારે હાથ ધરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટેન્ડર મંજૂરી હેઠળ હતુ તા.૨૦-૬-૦૯ના રોજ મંજૂર કરેલ છે.

**ભાવનગર જિલ્લામાં ખેડૂતોની જમીન ધોવાણનું વળતર ચૂકવવા અંગે**

૯૪૮૫ **શ્રી કેશુભાઈ નાકરાણી(શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાની જે ખેડૂતોને જમીન ધોવાણ થયેલ છે તેનું વળતર ચૂકવવાનું તાલુકાદીઠ કેટલું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જમીન ધોવાણનું વળતર નહીં ચુકવવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાની જે ખેડૂતોને જમીન ધોવાણ ગયેલ છે તેનું વળતર ચૂકવવાનું તાલુકાદીઠ વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વળતર ચૂકવવાની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | બોટાદ | ૨૬૪૮૩૯૯૦ |
| ૨ | ભાવનગર | ૧૦૪૨૩૩૧૯ |
| ૩ | વલ્લભીપુર | ૪૦૬૯૪૧૨૫ |
| ૪ | શિહોર | ૨૮૫૮૨૦ |
| ૫ | ઉમરાળા | ૭૬૪૯૨૬૪ |
| ૬ | ગારીયાધાર | ૧૯૫૦૪૦૦ |
| ૭ | ગઢડા | ૩૫૬૮૯૩૫૮ |
| | **કુલ :** | **૧૨૩૧૭૬૨૭૬** |

(૨) (૧) કલેકટરશ્રી કક્ષાની સમિતિ સમક્ષ રજૂ થયેલ અરજીઓનું પુનઃ સર્વે કરાવવાના કારણે મંજુરી મોડી મળવાથી,

(૨) તા. ૫-૧૧-૦૮ના રોજ મળેલ મંત્રીમંડળની પેટા સમિતિની બેઠકની કાર્યવાહી નોંધની ક્ષતિ સુધારવામાં થયેલ વિલંબના કારાણે, અને

(૩) ગ્રાન્ટના અભાવે ચુકવાયેલ નથી.

**સુરત જિલ્લામાં પાવર, લીગ્નાઈટ પ્રોજેક્ટ માટે ખેડૂતોની જમીન સંપાદન કરવા અંગે**

૯૪૧૮**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં આવેલ પાવર, લીગ્નાઈટ પ્રોજેક્ટ માટે ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ખેડૂતોને એકર દીઠ કેટલું વળતર ચૂકવવામાં આવેલ છે,

(૩) કેટલા ખેડૂતોને વળતર ચુકવવાનું બાકી છે, અને

(૪) કેટલા ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એકર દીઠ રૂા. ૬૮,૭૯૫/- થી રૂા. ૧,૮૨,૧૦૫/- સુધીનું વળતર ચુકવવામાં આવેલ છે.

(૩) કોઇ ખેડૂતને વળતર ચુકવવાનું બાકી નથી.

(૪) ૨૪૮૦.

**સુરત અને ભાવનગર જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીની આવક બાબત**

૯૨૪૯**શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને ભાવનગર જિલ્લામાં માર્ચ-૨૦૦૭ થી માર્ચ-૨૦૦૯ સુધીમાં સ્ટેમ્પ ડ્યુટીની આવક કેટલી, અને

(૨) આ વધ ઘટના કારણો શા ?

**જવાબ**

(૧)

| જીલ્લાનું નામ | વર્ષ | આવક (રૂા. કરોડમાં) |
|---|---|---|
| સુરત | માર્ચ-૨૦૦૭થી | ૩૩૦.૯૫ |
| | માર્ચ-૨૦૦૮ | |
| | એપ્રિલ-૨૦૦૮થી | |
| | માર્ચ-૨૦૦૯ | ૨૨૬.૦૯ |
| | **કુલ** | **૫૫૭.૦૪** |
| ભાવનગર | માર્ચ-૨૦૦૭થી | ૪૮.૧૬ |
| | માર્ચ-૨૦૦૮ | |
| | એપ્રિલ-૨૦૦૮થી | |
| | માર્ચ-૨૦૦૯ | ૩૮.૪૦ |
| | **કુલ** | **૮૬.૫૬** |

(૨) (૧) રીયલ એસ્ટેટમાં સને ૨૦૦૮-૦૯માં મંદી પ્રવર્તતી હોઈ સ્ટેમ્પ ડયુટીની આવકમાં ઘટાડો થયેલ.

(૨) દસ્તાવેજ નોંધાવનાર (કરાવવાની) સંખ્યામાં ઘ ટાડો થવાથી સ્ટેમ્પ ડયુટીની આવકમાં ઘટાડો થયેલ.

(૩) ફેબ્રુઆરી/માર્ચ-૨૦૦૮માં સ્ટેમ્પ વેચાણની આવકમાં અસાધારણ વધારો થવા પામેલ તેના પરીણામે વર્ષ ૨૦૦૮-૦૯ ના વર્ષમાં સ્ટેમ્પની આવક ઉપર અસર પડેલ અને આવકમાં ઘટાડો થવા પામેલ છે.

------------

**ખેડા જિલ્લાના નાયકા-ભેરાઈ-ઢઢાલ- વડાલા રોડની સપાટી સુધારણાની કામગીરી**

૧૦૧૩૦**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ(માતર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના ખેડા તાલુકાના નાયકા-ભેરાઈ-ઢઢાલ-વડાલા રોડની સપાટી સુધારણાનું કામ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૩) કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ રસ્તાની ૫.૪ કિ.મી. લંબાઈની સપાટી સુધારણાનુ કામ હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ કામ માટે રૂા. ૧૩૦ લાખનો ખર્ચ થનાર છે.

(૩) તા. ૨૯-૧૧-૦૯ એટલે કે નિયત સમયમર્યાદામાં પુર્ણ કરવાનુ આયોજન છે.

**સુરત જિલ્લાના રસ્તાઓનું મજબૂતીકરણ કરવા અંગે**

૧૦૧૩૫**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના ફુલવડી-ખારવણ-જેરવાવાળા-વેલનપુર-કાંકરિયા-વલવાડા રસ્તાને મજબૂતીકરણ અને પહોળો કરવા માટે સરકાર માંગે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ રસ્તાને પહોળો તથા મજબૂતીકરણ કરવાનાં કામ માટે રૂા. ૧૪,૯૯,૮૧,૭૦૦/- નો અંદાજી ખર્ચ થનાર છે.

(૩) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આ રસ્તામાં વાઈડનીંગની મેટલીંગની કામગીરી પ્રગતિમાં છે.

**અમદાવાદથી વડોદરા જતા એક્સપ્રેસ હાઈવેના કારણે બાજુના ગામડામાં વરસાદનું પાણી ભરાઈ જવા અંગે**

૯૩૪૭**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદથી વડોદરા જતા એક્સપ્રેસ હાઈવેના કારણે અમદાવાદ, ખેડા, આણંદ અને વડોદરા જિલ્લાના રોડની બન્ને બાજુના ગામડાઓમાં ચોમાસામાં વરસાદનું પાણી ભરાઈ જાય છે અને જમીન ડુબમાં જાય છે એ સરકારની જાણમાં છે કે કેમ,

(૨) જો હા, તો ડુબમાં જતા ગામડાઓની જમીન બચાવવા માટે સરકાર ધ્વારા કોઈ યોજના બનાવવામાં આવી છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં યોજના પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) સદર રસ્તો નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા હસ્તક છે. રાજ્ય સરકારે પાણીનો નિકાલની જરૂરી કાર્યવાહી માટે તેઓને જણાવેલ છે.

------------

**સેન્ટ્રલ રોડ ફંડ યોજના હેઠળ પંચાયત તથા રાજ્યના રસ્તાના કામો મંજૂર કરવા અંગે**

૮૭૩૨**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર ધ્વારા સેન્ટ્રલ રોડ ફંડ (સી.આર.એફ.) યોજના હેઠળ વર્ષવાર પંચાયત તથા રાજ્યના કેટલા રસ્તાઓના કુલ કેટલા કરોડના કામો મંજૂર કર્યા ?

**જવાબ**

તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલ રોડ ફંડ (સી.આર.એફ.) યોજના હેઠળ મંજૂર થયેલ કામો નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર કામો | રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| ૦૬-૦૭ | ૨૭ | ૫૫.૬૯ |
| ૦૭-૦૮ | ૫૦ | ૧૧૬.૦૮ |
| ૦૮-૦૯ | ૭૯ | ૩૯૨.૨૯ |

**જૂનાગઢ જિલ્લાના માછીમારોને ડીઝલ માટે દોઢ રૂપિયાની સબસીડી**

૧૦૧૪૬ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના સોરાષ્ટ્રનાં માછીમારોને ડીઝલ ઉપર ૧ લીટરે અલગથી ૧.૫૦ રૂપિયાની સબસીડી આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાનાં કેટલા માછીમારોને છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) ના જી.

કેન્દ્ર સરકારના તા. ૧૯-૨-૦૯ ના પત્ર અન્વયે બી.પી.એલ. કાર્ડ ધારકને તા. ૧-૪-૦૭ થી પ્રતિ લીટર રૂા. ૩.૦૦ લેખે સબસીડી આપવા ઠરાવેલ છે. તારીખ ૧-૪-૦૭ અગાઉ બી.પી.એલ. કાર્ડ ધરાવતા ન હોય તો પણ જો રાજ્ય સરકારની વેચાણવેરા/વેટની સબસીડીનો લાભ મેળવતા માછીમારોને રૂા. ૧.૫૦ પ્રતિ લીટર લેખે સબસીડી ચુકવવાની જોગવાઈ હતી.

(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન અગાઉના વર્ષોનું બાકી બીલોનું ૨,૭૫૪ માછીમારોને લાભ આપવામાં

તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૩) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને સબસીડીની રકમ ચુકવાયા પછી તે રકમ માછીમારોને છેલ્લા બે વર્ષમાં નહીં ચૂકવવાનાં કારણો શા છે ?

આવેલ છે.

(૩) કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને આ યોજના હેઠળ મળેલ ફંડની તમામ રકમ માછીમારોને ચૂકવી આપવામાં આવી હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જામનગર શહેરમાં પશુ હોસ્પિટલ શરૂ કરવા બાબત

૯૬૪૬**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર શહેરમાં પશુ હોસ્પિટલ શરૂ કરવા માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે,

(૨) આ દરખાસ્તો અંગે સરકારે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી છે, અને

(૩) ક્યાં સુધીમાં પશુ હોસ્પિટલ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ""શૂન્ય""

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્યમાં આંગણવાડીના મકાનો બનાવવા બાબત

૧૦૦૨૬**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આંગણવાડીઓના કેટલા મકાનો બનેલ છે, અને

(૨) બાકી મકાનો કેટલા સમય સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૬૫૭.

(૨) બાકી રહેલ આંગણવાડીના મકાનોનું બાંધકામ તબક્કાવાર આયોજન કરી પૂર્ણ કરવામાં આવશે.

## ભરૂચ જિલ્લામાં ખેડૂતોની કાર્યરત સહકારી મંડળીઓ

૮૮૧૯**શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ખેડૂતોની સહકારી મંડળીઓની સંખ્યા તાલુકાવાર કેટલી છે,

(૨) સહકારી મંડળીઓ પૈકી કેટલી મંડળીઓ ધિરાણ મેળવવા પાત્ર છે, અને

(૩) ધિરાણ મેળવી ન શક્નાર મંડળીઓને કાર્યરત કરવા રાજ્ય સરકાર કોઈ યોજના તેયાર કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| અનુ. નં. | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| (૧) | ભરૂચ | ૬૫ |
| (૨) | વાગરા | ૫૪ |
| (૩) | જંબુસર | ૫૩ |
| (૪) | આમોદ | ૩૬ |
| (૫) | અંકલેશ્વર | ૪૫ |
| (૬) | હાંસોટ | ૨૯ |
| (૭) | ઝઘડીયા | ૩૧ |
| (૮) | વાલીયા | ૨૩ |
| | કુલ :- | ૩૩૬ |

(૨) ૩૨૨ મંડળીઓને

(૩) ના, જી.

------------

## દાહોદ જિલ્લામાં આર. કે. વી. વાય. હેઠળ શેડ બનાવવા પાછળ થયેલ ખર્ચ

૯૫૩૯**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં આર. કે. વી. વાય. હેઠળ કુલ કેટલા શેડ તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૮૨૯ કેટલ શેડ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ એક વર્ષમાં એક પણ કેટલ શેડ પૂર્ણ તૈયાર થયેલ નથી.

(૨) આ કેટલા શેડ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) પ્રોરાટા ધોરણે જિલ્લામાં ૨.૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

**૯૧**

**વડોદરા જિલ્લાના મોજે પોર-રમણગામડીને ઓદ્યોગિક વસાહત માટે ખેડૂતોની જમીન સંપાદન કરવા અંગે**

૯૬૭૦ **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ(ડભોઈ) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના મોજે પોર-રમણગામડીને ઓદ્યોગિક વસાહતના વિસ્તરણ માટે ખેડૂતોની કેટલી જમીનો સંપાદન કરવા માટે કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૨) આ કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) સંપાદન અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પાટણ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૯૩૩૮**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ કેટલા સમયથી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૦-૦૮ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષકો વય નિવૃત્ત થવાથી કુલ-૩૨ પ્રાથમિક શિક્ષકોની તાલુકાવાર ઘટ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | પાટણ | ૦ |
| ૨ | સિધ્ધપુર | ૦ |
| ૩ | ચાણસ્મા | ૩ |
| ૪ | હારીજ | ૮ |
| ૫ | સમી | ૧૦ |
| ૬ | રાધનપુર | ૩ |
| ૭ | સાંતલપુર | ૮ |
| | કુલ | ૩૨ |

(૨) આ ઘટ પુરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૨) વિદ્યાસહાયકની ભરતીની કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવનાર છે.

(૩) કેટલા સમયમાં આ ઘટ પૂરી કરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દીથી.

------------

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને મફત પુસ્તકો**

૧૦૧૦૯**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સરકાર મફત પાઠ્ય પુસ્તકો પૂરા પાડે છે તે હકીકત સાચી છે, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાના કેટલા વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩,૯૫,૭૮૨ વિદ્યાર્થીઓ.

------------

**સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ**

૧૦૧૬૭**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા ખેડૂતો નોંધાયેલ છે, | (૧) એગ્રીકલ્ચર સેન્સસ ૨૦૦૧ મુજબ કુલ ૨૩૦૫૭૬ ખેડૂતો. |
| (૨) તે પેકી કેટલા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને | (૨) ૧૩૦૭૨૨ |
| (૩) જમીન ચકાસીને સોઇલ હેલ્થ કાર્ડ આપ્યા પછી ફરી જમીન ચકાસણી કેટલા સમય પછી કરવામાં આવે છે ? | (૩) જમીન ચકાસણી થયા બાદ સામાન્ય રીતે પાંચ વર્ષે. |

------------

**અબડાસા અને લખપત તાલુકાના સીમતળમાં ઘાસનો જથ્થો ખલાસ થઇ જતાં ભૂખમરાથી પ્રાણીઓના મોત**

૯૯૨૮**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા અને લખપત તાલુકાના સીમતળમાં ઘાસનો જથ્થો ખલાસ થઇ જતાં ભૂખમરાથી પ્રાણીઓના મોત થયાના કેટલા કિસ્સા બન્યા છે, | (૧) કોઈ પણ કિસ્સો બનેલ નથી. |
| (૨) ભૂખમરાથી પ્રાણીઓના થતાં મોતને અટકાવવા શાં પગલાં લેવાયા છે, અને | (૨) આ બન્ને તાલુકામાં વન વિભાગ હસ્તકનું ઘ ાાસ વિતરણ કરવામાં આવેલ છે. |
| (૩) આ બંને તાલુકામાં ઘાસચારાનો પુરતો જથ્થો મોકલવા શી વ્યવસ્થા થઇ છે ? | (૩) આ બન્ને તાલુકામાં વન વિભાગ હસ્તકનું ઘ ાાસ વિતરણ કરવામાં આવેલ છે. |

------------

**જોડીયા તાલુકામાં બિન પરંપરાગત ઉર્જાના ઉદ્યોગો માટે ફાળવેલ જમીન**

૯૨૧૦ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં આવેલી કેટલી કોસ્ટલ જમીન બિન પરંપરાગત ઉર્જાના ઉદ્યોગો માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી છે, | (૧) હે. ૩૪-૦૦-૦૦ ચો.મી. સરકારી જમીન ૨૦-વર્ષના સમયગાળા માટે ભાડાપટ્ટેથી ફાળવેલ છે. |
| (૨) ફાળવેલ જમીન પેકી કેટલી જમીન ખેતીની, સરકારી પડતર તથા ગોચર જમીન હતી, અને | (૨) હે. ૩૪-૦૦-૦૦ ચો.મી. સરકારી પડતર જમીન. |
| (૩) ખેડૂતોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ? | (૩) સરકારી જમીન ફાળવેલ હોવાથી વળતર ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કપડવંજ અને કઠલાલ તાલુકાના પાકા રસ્તાથી વંચિત પેટાપરાં**

૯૮૧૪ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કપડવંજ અને કઠલાલ તાલુકાનાં કેટલા પેટાપરાં પાકા રસ્તાથી વંચિત છે, | (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકાના ૧૨૪ પેટાપરાઓ અને કઠલાલ તાલુકાનાં ૫૬ પેટાપરાંઓ પાકા રસ્તાથી વંચિત છે. |
| (૨) આ પેટાપરાં ક્યા ક્યા છે અને આવા પેટાપરાંને પાકા રસ્તા આપવાનું શું આયોજન છે ? | (૨) આ પેટાપરાની યાદી સામેલ છે. નાણાકીય જોગવાઈ મુજબ તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે. |

**યાદી**

**કપડવંજ અને કઠલાલ તાલુકાના પાકા રસ્તાથી વંચિત પેટાપરાં**

| ક્રમ | તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કપડવંજ | દારાજીના મુવાડા | ૩૧ | કપડવંજ | રઘાજીના મુવાડા | ૬૧ | કપડવંજ | ફળીયાના મુવાડા |
| ૨ | "" | શામળીયા | ૩૨ | "" | ગોટાડી લાટ | ૬૨ | "" | ખલવાડા |
| ૩ | "" | બોરડીના મુવાડા | ૩૩ | "" | દાજી બારીયા | ૬૩ | "" | રતનપુર |

| ક્રમ | તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | "" | નવાધરા | ૩૪ | "" | ઉમાની મુવાડી | ૬૪ | "" | મોટા ખેખરીયા |
| ૫ | "" | કૃષ્ણનગર | ૩૫ | "" | ભગવાનજીના મુવાડા | ૬૫ | "" | ભગતપુરા |
| ૬ | "" | તેલીના મુવાડા | ૩૬ | "" | તથેડી | ૬૬ | "" | લોકીયા |
| ૭ | "" | ગોકળપુરા | ૩૭ | "" | રેણીપુરા | ૬૭ | "" | કુક્લીયાના મુવાડા |
| ૮ | "" | વસ્તાજીના મુવાડા | ૩૮ | "" | ગોકાજીના મુવાડા | ૬૮ | "" | ભીલયાના મુવાડા |
| ૯ | "" | હેમતાજીના મુવાડા | ૩૯ | "" | સોનેયા | ૬૯ | "" | ગમાનજીના મુવાડા |
| ૧૦ | "" | કાણીયેલના મુવાડા | ૪૦ | "" | મોતીપુરા | ૭૦ | "" | ગોવિંદપુરા |
| ૧૧ | "" | કેશરાજીના મુવાડા | ૪૧ | "" | નવાના મુવાડા | ૭૧ | "" | બારીયાના છાપરા |
| ૧૨ | "" | નવાબોભા | ૪૨ | "" | વડવાળા | ૭૨ | "" | ઢેકીયાની મુવાડી |
| ૧૩ | "" | મોતીપુરા | ૪૩ | "" | રાયણના મુવાડા | ૭૩ | "" | ભગાજીના મુવાડા |
| ૧૪ | "" | સુકી | ૪૪ | "" | હેમતાજીના મુવાડા | ૭૪ | "" | ડાંડીયાપુર |
| ૧૫ | "" | વાલ્વા મુવાડા | ૪૫ | "" | આરામજીના મુવાડા | ૭૫ | "" | માલ વિભાગ |
| ૧૬ | "" | કોલ્યાના મુવાડા | ૪૬ | "" | રામાલહેરજીના મુવાડા | ૭૬ | "" | જમાજીના મુવાડા |
| ૧૭ | "" | ઉદાપુરા | ૪૭ | "" | શામળીયાપુરા | ૭૭ | "" | નાની સુલતાનપુર |
| ૧૮ | "" | ગુલાબજીના મુવાડા | ૪૮ | "" | ગમાનજીના મુવાડા | ૭૮ | "" | ભીખનીયા |
| ૧૯ | "" | સ્વામીનારાયણનગર | ૪૯ | "" | ડંગાની મુવાડા | ૭૯ | "" | નવા પ્લાટ |
| ૨૦ | "" | બેટાવાડાના મુવાડા | ૫૦ | "" | ખોબલીયા | ૮૦ | "" | નવા લોટીયા |
| ૨૧ | "" | ભીમપુરા | ૫૧ | "" | સોનારી | ૮૧ | "" | ખારવાના મુવાડા |
| ૨૨ | "" | પુજાની મુવાડી | ૫૨ | "" | ફુલાના મુવાડા | ૮૨ | "" | રાયણના મુવાડા |
| ૨૩ | "" | બાવાનો મઠ | ૫૩ | "" | મુખીના મુવાડા | ૮૩ | "" | પીરયાના મુવાડા |
| ૨૪ | "" | કોટવાની મુવાડી | ૫૪ | "" | પરીયાના મુવાડા | ૮૪ | "" | કોયા ખુમજી |
| ૨૫ | "" | ગઢાની મુવાડી | ૫૫ | "" | નવા મુવાડા | ૮૫ | "" | રઈજીબારીયા |
| ૨૬ | "" | કોઠાનું મોવાડ | ૫૬ | "" | નવતાડની મુવાડી | ૮૬ | "" | દુધેલી લાટ |
| ૨૭ | "" | ટોપલીયા | ૫૭ | "" | મુખીના મુવાડા | ૮૭ | "" | ખુમજીના મુવાડા |
| ૨૮ | "" | નવી ઢુચાલ | ૫૮ | "" | ભીમલીયા | ૮૮ | "" | શીવપુરા |
| ૨૯ | "" | મોડપુરા | ૫૯ | "" | હડમતીયા | ૮૯ | "" | ધજાપુર |
| ૩૦ | "" | મુખીના મુવાડા | ૬૦ | "" | નિઝામીયાની મુવાડી | ૯૦ | "" | કેલાસકંપો |
| ૯૧ | કપડવંજ | મહુડીયા | ૧૦૩ | કપડવંજ | દેવપુરા | ૧૧૫ | કપડવંજ | વાંટડીયા |
| ૯૨ | "" | વેરાવક્તા મુવાડા | ૧૦૪ | "" | ચંદ્રનગર લાટ | ૧૧૬ | "" | ઉદરાના મુવાડા |
| ૯૩ | "" | લાલપુરાના મુવાડા | ૧૦૫ | "" | રાતડીયાની મુવાડી | ૧૧૭ | "" | રમાજ્યાના મુવાડા |
| ૯૪ | "" | હરમાનપુરા | ૧૦૬ | "" | કાશીપુરા | ૧૧૮ | "" | દાજીપુરા |
| ૯૫ | "" | પનીયારા | ૧૦૭ | "" | આગરવાના મુવાડા | ૧૧૯ | "" | જુના સોનારીયા |
| ૯૬ | "" | ભરવાડપુરા | ૧૦૮ | "" | નિરમાલીના મુવાડા | ૧૨૦ | "" | ફતેપુરા |
| ૯૭ | "" | હલવાના મુવાડા | ૧૦૯ | "" | વિકાસ પ્લોટ | ૧૨૧ | "" | રાણાજીના છાપરા |
| ૯૮ | "" | ગણવીસના છાપરા | ૧૧૦ | "" | કુંડલના મુવાડા | ૧૨૨ | "" | ખાનપુર |
| ૯૯ | | મીઢણના મુવાડા | ૧૧૧ | "" | મલકાણા લાટ | ૧૨૩ | "" | રામપુરા |
| ૧૦૦ | "" | ફુલજીના મુવાડા | ૧૧૨ | "" | નિરમાલીના મુવાડા | ૧૨૪ | "" | ઈચ્છાની મુવાડી |
| ૧૦૧ | "" | શંકરપુરા | ૧૧૩ | "" | જેહાબારીયાના મુવાડા | | | |
| ૧૦૨ | "" | ચુસણીયા | ૧૧૪ | "" | ઝાલા બારીયા | | | |

| ક્રમ | તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | કઠલાલ | સરદારનગર | ૩૦ | કઠલાલ | જનેત્રા |
| ૨ | "" | વાવના મુવાડા | ૩૧ | "" | કણજીયા |
| ૩ | "" | સરપંચની મુવાડી | ૩૨ | "" | સુરજપુરા |
| ૪ | "" | મથુરપુરા | ૩૩ | "" | વિરાબારીયાના મુવાડા |
| ૫ | "" | સીકંદર પોરડા | ૩૪ | "" | ગોકળજીના મુવાડા |
| ૬ | "" | વેજલીયા | ૩૫ | "" | લાલપનાના મુવાડા |
| ૭ | "" | રામનગર | ૩૬ | "" | મથુર કોલ્યાના મુવાડા |
| ૮ | "" | મુવાડી | ૩૭ | "" | અશોરીયાના મુવાડા |
| ૯ | "" | દેવનગર | ૩૮ | "" | લાકોડના મુવાડા |
| ૧૦ | "" | ઈન્દીરાનગરી | ૩૯ | "" | નવા મુવાડા |
| ૧૧ | "" | લાલપુરા | ૪૦ | "" | રણછોડપુરા |
| ૧૨ | "" | ભગતના મુવાડા | ૪૧ | "" | ભક્તિપુરા |
| ૧૩ | "" | મહાદેવપુરા | ૪૨ | "" | ક્લોલીના મુવાડા |
| ૧૪ | "" | અભાફતાની મુવાડી | ૪૩ | "" | દોલપુરા |
| ૧૫ | "" | લાલપુર | ૪૪ | "" | ધરમના મુવાડા |
| ૧૬ | "" | મનોજના મુવાડા | ૪૫ | "" | ગોકળપુરા |
| ૧૭ | "" | પનીયારા | ૪૬ | "" | રાયણના મુવાડા |
| ૧૮ | "" | બીલીયાની મુવાડી | ૪૭ | કઠલાલ | છલાજીના મુવાડા |
| ૧૯ | "" | અવિચલના મુવાડા | ૪૮ | "" | કોઠાના મુવાડા |
| ૨૦ | "" | લહેરીપુરા | ૪૯ | "" | નવા મુવાડા |
| ૨૧ | "" | કેસરપુરા | ૫૦ | "" | મોતીકાળાના મુવાડા |
| ૨૨ | "" | ધોરીયા | ૫૧ | "" | જેશાવાડા |
| ૨૩ | "" | પથાવત | ૫૨ | "" | જનતાનગર |
| ૨૪ | "" | બાપુનગર | ૫૩ | "" | ધુળાગલાના મુવાડા |
| ૨૫ | "" | રામપુરા લાટ | ૫૪ | "" | અજમાવતકોટ |
| ૨૬ | "" | ચોહાણપુરા | ૫૫ | "" | હાતીયાની મુવાડી |
| ૨૭ | "" | શંકરપુરા | ૫૬ | "" | માલવણ |
| ૨૮ | "" | વાધાવત | | | |
| ૨૯ | "" | ઝાખરીયાની મુવાડી | | | |

------------

**જૂનાગઢ જિલ્લામાં બિન પરંપરાગત ઉર્જાના ઉદ્યોગો માટે ફાળવેલ કોસ્ટલની જમીન**

૯૭૪૭ **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ અને સૂત્રાપાડા તાલુકામાં આવેલી કેટલી કોસ્ટલ જમીન બિન પરંપરાગત ઉર્જાના ઉદ્યોગો માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી છે,

(૨) ફાળવેલ જમીન પૈકી કેટલી જમીન ખેતીની, સરકારી પડતર તથા ગોચર જમીન હતી, અને

(૩) ખેડૂતોને કેટલું વળતર ચૂકવવામાં આવ્યું ?

**જવાબ**

(૧) કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કચ્છ જિલ્લામાં ખેડૂતોને અકસ્માત વિમા સહાય**

૧૦૦૪૦**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય યોજના અન્વયે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) સહાય ચૂકવવાની કેટલી દરખાસ્તો વિચારણા હેઠળ છે ?

**જવાબ**

(૧) ૨૬ ખેડૂતોને કુલ રૂા. ૨૬/-લાખ રકમ ચૂકવવામાં આવી.

(૨) ૫ (પાંચ)

------------

**રાજકોટ જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા**

૯૯૭૨ **શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં રાજ્ય સરકાર ધ્વારા તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓમાં કેટલા શોચાલયો બાંધવામાં આવ્યા અને તે પાછળ રાજ્ય સરકારને કેટલો ખર્ચ થયો, અને

(૨) જિલ્લાની બાકીની શાળાઓમાં શોચાલયો ક્યાં સુધીમાં બાંધવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૫૨ શાળાઓમાં ૧૫૨ શોચાલયો બનાવવામાં આવ્યા અને તે પાછળ રૂા. ૩૫,૦૦,૦૦૦/-નો ખર્ચ થયેલ છે.

(૨) જિલ્લાની બાકી ૧૧ (અગિયાર) શાળાઓમાં શોચાલયો બનાવવાનું આયોજન સૂચવેલ છે.

------------

**આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

૮૭૪૪ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની કુલ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકોની ઘટ તાલુકાવાઇઝ કેટલી છે, અને

(૨) તે ઘટ ક્યાં સુધી પૂર્ણ થશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ઘટ |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૯ |
| ૨ | ઉમરેઠ | ૦૮ |
| ૩ | બોરસદ | ૨૬ |
| ૪ | આંકલાવ | ૧૭ |
| ૫ | પેટલાદ | ૧૮ |
| ૬ | સોજીત્રા | ૧૩ |
| ૭ | ખંભાત | ૩૪ |
| ૮ | તારાપુર | ૧૨ |
| | **કુલ :** | **૧૩૭** |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

**રાજ્યમાં એન્જીનીયરીંગ કોલેજો**

૧૦૧૧૭ **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એન્જીનીયરીંગ કોલેજોની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી બેઠકોનો વધારો કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૬૯૫ બેઠકોનો વધારો થયો.

------------

**રાજ્યના સ્ટેમ્પ ડ્યુટીનો એકત્રિત દર**

૧૦૦૫૦ **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણ કરવા સરકારશ્રી ધારે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્ય સરકારે તા. ૦૧-૦૪-૦૬થી સ્ટેમ્પ ડ્યુટીના દરોનું સરળીકરણ અમલી બનાવેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૦૧૪૭**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓ કાર્યરત છે

| અ.નં. | ઘટક (તાલુકા)નું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તાલાલા (ગીર) | ૧૩૧ |
| ૨ | કેશોદ | ૧૮૨ |
| ૩ | માણાવદર | ૧૨૯ |
| ૪ | વંથલી | ૧૧૬ |
| ૫ | માંગરોળ | ૧૭૪ |
| ૬ | ભેંસાણ | ૭૬ |
| ૭ | જૂનાગઢ(ગ્રા) | ૨૯૬ |
| ૮ | માળીયા હાટીના | ૧૩૮ |
| ૯ | મેંદરડા | ૭૨ |
| ૧૦ | ઉના | ૨૯૫ |
| ૧૧ | વેરાવળ | ૩૦૧ |
| ૧૨ | વીસાવદર | ૧૩૫ |
| ૧૩ | કોડીનાર | ૨૧૧ |
| ૧૪ | સુત્રાપાડા | ૧૧૬ |
| | કુલ | ૨૩૭૨ |

(૨) આંગણવાડીઓમાં તેડાગર બહેનોની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) જૂનાગઢ જિલ્લામાં તેડાગર બહેનોની ૩૬૧ જ્ગ્યાઓ ખાલી છે.

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરી?

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા તા. ૭-૨-૦૯ ના રોજ દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવેલ. પરંતુ ચૂંટણી આચાર સંહિતા લાગુ પડવાથી ભરતી

પ્રક્રીયા મોકૂફ રાખવામાં આવેલ હતી. ચૂંટણી આચાર સંહિતા પૂર્ણ થતાં ભરતીની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

**રાજ્યમાં કામધેનુ પશુ યુનિવર્સિટી સ્થાપવા અંગે**

૯૬૪૭ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાજેતરમાં કામધેનુ પશુપાલન યુનિવર્સિટી સ્થાપવાનો સરકારે નિર્ણય કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેનું વડુમથક ક્યાં રાખવામાં આવનાર છે, અને

(૩) આ યુનિવર્સિટી રાજ્ય સરકાર ક્યારથી શરૂ કરનાર છે ?

**જવાબ**

(૧) ""હા"" જી.

(૨) રાજપુર (નવા) તા. હિંમતનગર જી. સાબરકાંઠા

(૩) સત્વરે.

------------

**ભરૂચ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં તબદીલ કરવા અંગે**

૮૮૨૧**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસૂલ વિભાગના પરિપત્ર મુજબ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા કિસ્સાઓમાં નવી શરતની જમીન જુની શરતમાં તબદીલ કરવામાં આવેલ નથી,

(૨) તબદીલ ન થવાના કારણો શા છે, અને

(૩) આવી જમીનો ક્યાં સુધીમાં તબદીલ થશે ?

**જવાબ**

(૧) તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કેસોની સંખ્યા |
|---|---|---|
| (૧) | આમોદ | ૩૦૧ |
| (૨) | અંક્લેશ્વર | ૨૩૬ |
| | **કુલ :** | **૫૩૭** |

(૨) વહીવટી કારણોસર બાકી રહેલ આ કાર્યવાહી હાલ પૂર્ણ થયેલી છે.

(૩) કાર્યવાહી હાલ પૂર્ણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેડા જિલ્લામાં જર્જરીત હાલતના પશુ દવાખાના**

૯૮૧૫ **શ્રી મણીભાઈ પટેલ** (કપડવંજ) **: માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં આવેલ પશુ દવાખાનાનાં જર્જરીત મકાનો નવા બનાવવા કે રીપેરીંગ કરવા માટેનું શું આયોજન છે, અને

(૨) કપડવંજ શહેરમાં આવેલ પશુ દવાખાનાનું મકાન ક્યારે નવું બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) વિરપુર અને મહુધા ખાતે આવેલ પશુ દવાખાનાના નવાં મકાન બાંધવા માટે તથા કપડવંજ ખાતે આવેલ પશુ દવાખાનાના હયાત મકાનનું રીપેરીંગ/મરામત કરવા માટે વર્ષ ૨૦૦૯-૧૦ ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) કપડવંજ ખાતે પશુ દવાખાનાનું મકાન હયાત છે જ અને તેમાં જરૂરી રીપેરીંગ/મરામત પણ કરવામાં આવનાર છે.

**રાજ્યનો કૃષિ વિકાસ દર**

* ૯૭૪૮ **શ્રી રાજસીભાઇ જોટવા** (સોમનાથ) **: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યનો વર્ષ ૨૦૦૮-૦૯નો કૃષિ વિકાસ દર કેટલો રહેવા પામેલ છે,

(૨) કૃષિ દરને વધારેમાં વધારે ઉંચો લાવવા માટે સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ આયોજનની વિગતો શી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯નો કૃષિ વિકાસ દર નક્કી કરવા માટેની પ્રક્રિયા ચાલુ છે.

(૨) હા, જી.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦માં કૃષિ પાક વ્યવસ્થાના સદરે રૂા. ૭૪૨૪૩.૦૦ લાખ અને બાગાયતી પાકો માટે રૂા. ૬૦૦૦.૦૦ લાખની જોગવાઈ કરી જુદી જુદી કામગીરી કરવાનું આયોજન છે.

------------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ**

૧૦૧૨૪ **શ્રી કાન્તીલાલ અમૃતિયા** (મોરબી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધો-૧ થી ધો-૫ અને ધો-૧ થી ધો-૭ ના ડ્રોપ આઉટ રેટમાં કોઇ ઘટાડો થયો છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) ● દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે.<br>● વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.<br>● વિદ્યાદીપ યોજના દાખલ કરેલ છે.<br>● માન. મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે.<br>● વિદ્યાર્થીનીઓ માટે અલાયદા શોચાલય સંકુલના બાંધકામ કરવામાં આવેલ છે.<br>● વિદ્યાસહાયક ભરતી યોજના દાખલ કરેલ છે.<br>● વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો, સ્વાધ્યાયપોથીઓ, આપવામાં આવેલ છે.<br>● બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ પ્રયોજવામાં આવે છે.<br>● આંગણવાડી ન હોય તેવા ગામોમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળા વચ્ચે સેતુરૂપ ઈસીસીઈ કેન્દ્રો ખોલવાનું ધોરણ રાખેલ છે.<br>● સર્વ શિક્ષા અભિયાન, એન.પી.ઈ.જી.ઈ.એલ., કે.જી.બી.વી. યોજનાઓની સફળતા પૂર્વક અને ફળદાયી અમલવારી કરવામાં આવી રહી છે.<br>● મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરવામાં આવેલ છે. |

----------

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

### માગણી ક્રમાંક ૩૯

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૮,૫૩,૧૮,૫૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૨,૩૨,૫૮,૧૬,૦૦૦/- ની માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૩૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૫૪,૪૨,૦૭,૦૦૦/- ની માગણી ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૪૦ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી ગૃહ નિર્માણ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૪,૫૭,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૧ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૦૧ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૩૪,૮૨,૪૯,૨૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૨૦,૦૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૦૨ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા ૧૬-૭-૨૦૦૯ (પાંચમો દિવસના**

**રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં.૩૯ | |
| ૧ * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપેથી<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-એચએલટી..આરોગ્ય..કચેરી<br>રૂા.૨,૪૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૭ | ૧૦૦ | સરકારી દવાખાનાઓના કથળેલા વહીવટને સંગીન બનાવી જનતાને યોગ્ય સારવાર મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨ * | ---"--- | ૧૦૦ | સરકારી દવાખાનાઓમાં ગરીબ દર્દીઓ પ્રત્યે દાખવવામાં આવતું ઓરમાયું વર્તન સુધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩ * | ---"--- | ૧૦૦ | આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો નિયમિત હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપેથી<br>૧૦૨-કામદાર ...યોજના<br>૦૧- કામદાર...કચેરી<br>રુા.૧,૭૪,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૦ | ૧૦૦ | કામદાર વીમા વીમા યોજનાના દવાખાનાઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | કામદાર વીમા યોજનાના દવાખાનાઓમાં ડોકટરોની સેવાઓ તથા દવાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે દર્દીઓની સંખ્યા ઘટતી જાય છે આ પરિસ્થિતિ સુધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | સ્પર્ધાત્મક તબીબી સારવાર સામે કામદાર વીમા યોજના નિષ્ફળ જતી રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૭ * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપેથી<br>૧૧૦-હોસ્પિટલ અને દવાખાના<br>૦૧- હોસ્પિટલ...વહીવટ<br>રુા.૧,૩૫,૮૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૫-૧૬ | ૧૦૦ | ડોકટરોની બેદરકારીના કારણે દર્દીઓને પડતી હાડમારી તથા મૃત્યુના બનતા બનાવો રોકવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮ * | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલના તબીબો દવારા અધુરી સારવારે રજા આપી દેવામાં આવે છે તેવી ગંભીર ઘટના સામે જવાબદારો સામે કડક પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯ * | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલના તબીબો ખાનગી તબીબો સાથે સાંઠગાંઠ રાખી દર્દીઓને ખાનગી દવાખાને મોકલી આપે છે ત્યારે આવા બનાવો પ્રત્યે પૂરતી કાળજી રાખી તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦ * | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં બ્રાન્ડેડ આઈટમોની ખરીદીમાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧ * | --"-- | ૧૦૦ | મેડિકલ વેસ્ટના નિકાલમાં ગેરરીતિ કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની ઘોર નિષ્ફળતા | |
| ૧૨ * | --"-- | ૧૦૦ | ગરીબ પ્રસૂતા બહેનોને તાકીદે દવાખાનામાં દાખલ ન કરવાને કારણે જાહેરમાં થતી પ્રસૂતિના બનાવોને ગંભીરતાથી લઈ જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૨-શહેરી...પધ્ધતિઓ<br>૧૦૧-આયુર્વેદ....પધ્ધતિઓ<br>૦૧-<br>એચએલટી.૨૦.આયુર્વેદ..કચેરી<br>રુા.૩,૫૬,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૪૦ | ૧૦૦ | આયુર્વેદ ડોકટરો તથા આયુર્વેદ દવાઓની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪ * | --"-- | ૧૦૦ | બંધ હાલતના આયુર્વેદ દવાખાનાઓને પુનઃચાલુ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૫ * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૬-જાહેર આરોગ્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-એચએલટી-<br>૧.આરોગ્ય.....કચેરી<br>રુા.૪,૧૯,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૮૧ | ૧૦૦ | કર્મચારીના પ્રમોશનની ફાઈલોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬* | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૬-જાહેર આરોગ્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-એચએલટી-<br>૧.આરોગ્ય.....કચેરી<br>રુા.૪,૧૯,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૮૧ | ૧૦૦ | બદલીઓના કેસોમાં ચાલતી ગેરરીતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭ * | --"-- | ૧૦૦ | કચેરીમાં રૂબરૂ આવતા ધારાસભ્યોને યોગ્ય પ્રતિભાવ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮ * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૬-જાહેર આરોગ્ય<br>૧૦૪-ઔષધનિયમન<br>૦૧-એચએલટી-૪૫.ખોરાક..તંત્ર<br>રુા.૧૦,૪૯,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૦૨ | ૧૦૦ | તાવની બનાવટી દવાઓનું થતું ધુમ વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯ * | --"-- | ૧૦૦ | ખોરાક ઔષધ નિયમન તંત્રમાં ચાલતી ગેરરીતિ સામે ઉચ્ચ કક્ષાએ તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦ | --"-- | ૧૦૦ | આરોગ્યને નુકશાન થાય તેવા હલકી કક્ષાના પીણા/રસ બજારમાં ખુલ્લેઆમ વેચાતા | |

| | | | | |
|---|---|---|---|---|
| * | | | અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧ * | --"-- | ૧૦૦ | નશીલી દવાઓના વેચાણ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી ક્રમાંક-૪૦** | |
| ૨૨ * | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૧-ગ્રામીણ....સેવાઓ<br>રુ઼ા.૧,૧૫,૧૨,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૨૧ | ૧૦૦ | ગ્રામિણ પરિવાર કલ્યાણ સેવાનો આંતરિયાળ વિસ્તાર સુધી ફેલાવો કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩ * | --"-- | ૧૦૦ | ગ્રામિણ પરિવાર કલ્યાણ સેવાઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪ * | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસૂતિ.... આરોગ્ય<br>રુ઼ા.૭૬,૬૮,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં.૧૨૩ થી ૧૨૫ | ૧૦૦ | નવજાતશિશુઓના આરોગ્યની સઘન ચકાસણી કરી જરૂરી આરોગ્યલક્ષી સેવાઓ સમયસર પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>**માગણી નં.૧૦૧** | |
| ૨૫ * | ૨૨૧૬-આવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨- ૧૯૭૩ના....વર્ગ<br>રુ઼ા.૬,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૧૬-૧૭ | ૧૦૦ | ૧૯૭૩ના ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમના અમલ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | | **માગણી નં.૧૦૨** | |
| ૨૬ * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના....વિકાસ...<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨- યુડીપી-૨૬ પ્રાદેશિક... યોજના<br>રુ઼ા.૧,૯૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૨૦ થી ૨૩ | ૧૦૦ | પ્રાદેશિક નકશા, વિકાસ નકશા તૈયાર કરતી વખતે જનતાને કોઈ નુકશાન ન થાય તેની કાળજી રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭ * | ---"--- | ૧૦૦ | પ્રાદેશિક નકશા અને વિકાસ નકશા સમયસર તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૮ * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૩- મુખ્ય નગર નિયોજક<br>રુ઼ા.૧૩,૭૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૨૪-૨૫ | | ટી.પી.સ્કીમો મૂકવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૯ * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના....વિકાસ<br>૧૯૧-સ્થાનિક...સહાય<br>૪૭-ભાવીલક્ષી....અમલ<br>રુ઼ા.૧૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૩૨-૩૩ | ૧૦૦ | ભવિષ્યલક્ષી શહેરી આયોજનનો વિકાસ કરતી વખતે જનતાની લાગણીને ધ્યાનમાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦ * | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૧૯૨-નગરપાલિકા ......સહાય<br>૦૧-યુડીપી-૨૧-૫૦%...અનુદાન<br>રુ઼ા.૧૬,૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં.૪૨ | ૧૦૦ | નગરપાલિકાઓને વિકાસ માટે ફાળવેલ રકમનો યોગ્ય ઉપયોગ થાય તેની નિયમિત ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૧ * | ---"--- | ૧૦૦ | નગરપાલિકાઓના વિકાસ માટેની ગ્રાન્ટની ફાળવણી સમયસર કરવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રીઓ મારી પાસે ૧ કલાક અને ૨૭ મિનિટ છે. માનનીય દંડકશ્રી.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપરની ચર્ચામાં વધારે સભ્યો ભાગ લઈ શકે તેથી સભાગૃહનો સમય એક કલાક લંબાવવા માટેની મારી દરખાસ્ત છે.

**અધ્યક્ષશ્રી :** સભાગૃહની અનુમતિથી સભાગૃહનું કામકાજ એક કલાક લંબાવવામાં આવે છે. હવે રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ કરવામાં આવશે, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રી તેમજ શહેરી વિકાસ વિભાગના મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૩૯, ૪૦, ૧૦૧ અને ૧૦૨ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપણું ગુજરાત એ ગાંધીનું ગુજરાત અને ગાંધીવાદી મૂલ્યોનું જતન કરવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતા અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની નીતિ અને નિયતના કારણે દૃઢ મનોબળથી હિંમતભર્યુ પગલું ભરીને અત્યાર સુધીમાં ૧૨૫ વખત લઠ્ઠાકાંડ થયાં, ચાર જેટલા કમિશનો નિમાયા છતાં પ્રથમ વખત રાજ્ય સરકારે કેબિનેટમાં આ કડક કાયદો ***Punish to death*** લાવ્યા તે બદલ હું હ્રદયપૂર્વકના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને હાર્દિક અભિનંદન આપું છું. કેટલાંક તંત્રી લેખમાં આજે એના ટાઈટલ બન્યાં છે બ્રેવો, હિંમતભર્યુ પગલું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા માટે એક ઉત્તમ, આવકારદાયક અને ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે એક અગત્યનું પગલું છે. ગુજરાત રાજયના આરોગ્ય વિભાગે અનેક ક્ષેત્રે નવા આયામો, નવા સીમાચિહ્નો સર કર્યા છે. ગુજરાતની સરકાર માનસિક આરોગ્યની પણ એક હૉસ્પિટલ ચલાવે છે. •(xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : હું એ શબ્દો કાઢી નાખું છું. આપ આપની ચર્ચાને આગળ લઈ જાવ, ચર્ચાનું ધોરણ નીચે ન લઈ જાવ, આપ એક સિનિયર સભ્ય છો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આરોગ્યલક્ષી સેવાઓના ઉત્તમ નમૂના માટે, ગુજરાતના પુરુષની સરેરાશ ઉંમર-૫૭ વર્ષ હતી, જે હવે વધીને ૬૭ વર્ષ થઈ છે અને ગુજરાતની સ્ત્રીઓની ઉંમર-૫૮ વર્ષ હતી, જે હવે સરેરાશ વધીને ૭૧ વર્ષ થઈ છે. આનું કારણ ગુજરાત સરકારની આરોગ્ય અંગેની પ્રતિબદ્ધતા અને ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વૈદિક ચિંતન, ``સર્વ સન્તુ નિરામયા`` અને નિરામય જીવનની ચિંતા કરીને ગુજરાતની સાડા પાંચ કરોડની જનતા સ્વાસ્થ નીરોગી રહે અને લાંબું આરોગ્ય, તંદુરસ્તી પૂર્ણ આરોગ્ય ઉપલબ્ધ થાય અને હ્યુમન ઈન્ડેક્ષ ઊંચો આવે એના માટે આરોગ્ય વિભાગે એમાં કવોલીટેટીવ ચેઈન્જ કરીને એફીશિયન્ટ બને તે રીતે એકટીવલી કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ એ સગર્ભા માતાથી સિનિયર સિટીઝન સુધી જીવનના તમામ પાસાઓને આવરીને, તમામ ક્ષેત્રે સુવિધાઓ પાળવા માટે સજજ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું રાજય સરકારને અભિનંદન આપું છું કે, ગુજરાતની સ્થાપનાથી આજ દિન સુધી તબીબી ક્ષેત્રે કયારેય પણ ન વધી હોય એટલી અન્ડર ગ્રૅજ્યુએટ કક્ષાએ, પોસ્ટ ગ્રૅજ્યુએટ કક્ષાએ અને ડિપ્લોમા કક્ષાએ સીટોમાં સૌથી વધારે આ વર્ષે સીટોમાં વધારો કર્યો તે બદલ રાજય સરકારને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું. યુ.જી. કક્ષાએ ૧,૫૫૫ બેઠકો હતી જેમાં ૫૦૦ બેઠકોનો વધારો થયો, આજે ૨૦૫૫ બેઠકો ઉપલબ્ધ છે. પી.જી. કક્ષાએ ૭૭૨ બેઠકો હતી એમાં પણ ૨૫૭ જેટલી બેઠકોનો વધારો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય અને ઓછી આવકવાળા મધ્યમવર્ગના લોકો કે જે કૅપિટેશન ફી નથી ભરી શકતા, જે ગુજરાતની બહાર પોતાનો અભ્યાસ કરવા માટે આર્થિક રીતે સક્ષમ નથી, એવા લોકોને ગુજરાતની અંદર તબીબી શિક્ષણ મળે એવા રાજય સરકારના આ પગલાને હું ફરીથી અભિનંદન આપું છું. ગુજરાત એ મૅડિકલ એજ્યુકેશન માટે હવે હબ બન્યું છે. ગુજરાતમાં સામાજિક વિષમતાના કારણે હમણાં એક કરુણાંતિકા બની અને સ્વાભાવિક છે કે, આપણે સૌને એના માટે સંવેદન હોય પણ રાજયના આરોગ્ય વિભાગે જે કામ કર્યુ છે એ કામની આ સભાગૃહ સમક્ષ પ્રશંસા કરવી જ પડે. રાજય સરકારે, આરોગ્ય વિભાગે શ્રી જયનારાયણભાઈ વ્યાસે માનનીય મુખ્ય મંત્રીશ્રી જે મિટિંગ લઈ રહ્યા હતા એમાં ધ્યાન ઉપર આવ્યું કે, ડાયાલીસીસની તાત્કાલિક આવશ્યકતા છે. અમદાવાદ શહેરની જ્યાં પણ ડાયાલીસીસ ઉપલબ્ધ હતા એ તમામ જગ્યાઓએ આઈ.કે.ડી.માં ૧૧૪ લોકોને, એપોલો, સેલ્બી, કર્ણાવતી, રાજસ્થાન અને મેડીસર્જ હૉસ્પિટલોમાં થઈને ૧૪૮ લોકોને ડાયાલીસીસની સુવિધા પૂરી પાડીને નવું જીવન બક્ષવાનું કામ કર્યુ હોય તો આ ગુજરાતની સરકારે કામ કર્યુ છે. આ પૈકીના ૯૭ જેટલા લોકો એવા હતા કે, જેને આંખની રોશની મળશે કે નહીં એ સવાલ હતો.માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આંખની સિવિલ હોસ્પિટલ, આંખની હોસ્પિટલ નગરી હોસ્પિટલની મદદથી સ્ટેરોઈડના ઈન્જેકશનની મદદથી તાત્કાલીક સુવિધા પૂરી પાડીને ૯૭ એ ૯૭ લોકોની આંખોની રોશની બચાવવાનું કામ રાજય સરકારના આરોગ્ય વિભાગે કર્યું છે. હું અમદાવાદના અસારવા મત વિસ્તારમાંથી આવું છું. સિવિલ હોસ્પિટલ કેમ્પસ મારા મત વિસ્તારમાં આવે છે. આ સિવિલ હોસ્પિટલ એશિયામાં સૌથી મોટી હોસ્પિટલ નહીં

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

પરંતુ  એઈમ્સ કક્ષાની હોસ્પિટલ બનવાની દિશામાં અમદાવાદ સિવિલ હોસ્પિટલે પ્રયત્નો શરૂ કર્યા છે. રાજય સરકાર અને મુખ્યમંત્રીશ્રીએ ૨૦૪૦ બેડની હતી એમાં નવા ૨૮૦૦ બેડ ઉમેરીને ૯૧૧કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલનું એકસપાન્સન કરીને ૪૮૪૦ બેડની કરીને ગુજરાતના લોકોને માટે સારવાર ઉપલબ્ધ કરાવવાની છે. આજે ગુજરાતની અંદર મનસુરથી અમદાવાદ બસ આવે, શિરોહીથી અમદાવાદ બસ આવે. આ બધી બસો રાજસ્થાન હોય, મધ્યપ્રદેશ હોય, મહારાષ્ટ્ર હોય આના દર્દીઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવે છે. આ સિવિલ હોસ્પિટલ અમદાવાદ શહેર કે ગુજરાતભરની અંદર જયારે કોઈ નેશનલ કેલામીટી થાય એવી આપત્તિના વખતે મેં આ સિવિલ હોસ્પિટલના લોકોને કામ કરતા જોયા છે. જયારે ધરતીકંપ આવ્યો હતો. એ કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવેલ ધરતીકંપમાંથી કેટલાય અસરગ્રસ્તોને સારવાર આપીને બેઠા કર્યા છે. કેટલાક તો એવા હતા કે જેના પરિવારોમાંથી કોઈ બચ્યું નહોતું. સિવિલ હોસ્પિટલની ડોકટર બહેનો, નર્સ બહેનોએ, ચોથા વર્ગના કર્મચારીઓએ જેના પરિવારમાંથી કોઈ નહોતું બચ્યું એને પરિવારની હુંફ આપી, એનું જતન કરી, એની માવજત કરી રીહેબીલેશનનું કામ કર્યું છે. અમદાવાદમાં ૨૦  ઈંચ વરસાદ હોય, ટ્રોમા સેન્ટરમાં બ્લાસ્ટ હોય કે અક્ષરધામ ઉપરનો હુમલો હોય. ટ્રોમા સેન્ટરમાં જયારે બ્લાસ્ટ થયો. અમદાવાદ શહેરમાં જુદીજુદી જગ્યાએ બ્લાસ્ટ થયા પણ એ વખતે સિવિલ હોસ્પિટલની અંદર કામ કરતી પરિચારિકા બહેન અસરગ્રસ્તમાં હોમાયા છતાં ડોકટરો, ચોથા વર્ગના કર્મચારીઓ બર્ન્સ થયેલા એકેએક પેશન્ટની ઉપર  પોતાના ઘરની ચિંતા કર્યા સિવાય પોતાના ઘર પાસે બોમ્બ ધડાકો થયો છે એવા સમાચાર સાંભળ્યા સિવાય એકએક બર્ન્સ પેશન્ટને ચારચાર પરિચારિકાબહેનો એની વેઈન પકડવા માટે પુરા દિલથી કામ કરતી હોય આવા સિવિલ હોસ્પિટલના સંકુલના સુપ્રિટેન્ડન્ટથી માંડીને ચોથા વર્ગના કર્મચારીઓને એક ધારાસભ્ય તરીકે હું સલામ કરું છું. એ જ કેમ્પસની અંદર કિડની હોસ્પિટલ આવેલી છે એ કિડની હોસ્પિટલમાં શ્રી એચ.એલ.ત્રિવેદી કે જેઓ કેનેડામાં પોતાની ધીકતી પ્રેકિટસ છોડીને ગુજરાતની અંદર કિડનીની સારવાર માટે બધું ત્યાગ કરીને એક ઋષિ પુરુષની જેમ આવ્યા. કિડની આખી સંસ્થાનું એમણે ડેવલપમેન્ટ કર્યું અને રાજયમાં દરરોજ એક કરતાં વધુ કિડની પ્રત્યારોપણનો વિશ્વરેકોર્ડ અમદાવાદની ગુજરાત સરકારની કિડની હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યો. કિડની હોસ્પિટલને કેન્દ્ર સરકારે સેન્ટર ફોર એકસલન્સ તરીકે અને દર વર્ષે ૩૮૩ જેટલી કીડનીનું પ્રત્યારોપણનું કામ કરવામાં આવે છે. યુ.એન.મહેતા હોસ્પિટલ કે જેની અંદર ૨૯ જેટલા નિષ્ણાત સુપર સ્પેશ્યાલીસ્ટ ડીગ્રીવાળા તબીબો આપણે તૈયાર કર્યા છે. એમાં કોર્પોરેટ કેર વીથ ચેરીટેબલ કોસ્ટ એના માધ્યમથી કોઈને પણ હાર્ટ એટેક આવે, હોસ્પિટલમાં આવે પહેલા ગોલ્ડન અવર્સમાં ૨૪ કલાકમાં એક રૂપિયો લેવામાં આવતો નથી. ૨૪ કલાક પૂરા થાય પછી દર્દીને કહેવામાં આવે છે. અત્યાર સુધીમાં બી.પી.એલ. કાર્ડવાળા ૭૦૦૦ને કાર્ડીયાક પ્રોસીઝર અને ૧૩૦૦ જેટલાને કાર્ડીયાક સર્જરી કરવામાં આવી છે. સ્કૂલ હેલ્થ પ્રોગ્રામમાં મેં જોયું છે કે નાના નાના બાળકો હોય ૦ થી ૧૮ વર્ષના ૯૦૦ જેટલા બાળકોને કાર્ડીયાક પ્રોસીઝર અને ૧૨૮૦ જેટલા બાળકોને કાર્ડીયાક સર્જરી જે બાળકના કુટુંબના લોકો આની અંદર એક પૈસો ખર્ચી શકે એવા ન હોય, જેને મર્યા સિવાય ઉદ્ધાર ન હોય એની જીંદગી બચાવવાનું કામ ગુજરાત સરકારે અને આરોગ્ય વિભાગે કર્યું છે. એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ વિશ્વકક્ષાની ૬૫૦ બેડની હોસ્પિટલ છે જેમાં બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટથી માંડીને કેમોથેરાપી સહિત અનેક સુવિધા છે.પહેલા અમદાવાદથી મુંબઈ ટાટા મેમૉરિયલમાં કૅન્સરની સારવાર લેવા માટે જવું પડતું.  આજે કૅન્સર હૉસ્પિટલ એ વિશ્વ કક્ષાની હૉસ્પિટલ બની છે.  વર્ષે ૨ લાખ જેટલા દર્દીઓને ગુજરાત અને આજુબાજુના રાજ્યોને સારવાર આપવાનું કામ કરે છે.  દેશના પશ્ચિમ વિભાગનું કૅન્સર કન્ટ્રોલ અને શિક્ષણ સંશોધનનું આ મહત્ત્વનું કેન્દ્ર છે. આંખની હૉસ્પિટલમાં ૧.૫ લાખ જેટલા ઓ.પી.ડી. ની સારવાર લોકો લે છે અને ૪૦,૦૦૦ જેટલા બાળકોને ચશ્માંનું વિતરણ કર્યુ.  ભૂકંપ વખતે આપણી પેરાપ્લેજિયા હૉસ્પિટલ મણકામાં ઈજા થતા લકવાગ્રસ્ત થયેલા લોકોને નવજીવન આપવાનું કામ કર્યુ છે. ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ સુવિધા એ સુવિધા ૪૦૦ જેટલી એમ્બ્યુલન્સ સાથે શહેરમાં કોલ મળે એની ૧૪મી મિનિટમાં અને ગામડામાં ૨૬મી મિનિટમાં આપણે ૭ લાખ જેટલા કેસો એટેન્ડ કર્યા છે. જેમાંથી ૨૫ ટકા જેટલા ટ્રોમાના કેસ અને ૩૦ ટકા પ્રસૂતિના કેસો થયા છે. આખા ગુજરાતની અંદર લોકો આને ૧૦૮ ગાડી નથી કહેતા, પણ આને મોદી ગાડી તરીકે જીવનરક્ષા તરીકે ગણવામાં આવે છે.  શાળા હેલ્થના કાર્યક્રમના માધ્યમથી ૧.૩૭ કરોડ બાળકોને તપાસવામાં આવ્યા છે.  જેમાંથી જરૂરિયાતવાળા બાળકોને સર્જરી, જરૂરિયાતવાળા બાળકોને રાજ્ય બહાર મોકલવાનું  પણ હાથ ઉપર લેવામાં આવ્યું છે.

આપણી ચિરંજીવી યોજના જેને એશિયન ઈનોવેટિવ એવોર્ડ મળ્યો હતો.  આના માધ્યમથી આ ચિરંજીવી યોજના એ વિશ્વ પ્રસિદ્ધ બની છે. ' અહિંસા પરમો ધર્મ ' એ આપણું સૂત્ર છે.  સ્ત્રીના ગર્ભમાં ભ્રુણ હત્યા કરી રહેલા લોકો એનો ઘોર અન્યાય કરી રહ્યા છે, એની સામે મુખ્યમંત્રીશ્રીએ એક જનઆંદોલન છેડ્યું, જેના કારણે આજે ૧,૦૦૦ સ્ત્રી અને પુરુષનો રેશિયો એમાં સ્ત્રીનું પ્રમાણ ૮૩૭ હતું, એ વધારીને ૮૯૧ થયું છે. રક્તદાનની દ્રષ્ટિએ ગુજરાત એ સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરે છે.

ગુજરાત શાંત, સલામત અને સુરક્ષાના કારણે ગુજરાતમાં રોજગારી ઊભી થવાના કારણે આજે ગુજરાત એ સમૃદ્ધિનું કેન્દ્ર બન્યું છે, જેના કારણે લોકો રોજગારી માટે અહીયા આવે છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ શહેર માટે વિચાર કર્યો.  મારે ગુજરાતના નગરોને વિશ્વના શ્રેષ્ઠ નગરો બનાવવા છે.  આજે ૪૦ ટકા વસ્તી શહેરમાં

વસે છે. આગામી ૨૦૧૧ સુધીમાં ગુજરાતના ૫૦ ટકા વસ્તી શહેરોમાં આવવાની છે, એટલે અડધો અડધ ગુજરાત શહેરમાં વસવાનું છે, એના માટે ૨૭૩૯ કરોડની સહાય કરી. આપણી ૭ મહાનગરપાલિકામાં અને ૧૬૯ નગરપાલિકા હોવાથી ૨૦૦૪-૦૫ માં નગરપાલિકા માટે ૧૨૧ કરોડ ખર્ચતા, એમાં ૧૪ ગણો વધારો કરીને ચાલુ વર્ષે ૧૮૦૦ કરોડ જેટલી સહાય કરવામાં આવશે. શહેરમાં ગરીબો વસે છે. ગરીબોને દયાની જરૂર નથી હોતી. ગરીબો માટે રાજય સરકાર એને પગભર થાય, સુવિધા મળે, એના આરોગ્ય, શિક્ષણ, પાયાની જરૂરિયાત માટે શહેરી વિકાસ સમૃદ્ધિ યોજના ૧૩,૦૦૦ કરોડનું પૅકેજ લાવ્યા છે. ચાલુ વર્ષે આ બજેટની અંદર સૌથી અસરકારક વાત હોય તો સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજનાના ૭,૦૦૦ કરોડના પૅકેજથી ૭૫ જેટલી નગરપાલિકાને ૪૦૦ કરોડના માધ્યમથી અને ૨૦૧૦ સુધીના સ્વર્ણિમ ગુજરાતના લક્ષ્યાંક સાથે આપણે નગરોને સુવિધા પૂરી પાડવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. આ વર્ષે સોરઠ વિકાસને માટે ૬૦૦ કરોડ જેટલી રકમ ફાળવવા કટિબદ્ધ છે.

ઑક્ટ્રૉય નાબૂદી વખતે આપણને ચિંતા હતી. ઑક્ટ્રૉય નાબૂદ થશે તો શું થશે? ૭ મહાનગરપાલિકામાં આ ઑક્ટ્રૉય નાબૂદ થયા, પછી આજદિન સુધીમાં અમદાવાદને ૧૨૦૦ કરોડ અને કુલ ૨૮૦૦ કરોડ જેટલી માતબાર ગ્રાન્ટ ઑક્ટ્રૉય નાબૂદ થયા બાદ રાજય સરકારે ૭ મહાનગરપાલિકઓને આપીને શહેરનાં વિકાસનાં કામની ગતિ ન રોકાય એની ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરમાંથી આવું છું. ૫૦ લાખની વસ્તી ધરાવતું આ શહેર, આ ગુજરાતની આર્થિક રાજધાની. જ્યારે એમાંથી પસાર થઈએ ત્યારે રીવરફ્રન્ટ તે શહેરની સુવિદ્યામાં, શહેરની સુંદરતામાં વધારો. આપણે ફ્રાન્સ, પૅરીસ, લંડનમાં જે દૃશ્યો જોયા છે તે આગામી દિવસોમાં ૪૫ ટકા કામ પૂર્ણ થયું છે. ૧૫૦૦ કરોડના ખર્ચે આ રીવરફ્રન્ટના માધ્યમથી અમદાવાદની સુંદરતા દેશમાં પ્રથમ નંબરની બનવાની છે. પહેલાં નદીની અંદર માત્ર સર્કસના તંબૂઓ હતા. આજે નદીમાં બે કાંઠે ભરેલા પાણીના કારણે નદીની નયનરમ્યતામાં અનેકગણો વધારો થયો છે. બી.આર.ટી.એસ. આ બી.આર.ટી.એસ. વિશ્વમાં મેકિસકો, બ્રાઝિલ, કોલંબિયાના બોગોટો જેવા શહેરમાં હતી પરંતુ આજે બી.આર.ટી.એસ.નો ૫૯ કિલોમીટરનો કુલ રસ્તો છે તેમાંથી ૧૨ કિલોમીટરનું કામ પૂર્ણ થયેલ છે અને આગામી દિવસોમાં ૩૫૯ ખર્ચવાના છે. તેના કારણે ટ્રાફિકની સમસ્યાનો હલ આવશે અને પર્સનલ વ્હીકલનો વપરાશ ઘટશે. પર્સનલ વ્હીકલનો વપરાશ ઘટવાના કારણે અમદાવાદ શહેરનું પ્રદૂષણ ઘટશે અને ગ્લોબલ વોર્મિંગમાં થતી અસરોના કારણે આપણે શહેરીજનોને શુદ્ધ હવા પૂરી પાડીશું. કાંકરિયા લેક ડેવલેપમેન્ટ, એક મિનિટ સર. હું આ બંને માગણીઓને મારું સમર્થન આપું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ ૨૦૦૮-૦૯ની જોગવાઈ સામે ૪૩.૫ ટકાના વિક્રમી વધારા સાથે સન ૨૦૦૯-૧૦ની સૂચિત જોગવાઈ ૧૦૭૨ કરોડની કરવામાં આવી છે તેને આવકારું છું. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રે વિક્રમી જોગવાઈનો વધારો કરવા બદલ અને રાજયના સામાન્ય માનવીની વિશેષ કાળજી લેવા બદલ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ૧૨૪૦ કરોડ ૧૮ લાખ ૮૧ હજારની જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન કરું છું. રાજયના દીર્ઘદૃષ્ટા મુખ્યમંત્રીશ્રીએ કચ્છ અને ઉત્તર ગુજરાતની મૅડિકલ કૉલેજ માટેની માગણી સંતોષી છે તેની સાથોસાથ ચાલુ એકેડમીક વર્ષ દરમ્યાન એમ.બી.બી.એસ. કક્ષાએ ૪૫૦ કરતાં નવી સીટો ઉપલબ્ધ કરાવી અને રાજયની સ્થાપનાથી આજદિન સુધીમાં રાજયના તબીબી શિક્ષણ ક્ષેત્રે ચાલુ સાલે થયેલ વિક્રમી વધારો એક ઉપલબ્ધિ છે. રાજયના ઓછી આવક ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓને આના કારણે જે એડમીશનથી વંચિત રહેતા હતા તેને આનો લાભ મળશે. તે આવકારદાયક છે. આરોગ્ય ક્ષેત્રે ખાસ કરીને જે સાર્વજનિક હૉસ્પિટલો છે તેનું નવીનીકરણ માટે થઈને જે ફંડ ફાળવવામાં આવ્યું છે અને તેમાં અમદાવાદની સિવિલ હૉસ્પિટલ માટે ૧૦૦ કરોડની જે જોગવાઈ કરવામાં આવી છે તેને આવકારું છું. સાથોસાથ શહેરી વિકાસ ક્ષેત્રે જે જોગવાઈ કરવામાં આવી છે તે જોગવાઈઓનું સમર્થન કરું છું. વડોદરાની પ્રયોગશાળાને એન.એ.બી.એલ.નું જે સર્ટિફિકેટ મળ્યું છે તે આવકારદાયક બાબત છે. બાકીની રાજયની બે પ્રયોગશાળાને પણ આ પ્રકારના સર્ટિફિકેટ મેળવવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે તેને પણ આપણે આવકારીએ છીએ. દેશના ફાર્માસ્યુટીકલ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત રાજય દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. છેલ્લા વર્ષમાં આ ઉદ્યોગ ક્ષેત્રે રૂા.૨૩૮૪૫ કરોડનું ટર્ન ઓવર આ ઉદ્યોગ દ્વારા કરવામાં આવેલ છે. તથા રૂપિયા ૬૬૦૪ કરોડ રૂપિયાના ઔષધની નિકાસ વિવિધ દેશોમાં કરવામાં આવી છે એ પણ આવકારદાયક છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ અન્વયે કુલ ૨૨ ફાર્મા કંપની સાથે એમઓયુ કરી રોકાણકારોને આકર્ષી આશરે રૂપિયા ૩૨૫૦ કરોડનું રોકાણ ગુજરાત રાજય ખાતે કરવામાં સફળતા મેળવી છે એ પણ આપણી એક સિદ્ધિ છે. રાજયમાં ઉત્પાદક સ્થિતિ દવાઓની ગુણવત્તાની દૃષ્ટિએ શ્રેષ્ઠ હોવાથી સમગ્ર દેશમાં તથા વિદેશમાં

ગુજરાત રાજયના ઉત્પાદકોની દવાઓ અન્ય રાજયોના ઉત્પાદકો કરતાં પણ વધુ સ્વીકાર્ય બનેલ છે અને ગુજરાતની ઇમેજ ઊભી કરવામાં આવી છે તે પણ આપણા માટે આવકારદાયક છે.

આયુર્વેદિક તબીબી સારવાર પૂરી પાડવા માટે થઈને રાજયની કુલ ૩૨ આયુર્વેદિક હૉસ્પિટલો છે અને ૫૦૪ જેટલા આયુર્વેદના દવાખાના બનાવવામાં આવ્યા છે તેમાં પણ જે સગવડો આપવામાં આવી રહી છે તે પણ સરાહનીય છે. કામદાર રાજય વીમા યોજના અન્વયે વધારે કામદારોનો સમાવેશ કરીને લગભગ દોઢા કામદારોનો સમાવેશ થયો છે અને તે અંગેની સુવિધાઓ પણ માટે જે જોગવાઈ કરવામાં આવી છે તે પણ આવકારદાયક છે અને માનનીય અધ્યક્ષશ્રી, હું આ માગણીઓને સમર્થન કરું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આવ્યા છે એના અનુસંધાનની અંદર હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી લગભગ સાત આઠ વર્ષ પહેલાં ગુજરાતની નગરપાલિકાઓની જે સ્થિતિ હતી અને આજે જે સ્થિતિ છે એમાં આભ જમીનનો ફેર છે. સાત આઠ વર્ષ પહેલાં નગરપાલિકાઓની સ્થિતિ આર્થિક સ્થિતિ એકદમ ખરાબ હતી. પગાર પણ માંડ માંડ કરી શકાય, શહેરની સુવિધાઓ પણ ન આપી શકાય, પગારો ચડેલા હોય, આંદોલન ચાલતાં હોય, ફરીથી ચૂંટાવાની ચિંતામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ વેરાઓમાં વધારો ન કરતા હોય અને આર્થિક સ્થિતિ સારી ના કરતા હોય એટલે આખું તંત્ર ખાડે ગયું હતું પરંતુ જ્યારે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે આ સરકારે વિચાર્યુ કે શહેરો શહેરીકરણ નહીં થાય, શહેરો મજબૂત નહીં થાય, શહેરોની ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થિતિમાં સુધારો નહીં થાય, સુવિધાઓમાં સુધારો નહીં થાય તો ગુજરાતનું ભાવિ બરાબર નહીં હોય. ગામડાંઓની જેમ શહેરોનો પણ વિકાસ થવો જોઈએ. ૩૮ ટકા વસતિ આજે શહેરોમાં વસે છે એના અનુસંધાનની અંદર ગુજરાતની અંદર ગુજરાત સરકારની આ નગરપાલિકાઓને મજબૂત કરવાની જબરજસ્ત જહેમત ચાલુ થઈ અને ગુજરાત સરકારની અનેકવિધ યોજનાઓ શરૂ થઈ છે. નગરપાલિકાઓને આર્થિક મદદ મળે, નગરપાલિકાઓ પોતે સારી સુવિધાઓ આપી શકે એના માટે નિયંત્રિત અને કડક શિસ્તમાં રહીને આર્થિક રીતે મદદ કરવા માટે લોન અને ગ્રાન્ટ, આ બંનેનો જબરજસ્ત વધારો થયો છે. પરિણામે આજે ગુજરાતની નગરપાલિકાઓમાં સરકારના પૈસે જાત જાતની પ્રવૃત્તિઓ થવા માંડી, એનું ઓડિટીંગ પણ બહુ સરસ થાય છે, પરિણામે નગરપાલિકાઓના વિસ્તારની અંદર સામાન્ય નાગરિકને સુવિધાઓ મળતી થઈ છે. અનેકવિધ યોજનાઓની અંદર, ગુજરાત સરકારની યોજનાની અંદરખાસ કરીને રાજય સરકારની જે યોજનાઓ છે એમાં સરકારે વિચાર્યું, નાણા પંચે વિચાર્યુ કે આપણી જે આવકના સ્ત્રોત છે એમાંથી નગરપાલિકાઓને મદદ નહીં કરીએ તો નગરપાલિકાઓ મજબૂત નહીં થાય. એના પ્રમાણમાં આજે મનોરંજન કરમાંથી જે તે વિસ્તારમાંથી મનોરજન કર આવતો હોય એના પચ્ચાસ ટકા રકમ આજે નગરપાલિકાની પાયાની સુવિધા માટે આપવામાં આવે છે એ એક અભિનંદનને પાત્ર છે. આ ઉપરાંત અનેકવિધ યોજનાઓમાં મહાનગરપાલિકા હોય એમાં વ્યવસાય વેરાની આવક છે કે વેટની આવક છે એ આવક એ જે તે શહેરને ૫૦ ટકા રકમ આપવામાં આવે છે, આ સુવિધાઓ માટે આપવામાં આવે અને એના ઉપર નિયંત્રણ પણ હોય છે અને એના પરિણામે સરકારના પૂરેપૂરા પૈસાનો ઉપયોગ થાય છે આ હકીકત સાચી છે. આપણો ત્રીજો તબક્કો છે એમાં કેબલ ટીવી વાળા જે કાંઈ આવકો ઉભી કરે એમાંથી પણ ૫૦ ટકા રકમ જે તે વિસ્તારના વિકાસ માટે આપવામાં આવે છે. આ રીતે અનેકવિધ સરકારના જે આવકના સ્ત્રોત છે એમાંથી સરકારે મદદ કરવાનો નિર્ધાર કર્યો હોય એવું લાગે છે. આ ઉપરાંત અનેક બીજી યોજનામાં ગંદા વસવાટ નાબૂદી માટેની યોજના ચાલે છે. એમાં ઈન્ટીગ્રેટેડ સ્કીમની અંદર વર્ષોથી જે કામ થતું એના કરતા વધારે કામ થાય છે. આજે શહેરની અંદર નાના નાના ટાઉનની અંદર સૌચાલયો બનાવવા માટે સબસીડી આપવમાં આવે છે. આ રીતે ગુજરાતના શહેરો વધુ સુદ્રઢ થાય, વધુ ચોખ્ખા થાય પરિણામે ગુજરાતને વાઈબ્રન્ટ બનાવવું હોય, ગુજરાતને વાઈબ્રન્ટ ગુજરાત બનાવવાની જે આપણે કલ્પના કરી હતી એટલે બહારથી આવનારા લોકો વિચાર કરે કે, ગુજરાતના ગામડાંઓ અને શહેરો ગંદા છે એવું ન લાગે અને ગુજરાતના શહેરો સુંદર છે એ બતાવીએ તો આપણે વાઈબ્રન્ટમાં સ્વપ્નો સેવ્યા છે અને આપણે જે વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં બોલાવવા માગીએ છીએ એ લોકો ગુજરાતની અંદર આવે અને ઉદ્યોગો સ્થાપે એના માટે આ બધી યોજનાઓ ચાલી રહી છે. આ ઉપરાંત આ ઓછું હોય તેમ જ્યારે નગરપાલિકાની અંદર ઇલૅક્શન આવતું હોય ત્યારે નવી નવી યોજનાઓ બનાવીને આપણે આમ કરીશું તો આપણને મત મળશે તેમ વિચારીને બીજી કંપનીઓ પાસેથી લોન લે અને પરિણામે નગરપાલિકાઓ ઉપરનું ભારણ વધતું જાય અને એના કારણે નગરપાલિકાની સ્થિતિ કફોડી બનતી જતી હતી એટલે આ સરકારે વિચાર કર્યો કે નગરપાલિકાએ બીજા લોકો પાસેથી લોન લેવી ન પડે અને પોતે પોતાના પગભર થઈ શકે અને પોતે સારી રીતે પૈસા વાપરી શકે એ માટે ઓછા વ્યાજની લોન માટે શ્રીનીધિ યોજના કરી આ શ્રીનીધિ યોજનાની અંદર નગરપાલિકાઓના પાયાના કામો માટે લોન આપવામાં આવે છે. આ ઉપરાંત મને આનંદ થાય છે કે, આખા ગુજરાતની અંદર સૌ પ્રથમ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાંથી અમારા ખંભાતમાં ઘન કચરાના નિકાલ માટેની જે યોજના ખંભાતથી અપાય છે એ યોજના ૭૫ ટકા પૂર્ણ થઈ ગઈ છે. આ સોલીડ ઘન કચરાની અંદરથી ખંભાત નગરને આવક ઉભી થાય એના માટેનો સ્ત્રોત ઉભો કર્યો છે. આ રીતે નગરપાલિકાઓની સ્થિતિ મજબૂત થાય એવી અનેકવિધ યોજનાઓ આવી છે

આ ઉપરાંત આરોગ્ય ક્ષેત્રમાં પણ ગુજરાત આખા દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આજે સિવિલ હૉસ્પિટલમાં બીજા રાજ્યોમાંથી પણ લોકો આરોગ્યની સેવાઓ લેવા આવે છે, રાજસ્થાન અને બીજા રાજયોમાંથી પણ લોકો આવે છે ત્યારે કેટલાક લોકોને હું ટકોર કરું છું કે, સિવિલનો કેટલોક સ્ટાફ પટાવાળાનો છે એ રીતસર ધંધો કરતા હોય છે અને બીજા રાજ્યો, મધ્યપ્રદેશ વગેરેમાંથી દર્દી લઈ આવે છે અને દર્દીઓ પાસેથી પાંચ પાંચ હજાર રૂપિયા લે છે ત્યારે આવું ન થાય એ માટે સરકારશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી થોડું ધ્યાન રાખે એવી મારી વિનંતી છે.

આજે જે માનનીય મંત્રીશ્રીઓ પોતાના ખાતાની માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ જે માગણીઓ લઈને આવેલા છે તેમાં હું મારી બે વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું કે, માનનીય મંત્રીશ્રીએ અત્યારનો જે યુગ ચાલી રહ્યો છે તેમાં આયુર્વેદિકના વિષયો ઉપર આમાં જોગવાઈ કરી છે. આયુર્વેદિક દવા અત્યારે બાબા રામદેવ દ્વારા જે યોગ શિબિરો થાય છે એમાં પણ આયુર્વેદના વિષયો ઉપર દેશી જે આપણે દવાઓ કહીએ છીએ એ લેવા માટે ત્યાંથી પણ દવાઓ મંગાવતા હોય છે. તો આ યુગમાં જે આયુર્વેદિક હૉસ્પિટલો છે એ આપણા રાજયમાં ખૂબ સરસ રીતે ચાલે અને ખૂબ લોકોની સેવા કરી શકે એવો સ્ટાફ કાર્યરત માનનીય મંત્રીશ્રીએ કર્યો છે.

મારા ભાવનગર જિલ્લામાં ૨૦ આયુર્વેદિક હૉસ્પિટલો આવેલી છે અને તે હૉસ્પિટલ દ્વારા અમારા તાલુકા કક્ષાએ અમે કૅમ્પ રાખીએ છીએ અને આ આયુર્વેદિક દવાઓ ડૉક્ટરોની આખી ટીમ તાલુકા મથકે બેસી અને ફ્રી ઑફ સારવાર કરી અને સાથે દવા પણ આપતા હોય છે અને આનાથી ખૂબ સારા પરિણામ આવ્યા છે. આયુર્વેદિક દવાની કોઈ આડઅસર નથી અને આડઅસર નહીં હોવાથી જૂના જમાનાની જે આપણી પદ્ધતિ હતી એ પદ્ધતિથી આ દવાખાના કાર્યરત થઈ રહ્યા છે. મારે તો મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે, આયુર્વેદિક દવાખાનાઓ કાર્યરત થયાં છે એમાં હજી પણ વધારો કરી અને લોકોને આ સુવિધા વધારેમાં વધારે મળતી રહે અને લોકોનો જ્યારે આ તરફ ઝૂકાવ છે એમાં આયુર્વેદિક વિભાગને પણ વધારેમાં વધારે મહત્વ આપવામાં આવ્યું જ છે, પણ હજી આમાં વધારો થાય.

બીજું, રાજય સરકાર દ્વારા ચાલતી  આયુર્વેદિક હોસ્પિટલ અને શિક્ષણ આપતી ચાર કોલેજો પણ છે અને એ કોલેજ અત્યારે જામનગરમાં ખૂબ સુંદર રીતે કાર્યરત છે, આયુર્વેદિક ક્ષેત્રમાં આપણે જે યુનિવર્સિટી બનાવી છે આખા દેશમાં આપણું ગુજરાત રાજય આ બાબતમાં પ્રથમ રહેલું છે એ બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું, હોમિયોપેથિક વિભાગમાં પણ રાજયમાં કુલ ૧૬ મેડિકલ કોલેજો આવેલી છે અને હોમિયોપેથિક વિભાગ પણ ખૂબજ આગળ આગળ કાર્યરત થઈ રહ્યો છે અને આમાં ૧૫૭૬ જેટલી સીટો અત્યારે છે મારે મંત્રીશ્રીને એકજ વાત કરીને બેસવું છે કે 'જે દુ:ખની ઉડાડે ધૂળ તે શેતાન હોય છે જે સુખની ધરા વહાવે તે ભગવાન હોય છે બન્નેનો મેળ સાધી જે નિપજાવે જિંદગી, મારું એ માનવું કે એ ઈન્સાન હોય છે' માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં સમર્થન કરું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત રાજયની સમગ્ર પ્રજાને આરોગ્ય અને સુખાકારીની સેવાઓ સુલભ રીતે પ્રાપ્ત થઈ શકે તે માટે વિભાગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી માંડીને અને હોસ્પિટલો સુધીની સુવિધાઓ ઉપલબ્ધ કરી છે અને તેના શિક્ષણ માટે મેડિકલ કોલેજો, આયુર્વેદિક કોલેજો અને હોમિયોપેથિક કોલેજો ચલાવવામાં આવે છે. ભારતની સંસ્કૃતિના મૂલ્યો એવા અદ્‌ભૂત છે કે યુગે યુગે સુવર્ણ સમયનો તેજોગુપ્ત પ્રકાશ આપતો જાય છે, ગુપ્ત સમયને સુવર્ણ યુગ ગણવામાં આવતો હતો, ગુપ્ત સમયની અંદર થયેલા વૈદો અને મહાવૈદો વલામી, આર્યભટ્ટ, સુશ્રુત એ સર્વેએ નામના પ્રાપ્ત કરી અને એમણે આપેલા મૂલ્યો આજે પણ કામના છે. સુશ્રુતે આઠ પ્રકારના ઓપરેશન માટે શસ્ત્રો બનાવ્યા, એ શસ્ત્રોમાં વધારો કરીને આજે આપણે નવમા પ્રકારનું વાઢકાપનું શસ્ત્ર હજી પણ બનાવી શક્યા નથી, અગત્યની વાત બીજી એ છે કે, સુશ્રુતે એક શસ્ત્ર એવું તીક્ષ્ણ બનાવ્યું હતું કે જે શસ્ત્ર આપણા માથાના વાળના બે ચીરા કરી શકે એવું અદ્‌ભૂત શસ્ત્ર એણે બનાવ્યું હતું, એ વખતે એ ગુપ્ત સમય હતો અને આપણી ભારતીય સંસ્કૃતિના મૂલ્યો આજે પણ એના એ જ છે, ભારતીય સંસ્કૃતિના મૂલ્યો જેના હ્રદયમાં પ્રસ્થાપિત થયાં છે એમના હ્રદયની અંદર એની વિચારસરણી રૂએ રૂએ પ્રસરી છે, એવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ૨૦૧૦ની સાલમાં ગુજરાતને સ્વર્ણીમ ગુજરાત જોવાનો જે સંકલ્પ કર્યો છે અને જે સ્વપ્નું જોયું એના માટે તેઓ અથાગ પ્રયત્નો કરી રહ્યા છે આના માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ પણ સતત પ્રયત્ન કરી રહ્યો છે અને ગ્રામ્ય વિસ્તારો અને પહાડી વિસ્તારો, આદિવાસી વિસ્તારો, અગરિયાના વિસ્તારો કે સીમાના વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ સરળ રીતે ઉપલબ્ધ થાય અને નજીકમાં નજીક આરોગ્યની સેવાઓ તે મેળવી શકે એવા પ્રયત્નો આરોગ્ય વિભાગ કરી રહ્યું છે, મારા વિસ્તારમાં નજીકમાં નજીક સેવાઓ પ્રાપ્ત થઈ શકે એ આશયથી આપણા ગુજરાત રાજયના આરોગ્ય

વિભાગના આરોગ્ય વિભાગના મંત્રી મહોદય જયનારાયણભાઈ વ્યાસે બાયડ તાલુકાના જેતપુર ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્ર મોટું આપ્યું છે. આ આરોગ્ય કેન્દ્ર ચાલુ થઈ ગયું છે અને ત્યાંની પ્રજા તેનો લાભ લેતી થઈ છે અને આનંદિત બની છે તેથી તે વિસ્તારના પ્રજાજનો વતી હું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને જયનારાયણભાઈ વ્યાસનો અંત:કરણપૂર્વક આભાર માનું છું. પહેલાંની સરકારો આરોગ્યને લગતી બાબતોમાં કામ કરતી હતી પણ તેમના કામો ઉંટના લીંડા જેવા હતા. તે ઉંટના લીંડા ખેતરમાં પડે તો તેનાથી ખેતરની ફળદ્રુપતા પણ ના વધે અને બીજાના કામમાં પણ ના આવે. આવા એમના કામો હતા. આજની સરકાર હ્દયપૂર્વક, સંસ્કૃતિને અનુરૂપ અને સહર્ષ રીતે આ વિકાસના કામ આરોગ્યને લગતાં કામ કરે છે. આવા કામો કરવામાં આપણી સરકારે સોનેરી યોજનાઓ બનાવી છે. આ સોનેરી યોજનાઓમાં ચિરંજીવી યોજના. ચિરંજીવી યોજના એક એવી અગત્યની યોજના છે કે ભૂતકાળની અંદર માતાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં દાયણો પાસે પ્રસૂતિ કરાવવામાં આવતી હતી. અને તેના કારણે માતાઓ મૃત્યુનો ભોગ બનતી હતી.

**સભાપતિશ્રી** : આપ એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે પ્રસૂતિ વખતે માતાઓના ઓછામાં ઓછાં મૃત્યુ થાય એવો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. બીજી વાત બાળ સખા યોજના. તે પણ અગત્યની બાબત છે. આરોગ્યના ક્ષેત્રે બાળકો જ્યારે જન્મે ત્યારે તેની વર્ષગાંઠ પણ પૂરી કરી ના હોય અને પચાસ ટકા બાળકોના મૃત્યું થતાં હતાં.

**સભાપતિશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રી માગણી ક્રમાંક: ૧૦૧ અને ૧૦૨ લઈને આવ્યાં છે તેના સમર્થનમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક મહાનગરના વિસ્તારમાંથી જ્યારે વિધાનસભામાં જવાબદારી લઈને આવું છું તો શહેરી વિકાસ વિભાગની ચર્ચામાં ભાગ લઉં છું. આ સદીના જે શ્રેષ્ઠ વિકસિત દેશો છે તેની સરખામણીમાં છેલ્લાં ઘ ણાં સમયથી આપણે જોયું છે કે ગુજરાત રાજય તે સમગ્ર ભારતમાં નંબર-૧ બની રહ્યું છે. તેની આંકડાકીય માહિતીમાં હું નથી પડતો. પણ છેલ્લાં જે આંકડા છે અગિયારમી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં જ ગુજરાતે ૧૨.૭૯ ટકા જેવો ધરખમ આર્થિક વિકાસ દર હાંસલ કરી આ જ કારણે ગુજરાત તે સમગ્ર દેશમાં નંબર-૧ રહ્યું છે અને આ જ કારણે ગુજરાતના જે શહેરો છે તેમાં શહેરીકરણ પણ વધવા માંડયુ છે. રાજય સરકારે ભૂતકાળમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાને જેટલી નાણાંકીય સહાય કરી હતી તેના કરતાં છેલ્લાં થોડાં સમયમાં ખૂબ મોટા પ્રમાણમાં નાણાંકીય સહાય કરી રહી છે. રાજય સરકાર આ શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં સમાજના બધા જ વર્ગો તેની મૂળભૂત સુવિધાઓથી વંચિત રહી ના જાય તે પ્રકારના વિકાસના કામોનું આયોજન કરી પ્રજા સમક્ષ આવ્યાં છે. ખાસ વાત કરું તો શહેરમાં રહેતાં જે ગરીબો, તવંગર અને ગરીબોનો જે ભેદ મિટાવવાની સરકારની જે નેમ છે ગરીબોના સર્વાંગી ઉત્કર્ષ માટે એક પાંચ વર્ષનું વ્યાપક આયોજન કર્યુ છે. આયોજન કરી અને શહેરી ગરીબ સમૃદ્ધ આવાસ યોજના અંતર્ગત રૂપિયા ૧૩ હજાર કરોડનું એક વિશેષ આયોજન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આવનાર વર્ષ ૨૦૧૦ તે ગુજરાતની સ્થાપનાનું ૫૦મું વર્ષ છે અને સરકાર છેલ્લાં દોઢેક વર્ષથી સ્વર્ણીમ્ ગુજરાત સંકલ્પ જ્યોત અથવા સ્વર્ણીમ્ ગુજરાત સંકલ્પ રથ લઈને આપણી સમક્ષ આવ્યાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની પણ એક નેમ છે કે આવનારું વર્ષ જ્યારે સ્વર્ણીમ્ ગુજરાતનું વર્ષ છે તો સ્વર્ણીમ્ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા સાત હજાર કરોડનું પેકેજ તે મહાનગરો અને નગરોના વિકાસ માટે ફાળવ્યું છે. માનનીય અધ્યક્ષ મહોદય, પહેલાની સરકારો હતી, ત્યારે નગરપાલિકા કે મહાનગરોમાં સામાન્ય રીતે પાણી, લાઈટ, ગટર એવા નાના પ્રશ્નો પૂરતી સીમીત રહેતી. આપણે સૌ જાણીએ છીએ કે અત્યારે સમય બદલાયો છે. આ એકવીસમી સદી, હરીફાઈની સદીમાં વિકસિત દેશોની સાથે જયારે આપણે જોડાવા લાગ્યા છીએ, ત્યારે શહેરીજનોની અપેક્ષાઓ પણ સરકાર પાસેથી ખૂબ વધી છે અને આનંદ એ વાતનો છે કે સરકાર પણ આ શહેરીજનોની જે માંગણીઓ છે, એને અનુરૂપ કાર્ય કરતી રહી છે.

જે પદ્ધતિથી આદરણીય મુખ્યમંત્રી છેલ્લા આઠ વર્ષથી ગુજરાતની પ્રજા સમક્ષ સરકાર અને એમના વિભાગો જે પ્રકારે કામ કરી રહ્યાં છે અને જે રીતના નંબર વન ઘણાબધા વિભાગોમાં આપણે ઘણાબધા આયામો સર કર્યા છે. ઘણાબધા રાજયોએ તો એ વિચાર્યુયે નહીં હોય એવા વિભાગો પણ આપણે ચાલુ કરી દીધા છે ત્યારે આ સાડાપાંચ કરોડની જનતાએ જે માનનીય મુખ્યમંત્રી પાસે અપેક્ષા રાખી છે એ પૂરી કરવામાં પણ આ વિભાગે ખૂબ મોટી કામગીરી કરી છે.

હું જે વાત કરતો હતો એ એવા અમુક વિભાગો છેલ્લા ઘણા વર્ષોથી આપણી ગુજરાતની સરકારે કર્યા છે અને ખાસ કરીને જયારે શહેરના વિસ્તારમાંથી આવું છું ત્યારે મને આ વિભાગો સીધા સ્પર્શે છે એટલે એનું હું ધ્યાન દોરું છું. એ એનર્જી ઓડિટ હોય, એ સ્કાડા હોય, એ જી.યુ.ડી.સી. હોય કે એ કાર્બન ક્રેડીટ હોય. એનર્જી ઓડિટવાળો એક વિષય ચાલે છે. કદાચ કોઈએ ભૂતકાળમાં વિચાર્યુ નથી કે પોતે વાપરેલી વીજળી આવનારા દિવસોમાં લોકો માટે બચશે કે નહીં, એ જૂના સાધનો, એ સાધનોના વપરાશથી જે પ્રકારે વીજળી વપરાતી હતી અને ખરેખર એનર્જીના ઓડિટ કરવાથી આપણે જે પરિણામો લાવ્યા છીએ ને, ૫૦ ટકાથી વધારે એનર્જી આપણે બચાવી શકીએ તેમ છીએ. એક બીજી નવી એનર્જી ધારો કે સૌર ઉર્જા પર આ સરકારે વિચાર્યુ છે. ભૂતકાળમાં

કોઈએ વિચાર્યુ નથી, એવું આ સરકારે વિચાર્યુ છે. અને આપણે જયારે આ ગાંધીનગર શહેરમાં વસ્યા છીએ તો સૌરસીટી તરીકે ગાંધીનગર શહેરને વિકસાવવાનો પણ એક પ્રયત્ન આ સરકારે કર્યો છે અને ઘણે અંશે એમાં સફળ પણ રહ્યા છે.

હું બીજી એક વાત કરું છું સ્કાડાની. વિતરણની એક વ્યવસ્થા હોય છે. એ પાણી હોય કે ગટર હોય. કે બીજા બધા જે મહાનગરોમાં આ યોજનાઓ લાગુ પડતી હોય છે. આ એ જ યોજનાઓ છે કે જેનું આયોજન નિયંત્રણ થઈ એમાં ઓછા ખર્ચે એ સરકારના રૂપિયા બચે છે અને લોકોને સેવા વધારે મળે છે એ પ્રકારના વિભાગ પણ આપણી સરકારે કર્યા છે. જી.યુ.ડી.સી. આમ નામ નાનું છે, પણ કામ ખૂબ મોટું કરે છે. જયારે હું મહાનગરમાંથી આવું છું તો આ જી.યુ.ડી.સી.એ એક નોડેલ એજન્સી બનીને જે પ્રોજેકટો હાથમાં લીધા છે, હું સ્પષ્ટ કહેવા માગું છું અને આદરણીય વજુભાઈએ જે એમના બજેટમાં પણ વાત કરી છે કે જી.યુ.ડી.સી. એ કાર્બન ક્રેડીટવાળો વિષય લઈને આવે છે. આ ગુજરાત એક પહેલું એવું રાજય છે કે જી.યુ.ડી.સી.ને નોડેલ એજન્સી બનાવીને વિશ્વના વિકસિત દેશોની સમસ્યામાં આપણે સૌ અગ્રેસર રહ્યાં છીએ અને એના વિભાગો ખૂબ સુંદર કામ કરી રહ્યાં છે.

બીજી એક મારા સાથી સભ્યશ્રીએ જી.એન.યુ.આર.એમ. અંગેની પણ વાત કરી હતી. જી.એન.યુ.આર.એમ. અંતર્ગત મહાનગરોએ ખૂબ મોટા વિકાસના કામો લીધા છે અને એમ જોવા જઈએ તો મહાનગરોની આખી સીકલ બદલાઈ ગઈ છે. કર્ણાવતી મહાનગર હોય, અમદાવાદ હોય, સુરત હોય, રાજકોટ હોય. કે વડોદરા હોય. એ જી.એન.યુ.આર.એમ. અંતર્ગત એટલા મોટા એ રસ્તા હોય, એ ફલાઈ ઓવર હોય, સ્ટોર્મ વોટર વરસાદી પાણીના નિકાલના હોય કે કોઈ સેનિટેશનના કામો હોય. ખૂબ મોટા કામો આ રાજય સરકાર જી.એન.યુ.આર.એમ. અંતર્ગત લઈને આવી છે અને મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર ભારતવર્ષની આ યોજનામાં અમદાવાદ અને ગુજરાત એ પ્રથમ નંબરે રહ્યું છે અને જે ફંડફાળો અથવા જે ગ્રાન્ટની રકમ અપાય છે, એમાં ઉત્તરોત્તર વધારો થવાનું કારણ એક જ છે કે આપણે આ પ્રોજેકટ અને કાર્યો નિર્ધારીત સમયમાં પૂરાં કરી રહ્યા છીએ.

આ વિકસિત દેશોની સમસ્યામાં વાત કરું તો અત્યારે આ મહાનગરો વસતિ અને વાહનોને લીધે ટ્રાફિકની સમસ્યામાં પણ ઘેરાયેલા રહે છે. આ ટ્રાફિકની સમસ્યા શહેરીજનોને અસર કરતી હોય છે. આપણે બીજા મહાનગરો જોયા છે. એ કલકત્તા હોય, દિલ્હી હોય કે મુંબઈ હોય. ત્યાં ટ્રાફિકની વિકરાળ સમસ્યા છે. એના લીધે સામાન્ય પ્રજાજન હેરાન થાય છે. તો આ શહેરોમાં ગુજરાતના શહેરોમાં એક રીડીપીનો અમલ કરી રસ્તા પહોળા કરી લોકોની સુવિધા વધે એ માટે પણ સરકારે ખૂબ આયોજન કર્યુ છે અને જેમ બી.આર.ટી.એસ.ની વાત કરી હતી કે ૪૦ થી ૫૦ ટકા વસતિ જે આ વાહન વ્યવહાર સાથે જોડાયેલા લોકો છે એ પોતાના અંગત વાહનો બંધ કરી અને એની સાથે જોડાઈને પર્યાવરણ અને પેટ્રોલ બચાવશે, ફયુઅલ બચાવશે, એના કારણે પણ પર્યાવરણની મોટી સમસ્યામાંથી આપણો સમાજ બહાર આવી શકે તેમ છે. (અંતરાય) શ્રી રાકેશ શાહ (ક્રમશઃ):માનનીય અધ્યક્ષશ્રી, હું અરધી મિનિટમાં જ પૂરું કરું છું.મારે માત્ર એટલું જ કહેવું છે કે શહેરી વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં લોકો પાયાની સુવિધાઓથી વંચિત ના રહે અને પ્રજાને પૂરતી સહાય મળે એ માટે જયારે માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા સૂર પુરાવીને વિરમું છું.

**શ્રીમતી ભાવનાબેન ર।. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા'. આ ધરતી ઉપર જન્મ લેનાર દરેક માણસને પોતાના આરોગ્યની ચિંતા હોય છે, દરેક વ્યકિત પોતાના આરોગ્યનું ધ્યાન રાખે છે, પરંતુ જયારે રાજય સરકાર આ બાબતની ચિંતા કરે છે એ ખૂબ જ અગત્યની બાબત છે. ૧૯૯૬-૯૭ થી ગુજરાત સરકારે ખિલખિલાટ હાસ્ય કરતા રાજયની જ્ઞાનવાડીનાં પુષ્પો તરફ ખાસ ધ્યાન આપીને શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અમલમાં મૂકયો એ અંતર્ગત એક મહત્વનો સમાજલક્ષી કાર્યક્રમ છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રતિવર્ષ એક કરોડ કરતાં વધારે વિદ્યાર્થીઓને આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો લાભ મળે છે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક શાળાનાં બાળકો, શાળાએ ન જતાં ૦ થી ૧૪ વર્ષનાં બાળકો અને આંગણવાડીઓમાં પ્રવેશ પામતાં બાળકોનો સમાવેશ થાય છે. ૨૦૦૭-૦૮ માં ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતાં બાળકો માટે પણ આ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ કરવામાં આવેલ છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તબીબી અધિકારીઓ આયોજન મુજબ શાળાઓમાં જાય છે અને બાળકોના આરોગ્યની બરાબર તપાસણી કરે છે અને એ તપાસણી કરતાં તબીબી અધિકારીઓ રજીસ્ટરમાં નોંધ કરે છે. આ તપાસમાં ખામીવાળાં બાળકોને તબીબો દ્વારા જરૂરી દવાઓ પણ સ્થળ .પર જ પૂરી પાડવામાં આવે છે. તબીબી અધિકારીને જો આ બાળકો માટે સંદર્ભ સેવાની જરૂર લાગે તો જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે જયાં આગળ વિવિધ રોગોના નિષ્ણાત ડોકટરો દ્વારા એમની ચકાસણી કરવામાં આવે છે અને આંખના રોગના નિષ્ણાત, બાળ રોગ નિષ્ણાત, ચામડીના રોગ નિષ્ણાત, નાક કાન, ગળાના રોગના નિષ્ણાત વગેરે નિષ્ણાત ડોકટરો મારફતે તબીબી સારવાર આપવામાં આવે છે અને

બાળકોને આંખની તકલીફ હોય અને ચશ્માની જરૂર હોય તો મફત ચશ્મા પણ આપવામાં આવે છે, કોઈ બાળકોને કીડની, હ્રદયરોગ કે કેન્સર જેવી ગંભીર બિમારી હોય અને તેમને વધારે સારવારની જરૂર હોય તો તેમને સુપર સ્પેશ્યાલિસ્ટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે, મોકલવામાં આવે છે અને આ બાળકોના ઓપરેશનથી માંડીને દવાઓનો તમામ ખર્ચ રાજય સરકાર અને આરોગ્ય ખાતુ ભોગવે છે તે ખૂબ જ મહત્વની બાબત છે. ગુજરાત રાજયની શાળાઓમાં આરોગ્ય તપાસણી કાર્યક્રમ ૨૦૦૭-૦૮માં ચાલુ કરવામાં આવ્યો ત્યારે ૧.૧૧ કરોડ બાળકોની તપાસણી કરી હતી આ પૈકી ૧૨,૯૯,૯૪૩ બાળકોને સ્થળ ઉપર જૂરી તબીબી સારવાર આપી હતી, ૮૫૯૮૯ બાળકોને સંદર્ભ સેવા પૂરી પાડવામાં આવી હતી, ૫૨૯૬ બાકોને હ્રદયરોગ, કીડની અને કેન્સર જેવા ભયંકર રોગોથી પીડાતા બાળકોને સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, ૨૦૦૮-૦૯ દરમ્યાન શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસણી ૧૮ મી નવેમ્બર, ૨૦૦૮ થી ૧૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૯ સુધી હાથ ધરવામાં આવી હતી એમાં ૦.૨૯ સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ સહિત ૧.૩૭ કરોડ બાળકોની આરોગ્ય તપાસણી કરી હતી તે પૈકી ૧૬,૫૭,૯૩૯ બાળકોને સ્થળ ઉપર સારવાર આપી હતી, ૯૨,૫૧૨ બાળકોને સંદર્ભ સેવાઓ પૂરી પાડી હતી, અત્યારસુધીમાં ૪૦૪૪ બાળકોને હ્રદયરોગ, કીડની અને કેન્સરની સારવાર માટે વિના મૂલ્યે સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ પૂરી પાડી છે અને આ કાર્યક્રમ અંતર્ગત સારવારનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮ થી આ કાર્યક્રમ પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સુધી વિસ્તારવામાં આવ્યો છે. અને ૨૦૦૯-૧૦થી ઝીરો થી અઢાર વર્ષની વય જૂથના બાળકો જે શાળાએ જતા નથી તેવા બાળકોને પણ આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાનું રાજય સરકારનું આયોજન છે. ૨૦૦૮-૦૯માં ૧૬.૬ કરોડ રૂપિયાનો આ કાર્યક્રમ માટે જોગવાઈ કરવામાં આવી હતી અને તેની સામે ૧૮.૧૧ કરોડનો ખર્ચ થયો છે. ૨૦૦૯-૧૦માં પણ ૧૬.૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સિવાય ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ રાજય સરકારે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો પ્રારંભ કરેલ છે. હાલમાં આ યોજના ૧૦ જિલ્લાઓમાં કાર્યરત છે. ચાલુ વર્ષે ૨૦૦૯-૧૦માં રાજયના તમામ જિલ્લામાં, આખા રાજયમાં આ યોજના ચાલુ કરવાનું રાજય સરકારનું આયોજન છે. આ યોજનાનો હેતુ ગરીબ વર્ગના લોકોને સારી સારવાર આપવાનો છે. આ યોજનાથી ગરીબ દર્દીઓને કોઈ પણ જાતની નાણાકીય જવાબદારી વગર સારી ગુણવત્તા વાળી સેવા મળશે. ૨૦૦૯-૧૦માં ૫.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળના કુટુંબોને રૂપિયા ૩૦ હજારની વાર્ષિક મર્યાદામાં કુટુંબ દીઠ આશરે ૭૩૦ તબીબી સેવાઓનો લાભ મળશે. આ યોજના હેઠળ નોંધણી કરાવતી વખતે પ્રસ્થાપિત થયેલ બિમારીઓને પણ આવરી લેવામાં આવશે. જે અન્ય વીમા યોજનામાં શકય નથી. આ યોજનામાં ઉમરનો પણ કોઈ બાધ નથી અને અબાલ, વૃધ્ધ સૌ કોઈ આ યોજનાનો લાભ લઈ શકશે. ૩૦ હજારની વાર્ષિક મર્યાદામાં પ્રતિ વર્ષ ગરીબી રેખા હેઠળના કુટુંબોને આરોગ્ય વીમા કવચ આપવામાં આપે છે. પૂર્વ પ્રસ્થાપિત રોગોને પણ આમાં આવરી લેવામાં આવેલ છે.

**સભાપતિશ્રી** : માનનીય ભાવનાબહેન, હવે કેટલું બાકી છે?

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : હમણાં પુરૂં કરું છું, ફકત દિવસ દાખલ થઈ અને થઈ શકે તેવી શસ્ત્રક્રીયા સહિત તમામ શસ્ત્રક્રીયા એમાં આવરી લેવામાં આવશે. આના માટે લાભાર્થીઓને કોઈ જ જાતનું ચુકવણું કરવાનું રહેતું નથી. આ લાભાર્થીઓને ઓળખ માટે સ્માર્ટ કાર્ડ પણ આપવામા આવે છે. હોસ્પિટલમાં દાખલ થયાના એક દિવસ પહેલા અને રજા આપ્યા બાદના પાંચ દિવસ માટેનો આનુસાંગિક નિર્ધારીત ખર્ચ પણ આપવામાં આવે છે. વાર્ષિક રૂા. ૧ હજારની મર્યાદામાં તેમજ પ્રતી મુસાફરી દીઠ રૂપિયા સો ની મર્યાદામાં મુસાફરી ખર્ચ પણ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે દસ જિલ્લામાં જે કામગીરી કરી છે તેની સિધ્ધી જોઈને ભારત સરકારે ગુજરાતમાં તમામ જિલ્લાઓને મંજૂરી આપેલ છે. આ માટેનું પ્રિમિયમ ૭૫ ટકા ભારત સરકાર અને ૨૫ ટકા ગુજરાત સરકાર ભોગવે છે.

**સભાપતિશ્રી** : પૂરું કરો બહેન હવે પુરું કરો.

**શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૦ જયારે આપણે સૌ ઉજવી રહ્યા છીએ ત્યારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીઓની ચર્ચામાં હું મારું અનુમોદન આપવા ઉપસ્થિત થઈ છું. આજે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ નથી, પરંતુ જયારે પણ આ સભાગૃહમાં અમે અમારી વાત કરવા ઉભા થઈએ, અને માનનીય મુખ્ય મંત્રીશ્રી વિષે અમે પ્રશંસા કરીએ ત્યારે તે લોકો વચ્ચેથી ટોક ટોક કરી અને કહેતા હોય છે કે નંબર વન, નંબર વન, ત્યારે આજે મારે એમને કહેવાનું મન થાય છે કે આજે જ અમારા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નંબર વન જે ઐતિહાસિક નિર્ણય કર્યો છે તે બદલ ગુજરત રાજયની સમગ્ર બહેનો વતી હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. આજે હું ગુજરાતના ગરીબોના હમદર્દ, મહિલાઓના સામાજિક વિકાસમાં જેમની ભૂમિકા અગ્રેસર છે તેવા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ લાખ અભિનંદન આપું છું કે તેમણે ભવિષ્યમાં આવા કોઈ નિર્દોષ, લાચાર અને બે સહાય એવા માનવીઓની જિંદગી સાથે મોતના તાંડવ ખેલવાનું કોઈ કૃત્ય ન કરે તે માટે

સખતમાં સખત કાયદો લાવવાની જે જાહેરાત કરેલ છે તેને હું સમગ્ર ગુજરાતની બહેનો વતી ફરી ફરીને લાખ લાખ અભિનંદન પાઠવું છું.ગુજરાત રાજયમાં ભૂતકાળમાં પણ આવા અનેક લઠ્ઠાકાંડો થયા હતાં પરંતુ ત્યારે આવી કોઈ નક્કર કામગીરી થઈ નહોતી, પરંતુ જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગરીબ, દલિત અને પછાતો માટે હમદર્દી દાખવી અને આ નિર્ણય કર્યો એના માટે ફરી ફરી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

ગુજરાત રાજયના સ્વપ્નદૃષ્ટા લોકહિત જેમના હૈયે છે, યુવાનોના આદર્શ અને લોક હદય સમ્રાટ અને જેમના નેતૃત્વમાં ગુજરાત સતત સર્વક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે, એવા મજબૂત મનોબળ ધરાવતા આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના છેવાડાના વિસ્તારમાં વસતાં આદિવાસી માટે વનબંધુ યોજના કે દરિયાકાંઠે વસતા લોકો માટેની સાગરખેડૂ યોજના કે શહેરના પછાત વિસ્તારોમાં રહેતા ગરીબ લોકો માટે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના દ્વારા રાજયનો સર્વાંગી વિકાસ થાય તેવું તેમના આયોજનમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

મારે આજે ગુજરાત રાજયના માનનીય નાણામંત્રીશ્રી અને બજેટ રજૂ કરવામાં વિક્રમ સ્થાપ્યો છે એવા અમારા રાજકોટના પાણીવાળા મેયરનું બિરુદ્દ પામેલા છે એવા માનનીય વજુભાઈ વાળાને અભિનંદન આપવાં છે કે જેમને આ વર્ષના બજેટમાં ગુજરાતને જેમણે ગૌરવ અપાવ્યું છે અને મંદીના સમયમાં પણ વાયબ્રન્ટ સમિટ દ્વારા ગુજરાતમાં બાર લાખ કરોડનું મૂડી રોકાણ વિશ્વના ૪૦ દેશોના પ્રતિનિધિઓ અને ભારતના ઉદ્યોગમાધાતાઓ દ્વારા થયું છે, એવા આપણા ગૌરવશાળી મુખ્યમંત્રીશ્રીએ ગ્રામ્ય અને શહેરોનો એક સરખો વિકાસ થાય અને આપણું આવનારુ વર્ષ પણ સ્વર્ણિમ જયંતિ વર્ષ ઉજવવાનું હોય તેવા સમયે આ બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ પંચવર્ષીય યોજનામાં વિશેષ મહાનગરપાલિકા, નગરપાલિકા વગેરે માટે રૂપિયા ૭૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. જેનાથી ભવિષ્યમાં ગરીબ અને પછાત લોકોને આ યોજનામાંથી લાભ મળશે. તેના વતી હું રાજય સરકાર અને નાણામંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે બજેટમાં ૨૭૩૯ કરોડ અને ૨૮ લાખની સૂચિત ફાળવણી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત દેશમાં વધુ શહેરીકરણ પામેલા રાજયોમાં અગ્રેસર છે. સમગ્ર ભારત વસતિના દાયકામાં સરેરાશ વિકાસ દર ૨૨.૫ ટકાની સરખામણીમાં ગુજરાતની શહેરી વસતિનો સરેરાશ વિકાસ દર ૩૪.૫ ટકા હતો, અને ૨૦૦૧માં ભારતની વસતિનો સરેરાશ વિકાસદર ૨૭.૮૨ ટકાની સરખામણીમાં આપણા રાજયનો વિકાસ દર ૩૭.૩૬ ટકા થયેલ છે.

રાજય સરકારની શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના દ્વારા છેવાડાના માનવીઓના સર્વાંગી વિકાસ માટેની આ પંચવર્ષીય યોજના જેનું કુલ કદ ૧૩૦૦૦ કરોડનું હતું તેમાં આ વર્ષે મૂળભૂત સુવિધાઓથી વંચિત રહેલાઓના વિકાસ અને રોજગાર, આરોગ્ય, શિક્ષણ, પોષણ, રસ્તા અને વીજળી માટે ચાલુ વરસે બજેટમાં રૂપિયા ૧૫૦૦ કરોડ જેવી માતબર રકમની જોગવાઈ કરેલ છે.

ગુજરાત રાજયની અવિરત પ્રગતિ કરી રહેલ સરકારે લોકપયોગી અનેકવિધ યોજના અમલમાં મૂકી અને તેના મીઠા પરિણામો આજે આપણને સમગ્ર ગુજરાતમાં દેખાઈ રહ્યા છે. તેવી જ રીતે વધતુ જતું શહેરીકરણ અને તેનાથી ઊભી થયેલ માળખાગત જરૂરિયાતને પહોંચી વળવા રાજય સરકાર દ્વારા ગુજરાત રાજયની સ્વર્ણિમ જયંતિને ધ્યાનમાં રાખીને આ વર્ષે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ પંચવર્ષીય યોજના અમલમાં મૂકવાનું નક્કી કરેલ છે. જે બદલ રાજય સરકાર અને શહેરી વિકાસ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન ભૂતકાળમાં નગરપાલિકાઓમાં પગાર કરવામાં પણ તકલીફ પડતી હતી . મને જણાવતાં આનંદ થાય છે કે આજે રાજયમાં જ્યારથી માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવી છે ત્યારથી નગરપાલિકાઓની સ્થિતિમાં ઘણો જ સુધારો થયેલો છે અને સરકારશ્રી દ્વારા આ વર્ષે પણ ૭૫ નગરપાલિકામાં ભૂગર્ભ ગટરની યોજના માટે રૂપિયા ૪૦૦ કરોડ તેમજ અ,બ,ક,ડ વર્ગની નગરપાલિકાઓમાંથી યોગ્યતા અને કાર્યક્ષમતા અનુસાર તેની માળખાગત મૂળભૂત સુવિધા, નગરપાલિકાની આગવી ઓળખ ઊભી થાય તે માટે રૂપિયા ૧૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજયના સાત મહાનગરોમાં લોક સુવિધામાં વધારો કરવા, તેમજ પ્રજાલક્ષી કાર્યો કરવા માટે આ વર્ષે બજેટમાં રૂા. ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આવી જ રીતે શહેરી ગરીબોને વ્યાજબી કિંમતના મકાન મળી રહે અને શહેરોમાંથી, ઝૂંપડપટ્ટીઓમાંથી અને ગંદા વસવાટોમાંથી દૂર થાય તે માટે આ વર્ષના બજેટમાં ૭૫ કરોડની જોગવાઈ કરેલી છે. આમ ગુજરાત રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સિંહની છાતી જેવા શહેરી વિકાસ મંત્રી તેમના વિભાગની માગણીઓ ૧૦૧ અને ૧૦૨ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું તે પહેલાં ગુજરાત રાજયની અંદર ગઈ કાલે અને આજના બધા જ છાપાઓમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ ઐતિહાસિક નિર્ણય લીધો અને એવો જ ઐતિહાસિક નિર્ણય આજથી ત્રણ વર્ષ પહેલાં ગુજરાતની બહેનો માટે એક ભાઈએ ગુજરાતની દીકરીઓ ભણવા જાય એટલા માટે બસમાં મફત પાસની લહાણી કરીને રક્ષાબંધનની અમૂલ્ય ભેટ આપેલી, આજે ૨૦ દિવસ પછી જ્યારે રક્ષાબંધનનો પવિત્ર દિવસ આવી રહ્યો છે ત્યારે ફરી વખત ગુજરાતના

મુખ્યમંત્રીએ આ ગુજરાતની કરોડો બહેનોને આ રક્ષા બંધનની પૂર્વ સંધ્યાએ ભેટ આપી તે બદલ એક ધારાસભ્ય તરીકે હું મુખ્યમંત્રીશ્રીને, ગૃહ મંત્રીશ્રીને અને મહિલા અને બાળવિકાસના મંત્રી તરીકે આનંદીબેન પટેલને લાખ લાખ અભિનંદન આપું છું.

**સભાપતિશ્રી:** કમાભાઈ, શહેરી વિકાસ અને આરોગ્યનું રહી ન જાય. તમને પૂરો ટાઈમ આપ્યો છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દેશના અન્ય રાજયો કરતાં શહેરીકરણની પ્રક્રિયા ઝડપી વધી રહી છે. ગુજરાતમાં અત્યારે ૪૦ ટકા જેટલા લોકો ધંધા અને રોજગાર માટે શહેરોમાં વસી રહ્યા છે. આવતા દિવસોમાં એટલે કે ૨૦૧૫ સુધીમાં લગભગ ૫૦ ટકા લોકો ગુજરાતના શહેરોમાં વસવાની ધારણા તરફ જઈ રહ્યા છીએ ત્યારે આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ આ રાજયની ૭ મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓ માટે અનેકવિધ યોજનાઓ જાહેર કરી અને ગુજરાતના ગરીબ વર્ગના લોકો, મધ્યમ વર્ગના લોકો પોતાની સુખાકારી કઈ રીતે આબાદ બને એવા પ્રયત્નો કર્યા છે ત્યારે આ રાજયના શહેરી વિકાસ મંત્રીશ્રીએ સૌ પ્રથમ પાણી ઉપર પ્રાધાન્ય આપ્યું. કારણ કે તેમની પાસે શહેરી વિકાસની સાથે સાથે આ પાણીદાર મંત્રી પાસે પાણી પુરવઠાનો પણ હવાલો છે. ત્યારે તેમણે સૌ પ્રથમ આ શહેરની જનતાને, શહેરમાં વસતા ગરીબ લોકોને સરસ મજાનું પીવાનું પાણી, વ્યકિત દીઠ ૧૦૦ લિટર પાણી મળી રહે તે માટે એક સરસ મજાનું આયોજન કર્યું છે અને આ આયોજન માટે દરરોજ ૧૦૦ લિટર પાણી જોઈએ એટલા માટે અને એ પણ કલોરીનેશન વાળું પાણી આ ગુજરાતની જનતા પીવે અને ભૂતકાળની સરકારોએ ઉંચા ટી.ડી.એસ.વાળું પાણી પીવડાવીને આ ગુજરાતના લોકોને સાંધા દુખી જાય એવું પાણી પીવડાવીને ગુજરાતની જનતાને જે નર્કાગાર સ્થિતિમાં રાખી છે તેના બદલે અને ગુજરાતની જનતાને આ કલોરીનેશનવાળું સરસ મજાનું પાણી આપવા બદલ અને આયોજન કરવા બદલ શહેરી વિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. પહેલાંની પાણી આપવાની સિસ્ટમ હતી તેમાં ક્યાંક સંપને કારણે, ક્યાંક ખરાબ પાઈપ લાઈનોને કારણે, ક્યાંક પાઈપ લાઈનો નહીં હોવાને કારણે ગુજરાતની જનતાને વ્યકિતદીઠ ૧૦૦ લિટર પાણી મળતું નહોતું અને આ ૧૦૦ લિટર પાણી મેળવવા માટે લોકોને આંતરે દિવસે પાણી આપવામાં આવે. બે કે ત્રણ દિવસે પાણી આપવામાં આવે. અનેક શહેરોની અંદર પાણીના મામલે માટલા સરઘસ નીકળે. આવી પરિસ્થિતિ ગુજરાતની અંદર નિર્માણ ન થાય એટલા માટે આ ગુજરાતના શહેરી વિકાસ મંત્રીએ, પાણીદાર મંત્રીએ ગુજરાતની અંદર ૬૩૬.૬૪ કરોડ રૂપિયાનું આયોજન કરી અને ગુજરાતની ૫.૫ કરોડ જનતા માટે અને શહેરોમાં વસતી જનતા માટે કલોરીનેશનવાળું પાણી, પૂરી ગ્રેવિટીથી પાણી મળે એ માટે એમને લાખ લાખ અભિનંદન આપું છું. મારા મત વિસ્તાર વિરમગામમાં વિરમગામ અને સાણંદ બે નગરપાલિકા આવે છે. આ કહેવા પૂરતી વાત નથી, કાગળ ઉપરની વાત નથી. શહેરી વિકાસ મંત્રીશ્રી જે આ મત વિસ્તારના પ્રભારી મંત્રીશ્રી પણ છે. એ શ્રીમતી આનંદીબેન પટેલ વિરમગામ શહેરની અંદર સુવર્ણ જયંતી રથ આવ્યો તે પ્રસંગે આવ્યાં ત્યારે અમે શહેરને વચન આપ્યું હતું. આ ભૂતકાળની સરકારોએ પીવાના પાણીની પાઈપ લાઈન નાખી છે જેની અંદર લીલ વળી ગઈ છે. પાણીની લાઈનનો વ્યાસ ઓછો પડે છે. એના કારણે પૂરી ગ્રેવીટીથી પાણી જતું નથી અને દરેક વ્યકિત દીઠ ૧૦૦ લિટર પાણી મળતું નથી. એટલા માટે આ રાજય સરકારે વિરમગામ નગરપાલિકા માટે રૂ.૧૨.૦૭ કરોડના ખર્ચે પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાનું આયોજન કર્યું છે. અને અમે કહ્યું તે કર્યું છે. માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં આ ડિસેમ્બર મહિના સુધીમાં રૂ.૧૨.૦૭ કરોડના ખર્ચે પીવાના પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ પૂરું થશે. એ બદલ રાજયના શહેરી વિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. સાથોસાથ સાણંદ નગરપાલિકાની અંદર સુવર્ણ જયંતી રથ આવ્યો ત્યારે એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અમારા સૌના નેતા, ભારત સરકારના વિરોધપક્ષના નેતા માનનીય લાલકૃષ્ણ અડવાણી, પ્રભારી મંત્રીશ્રી શહેરી વિકાસ મંત્રીશ્રી સૌ કોઈ આવ્યા. એ વખતે સાણંદને ગોલ્ડન ગોલના ચાર્ટ રૂપે, સાણંદ શહેરની અંદર પીવાના પાણીની પાઈપ લાઈન અપાશે અને એનું આયોજન કરવા બદલ શહેરી વિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. વ્યકિત દીઠ ૧૦૦ લિટર પાણી આપવાથી, વધુ પાણી આપવાથી આ બધું પાણી પછી ગંદુ થઈને ગટરની અંદર નિકાલ થતો હોય છે. આ ગંદા પાણીનો નિકાલ થતો હોય ત્યારે ગટર ઊભરાવાનો પ્રશ્ન સ્વાભાવિક બને છે. ભૂતકાળની સરકારોએ આ આયોજન નહોતું કર્યું ત્યારે આ વર્તમાન ભારતીય જનતા પાર્ટીની સરકારે અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ આયોજન કર્યું અને એ આયોજનના ભાગરૂપે ગુજરાતની અંદર ૭૫ નગરપાલિકાઓની અંદર રૂ.૨૨૯૦ કરોડ વાપરવાનું માત્ર ત્રણ વર્ષમાં આયોજન કર્યું છે. ભૂગર્ભ ગટર યોજના થકી ભૂગર્ભ પાઈપ લાઈન નાખવા માટે એની શરૂઆત કરી છે. આ વર્ષમાં રૂ.૪૦૦ કરોડ વાપરી ગુજરાતની ૭૫ નગરપાલિકાઓ છે એમાંથી જેટલી નગરપાલિકાઓ હશે એની અંદર ભૂગર્ભ ગટર પાઈપ લાઈન નાખવાનું આયોજન છે ત્યારે વિરમગામની અંદર પણ નાખવાની છે. વિરમગામ પહેલાં સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર કહેવાતું, વાયા વિરમગામ કહેવાતું. ભૂતકાળના સત્તાધીશોએ આયોજન નહોતું કર્યું. જેના કારણે વિરમગામના રોડ ઉપરથી નીકળીએ તો નાકનું ટેરવું ચડી જાય એવી ગંદ મારતી. શંખેશ્વર જતા જૈનભાઈઓને ગટરના પાણીના કારણે નાકનું ટેરવું ચડાવવું પડે અને એનો ઉચ્છ્વાસ લઈને નીકળવું પડે, અહીંથી નીકળતા ઘણા બધા મિત્રોનો મારી ઉપર ફોન આવે કે કમાભાઈ તમે ધારાસભ્ય છો અને આવી ગંદકી? મને કહેતાં આનંદ થાય છે કે, શહેરી વિકાસ મંત્રીશ્રી જે આ વિસ્તારના પ્રભારી મંત્રીશ્રી પણ છે. એમણે સુવર્ણ જયંતી રથ આવ્યો તે પ્રસંગે

પ્રભારી મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી આવ્યા હતા અને એ વખતે જાહેરાત થઈ હતી. એ પ્રમાણે ભૂગર્ભ ગટર માટે રૂ.૨૪ કરોડ ફાળવ્યા છે અને એ રૂ.૨૪ કરોડના ખર્ચે આગામી નવરાત્રી પહેલાં એની કામગીરી શરૂ કરી દેવાની છે. ગુજરાતની જનતા માટે અમે કહ્યું એ કરવા માટે કટિબદ્ધ છીએ ત્યારે આ શહેરી વિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આવી તો અનેક યોજનાઓ શહેરી વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જયારે હું એક યુવાન ધારાસભ્ય તરીકે મારા વિસ્તારમાં બે બે નગરપાલિકાઓ આવે છે એમના પ્રતિનિધિ તરીકે ત્યારે બોલવા ઉભો થયો છું. રાજયના મુખ્યમંત્રીશ્રીએ વાઈબ્રંટ ગુજરાતની શરૂઆત કરી. વાઈબ્રંટ ગુજરાત નવરાત્રી મહોત્સવ હોય, પતંગ મહોત્સવ હોય, શરદ ઉત્સવ હોય, કચ્છના રણમાં જઈ, ગમે તે ઉત્સવ હોય એ ઉત્સવ કરી દેશ અને દુનિયાના ઉદ્યોગપતિઓને અહીં આવવાનું આમંત્રણ આપ્યું અને એ આમંત્રણના પરિણામે ૨૦૦૯ના વાઈબ્રંટ ગુજરાત અર્બન સમિટમાં, ન ભૂતો ન ભવિષ્યતિ, એટલું બધું રોકાણ આવ્યું, ૪૦ દેશોના પ્રતિનિધિઓએ અંદર ભાગ લીધો અને સાડા બાર લાખ કરોડરૂપિયાનું જંગી મૂડી રોકાણ થયું અને ૨૫ લાખ યુવાનોને રોજગારી આપવાનું વચન આપ્યું, આ પ્રતિબદ્ધતા ગુજરાતની જનતા તરફ વ્યકત કરી છે એ બદલ રાજયના મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપુ છું. મને જણાવતાં આનંદ થાય છે કે નગરપાલિકાઓને પહેલા ૨૦૦૪માં એના વિકાસ માટે ૧૨૧ કરોડ રુપિયાનું જ બજેટની અંદર આયોજન હતું. શહેરી વિકાસ મંત્રી અને મુખ્યમંત્રીશ્રીએ નકકી કરી અને ૧૪ ગણું આયોજન આ ૨૦૦૯-૧૦ના વર્ષમાં કર્યુ છે અને ૧૭૮૯.૧૮ કરોડનું આયોજન કરી અને શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અમલમાં મૂકી અને સાચા અર્થમાં ગરીબ લોકોની સેવા માટે અમારું જીવન સમર્પિત કરવાનો જે નિર્ધાર વ્યકત કર્યો છે એ બદલ આ રાજયના શહેરી વિકાસ મંત્રીને અભિનંદન આપું છું. એક સરસ મજાની યોજના ઘણાબધા મારા સાથી મિત્રો સાથી ધારાસભ્યશ્રીઓ કહી ગયા કે ૭હજાર કરોડ રુપિયાની વિરાટકાય યોજના, શહેરી સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી વિકાસ યોજના આ ૭હજાર કરોડ રુપિયા વાપરી ગુજરાતની બધી જ નગરપાલિકાઓ અને બધાજ મહાનગરોનો વિકાસ કરવા જયારે કટિબદ્ધ બન્યા છીએ ત્યારે અહીં સામેની પાટલી વાળા મિત્રો નથી એટલે અમને પણ મજા નથી આવતી. આ ૭હજાર કરોડ રુપિયા વાપરી અને ૪૫ વર્ષમાં ગુજરાતનો જે વિકાસ નથી થયો એ વિકાસ કરવાની જે વાત કરી છે તે બદલ શહેરી વિકાસ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના આ સરકાર શહેરોમાં વસતા ગરીબોના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે ૫ વર્ષનું આયોજન કરી અને એના મુળભૂત સુવિધાઓથી વંચિત રહેલા અન્ય ગરીબ લોકો માટે પોષણ, શિક્ષણ, રહેણાક, રસ્તા અને વીજળી આવા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માટે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના ૧૩હજાર કરોડ રુપિયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આયોજન કરી અને શહેરોના ગરીબ લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે એ બદલ એમને લાખ લાખ અભિનંદન આપીએ. શહેરી ગરીબો માટે ૫૪૦૬ આવાસો તૈયાર થયા. શહેરી ગરીબ યુવાનોને તાલીમ આપવા માટે ૩૭૮૪૫ કેમ્પો થયા. આ રોજગારીની તકો ઉપલબ્ધ કરવા માટે એમને લાખ લાખ અભિનંદન આપવા પડે. આરોગ્ય વિષયક સેવાઓ ૧૪,૭૮,૯૬૦ લોકોને પૂરી પાડી છે અને ચિરંજીવી યોજના અને પૌષ્ટિક આહારની યોજનાનો લાભ ૧,૫૦,૦૯૨ લોકોને મળે છે. ગરીબોના ઝૂંપડાની અંદર વીજળી ઝળહળે એટલા માટે ૮૩૯૬ ઝુંપડાઓની અંદર વીજળીકરણ કરવાની પણ આ યોજના અન્વયે કામગીરી કરી છે. કોટેજ ઇન્ડસ્ટ્રી દ્વારા કોટેજ ઇન્ડસ્ટ્રીના અત્યાર સુધીમાં ૧૮૩૯૭ લાભાર્થીઓને તાલીમ અપાઈ છે. વ્યવસાયિકોને તાલીમ આપવા માટેની યોજના દ્વારા ૪૫૮૧૦ લોકોને વ્યવસાયિક તાલીમ આપવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા ૧૭૫૦૦ જેટલા યુવાનોને આની તાલીમ અપાઈ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યોજના હેઠળ ૩૬,૪૬,૧૩૯ લાભાર્થીઓને આ શહેરી ગરીબ યોજના અન્વયે આવરી લેવાયા છે એ બદલ શહેરી વિકાસ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપવાં પડે. શહેરની અંદર સ્વભાવિક છે કે આટલું શહેરીકરણ હોય ત્યારે પ્રદૂષણ પણ વધે અને એની પણ આ મુખ્યમંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રીએ ચિંતા કરી અને એટલા માટે અમદાવાદ જેવા મહાનગરોની અંદર સી.એન.જી. બસ દોડતી કરી. આ બસોને અને પ્રાઈવેટ વાહનોને ગેસ મળી રહે એટલા માટે ૬૬ જેટલા સી.એન.જી. સ્ટેશનો સ્થાપ્યા. અમદાવાદ મહાનગરપાલિકાએ ૫૬૬ જેટલી બસો શહેરના રસ્તા ઉપર દોડતી કરી છે. એમાં વાહન વ્યવહાર વિભાગ પણ પાછળ નથી. ગુજરાતની અંદર અમદાવાદથી ગાંધીનગર આવતા કર્મચારીઓ માટે ૧૫૦ જેટલી સી.એન.જી. બસો દોડાવીને સાચા અર્થમાં ગુજરાતના શહેરોને પ્રદૂષણમુક્ત બનાવવાનો અભિગમ છે એ બદલ અભિનંદન આપવા ઘટે. અન્ય શહેરોમાં બી.આર.ટી.એસ. બની રહ્યા છે. દિલ્હીમાં, મુંબઈમાં બી.આર.ટી.એસ. હોય તો અમદાવાદમાં કેમ ન હોય? શહેરી વિકાસ મંત્રીશ્રી એમની માગણી લઈને આવ્યા છે એને સમર્થન કરું એ પહેલાં બે પંક્તિ કહેવા માગું છું કે,

સોરઠ તારો સાદ ઊઠે છે, વિકાસનો વનરાજ ઊઠે છે.
સ્વર્ણિમ સમણા પહેરી જાણે નગર-નગરની વાત ઊઠે છે.
ગુજરાતની કન્યા નિશાળ ચાલી, જાણે નાની ધરતી હાલી,
વન ઉપવનમાં લવ કલરવમાં સોમનાથના ઘંટારવમાં,
દરિયા કેરી લહર-લહરમાં વહી રહી આ વાત છે.
ઈતિહાસ રચે છે ગુજરાત, જય જય ગરવી ગુજરાત.

શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંગેની મારી માગણીઓ ઉપર આ સન્માનની સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ સર્વશ્રી પ્રદિપસિંહજી, માનનીય જિતેન્દ્રભાઈ, માનનીય શિરીષભાઈ, માનનીય મહેન્દ્રસિંહજી, માનનીય ઉદેસિંહજી અને માનનીય બહેનશ્રી ભાવનાબેને પોતાના વિચારો વ્યક્ત કરી અમારી માગણીઓને સમર્થન આપ્યું છે અને અમારા વિભાગને લગતી કામગીરી બાબતમાં જે અવલોકનો કર્યા છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ થકી માનનીય સભ્યશ્રીઓની જે કાંઈ અપેક્ષાઓ છે, મહદ્અંશે એ અપેક્ષાઓ પૂરી કરવામાં અમે સફળ રહ્યા છીએ એનો અમને આનંદ છે. આરોગ્ય વિભાગ અને એની કામગીરીને જો સંકલિત રીતે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવી હોય તો હું એવું ચોક્કસ કહીશ કે આપણે કોઈપણ કામ કરતા હોઈએ, કોઈપણ કામગીરી આપણે હાથમાં લઈને ચાલતા હોઈએ અને એ કામગીરી સક્ષમતાથી કરવા માટે એવું કહેવાયું છે કે, "શરીર માધ્યમ ખરુધર્મ સાધનમ્" જો શરીર સુખાકારી બરાબર ના હોય અને શરીર સાથ ના આપે તો આ દુનિયા ઉપરની કોઈપણ સમૃદ્ધિ એ માણસ માટે ઉપયોગી બનતી નથી અને એટલા માટે આપણે ત્યાં આશીર્વાદ પણ અપાય છે તો એમાં એવું કહેવાય છે કે "શતમ્ જીવેમ્ શરદમ્, શતમ્ પશ્ચેમ શરદમ્, શતમ્ ઘાણેન્ શરદમ્, શતમ્ દીના શામ શરદા શતાત:" એટલે તમે શો શરદ જીવો એટલું જ નહિ, સો શરદ જુઓ પણ ખરા એટલે તમારી આંખો એટલી સતેજ રહે, શો શરદ સુંઘી શકો એટલે તમારી ઘાણેદ્રીય એટલી સતેજ રહે અને શો શરદને વિચારીને અને એને માણી શકો એટલું તમારું ચેતાતંત્ર સતેજ રહે એ પ્રકારના આપણે ત્યાં આશીર્વાદ આપવામાં આવે છે અને અર્જુવૈદમાં આ આશીર્વાદ અંગેની વાત સુપેરે કહેવાય છે. માનનીય અધ્યક્ષશ્રી, હિન્દીમાં એક પંકિતઓ છે - એ પંકિતઓ એવું કહે છે કે ચાર સુખ માણસ માટે જણાવ્યા છે. એમાં એવું કહ્યું છે કે -" પહેલા સુખ નીરોગી કાયા, દૂજા સુખ ઘર મેંહો માયા, " કારણ કે કાયા જ નીરોગી હોય એમ માયા ના હોય તો પછી એ નીરોગી કાયા પણ કાંઈ કામ કરતી નથી. "ત્રીજા સુખ દ્વારા વસમે્" પત્ની અને પુત્ર પોતાનું કહ્યું કરતા હોય એ ત્રીજું સુખ છે. "ચોથા સુખ જગ ખૂબ કમાયા" જેને ખૂબ જશ મળે અને જેના ગયા પછી રવિશંકર મહારાજે એવું કહ્યું છે કે મરદ માણસના વખાણ મસાણે થાય. માણસ કેવો હતો કે કેવો નહિ એ કહેવું એના ગયા પછી ઉચિત રહે. આ ચાર સુખ જે છે માણસના જીવના એ ચારેય સુખને અમારાથી શરૂઆત થાય છે. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષની વાત કરીએ ને તો "શરીર માધ્યમ ખરુ ધર્મ સાધનમ્" ત્યાંથી શરૂઆત થાય છે અને એટલા માટે આરોગ્ય વિભાગ અને એની કામગીરીને પંચ કલ્યાણક કામગીરી તરીકે ગૃહ સમક્ષ પ્રસ્તુત કરવા માગીએ છીએ. પંચ કલ્યાણક એટલે પાંચ પ્રકારના કલ્યાણને લક્ષમાં રાખીને કરવામાં આવેલી કામગીરી એમાંનું પહેલું લક્ષ અમારું છે કે આ રાજ્યમાં અત્યાર સુધી એવી પરિસ્થિતિ હતી કે ડૉકટરો ઉપલબ્ધ ના હોય, ગામડાના છેવાડાના વિસ્તારો સુધી કોઈ પહોંચીના શકે, કોઈ અકસ્માત્ હોય, કોઈ બહેનને પ્રસૂતિમાં કોઈ મુશ્કેલી ઊભી થઈ હોય એની ઈમરજન્સી હોય, કોઈને સર્પદંશ થયો હોય, ક્યાંક કુદરતી આપત્તિના કારણે કોઈ ઘવાયા હોય આ પરિસ્થિતિમાં માણસ નજર સામે તરફડી તરફડીને મરે એ પ્રકારની પરિસ્થિતિમાંથી આ રાજ્યને બહાર લાવવાની એક કામગીરી છેલ્લા લગભગ સવા વર્ષના આ સરકારના કાર્યકાળમાં આરોગ્ય વિભાગે પોતાના પ્રથમ લક્ષ તરીકે કરી છે. એની જે વાત છે એ ૧૦૮ સેવાઓ સાથે મારે જોડીને કરવી છે. આ સેવાઓ રાજ્યના કોઈપણ ખૂણે, પછીએ ડાંગ કે સાપુતારાનો આદિવાસી વિસ્તાર હોય, કચ્છનો સરહદી વિસ્તાર હોય, સાગરપટ્ટીનું કોઈ ગામડું હોય કે પછી સાંતલપુર, રાધનપુરનો કોઈ છેવાડાનો વિસ્તાર હોય તો એના છેવાડાના છેવાડના વિસ્તારમાંથી પણ આજે કોઈપણ વ્યકિતને ઈમરજન્સી મેડિકલ સર્વિસીસના અભાવે તકલીફ ના પડે, એની જાન જોખમમાં ના મુકાય એ માટેનો સઘન પ્રયત્ન કરતી સેવાઓ આ રાજ્યના પ્રગતિશીલ શાસનના જે પ્રણેતા છે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે અને એમની પરિકલ્પનાથી ચાલતી જે આ એક મુખ્ય કામગીરી આરોગ્ય વિભાગ થકી થઈ છે અને એ સેવાઓમાં તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં અમે ૬૮૯૦૮૯ જેટલા ઈમરજન્સી કોલ આ સેવાને. મળ્યા છે એમાંથી ૬,૭૬,૪૧૭ એ મેડિકલ ઈમરજન્સી કોલ છે અને ૨૦૮૦૪૫ એ પ્રસૂતિની ઈમરજન્સીને લગતા કોલ હોય આ સેવાઓ થકી થયા છે.

**સભાપતિશ્રી :** માનનીય જયનારાયણભાઈ, વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ : બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ, અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત ૧૦૮ સેવાઓની કરતો હતો. આ સેવાઓ થકી જે કામગીરી થઈ રહી છે એની કેટલીક વાતો મેં મધ્યાંતર પહેલાં કહી હતી. માનનીય અધ્યક્ષશ્રી, જે જાન બચાવે છે આ સેવાઓ, તે અત્યાર સુધીમાં એટલે ૧૫ જૂન, ૨૦૦૯ સુધીમાં ૨૮,૦૭૯ વ્યકિતઓની જાન બચાવવાનું કામ એ ૧૦૮ સેવાઓએ કર્યુ છે અને ૫,૨૬૦ પ્રસૂતિ એ આ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમપી દ્વારા થયેલ છે. આપણે ત્યાં ચોમાસાનો સમય આવે અને ખાસ કરીને જે વિસ્તારોમાં સર્પદંશનો પ્રશ્ન વધારે બનતો હોય તે વિસ્તારોમાં મહદઅંશે તાત્કાલિક સારવાર અથવા તો એના માટેની જે કોઈ ઇન્જેંકશન વગેરે જોઈતા હોય જરૂરિયાત, તે ન

મળવાના કારણે ઘણાં મોત થતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, સર્પદંશના કુલ ૫,૬૯૪ કિસ્સાઓ આ સેવાઓ દ્વારા એને સારવાર આપવામાં આવી છે અને એની ખાસ અગત્યતા તો એ બાબતમાં છે કે, સરેરાશ બાર મિનિટમાં આ સેવા પહોંચી શકે છે અને બે રિંગથી વધારે મહદ્અંશે ન વાગે તેટલા સમયમાં એનો રિસપોન્સ મળે છે. કોઈ પણ અકસ્માત થાય તો એનો પહેલો કલાક એ વ્યકિતના જાનના રક્ષણ માટે ખૂબ અગત્યનો હોય છે અને એ પહેલા કલાકને ગોલ્ડન હ્વર્સ કહેવાય છે, જેમાં એને જો સારવાર મળે તો એની જાન બચી જાય તે પ્રકારની પરિસ્થિતિ મહદ્અંશે જાળવી શકાતી હોય છે. આ સેવાઓ થકી સરેરાશ અડધા કલાકમાં કેજયુલીટીને જે તે તબીબી સારવાર માટે પહોંચતી કરી શકાય તે રીતની વ્યવસ્થા આપણે ગોઠવી છે. ટૂંકમાં ગુજરાતની દર દોઢ લાખની વસ્તી દીઠ એક ૧૦૮ સેવા આજે કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછીનો બીજો મુદ્દો છે એ બીજો મુદ્દો આ રાજયના અનેક આશાસ્પદ પરિવારોને ખાસ કરીને મધ્યમવર્ગના પરિવારોને સ્પર્શે છે. એવી પરિસ્થિતિનું નિમાર્ણ થાય છે આ રાજયમાં કે દસમા ધોરણમાં પોતાનું બાળક આવે અને ટૅલિવિઝન સેટ માળિયા ઉપર ચઢી જાય, ઘરમાં કોઈ મહેમાન આવે તો મોઢું બગડે, વાત થાય નહીં, બાળકને રમવા જવા ન દેવાય, મા-બાપ નોકરી કરતા હોય તો ખાસ રજા લે, કેટલા મદદરૂપ થતા હશે એ મને ખબર નથી, પણ બાળક સામે બેસી રહે અને રીત સર જેલમાં પહેરો ભરતા હોય એમ બાળકના માથા ઉપર બેસી રહે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે કુલ ૨૦ મિનિટ છે, જે આપની પાસે બાકી રહે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : એટલો બધો સમય સાહેબ?

**અધ્યક્ષશ્રી** : મને વાંધો નથી આનાથી વહેલું પૂરું કરો તો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : વીસ મિનિટમાં પતાવી દઈશ સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, તો આ પરિસ્થિતિમાં ગુજરાતના મધ્યમવર્ગના એ સંતાનો ૯૩-૯૩ ટકા, ૯૪ ટકા માર્ક્સ લાવે, ૯૩.૫ ટકા પણ લાવે તો એ ડૉકટર થાય અને ૯૩ ટકા આવે તો આખું પરિવાર નિરાશામાં ફસાઈ જાય. જે મા-બાપો પાસે ૪૦-૪૫ લાખ રોકડા આપવાના પૈસા નથી, જેમની પાસે પોતાના સંતાનોને આવા પૈસા આપીને બહાર મોકલવા માટેની સવલતો નથી, એ મા-બાપોના બાળકો એ ડૉકટર બનવાથી વંચિત રહે અને આવી સતત મહેનત કરીને જે આશાના મિનારા ચણ્યા હોય એ એક કે અડધા ટકાના ફેર માટે કડડાક કરતા તૂટીને ભોંય પડી જાય તે પ્રકારની પરિસ્થિતિનું નિમાર્ણ થાય, એ પરિસ્થિતિ ઉપરાંત આપણે છાપામાં વાંચીએ કે,કે અન્ય રાજયમાં બસોમાં ગુજરાતના છોકરા, છોકરીઓ ઉપર ટપલી દાવ થાય અને ગુજરાતના છોકરા, છોકરીઓને ગુજ્જુ ગુજ્જુ કહીને રેગીંગ કરવામાં આવે આરોગ્ય વિભાગે આ વાતે બિલકુલ મનમાં ગાંઠવાળીને નકકી કર્યુ છે કે ગુજરાતના છોકરા, છોકરીઓ બહારના રાજયમાં મેડિકલ એજયુકેશન લેવા જાય એ પરિસ્થિતિને સદંતર પલટાવવી છે એટલા માટે અમે જે કામગીરી હાથ ધરી એમાં ગઈ સાલ રેકોર્ડ સમયમાં અને અત્યાર સુધીના ઈતિહાસમાં ૫૦૦ સીટો એક સાથે એમ.બી.બી.એસ. કક્ષાએ જો એડમિશન માટે ઉમેરાઈ હોય તો એ ચાલુ વર્ષે એડમિશન માટે ઉમેરાશે. અને મને જણાવતાં આનંદ થાય છે કે Ican say it authentically. ભુજની જે Gujarat Adani Institute of Medical Sciences. LG Muncipal Medical College Ahmedabad, K.J Mehta TB Hospital Trust Amargadh, Surat Municipal Corporation Institution of Medical Education, એન્ડ રીસર્ચ એ થઈને ૫૦૦ સીટ માટેની જે તે જરૂરી જેને Letter of intent કહેવાય એ આ કોલેજને મળી ગઈ છે અને આ કોલેજો હવે બેંક ગેરંટી વગેરે આપવાની ફોર્માલીટી પૂરી કરે એટલે ચાલુ સાલથી વિદ્યાર્થીઓને એડમિશન આપી શકશે. આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ એક જ વર્ષમાં અમે કર્યું છે.

કચ્છ અને ઉત્તર ગુજરાતની વર્ષોથી માગણી એ હતી કે આ વિસ્તારમાં મેડિકલ કોલેજ થાય. અનેક સરકારો આવીને ગઈ અને અનેક વખત આ માટે માગણી ઉપાડી. જાતજાતની વાતો થઈ, વચનો અપાયા પણ વચનો હંમેશા પળાયા વગરના રહ્યા. આ બંને વિસ્તારોએ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવો જોઈએ કે કચ્છને મેડિકલ કોલેજ આપવાનું જે વર્ષોનું વણપળાયેલ વચન હતું એક જાટકે એને પૂરું કરીને એક વર્ષ કરતાં ઓછા સમયમાં ત્યાં મેડિકલ કોલેજ કાર્યરત થાય તે માટેના પ્રયત્નો અમે આરોગ્ય વિભાગે કર્યા છે અને એના માટે આરોગ્ય વિભાગની સમગ્ર ટીમ પણ જે આ કામમાં જોડાઈ હું એમ ચોકકસ કહેવા માગીશ I wouldn like to place on record my appriciation for the entire team. એ જ રીતે પાટણમાં મેડિકલ કોલેજ કરવા માટેની વાત હતી એ મંજુર થઈ ગઈ છે એના માટે જમીન લેવાઈ ગઈ છે. અને આવતી સાલથી એમાં એડમિશન અપાય એવા સઘન પ્રયત્નો અમારા વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. ડેન્ટલ કોલેજમાં મોટા પાયે સીટનો વધારો થયો છે સરકારી ડેન્ટલ કોલેજ જામનગરમાં ૬૦, કે.જે. મહેતા ભાવનગરમાં ૧૦૦ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડેન્ટલ કોલેજમાં બીજી વધારાની સો એમ કરીને બીજી કુલ ૨૬૦ સીટોનો વધારો ડેન્ટલ કોલેજોમાં પણ થયો છે. પોસ્ટ ગ્રેજયુએટ કોર્સીસમાં વિવિધ જગ્યાએ ૧૫૦ સીટનો વધારો ચાલુ સાલે થયો છે. આગામી સમયમાં એનાથી પણ વધારે વધારો થાય એ રીતે કામગીરી અમે હાથ ધરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના થકી આ સન્માનનીય ગૃહને અને ગુજરાતની પ્રજાને કહેવા માગું છું કે જે કામગીરી અમારા વિભાગે એક વર્ષમાં ચાલુ સાલે કરી છે અને જે મેડિકલ એજયુકેશનમાં નવા મેડિકલ, પેરા મેડિકલ એટલે નર્સિંગ, હોમિયોપેથી,

ફિઝિયોથેરાપી અને બાકીની વિદ્યાશાખાઓમાં જે એડમિશન માટેની વધારાની સીટો ઊભો કરવાનો અમે વિક્રમ સ્થાપ્યો છે એ વિક્રમ અમારે ચાલુ સાલે તોડી નાખવો છે કારણકે વિક્રમો તુટવા માટે જ સ્થપાતા હોય છે અને અમે એ વિક્રમો તોડીને ગુજરાતને We want to make Gujarat the Hub of Medical education. અત્યાર સુધી ગુજરાતમાંથી છોકરા, છોકરીઓ બહાર ભણવા જતા હતા એના બદલે ગુજરાતમાં છોકરા, છોકરીઓ બહારથી ભણવા આવે એ પ્રકારની પરિસ્થિતિનું આપણે નિર્માણ કરવું છે. એની સાથે હું એ પણ વાત કહેવા માગું છું કે આ એક મેડિકલ કોલેજ સાથે ૭૫૦ બેડની હોસ્પિટલ પણ થાય છે અને આપ જાણો છો તે પ્રમાણે આ હોસ્પિટલમાં ટીચીંગ હોસ્પિટલ હોય એટલે સારવારના ધોરણો અને સારવારની સવલતો ખાસ કરીને જેમની પાસે સાધનો નથી એના માટે ઉપલબ્ધ બનતી હોય છે. આવી ૨૦ મેડિકલ કોલેજો જો રાજયમાં થાય તો ૧૫૦૦૦ પથારીની બીજી હોસ્પિટલો ઉમેરાય.અને આજે સિવિલમાં ૨૦૦૦ બેડની કેપેસિટી છે એ જોઈએ તો બીજી નવી ૮ સિવિલ હૉસ્પિટલ જેટલી સવલત રાજયના ગરીબ દર્દીઓ માટે આ રાજયમાં ઉમેરાવાની ક્ષમતા આ નવી મૅડિકલ કૉલેજના કારણે આવનારા ૪-૫ વર્ષમાં આ રાજ્યમાં થવાની શક્યતા હું જોઈ રહ્યો છું. અત્યાર સુધી આપણે મૅડિકલ સાયન્સની વાત કરી. મૅડિકલ સાયન્સ એટલે દવાઓ ઉપર આધારિત ચિકિત્સા પદ્ધતિ જેમાં દવા મુખ્ય હોય છે. માણસ મુખ્ય નથી. માણસ કેન્દ્રસ્થાને નથી. જીવન કેન્દ્રસ્થાને નથી, એના કારણે એની આડઅસરો આવતી હોય છે.

આપણી પુરાણી જ્ઞાન પદ્ધતિ છે, એને આપણે આયુર્વેદ કહીએ છીએ. આયુર્વેદનો સીધો અર્થ એ થાય કે 'લાઈફ સાયન્સ' એટલે જીવન સાથે જોડાયેલ ચિકિત્સા પદ્ધતિ છે. જીવનને કેન્દ્રમાં મૂકીને જે જોડાયેલ ચિકિત્સા પદ્ધતિ છે, એ પદ્ધતિને આયુર્વેદ પદ્ધતિ અથવા આપણા પુરાણી જ્ઞાનની સાથે જોડાયેલ પદ્ધતિ કહીએ છીએ. આપણે ત્યાં હરડે જેવી ઔષધિ માટે એવું કહેવાય છે કે- "યશે ગૃહે નાસ્તી માતા, તસ્યે માતા હરિતકી". જેના દ ારમાં બાળકની 'મા' ન હોય તેને હરડે આપવામાં આવે તો 'મા' જેટલી સારસંભાળ રાખવાનું કામ હરડે કરે છે. આપણે ત્યાં વૈદ્ય માટે કહેવાય છે કે- "ઔષધમ્ જ્હાન્વી તોયમ્, વૈધો નારાયણી હરિ". ઔષધ એ ગંગાજળ સમાન પવિત્ર છે અને વૈદ્ય સાક્ષાત ભગવાન નારાયણનો અવતાર છે. આપણે ત્યાં સ્થાનિક ગુજરાતીમાં જે દ ારડાઓ દેશી વૈદુ જેને કહેવાય, એમાં આપણને શિખવાડતા હતા કે "ઓકી દાતણ જે કરે, નરણે હરડે ખાય, દૂધે વાળુ જે કરે, તે ઘરે વૈદ્ય ન જાય". આ જીવન પદ્ધતિ સાથે સંકળાયેલ આયુર્વેદ અને આયુર્વેદની જૂનામાં જૂની યુનિવર્સિટી અત્યારે સ્વ.મોહનલાલ વ્યાસને યાદ કરવા છે કે જેમના કારણે આ ગુજરાતમાં આયુર્વેદની જૂનામાં જૂની યુનિવર્સિટી અને એ આયુર્વેદ માટેની ચિકિત્સા પદ્ધતિના ખૂબ ઊંડા મૂળ આ રાજયમાં નખાયા છે, એ પદ્ધતિને rejuvenate એટલે ફરી પુનઃજીવિત કરીને સમયની સાથે કદમ મીલાવીને ચાલે તે પ્રકારની વ્યવસ્થા કરવાની અમારા વિભાગે કામગીરી હાથમાં લીધી છે. આ કામગીરીના ભાગરૂપે સરકારી અખંડાનંદ આયુર્વેદ કૉલેજને મોડેલ આયુર્વેદિક કૉલેજ તરીકે વિકસાવવાનું અમે આયોજન કર્યુ છે. ૫૦ કરોડના ખર્ચે આ મૉડેલ આયુર્વેદિક કૉલેજ કોલવડા ખાતે ૧૫ એકર જમીનમાં આકાર લેશે અને એના માટે ૮ કરોડ ૨૪ લાખની ગ્રાન્ટ પી.આઈ.ઓ. હસ્તક મુકવામાં આવેલ છે. તેના નકશા તૈયાર કરીને તેના અમલીકરણની કામગીરી આગળ ચાલી રહી છે. આયુર્વેદમાં એવી ચિકિત્સા છે તેમાં શૈલ્ય ચિકિત્સાથી એલોપેથી પદ્ધતિમાં શકય નથી, એનો એક જ દાખલો હું આપીશ કે જે ફિશર કે પાઈલ્સની ટ્રિટમૅન્ટ માટે શૈલ્ય ચિકિત્સાથી મૅડિકલ સાયન્સમાં શકય નથી, તે ક્ષારસૂત્ર પ્રયોગના કારણે આયુર્વેદિક પદ્ધતિથી શકય બને છે. શીરોધરા એ tranquiliser કરતાં પણ વધારે rejuvenator કામ કરે છે. એવી કેટલીક ઔષધિઓ છે આપણે બાળકોને પણ આજે દશમાં ધોરણના છોકરાઓ આજે Alfasolem લેતા હોય તો તેના બદલે અશ્વગંધા, ડાયાબીટીસ તરીકે Bidurate વપરાય છે દવામાં એના બદલે પુનર્નવાદિ ક્વાથ આપણે emplaster beladona કહીએ છીએ. દુખાવો થતો હોય તો પટ્ટો મારીએ છીએ, એના બદલે આકડો અને ધતુરો. એલોપેથીમાં વાયરસની કોઈ દવા જ નથી. There is only preventive medicine for preventing the complication. તુલસીમાં એવા ગુણો હોવાનું કહેવાય છે કે જે વાયરસ સામે એક રક્ષાકવચ પૂરું પાડે છે. લોહતત્ત્વની ઊણપ એ ગળો સત્વ જેટલી સારી રીતે પૂરી કરે છે, એટલી લોહતત્ત્વની કેપ્સ્યુલથી એ લોહીની ઉણપ પૂરી થતી નથી. નગોડ, ધતુરો, શંખપુષ્પી, બ્રાહ્મી એ આયુર્વેર્દિક ઔષધિના ગુણ એ આજે આપણે કોઈને કહેવા જવું પડે તેમ નથી. આપે ચીકનગુનિયા સામે જે પ્રયોગ ખૂબ મોટા પાયે કરાવેલો અને જેના કારણે combiflam કે voveran લેવાવાળાના હજુ સાંધા દુખે છે, પણ ચીકનગુનિયાનો ઉકાળો પીવાવાળાના સાંધા આજે નથી દુખતા. એ ચીકનગુનિયાનો આયુર્વેદિક ઉકાળો એ આપણી જ ચિકિત્સા પદ્ધતિમાં કેટલું બળ છે, એનું ઉદાહરણ છે.માનનીય અધ્યક્ષશ્રી, આયુર્વેદિક્ની સ્નાતક કક્ષાની સીટો વધારવાનું આયોજન અને અનુસ્નાતક કક્ષાની સીટો વધારવાનું આયોજન લઈને અમે ચાલીએ છીએ અને આયુર્વેદ એ એલોપેથીના સમકક્ષ અગત્યતતા પામે અને એ દિશામાં પ્રયાસના ભાગરૂપે અમે મોટાપાયે આપણા જે હેલ્થ સૅન્ટર છે તેમાં પણ ક્લાસ-૨ ઑફિસર તરીકે આયુર્વેદિક ડૉક્ટરોની નિમણૂક મૅડિકલ ઑફિસર તરીકે કરી છે. આયુર્વેદ માટેની પ્રતિબદ્ધતાનો આ એક ઉત્તમ ઉદાહરણ છે. એ પ્રતિબદ્ધતાને હું આજે ફરી એકવાર આ ગૃહ સમક્ષ મૂકું છું અને અમે જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં પણ તે પ્રતિબદ્ધતાનો પડઘો પડતો આપ જોઈ શકો છો.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ત્રીજો મુદ્દો જે આપણને નડે છે તે આ રાજયમાં ડૉકટરોની તંગી તે સતત એક ફરિયાદનો વિષય હતો. મારે આજે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે છેલ્લા ૧-૧-૨૦૦૮ થી ૩૦-૬-૨૦૦૯ છેલ્લા દોઢ વર્ષમાં એમ.બી.બી.એસ. ડૉકટરોની નિમણૂક કરવામાં આવી ૨૬૮૦ અને હાજરની સંખ્યા ઓછી છે તેમાં ૬૩૨ હાજર થયા. આયુર્વેદિક ડૉકટરો-૯૩૦ હાજર થયા, હોમિયોપેથીક ડૉકટરો ૩૮૫ હાજર થયા. કુલ મંજૂર થયેલ જગ્યાઓ ૩૦૨૦ સામે લગભગ ૨૯૮ જગ્યાઓને બાદ કરતાં બધી જ જગ્યાઓ અમે ડૉકટરોની ભરી છે. આજે રાજયમાં મહદ્અંશે અમારા માનનીય સભ્યશ્રીઓની જે માગણી હતી તે માગણી અમે મહદ્અંશે સંતોષી શક્યા છે તે માટેનો અમને આનંદ છે. આ સિવાય રાજયમાં જે ત્રણ મહત્વની સંસ્થાઓ છે તેનો ઉલ્લેખ માનનીય પ્રદિપસિંહજીએ પણ કર્યો અને અન્ય સભ્યશ્રીઓએ ચર્ચામાં કર્યો. કિડની રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, કૅન્સર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને યુ.એન.મહેતા. કાર્ડિયોલૅાજીકલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું વિસ્તૃતીકરણ કરી તેને માત્ર આ દેશની જ નહીં પણ વૈશ્વિક કક્ષાની રીસર્ચ અને ડૅવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ તરીકે વિકસાવવા માટેની કામગીરી અમારા વિભાગની અગ્રતાની કામગીરીમાં આવે છે. આ કામગીરીના ભાગરૂપે કૅન્સર હોસ્પિટલને અલગ કૅમ્પસમાં લઈ જઈ તેની સાથે મૅડિકલ કૉલેજ જોડી સાથે રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ થાય અને આજે અમેરિકાની સ્લોન કેટરીન ઇન્સ્ટિટયૂટ જેવી એક અગ્રણી રીસર્ચ સંસ્થા તરીકે ગુજરાત કૅન્સર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ બને તે દિશાની કાર્યવાહી અમે આરંભી છે. ગુજરાત કૅન્સર રીસર્ચ ઈન્સ્ટિટયૂટે મૅડિકલ કૉલેજ માટેની અરજી કરી હતી તેને અમે નો ઓબ્જેકશન સર્ટિફિકેટ આપ્યું છે અને તે અત્યારે પ્રગતિમાં છે. તે સિવાય યુ.એન.મહેતા કાર્ડિયોલૉજીકલ ઇન્સ્ટિટયૂટમાં બીજી ૪૦૦ પથારી ઉમેરાય તે રીતની વિસ્તરણની કામગીરી પ્રગતિમાં છે. સમયની મર્યાદાને લક્ષમાં લેતા બે મુદ્દા પર વિશેષ હું વાત કરવા માગીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષ એટલે કે ગત વર્ષ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિરોગી બાળ વર્ષ તરીકે જાહેર કર્યુ હતું અને એટલા માટે કેટલીક તેને લગત કામગીરી જે થઈ છે તેની વાત મારે આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવી છે. નિરોગી બાળ વર્ષ નિમિત્તે જે કામગીરી થઈ તેમાં ૩,૧૧,૯૫૦ મમતા દિવસનું આયોજન થયું અને ૮૬ ટકા સગર્ભા માતાઓને સંકલિત સેવાઓ આપવામાં આવી. ચિરંજીવી યોજના, જનની સુરક્ષા યોજના, વિવિધ પ્રકારની તાલીમો તથા એન.એ.બી.એચ.ના ધોરણો અનુસાર જિલ્લા તથા તાલુકા કક્ષાની હૉસ્પિટલોને સુદ્રઢ કરવાથી તથા ૧૦૮ ઈમરજન્સી સેવાના સંકલન થકી ૮૨ ટકા સંસ્થાકીય પ્રસૂતિઓ થઈ છે. આપને ખ્યાલ છે કે હજુ માત્ર પાંચ વર્ષ પહેલાં સંસ્થાકીય પ્રસૂતિઓનું પ્રમાણ માંડ ૫૦ ટકાથી થોડું ઉપર હતું. તેના બદલે આપણે ૮૨ ટકા  જેટલે પહોંચ્યા છીએ. જે જાતની કામગીરી અમે હાથ ધરી છે, અમે ૯૦ ટકા ઉપર પહોંચવા માટેનું લક્ષ્યાંક લઈને ચાલીએ છીએ. બાળ સંભાળ માટે થયેલી કામગીરીમાં નવજાત શિશુ અને બાળકોનું યોગ્ય નિદાન અને સારવાર માટે નવજાત શિશુ અને માંદા બાળકો માટે સર્વાંગી સંકલિત સારવાર પ્રોટોકોલનો અમલ ૧૮ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવ્યો અને ચાલુ વર્ષ દરમ્યાન સમગ્ર રાજયને આવરી લેવામાં આવશે. બાળસખા યોજનામાં ૨૨૦ ખાનગી બાળ રોગ નિષ્ણાત દ્વારા ૨૪૦૦ નવજાત શિશુની તપાસ તથા ઘનિષ્ટ સારવાર થઈ, આ પણ એક અત્યંત કલ્પનાશીલ અને સંવેદનશીલ યોજના છે. અત્યાર સુધી આપણે સંસ્થાકીય પ્રસૂતિ ઉપર અને માતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હતા. માતા મરણનું પ્રમાણ આના કારણે આપણે સારું એવું ઘટાડી શક્યા પણ નવજાત શિશુને જે બાળરોગ નિષ્ણાતની સારવાર મળવી જોઈએ એ બાળરોગ નિષ્ણાત દ્વારા મળતી નહોતી પણ આ યોજના થકી એ ખોટ પૂરી કરાઈ છે. રાજયમાં State Nutrition Cell રચના કરી અને તે થકી ૧૪ બાળ વિકાસ અને પોષણ કેન્દ્રો દ્વારા ૭૦૦થી વધારે કુપોષણના બાળકોની સારવાર કરી. સંપૂર્ણ રસીકરણની ૮૨ ટકા કામગીરી થઈ અને અસમાન જાતિ પ્રમાણ સામે અસરકારક ઝુંબેશ દ્વારા જાતિ પ્રમાણ હવે ૮૯૧ બાળકીઓ પ્રતિ ૧૦૦૦ કુમારના જન્મ સુધી પહોંચાડી  શકાયું છે. આ ઉપરાંત જે કંઈ કામગીરી અમે કરી છે એમાં ખાસ ઉલ્લેખ કરવા માગું છું કે, જે શાળાના બાળકોનું આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ છે. આરોગ્ય વિભાગ આ કાર્યક્રમ હેઠળ અભૂતપૂર્વ કામગીરી કરે છે. એક કરોડ પચીસ લાખ જેટલા બાળકોની,  ૧૮વર્ષથી નીચેની ઉંમરનાની ચકાસણી કરવી એનો અર્થ એ થાય કે ગુજરાતની કુલ વસતિના ૨૫ ટકા જેટલી વસતિની આ સરકાર એના આરોગ્ય વિભાગ દ્વારા મફત ચકાસણી કરી અને એમના આરોગ્યની જાળવણી કરવાનો લક્ષ લઈને ચાલે છે એ ચકાસણી દરમિયાન કોઈપણ પ્રકારનો રોગ દેખાય તો ઑપરેશન સમેત એના માટેની સંપૂર્ણ સારવાર મફત રાજય સરકાર દ્વારા છેલ્લામાં છેલ્લી  ઢબની  સારવાર પદ્ધતિ થકી આપવામાં આવે છે. ત્રણ જ કિસ્સાઓમાં અમે આ માટે અપવાદ રાખીએ છીએ અને એ ત્રણ કિસ્સાઓને બાદ કરતાં બાકીની કોઈપણ પ્રકારની બિમારી હોય કોકલિયર ઈમ્પ્લાન્ટ, Hormone ના ઇન્જૅકશન, અને Bone Marrow implant આ ત્રણ સિવાય કોઈપણ બિમારી હોય અને રાજય બહાર પણ સારવાર માટે ઑપરેશન માટે મોકલવાનું જરૂર પડે બાળકોને, તો માનનીય અધ્યક્ષશ્રી, આપને સુવિદિત છે કે, આપણે બાળકોને બહાર મોકલીએ છીએ. આ વખતે આંખોની ચકાસણીમાં ત્રણ લાખ કરતાં વધારે ચશ્મા આપવા માટેનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય બાકીના જે મુદ્દા છે એ ખાલી હું મુદ્દાઓનો ઉલ્લેખ કરી જઉં,  (સમયસૂચક ઘંટડી) આપે માનનીય અધ્યક્ષશ્રી, વૉર્નિંગ બેલ વગાડ્યો છે એટલે વિશેષ સમય લઈને આપનો અનાદર નહીં કરું. માનનીય અધ્યક્ષશ્રી, અમે બાકીની જે કામગીરી કરી રહ્યા છીએ એ ખાલી મુદ્દાવાર જ કહીશ. Stem cell રિસર્ચ માટે અમે એની એપ્લિકેશન અને એના માટેની sickle cell

માટેની સારવાર માટેનો એક એમઓયુ સહી કર્યુ છે એ માટેની કાર્યવાહી વલસાડ ખાતે વધારી રહ્યા છીએ. એચઆઈવી એઈડસ માટેનું અભિયાન અને એના જે કોઈ દર્દીઓ છે એના પ્રત્યે સંવેદનાભરી સારવાર પદ્ધતિ, બેટી બચાવો અભિયાન અને સૅક્સ રેશિયો એનો ઉલ્લેખ કર્યો, તે સુધારવા અને એ અંગેની સિદ્ધિઓ, ચિરંજીવી તથા બાળસખા યોજના થકી બાળકોની સારવાર, રાજયની હૉસ્પિટલોની ગુણવત્તા સુધરે એ માટે NABHની સવલતો એમને ઉપલબ્ધ કરાવવી એમણે ફરજિયાત NABHનું સર્ટિફિકેટ લેવું, અને રાજયની સરકારી હૉસ્પિટલો ખાનગી હૉસ્પિટલોની સમકક્ષ સેવાઓ આપતી થાય એ પ્રકારની કામગીરી માટે NABH સર્ટિફીકેશનની કામગીરી , રાજયની હોસ્પિટલોમાં સીએચસી , પીએચસી અંગે મેં જણાવ્યું તે પ્રમાણે લગભગ ડૉક્ટરોની, નિષ્ણાતો વગેરેની ભરતી અમે પૂરી કરી છે. મોડાસા Hepetitis-B નો વિશિષ્ટ કામગીરી નો ઉલ્લેખ એટલા માટે કરવા માગું છું કે, જે વાત અમે અત્યાર સુધી નથી કરી લગભગ ચાર લાખ જેટલા લોકોનું અને આ Hepetitis B નું રસીકરણ માનનીય અધ્યક્ષશ્રી, આપને ખ્યાલ છે તે પ્રમાણે અત્યંત ચોકસાઈપૂર્વક ચોકસાઈ માગી લેતી એક રસીકરણની વ્યવસ્થા છે અને એના થકી એ રોગચાળાને એના જે વાયરસ હતા એ They are very very virulent virus એને ત્યાંજ કાબુમાં રાખવા આપણા આરોગ્ય વિભાગે જે કામગીરી કરી છે, એનો હું ખાલી ઉલ્લેખ કરું છું. વડોદરા ડ્રગ લૅબૉરેટરીને NABL સર્ટિફિકેટ મેળવીને દેશની પ્રથમ ડ્રગ લૅબૉરેટરી એવી છે કે, જેને એન.એ.બી.એલ. સર્ટિફિકેટ મળ્યું છે. ભુજ અને રાજકોટ માટે આ વખતે મેં એ અંગેની આગળની કામગીરી માટેની જોગવાઈ કરી છે. રાજયની અમદાવાદ સિવિલ હૉસ્પિટલ માટેનો ઉલ્લેખ માનનીય પ્રદિપસિંહજીએ કર્યો એનું વિસ્તરણ અને એના આધુનિકીકરણનું કામ આપણે હાથ પર લીધું છે. એ કામ આવનારા બે-અઢી વર્ષમાં પૂરું કરવાનું આયોજન કરીને અમે ચાલીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એક જ મુદ્દાની હું વાત કરી લઉ. આરોગ્ય વિભાગ અને આરોગ્ય વિભાગ સાથે સંલગ્ન વિભાગ એ પછી અમારા ડ્રગ કમિશનરશ્રીનો વિભાગ હોય, કે સી.એમ.એસ.ઓ.હોય કે એની સાથે સંલગ્ન એચ.આઈ.વી. એઈડસ કન્ટ્રોલ કે તેને લગતી કામગીરી હોય, સમગ્ર તંત્ર એક ટીમ તરીકે કામ કરે છે અને એના થકી સંકલિત રીતે ગુજરાતની પ્રજાને અને ગુજરાતના નાગરિકોને સેવાઓ ઉપલબ્ધ બને એ માટે અમે આ માગણીઓ લઈને આવ્યા છીએ અને મારા વક્તવ્યના સમાપનમાં હું સન્માનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે આ માગણીઓ ગુજરાતની પ્રજાના આરોગ્ય માટે છે, એના હિત માટે છે, 'બહુજન હિતાય બહુજન સુખાય' વાત લઈને અમે આવ્યા છીએ ત્યારે અમારી આ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના બજૅટ સાથે અને અમારા વિભાગની માગણીઓ સાથે આ સન્માનીય સભાગૃહ સમક્ષ હું ઉપસ્થિત થયો છું ત્યારે મારે માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું જોઈએ કે આજે શહેરી વિકાસ વિભાગ દ્વારા જે કામગીરી થઈ રહી છે એ ગુજરાતના ૭ મહાનગરો અને ૧૫૯ નગરપાલિકાઓ દ્વારા ગુજરાતની કુલ સાડા પાંચ કરોડની વસતિમાંથી લગભગ ૨ કરોડ નાગરિકો સુધી અમારી સેવા પહોંચાડવા માટે અમે સતત પ્રયત્ન રત છીએ. આ ૭ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકા એ પણ લોકશાહી પ્રક્રિયા પ્રમાણે સ્વાયત્ત સંસ્થા છે અને નગરપાલિકા એકટને બૉમ્બે મ્યુનિસિપલ એકટના આધારે આ સંસ્થાઓ કામ કરે છે. અને કદાચ ક્યાંક જુદી વિચારસરણી વાળા લોકો પણ એ સંસ્થાઓમાં હોદા ઉપર હશે તો એમને પણ અમારી કામગીરીમાં સામેલ કરી રાજય સરકારની નીતિ અને રાજય સરકારના બજૅટ દ્વારા ગુજરાતની ૨ કરોડથી વધુ પ્રજાને અમારો વિભાગ સેવા આપી રહ્યો છે. શહેરોની જે પ્રમાણે વસતિ વધતી રહી છે ગુજરાતના ઉદ્યોગોની પ્રગતિ અને ગુજરાતમાં બહારથી આવનારાની વધતી જતી વસતિ, ગુજરાતના ગામડાંની સમૃદ્ધિના કારણે ગામડાંથી સમૃદ્ધ થયેલા લોકોની જુદા જુદા કારણસર શહેરોમાં રહેવા જવાની એક પ્રક્રિયા છે એના કારણે ગુજરાતમાં શહેરીકરણ ખૂબ ઝડપથી વધી રહ્યું છે. ગુજરાત એ દેશનું એવું બીજા નંબરનું રાજય છે કે જેમાં શહેરીકરણ ઝડપથી વધી રહ્યું છે. પહેલા નંબરે મહારાષ્ટ્ર છે. મહારાષ્ટ્રમાં જો મુંબઈને બાકાત કરીએ તો મુંબઈ સિવાયના મહારાષ્ટ્રના શહેરીકરણની ઝડપ કરતાં ગુજરાતની શહેરીકરણની ઝડપ એ વધી જાય છે ત્યારે સ્વાભાવિક ગુજરાતના શહેરોને, મહાનગરોને અને નગરોને તમામ સગવડથી સમૃદ્ધ બનાવવા, તમામ વ્યવસ્થાથી એને પૂર્ણ કરવાઅને શહેરમાં વસતિ જે પ્રજા છે એ સમગ્ર પ્રજાને એક ખુશનુમા વાતાવરણની અંદર, આરોગ્યપ્રદ વાતાવરણની અંદર, સ્વચ્છ વાતાવરણની અંદર અને બધાને રહેવું ગમે એવા વાતાવરણની અંદર વ્યવસ્થા ઉભી કરવા માટે અમારો વિભાગ અનેક પ્રયત્ન કરી રહ્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ગુજરાતની બે કરોડની આ પ્રજા જે શહેરોમાં વસે છે અને આવનારા સમયમાં જેની સંખ્યા વધતી જવાની છે એવા નાગરિકોને, મેં કહ્યું એ પ્રમાણેની સુંદર સુવિધાઓથી સજ્જ, તમામ વ્યવસ્થાઓથી ભરેલું શહેર મળે એ માટેના અનેક આયોજનો અમે હાથ પર લીધા છે. ત્યારે સ્વાભાવિક છે કે સરકાર કોઈ કામ કરે તો એને બે રીતે માપી શકાય છે, એક આર્થિક રીતે સરકાર એની પાછળ શું આયોજન કરી આપે છે, કેટલું બજેટ ફાળવે છે એ એક એનો આધાર હોઈ શકે અને બીજું સરકારે ફાળવેલા બજેટના આધારે શહેરોમાં, નગરોમાં, મહાનગરોમાં, શું કામ થયું, એ કામનું મૂલ્યાંકન એ એના ઉપર થઈ શકે છે, પહેલો

આધાર હું કહું કે નાણાકીય ફાળવણી અને નાણાકીય વ્યવસ્થા સરકાર કેટલી પૂરી પાડે છે, એ બહુ અગત્યની બાબત છે, આપણે ઈચ્છીએ છીએ કે, આ નગરપાલિકાઓ ખૂબ સુંદર બને, ખૂબ સ્વચ્છ બને, તમામ આંતરમાળખાકીય સુવિધાઓથી સુસજ્જ બને, પીવાનું પાણી, રસ્તાઓ, વીજળી, બાગબગીચા, તળાવો વિગેરે સુંદર બને, પણ ફક્ત રાજય સરકાર જો નીતિ વિષયક નિર્ણય કરે, પણ અમલવારી માટે એને નાણાકીય જોગવાઈ પૂરી ના પાડે, એને પૂરું પીઠબળ નગરપાલિકાઓને ના આપે તો હું માનું છું કે નગરપાલિકાઓની વાત તો બાજુ પર રાખીએ પણ મહાનગરપાલિકાઓની પણ પોતાની એકલાની સ્થિતિ એવી નથી, આર્થિક રીતે એમની એવી સુદૃઢતા નથી કે પોતાની શક્તિ ઉપર નગરપાલિકા કે મહાનગરપાલિકા આ બધું કામ કરી શકે, એટલા માટે સરકારે નક્કી કર્યુ છે કે, શહેરોના કામો માટે શહેરી વિકાસ વિભાગનું બજેટ સતત વધારતા રહેવું, એનો હું આપને દાખલો આપું તો આ વર્ષે ૪૭૮૩ કરોડ રૂપિયાનું બજેટ માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ અમારા શહેરી વિકાસ વિભાગને ફાળવ્યું છે, આ ૪૭૮૩ કરોડ રૂપિયાની માતબર રકમ એ અત્યારે કહું છું પણ પાંચ સાત દસ વર્ષ પહેલાં જો જોઈએ તો ૪૦૦ કરોડ રૂપિયાનું બજેટ એ શહેરી વિકાસ વિભાગ માટે રાજય સરકારો અગાઉ ફાળવતી હતી અને ૪૦૦-૫૦૦ કરોડ રૂપિયાના બજેટમાં ગુજરાતની પ્રજાને શહેરોમાં સગવડો આપવી અને પછી એની પાસે અપેક્ષા રાખવી એ બહુ વ્યવહારિક રીતે શક્ય નહોતું અને એટલા માટે જ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આયોજનબદ્ધ રીતે, તબક્કાવાર આ વ્યવસ્થાઓ ચાલુ કરી અને સૌથી પહેલાં સને ૨૦૦૫માં અમે શહેરી વિકાસ વર્ષથી શહેરોને વ્યવસ્થા આપવાની, શહેરોને મદદ કરવાની શરૂઆત કરી અને ૨૦૦૫માં ગુજરાત સરકારે જે શહેરી વિકાસ વર્ષ ઉજવ્યું એના કારણે પ્રજાની અંદર જબરદસ્ત ભાવના ઉભી થઈ, એક વિશ્વાસ ઉભો થયો કે સરકાર જો સહયોગ કરે તો આ નગરપાલિકાઓ અને એના હોદ્દેદારો આ પ્રજાને લાભ આપી શકે છે અને એનો જે લાભ દેખાયો, એ લાભ ફક્ત ગુજરાત પૂરતો મર્યાદિત ના રહ્યો, જ્યારે સારું કામ થતું હોય, સારી પ્રવૃત્તિ થતી હોય તો એ બધાના ધ્યાન પર આવતી હોય છે, શહેરી વિકાસ વર્ષની સફળતા એની વાતો, એના પ્રોજેક્ટ, એની અમલવારીની પદ્ધતિ, એનાથી થતાં લાભ અને ખાસ કરીને એનાથી પ્રજાને થતો સંતોષ, એની વાત છેક કેન્દ્ર સરકાર સુધી પહોંચી. અને કેન્દ્ર સરકારે પણ માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, આપણાં શહેરી વિકાસ વર્ષની સફળતાને ધ્યાનમાં રાખી અને જે.એન.એન.યુ.આર.એમ. નામની એક યોજના આખા દેશમાં અમલમાં મૂકી. કેન્દ્ર સરકારે પણ જોયું કે મોટા મોટા શહેરો દેશની અંદર છે પણ ત્યાં ઝૂંપડપટ્ટીઓ, ગંદી વસાહત, રસ્તા ઉપરના દબાણ, ભારે ટ્રાફિક, ધુમાડાના પ્રદૂષણથી ભરેલું શહેર, પીવાના પાણીની અછત તમામ પ્રકારની અગવડતાઓથી ભરેલા શહેરો હતા. ફક્ત ઉભરતા હતા તો એ વસતિથી આ શહેરો ઉભરાતા હતા. અને તેની સામે કોઈ વધારાની વ્યવસ્થા આખા દેશમાં થઈ શકતી નહોતી. એટલે હું ખરેખર એમ કહું કે આ ગુજરાતનું વાવેલું એક બીજ શહેરી વિકાસ વર્ષનું તે આજે વટવૃક્ષ તરીકે આખા દેશની અંદર જે ઉગ્યું છે તેનો જો કોઈને શ્રેય આપવો હોય તો આપણાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની એક કલ્પના શકિતને, તેની વ્યવસ્થા શકિતને કારણે તેનાથી જે લાભ મળ્યો તે ગુજરાત નહીં પણ આખા દેશને આજે અબજો રૂપિયાની ગ્રાન્ટ રાજયોની, કેન્દ્રની અને નગરપાલિકાઓની, કોર્પોરેશનની ભેગી થઈ પ્રજાના વિકાસ માટે વપરાઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી રીતે પણ થોડોક ઉલ્લેખ કરવા માંગુ છું કે, ૨૦૦૪-૦૫માં નગરપાલિકાઓને અમે કેટલી ગ્રાન્ટ આપી હતી ? ફક્ત ૧૨૧ કરોડ રૂપિયા. અત્યારે ગયા વર્ષે અમે કેટલી ગ્રાન્ટ આપી ? ૧૨૧ હતી ૨૦૦૪-૦૫માં તેની સામે ૧૭૮૯ કરોડ એટલે પાંચ વર્ષની અંદર ૧૪ ગણો વધારો. આ નાણાંકીય સપોટ અમારી રાજય સરકારે નગરપાલિકાઓને આપ્યો છે. તેની સામે પ્રજાનો સંતોષ, પ્રજાનો આવકાર મળ્યો તેના કારણે બીજા વર્ષે ૨૦૦૭માં અમારી સરકારે નિર્મળ ગુજરાત એ યોજના અમલમાં મૂકી અને નિર્મળ ગુજરાતનો કન્સેપ્ટ એ આખા દેશે પણ સ્વીકાર્યો. આજે ભારત સરકાર પણ નિર્મળ ગુજરાતની પેટર્ન ઉપર આયોજનો કરી રહી છે અને આખા દેશની અંદર તેની અમલવારી કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તા પહોળા હોય, બાગ-બગીચા હોય, શહેરો બને પણ જો સ્વચ્છતા ના હોય તો એ સ્વચ્છતા નહીં હોવાના કારણે આપણને બધું અરૂચિકર લાગે છે. જ્યાં સ્વચ્છતા હોય ત્યાં આપણને સ્વભાવિક પર્યાવરણની રીતે અને બીજી રીતે પણ મનને સંતોષ અને શાંતિ થતી હોય છે. આપણી મોટી મોટી સરકારી મિલકતો હોય અને આજે નિર્મળ ગુજરાતથી કોઈ નગરપાલિકા પૂરતો કે નગરપાલિકાની મિલકતો પૂરતો કે જાહેર રસ્તાઓ કે શેરીઓ કે મહોલ્લાઓ પૂરતો આ પ્રોજેકટ નથી. અમે નક્કી કર્યુ છે કે આ નિર્મળ ગુજરાત એટલે શું? તો નિર્મળ ગુજરાતમાં સરકારની તમામ મિલકતો અને જાહેર સ્થળો તમામ પ્રકારના પછી કોઈ પણ વહીવટ હેઠળ આવતાં હોય આજે માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. સ્ટેન્ડ હોય તાલુકા મથક ઉપર કે જ્યાં હજારો લોકો તે એસ.ટી.મથક ઉપર અવર-જવર કરતાં હોય અને એસ.ટી.સ્ટેન્ડ જો ચોખ્ખું હોય, સ્વચ્છ હોય, ત્યાંની ગંદકી રોજેરોજ ઉપડી જતી હોય અને બસ-સ્ટેન્ડ સ્વચ્છ હોય તો આવતાં-જતાં પ્રવાસીઓને પણ તેનાથી આનંદ થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી મંત્રી માનનીય જયનારાયણભાઈ આરોગ્ય વિભાગનું જંગી બજેટ અને જંગી યોજનાઓ આ સભાગૃહને બતાવી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૯૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેકટ કરી અને આખી સિવિલ હોસ્પિટલને જે એશિયાની મોટી તો છે, પણ મોટામાં મોટી સવલતોવાળી, આધુનિક

ઈકવીપમેન્ટથી સજજ એવી હોસ્પિટલ બનાવવાના છે ત્યારે આપણે વિચારો કે જ્યાં આગળ દરરોજ હજારો વ્યકિતઓ આવતાં હોય, હજારો સગાં-વહાલાંઓ દર્દીઓની ખબર કાઢવા માટે આવતાં હોય, કર્મચારીઓ હજારો આવતાં હોય અને સિવિલ હોસ્પિટલ હોય, બીજા સી.એચ.સી. હોય પણ તે સ્વચ્છ ના હોય, ચોખ્ખાં ના હોય તો સ્વભાવિક છે કે આપણને ગમતું નથી. તો આ સિવિલ હોસ્પિટલો હોય, બસ સ્ટેશનો હોય, રેલવે સ્ટેશનો હોય, હાઈસ્કૂલો હોય, તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, જિલ્લા પંચાયત કચેરી આવી તમામ પ્રકારની સરકારી મિલકતોને પણ નિર્મળ ગુજરાત નીચે આવરી લઈ અને મુખ્યમંત્રીશ્રીએ દરેક વિભાગોને સૂચનાઓ આપી અને દરેક વિભાગોને કહ્યું કે તમારી માલ-મિલકત, તમારી વ્યવસ્થા તે પ્રજાને ગમે તે રીતે તમે સ્વચ્છ અને સુંદર રાખો. અને એના કારણે આજે આપણે જોઈ રહ્યાં છીએ કે દરેક જગ્યાએ સફાઈની કામગીરી સારી રીતે થવા માંડી છે. પ્રજા એનો સંતોષ અનુભવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી અમે એક મોટી યોજના અમલમાં મૂકી છે. તે છે 'ગરીબ સમૃદ્ધિ યોજના' શહેર હોય ત્યાં સ્વાભાવિક રીતે જ કામદાર વર્ગ હોય, મજૂર વર્ગ હોય, ગરીબ વર્ગ હોય અને બહારથી આવેલા પરપ્રાંતિયો પણ હોય. આવા બધા લોકોને શહેરોની અંદર સારી રીતે વસવાટ કરાવવા શહેરોના ગરીબોને નગરપાલિકા દ્વારા, મહાનગરપાલિકા દ્વારા પાયાની સગવડો આપવી. શહેરોના દરેક નાગરિકને એમ લાગે કે આ મારું શહેર છે. હું પણ આ શહેરનો નાગરિક છું. શહેરના દરેક લોકોને વિશ્વાસ થાય કે આ ચૂંટાયેલું તંત્ર, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર મારા માટે પણ કામ કરી રહી છે. મને પણ વિકાસનો લાભ મળે એવું આયોજન કરી રહી છે. એટલા માટે ૧૩૦૦૦ કરોડની યોજના કરીને ૫ વર્ષ માટે આ રકમ ફાળવી છે. જેમાં શહેરી ગરીબોને પાયાની સગવડ આપવી, એમાં આવાસની વ્યવસ્થા, ગરીબ વસતિ રહેતી હોય, ચાલીઓ હોય, ઝૂંપડપટ્ટી હોય, ત્યાં પાણીની વ્યવસ્થા કરી આપવી, રસ્તાની વ્યવસ્થા કરી આપવી, વીજળીની વ્યવસ્થા કરી આપવી, સફાઈના સાધનો પૂરા પાડવા, શિક્ષણ માટે અને આરોગ્ય માટેની વ્યવસ્થા કરી આપવી, જરૂર પડયે આંગણવાડીની વ્યવસ્થા કરી આપવી. આ બધું મળીને ગરીબોને એમ લાગે કે હું પણ આ શહેરનો નાગરિક છું અને સરકાર માટે બધી પ્રજા સરખી છે. આ રીતે ગુજરાતની સરકાર તમામ પ્રકાના લાભો એમને આપી રહી છે. એ પ્રકારની આ ૧૩૦૦૦ કરોડની યોજના અત્યારે અમલમાં છે અને એના દ્વારા ખૂબ મોટો લાભ આપણે શહેરોની ગરીબ વસતિને, ગરીબ પ્રજાને આપણે આપી રહ્યાં છીએ. આ વર્ષે એના માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની જંગી રકમનું આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ યોજનાઓ ચાલતી હતી, તે પહેલા બાજપાઈ નગર વિકાસ યોજના આ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ હતી. બાજપાઈ નગર વિકાસ યોજના દ્વારા શહેરોને અમે જે રકમ આપી છે, એનો ઉલ્લેખ કરું, તો પહેલા તબકકામાં નગરપાલિકાઓને ૧૫૫ કરોડ રૂપિયા આપેલા. ૧૪૧ નગરપાલિકાઓને. એના દ્વારા નગરપાલિકાઓએ ૪૧૦૭ કામો પૂર્ણ કર્યા છે. પહેલો તબકકો પૂર્ણ થયા પછી બાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબકકાની ફાળવણી કરી એ રકમ હતી ૧૮૨ કરોડની. એમાં ૩૭૭૧ કામોની મંજૂરી હતી. એ પૈકી ૨૧૨૮ કામો નગરપાલિકાઓએ પૂર્ણ કર્યા છે. ગયા વર્ષે અમે એમાં ખૂબ મોટો વધારો કર્યો અને એમાં જે રકમ અમે આપી ૨૦૦૮-૦૯માં ૨૧૭ કરોડ રૂપિયાની રકમ બાજપાઈ નગરવિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને આપી. આ રીતે બાજપાઈ નગર વિકાસ યોજના દ્વારા ૧૫૯ નગરપાલિકાઓને રાજય સરકારે અત્યાર સુધીમાં ૮૦૩ કરોડ રૂપિયાની સહાય આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ભૂતકાળમાં ૧૯૭૭થી ૧૯૯૫ સુધી નગરપાલિકાનો સભ્ય રહ્યો છું. મારા જાહેર જીવનની શરૂઆત નગરપાલિકા દ્વારા થઈ છે. મને અનુભવ છે અને મને ખબર છે કે એ વખતની સરકારો પાસે નગરપાલિકાઓના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ન હતી કે કોઈ સગવડો લેવી હોય તો કાંઈ મળતું નહોતું. નગરપાલિકાઓની જે સ્થિતિ હતી એ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પહેલા એવી સ્થિતિ હતી કે મોટા ભાગની નગરપાલિકાઓ ૬, ૬ મહિના સુધી ગુજરાત વિદ્યુત બોર્ડનું લાઈટનું બિલ ભરી શકતી નહોતી. ૬, ૬ મહિના સુધી કર્મચારીઓના પગાર પણ કરી શકતા નહોતા. ઘણી નગરપાલિકાઓ એવી હતી કે ૪૦ વોલ્ટના દસ ગોળા, બલ્બ લેવા હોય તો શ્રી નીતિનભાઈ પટેલ(ક્રમશઃ): નગરપાલિકાના કોઈ કર્મચારી બજારમાં ૧૦ રૂપિયાનો બલ્બ લેવા જાય તો નગરપાલિકાના કર્મચારીઓને ૧૦ રૂપિયાનો બલ્બ કોઈ વેપારી ઉધાર આપવા તૈયાર નહોતા એવી સ્થિતિ નગરપાલિકાઓની હતી. કોઈ ઝાડુ આપતું નહોતું, કોલ ફિનાઈલ આપતું નહોતું, એવી સ્થિતિમાંથી આ નગરપાલિકાઓને અમે જે ઉઠાવી આવ્યા અને જે રીતે પ્રોત્સાહિત કરીને આ જે બજેટ આપ્યું છે એના કારણે આજે ગુજરાતની નગરપાલિકાઓ આપણે જોઈ શકીએ છીએ કે અનેક પ્રકારની વિકાસ યોજનાઓથી ભરપૂર અનેક કામ પ્રજા માટે કર્યાં છે. આ બધું તો થયું, પરંતુ અમાં પણ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને એમ થયું કે હજુ તો ઘણું કરવાનું બાકી છે ત્યારે તેમણે આ વખતે હું માનું છું કે ગુજરાતના ઈતિહાસમાં આજસુધી કોઈ એક વિભાગ માટે કોઈ યોજના જો મંજૂર થઈ હોય અને એના માટે જો આટલી રકમ ફાળવી હોય એવું કોઈ ઈતિહાસમાં નથી. ગુજરાતના ભૂતકાળમાં જે રકમ અને આજે જે રકમ અપાય છે એને સાંભળનાર અથવા વિરોધપક્ષના લોકો અથવા ગુજરાતનો વિકાસ જેને ગમતો નથી, આ સરકાર દ્વારા થતાં પ્રજાનાં વિકાસનાં કામો જેમનાથી જોયાં જતાં નથી કે ભાજપની સરકર દ્વારા થતાં્ કામોથી પ્રજાને જે સંતોષ થઈ રહ્યો છે

એ જેમને ગમતો નથી એ લોકો જયારે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૭ હજાર કરોડ રૂપિયાની યોજના જાહેર કરી ત્યારે તેમને કહું કે ચકકર આવી ગયા એમ કહું તો કાંઈ ખોટું નથી, એને એ પચાવી શકયા નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, નરેન્દ્રભાઈ મોદી જયારે એક પછી એક પગલાં લઈ રહયા છે એ લોકો સમજી શકતા નથી એટલા માટે તેમને તકલીફ પડી રહી છે.

**અધ્યક્ષશ્રી** : શહેરી વિકાસને ચકકર આવે ને એટલા માટે તો આરોગ્યની સાથે એની ચર્ચા રાખવાનું કારણ એ છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ચકકરવાળા અત્યારે હાજર નથી એટલે વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, સવર્ણ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના એમાં આખા ગુજરાતને આવનાર દિવસોમાં એક સોનેરી કહી શકાય એવું અને શહેરી વિસ્તારની અને ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ કરનાર આ યોજના આ વખતે અમારા વિભાગ દ્વારા અમલમાં મૂકાઈ રહી છે. આ ૭ હજાર કરોડ રૂપિયા અમે આ પંચવર્ષીય યોજનામાં ફાળવવાના છીએ અને એના દ્વારા ગુજરાતની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની જે આંતરમાળખાકીય સુવિધાઓ છે એ પૂરી કરવા માટે અમે ખૂબ મોટું આયોજન હાથ ધરેલ છે અને ફકત વાત નહીં, પરંતુ કામ કરી બતાવવાની માનનીય મુખ્યમંત્રીશ્રીની જે પધ્ધતિ છે એ પ્રમાણે આ વર્ષે અમે પાણી પુરવઠા અને ગટરનું આયોજન નગરપાલિકાઓ માટે, નગરપાલિકાઓને અમારા વિભાગ તરફથી પાણીપુરવઠા માટે તો વ્યવસ્થા મળી ગઈ છે, પરંતુ શહેરોમાં પાણી પહોંચાડવાનું એ પોળે પોળે, લત્તે લત્તે અને ઘરે ઘરે તો એ અંદરની વ્યવસ્થા કરવા માટે નગરપાલિકા માસે આર્થિક સાધનો ઓછાં હોય એટલે અમે વ્યવસ્થા આપવાનું નકકી કર્યુ છે અને આના માટે આ વખતે આ વર્ષે ૪૦૦ કરોડ રૂપિયા જેવી રકમ અમે ફાળવી છે. એમાં બીજું આ વર્ષે એક નવીન યોજના અમલમાં મૂકી હતી એ મોડેલ નગરપાલિકાની છે. એમાં અમે દરેક જિલ્લાની એક નગરપાલિકાને દરવર્ષે પસંદ કરવાની અને એને એક સાથે ૩ કરોડ રૂપિયા આપવાના અને એ ૩ કરોડમાંથી એ જિલ્લાની એ નગરપાલકા તેમની જરૂરિયાત પ્રમાણે તેમને અનુકૂળ હોય એવાં કામો રાજય સરકારને સૂચવે અને આ કામો કલેકટર હસ્તકની કમિટી છે એ એનો પ્રોજેકટ મંજૂર કરે. એટલે આ મોડેલ નગરપાલિકા માટે આપણા આમ તો ર૬ જિલ્લા છે, પરંતુ ડાંગ જિલ્લો છે એને નગરપાલિકા નથી એટલે ૨૫ જિલ્લા રહ્યા એ ૨૫ જિલ્લામાંથી દરેક જિલ્લાની એક નગરપાલિકા પસંદ કરીને એને ૩ કરોડ રૂપિયા લેખે અમે આ રકમ ફાળવી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એન.યુ.આર.એલ. યોજના નીચે મહાનગરપાલિકાઓમાં પાા હજાર કરોડ રૂપિયાના પ્રોજેકટ ચાલી રહ્યા છેમાનનીય અધ્યક્ષશ્રી, એ વિષે જો મને સમય આપશો વધારે તો ચોકકસ હું માહિતી આપીશ. પણ મહા નગરપાલિકાઓ જે સાત છે.

**અધ્યક્ષશ્રી** : કુલ છ મિનિટ આપની પાસે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : થોડોક તો વધારે સમય સાહેબ આપજો, આ જવાબ આપવાનો છે.

**અધ્યક્ષશ્રી** : દંડકશ્રીએ માગ્યો તે પ્રમાણે જ હું સમય આપું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦૦ કરોડ રૂપિયા મહાનગરપાલિકાને આપ્યા છે, શહેરી ગરીબોના આવાસ માટે સબસિડી પેટે ખૂટતી રકમ માર્જીન મની તરીકે રૂા. ૭૫ કરોડ રૂપિયા આપવાના છે. ઘણી નગરપાલિકાઓ નવી બની છે. જે નાની નગરપાલિકાઓ છે જે થોડા સમય પહેલા પંચાયતો હતી. અને ૧૫ હજાર, ૧૮ હજાર કે ર૦ હજારની વસતિ હતી તેવી નગરપાલિકાઓને પોતાનું માલિકીનું મકાન નથી. ઘ ણી વખત અમે પ્રવાસમાં જઈએ ત્યારે ત્યાં મેડા ઉપર લઈ જાય છે અને અમે પૂછીએ તો કહે કે આ નગરપાલિકાની ઓફિસ છે. એમની પાસે પોતાના મકાનની સગવડ નથી, એટલે જે નગરપાલિકાઓ પાસે આવી સગવડ નથી, અથવા જે નગરપાલિકાઓ પાસે અત્યારે નાના મકાન છે, અથવા તો ભાડાનાં મકાનમાં બેસે છે, એક નગરપાલિકા બનાસકાંઠામાં એવી હતી કે નીચે રેશનીંગની દુકાન હતી અને ઉપર નગરપાલિકા ચાલતી હતી. એટલે આવી નગરપાલિકાઓને પોતાનું મકાન બનાવવા માટે રૂા. ૫૦ કરોડની આ વખતે જોગવાઈ કરી છે. અને એમને મકાન બનાવવા માટે ૫૦ કરોડ રૂપિયા આપવાના છે. એન.યુ.આર.એમ. પ્રોજેકટ ભારત સરકારના નેજા હેઠળ ચાલે છે. એમાં સૌથી વધુ કામો જો દેશ ભરમાં કોઈ રાજયમાં મંજૂર થયા હોય તો સમગ્ર દેશમાં બીજા નંબરે એ ગુજરાતમાં થયા છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ૫૨૫૪ કરોડ રૂપિયાના આ પ્રોજેકટના કામો ચાલી રહ્યાં છે. એમાં જે કામગીરી ચાલે છે તેમાં વોટર સપ્લાયના કામો, સોલીડ વેસ્ટ નિયંત્રણના, ગ્રાઉન્ડ વોટર પાઈપ લાઈન, બી. આર.ટી.એસ. પ્રોજેકટ અને રોડ ફલાય ઓવર અને ભૂગર્ભ ગટર એવા આંતરમાળખાકીય પ્રોજેકટ અમે હાથ ઉપર લીધા છે. શહેરોમાં રહેતા ગરીબો માટે ભૂતકાળમાં કદી ન કર્યા હોય તેવા વિક્રમ જનક મકાનો આ સરકારે ૯૫૦૮૪ મકાનોનું બાંધકામ અમે શહેરોમાં કરી રહ્યા છીએ. અમે નગરપાલિકાઓને ફકત પૈસા આપીએ છીએ એટલું નહીં પણ સાધનો પણ આપીએ છીએ, અને ૫૦ હોર્સ પાવરનું ટ્રેકટરો આપ્યા છે, ૨૫ હોર્સ પાવરના ટ્રેકટરો આપ્યા છે, તમામ પ્રકારના સેનિટેશન માટેના સાધનો આપ્યા છે. ભૂગર્ભ ગટર યોજના પૂરી કરવા માટે અમે ખૂબ મોટી રકમ નગર પાલિકાઓને આપવાના છીએ. ગરીબોને શૌચાલય માટે ભૂતકાળમાં ગમે ત્યાં આડશ શોધવી પડે અથવા ખૂબ દૂર જવું પડતું હતું તેના માટે અમે ગરીબોના ઘરે શૌચાલયો બને એ માટે ખૂબ મોટી જોગવાઈ કરી છે. અમે ૧,૫૦,૯૧૭ ગરીબોના શૌચાલય બનાવી ચૂકયા છીએ, અને આ વર્ષે

૧,૨૫,૦૦૦ શૌચાલયો બનાવવા માટે વ્યકિત દીઠ સાડા ચાર હજાર રૂપિયાની સબસિડી સાથેની યોજના અમે અમલમાં મુકી છે. વિશ્વ બેંકે આપણો ગુજરાતનો એક પ્રોજેકટ મંજૂર કર્યો છે. અને એ પ્રોજેકટ માટે જે શહેરો આપણે પસંદ કર્યા છે તેને એનો લાભ મળવાનો છે. અત્યારે ગુજરાત સરકારે માર્જીન મની તરીકે જોગવાઈ કરવાની છે તે પાંચ ટકા પ્રમાણેની જોગવાઈ અમે આ વર્ષે બજેટમાં ૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરી છે. અને વર્લ્ડ બેંક તરફથી ૭૫૦ કરોડ રૂપિયા આપણને મળવાના છે. એમાંથી આપણે ભાવનગર, જામનગર, જુનાગઢ, વેરાવળ, પાટણ, સુરેન્દ્રનગર, ગાંધીધામ, ભરૂચ, આણંદ, અને વડનગરને આ યોજનાનો લાભ આપવાના છીએ. જયાં આપણે કરોડો અને અબજો રૂપિયાના કામો ચાલી રહ્યા છે તેની વ્યવસ્થા માટે અત્યાર સુધી અમારી પાસે તંત્ર નહોતું, તેના માટે. જીયુડીસીમાં અને જીયુડીએમ. માં અને નગર પાલિકા નિયામકની કચેરીમાં દરેક જગ્યાએ સ્ટાફ અને એન્જિનિયરીંગ સાઈડના અધિકારીઓ આ બધું ઉભું કરી રહ્યા છીએ. જ્યારે અબજો રૂપિયાના કામો ચાલતા હોય ત્યારે એની ગુણવત્તા બરાબર જળવાય, સારા કામો થાય, ટકાઉ કામો થાય અને જરૂરી કામો થાય એ માટેની જરૂરી કામગીરી પણ અમે હાથ ઉપર લીધી છે. ત્યારે આ બધી કામગીરીને ધ્યાનમાં રાખીને પીવાના પાણી માટે આ વખતે ૧૩૬ કરોડ રૂપિયાની નગરપાલિકાઓને ગ્રાન્ટ આપવાની વ્યવસ્થા કરી છે.

ઓકટ્રોય નાબૂદ કરી ચૂક્યા છીએ. મહાનગરપાલિકા અને નગરપાલિકા આ બંનેમાંથી ઓકટ્રોય નાબૂદ કરી છે. સારામાં સારા કામો રાજયની બે કરોડની પ્રજા માટે અમારુ શહેરી વિકાસ વિભાગ કરી રહ્યું છે ત્યારે આપ સૌ અમે જે માગણીઓ રજૂ કરી છે, હાઉસીંગ બોર્ડની જે કામગીરી ચાલે છે એની માગણીઓ પણ સર્વાનુમતે મંજૂર કરે તેવી વિનંતી સાથે આપ સૌનો આભાર માની વિરમું છું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : સૅક્સ રેશિયાનું ખૂબ સુંદર કામ થયું છે, આટલુ સારું કામ ન થાય પણ અહીંયા જે આપણે ગર્ભજાતિ પરીક્ષણ અટકાયતી ધારો છે એનો સખત અમલ થાય તો હજી પણ પરિણામ સારું મળી શકે તેમ છે. ધારાની અંદર એવું છે કે પહેલો ગુનો કહે તો એની અંદર દસ હજાર દંડ અને ૩૦૦ દિવસની સજાની જોગવાઈ છે. બીજી વખત કરે તો ૫૦ હજારનો દંડ અને પાંચ વર્ષની જેલની સજા અને એનાથી વધારે કરે તો એનું મૅડિકલ સર્ટિફિકેટ રદ કરી શકીએ છીએ. તો આ દિશામાં વધારે સારું કામ થાય તો આપણે જે કામ કરવા માગીએ છીએ એમાં વધારે સુંદર કામ થઈ શકે તેમ છે.

બીજો મારો માનનીય નીતિનભાઈને સવાલ છે કે માણસાને ત્રણ કરોડ રૂપિયાની ફાળવણીનો કાગળ કલેકટરશ્રીએ લખી નાખેલ હતો. એ લોકોએ આખો પ્રોજૅકટ બનાવ્યો હતો એ પ્રોજૅકટ બનાવ્યા પછી અહીંયા રજૂ કર્યો હતો પરંતુ પાછળથી આ પ્રોજૅકટ માણસાને મળ્યો નહિ તો એને કેમ ન મળ્યો એની માહિતી મળે તો સારું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ છે એ આવકાર્ય છે આપના થકી હું એમને કહેવા માગું છું CNPNBT Act નો સંપૂર્ણ પણે અમલ થાય એ માટેના પ્રયત્નો સતત ચાલુ છે, રાજયકક્ષાએ પણ હમણાં જ એડવાઈઝરી બોર્ડની મિટિંગ મળી ગઈ અને જે જે કિસ્સાઓ પકડાય છે એમાં કોર્ટની અને અન્ય કાર્યવાહીઓ ચાલુ છે. જ્યાં સુધી એમણે જે સૅક્સ રેશિયો સુધરવાની વાત કરી તો મારે એમને કહેવું છે કે આ કામગીરીને પરિણામે જે સૅક્સ રેશિયો ૨૦૦૬માં ૮૪૪ દર એ ૧૦૦૦ કુમારોએ જન્મ સમયે હતો એ આપણે ૨૦૦૭માં ૮૯૧ સુધી લઈ જઈ શક્યા છીએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માણસા નગરપાલિકાની વાત કરી, કઈ નગરપાલિકા મંજૂર કરવી એના પાવર્સ સરકારશ્રીમાં છે, કલેકટરશ્રીએ થોડીક ગેરસમજના કારણે કદાચ પત્ર આપ્યો હશે. પણ મંગળદાસભાઈની લાગણી ધ્યાનમાં રાખીશું અને એનો અમલ કરીશું

**માગણી ક્રમાંક ૩૯,૪૦, ૧૦૧,૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલની રજૂઆત**

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક ગુરુવાર, તા. ૧૬મી જુલાઈ, ૨૦૦૯ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિ નીચે મુજબની ભલામણો કરે છે.

(૧) મંગળવાર, તા. ૨૮મી જુલાઈ,૨૦૦૯ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી અને તેમાં નીચે મુજબનું કામકાજ હાથ ધરવું.

**પહેલી બેઠક**

**નીચે દર્શાવેલા સરકારી વિધેયકો ક્રમાનુસાર હાથ ધરવા.**

(૧) ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૯

(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક

(૩) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૯

(૪) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક

(૫) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૦૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત વિધેયક

(૬) સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૦૩નું ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક પુન:વિચારણા

(૭) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક

(૮) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૯નું રક્ષા શકિત યુનિવર્સિટી વિધેયક

(૯) ગુજરાત બાળ યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯

<u>**બીજી બેઠક**</u>

**(૧) પ્રથમ બેઠકમાં બાકી રહેલા સરકારી વિધેયકો**

**(૨) બિન-સરકારી વિધેયકો**

(૨) બુધવાર, તા. ૨૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ નીચે મુજબનું કામકાજ હાથ ધરવું.

(૧) મંગળવાર, તા. ૨૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ (બીજી બેઠકમાં) બાકી રહેતા સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ૮મા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક**

**ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક, ૨૦૦૯**

**રાજયના અગ્રણી રમતવીરોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૯નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક**

**ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક,૨૦૦૯.**

**ગુજરાત રાજયમાં માલ અથવા વસ્તુના વેચાણને પ્રોત્સાહન આપવા ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેરખબરો પર પ્રતિબંધ ફરમાવવા માટેનું વિધેયક**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

# બિન સરકારી વિધેયકો

## સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮

## ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક,૨૦૦૮

### ગુજરાત રાજયમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળોમાં બિન-નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં *હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૨૦૦૮નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ગુજરાતની વિધાનસભામાં એટલા માટે લાવવામાં આવ્યું છે કે, આપણું રાજય પર્યાવરણની બાબતમાં ખૂબ જાગૃત છે. એમાંય આપણી સરકારે vibrant મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં હમણાં આવનાર સમયની અંદર પડનારી મુશ્કેલીઓનું આગોતરું આયોજન કરીને આ દિશામાં Climate Change એક વિભાગ ચાલુ કર્યો છે. દુનિયાની અંદર આ પ્રમાણેનો વિભાગ ચાલુ કરનાર આ ચોથા નંબરનું રાજય છે અને હિન્દુસ્તાનમાં આ વિભાગ ચાલુ કરનારું પ્રથમ રાજય છે. જેના કારણે સ્વાભાવિક રીતે પર્યાવરણની દૃષ્ટિથી ગુજરાત છે અને દુનિયાની અપેક્ષા છે અને ખાસ કરીને આપણા દેશની અપેક્ષા એવી હોય કે, આ દિશામાં પહેલ ગુજરાત કરે. હું જે વિષય લઈને આવ્યો છું. એ ભૌતિક સુખ-સગવડો વધારવાની અંદર માનવ જાતની દોડ થઈ રહી છે તેના કારણે આ સગવડો વધતી જાય છે. પરંતુ ધીમે ધીમે તેની bye-product કહેવાય એ આવનાર સમય માટે બહુ ખતરારૂપ બની રહી છે. ઓઝોન વાયુના પડની અંદર કાણું પડવાથી માંડીને global warming ના પડકારો આ માનવ જાત અને સૃષ્ટિ માટે ઉભા થયા છે. માનવ જાતિ પ્રકૃતિનું દોહન કરવાના બદલે શોષણ કરવાની અંદર પડી હોય એવું દેખાઈ રહ્યું છે. આજના દિવસે આજનું વિધેયક polythelene માંથી બનતી ચીજ વસ્તુઓ nylon, PVC, poly-porpelene, polystyrene જેવી ચીજ વસ્તુઓ કે જે વર્ષો સુધી જમીન ઉપર પડી રહે તો તેનો નાશ થતો નથી અને આવી ચીજ વસ્તુઓ આમ તો petroleum products માંથી બનતી ચીજ વસ્તુઓ છે અને આ વસ્તુઓ વર્ષો સુધી સડતી નથી, નાશ થતો નથી. લાંબા ગાળા પછી અત્યારે એની સમસ્યા દેખાવા માંડી છે. કયાં કયાં પહોંચવા માંડી છે? જીવન જરૂરી ચીજ વસ્તુઓની એકેએક ચીજવસ્તુમાં આ વસ્તુનો ઉપયોગ થવા માંડયો છે. મંદિરોમાં પ્રસાદ આપે તો plastic ની થેલીની અંદર આપવામાં આવે છે. પુસ્તકોના પેકીંગમાં પણ, તમાકુ, મસાલા, પાન તમામ વસ્તુઓ plastic માં, દૂધ, ઘી, દહીં, માખણ જેવી ચીજ વસ્તુઓ કાયમ માટીના વાસણમાં મળતી હતી. એના બદલે આજે plastic ના પેકીંગની અંદર મળવા માંડી છે. પીવાનું પાણી પણ plastic માં પેક થઈ ગયું. પહેલાં શાકભાજી લેવા જતા ત્યારે કાપડની થેલી લઈને જતા.તેની જગ્યાએ હવે પ્લાસ્ટિકની થેલીની અંદર શાકભાજી પણ મળવા માંડ્યું અને હવે એની જગ્યાએ કાપડ લેવા જઈએ તો કાપડ પ્લાસ્ટિકમાં પેક થવા માંડયું. શાકભાજી તો કાપડમાં લાવતા એની જગ્યાએ ઉલટું થવા માંડ્યું. ચારેબાજુ પ્લાસ્ટિકનું જાણે સામ્રાજ્ય થઈ ગયું છે. આ પ્લાસ્ટિક નામનો રાક્ષસ એ આગામી દિવસોમાં જીવસૃષ્ટિ માટે બહુ મોટી સમસ્યા બનવાનો છે. અત્યારે પણ બની રહ્યો છે. આપણે ત્યાંથી ઉપયોગમાં લેવાયેલું પ્લાસ્ટિક કયાં કયાં જાય છે. અત્યારે જ્યાં જોઈએ ત્યાં કોલેજ આગળ જોઈએ તો પ્લાસ્ટીક, શહેરોની અંદર પ્લાસ્ટિક હતું અને ગામડામાં પણ પ્લાસ્ટિક પહોંચ્યું. વાડીઓ અને ખેતર સુધી પ્લાસ્ટિક પહોંચ્યું. જંગલો સુધી પણ આ પ્લાસ્ટિક પહોંચ્યું. આ પ્લાસ્ટિકનો રાક્ષસ એવો છે કે એનું જો આગોતરું આયોજના ના કરીએ તો લાંબાગાળે આખી જમીનનું લેયર પ્લાસ્ટિકનું બની જાય. વરસાદનું પાણી જે ભૂગર્ભ જળની અંદર ઊતરવું જોઈએ એ ભૂગર્ભ જળ બનવું જોઈએ એની જગ્યાએ ભૂગર્ભમાં ઉતરી જ ન શકે એ પ્રમાણેનું લેયર આના કારણે બનવાની શકયતાઓ પૂરેપૂરી રહેલી છે. આની અસરો પણ થવા માંડી. વનસ્પતિને જંગલમાં ઉગવું હોય એનું બીજ પડયું હોય પણ ઉપર પ્લાસ્ટિક પડ્યું હોવાને કારણે વનસ્પતિ ઉગી શકતી નથી. જંગલોનો પણ આના કારણે નાશ થઈ જાય એવી સમસ્યા સર્જાવા માંડી છે. ખેતરોની અંદર જોઈએ તો તમાકુની પડીકીઓના અલગ અલગ પેકીંગ પહોંચ્યા છે. અનાજનું ઉત્પાદન પણ ઘટે એવી સમસ્યા આ પ્લાસ્ટિકના કારણે ઉભી થવા માંડી છે. ખાવાની કેટલીક ચીજવસ્તુ એ પ્લાસ્ટિકમાં પેક કરેલી હોય અને બહાર ફેંકી દઈએ અને પ્રાણીઓ જો ત્યાં ફરતા હોય તો એ ખોરાકની સાથે સાથે પ્લાસ્ટિક સાથે ખાઈ જતા હોય છે. અને ધીમેધીમે એના શરીરમાં જવાને કારણે એની હોજરી છે એની એટલી વિકૃત સ્થિતિ ઉભી થાય છે કે એનું આખું શરીર સંકોચાઈ જતું હોય છે. ખોરાક

---

* વિધેયક તા.૧૯મી માર્ચ ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પછી લઈ શકતું નથી અને ગાય જેવું પ્રાણી પણ મૃત્યુ પામે છે. ગાયને આપણે પૂજનીય ગણીએ છીએ પરંતુ આ પ્લાસ્ટિક નામની આપણી નાનકડી ભૂલના કારણે ગાય મૃત્યુ સુધી પહોંચતી હોય છે. આ બધી બાબતોની અંદર આગોતરું જો આયોજન ના કરીએ તો જમીનની ફળદ્રુપતા ઉપર, વરસાદ ઉપર અને જમીનના ઉષ્ણતામાન ઉપર પણ બહુ મોટા પ્રમાણની અંદર સમસ્યાઓ નિર્માણ થવાની છે. સૌથી મોટી ચિંતા ૨૦ માઈક્રોન કરતા ઓછી થીકનેસવાળું પ્લાસ્ટિક હોય છે જેને જભલાના રૂપમાં કહેવાય છે. દરેક મોટા ભાગની ચીજવસ્તુઓની અંદર આનો ઉપયોગ થતો હોય છે ત્યારે આ પ્રકારનું પ્લાસ્ટિક છે એનું સતત ઉત્પાદન વધતું રહ્યું છે પહેલા ગામડાની અંદર કંઈ વસ્તુ બનાવતા હોય તો એમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન થતો. અત્યારે તો મોટાભાગની ચીજવસ્તુઓની અંદર પ્લાસ્ટિક આવ્યું છે. સાહેબ પાઈપલાઈન બનાવે તો પાઈપલાઈન ઘરની અંદર નાખવાની હોય તો પ્લાસ્ટિકની પાઈપલાઈન નાખે છે. પહેલાના સમયમાં માટીની પાઈપો નાખતા. અત્યારે ખાડીયા જેવા વિસ્તારમાં કેટલાક મકાનોમાં માટીની પાઈપો હજી પણ કેટલાક શ્રેષ્ઠીઓ સાચવીને બેઠા છે એ આપણી મૂડી છે. આપણે આ પ્રમાણેનું જીવતા હતા. હવે ધીમેધીમે પ્લાસ્ટિક સુધી પહોંચ્યા, જીવન પદ્ધતિ બદલાઈ ગઈ અને બદલાયેલી જીવન પદ્ધતિ માનવ સૃષ્ટિ માટે પણ નુકસાન કરવાવાળી છે. આ પ્લાસ્ટિક નામના રાક્ષસને જો સમયસર ડામવામાં ન આવે તો માનવસૃષ્ટિ માટે જ નહીં જીવસૃષ્ટિને માટે પણ બહુ ભયંકર છે એવા સંજોગોની અંદર કાયદા દ્વારા અને જનજાગૃતિના માધ્યમથી આને કોઈપણ રીતે રોકવો જોઈએ. સમયસયાંતરે જ્યારે જ્યારે આવા રાક્ષસો પેદા થયા ત્યારે માનવજાત એની અંદર આગળ આવી અને ક્યારેક તો દધીચિ ઋષી જેવાએ પોતાના હાડકાને ઓગાળીને આ રાક્ષસીવૃત્તિને, આવા દુષ્કર્મને એમણે નાથ્યું છે ત્યારે આપણે ગુજરાતની વિધાનસભા એ ગૌરવવંતી વિધાનસભા છે. અહીંથી આપણે શરૂઆત કરીએ. કેટલાક રાજયોમાં કાયદો છે. આપણા રાજયમાં પણ કાયદો છે. બહાર બીજા રાજયોમાં પણ હશે પરંતુ એનું અમલીકરણ ઠોસરુપે થાય તો આમાં નિયંત્રણ પણ લાવી શકાય. બીજું મારે એ કહેવું છે કે આ કાયદો આ બિલ વિધાનસભાની અંદર પાસ થશે તો આખા દેશ અને દુનિયાની અંદર આપણે એક ઉદાહરણરુપ કામ કરી શકીશું, કોઈને માર્ગદર્શન આપી શકીશું.ખાસ કરીને માણસને એવું લાગે છે કે હું આધુનિકતા તરફ જઈ રહ્યો છું. પરંતુ આધુનિકતાની આંધળી દોટની અંદર માણસ ધીમે ધીમે ફરી પાછો બિલકુલ અધોગતિની ગર્તા સુધી પહોંચ્યો છે. પહેલા આપણે કીડિયારું પુરવાનું કામ કરતા હતા. જમવાના સાધનો હતા તો મોટા ભાગના વાસણો માટીના હતા. એ સમય તો પૂરો થઈ ગયો. બીજી કોઈપણ બાબતમાં ચાલી શકે પરંતુ આ પ્લાસ્ટિકનો દૈત્ય છે એને કાયદાના માધ્યમથી રોકવો જોઈએ. આ સભાગૃહને વિનંતી કરું છું કે આપણે એવો કાયદો બનાવીએ કે જેના આધાર ઉપર આ ગુજરાત રાજ્યમાં તો એનો પ્રતિબંધ મૂકાય પણ આપણામાંથી પ્રેરણા લઈ બાકીના રાજ્યો અને દુનિયાના દેશો પણ આના ઉપર પ્રતિબંધ મૂકે એ માટે હું આપ સૌને વિનંતી કરું છું.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી ગુજરાત બીન નાશવંત કચરા નિયંત્રણ વિધેયક- ૨૦૦૮ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઘન કચરો માનવજાત તથા પ્રાણીઓની વિવિધ ક્રિયાઓના કારણે ઉત્પન્ન થાય છે. જેમ જેમ દુનિયામાં વસ્તીનો વધારો થતો જાય છે તેમ તેમ આ ઘન કચરાનો વપરાશ પણ વધતો જાય છે. ભારત જેવા વિકસિત દેશમાં પણ આ ઘન કચરો વધુમાં વધુ વધતો જાય છે અને એનો ઉપયોગ થતો જાય છે. આ ઘન કચરાને બે ભાગમાં વહેંચવામાં આવે છે. એક નાશવંત કચરો અને બીજો બીન નાશવંત કચરો. નાશવંત કચરો છે એમાં આપણે ફળ, ફૂલ, શાકભાજી, પાંદડા અને કાગળના કચરાને ગણી શકીએ. બીન નાશવંત કચરો છે એમાં હમણાં કહ્યું એ પ્રમાણે નોન ઓર્ગેનિક પોલી સ્ટાઈલીન, પોલી પ્રોપેલીન, પોલીથિલીન અને કન્સ્ટ્રકશનમાંથી ઉત્પન્ન થતો ડેબરીઝ, આ બીન નાશવંત કચરો છે. આ બીન નાશવંત કચરામાં પ્લાસ્ટિક આખા દેશ અને દુનિયા તથા આમ સમાજ માટે એક મોટો પડકાર છે. એના નિકાલ માટેનો ખૂબ મોટો પડકાર છે. આ બીન નાશવંત કચરામાંથી ઘણી ગંભીર અસરો ઉત્પન્ન થાય છે. હમણાં જ કહ્યું એ પ્રમાણે ભૂગર્ભ જળાશયોમાં એની સપાટીનું પળ છે એ પણ પ્રદૂષિત કરે છે. સાથોસાથ ગાય, કૂતરાં, અન્ય ઢોરો જે પણ આરોગે છે એમને પણ નુકસાન થાય છે અને કસમયે એમના મૃત્યું પણ થતા હોય છે. ગટર કે વરસાદી નાળાઓમાં વહેતું પાણી આ પ્લાસ્ટિક રોકતું હોય છે. જો આ પ્લાસ્ટિકને બાળવામાં આવે તો એ પોલ્યુશન ઉત્પન્ન કરે છે. એટલે પોલી સ્ટાઈરીન છે એ સમાજ માટે દૂરોગામી પોલ્યુશન ઉત્પન્ન કરે છે. આના માટે ઘણા ઉપાયો છે. દા.ત. એનો ઉપયોગ ઓછો કરવામાં આવે. એનું કલેકશન પણ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ દ્વારા કરવામાં આવતું હોય છે. ડોર ટુ ડોર કલેકશન કરીને એનું ડિવિઝન કરીને બીન નાશવંત કચરાનો આપણે યોગ્ય જગ્યાએ નિકાલ કરી શકીએ છીએ. આમ તો બીન નાશવંત કચરાનો ઉપયોગ કરવાની ટૅક્નૉલૉજી પણ ડેવલપ થઈ છે. એ અંગેના રીસર્ચ થયા છે અને એ ટૅક્નૉલૉજીમાં ખાસ કરીને દુનિયાના મોટા દેશો છે ત્યાં પ્રાયોગિક ધોરણે રસ્તાઓ બનાવવાનો વિકલ્પ વિચારવામાં આવી રહ્યો છે. જેને પોલીમર કોટેડ બીટુમેન રોડ કહેવામાં આવે છે. બીન નાશવંત કચરામાંથી ઊર્જા પણ ઉત્પન્ન કરવામાં આવે છે. એ ઊર્જા દ્વારા પણ એનો નિકાલ થઈ શકે છે. બીન નાશવંત કચરાનું રીસાયકલીંગ કરી શકાય છે. એમ કરવાથી એમાંથી સોલીડ વેસ્ટ નીકળે એને લોડીંગ કરી શકાય છે. એનું પ્રોસેસિંગ કરીને એનું ભારણ ઘ ટાડી શકાય છે. એના માટે લોક જાગૃતિ લાવવી એટલી જ જરૂરી છે. માહિતી, પ્રસારણ અને કોમ્યુનિકેશનથી

આપણે લોકોમાં જાગૃતિ લાવીએ તો આ બીન નાશવંત કચરાનો ઉપયોગ ઓછો થાય. અને સમાજ માટે એ ઉપયોગી થઈ પડે છે. ક્ષણની થેલી હોય, કાપડની થેલી હોય એનો ઉપયોગ કરવા માટેનો આગ્રહ રાખી શકાય, કચરાને જુદો પાડીને એનો સંગ્રહ કરી શકાય અને આ રીતે બિન નાશવંત કચરાની સમસ્યા એ બાબતે લોકજાગૃત્તિ કેળવીને પણ આપણે કામગીરી કરી શકીએ. સ્થાનિક સંસ્થાઓ આની જવાબદારી ઉઠાવીને આ પ્રમાણે કામ કરી શકે છે તો બિન નાશવંત કચરા માટેનું જે વિધેયક લઈને આવ્યાં છે એમાં હું મારો સૂર પુરાવું છું.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શંકરભાઈ જે બિન નાશવંત કચરા અંગેનું વિધેયક લઈને આવ્યાં છે એમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સવારથી જ આ સભાગૃહમાં શહેરી વિકાસ વિભાગની ચર્ચામાં ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે અને વિકાસશીલ રાજ્ય તરીકેની જે ખૂબ ચર્ચા થઈ. આપણે સૌ જાણીએ છીએ કે રાજ્યનો વિકાસ થતો હોય છે તો એની સાથે એની સમસ્યાઓ પણ જોડાતી હોય છે. જે વિધેયક લઈને માનનીય સભ્ય આવ્યાં છે બિન નાશવંત કચરો Non-biodegradable garbage એની મુખ્ય જો કોઈ વસ્તુ હોય તો એ પ્લાસ્ટિક છે. આપણા સમાજની રચનામાં સામાન્ય માનવીના પણ જીવનમાં આ પ્લાસ્ટિક મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે. સવારે ઊઠીને બ્રશ કરીએ અને રાત્રે સૂઈ જઈએ ત્યાં સુધી ટી.વી.ના રિમોટ કવર હોય એ બધામાં આપણે પ્લાસ્ટિકનો ઉપયોગ આખા દિવસમાં કરતા હોઈએ છીએ ત્યારે આ બિન નાશવંત કચરાવાળું પ્લાસ્ટિક જે પેટ્રોલિયમ પ્રોડકટ છે અને એના કારણે જે સમસ્યા ઉત્પન્ન થાય છે એના સંદર્ભમાં હું વાતચીત કરું છું. આ બિન નાશવંત કચરો અંગેની જે વાત કરી એ સમગ્ર શહેર હોય, રાજ્ય હોય કે સમગ્ર દેશ હોય અને વિશ્વ સમસ્યા બની રહી છે ત્યારે સૌ જાગૃત લોકોએ એનો ઉપયોગ, એનું મારણ, એનો નિકાલ એના માટે લોકો ચિંતા કરતા હોય છે અને સૌની એક સમાજની પણ જવાબદારી છે. પહેલા જે વાત કરી પેટ્રોલિયમ પ્રોડકટમાં એની જે વસ્તુ હોય છે પી.વી.સી., નાયલોન, પોલીપ્રોપલીન અને બીજી બધી વસ્તુના કારણે જે પર્યાવરણ પર સૌથી મોટી અસર થાય છે અને આવનારા દિવસોમાં કદાચ જો પ્લાસ્ટિક જે બિન નાશવંત કચરો સૌથી મોટી અસર કરશે તો એ વિશ્વના પર્યાવરણ પર કરશે. જે રીતે સભ્યશ્રીએ વાત કરી કે કલાઈમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ અંગેનો એક આખો વિભાગ આપણે ચાલુ કર્યો છે ત્યારે એટલું ચોક્કસ કહી શકાય કે આ રાજ્ય સરકાર આ વિધેયક માટે ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. પ્લાસ્ટિકના વપરાશ માટેની સમજ છેક લોકો સુધી પહોંચાડવી પડશે તો આ સમસ્યાથી આપણે થોડેક અંશે પણ રાહત મેળવી શકીશું. સામાન્ય રીતે મેં કહ્યું કે આખા દિવસના ઉપયોગમાં જ્યારે પ્લાસ્ટિક આવતું હશે તો એ પ્લાસ્ટિકના ઉદ્યોગને પણ આપણે નજર અંદાજ નહિ કરી શકીએ. કારણ કે ઘ ણી બધી વસ્તુઓની આ પ્લાસ્ટિકના ઉદ્યોગ સાથે લોકો જોડાયેલા હોય છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે જ્યાં સમાજ હોય ત્યાં ઉકરડો હોય છે કે આ નાના આ પ્રકારના બિન નાશવંત કચરાના ઢગલાં થતા હોય છે એ ક્યાંક આપણને નહિ મળે એવી જનજાગૃત્તિ અથવા થોડીક શિક્ષણના અભાવને કારણે આ સમસ્યા ફેલાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો એક પ્રયોગ રહ્યો છે ઘણા વર્ષોથી કે જનભાગીદારી અમુક કાર્યક્રમો અને એમાં એ સફળતા પણ મેળવી ચૂક્યા છે તો આ પ્રકારના કાર્યક્રમોમાં NGO અથવા જનભાગીદારીથી કાર્યક્રમ કરી લોકોને પ્રશિક્ષિત કરવા પડશે કે જેમ માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે ૨૦ માઈક્રોનથી ઓછી થીકનેશવાળા પ્લાસ્ટિકના જે ઝબલા વાપરે છે એ ના વાપરે અને એના ઓલટરનેટમાં બીજી વસ્તુ વાપરશે આવનારા દિવસોમાં જે સમસ્યાઓ સમગ્ર વિશ્વને થવાની છે એમાંથી કદાચ આપણે અને આપણો સમાજ બાકાત રહી શકીશું. જેમ વાત કરી માનનીય સભ્યશ્રીએ કે આ સમસ્યાના કારણે એ જળ હોય, પર્યાવરણ હોય કે પશુ હોય કોઈ આમાંથી બાકાત રહી શકતા નથી એટલે જ આ એક ગંભીર વિધેયક ઉપર સૌ સભ્યો ચર્ચા કરે છે અને જ્યારે ગુજરાત એક મોડલ સ્ટેટ બની રહ્યું છે અને પર્યાવરણ અંગે જ્યારે વિશ્વમાં સજાગ છે તો સૌ સાથે મળીને આનો નિકાલ કરવો પડશે. જે રીતે મેં કહ્યું કે જાગૃત્તિ કેળવવી પડશે અને સમાજના લોકોને આમાં જોડવા પડશે. જે રીતે પ્લાસ્ટિકના વપરાશનો ગ્રોથ ઈન્ડસ્ટ્રીઝમાં વધી રહ્યો છે એને નજર અંદાજ કર્યા સિવાય પણ આપણે ક્યાંક એવું વિચારવું પડશે કે આ પ્લાસ્ટિકનો ઉપયોગ લોકો ઓછો કરે. જ્યારે મહાનગરપાલિકામાંથી આવું છું તો મહાનગરપાલિકાની ડ્રેનેજ સિસ્ટમમાં પણ કે જ્યાં ગટર છે એ સિલ્ટ થઈ જતી હોય છે, એના કારણે પ્લાસ્ટિક ભરાઈ જતું હોય છે તો સોલીડ વેસ્ટમાં એના કારણે એક મીથેઈન ઉત્પન્ન થાય છે અને મીથેઈનથી એ પર્યાવરણની સમતુલા જોખમાય છે, એ સમાજમાં રહેતો માનવી કે પ્રાણી ઉપર અસરકરતી હોય છે. છેલ્લે આ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેન્ટ ચેઈન્જની જે સમસ્યા છે ત્યારે આ સમસ્યા ના થાય અને આ વિભાગ દ્વારા આવા પ્રયત્નો થાય અને પર્યાવરણને અસરકર્તા આ વિધેયકને હું સમર્થન આપી વિરમું છું

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય ધારાસભ્યશ્રી શંકરભાઈ ચૌધરીજી, ગુજરાત બિન-નાશવંત કચરો નિયંત્રણ બિનસરકારી વિધેયક જે લાવ્યા છે, એમણે જે ચિંતા વ્યક્ત કરી છે અને એમની સાથે માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્ર લાખાવાલા અને માનનીય સભ્યશ્રી રાકેશભાઈ શાહે એને અનુમોદન આપ્યું છે. એમની ચિંતા હકીકતમાં સો ટકા સાચી છે. આ બીલનો જે હાર્દ છે એની સાથે હું સો ટકા સહમત છું પરંતુ આ એક પર્યાવરણ પ્રદૂષણ નિયંત્રણનું વિધેયક છે એ કેન્દ્ર સરકારનું છે અને બીજું જે મુંબઈ મહાનગરપાલિકા જે એકટ છે એમાં જે આ બિનસરકારી વિધેયક છે એની મોટા ભાગની

જોગવાઈઓ આમાં આવી જાય છે. બિન-નાશવંત કચરામાં, બિન-નાશવંત કચરો, કન્સ્ટ્રકશન ડેબરીઝ, પ્લાસ્ટિક અને અન્ય કચરાઓનો સમાવેશ થાય છે. એમણે કહ્યું તે પ્રમાણે ગુજરાત સરકાર આ બાબતે ખૂબ ચિંતિત છે અને આગોતરું જે આયોજન કર્યું છે, એમણે જ એમના પ્રવચનમાં પણ કહ્યું કે આખા દેશમાં ગુજરાત પહેલું એવું રાજય છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેજા હેઠળ કલાઈમેન્ટ ચેઈન્જનો વિભાગ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે એટલે એમની ચિંતા સાથે સરકારની ચિંતા બની રહે છે અને એના માટે જે જે કોઈ પગલાઓ ભરવાના છે એ સરકાર ચોક્કસ ભરવા તૈયાર છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે કલાઈમેન્ટ ચેઈન્જની વાત કરી, આપણે આ વખતે બધાએ લગભગ અનુભવ કર્યો છે કે, જે આખા દેશમાં પૃથ્વી ઉપર જે ઉષ્ણતામાન વધ્યું છે, આપણે ૪૨- ૪૩- અને ૪૮ ડિગ્રીનો આ વખતે ઉષ્ણતામાનનો અનુભવ કર્યો છે. ઋતુઓમાં પણ જે બદલાવ આવ્યો છે, આપણા ગુજરાત માટે એવું કહી કહી શકાય કે, વરસાદની શરૂઆત મુંબઈમાં થાય અને મુંબઈ પછી દક્ષિણ ગુજરાત અને આખા ગુજરાતમાં વરસાદ થતો હોય છે. આપણે વરસાદની રાહ પણ જોવી પડી અને ઊલટું થયું સૌરાષ્ટ્રમાં ઓછો વરસાદ રહેતો હોય છે હંમેશા પરંતુ આ વખતે વરસાદની શરૂઆત પણ સૌરાષ્ટ્રથી થઈ છે અમરેલી કે જુનાગઢ એ તરફથી વરસાદ જોઈએ તો દક્ષિણ ગુજરાત કરતાં વધારે છે. દક્ષિણ ગુજરાતમાં અમારા ડાંગ અને ધરમપુરમાં સો ઇંચ વરસાદ પડતો હતો. આજે સવારે કલેક્ટર સાથે વાત કરતાં ધરમપુરમાં વિસ્તારમાં વરસાદ નથી બીજા બધા વિસ્તારોમાં વરસાદ પડે છે. એટલે ઋતુમાં મોટો ફેરફાર આપણે જોઈ રહ્યા છીએ. આપણે ત્યાં ચાર મહિના ચોમાસુ, ચાર મહિના શિયાળો અને ચાર મહિના ઉનાળો એનો આપણે વર્ષોથી અનુભવ કરતા હતા પણ અત્યારે આપણે જોઈએ છીએ કે, આઠ મહિના સુધી ઉનાળો આપણને લાગતો હોય છે એવો મોટો ઋતુમાં જે બદલાવ આવ્યો છે એ આપણા થકી જ આવ્યો છે. આપણે પ્રદૂષણની ચિંતા અત્યાર સુધી કરી નથી, પર્યાવરણની સમતુલામાં જે કોઈ સક્રિય ભાગ ભજવવો જોઈએ એ આપણે નથી ભજવી શક્યા એના કારણે આ નોબત આવી છે એવું ચોક્કસ કહી શકાય, પણ આ બાબતમાં સરકાર ખૂબ જાગૃત છે અને જે કોઈ પગલા લેવાના છે એ પગલા લેવા માટે એ તત્પર છે. માનનીય અધ્યક્ષશ્રી મહાનગરપાલિકા, નગરપાલિકાઓમાં જે કોઈ કચરો એકત્રિત થાય છે અને એ કચરો બાયોડિગ્રેડેબલ કચરાને અલગ કાઢીને એની અલગ લૅન્ડ ફિલ્ડ સાઈડ વિકસાવીને વિકસાવીને એને અલગ કરીને એને લેન્ડફીલ સાઈઝ છે એમાં નિકાલ કરવામાં આવે છે.

રાજયમાં ૨૨ એવી લેન્ડફીલસાઇટ નકકી કરી છે જેમાં લગભગ ૧૧૮ જેટલી નગરપાલિકાઓ છે એ કોઈને કોઈ જગ્યાએ પોતાનો જે કચરો છે એ નાખે છે. ૨૨ જેટલી રીજીયોનલ લેન્ડ ફીલ સાઈટ પણ ઉભી કરવામાં આવી છે. આજેસવારે માનનીય સભ્યશ્રી શિરીષભાઈ શુકલ પોતાનું વકતવ્ય રજૂ કરતા હતા ત્યારે ખંભાતની એમણે વાત કરી કે લેન્ડફીલ સાઈટ પણ લગભગ ૭૫ ટકા તૈયાર થઈ છે એ જ રીતે હિંમતનગરમાં પણ આ પ્રમાણેની વ્યવસ્થા થઈ છે. સુરત મહાનગરપાલિકા તથા ઔડા સાથે સંકળાયેલ ૧૧ જેટલી નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ ઘન કચરાના આખરી નિકાલ માટે લેન્ડફીલ સાઈટની કામગીરી આખરી તબકકામાં છે. પ્લાસ્ટીકની ખાસ અહીંયા ચિંતા થઈ છે. ૨૦ માઈક્રોથી નાની, પતલી જે પ્લાસ્ટીકની થેલી આવે છે એના પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આઠ બાય બારની સાઇટ કરતા નાની હોય તેના વપરાશ ઉપર પૂરેપૂરો સો ટકા પ્રતિબંધ છે. જોખમી કચરો છે એને બાળી નાંખવાની વ્યવસ્થા થઈ છે. આ જે કંઈ એકટ છે એ એકટનું પાલન ન કરતા હોય એવા લોકોને દંડ પણ આ વિભાગ કરે છે. પ્લાસ્ટીક રૂલ્સના ભંગ બદલ લગભગ ૪૯ જેટલા એકમોને બંધ કરવાના આદેશો આપવામાં આવેલા છે. બાયોમેડિકલ વેસ્ટ છે એના ભંગ બદલ લગભગ ૫૫૨ જેટલા લોકોને નોટિસ આપવામાં આવી છે. જી.યુ.ડી.સી. ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન મારફત રાજયની જે વિવિધ નગરપાલિકાઓ છે એમાંથી જે વેસ્ટ નીકળે છે એ વેસ્ટમાંથી પણ કમ્પોઝ બનાવીને લગભગ ૭૨ જેટલા પ્લાન્ટ પણ કાર્યરત છે આમ બીજી એક રાજય સરકારે હેલ્થ એન્ડ સેનીટેશન ફરિયાદનો ઝડપી નિકાલ થાય એના માટે અમદાવાદ શહેરમાં બે સ્પેશ્યલ મોબાઈલ કોર્ટની રચના કરવામાં આવી છે. આ મોબાઈલ કોર્ટમાં તા. ૪-૬-૨૦૦૯ થી તા.૩૦-૬-૨૦૦૯ સુધીમાં એટલે કે લગભગ ૨૫ દિવસમાં જ લગભગ ૨૨૮૮ જેટલા ગુના થયા છે એને તરત જ રોજેરોજની કોર્ટમાં હાજર રાખીને જે દંડ કરવાનો હોય છે એ દંડ કરવામાં આવે છે અને લગભગ એવા ૨,૨૨,૧૬૫ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. આ રીતે માણસ ગુનો કરે તો એને દંડ કરવામાં પણ આવે છે. આ રીતે ગુનો ન કરે એના માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. આ રીતે આ બીન નાશવંત કચરાના નિકાલ માટે જયારે સરકારે પૂરેપૂરી વ્યવસ્થા કરી છે. જાગૃતિ માટે પણ અનેકવાર શિબિરો રાખીને પ્રયત્ન કરવામાં આવે છે એટલે માનનીય શંકરભાઈ ચૌધરીને મારી વિનંતી છે કે જે આપની ચિંતા છે એ સરકારની ચિંતા છે અને જે કંઈ આપ કહો છો એ આ એકટમાં બધી જોગવાઈ કરવામાં આવેલી છે. એટલે એમને વિનંતી છે કે એ પોતાનું બીન સરકારી વિધેયક છે એ પાછું ખેંચે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીન નાશવંત કચરા વિધેયકની ચર્ચા પર આ સભાગૃહના માનનીય સભ્યશ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલા, માનનીય સભ્યશ્રી રાકેશભાઈ શાહે ભાગ લીધો. માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ જેમણે આ વિધેયકના હાર્દ સાથે સહમતિ બતાવી અને રાજય જયારે પર્યાવરણની બાબતમાં ખૂબ જાગૃત છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે હજુપણ વિશેષ પગલાં લેવાની જયારે તૈયારી બતાવી છે ત્યારે એક એવી અપેક્ષા હતી કે ભલે કેન્દ્ર સરકારનો વિભાગ હોય પણ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ

વિભાગને પણ આ ગુજરાતની ચિંતાની જાણ કરવામાં આવે એવી અપેક્ષા અને કમસેકમ આ વિધાનસભા ગૃહના વિધાનસભાના જે એમ.એલ.એ. કવાટર હોય છે એ અને આપણો જે આ વિધાનસભાનો વિસ્તાર છે. કમસે કમ આપણા આટલા વિસ્તારમાં પ્લાસ્ટિકના રાક્ષસને દૂર કરવામાં આવે તેવી અપેક્ષા સાથે હું આ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૮ સન-૨૦૦૮નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૮ સન-૨૦૦૮નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેચું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે. નેકસ્ટ.

**સચિવશ્રી** : સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધક વિધેયક માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે **( થોડી વાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સચિવશ્રી** : સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ... **( થોડી વાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સચિવશ્રી** : સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૦૮નું ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયક માનનીય સભ્યશ્રી અર્જનભાઈ મોઢવાડિયા... **( થોડી વાર બાદ ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૫૧ કલાકે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૭મી જુલાઈ, ૨૦૦૯ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર તા.૧૭મી, જુલાઈ ૨૦૦૯**
**આષાઢ ૨૬,૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો**

***૧૦૨૮૨ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ગામોનો સમાવેશ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે,

(૩) ક્યારે પૂર્ણ થશે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) મૂળ યોજનામાં ૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. છેલ્લા એક વર્ષમાં કોઈ ગામનો વધારો કરવામાં આવેલ નથી.

(૨) યોજનાનું બાંધકામ પૂર્ણ કરી હાલ ટેસ્ટીંગની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ક્રમશ: પાણી પુરવઠો ચાલુ કરી ૧૫-૦૮-૦૯ સુધીમાં પૂર્ણ કરવાનં આયોજન છે.

**શ્રી નરેશભાઈ મ. પટલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનામાં કુલ કેટલા ભૂગર્ભ સમ્પ અને કેટલી ઉંચી ટાંકીઓ બનાવવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ર પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનામાં કુલ ૧૪ ગામ અને ૧૭૨ ફળિયાને સમાવિષ્ટ કર્યા છે અને કહેવાય ૧૪ ગામની યોજના પણ એનું પાણી ૧૭૨ ફળિયા સુધી પહોંચાડવાનું આયોજન છે અને એમાં જે ટાંકીઓ અને સમ્પ બનાવ્યા છે એમાં ૧૯ સમ્પ બનાવ્યા છે અને ૯ ઉંચી ટાંકીઓ બનાવવામાં આવી છે. આ ઉંચી ટાંકીઓના પ્રેસરથી આ બધા વિસ્તારોમાં અને ફળિયાઓમાં પાણી પહોંચશે અને આ યોજના તૈયાર છે ઓગસ્ટ મહિનામાં આ યોજનાનું સંપૂર્ણપણે પાણી પહોંચતું થઈ જશે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, પાણી પુરવઠા યોજનામાં સ્ટેન્ડ પોસ્ટ આપવાના શું ધોરણો છે, કેટલા અંતરે આપવામાં આવે છે, અને ઓમાં કેટલા ગામ ફળિયામાં કેટલા સ્ટેન્ડ પોસ્ટો બનાવવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફળિયાઓની અંદર લગભગ દરેક જગ્યાએ આપણે પબ્લિક સ્ટેન્ડ પોસ્ટ પાણી ભરવા માટે બનાવી આપીએ છીએ અને આ યોજનામાં પણ ૧૨૬ સ્ટેન્ડ પોસ્ટ બનાવી આપ્યા છે અને જે અગાઉના બનાવેલા ૧૫૦ જેટલા જૂના સ્ટેન્ડ પોસ્ટ છે તેને પણ આમાં આવરી લીધા છે આ રીતે ૧૪ ગામ અને ૧૭૨ ફળિયામાં ૧૨૬ અને ૧૫૦ સ્ટેન્ડ પોસ્ટ મારફત પાણી આપવામાં આવશે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કેટલા અંતરે, કેમ કે ફળિયા ઘણી વાર મોટા હોય છે એટલે એવું બને છે કે એક આપ્યા પછી બીજું આપવામાં આવતું નથી. એટલે મારે એ જાણવું છે કે, કેટલા અંતરે સ્ટેન્ડ પોસ્ટ આપવામાં આવે છે?

**શ્રી નીતિનભાઈ ર પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ મિટર વાઈસ મારી પાસે માહિતી નથી પણ સમજી શકાય છે કે ૧૭૨ ફળિયામાં ૧૨૬ અને પહેલા જૂના ૧૫૦ એ પ્રમાણે સ્ટેન્ડ પોસ્ટ છે.એટલે પૂરતી સંખ્યામાં સ્ટેન્ડ પોસ્ટ છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, એમના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે, આ પારડી કોસ્ટલ જૂથ યોજનામાં ૧૪ ગામોનો સમાવેશ કર્યો છે ત્યારે હું જાણવા માગુ છું કે, આ યોજનામાં સમાવિષ્ટ ગામ કે ફળિયામાં કોઈ સ્વતંત્ર પાણી પુરવઠા યોજના છે કે કેમ? અને કેટલા હેન્ડપંપ છે?

**શ્રી નીતિનભાઈ ર પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક આદિજાતિ ગામોની અંદર અને ખાસકરીને જે જિલ્લાઓમાં હેન્ડપંપથી આપણે પાણી આપી શકીએ છીએ ત્યાં હેન્ડપંપો તો મોટી સંખ્યામાં આપણે બનાવેલા છે જ. પણ એમાં વધારાની આ આખી જૂથ યોજના આપણે બનાવી છે અને માનનીય સભ્યશ્રીએ જે. પ્રશ્ન કર્યો એમાં આ યોજનામાં ૧૪ ગામના ૧૭૨ ફળિયા છે એમાં ૧૦૬ ફળિયામાં અત્યારે ૩૭૪ હેન્ડપંપ બનાવેલા છે.

**પાલિતાણા તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ**

*** ૧૦૨૮૨ શ્રીમહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૧૯ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ.

(૨) ૧૦ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી. ૮ યોજનાઓ પ્રગત્તિમાં છે.

**શ્રીમહેન્દ્રસિંહ પ. સરવૈયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પહેલા તો અભિનંદન આપુ છું કે, આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં લાખો રૂપિયાના કામો થાય છે અને પાણીની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય છે. મારો પહેલો પ્રશ્ન એ છે કે આ સ્વલજધારા કાર્યક્રમ અંતર્ગત પાલિતાણા-ગારિયાધાર તાલુકાના કયા કયા ગામોને આવરી લેવામાં આવ્યા છે? બીજો પ્રશ્ન એ છે કે આની પાછળ કેટલી રકમનો ખર્ચ થશે? અને ત્રીજો પ્રશ્ન છે કે સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત પંચાયતને મંજૂરી લેવાના ધારા-ધોરણો શું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને વડાપ્રધાનશ્રીનો અને યુનોનો જે એવોર્ડ મળ્યો, એ આ કામગીરી માટે જ મળ્યો છે, રાજય સરકારની જે પદ્ધતિ છે લોકભાગીદારીથી ગ્રામ વિકાસના દરેક કામો કરવાની, એમાં ભાવનગર જિલ્લાના તમામ ગામોની અંદર આખા રાજયમાં આ એક જિલ્લો આગવો જિલ્લો છે કે તમામ ગામોની અંદર પાણી સમિતિ બનાવી દેવામાં આવી છે અને આ પાણી સમિતિઓ દ્વારા ગામની અંદર જરૂરી પીવાના પાણીની તમામ પ્રકારની કામગીરી અને વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે એમાં પાણીની પાઈપ લાઈન હોય, ભૂગર્ભ સમ્પ હોય, ઓવરહેડ ટેન્ક હોય, પાણીના સ્ટૅન્ડ પોસ્ટ હોય, ધોબીઘાટ બનાવી શકાય, મહિલાઓ માટે બાથરૂમ બનાવી શકાય આ પ્રકારની તમામ વ્યવસ્થાઓ આ યોજનામાં આપણે સામેલ કરી છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો કે પાલીતાણા તાલુકાના કેટલા ગામોમાં આ યોજના લાગુ કરવામાં આવી છે તો પાલીતાણા તાલુકાના તમામ ગામોમાં આ યોજના લાગુ કરવામાં આવી છે અને બધા ગામોની માહિતી મારી પાસે ઉપલબ્ધ છે આપ રજા આપો તો હું બધા જ ગામોની માહિતી આપી દઉં.

**અધ્યક્ષશ્રી** : આપને મૂકવી હોય તો ટેબલ ઉપર મૂકી દેજો

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સભ્યશ્રીને આપી દઈશ સાહેબ,

**અધ્યક્ષશ્રી** : નહિ ટેબલ ઉપર જ મૂકજોને આપનો આટલો બધો ઉત્સાહ છે તો પછી.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : મારે આપના મારફતે એ જાણવું છે કે પાલીતાણા તાલુકામાં કેટલી ઊંચી ટાંકીઓ બની, કેટલા સમ્પ બન્યા છે અને કેટલા કિલોમીટરની પાઈપ લાઈન નંખાઈ છે,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :પાલીતાણા તાલુકામાં આ યોજના નીચે જે ટાંકી અને સમ્પ બન્યા છે એમાં આર.સી.સી.ની ઊંચી ટાંકી આપણે પંદર મંજૂર કરી છે એમાંથી ૯ના કામ પૂરા થયાં છે, આર.સી.સી.ની ભૂગર્ભ ટાંકી ૧૧ મંજૂર કરી છે એમાંથી ૯ના કામ પૂરા થયાં છે, નીચેથી ભૂગર્ભમાંથી પાણી ઉપર ચડાવવા માટે અને ગામમાં પંપીંગથી પાણી આપવા માટે ૨૫ પંપ હાઉસ મંજૂર કર્યા છે એમાંથી પંપ હાઉસના કામો ૧૭ પૂરા થયાં છે અને ગામમાં પાણી વિતરણ કરવા માટે જે પાઈપ લાઈન નાંખવાની હોય તે ૧૧૫ કિલોમીટરની પાઈપ લાઈન આપણે મંજૂર કરી છે.

### ઓલપાડ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ

***૧૦૨૮૪ શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તારીખ ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) સ્વજલધારા યોજના હેઠળ ૧૪ યોજના અને સ્વજલધારાના ધારાધોરણ મુજબની સૅકટર રિફોર્મ પાયલોટ યોજના હેઠળ ૩૩ પાણી પુરવઠા યોજના મંજૂર થઈ.

(૨) સ્વજલધારા યોજના હેઠળ છ યોજનાઓ તથા સૅકટર રિફોર્મ પાયલોટ યોજના હેઠળ ૩૩ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં ૩૯ યોજનાઓ મંજૂર કરી છે તે બદલ હું માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં સ્વજલધારા હેઠળ ૬ યોજના તથા સૅકટર રિફોર્મ પાયલોટ યોજના હેઠળ ૩૩ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે તે કેટલી રકમની છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ઓલપાડ તાલુકામાં તારીખ ૩૧-૫-૦૯ની સ્થિતિએ અમે જે કામો મંજૂર કર્યા છે, એની કિંમત રૂ.૬.૩૧ કરોડની છે અને એમાંથી પાણી સમિતિઓને રૂ.૫.૫૪ કરોડ ફાળવવામાં આવ્યા છે

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં લોકભાગીદારીની આ યોજના હેઠળ કુલ કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા અને કુલ કેટલો ખર્ચ થયો છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સુરત જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે તે વખતે આ યોજના મંજૂર કરવામાં આવેલી, સુરત જિલ્લાના તમામ તાલુકાઓને આપણે આ યોજના હેઠળ આવરી લીધા છે અને સુરત જિલ્લામાં ૪૯.૨૨ કરોડ રૂપિયાના કામો મંજૂર કરવામાં આવ્યા છે અને એમાંથી રૂ.૪૪.૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે, ઓલપાડ તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ ૧૪ કામો મંજૂર થયાં તેમાં ૬ પૂરાં થયાં તો જે પૂરાં થયાં તેમાં મુખ્યત્વે કયાં કયાં કામો કરવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓલપાડ તાલુકામાં આ ૧૪ ગામોની જે માનનીય સભ્યશ્રીએ માહિતી માગી છે તેમાં ઉમરાળાસીમાં ૯ લાખ ૪૦ હજારના કામો મંજૂર કર્યા હતા તે તમામ કામો પૂરાં થયા છે. અનીતા ગામમાં ૧૧ લાખ ૬૦ હજારના કામો મંજૂર કર્યા હતા તમામ કામ પૂર્ણ થયા છે. દાડી ગામની અંદર સાડા તેર લાખના કામો મંજૂર કર્યા હતા તમામ કામ પૂર્ણ થયા છે. હરિયાણામાં ભાગ-૨માં ૭ લાખ ૯૬ હજારના કામો મંજૂર થયા હતા તમામ કામ પૂર્ણ થયા છે. અસનાલમાં ૧૩ લાખ ૯૦ હજારના કામો મંજૂર કર્યા હતા તમામ કામ પૂર્ણ થયા છે. કમરોલીમાં ૧૦ લાખ ૬ હજારના કામો મંજૂર કર્યા હતા તમામ કામ પૂર્ણ થયા છે. ટૂંડા માનનીય અધ્યક્ષશ્રી નાનું ગામ છે તેમાં ૨ લાખ ૨૦ હજારનું કામ મંજૂર કર્યુ છે તે કામ ચાલુ છે. મોર ગામ છે ત્યાં ૩ લાખ ૫૭ હજારના કામ પ્રગતિમાં છે. ડભાડીમાં ૧૧ લાખ ૮૯ હજારના કામ પ્રગતિમાં છે. ભોલામાં ૧૪ લાખ ૯૭ હજારના કામો પ્રગતિમાં છે. બલકસ ગામમાં ૧૦ લાખ ૮૯ હજારના કામ પ્રગતિમાં છે. તળાદ ગામમાં ૭ લાખ ૩૫ હજારના કામ પ્રગતિમાં છે. સાંધિયરમાં ૨૦ લાખ ૩ હજારના કામ પ્રગતિમાં છે અને કઠોદરમાં ૨૬ લાખ ૭૧ હજારના કામો મંજૂર કર્યા છે.

માનનીય સભ્યશ્રીએ બીજું જે પૂછ્યું તેમાં લગભગ મોટાભાગનાં ગામોની અંદર કામની જે પેટન્ટ છે તેમાં પાણીની પાઈપ લાઈન, ભૂગર્ભ ટાંકી, ઉંચી ટાંકી, પમ્પ હાઉસ આ પ્રકારના કામોનો સમાવેશ થાય છે.

**અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ**

*** ૧૦૧૭૬ શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા: ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા કાર્યરત થયેલ છે કે કેમ,

(૨) જો હો, તો ઉક્ત સ્થિતિએ સેવા માટે અમદાવાદ જિલ્લામાં કેટલી એમ્બ્યુલન્સ વસાવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં માર્ગ અકસ્માત, પ્રસુતિ અને અન્ય આકસ્મિક આરોગ્ય સેવાઓ માટે કેટલા લોકોએ લાભ લીધો ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ૩૭ એમ્બ્યુલન્સ.

(૩)

| ક્રમ | સેવાઓ | લાભાર્થી |
|---|---|---|
| ૧ | માર્ગ અકસ્માત | ૧૬૫૧૯ |
| ૨ | પ્રસૂતિ | ૮૮૯૨ |
| ૩ | અન્ય | ૪૭૬૭૯ |
| | કુલ.... | ૭૩૦૯૦ |

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો અભિનંદન કરતાં લાખ લાખ અભિનંદન સરકારના મુખ્યમંત્રી અને વિભાગના મંત્રીશ્રીને આપું છું. એટલા માટે કે જ્યારે એકસિડન્ટ થતાં હતા ત્યારે રોડ ઉપર લોકો તરફડતા હતા અને પોલીસના કેસના કારણે કોઈ તેમને મદદ કરતું નહોતું. આ ૧૦૮ની સેવાના કારણે માનવ જીંદગીઓ તરતજ બચાવી શકાય છે, એટલે માટે હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, છેલ્લાં એક વર્ષમાં માર્ગ અકસ્માત, પ્રસૂતિ અન્ય કિસ્સાઓ અગાઉની સરકારમાં વધઘટ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, અમદાવાદમાં ૨૬ જુલાઇ-૨૦૦૮ના રોજ થયેલ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ તથા તાજેતરમાં થયેલ લઠ્ઠાકાંડના સમયે ૧૦૮ની શું સેવા લેવાય ? અને તેના શું પરિણામ સરકારને મળ્યાં ?

**શ્રીજયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, આનું કામ હવે એવું થતું જાય છે કે ૧૦૮ના બદલે ૧૦૦૮ થઈ ગઈ. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો તેમાં પહેલાં પ્રશ્નનો જવાબ એવો છે કે, અમદાવાદ જિલ્લામાં ૩૧-૫-૨૦૦૯ સુધીમાં ૭૩ હજાર અને ૯૦ કેસ અકસ્માત સબંધી તેમને સેવાઓ આપવામાં આવી. આમાંથી આર.ટી.

એટલે રોડ ટ્રાફિક એકસીડન્ટના ૨૨૩૮૩ કેસ હતા, સર્પદંશના ૧૭૬ કેસ હતા. અને પ્રસૂતિ સબંધી ૮૮૯૨, પૉઈઝનીંગના ૬૬૦ અને કુલ ૭૩૦૯૦ આ સેવાઓ હેઠળ હૅન્ડલ કરવામાં આવ્યાં છે. અને તેમાંથી ૩૧૨૭ જિંદગી આ સેવા દ્વારા બચાવવામાં આવી. ત્યાર પછીનો માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો છે ૨૬મી જુલાઇ, ગઈ સાલ આ જ મહિનામાં અમદાવાદમાં જે સિરિયલ બોમ્બ બ્લાસ્ટની ઘટના બની તેમાં ૧૦૮ સેવાએ અભૂતપૂર્વ કામગીરી કરી હતી. આ સેવાઓ થકી ૧૫ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના સાઈટ્સને ૧૬ એમ્બ્યુલન્સ દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવી. એ ઉપરાંત ૩ વધારાની બીજી ગાડીઓ બહારથી મૂકવામાં આવી હતી. કુલ ૧૯ ગાડીઓ થકી કુલ ૬૨ બોમ્બ બ્લાસટમાં ભોગ બનેલ વ્યકિતઓને ફર્સ્ટ એઈડ ટ્રીટમેન્ટ અને એમાંથી ૬૦ને હોસ્પિટલમાં શીફ્ટ કરવામાં આવેલા. માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી પાંચ એમ્બ્યુલન્સ તો સાહેબ આ સેવાની અસરકારકતાનો ખ્યાલ આવે તે માટે વિગતો આપું છું કે ૫ મિનિટની અંદર આ બોમ્બ બ્લાસ્ટની જગ્યા પાસે પહોંચી ગઈ હતી. જયાં જયાંથી આ કેસીસને સેવા આપવામાં આવી એમાં એ.પી.એમ.સી. પાસેથી ૪, સી.ટી.એમ. પાસેથી ૩, ધોળકાવાળી એમ્બ્યુલન્સે ૮, ઘાટલોડીયા ૧, ઈન્ફોસિટી ૩, માધુપુરા ૧, મણીનગર ૬. સાહેબ, આ એમ્બ્યુલન્સના નામ છે, વિસ્તારના નામ નથી. નરોડા ૩, નારોલ ૫ નવરંગપુરા ૧, ઓઢવ ૬, પાલડી-૨, રાયપુર-૯ આર.ટી.ઓ. ૧ સરસપુર ૫ અને સરદારનગર ૪ એમ મળીને ૬૨ કિસ્સામાં સેવા આપવામાં આવી અને એમાંથી વી.એસ. હોસ્પિટલમાં ૨૨ લોકોને લઈ જવાયા. એલ.જી. હોસ્પિટલમાં ૧૨ લોકોને લઈ જવાયા. સિવિલ હોસ્પિટલમાં ૮, એપોલોમાં ૨, બીજા ૧૮ એમ મળીને ૬૨ ભોગ બનેલ વ્યકિતઓને સેવા આપવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી કહેવા માગું છું કે આમાંથી માત્ર એક જ વ્યકિતનું મરણ નીપજવા પામ્યું હતું. એટલે સમયસર આ પ્રકારની સેવાઓ મળી રહે તો તેની કેટલી ઉપયોગિતા છે એ આના ઉપરથી ખ્યાલ આવે છે. બીજી એક નાની વાત પણ મારે આપના મારફતે કહેવી છે કે સિરિયલ બોમ્બ બ્લાસ્ટ અમદાવાદમાં થયા ત્યારે દ ાણીબધી ખાનગી હોસ્પિટલોએ પોતાના દરવાજા આ ભોગ બનનારાઓ માટે ખોલી નાંખ્યા હતા. રાજયના આરોગ્ય મંત્રી તરીકે હું એમનો આભારી છું. પણ ૯૬ ટકા વધારે કેસીસમાં જે લોકોને અસર થઈ એમણે વી.એસ. હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ અને આપણી જે જેને સરકારી અથવા કોરપોરેશન દ્વારા સંચાલિત હોસ્પિટલ કહેવાય, એમાં સેવા લેવાનું પસંદ કર્યુ. એમાં પણ સિવિલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટરમાં બોમ્બ બ્લાસ્ટ થયો અને ત્યાંના કર્મચારીનું મૃત્યુ થયું. એમ છતાં પણ મહદ્ અંશે સિવિલ હોસ્પિટલમાં પણ જાન બચાવવાની અભૂતપુર્વ કામગીરી થઈ હતી. એટલે આપણી હોસ્પિટલોની સેવાઓ ઉપર ઈમર્જન્સી એટલે કે આકસ્મિક સારવાર માટેના કિસ્સાઓમાં આ પ્રકારના અકસ્માતો થાય ત્યારે પ્રજાનો કેટલો વિશ્વાસ છે, તેનો ખ્યાલ આવે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**: એક માહિતી આપવી જરૂરી લાગે છે મને. કારણ કે અહીંયા ૧૦૮ અને ૧૦૦૮. આ બન્નેનો એક સમભ્રમ પેદા થયો છે. આ ગૃહના માધ્યમથી હું જાણકારી આપવા માગું છું કે આ ભૂલ ન થાય. કારણ કે આમાં મોટી ગંભીર ભૂલ થવાની શકયતા રહેલી છે. સંભાવના એ છે કે ૧૦૮ની સેવા એ મનુષ્યની સેવા માટે છે અને કેટલાક સ્થળોએ પશુ સારવાર માટે ૧૦૦૮ શરૂ થઈ છે. હવે તમે ભૂલથી જો ૧૦૦૮ કોલ કરશો, તો તમારું અને ડોકટરનું બન્નેનું શું થશે એનો અંદાજ કરી શકો છો. તો ધ્યાન રહે કે ૧૦૮ છે. ૧૦૦૮ જેનો સંબંધ આવશે એ ઉપયોગ કરશે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો અમદાવાદ જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા અને ૩૭ એમ્બ્યુલન્સ ફાળવવા માટે આભાર માનું છું અને જે રીતે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે એક વર્ષમાં ૭૩ હજારથી વધારે લોકોએ આનો લાભ લીધો છે એટલે કે રોજના ૨૦૦ થી વધારે લોકોએ આનો લાભ લીધો છે.તો મારે જાણવું છે કે તા. ૩૧-૫-૦૯ સુધીમાં અમદાવાદ જિલ્લામાં રોડ અકસ્માત, સર્પદંશ, પ્રસુતિ સંબંધી તેમજ પોઈઝનીંગના કેટલા કેસ થયા અને તે એમાં કોઈ પોલીસ કેસ થયા છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, પોલીસ કેસની વિગતો તો નહીં હોય, જો હોય તો આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હા, પોલીસ કેસની વિગતો છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એનો જવાબ આપી શકાય તેમ છે એટલા માટે કે સામાન્ય રીતે પ્રજા માનસમાં હજુ પણ માન્યતા છે અને આપણે પણ એવું માનીએ છીએ કે ૧૦૮ એ એમ્બ્યુલન્સ સેવા છે. તો એવું નથી એમાં ચાર સેવાઓનો સમાવેશ થઈ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના સમયમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ સેવાઓ લોન્ચ થઈ છે એટલે આપશ્રીને એનો ખ્યાલ છે. એની સાથે પોલીસ, એની સાથે મેડીકલ, એની સાથે કોઈ ડિઝાસ્ટર એવં થયું હોય તો અકસ્માત કે આગ એમ આ ચાર પ્રકારની સેવાઓ મેડીકલ ઈમરજન્સી સિવાય પ્રસુતિ સહિતની જોડવામાં આવી છે અને એટલે ૭૩૦૯૦ અકસ્માત સંબંધી કેસો થયા એમાંથી સંર્પદંશના ૧૭૪, પ્રસુતિ સંબંધી ૮૮૯૨, પોઈઝનીંગના ૬૬૦ અને આ બધા કેસોમાંથી ૧૪૬૯ કેસમાં પોલીસ કેસ કરવામાં આવ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ ૧૦૮ ઈમરજન્સી સેવામાં આપણે જે આ ૧૦૮ ઉપલબ્ધ કરાવી છે એના મોર્ડેનાઈઝેશન માટે હવે કોઈ ફરધર આગળ પ્રોગ્રેસ કરવા માગીએ છીએ કે કેમ અને એમાં એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ તેમજ બેઝીક લાઈફ સપોર્ટ સિસ્ટમ ધરાવતા સાધનોથી આપણે આ સેવાને પરિપૂર્ણ કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૪૦૦ જેટલી ૧૦૮ ની સેવાઓ આપી છે એમાંથી ૩૦૦ બેઝીક લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથેની સેવાઓ છે અને ૧૦૦ સેવાઓ એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથેની સેવાઓ છે અને અમદાવાદ જિલ્લાને લાગે વળગે છે ત્યાં સુધી અમદાવાદ જિલ્લામાં ૨૭ સેવાઓ એ બેઝીક લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથેની છે અને ૮ સેવાઓ એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથેની છે. આ એડવાન્સ લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથેની સેવાઓ છે એનો ઉપયોગ ખૂબ જ ક્રિટીકલ બની જાય છે કારણ કે વેન્ટીલેશનથી માંડીને બાકીની સવલતો એમાં ઉપલબ્ધ હોય છે અને એના માટે આપના થકી માનનીય સભ્યશ્રીઓને હું કહેવા માગું છું કે તાજેતરમાં અમદાવાદમાં જે કરૂણ ઘટના બની છે એ લઠ્ઠાકાંડમાં આ ૧૦૮ ની સેવાઓ થકી કુલ ૨૩૪ ઈમરજન્સી હેન્ડલ કરવામાં આવી હતી અને ૧૫૯ દર્દીઓને એના થકી સેવાઓ આપવામાં આવી હતી, એમાંથી સિવિલ હોસ્ટિલમાં ૧૦૧, કાંકરીયા હોસ્પિટલમાં ૧, કર્ણાવતી હોસ્પિટલમાં ૪, એલ.જી.માં ૩૪, મેડીકેર હોસ્પિટલમાં ૨, શારદાબેન હોસ્પિટલમાં ૬૫, વિશ્વાસ હોસ્પિટલમાં એક, સેલબી હોસ્પિટલમાં ૨ અને વી.એસ.હોસ્પિટલમાં ૨૧ એમ કુલ મળીને ૨૩૪ જેટલી ઈમરજન્સી સેવાઓ આ ૧૦૮ સેવાઓ દ્વારા મદદ આપવામાં આવી હતી અને એમાંથી માત્ર ૩ જ મૃત્યુ થયાં છે. એટલે તાત્કાલિક આ કિસ્સામાં ૨ જાતની સારવાર આરોગ્ય વિભાગ તરફથી આપવામાં આવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીની સીધી નિગરાની નીચે અને તેમની સૂચનાનુસાર સઘન સારવાર આરોગ્ય વિભાગ તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી એમાં આ લઠ્ઠામાં મિથાઈલ આલ્કોહોલને કારણે દ્રષ્ટિ જતી રહેતી હોય છે એ ના જાય એ મોટી વાત છે કારણ કે માણસ જીવી જાય તો. પણ જો એની આંખ જાય તો આંખ વિના અંધારું એવી વાત છે. એટલે આ આંખ ના જાય એના માટે આંખોના નિષ્ણાતો દ્વારા તપાસ કરીને સ્ટીરોઈડનાં ઈન્જેકશન આપીને મહત્તમ દ્રષ્ટિ બચાવવામાં આવી હતી અને બીજું કે આ લોકોને કીડની ઉપર અસર થાય નહીં અને જો થઈ હોય તો મીનીમાઈઝ થાય એ માટે પણ ડાયાલીસીસની સારવાર આપી છે. નહીંતર આ ઈમરજન્સી ધોરણે સેવાઓ પૂરી પાડવામાં ન આવી હોત તો ખૂબ મોટું નુકસાન થયું હોત. જે આ પ્રકારની સેવાને કારણે નિવારી શકાયું છે. અને સરકારની સવેળાની કામગીરીને કારણે આ પ્રકારની કરૂણાંતિકામાં ટ્રેજેડી નિવારી શકાઈ છે. છેલ્લે માનનીય સભ્યશ્રીએ પૂછયું કે આ સેવાને આગળ વધારવા માગો છો કે કેમ, તો તેના જવાબમાં હું જણાવવા માગું છું કે આ વખતના બજેટમાં ગઈ કાલે માનનીય સભ્યશ્રીઓએ જેને મંજૂરી આપી છે તે ૨૦૦૯-૧૦ના બજેટમાં અંદાજપત્રમાં ૭૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અને એમાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ૫૦ નવી આવશે. અને મને જણાવતાં આનંદ થાય છે કે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે વન બંધુ યોજનાનું અભિયાન ઉપાડયું છે તે યોજના અંતર્ગત આ સેવા સમગ્રતયા આદિવાસી વિસ્તારો માટે વપરાવાની છે. એટલે આદિવાસી વિસ્તારો જે અંતરીયાળ વિસ્તારો છે જયાં આ સેવાઓ હજુ પણ કયાંક કયાંક દૂર્ગમ વિસ્તારોમા પહોંચી શકતી નથી તેવા વિસ્તારોમાં આ વન બંધુ યોજના અનુસંધાને જે અભિયાનમાં ઉપાડવામાં આવ્યું છે ત્યાં આ સેવાઓ પહોંચતી થશે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે માનનીય મંત્રીશ્રીએ જવાબમાં પ્રસૂતાના ૮૮૯૨ લાભાર્થીઓએ આનો લાભ લીધો છે તેમ જણાવ્યું છે તો આવી પ્રસૂતા બહેનોને દવાખાને પહોંચતા પહેલા ઓન રોડ, આ વાહનમાં તેના ડોકટરે કેટલી ડીલીવરી કરાવી છે અને એમાં કોઈ માતા કે બાળકના મૃત્યુ થયાં છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૮૮૯૨ પ્રસૂતી સંબંધી કેસો હતા એમાંથી ૧૭૦ પ્રસૂતિ એમ્બ્યુલન્સ વાનમાં થઈ છે અને એમાંથી કોઈ મૃત્યુ થયાં નથી. હું માનનીય સભ્યશ્રીને કહીશ કે જે સંસ્થાગત પ્રસૂતિ છે તે આ સેવાના કારણે અને સઘન પ્રયાસો આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવે છે તેના કારણે ત્રણ વર્ષ પહેલા ૫૪ ટકા હતી તે વધીને ૮૦ ટકા ઉપર જવા પામી છે.

**શ્રી કાંતિભાઈ લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે ૧૦૮ ની સેવા શરૂ કરી એ અંગે મારે એક ટૂંકી વાત કરવી છે. કે જયારે દેવ દરબારમાં બધા મળ્યા હતા ત્યારે એમાં ચર્ચા દરમિયાન યમ રાજાને પૂછવામાં આવ્યું કે ગુજરાતનો ટારગેટ કેમ ઓછો છે, આખા દેશમાં ટારગેટ મરણનો તમારો વધારે છે તો ગુજરાતમાં કેમ ઓછો છે, ત્યારે યમ રાજાએ એમ કહયું કે મારું વાહન તમે બદલી આપો, કારણ કે મારી પાસે વાહન પાડો છે. અને હું પહોંચું તે પહેલા ૧૦૮ ત્યાં પહોચી જાય છે અને જીવ બચી જાય છે. એટલે આ ૧૦૮ ની સેવા છે એમ મારે એ જાણવું છે કે જયારે દર્દીને અકસ્માત થાય અને હાથ પગ ની ઈજા હોય ત્યારે વાહનમાં ચડાવવા કે દવાખાનામાં દર્દીને ઉતારવા માટે ઈમરજનસી સેવામાં શું સગવડ છે કે જેથી સાદી ગાડીમાં ચડાવીએ, અને આ ગાડીમાં ચડે તો તેના માટેની આ વાહનમાં શું સગવડ છે કે જેથી તેને વધારે ઈજા ન થાય. અને બીજું કે ગામડાંના લોકો તો આ ૧૦૮ નંબરને ભૂલી જાય છે એટલે આ વાહન આવે ત્યારે તેને મોદી ગાડી આવી એમ કહે છે. એટલે આ મોદી ગાડી છે એમાં મારા ધોળકા તાલુકામાં જે વટામણ ચોકડી છે એમાં આમ ધોળકા અને આમ બગોદરા એ ખૂબ દૂર છે તો ત્યાં એક ગાડીની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેવા કેટલાક વિસ્તારો અમારા ધ્યાનમાં આવ્યા છે. કે જયાં પ્રમાણમાં બનાવોની ઘનિષ્ટતા વધારે હોય, અને સેવાનું અંતર વધારે હોય અથવા પહોંચી વળાતું ન હોય તેવી જગ્યાઓએ જરૂર જણાય વધારે સેવાઓ મૂકવા અંગે વિચારવામાં આવશે.

અને રાજયભરમાં જે પરિસ્થિતિ છે તેનો તલસ્પર્શી અભ્યાસ કરીને અત્યારે દોઢ લાખની વસતિ દીઠ એક એમ્બ્યુલન્સ છે તે આપણે એક લાખની વસતી દીઠ એક એમ્બ્યુલન્સ હોય તે દિશામાં જવા માગીએ છીએ એટલે આવનારા સમયમાં આગળની વિચારણા કરીશું ત્યારે ચોકકસ વિચારીશું.

**મહેસાણા તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠા યોજનાઓ**

*** ૧૦૨૮૭ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) સ્વજલધારા યોજના અંતર્ગત નહિ પરંતુ સૅકટર રીફોર્મ પાયલોટ યોજના હેઠળ ૧૦૫ પાણી પુરવઠા યોજનાઓ તથા રાજય પુરસ્કૃત સૅકટર રીફોર્મ યોજના (રાજય) હેઠળ ૩૫ યોજનાઓ મંજૂર થઈ.

(૨) સૅકટર રીફોર્મ પાયલોટ યોજના હેઠળ ૧૦૫ પાણી પુરવઠા યોજનાઓ તથા સૅકટર રીફોર્મ યોજના (રાજય) હેઠળ ૩૦ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ અત્યાર સુધીમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મહેસાણા તાલુકાના કુલ ૧૧૫ ગામો છે. આ તાલુકાના તમામ ૧૧૫ ગામોમાં પાણી સમિતિની રચના કરી દેવામાં આવી છે. માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર એક અગત્યની બાબત મૂકવા માગું છું કે સૅકટર રીફોર્મ યોજના જ્યારે પાયલોટ પ્રોજૅકટ હતો એ પછી ભારત સરકારે યોજના બંધ કરી અને એમાં થોડા ફેરફાર સાથે ગુજરાત સરકારે આ યોજના પોતાના બજૅટમાંથી ચાલુ રાખી, અને સૅકટર રીફોર્મ (રાજય) એ પ્રમાણેનું નામકરણ બજૅટ હેડની રીતે કર્યુ છે. એટલે સૅકટર રીફોર્મ પાયલોટ પ્રોજૅકટ અને એક સૅકટર રીફોર્મ રાજય યોજના આ બંનેમાંથી કામ મંજૂર કરીએ છીએ. મહેસાણા તાલુકામાં સૅકટર રીફોર્મ હેઠળ ૩૫ કામો અને સૅકટર રીફોર્મ પાયલોટ પ્રોજૅકટ નીચે ૧૦૫ એમ તમામ ગામોમાં પ્રોજૅકટ મંજૂર કર્યા છે અને તમામ ગામોમાં કામો લગભગ પૂર્ણ થયા છે અને અત્યાર સુધીમાં આપણે જે રકમની ફાળવણી કરી છે એ રકમ સૅકટર રીફોર્મ નીચે ૨૯ કરોડ ૪૪ લાખ જ્યારે સૅકટર રીફોર્મ પાયલોટ પ્રોજૅકટ નીચે ૧૯ કરોડ ૪૯ લાખ, આ પ્રમાણેની ફાળવણી કરી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : મહેસાણા તાલુકાના ૧૦૦ ટકા ગામો ભૂગર્ભજળ આધારિત ફ્લૉરાઇડ યુક્ત પાણી પીતા હતા એમાંથી મુક્ત કરવા બદલ પાણી પુરવઠા વિભાગ અને રાજય સરકાર અભિનંદનના અધિકારી છે.

મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મહેસાણા શહેર કે જેની સાથે બાજુમાં નાગલપુર ગામ આવેલ છે ત્યાં પાણી પુરવઠા યોજના હતી પરંતુ નાગલપુરને શહેર વિસ્તારમાં જોડી દેવામાં આવેલ છે. એ જ રીતે ઓજી વિસ્તારને પણ શહેર સાથે જોડી દેવામાં આવેલ છે એના કારણે શહેર વિસ્તારનો વધારો થવાને કારણે આખી યોજનાને ઇન્ટીગ્રેટેડ યોજના સમ્પ માટે મંત્રીશ્રીએ ફાળવણી કરી છે જેને લીધે પ્રશ્ન હળવો થયો છે. મહેસાણા મોટા વિસ્તારમાં વિકસી રહ્યું છે એના માટે પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટેનું આયોજન સેકટર રીફોર્મ યોજના નીચે ઓજી વિસ્તાર સહિતનું કરી શકાય એના માટે રાજય સરકારનું આયોજન છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રી અનિલભાઈનો પ્રશ્ન સાચો છે. મહેસાણા શહેરની બાજુમાં આવેલ નાગલપુર ગામ જેની વસતિ પણ ૫૦ હજારની આજુબાજુ છે અને ખૂબ મોટો ઔદ્યોગિક વિસ્તાર પણ ત્યાં છે અને કોમર્શીયલ વિસ્તાર પણ હાઈવેનો છે. એટલે મહેસાણા શહેરને અગાઉ પાણી પુરવઠા વિભાગમાંથી મોટી રકમની ગ્રાન્ટ આપી શહેરની અંદર પાણીની વ્યવસ્થા કરવા માટે રકમો ફાળવ્યા પછી નાગલપુર ગામ મહેસાણા નગરપાલિકામાં જોડાયેલ અને નાગલપુર એ મહેસાણા શહેરનો ભાગ બન્યું છે. અગાઉ નાગલપુર મહેસાણા શહેરમાં નહોતું જોડાયું ત્યાં સુધી પંચાયત તરીકે એને રકમ ફાળવેલ હતી એ રકમ મર્યાદિત હોય મોટી વધતી જતી વસતિ એ મહેસાણા શહેરનો ભાગ બન્યો છે. નાગલપુર માટે પાણી પુરવઠાનું આયોજન કરવા માટે ગયા વરસે સારી એવી રકમ ફાળવી હતી અને આ વખતે મહેસાણા શહેર જેટલી પીવાના પાણીની વ્યવસ્થા નાગલપુર શહેર માટે થાય એ માટેની રકમ ફાળવેલ છે. બીજું મહેસાણા તાલુકાની સૅકટર રીફોર્મ યોજના બની એ વખતે તમામે તમામ ગામોમાં ટયુબવેલ આધારિત પાણી પુરવઠા યોજના હતી. દરેક ગામની અંદર એક-એક, બે-બે ટયૂબવેલ મહેસાણા શહેરમાં ૪૦થી ૪૫ જેટલા ટયૂબવેલ અને રોજનું કરોડો લિટર પાણી પંપીંગ કરીને ખેંચવું પડતું હતું. હજારો હોર્સપાવરની વીજળી વાપરવી પડતી હતી અને પ્રજાને ફ્લૉરાઇડવાળું, ખારાશવાળું પાણી આપવું પડતું હતું. કોઈ વિકલ્પ નહોતો પણ આ નર્મદા યોજના આધારિત જે પાણી પુરવઠા યોજના સમગ્ર મહેસાણા જિલ્લામાં લાગુ કરી છે તેમાં મહેસાણા તાલુકો આખો પણ મહેસાણા શહેર સહિત આવરી

લીધો છે અને મોઢેરા પાસે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌ઘાટન કરીને ચાર વર્ષ પહેલાં મહેસાણા શહેર અને તાલુકાને નર્મદાનું ચોખ્ખું, શુદ્ધ, કલોરીનેશનવાળું ફિલ્ટર કરેલું પાણી આપવાની શરૂઆત કરી છે. એટલે ટયૂબવેલોમાંથી ખેંચાણ બંધ થયું, ફ્લૉરાઇડવાળું અને ખારાશવાળું પાણી પ્રજાને પીવું પડતું હતું એ બંધ થયું અને હજારો હોર્સપાવર વીજળી વાપરવી પડતી હતી, નગરપાલિકાઓના ઉપર અને પંચાયતોના ઉપર જે મોટો આર્થિક બોજો આવતો હતો તેમાંથી પણ મુકિત મળી છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા તાલુકાના તમામ ગામોની યોજનાઓ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ તો તમામ ગામોમાં કામ પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. છતાં કોઈ નાના-મોટા કામ બાકી હશે, કોઈ ટૅક્નીકલ કારણોસર કોન્ટ્રાકટર કામ છોડીને જતા રહ્યા હોય, કોઈએ ટેન્ડર ભર્યું હોય પછી કામ કરવા માટે વર્ક ઑર્ડર આપીએ પછી ન આવે અથવા ગામની પાણી સમિતિ પણ કદાચ બદલાઈ જાય, કારણ કે આખી લોકશાહી પ્રક્રિયા પ્રમાણે આ પાણી સમિતિ બને છે. ગામના જે સરપંચ હોય તે તેના અધ્યક્ષ હોય છે. પંચાયતની ચૂંટણી થાય, સરપંચ બદલાઈ જાય અથવા ગામમાં કોઈ રાજકીય વિવાદમાં કામ પડે તો એમાં વિલંબ થઈ જતો હોય છે. છતાં અમારા પ્રયત્નો છે કે ૨૦૧૦ સુધીમાં તમામ કામો પૂર્ણ કરવા.

**મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેકનોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનિયરોની ફાળવણી**

*** ૧૦૨૧૦ શ્રી ભરતસિંહજી શં. ડાભી (ખેરાલુ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેકનોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનિયરો ફાળવવામાં આવ્યા?
૨. આ એન્જિનિયરો પાસેથી શી કામગીરી કરાવવામાં આવે છે?
૩. એન્જિનિયરોને કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી:**

૧. ૩૩ ટેકનોસાથી ફાળવવામાં આવ્યા.
૨. આ એન્જિનિયરો પૈકી સીવીલ એન્જિનિયરો પાસે વિકાસના કામોના સર્વે, નકશા, અંદાજો અને સુપરવીઝનની કામગીરી તથા ઇલૅકટ્રીકલ એન્જિનિયરો પાસે પમ્પીંગ મશીનરીના ઈન્સ્ટોલેશનની કામગીરી તથા વોટર વર્કસના બોરોના ઇલૅકટ્રીક કામની ચકાસણી વિગેરે જેવી કામગીરી કરાવવામાં આવે છે.
૩. ડીપ્લોમા હોલ્ડરને રૂા. ૩૦૦૦
ડીગ્રી હોલ્ડરને રૂા. ૩૫૦૦
પોસ્ટ ગ્રૅજ્યુએટને રૂા. ૫૦૦૦,
પ્રતિમાસ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની નગરપાલિકાઓમાં લોકાભિમુખ વહીવટ આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. જે આ ટેકનોસાથીઓની નિમણૂંક કરવામાં આવી છે તેમની પાસેથી કેવા પ્રકારની સેવાઓ લેવામાં આવે છે અને બીજું, જે આ ટેકનોસાથીઓની નિમણૂંક કરવામાં આવી છે તેમને ટ્રેનીંગ આપીને વધુ કાર્યક્ષમ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ટેકનોસાથી નામની એક નવી યોજના અમલમાં મૂકી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમની દીર્ઘદૃષ્ટિ અને અનુભવનો આધાર લઈને શિક્ષણ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ બન્નેની સાથે મિટિંગ કરી, મંત્રીશ્રીઓ અને અધિકારીઓ સાથે ખૂબ ચર્ચા-વિચારણા કરી અને નિર્ણય એવો કર્યો કે શિક્ષણ વિભાગની જે આપણી સરકારી એન્જિનિયરીંગ કૉલેજો છે, એમાં જે એન્જિનિયર હોય છે. જુદા જુદા ફેકલ્ટીના, જેમાં ખાસ કરીને સિવિલ એન્જિનિયર, મિકેનિકલ એન્જિનિયર અને ઇલૅકટ્રીકલ એન્જિનિયર. આ એન્જિનિયરોને પોતે ડિગ્રી મેળવી લે ત્યાં સુધી કોઈ કામ કરવાનો તેને પ્રોજૅકટ મળતો નથી. તેમને અનુભવ મેળવવો હોય તો કોઈ અનુભવ મેળવી શકતા નથી. જેવી રીતે મૅડિકલમાં છે કે ડૉક્ટર એમ.બી.બી.એસ. થઈ જાય પછી તેને એપ્રેન્ટીસ તરીકે હૉસ્પિટલમાં જ કામ કરવાની તક મળે છે અને હૉસ્પિટલની સાથે સંલગ્ન થવાથી પોતે જે અભ્યાસ કર્યો છે, તેનો પ્રેકટીકલ અનુભવ, દર્દીઓ સાથે, તેમના સિનિયર ડૉક્ટરો સાથે, પ્રોફૅસરો સાથે કરી શકે. છે. એવું એન્જિનિયરીંગમાં અત્યાર સુધી નહોતું. તો શિક્ષણ વિભાગની આ જરૂરિયાત હતી. સામે પક્ષે અમારા શહેરી વિકાસની જે જરૂરિયાત હતી તે નગરપાલિકાઓ નાની હોય, એન્જિનિયરો હોય, ન હોય, ઓછા હોય, ઓવરસિયર કક્ષાના હોય, જૂના રાખેલા હોય તો ઓછા અનુભવી અથવા ડીપ્લોમા કોર્સ કરેલા હોય તો અમારા ત્યાં પણ કરોડો રૂપિયાના, મેં ગઈ કાલે જ શહેરી વિકાસ વિભાગની માગણી વખતે મારા પ્રવચનમાં કહ્યું હતું કે કરોડો રૂપિયાના કામ અત્યારે શહેરની ૧૫૯ નગરપાલિકાઓમાં ચાલી રહ્યા છે. મહાનગરપાલિકાઓમાં પણ કરોડો રૂપિયાના કામો ચાલે છે. આ કામોની દેખરેખ રાખે, એના ટેન્ડરો બનાવે, થયેલ કામોની માપણી કરે, એના બિલ બનાવે એવો સ્ટાફ અને એન્જિનિયરો પણ જોઈતા હતા. આ માટે

એન્જિનિયરોને ટ્રેનિંગ મળે અને વિભાગનું કામ થાય એ મુખ્યમંત્રીશ્રીનું આયોજન હતું. આ ટેકનોસાથી યોજના અમલમાં આવી અને તા.૧૭-૨-૨૦૦૯ના રોજ ગાંધીનગર ટાઉનહોલમાં મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાનું લોંચીંગ કર્યું. અમે બે બેચ પાડી છે. દરેક નગરપાલિકામાં સિવિલ એન્જિનિયર અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયર મોકલવા. માનનીય ભરતભાઈનો પ્રશ્ન હતો કે એમની પાસે શું કામ કરાવો છો? તો એમની પાસે મોટા ભાગે સુપરવિઝનની કામગીરી કરાવવામાં આવે છે. કોઈ રોડના કામ ચાલતા હોય, બિલ્ડીંગના કામ ચાલતા હોય, પાણી પુરવઠા યોજના ચાલતી હોય, નગરપાલિકાના કોઈપણ કામ ચાલતા હોય, એની દેખરેખ રાખે, એમને માર્ગદર્શન આપે, એના બિલ બનાવવામાં મદદ કરે. આ બધા પ્રકારની કામગીરી ટેકનોસાથી કરતા હોય છે. અત્યાર સુધીમાં બે બેચ દરેક નગરપાલિકામાં પૂર્ણ કરી છે અને કુલ ૬૦૩ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને આ ટેકનોસાથી યોજનાનો લાભ આપ્યો છે અને બીજું એ પણ કરીએ છીએ કે આપણે એમને સ્ટાઈપેન્ડ આપીએ છીએ. એટલે એમનો અભ્યાસ પણ ચાલુ રહે. એમને અઠવાડિયામાં ત્રણ દિવસ જ બોલાવવામાં આવે છે. અત્યાર સુધીમાં રૂ.૯૪,૯૪૦૦૦/-નું સ્ટાઈપેન્ડ આ વિદ્યાર્થીઓને આપ્યું છે. હવે નવું સત્ર ચાલુ થશે. એટલે ત્રીજી બેચના વિદ્યાર્થીઓને અનુભવ થાય એ રીતે મૂકીશું.

**અધ્યક્ષશ્રી** : પૂરક પ્રશ્નના ટૂંકમાં જવાબ આપવામાં આવે તો ઘણા સભ્યોને પ્રશ્નો પૂછવાના હોય છે તો એમને પણ લાભ મળી રહે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના દ્વિમુખી, વિદ્યાર્થીઓને લાભદાયક અને નગરપાલિકાઓને પણ સારી તાલીમવાળા માણસો મળી રહે એવી સુંદર યોજના છે. મારે આપના મારફત મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે, અત્યારે જ્યારે એન્જિનિયરીંગ કૉલેજોમાં બેઠકો વધવાથી વધારે એન્જિનિયરો ઉપલબ્ધ થવાના છે ત્યારે રોજગાર વિભાગ સંલગ્ન એપ્રેન્ટિસ યોજના ચાલે છે એને આની સાથે સંલગ્ન કરી, ડિગ્રી કે ડિપ્લોમા એન્જિનિયરનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હોય એ કૅરિયરમાં જાય એ પહેલાં, એમને મરજિયાત નહીં પણ ફરજિયાત, છ માસ કે એક વર્ષની સેવા આપી શકે. જ્યાં જ્યાં નગરપાલિકામાં આવા વિદ્યાર્થીઓ જાય. તો એમના ઉપર એક ઈન્ચાર્જ એન્જિનિયર છે એ રેગ્યુલર હોવા જોઈએ. જેથી કરીને એના અન્ડરમાં ૩ કે ૪ એન્જિનિયર જાય. એટલે એ તાલીમ પણ મેળવી શકે અને માર્ગદર્શન પણ મેળવી શકે. આ એક ઉપયોગી કામગીરી થશે. જુદા જુદા વિભાગમાંથી જરૂર પડે તો આવા એન્જિનિયરોને જે નગરપાલિકાઓમાં બિલકુલ એન્જિનિયર ન હોય તો એકાદ એન્જિનિયર ઉપલબ્ધ કરાવવામાં આવે. આવા એન્જિનિયરોને ચાર-પાંચ એન્જિનિયરોની સેવા આપવામાં આવશે તો તે ફળદાયી બનશે. તો વિભાગ આ બાબતમાં વિચારણા કરશે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના પ્રશ્નના બે ભાગ છે. એક- રોજગાર વિભાગ નીચે ચાલતા આઈ.ટી.આઈ. જેવા અભ્યાસક્રમો છે. એ માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ? આ પ્રશ્ન મારા વિભાગમાં નથી. આ બાબત માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકીશું. શ્રમ અને રોજગાર વિભાગ હસ્તક આઈ.ટી.આઈ.નો વિભાગ છે. એ કૉલેજોના વિદ્યાર્થીઓ મળશે. તો નગરપાલિકાઓમાં ઉપયોગ કરીશું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, આ સરકારનો અભિગમ ખૂબ સારો છે. ઘણી નગરપાલિકાઓમાં એન્જિનિયરો નથી હોતા અને એટલે કાર્યમાં શિથિલતા આવે છે અને ત્યાં આ ટેકનોસાથી મૂકવા જોઈએ. આ કાર્યમાં ગતિ આવે પણ કાયમી ધોરણે જ્યાં નગરપાલિકામાં એન્જિનિયર ન હોય ત્યાં એન્જિનિયરો મૂકવા માગો છો કે કેમ?અને બીજો પ્રશ્ન કે મહેસાણા જિલ્લાની નગરપાલિકામાં કેટલી નગરપાલિકામાં કયા ટાઈમે આ ટેકનોસાથી મૂકવામાં આવ્યા હતા?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : શ્રી નીતિનભાઈ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નારણભાઈના બીજા પ્રશ્નનો પહેલો જવાબ આપું કે ૧૭-૨થી આ યોજના લોન્ચ કરી ત્યારથી જ દરેક નગરપાલિકાઓને આપણા એન્જિનીયર ફાળવી આપ્યા છે. બીજું એમણે જે રજૂઆત કરી કે કાયમી એન્જિનીયર, તો રાજય સરકારે એક નિર્ણય કરેલો છે જ અગાઉ કે ચીફ ઓફીસર, એકાઉન્ટન્ટ અને એન્જિનીયર એની કૉમન કેડર બનાવી અને રાજવ્યાપી એના માટેની વ્યવસ્થા નગરપાલિકાઓને કરી આપવી કારણ કે નગરપાલિકામાં એન્જિનીયર ભરતી કરે પછી એને આખી જિંદગી ચલાવવા પડતા હોય છે. કામ વ્યવસ્થિત કરે કે ન કરે તો પછી એના ઉપર કોઈ કાર્યવાહી થઈ શકતી નથી એટલે એને કોમન કેડર બનાવીએ, ટ્રેનિંગ સારી મળે અને રાજય સરકારના સીધા સુપરવિઝન નીચે કામ કરે એટલા માટે આ કૉમન કેડરની કાર્યવાહી અમે કરી રહ્યા છીએ અને એની ભરતીની પ્રક્રિયા અને એના નિયમો બનાવવાની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે.

**સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ**

***૧૦૩૮૩ શ્રી દિલીપસિંહ વ.પરમાર(મોડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૫-૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે, અને

(૨) નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) સાબરકાંઠા જિલ્લાની કુલ ૬ નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે જેમાં

- હિંમતનગર નગરપાલિકાઓમાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મૅટ્રિક ટન પ્રતિદિન છે.
- મોડાસા નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મૅટ્રિક ટન પ્રતિદિન છે.
- પ્રાંતિજ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મૅટ્રિક ટન પ્રતિદિન છે.
- ઈડર નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મૅટ્રિક ટન પ્રતિદિન છે.
- ખેડબ્રહ્મા નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમત્તા ૫ મૅટ્રિક ટન પ્રતિદિન છે.
- તલોદ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રિક ટન પ્રતિદિન છે.

(૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ ઘન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવો ફરજિયાત છે, જેનો અમલ થયેલ છે. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતું ખાતર નગરપાલિકા માટે આવકનું સાધન બનશે. પર્યાવરણ પ્રદૂષણ મુકત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકશે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મોડાસા ખાતે એક વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ ચાલે છે એની આસપાસ તારની વાડ બનાવેલ છે તેની નજીક જે નાગરિકો રહે છે એમની માગણી છે કે જો કમ્પાઉન્ડવોલ બનાવવામાં આવે તો એમને તકલીફ ઓછી થાય. બીજું આ વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાં જે મટિરિયલ તૈયાર થાય છે એના માર્કેટીંગ કરવા માટેની કોઈ વ્યવસ્થા હાલ છે નહીં, કઈ જગ્યાએ વહેચવું તેનું માર્ગદર્શન સરકારશ્રી તરફથી મળે એવી એમની માગણી છે તથા ટેક્નીકલ સ્ટાફ એમની પાસે નથી. હાલ નગરપાલિકાના કર્મચારીઓ જ આ કામ કરે છે તો એમને માર્ગદર્શન મળે એ માટે સરકાર શું કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરમાંથી નીકળતો કચરો અત્યાર સુધી નગરપાલિકાના ટ્રેકટરો કે ટ્રકો દ્વારા જૂદીજૂદી જગ્યાએ આડેધડ નાખી દેવામાં આવતા હતા એટલે શહેરનો કચરો બહાર નીકળે પણ કચરો એ કચરો જ રહેતો હતો અને નજીકના કોઈ ગામ હોય, ખેતર હોય કોઈ રહેણાક વિસ્તારની કોઈ સોસાયટી કે કોઈપણ જગ્યા હોય કે જાહેર રસ્તો હોય તો ત્યાં ગંદકી અને રોગચાળાની પરિસ્થિતિ ઉદ્દભવતી હતી એટલા માટે રાજય સરકારે જ્યારે નિર્મળ ગુજરાત યોજના અમલમાં મૂકી એ વખતે શહેરોમાંથી નીકળતા આવા કચરાના વૈજ્ઞાનિક રીતે નિકાલ કરવા માટે વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટનું આપણે આયોજન કર્યુ. આમાં પદ્ધતિ એવી છે કે શહેરનો કચરો જ્યાં નાખવાનો છે તે જગ્યા આપણે નક્કી કરીએ, કોઈને નડતરરુપ ન હોય એવી જગ્યાએ જ નક્કી થાય. કલેકટરશ્રી એ જગ્યા રાજય સરકારની હોય તો નગરપાલિકાને મંજૂરી આપે અને રાજય સરકાર તરફથી પછી એ જગ્યા ઉપર શેડ બનાવવામાં આવે છે. વાયર ફેન્સીંગ અથવા જરૂર પડે કમ્પાઉન્ડવોલ કરવામાં આવે છે અને શહેરનો કચરો જે ત્યાં આવે એને જુદીજુદી રીતે વીણી- એને સેગ્રીગેટ કરી અને સેગ્રીગેટ કર્યા બાદનો કચરો ૮૦ ટકા કચરો ખાતર બનાવવામાં ઉપયોગમાં આવે છે. જે કચરો નકામો જતો હતો નુકસાન કરતો હતો એ કચરાનું વૈજ્ઞાનિક રીતે આપણે અળસિયાના ખાતર બનાવવામાં વર્મીકમ્પોસ્ટ બનાવવામાં અમલ ચાલુ કર્યો છે અને રાજયની મોટાભાગની નગરપાલિકાઓમાં આવા પ્લાન્ટ બનાવી દીધા છે. ક્યાંક ક્યાંક આવા પ્રશ્નો હશે કે જયાં પ્લાન્ટ બનાવ્યો હશે એની આજુબાજુનાં કોઈ રહેણાક વિસ્તારમાં તકલીફ થતી હશે તો અમે એ તપાસી લઈશું અને જે શકય હશે એ કાર્યવાહી કરીશું.

**સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેકનોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયર ફાળવણી**

***૧૦૨૧૧ શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે : -

(૧) તા:૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેકનોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનિયરો ફાળવવામાં આવ્યા,

(૨) આ એન્જિનીયર પાસે શી કામગીરી કરાવવામાં આવે છે, અને

(૩) એન્જિનીયર કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૨૮ ટેકનોસાથી ફાળવવામાં આવ્યા.

(૨) આ એન્જિનીયર પૈકી સિવિલ એન્જિનીયર પાસે વિકાસના કામોના સર્વે, નકશા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઈલૅક્ટ્રિકલ એન્જિનીયર પાસે પમ્પીંગ મશીનરીની ચકાસણી, એનર્જી સેવિંગ અંગેની કામગીરી કરાવવામાં આવે છે.

(૩) ડિપ્લોમા હોલ્ડરને રૂા. ૩૦૦૦
ડીગ્રી હોલ્ડરને રૂા. ૩૫૦૦
પોસ્ટ ગ્રૅજ્યુએટને રૂા. ૫૦૦૦
પ્રતિમાસ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી શહેરી વિકાસ મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ટેકનો સેવા પ્રોગ્રામ હેઠળ જે એન્જિનિયરોને રાખવામાં આવ્યા છે એ એન્જિનિયરો કેટલો સમય સુધી કામ કરે છે અને એમને ભવિષ્યમાં કાયમી કરવામાં આવશે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મેં અગાઉ બહુ વિસ્તૃત રીતે આ વિગતોની માહિતી આપી છે. ટેકનો સાથી એ ચાલુ અભ્યાસમાં ફિલ્ડનો અનુભવો મેળવવા માટેની શરૂ કરેલ યોજના છે એટલે એમના કામ કરવાનો કે ભરતી કરવાનો કોઈ પ્રશ્ન નથી.

**અમદાવાદ શહેરના બી.પી.એલ. લાભાર્થીઓની અરજીઓ**

*૧૦૦૧૨**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૫-૨૦૦૯ની છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધણી કરાવવા માટે કેટલી અરજી આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજી મંજૂર કરી, અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં બી.પી.એલ. સરવે દરમિયાન કુલ ૩,૨૨,૨૯૭ ફોર્મ ભરવામાં આવેલ જેની કમ્પ્યુટરાઈઝ ડેટા એન્ટ્રી કરાવી યોજનાના નિયમ મુજબ ૧,૬૭,૮૦૫ કુટુંબોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ. કોઈ બી.પી.એલ. બાકાત રહી ન જાય તે માટે યોજનાના નિયમ મુજબ તા. ૧૨-૦૬-૨૦૦૯ના રોજ જુદા જુદા ત્રણ ગુજરાતી વર્તમાન પત્રોમાં જાહેર ખબર આપી વાંધા અરજી તા. ૨૪-૦૬-૨૦૦૯ સુધીમાં મંગાવવામાં આવેલ હતી. જેની મુદત તા. ૩૦-૦૬-૨૦૦૯ સુધી લંબાવવામાં આવેલ હતી. અમદાવાદ શહેરમાં તા. ૧-૬-૦૮ થી ૩૧-૫-૦૯ સુધીમાં બી.પી.એલ. લાભાર્થી તરીકે નોંધણી કરાવવા ચાર અરજીઓ આવેલ છે.

(૨) આ અરજીઓ પરત્વે ધોરણ અનુસાર કાર્યવાહી કરી નિર્ણય લેવામાં આવશે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને અમદાવાદ શહેરમાં બી.પી.એલ.નો સરવે છેલ્લે ક્યારે થયો?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : અમદાવાદ શહેરમાં બી.પી.એલ.નો પહેલો સરવે જે થયો એમાં લાભાર્થીઓની જે આવક હતી એને ધ્યાનમાં રાખી રૂા.૫૦૧.૧૪ પૈસા જે ૨૦૦૫માં સરવેમાં નક્કી કરવામાં આવ્યા હતા એ સરવેના આધારે જે કુટુંબ અથવા વ્યક્તિઓ આઈડેન્ટીફાઈ થયા એમને શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના નીચે જે લાભો મળતા હતા એ લાભો આપવામાં આવે છે. મારે આ ગૃહ દ્વારા ગુજરાતની પ્રજાને માહિતી આપવી છે કે ઘ ણા લોકોને ગેરસમજ એવી છે કે આ બી.પી.એલ. લાભાર્થીઓની અમારી શહેરી વિકાસ યોજના નીચે સરવે થયો હોય અને નગરપાલિકા અને કોરપોરેશન દ્વારા જે લાભાર્થીનો નક્કી થયા હોય એવા મોટા ભાગના લોકોની એવી સમજ છે કે અમને પુરવઠા યોજનાનો પણ લાભ આ બી.પી.એલ. લાભાર્થીઓને મળશે. ખરેખર વાસ્તવિકતા એ છે કે પુરવઠા યોજનાઓ માટેની બી.પી.એલ. લાભાર્થીઓનું સર્વેક્ષણ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની પદ્ધતિ પ્રમાણે રેવન્યુ વિભાગ દ્વારા થાય છે. શહેરી વિકાસ વિભાગના લાભાર્થીઓ છે એને શહેરી વિકાસ વિભાગ દ્વારા ચાલતી જે યોજનાઓ હોય છે એનો અમે લાભ આપીએ છીએ અને એમાં જે બેંકેબલ યોજનાઓ હોય એના માટે લાભાર્થીઓને લોન લેવામાં મદદ કરીએ છીએ. લોનના પ્રમાણમાં વધુમાં વધુ ૫૦ હજારની અમે સબસિડી આપીએ છીએ. એના ધંધામાં કૌશલ્ય વધે એ માટે ધંધાકીય ક્ષમતા વધારવાની અમે તાલીમ આપીએ છીએ. એ જ રીતે બી.પી.એલ. મહિલાઓ હોય એમને સ્વરોજગારીના હેતુ માટે સખી મંડળો બનાવી એના ધંધામાં અથવા ગૃહઉદ્યોગ કરવા માટે મદદરૂપ થઈએ છીએ. એમાં સખી મંડળ માટે ૩ લાખ રૂપિયાની સહાય આપીએ છીએ. નાની બચતની ભાવના આ લાભાર્થીઓમાં વધે એ માટે અમે પ્રોત્સાહન આપીએ છીએ. જે મહિલા જૂથો સરકારના સભ્ય બનીને આ જૂથમાં સખી મંડળમાં કામ કરે એમને સભ્ય દીઠ બે હજાર અને સખી મંડળ દીઠ ૨૫ હજાર રૂપિયાનું રિવોલ્વિંગ ફંડ આપીએ છીએ. આ પ્રમાણેની યોજનાઓ અમારા હેતુથી અમારા નોમ્સ મુજબ બી.પી.એલ. લાભાર્થી બન્યા છે એને અમે લાભ આપીએ છીએ.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ શહેરમાં સુધારેલા આર્થિક માપદંડો પ્રમાણે રૂા. ૫૦૧.૧૪ પૈસા પ્રમાણે કુલ કેટલા કુટુંબોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : રૂા. ૫૦૧.૧૪ પૈસા પ્રમાણે જે આર્થિક માપદંડો એટલે કે ઘરમાં એક વ્યક્તિની માથાદીઠ આવક એટલી હોય અને પાંચ વ્યક્તિનું ઘર હોય તો પાંચ જણાની ૫૦૦ રૂપિયા લેખે ૨૫૦૦ રૂપિયા નીચે આવક હોય એને લાભાર્થી તરીકે ગણીએ છીએ. અમદાવાદમાં આવા ૧,૬૭,૮૦૫ કુટુંબોનો આ લાભાર્થી યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શહેરી ગરીબોને નિયત કરવાના જે નીતિ નિયમો છે એ નીતિ નિયમોમાં આપણે કાંઈ સુધારો કરી શકીએ? કેમ કે, કેટલાય એવા લોકો છે કે જે સાચા અર્થમાં આ પરિભાષામાં સમાવવા જોઈએ પણ આપણે એમાં સમાવી શકતા નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નોર્મ્સ એ ભારત સરકારે નક્કી કરેલાં ધારા-ધોરણો પ્રમાણેના નોર્મ્સ છે અને એમાં ગુજરાત સરકાર પોતાની રીતે કોઈ ફેરફાર કરી શકતી નથી.

**શ્રી ભરત બારોટ** : સાહેબ, આ શહેરી ગરીબો માટે એમણે કહ્યું એ પ્રમાણે માપદંડ કેન્દ્ર સરકાર નક્કી કરે છે. આ કેન્દ્ર સરકારના માપદંડ પ્રમાણે જૂના જે બી.પી.એલ. હતા એના કરતા આ નવા માપદંડના આધારે કેટલા બી.પી.એલ. ઘટ્યા અને આ ઘટેલા જે છે એની સંખ્યા કેટલી અને બાકીના જે લોકો રહી ગયા એના માટે રાજ્ય સરકાર કોઈ મદદ કરવા માટે વિચારણા કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ માહિતી આપી કે જૂના આવકના ધોરણો પ્રમાણે જે સરવે થયેલો એ પછી નવો સરવે આપણે જે કર્યો એમાં ખૂબ મોટા પ્રમાણમાં લાભાર્થીઓ ઉમેરાયા છે પછી નિયમ પ્રમાણે એની જે વાંધા અરજી માગવાની પદ્ધતિ છે એ પ્રમાણે અમે વાંધા અરજીઓ માગી તો મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ઘણા લોકોને, નાગરિકોને એવી ગેરસમજ છે કે આ બી.પી.એલ. જો થઈ જઈએ તો દરેક પ્રકારની રાજ્ય સરકારની યોજનાઓનો આપણને લાભ મળી જાય. એટલે જે છે એના કરતાં ૨,૯૦,૦૦૦ જેટલી વાંધા અરજીઓ અમે જે વાંધા માંગ્યા એમાં મળી છે કે અમે લાભાર્થી થવાપાત્ર છીએ અને અમને લાભાર્થી ગણ્યા નથી. એટલે અત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન ડોર ટુ ડોર સરવે કરી, દરેક આવા વિસ્તારોમાં જઈ અને જેમણે વાંધા રજૂ કર્યા છે એની કોમ્પ્યુટરાઈઝ રીતે આખી સિસ્ટમ, એનો પોગ્રામ બનાવ્યો છે અને પોગ્રામ દ્વારા સરવે કરી અને આ જે વાંધા અરજીઓ આવી છે એમાંથી કેટલી સ્વીકારવાપાત્ર છે એ પ્રમાણેના જેટલા સ્વીકારવાપાત્ર હશે એટલા લાભાર્થીઓ વધશે.

## રાજ્યમાં સ્વાઈન ફ્લુનો ફેલાવો અટકાવવા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન

*** ૧૦૧૮૧ શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં સ્વાઈન ફ્લુનો ફેલાવો થતો અટકાવવા સરકાર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા કેસોનું સ્ક્રીનિંગ કર્યુ, અને
(૩) તે પૈકી કેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવે છે જે તા.૩૧-૫-૦૯ના રોજ કુલ ૨૩૨૨૬ પ્રવાસીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવેલ છે.
(૩) એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ ખાતે વિદેશથી આવતાં પ્રવાસીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવતાં એક પણ સ્વાઈન ફ્લુનો શંકાસ્પદ કેસ મળેલ નથી.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ૧૫મી જુલાઈ, ૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઈન ફ્લુના કેટલા શંકાસ્પદ કેસ મળેલ છે એમાંથી કેટલા પૉઝિટીવ છે? બીજો પ્રશ્ન, ૧૫મી જુલાઈ, ૨૦૦૯ની સ્થિતિએ એરપોર્ટ ઉપર કેટલા લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે? ત્રીજો પ્રશ્ન, સ્વાઈન ફ્લુના સંદર્ભમાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં શું શું પગલાં લીધાં છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં કુલ ૨૦ શંકાસ્પદ કેસ ૧૫મી જુલાઈ, ૨૦૦૯ની સ્થિતિએ નોંધાયેલ છે, એમાંથી ૧૨ કેસમાં નેગેટીવ પરિણામ આવેલ છે. ૭ કેસમાં સ્વાઈન ફ્લુ માટે પૉઝિટીવ પરિણામ આવેલ છે અને ૧ કેસનું પરિણામ બાકી છે. હું માનનીય સભ્યશ્રીને કહીશ કે આ જે ૭ પૉઝિટીવ કેસ થયા એમાંથી ૧ કેસ કંડલા પોર્ટ ટ્રસ્ટ હોસ્પિટલમાં જે થાઈલેન્ડથી સોમાજી પી.પી. આવ્યા હતા એમને ત્યાં સારવાર આપવમાં આવી હતી. બાકીના જે ૬ કેસ છે એ ૯ જુલાઈ, ૨૦૦૯ નાં રોજ યુથ એક્ષચેંજ પોગ્રામ હેઠળ અમેરિકા રહી ભારત પરત આવેલા ૪૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૬ વિદ્યાર્થીઓ ગુજરાતના હતાં. એમાંથી ૩ વિદ્યાર્થીઓના સ્વાઈન ફ્લુ પૉઝિટીવ ટેસ્ટ થયા છે અને એમનાં સંપર્કમાં આવેલ ૩ વ્યકિતઓના પણ સ્વાઈન ફ્લુ પૉઝિટીવ ટેસ્ટ થયા છે એટલે કુલ ૭ વ્યકિતઓના સ્વાઈન ફ્લુ પૉઝિટીવ ટેસ્ટ થયા છે અને એમને જે કાંઈ ટ્રીટમેન્ટ આપવી જરૂરી હોય એ પ્રમાણેની ટ્રીટમેન્ટ અમે આપીએ રહ્યાં છીએ. ત્યાર પછી માનનીય સભ્યશ્રીએ પૂછયું, એરપોર્ટ ઓથોરીટી ઉપર સ્ક્રીનિંગ બાબતમાં તો તા.૩૦-૪-૨૦૦૯ થી એરપોર્ટ ઉપર દૈનિક ૭ તબીબી ટીમો દ્વારા પેસેન્જરનું સ્ક્રીનિંગ ચાલુ કરવામાં આવેલ છે, એમાં ૧૫ મી જુલાઈ, ૨૦૦૯ની સ્થિતિએ ૬૧૩૩૪ વ્યકિતઓના સ્ક્રીનિંગ થયેલા છે. રાજ્યમાં આકસ્મિક પરિસ્થિતિને પહોંચીવળવા રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ રેપીડ રીસપોન્સ ટીમની રચના કરવામાં આવી છે. રાજ્ય કક્ષાએ આંતર વિભાગીય સંકલન માટે ટાસ્કફોર્સની રચના કરી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### રાજકોટ જિલ્લાની ભાદર-૨ પાણી પુરવઠા યોજના બાબત

૧૦૩૮૪**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાની ભાદર-૨ પાણી પુરવઠા યોજના તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) યોજનાના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના દ્વારા ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે ? | (૨) ૧૭ ગામોને. |

------------

### રાજ્યમાં ટ્રોમા સેન્ટરો

૧૦૧૮૦ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાત્કાલિક આરોગ્ય સારવાર માટે રાજ્યમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા ટ્રોમાં સેન્ટરો સ્થાપવામાં આવેલ છે, અને | (૧) હાલની સ્થિતિએ રાજ્યમાં ત્રણ ટ્રોમા સેન્ટર સ્થપાયેલ છે.<br>(૧) જનરલ હોસ્પિટલ, અમરેલી<br>(૨) જનરલ હોસ્પિટલ, પાલનપુર<br>(૩) જનરલ હોસ્પિટલ, નડિયાદ |
| (૨) દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ટ્રોમા સેન્ટરની સેવાઓ સઘન બનાવવા સરકાર શું વ્યવસ્થા કરવા માંગે છે ? | (૨) (૧) ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા તાત્કાલિક તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહેલ છે.<br>(૨) ટ્રોમા સેન્ટરોની સેવાઓ સઘન બનાવવા અદ્યતન બિલ્ડીંગ, આધુનિક ટેક્નોલોજીવાળા તબીબી ઉપકરણો, હાઇટેક એમ્બ્યુલન્સ વાન, આધુનિક સંદેશા વ્યવહાર પધ્ધતિ, દર્દીની સારવાર વિષયક માહિતી ડેટા તથા આધુનિક તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહેલ છે.<br>(૩) ૧૫ ટ્રોમા સેન્ટર બાંધવામાં આવી રહેલ છે. |

------------

### ઘેડ વિકાસ સમિતિની રચના

૯૦૦૬**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા (પોરબંદર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકારે ઘ ેડ વિકાસ સમિતિની રચના કરેલ છે કે કેમ, | (૧) તા. ૧૮-૨-૦૫ ના રોજ એક વર્ષ માટે સમિતિની નિમણૂક કરેલ. |
| (૨) જો હા, તો ઉક્ત સમિતિના સભ્યો કોણ કોણ છે અને ઉક્ત સમિતિની બેઠકો ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી મળી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમાં મુખ્યત્વે શું ભલામણો કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### ધ્રોલ સી.એચ.સી. ખાતે પોસ્ટ મોર્ટમ રૂમ બાબત

૯૭૫૩ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના ધ્રોલ સામુહિક આરોગ્ય કેન્દ્રનો પોસ્ટ મોર્ટમ (પી.એમ.) રૂમ સને ૨૦૦૧ના ભૂકંપમાં જર્જરિત થઈ ગયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) ઉક્ત જર્જરિત થઈ ગયેલ પી.એમ. રૂમ ફરી ન બનવાના શા કારણો છે, અને

(૨) જર્જરિત પી.એમ.રૂમ તોડીને નવો પી.એમ. રૂમ બાંધવાના કામના અંદાજો ચકાસણીમાં છે.

(૩) ઉક્ત પી.એમ. રૂમ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) તા.૩૦-૪-૨૦૧૦ સુધીમાં નવા પી.એમ. રૂમનું બાંધકામ પૂરૂં થાય તેમ છે.

------------

**પીંગોટ સિંચાઈ ડેમમાંથી કાંપ દૂર કરવા બાબત**

૯૮૪૮ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના પીંગોટ ગામે આવેલ મધ્યમ સિંચાઈ ડેમમાં કાંપ પુરાયેલ છે તે હકિક્ત સાચી છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો ઉકત કાંપ કાઢવા અંગે સરકારે તા. ૩૧-૫-૦૯ સુધીમાં શી કાર્યવાહી કરી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો કાર્યવાહી ન થઈ હોય તો કેટલા સમયમાં ઉક્ત કામગીરી હાથ ધરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં સરકારી હોસ્પિટલોમાં ખાલી જ્ગ્યાઓ**

૯૭૪૯**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ અને સૂત્રાપાડા તાલુકામાં સરકારી હોસ્પીટલોમાં વર્ગ-૧, વર્ગ-૨ તથા વર્ગ-૩ ની કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ખાલી છે,

(૧)

| ક્રમ | હોસ્પિટલનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ |
|---|---|---|---|---|
| ૧ | સરકારી હોસ્પિટલ, વેરાવળ | ૨ | ૧ | ૦ |
| ૨ | સામુહીક આરોગ્ય કેન્દ્ર, સુત્રાપાડા | ૧ | ૦ | ૧ |

(૨) ઉક્ત ખાલી જ્ગ્યાઓ લાંબા સમયથી ન ભરાવાના શાં કારણો છે, અને

(૨) વર્ગ-૧ અને ૨ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે સામુહીક આરોગ્ય કેન્દ્ર સુત્રાપાડા ખાતે એક્સ-રે મશીન ન હોવાથી એક્સ-રે ટેક્નીશીયનની જ્ગ્યા ભરવામાં આવેલ નથી.

(૩) તે ક્યાં સુધીમાં ભરી દેવામાં આવશે?

(૩) તજજ્ઞ વર્ગ-૧ની જ્ગ્યાઓ સીધી ભરતીથી ભરવા ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલવામાં આવેલ છે. તે અન્વયે આયોગ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ તજજ્ઞ વર્ગ-૧ તથા તબીબી અધિકારી, વર્ગ-૨ની જ્ગ્યાઓ મેડીકલ કોલેજોમાંથી બોન્ડેડ લીસ્ટ ઉપલબ્ધ થયેથી અને એડહોક નિમણુંક માટે દર મંગળવારે યોજવામાં આવતાં વોક-ઇન-ઇન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

અધિક્ષક, વર્ગ-૧ની જ્ગ્યા બઢતીથી ભરવા માટેની દરખાસ્ત કમિશ્નરશ્રીની કચેરી પાસેથી મંગાવવામાં આવેલ છે અને નીવાસી તબીબી અધિકારી વર્ગ-૧ની જ્ગ્યા બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

**આણંદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ**

૧૦૧૭૫**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા કાર્યરત થયેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ સેવા માટે આણંદ જિલ્લામાં કેટલી એમ્બ્યુલન્સ વસાવવામાં આવી, અને

(૨) ૧૩ એમ્બ્યુલન્સ.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માર્ગ

(૩)

અકસ્માત, પ્રસૂતિ અને અન્ય આકસ્મિક આરોગ્ય સેવાઓ માટે કેટલા લોકોએ લાભ લીધો?

| | સેવાઓ | લાભાર્થી |
|---|---|---|
| (૧) | માર્ગ અકસ્માત | ૧૬૫૧૯ |
| (૨) | પ્રસુતિ | ૮૮૯૨ |
| (૩) | અન્ય | ૪૭૬૭૯ |
| | **કુલ :** | **૭૩૦૯૦** |

------------

**નગરપાલિકાઓ માટે સફાઈ વેરાની વસૂલાત સામે પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની યોજના**

૧૦૨૧૨ **શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓ માટે સફાઈ વેરાની વસૂલાત સામે પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સરકારે કેટલી રકમ નગરપાલિકાઓને ચૂકવેલ છે? | (૨) રૂા.૫,૨૨,૨૯,૧૭૭/- |

------------

**પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૯૭૨૭**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સને ૨૦૦૭ અને ૨૦૦૮ ના વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી હાથ ધરવામાં આવી, | (૧) પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સને ૨૦૦૭ અને ૨૦૦૮ના વર્ષમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓ જેવી કે એપ્રોચ રોડ, ટોયલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા પ્રવાસીઓ માટે બેસવાનો શેડ, બ્યુટીફીકેશન, ગાર્ડન, સાઇનેજીસ, વનકુટિર, વીજળીકરણ, વગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત દર્શાવતું * પત્રક-અ અને * પત્રક-બ આ સાથે સામેલ છે. |
| (૨) આ માટે તા. ૩૧-૧૨-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને | (૨) આ માટે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નીચે મુજબ ગ્રાન્ટ આપેલ છે.<br>**(અ) પંચમહાલ જિલ્લો**<br>(૧) વર્ષ ૨૦૦૭ : રૂપિયા ૨૦૦.૦૦ લાખ<br>(૨) વર્ષ ૨૦૦૮ : રૂપિયા ૨૧૮.૦૦ લાખ<br>**(બ) દાહોદ જિલ્લો**<br>(૧) વર્ષ ૨૦૦૭ : રૂપિયા ૨૦૦.૦૦ લાખ<br>(૨) વર્ષ ૨૦૦૮ : રૂપિયા ૨૮૩.૦૫ લાખ |
| (૩) તે પૈકી ક્યા ક્યા સ્થળે કેટલો ખર્ચ કર્યો ? | (૩) તે પૈકી પંચમહાલ અને દાહોદ જિલ્લામાં થયેલ ખર્ચની વિગતો અનુક્રમે પત્રક-અ અને પત્રક-બ આ સાથે સામેલ છે.<br>(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.) |

------------

**આમોદ તાલુકામાંથી ડાર્કઝોન ઉઠાવી લેવા બાબત**

૯૦૦૩**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાને ડાર્કઝોનમાં ક્યારથી મૂકવામાં આવેલ છે, અને | (૧) તા.૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવથી ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાને ડાર્કઝોન (ઓવર એક્ષપલોઇટેડ કેટેગરી)માં મુકવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત ડાર્કઝોન ઉઠાવી લેવા સરકારે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરી ? | (૨) ડાર્કઝોનમાં ભૂગર્ભમાં વધુ પાણી રિચાર્જ કરવા માટે ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરી વરસાદી |

પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

------------

**ગાંધીનગર તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ**

૧૦૨૮૩**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**જવાબ**

(૧) સ્વજલધારા નહી પરંતુ રાજ્ય પુરસ્કૃત સેકટર રીફોર્મ યોજના (રાજ્ય) હેઠળ ૨૧ પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ.

(૨) ૧૬ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી. પાંચ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.

------------

**નર્મદાનું પીવાનું પાણી મેળવતા જિલ્લાઓ**

૧૦૩૭૦ **શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લામાં નર્મદાના પીવાના પાણી પહોંચી ગયા છે,

(૨) ક્યા ક્યા જિલ્લામાં પીવાનું પાણી પહોંચાડવાનું બાકી છે, અને

(૩) આ જિલ્લાઓમાં પીવાનું પાણી ક્યાં સુધીમાં પહોંચાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પત્રક-૧ ની વિગતે કુલ ૨ જિલ્લાઓમાં સંપૂર્ણ તેમજ ૧૨ જિલ્લાઓમાં અંશતઃ નર્મદાના પીવાના પાણી પહોંચી ગયા છે.

(૨) પત્રક-૨ની વિગતે કુલ ૧૨ જિલ્લાઓમાં અંશતઃ તેમજ ૩ જિલ્લાઓમાં સંપૂર્ણ પીવાનું પાણી પહોંચાડવાનું બાકી છે, અને

(૩) પાણીના સોર્સ અને ફંડની ઉપલબ્ધી મુજબ તબક્કાવાર વર્ષ ૨૦૧૨ સુધીમાં પહોંચાડવાનું આયોજન છે.

**પત્રક-૧**

| અનુ.નં. | જિલ્લો | નર્મદા માસ્ટર પ્લાન અંતર્ગત કુલ ગામો/ શહેરોની સંખ્યા | | નર્મદાના પીવાનાં પાણી પહોંચાડવામાં આવેલ ગામો/શહેરોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | ગામો | શહેરો | ગામો | શહેરો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| **સંપૂર્ણ :** | | | | | |
| ૧ | ભાવનગર | ૭૯૦ | ૧૩ | ૭૯૦ | ૧૩ |
| ૨ | ગાંધીનગર | ૨૯૧ | ૪ | ૨૯૧ | ૪ |
| **અંશત :** | | | | | |
| ૧ | અમરેલી | ૬૧૫ | ૮ | ૪૪૬ | ૮ |
| ૨ | જુનાગઢ | ૯૨૩ | ૧૨ | ૩૨૪ | ૯ |
| ૩ | પોરબંદર | ૧૮૨ | ૫ | ૧૧ | ૦ |
| ૪ | રાજકોટ | ૮૪૪ | ૧૦ | ૫૦૩ | ૬ |
| ૫ | જામનગર | ૬૯૮ | ૧૬ | ૧૭૨ | ૪ |
| ૬ | કચ્છ | ૮૮૬ | ૮ | ૬૯૬ | ૮ |
| ૭ | સુરેન્દ્રનગર | ૬૫૦ | ૭ | ૪૨૬ | ૪ |
| ૮ | અમદાવાદ | ૫૪૬ | ૨૫ | ૫૦૮ | ૨૧ |
| ૯ | મહેસાણા | ૪૬૪ | ૭ | ૪૫૬ | ૭ |
| ૧૦ | પાટણ | ૪૨૧ | ૫ | ૩૨૩ | ૫ |
| ૧૧ | બનાસકાંઠા | ૮૧૬ | ૨ | ૪૫૪ | ૨ |
| ૧૨ | સાબરકાંઠા | ૯૫૬ | ૬ | ૨૭૧ | ૩ |

**પત્રક-૨**

| અનુ.નં. | જિલ્લો | બાકી રહેતા કુલ ગામો/શહેરોની સંખ્યા | | કામો પ્રગિતમાં હોય તેવા ગામો/શહેરોની સંખ્યા | | આયોજન અંતર્ગતના ગામો/શહેરોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગામો | શહેરો | ગામો | શહેરો | ગામો | શહેરો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **અશંત :** | | | | | | | |
| ૧ | અમરેલી | ૧૬૯ | ૦ | ૧૬૯ | ૦ | ૦ | ૦ |
| ૨ | જુનાગઢ | ૫૯૯ | ૩ | ૪૫૯ | ૩ | ૧૪૦ | ૦ |
| ૩ | પોરબંદર | ૧૭૧ | ૫ | ૧૩૦ | ૫ | ૪૧ | ૦ |
| ૪ | રાજકોટ | ૩૪૧ | ૪ | ૧૭૬ | ૨ | ૧૬૫ | ૨ |
| ૫ | જામનગર | ૫૨૬ | ૧૨ | ૪૪૦ | ૯ | ૮૬ | ૩ |
| ૬ | કચ્છ | ૧૯૦ | ૦ | ૧૦૬ | ૦ | ૮૪ | ૦ |

| અનુ.નં. | જિલ્લો | બાકી રહેતા કુલ ગામો/શહેરોની સંખ્યા | | કામો પ્રગિતમાં હોય તેવા ગામો/શહેરોની સંખ્યા | | આયોજન અંતર્ગતના ગામો/શહેરોની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગામો | શહેરો | ગામો | શહેરો | ગામો | શહેરો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૭ | સુરેન્દ્રનગર | ૨૨૪ | ૩ | ૨૨૪ | ૩ | ૦ | ૦ |
| ૮ | અમદાવાદ | ૩૮ | ૪ | ૩૮ | ૪ | ૦ | ૦ |
| ૯ | મહેસાણા | ૮ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | પાટણ | ૯૮ | ૦ | ૯૮ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | બનાસકાંઠા | ૩૬૨ | ૦ | ૨૬૮ | ૦ | ૯૪ | ૦ |
| ૧૨ | સાબરકાંઠા | ૬૮૫ | ૩ | ૦ | ૦ | ૬૮૫ | ૩ |
| બાકી રહેતા : | | | | | | | |
| ૧ | પંચમહાલ | ૪૦૮ | ૩ | ૪૦૮ | ૩ | ૦ | ૦ |
| ૨ | નર્મદા | ૭૮ | ૦ | ૭૮ | ૦ | ૦ | ૦ |
| ૩ | ખેડા | ૬૫ | ૦ | ૬૫ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૩૯૬૨ | ૩૭ | ૨૬૬૭ | ૨૯ | ૧૨૯૫ | ૮ |

------------

## ગઢડા અને ઉમરાળા તાલુકામાં પીવાના પાણીના ચેકડેમો

૯૨૪૪ **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ગઢડા અને ઉમરાળા તાલુકામાં તા. ૧૨-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ચેકડેમો મંજૂર થયા,

(૨) કેટલા ચેકડેમો રીપેર થયા, અને

(૩) મંજૂર થયેલા અને રીપેર કરવાના બાકી ચેકડેમો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) આ સમય ગાળામાં પાણી પુરવઠા યોજના હેઠળ કોઈ ચેકડેમ મંજૂર થયેલ નથી.

(૨) એક

(૩) મંજૂર થયેલા અને રીપેર કરવાના બાકી હોય તેવા કોઈ ચેકડેમ નથી.

------------

## અમદાવાદમાં બી.આર.ટી.એસ. નો અમલ

૧૦૩૭૮ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ મહાનગરમાં વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ. ની અમલવારી ક્યારે કરવામાં આવનાર છે, અને

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલી રકમનો પ્રોજેક્ટ મંજૂર કરેલ છે?

**જવાબ**

(૧) અમદાવાદ મહાનગરમાં બી.આર.ટી.એસ.ના ૪ પ્રોજેક્ટ મંજુર કરવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. ભાગ-૧ અને ૨ ના આયોજનની કામગીરી નીચે મુજબ પ્રગતિમાં છે.

- બી.આર.ટી.એસ. ભાગ-૧ (લંબાઈ ૧૨ કી.મી.) તા.૨૪-૧-૨૦૦૭ થી ટેન્ડર મંજુર થયેલ છે, અને ૯૦ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.
- બી.આર.ટી.એસ. ભાગ-૨ (લંબાઈ ૪૬ કી.મી.) તા.૨૨-૨-૨૦૦૭ થી ટેન્ડર મંજુર થયેલ છે, અને ૩૨ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.
- શહેરી પરિવહન માટે બસો ખરીદવા માટેની કામગીરી પ્રગતિમાં છે.

(૨) જે.એન.યુ.આર.એમ અંતર્ગત કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાના ફાળા સાથે રૂા.૧૨૦૪.૭૫ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

-----------

## કલોલ તાલુકામાં પલસાણા-શેરીસા પાસે નવા બનાવેલ રોડ વચ્ચેનું નાળું

૯૯૨૦**શ્રી સુરેશકુમાર ચ. પટેલ(કલોલ) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પલસાણા-શેરીસા તાલુકા કલોલ પાસે નવા બનાવેલ રોડમાં વચ્ચે નાળું બનાવવાનું ક્યા કારણથી બાકી રાખવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨) પલસાણા-શેરીસા તાલુકા કલોલ પાસે આવેલ સઈજ-હાજીપુર કાંસ ઉપર આવેલ નાળાના અંદાજી કિંમત રૂા.૨૫.૦૦ લાખના નકશા-અંદાજોની વહીવટી મંજુરીની કાર્યવાહી ચાલુ છે જે મંજુર થયેથી

(૨) બાકી રાખેલ નાળું સરકાર ક્યારે બનાવવા માગે છે?

વહેલી તકે કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**સુરતમાં બી.આર.ટી.એસ. નો અમલ**

૧૦૩૭૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરમાં વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે બી.આર.ટી.એસ. ની અમલવારી ક્યારે કરવામાં આવનાર છે, અને

(૨) તે માટે રાજ્ય સરકારે કેટલી રકમનો પ્રોજેક્ટ મંજૂર કરેલ છે?

**જવાબ**

(૧) સુરત મહાનગરમાં બી.આર.ટી.એસ. નું આયોજન કરી ૧ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે. તેની કામગીરી પ્રગતિમાં છે.

(૨) જે.એન.યુ.આર.એમ અંતર્ગત ઉપરોક્ત પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાના ફાળા સાથે રૂ. ૪૬૯.૦૨ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં પાણી પુરવઠા માટે મંજૂર કરેલ રકમ**

૯૩૯૬**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જેતપુર-પાવી તાલુકામાં ગઢ ભીખાપુરા, કદવાલ, બારસાલ્લી ઉચાપન અને મોટી આમરોલ ગામોમાં પાણી પુરવઠા અંગે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) ઉક્ત ગામોમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ક્યા કામો માટે કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત કામો કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | ગામનું નામ | મંજૂર થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ભીખાપુરા (ગઢ) | ૧૯.૬૫ |
| ૨ | કદવાલ | ૧૭.૬૭ |
| ૩ | બાર | ૧૨.૯૨ |
| ૪ | સાધવી | ૧૪.૭૧ |
| ૫ | ઉચાપન | ૩૦.૦૬ |
| ૬ | મોટી આમરોલ | ૨૯.૪૮ |

(૨) કુલ રૂ. ૫૪.૫૦ લાખનો ખર્ચ થયેલ છે. કામવાર ખર્ચની વિગતો સામેલ પત્રકમાં આપેલ છે.

(૩) ૬ ગામોમાં ૩૨ હેન્ડપંપ તેમજ એક ગામનાં સાત પરામાં ૭ મીની પાઈપ પાણી પુરવઠા યોજના પૂર્ણ થયેલ છે. બાકી રહેલ યોજનાકિય કામો ક્રમશ : ૧૨/૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક**

| અ.નં. | ગામનું નામ | કામની વિગત | કામ વાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભીખાપુરા (ગઢ) | હયાત બોર આધારિત પંપરુમ, ઉંચી ટાંકી, પાઈપ લાઈન, હવાડો, ક્લોરિનેશન, વીજ ક્નેક્શન, તથા સ્ટેન્ડ પોસ્ટ | ૩.૩૩ |
| | ભીખાપુરા (ગઢ) | ત્રણ શાળામાં હેન્ડપંપ - ૩ નંગ | ૧.૪૯ |
| | | **કુલ :** | **૪.૮૨** |
| ૨ | કદવાલ | પાતાળકુવો, પંપીગ મશીનરી, પંપરૂપ, ઉંચી ટાંકી, પાઈપ લાઈન, સ્ટેન્ડપોસ્ટ, હવાડો, ક્લોરિન પ્લાન્ટ તથા વિજ ક્નેક્શન | ૭.૧૫ |
| | | હેન્ડપંપ જુદાજુદા ૪ ફળીયામાં - ૪ નંગ | ૧.૯૬ |
| | | **કુલ :** | **૯.૧૧** |
| ૩ | બાર | હયાત બોર આધારિત પંપરુમ, ઉંચી ટાંકી, પાઈપ લાઈન, હવાડો, ક્લોરિનેશન, વીજ ક્નેક્શન, તથા સ્ટેન્ડ પોસ્ટ | ૩.૨૦ |
| | | મંદિર ફળીયામાં હેન્ડપંપ - ૧ નંગ | ૦.૪૯ |
| | | **કુલ :** | **૩.૬૯** |
| ૪ | સાધલી | જુદાજુદા ફળીયામાં હેન્ડપંપ - ૭ નંગ | ૩.૪૩ |

| અ.નં. | ગામનું નામ | કામની વિગત | કામ વાર થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | કુલ : | ૩.૪૩ |
| ૫ | ઉચાપન | બોર આધારિત પંપરૂમ, ઉંચી ટાંકી, પાઈપ લાઈન, ક્લોરિન પ્લાન્ટ, સ્ટેન્ડ પોસ્ટ, તથા વીજ કનેક્શન | ૮.૩૩ |
| | | વદેસિંહ ખાલપાના ઘર પાસે હેન્ડપંપ - ૧ નંગ | ૦.૫૧ |
| | | કુલ : | ૮.૮૪ |
| ૬ | મોટી આમરોલ | સદર ગામે ૭ નંગ મીની પાઈપ પાણી પુરવઠા યોજના તેમજ હેન્ડપંપ ૬ ૧૬ નંગ | ૨૪.૬૧ |
| | | ૬ ગામો માટે કુલ ખર્ચ : | ૫૪.૫૦ |

------------

## મોરબી તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ

૧૦૨૯૦**શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**જવાબ**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ૧૯ પાણી પુરવઠા યોજનાઓ અને સરખા ધારાધોરણ મુજબ સેકટર રીફોર્મ પાયલોટ યોજના હેઠળ ૧૪ યોજનાઓ મંજૂર થઈ.

(૨) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ૧૯ યોજનાઓ પૈકી ૮ યોજનાઓ પૂર્ણ થઇ છે અને ૯ યોજનાઓ પ્રગતિમાં છે. સેકટર રીફોર્મ પાયલોટ યોજના હેઠળ ૧૪ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે.

------------

## ઝઘડીયા-ઉગડીયા પાણી પુરવઠા ફિલ્ટર યોજના

૯૦૧૩**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના માંગરોલ તાલુકામાં ઝઘડીયા-ઉગડીયા પાણી પુરવઠા ફીલ્ટર યોજના આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા તો, સરકાર માંડવી તાલુકાના અરેઠ, વદેશિયા, નોગામા અને ઝાબ ગામોને ઉક્ત ફીલ્ટર થયેલ પાણીની સુવિધા આપવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ

૧૦૩૮૦ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે, અને

(૨) નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાની કુલ ૩ નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. જેમાં

- ડભોઈ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૧૦ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- પાદરા નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.
- કરજણ નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિદિન છે.

(૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, ઘ ાન કચરાનો વેજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવો ફરજીયાત છે, જેનો અમલ થયેલ છે. વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતુ ખાતર નગરપાલિકા માટે આવકનુ સાધન બનશે. પર્યાવરણ પ્રદુષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ કચરાનો વેજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકશે.

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના

૧૦૩૭૭ **શ્રી અનિલભાઈ માળી (દિયોદર) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ગામડાંઓ માટે નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ યોજનામાં કેટલા ગામો અને કેટલા શહેરી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૩) આ યોજના પાછળ કેટલો નાણાકીય ખર્ચ થશે?

**જવાબ**

(૧) ૧ યોજના પૂર્ણ, ૧ યોજના પ્રગતિમાં, ૧ યોજનાનું ટેન્ડર તાજેતરમાં મંજૂર કરેલ છે
૩ યોજનાના ટેન્ડર મંજૂરી હેઠળ છે.

(૨) કુલ ૪૮૬ ગામો અને ૧ શહેર

(૩) રૂા. ૩૧૫.૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

## વડોદરા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ

૧૦૧૭૪ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા કાર્યરત થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સેવા માટે વડોદરા જિલ્લામાં કેટલી એમ્બ્યુલન્સ વસાવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માર્ગ અકસ્માત, પ્રસુતિ અને અન્ય આકસ્મિક આરોગ્ય સેવાઓ માટે કેટલા લોકોએ લાભ લીધો?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૬ એમ્બ્યુલન્સ

(૩)

| ક્રમ | સેવાઓ | લાભાર્થી |
|---|---|---|
| (૧) | માર્ગ અકસ્માત | ૭૮૬૩ |
| (૨) | પ્રસુતિ | ૧૭૮૯૬ |
| (૩) | અન્ય | ૨૪૫૦૯ |
| | કુલ | ૫૦૨૬૮ |

------------

## અમદાવાદ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગમાં સોનોગ્રાફી મશીનો

૯૫૧૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગાયનેક વિભાગમાં કેટલા સોનોગ્રાફી મશીનો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કાર્યરત છે અને કેટલા બંધ હાલતમાં છે?

**જવાબ**

(૧) ગાયનેક વિભાગમાં એક સોનોગ્રાફી મશીન છે.

(૨) એક મશીન કાર્યરત છે.

## બી.આર.ટી.એસ. ની અમલવારી કરતા મહાનગરો

૧૦૧૯૫ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના મહાનગરોમાં વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે સરકાર દ્વારા બી.આર.ટી.એસ.ની અમલવારી રાજ્યના ક્યા મહાનગરોમાં કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ રાજ્યના અમદાવાદ, સુરત, તથા રાજકોટ મહાનગરોમાં મંજૂર કરવામાં આવેલ છે.

------------

## માંડવી તાલુકાને ડાર્કઝોન જાહેર કરવા બાબત

૧૦૧૩૭**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) :માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકાને ડાર્કઝોન તરીકે છેલ્લા કેટલા વર્ષથી જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પાણીના સ્તર ઉંચા આવી ગયા હોઈ ડાર્કઝોન દૂર કરવા માટે કોઈ વિચારણા છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવથી કચ્છ જિલ્લાના માંડવી તાલુકાને ડાર્કઝોન (ઓવર એક્ષ્પલોઈટેડ કેટેગરી)માં મૂકવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભૂર્ગભ જળ ઉંચા આવેલા નથી. ભૂર્ગભજળ રિચાર્જ માટે ચેકડેમ બનાવવા, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

**મોડેલ આયુર્વેદ કોલેજ સ્થાપવા બાબત**

૧૦૧૮૪ **પ્રો. વસુબેન ત્રિવેદી** (જામનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર મોડેલ આયુર્વેદ કોલેજ સ્થાપવા માંગે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, | (૨) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મોડેલ આયુર્વેદ કોલેજ માટે કોલવડા, જી. ગાંધીનગર ખાતે જિલ્લા ક્લેકટર ગાંધીનગર તરફથી ૧૫.૦૦ એકર જમીન ફાળવવામાં આવેલ છે અને નકશા-અંદાજોની કામગીરી ચાલુ છે. |
| (૩) આ યોજનામાં અંદાજીત કેટલો ખર્ચ થનાર છે, અને | (૩) ઉક્ત કામગીરી અંગે અંદાજે રૂા. ૫૦.૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. |
| (૪) યોજના કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૪) યોજના શક્ય એટલી વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે. |

**જામનગર જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ**

૧૦૩૮૨ **શ્રી મૂળૂભાઈ આયરબેરા** (ભાણવડ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે, અને | (૧) જામનગર જિલ્લાની કુલ ૭ નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. જેમાં.<br>• **સલાયા** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.<br>• **ભાણવદ** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૨.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.<br>• **ધ્રોલ** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.<br>• **દ્વારકા** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.<br>• **જામજોધપુર** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.<br>• **કાલાવાડ** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે.<br>• **ખંભાળીયા** નગરપાલિકામાં પ્લાન્ટની ક્ષમતા ૭.૫ મેટ્રીક ટન પ્રતિ દિન છે. |
| (૨) નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે? | (૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, ધન કચરાનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવો ફરજીયાત છે, જેનો અમલ થયેલ છે, વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતુ ખાતર નગરપાલિકા માટે આવકનું સાધન બનશે. પર્યાવરણ પ્રદુષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકશે. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નો સેવા પ્રોગ્રામ હેઠળ એન્જીનીયરોની ફાળવણી**

૧૦૧૯૭**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જીનીયરો ફાળવવામાં આવ્યા, | (૧) ૩૧ ટેક્નોસાથી ફાળવવામાં આવ્યા. |
| (૨) આ એન્જીનીયરો પાસે શી કામગીરી કરાવવામાં આવે છે, અને | (૨) આ એન્જિનીયરો પૈકી સીવીલ એન્જિનીયરો પાસે મિલ્કત માપણી, વિકાસના કામોના સર્વે, નકશા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઈલેક્ટ્રિકલ એન્જિનીયરો પાસે એનર્જી ઓડિટ તથા સ્ટ્રીટ લાઈટ જાળવણી જેવી કામગીરી કરાવવામાં આવે છે. |
| (૩) એન્જીનીયરોને કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે ? | (૩) ડીપ્લોમા હોલ્ડરને રૂ. ૩૦૦૦<br>ડીગ્રી હોલ્ડરને રૂ. ૩૫૦૦<br>પોસ્ટ ગ્રેજ્યુએટને રૂ. ૫૦૦૦<br>પ્રતિ માસ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે. |

------------

**બાપુનગર જનરલ હોસ્પિટલ બનાવવાની કામગીરી**

૧૦૩૭૩**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ સ્થિત બાપુનગર જનરલ હોસ્પિટલ બનાવવાની કામગીરી તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કામદાર રાજ્ય વિમા નિગમ, નવી દિલ્હી, સંચાલિત બાપુનગર જનરલ હોસ્પિટલ બનાવવાની કામગીરી તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ, તબક્કાવાર કામગીરી નીચે મુજબ છે.<br>(૧) **ઓ.પી.ડી. બ્લોકઃ-** ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબ લેવલ સુધી કામગીરી પૂર્ણ થયેલ છે.<br>(૨) **રેમ્પ બ્લોકઃ-** પ્લીન્થ લેવલ સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે.<br>(૩) **વોર્ડ બ્લોકઃ-** મકાનના પાયાનું કામ પ્રગતિમાં છે.<br>(૪) **સર્વિસ બ્લોક :-** પાયાના ખોદકામની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) કામગીરી અંદાજે માહે ઓગષ્ટ-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે. |
| (૩) તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ કેટલી નાણાકીય જોગવાઈ કરેલ છે? | (૩) રાજ્ય સરકારે કોઈ નાણાંકીય જોગવાઈ કરેલ નથી. |

**શેત્રુંજ્ય ડેમ આધારિત સ્ટેજ-૨ ની યોજના**

૯૪૮૩**શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગારીયાધાર તાલુકાની શેત્રુંજ્ય ડેમ આધારીત સ્ટેજ-૨ ની યોજનામાં સુધારા કરવા માટેની કામગીરી હાલ ક્યા તબક્કે છે, | (૧) યોજના મંજૂર કરેલ છે. ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત યોજનાનું કામ કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે, અને | (૨) ટેન્ડર મંજૂર થયે એક માસમાં શરૂ કરવામાં આવશે. |
| (૩) ઉક્ત યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવશે ? | (૩) અંદાજે રૂા. ૧૧.૭૨ કરોડ |

------------

**ભિલોડા તાલુકામાં તળાવો ઊંડા કરવા બાબત**

૧૦૧૬૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કુલ કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા,

(૨) ઉક્ત કામનું સુપરવિઝન કોણે કોણે કર્યું, અને

(૩) એની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૯.

(૨) રાજ્ય સિંચાઇ તથા જિલ્લા પંચાયત સિંચાઇ વિભાગના સંબંધિત નાયબ કાર્યપાલક ઇજનેર/મદદનીશ ઇજનેર/અધિક મદદનીશ ઇજનેર અને ફીલ્ડ સ્ટાફે સદર કામનું સુપરવીઝન કર્યું તથા થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવેલ છે.

(૩) તળાવો ઊંડા કરવા પાછળનો ખર્ચ રૂ. ૧૭૨.૧૧ લાખ.

------------

**દાહોદ જિલ્લામાં ચેકડેમ રીપેરીંગ પાછળ ફાળવેલ રકમ**

૯૫૪૦**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૯ ના સમય ગાળામાં વર્ષ વાર ઝાલોદ, દાહોદ અને ગરબાડા તાલુકામાં ચેકડેમ રીપેરીંગ કરવા કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) કેટલા ચેકડેમના રીપેરીંગ પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨)

ચેકડેમ રીપેરીંગ માટે તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. ઝાલોદ, દાહોદ અને ગરબાડા તાલુકામાં કુલ ૯૦ ચેકડેમોના રીપેરીંગ પાછળ રૂ. ૧૦૨.૩૩ લાખ ખર્ચ થયેલ છે.

------------

**બી.આર.ટી.એસ. ની અમલવારી કરતા મહાનગરો**

૧૦૨૦૯**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના મહાનગરોમાં વધતી જતી વાહન વ્યવહારની સમસ્યાને પહોંચી વળવા માટે સરકાર દ્વારા બી.આર.ટી.એસ.ની અમલવારી રાજ્યના ક્યા મહાનગરોમાં કરવામાં આવનાર છે?

**જવાબ**

બી.આર.ટી.એસ. નું આયોજન રાજ્યના અમદાવાદ, સુરત તથા રાજકોટ મહાનગરોમાં કરવામાં આવેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં પબ્લિક હેલ્થ સેન્ટરો**

૯૦૧૦**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાઈમરી હેલ્થ સેન્ટરો છે,

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પ્રાઇમરી હેલ્થ સેન્ટરો અને

(૨) ઉક્ત હેલ્થ સેન્ટરોમાં ઉક્ત સ્થિતિએ કેટલા સ્ટાફની ઘટ છે, અને

તાલુકાવાર હેલ્થ સેન્ટરોમાં સ્ટાફની ઘટ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્રોની સંખ્યા | સ્ટાફની ઘટ |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૪ | ૨ |
| ૨ | પડધરી | ૨ | ૨ |
| ૩ | લોધીકા | ૧ | ૦ |
| ૪ | વાંકાનેર | ૪ | ૩ |
| ૫ | ટંકારા | ૧ | ૦ |
| ૬ | મોરબી | ૪ | ૩ |
| ૭ | માળીયા | ૩ | ૬ |
| ૮ | જસદણ | ૫ | ૪ |
| ૯ | ગોંડલ | ૫ | ૩ |
| ૧૦ | કોટડા સાંગાણી | ૨ | ૧ |
| ૧૧ | જેતપુર | ૪ | ૪ |
| ૧૨ | જામકંડોરણા | ૨ | ૨ |
| ૧૩ | ધોરાજી | ૨ | ૫ |
| ૧૪ | ઉપલેટા | ૪ | ૦ |
| | **કુલ :** | **૪૩** | **૩૫** |

(૩) ઉક્ત ઘટ ક્યારે પૂરી કરવામાં આવશે?

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ની જુનીયર ફાર્માસીસ્ટ અને લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ જિલ્લા પંચાયત હસ્તકની હોઇ જિલ્લા પંચાયત રાજકોટએ સદર ખાલી જગ્યાઓ ભરવા તા. ૧-૫-૨૦૦૬ થી ગુજરાત પંચાયત પસંદગી મંડળને માંગણાં પત્રક મોકલી આપેલ છે. મંડળ તરફથી ઉમેદવારો ફાળવેથી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. એન.આર.એચ.એમ. હેઠળ આ સમિતિને સરકારશ્રી દ્વારા નાણાંકીય સહાય રૂા. ૧.૦૦ લાખ લેખે પ્રત્યેક કેન્દ્રને આપવામાં આવે છે. જેમાંથી જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરીયાત મુજબ સ્થાનિક કક્ષાએથી આઉટ સોર્સથી ઉમેદવારો રાખી કામગીરી લેવામાં આવે છે.

------------

**આણંદ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં હડકવાની રસી પૂરી પાડવા બાબત**

૯૦૦૦**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ક્યા ક્યા સામુહિક આરોગ્ય કેન્દ્રો/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં હડકવાની રસીઓ આપવામાં આવે છે?

**જવાબ**

તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નીચે મુજબ સામુહિક આરોગ્ય કેન્દ્રો/પ્રા.આ. કેન્દ્રોમાં હડકવાની રસી આપવામાં આવે છે.

**સામુહિક આરોગ્ય કેન્દ્રો**

(૧) સોજીત્રા (૨) તારાપુર (૩) રાસ (૪) ધર્મજ (૫) ખંભાત (૬) ઓડ (૭) ઉમરેઠ (૮) આંકલાવ (૯) સારસા (૧૦) મહેલાવ.

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

(૧) અજરપુરા (૨) બાકરોલ (૩) બોરયાવી (૪) ચીખોદરા (૫) કરમસદ (૬) કુંજરાવ (૭) નાવલ (૮) રાસનોલ (૯) વડોદ (૧૦) વાસદ (૧૧) વહેરાખાડી (૧૨) બામણગામ (૧૩) ભેટાસી (૧૪) ખડોલ (૧૫) અલારસા (૧૬) બદલપુરા (૧૭) ભાદરણ (૧૮) દાવોલ (૧૯) કઠાણા (૨૦) નાપા (૨૧) સીસ્વા (૨૨) વીરસદ (૨૩) ઝારોલા (૨૪) બામણવા (૨૫) ધુવારણ (૨૬) રોહિણી

(૨૭) સાયમા (૨૮) ઉદ્દેલ (૨૯) વડગામ (૩૦) વટાદરા (૩૧) બાંધણી (૩૨) ચાંગા (૩૩) મોરડ (૩૪) નાર (૩૫) સિંહોલ (૩૬) સીમરડા (૩૭) વડદલા (૩૮) ડભોઉ (૩૯) દેવાતળપદ (૪૦) ભાલેજ (૪૧) ભરોડા (૪૨) પણશોર (૪૩) શીલી (૪૪) સુંદલપુરા.

------------

## બોરસદ-દેગડીયા જૂથ પાણી પુરવઠા યોજના

૯૨૯૩**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં માંગરોળ તાલુકામાં બોરસદ-દેગડીયા જૂથ પાણી પુરવઠા યોજના સરકાર ક્યારે ચાલુ કરવા માંગે છે,

(૨) ઉક્ત યોજનાનું કેટલું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) બાકીનું કામ ક્યારે પૂર્ણ કરવા માગે છે?

**જવાબ**

(૧) બોરસદ-દેગડીયા જૂથ પાણી પુરવઠા યોજના બે ભાગમાં તેયાર કરેલ છે.

ભાગ-૧ ઓક્ટોબર-૨૦૦૯માં ચાલુ કરવાનું આયોજન છે.

ભાગ-૨ ના ટેન્ડર તાજેતરમાં મંજૂર થયેલ છે. જેના કામો માહે ૮/૨૦૦૯માં શરૂ કરવામાં આવશે.

(૨) ભાગ-૧ ના ૯૮ ટકા કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

ભાગ-૨ યોજના તાજેતરમાં મંજૂર થયેલ હોઇ કામો શરૂ કરવામાં આવનાર છે.

(૩) ભાગ-૧ પાઇપ લાઇન નાંખવા માટે કાનૂની પરવાનગી મળ્યા બાદ એક માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

ભાગ-૨ ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર

૧૦૨૦૦**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર ઊભી કરવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રીએ તા. ૨૮-૯-૦૭ના જાહેરનામાથી નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ એકાઉન્ટસ ઓફિસર, મ્યુનિસિપલ એન્જિનીયર અને મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર એમ ત્રણ સંવર્ગોની સેવાઓનું ગઠન કરેલ છે. આ ત્રણેય સંવર્ગોના ભરતી નિયમો બનાવવાની કાર્યવાહી હાથ ઉપર છે.

------------

## કચ્છ જિલ્લામાં સિંચાઈની સવલતો બાબત

૧૦૧૭૦ **શ્રી બાબુભાઈ શાહ** (રાપર) **: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના અન્ય જિલ્લાઓની સરખામણીએ તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઉપલબ્ધ ખેતીની જમીનને કેનાલ દ્વારા સિંચાઈની સવલતો ઓછી

**જવાબ**

(૧) કોઇપણ જિલ્લામાં ઉપલબ્ધ ખેતીની જમીનને કેનાલ મારફતે સિંચાઇની સવલત જે તે જિલ્લાની ભોગોલિક પરિસ્થિતિ અને જિલ્લાના જળસ્રોતની

છે તે હકીક્ત સાચી છે,

ઉપલબ્ધીના પ્રમાણમાં હોય છે. તે રીતે તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ઉપલબ્ધ ખેતીની જમીનને કેનાલ દ્વારા સિંચાઇની સવલત રાજ્યના અન્ય કેટલાક જિલ્લાઓની સરખામણીએ ઓછી છે.

(૨) જો હા, તો તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવા ડેમ બાંધી કેનાલ દ્વારા તાલુકાવાર સિંચાઈની સવલતમાં કેટલો વધારો કર્યો, અને

(૨) કચ્છ જિલ્લાના તા. ૩૧-૩-૨૦૦૯ ની પરિસ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં લખપત તાલુકામાં બે નાની સિંચાઇ યોજનાઓની કેનાલ બાંધી ૪૫૪ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સવલતમાં વધારો કર્યો જ્યારે પરકોલેશન ટેંક, સેફ સ્ટેજના કામો, ચેકડેમ તેમજ બંધારા જેવી યોજનાઓ બનાવી ભૂગર્ભ જળ આધારીત નીચે દર્શાવ્યા મુજબ તાલુકાવાર સિંચાઇનો આડક્તરો લાભ આપતી કામગીરી કરેલ છે.

| ક્રમ | તાલુકો | લાભિત વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| ૧ | લખપત | ૧૩૬૪ |
| ૨ | અબડાસા | ૮૩૦૭ |
| ૩ | નખત્રાણા | ૧૪૬૩ |
| ૪ | માંડવી | ૬૨૫૦ |
| ૫ | મુન્દ્રા | ૫૨૬૧ |
| ૬ | ભુજ | ૧૫૪૧ |
| ૭ | અંજાર | ૨૦૨૬ |
| ૮ | ભચાઉ | ૪૧૩૩ |
| ૯ | રાપર | ૩૮૬૫ |

(૩) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મધ્યમ કે નાની સિંચાઈ દ્વારા પિયત વિસ્તાર હેઠળ આવરી લીધેલા ક્માન્ડ એરીયાની વિગતો શી છે?

(૩) કચ્છ જિલ્લામાં મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ દ્વારા પિયત હેઠળ આવરી લેવાયેલ ક્માન્ડ એરીયાના યોજનાવાર વિગતોનું **પત્રક-૧*** આ સાથે સામેલ છે.
**(* પત્રક** સચિવશ્રીની ક્ચેરીમાં રાખેલ છે.)

------------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આધુનિક બનાવવા બાબત**

૯૧૦૬**શ્રી મફતલાલ મો.પુરોહિત(ધાનેરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આધુનિક સાધનો સાથે સજ્જ કરી લોકોને આરોગ્ય સુવિધા માટે શહેર તરફ ન જવું પડે તે માટે સરકાર કોઈ આયોજન હાથ ધરવા માંગે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત આયોજન કેવા પ્રકારનું છે?

(૨) એન.આર.એચ.એમ. પ્રોગ્રામ અંતર્ગત એન.એ.બી.એચ. પ્રોગ્રામ હેઠળ બનાસકાંઠા જિલ્લાના પ્રા.આ. કેન્દ્રો તથા સા.આ. કેન્દ્રો ખાતે ગુણવત્તા સુધારા માટે વર્ષ-૨૦૦૯-૧૦ માં સા.આ. કેન્દ્ર થરાદ અને પ્રા.આ. કેન્દ્રો જલોત્રા, ખીમત, જુના ડીસામાં મેન પાવર, ટ્રેનીંગ, ઇન્સ્ટ્રુમેન્ટ, ઇક્વીપમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓપરેશન ફંડ અંગે જરૂરી જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, આ પ્રોગ્રામ હેઠળ રાજ્ય સરકારશ્રી ધ્વારા કેન્દ્રોમાં ગુણવત્તા સુધારવા માટે જરૂરી આયોજન કરવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં ૬૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલાં છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને નિદાન અને સારવાર માટે જરૂરી તમામ સાધનો પુરા પાડી સુસજ્જ કરવામાં આવેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ એલોપેથીક સારવાર ઉપરાંત આયુર્વેદિક સારવાર મળી રહે તે માટે આયુર્વેદિક તબીબી અધિકારીશ્રીઓને નિમણુંક આપવામાં આવેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સલામત પ્રસુતિ માટે તાલીમ બધ્ધ સ્ટાફ નર્સની નિમણુંક કરવામાં આવેલ છે.

રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદર ઘટાડવા ચિરંજીવી યોજના અમલમાં મુકવામાં આવે છે. આ યોજના અંતર્ગત બનાસકાંઠા જીલ્લામાં માતાઓને તાત્કાલિક આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે ૬૬ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાંતો જોડાયેલ છે અને કુલ ૧૦૪૫૯ પ્રસુતિ કરાવેલ છે. આમ, જિલ્લામાં માતા મૃત્યુદર ઘટાડવા આયોજન કરાયેલ છે.

નવજાત શિશુના સ્વાસ્થ્યની સંભાળ માટે બાળ સખા યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત નવજાત શિશુઓને તાત્કાલિક સેવાઓ મળી રહે તે માટે બનાસકાંઠા જિલ્લામાં ૭ ખાનગી બાળરોગ નિષ્ણાંતો જોડાયેલ છે. આમ, જિલ્લામાં બાળ મૃત્યુદર ઘટાડવા આયોજન કરાયેલ છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તજજ્ઞ સેવાઓ, એક્સ-રે, લેબોરેટરી, ઓપરેશન થીયેટરની સુવિધા તેમજ ૫ (પાંચ) સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં બ્લડ સ્ટોરેજ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. અને આગામી વર્ષોમાં જરૂરીયાત મુજબ તબક્કાવાર બીજા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં બ્લડ સ્ટોરેજ સુવિધા શરૂ કરવાનું આયોજન છે.

મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર ગાંધીનગર તરફથી જરૂરી દવાઓ પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત પ્રત્યેક પ્રા.આ. કેન્દ્ર/સા.આ. કેન્દ્રને દર વર્ષે રોગી કલ્યાણ સમિતિને એન.આર.એચ.એમ. ફંડમાંથી પણ રૂા. ૧.૦૦ લાખની ગ્રાન્ટ સ્થાનિક જરૂરીયાત માટે ફાળવવામાં આવે છે.

------------

**ખેડા જિલ્લામાં સુજલામ્-સુફલામ્ યોજનાનું પાણી**

૯૦૨૨**શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાશીનોર-વીરપુર અને કપડવંજ તાલુકામાં સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા સિંચાઈનું પાણી પૂરું પાડવાનું શું આયોજન છે, અને

(૨) તે અન્વયે તળાવો-ચેકડેમો-કોતરો બાંધી સિંચાઈનું પાણી આપવા રાજ્ય સરકારમાં કેટલી દરખાસ્ત પડતર છે?

**જવાબ**

(૧) સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા સીધી સિંચાઇ માટે પાણી આપવાનું આયોજન નથી, પરંતુ સાંકળ ૨૭.૦૦ થી ૭૪.૦૦ કિ.મી. વચ્ચે મુકવામાં આવેલ એસ્કેપ, એચ.આર.માંથી કોતરો/નદીઓમાં પાણી નાખી રીચાર્જ કરવાનું આયોજન છે.

(૨) કોઇ દરખાસ્ત પડતર નથી.

------------

**વડોદરા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં પોસ્ટમોર્ટમની સુવિધા બાબત**

૮૯૮૮**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમ રૂમની

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના ૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અને ૧૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમ

વ્યવસ્થા ઉપલબ્ધ છે અને કેટલા કેન્દ્રોમાં નથી,

રૂમ ઉપલબ્ધ છે અને ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અને એક (ટ્રસ્ટ સંચાલિત) સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગોલાગામડી, તા. સંખેડા ખાતે પોસ્ટમોર્ટમ રૂમની વ્યવસ્થા નથી.

(૨) ઉક્ત સુવિધા ન ધરાવતા કેન્દ્રોમાં કેટલા સમયમાં આ સુવિધા પૂરી પાડવાનું આયોજન છે?

(૨) ઉક્ત સુવિધા ન ધરાવતા ૪૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે પી.એમ. રૂમની સુવિધા પૂરી પાડવાનું આયોજન નીચે મુજબ છે.

(૧) સને ૨૦૦૮-૦૯ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ ૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પી.એમ. રૂમનું બાંધકામ મંજૂર કરેલ છે. જેના બાંધકામની કાર્યવાહી પી.આઈ.યુ. ગાંધીનગર ધ્વારા ચાલુમાં છે.

(૨) સન ૨૦૦૮-૦૯માં વડોદરા જિલ્લાના ટ્રાયબલ સબ પ્લાનમાં ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પી.એમ. રૂમના બાંધકામ મંજૂર કરેલ છે. જેની બાંધકામની કાર્યવાહી જિલ્લા કક્ષાએ કાર્યવાહી હેઠળ છે.

(૩) સને ૨૦૦૯-૧૦ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ ૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પી.એમ. રૂમના બાંધકામ માટે જરૂરી બજેટ જોગવાઈ કરેલ છે.

(૪) ૨૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અને એક સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગોલાગામડી ખાતે પી.એમ. રૂમની સુવિધા ઉપલબ્ધ કરવા માટે આગામી વર્ષના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ નાણાંકીય પ્લાન સીલીંગની મર્યાદાને ધ્યાને લઈ તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

------------

**કાલોલ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠા યોજનાઓ**

૧૦૨૮૬**શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૧) ૨૭ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ યોજનાઓ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

(૨) ૯ યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલ છે.

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં મહી સિંચાઈ નહેરોના પાળાને ડામરના બનાવવા બાબત**

૧૦૦૯૫ **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં આવેલી મહી સિંચાઈ યોજનાની નહેરોના પાળા ઉપર હાલમાં જે રસ્તા સર્વિસ રોડ તરીકે બનાવેલ છે તેનો ખેડૂતો પોતાના ખેતરમાં આવવા-જવાના રસ્તા તરીકે ઉપયોગ કરે છે તે હકીકત સાચી છે, અને

(૧) અંશતઃ

(૨) જો, હા, તો ઉક્ત રસ્તાઓ સરકાર ડામરના બનાવી ખેડૂતોને ખેતરમાં જવા આવવામાં સરળતા પડે તેવું આયોજન કરવા માગે છે, અને

(૨) અને (૩)
સદરહું રસ્તાઓ સિંચાઈ વિભાગ દ્વારા સિંચાઇ વ્યવસ્થા અને નહેરોના દરવાજાના સરળ સંચાલન,

(૩) જો, હા, તો કેટલા સમયમાં?

નહેરોની મરામત અને જાળવણી માટે બનાવવામાં આવેલ છે. પરંતુ છુટા છવાયા વિસ્તારમાં ખેડૂતો પોતાની જરૂરિયાત અનુસાર તેનો ઉપયોગ કરતા હોય છે. સિંચાઈ વિભાગ માટે રસ્તાની ઉપયોગીતા, અગત્યતા અને અનુદાનની ઉપલબ્ધીને આધીન રસ્તાઓનું મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવે છે.

------------

**ખંભાત તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ**

૧૦૨૮૮**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી?

**જવાબ**

(૧) ૧૮ યોજનાઓ મંજૂર થઈ.

(૨) ૬ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી.

------------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ અને ખાલી જ્ગ્યાઓ**

૯૩૬૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જ્ગ્યા | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૭ | ૩ |
| વર્ગ-૨ | ૫૧ | ૧૩ |
| વર્ગ-૩, ક્લેરીકલ | ૯૫ | ૨૧ |
| વર્ગ-૩ પેરા મેડીકલ | ૧૭૫ | ૭૯ |
| નર્સીંગ મહેકમ | ૧૦૫૫ | ૪૯ |
| નર્સીંગ સ્કુલ | ૪૪ | ૧૫ |
| વર્ગ-૪ | ૭૬૩ | ૧૮૧ |
| **કુલ જ્ગ્યા** | **૨૧૯૦** | **૩૬૧** |

આ જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો * પત્રકમાં સામેલ છે.

**પત્રક**

| | સંવર્ગ (જ્ગ્યાનું નામ) | વર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી જ્ગ્યા ખાલી છે ? |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | હિસાબી અધિકારી | ૧ | ૧ | તા. ૩-૩-૦૪થી શ્રી એન. એચ. પટેલને ચાર્જમાંથી મુક્ત કરતા ખાલી |
| ૨ | જુ. સાયન્ટીફીક ઓફીસર | ૧ | ૧ | તા. ૨૮-૨-૯૧થી શ્રી ડી. એન. પંડ્યા નિવૃત્તિ થતાં ખાલી |
| ૩ | નિવાસી તબીબી અધિકારી | ૧ | ૧ | તા. ૩૧-૭-૦૮થી ડૉ. એન. જી. જોષી વયનિવૃત્ત થતાં ખાલી |
| ૪ | મેટ્રન વર્ગ-૨ | ૨ | ૨ | તા. ૩૦-૪-૦૭ અને તા. ૩૧-૩-૦૮થી નિવૃત્તિના લીધે ખાલી |
| ૫ | મેડીક્લ રેકર્ડ અધિકારી | ૨ | ૧ | તા. ૩૦-૬-૦૪થી ખાલી |
| ૬ | મેટ્રન વર્ગ-૨ ગ્રેડ-૧ | ૨ | ૬ | એબેયન્સમાં મુકાયેલી જ્ગ્યા છે. |
| ૭ | કેમીસ્ટ | ૨ | ૧ | મંજુર થયા ત્યારથી ખાલી |
| ૮ | બાયો કેમીસ્ટ | ૨ | ૨ | તા. ૨૮-૨-૦૨ અને તા. ૩૧-૮-૯૮થી ખાલી |
| ૯ | ઓડીયોલોજી અને સ્પીચ થેરાપીસ્ટ | ૨ | ૧ | તા. ૧૯-૧-૯૬થી ખાલી |
| ૧૦ | હેડ ક્લાર્ક | ૩ | ૪ | તા. ૨૫-૨-૦૯થી બઢતી મળતા |
| ૧૧ | સીની. ક્લાર્ક | ૩ | ૪ | તા. ૪-૨-૦૮, ૧૭-૨-૦૯, ૨૫-૫-૦૯ |
| ૧૨ | જુ. ક્લાર્ક | ૩ | ૭ | તા. ૧૦-૦૮ થી ૨૦૦૯ સુધીમાં બઢતી મળતા ખાલી |
| ૧૩ | ક્લાર્ક ક્મ ટાઈપીસ્ટ ગુજ. | ૩ | ૩ | તા. ૧૪-૫-૦૧ અને તા. ૭-૧૦-૦૨ |
| ૧૪ | ક્લાર્ક-ક્મ ટાઈપીસ્ટ અંગ્રેજી | ૩ | ૧ | તા. ૧-૬-૦૭ |
| ૧૫ | સ્ટેનો ગ્રેડ-૩ | ૩ | ૨ | તા. ૫-૧૧-૯૬થી |
| ૧૬ | લેબ. ટેક્નીશીયન | ૩ | ૧૦ | તા. ૩૦-૪-૦૪ થી તા. ૩૧-૫-૦૮ વય નિવૃત |
| ૧૭ | લેબ. આસીસ્ટન્ટ | ૩ | ૧૩ | તા. ૩૧-૭-૦૭ થી તા. ૩૦-૪-૦૯ વય નિવૃત |
| ૧૮ | એક્સ-રે ટેક. | ૩ | ૫ | તા. ૩૦-૧૧-૦૪ થી તા. ૩૦-૪-૦૯ વય નિવૃત |
| ૧૯ | એક્સ-રે આસિસ્ટન્ટ | ૩ | ૧ | તા. ૩૦-૧૨-૦૮ |
| ૨૦ | ચીફ ફાર્મા. ઓફીસર | ૩ | ૧ | તા. ૩૧-૮-૦૭ |
| ૨૧ | ડ્રાઈવર | ૩ | ૮ | તા. ૩૧-૮-૦૪ થી તા. ૩૦-૬-૦૮ વય નિવૃત |
| ૨૨ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૩ | ૧ | તા. ૧૦-૧-૨૦૦૦ |
| ૨૩ | ફીજીયો થેરાપીસ્ટ | ૩ | ૩ | તા. ૧૯-૧-૯૮, ૨૮-૬-૦૭થી ખાલી |
| ૨૪ | આસી. ફીજીયોથેરાપીસ્ટ | ૩ | ૧ | તા. ૩૧-૭-૯૮ વય નિવૃત |

| | સંવર્ગ (જ્ગ્યાનું નામ) | વર્ગ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી જ્ગ્યા ખાલી છે ? |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૫ | સીની. લીનન કીપર | ૩ | ૧ | તા. ૩૧-૫-૯૮થી વય નિવૃત |
| ૨૬ | જુ. લીનન કીપર | ૩ | ૨ | તા. ૨૮-૨-૦૬, ૩૧-૩-૦૭ |
| ૨૭ | સલામતી અધિકારી | ૩ | ૧ | બઢતી મળતા ખાલી |
| ૨૮ | ડાયટેશીયન | ૩ | ૧ | ૮-૪-૯૧થી બઢતી |
| ૨૯ | સેને. અધિક્ષક | ૩ | ૧ | તા. ૨૮-૨-૦૧ |
| ૩૦ | થિયેટર આસી. | ૩ | ૮ | તા. ૩૦-૬-૮૬ થી ૩૧-૭-૯૩થી વય નિવૃત |
| ૩૧ | મેડી. સોસીયલ વર્કર | ૩ | ૧ | તા. ૩૧-૧૨-૦૩ |
| ૩૨ | સુથાર | ૩ | ૧ | તા. ૩૧-૫-૦૩ |
| ૩૩ | ટેક. આસી. | ૩ | ૧ | તા. ૩૧-૭-૯૩ |
| ૩૪ | ટેક. આસી. રેફરી | ૩ | ૧ | તા. ૩૧-૭-૯૩ |
| ૩૫ | ઈલેક્ટ્રીશીયન | ૩ | ૧ | તા. ૩૧-૫-૦૧ |
| ૩૬ | રેફ્રીજેટર મીકેનીક | ૩ | ૧ | તા. ૩૧-૫-૦૮ |
| ૩૭ | લીફ્ટ મીકેનીક | ૩ | ૧ | તા. ૩૦-૪-૦૩ |
| ૩૮ | વાયરમેન | ૩ | ૩ | તા. ૧૭-૫-૨૦૦૦, ૩૧-૩-૯૧, ૩૦-૧૦-૯૬ |
| ૩૯ | પંપ એડ.ન્ડન્ટ | ૩ | ૨ | તા. ૧૨-૧૨-૦૫, ૨૩-૧૨-૮૩ |
| ૪૦ | પ્લાન્ટ ઓપરેટર | ૩ | ૫ | તા. ૨૧-૧૦-૦૧. ૯-૧૨-૮૮, ૩૦-૬-૦૧, ૩૧-૧૦-૦૮ |
| ૪૧ | ઓડીયો ટેક્નીશીયન | ૩ | ૧ | તા. ૨૭-૯-૯૧ |
| ૪૨ | શોશીયલ વર્કર | ૩ | ૧ | મંજુર થયા ત્યારથી ખાલી |
| ૪૩ | વર્કશોપ ફોરમેન | ૩ | ૧ | મંજુર થયા ત્યારથી ખાલી |
| ૪૪ | બોયલર એટેન્ડેન્ટ | ૩ | ૧ | મંજૂર થયા ત્યારથી ખાલી |
| ૪૫ | ક્ષ-કિરણ ટેક્નીશીયન | ૩ | ૧ | તા. ૧-૮-૦૮ |
| ૪૬ | મેટ્રન વર્ગ-૨ | ૩ | ૧ | ૨૮-૨-૦૯ વય નિવૃત |
| ૪૭ | હેડ નર્સ | ૩ | ૧૩ | પીએમએસએસવાય મંજુર થયા ત્યારથી ખાલી |
| ૪૮ | પીએમએસવાયની નવી મંજુર જ્ગ્યા (સ્ટાફ નર્સ) | ૩ | ૧૪ | મંજુર થયા ત્યારથી ખાલી |
| ૪૯ | સ્ટાફ નર્સ | ૩ | ૨૧ | મંજુર થયા ત્યારથી ખાલી |
| ૫૦ | નર્સીંગ ટ્યુટર | ૩ | ૧૪ | ૨૦૦૬ થી ૨૦૦૭ સુધી વય નિવૃત થતાં |
| ૫૧ | વોર્ડન | ૩ | ૧ | તા. ૩૧-૮-૦૧ |
| ૫૨ | પેકર | ૪ | ૧ | તા. ૩૦-૪-૦૮ વય નિવૃત |
| ૫૩ | લેબ. એટેન્ડન્ટ | ૪ | ૭ | તા. ૨૮-૨-૦૬, ૩૧-૭, ૩૦-૪, ૩૦-૬, ૩૧-૮-૦૭થી |
| ૫૪ | એક્ષ-રે સર્વન્ટ | ૪ | ૩ | તા. ૨૮-૨-૦૭, ૭-૮-૦૭ |
| ૫૫ | વોર્ડ સર્વન્ટ આયા | ૪ | ૬૩ | તા. ૨૮-૬-૦૬ થી તા. ૩૧-૫-૦૯ વય નિવૃત |
| ૫૬ | પટાવાળા | ૪ | ૨ | ૧૦-૪-૦૬, ૩૧-૧-૦૮ બઢતી વય નિવૃત |
| ૫૭ | મેતર/મેતરાણી | ૪ | ૪૫ | ૭-૦૬ થી ૩૦-૪-૦૯ મૃત્યુ વય નિવૃત |
| ૫૮ | માળી | ૪ | ૨ | તા. ૩-૬-૦૭, ૩૧-૫-૦૮ સ્વેચ્છિક નિવૃત |
| ૫૯ | બાર્બર | ૪ | ૨ | ૧૪-૫-૦૬, ૧૪-૫-૦૯ મૃત્યુ |
| ૬૦ | નાયક | ૪ | ૧ | ૩૧-૫-૦૭ વય નિવૃત |
| ૬૧ | દફ્તરી | ૪ | ૧ | ૧૭-૧૧-૦૬ મૃત્યુ |
| ૬૨ | કુક | ૪ | ૨ | ૩૧-૧૦-૦૬, ૧૪-૭-૦૬ બદલી વય નિવૃત |
| ૬૩ | હેડ કુક | ૪ | ૧ | ૧૭-૩-૦૬ બદલી |
| ૬૪ | પીએમએસવાયની નવી મંજુર જ્ગ્યા | ૪ | ૫૦ | મંજુર થયા ત્યારથી ખાલી |
| ૬૫ | મુકાદમ | ૪ | ૧ | ૩૦-૯-૦૬ મૃત્યુ |
| ૬૬ | કુલ ખાલી જ્ગ્યા | | ૩૬૧ | |

(૨) ઉક્ત ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા ?

(૨)
(૧) આ જ્ગ્યાઓ સીધી ભરતી/બઢતી અને પ્રતિનિયુક્તિથી ભરવા કાર્યવાહી કરવામાં આવી છે
(૨) ક્લેરીકલ વર્ગ-૩માં હેડ ક્લાર્ક સંવર્ગની જ્ગ્યાઓ બઢતીથી ભરવા તા. ૨૯-૬-૨૦૦૯થી આદેશ કરેલ છે.
(૩) જુનીયર ક્લાર્કની તેમજ પરામેડીકલ સંવર્ગની જ્ગ્યાઓ માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલી આપેલ છે.
(૪) પેરા મેડીકલ સંવર્ગની અને વર્ગ-૪ની જ્ગ્યાઓ પર કામગીરી આઉટસોર્સથી પણ લેવામાં આવે છે.

------------

## સરકારી હોસ્પિટલોમાં તબીબી સેવાઓની ગુણવત્તા સુધરે તે માટેના પગલાં

૧૦૩૯૩**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સરકારી હોસ્પિટલોમાં તબીબી સેવાઓની ગુણવત્તા સુધરે તે માટે સરકારે શાં પગલાં લીધેલ છે, અને

**જવાબ**

(૧) સરકારી હોસ્પિટલોમાં તબીબી સેવાઓની ગુણવત્તા સુધરે તે માટે એન.એ.બી.એચ. પ્રોગ્રામ અંતર્ગત વ્યવસાયિક ધોરણો તથા અનુકૂળ સેવાકીય વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે. જેનાથી દર્દીને તમામ

સુવિધા ઉપલબ્ધ થાય છે. ભારતમાં પહેલીવાર ગુજરાત સરકાર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) ધ્વારા સરકારી હોસ્પિટલોમાં એન.એ.એ.બી.એચ./એન.એ.બી.એલ. પ્રમાણે કામગીરી શરૂ કરેલ છે.

(૨) ગુણવત્તા સભર સારવાર આપવા માટે ઉક્ત સ્થિતિએ અમલમાં મૂકેલ યોજના અંગે શી પ્રગતિ થઈ છે?

(૨)

(૧) પ્રથમ તબક્કામાં આવરી લેવાયેલ જિલ્લા હોસ્પિટલ, રાજપીપળા, સોલા, ગાંધીનગર, મહેસાણા, ભૂજ, ગોધરા, વલસાડ, જેમની પ્રિ.એસેસમેન્ટ થઈ ગયેલ છે તેમજ મેડીકલ કોલેજ, રાજકોટની પ્રિ-એસેસમેન્ટની પ્રક્રિયા ચાલુ છે. જનરલ હોસ્પિટલ જૂનાગઢનું ફાઈનલ એસેસમેન્ટ પૂર્ણ થઈ ગયેલ છે.

(૨) તમામ મેડીકલ કોલેજની લેબરોટરીને એન.એ.બી.એલ. અંતર્ગત આવરી લીધેલ છે. જેમાં મેડીકલ કોલેજ, ભાવનગરની લેબોરેટરીનું પ્રિ-એસેસમેન્ટ થઈ ગયેલ છે. બીજી હોસ્પિટલોની લેબોરેટરીનું ઈન્ટરનલ એસેસમેન્ટ પૂર્ણ કરેલ છે,

(૩) બીજા તબક્કામાં આવરી લેવાયેલ જિલ્લા હોસ્પિટલ, સુરેન્દ્રનગર, પોરબંદર, પેટલાદ, નડિયાદ, નવસારી, અમરેલી, હિંમતનગર જમનાબાઈ હોસ્પિટલ, વડોદરા અને મેડીકલ કોલેજ, અમદાવાદ, વડોદરા સુરત, ભાવનગર, જામનગર અને મેન્ટલ હોસ્પિટલ અમદાવાદ, વડોદરા, અને ડેન્ટલ હોસ્પિટલ અમદાવાદ જામનગર પેરાપ્લેજીયા હોસ્પિટલ અમદાવાદ આ તમામનો પાયાનો અભ્યાસ પૂર્ણ થઈ ગયેલ છે અને દસ્તાવેજીકરણ તેમજ તાલીમની પ્રક્રિયા ચાલુ છે. સાથે પાયાના અભ્યાસમાં આવેલ અપૂર્તતાઓને પૂર્ણ કરવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે.

------------

## શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત થેલેસેમીયાના દર્દીઓની સારવાર

૧૦૨૭૬ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯ માં થેલેસેમીયાના રોગના દર્દીઓને સારવાર આપવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા દર્દીઓને આ સારવાર આપી અને તેનો ખર્ચ કેટલો થયો?

**જવાબ**

(૧) હા, જી.

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠલ થેલેસેમીયાના રોગની બિમારીવાળા બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સિવાયની સારવારની મંજૂરી આપવામાં આવેલ છે અને જ્યારે જરૂર પડે ત્યારે વિના મૂલ્યે લોહી પૂરૂં પાડવામાં આવે છે.

(૨) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૮-૦૯માં થેલેસેમીયાના રોગના કુલ ૧૭૦ બાળકોને સારવાર આપવામાં આવી છે અને તે અંગેનો કુલ રૂા. ૫,૫૦,૩૩૮/-નો ખર્ચ થયેલ છે.

------------

**એસ. ઓ. આર. ના ભાવો વધારવા બાબત**

૯૦૦૯ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તળાવો ઊંડા કરવા માટે એસ.ઓ.આર. ના ભાવો ખૂબ જ ઓછા સરકારશ્રીએ નક્કી કરેલ છે જેથી એજન્સીઓ દ્વારા આવા કામો અધુરા છોડી દેવામાં આવે છે અથવા તો કામ લેવા તેયાર થતાં નથી તેવી ભરૂચ જિલ્લાની કેટલી ફરીયાદો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને

(૨) સરકાર એસ.ઓ.આર. ના ભાવો વધારવા માગે છે કે કેમ?

**જવાબ**

(૧) આવી કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) ના, જી.

**વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ અને ભિલોડા તાલુકામાં હેન્ડપંપો**

૧૦૩૮૫**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ અને ભિલોડા તાલુકામાં તાલુકાવાર કેટલા હેન્ડપંપો બંધ હાલતમાં છે,

(૨) જે હેન્ડપંપો બંધ છે તે કેટલા સમયથી બંધ છે,

(૩) તે ક્યારે ચાલુ કરવામાં આવશે, અને

(૪) જે હેન્ડપંપો બંધ હાલતમાં છે ત્યાં પીવાના પાણીની શી વેકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કોઈ હેન્ડ પંપ બંધ હાલતમાં નથી પરંતુ નીચે મુજબના હેન્ડ પંપોમાં સામાન્ય મરામતની જરૂરીયાત હતી.

| ક્રમ | તાલુકો | રીપેરીંગ હેઠળના હેન્ડ પંપની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિજયનગર | ૦૯ |
| ૨ | ખેડબ્રહ્મા | ૧૦ |
| ૩ | મેઘરજ | ૧૪ |
| ૪ | ભિલોડા | ૦૭ |

(૨) છેલ્લા બે થી ત્રણ દિવસથી બંધ હતા.

(૩)તા. ૨-૬-૦૯ સુધીમાં રીપેર કરી ચાલુ કરવામાં આવેલ છે.

(૪) જે હેન્ડ પંપ બંધ હતા ત્યાં લોકો નજીકના બીજા ચાલુ હેન્ડ પંપથી પીવાનું પાણી મેળવતા હતા.

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો**

૮૯૯૯**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૪-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ચેકડેમો બનાવવામાં આવેલા છે,

**જવાબ**

(૧) સામેલ * પત્રક મુજબ કુલ ૪૦૧૬ ચેકડેમ બનાવવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૩૦-૪-૦૯ની સ્થિતિએ બનાવવામાં આવેલ ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૦૧ |
| ૨ | માણાવદર | ૧૪૨ |
| ૩ | ઉના | ૩૨૬ |
| ૪ | વિસાવદર | ૪૧૮ |
| ૫ | મેંદરડા | ૫૦૦ |
| ૬ | ભેંસાણ | ૧૫૩ |
| ૭ | માળીયા | ૬૭૩ |
| ૮ | તાલાલા | ૪૭૬ |
| ૯ | કેશોદ | ૩૦૮ |
| ૧૦ | વંથલી | ૨૦૭ |
| ૧૧ | વેરાવળ | ૨૦૧ |
| ૧૨ | માંગરોળ | ૧૩૧ |
| ૧૩ | કોડીનાર | ૧૨૧ |
| ૧૪ | સુત્રાપાડા | ૧૫૯ |
| | **કુલ** | **૪૦૧૬** |

(૨) ઉક્ત ચેકડેમોની મરામત કામગીરી માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ ફાળવી, અને

(૨) રૂ. ૫૦૯.૦૦ લાખ

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) રૂ. ૪૯૯.૯૭ લાખ

------------

**વડોદરા શહેરમાં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત કામગીરી**

૯૪૧૯ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા શહેરમાં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ કઈ કઈ કામગીરી તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી,

(૧)

| | |
|---|---|
| • મકાન બાંધકામ સહાય<br>• પાણી પુરવઠા<br>• ગટર<br>• જુદી જુદી શિષ્યવૃત્તિઓ<br>• ગણવેશ સહાય<br>• સાયકલ સહાય<br>• તબીબી સહાય<br>• માનવ ગરીમા બેંક્બલ સહાય<br>• નિરાધાર સહાય<br>• વ્યાવસાયિક તાલીમ<br>• સાતફેરા સમૂહલગ્ન સહાય<br>• સંત સુરદાસ સહાય | • ઉમ્મીદ તાલીમ અને રોજગાર<br>• સ્ટ્રીટ લાઇટ<br>• પોષણ<br>• આરોગ્ય સેવાઓ<br>• નિર્મળ ગુજરાત હેઠળ વ્યક્તિગત શોચાલયો<br>• સ્વર્ણ જ્યંતિ શહેરી રોજગાર યોજના<br>• ગરીબો માટે આવાસ<br>• ધંધાનું સ્થળ ખરીદવા નાણાંકીય સહાય<br>• આંતરજ્ઞાતિ લગ્ન સહાય<br>• પંડિત દીનદયાળ ઉપાધ્યાય યોજના |

(૨) ઉક્ત યોજના માટે કેટલી ગ્રાન્ટ ફાળવાઈ, અને

(૨) રૂા.૧૫૨.૭૫ કરોડ

(૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂા.૧૦૬.૦૨ કરોડ

------------

**વાગડોદ તાલુકામાં તળાવોના કામો**

૯૫૬૪ **શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં પાટણ જિલ્લાના વાગડોદ તાલુકામાં આઠ ગામોના ૯૦/૧૦ સ્કીમમાં નાણાં ભરાયેલ હોવા છતાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં તળાવોના કામો શરૂ થયા નથી તે હકીક્ત સાચી છે, અને

(૧) ના. જી.

(૨) જો હા, તો વિલંબ થવાનાં કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વિશ્વામિત્રી નદીમાંથી કાંપ દૂર કરવા બાબત**

૯૭૭૩ **શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરની મધ્યમાંથી વિશ્વામિત્રી નદી પસાર થાય છે, તે કાંપથી ભરાઈ ગયેલ છે નદી ઉપર દબાણો પણ પુષ્કળ થયેલ છે જેને કારણે ચોમાસાના પૂરના પાણી શહેરના વિસ્તારમાં ફેલાઈને ખૂબ જ નુક્સાન કરે છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સદર નદીનો કાંપ દૂર કરી, તેની ઉંડાઈ અને પહોળાઈ વધારવાનું શું આયોજન સરકાર દ્વારા કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) વિશ્વામિત્રી નદી વડોદરા શહેરની મધ્યમાંથી ૧૬,૦૦ કિ.મી. લંબાઇમાં પસાર થાય છે.તેમાં ઠેક ઠેકાણે વળાંક આવેલા છે. તદ્ઉપરાંત ઝૂંપડપટ્ટીના પોકેટ, જેમાંથી નીકળતું વપરાશનું ડ્રેનેજનું પાણી, નગરના રહીશો તેમજ ઓદ્યોગિક સંસ્થાઓ ધ્વારા કરવામાં આવતો ઘન કચરાનો નિકાલ વિગેરે કારણોસર વિશ્વામિત્રીનો પટ સાંકડો થવાથી પ્રવાહને અવરોધ થાય છે.

વિશ્વામિત્રી નદીની વહન શક્તિ સુધારવા માટે વડોદરા મહાનગરપાલિકા ધ્વાર બોટલનેક રીમુવલ અને ડીસીલ્ટીંગની કામગીરી કરવામાં આવેલ છે.

તદ્ઉપરાંત વિશ્વામિત્રી રીસેક્શનીંગ અને રીજુનીવેશન પ્રોજેક્ટ માટે સલાહકારશ્રીની નિમણુંક કરવાની કામગીરી હાથ ધરેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિ. કોર્પો. ધ્વારા કરવામાં આવી રહેલ છે.

------------

**કડાણા હાઈ લેવલ યોજનાનું કામ**

૧૦૩૭૬**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડાણા હાઈલેવલ કેનાલ યોજનાનું કામ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મુખ્ય નહેર તથા બે પંપીંગ સ્ટેશનના કામો મહદ્ અંશે પૂર્ણ થયેલ છે તથા વિતરણ વ્યવસ્થાના કામો પ્રગતિ હેઠળ છે.

(૨) માર્ચ-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો ખર્ચ**

૧૦૨૩૯**શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફરતી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના ખર્ચ પેટે રાજ્ય સરકાર ધ્વારા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) ઉક્ત રકમ ચૂકવતી વખતે હિસાબોની ચકાસણી કરવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | તા.૧-૬-૦૭થી તા.૩૧-૫-૦૮ | ૬૯૧૫.૧૩ |
| ૨ | તા.૧-૬-૦૮થી તા.૩૧-૫-૦૯ | ૩૪૮૦.૦૦ |

(૨) હા, જી.

------------

**સાવલી તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ**

૧૦૨૮૧**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઈ, અને

(૨) મંજૂર થયેલ યોજનાઓ પેકી કેટલી યોજનાઓ પૂર્ણ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૦, પાણી પુરવઠા યોજનાઓ મંજૂર થઇ.

(૨) ૧૩ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી. બાકીની યોજનાઓ પ્રગતિમાં છે.

------------

**કપરાડા - વલસાડ - ઉમરગામ - પારડી તાલુકામાં સી.એચ.સી.**

૧૦૨૪૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા-વલસાડ-ઉમરગામ અને પારડી તાલુકામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે,

(૨) ઉક્ત સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ફાર્માસીસ્ટની કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને ઉક્ત જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લાના

(૧) કપરાડા તાલુકામાં ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે.
(૨) વલસાડ તાલુકામાં ૧ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે.
(૩) ઉંમરગામ તાલુકામાં ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે.
(૪) પારડી તાલુકામાં ૩ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે.

(૨) ઉક્ત સામૂહિક આરોગ્ય કેન્દ્રો પૈકી ફાર્માસીસ્ટની

| | | |
|---|---|---|
| (૧) | કપરાડા તાલુકાના નાના પોંઢા સા.આ.કેન્દ્રમાં | ૧ |
| (૨) | ઉંમરગામ તાલુકાના ઉંમરગામ સા.આ.કેન્દ્રમાં | ૧ |
| (૩) | પારડી તાલુકાના પારડી સા.આ.કેન્દ્રમાં | ૧ |
| (૪) | પારડી તાલુકાના વાપી સા.આ.કેન્દ્રમાં | ૧ |
| | એમ કુલ ચાર જ્ગ્યાઓ ખાલી છે. | ૪ |

ઉક્ત જ્ગ્યાઓ ભરવા ગૌણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રક મોકલવામાં આવેલ છે. મંડળ મારફત ઉમેદવારો પસંદ કરી પસંદગી યાદી મોકલી આપેથી તરત જ ભરવામાં આવશે. તેમજ આઉટ સોર્સીંગથી ઇન્ડીયન રેડ ક્રોર્સ સોસાયટી દ્વારા કરાર આધારીત ફીક્સ પગારથી જ્ગ્યા ભરવામાં આવે છે, તેઓ ધ્વારા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પણ આ જ્ગ્યાઓ ભરી શકાશે.

**ધ્રોલ અને જોડીયા તાલુકાની સરકારી હોસ્પિટલોમાં ખાલી જ્ગ્યાઓ**

૯૭૫૫ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ અને જોડીયા તાલુકામાં સરકારી હોસ્પિટલોમાં વર્ગ-૧, વર્ગ-૨ તથા વર્ગ-૩ની કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ખાલી છે,

(૨) આ ખાલી જ્ગ્યાઓ લાંબા સમયથી ન

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ અને જોડીયા તાલુકામાં સરકારી હોસ્પિટલોમાં વર્ગ-૧, વર્ગ-૨ તથા વર્ગ-૩ની તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ નીચે મુજબની જ્ગ્યાઓ ખાલી છે.

| સા.આ.કેન્દ્રનું નામ | સંવર્ગ | | |
|---|---|---|---|
| | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ |
| ધ્રોલ | ૦૧ | ૦૧ | ૦૭ |
| જોડીયા | ૦૧ | ૦૨ | ૦૮ |
| કુલ... | ૦૨ | ૦૩ | ૧૫ |

(૨) **વર્ગ-૧:** રાજ્યમાં આવેલ સામુહિક આરોગ્ય

ભરવાના શાં કારણો છે, અને

કેન્દ્ર ખાતેની વર્ગ-૧ની ખાલી જગ્યાઓ ભરવા કમિશ્નરશ્રી(આ) ની કચેરી ખાતે દર મંગળવારે એડહોક ઓપન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તેમાં ઉપસ્થિત થનાર તજજ્ઞો પોતાનાં પસંદગીના સ્થળે જ નિમણુંક મેળવવા ઇચ્છતા હોય છે, જેથી સામુહિક આરોગ્ય કેન્દ્રની જગ્યાઓ ખાલી રહે છે.

**વર્ગ-૨:** તબીબી અધિકારી વધુ અભ્યાસ માટે પી.જી.માં જોડાય છે. આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારમાં જવા માટે સંમત થતા નથી. કેટલાંક તબીબો માત્ર બોન્ડ પીરીયડ પૂરો કરવા માટે સેવામાં જોડાય છે. અને રાજીનામું આપી /બોન્ડ ભરી છૂટા થાય છે. જેના કારણે જગ્યાઓ ખાલી રહેવા પામે છે.

**વર્ગ-૩:** ની ખાલી જગ્યાઓ સામહિક આરોગ્ય કેન્દ્રની ઓ.પી.ડી., ઇન્ડોરતેમજ અન્ય કામગીરીને ધ્યાને લઇ ભરવામાં આવે છે.

(૩) તે ક્યાં સુધીમાં ભરી દેવામાં આવશે ?

(૩) ૧. તજજ્ઞ વર્ગ-૧ રાજ્યમાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ખાલી જગ્યાઓ ભરવા કમિશ્નરશ્રી(આ) ની કચેરી ખાતે ખાતે દર મંગળવારે એડહોક ઓપન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.જેમાં યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ઉક્ત જગ્યાઓ ભરવામાં આવશે.

૨. વર્ગ-૨ સામુહિક આરોગ્ય કેન્દ્ર ધ્રોલ ખાતે તબીબી અધિકારી ,વર્ગ-૨ની ખાલી જગ્યા પર તા.૧૬-૬-૦૯ના રોજ બોન્ડેડ ડૉક્ટરની નિમણુંકના આદેશ કરવામાં આવેલ છે.તેમ જ સામુહિક આરોગ્ય કેન્દ્ર, જોડીયા ખાતે તા.૨૩-૬-૦૯ના રોજ એક તબીબની નિમણુંકના આદેશ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રી હસ્તકની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી બોન્ડેડ તબીબોને તબીબી અધિકારી, વર્ગ-૨ની ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સામુહિક આરોગ્ય કેન્દ્ર જોડીયામાં વહીવટી અધિકારી વર્ગ-૨ની જગ્યા બઢતીથી ભરવામાં આવશે.

૩. સામુહિક આરોગ્ય કેન્દ્ર, ધ્રોલની કુલ ૨૧ જગ્યાઓ મંજૂર થયેલ છે. તેની સામે ૭ જગ્યાઓ ખાલી છે. જોડીયા સામુહિક આરોગ્ય કેન્દ્રની ૨૧ જગ્યાઓ મંજૂર થયેલ છે. તેની સામે ૮ જગ્યાઓ ખાલી છે. આ ખાલી રહેલ જગ્યાઓ આઉટ સોર્સથી ભરવામાં આવશે.

------------

**પીંગોટ ડેમની કેનાલોની મરામત**

૯૮૪૯**શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના મોજે પીંગોટ ડેમની કેટલી કેનાલો તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તૂટેલી હાલતમાં છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત તૂટેલી કેનાલોની મરામત કામગીરી સત્વરે હાથ ધરવા સરકારે શાં પ્રયાસો કર્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### કાર્બાઈડ ગેસથી ફળો પકવવા પર પ્રતિબંધ

૯૭૫૦**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધી પ્રીવેન્શન ઓફ ફૂડ એડલ્ટ્રેશન એક્ટ અન્વયે કાર્બાઈડ ગેસથી કેરી અને અન્ય ફળો પકાવવાં પર પ્રતિબંધ છે તે હકીક્ત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો રાજ્યમાં કેરી પકવવા મોટે પાયે કાર્બન (કાર્બાઈડ) નો ઉપયોગ થઈ રહ્યો છે તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત ગેરકાનૂની પ્રવૃત્તિ રોકવા શાં પગલાં લેવાયાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આ પ્રવૃત્તિ રોકવા માટે રાજ્યના ખાધ નિરીક્ષકો દ્વારા કેલ્શિયમ કાર્બાઇડથી પક્વેલ ફળોનો તેમજ કેલ્શિયમ કાર્બાઇડના જથ્થાનો નાશ કરવામાં આવે છે તેમજ અને તેનો ઉપયોગ નહિ કરવા સુચના આપવામાં આવે છે. જે મુજબ તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૪૦૧ વેપારીઓ સામે પગલાં લઇ (૧) ૪૨,૨૭૮ ક્લિો કેરીનો અને (૨) ૨૨૭ ક્લિોગ્રામ કાર્બાઇડ જથ્થાનો નાશ કરવામાં આવ્યો.

------------

### ખાનપુર તાલુકાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આપવા બાબત

૯૭૨૮ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના ઢોલખાખરા, વાઢેલા, ધાણી, લીંબડી ટીમ્બા ગામોની વસ્તી પછાત-આદીવાસી હોવા છતાં આ વિસ્તાર આરોગ્ય કેન્દ્રની સુવિધાથી વંચિત છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર ઉક્ત વિસ્તારમાં ક્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી. પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના ઢોલખાખરા, વાઢેલા, ધાણી, લીંબડી ટીમ્બા ગામોની વસ્તી પછાત આદીવાસી હોવા છતાં આ વિસ્તાર આરોગ્ય કેન્દ્રની સુવિધાથી વંચિત નથી. આ ચાર ગામોના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાંડરવાડા તેમજ સબ સેન્ટરથી અંતર નીચે મુજબ છે.

| ક્રમ | ગામનું નામ | સમાવેશ થયેલ સબ સેન્ટરનું નામ અને અંતર | પી.એચ.સી. નું નામ અને અંતર |
|---|---|---|---|
| ૧ | ઢોલ ખાખરા | બોરવાઇ, ૫. કિ.મી | પાંડરવાડા ૩.કિં.મી |
| ૨ | વાઢેલા | પાંડરવાડા-૨ ૮.કિં.મી. | પાંડરવાડા ૩.કિં.મી. |
| ૩ | ધાણી | બોરવાઇ, ૨.કિ.મી. | પાંડરવાડા ૨.કિ.મી. |
| ૪ | લીંબડી ટીમ્બા | નાવાગામ, ૩.કિ.મી. | પાંડરવાડા ૧૦.કિ.મી. |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### ભરૂચ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના કામ

૯૦૦૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રાજ્ય સરકારે ભરૂચ જિલ્લાને પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ ક્યા ક્યા કામ માટે ફાળવી,

(૨) ઉક્ત કામ પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી છે, અને

(૩) બાકી કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ રૂા. ૨૫૩૨.૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. અને તે પૈકી ૪૪૪૨ કામો પૂર્ણ કરેલ છે અને ૩૮૨ કામો બાકી રહે છે.

(૩) ક્રમશ : સપ્ટેમ્બર-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું

આયોજન છે.

**પત્રક**

| અ.નં. | કામનું નામ | ફાળવેલ રકમ રૂા. લાખમાં | કામની સંખ્યા | કામો પૂર્ણ | કામો બાકી |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત પાણી પુરવઠા યોજના | ૩૫.૦૦ | ૮ | ૭ | ૧ |
| ૨ | ઓનગોઇંગ સુધારણા જુથ યોજના | ૨૯૦.૦૦ | ૨ | ૦ | ૨ |
| ૩ | પાણીની ગુણવત્તા ખરાબ હોય તેવા ગામો માટેની યોજના | ૧૧૦.૦૦ | ૧૯ | ૧૪ | ૫ |
| ૪ | સુધારણા જુથ પાણી પુરવઠા યોજના | ૫૦.૦૦ | ૧ | ૦ | ૧ |
| ૫ | હેન્ડપંપ (ટ્રાયબલ) | ૧૨૦.૦૦ | ૩૧૦ | ૧૮૯ | ૧૨૧ |
| ૬ | મીની પાઇપ યોજના (ટ્રાયબલ) | ૧૨૫.૦૦ | ૫૦ | ૫૦ | ૦ |
| ૭ | એસ.સી.એસ.પી. (અનુસૂચિત જાતિ, સબપ્લાન) | ૪૫.૦૦ | ૩૦ | ૨૨ | ૮ |
| ૮ | મીઠાના અગરીયાઓ માટેની પાણી પુરવઠા યોજના | ૧૪૦.૦૦ | ૬ | ૦ | ૬ |
| ૯ | ઓફીસ બીલ્ડીંગ | ૨૦.૦૦ | ૧ | ૧ | ૦ |
| ૧૦ | મ અને નિ જુથ પાણી પુરવઠા યોજના | ૯૩૦.૦૦ | ૧૦ | ૧૦ | ૦ |
| ૧૧ | મ અને નિ હેન્ડપંપ | ૧૫.૦૦ | ૩૯૯૦ | ૩૯૯૦ | ૦ |
| ૧૨ | મ અને નિ ઓફીસ બીલ્ડીંગ | ૨.૦૦ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | મીસીંગલીંક અંતર્ગત પાણી પુરવઠા યોજના | ૫૦૦.૦૦ | ૧૦ | ૪ | ૬ |
| ૧૪ | પ્રાયમરી સ્કુલ માટેની પાણી પુરવઠા યોજના | ૧૫૦.૦૦ | ૩૮૬ | ૧૫૪ | ૨૩૨ |
| | **કુલ :** | **૨૫૩૨.૦૦** | **૪૮૨૪** | **૪૪૪૨** | **૩૮૨** |

------------

## અમદાવાદ અને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલોમાં પ્રવેશ ફી ઉઘરાવવા બાબત

૧૦૩૬૯**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર તથા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ વતી સીક્યુરીટી સ્ટાફ ધ્વારા બળજબરીપૂર્વક ફરજીયાત રીતે પ્રવેશ પાસના રૂા. ૫ ઉઘરાવવામાં આવી રહ્યા છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) આવી રીતે પ્રવેશ ફી ઉઘરાવવા સરકારે કોઈ છૂટ આપી છે કે કેમ, અને

(૩) જો ના, તો રોગી કલ્યાણ સમિતિ દ્વારા આવી ફી ના ઉઘરાવાય તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) દાખલ દર્દીઓના સગાઓને બે મફ્ત પ્રવેશ પાસ આપવામાં આવે છે. આ ઉપરાંત જો કોઇ સગા/મુલાકાતી દર્દીને મળવા આવે તો સાંજના ૪ થી ૬ ના મુલાકાતી સમય સીવાયના સમયગાળા માટે સરકાર દ્વારા રચાયેલ રોગી કલ્યાણ સમિતિના નિર્ણય અનુસાર પ્રવેશ ફી પેટે રૂા. ૫/-ની વસુલાત કરવામાં આવે છે.

------------

## નગરપાલિકાઓમાં તળાવોનું બ્યુટીફિકેશન તથા વોટર હાર્વેસ્ટીંગ

૧૦૨૦૬ **શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની નગરપાલિકાઓમાં આવેલ તળાવોનું બ્યુટીફીકેશન તથા વોટર હાર્વેસ્ટીંગ કરવા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો કેવા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નગરપાલિકા વિસ્તારના તળાવો ઉંડા કરી મોડલરૂપે વિક્સીત કરવા માટે પ્રત્યેક જિલ્લાની ત્રણ નગરપાલિકાઓના તળાવ, વોટર હાર્વેસ્ટીંગ માટે ઉંડા ઉતારવા તથા બ્યુટીફીકેશન માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૨ જિલ્લાઓની ૫૩ નગરપાલિકાઓમાં નગરપાલિકા દીઠ રૂા. ૨૫ લાખની રકમ સબંધિત જિલ્લાની શહેરી વિકાસ એજન્સી(ડુડા) ના હવાલે મૂક્વામાં આવેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં સામૂહિક કૂવા મંજૂર કરવા બાબત**

૯૩૯૭**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં છોટા ઉદેપુર, જેતપુર-પાવી, નસવાડી અને ક્વાંટ તાલુકાઓમાં કેટલા સામૂહિક કૂવા મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલાને વર્ક ઓર્ડર આપ્યા,

(૩) કેટલું ચૂકવણું થયું,

(૪) કેટલી ચૂકવણી બાકી છે, અને

(૫) બાકી રકમ ચોમાસા પહેલા ચુકવી અપાશે કે કેમ ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તાલુકાવાર એન.આર.ઇ.જી.એ. અને ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ મંજૂર કરવામાં આવેલ સામુહિક કૂવાની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ | એન.આર.ઇ.જી.એ. હેઠળ |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૨૧ | ૭૮ |
| જેતપુરપાવી | ૪૦ | ૭૧૦ |
| નસવાડી | ૦૬ | ૦૦ |
| ક્વાંટ | ૨૪ | ૬૯ |
| **કુલ :** | **૯૧** | **૮૫૭** |

(૨)

| તાલુકો | ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ | એન.આર.ઇ.જી.એ. હેઠળ |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૧૨ | ૭૮ |
| જેતપુરપાવી | ૪૦ | ૭૧૦ |
| નસવાડી | ૦૨ | ૦૦ |
| ક્વાંટ | ૦૯ | ૬૯ |
| **કુલ :** | **૬૩** | **૮૫૭** |

(૩)

| તાલુકો | ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ (રૂા. લાખમાં) | એન.આર.ઇ.જી.એ. હેઠળ (રૂા. લાખમાં) |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૦.૦૦ | ૩૭.૯૫ |
| જેતપુરપાવી | ૬૧.૯૮ | ૧૩૮.૦૦ |
| નસવાડી | ૧.૨૧ | ૦.૦૦ |
| ક્વાંટ | ૦.૦૦ | ૪૦.૦૯ |
| **કુલ :** | **૬૩.૧૯** | **૨૧૬.૦૪** |

(૪)

| તાલુકો | ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ (રૂા. લાખમાં) | એન.આર.ઇ.જી.એ. હેઠળ (રૂા. લાખમાં) |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૦ | ૧૭.૩૩ |
| જેતપુરપાવી | ૦ | ૧૯.૫૨ |
| નસવાડી | ૦ | ૦ |
| ક્વાંટ | ૦ | ૧૧.૦૪ |
| **કુલ :** | **૦** | **૪૭.૮૯** |

(૫) હા, જી.

-----------

**રતનીયા તળાવનો નાની સિંચાઇ નહેર સુવિધા માટે ઉપયોગ**

૯૦૧૪**શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લાના માંડવી તાલુકાના રતનીયા તળાવમાંથી નાની સિંચાઇ નહેરની સુવિધાનો લાભ દ ાટા, મઢી, બેડકુવા, સાદડી, જામણકુવા, બાલ્દા, વાંસકુઇ, ક્હેર વગેરે ગામોને આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

આ ગામોની જમીનના તળ ઉંચા હોઇ નહેર દ્વારા વહેણ સિંચાઇની સુવિધા આપવાનું તાંત્રિક દ્રષ્ટિએ શક્ય નથી.

------------

**કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયરોની ફાળવણી**

૧૦૧૯૬**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ કેટલા એન્જિનીયરો ફાળવવામાં આવ્યા,

(૨) આ એન્જિનીયરો પાસે શી કામગીરી કરાવવામાં આવે છે, અને

(૩) એન્જિનીયરોને કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૨૮ ટેક્નોસાથી ફાળવવામાં આવ્યા.

(૨) આ એન્જિનીયરો પૈકી સીવીલ એન્જિનીયરો પાસે વિકાસના કામોના સર્વે, નક્શા, અંદાજો અને સુપરવિઝનની કામગીરી તથા ઇલેક્ટ્રિકલ એન્જિનીયરો પાસે એનર્જી રીપોર્ટ તપાસવા, વિદ્યુત વપરાશ રીડિંગ, ઇલેક્ટ્રીક કામના અંદાજો તથા સ્ટ્રીટ લાઇટ જાળવણી જેવી કામગીરી કરાવવામાં આવે છે.

(૩) ડીપ્લોમા હોલ્ડરને રૂા. ૩૦૦૦,
ડીગ્રી હોલ્ડરને રૂા. ૩૫૦૦,
પોસ્ટ ગ્રેજ્યુએટને રૂા. ૫૦૦૦,
પ્રતિ માસ સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે.

------------

**ટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા બાબત**

૯૪૮૧ **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા માટે સરકાર દ્વારા કોઈ વિચારણામાં છે કે નહીં,

(૨) જો હા, તો કેટલા સમયમાં, અને

(૩) જો ના, તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) શિહોર તાલુકામાં વસ્તીના ધોરણે મળવાપાત્ર એક સામૂહિક આરોગ્ય કેન્દ્રની સામે હાલમાં શિહોર ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે.

ટાણા ખાતે કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ છે.

------------

**ભિલોડા તાલુકામાં બનાવેલ ચેકડેમો અને ખર્ચ**

૧૦૧૬૬ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં વર્ષવાર કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત કામ પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧)

| | વર્ષ | બાંધેલ ચેકડેમ |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૫૪ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૧૧૮ |
| | **કુલ :** | **૧૭૨** |

(૨)

| | વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૧૫૩.૬૩ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૨૮૯.૧૬ |
| | **કુલ :** | **૪૪૨.૭૯** |

(૩) ઉક્ત ચેકડેમોમાં કોઈ ગેરરીતિઓ માલુમ પડી છે કે કેમ ? — (૩) ના, જી.

------------

**સુજલામ સુફલામ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં મંજૂર કામો**

૯૫૪૧**શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુજલામ સુફલામ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૮૬૯. |
| (૨) ઉક્ત કામો પૈકી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૧૨૦૮. |
| (૩) ઉક્ત કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૪૫૮૬.૦૧ લાખ. |

------------

**હલકી ગુણવત્તાની દવાઓ પૂરી પાડતી કંપનીઓ**

૯૦૧૧**શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર ધ્વારા ફ્રેઈટ કોન્ટ્રાક્ટથી સરકારી દવાખાનાઓમાં પૂરી પાડવામાં આવેલ દવાઓની લેબોરેટરીમાં ચકાસણી કર્યા બાદ હલકી કક્ષાની દવાઓ જણાઈ હોય તેવી કેટલી કંપનીઓ તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જણાઈ છે ? | (૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૯ કંપનીઓની દવાઓ હલકી કક્ષાની જણાઈ છે. |
| (૨) કેટલી અને કઈ કઈ કંપનીઓ પાસેથી આવી દવાઓની કિંમત વસુલાઈ કે બદલામાં અન્ય દવા ખરીદાઈ, અને | (૨) (અ) પત્રકઃ- બમાં જણાવેલ **૧૪** કંપનીઓ પાસેથી કુલઃ- રૂ.૮,૯૩,૧૪૪/-ની કિંમતની દવાઓનું રીપ્લેસમેન્ટ મેળવ્યું.<br>(બ) પત્રક :-બમાં જણાવેલ **૨૭** કંપનીઓ પાસેથી રૂ. ૩૯,૨૪,૫૧૨/-ની વસુલાત કરી.<br>(ક) કોઈપણ કંપની પાસેથી બદલામાં અન્ય દવા ખરીદાઈ નથી. |
| (૩) તે અન્વયે કઈ કઈ કંપનીઓને બ્લેકલીસ્ટ કરવામાં આવી છે ? | (૩) પત્રક :-ક માં જણાવેલ ૧૮ કંપનીઓને ત્રણ વર્ષ માટે અને એક કંપનીને બે વર્ષ માટે ""સંબંધિત દવાઓ"" માટે અને ૦૨ કંપનીને ""બધીજ આઈટમો"" માટે પાંચ વર્ષ માટે ડીબાર કરવામાં આવેલ છે. |

**<u>પત્રક-બ</u>**

અપ્રમાણસર દવાઓ ઉત્પાદક/સપ્લાયરો પાસેથી કરાયેલ રીપ્લેશમેન્ટ/થયેલ વસુલાતની યાદી

| ક્રમ | કંપનીનું નામ | મળેલ રીપ્લેશમેન્ટ રૂા. | કરેલ વસુલાત રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | જાજુ સર્જીકલ્સ પ્રા.લી., દેવાસ. | - | ૪૨૩૨૮ |
| ૨. | ઈન્ફીનીટીવ ફાર્માસ્યુટીકલ્સ,ડીસા. | ૫૦૧૭૦ | ૫૦૪૪૦ |
| ૩. | ગુજરાત ફાર્મા. લેબ. પ્રા. લી., અમદાવાદ. | - | ૫૪૮૦૧ |
| ૪. | એસ.કે. ટ્રેડીંગ કંપની. અમદાવાદ. | - | ૬૩૮૫૬ |
| ૫. | ભારત પેરેન્ટ્રલ્સ લીમીટેડ, વડોદરા | ૩૨૬૨૯ | ૩૩૬૫૦૩ |
| ૬. | નેસ્ટર ફાર્મા લીમીટેડ, ગોવા/ફરીદાબાદ | - | ૫૧૭૦૪ |
| ૭. | ભાગ્યશ્રી સર્જીકલ્સ, વીટા | ૩૧૫૦૦ | ૪૩૦૧૨૪ |
| ૮. | જેક્શન લેબોરેટરી પ્રા.લી., અમૃતસર | - | ૪૧૧૦૬૩ |
| ૯. | એસોજ સોફ્ટ કેપ્સ લીમીટેડ, વડોદરા. | - | ૮૯૩૦૩ |

| ક્રમ | કંપનીનું નામ | મળેલ રીપ્લેશમેન્ટ રૂા. | કરેલ વસુલાત રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૦. | હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, બરોની | - | ૨૭૧૭૨૨ |
| ૧૧. | ટુલીપ  ડાયગ્નોસ્ટીક્સ પ્રા. લી., ગોવા | - | ૩૮૦૦ |
| ૧૨. | ઝેસ્ટ ફાર્મા, ઈન્દોર | ૬૨૨૨૬ | ૯૧૦૨૩ |
| ૧૩. | વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ્સ વર્ક્સ, અમદાવાદ. | - | ૨૬૫૧૭૯ |
| ૧૪. | બ્રીજ ટેક્ષટાઈલ્સ, દિલ્હી. | - | ૨૬૪૬૦ |
| ૧૫. | કશ્યપ સર્જીકલ્સ પ્રા. લીમીટેડ, ઝાંક. | - | ૮૪૭૪૦ |
| ૧૬. | એનોડ ફાર્મા. પ્રા.લી., કાનપુર | - | ૨૪૯૨૬૦ |
| ૧૭. | સેલ્વોક ફાર્માસ્યુટીકલ્સ કંપની, બીલીમોરા. | - | ૨૬૨૩૮ |
| ૧૮. | એપીએમ ડ્રગ્સ, ઈંદોર. | - | ૬૬૫૧૫ |
| ૧૯. | સુનીઝ ફાર્મા, અમદાવાદ. | ૨૭૧૧૮ | - |
| ૨૦. | રાઠી લેબ (હિન્દુસ્તાન) પ્રા. લી., પટના. | - | ૧૧૭૫૮૯ |
| ૨૧. | ઝેસ્ટ સર્જીકલ્સ પ્રા. લીમીટેડ, બુલંદશહર. | ૧૪૪૯૦૦ | ૩૧૫૦૦ |
| ૨૨. | સુદર્શન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., ઈંદોર. | ૧૮૭૨૦ | ૪૪૯૧૬ |
| ૨૩. | મેક્યોર લેબ. લી., ઝાંક. | ૧૯૫૭૨૮ | - |
| ૨૪. | માઈક્રોન ફાર્માસ્યુટીકલ્સ, વાપી. | - | ૪૬૪૦૨૮ |
| ૨૫. | ક્રિસ્ટલ ફાર્માસ્યુટીકલ્સ, અંબાલા. | ૧૯૫૭૭ | - |
| ૨૬. | સ્વીઝ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી., બાવળા | ૭૩૧૫૩ | ૮૩૨૮૩ |
| ૨૭. | અહલ્કોન પેરેન્ટ્રલ્સ ઈન્ડિયા લીમીટેડ, ભીવાડી. | - | ૧૧૫૫૯૬ |
| ૨૮. | કેન્ટ્રેક લેબોરેટરી પ્રા. લી., અમદાવાદ. | ૨૯૬૧૦ | - |
| ૨૯. | મડીપોલ ફાર્માસ્યુટીકલ્સ (ઈન્ડિયા) પ્રા.લી., બહાદુરગઢ. | - | ૧૩૫૯૨૮ |
| ૩૦. | માન ફાર્માસ્યુટીકલ્સ લીમીટેડ, મહેસાણા. | ૩૩૬૦૦ | - |
| ૩૧. | સીપ્રા રેમેડીઝ પ્રા.લી., દમણ. | ૧૩૧૧૫૭ | - |
| ૩૨. | સ્ટ્રર્લીંગ સર્જીકલ્સ કંપની, વાપી. | - | ૨૩૫૧૮૧ |
| ૩૩. | જે.એન.કેમીકલ્સ, વટવા, અમદાવાદ. | - | ૮૧૪૩૨ |
| ૩૪. | સારા ફાર્માસ્યુટીકલ્સ, નાગરકોઈ. | ૪૩૦૫૬ | - |
| | **કુલ :** | **૮૯૩૧૪૪** | **૩૯૨૪૫૧૨** |

**નોંધ :- પાંચ** કંપનીઓ પાસેથી (૧) હેલ્સીઓન ફાર્માસ્યુટીકલ્સ, હિસાર, (૨) યાકક્ષ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લી., બુલંદશહર, (૩) પ્યોર ફાર્મા લીમીટેડ, ઈન્દોર, (૪) બીપ્શન સર્જીકલ્સ પ્રા.લી., ગાંધીનગર, (૫) ઈન્ડિયન સર્જીકલ્સ મેન્યુ. કંપની, અમરાવતી બાકી વસુલાત માટે જરૂરી વસુલાત આદેશ કરેલ છે. તથા ઈએમડી/એસડી અને તેઓના જેમ આગામી બીલો આવે છે તેમ તેમ હિસાબી શાખા દ્વારા વસુલાત કરીને ફક્ત બાકી બચતી રકમનું ચુકવણું કરવામાં આવે છે.

## <u>પત્રક-ક</u>

## અપ્રમાણસર આઈટમો સપ્લાય કરવાના કારણોસર ડીબાર થયેલ કંપનીઓની યાદી

| ક્રમ | ડીબાર થયેલ પેઢીનું નામ | ડીબાર થયાની તારીખ | આઈટમનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | જેક્શન લેબોરેટરી પ્રા.લી., અમૃતસર | ૧૭-૦૧-૨૦૦૮-૧૬-૦૧-૨૦૧૩ | બધી જ આઈટમો માટે |
| ૨. | સેલ્વોક ફાર્માસ્યુટીકલ્સ કંપની, બીલીમોરા. | ૨૯-૦૭--૨૦૦૮-૨૮-૦૭-૨૦૧૧ | ક્લોરોક્વીન સીરપ |
| ૩. | વેસ્ટ કોસ્ટ ફાર્માસ્યુટીકલ્સ વર્કસ, અમદાવાદ. | ૦૩-૧૦-૨૦૦૮-૦૨-૧૦-૨૦૧૧ | એન્ટીસેપ્ટીક લીક્વીડ |
| | | ૧૬-૦૧-૨૦૦૯-૧૫-૦૧-૨૦૧૨ | આયર્ન એન્ડ ફોલીક એસિડ સીરપ |
| ૪. | માઈક્રોન ફાર્માસ્યુટીકલ્સ, વાપી. | ૨૪-૦૯-૨૦૦૮-૨૩-૦૯-૨૦૧૧ | એમોક્ષીસીલીન કીડ ટેબ્લેટસ |
| | | ૨૯-૦૫-૨૦૦૯-૨૮-૦૫-૨૦૧૨ | આયર્ન એન્ડ ફોલીક એસિડ સીરપ |
| ૫. | ભારત પેરેન્ટ્રલ્સ લીમીટેડ, વડોદરા | ૦૩-૧૧-૨૦૦૭-૦૨-૧૧-૨૦૧૦ | ડેક્ષામીથાઝોન ઈન્જેકશન |
| | | ૨૬-૦૮-૨૦૦૮-૨૫-૦૮-૨૦૧૧ | થાયોપેન્ટલ સોડીયમ ફોર ઈન્જેંકશન |
| ૬. | ગુજરાત ફાર્મા. લેબ. પ્રા. લી., અમદાવાદ. | ૧૩-૦૭-૨૦૦૭-૧૨-૦૭-૨૦૧૦ | બીટામીથાઝોન વેલરેટ ક્રીમ |
| ૭. | હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, બરોની | ૦૩-૧૨-૨૦૦૮-૦૨-૧૨-૨૦૧૧ | જેન્ટામાઈસીન ઈન્જેંકશન |
| | | ૨૪-૦૭-૨૦૦૮-૨૩-૦૭-૨૦૧૧ | ક્લોક્ષાસીલીન ઈન્જેંકશન |
| ૮. | મેડીપોલ ફાર્માસ્યુટીકલ્સ (ઈન્ડિયા) પ્રા.લી., બહાદુરગઢ. | ૧૫-૦૪-૨૦૦૯-૧૪-૦૪-૨૦૧૨ | ડેક્ષામીથાઝોન ટેબલેટસ |
| ૯. | સીપ્રા રેમેડીઝ પ્રા.લી., દમણ. | ૨૨-૦૫-૨૦૦૯-૨૧-૦૫-૨૦૧૨ | સીપ્રોફ્લોક્ષાસીન ઈન્જેંકશન |
| | | ૨૯-૦૫-૨૦૦૯-૨૮-૦૫-૨૦૧૨ | મેનીટોલ ઈન્જેંકશન |
| ૧૦. | જે.એન.કેમીકલ્સ, વટવા, અમદાવાદ. | ૨૯-૦૫-૨૦૦૯-૨૮-૦૫-૨૦૧૨ | એન્ટીસેપ્ટીક લીક્વીડ |
| ૧૧. | બ્રીજ ટેક્ષટાઈલ્સ, દિલ્હી. | ૦૫-૦૯-૨૦૦૭-૪-૦૯-૨૦૧૦ | કોટન કેપ બેન્ડેઝ |
| ૧૨. | કેન્ટ્રેક લેબોરેટરીઝ પ્રા. લી., અમદાવાદ. | ૧૬-૦૧-૨૦૦૯-૧૫-૦૧-૨૦૧૨ | મેટોક્લોપ્રોમાઈડ ટેબ્લેટસ |
| ૧૩ | રાઠી લેબોરેટરીઝ (હિન્દુસ્તાન) પ્રા. લી., પટના. | ૨૯-૦૫-૨૦૦૯-૨૮-૦૫-૨૦૧૨ | સ્ટરાઈલ વોટર ફોર ઈન્જેકશન |
| | | ૧૮-૦૪-૨૦૦૯-૧૭-૦૪-૨૦૧૧ | કેલ્શીયમ ગ્યુકોનેટ ઈન્જેકશન |
| ૧૪. | ઝેસ્ટ ફાર્મા, ઈન્દોર | ૧૨-૦૧-૨૦૦૯-૧૧-૦૧-૨૦૧૨ | એઝીથ્રોમાયસીન ટેબ્લેટસ |
| | | ૩૦-૦૬-૨૦૦૯-૨૯-૦૬-૨૦૧૪ | બધી જ આઈટમો માટે |
| ૧૫. | યાક્કા  ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., બુલંદશહર. | ૨૮-૦૬-૨૦૦૭-૨૭-૦૬-૨૦૦૯ | બ્રોનોહેક્ષીન હાઈડ્રોક્લોરાઈડ ટેબ્લેટસ |
| | | ૧૨-૧૨-૨૦૦૭-૧૧-૧૨-૨૦૧૦ | ડેક્ષામીથાઝોન ટેબ્લેટસ |
| ૧૬. | એસ.કે. ટ્રેડીંગ કંપની. અમદાવાદ. | ૨૯-૦૬-૨૦૦૭-૨૮-૦૬-૨૦૧૦ | આઈ.વી.એડમીનીસ્ટ્રેશન સેટ |
| ૧૭. | ભાગ્યશ્રી સર્જીકલ્સ, વીટા | ૦૪-૧૨-૨૦૦૭-૦૩-૧૨-૨૦૧૦ | હેન્ડલૂમ કોટન બેન્ડેઝ કલોથ |
| | | ૨૯-૦૫-૨૦૦૯-૨૮-૦૫-૨૦૧૨ | હેન્ડલૂમ કોટન ગોઝ એબ્સોરબન્ટ |
| ૧૮. | એસોજ સોફટકેપ્સ પ્રા. લીમીટેડ એસોજ. | ૦૭-૧૨-૨૦૦૭-૦૬-૧૨-૨૦૧૦ | વીટામીન એ એન્ડ ડી કેપ્શ્યુલ્સ |
| ૧૯. | એનોડ ફાર્મા. પ્રા.લી., કાનપુર | ૨૭-૦૫-૨૦૦૮-૨૬-૦૫-૨૦૧૧ | વીટામીન એ એન્ડ ડી કેપ્શ્યુલ્સ |
| | | ૧૮-૦૪-૨૦૦૯-૧૭-૦૪-૨૦૧૨ | નીફેડીપીન કેપ્શ્યુલ્સ |

| ક્રમ | ડીબાર થયેલ પેઢીનું નામ | ડીબાર થયાની તારીખ | આઈટમનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૦. | પ્યોર ફાર્મા., લીમીટેડ, ઈન્દોર. | ૦૩-૧૦-૨૦૦૮-૦૨-૧૦-૨૦૧૧ | એનાલેપ્રીલ મેલીયેટ ટેબ્લેટસ |
| | | ૧૫-૦૪-૨૦૦૯-૧૪-૦૪-૨૦૧૨ | એમીકાશીન સલ્ફેટ ઈન્જેક્શન |
| ૨૧. | ક્રિસ્ટલ ફાર્માસ્યુટીકલ્સ, અંબાલા. | ૦૩-૧૨-૨૦૦૮-૦૨-૧૨-૨૦૧૧ | એમોક્ષીસીલીન સોડીયમ એન્ડ ક્લાવ્યુલાનેટ પોટેશીયમ ફ્રેર ઈન્જેક્શન |

**નોંધ :-**

(૧) ક્રમાંક : ૦૧ પરની પેઢી (જેક્શન લેબો.) તથા ક્રમાંક : ૧૪ પરની પેઢી (ઝેસ્ટ ફાર્મા)ને બધી જ આઈટમો માટે પાંચ વર્ષ માટે ડીબાર થયેલ છે.

(૨) ઉક્ત યાદીમાંની ૦૪ કંપનીઓ (૧) મેડીપોલ ફાર્માસ્યુટીકલ્સ (ઈન્ડિયા) પ્રા.લી., બહાદુરગઢ, (૨) સીપ્રા રેમેડીઝ પ્રા.લી., દમણ, (૩) જે.એન.કેમીકલ્સ, વટવા, અમદાવાદ, (૪) રાઠી લેબોરેટરીઝ (હિન્દુસ્તાન) પ્રા.લી., પટના જે ઉક્ત સમયગાળા દરમ્યાન અપ્રમાણસર દવાની સપ્લાય કરવા સામે તા. ૦૧-૦૪-૦૯ પછી ૦૩ વર્ષ માટે ડીબાર કરવામાં આવેલ છે.

(૩) તે સિવાયની પેઢીઓ ફક્ત તેઓની સામે કોલમ (૪) માં દર્શાવેલ આઈટમો પુરતી જ ૦૩ વર્ષ માટે ડીબાર કરાયેલ છે. ક્રમાંક : ૧૩ પરની પેઢી (રાઠી લેબો.)ને કેલ્શીયમ ગ્લુકોનેટ ઈન્જેક્શન માટે ૦૨ વર્ષ માટે ડીબાર કરવામાં આવેલ છે.

(૪) જેક્શન લેબોરેટરીઝ લી., દ્વારા ક્લોટ્રીમેઝોલ ઈઅર ડ્રોપ્સ "શૂન્ય" કન્ટેન્ટની દવા સપ્લાય કરતાં, પેઢી સામે ક્રિમીનલ કેસ નં. ૩૨૮૨/૦૭થી નામદાર ફોજદારી કોર્ટ, ગાંધીનગર ખાતે કેસ દાખલ કરેલ છે.

(૫) સદર સમયગાળામાં પત્રક (ક) સિવાયની ૧૮ કંપનીઓ દ્વારા સામાન્ય કારણોસર અપ્રમાણસર થયેલ દવાઓ સપ્લાય કરેલ જેને ડીબાર કરવામાં આવેલ નથી, પરંતુ જે તે પેઢી પાસેથી જે તે આઈટમ માટે રિપ્લેશમેન્ટ મેળવવામાં આવે છે અથવા તેટલી રકમની વસુલાત કરવામાં આવે છે.

------------

**આણંદ અને ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં ખાલી જગ્યાઓ**

૯૦૦૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ સામે ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

આણંદ જિલ્લો

| સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|
| | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| વર્ગ-૧ | ૧૦ | ૮ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૨૫ | ૦ | ૪૪ | ૨ |
| વર્ગ-૩ | ૧૩૪ | ૬ | ૧૩૨ | ૫ |
| વર્ગ-૪ | ૧૦૦ | ૫૨ | ૧૭૬ | ૭૭ |

ખેડા જિલ્લો

| સંવર્ગ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | |
|---|---|---|---|---|
| | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| વર્ગ-૧ | ૧૩ | ૧૦ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૨૫ | ૨ | ૫૦ | ૦ |
| વર્ગ-૩ | ૧૫૭ | ૨૪ | ૧૫૦ | ૩૧ |
| વર્ગ-૪ | ૧૨૪ | ૩૬ | ૨૦૦ | ૫૦ |

જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત દર્શાવતા પત્રક*-અ અને બ સામેલ છે.

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધાં ?

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૨ની જગ્યાઓ ભરવા કમિશ્નરશ્રી(આ)ની કચેરી ગાંધીનગર ખાતે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. જેમાં લાયક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ

ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓની કામગીરી કાર્યભારણ તથા સરકારશ્રીની પ્રવર્તમાન નિતિ અનુસાર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી લેવામાં આવશે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૩ની જગ્યાઓ જિલ્લા પંચાયત હસ્તકની હોઈ જિલ્લા પંચાયત ખેડા દ્વારા જુનીયર ફાર્માસીસ્ટની ખાલી જગ્યા ભરવા તા. ૪-૩-૦૯ થી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલી આપેલ છે. મંડળ તરફથી ઉમેદવારો ફાળવેથી ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવશે. આણંદ જિલ્લામાં જુની. ફાર્માસીસ્ટની જગ્યા આંતર જિલ્લા ફેરબદલીથી ભરવા કાર્યવાહી પૂર્ણ કરેલ છે. તથા બાકીની જગ્યાના માંગણા પત્રક મોકલવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. લેબી.ટેક. ની બે જગ્યાઓ આંતર જિલ્લા ફેર બદલીથી ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

આ ઉપરાંત રાજ્યના પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. એન.આર.એચ.એમ. હેઠળ આ સમિતિને સરકારશ્રી દ્વારા નાણાંકીય સહાય રૂા. ૧.૦૦ લાખ લેખે પ્રત્યેક કેન્દ્રને આપવામાં આવે છે. જેમાંથી જે તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરિયાત મુજબ સ્થાનિક કક્ષાએથી આઉટસોર્સથી ઉમેદવારો રાખી કામગીરી લેવામાં આવે છે.

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

------------

**સુરત જિલ્લામાં સરકારી દવાખાનામાં તબીબોનું મંજૂર મહેકમ**

૯૨૯૭ **શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર સરકારી દવાખાનામાં તબીબોનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલા તબીબોની સેવાઓ ઉક્ત સ્થિતિએ ચાલુ છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં આવેલ સા.આ.કેન્દ્રો/ પ્રા.આ.કેન્દ્રો અને સરકારી દવાખાનાઓમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર તબીબોનું મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ સા.આ.કેન્દ્ર | વર્ગ-૧ | વર્ગ-૨ | મંજૂર થયેલ પ્રા.આ.કેન્દ્ર | વર્ગ-૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૧ | ૧ | ૩ | ૭ | ૭ |
| ૨ | કામરેજ | ૧ | ૧ | ૨ | ૫ | ૫ |
| ૩ | મહુવા | ૨ | ૧ | ૫ | ૫ | ૫ |
| ૪ | માંડવી | ૨ | ૪ | ૫ | ૭ | ૭ |
| ૫ | માંગરોળ | ૧ | ૧ | ૨ | ૬ | ૬ |
| ૬ | ઝંખવાવ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૭ | ઓલપાડ | ૨ | ૨ | ૪ | ૬ | ૬ |
| ૮ | પલસાણા | ૧ | ૧ | ૨ | ૪ | ૪ |
| ૯ | ચોર્યાસી | ૧ | ૧ | ૩ | ૪ | ૪ |
| ૧૦ | ઉમરપાડા | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| | **કુલ :** | **૧૩** | **૧૩** | **૩૧** | **૪૭** | **૪૭** |

(૨) સુરત જિલ્લામાં આવેલ સા.આ.કેન્દ્રો/ પ્રા.આ.કેન્દ્રો અને સરકારી દવાખાનાઓમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર તબીબોની ભરેલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ સા.આ.કેન્દ્ર | વર્ગ-૧ | વર્ગ-૨ | મંજૂર થયેલ પ્રા.આ.કેન્દ્ર | વર્ગ-૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૧ | ૧ | ૩ | ૭ | ૭ |
| ૨ | કામરેજ | ૧ | ૧ | ૨ | ૫ | ૫ |
| ૩ | મહુવા | ૨ | ૦ | ૫ | ૫ | ૫ |
| ૪ | માંડવી | ૨ | ૦ | ૫ | ૭ | ૭ |
| ૫ | માંગરોળ | ૧ | ૦ | ૨ | ૬ | ૬ |
| ૬ | ઝંખવાવ | ૧ | ૦ | ૨ | ૦ | ૦ |
| ૭ | ઓલપાડ | ૨ | ૧ | ૪ | ૬ | ૬ |
| ૮ | પલસાણા | ૧ | ૦ | ૨ | ૪ | ૪ |
| ૯ | ચોર્યાસી | ૧ | ૦ | ૩ | ૪ | ૩ |
| ૧૦ | ઉમરપાડા | ૧ | ૦ | ૨ | ૩ | ૩ |
| | કુલ : | ૧૩ | ૩ | ૩૦ | ૪૭ | ૪૬ |

(૩) ખાલી રહેલ જગ્યાઓ રાજ્ય સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

(૩) વર્ગ-૧ની જગ્યાઓ માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વર્ગ-૨ની જગ્યાઓ માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરી એડહોક જગ્યા, મેડીકલ કોલેજો તરફથી ઉત્તિર્ણ થયેલ બોન્ડેડ તબીબોને તથા ફિક્સ પગારથી કરારબધ્ધ ધોરણે નિમણૂંક આપવામાં આવે છે.

------------

**આકસ્મિક તબીબી સેવાઓ અંગેના અભ્યાસક્રમો**

૧૦૩૯૧ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આકસ્મિક તબીબી સેવાઓ અંગેના અભ્યાસક્રમ શરૂ કરવા માટે કેટલી કોલેજોને ""ના વાંધા પ્રમાણપત્ર"" આપવામાં આવ્યા, અને

(૨) આ અભ્યાસક્રમો ક્યારથી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આકસ્મિક તબીબી સેવાઓ અંગેના અભ્યાસક્રમ શરૂ કરવા માટે (૧) બી.જે. મેડીકલ કોલેજ અમદાવાદ અને (૨) શ્રીમતી એન.એચ.એલ. મેડીકલ કોલેજ અમદાવાદને એસેન્શીયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે. આ બંને કોલેજો ગુજરાત યુનીવર્સીટી સાથે સંલગ્ન છે.

(૨) ભારત સરકાર દ્વારા મંજૂરી મળ્યેથી આવતા વર્ષથી આ અભ્યાસક્રમ શરૂ થઈ શકશે.

------------

**#SB/ત્તર ગુજરાતમાં સુજ્લામ-સુફ્લામ સ્પ્રેડીંગ કેનાલને દુરસ્ત કરવા બાબત**

૧૦૧૬૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના હેઠળ ઉત્તર ગુજરાતમાં બનાવાયેલ સ્પ્રેડીંગ કેનાલોને ગત વર્ષોમાં વરસાદથી થયેલ નુકસાન દુરસ્ત કરવા માટે ખર્ચ થયું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્પ્રેડીંગ કેનાલો બનાવનાર કોન્ટ્રાક્ટરો પાસેથી આ રીપેરીંગ સબબે તારીખ ૩૧-૩-૦૯ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં થયેલ ખર્ચ સામે કેટલી વસુલાત કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્પ્રેડીંગ કેનાલોના રીપેરીંગ પેટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) હા, જી

(૨) સદર નુકસાન ભારે વરસાદને લીધે થયેલ હોવાથી વસુલાત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રૂા. ૨૦૮.૯૨ લાખ

------------

**રાજ્યમાં સ્વાઈન ફ્લુ ના દર્દીને સારવાર માટેની વ્યવસ્થા**

૧૦૦૯૬ **શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૬-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં પ્રવાસે આવેલા પ્રવાસીઓમાં સ્વાઈન ફ્લુના દર્દી હોય તેવા પ્રવાસીઓની ચકાસણી કરવાની સરકાર દ્વારા કોઈ

**જવાબ**

(૧) હા, જી.

વ્યવસ્થા કરવામાં આવી છે,

(૨) જો હા, તો રાજ્યમાં ક્યા ક્યા સ્થળે સ્વાઈન ફ્લુના દર્દીને તપાસી યોગ્ય સારવાર આપવાની વ્યવસ્થા છે, અને

(૨) રાજ્યમાં આવેલ વિદેશી પ્રવાસીઓમાં સ્વાઈન ફ્લુના દર્દીને રાજ્યમાં તમામ સિવિલ હોસ્પિટલ સંલગ્ન મેડીકલ કોલેજ અને જિલ્લાની તમામ જનરલ હોસ્પિટલોમાં ખાસ તબીબી તજજ્ઞો દ્વારા તપાસી સારવાર આપવાની વ્યવસ્થા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

(૩) સ્વાઈન ફ્લુના દર્દી દ્વારા રાજ્યમાં અન્ય પ્રજાજનોને ચેપ ન લાગે તે માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

(૩) આ રોગથી રાજ્યમાં અન્ય પ્રજાજનોને ચેપ ન લાગે તે માટે નીચે દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

-વિદેશી પ્રવાસીઓનું તેમજ બિન નિવાસી ભારતીય પ્રવાસીઓનું એરપોર્ટ અમદાવાદ ખાતે મેડીકલ ટીમ દ્વારા તા. ૧-૫-૦૯થી સ્ક્રીનીંગ કરવામાં આવે છે. એરપોર્ટ ઓથોરીટી, અમદાવાદ ખાતે વિદેશથી આવતા તા. ૧-૭-૨૦૦૯ સુધી કુલ ૫૨,૮૦૫ પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ છે. કુલ ૭ તબીબી ટીમો ૨૪ કલાક કાર્યરત છે.

-રાજ્યમાં આવેલ તમામ મેડીકલ કોલેજો સંલગ્ન હોસ્પિટલો તેમ જ જિલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડમાં ૩૦૪ પથારીની અને ક્વોરેનટાઈન વોર્ડમાં ૨૪૯ પથારીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

-ક્વોરેનટાઈન માટે મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં ૧૨૦ પથારી અને જિલ્લા કક્ષાની હોસ્પિટલોમાં તથા અન્ય સંસ્થાઓમાં ૧૨૯ પથારીની સુવિધા છે.

-દર્દીના નાકની અંદરની દિવાલ પરથી સેમ્પલ, દર્દીના ગળાની અંદરની દિવાલ પરથી સેમ્પલ અને દર્દીના લોહીના નમૂના લઈ સંપૂર્ણ જંતુરહિત પરિસ્થિતિ જાળવી, સદર નમૂના રાષ્ટ્રીય અધિકૃત લેબોરેટરી નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનિકેબલ ડીસીઝ દિલ્હી અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી પુના ખાતે કોલ્ડચેઈન જાળવી રૂબરૂ કર્મચારી સાથે અથવા એર કુરીયર દ્વારા પાઠવવામાં આવે છે. ક્વોરેનટાઈન અને આઈસોલેશન માટે આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(પત્રક સામેલ છે.)

-રાજ્યકક્ષાએ ટેમીફ્લુ કેપ. ૮૦૦૦ ઉપલબ્ધ છે. તેમજ મેડીકલ કોલેજો અને જિલ્લા કક્ષાએ ૪૦૪૦ કેપ.ટેમીફ્લુ દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | આઈસોલેશન વોર્ડનું સ્થળ | આઈસોલેશન વોર્ડમાં પથારી | | | | | | ક્વોરેનટાઈન વોર્ડનું સ્થળ | ક્વોરેનટાઈન વોર્ડમાં પથારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એસી | | નોન એસી | | કુલ | | | એસી | | નોન એસી | | કુલ | |
| | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | અમદાવાદ | સીવીલ હોસ્પિટલ | ૬ | ૬ | ૦ | ૦ | ૬ | ૬ | જુનુ સરકીટ હાઉસ | ૮ | ૮ | ૦ | ૦ | ૮ | ૮ |
| ૨ | રાજકોટ | પી.ડી.યુ. હોસ્પિટલ | ૪ | ૪ | ૪ | ૪ | ૮ | ૮ | | ૪ | ૪ | ૪ | ૪ | ૮ | ૮ |
| ૩ | સુરત | ન્યુ. સીવીલ હોસ્પિટલ | ૬ | ૪ | ૦ | ૦ | ૬ | ૪ | સ્મીમેર હોસ્પિટલ, સુરત | ૦ | ૦ | ૮ | ૮ | ૮ | ૮ |
| ૪ | પોરબંદર | ભાવસિંહજી હોસ્પિટલ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ | જિલ્લા ટીબી સેન્ટર જનાના હોસ્પિટલ | ૦ | ૦ | ૨ | ૩ | ૨ | ૩ |
| ૫ | જુનાગઢ | ધોબીઘાટ નજીક | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ | નો એરપોર્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | જામનગર | ટ્રોમા વોર્ડ જી.જી. હોસ્પિટલ, જામનગર | ૦ | ૦ | ૫ | ૫ | ૫ | ૫ | ટ્રોમા વોર્ડ જી.જી. હોસ્પિટલ, જામનગર | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૭ | વડોદરા | જમનાબાઈ જનરલ હોસ્પિટલ વડોદરા | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | જમનાબાઈ જનરલ હોસ્પિટલ વડોદરા | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮ | આણંદ | એસ.એસ. હોસ્પિટલ પેટલાદ | ૩ | ૩ | ૫ | ૫ | ૮ | ૮ | એસ.એસ. હોસ્પિટલ પેટલાદ | ૦ | ૦ | ૫ | ૫ | ૫ | ૫ |
| ૯ | નવસારી | એમ.જી.જી. હોસ્પિટલ નવસારી | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | એમ.જી.જી. હોસ્પિટલ નવસારી | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ |

| ક્રમ | જિલ્લાનું નામ | આઈસોલેશન વોર્ડનું સ્થળ | આઈસોલેશન વોર્ડમાં પથારી | | | | | | ક્વોરેનટાઈન વોર્ડનું સ્થળ | ક્વોરેનટાઈન વોર્ડમાં પથારી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એસી | | નોન એસી | | કુલ | | | એસી | | નોન એસી | | કુલ | |
| | | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧૦ | વડોદરા | મેડીક્લ નર્સીંગ હોમ, સયાજી હોસ્પિટલ કેમ્પસ | ૧ | ૧ | ૧૩ | ૧૩ | ૧૪ | ૧૪ | ટ્રોમા સેન્ટર, એસ.એસ.જી. કેમ્પસ | ૦ | ૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ |
| ૧૧ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ સુરેન્દ્રનગર મેન્ટલ વોર્ડ | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ભરૂચ | ટ્રોમા વોર્ડ (આઈ.સી.યુ.) | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ | ટ્રોમા સેન્ટર (આઈ.સી.યુ.) | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૧૩ | પાટણ | જનરલ હોસ્પિટલ પાટણ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ | જનરલ હોસ્પિટલ પાટણ | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૧૪ | જામ-ખંભાલીયા | જનરલ હોસ્પિટલ ખંભાલીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | જનરલ હોસ્પિટલ ખંભાલીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | પંચમહાલ | જનરલ હોસ્પિટલ ગોધરા | ૧ | ૧ | ૩ | ૩ | ૪ | ૪ | જનરલ હોસ્પિટલ ગોધરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | અમરેલી | વોર્ડ ૪-૮ | ૦ | ૦ | ૬ | ૪ | ૬ | ૪ | વોર્ડ-૧૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૧૭ | મહેસાણા | મેડીક્લ વોર્ડ | ૦ | ૦ | ૪ | ૨ | ૪ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | નર્મદા | એમ.એમ. ડબલ્યુ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ | એમ.એમ.ડબલ્યુ. | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૯ | ભુજ-કચ્છ | જી. કે. જનરલ હોસ્પિટલ-ભુજ | ૧૫ | ૧૦ | ૨૦ | ૧૦ | ૩૫ | ૨૦ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | વલસાડ | સીવીલ હોસ્પિટલ, વલસાડ | ૦ | ૦ | ૪ | ૨ | ૪ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | ગાંધીનગર | જનરલ હોસ્પિટલ ગાંધીનગર | ૦ | ૦ | ૩ | ૩ | ૩ | ૩ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | દાહોદ | ઈમરજન્સી ડીપાર્ટમેન્ટ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ | ઈમરજન્સી વિભાગ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૩ | ભાવનગર | સર માનસિંહજી હોસ્પિટલ પાલીતાણા | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | આહવા-ડાંગ | જનરલ હોસ્પિટલ વોર્ડ નં.-૭ | ૦ | ૦ | ૯ | ૯ | ૯ | ૯ | વોર્ડ-૧૦ | ૦ | ૦ | ૪ | ૪ | ૪ | ૪ |
| ૨૫ | ભાવનગર | સર-ટી હોસ્પિટલ ટ્રોમા સેન્ટર | ૦ | ૦ | ૨ | ૨ | ૨ | ૨ | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | ખેડા (નડીયાદ) | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ૦ | ૦ | ૮ | ૮ | ૮ | ૮ | જનરલ હોસ્પિટલ, નડીયાદ | ૦ | ૦ | ૫ | ૫ | ૫ | ૫ |
| ૨૭ | બનાસકાંઠા | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ | જનરલ હોસ્પિટલ, પાલનપુર | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ |
| ૨૮ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ, હિંમતનગર | ૨ | ૨ | ૪ | ૪ | ૬ | ૬ | જનરલ હોસ્પિટલ, હિંમતનગર | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ |
| ૨૯ | ખેડા | જનરલ હોસ્પિટલ, ખેડા | ૩ | ૨ | ૦ | ૦ | ૩ | ૨ | જનરલ હોસ્પિટલ, ખેડા | ૦ | ૦ | ૬ | ૬ | ૬ | ૬ |
| | **કુલ :** | | ૪૪ | ૩૬ | ૧૨૦ | ૧૦૪ | ૧૬૪ | ૧૪૦ | | | ૧૨ | ૧૧૨ | ૧૧૩ | ૧૨૪ | ૧૨૫ |

------------

## કચ્છ જિલ્લામાં તાલુકાવાર સી.એચ.સી.

**૧૦૨૭૭ શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલા સી.એચ.સી. કાર્યરત છે,

(૨) નવા કોઈ સી.એચ.સી. શરૂ કરવાનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે, અને

(૩) જો હા, તો ક્યાં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત સી.એચ.સી. નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | કાર્યરત એચ.સી.સી. |
|---|---|---|
| ૧ | અબડાસા | ૧ |
| ૨ | અંજાર | ૧ |
| ૩ | ભચાઉ | ૩ |
| ૪ | ભુજ | ૨ |
| ૫ | મુન્દ્રા | ૧ |
| ૬ | નખત્રાણા | ૧ |
| ૭ | રાપર | ૧ |
| ૮ | ગાંધીધામ | ૧ |
| ૯ | માંડવી | ૧ |
| ૧૦ | લખપત | ૧ |

(૨) વસ્તીના ધોરણે મળવાપાત્ર થતાં સી.એચ.સી. પુરતા પ્રમાણમાં હોઈ નવા સી.એચ.સી. શરૂ કરવાનું કોઈ આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ભરૂચ જિલ્લામાં લોકફાળો ભરી બનાવેલ કુવાઓ

**૧૦૨૩૧શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠા યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં લોકફાળો ભરી ક્યા ક્યા તાલુકામાં કેટલા કુવા

**જવાબ**

(૧) આ સમયગાળામાં પાણી પુરવઠા યોજના હેઠળ લોકફાળો ભરી કોઈ કૂવા કરવામાં આવેલ નથી.

બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કુવાઓ કાર્યરત છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીની અછત**

**૩૨૬/page>૯૯૫૪ શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા ગામોમાં પીવાના પાણીની અછત છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં નીચેની વિગતે ૬ તાલુકાના ૧૭ ગામોમાં પીવાના પાણીની અછત છે.

| અ. નં. | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૨ |
| ૨ | વિસાવદર | ૦૨ |
| ૩ | કેશોદ | ૦૧ |
| ૪ | માળીયા | ૦૧ |
| ૫ | માંગરોળ | ૦૯ |
| ૬ | કોડીનાર | ૦૨ |

(૨) આ અછત નિવારવા અને તેનો કાયમી ઉકેલ લાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) પીવાના પાણીની અછત નિવારવા આ ગામોને ટેન્કર દ્વારા તથા હયાત બોર દ્વારા પાણી પુરવઠા પુરો પાડવાનું તથા તેના કાયમી ઉકેલ માટે મહી પાઈપ લાઈન પ્રોજેક્ટ અંતર્ગત જૂથ યોજનાઓમાં આવરી લેવાનું આયોજન કરેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંચાલન કરતા ટ્રસ્ટો**

૯૪૨૦**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ટ્રસ્ટોને સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્રો સોંપવામાં આવેલા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ હાલ વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચે જણાવેલ ટ્રસ્ટોને સરકારી સામુહિક આરોગ્ય કેન્દ્રો સોંપવામાં આવેલ છે.

| તાલુકો | ટ્રસ્ટનું નામ | સા.આ.કેન્દ્રનું નામ |
|---|---|---|
| (૧) સંખેડા | મંગલ ગ્રામ સેવા નિધિ ટ્રસ્ટ, ગોલાગામડી | સા.આ.કેન્દ્ર, ગોલાગામડી |
| (૨) શિનોર | શક્તિકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, મોટાફોફળીયા | સા.આ.કેન્દ્ર, મોટાફોફળીયા |
| (૩) વડોદરા | જનકલ્યાણ સાર્વજનિક હોસ્પિટલ ચેરીટેબલ ટ્રસ્ટ, છાણી | સા.આ.કેન્દ્ર, છાણી |

(૨) ઉક્ત આરોગ્ય કેન્દ્રોમાં ફી નું ધોરણ કેવી રીતે નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) **ઉપરોક્ત આરોગ્ય કેન્દ્રોમાં ફીના ધોરણ અંગેની વિગતો નીચે મુજબ છે.**

**(૧) સા.આ.કેન્દ્ર, ગોલાગામડી :-** સંસ્થા ધ્વારા દર્દીઓ પાસેથી કોઈપણ જાતની ફી તથા દવાઓનો ચાર્જ લેવામાં આવતા નથી. સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિ દ્વારા પણ વિવિધ સેવાઓના યુઝર્સ ચાર્જીસ કે અન્ય કોઈ ફી દર્દીઓ પાસેથી લેવામાં આવતા નથી.

**(૨) સા.આ.કેન્દ્ર, મોટાફોફળીયા :-** સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક :- સીએચસી-૧૭૯૬-૯૦૧-બ, તા. ૧૬-૭-૯૬ની શરત નં. (૨૦) અન્વયે ફીનું ધોરણ કમિશ્નરશ્રી (આરોગ્ય)ના કાર્યાલયના પત્ર (૧) નં. આરએચડી ડેવ. ૫-મોટાફોફળીયા-સંચાલન-સ્વે.સંસ્થા-૯૭ તા. ૧૯-૨-૧૯૯૭ તથા (૨) આરએચડી-ડેવ.૫-સાઆકે-મોટીફોફળીયા-સંચાલન-સ્વે.સંસ્થા-૦૧ તા. ૧-૧-૦૧ના પત્રોથી વિવિધ સેવાઓના ફીના ધોરણો મંજુર કરવામાં આવેલ છે. તે અન્વયે સરકારશ્રીના જુદા જુદા ઠરાવોને આધારે ચાર્જીસ મંજુર કરવામાં આવેલ છે. રોગી કલ્યાણ

સમિતિ અંતર્ગત સા.આ.કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ ચાર્જીસ પેટે તેઓશ્રી ક્ષાએથી યુઝર્સ ચાર્જ લેવામાં આવે છે. અન્ય કોઈ યુઝર્સ ચાર્જ લેવામાં આવતા નથી. મેડીકો લીગલ કેસ, ગરીબી રેખા નીચેના કુટુંબની વ્યક્તિઓ તેમજ રાષ્ટ્રિય આરોગ્ય કાર્યક્રમો અંતર્ગત આપવામાં આવતી આરોગ્ય સેવાઓ વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે.

**(૩) સા.આ.કેન્દ્ર, છાણી :-** સંસ્થા ધ્વારા દર્દીઓ પાસેથી કોઈપણ જાતની ફી તથા દવાઓનો ચાર્જ લેવામાં આવતો નથી, રોગી કલ્યાણ સમિતિ અંતર્ગત સા.આ.કેન્દ્ર ખાતે ઓ.પી.ડી., ઈન્ડોર કેસ પેટે તેઓશ્રી ક્ષાએથી યુઝર્સ ચાર્જ લેવામાં આવે છે. અન્ય કોઈ યુઝર્સ ચાર્જ લેવામાં આવતા નથી. મેડીકો લીગલ કેસ, ગરીબી રેખા નીચેના કુટુંબની વ્યક્તિઓ તેમજ રાષ્ટ્રિય આરોગ્ય કાર્યક્રમો અંતર્ગત આપવામાં આવતી સેવાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી ?

(૩) ઉક્ત આરોગ્ય કેન્દ્રોમાં ફીના ધોરણ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કોઈ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ નથી. પરંતુ સરકારશ્રીના નિયત ઠરાવની શરતો અન્વયે છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું *પત્રક-૧ સામેલ છે. તેમજ રોગી કલ્યાણ સમિતિ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું (*પત્રક-૨ સામેલ છે.)

**પત્રક-૧**

| ક્રમ | વર્ષ | સા.આ.કેન્દ્ર, મોટા ફોફડીયા | સા.આ.કેન્દ્ર, છાણી | સા.આ.કેન્દ્ર, ગોલાગામડી |
|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | ફાળવેલ ગ્રાન્ટ | ફાળવેલ ગ્રાન્ટ |
| ૧ | ૨૦૦૭-૦૮ | ૩૨૩૬૦૦૦ | ૦ | ૧૧૬૦૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૩૫૬૦૦૦૦ | ૨૫૫૭૦૦૦ | ૨૩૪૩૭૫ |

**પત્રક-૨**

| ટ્રસ્ટ સંચાલીત સા.આ.કેન્દ્રનું નામ | વર્ષ | | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | |
| ગોલાગામડી | ૨૫૦૦૦૦ | ૩૩૪૦૦૦ | ૫૮૪૦૦૦ |
| મોટા ફોફળીયા | ૪૭૦૦૦૦ | ૪૩૪૦૦૦ | ૯૦૪૦૦૦ |
| છાણી | ૩૭૦૦૦૦ | ૫૩૪૦૦૦ | ૯૦૪૦૦૦ |

------------

## ડીસા સિંચાઈ વિભાગમાં વર્ષોથી એક જ જ્ગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓ

૯૫૬૫**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ બનાસકાંઠાના ડીસા સિંચાઈ વિભાગમાં સંવર્ગવાર કેટ કેટલા કર્મચારીઓ છેલ્લા ઘણાં વરસોથી એક જ જ્ગ્યાએ ફરજ બજાવે છે, અને

(૨) ઉક્ત કર્મચારીઓની અન્યત્ર બદલી નહીં કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ડીસા સિંચાઈ વિભાગ હેઠળ ૨-મદદનીશ ઈજનેર, ૮-અધિક મદદનીશ ઈજનેર, ૨-જુનીયર ક્લાર્ક, ૩-ડ્રાઈવર અને ૧-ટાઈપીસ્ટ એક જ જ્ગ્યા પર પાંચ વર્ષથી વધુ સમયથી ફરજો બજાવે છે.

(૨) વહીવટી જરૂરીયાત અને સરકારી કામકાજનું હિત.

**ડાકોરના વિકાસ માટે ફાળવેલ રકમ**

૧૦૨૪૦**શ્રી રામસિંહ પરમાર(ઠાસરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાકોરના પવિત્ર રણછોડરાય મંદિરના વિકાસ માટે વર્ષવાર કેટકેટલી રકમ ફાળવી, અને

(૨) ઉક્ત ફાળવેલ રકમ અન્વયે ક્યા ક્યા પ્રકારના કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બે વર્ષમાં ડાકોરના પવિત્ર રણછોડરાય મંદિરના વિકાસ માટે સને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં અનુક્રમે રૂા. ૯૩.૯૧ લાખ તથા રૂા, ૭૮.૬૧ લાખની રકમ ફાળવવામાં આવી હતી.

(૨) ડાકોર પવિત્ર યાત્રાધામની મહત્તા સાચવવા, સુવિધાઓ ઉપલબ્ધ થાય અને યાત્રિકોને સવલતો મળે તે માટે ડાકોર મંદિર, મંદિર પરિસર અને યાત્રાધામમાં આ પ્રમાણેના કામો કરવામાં આવેલ છે.

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ડાકોરને જોડતા રસ્તાઓ ઉપર તથા શહેરની ફરતે સ્થળ સૂચકો મૂકવાનું કામ |
| ૨ | મંદિર પરિસરની આસપાસની દુકાનો સંપાદન કરવાનું કામ |
| ૩ | સંપાદિત ટેમ્પલ સ્કવેરમાં સ્ટોન પેવીંગ, રેલીંગ તથા કરબીંગનું કામ |
| ૪ | પવિત્ર ગોમતી તળાવમાંથી નાળો દુર કરવાનું કામ |
| ૫ | ગોમતી ઘાટ ઉપર સ્ટોન પેવીંગ, રેલીંગ, કરબીંગ કરવાનું કામ |
| ૬ | ગોમતી ઘાટ ઉપર હાઈમાસ્ટર મૂકવાનું કામ |
| ૭ | ગોમતી ઘાટ ઉપર કલાત્મક કોતરણી યુક્ત છત્રી બનાવવાનું કામ |
| ૮ | ગોમતી ઘાટ ઉપર કાષ્ટ આયર્ન બેન્ચીસ મૂકવાનું કામ |
| ૯ | વિજય દ્વારથી બોડાણા સ્ટેચ્યુ સુધીનો પ્રવેશ માર્ગ |
| ૧૦ | શામળ બેચરનું ડહેલુ હેરીટેજ વેલ્યુ જળવાય તે રીતે બહુવીધ સંકુલ બનાવવાનું કામ |
| ૧૧ | ગોમતી ઘાટ ઉપર ચેઈન્જીંગ રૂમ |
| ૧૨ | સુલભ શોચાલય, લોકર્સની સગવડ |
| ૧૩ | ગોમતી તળાવમાં તરતા ફૂવારાની સુવિધા |
| ૧૪ | ગોમતી તટ ઉપર દંડી સ્વામી મઠની ફસાડ મરામતનું કામ |
| ૧૫ | ગોમતી ઘાટ ઉપર મોરાર ભુવનની ફસાડ મરામતનું કામ |
| ૧૬ | ગોમતી તટ ઉપર મંદિરના મેનેજરશ્રીના બંગલાની ફસાડના મરામતનું કામ |

ગોમતી તળાવના કિનારે આવેલ ગાંધીબાગના રીનોવેશનની કામગીરી ચાલુ છે. મુખ્ય બાબતો નીચે દર્શાવેલ છે.

| અ.નં. | કામગીરીની વિગત |
|---|---|
| ૧ | સાઈટ સફાઈ કરવાની કામગીરી |
| ૨ | બાગ ફરતે દિવાલ |
| ૩ | દિવાલ ઉપર ચેલનલીંગ ફેન્સીંગ |
| ૪ | ગેટ નં. ૨ બનાવવા |
| ૫ | ઘાટનું રીનોવેશન અને રીપેરીંગ |
| ૬ | પેવીંગની કામગીરી |
| ૭ | રોક ગાર્ડન |
| ૮ | વોચમેન કેબીન |
| ૯ | સેન્ટ્રલ સર્કલ |
| ૧૦ | સીટીંગ પ્લેટફોર્મ અને બેન્ચીસ |
| ૧૧ | ફ્લોટીંગ જેટી |
| ૧૨ | એન્ટ્રેસ આર્ચ વોલ વીથ ફાઉનટેન |
| ૧૩ | લેન્ડ સ્કેપીંગ |

અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટેના ભવિષ્યમાં હાથ ધરવાના નીચે દર્શાવેલ કામો આયોજન હેઠળ છે.

| અ.નં. | કામનું નામ |
|---|---|
| ૧ | ગોમતી ઘાટ ઉપર બંસી પહાડપુર પથ્થરમાંથી બનાવેલ ત્રણ કલાત્મક છત્રીઓ |
| ૨ | પાદુકાજીથી ગાયકવાડની હવેલીના રસ્તા ઉપર કલાત્મક બેન્ચીસ, ડેકોરેટીવ લાઈટ, પોલ્સ, પ્લાન્ટસ |
| ૩ | સર્વે નં. ૨૦૦૦, ૨૦૦૪ તથા ૨૦૦૬ માં બીઓટીના ધોરણે પાર્કીંગ પ્લોટના વિકાસનું કામ |
| ૪ | ગોમતી તળાવ ગણપતિજીના મદિરથી રણછોડરાયજીના મંદિરને જોડતો બ્રીજ (ટેમ્પલ પ્લાઝા) |
| ૫ | ડાકોર શહેરમાં આવેલ અન્ય મંદિર તરફ જવાનો રસ્તો તથા |

------------

## વલસાડ જિલ્લામાં પી.એચ.સી.

**૧૦૨૪૨શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, અને

(૨) તેમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને તે જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રા.આ. કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા.આ. કેન્દ્રની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૯ |
| ૨ | પારડી | ૯ |
| ૩ | ઉંમરગામ | ૮ |
| ૪ | ધરમપુર | ૭ |
| ૫ | કપરાડા | ૯ |
| | કુલ : | ૪૨ |

(૨) વલસાડ જિલ્લાના પ્રા.આ. કન્દ્રોમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| જીલ્લાનું નામ | વર્ગ-૨ | | વર્ગ-૩ | | વર્ગ-૪ | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| વલસાડ | ૪૨ | ૩ | ૧૨૬ | ૬૫ | ૧૬૮ | ૮૩ |

પ્રા.આ. કેન્દ્ર દીઠ મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેનું *પત્રક-અ સામેલ છે.

તા. ૧૨-૬-૦૬ થી સચિવશ્રી જી.પં. સેવા પસંદગી સમિતિ જી. વલસાડને ખાલી જગ્યા ભરવા માંગણાપત્રક મોકલી આપેલ છે. તા. ૮-૬-૦૯ના રોજ દૈનિક પેપરમાં જાહેરાત આપીને અરજીઓ મંગાવવામાં આવેલ છે. જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.

આ ઉપરાંત રાજ્યના પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવેલ છે. એન.આર.એચ.એમ. હેઠળ આ સમિતિને સરકારશ્રી દ્વારા નાણાંકીય સહાય રૂા. ૧.૦૦ લાખ લેખે પ્રત્યેક કેન્દ્રને આપવામાં આવે છે. જેમાંથી તે પ્રા.આ. કેન્દ્ર ખાતે જરૂરીયાત મુજબ સ્થાનિક કક્ષાએથી આઉટસોર્સથી ઉમેદવારો રાખી કામગીરી લેવામાં આવે છે.

### પત્રક--અ

| અ. નં. | પ્રા.આ.કે. નું નામ | એમ.ઓ. | | જુની. ફાર્મા | | લેબો. ટેક્ની. | | ડ્રાયવર | | વોર્ડ બોય | | વોર્ડ આયા | | સ્વીપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી |
| ૧ | ભદેલી જગાલાલા | ૦ | | ૧ | ૧૭-૧૧-૦૮ | ૦ | | ૧ | ૦૧-૦૯-૨૦૦૪ | ૦ | | ૦ | | ૧ | |
| ૨ | ચણવઈ | ૦ | | ૧ | ૧૫-૦૧-૨૦૦૦ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૩ | વાંક્લ | ૦ | | ૧ | ૩૧-૦૩-૨૦૦૩ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ | |
| ૪ | હરિયા | ૦ | | ૧ | ૩૦-૧૦-૨૦૦૭ | | | ૧ | ૩૧-૦૮-૨૦૦૨ | ૦ | | ૦ | | ૨ | |
| ૫ | અટગામ | ૦ | | ૦ | | | | ૦ | | ૦ | | ૦ | | ૨ | |
| ૬ | ગોરગામ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૭ | કાજણ રણછોડ | ૦ | | ૧ | ૩૧-૦૧-૨૦૦૮ | ૧ | ૧૮-૦૩-૨૦૦૭ | ૧ | ૦૧-૦૭-૨૦૦૮ | ૧ | ૦૭-૦૬-૨૦૦૧ | ૦ | | ૧ | |
| ૮ | ધરાસણા | ૦ | | ૧ | ૦૩-૦૯-૧૯૯૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૯ | મગોદ | ૦ | | ૧ | ૧૭-૦૫-૨૦૦૧ | ૦ | | ૦ | | ૧ | ૦૨-૧૦-૧૯૯૮ | ૦ | | ૧ | |
| ૧૦ | ઓરવાડ | ૦ | | ૧ | ૩૧-૦૧-૨૦૦૫ | ૦ | | ૦ | | ૧ | ૦૧-૦૩-૨૦૦૧ | ૦ | | ૧ | |
| ૧૧ | બાલદા | ૦ | | ૧ | ૧૮-૦૮-૨૦૦૨ | ૦ | | ૧ | ૦૧-૦૯-૧૯૯૮ | ૦ | | ૦ | | ૧ | |
| ૧૨ | કોપરલી | ૦ | | ૧ | ૩૧-૦૩-૨૦૦૩ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૧૩ | ઉમરસાડી | ૦ | | ૧ | ૦૧-૦૭-૧૯૯૩ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૧૪ | મોટા વાઘછીપા | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૧૫ | નાનીતંબાડી | ૦ | | ૧ | ૧૭-૧૧-૧૯૯૮ | ૧ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૧૬ | પરિયા | ૦ | | ૧ | ૧૦-૦૨-૨૦૦૧ | ૧ | ૦૧-૦૯-૨૦૦૦૩ | ૧ | ૦૧-૦૯-૨૦૦૦૩ | ૦ | | ૦ | | ૧ | |
| ૧૭ | સોનવાડા (કા.બા.) | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૨ | ૧૯૮૯-૯૦ |
| ૧૮ | ઉદવાડા | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯-૯૦ | ૧ | ૧૯૮૯- | ૨ | ૧૯૮૯-૯૦ |

| અ. નં. | પ્રા.આ.કે. નું નામ | એમ.ઓ. | | જુની. ફાર્મા | | લેબો. ટેક્ની. | | ડ્રાયવર | | વોર્ડ બોય | | વોર્ડ આયા | | સ્વીપર | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી | ખા | ક્યારથી ખાલી |
| | (ક્રા.બા.) | | | | | | | | | | | | ૯૦ | | |
| ૧૯ | સંજાણ | ૦ | | ૧ | ૩૦-૦૬-૨૦૦૭ | ૧ | ૧૧-૦૯-૨૦૦૩ | ૧ | ૧૫-૧૧-૨૦૦૮ | ૦ | | ૧ | ૦૧-૦૧-૨૦૦૬ | ૧ | |
| ૨૦ | ફણસા-કલગામ | ૦ | | ૧ | ૧૮-૦૧-૧૯૮૯ | ૦ | | ૦ | | ૧ | ૩૧-૦૭-૧૯૯૪ | ૦ | | ૨ | |
| ૨૧ | મરોલી | ૦ | | ૧ | | ૦ | | ૧ | ૦૧-૦૭-૧૯૯૯ | ૧ | ૦૧-૦૪-૧૯૯૯ | ૦ | | ૨ | |
| ૨૨ | સોળસુંબા | ૦ | | ૦ | | ૧ | ૩૦-૦૬-૨૦૦૩ | ૧ | ૦૧-૧૦-૧૯૯૯ | ૦ | | ૦ | | ૧ | |
| ૨૩ | ખતલવાડા | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૨૪ | વલવાડા | ૦ | | ૧ | ૦૨-૦૨-૨૦૦૧ | ૦ | | ૧ | ૦૧-૦૮-૧૯૮૯ | ૧ | ૦૦-૫-૦૧ | ૦ | | ૧ | |
| ૨૫ | દેહરી | ૦ | | ૧ | ૦૧-૧૦-૨૦૦૩ | ૧ | ૦૧-૧૦-૨૦૦૩ | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૨૬ | અંક્લાછ | ૦ | | ૧ | ૦૧-૦૯-૨૦૦૩ | ૧ | ૦૧-૦૯-૨૦૦૩ | ૦ | | ૧ | ૦૧-૦૯-૨૦૦૩ | ૧ | ૦૧-૦૯-૨૦૦૩ | ૧ | |
| ૨૭ | તુતરખેડ | ૦ | | ૧ | ૦૩-૦૧-૧૯૯૦ | ૧ | ૩૦-૦૫-૨૦૦૩ | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૨૮ | જામલીયા | ૦ | | ૧ | | ૧ | ૧૮-૦૩-૨૦૦૭ | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૨૯ | સીદુમ્બર | ૦ | | ૦ | ૦૭-૦૧-૧૯૯૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ | |
| ૩૦ | ધામણી | ૦ | | ૧ | ૦૨-૦૨-૨૦૦૨ | ૧ | ૦૧-૦૭-૨૦૦૬ | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૩૧ | હનમંતમાળ | ૦ | | ૧ | ૦૩-૦૩-૨૦૦૦ | ૧ | ૦૩-૦૩-૨૦૦૪ | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૩૨ | નાનીઢોલ ડુંગરી | ૦ | | ૧ | ૧૩-૦૮-૧૯૯૮ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | |
| ૩૩ | કાકડકુવા | ૦ | | ૧ | ૦૧-૦૯-૨૦૦૩ | ૧ | ૦૧-૦૯-૨૦૦૩ | ૦ | | ૦ | | ૦ | | ૦ | |
| ૩૪ | મનાલા | ૦ | | ૧ | ૧૨-૦૪-૨૦૦૬ | ૧ | ૦૧-૦૭-૨૦૦૪ | ૦ | | ૧ | ૦૦-૪-૯૯ | ૧ | ૨૩-૦૭-૨૦૦૮ | ૨ | |
| ૩૫ | લવકર | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૧ | ૦૧-૦૭-૨૦૦૭ | ૨ | |
| ૩૬ | મોટાપોઢા | ૦ | | ૧ | ૧૭-૧૧-૨૦૦૮ | ૦ | | ૦ | | ૧ | ૦૦-૪-૯૯ | ૦ | | ૨ | |
| ૩૭ | સુથારપાડા | ૦ | | ૧ | ૧-૦૭-૨૦૦૨ | ૦ | | ૦ | | ૦ | | ૦ | | ૨ | |
| ૩૮ | દહિંખેડ | ૦ | | ૧ | ૦૯-૦૪-૧૯૯૯ | ૦ | | ૦ | | ૧ | ૧૭-૦૫-૧૯૯૯ | ૧ | ૧૭-૦૫-૧૯૯૯ | ૨ | |
| ૩૯ | રોહીયાળ જંગલ | ૦ | | ૧ | ૧૨-૧૦-૨૦૦૧ | ૧ | ૨૬-૦૪-૨૦૦૭ | ૦ | | ૧ | ૦૫-૧૦-૨૦૦૧ | ૧ | ૦૫-૧૦-૨૦૦૧ | ૨ | |
| ૪૦ | સિલ્ધા | ૦ | | ૧ | ૧-૦૭-૨૦૦૪ | ૧ | ૦૧-૦૭-૨૦૦૪ | ૦ | | ૧ | ૦૧-૦૭-૨૦૦૪ | ૦ | | ૨ | |
| ૪૧ | દાબખલ | ૦ | | ૦ | | ૧ | ૦૧-૦૩-૨૦૦૬ | ૦ | | ૧ | ૦૧-૦૩-૨૦૦૬ | ૦ | | ૨ | |
| ૪૨ | સુખાલા | ૧ | ૨૮-૦૨-૧૯૯૦ | ૧ | ૨૮-૦૨-૧૯૮૦ | ૧ | ૨૮-૦૨-૧૯૯૦ | ૧ | ૨૮-૦૨-૧૯૯૦ | ૧ | ૨૮-૦૨-૧૯૯૦ | ૧ | ૨૮-૦૨-૧૯૯૦ | ૨ | ૨૮-૨-૧૯૯૦ |
| | **કુલ :** | **૩** | | **૩૪** | | **૧૯** | | **૧૨** | | **૧૬** | | **૯** | | **૫૮** | |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં હેન્ડ પંપો

૯૮૫૦ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા હેન્ડ પંપોની સંખ્યા મંજૂર કરેલ હતી,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મંજૂર કરેલ નવા હેન્ડપંપોની વિગતો નીચે મુજબ છે.

| **જિલ્લો** | **તાલુકો** | **મંજૂર કરેલ હેન્ડપંપોની** |
|---|---|---|
| ભરૂચ | ભરૂચ | ૮ |
| | અંક્લેશ્વર | ૪૨ |
| | હાંસોટ | ૦ |
| | વાગરા | ૩ |
| | જંબુસર | ૨૨ |
| | આમોદ | ૭ |

| | | |
|---|---|---|
| | આમોદ | ૭ |
| | ઝઘડીયા | ૨૪૪ |
| | વાલીયા | ૧૪૮ |
| નર્મદા | ડેડીયાપાડા | ૩૯૭ |
| | સાગબારા | ૨૨૩ |
| | તીલકવાડા | ૨૩ |
| | નાંદોદ | ૨૦૫ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલા હેન્ડપંપોના કામ પૂર્ણ થયા, અને

(૨) તા. ૩૧-૦૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પૂર્ણ કરેલ હેન્ડપંપોની વિગતો નીચે મુજબ છે.

| **જિલ્લો** | **તાલુકો** | **મંજૂર કરેલ હેન્ડપંપોની સંખ્યા** |
|---|---|---|
| ભરૂચ | ભરૂચ | ૮ |
| | અંકલેશ્વર | ૩૨ |
| | હાંસોટ | ૦ |
| | વાગરા | ૩ |
| | જંબુસર | ૧૫ |
| | આમોદ | ૪ |
| | ઝઘડીયા | ૧૭૩ |
| | વાલીયા | ૧૧૮ |
| નર્મદા | ડેડીયાપાડા | ૩૦૮ |
| | સાગબારા | ૧૭૬ |
| | તીલકવાડા | ૧૦ |
| | નાંદોદ | ૧૪૩ |

(૩) બાકી હેન્ડપંપોના કામ ક્યાં સુધીમાં પૂર્ણ થશે ?

(૩) ભરૂચ જિલ્લામાં બાકી રહેતા ૧૨૧ હેન્ડપંપોના કામો તથા નર્મદા જિલ્લામાં બાકી રહેતા ૨૧૧ હેન્ડપંપોના કામો ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## પંચમહાલ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોનું મહેકમ

૯૭૨૯ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના તેમ જ સબસેન્ટરોમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જીલ્લા પંચાયત સંચાલિત દવાખાના તેમજ સબ સેન્ટરોમાં મંજુર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મંજુર થયેલ સા.આ.કેન્દ્રની સંખ્યા | સા.આ.કેન્દ્રમાં કુલ મંજુર થયેલ મહેકમ | મંજુર થયેલ પ્રા.આ.કેન્દ્રની સંખ્યા | પ્રા.આ.કેન્દ્રમાં કુલ મંજુર થયેલ મહેકમ | મંજુર થયેલ સબ સેન્ટરની સંખ્યા | સબ સેન્ટરમાં કુલ મંજુર થયેલ મહેકમ | સા.આ.કેન્દ્ર પ્રા.આ.કેન્દ્ર અને સબ સેન્ટરનું કુલ મંજુર મહેકમ |
|---|---|---|---|---|---|---|---|
| હાલોલ | ૧ | ૪૬ | ૬ | ૬૩ | ૩૮ | ૭૬ | ૧૮૫ |
| શહેરા | ૧ | ૨૯ | ૬ | ૬૩ | ૪૧ | ૮૨ | ૧૭૪ |
| ગોધરા | ૨ | ૫૦ | ૯ | ૯૪ | ૫૪ | ૧૦૮ | ૨૫૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| જાંબુઘોડા | ૧ | ૨૫ | ૨ | ૨૦ | ૮ | ૧૬ | ૬૧ |
| કાલોલ | ૨ | ૫૪ | ૫ | ૫૪ | ૩૭ | ૭૪ | ૧૮૨ |
| મોરવા | ૧ | ૨૫ | ૬ | ૬૩ | ૩૦ | ૬૦ | ૧૪૮ |
| કડાણા | ૧ | ૨૬ | ૫ | ૫૩ | ૩૦ | ૬૦ | ૧૩૯ |
| લુણાવાડા | ૧ | ૨૭ | ૯ | ૮૪ | ૪૨ | ૮૪ | ૧૯૫ |
| ઘોંઘંબા | ૧ | ૨૭ | ૮ | ૮૩ | ૪૮ | ૯૬ | ૨૦૬ |
| સંતરામપુર | ૦ | ૦ | ૮ | ૮૩ | ૫૬ | ૧૧૨ | ૧૯૫ |
| ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૩૨ | ૩૨ |
| કુલ : | ૧૧ | ૩૦૯ | ૬૪ | ૬૬૦ | ૪૦૦ | ૮૦૦ | ૧૭૬૯ |

**તા-૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં એકપણ જીલ્લા પંચાયત સંચાલિત દવાખાના નથી.**

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ હાજર મહેકમ કેટલું છે,

(૨) તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જીલ્લા પંચાયત સંચાલિત દવાખાના તેમજ સબ સેન્ટરોમાં હાજર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મંજુર થયેલ સા.આ.કેન્દ્રની સંખ્યા | સા.આ.કેન્દ્રમાં કુલ હાજર મહેકમ | મંજુર થયેલ પ્રા.આ.કેન્દ્રની સંખ્યા | પ્રા.આ.કેન્દ્રમાં કુલ હાજર મહેકમ | મંજુર થયેલ સબ સેન્ટરની સંખ્યા | સબ સેન્ટરમાં કુલ હાજર મહેકમ | સા.આ.કેન્દ્ર પ્રા.આ.કેન્દ્ર અને સબ સેન્ટરનું કુલ હાજર મહેકમ |
|---|---|---|---|---|---|---|---|
| હાલોલ | ૧ | ૪૧ | ૬ | ૩૫ | ૩૮ | ૬૭ | ૧૪૩ |
| શહેરા | ૧ | ૨૩ | ૬ | ૪૩ | ૪૧ | ૬૮ | ૧૩૪ |
| ગોધરા | ૨ | ૩૯ | ૯ | ૭૩ | ૫૪ | ૧૦૩ | ૨૧૫ |
| જાંબુઘોડા | ૧ | ૨૩ | ૨ | ૧૩ | ૮ | ૧૩ | ૪૯ |
| કાલોલ | ૨ | ૩૬ | ૫ | ૪૯ | ૩૭ | ૬૮ | ૧૫૩ |
| મોરવા | ૧ | ૨૧ | ૬ | ૩૯ | ૩૦ | ૫૦ | ૧૧૦ |
| કડાણા | ૧ | ૨૨ | ૫ | ૩૧ | ૩૦ | ૪૯ | ૧૦૨ |
| લુણાવાડા | ૧ | ૧૯ | ૯ | ૬૧ | ૪૨ | ૮૧ | ૧૬૧ |
| ઘોંઘંબા | ૧ | ૧૭ | ૮ | ૫૮ | ૪૮ | ૭૯ | ૧૫૪ |
| સંતરામપુર | ૦ | ૦ | ૮ | ૮ | ૫૬ | ૧૦૧ | ૧૦૯ |
| ખાનપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૨૮ | ૨૮ |
| કુલ | ૧૧ | ૨૪૧ | ૬૪ | ૪૧૦ | ૪૦૦ | ૭૦૭ | ૧૩૫૮ |

**તા-૩૧-૧૨-૦૮ ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં એકપણ જીલ્લા પંચાયત સંચાલિત દવાખાના નથી.**

(૩) ખાલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) સા.આ.કેન્દ્રો ખાતે ખાલી જ્ગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક*- અ સામેલ છે.

પ્રા.આ.કેન્દ્રો ખાલી જ્ગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક*- બ સામેલ છે.

સબ સેન્ટરો ખાલી જ્ગ્યાઓની વિગત દર્શાવતુ પત્રક*- ક સામેલ છે.

(૪) ઉક્ત ખાલી જ્ગ્યાઓ ન ભરવાના ક્યા કારણો છે અને કેટલા સમયમાં ભરવામાં આવશે ?
એચબી-૨૬૦-૧૬

(૪) સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઓ.પી.ડી./ઈન્ડોર તેમજ અન્ય કામગીરીને ધ્યાને લઈ જ્ગ્યાઓ ભરવામાં આવે છે.

- વર્ગ-૧ ની જ્ગ્યાઓ દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તજજ્ઞ વર્ગ-૧ પોતાના પસંદગીના સ્થળે જવા ઈચ્છતા હોવાથી સા.આ.કેન્દ્રો ખાતેની વર્ગ-૧ની જ્ગ્યા ખાલી રહેવા પામેલ છે.
- તબીબી અધિકારી વર્ગ-૨ ની જ્ગ્યાઓ ભરવા માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ નું આયોજન કરવામાં આવે છે. જેમાંથી એડહોક નિમણૂંક આપવામાં આવે છે. મેડીકલ કોલેજો તરફથી ઉર્તિણ થયેલ તબીબોની યાદી મળ્યેથી બોન્ડેડ તબીબ તરીકે નિમણુંક આપવામાં આવે છે. અને ફીક્સ પગારથી આયુષ તબીબોને કરારના ધોરણે નિમણુંક આપવામાં આવે છે.
- વર્ગ-૩ ની ક્લેરીકલ સંવર્ગની તથા પેરામેડીકલ સંવર્ગની જ્ગ્યાઓ ગોણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર ધ્વારા ભરવામાં આવે છે.
- વર્ગ-૪ તમામ સા.આ.કેન્દ્રોને રોગી કલ્યાણ સમિતિમાં રૂા.૧,૦૦.૦૦૦(રૂ.એક લાખ પુરા) ની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાંથી વર્ગ-૪ ની ખાલી જ્ગ્યાઓ આઉટ સોર્સીગથી ભરવાની મંજુરી આપેલ છે. જેથી વર્ગ-૪ ની જ્ગ્યા ખાલી ગણવાની રહેતી નથી.
- જીલ્લા પંચાયત ખાતે વર્ગ-૩ ફાર્માશીસ્ટ અને લેબોરેટરી ટેક્નીશ્યનની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે તા.૧૮-૩-૦૬ ના પત્રથી જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિને માંગણા પત્રક મોકલી આપવામાં આવેલ છે. મંડળ તરફથી ફાળવણી થયેથી જ્ગ્યાઓ ભરી શકાશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડ્રાયવર અને વર્ગ-૪ ની ખાલી જ્ગ્યાઓની કામગીરી કાર્યભારણને ધ્યાને લઈ આઉટ સોર્સીગથી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)**

## સરકારી હોસ્પિટલો ખાનગી તંત્રને સોંપવા બાબત

૧૦૩૭૨**શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યની કઈ કઈ સરકારી હોસ્પિટલો ખાનગી તંત્રને સોંપાઈ છે,

(૨) ઉક્ત હોસ્પિટલો ખાનગી તંત્રને સોંપવાના શાં કારણો છે,

(૩) હોસ્પિટલો ખાનગી તંત્રને સોંપવાથી ગરીબ તથા જરૂરીયાતવાળા દર્દીઓને તે આરોગ્ય સેવા ખર્ચાળ પડે છે તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૪) રાજ્યના સામાન્ય અને જરૂરીયાતવાળા દર્દીઓને વિના મૂલ્યે આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે સરકાર શી વ્યવસ્થા કરવા માંગે છે ?

**જવાબ**

(૧) પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ (૧) જનરલ હોસ્પિટલ, પાલનપુર અને (૨) જી.કે. જનરલ હોસ્પિટલ, ભૂજના સંચાલન માટે ખાનગી સંસ્થાઓ સાથે સમજૂતિ કરાર કરાયેલ છે. જનરલ હોસ્પિટલ, પાલનપુરનો કબજો સોંપવાનો બાકી છે. જ્યારે જી. કે. જનરલ હોસ્પિટલ, ભૂજનો કબજો સોંપવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) રાજ્યના સામાન્ય નાગરિકોને પૂરી પાડવામાં આવી રહેલ આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારવા તેમજ સરકારી હોસ્પિટલોમાં માળખાગત સુવિધા, ક્લીનીકલ અને ઓપરેશનલ સેવાઓ અંગેની સુવિધાઓ સારી રીતે ઉપલબ્ધ થાય તે દ્રષ્ટિએ રાજ્ય સરકારે જાહેર હિતમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપની નીતિ અપનાવેલ છે. જે અંતર્ગત ખાનગી સંસ્થાઓ સાથે સરકારી હોસ્પિટલોના સંચાલન માટે સમજૂતિ કરાર કરાયેલ છે.

(૩) અને (૪) રાજ્યની અન્ય સરકારી હોસ્પિટલોના ધોરણે આ બંને હોસ્પિટલોમાં સિવિલ હોસ્પિટલ તરીકેનો દરજ્જો ચાલુ રાખવામાં આવેલ છે. જેથી રાજ્યના (૧) બી.પી.એલ. કાર્ડ ધરાવતા દર્દીઓને મફત સારવાર અને (૨) સામાન્ય અને જરૂરીયાતવાળા દર્દીઓને રાહત દરે તબીબી સારવારની સવલતો પૂરી પાડવાની કાળજી રાખવામાં આવી છે.

------------

## દાહોદ જિલ્લામાં કાર્યરત સ્વતંત્ર અને જૂથ પાણી પુરવઠા યોજનાઓ

૯૫૪૨ **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કુલ કેટલી સ્વતંત્ર પાણી પુરવઠા અને કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ હયાત છે, અને

(૨) ઉક્ત યોજનાઓ પૈકી તાલુકાવાર ઉક્ત સ્થિતિએ કુલ કેટલી યોજનાઓ કાર્યરત છે ?

**જવાબ**

(૧) ૭૮૩ ગામે સ્વતંત્ર/હેન્ડપંપ પાણી પુરવઠા યોજના ૧ જૂથ પાણી પુરવઠા યોજના

(૩) તાલુકાવાર યોજનાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | કાર્યરત યોજનાની સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | હેન્ડપંપ યોજના | સ્વતંત્ર યોજના | જૂથ યોજના | |
| ૧ | દાહોદ | ૮૫ | ૨૦ | ૦ | ૧૦૫ |
| ૨ | ગરબાડા | ૩૪ | ૧૨ | ૦ | ૪૬ |
| ૩ | ધાનપુર | ૯૦ | ૩ | ૦ | ૯૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪ | લીમખેડા | ૧૫૨ | ૧૧ | ૦ | ૧૬૩ |
| ૫ | દે.બારીઆ | ૮૬ | ૩ | ૦ | ૮૯ |
| ૬ | ઝાલોદ | ૧૫૦ | ૧૧ | ૦ | ૧૬૧ |
| ૭ | ફતેપુરા | ૯૬ | ૦ | ૧ | ૯૭ |
| | **કુલ :** | **૬૯૩** | **૬૦** | **૧** | **૭૫૪** |

------------

**રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરો / નર્સોની ખાલી જ્ગ્યાઓ**

૧૦૨૭૧ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરોની અને નર્સોની કેટલી જ્ગ્યા ખાલી છે,

(૨) ઉક્ત ખાલી જ્ગ્યાઓ ભરવાનું શું આયોજન છે, અને

(૩) ઉક્ત ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | સંસ્થાનું નામ | વર્ગ-૧ ડૉક્ટર | વર્ગ-૨ ડૉક્ટર | વર્ગ-૩ સ્ટાફનર્સ |
|---|---|---|---|---|
| ૧ | પંડિત દિનદયાલ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ,રાજકોટ | ૦૦ | ૧૪ | ૧૩ |
| ૨ | જનરલ હોસ્પિટલ મોરબી | ૦૬ | ૦૩ | ૦૩ |
| ૩ | સરકારી હોસ્પિટલ, જેતપુર | ૦૩ | ૦૦ | ૦૨ |
| ૪ | સરકારી હોસ્પિટલ ગોંડલ | ૦૪ | ૦૦ | ૦૧ |
| ૫ | સરકારી હોસ્પિટલ, ધોરાજી | ૦૨ | ૦૦ | ૦૧ |
| | **કુલ :** | **૧૫** | **૧૭** | **૨૦** |

(૨) કમિશ્નરશ્રી (આરોગ્ય) ગાંધીનગરની કચેરી ખાતે દર મંગળવારે યોજવામાં આવતા એડહોક વોક ઈન ઈન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણૂંક આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

સ્ટાફનર્સની જ્ગ્યા મેરીટ લીસ્ટમાંથી ઉમેદવારોને ફિક્સ પે માં નિમણૂક આપી ભરવામાં આવે છે.

(૩) પાત્રતા ધરાવતા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી, માન્ય ભરતી પદ્ધતિથી, તુરત જ જ્ગ્યાઓ ભરવામાં આવશે.

------------

**બોરસદ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવા લાયક પાણીની સમસ્યા**

૯૦૦૨**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પાણી પીવા લાયક નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો ઉક્ત ગામોમાં પીવાનું પાણી મળી રહે તે માટે તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) પીવા લાયક પાણી માટેના ગુણવત્તાના ધોરણોમાં ફેરફાર થવાથી ૧૬ પેકી ૨ ગામોમાં પાણી પીવા લાયક નથી.

(૨) ગુણવત્તાની અસરવાળા ૨ ગામોમાં ચાલુ વર્ષમાં નવીન સોર્સ આધારિત યોજના બનાવીને વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મિક્મ્પોસ્ટ પ્લાન્ટ

૧૦૩૮૧**શ્રી ગણપતભાઈ વસાવા (માંગરોળ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સુરત જિલ્લાની કેટલી નગરપાલિકાઓમાં વર્મિક્મ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે, અને

(૨) નગરપાલિકાઓને તેનાથી શું લાભ થયેલ છે ?

**જવાબ**

(૧) સુરત જીલ્લાની બારડોલી નગરપાલિકામાં ૧૦ મેટ્રીક ટન પ્રતિ દિનની ક્ષમતાનો વર્મિક્મ્પોસ્ટ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે.

(૨) સુપ્રિમ કોર્ટના આદેશ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૦૦ અંતર્ગત નગરપાલિકાઓએ, દ ાન ક્ચરાનો વેજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવો ફરજિયાત છે, જેનો અમલ થયેલ છે. વર્મીક્મ્પોસ્ટ પ્લાન્ટમાંથી ઉપજતું ખાતર નગરપાલિકા માટે આવકનુ સાધન બનશે. પર્યાવરણ પ્રદૂષણ મુક્ત, નગર સ્વચ્છ અને સુંદર બનશે તેમજ ક્ચરાનો વેજ્ઞાનિક ઢબે નિકાલ થવાથી ગંદકી અને રોગચાળો ફેલાતો અટકશે.

------------

## ઉમરેઠ પી.એચ.સી.નું સંવર્ગવાર મંજૂર મહેક્મ

૧૦૦૯૭**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ઉમરેઠ શહેર ખાતે આવેલ પી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર થયેલ મહેક્મ સામે કેટ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લાના ઉમરેઠ શહેર ખાતે આવેલ પી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર થયેલ મહેક્મ સામે ખાલી જગ્યાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ખાલી |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧ | ૧ |
| ૨ | વર્ગ-૨ | ૨ | ૦ |
| ૩ | વર્ગ-૩ | ૧૪ | ૧ |
| ૪ | વર્ગ-૪ | ૧૦ | ૧ |
| | **કુલ :** | **૨૭** | **૩** |

(૨) --વર્ગ-૧ ની જગ્યા તા. ૨-૬-૦૨ થી ખાલી છે. વર્ગ-૧ ની ખાલી જગ્યાઓ ભરવા કમિશનરશ્રી (આરોગ્ય)ની ક્ચેરી ખાતે દર મંગળવારે એડહોક ઓપન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ઉક્ત ખાલી જગ્યા ભરવામાં આવશે.

--વર્ગ--૩માં સીનીયર ક્લાર્કની જગ્યા તા. ૧-૪-૨૦૦૦થી ખાલી છે. ક્લેરીક્લ સંવર્ગની જગ્યાઓ ગોણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા ભરવામાં આવે છે.

--વર્ગ-૪ માં પાર્ટ ટાઈમ વોચમેનની જગ્યા તા. ૧-૪-૨૦૦૦થી ખાલી છે. તમામ પ્રા.આ.કેન્દ્રોની રોગી ક્લ્યાણ સમિતિમાં રૂા. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ પુરા)ની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેમાંથી વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાની મંજુરી આપેલ છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું પાણી ન મેળવતા વિસ્તારોમાં પીવાનું પાણી પૂરૂં પાડવાનું આયોજન

૯૯૫૫**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના જે વિસ્તારોમાં નર્મદાનું પાણી મળતું નથી તેવા વિસ્તારોમાં કઈ કઈ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પૂરૂં પાડવાનું સરકારે આયોજન કરેલ છે ?

**જવાબ**

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ૧૬૨ ગામ તથા ૭ શહેરોને મહી-નર્મદાનું પાણી આપવામાં આવે છે, બાકી રહેતા ૭૬૧ ગામ અને ૪ શહેરો હાલમાં સ્વતંત્ર/જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી મેળવે છે.

------------

## વડોદરા શહેર અને જિલ્લામાં હડકવા વિરોધી રસીનો જથ્થો

૯૪૨૧**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં વર્ષવાર હડકવા વિરોધી રસીનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૨) જરૂરીયાત કરતા જથ્થો ઓછો ફાળવવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં નીચે મુજબ હડકવા વિરોધી રસીનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

**વડોદરા શહેર :-**

| વર્ષ | વડોદરા મહાનગર સેવા સદન દ્વારા ફાળવેલ જથ્થો |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૧૨૩૧ વાયલ્સ |
| ૨૦૦૮-૦૯ | ૧૩૦૮૧ વાયલ્સ |
| ૨૦૦૯-૧૦<br>તા. ૩૧-૫-૦૯ સુધી | ૨૩૪૧ વાયલ્સ |

**વડોદરા જિલ્લો :-**

| વર્ષ | ફાળવેલ જથ્થો |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૦૯૦૧ વાયલ્સ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૦૪૦ વાયલ્સ |
| ૨૦૦૯-૧૦<br>તા. ૩૧-૫-૦૯ સુધી | ૪૩૪૦ વાયલ્સ |

(૨) વડોદરા શહેરમાં જરૂરીયાત મુજબની હડકવા વિરોધી રસી મહાનગર સેવા સદન દ્વારા ખરીદી પુરી પાડવામાં આવે છે.

--વડોદરા જિલ્લામાં ચાલુ વર્ષમાં જરૂરીયાત મુજબનો જથ્થો ફાળવવામાં આવેલ છે. તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ જિલ્લામાં કુલ-૩૦૯૫૦ વાયલ્સ અને જિલ્લા કક્ષાએ કુલ-૪૦૬૨ વાયલ્સનો જથ્થો ઉપલબ્ધ છે જેથી ઓછો જથ્થો ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કાંકરેજ તાલુકામાં ચેકડેમોના બાંધકામમાં ગેરરીતિની ફરિયાદો

૯૫૬૬**શ્રી જોધાજી ઠાકોર(વાગડોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાંકરેજ તાલુકામાં ચેકડેમોના બાંધકામમાં વ્યાપક ગેરરીતિઓ થઈ છે તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) કાંકરેજ તાલુકાના ચેકડેમના બાંધકામમાં ગેરરીતિ બાબતે તારીખ ૧-૬-૦૮થી ૩૧-૦૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ લેખિત ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

## કામકાજ સલાહકાર સમિતિનો પત્રવ્યવહાર પ્રેસને આપવા અંગે

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક મુદ્દો ઉપસ્થિત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિની ગઈ કાલે જે મિટિંગ મળી એ બાબતમાં એમની અનુપસ્થિતિ બાબતનો જે પત્ર માનનીય વિરોધપક્ષના નેતાએ આપશ્રીને ઉદ્દેશીને લખ્યો છે. આ પત્રને પ્રેસની અંદર વહેંચવામાં આવ્યો છે, પ્રેસમાં છપાયો પણ છે. માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિના સભ્ય તરીકે અને વિરોધપક્ષના નેતા તરીકે અધ્યક્ષશ્રી સાથે થયેલ પત્ર વ્યવહાર અને એના મુદ્દાઓ પ્રેસને આપવા અને પ્રેસની અંદર છપાવવા એવા પ્રકારનો પ્રયત્નો કરવો, માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, આ આપણી પરંપરાઓની વિરૂદ્ધ છે અને આ પરંપરા પાડવા જેવી પણ નથી એટલે હું માનું છું કે, આપ વિધાનસભાના નિયમો અને પરંપરાઓ તેમજ અત્યાર સુધી થયેલી ઘટનાઓને આપ ધ્યાને રાખી આ ગૃહનું માર્ગદર્શન કરો એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** :માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો, માનનીય વિરોધપક્ષના નેતા શ્રી શક્તિસિંહજીએ તા. ૧૬-૭-૦૯ના રોજ મને જે પત્ર લખ્યો હતો કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવવા બાબતમાં, હજુ આ પત્ર મને મળે તે પહેલાં જ કેટલાક પત્રકાર મિત્રોએ આવીને મને એ પત્ર બતાવ્યો પણ હતો. આપણે ત્યાં સામાન્ય શિરસ્તો, ઔચિત્ય એ રહ્યું છે કે, જે પત્ર-વ્યવહાર અધ્યક્ષ અને સભ્યો વચ્ચેનો થાય એ પ્રેસને અપાતો નથી, એ ઔચિત્ય પણ નથી અને અરૂચિકર પણ છે. આ પત્રની અંદરની એમણે જે વાત કહી હતી તેની પણ હું વાત કરી લઉં તો અસ્થાને નહીં લેખાય. એમણે એમ કહ્યું કે, તા. ૧૫-૭-૦૯ના રોજ મારો પત્ર મળ્યો અને એ મને તા. ૧૬-૭-૦૯ના રોજ જવાબ આપે છે, એનો અર્થ એ થાય છે કે, એ ૧૬-૭-૦૯ના રોજ માનનીય શક્તિસિંહજી ગાંધીનગરની અંદર જ હતા. એમણે આ પત્રમાં બે પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા, એક પ્રશ્ન એ કે મિટિંગ બુધવારે બોલાવવાનો શિરસ્તો છે, એટલે હું એ શિરસ્તાને પણ જોઈ ગયો કે આઠમી વિધાનસભાની અંદર મોટા ભાગની બેઠકો સોમવાર, ગુરૂવાર, સોમવાર, ગુરૂવાર, બુધવારની બેઠકો બે-ત્રણ-ચાર-સાત કે ક્યાંક આઠ વાર, બાકી બધી જ બેઠકો સોમવાર, ગુરૂવાર, મંગળવાર અને શુક્રવારે મળી હતી એટલે બાકીના દિવસે મળી હતી એટલે એ શિરસ્તો પણ નથી. નવમી વિધાનસભામાં બધી જ બેઠકો ગુરૂવારે અને મંગળવારે મળી હતી એની વિગતો પણ છે. દસમી વિધાનસભામાં પણ ગુરૂવાર અને મંગળવારે કેટલી બેઠકો મળી હતી એ પણ ૧૯૯૯માં પણ ચેક કરાવ્યું અને અગિયારમી વિધાનસભામાં પણ સોમવાર, મંગળવાર, શુક્રવારે ગુરૂવારે મળી હતી અને એકવાર શનિવારે પણ મળી હતી આ બતાવે છે કે એવો કોઈ શિરસ્તો વિધાનસભામાં કામકાજ સલાહકાર સમિતિની બેઠક બુધવારે જ બોલાવવાનો નથી. મેં તેઓશ્રી હાજર રહી શકે એટલા માટેની પંદરમીએ બેકક બોલાવવાની ખૂબ કાળજી લીધી હતી. સામાન્ય રીતે હું એમના કાર્યાલયે પત્ર પાઠવું છું, મારું સચિવાલય પત્ર પાઠવે છે પરંતુ મેં એમને એસ.એમ.એસ. દ્વારા અને ટેલિગ્રામ દ્વારા પણ ખબર આપી હતી, એટલે હું એમ માનું છું કે, આ વિધાનસભા ગૃહની ખૂબ જ અગત્યની સમિતિ જે કામકાજ સલાહકાર સમિતિ કહેવાય એની બેઠકની અંદર હાજર રહેવું એ વિરોધપક્ષના નેતા અને જે આ સમિતિના સભ્યો છે એ સૌ સભ્યો માટે, આ પક્ષના, હોય કે પેલા પક્ષના હોય, એમણે પોતે એ અનુકૂળતા કરીને હાજર રહેવું જ જોઈએ આ પત્રમાં એક એવી વાત પણ સીધી રીતે કહેવાઈ અથવા તો સ્વયં પ્રેસે પોતે કહી કે આ જે કામકાજ સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવી છે એ સત્રને ટૂંકું કરવા માટે બોલાવવામાં આવી છે એટલે જ મારે આજે ખુલાસો કરવો પડે છે કે ગઈકાલે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ મેં આપ સૌના સમક્ષ મૂકયો છે અને સભાગૃહે તેને મંજૂરી આપી છે એમાં સત્ર લંબાવવામાં આવ્યું છે, એટલે કામકાજ સલાહકાર સમિતિની બેઠક માટે જે વિવાદ પત્ર દ્વારા ઉભો કરીને જે વિવાદી પત્ર પ્રેસને પહેલો આપીને, મને મળે એ પહેલાં પ્રેસને આપી દેવો એ ઔચિત્ય નથી, અરૂચિકર છે એટલે હું વિપક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં આવીને સભ્યો પોતાની વાત કહે તે યોગ્ય છે. આપણે ત્યાં સામાન્ય શિરસ્તો એ પણ રહયો છે કે કામકાજ સલાહકાર સમિતિ સહિતની બધી સમિતિઓમાં જે કાંઈ કાર્યવાહી થાય છે તે પ્રેસ માટે ગુપ્ત રાખવાની એક પરંપરા રહી છે અને એને આપણે પ્રેસની સમક્ષ કહેતા નથી. આમાં પ્રેસને કહેવામાં આવ્યું છે, સમિતિની બેઠક મળતા પહેલાં પોતે સમિતિમાં આવીને જે કહેવું હોય એ જ વાત પ્રેસ દ્વારા કહે. હું વિપક્ષના નેતાશ્રીને ફરી વિનંતી કરું છું કે તેઓ મને કહી શકે તેમ છે અને એવી વાતો માધ્યમો દ્વારા મને ન કહે તો વધારે ઉચિત ગણાશે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક: ૪૩**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)**:માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૯,૯૦,૩૧,૦૪,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૪૩ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૪૪**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૬,૨૩,૯૨,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૪૪ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.**

**માગણી ક્રમાંક: ૭૪**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૩,૧૭,૭૩,૭૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૧,૫૭,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૭૪ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૪ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૭૫**

**શ્રી જયનારાયણ વ્યાસ ( બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૩૮,૪૮,૯૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૭૫રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૭૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**શિક્ષણ વિભાગ.**

**માગણી ક્રમાંક : ૮**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૮,૨૯,૭૩,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૮ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૪૧,૫૫,૦૨,૪૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૦૮,૨૯,૭૫,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૯ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા ૧૭-૭-૨૦૦૯ (છઠ્ઠા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | ગૃહ વિભાગ<br>માગણી નં.૪૩ | |
| ૧ * | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૧-પોલીસ....મહાનિરીક્ષક<br>રુા.૮,૧૩,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૬ થી ૨૮ | ૧૦૦ | ગાંધીનગરના વાવોલ ખાતે પોલીસ ચોકી શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨ * | ---"--- | ૧૦૦ | પોલીસ કર્મીઓની ઘટ પૂરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩ * | ---"--- | ૧૦૦ | બળાત્કારના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ પોલીસ કર્મીઓના પુત્રોનો બચાવ કરતા પોલીસ કર્મીઓની તાકીદે બદલી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪ * | ---"--- | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ડી સ્ટાફ સFZF થતા ઉઘરાણા સદંતર બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫ * | ---"--- | ૧૦૦ | પોલીસ દળમાં પ્રમોશનો આપવામાં થતો વિલંબ સત્વરે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૬ * | ૨૦૫૫-પોલીસ<br>૧૦૧- ગુના....તકેદારી<br>૦૧-છૂપી....ખાતુ<br>રુા.૧૮,૫૧,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૩૨-૩૩ | ૧૦૦ | ગુનાઓનો ભેદ ઉકેલવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૭ * | ---"--- | ૧૦૦ | લૂંટના ગુન્હાઓ ઉકેલવા માટેનું વ્યવસ્થિત નેટવર્ક ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮ * | --"-- | ૧૦૦ | યુવતીઓના કલીપીંગ બનાવી વેચતા ગુનેગારોનો ભેદ ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯ * | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯- જિલ્લા...પોલીસ<br>૦૧-એમઈપી-કજિલ્લા<br>પોલીસ...ખુદ<br>રુા.૬,૪૬,૦૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૨ થી ૪૪ | ૧૦૦ | પોલીસ વ્દારા સ્કેચ બનાવી જાહેર કરાયેલ ગુનેગારોને પકડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦ * | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯- જિલ્લા...પોલીસ<br>૦૧-એમઈપી-કજિલ્લા<br>પોલીસ...ખુદ<br>રુા.૬,૪૬,૦૪,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૨ થી ૪૪ | ૧૦૦ | માથાભારે તત્વોના રંજાડની અંગેની સ્થાનિક રહીશોની પોલીસ ફરિયાદ સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧ * | ---"--- | ૧૦૦ | ગુનાખોરી ડામવા માટે બહાર પાડેલા જાહેરનામાનો કડક અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨ * | ---"--- | ૧૦૦ | પોલીસ કર્મીઓના પુત્રો ઉFZF થતી ગુનાહિત પ્રવૃત્તિ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ * | ---"--- | ૧૦૦ | ચાર્જશીટ મોડી રજૂ કરીને આરોપીઓને જામીન ઉપર છૂટવા જેવી સગવડ કરી આપવાના ગંભીર બનાવો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪ * | ---"--- | ૧૦૦ | ચોરી-લૂંટ તથા બળાત્કારના વધતા જતા બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫ * | ---"--- | ૧૦૦ | પોલીસ સFZF વાહન ચાલકો પાસેથી દંડ લઈ તેની રસીદ આપવાના બદલે અપાતી "નિશાનીઓ" જેવી ગંભીર બાબતે જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬ * | ---"--- | ૧૦૦ | નિર્દોષ વાહનચાલકો સામે ખોટા કેસો કરી થતી હેરાનગતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭ | ૨૦૫૫-પોલીસ | ૧૦૦ | વડોદરા-સુરતથી આગળના સ્ટેશને જતી ટ્રેનોમાં ખુલ્લેઆમ દારૂની હેરાફેરી થાય | |

| | | | | |
|---|---|---|---|---|
| * | ૧૧૧- રેલ્વે પોલીસ<br>૦૧-રેલ્વે પોલીસ<br>રુા.૨૮,૦૪,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૫૯-૬૦ | | છે આવી ગંભીર ઘટના સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮ * | ---"--- | ૧૦૦ | રેલ્વે સ્ટેશનો પરના અસામાજિક તત્વોના V7FVM દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૪૪** | |
| ૧૯ * | ૨૦૫૬-જેલ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૧-એમઈપી ૨૨-જેલ...મહાનિરીક્ષક<br>રુા.૪,૪૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૭૫-૭૬ | ૧૦૦ | સાબરમતી જેલમાં કેદીઓને ઘર જેવી અને વૈભવી સુવિધાઓ તથા સલામતી પૂરી પાડનાર કર્મચારી સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦ * | --"-- | ૧૦૦ | નાણાની લાલચમાં કેદીઓને દારૂ, જુગાર, મોબાઈલ, ટીવી અને સિવીલમાં સારવારની સુવિધાઓ પૂરી પાડતા જેલના કર્મીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧ | ૨૦૫૬-જેલ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૧-એમઈપી ૨૨-જેલ...મહાનિરીક્ષક<br>રુા.૪,૪૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૭૫-૭૬ | ૧૦૦ | જેલમાં ચરસ, દારૂ, બ્રાઉનસુગરનું બેરોકટોક થતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨ * | --"-- | ૧૦૦ | નાણાના જોરે સરવારના નામે કેદીઓએ સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ લાંબા સમય સુધી આરામ ફરમાવવાના કેસોમાં પેનલ ડોકટરો SFZF તપાસ કરાવી જરૂર જણાય તો જ દાખલ કરવામાં આવે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩ * | ---"--- | ૧૦૦ | બહારથી આવતા ટીફીનના બદલે જેલના તમામ કેદીઓને જેલનું જ ભોજન મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**<br>**માગણી નં.૭૪** | |
| ૨૪ * | ૨૦૪૧- વાહનો પર કર<br>૧૦૨- મોટર....નિરીક્ષણ<br>૦૧-મોટર....નિરીક્ષણ<br>રુા.૮૮,૦૪,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦ પા.નં.૬-૭ | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫ * | ---"--- | ૧૦૦ | ખાનગી બસ ઓપરેટરો મુસાફરો પાસેથી વધુ ભાડા વસૂલ કરે છે તેના ઉપર નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬ * | ---"--- | ૧૦૦ | આર. સી. બુકો સત્વરે પરત ન આપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭ * | ---"--- | ૧૦૦ | સ્માર્ટકાર્ડ સત્વરે આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૮ * | ---"--- | ૧૦૦ | આર. ટી. ઓ. કચેરીઓમાં એજન્ટ પ્રથા બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૯ * | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦-જાહેર.....સહાય<br>૦૨-ગુજરાત....સહાય<br>રુા.૩,૬૧,૬૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦ પા.નં.૧૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦ * | ---"--- | ૧૦૦ | ગુજરાત રાજય માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશનની બસોને સ્પર્ધાત્મક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧ * | ---"--- | ૧૦૦ | એસ. ટી. બસોમાં ટેપરેકોર્ડર અને ટેલીફોનની સુવિધાઓ કાર્યરત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૨ * | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-સરકારી...વ્યવસ્થા<br>રુા.૧૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦પા.નં.૧૩-૧૪ | ૧૦૦ | સ્પેરપાર્ટસના અભાવે બસો ડેપોમાં મરામત વિના પડી રહે છે તે પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૩ * | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-સરકારી...વ્યવસ્થા<br>રુા.૧૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦પા.નં.૧૩-૧૪ | ૧૦૦ | એસ. ટી. ડેપોમાં બસોની મરામતની કામગીરી સત્વરે પૂર્ણ ન કરતા મિકેનિકલ સ્ટાફ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | | **માગણી નં. ૭૫** | |
| ૩૪ * | ૩૦૫૧-બંદરો અને દીવાદાંડી<br>૮૦૦-અન્ય ખર્ચ | ૧૦૦ | બંદરો ઉપર આવતા જતા માલ સામાનની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૩૭,૫૬,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦ પા.નં.૧૦ | | | |
| ૩૫<br>* | --"-- | ૧૦૦ | બંદરો ઉપર પૂરતી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં.૮** | | | | |
| ૩૬<br>* | ૨૨૦૩-તકનીકી શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-ટીડીએન-૧-<br>તકનીકી...બનાવવુ<br>રૂા.૪,૫૧,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૯૮-૯૯ | ૧૦૦ | ખાનગી કોલેજોમાં ફી દર નકકી કરવા નિમાયેલ શાહ કમિટી ≋FZF ખાનગી કોલેજોને લાભ થાય તે રીતે ફીના દર વધારાતા હોવાથી શાહ કમિટીમાંથી વિદ્યાર્થી જગતનો ઉઠી ગયેલો વિશ્વાસ પુનઃ સંપાદન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૭<br>* | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-શિક્ષણ વિભાગ<br>રૂા.૪,૯૧,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪પા.નં.૧૩૮-૩૯ | ૧૦૦ | શિક્ષણક્ષેત્રે સરકાર પોતાની જવાબદારીઓ માંથી છટકવા ખાનગી શાળા-કોલેજોને આડેધડ મંજૂરીઓ આપે છે તે પરિસ્થિતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૮<br>* | ---"--- | ૧૦૦ | નવી શાળાઓને માન્યતા આપવા બાબતે નિયમોનું થતું ઉલ્લંઘન રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| **માગણી નં.૯** | | | | |
| ૩૯<br>* | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-ઈડીએન-૭-<br>પ્રાથમિક...બનાવવી<br>રૂા.૧,૮૭,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૧૭-૧૮ | ૧૦૦ | નવી સરકારી શાળાઓ વધુ પ્રમાણમાં ખોલી વિદ્યાર્થીઓ ઉપરનું ફી નું ભારણ ઓછું કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૦<br>* | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬-શિક્ષણ..સેવાઓ<br>૦૩-ઈડીએન-૬ પ્રાથમિક ....<br>..લાવવી<br>રૂા.૧,૯૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૨૨ | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષણના સ્તરને ઉંચું લઈ જવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૧<br>* | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૮-પાઠયપુસ્તકો<br>રૂા.૧૨,૬૨,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૨૯ | ૧૦૦ | સરકાર ૐFZF આપવામાં આવતા વિનામૂલ્યના પુસ્તકો ખુલ્લેઆમ બજારમાં વેચાતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૨<br>* | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-ગુજરાત....બનાવવું<br>રૂા.૨,૪૮,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૩૫ | ૧૦૦ | ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષાઓમાં બોર્ડના ફલાઈંગ સ્કવોર્ડ ૐFZF નિર્દોષ વિદ્યાર્થીઓ ઉપર ગુજારવામાં આવતો ત્રાસ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૩<br>* | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી..શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૩૫,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪ પા.નં.૫૪-૫૫ | ૧૦૦ | રાજયની યુનિવર્સિટીઓના કથળેલા વહીવટને સુધારી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૪ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી..શિક્ષણ<br>૧૦૩-સરકારી....સંસ્થાઓ<br>૦૧-ઈડીએન-૨૮ સરકારી...<br>...વિકાસ<br>રૂા.૩૩,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪પા.નં.૬૧-૬૨ | ૧૦૦ | સરકારી ટેકનિકલ કોલેજોમાં આચાર્ય અને પ્રોફેસરોની લાંબા સમયથી ખાલી પડેલ જગ્યાઓ સમયસર ભરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૫ | ૨૨૩૬-પોષણ<br>૦૨-પોષણ...વિતરણ<br>૧૦૨-મધ્યાહન ભોજન<br>૦૧-એમડીએમ-૧-<br>સરકારી...યોજના<br>રૂા.૫,૧૦,૫૯,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪પા.નં.૧૩૫-૧૩૬ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનામાં ચાલતી વ્યાપક ગેરરીતિ અને કર્મચારીઓનું થતું શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસમાં ત્રણ વિભાગોની ચર્ચા છે અને અમારા સભ્યો પણ બોલવા માગે છે એટલે એક કલાકનો સમય લંબાવવાની અમારી દરખાસ્ત છે.

**અધ્યક્ષશ્રી** : સમન્વય સાધવા માટે વિપક્ષ સાથેની જે બેઠક મળી હતી એ બેઠકની અંદર જ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એમ કહયું હતું. એ વખતે વિરોધ પક્ષના નેતા આગલા દિવસે મારી સાથે વાત કરી હતી કે ગૃહની ચર્ચા એક કલાક લંબાવવામાં આવે. મને લાગે છે કે તે દિવસે આપે એક કલાકને બદલે બે કલાકની વાત કરી હતી અને તે દિવસે એમ પણ કહેવામાં આવ્યું હતું કે અને મેં પણ કહ્યું હતું કે ગૃહમાં લઠ્ઠાકાંડ અંગેની ચર્ચા વિપક્ષે કરવી હોય તો હું એને સબજયુડિસ, અને ટેકનિકલ મુદ્દા સાથે રોકવાનો પ્રયત્ન કરીશ નહિ, મને લાગે છે કે આટલી ખાતરીઓ વિપક્ષ સાથેની બેઠકમાં અપાઈ હતી. આજે આપે એ જ ખાતરીને પાળીને આ સભાગૃહમાં ગૃહ વિભાગની ચર્ચા સવિસ્તૃત થાય તે માટે એક કલાક લંબાવવામાં આવે એવી માગણી પણ કરી છે. મને લાગે છે કે ગૃહમાં આપની દરખાસ્તને બધા માન્ય રાખે છે અને ચર્ચાને આગળ ચલાવીશું. (થોડીવાર બાદ) સભાગૃહની બેઠકનો સમય એક કલાક લંબાવવામાં આવે છે. હવે રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી ભરતભાઈ બારોટ.

**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ વિભાગ, બંદરો, વાહન વ્યવહાર તથા શિક્ષણ વિભાગના મંત્રીઓ પોતપોતાની માગણી લઈને ગૃહ સમક્ષ આવ્યા છે. રાજ્યના વહીવટનો સૌથી અગત્યના વિભાગની આજે ચર્ચા છે. આપે એક કલાક લંબાવી પણ આપ્યો છે. આટલા અગત્યના વિભાગોની ચર્ચા હોય, જ્યારે સમગ્ર ગુજરાત આ વિભાગની ચર્ચાના સંદર્ભમાં વિપક્ષની પોતાની ભૂમિકા અને એમના મંતવ્યો એ જાણવા માગતા હોય, એ પોતાના મંતવ્યોને, પોતાની પાર્ટીના મંતવ્યોને પ્રજાની સમક્ષ મૂકવા માગતા હોય ત્યારે અતિ ઉત્તમ તક હતી. આજે ખુલ્લે આમ વિભાગમાં ચર્ચા થવાની હોય ત્યારે ગેરહાજર રહ્યા છે, ત્યારે આ લોકશાહીની અંદર એમને કેટલો વિશ્વાસ છે, એની આ સાબિતી છે. આજે ખુલ્લે આમ આખા ગુજરાતને..

**અધ્યક્ષશ્રી** : શ્રી ભરતભાઈ એમાં એવું છે કે સાચી વિધાનસભાને બદલે મોક વિધાનસભામાં વધારે યોગ્ય લાગે, કારણ એવું છે કે કેટલાકને કેટલાક બનવાના અભરખા રહ્યા હોય તો એ મોકમાં પૂરા થાય, એ અહીંયાં પૂરા ન થાય, એટલા માટે મેં હંમેશાં કહ્યું છે કે મોક વિધાનસભા એ ઉચિત નથી..

**શ્રી ભરત બારોટ** : સાહેબ, એમની સાથે મારી અનેકવાર વ્યક્તિગત ચર્ચા થાય છે કે આવું કરવાથી પ્રજામાં પહોંચાય નહિ. પ્રજામાં પહોંચવા માટે, પ્રજાના મન જીતવા માટે અને પ્રજાના મત પણ જીતવા માટે પ્રામાણિક, નિષ્ઠાથી, મિશનથી કામ કરવું પડે. આવું કરવાથી હજુ બીજા ૧૦-૧૫ વર્ષ બૅટિંગ નહિ મળે. ગુજરાત ૨૧મી સદીમાં ભારતનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે. જે વિકાસ દર દેશે હાંસલ કર્યો છે, એ હાંસલ કરવામાં ગુજરાતનો સૌથી મોટો ભાગ છે. હવે જો ગુજરાતે આ દેશને નવી દિશા ચીંધવી હોય, ગુજરાતે જાપાન બનવું હોય તો એનો પાયો એ શિક્ષણને વધારે મજબૂત કરવો પડે. અનેકવાર કહ્યું છે કે શિક્ષણને રાજકારણથી પર રાખીને આ પક્ષ કે પેલા પક્ષ કરતા ગુજરાતને આધુનિક ગુજરાત, જાપાન જેવું બનાવવા માટે બધાએ સાથે મળીને શિક્ષણ ઉપર ધ્યાન આપવું જોઈએ. છેલ્લા દસેક વર્ષથી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રીશ્રી બન્યા પછી એમણે આ ગુજરાતને ભૂતકાળમાં આ દેશનો ઈતિહાસ હતો, દુનિયાભરના લોકો આ ભારતમાં તક્ષશીલા અને નાલંદામાં ભણવા આવતા હતા. આ દેશનો ઈતિહાસ છે કે અહીયા સમગ્ર શિક્ષણ એ સમાજ આધારિત હતુ, રાજ્ય આધારિત નહોતું અને સમાજે એ સમાજની રચનામાં સૌથી મોટો ભાગ હતો. નરેન્દ્રભાઈએ ફરી એક વાર આ ગુજરાતની અંદર ભુતકાળમાં થયેલ ભૂલોને સુધારવા માટે આધુનિક ગુજરાતને જાપાન જેવું બનાવવા માટે દેશનું ગ્રોથ એન્જિન બનાવવા માટે શિક્ષણ ઉપર કયારેય ફોકસ નહોતું થયું, એટલું ફોકસ છેલ્લા ૮-૧૦ વર્ષની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ તે રાજયનો કમ્પલસરી વિષય છે. તેમાં રાજય સરકારે પૈસા ખર્ચવા જ પડે, પણ હાયર એજયુકેશન તે રાજયનો કમ્પલસરી વિષય નથી. તેમાં રાજય પૈસા ન ખર્ચે તો પણ ચાલે. માનનીય નરેન્દ્રભાઈ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રાથમિક શિક્ષણની અંદર જે ઉણપો ભૂતકાળમાં રહી ગઈ, જેના લીધે દૂરના આદિવાસી, બક્ષીપંચ, દલિત લોકોને શિક્ષણથી જે માટે વંચિત રહેવું પડ્યું, ડ્રોપ આઉટ રેટ થયા. તે સમાજ શિક્ષણથી વંચિત થયો. આઝાદી પછી ૬૦-૬૫ વર્ષ પછી દૂરના આદિવાસી બાળકો વિજ્ઞાન પ્રવાહની શાળામાં જાય જ નહીં અને આદિવાસી રિઝર્વેશનની સીટો કૉલેજોમાં, મૅડિકલમાં, એન્જિનિયરીંગમાં અને ફાર્મસીમાં વર્ષો પછી આજદિન સુધી ખાલી રહે. તે ભૂતકાળની ભૂલનું પરિણામ છે. તે સુધારવા માટે માનનીય નરેન્દ્રભાઈ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા આઠ વર્ષથી કન્યા કેળવણી રથયાત્રાના નામે પ્રાથમિક શિક્ષણ પર ફોકસ નાંખવા માટે ત્રણ ત્રણ દિવસ સુધી સમગ્ર તંત્રને અતિપછાત ગામોની અંદર મોકલ્યું. આવું ફોકસ પહેલાં કરવાની જરૂરિયાત હતી. પ્રાથમિક શિક્ષણનું ફોકસ જતું રહ્યું એટલા માટે ગરીબ બાળકો શિક્ષણથી વંચિત થયા. જે દિવસે જે સમાજ શિક્ષણથી વંચિત થાય છે તે કાળક્રમે ગમે તેટલો સક્ષમ હોય પણ શિક્ષણ છોડી દે એટલે તે ગરીબીના નર્કાગારમાં જતો રહે છે. આ દેશની અંદર ગુજરાત મહાત્મા ગાંધીના ગુજરાતની અંદર આદિવાસી, દલિત અને પીડિત સમાજને પાછળ રાખવાની અંદર કૉન્ગ્રેસની ભૂલોની જવાબદારી

છે. તેને સુધારવા માટે નરેન્દ્રભાઈએ છેલ્લા પાંચ સાત વર્ષની અંદર આ જૂન મહિનાની અંદર સમગ્ર તંત્ર, સમગ્ર ચૂંટાયેલી પાંખ અને બધા જ મંત્રી, ધારાસભ્યશ્રીઓને ગામડાની અંદર મોકલીને ત્રણ ત્રણ દિવસ સુધી અતિ પછાત વિસ્તારોની અંદર શિક્ષણને ફોકસ કરીને, ખાસ કરીને કન્યાઓના શિક્ષણના સંદર્ભમાં જે ચિંતા કરી છે તે આખા દેશની અંદર દિશા ચીંધનારી છે. માનનીય નરેન્દ્રભાઈ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ફોકસના કારણે છેલ્લા સાત વર્ષની અંદર ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો કર્યો છે એટલું જ નહીં પણ સમગ્ર સમાજનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડીને, ધારાસભ્યથી માંડીને તાલુકા, જિલ્લા પંચાયતના કાઉન્સિલરશ્રીઓએ પણ પોતાના મત વિસ્તારોમાં અને પોતાના સમાજની અંદર આ શિક્ષણના સંદર્ભમાં બહું જ ચિંતા કરવાની જરૂર છે. ગુજરાત આઝાદી પહેલાં ઘણું આગળ હતું. શિક્ષણના સંદર્ભમાં મહાત્મા ગાંધી અને સરદાર પટેલ અંગ્રેજોના શિક્ષણમાંથી નેતૃત્વ કરતા હતા.

છેલ્લા ૬૦-૬૫ વર્ષમાં એકમાત્ર નરેન્દ્રભાઈને છોડીને આ ગુજરાતમાં કોઈ એક રાષ્ટ્રના નેતા ઉભા નથી કરી શક્યા. હમણાં હમણાં માનનીય નરેન્દ્રભાઈએ આ દેશના નેતૃત્વની ક્ષમતા સમગ્ર દેશની સમક્ષ ઉભી કરી છે. ૬૦-૬૨ વર્ષ પછી, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, મોરારજીભાઈ, એચ.એમ.પટેલ અંગ્રેજોના શિક્ષણમાંથી ઉભા થયેલ નેતા હતા નરેન્દ્રભાઈ એક છોડીને. એટલા માટે આ શિક્ષણનું મહત્વ કેટલું છે તે આપણે બધાએ છેલ્લા ૬૫ વર્ષની અંદર, શિક્ષણની અંદર જે ધ્યાન આપવું જોઈતું હતું તે ન હતું આપ્યું. માનનીય નરેન્દ્રભાઈએ પ્રાથમિક શિક્ષણથી માંડીને હાયર અને ટૅક્નીકલ એજયુકેશનની અંદર ક્રાંતિકારી ફેરફારો લાવ્યા છે. સ્વ-નિર્ભર સંસ્થાઓને ઉભી કરવી, ભૂતકાળની બધી જ કૉન્ગ્રેસની સરકારોએ આખા દેશની અંદર ૧૯૮૦ તે પ્રયોગને આગળ વધાર્યો અને આ ગુજરાતમાં કૉન્ગ્રેસે તે પ્રયોગ ન કર્યો અને સ્વ નિર્ભર સંસ્થાઓ વધારી નહી. ૧૯૮૦ થી ૧૯૯૫ માં સમગ્ર દેશની અંદર સ્વ નિર્ભર સંસ્થાઓ વધી. હાયર એજયુકેશનની જવાબદારી રાજય સરકારની નથી અને એટલા માટે રાજય ન પહોંચી વળે, એટલે હાયર એજયુકેશનની અંદર નીચેથી ભણતા બાળકોને ભણાવવા માટે બધા જ હાયર એજયુકેશનની અંદર બધાજ રાજયોની અંદર સેલ્ફ ફાઈનાન્સ કન્સેપ્ટને સ્વીકારાયો. આ રાજયની અંદર કૉન્ગ્રેસના મિત્રોએ એ આવવા જ ન દીધો. તે યુનિવર્સિટીનું આંતરિક રાજકારણ હોય, શિક્ષણનું આંતરિક રાજકારણ હોય પણ સેલ્ફ ફાઈનાન્સ કન્સેપ્ટ તે ૧૯૯૫ સુધી આ રાજયની અંદર વિકસ્યો નહીં. અને ભારતીય જનતાપાર્ટીની સરકાર આવ્યા પછી આ પ્રયોગની શરૂઆત થઈ, અને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એને કૂદકે અને ભૂસકે આગળ વધાર્યો અને આજે પરિસ્થિતિ એવી છે કે, ૧૮૦૦૦માંથી ૩૫૦૦૦ જેટલી ડીગ્રી એન્જિનીયરીંગ સંસ્થાઓ એક જ વર્ષમાં થઈ જાય અને સરપ્લસ થઈ જાય, ડિમાન્ડ કરતાં તમારી પાસે આજે જગ્યાઓ વધી જશે, છેલ્લા બે ત્રણ વર્ષથી સીટો ખાલી પડી રહે છે. એન્જિનીયરીંગ ડીગ્રીની સીટો જેટલી છે, જેટલા લોકો ભણવા ઈચ્છતા હોય છે એના કરતાં આજે સીટો ખાલી પડી રહેવાની છે. આવી પરિસ્થિતિ ભૂતકાળમાં થઈ હોત તો આપણા કરોડો રૂપિયા અબજો રૂપિયા અન્ય રાજયોમાં ગયા ન હોત. આ હાયર અને ટૅક્નીકલ એજ્યુકેશનની અંદર જે રીતે પ્રયત્ન થયા છે આજે એમના એડમિશનની પ્રક્રિયામાં પણ જે રીતે સુધારો કરવામાં આવ્યો છે, ઓનલાઈન, એના કારણે પણ અનેક લાખો વિદ્યાર્થીઓને આમાંથી આપણે ત્રાસમાંથી છોડાવી શક્યા છીએ. કુલ મળીને જે ડીગ્રી એન્જિનીયરીંગની પરિસ્થિતિ આજે છે એમાં કુલ ૬૨ સંસ્થાઓમાંથી વધીને આજે ૮૪ સંસ્થાઓ થઈ છે.૨૦૦૭-૦૮માં ૬૨ હતી આજે એ ૮૪ થઈ છે. ૨૦૦૭-૦૮માં ૧૫૭૭૨ બેઠકો હતી એ વધીને આજે ૩૪૩૨૩ થઈ છે એટલે કે લગભગ ૮૨ ટકા જેટલી સીટો વધી છે. એક સીટની પાછળ આપણે જો એ વ્યવસ્થા અહીયાં ઉભી ન કરી શક્યા હોત તો ચાર વર્ષ ડીગ્રી એન્જિનીયરીંગનો કોર્સ ભણવા માટે કોઈ વિદ્યાર્થી મહારાષ્ટ્ર - કર્ણાટક જાય તો એને પોતાના ખિસ્સાના ડોનેશન સાથે, હોસ્ટેલના સાથે ચાર વર્ષની અંદર આઠ-દશ લાખ રૂપિયા ઓછામાં ઓછા ખર્ચવા પડે અને જો આનો આપણે હિસાબ કરીએ તો એક નર્મદા યોજના જેટલા પૈસા આપણે આપણા રાજયના બહાર મોકલી દીધા છે અને આજે પરિસ્થિતિ એવી છે કે આ રાજય આવતા દશ જ વર્ષની અંદર જે નર્મદા યોજના જેટલા પૈસા બહાર ગયા છે એ આવતા દિવસોની અંદર આપણા ત્યાં પરત આવે એટલી વ્યવસ્થા આપણે આ રાજયની અંદર ઉભી કરી શક્યા છીએ. ડીગ્રી ફાર્મસીની અંદર ૫૮ સંસ્થાઓ હતી એ આ વખતે વધારીને આપણે ૮૬ સંસ્થાઓ કરી છે. કુલ ૩૬૭૩ માંથી વધારીને ૫૫૪૬ સીટો કરી છે ૯૮૩ સીટનો વધારો છે એટલે કે ૨૧ટકા જેટલી સીટો વધી છે. ડિપ્લોમા એન્જિનીયરીંગમાં ૫૫ સંસ્થાઓમાંથી ૭૪ સંસ્થાઓ થઈ છે. ૨૪૭૭૦માંથી ૪૭૭૫૩ સીટો થઈ છે કુલ ૧૮૦૪૩ સીટોનો વધારો થયો છે એટલે કે ૬૦ ટકા સીટો વધી છે. માત્ર ડીગ્રી એન્જિનીયરીંગ, ડિપ્લોમા એન્જિનીયરીંગ, ઈજનેરી, ફાર્મસી નહીં પણ પોસ્ટ ગ્રેજયુએશનની અંદર એમઈ અને એમટેકની અંદર આપણે વધારો કર્યો છે. એમાં પણ પાંચ ટકા, એમબીએમાં પણ બાર ટકા, એમએસસીમાં પણ દશ ટકા જેટલી સીટોનો વધારો કર્યો છે. આના સિવાય આજે પરિસ્થિતિ એવી છે કે, સેલ્ફ ફાઈનાન્સ કન્સેપ્ટ કૉલેજોથી આગળ વધારીને આ રાજયે આવતા દિવસોમાં દેશનું શૈક્ષણિક અગ્રણી રાજય બનવું હશે તો સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીઓને પણ આગળ વધારવી પડશે અને આ રાજયએ એ પ્રયોગને આગળ વધાર્યો છે. આ રાજયએ સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી, લાંબો જમ્પ લેવો હશે તો કૉલેજોથી આગળ વધારે આગળ વધીને સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી તરફ આપણે આગળ ગયા છીએ. નિરમાથી માંડીને, ગણપતથી માંડીને, રિલાયન્સથી માંડીને એ બધાથી પણ આગળ જઈને હમણાં આજ સત્રની અંદર આપણે

બીજી ઘણી પ્રાઈવેટ યુનિવર્સિટીઓને આપણે આગળ વધવા માટેની તક આપી છે. આ પ્રાઈવેટ યુનિવર્સિટી આવતા દિવસોની અંદર આધુનિક ગુજરાત માટેનું તક્ષશિલા અને નાલંદા જેવા એ બધા કેન્દ્રો બનવાના છે. કુલ મળીને શિક્ષણની અંદર જે પ્રયોગો છેલ્લા સાત આઠ વર્ષની અંદર રાજય સરકારે શરૂ કર્યા છે, એના લીધે આવતા દિવસોની અંદર ગુજરાત શિક્ષણનું હબ બનવાનું છે. માત્ર રાજયના જ નહીં પણ રાજય બહારના અનેક બાળકો પણ આપણા ગુજરાતની અંદર ભણવા આવે એવી શક્યતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, લઠ્ઠાકાંડની બહુ ચર્ચા થઈ છે, આ મહાત્મા ગાંધીજીનું ગુજરાત છે. આજે વિરોધપક્ષના લોકો હાજર નથી. મહાત્મા ગાંધીજીના ગુજરાતની અંદર દારૂબંધીનો ૫૦-૬૦મા વર્ષે પણ અમલ રાખ્યો છે, દિલ્હીની અંદર સરકાર એમની છે. કેટલા રાજયોની અંદર આ મહાત્મા ગાંધીજીના નામની સંસ્થાથી એ સત્તા મેળવેલી સંસ્થાએ આ દારૂબંધી ચાલુ રાખી છે? હમણા થોડા દિવસ પહેલા દિલ્હીના લોકસભાના પટરાંગણમાં લોકો સત્યાગ્રહ કરીને ધરણા કરવા બેઠા હતા એ જોઈને મને આશ્ચર્ય થયું. એમણે ધરણા કરવા હતા તો કોંગ્રેસના કાર્યાલય ઉપર જઈને કરવા જોઈતા હતા કે જયાં એમણે સમગ્ર દેશમાં દારૂની છૂટ આપી છે અને દારૂબંધી કરતા નથી.. એની દિલ્હીમાં છૂટ છે, રાજસ્થાનમાં છૂટ છે, હરિયાણામાં છૂટ છે એ ત્યાં કશું નથી કરતા, આ દારૂબંધી વાળું રાજ્ય છે છેલ્લા પચ્ચાસ વર્ષથી એ રાજયની આવક દારૂબંધી ઉઠી જવાથી એમની જે આવક વધી છે એ આવક ગુજરાતને પચ્ચાસ વર્ષથી મળતી નથી. આ આવકના સંદર્ભમાં રાજયને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારની યોજના છે પણ રાજય સરકારને કેન્દ્ર સરકાર દારૂબંધી રાખવા છતા પણ આપણને કોઈ પ્રોત્સાહિત રકમ આપતી નથી. એમણે આ પ્રોત્સાહિત રકમ લેવા માટે કેન્દ્રના વડાપ્રધાન સમક્ષ માગણી મૂકવી જોઈતી હતી, કોંગ્રેસના પ્રમુખની સામે માગણી મૂકવી જોઈતી હતી. એમના સમયમાં અનેકવાર લઠ્ઠાકાંડ થયા છે. લઠ્ઠાકાંડ એ અપવાદ છે. આ દારૂબંધી ચાલુ છે એ દારૂબંધીને કડક હાથે ડામવા માટે નવું બિલ આવી રહ્યું છે. ભૂતકાળમાં કોઈએ આવો પ્રયત્ન નથી કર્યો. • (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :* (xxxx) શબ્દ કાર્યવાહીમાંથી કાઢી નાંખુ છું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ભલે આ * (xxxx) કરે છે એ શબ્દ ન કહીએ પણ હકીકતે એ (xxxx) કરે છે. પ્રજાની સાથે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : * (xxxx) શબ્દ પણ નહીં કહી શકાય, એ શબ્દ પણ કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, તો હું એમ કહીશ કે * (xxxx) કરે છે સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : * (xxxx) એ શબ્દ પણ નહીં ચાલે, એ શબ્દો હું કાર્યવાહીમાંથી કાઢી નાખું છું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ નહીં ચાલે? સાહેબ, એમના માટે કોઈ શબ્દો જ નથી. એ જે રીતે આ દેશનું સંચાલન કરી રહ્યા છે એમાં આ પ્રજાનું અહિત કરી રહ્યા છે. એમણે લઠ્ઠાકાંડ સામે ચીપ રાજકારણ કર્યું છે એ ચીપ રાજકારણનો જવાબ આવતા દિવસોમાં ગુજરાતની પ્રજા આપશે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અને ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપુ છું કે એમણે છેલ્લા સાત વર્ષમાં આ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા, સામાજિક એકરસતા અને સમરસતા જે રીતે ઉભી કરી છે એ ભૂતકાળમાં પચ્ચાસ વર્ષમાં કયારેય કોઈએ ઉભી નથી કરી. રથયાત્રાથી માંડીને બધા જ તહેવારો શાંતિથી ઉજવાય છે અને છેલ્લા સાત વર્ષમાં આખા ગુજરાતમાં સેંકડો રથયાત્રા નીકળે છે અને એકેય જગ્યાએ તોફાનો થતા નથી. કયાંય પણ તોફાન થતા નથી અને બધા સાથે મળીને આ કાર્યક્રમ કરે છે. માત્ર ગુજરાત એક જ રાજય એવું છે કે જેમાં ૨૦૦૨ પછી એક પણ જગ્યાએ આવો કોમી તનાવ જોયો છે. આ ગુજરાતનું મોડેલ આખા દેશમાં અપનાવવું જોઈએ. આ લો એન્ડ ઓર્ડરનું મોડેલ આખા દેશમાં અપનાવવું જોઈએ અને ગુજરાતમાં સાત વર્ષથી શાંતિ છે એવી આખા દેશમાં શાંતિ જોઈએ. ફરી એક વાર માનનીય ગૃહ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં એમણે જે પગલાં લીધા છે અને લઠ્ઠાકાંડના સદર્ભમાં એમણે પગલાં લીધા છે અને જે રીતે એમણે નવું બિલ લાવીને કેંદ્રને સમજણ આપી છે કે તમે આમાં આગેવાની લો અને આવા બિલ જેવા બિલ બનાવીને તમે પણ ગુનાઓ માટે પગલાં લો.

**અધ્યક્ષશ્રી** :તમારા વાપરેલા ઉપરોકત ત્રણ શબ્દો મેં કાર્યવાહીમાંથી કાઢી નાંખ્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહ વિભાગ દ્વારા જે માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૪૩ અને ૪૪ આ સન્માનીય સભાગૃહની સમક્ષ લાવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત એ સમગ્ર દેશમાં પ્રથમ નંબર વન છે. આજે ગુજરાતની તુલના વિશ્વના દેશો સાથે થાય છે. હું એટલા માટે કહું છું કે, થોડા સમય પહેલા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ થઈ એમાં વિશ્વના ૪૦ દેશમાંથી આવેલા લોકોએ ૮૬૦૦ જેટલા એમ.ઓ.યુ. કરીને ૧૨ લાખ કરોડ રૂપિયાના ઉદ્યોગો સ્થાપવાની જેમણે ખાતરી આપી. આ એટલા માટે શક્ય છે કે કોઈ પણ ઉદ્યોગકાર પોતે જ્યાં ઉદ્યોગ સ્થાપવા

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માગતો હોય તો ત્યાં શાંતિ છે, સલામતી છે, સુરક્ષા છે, વ્યવસ્થા છે એ જોઈને પછી જ એ ઉદ્યોગકાર પોતાની મૂડીનું રોકાણ કરવા માટે આકર્ષાય અને મૂડી રોકાણ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના આંકડા પ્રમાણે ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટમાં ગુજરાત એ સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરનું રાજ્ય છે. રોજગારી આપવામાં આપણે પ્રથમ નંબરે છીએ, કૃષિ ઉત્પાદનમાં આપણે દેશમાં પ્રથમ નંબરે છીએ, જ્યોતિગ્રામના માધ્યમથી ઈલેકટ્રીક કનેકટિવીટી આપવા માટે આપણે દેશમાં પ્રથમ નંબરે છીએ, આપણે ત્યાં બેસ્ટ રોડ કનેકટિવીટી, બેસ્ટ રેલ કનેકટિવીટી, બેસ્ટ પોર્ટ કનેકટિવીટી અને એના કારણે ઉદ્યોગો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી હોવાના કારણે આજે ગુજરાતની અંદર આકર્ષાયા છે, છેલ્લાં કેટલાક દિવસોથી ગુજરાતની પ્રજાને કાયદો અને વ્યવસ્થાના નામે જે રીતે ગુજરાત સરકારની છબીને નુકસાન થાય એવા પ્રયાસ કરી રહ્યા છે, એવા હું તે વખતના એમના શાસનના સંદર્ભમાં ૧૯૯૧થી ૧૯૯૪માં કોંગ્રેસનું શાસન હતું, એ વખતે જે મુખ્ય ગુના કહેવાય ભાગ નંબર ૧થી ૫, એ ગુનાઓ અને ભારતીય જનતા પાર્ટીના ૨૦૦૨ થી ૨૦૦૬ સુધીના ચાર વર્ષના શાસનના ગુનાઓની જો સરખામણી કરીએ તો કોંગ્રેસના શાસનમાં દેશનો ક્રાઈમ રેટ ૨.૮ હતો અને અત્યારે ગુજરાતનો ક્રાઈમ રેટ ૨.૧ છે, અને ગુજરાત ખૂનના ગુનામાં દેશમાં અત્યારે ૨૯મા નંબરે છે, ખૂનની કોશિષમાં દેશનો ક્રાઈમ રેટ ૨.૪ છે, ગુજરાતનો ક્રાઈમ રેટ ૦.૯ છે, ખૂનની કોશિષના ગુનામાં આપણો સમગ્ર દેશની અંદર ૩૩મો નંબર છે, ધાડ જે ગુના તરીકે આપણા સૌના ધ્યાનમાં આવે છે એમાં આપણે દેશમાં ૧૨મા ક્રમે છીએ, બળાત્કારના કિસ્સા જ્યારે જ્યારે થાય ત્યારે આપણને સૌને ચિંતા થાય, રાજય સરકાર પણ આવા બળાત્કારના કિસ્સાઓ ના બને અને થયેલા કિસ્સામાં ગુનેગારને પુરેપુરી સજા મળે ત્યાંસુધી ચિંતા કરે છે, ઓલ ઈન્ડિયાનો એનો ક્રાઈમ રેટ ૧.૮ છે, ગુજરાતનો ક્રાઈમ રેટ ૦.૬ છે, ગુજરાત બળાત્કારના ગુનાઓમાં દેશમાં ૩૨મા નંબરે છે, પહેલાં ગુજરાત એ કોમી બનાવોના કારણે સમગ્ર દેશભરની અંદર જાણીતું રહ્યું, કોંગ્રેસના શાસનમાં ૧૯૯૧થી ૧૯૯૪માં ૩૧૭ જેટલા નાના મોટા કોમી બનાવો બન્યા અને ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં માત્ર ૨૫ જેટલા જ સૌથી ઓછાં કોમી બનાવો આ રાજયની અંદર બન્યા છે, આ રાજયની અંદર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનો એક મોટો વર્ગ રહે છે, ભૂતકાળમાં આ અનુસૂચિત જાતિ અને જનજાતિમાં જે ગુનાઓ થતાં એમાં અનુસૂચિત જાતિના ગુનાઓમાં ૩૨ ટકા અને અનુસૂચિત જનજાતિના ગુનામાં ૪૨ ટકા જેટલો ઘટાડો થયો છે, ગુજરાત એ વેપાર ધંધા, ઉદ્યોગોની નગરી છે અને ભૂતકાળમાં આપણે જોયું છે કે જ્યાં જ્યાં વેપાર, ધંધા અને ઉદ્યોગો હોય ત્યાં કામદારોના પ્રશ્નોએ, યુનિયનના પ્રશ્નોએ અને માલિકોના પ્રશ્નોએ હડતાલો પડતી પણ ગુજરાતની અંદર માનવદિન ગુમાવવાના આખા દેશમાં સૌથી ઓછું કોઈ સ્થાન હોય તો એ ગુજરાતમાં છે અને આજે ગુજરાતમાં કામદારો અને માલિકો વચ્ચે ઔદ્યોગિક શાંતિ પણ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના કારણે છે, સરકારી તંત્ર જો બરાબર કામ ના કરે તો પ્રજા એ સરકારી તંત્ર ઉપરના હુમલાઓ કરે અને એવું ભૂતકાળમાં આપણે અનેકવખત જોયું છે પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સરકારી કર્મચારીઓ પર થતાં હુમલાઓની માત્રા નહિવત્ થઈ ગઈ છે, આ એમને એમ નથી બન્યું, ગુજરાત સરકારના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના કારણે વહીવટમાં આમૂલ પરિવર્તનના કારણે આ બન્યું છે. પણ હું છેલ્લાં કેટલાક દિવસોથી જોઈ રહ્યો છું કે ગુજરાતની પોલીસને ડિમોરલાઈઝ કરવાની એક પણ તક આ કોંગ્રેસના મિત્રો દ્વારા છોડવામાં નથી આવતી. માનનીય અધ્યક્ષશ્રી, ઘટનાઓ તો બને અને બનતી ઘટનાઓ ઉપર જો આપણે પૂરતાં પગલાં ના લઈએ અને પગલાં લીધાં પછી જો આપણે ગુન્હેગારોને સજા ન અપાવીએ તો આપણી નિષ્ફળતા થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એન્કાઉન્ટર થાય, બૉમ્બ બ્લાસ્ટ પણ થાય હમણાં લઠ્ઠાકાંડ થયો. પણ ખબર નથી પડતી કે એન્કાઉન્ટ થાય અને કોંગ્રેસના મિત્રો આતંકવાદીઓને બચાવવા માટે નીકળી પડે. લઠ્ઠાકાંડ થાય, સો ટકા એ લઠ્ઠાકાંડના કારણે જે કરુણાંતિકા થઈ છે તે કરુણાંતિકાને કારણે તે પરિવારો માટે આપણને સો ટકા સંવેદના છે. પરંતુ લઠ્ઠાકાંડના કારણે જે દારૂડિયાઓ મર્યા છે તેને બચાવવા માટે કોંગ્રેસના લોકો આંદોલન કરે? દરેક કેસમાં બચાવવા માટેનું આંદોલન અને પોલીસનું મોરલ તોડવા માટે અગ્રિમ કાર્યકર્તા આ વિપક્ષના લોકો શું સંદેશ આપવા માગે છે. રાજયનું નશાબંધી ખાતું જુદા જુદા જન જાગૃતિ માટે જુદા જુદા શેરી નાટકો કરે છે. અને આ શેરી નાટકો કરીને પ્રજામાં જન જાગૃતિ ઉભી થાય એવો પ્રયાસ કરે છે. આ વખતના બજેટમાં માનનીય વજુભાઈ વાળાએ જૂની નાટક મંડળીઓને તેમના ભવાઈ અને આપણી સંસ્કૃતિ જળવાય રહે તેના માટે ૫૦ હજારની સહાય કરવાનું વચન આપ્યું છે. પણ હમણાં હમણાં કોંગ્રેસના મિત્રો સમાંતર વિધાનસભા જેવું યોજીને સાહેબ, અમદાવાદમાં નાટક કરે, જુનાગઢમાં નાટક કરે, રાજકોટમાં નાટક કરે મને લાગે છે આ બધા નાટક કરીને આ વજુભાઈ વાળા પાસે ગ્રાન્ટ લેવા ના આવે. કોંગ્રેસના શાસનમાં એ રાજકારણનું અપરાધીકરણ થઈ ગયુ હતું. આપણને સૌને ખબર છે કે જે અપરાધીઓ હતા તેને રાજયાશ્રય મળતો હતો. શસ્ત્રોના સોદાગર એ • (xxxxx) શા માટે જેલમાં જવાનો વારો આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ચારે બાજુ ગેંગો..

**અધ્યક્ષશ્રી** : જે હાજર ના હોય તેના નામ ના લો તો સારું. એ ના લેવાય, એ કાઢી નાંખુ છું.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ઉકત નામ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના કોંગ્રેસના શાસનમાં ચારેબાજુ ગૅન્ગોનું સામ્રાજ્ય હતું. લતીફની ગૅન્ગ, રસૂલ પાર્ટીની ગૅન્ગ, મમ્મુ મિયાં, પંજુ મિયાં. માનનીય અધ્યક્ષશ્રી, રસૂલ પાર્ટીને ત્યાં એ એવો બુટલેગર, એવો ગુન્હેગાર તેને ત્યાં જે તે વખતના નાયબ મુખ્યમંત્રીએ તેને ત્યાં લગ્ન પ્રસંગે હાજરી આપી હતી. અને આ હાજરી આપીને ગુન્હેગારોને પ્રોત્સાહન આપવાનું કામ કર્યુ હોય તો કોંગ્રેસના શાસનના જે તે વખતના પ્રધાનોએ કર્યુ છે. આ ગેંગોના કારણે અને તે વખતના દિવસોમાં ગમે ત્યારે થતાં હિંસક હુમલાઓના કારણે સવારે ઘરેથી ગયેલો દીકરો સહી સલામત પાછો આવશે કે નહીં ? માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા તે પારેવાની જેમ ફફડતી હતી. અને આજે નરેન્દ્રભાઈ મોદીના રાજમાં ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજા સલામતી અને સુરક્ષાના કવચ નીચે જીવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌને ખબર છે કે રથયાત્રા એ ગુજરાતનું અને કર્ણાવતીનું નગર યાત્રા સ્વરૂપે માત્ર અમદાવાદ નહીં પરંતુ સમગ્ર રાજ્યભરના લોકો તેમાં જોડાય છે. ૧૯૮૫માં રથયાત્રા ઉપર હુમલો કર્યો અને ત્યારે કોંગ્રેસનું શાસન હતું અને કોંગ્રેસના શાસન વખતે લાગ લગાટ ચાર વર્ષ સુધી ભગવાન જગન્નાથના રથને બુલેટપ્રૂફ રથ બનાવીને અમદાવાદ શહેરની ગલીઓમાં ફેરવવાનું કામ આ કોંગ્રેસના શાસનમાં થયુ હતું. જે લોકો ભગવાન જગન્નાથની રક્ષા નથી કરી શકતાં તે ભક્તોની રક્ષા તો શું કરી શકવાના છે. હમણાં જે લઠ્ઠાકાંડ થયો તે લઠ્ઠાકાંડમાં કેટલાય કુટુંબો અને કેટલીય વ્યકિતઓ તેની અસર તળે આવી. લઠ્ઠાકાંડ થયા પછી પોલીસ હાથ બાંધીને બેસી નથી રહી. સરકારે આકરામાં આકરાં પગલાં લેવાની દિશામાં હિમાયત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે જેઓને આના કારણે શારીરિક તકલીફો ઉભી થઈ, એવા ૧૪૮ લોકોને રાજય સરકાર દ્વારા ડાયાલીસીસ કરાવીને એને નવજીવન બક્ષવાનું કામ એ રાજય સરકારની તાત્કાલિક સારવાર મળવાના કારણે થયું છે. ૯૭ જેટલા લોકો, જેની આંખની રોશની પાછી આવશે કે નહીં, જેના સંદર્ભમાં પ્રશ્નાર્થ હતો, પણ રાજય સરકાર દ્વારા એમાં તાત્કાલિક સારવાર અપાવીને આ ૯૭એ ૯૭ લોકોની રોશની જળવાઈ રહે અને એમને નવી રોશની મળી એનું કામ એ રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજી, એમના પોતાના એક કથન છે. કે, "દારૂના પ્રશ્ન સાથે ખેલ કરવા જેવું નથી. આ ભયંકર અનિષ્ટને પહોંચી વળવા ઢીલીપોચી નીતિ કામ નહીં આવે." અને જયારે આ બનાવ બન્યો અને બનાવના બીજા દિવસે મેં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું એક નિવેદન ટી.વી. પર જોયું અને એ નિવેદનના કેટલાક અંશો આ પ્રમાણે છે કે." આ કમનસીબ ઘટના અંગે એક નાગરિક તરીકે રોષ હોય તે સ્વાભાવિક છે. આ આફતના ભોગ બનેલ પ્રત્યે હું મારી સંવેદના વ્યકત કરું છું. હું ગુજરાતના નાગરિકોને પૂરો વિશ્વાસ આપું છું કે આ રોગના મૂળ સુધી જઈને તેના કસૂરવાર ગુનેગારને ન કલ્પી શકાય તેવી સજા આપવામાં આ સરકાર કટિબદ્ધ છે અને એને માટે કોઈ કચાશ રાખશે નહીં."

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગાંધીવાદી મૂલ્યોનું જતન કરવા માટે અને ગુજરાત સરકારની નીતિ અને નિયત સાફ હોવાથી દ્રઢ મનોબળ અને રાજકીય ઈચ્છાશકિતથી હિંમતભર્યુ પગલું ભર્યુ છે. અત્યાર સુધી ગુંજરાતમાં ૨૫ જેટલા લઠ્ઠાકાંડ થયા. ૪ કમિશન અને સમિતિઓના રીપોર્ટ આવ્યા, પણ પ્રથમ વખત મહાત્મા ગાંધીનું જે સ્વપ્ન હતું ઢીલીપોચી નીતિ નહીં, અસરકારક નીતિ. એ અસરકારક નીતિ ગુજરાતની અંદર 'પનીશ ટુ ડેથ' નો કાયદો જો લાવ્યા હોય તો એ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદી લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના એવા કેટલાયે રાજયો છે કે જેની અંદર દારૂબંધીની નીતિ નથી. છતાં પણ ત્યાં લઠ્ઠાકાંડો થાય છે, પરંતુ જો ગુજરાતમાં જે જૂના લઠ્ઠાકાંડો થયા છે, એના સંદર્ભમાં હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કેટલીક વિગતો મૂકવા માગું છુ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૬ના શાસનમાં અમદાવાદ શહેરમાં માધવસિંહ સોલંકીના કોંગ્રેસના શાસનમાં, ૧૯૭૭માં બાબુભાઈ જશભાઈ પટેલના શાસનમાં ત્રણ વખત થયો. ૧૯૮૧માં માધવસિંહભાઈ સોલંકીના કોંગ્રેસના શાસનમાં અમદાવાદ શહેરમાં. ૧૯૮૧માં ગોંડલ શહેરમાં માધવસિંહભાઈ સોલંકીના કોંગ્રેસના શાસનમાં. ૧૯૮૨માં ગોંડલ શહેરમાં માધવસિંહ સોલંકીના કોંગ્રેસના શાસનમાં. ૧૯૮૫માં માધવસિંહભાઈ સોલંકીના શાસનમાં અમદાવાદ શહેરમાં. ૧૯૮૬માં ખંભાત શહેરમાં અમરસિંહભાઈ ચૌધરીના કોંગ્રેસના શાસનમાં. ૧૯૮૭માં અમરસિંહભાઈ ચૌધરીના શાસનમાં અંકલેશ્વરમાં. ૧૯૮૯માં વડોદરામાં અમરસિંહભાઈ ચૌધરીના કોંગ્રેસના શાસનમાં. ૧૯૯૦માં સુત્રાપાડામાં ચીમનભાઈ પટેલના શાસનમાં. ૧૯૯૧માં રાજકોટ શહેરમાં ચીમનભાઈ પટેલના શાસનમાં. અત્યાર સુધી આ રાજયમાં ૨૫ જેટલા લઠ્ઠાકાંડ થયા. એમ. એન. મીંયાભાઈ પંચ, પી. એન. રાયકર સમિતિ, દવે સાહેબનું નિવૃત્ત ન્યાયાધીશનું કમિશન, પી.કે.લહેરીની સચિવ તરીકે સમાજ કલ્યાણ વિભાગની સમિતિ. આર.કે.શાહની એમ્પાવર્ડ કમિટી. આટલી બધી કમિટીઓ નિમાઈ, પરંતુ કોંગ્રેસની માનસિકતા નહોતી કે અમે દારૂબંધીની નીતિનો કાયદા દ્વારા કડક અમલ કરાવીને ગુજરાતમાં ગાંધીવાદી મૂલ્યોનું જતન કરીએ. આ જે દિવસે બનાવ બન્યો એના બીજા જ દિવસે રાજયના માનનીય ગૃહમંત્રીશ્રીએ નિવેદન કર્યુ અને જો આજે કોંગ્રેસના મિત્રો ઈચ્છતા હોત તો આજે વિધાનસભામાં ચર્ચા દ્વારા તેમના વિચારો ગુજરાતની પ્રજા અને આ સન્માનનીય હાઉસને કહી શકયા હોત, પરંતુ મેં કહ્યું તેમ ૨૫ જેટલા લઠ્ઠાકાંડની ઘટનાઓ બની, ૫૭૬ જેટલા લોકોએ આજસુધી એમાં જીવ ગુમાવ્યા છતાં આજસુધી એકપણ મુખ્યમંત્રીશ્રીએ રાજીનામું આપ્યું નથી, એકપણ

ગૃહમંત્રીશ્રીએ રાજીનામું આપ્યું નથી, એકપણ ગુજરાત સરકારે રાજીનામું આપ્યું નથી અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાજકીય પ્રતિભાને રાજયમાં અને દેશમાં ઝાંખી પાડવા માટે રાજકીય રીતે આ બનાવને લઈને રાજકીય રીતે ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવા માટેનો પ્રયાસ કરી રહ્યા છે. ગઈકાલે * (xxxx) એક બનાવ બન્યો. સામાન્ય રીતે * (xxxx) એવી બંધારણીય વ્યવસ્થા છે કે ફેડરલ સ્ટ્રકચર પ્રમાણે રાજયના બનાવોની ચર્ચા થતી નથી, પરંતુ માત્રને માત્ર રાજકીય આશયથી ગુજરાતમાં બન્યું છે તો નરેન્દ્રભાઈ મોદીની પ્રતિભાને ઝાંખી પાડવા માટેની આ ઉત્તમ તક છે એમ ગણીને * (xxxx) (xxxx) (xxxx) આંકડા રજૂ કરવામાં આવ્યા.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહ, * ((xxxx) આપનો સદર્ભ હું કાઢી નાંખું છું, આપ આગળ ચાલો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એ છે કે આ ચર્ચા * (xxxx) પૂરતી સિમીત રહી નથી. પછી આખા દેશમાં પ્રેસ સમક્ષ ખોટા મુદ્દા અને ખોટા આંકડાની વાત કરીને ગુજરાતને બદનામ કરવા માટેનો પ્રયાસ કર્યો છે. ગુજરાતને બદનામ કરવાની એકપણ તક આ કોંગ્રેસીઓ છોડતા નથી તો ગુજરાતના ધારાસભ્ય તરીકે સાચી વાત અને સાચી હકીકતો આ સભાગૃહના માધ્યમથી મારે આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, આપ * (xxxx) ઉલ્લેખ કર્યા વિના વિગતો મૂકો. બહાર થઈ હોય એ બધી વાત કરી શકો છો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રેસ વાંચી એના આધાર ઉપરથી આ સન્માનનીય સભાગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગું છું. ગુજરાતનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો છે પાકિસ્તાન સાથે આપણે કચ્છ, બનાસકાંઠા અને પાટણ એમ ત્રણ જિલ્લાઓથી જોડાયેલા છીએ. તો આવડો મોટો દરિયા કિનારો અને આટલા મોટા જમીન માર્ગે જોડાયેલા હોવાને કારણે સરહદી સુરક્ષા એ આપણા માટે ચિંતાનો વિષય છે એટલા માટે કે હમણાં મુંબઈમાં દરિયાઈ માર્ગેથી આતંકવાદીઓએ હુમલો કરીને ૨૦૦ જેટલા નિદોર્ષ નાગરિકોને મોતને ઘાટ ઉતારીને આ દેશની સુરક્ષા સામે અનેક પ્રશ્નો ઉભ કર્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, આપને ૧૫ મિનિટ આપી હતી અને એના કરતાં વધારે ૨૧ થી ૨૨ મિનિટ થઈ છે. હજુપણ કેટલો સમય લેવાના છો? (અંતરાય) માનનીય દંડકશ્રી, એમની ૨૨ મિનિટ તો થઈ ગઈ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦ જેટલા નિદોર્ષ નાગરિકોના રકતથી આતંકવાદીઓએ ધરતી ભીંજવી નાંખી હતી. આખા દેશને બાનજમાં લેવા માટે રાષ્ટ્ર સામેનું યુધ્ધ આ મુંબઈથી દરિયાઈ માર્ગ પ્રવેશેલા

આતંકવાદીઓએ કર્યુ હતું. હમણાં કેન્દ્ર સરકાર દ્વારા એના આઈ.બી. ના રોજ નવા અહેવાલ આવે છે કે દરિયાઈ માર્ગે હુમલો થવાની પૂરેપૂરી શકયતા છે તો એના માટે સચેત રહેવું. તો આટલો મોટો ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો અને એ દરિયા કિનારાની સુરક્ષા માટે ૫૦૦ કરોડ રૂપિયાનો પ્લાન ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને આપ્યો કે તમે અમને ૫૦૦ કરોડ રૂપિયા આપો તો અમે દરિયાઈ સુરક્ષા કરીએ, પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને અન્યાય કરવા માટે આ દરિયાઈ સુરક્ષા માટે ૫૦૦ કરોડ રૂપિયાની આવશ્યકતા હતી એના બદલે માત્ર ૪૮ કરોડ રૂપિયા જ આપ્યા છે. તો શા માટે ગુજરાતને અન્યાય કરવાની એકપણ તક આ કેન્દ્ર સરકાર જવા દેતી નથી? પહેલાં પોટોનો કાયદો હતો એ એટલા માટે કે દેશમાં બનતા આવા આતંકવાદી હુમલાઓ માટે આતંકવાદીઓ સામે કડક પગલાં લઈ શકાય.૨૦૦૨માં યુ.પી.એ.ની સરકારે લઘુમતી તૃષ્ટીકરણ માટે, પહેલા પોટાનો કાયદો હતો તે રદ કર્યો, ગુજરાત સરકારે ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજાની શાંતિ, સલામતી, સુરક્ષા અને ગુજરાતની સમૃદ્ધિ માટે ગુજકોકનો કાયદો બનાવ્યો, ગુજરાતની વિધાનસભાએ ત્રણ ત્રણ વખત કાયદો બનાવી કેન્દ્ર સરકારને એના અમલ માટે રાષ્ટ્રપતિ સમક્ષ મોકલ્યો, પણ આજ દિવસ સુધી કેન્દ્ર સરકાર દ્વારા એ કાયદાને મંજૂર કરવામાં નથી આવ્યો. એ કાયદો પરત કરવામાં આવ્યો. જે આ સન્માનનીય સભાગૃહ દ્વારા ગુજરાતના હિત માટેનો કાયદો હતો, ચિંતાની વાત તો એ છે કે આવો ને આવો કાયદો મહારાષ્ટ્રમાં મકોક નો કાયદો હોય તો ગુજરાતમાં ગુજકોકનો કાયદો કેમ નથી આપતા? ગુજરાતમાં ગુજકોકનો કાયદો નહીં આપીને શા માટે આપણે આવી ઢીલી નીતિ કરવી પડે? ગુજકોકનો કાયદો આપણે આતંકવાદીઓ સામે વાપરવા માગીએ છીએ. પણ મતોની મમતામાં માત્ર અને માત્ર આતંકવાદીઓને પગચંપી કરવા માટે, માત્ર અને માત્ર આતંકવાદીઓ સામે મૂઝરા કરવા માટે ગુજકોક જેવા કાયદાથી ગુજરાતની પ્રજાને વંચિત રાખવાના કેન્દ્ર સરકારના આ પગલાંના કારણે આગામી દિવસોમાં આ સુરક્ષા માટેના અનેક પ્રશ્નો વચ્ચે ગુજરાતની પોલીસે પૂરા ઝનૂન અને જોમ થી કામ કરવાનું છે. ગુજરાતનું પોલીસ તંત્ર અને પોલીસ તંત્રમાં ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી જેણે નેશનલ અને ઈન્ટરનેશનલ ક્ષેત્રે તેનું રેકગ્નાઈજેશન થવાથી આપણને સૌ ને ગુજરાતને માટે ગૌરવ લેવા જેવી ઘટના છે. કેન્દ્ર સરકાર દ્વારા એને સેન્ટર ફોર એકસલન્સ તરીકે કન્સીડર કરવામાં આવ્યું છે. આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટકરીમાં ડી.એન.એ., બ્રેઈન મેપીંગ, ઓટોમેટીક ફીંગર પ્રીન્ટીંગ સીસ્ટમ, વોઈસ આઈડેન્ટીફીકેશન જેવી અનેકવીધ મોર્ડન

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઈકવીપમેન્ટના આધારે ગુનાનું પરીક્ષણ કરીને એના આધારે ગુનેગારોને સજા કરાવવા માટેનું કામ આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા થાય છે. એમાં વધારામાં હમણાં એને મોબાઈલ વાઈલ્ડ લાઈફ ઈન્વેસ્ટીગેશન વાન બનાવી છે, ગૌ માસનો જથ્થો જે મહારાષ્ટ્રથી મુંબઈથી ગુજરાતમાંથી પસાર થતો હોય તેનું સ્થળ ઉપર નિરિક્ષણ કરીને એ ગૌ માસ છે તેની ચકાસણી કરીને, ગૌ હત્યા ઉપર અંકૂશ લાવવા માટેનું કામ પણ આ ગુજરાતની સરકારના ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આડકતરા પ્રયાસના કારણે બન્યું છે. હમણાં ગિરમાં સિંહોના શિકાર થયા અને આ શિકાર કરતી ટોળકી ને પકડવા માટે ૨૦ જેટલા વ્યકિતઓને માત્ર પકડયા નહીં પરંતુ તેને પકડીને સજા કરાવવા માટે પણ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી વધારે અગત્યની નીવડી છે. એમાં સાયબર ક્રાઈમનો પણ એક વિભાગ છે. સંસદ પરના હુમલાના આરોપી પ્રો. ગીલાણીનું લેપટોપ અહીંયા લાવીને આ સાઈબર ક્રાઈમના વિભાગ દ્વારા મદદ રૂપ થયા હતા. સંખ્યાબંધ ગુનાઓ ઉકેલવા માટે ફોરેન્સીક સાયન્સલેબોરેટરી માત્ર ઉપયોગી નહીં પણ આઈ.એ.એસ., આઈ.પી.એસ., જજ, વકીલ કક્ષાના સમાજ જીવનના અનેક લોકોને આ માર્ગદર્શન આપવા માટેનો પ્રયાસ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ આપો તો બાકીના મુદ્દાઓ ઉપર વાત કરી લઉં.

**અધ્યક્ષશ્રી** : મેં આપને લગભગ ૨૭ થી ૨૮ મિનિટ આપી છે. મને વાંધો કોઈ જ નથી, પ્રદિપસિંહજી પછી દંડકશ્રીએ જે ૧૪ જેટલા સભ્યોનું કહ્યું છે, અને પછી મુશ્કેલી પડશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : બે મિનિટમાં પુરું કરું છું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, ડેઝર્ટ એરિયા પોલીસીંગના નામે ગુજરાતમાં અસર કારક પેટ્રોલીંગ કરીને ગુજરાતમાં કચ્છના રણ અને એના જમીન માર્ગોની ચિંતા કરવાનું કામ કોસ્ટલ સીકયુરીટી સ્કીમ અને અમદાવાદ જેવું શહેર કે જેની અંદર ૬૦ લાખ જેટલી વસતિ છે અને આ વસતિની અંદર સમૃદ્ધિ છે અને સમૃદ્ધિ હોવાના કારણે ગુનાનું પ્રમાણ જો વધે તો તેની પણ રાજય સરકાર દ્વારા ચિંતા કરવામાં આવી છે. ભરતીના નિયમોમાં વ્યાપક સુધારા કરવાનું જોઈ કોઈએ કામ કર્યુ હોય તો તે ગુજરાતના ગૃહ વિભાગે કર્યુ છે. સારી ગુણવત્તાવાળા પોલીસદળની અંદર ભરતી થાય એના માટે માન્ય એથ્લેટીકસ, યોગ, સ્પોર્ટસવાળાને અગ્રિમતા, એન.સી.સી.વાળાને સી. સર્ટિફિકેટ મળ્યું હોય એને અગ્રિમતા. કૉમ્પ્યુટરનું જ્ઞાન ફરજિયાત ગણવામાં આવે છે અને શૈક્ષણિક લાયકાત જે દસમાં ધોરણની હતી એ બારમાં ધોરણની કરવામાં આવી છે. જેના કારણે આવનાર દિવસોમાં ગુજરાતની અંદર પોલીસદળની જે ભરતી થશે એ અસરકારક પોલીસ દળ આપણને મળવાનું છે. પોલીસદળમાં ભરતીનું પ્રમાણ પણ અનેકગણું વધ્યુ છે. ૨૦૦૮માં ૧૮૪ જેટલા સહાયક પોલીસ સબ ઈન્સ્પેકટર, ૨૦૦૬માં ૩ હજાર જેટલા લોકરક્ષક, ૨૦૦૮માં ૬ હજાર જેટલા લોકરક્ષકની પ્રક્રિયા પૂર્ણ થવામાં છે. પોલીસ જે સમાજની સુરક્ષા કરે, પોલીસ પોતાની જાતની પણ ચિંતા નથી કરતી રાજય સરકારના ગૃહ વિભાગે આ પોલીસના આરોગ્યની ચિંતા કરી છે, પોલીસના પરિવારોની ચિંતા કરી છે. ૫૫ હજાર જેટલા કર્મચારીઓના અને એના પોણા બે લાખના કુટુંબીજનોના આરોગ્યની ચકાસણીનું કામ રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવે છે. કોઈ પોલીસ કર્મચારીને અકસ્માત થાય, ઈજા થાય એને વીમાના કવચથી આવરી લેવા, પોલીસ સબ ઇન્સ્પેક્ટરથી ઉપરનાને પાંચ લાખ, કોન્સ્ટેબને ચાર લાખ અને જે એ.ટી.એસ. કે બૉમ્બ સ્કવોર્ડ જેવા જોખમી કામ કરે છે એને પંદર લાખ રૂપિયા જેટલા રૂપિયાથી વીમાનું કવચ પુરું પાડવાનું કામ પોલીસ તંત્ર દ્વારા ગૃહ વિભાગ દ્વારા કર્યુ છે.

જેલોની અંદર ઓવર ક્રાઉન્ડીંગ એ મોટી સમસ્યા છે. આ ઓવર ક્રાઉન્ડીંગમાં ચાલુ વરસે પાંચ કરોડની જોગવાઈ કરીને નવ જેટલી જેલો ઊભી કરવાનું કામ આ રાજય સરકારે ચાલુ વર્ષે આયોજન કર્યુ છે. અને ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરી જેલોમાં વિડિયો કૉન્ફરન્સ સુવિધા ઊભી કરીને ૨૭ હજાર જેટલા કેદીઓનો આ દ્વારા પૂછપરછ કરીને માનવ સંપદા, સમય સંપદા અને ઝડપી ન્યાયની પ્રક્રિયામાં વિડિયો કૉન્ફરન્સ ઉત્તમ પુરવાર થયું છે.

**અધ્યક્ષશ્રી** : સમય સંપદાનો ઉપયોગ કરીએ, મારે બીજા ચૌદમા સભ્ય સુધી પહોંચવાનું છે. આપને આજ સુધીના ઇતિહાસમાં સૌથી વધારે ૨૯ મિનિટ આપી છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, શિક્ષણ વિભાગ માગણી ક્રમાંક ૪૩, ૪૪, ૭૪, ૭૫, ૮ અને ૯ લઈને મંત્રીશ્રીઓ આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શિક્ષણ વિભાગનું રાજય સરકારનું બજૅટ ૨૦૦૪-૦૫માં ૫૬૫ કરોડનું હતું જે ૨૦૦૯-૧૦માં ૧૬૦૦ કરોડનું અંદાજવામાં આવ્યું છે. જે ૨૦૦૪-૦૫ કરતાં ત્રણ ગણું છે. રાજય સરકાર ઇચ્છે છે કે શિક્ષણની ગુણવત્તામાં વધારો થવો જોઈએ અને એ માટે સરકાર સંકલ્પબદ્ધ છે. છેલ્લા આઠ વર્ષમાં શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણીના અનેક કાર્યક્રમો દ્વારા રાજયના છેવાડાના ગામડા સુધી જવાનું થયું. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ, મંત્રીમંડળના સભ્યો, આઈ.એ.એસ.આઈ.પી.એસ. અધિકારીઓ અને ધારાસભ્યો બધા જ આ છેવાડાના ગામડાંમાં જઈને શાળા પ્રવેશોત્સવ માટે જઈને કન્યાઓને પ્રોત્સાહિત કરી છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે રાજય સરકારે અનેક પગલાં લીધા છે. ખાસ કરીને છેવાડાના વિસ્તારોમાં જ્યારે શિક્ષકોની ઘટ હતી અને એ શિક્ષકોની દ ાટ પૂરવા માટે વિદ્યા સહાયકની ભરતી કરી, વિદ્યા સહાયકની નિમણૂકને કારણે લાખોની સંખ્યામાં નિમણૂક થઈ અને રાજયના છેવાડાના ગામડામાં એમને શિક્ષણ આપવા માંડ્યું. રાજયમાં ઉચ્ચતર શિક્ષણની ૯૦૩ શૈક્ષણિક

સંસ્થાઓ આવેલી છે જેમાં ૪૫૦ સ્વનિર્ભર સંસ્થાઓ છે અને ૩૫૮ બિન સરકારી અનુદાન મેળવતી કૉલેજો છે. રાજયનું શિક્ષણ વિભાગ ખાસ કરીને શિક્ષણમાં સંશોધન માટે ૧૫ સંસ્થાઓને કાર્યાન્વિત કરી છે. આ પંદર સંસ્થાઓ શિક્ષણમાં રીસર્ચ કરીને અને એમાં કેવી રીતે સુધારા થઈ શકે એની કામગીરી કરે છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ ૧૧-૦૦ વાગ્યે મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાલા** : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૧૦ યુનિવર્સિટી કાર્યરત છે. જેમાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, એમ.એસ. યુનિવર્સિટી વડોદરા આ બન્ને યુનિવર્સિટીઓ ૧૯૪૯થી કાર્યરત છે. તેની સ્થાપના ૧૯૪૯થી થઈ છે અને આ બન્ને યુનિવર્સિટીઓ રાજય સરકારની ગ્રાન્ટ મેળવે છે. રાજયમાં ૭ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ પણ શરૂ થઈ ગઈ છે. જેમાં ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન એન્ડ ટૅક્નૉલૉજી જે ગાંધીનગરમાં શરૂ થઈ છે અને હમણાં જ આ સત્રમાં જ આ ઇન્સ્ટિટ્યૂટને યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ધીરુભાઈ અંબાણીનું નામ આવે એટલે આપણને એમણે કહેલા શબ્દો યાદ આવે છે. ધીરુભાઈ અંબાણી કહેતા હતા કે ગુજરાતીમાં એવી શકિત છે કે જે પથ્થરમાંથી પાણી કાઢે છે. હું કહીશ કે આપણાં રાજયના ગુજરાતના ગુજરાતી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈમાં એવી શકિત છે કે જે પથ્થરમાંથી પાણી, પાણીમાંથી ઑઈલ અને ઑઈલમાંથી ગેસ કાઢે છે એવા રાજયના શકિતશાળી મુખ્યમંત્રી છે. આપણાં રાજયમાં ૫ યુનિવર્સિટી કાર્યરત છે. Kerlex Teachers' University-અમદાવાદ, અમદાવાદ યુનિવર્સિટી, નવરચના યુનિવર્સિટી, આઈ.સી.એફ.એ.આઈ. યુનિવર્સિટી, ચરોતર યુનિવર્સિટી ચાંગા ખાતે શરૂ થનાર છે. રાજયમાં જે યુનિવર્સિટી આવેલી છે જે ખાસ કરીને દેશ અને દુનિયામાં જાણીતી છે. તેમાં એમ.એસ. યુનિવર્સિટી છે, સરદાર પટેલ યુનિવર્સિટી છે, ગુજરાત યુનિવર્સિટી છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છે, આવી રાજયની અનેક યુનિવર્સિટીઓ છે જેણે દેશ અને દુનિયામાં નામના મેળવી છે. ખાસ કરીને એમ.એસ. યુનિવર્સિટીની વાત કરું તો આ યુનિવર્સિટી કોઈ પણ સંસ્થા સાથે affiliate નથી. આ યુનિવર્સિટીમાં ૩૬,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૧૨૦૦ જેટલો શૈક્ષણિક સ્ટાફ છે અને ૧૮૦૦ જેટલો બિન શૈક્ષણિક સ્ટાફ છે. આ યુનિવર્સિટીની જે ફેકલ્ટી છે તેમાં અંગ્રેજી માધ્યમથી શિક્ષણ આપવામાં આવે છે. કે.જી.થી સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ છે. આ યુનિવર્સિટીમાં વિદેશથી પણ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવે છે. હમણાં જ નાલંદા યુનિવર્સિટીની વાત થઈ કે ભૂતકાળમાં વિદેશી વિદ્યાર્થીઓ નાલંદા યુનિવર્સિટીમાં ભણવા આવતા હતા. આ યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓ આવે છે. પી.એચ.ડી.નો ડિગ્રી કોર્સ છે તે માટે ૧૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ દર વર્ષે પી.એચ.ડી.ની ડિગ્રી લે છે. આ યુનિવર્સિટી રીસર્ચ પેપર પણ પ્રકાશિત કરે છે. તેમાં ૨૨૦૦ જેટલી આંતરરાષ્ટ્રીય જરનલ અને ૨૭૦૦થી વધુ જરનલો સાથે ૧,૮૬૦ જેટલા લેખકો દ્વારા આ પ્રકાશિત થાય છે. બહોળા પ્રમાણમાં વિવિધ સંસ્થાઓના જોડાણને કારણે ઉચ્ચ કક્ષાના વિશિષ્ટ સંશોધનો પ્રકાશિત થાય છે અને તેના કારણે આ યુનિવર્સિટીને રીસર્ચની ગ્રાન્ટ પણ મળે છે. આ વર્ષે રાજય સરકારે બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપીને આઠ નવા આધુનિક વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક કોર્સીસ શરૂ કરવા માટે યુનિવર્સિટીને ગ્રાન્ટ આપવામાં આવી છે. આ યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત ૨૫ શિક્ષકો ઈંગ્લેન્ડની દુરહામ યુનિવર્સિટીમાં વાદ્યસંગીતનો કાર્યક્રમ દર્શાવવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ યુનિવર્સિટીઓ સેટેલાઈટ સાથે જોડાઈ છે અને જેના કારણે ગણિતશાસ્ત્રીઓની ઇન્ટરનૅશનલ કૉન્ફરન્સ કરવી હોય કે દેશ અને દુનિયાની ઈન્ટરનેટ દ્વારા માહિતી મેળવવી હોય તો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માહિતી મેળવી શકે છે. રાજયમાં અનેક યુનિવર્સિટીઓ ખાસ કરીને ગણપત યુનિવર્સિટી છે જેને યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. સર્વ વિદ્યાલયને ૨૦૦૭માં યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્માના નામની કચ્છમાં યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. કડી સર્વ વિદ્યાલયને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. CEPT યુનિવર્સિટી દ્વારા પર્યાવરણ વધારવામાં અને આર્કિટૅક્ટનો દૃષ્ટિકોણ છે. આ યુનિવર્સિટીઓમાં એન્જિનિયરીંગ, પૅરા મૅડિકલ, પૉલિટૅક્નિક, ફાર્મસી, નર્સિંગ, સાયન્સ, કૉમર્સ અને આર્ટસ જેવા અભ્યાસક્રમો ચાલે છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને રાજયમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી સ્થાપવાનો ૨૦૦૮માં વિચાર આવ્યો. એના અમલીકરણ માટે ટાસ્ક ફૉર્સ કમિટિની રચના કરવામાં આવી છે. ૨૦૦૯માં બાળ ગોકુલમ સોસાયટીની રચના કરવામાં આવી. બાળકોના વ્યકિતત્વનો વિકાસ થાય એવો અભિગમ છે. એના દ્વારા શિક્ષણ અને પ્રાયોગિક શિક્ષણની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપ ૨૦૦૬-૦૭માં શરૂ કરવામાં આવી. આ સ્કોપ દ્વારા ૬૫૭૪૩ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. વિદ્યાર્થીઓ ફલુયન્ટ ઇંગ્લિશ લખી શકે અને બોલી શકે એના માટે આ સ્કોપ સંસ્થા કાર્યરત છે. આપણે જાણીએ છીએ કે, આ રાજયમાં ૪-૫ વખત યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટની અંદર વિદેશી અને ભારતીય રોકાણકારો આવ્યા છે. એમની ડિમાન્ડ હતી કે રાજયના યુવાનો અંગ્રેજી લખતા હોય અને બોલતા હોય, એવા યુવાનોની એમને જરૂર છે. એને ધ્યાનમાં રાખીને આ સ્કોપ સંસ્થાને એની જવાબદારી સોંપી છે. ખાસ તો રાજયની માધ્યમિક બિન સરકારી અને સરકારી જે સ્કૂલો અને કૉલેજો આવેલી છે એને K U Band

receiver સાથે જોડાણની કાર્યવાહી હાથ ધરી છે. શિક્ષણ વિભાગ હેઠળ રાજયમાં આવેલ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તેમજ સરકારી શાળાઓના ધોરણ-૮, ૯ અને ૧૦ના કુલ ૬૧૦ વર્ગોને વધારાના વર્ગો તરીકે મંજૂરી આપેલી છે.

**સભાપતિશ્રી** : તમને ફાળવેલ સમય પૂરો થઈ ગયેલ છે, હવે તમે કેટલો સમય લેશો?

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પૂરું કરું છું. રાજયમાં ૬૫ નવી માધ્યમિક શાળાઓ માટે જમીન સંપાદન કરવામાં આવી છે. ધોરણ ૮માં પ્રવેશ પામતી ૮૮૮૪ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવામાં આવે છે. આ બૉન્ડ માટે રૂ.૧,૭૭,૬૮,૦૦૦/- નો ખર્ચ થયો છે. ૨૦૦૯-૧૦ની શરૂઆતમાં ૧૩૧ નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૧૦ શાળાઓ શરૂ કરવામાં આવી છે અને એમાં પણ ધોરણ -૮ અને ૯માં ક્રમિક વર્ગ વધારો મંજૂર કર્યો છે. ધોરણ - ૧૨ સુધી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ વન બંધુ વિસ્તારમાં રાજય સરકારે શરૂ કરી છે અને એમાં બધી જ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એ જ રીતે સાગર ખેડૂ યોજના ૨૦૦૭માં શરૂ કરવામાં આવી અને એ અંતર્ગત ૧૬ શાળાઓ સામાન્ય પ્રવાહની અને ૧ શાળા વિજ્ઞાન પ્રવાહની શરૂ કરવામાં આવી છે. ૨૦૦૯થી સામાન્ય પ્રવાહની ૬૯ શાળાઓ તેમજ જે તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની એકપણ શાળા નથી તેવા તાલુકાઓમાં ૪૦ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. રાજયની ૩૬૫૦ શાળાઓમાં કમ્પ્યુટર મારફતે શિક્ષણ પૂરું પાડવા માટે મેસર્સ એજયુકોમ સોલ્યુશન અને એનઆઈઆઈટી લિ. યુનિવર્સિટીઓમાં ૧૬૮૦ અને ૧૬૭૦ શાળાઓમાં કમ્પ્યુટર શિક્ષણ પૂરું પાડવા માટે,કૉમ્પ્યુટર શિક્ષણ પૂરું પાડવા માટે કૉમ્પ્યુટર અને સાધન સામગ્રી માટેના કોન્ટ્રાકટ આપવામાં આવ્યા છે.

**સભાપતિશ્રી** : શ્રી લાખાવાલા સાહેબ, તમારી માગણી મુજબની મિનિટ પૂરી થઈ છે. તમે માગણી કરી હતી વધારાની એ બે મિનિટ પૂરી થઈ છે. હવે શું કરવા માગો છો?

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : વધારાની બે મિનિટ આપો.

**સભાપતિશ્રી** : હજી બીજી બે મિનિટ? એક મિનિટમાં પૂરું કરો. બીજા બધા છે એટલે મને વાંધો નથી.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : ઓ. કે. સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વિદ્યાર્થીઓની હાજરીના નિયમો માટે બાયોમેટ્રીક સિસ્ટમની પ્રથા દાખલ કરવામાં આવવાની છે. રાજયમાં ઔદ્યોગિક વિકાસને ધ્યાનમાં રાખીને ખાસ કરીને ડીગ્રી અભ્યાસક્રમોની સંખ્યામાં ૨૪૦૧૬, ડિપ્લોમા અભ્યાસક્રમની સંખ્યા ૨૬,૨૧૫ની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ ઉદ્યોગગૃહોની જે ડિમાન્ડ છે, રાજય પાસેથી જે ઉદ્યોગ ગૃહો આવવાના છે એમની ડિમાન્ડ છે કે મેનેજમેન્ટ કક્ષાએ સ્નાતકોની જરૂર છે અને એમાં મરીન મેનેજમેન્ટ હોય, Textile મેનેજમેન્ટ હોય, પૉર્ટ મેનેજમેન્ટ હોય, બાયોટેક પેરામેડીકલ સ્નાતકો મળી રહે તે માટે રાજય સરકારે યુનિવર્સિટીઓમાં ડિપ્લોમા તથા સર્ટિફિકેટ કોર્ષ કક્ષાના નવા અભ્યાસક્રમો ચાલુ કર્યા છે તો શિક્ષણ મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માગણી નં. ૪૩, ૪૪ ગૃહ વિભાગ તેમજ ૯ નંબરની માગણી શિક્ષણમંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. લોકશાહી તંત્રમાં કે જે બંધારણના ઘડવૈયા હતા એમને એક આશા હતી કે લોકશાહીમાં સર્વને સમાન તમામ હક્કો મળે એના માટેની જે આશાઓ હતી એ મને લાગે છે કે લાંબા સમય સુધી જેણે શાસન કર્યુ એ પ્રજા ઉપર એણે એ ધ્યાન નહીં આપ્યું કે શિક્ષણ એ મનુષ્યજીવન માટે અગત્યની બાબત છે. એમાંય આ રાજયમાં મુખ્યમંત્રીશ્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી સાહેબ જયારથી આવ્યા ત્યારથી એમણે તારણ કાઢયું કે આ રાજયનો સંપૂર્ણ વિકાસ કરવો હોય તો એ મહિલાઓને પહેલા પ્રોત્સાહિત કરવા પડે અને એના માટે એમણે શરૂઆતથી જે દિવસથી દીકરી દાખલ થાય શાળામાં એ દિવસથી વિદ્યાલક્ષ્મી બોન્ડથી શરૂઆત થઈ. આ વર્ષે ૯૯૯૯ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ જે આપ્યું અને એનાથી એવું આપણે પ્રસ્થાપિત નથી કરી શકતા કે એનું ભલું થઈ ગયું પણ કન્યાને નિશાળ સુધી ખેંચી લાવવા માટે એના વાલીને એક હમદર્દી પેદા કરવા માટે રાજય સરકારે આ વિદ્યાલક્ષ્મી બોન્ડ દાખલ કરીને કન્યાઓને શાળા સુધી અને એ પછી પણ શાળા ન છોડે એવી પકકડ મજબૂત કરવા માટે રાજય સરકારે આ જે પગલું ભર્યુ છે એ ખરેખર દીકરીઓ માટે અગત્યનું છે. ભૂતકાળમાં હું જે વિસ્તારમાંથી આવુ છું એ આદિવાસી વિસ્તાર દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર થી સાબરકાંઠા સુધી ધરમપુર વલસાડ સુધી એ વિસ્તાર એવો આખો રહ્યો છે આજ સુધી કે આ દીકરીને આજે કૉલેજની ગ્રૅજ્યુએટ કોઈ દીકરી શોધવી હોય તો એ આખું ગામ તપાસો તો કોઈ એવી દીકરી ના મળે કે જે ગ્રૅજ્યુએટ હોઈ શકે પણ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની કોઈપણ દીકરી નિશાળમાં દાખલ થાય, દાખલ થયા પછી એ નિશાળ ન છોડી જાય ત્યાં સુધીની કાળજી આ રાજય સરકારે લીધી છે જે પૂરા હિંદુસ્તાનમાં આવી વ્યવસ્થા લગભગ કોઈ જગ્યાએ નહીં હોય. જે વિદ્યાર્થી શાળામાં ભણતા હોય, એ માધ્યમિક શાળામાં હોય, ઉચ્ચતર માધ્યમિક શાળામાં હોય અને એ વિદ્યાર્થી અકસ્માતે મોત પામે અને મૃત્યુ થાય ત્યારે પણ એ બાળકને ૫૦હજાર રુપિયાની રકમ આ રાજય સરકારે પહેલામાં પહેલો રિવાજ હમણાં શરૂ કર્યો. પૂર્વમાં જે લોકોએ શાસન કર્યુ એ સમયે આવી કોઈ યોજના દાખલ નહોતા કરતા એનું કારણ હતું કે એમણે યોજના બનાવેલી કે જ્યાં સુધી ગુજરાત શિક્ષણમાં પછાત રહે ત્યાં સુધી

મત મળે.મતોના રાજકારણમાં આ ગુજરાતમાં એવા કેટલાય તાલુકાઓ, આ કેન્દ્ર સરકારનું તારણ છે કે અતિ પછાત નીકળ્યા. લોકશાહી તો બધે હતી પણ આ તાલુકાઓનો એ સમયમાં, કોંગ્રેસના રાજમાં જ્ઞાતિવાદથી રાજકારણ ચાલતું હોવાથી એ વિસ્તારોનો વિકાસ થયો ન હતો. આ રાજ્ય સરકારે વનબંધુ યોજનામાં અમારા વિસ્તારમાં દરેક જગ્યાએ નવી શાળાઓનો નિર્ણય કર્યો છે. ગઈકાલે શિક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે વિજ્ઞાન પ્રવાહમાં ભણનાર વિદ્યાર્થીઓને શહેરમાં આવવું પડે અને શહેરમાં એડમિશન ન મળે અને એડમિશન મળે તો એને છાત્રાલયમાં રહેવાની વ્યવસ્થા ન મળે એવી પરિસ્થિતિમાં રાજ્ય સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીએ દૃઢ નિશ્ચય કર્યો કે કોઈપણ તાલુકો વિજ્ઞાન પ્રવાહના શિક્ષણ વગરનો ન રહે. જે ૪૦ તાલુકાઓ બાકી હતા એ આ વર્ષે લઈ લીધા છે એ બદલ હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. આ ગુજરાત નિર્ભય બને, ગુજરાત નિર્મળ બને, કોંગ્રેસના શાસનમાં ગુજરાત નિર્બળ હતું, આ ગુજરાતને કોઈપણ ટકોર કરી શકતું હતું. એ સમય હતો પણ આ રાજ્યના મુખ્યમંત્રીએ જાહેર જીવનમાં પોતાના ભેખમાં કહ્યું કે આ ગુજરાત કોઈની ભીખ નહીં માગે. ચાહે ડોકટર બનાવવા હોય, આઈ.એ.એસ હોય કે એન્જિનિયર બનાવવાના હોય તો એ મારા ગુજરાતમાં પેદા થાય એવો નિર્ણય કર્યો છે. એવા મુખ્યમંત્રીએ આ ગુજરાતને વિશ્વની હરોળમાં મૂક્યું છે કે દુનિયાના લોકો ગુજરાતને પૂછે કે નરેન્દ્ર મોદીનું ગુજરાત કેવું? તો આજે ગુજરાત રાજ્યનો આદિવાસી એ ભલે અમારો પંચમહાલ કે દાહોદનો આદિવાસી વિસ્તાર હોય, એ આદિવાસી વિસ્તારમાં જેટલી ફેસિલિટી ગાંધીનગરમાં હોય એવી ફેસિલિટી આજે પણ ગુજરાતના ગામડા સુધી પહોંચી છે. દસ વર્ષના ભારતીય જનતા પક્ષના શાસનમાં જે પરિવર્તન આવ્યું એમાં શિક્ષણની જાગૃતિ વધી છે. એનું કારણ છે કે રાજ્ય સરકારી ઈચ્છાશક્તિ કે પ્રત્યેક ગુજરાતી શિક્ષણથી વંચિત ન રહે એ દૃઢ નિશ્ચયનું ફળ છે.

**સભાપતિશ્રી** : આપનો સમય પૂરો થઈ ગયો છે. હવે આપ કેટલો સમય લેવા માગો છો?

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મને દસ મિનિટ આપો. મારે હજી ગૃહ વિભાગ ઉપર બોલવાનું છે.

**સભાપતિશ્રી** : દસ મિનિટ નહીં આપી શકું. આપના દંડકશ્રીએ સમયની ફાળવણી કરી છે એ મુજબ મારે ચલાવવાનું છે. આપ બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં લોકશાહી તંત્રની સ્થાપનાથી આજ સુધી લાંબા સમય સુધી જેણે રાજ કર્યું એ આજના દિવસોમાં એક મુદ્દો લઈને ઉપડ્યા છે કે અમે ગાંધીજીના વારસદાર છીએ. આપણે માનીએ કે પ્રત્યેક નાગરિક ગાંધીજીની વિચારધારાને વરે, એ આપણો વિચાર હોય પણ જેમણે ૫૦ વર્ષ સુધી આ ધરતી ઉપર રાજ કર્યું એ લોકો આજે લઠ્ઠાકાંડનો મુદ્દો લઈને શેરી નાટકો કરવા નીકળ્યા છે. મારે એમને પૂછવું છે કે તમારા શાસનમાં જે લઠ્ઠાકાંડો થયા એમાં કોઈ સરકારે એવું પગલું નહોતું ભર્યું કે ફરી આવું કાંઈ પણ ન થાય. એવા કોઈ ઠોસ પગલાં લીધાં ન હતાં. આખા હિન્દુસ્તાનમાં તપાસ કરાવો તો આજે દારૂની ફેકટરીઓ કોની છે? આ દારૂની તમામ ફેકટરીઓ કોંગ્રેસના મિત્રોની છે. બીજા કોઈની નથી. એ લોકો આ રાજ્યની પોલીસને બદનામ કરવા માટે, આ રાજ્યની પોલીસ અને ગૃહમંત્રી હપતા ઉઘરાવે છે એ પ્રકારના નિત-નવા પ્રચારો કરે છે. આપણે વિચારવું જોઈએ કે આ રાજ્યના ગૃહમંત્રી કાંઈ દારૂડિયાના હપતાથી જીવે છે? આ રાજ્યના ગૃહમંત્રી કે પોલીસ દારૂડિયાના હપતાથી જીવન ગુજારે છે? મતોનું રાજકારણ ખેલવા માટે, મત લેવા માટે લોકોને અવળા માર્ગે દોરવા માટે આ બધું કરે છે. એમના સમયમાં આજ સુધીમાં કુલ જેટલા લઠ્ઠાકાંડો થયા એમાં ૬૫૦ ઉપરાંત લોકો મૃત્યુ પામ્યા ત્યારે કોઈએ એમ નહોતું કહ્યું કે આ રાજ્યના ગૃહમંત્રીએ રાજીનામું આપી દેવું જોઈએ. મુખ્યમંત્રીએ રાજીનામું આપવું જોઈએ. આવી કોઈ માગણી કરી ન હતી. આજે નીકળી પડ્યા છે એનું કારણ એ છે કે એમણે કહ્યું કે ગુજરાતની સ્થિતિ કથળી ગઈ છે. સ્થિતિ બહુ સારી છે પણ માત્ર કોંગ્રેસની સ્થિતિ બહુ ખરાબ થઈ ગઈ છે. એમને ખબર છે. એમણે ક્યારેય ભારતીય જનતા પક્ષનો વિરોધ કર્યો નથી. આજના સબળ ગૃહમંત્રી કે જેના નેજા હેઠળ છેલ્લા પાંચ વર્ષનો રેકર્ડ બતાવો કે એક પણ અનિચ્છનીય બનાવ બન્યો હોય કે જેના કારણે સરકારે નીચું જોવું પડે. આવી રાજ્ય સરકાર અને રાજ્યનો પોલીસ વિભાગ કે જેની કોઈપણ કામગીરીથી ગુજરાતના નાગરિકોને શરમ આવે એવું એક પણ પગલું કે એવું એક પણ કામ આ ગુજરાતની પોલીસે કર્યું નથી. શરમ આવે એવું એક પગલું આ ગુજરાતની પોલીસે કામ નથી કર્યું અને એટલા માટે મારે આપને કહેવુંછે અમારા વિસ્તારમાં ગોધરા કાંડનો મુદ્દો કોંગ્રેસે ઉપાડ્યો એને માત્ર મડદાના રાજકારણમાં મત લેવાનું, પહેલાના સમયમાં શીખોના હત્યાકાંડ થયા આ દેશમાં આજે મિડિયા એને લખવા તૈયાર નથી પણ ગોધરા કાંડ થયો તો એને મોટા અક્ષરે હેડીંગ આપ્યું આની તપાસ, ફલાણી તપાસ, માનનીય અધ્યક્ષશ્રી, મારે કોંગ્રેસના શાસનનો એક દાખલો દેવો છે આ (અંતરાય) નિર્દોષ શિક્ષકોને શાળામાં જઈને મારી નાંખ્યા. ગોધરાની ધરતી ઉપર સીંધી સમાજના ૯ માણસોને જીવતા બાળી દીધા. અને આજ આણંદની ધરતી ઉપર ગૌ હત્યાની જે રક્ષા કરનારી મહિલા હતી ગીતાબેન શાહ આવા લોકોની જેણે હત્યા થઈ ત્યારે મિડિયાએ પણ આનો કોઈ દહાડે લખવાનો સમય નથી લીધો. અને કોંગ્રેસના મિત્રોને મારે પુછવું છે કે આ બનાવો મનુષ્યના હતા કે પશુના હતા? આ જે હત્યાઓ થઈ, ગોધરાકાંડમાં જેટલા કેસો કરવામાં આવ્યા.. (અંતરાય)

**સભાપતિશ્રી :** માનનીય જેઠાભાઈ..

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ લઈને આવ્યાં છે એ માગણીઓના અનુસંધાનમાં મારો સૂર પુરાવવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં જે કોઈ સરકારોએ કામગીરી કરી છે એનાથી સર્વશ્રેષ્ઠ કામગીરી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કામ કરી રહ્યા છે આવું કામ કરતી સરકારને બદનામ કરવા માટે જે કોંગ્રેસના મિત્રો કામગીરી કરે છે એ ખૂબ શરમજનક અને આઘાતજનક વાત છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ગૃહ ખાતાની કામગીરીને એક મહત્વની રક્ષા શકિત તરીકે ઓળખાવી અને તંત્રને અનોખું જોમ અને ઉત્સાહ પૂરો પાડ્યો છે. રાજ્યની રક્ષા શકિત કાર્યક્ષમ બનાવવા પરિણામલક્ષી, પ્રજાલક્ષી અને રાજ્યના ગૃહમંત્રી અમિતભાઈ શાહે મોર્ડનાઈઝેશન ઓફ પોલીસ ફોર્સ નામની ખાસ યોજના વિચારી અંગત ટેકનોલોજી ડેવલપમેન્ટને ધ્યાને રાખી પોલીસતંત્રના સશકિતકરણ માટે જરૂરી સાધનસામગ્રી ખરીદવામાં આવે છે. આવા વિકાસના કાર્યમાં બે ડગ આગળ રહેવાના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને અને રાજ્યના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની કામગીરીથી જેઓના દુ:ખ થયું હોય તેમ મુઠ્ઠીભર લોકો લઠ્ઠાકાંડના મામલાને આગળ વધારીને એમને દુ:ખે છે પેટ અને કૂટે છે માથું. એમને કાંઈ દુ:ખે છે એ માથુકૂટે છે અમે એમ કહીએ છીએ કે આજ સુધી ગજુરાતની પોલીસની અંદર જે મુસિબતોનો સામનો અને કેવી રીતે કામગીરી કરી છે એતો જે જૂના અધિકારીઓ હશે, જૂના પોલસખાતાના માણસો હશે એમને ખબર હશે કે આજ સુધી કાગળો પણ મળતા નહોતા. કોર્ટમાં ચાર્જશીટ કરવું હોય તો વેપારીઓ પાસેથી કાગળો ઉધરાવીને ચાર્જશીટ કરવાના દહાડા હતા એ પણ સમય હતો કોંગ્રસના શાસનના વખતમાં, આવા બનાવો બનેલા હતા. કોંગ્રેસના શાસનની અંદર પણ ઘણાં લઠ્ઠાકાંડો થયા હતા. ખાડિયામાં લઠ્ઠાકાંડ, સુત્રાપાડાનો લઠ્ઠાકાંડ, બરોડાનો લઠ્ઠાકાંડ આવા ઘણાં બધા લઠ્ઠાકાંડ થયા હતા. ઘણાં લોકોએ જાન ગુમાવ્યા હતા ત્યારે કોંગ્રેસના મિત્રો તે વખતે કેમ અવાજ નહોતા ઉઠાવ્યો? ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતના ગૃહમંત્રીશ્રીએ આ જે બનાવો છે એ કમનસિબ બનાવ છે અને હાઉસમાં પણ કહ્યું છે કે જે બનાવો અતિ ગંભીર છે અને એ બનાવ માટે જે કાંઈ કરવાનું હશે એના માટે સરકાર અને અમે તૈયાર છીએ, સક્ષમ છીએ. છતાંય માનનીય કોગ્રેંસના મિત્રોએ સભાગૃહનો ત્યાગ કરીને બહાર બજારની અંદર શેરી નાટકો ભજવે છે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીનું મહોરું બનાવીને, માનનીય ગૃહમંત્રીનું મહોરું બનાવીને જે કામ કરી રહ્યાં છે તો અમે એમ કહીએ છીએ કે હજુ વધારે કરે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહનો ખૂબ મોટો પ્રચાર કરી અને ભારતીય જનતા પાર્ટીને ખૂબ ફાયદો થવાનો છે એમાં કોઈ મીનમેખ નથી. એ જ્યાં જ્યાં પ્રચાર કરે છે એમાં નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ અને ભારતીય જનતા પાર્ટીનો પ્રચાર કરી રહ્યાં છે એમાં કોઈ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા, ગુજરાતની બહેનોએ બે દિવસમાં પેપરમાં જે આવ્યું કે જે લઠ્ઠાકાંડ કરે, લઠ્ઠો બનાવે, દારૂની ભઠ્ઠીઓ બનાવે, દારૂ વેચે , માલને વાહનોમાં લઈ જાય, પરિવહન કરે, એવો સખતમાં સખત કાયદો બનાવીને એને દસ વર્ષની કેદ, ફાંસી, કે આજીવન જેલ ભોગવવાની તૈયારી રાખે એનું બીલ લાવવાનો ભા.જ.પ.ની સરકારે, આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે જ્યારે નિર્ણય લીધો છે ત્યારે ગુજરાતની તમામ બહેનોએ હાશકારો અનુભવ્યો છે અને મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપે છે, ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપે છે કે આવું કડકમાં કડક પગલું આ ભા.જ.પ.ની સરકાર, શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર જ લઈ શકે. આજ સુધીના જે લઠ્ઠાકાંડો બન્યા એમાં આજ સુધી કોઈએ આવા કડક હાથે કામ લેવા માટેના કોઈ પ્રયત્નો કર્યા નથી. હપતા ખાવાની વાત આવે, હપતા ખાવાની જે વાત કરી રહ્યા છે અમિત શાહ હપતો ખાય છે, નરેન્દ્ર મોદી હપતો ખાય છે આવી જે વાતો કરે છે એ આ કોંગ્રેસના મિત્રોને શોભતી નથી. એમના સમયમાં જે હપતા લેવાતા હતા એ થેલા ભરીને ગૃહ મંત્રીના ઘરે બધા થેલીઓ લઈને ઊભા રહેતા હતા અને લાઈનમાં ઊભા રહેતા હતા. આજે મારે કહેવું જોઈએ કારણ કે, મને સૌથી વધારે અનુભવ મને છે. મને જે અનુભવ છે એ આખા ગુજરાતમાં કોઈને અનુભવ નથી. આજે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને અને

**સભાપતિશ્રી** : જેઠાભાઈ, મને આનંદ એ છે કે, તમે શિસ્તમાં રહેવાના છો એટલે ટાઈમસર બેસી જશો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ના, બિલકુલ સાચી વાત છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : સાહેબ મારે તો ખાતાની માગણી ઉપર સાહેબ મારે જ બોલવું જોઈએ , ખરેખર મને વધારે સમય આપવો જોઈએ, એટલા માટે કે મારા સિવાય કોઈ જાણતું જ નથી. એટલા માટે આપને વિનંતી કરું કે, મને થોડો સમય વધારે આપજો કે જેથી કરીને અમારા જે પોલીસ ખાતાના ૪૫ થી ૬૦ હજારની જે ફૉર્સ છે એની લાગણી આ હાઉસમાં હું રજૂ કરી શકું.

**સભાપતિશ્રી** : પણ શિસ્ત નહીં રહે પોલીસ ખાતામાં. હું તો તમને વધારે સમય આપું, પોલીસ ખાતામાં સમય નહીં રહે, શિસ્ત નહીં રહે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : અમે શિસ્તમાં માનનારા છીએ અને શિસ્તમાં રહેવા માગીએ છીએ એટલે આપની વાત સાથે હું એટલા માટે સંમત થાઉં છું કે, ગુજરાતની અંદર, ગુજરાતની સરકારે અને ગુજરાતના ગૃહ વિભાગ માટે, માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે આધુનિકરણ માટે, વિકાસ કરવા માટે જે ગૃહ

વિભાગને ૨૦૦૮માં ૨૦૪ કરોડ રૂપિયાની જોગવાઈ સામે ૬૯ ટકા વધારો કરીને ૨૦૦૯-૧૦માં ૩૪૬ કરોડની જોગવાઈની સૂચિત કરવામાં આવી છે. ગુજરાત સલામત, અમારો એ સંકલ્પ છે ભા.જ.પ.નો અને નરેન્દ્ર મોદીનો સંકલ્પ છે. ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાની સલામતી અને સુખ શાંતિને અમારા ધ્યેય સાથે ગુજરાતની સરહદ રાજયની રાષ્ટ્રના ત્રીજા ભાગનો દરિયા કાંઠો ગુજરાતમાં આવેલો છે. આજે રાજય સરકારે કેન્દ્ર સરકાર પાસે ૩૯૨ કરોડ રૂપિયાની યોજના રજૂ કરી હતી, એમાંથી ૫૮ કરોડ રૂપિયાની યોજના કેન્દ્રની સરકારે મંજૂર કરી છે. મુંબઈની આંતકવાદી ઘટના પછી દરિયા કાંઠાની સુરક્ષા મહત્ત્વની બની ગઈ છે. મને લાગે છે કે, થોડા દિવસો પહેલાં આજે જ મને લાગે છે કે, દરિયા કાંઠેથી દરિયાની અંદરથી ત્રણ જણા આતંકવાદીઓએ જે પ્રવેશ કર્યો અને એને ગુજરાતની પોલીસે પકડી લીધા છે, ગુજરાતની પોલીસને અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને અને ગુજરાતના ગૃહ મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, આવી સારી કામગીરી કરવા માટે ગુજરાતના પોલીસને મજબૂત બને એના માટેની જોગવાઈઓ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની રાજય સરકારે ગૃહ વિભાગને ઈ-ગર્વન્નસની કામગીરી માટે રૂા. ૪૦ કરોડ, ભુજ અને જામનગરમાં એસ.આર.પી.ની. વધુ બે બટાલિયનો ઊભી કરવા માટે ૬૨ કરોડ રૂપિયા, નવા ૧૩ પોલીસ સ્ટેશનો ખોલવા માટે ૪૦૪ કરોડ, આતંકવાદી પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવાના ભાગરૂપે ૧૩ બૉમ્બ ડિસ્પોઝલ ઊભા કરવા માટે ૮ કરોડ, ૧૧ નવા મહિલા પોલીસ મથક ઊભા કરવા માટે ૫.૫ કરોડ, પોલીસ અને એસ.આર.પી.ના કવાટર્સ બાંધવા માટે ૨૬ કરોડ રૂપિયા, પોલીસ આધુનિકીકરણની યોજના માટે ૯૬ કરોડ રૂપિયા , સરહદી વિસ્તારના વિકાસના કાર્યક્રમ હેઠળ ૪૨ કરોડ તથા નવી જેલોના બાંધકામ અને હયાત જેલોના આધુનિકીકરણ અને મહેકમ માટે -૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, શાંત અને સલામત ગુજરાતની પ્રતિભા ઉપસાવવા માટે તમામ પ્રયાસો ગૃહ વિભાગ તથા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી દ્વારા થઈ રહ્યા છે અને તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેને હું ખૂબ ખૂબ બિરદાવું છું . માનનીય અધ્યક્ષશ્રી, સાથો સાથ ઉત્સવોની ઉજવણી દરમિયાન પણ કોમી એખલાસની જાળવણી રહે, સંપૂર્ણ સફળતા હાંસલ કરી છે. તેમજ રાજયના વિકાસની દ્રષ્ટિએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ નિયંત્રણ હેઠળ રહે ગૌરવ સાથે ગૃહ ખાતાનું જે બજેટ રજૂ કર્યું છે તેને મારા અભિનંદન આપું છું અને કોંગ્રેસના મિત્રો જે રીતે આજની તારીખે કામ કરી રહ્યા હતા ત્યારે સવારમાં ઉઠીએ અને પેપર વાંચીએ કોંગ્રેસના શાસનમાં ત્યારે બે મર્ડર, પાંચ મર્ડર, ગેંગો, ગેંગસ્ટરો આવાં જે કામો થતાં હતાં ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં આવ્યા પછી ભાગ્યે જ કોઈ બનાવ બને છે નહીંતર અમદાવાદમાં બહુ ગેંગસ્ટરો હતા. ફલાણાની ગેંગ, લતીફની ગેંગ. આવી જે ગેંગો હતી એને નેસ્તનાબૂદ કરવાનું કામ જો કોઈએ કર્યું હોય આ સમાજની અંદર અને સમાજને સારી સુરક્ષા પુરી પાડવાનું જો કામ કોઈએ કર્યું હોય તો ગુજરાતમાં નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી ગુજરાતના ગૃહ પ્રધાન અમિત શાહની આગેવાની હેઠળ આ કામગીરી સારી અને સુંદર રીતે થઈ રહી છે. માનનીય મંત્રીશ્રીને મારે એક બે સૂચનો કરવાના છે. ગુજરાતની પોલીસ જયારે ૨૪ કલાક કામ કરતી હોય ગુજરાતની પોલીસ માટે, એના બાળકો માટે, એના પરિવારજનો માટે એમની પાસે જયારે સમય ન હોય ત્યારે માનનીય મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે જયારે સૈનિક સ્કૂલો સૈનિકો માટે વ્યવસ્થા કરતા હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને ગૃહ મંત્રીશ્રીને એક સૂચન કરું છું કે પોલીસ લાઈનોની અંદર જયાં જયાં મોટી પોલીસ લાઈનો હોય ત્યાં સારી સ્કૂલો બનાવી અને એના બાળકોને સારું શિક્ષણ મળે, સારી વ્યવસ્થા મળે અને ગુજરાતની અંદર જયારે પોલીસ ખાતાના કવાટર હતા એ કવાટરમાં ઉભા રહેવાની જગ્યા નહોતી, એવા કવાટરો હતા જે પડી ગયેલા, ખખડધજ કવાટરો હતા. માનનીય નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા પછી પોલીસ લાઈનો સારી બનાવી, સુદ્રઢ બનાવી, રમતગમતના મેદાનો માટે પોલીસ ખાતાના છોકરાઓને પ્રોત્સાહિત કરવાનું કામ કામ કર્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતના ગૃહમંત્રીશ્રીએ મહિલા એસ.આર.પી. પોલીસ બટાલિયન બનાવવાની જે મંજૂરી આપી છે એ ખરેખર ગુજરાતની પોલીસ અને ગુજરાતની મહિલાઓ માટે ખૂબ આશીર્વાદરૂપ બનશે અને સારા ઘરના સારા છોકરાઓ, સારી મહિલાઓ પોલીસ ખાતાની અંદર ભરતી થશે અને સમાજની અંદર ખૂબ ઉપયોગી કામગીરી કરીને સમાજને સારુ પોલીસ ખાતાની કામગીરી સુંદર અને સરસ બને એના માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને મંત્રીશ્રી અમિતભાઈ શાહે જે પ્રયત્નો કર્યા છે એના માટે મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને ખૂબખૂબ અભિનંદન આપું છું.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વાહન વ્યવહાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ માગણી નં. ૪૩, ૪૪, ૭૪ અને ૭૫ જે માગણી લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું. કોઈપણ રાજયનો વિકાસ કરવો હોય તો તેનો વાહનવ્યવહાર એ રાજયનું અનિવાર્ય અંગ છે એ જ રીતે તેના રસ્તા પણ સારા હોવા જોઈએ. ૧૯૯૦ પહેલાની વાત કરીએ તો કોંગ્રેસના શાસનમાં આ ગુજરાતના રસ્તાઓ ખાડા ટેકરાવાળા અને બહુ ખરાબ હાલતમાં હતા. કોંગ્રેસના શાસનમાં આ રસ્તાઓની માફક બસ સેવા પણ બહુ ખરાબ હાલતમાં હતી. ભૂતકાળના દિવસો મને યાદ છે કે બસ ઉભી રહે પછી એને ઉપાડવા માટે બધા પેસેન્જરોને નીચે ઉતરવું પડતું હતું અને ધકકો મારે તો બસ ઉપડતી હતી એનાથી વધારે વાત કરું તો બસની અંદર ના તો એના પાના પેચ્યા હોય કે ના તો એનું સ્પેરવીલ હોય. જેને કારણે દર્દીઓ પણ સમયસર હોસ્પિટલ પહોંચી શકતા નહોતા અને ભણવાવાળા વિદ્યાર્થીઓ પણ સમયસર શાળાએ પહોંચી શકતા નહોતા. જયાં પણ રસ્તાઓમાં જઈએ

ત્યાં બંધ હાલતમાં બગડેલી હાલતમાં આપણને બસ જોવા મળતી હતી. આજે તો કોંગ્રેસના મિત્રોએ ભગવાનને સાક્ષી માનીને આ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ અને અમિતભાઈ શાહ સાહેબનો આભાર માનવો જોઈએ કે આ રાજયની અંદરથી લીલા ડબ્બાવાળી બસો બદલાઈ ગઈ છે. અત્યારે આધુનિક સુવિધાવાળી, ટૅલિવિઝનની સુવિધાવાળી, વી.સી.ડી.ની સુવિધાવાળી અને ટેલિફોનની સુવિધાવાળી સુંદર એસ.ટી. બસો પ્રજાની સેવામાં મૂકી છે. ભૂતકાળની અંદર આ કોંગ્રેસના શાસનમાં સારી બસો ન હોવાના કારણે ખાનગી લકઝરી બસોવાળા પેસેન્જરો પાસે લૂંટ ચલાવતા હતા અને ગમે એટલા ભાવો લેવામાં આવતા હતા. અત્યારે લોકો ખાનગી લકઝરી બસોને જાકારો આપીને ફરી આપણી સરકારી બસોનો સ્વીકાર કર્યો છે. બસ સેવાની ખરી જરૂર છે એ ગામડાના લોકોને, મધ્યમ વર્ગના લોકોને અને ગરીબ લોકોને જરૂર હોય છે. અમારા જિલ્લાની વાત કરું તો છેક સુરતથી ઉંમરપાડા એ છેવાડાનો છેવાડો તાલુકો છે. સુરતના કંઈક કામકાજ અર્થે જવું હોય તો બસોની પણ સારી સુવિધા નહોતી. રસ્તા સારા ન હોવાના કારણે ગરીબ માણસે સુરત શહેરમાં રોકાવું પડતું હતું. અત્યારની પરિસ્થિતિની વાત કરું તો ૧૦૦ કિ.મી.નું અંતર હોવા છતાં કૉલેજ કરનાર છોકરા સવારે ૭-૦૦ વાગ્યે જાય છે અને રાત્રે ફરી પાછા પોતાના વતને પરત ફરે છે. એ રીતે કડિયા કામ, સુથારી કામવાળા, નાના મોટા નોકરિયાત વર્ગના લોકો ૧૦૦-૧૦૦ કિ.મી.નું અંતર કાપીને સુરક્ષિત પોતાના ગામમાં પાછા ફરે છે. એનાથી આગળ વાત કરું તો આ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાહેબે જેમાં આપણે હિન્દુ સમાજનો પવિત્ર તહેવાર કહી શકાય તેવા રક્ષા બંધનના દિવસે સ્કૂલમાં ભણતી દરેક દીકરીઓને એસ.ટી. બસમાં મફત સુવિધા કરી આપીને ખૂબ મોટું કામ કર્યુ છે. આનાથી કન્યા કેળવણીને મોટું ઉત્તેજન મળ્યું છે. રાજ્યમાં સારી બસ સુવિધા અને સારા રસ્તાના કારણે આજે આ બસો રોડ ઉપર ચાલવાને બદલે હવામાં પ્લેનમાં પેસેન્જરો જતા હોય તેવો એમને અહેસાસ થાય છે. ગુજરાત રાજયના કુલ ૧૮૬૧૮ ગામડાઓમાંથી લગભગ ૧૮૧૩૧ ગામોને આ બસ સુવિધાનો સીધો લાભ મળે છે. આ બસ સુવિધાની વાત કરીએ તો નફા નુકસાનના ધોરણ કરતા સામાજિક જવાબદારીઓ પણ આ વિભાગ દ્વારા નીભાવવામાં આવે છે. શાળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૮૨.૫૦ ટકાની રાહત આપવમાં આવે છે. એ જ રીતે અંધજન માટે ૧૦૦ ટકાની રાહત આપવામાં આવે છે. કૅન્સરના દર્દીઓ માટે ૫૦ ટકાની રાહત આપવામાં આવે છે અને શારીરિક રીતે ખોડખાપણવાળા વિદ્યાર્થીઓને ૧૦૦ ટકાની રાહત આપવમાં આવે છે. પત્રકારો, રેડિયો, ટી.વી.ના પ્રતિનિધિઓને ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. સ્વતંત્ર સેનાનીઓને અને તેમના વિધવા સ્ત્રી માટે ૧૦૦ ટકાની રાહત આપવામાં આવે છે. રાજ્યભરમાં રોજે ૨૪ લાખ લોકો બસમાં પ્રવાસ કરે છે, જે અન્ય રાજય કરતાં અનેકગણા છે. જનતાને સમયસર અને વધુ આરામદાયક મુસાફરીની સુવિધા મળે તે હેતુ સાથે આ રાજય સરકારે વધુ બસો અને સારી બસોના સંકલ્પ હેઠળ છેલ્લા ૩ વર્ષમાં ૫૦૯ કરોડના ખર્ચે ૨૭૦૦ જેટલી નવી ડીઝલ બસો અને ૧,૦૦૦ જેટલી નવી સી.એન.જી. બસોની ખરીદી કરી છે. આમ કુલ મળી ૩૭૦૦ જેટલી નવી બસો સંચાલનમાં મૂકેલ છે. સારા પ્રયત્નોના ફળ સ્વરૂપે વર્ષોથી ખોટ કરતું આ એસ.ટી નિગમ તેમાં ધીરે ધીરે ઘણા બધા સુધારા આવ્યા છે. એક સમય એવો હતો કે તેઓના કર્મચારીઓને પગાર આપવામાં તકલીફ હતી અને આ સેવા બંધ કરવા તરફ જઈ રહ્યા હતા. ૨૦૦૧-૦૨ માં વાર્ષિક લગભગ ૩૮૩ કરોડ ખોટ હતી, એમાં ઉત્તરોત્તર ઘટાડો કરી અત્યારે હાલની પરિસ્થિતિમાં વર્ષ ૨૦૦૮-૦૯ માં વાર્ષિક માત્ર ૩૯ કરોડ રૂપિયા જેટલો નીચો ઘટાડો લાવવામાં આવ્યો છે.માનનીય અધ્યક્ષશ્રી, રાજયની તમામ આર.ટી.ઓ અને ચેક પોસ્ટની વાત કરીએ તો વાહન વ્યવહાર વિભાગ દ્વારા ઘણા બધા સારા પ્રયત્નોને કારણે છેલ્લા પાંચ વર્ષથી સરકારની મહેસૂલી આવકમાં ખૂબ વધારો થયો છે.

**સભાપતિશ્રી:** માનનીય ગણપતભાઈ આપ કેટલી મિનિટ લેશો? તમને બે મિનિટ વધારે આપી છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : સાહેબ એક મિનિટમાં પૂરું કરીશ. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સરકારના અસરકારક મોનીટરીંગ તથા ચેક પોસ્ટના જાળવણી અને આધુનિકરણના કારણે સારો વહીવટ આપણને જોવા મળ્યો છે તથા આર.ટી.ઓ.ની આવકમાં સારો સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૧૨૨૪.૭૯ કરોડ એટલે કે ૧૧ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ૧૩૨૬.૨૦ કરોડ એટલે કે ૮ ટકાનો વધારો જોવા મળ્યો છે. તે જ રીતે વર્ષ ૨૦૦૬-૦૭ની અંદર ૧૨૦૬.૯૮ કરોડ એટલે કે ૯ ટકાનો વધારો થયો છે. ૨૦૦૭-૦૮ની અંદર ૧૪૦૧.૩૨ કરોડ એટલે કે ૨૨ ટકાનો વધારો થયો છે અને વર્ષ ૨૦૦૮-૦૯ની અંદર ૧૫૫૦.૧૭ કરોડ એટલે કે ૫ (પાંચ) ટકાનો વધારો થયો છે. આમ માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજયકક્ષાના મંત્રીશ્રી પોલીસ અને જેલ માટેની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા સમર્થનનો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આ સરકારના શાસનમાં જે સુખ, શાંતિ અને સમૃદ્ધિનું જે વાતાવરણ છે, પ્રજા આ શાસનમાં પોતે ખૂબ સુખી છે અને સુરક્ષા અનુભવે છે તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી, રાજયકક્ષાના મંત્રીશ્રી, જાબાંજ પોલીસ અધિકારીઓ કે જેઓ પોતાની નિષ્ઠાથી સેવાઓ બજાવે છે તેમને ખૂબ અભિનંદન પાઠવું છું. ગુજરાત રાજયમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર ખાતે પોલીસ ભવન જે આવેલ છે તેને અદ્યતન બનાવી ૭૩ જેટલી વેબ સાઈટો શરૂ કરી તે દ્વારા ગુજરાત રાજયના પોલીસ વિભાગનું સંચાલન

કરવામાં આવે છે અને તેનું સફળ સંચાલન તે જ ગુજરાતની સુખ શાંતિનો મુખ્ય આધાર છે. અધિકારીઓ હંમેશાં પોતાની નિષ્ઠાપૂર્વકની સેવાઓ બજાવવા તત્પર હોય છે પરંતુ રાજયના વહીવટદારો મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓનો પૂરો સહિયારો ન હોય, એકસૂત્રતા ન હોય તો પોતે જોઈએ તેવી સેવાઓ બજાવી શકતા નથી. મુખ્યમંત્રીશ્રી પોતાની આગવી કુનેહ, દીર્ઘદૃષ્ટિથી જે સેવાઓ બજાવે છે અને તેના લીધે ગુજરાત રાજય જે શાંતિ અનુભવે છે તેના માટે આપણે સૌ તેમના ઋણી છીએ. છેલ્લા સાત આઠ વર્ષથી જનમાષ્ટમી હોય, રક્ષાબંધન હોય, રથયાત્રા હોય, રમઝાન હોય, પવિત્ર મહોરમ હોય ગુજરાત રાજયના નાગરિકો સુખચેનથી પોતાની જિંદગી પસાર કરે છે અને પોતાના ઉત્સવો ઉજવે છે અને પોલીસ પોતાની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી પ્રજાને શાંતિ અને સુરક્ષાનો જે માહોલ આપે છે તે માટે સાચે જ આપણે સૌ ધન્ય છીએ. ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાય વર્ષોથી જે કોમી એખલાસ આપણે જોઈ રહયા છે તે આપણા રાજયના મુખ્યમંત્રી અને આપણા જાબાંજ પોલીસ અધિકારીઓની સેવાને આભારી છે. આપણે ૨૦૦૭-૦૮ના વર્ષોના આંકડા મેળવીએ તો ૨૦૦૭-૦૮ વચ્ચે ખૂનના ૫૮ ગુના ઓછા થયા છે. ખૂન અંગેની કોશિશના ૮ ગુનાઓ ઓછા નોંધાયા છે. શારીરિક બાબતના ગુનાઓ છે તેમાં સામાન્ય વધારો ૧૩૧ જેટલો થયો છે અને બાકીની જે ઘરફોડ ચોરી વિગેરેના ગુનાઓ થયા છે તેમાં નહીંવત વધારો થયો છે તે આજે કઈ કંટ્રોલ થયો છે સુરક્ષા બાબતે તેમાં આપણા ગુજરાત રાજયમાં આખા હિન્દુસ્તાનમાં આપણે મોખરે છીએ. અને હું ચોક્કસ ગર્વપૂવર્ક કહી શકું કે, જેમ સારાય વિશ્વમાં સ્કોટલેન્ડની પોલીસ અત્યારે અદ્યતન ગણાય છે, એમ આપણી રાજય સરકાર આપણી પોલીસને અદ્યતન બનાવી રહી છે. એને અદ્યતન સાધનો, સુરક્ષાના સાધનો, વાહનો પછી કોમ્પ્યુટરાઝઈ આવા અદ્યતન સાધનો આપીને સુસજજ કરે છે એનાથી ભવિષ્યમાં ગુજરાતમાં જ નહીં, હિન્દુસ્તાનમાં જ નહીં પણ વિશ્વમાં આપણી પોલીસ નામના મેળવશે એવો મને વિશ્વાસ છે. ગુજરાત રાજયની અંદર પોલીસની સાથેસાથે બોર્ડરવીંગ અને આપના હોમગાર્ડના જવાનો પણ પોતાની સેવાઓ આપે છે. ઉદયન ચીનુભાઈના નેતૃત્વ નીચે, એ આપણા પહેલાં કમાનન્ડ જનરલ હતા, અને નાગરિક સંરક્ષણ અને ડિફેન્સ હોમગાર્ડ જેવી પ્રવૃત્તિથી એમને ગુજરાતને ધમધમતું કર્યું છે. ગુજરાત રાજયની અંદર આશરે ૫૦૦૦૦ જેટલા જવાનો હોમગાર્ડમાં સેવા બનાવે છે. આ તમામ હોમગાર્ડ એ પોતે પોતાની નોકરી ઉપરાંત આ માનદ સેવા બજાવતા હોય છે પણ આજે જ્યારે નોકરી મળવી મુશ્કેલ છે ત્યારે કેટલાય બેકાર યુવાન પણ હોમગાર્ડમાં પોતાની સેવા આપે છે. આ હોમગાર્ડ યુવાનોનું જે વેતન છે એ હમણાં જ ૮૦ રૂપિયા કરવામાં આવ્યું છે, હોમગાર્ડ યુવાનો સારાય ગુજરાતમાં અને બોર્ડરવીંગના જે જવાનો છે એ ગુજરાત રાજયના કચ્છ, બનાસકાંઠા અને પાટણ જેવા બૉર્ડર જિલ્લાઓમાં પોતાની સેવાઓ આપે છે, બોર્ડરવીંગના જવાનો એ સરહદી વિસ્તારના હોવાના કારણે ખડતલ શરીર અને મજબૂત બાંધો ધરાવે છે, અને એમને જો આગવી ટ્રેનિંગ અને કુનેહપૂર્વક જો તૈયાર કરવામાં આવે તો આપણા સૈનિકો જેટલું જ સારું એ કામ આપે છે, જ્યારે યુદ્ધ છેડાય છે ત્યારે મિલેટ્રી જ્યારે પોતે સરહદ ઉપર જતી હોય છે ત્યારે એની જગ્યા બીએસએફ લેતી હોય છે અને બીએસએફની જગ્યા જે સામાન્ય રીતે આ બોર્ડરવીંગના જવાનો પોતે ફરજ બજાવતા હોય છે અને આજ સુધીનો જે આપણો અનુભવ છે એમાં ગુજરાત રાજયમાં પુર આવ્યું હોય, આગ લાગી હોય, ધરતીકંપ થયો હોય, કોમી એખલાસનું વાતાવરણ બગડ્યું હોય, ત્યારે હોમગાર્ડ અને બોર્ડરવીંગના જવાનો પણ ખભેખભા મિલાવી અને આ વાતાવરણને સુધારવા માટે યશસ્વી ફાળો આપે છે એનો ગુજરાતનો ઈતિહાસ સાક્ષી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું એક નમ્ર સૂચન પણ છે કે, આ બોર્ડરવીંગના જે જવાનો છે અને હોમગાર્ડના જે જવાનો છે, એ આપણને જ્યારે અપૂરતી પોલીસ હોય છે ત્યારે એમની જો સેવા યશસ્વી રીતે લેવામાં આવે તો એમની ટ્રેનિંગ પણ ચાલુ રહે અને જે માનદ વેતન મળે છે એના કારણે એમનો જીવન ગુજારો પણ થોડોક સરળ બને. આ મારું એક નમ્ર સૂચન છે.

ગુજરાત રાજયની અંદર આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે, એ દરિયાકિનારો સાચવવાની પણ આપણી એક મોટી જવાબદારી છે. જેમ બોમ્બેમાં જે આતંકવાદીઓ આવ્યા એ પોતે હોડી દ્વારા દરિયાઈ માર્ગે આવેલા, અને આપણો ૧૬૦૦ કિલોમીટરનો જે દરિયા કિનારો છે ત્યાં ગમે ત્યારે ભય આવી શકે છે આ માટે આપણે નવું જો એક સશસ્ત્ર દળ તૈયાર કરવામાં છીએ, અને એ દળને આપણી જે માગણી છે એ માગણી કેન્દ્રએ અંશતઃ સંતોષી છે પણ જો એને પૂરી સંતોષવામાં આવે અને આપણા જે જવાનો છે એને પૂરતી સેવા લક્ષી ટ્રેનિંગ આપવામાં આવે તો આપણો જે દરિયાકિનારો છે એને આપણે ખૂબ સુખ અને શાંતિથી સાચવી શકીએ અને આતંકવાદીઓનો જે ઓછાયો છે એને આપણે જરૂર રોકી શકીએ એમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, લઠ્ઠાકાંડ વિશે ઘણુ બધું કહેવાયું છે. મહાત્મા ગાંધીજીનું ગુજરાત હંમેશાં દારૂબંધી ઇચ્છે છે, જે લોકો એને ડહોળવાનો પ્રયત્ન કરે છે એ નીંદનીય છે, અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ છેલ્લા પગલાં સુધી, કડકમાં કડક પગલાં લઈ અને આ લઠ્ઠાકાંડ જેવા જે અવારનવાર બનાવો બને છે, એને રોકવા માટેના જે પ્રયત્નો આદર્યા છે, એ માટે હું એમને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરા માગણી નંબર ૮ અને ૯ લઈને આવ્યા છે એ સંબંધે હું મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ મનુષ્યના આમૂલ પરિવર્તન માટે અગત્યનું પરિબળ છે અને શિક્ષણની કેડીએ ચડીને આપણે હિમાલયના શિખરો પણ સર કરી શકીએ છીએ. શિક્ષણ વિવિધ યુનિવર્સિટીઓથી લઈ ભારતના વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા, કેનેડા, અમેરિકા, ઈંગ્લેન્ડ, જાપાન વગેરે દેશોમાં અત્યારે શિક્ષણ લેવા જાય છે અને સાથે સાથે જોબ પણ કરતા જાય છે. એટલે શિક્ષણ પૂરક બની ગયું છે. ભારત દેશમાં અને ખાસ કરીને ૨૦૧૦ની સાલમાં સુવર્ણ ગુજરાતની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે શિક્ષણમાં પણ આમૂલ પરિવર્તનની જરૂર છે વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીમાં આપણે ઘણાં જ આગળ વધી ગયા છીએ તો વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીને લગતું શિક્ષણ છે એનો આપણે અભિગમ અપનાવીએ એ જરૂરી છે. સરકારે જ્યારે આ અભિગમ અપનાવ્યો છે ત્યારે આપણે પણ એમાં રસ લઈએ અને વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી માટે આપણા બાળકોને તૈયાર કરીએ તો હું ધારું છું કે, જે આપણે દુનિયાની હરોળમાં જે રીતે ગુજરાત એક એવું રાજ્ય છે, ભારતમાં તો પ્રથમ નંબર છે જ પણ દુનિયામાં અમેરિકાના કોઈ ગામ જેવું, જાપાનના કોઈ ગામ જેવું આપણે આ રાજયને આપણે બનાવીએ શકીએ એમ છીએ. શિક્ષણમાં સામાન્ય રીતે ગુજરાતમાં આપણે તબક્કા રાખેલ છે. પ્રથમ પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પૂર્વ પ્રાથમિક શાળાનું શિક્ષણ એ ગુજરાતમાં આપવામાં આવે છે અને જિલ્લા પંચાયતો એનું સંચાલન કરે છે અને પૂર્વ પ્રાથમિક શાળાનું શિક્ષણ લઈ અને બાળકમાં પ્રાથમિક શિક્ષણમાં રુચિ કેળવાય એટલા માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. જિલ્લા પંચાયતો આ પૂર્વ પ્રાથમિક શિક્ષણની ૧૯૯૦ પહેલાની જે પૂર્વ પ્રાથમિક શિક્ષણની સંસ્થાઓ છે એને સહાયક ગ્રાન્ટ પણ પૂરી પાડે છે અને આ ગ્રાન્ટ પૂરી પાડવામાં ૨૦૦૭-૨૦૦૮ માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે ૨૭૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં ૨૭૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ધાર કરેલ હતો. રાજયની પ્રાથમિક શાળાનો તબક્કો બીજો આવે છે, આ તબક્કામાં આપણે વિચારીએ તો ૧૪ વર્ષના બાળકોને મફત સાર્વત્રિક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કરેલું છે. આ શિક્ષણ સારી રીતે મળે અને એ માટે અથાગ પ્રયત્નો કરવામાં આવે છે. રાજય સરકાર આ પ્રાથમિક શિક્ષણનો હવાલો જિલ્લા પંચાયતોની શિક્ષણ સમિતિઓ અને નગરોની નગર શિક્ષણ સમિતિઓ દ્વારા કરવામાં આવતો હોય છે. જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ કે નગરની નગરપંચાયતની શિક્ષણ સમિતિ આ હવાલો સંભાળે છે. ત્યારે શાળાઓના મકાનનું અને ભૌતિક સગવડોનું, બાળકોનું, સ્ટાફનું વગેરેનું ધ્યાન રાખે છે અને આ ધ્યાન રાખી જ્યાં પૂર્તતા કરવાની હોય, સજેશન કરવાના હોય, ગાઈડ-લાઈન આપવાની હોય તો એ આપે છે.અને ખાસ કરીને અગત્યની બાબત તો એ કહેવાનું મન થાય છે કે, પ્રાથમિક શિક્ષણમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની જે ભરતી થાય છે ૧૯૯૫ પહેલાં વિપક્ષની સરકાર હતી એ વખતે જ્યારે ભરતી થતી હતી ત્યારે શિક્ષણ સમિતિના ચેરમેન અને પ્રમુખના ઘરે રાત્રે ટોળેટોળા લાઈનો લાગતી હતી, તો કેમ આમ થતું હશે? તો અગાઉથી જ એ શિક્ષકો લેવાના હોય એની પસંદગી માટે એના સોદા થઈ જતા હતા અને ત્યાર પછી આવા શિક્ષકોની ભરતી કરવામાં આવતી હતી અને ગુણવત્તાવાળા મેરિટમાં આવતા હોય એવા શિક્ષકો રહી જતા હતા એટલે એ બાબતમાં ભારતીય જનતા પક્ષની સરકારે સઘન વિચાર કરી, ઊંડો વિચાર કરી અને આમૂલ પરિવર્તન કરી અને ૧૯૯૫માં જે આપણે પ્રાથમિક શિક્ષકોની ભરતી કરી એ લગભગ ૨૦ હજાર શિક્ષકોની ભરતી એ વખતે કરવામાં આવેલ હતી. એ ગુણવત્તા સભર હતી, ભ્રષ્ટાચારથી મૂકત હતી અને સર્વને ન્યાય મળે એ રીતે અને આખા ગુજરાતમાં સારો માહોલ એ વખતે પ્રસરી ગયો કે ભાઈ, આ વખતે આજ સુધી શિક્ષકોની ભરતીમાં જે ભ્રષ્ટાચાર અને કરપ્શન જે ચાલતું હતું,

સગાવાદ ચાલતો હતો એ બધાનું હવે નામ નિશાન નથી રહ્યું, સાપ ગયા અને લિસોટા રહ્યા, છતાંય હજી કેટલાક આપણા જુનવાણી વિચારસરણીવાળા ચૌદશિયા ગામેગામ પડેલા છે, એ લોકોના મનમાં તો એ વિચાર રૂઢ કરી ગયો છે કે સાહેબ કંઈક કરોને આ તમે કરશો તો અમે તમારું સમજીશું, આવા વાક્યો એ લોકો બોલતા હોય છે પણ ગુજરાતના નવા વરાયેલા શિક્ષણ મંત્રી આ બાબતમાં ઘણાજ ઉત્સુક છે, ન્યાયિક છે, આમ બોલવામાં કડક છે પણ એમનું હૃદય ફૂલથી પણ કોમળ છે અને એ ખરેખર જે જે પ્રશ્નો હાથ પર લે છે, એને ન્યાયિક ધોરણે સોલ્વ કરે છે, સર્વને ન્યાય મળે, સર્વ આનંદિત થાય, સર્વ પ્રફુલ્લિત થાય એવું પરિણામ આખર જતાં આવે છે, શરૂઆતમાં તો કોઈ પ્રશ્નોની ધારાસભ્ય મિત્રો પણ કોઈ રજૂઆત કરતા હોય તો કદાચ પ્રાથમિક દૃષ્ટિએ મુશ્કેલી અનુભવાતી હોય પણ ખરેખર ન્યાયિક અને જેના હૃદયની અંદર ભારતીય મૂલ્યોની વિચારસરણી વસેલી છે એવા શ્રી રમણલાલ વોરાજી એ ખરેખર ન્યાયિક ન્યાય આપે છે અને પ્રશ્નને સોલ્વ કરીને અને એને આત્મ સાંત્વન આપે છે, તો પાર્ટીની આ નામના અને પ્રતિષ્ઠા, પાર્ટીનું ગૌરવ વધારવા આ એમના અથાગ પ્રયત્નો છે, બીજી બાબત, બીજા તબક્કામાં આપણે માધ્યમિક શિક્ષણની વાત કરીએ. આ શાળા પ્રવેશોત્સવનું જે અભિયાન ચલાવવામાં આવે છે એના કારણે શિક્ષણમાં ભૂખ જામી છે, ખરેખર તો પહેલાં બાળકોને શાળાએ મૂકવા જતાં હતાં ત્યારે વાલી અને શિક્ષક બે જ લોકો જાણતા હતા પણ આજે તો ઢોલનગારા અને શહનાઈઓના સુર સાથે અને કેટલીક જગ્યાએ તો ઉંટલારીમાં બેસીને, કેટલીક જગ્યાએ ઘોડાઓ અને કેટલીક જગ્યાએ માથે ફેંટાઓ બાંધીને અને જાણે આપણે કોઈ ભવ્ય અવસર કરતા હોય એ રીતે બાળકોને નિશાળમાં મૂકવા જતા હોઈએ છીએ અને નિશાળોમાં એમનું ભવ્ય સ્વાગત થતું હોય છે, સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ વચ્ચે બાળકોને આ રીતે પ્રવેશ આપવામાં આવતો હોય છે અને એના કારણે ડ્રોપઆઉટ રેશિયો જે હતો એ બિલકુલ ઘટી ગયો છે અને હું જાણું

છું કે આ ભવિષ્યમાં ઝીરો થઈ જશે અને આપણા બાળકો જે ગામે ગામ ગરીબ, આદિવાસી વિસ્તારના, જંગલ વિસ્તારના, અગરિયાના વિસ્તારના કે સરહદી વિસ્તારના જે બાળકો ભણી શકતા નથી એના માટે પણ શિક્ષણમંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, આવા બાળકો દા.ત. આદિવાસી વિસ્તારની અંદર બાળકો ડુંગરની ટોચ ઉપર રહેતા હોય છે રાજસ્થાનની સરહદ ઉપર સાબરકાંઠા વિસ્તારમાં એ ડુંગર પર રહેતા હોય આવા બાળકોને આપણે સાયકલની સુવિધાઓ પૂરી પાડી, બસની સુવિધાઓ પૂરી પાડી, પણ આવા બાળકોને જવા આવવા માટે અથવા તો એમના માટે કોઈ એક સ્થળ નક્કી કરીને અને એમને શિક્ષણ આપવામાં આવે તો એક પણ બાળક ગુજરાતની ધરતી ઉપર અભણ ન રહે અને ૧૦૦ ટકા સાક્ષરતાની ભાવના જે આપણે રાખી છે જે સિદ્ધ થાય અને આટલું કહી માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માનનીય મંત્રીશ્રીઓ માગણી ક્રમાંક ૪૩, ૪૪, ૭૪, ૭૫, ૮ અને ૯ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઊભો થયો છું.

મારે ખાસ બંદરો ઉપર બોલવું છે એટલા માટે કે બંદરો એ દેશની સરહદની સુરક્ષાના મુખ્ય મથક છે. અને જ્યાં દેશની સુરક્ષાનો સવાલ આવે ત્યારે ગુજરાતમાં બેઠેલી આ રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતી આ પાર્ટી, અમે જે સંસ્કૃતિના છીએ અને જે પાર્ટીમાંથી આવ્યા છીએ એ દેશભક્તિથી રંગાયેલી પાર્ટી, જેના નસેનસમાં માભૌમ માટેનું ખૂન બનેલું હોય ત્યારે, આ સુરક્ષા માટે અમે કયાંય પણ પાછળ ના રહીએ અને એટલે જ કહ્યું છે કે,

**" સર કટા શકતે હૈ લેકિન સર ઝૂકા શકતે નહીં,**
**અપની આઝાદી કો હમ હરગીઝ મિટા શકતે નહીં. "**

આવી રાષ્ટ્રભકિતથી પ્રેરાયેલી આ રાષ્ટ્ર ભક્તોની આ સરકાર અને તેને માટે જે બંદરો.(અંતરાય) જે ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો જે દરિયા કિનારો છે અને વિશાળ સાગર ધરાવે છે તે કાંઠાની કુદરતી ભેટ છે. અને તેમાં વિશેષ તો હું મારા કચ્છ માટે કહું તો કચ્છનો એવો કુદરતી કાંઠો કચ્છને આપ્યો છે આપ વિચાર કરજો, કાં ઈન્ટરનેટ ખોલીને જોજો એક જિલ્લામાં ડુંગર, દરિયો અને રણ આ કયાંય ના હોય. આજે કચ્છમાં ડુંગર, દરિયો અને રણ આ એક કુદરતની ભેટ છે. આવી અનોખી મળેલી ભેટને આજ દિવસ સુધી કોઈએ ઉજાગર નહોતી કરી પણ દૂરદ્રષ્ટિવાળા માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને કચ્છની પ્રજાને કહ્યું આ ડુંગર, દરિયો અને રણ આ ત્રણ કચ્છને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર લઈ જાય અને ત્યારે આજે ચાર વર્ષ પહેલાં અષાઢી બીજના નિમિત્તે કચ્છની ભારતીય જનતા પાર્ટીએ અષાઢી બીજ, અષાઢી બીજ હલ્લો કચ્છી કચ્છ રે આ ઉજવ્યું. અને વિશાળ માનવ મેદની ત્યાં આવી અને ચાર વર્ષ પછી આજે સ્થિતિ શું થઈ ? કે માંડવીના દરિયા કિનારે આજે વિકાસ માટે ઉદ્યોગપતિઓ લાઈન લગાવે છે. આવી જ રીતે રણને જે શ્રાપ તરીકે ગણે આ કચ્છના રણને શ્રાપિત તરીકે ગણતાં હતાં. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કચ્છના લોકો ઓળખો, આ રણ એ શ્રાપ નથી પણ રણ એ આપણાં માટે આશીર્વાદ બનશે અને તેના માટે રણોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. અને દર વર્ષે દેશ-વિદેશમાંથી હજારોની સંખ્યામાં વિદેશીઓ આવે છે. અને હમણાં અષાઢી બીજના દિવસે ઝારાના ડુંગર ઉપર જે કચ્છ માટે બલિદાન આપનારાં માટે અમે ભારતીય જનતા પાર્ટીના લોકોએ એક ભવ્ય પ્રસંગ કર્યો. એટલે ડુંગર, દરિયો અને રણ આ ત્રણેયના પ્રસંગો કરી અને કચ્છને એક આંતરરાષ્ટ્રીય ફલક ઉપર લઈ ગયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બંદરોની વાત કરવી છે. આ બંદરો તે બે કાન અને બે હાથવાળાની નહીં (અંતરાય) જતાં રહ્યાં છે. જેના આયોજનમાં વાઈબ્રન્ટ ગુજરાતમાં ૨૦૦૯માં ૮૫૭૨૦ કરોડના ખાનગી એમ.ઓ.યુ. ૫૦ જેટલી કંપનીઓએ કર્યા. અત્યારે જે માલનું પરિવહન થાય છે તેમાં ૨૦ ટકા જેટલો જથ્થો દરિયા કિનારેથી તે ગુજરાતમાંથી થઈ રહ્યો છે તે આપણાં માટે ગૌરવની વાત છે. ગુજરાત મેરી ટાઈમ બોર્ડે પોતાના નિયંત્રણ હેઠળના ખાનગી બંદરો ઉપરની ક્ષમતામાં વધારો કરવા મુંદ્રા, પીપાવાવ, બેટ અને હજીરા ખાતે ખાનગી બંદરો વિકસાવવામાં આવ્યાં છે. મુંદ્રામાં અલ્ટ્રાનેટ પાવર ચાર હજાર મેગાવોટ જે ટાટા કંપની સાથે આવે છે તે કંપનીનું ..

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, દોલતભાઈ વધારે સમય આપતા હતા આપ પણ મને વધારે સમય આપજો એવી મારી આપને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : તે કામ દંડકનું છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : ટર્મિનલ બાંધ્યું અને ૩૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલ કર્યો. આવનારા દિવસોમાં ૧૦૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલ કરવાનો લક્ષ્યાંક છે. જે એક બંદર ઉપરથી કાર્ગો હેન્ડલ કરવાનો ઈતિહાસ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વાતો કરે છે અને કોંગ્રેસના લોકો ખુશ થાય છે. સ્વાભાવિક છે કે લોકસભામાં વિજયી થયા પછી એમને ખુશી થાય. પણ થોડા દિવસોમાં જ પેટ્રોલ ડિઝલનો ભાવ વધારો આવ્યો અને..

**અધ્યક્ષશ્રી** : આપણી ચર્ચા વિષય પૂરતી મર્યાદિત રહે. આમાં પેટ્રોલ ડિઝલ કયાંથી આવશે?

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : બંદરોમાં આવે ને. પેટ્રોલ ડિઝલ વધારેમાં વધારે બંદરોમાં વપરાય.

**અધ્યક્ષશ્રી** : બંદરોના વિકાસની વાત છે, તેમાં પેટ્રોલ ન વપરાય. પેટ્રોલ સ્ટીમરમાં વપરાય.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પ્રજાની વચ્ચે ગયો ત્યારે પેટ્રોલ, ડિઝલની વાત આવી તો એક વ્યકિત કહેતી હતી કે મેં મત તો કોંગ્રેસને આપ્યો છે. અને પછી એ ગાતો હતો કે, "અગર બેવફા તુજકો પહેચાન જાતે, ખુદાકી કસમ હમ મહોબ્બત ન કરતે." આવી વાતો ચાલુ થઈ ગઈ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત કોમી એખલાસથી ભરેલું છે. બંદરોમાં જે વિકાસ થયેલો છે એ માટે ગુજરાતની સરકાર, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા જયનારાયણભાઈને અભિનંદન આપું છું. અત્યારે મારે એ કહેવું હતું કે લોકસભાની ચૂંટણી પછી આવું ચાલુ થઈ ગયું છે. અત્યારે મોક વિધાનસભાની કયાંક વાતો ચાલે છે. કયાંક આવી વાતો ચાલતી હોય કે અમારું રાજય આવ્યું છે. એમનું રાજય લોકસભામાં આવ્યું એ એટલા માટે આવ્યું. અમે મહેનત ઘણી કરી, પણ છતાંયે આવ્યું, કારણ કે એમને રામ ભગવાને આશીર્વાદ આપ્યા હતા. ભગવાન રામ જયારે વનવાસ...

**અધ્યક્ષશ્રી** : તમને વધારે સમય મેં રામાયણ માટે આપ્યો નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. (અંતરાય) આવતા વખતે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં. માનનીય મોહનભાઈ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૩ અને ૪૪, બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંક: ૭૪ અને ૭૫, શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક ૮ અને ૯ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેમાં મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

ગૃહ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે ગૃહ વિભાગમાં ૨૦૦૮-૦૯માં ૨૦૪.૬૫ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. ૨૦૦૯-૧૦માં એના કરતા ૭૦ ટકા જેટલી વધારે એટલે કે ૩૪૬.૬૫ કરોડની માગણી આ વખતે વધારવામાં આવી છે. મારે પહેલી વાત એ કરવી છે કે હમણા ગુજરાતમાં લઠ્ઠાકાંડની જે દુ:ખદ ઘટના બની. સ્વાભાવિક છે કે કોઈપણ માનવીના મનમાં આ ઘટના માટે સહાનુભૂતિ પેદા થાય. અગાઉના વખતમાં ચાર મુખ્યમંત્રીઓના કાળમાં લઠ્ઠાકાંડના ૨૫ જેટલા બનાવો બન્યા હતા. ત્યારે પાંચમાં મુખ્યમંત્રીના સમય દરમ્યાન જે આ બનાવ બન્યો એને ગંભીરતાથી લઈને આ લઠ્ઠાકાંડનું જે ૧૯૪૯નું જે બિલ હતું, એમાં સુધારો કરીને ૨૦૦૯નું વિધેયક લાવવા માટેનો જે પ્રયત્ન કર્યો છે એ ગુજરાતની જનતા માટે આશીર્વાદરૂપ છે ત્યારે ગુજરાતના ગૃહમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. ગુજરાતની પોલીસ એટલે પોતાના જીવનને જોખમમાં મૂકી, લીન થઈને સમાજસેવા કરે, એવી આ ગુજરાતની પોલીસ માટે આ ગૃહ વિભાગે અત્યાર સુધીમાં એની સુખ સુવિધા માટે પ્રયત્ન કર્યો છે,આ ગુજરાતમાં આ ગુજરાતની પોલિસને ગુજરાતનો અને સમાજનો મિત્ર બનાવવા માટે ગુજરાતમાં ૨૦૦૩ થી ૨૦૦૮ સુધીમાં દરેક તાલુકામાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આવા ૨૦૦૩ થી ૨૦૦૮ સુધીમાં ૧૭૫૧૭ લોક દરબાર યોજાયા હતા. પહેલાં ગામડામાં બાળકને બીવડાવવા માટે માતા એમ કહેતી કે 'છાનો રહે નહીંતર પોલીસ આવશે' આજે માતા એમ કહે છે કે 'પોલીસ આપણો મિત્ર છે.' તો આવું આયોજન કરીને ગુજરાતમાં દરેક તાલુકામાં લોક દરબાર કર્યો અને એમાં લોકોનો પ્રતિનિધિઓ અને આમજનતાને સામેલ કરીને લોકોના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ થાય એના માટેના પ્રયત્નો ગૃહ વિભાગે કર્યા છે. જયારે આપણી ગુજરાતની પોલીસ ૨૪ કલાક પોતાના જીવના જોખમમાં મૂકીને કામ કરી રહી છે ત્યારે ગુજરાતમાં છેલ્લા ૭ વર્ષના આંકડા આપવા માગું છું કે ૧૯૮૮-૮૯ થી ૧૯૯૪-૯૫ ના ૭ વર્ષ સુધીમાં ૩૪૨૨ લાખ રૂપિયા ગુજરાતના પોલીસ આવાસ અને સુખસગવડતા પાછળ અગાઉની સરકારે ફાળવ્યા હતા અને અત્યારે ૨૦૦૨-૦૩ થી ૨૦૦૮-૦૯ સુધીમાં ૮૬,૫૭૨ લાખ રૂપિયા આ ગુજરાતની પોલીસ માટે ફાળવવામાં આવ્યા છે જે પહેલાંના ૭ વર્ષમાં જે ખર્ચ કર્યો હતો એમાં ૨૫ ગણો વધારો કરીને ગુજરાતની પોલીસના આવાસ, કોમ્યુનિટી હોલ કે પોલીસની ઓફિસ એના માટે ફાળવણી કરીને ગુજરાતમાં આ રીતે ૭ વર્ષમાં ૨૫ ગણો વધારો કર્યો છે. મારા મોરબીની વાત કરું તો મોરબીમાં પ્રવેશવાનો મુખ્ય રસ્તો છે એની બાજુમાં જ પોલીસ સ્ટેશનની ઓફિસ અને એના આવાસો છે. તો આપણે જોઈએ તો એમ થાય કે સારામાં સારા એપાર્ટમેન્ટ છે. પહેલાંની પોલીસ ચોકીઓ હતી જેને આપણે કોઠી નામ આપી શકીએ અને અત્યારે એની ઓફિસો છે તો એમાં સારા ગાર્ડન અને સારું ગ્રાઉન્ડ હોય એવી ઓફિસો છે અને આ રીતે પોલીસનું મોરલ વધારવા માટેના પ્રયત્નો થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે અગાઉની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કરતાં ઘણી સારી પરિસ્થિતિ છે. જયારે કોઈપણ ચૂંટણી આવે તો બીજા રાજયોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી ન હોવાને કારણે ત્રણ ત્રણ તબકકે ચૂંટણી યોજાય છે જયારે ચૂંટણી પંચને ખબર છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સારી રીતે જળવાય છે અને શાંતિ રહે છે એટલે એક તબકકે ચૂંટણી યોજાય છે. (સમયસૂચક ઘંટડી) કાયદો અને વ્યવસ્થાની આગળ વાત કરું તો અગાઉ એક જમાનામાં પોરબંદરની જેલ બંધ કરવા માટેનો નિણય લેવો પડયો હતો. એ એક દુ:ખદ ઘટના હતી કારણ કે પોરબંદરની જેલામાં જે કેદીઓ હતા એ રાત્રે ગમે ત્યાં

ફરવા જાય અને કોઈ કાયદો વ્યવસ્થા જાળવી શકાતી ન હતી અને પોરબંદરની હદમાં જવું હોય તો વચ્ચે માઈલ સ્ટોન આવે કે અહીં ગુજરાતની કાયદો અને વ્યવસ્થા પૂરી થાય છે અને અમારી હકુમત ચાલુ થાય છે. તો આવી પરિસ્થિતિને કારણે પોરબંદરની જેલ બંધ કરવી પડી હતી અને કેદીઓને જૂનાગઢ ખાતેની જેલમાં ટ્રાન્સફર કરવા પડયા હતા ત્યારે અત્યારે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સારી હોવાના કારણે ગુજરાતમાં જે બહારના રાજયોના અધિકારીઓ પોતાનો નોકરીનો સમય પૂરો કરીને રિટાયર થાય છે ત્યારે ગુજરાતમાં જ રહેવાનું એટલા માટે પસંદ કરે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી રીતે જળવાય છે અને પાતે સારી રીતે અહીં રહી શકશે એવું એમને પ્રતિપાદિત થાય છે. આમ ગુજરાતમાં શાંતિ અને કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ ઘણું સારું કામ થયું છે એ મારે કહેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે એક સૂચન કરીને મારી વાત પૂરી કરીશ કે કાયદો અને નિયમોના કારણે આપણે વિદ્યા સહાયકોની પાંચ વર્ષ સુધી બદલી કરતા નથી. તો ખરા અર્થમાં આ નિયમ હોય તો એ નિયમને વળગી રહેવું જોઈએ, પરંતુ ઘણા એવા કિસ્સા માનવતાની દ્રષ્ટિએ હોય કે કોઈપણ વિદ્યા સહાયકને કોઈ ગંભીર દર્દ હોય કે કોઈપણ કારણે એની પરિસ્થિતિ ખરાબ બની ગઈ હોય તો એને ફરજીયાતપણે બદલવો પડેતેમ હોય છે. તો આ વિદ્યા સહાયકોની ખાસ કિસ્સામાં બદલી કરવી જોઈએ. તો આ બાાબતમાં શિક્ષણ વિભાગ મારા આ સૂચન ઉપર વિચાર કરે. આ માગણીઓ જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે બંદરો અંગેની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું. સરકારે બંદરો ક્ષેત્રે ખૂબ નોંધનીય પ્રગતિ કરી છે. દેશના પ્રથમ બે એલ. એન. જી. ટર્મિનલ દહેજ અને હજીરા ખાતે શરૂ થયા છે, તે જ રીતે આંતરરાષ્ટ્રીય સ્તરના બે કાર્ગો હેન્ડલીંગની સુવિધા ધરાવતા પીપાવાવ અને મુન્દ્રા પણ કાર્યરત થયા છે જેનું ગુજરાતમાં કાર્ગો હેન્ડલીંગમાં પ્રથમ સ્થાન રહયું છે. માનનીય અધ્યક્ષશ્રી, જે મોટા બંદરો ઉપરથી કાર્ગો હેન્ડલીંગ થાય છે એમાં દેશના દરિયાઈ રાજયોમાં ૧૯ ટકા જેટલું કાર્ગો હેન્ડલીંગ આ મોટા બંદરો મારફત થાય છે અને જે નાના બંદરો છે એમાંથી ૬૫ ટકા જેટલું કાર્ગો હેન્ડલીંગ આ કાર્ગો બંદર થકી થાય છે. એટલે તેની કામગીરી ખૂબ જ સુંદર રહી છે. ગુજરાત એ દેશના ૯ દરિયાઈ રાજયો પૈકીનું એક મહત્વનું વિશાળ દરિયાકાંઠો ધરાવતું રાજય છે. આ દેશનો દરિયા કાંઠો વિશાળ છે. એમાંથી ૧૬૦૦ કિલો મિટરનો લાંબો દરિયાકાંઠો ગુજરાત રાજય ધરાવે છે. એ જ આ રાજયની વિશિષ્ટતા છે. એટલે દરિયા કાંઠે લગભગ ૪૨ જેટલા બંદરો આવેલા છે. તે પૈકીનું એક કંડલા એ મહા બંદર છે. અને બાકીના ૪૧ નાના બંદરો છે. દેશના વાણિજયના વૈશ્વીકરણ અને ગુજરાતના ઉદ્યોગોના વિકાસની વૃદ્ધિના કારણે આપણને નવી બંદર નીતિ ઘડવાની ફરજ પડી છે. અને તે નીતિના અધારે હમણાં ૬ બંદરો ખાનગી ક્ષેત્રે વિકાસ થઈ રહયા છે અને ૪ બંદરો માટે આપણે સંયુકત રીતે કામગીરી કરી રહયા છીએ. વાયબ્રન્ટ ગુજરાત દરમિયાન ગત વર્ષે સાડા બાર લાખ કરોડના એમ.ઓ.યુ. થયા એમાં ૪૦ કરતા વધારે દેશના પ્રતિનિધિઓ હાજર રહ્યા અને ૨૫ લાખને રોજગારી મળવાની સંભાવના છે તેમાં આ બંદર ક્ષેત્ર પણ પાછળ રહ્યું નથી. ૫૦ જેટલા એમ. ઓ. યુ. આ બંદરોના વિકાસ માટેના થયા છે. અને અંદાજે ૮૫૭૨૦ કરોડનું મૂડી રોકાણ થવાનું છે. એટલે બંદરોનો ખૂબ સારો વિકાસ આ મેરી ટાઈમ બોર્ડ દ્વારા થવાનો છે. એમ તો ગુજરાત મેરી ટાઈમ બોર્ડે ખૂબ સારું કામ આ બંદરોના વિકાસ માટે કર્યુ છે. તેમ છતાં પણ ૨૦૦૯-૧૦માં આપણે ભારત ઓમાન રીફાઈનરી લીમીટેડ દ્વારા હજીરા અને સીકકા ખાતે એક ઓ.એન.જી.સી. દ્વારા રાખવામાં આવેલા સી.પી.એમ. રાખ્યા બાદ તેની આવકમાં ખૂબ વધારો થશે અને આ બંદરનો ખૂબ સારો વિકાસ થશે. એ ખૂબ સારી સીસ્ટમ આ દરિયા કાંઠે વિકસાવવામાં આવેલ છે તેનું હું ઉંડાણ ટાંકયા વીના રહી શકતો નથી. કે દરિયા કિનારાના માચ્છીમારોને અને ખાસ કરીને તેમના ધંધામાં ખૂબ ઉપયોગી થાય તેવું ટ્રેકીંગ અને વોર્નિંગ સીસ્ટમનું ફીશરમેન માટે આયોજન થઈ રહયું છે અને રૂા. ૯૪.૫૦ કરોડના ખર્ચે જે આયોજન થવાનું છે તે માચ્છીમાર ભાઈઓ માટે અને આ ગુજરાત સરકાર માટે ખૂબ નમૂનારુપ બની રહેશે. આપણે જોયું છે કે દરિયાલાલને સહારે જીવતા અને ઘુઘવતા સાગરના મોજાને સથવારે જીવતા અમારા દરિયાકાંઠે જીવતા ભાઈઓ ખૂબ સાહસીક અને મહેનતુ છે. એમના રક્ષણ માટે એમને પુરક બનવા માટે આ સરકારે પણ એક સાગરખેડુ નામની યોજના દખાલ કરી છે. હું કહેવા માગું છું કે અત્યાર સુધી જે ચાલ્યુ તે ચાલ્યુ પણ આ ગુજરાતની ભાજપની સરકાર, અને ગુજરાત ભાજપની જે વિચારસરણી છે તે લાગણી સાથે સુસંગત છે, અમે બધા લાગણીથી જોડાયેલા છીએ. સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદ એ અમારા રગે રગમાં છે ત્યારે એ લાગણીનો સુંદર પડઘો આ બજેટમાં પડયો છે કે સાગર કાંઠાનો પણ સુંદર વિકાસ થાય, આ ૧૬૦૦ કિલો મિટરના દરિયાનું રક્ષણ થાય તે માટેનું સુંદર આયોજન આ બજેટમાં પ્રતિપાદિત થયું છે. મિત્રો મારે એમ કહેવું છે, સામોના મિત્રો આજે નથી. પણ અમે તો ખૂબ લાગણીથી જોડાયા છીએ, અને લાગણી, માગણી, એની આકાંક્ષા અને અપેક્ષાઓનું પ્રતિબિંબ આ બજેટમાં પડયું છે. અમારે એમ કહેવું છે કોંગ્રેસના મિત્રોને જેઓ આજે આ હાઉસમાં હાજર નથી.

તુમને તો સાહેબ કાંટો સે જખ્મ સહે હોંગે,
હમને તો ફૂલો સે ભી જખ્મ સહે હૈ.

એવી આ લાગણી સરકારશ્રી ખૂબ સુદર રીતે પ્રતિપાદિત કરી રહી છે ત્યારે એક નાની સરખી વાત કરીને હું મારી વાતને વિરામ આપું છું.

હું પણ સાગરકાંઠેથી આવું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતિભાઈ શું કહ્યું?

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, બધાને એક શાયરી બોલવા દેવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતિભાઈ, બધાને સાયર શું કામ બનાવવા પડે તમે સાયર છો જ ને?

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં ધોલાઈ બંદર આવેલ છે. ખાસ કરીને અમારા દક્ષિણ ગુજરાતના માછીમારોને મુંબઇના ભઉચા મુકામે ખૂબ તકલીફ પડતી એનાથી આ રાજય સરકાર વાકેફ છે એટલે એમણે વિચાર્યુ કે દક્ષિણ ગુજરાતમાં એક સારુ બંદર થાય એટલે ધોલાઈ બંદર ત્યાં આકાર પામી રહ્યું છે. એનું લોકાપર્ણ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે થઈ ગયું છે ત્યારે હજી થોડીક સુવિધા બાકી છે એ અંગે આપનું ધ્યાન દોરવા માગું છું. ત્યાં એમ કહેવાય છે કે Transport is the backbone of development. એટલે આ બંદર સુધી પહોંચવા માટે બારમાસી રસ્તા બને એ માટે છેક કૃષ્ણપુરથી ભાગડ, ભાગડથી અમલસાડ અને અમલસાડથી ધોલાઈ બંદરે માછીમારો સહેલાઈથી પહોંચી શકે એવા સુંદર રસ્તાનું આયોજન થવું જોઈએ. બીજું પાણીનો કોઈ સોર્સ નથી તો ગમે ત્યાંથી પાણીનો સોર્સ મેળવીને પાણીની સુવિધા પૂરી પડાય તેવું મારુ સૂચન છે. આ વિસ્તારમાં જ્યોતિ ગ્રામ દ્વારા વીજળી આપી શક્યા છીએ એમાં કોઈ બે મત નથી.. પરંતુ બંદરનું ડેવલપમેન્ટ થઈ રહ્યું છે ત્યારે ત્યાં ૬૬ કે.વી. સબસ્ટેશન થાય અને બંદરના વિકાસ માટે ડ્રેજિંગની સુવિધા બાકી છે એમાં પણ સુધારો થાય એ જ મારુ સૂચન છે.

આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો છે આ દેશની જનતાએ અનુભવ્યું છે કે મુંબઇ ખાતે જ્યારે આતંકવાદીઓ આ દરિયાઇ માર્ગે આવીને હુમલો કર્યો અને નિર્દોશ લોકોના જાન ગયા ત્યારે આ ગુજરાત સરકારે આમાંથી ચેતવણી લઈને આ ગુજરાતના દરિયાકાંઠાની સુરક્ષા માટે ૫૦૦ કરોડનો પ્રોજેંકટ બનાવ્યો પણ દુઃખ સાથે કહેવું પડે છે કે દરિયાની સુરક્ષા માટે દેશના સીમાડાની સુરક્ષા માટે એટલા અજાણ પણ ન રહી શકીએ આપણે એટલા ગાફેલ પણ ન રહી શકીએ. આ સરકારે ખૂબ સારી યોજના બનાવી છે પણ જેમની પણ જવાબદારી છે એમણે આને ગંભીરતાથી લીધી નથી એ દુઃખદ વાત હું ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. સમયની પા બંધીના કારણે લાંબી વાત કરવા માગતો નથી પરંતુ આટલી મારી વાત કરીને મારી વાણીને વિરામ આપી વાત સમાપ્ત કરુ છું.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બંદરો વિભાગની માગણી લઈને આ સભાગૃહમાં આવ્યા છે એમને મારુ સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

દેશના જે દરિયાઇ રાજયો છે એમાં નવ જેટલા રાજયો આવે છે કે જેને દરિયો સ્પર્શ કરે છે. આ નવ રાજયોમાં જો સૌથી કોઈ અગત્યનું રાજય હોય તો એ ગુજરાત છે. ગુજરાતને કુદરતે ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો આપ્યો છે. ગુજરાતની પ્રજા એક વેપારી પ્રજા છે અને દરિયાઇ વેપાર આ પ્રજાનો ભવ્ય ભૂતકાળ પણ છે. આપણે ઇતિહાસ જોઈએ તો લોથલ સંસ્કૃતિ એ લોથલ સંસ્કૃતિથી દેશ વિદેશની અંદર આ ગુજરાતીઓ વેપાર કરતા હતા. અર્વાચીન ઇતિહાસ જોઈએ તો વિદેશી વેપારી કંપનીઓ પોર્ટુગીઝ, વલંદા, ફ્રેન્ચો અને અંગ્રેજો ગુજરાતની અંદર કોઠીઓ નાખીને એમણે ખૂબ મોટો વેપાર કર્યો હતો. ગુજરાતના ખંભાત, ધોલેરા, ભાવનગર, નવલખી, જોડિયા આ બધા જ બંદરો આંતરરાષ્ટ્રીય વેપારથી ધમધમતા હતા. હું જે વિસ્તારમાંથી ચૂંટાઈને આવું છું. એ વિસ્તારમાં માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ જેનું પ્રતિનિધિત્વ કરે છે. એ ચોર્યાશી વિસ્તારનો એક ખૂબ મોટો ભવ્ય ભૂતકાળ હતો. અમને સુરતમાં ઘણાં લોકો પૂછે કે આ ચોર્યાશી તાલુકો છે, ચોર્યાશી વિધાનસભા વિસ્તાર છે પણ આ ચોર્યાશી વિસ્તાર કયાં આવ્યો? ત્યારે અમે એમને ગૌરવ સાથે કહીએ છીએ કે ભાઈ, ચોર્યાશી કોઈ વિસ્તાર નથી, ચોર્યાશી કોઈ ગામ નથી, ચોર્યાશી તો એ વિસ્તારનું નામ છે કે જ્યાં ભૂતકાળની અંદર ૮૪ દેશના વિદેશી વાવટાઓ ફરકતા હતા. એ બંદરનું નામ ચોર્યાશી છે અને આ દેશદેશાવરથી અહીં આ વિસ્તારમાં વેપાર થતો હતો આવો ભવ્ય ભૂતકાળ હતો. આજે આપણે લખપત જોઈએ, ધોલેરા જોઈએ તો તેની કેટલી જાહોજલાલી હશે તેનો ખ્યાલ આવે. ત્યારે કોઈ શાયરે જે કહ્યું છે કે- " ખંડહર ઈતના બુલંદ હૈ તો વહાં ઈમારત કૈસી હોગી " આ ગુજરાતનો જે ભવ્ય ભૂતકાળ છે તે આપણને ખૂબ આશીર્વાદરૂપ થઈ શકે તેમ હતો. આપણે માત્ર પરદેશની સાથે વ્યાપારી સંબંધો જ નહીં, પણ સામાજીક સંબંધો પણ વિકસ્યા હતા. એટલે જ એક કહેવત પડી છે કે " લંકાની લાડી અને ઘોઘાનો વર " એ આ ગુજરાતની અસ્મિતા સાબિત કરે છે. પરંતુ કમનસીબે આ દેશ આઝાદ થયો પછી આ દરિયાનો જે લાભ લેવો જોઈએ એ લાભ આપણાં શાસકો લઈ શક્યા નહીં, ૧૯૪૭થી ૧૯૯૫ સુધી કોંગ્રેસની નીતિ અને ખરાબ નિયતના કારણે જે દરિયાની અંદર વિકાસના દર્શન થવા જોઈએ એ દર્શન આપણને થયા નહીં, ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને તેણે નવી બંદર નીતિ અમલમાં મૂકી. ખાનગી ક્ષેત્રો, સરકાર અને ખાનગી કંપનીઓ સાથે ભાગીદારી કરીને વિકાસના એક નવા સમયનું બીજારોપણ કર્યું છે. ગુજરાતનું વ્યુહાત્મક સ્થાન છે. ઉત્તર ભારતને ગુજરાતના દરિયા સિવાય કોઈ છૂટકો નથી. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખૂબ વિશાળ દૃષ્ટિથી ગુજરાતના બંદરોનો વિકાસ થાય તે માટેનું દીર્ઘદૃષ્ટિથી

આયોજન કર્યું છે અને જે એમ.ઓ.યુ. થયા તેમાં ૫૦ જુદી જુદી કંપનીઓએ ૮૫ હજાર કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. સાગર કાંઠાના વિકાસ માટે કર્યા છે. માત્ર આપણે દરિયાઈ વ્યાપાર કે પરિવહન માટે જ નહીં, શીપ બિલ્ડીંગ માટે પણ એટલું જ મોટું આયોજન કર્યું છે. પરિવહન માટે પણ ખૂબ મોટું આયોજન છે. ત્યારે દહેજ અને ભાવનગરમાં ખૂબ મોટા શીપ યાર્ડનો આપણે વિકાસ કરી રહ્યા છીએ. મને જણાવતા આનંદ થાય છે કે (સમયસૂચક ઘંટડી) એક જ મિનિટ, મારા વિસ્તારની વાત કરી દઉં. રો-રો કાર્ગો સર્વીસ, ઘોઘાથી દહેજ સુધી. તેમાં ૧૭૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરીને ઘોઘાથી દહેજનો અત્યારે જે આઠ કલાકનો રસ્તો છે. એ આ ફેરી સર્વીસ થતાં માત્ર ત્રણ કલાકમાં આ અંતર કપાઈ જશે. ત્યારે આપણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને એક સાથે જોડી શકીશું. તો આ દીર્ઘ દૃષ્ટિથી જે બંદરોનો વિકાસ થયો છે, ફેરી સર્વીસનો વિકાસ થશે અને માલ પરિવહનનો વિકાસ થશે તેનાથી ગુજરાતનો ખૂબ મોટો વિકાસ થશે. ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, જે સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો છે એ ગેરહાજર હોય તો બોલાવી લો. ભરતભાઈ બારોટ, ભૂપેન્દ્રભાઈ લાખાવાલા, જેઠાભાઈ ભરવાડ, મેઘજીભાઈ, જયંતિભાઈ ભાનુશાળી અને મોહનભાઈ કુંડારીયા. આપણે ત્યાં એક શિરસ્તો છે કે જેમણે ચર્ચામાં ભાગ લીધો હોય તે સભ્યશ્રીઓ જવાબ સાંભળવા બેસે. શ્રી અમિતભાઈ.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ, શિક્ષણ અને બંદરો વિભાગની માગણીઓ ઉપર આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી ભરતભાઈ બારોટ, શ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી જેઠાભાઈ ભરવાડ, શ્રી ગણપતભાઈ વસાવા, શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ, શ્રી ઉદેસિંહભાઈ, શ્રી જયંતિભાઈ, શ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી નાનુભાઈ વાનાણી, શ્રી ફતેસિંહભાઈ, શ્રી લક્ષ્મણભાઈ પટેલે ભાગ લઈ એમના ઉપયોગી સૂચનો આ જુદા જુદા વિભાગોને કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ હું ગૃહ વિભાગની માગણીઓ લઈને સાતમીવાર હાજર થયો છું. હું આજે સવારે વિચાર કરતો હતો, છાપાઓ જોયા પછી અને સાતેય વખતની ઘટનાઓ, ચર્ચાઓ વાગોળતો હતો. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, પહેલીવાર ગૃહ વિભાગની ચર્ચા હોય અને વિરોધપક્ષ ગૃહની બહાર છે. ગૃહ વિભાગ એ જ્યારથી શાસન વ્યસ્થા સ્થપાઈ ત્યારથી સૌથી પહેલાં અસ્તિત્વમાં આવેલ વિભાગ છે. વેલ્ફેર સ્ટેટ- કલ્યાણ રાજયની વ્યવસ્થા તો પછી અમલમાં આવી, પહેલું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું, ન્યાય તોળવાનું હતું. સુખરૂપ શાંતિ જળવાઈ રહે. એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટ, વોટર સપ્લાય ડિપાર્ટમેન્ટ, અર્બન ડૅવલપમેન્ટ વગેરે સમયની સાથે જેમ માનવ સુસંસ્કૃત થતો ગયો એમ ઉમેરાયેલા વિભાગો છે. પરંતુ શાસનની સાથે વર્ષોથી જ્યારથી આ સમાજની રચના થઈ ત્યારથી આ ગૃહ વિભાગ સ્થપાયેલ છે અને એની સાથે સંકળાયેલ છે અને સર્વ સ્પર્શી વિભાગ છે. આ વિભાગની ચર્ચા વખતે વિરોધપક્ષના નેતા સહિત સમગ્ર વિરોધપક્ષ ગૃહની અંદર હાજર નથી. હું બોલ્યા વગર નથી રહી શકતો કે, પ્રજાના કામો, સુખ શાંતિ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એના પ્રત્યે તેઓ કેટલા ગંભીર છે એનું આ દ્યોતક છે. આ ગૃહ વિભાગની ચર્ચાની અંદર ઉપસ્થિત નથી એના કારણો શું આપે છે? કહે છે કે, એક કરુણાંતિકા થઈ છે, અમદાવાદની અંદર ઝેરી શરાબ પીવાની ઘટના થઈ અને એ ઘટનાને રાજકીય સ્વરૂપ આપ્યું અને એક યા બીજા મુદ્દા ઊભા કરી, ગૃહની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો. મારે આપના માધ્યમથી એ પૂછવું છે કે, આ રાજયમાં આ પહેલી કરુણાંતિકા થઈ છે? શું રાજયોની અંદર આ પહેલું રાજય છે કે જેમાં આ કરુણાંતિકા થઈ છે? દેશભરની અંદર નથી થઈ? કોઈ દુર્ઘટના નથી સર્જાઈ? મોટી દુર્ઘટના નથી સર્જાઈ? પ્રજાની આ મુશ્કેલીમાં બધાએ સાથે મળીને સામનો કરવો પડે અને એવી વ્યવસ્થાનું સર્જન કરવું પડે કે જેથી ભવિષ્યની અંદર આવી ઘટના ન સર્જાય. એના બદલે શું આ પરિસ્થિતિમાં વિપક્ષની કોઈ ભૂમિકા નથી? કોઈ રચનાત્મક સૂચન નહીં કરવાના? આ પરિસ્થિતિમાં કોઈ યોગદાન નહીં આપવાનું? કાયદામાં કયા સુધારા કરવા જોઈએ? એવું મંતવ્ય નહીં આપવાનું? કાયદામાં કયાં છીંડાં છે એ બતાવવાની એમની જવાબદારી નથી? છીંડા કેવી રીતે પૂરવા એની ચર્ચા નહીં કરવાની? છીંડા પ્રત્યે આંગળી ચીંધવાની નહીં? કોઈ રચનાત્મક સૂચન નહીં કરવાના? વિપક્ષની આ જવાબદારી નથી? વહીવટમાં છીંડાં હોય તો અંગુલિ નિર્દેશ કરવાની જવાબદારી વિપક્ષની નથી? એ જવાબદારી પરિપૂર્ણ કરવામાં વિપક્ષ ચૂકી ગયો છે પણ અમે ચૂકવાના નથી. એની આ સભાગૃહ ગંભીરતાથી નોંધ લે છે. વિપક્ષ ગૃહમાંથી ભાગી જાય, રાજકીય અવલોકનો કરવાના? પ્રજા આ બધું નહીં સાંખી શકે. જે ઘટના બની છે, એની અંદરથી રાજયે કેવી રીતે બહાર આવવું? ભવિષ્યમાં આવી ઘટના ન બને એના માટે પ્રયત્ન કરવાના હોય, આવી ઘટના માટે જવાબદાર હોય એને પકડવાના હોય, એની પકડીને કડકમાં કડક સજા અપાવવાનું કામ આ શાસને કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે કહેવું છે કે, ભલે એ એમની ફરજ ચૂક્યા છે પણ આ રાજય સરકાર એની ફરજ ચૂકવાની નથી. આ ગૃહના માધ્યમથી સમગ્ર રાજયની જનતાને આસ્વસ્થ કરવા માગું છું કે આ કરુણાંતિકા માટે ગમે તે હોય તેને આ ગુજરાતની પોલીસ શોધી કાઢશે અને કડકમાં કડક સજા કરવાની છે. આ પ્રજાએ આપેલી જવાબદારી છે અને એનું સુપેરે પાલન કરવાના છીએ. આ ઘટનાઓ કોઈ રાજકીય અવલોકનો, ભાષણો, બંધના એલાનો કે રેલીઓ યોજવાથી નથી અટકવાની. કાયદાની અંદર સુધારો કરવાથી અટકવાની છે.

ભૂતકાળની અંદર ૨૫ લઠ્ઠાકાંડો થયા છે આ રાજયની અંદર અને ૨૫-૨૫ માંથી એકપણ લઠ્ઠાકાંડ અમારા સમયમાં નથી થયો. અમારા સમયમાં આ પહેલ થયો. ભૂતકાળમાં જે ૨૫ લઠ્ઠાકાંડો થયા એ વખતે જો કાયદો સુધારવાની સહેજ પણ દરકાર લીધી હોત, આ વસ્તુને ગંભીરતાથી લીધી હોત તો કદાચ આ ૨૬મી દુર્ઘટના અટકાવી શકયા હોત. લઠ્ઠાકાંડ થયો અને ચોથા જ દિવસે રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક ઈનીસીએટીવ લીધું અને ઈનીસીએટીવ લઈ નશાબંધી ધારાની અંદર સુધારાઓ કરવાનો એક વિચાર ચાલુ કર્યો અને વિચાર ચાલુ કરીને તરત જ પહેલી કૅબિનૅટની અંદર એ સુધારાઓ મૂકયા છે અને બિલ આ ગૃહના બધા સભ્યશ્રીઓને વિચારણા માટે મોકલી આપ્યું છે અને આ જ સત્રની અંદર એ બિલ રાજય સરકાર લઈને ગૃહની સમક્ષ ઉપસ્થિત થશે. પહેલી વખત સમગ્ર દેશની અંદર ઝેરી શરાબ વેચવાવાળા, બનાવવાવાળા, એના પદાર્થોનો સપ્લાય કરવાવાળા એ બધા માટે મૃત્યુદંડ સુધીની જોગવાઈ આ સરકાર લઈને આવી છે. નશાબંધીને ઢીલી મૂકી છે. નશાબંધીનો અમલ બરાબર નથી થતો, આવા આરોપો જે લોકો કરે છે એમને મારે કહેવું છે કે આ રાજય સરકાર એવી છે કે જે નશાયુકત પદાર્થોના હેરફેરની અંદર વપરાતા વાહનોને સરકારી સંપત્તિ તરીકે જપ્ત કરવાની જોગવાઈ લઈ આ બિલની અંદર આ રાજયની સરકાર આ વિધાનસભા ગૃહ સમક્ષ આવવાની છે. હું એવું કહેવા નથી માગતો કે જે ઘટના થઈ છે એ નાની છે. જે મૃતકો છે એમની પ્રત્યે કોઈ સંવેદના નથી. પરંતુ જે આ પગલાંઓ લીધાં છે, પગલાઓ ભર્યા છે એ મૃતકો પ્રત્યેની સંવેદનામાંથી જ ઉભા થયેલા પગલાંઓ છે અને ભવિષ્યમાં આવી કોઈ ઘટના ના બને એના માટે એ સંવેદનાને સારો આકાર આપી કાયદાના સ્વરૂપમાં ઢાળી છે. મારું ચોક્કસ માનવું છે કે નશાબંધી એ ખાસ કરીને છેવાડાનો સમાજ ગરીબ સમાજ છેવાડાનો માનવી અને ખાસ કરીને બહેનો માટે આશીર્વાદરૂપ છે. નશાબંધી એ ગુજરાતનું ઘરેણું છે. કોઈ ગમે તે કહે ગુજરાત એ ઘરેણાને ગુમાવવા માગતું નથી. એને વધુ સારો ઢોળ ચડાવી અને ચકચકતું કરી સમગ્ર વિશ્વ જોઈ રહે એ રીતે નશાબંધી નીતિનો અમે અમલ કરવા માગીએ છીએ. કેટલાક લોકોના મોઢામાંથી લાળ પડી છે કે આ દુર્ઘટના થઈ છે એટલે નવો વિવાદ કરીએ નશાબંધી દૂર કરવી જોઈએ, નશાબંધી હળવી કરવી જોઈએ, નશાબંધીના કારણે લઠ્ઠાકાંડો થાય છે. હું આ ગૃહની સમક્ષ સ્પષ્ટ કરવા માગુ છું કે આ સરકાર નશાબંધીની નીતિને જરા પણ ઢીલી કરવા નથી માગતી વધુ કડકમાં કડક અમલ કરવા માગે છે. અને એ જે સપનાઓ જોતા હોય એ સપનાઓ ના જોવે. અહીંયા આવે ઝેરી લઠ્ઠો હોય કે શરાબ હોય એને વેચવાવાળા પર વધુ પગલા ભરાય એવી જોગવાઈ કરવાના છીએ. અને નશાબંધી નીતિ, નશાબંધીનો અમલ અને ઝેરી દારુ એને સ્નાન સૂતકનો સંબંધ નથી. હું આ ગૃહને કેટલાક આકડા આપવા માગુ છું. અત્યારે હાલ સીધો અસરકારક અમલ જો નશાબંધીનો થતો હોય એવું એક માત્ર રાજય ગુજરાત છે. મહારાષ્ટ્રની અંદર કાયદો છે પણ ફોર્સમાં એટલી રીતે નથી લગાડેલો પરંતુ સમગ્ર દેશના આકડા જોઈએ ૨૦૦૧ની અંદર સમગ્ર દેશની અંદર ૫૭૪ લોકોના મૃત્યુ લઠ્ઠો પીવાથી થયા છે. અને દેશના બાકીના બધા રાજયોમાં નશાબંધી છે. ૨૦૦૨માં ૮૩૫ લોકોના મૃત્યુ લઠ્ઠો પીવાથી થયા છે. ૨૦૦૩માં ૫૧૩ લોકોના મૃત્યુ લઠ્ઠો પીવાથી થયા છે. ૨૦૦૪માં ૬૫૩ લોકોના મૃત્યુ થયા છે લઠ્ઠો પીવાથી. ૨૦૦૫માં ૭૨૪ લોકોના મૃત્યુ થયા છે લઠ્ઠો પીવાથી. ૨૦૦૬માં ૬૮૫ લોકોના મૃત્યુ થયા છે અને ૨૦૦૭ની અંદર ૧૨૫૧ લોકોના મૃત્યુ દેશભરની અંદર ઝેરી દારુ પીવાથી થયા છે.હવે આ જે રાજ્યમાં મૃત્યું થયા છે એ કોઈ રાજ્યમાં પ્રોહિબિશન નથી. નશાબંધીનો કાયદો અમલમાં નથી. છતાં પણ ત્યાં લઠ્ઠાકાંડો થયા છે. લઠ્ઠાકાંડ અને નશાબંધીને જોડીને જે લોકો નશાબંધીની નીતિને હળવી પાડવા માગતા હોય એમને રાજ્ય સરકારનો સ્પષ્ટ જવાબ છે કે સ્વપ્ન પણ ન જોશો. નશાબંધીનો અમલ વધુ કડક રીતે થવાનો છે અને તમને ઈર્ષા થાય એ રીતે થવાનો છે. આ રાજ્યના મુખ્યમંત્રીએ અનેક આફતો જે આવી એમાંથી વહીવટી તંત્ર શું શીખી શકે, એની અંદર શું સુધારો થઈ શકે, જરૂર પડે તો કાયદામાં શું પરિવર્તન કરાય એનો શરૂઆતથી જ અભિગમ રાખ્યો છે અને આ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઈનિશિયેટીવ્ઝ લઈ નશાબંધી ધારામાં સુધારો કરવાનું નક્કી કર્યું છે અને આ જ સત્રમાં આ બિલ લઈને હું હાજર થવાનો છું. વિપક્ષના સભ્યો હાજર નથી પરંતુ હમણાં હમણાં લોકસભાની ચૂંટણી પતી પછી સતત બોલતા આવ્યા છે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે. માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જ્યારે આ ગૃહમાં એમનું વક્તવ્ય આપતા હતા એ વખતે એમણે નેશનલ ક્રાઈમ બ્યુરોના કેટલાક ડેટા રજૂ કર્યા અને દેશ અને ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સરખામણી કરી. એમણે સરખામણી કરી એમાં ગુજરાતની સ્થિતિ ઘણી સારી છે. પરંતુ હું તો એવું કહેવા માગું છું કે સમગ્ર દેશમાં ગુજરાતની સ્થિતિ સારી છે એ વાત તો ભૂતકાળ છે. સારી હોવી જોઈએ અને રહેશે જ એમાં કશી નવાઈ નથી. પરંતુ મારે કોંગ્રેસના શાસનનું ગુજરાત અને ભારતીય જનતા પક્ષના શાસનના ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સરખામણી કરવી છે. ૧૯૯૧ થી ૧૯૯૪ અને ૨૦૦૫ થી ૨૦૦૮ આના સરખા સમયના આંકડાઓ હું આ ગૃહમાં રજૂ કરવા માગું છું. ૧૯૯૧ થી ૨૦૦૮ સુધીમાં વસતિમાં ૩૫ ટકા કરતાં વધુ વધારો થયો છે એની ગૃહના બધા સભ્યો નોંધ લે. હું આંકડા બોલું છું. વસતિ વધે એટલે ગુના વધવા જોઈએ પરંતુ એવું થયું નથી. ૧૯૯૧ થી ૧૯૯૪ દરમિયાન આ રાજ્યમાં ૫૯૪૩ વ્યક્તિઓના ખૂન થયા હતા અને ૨૦૦૫ થી ૨૦૦૭ દરમિયાન ૪૫૨૭ લોકોના ખૂન થયા છે. ખૂનની સંખ્યામાં ૨૪ ટકાનો ઘ ટાડો થયો છે અને વસતિની અંદર ૩૭ ટકાનો વધારો થયો છે. ખૂનની કોશિશના ૧૯૯૧ થી ૧૯૯૪ દરમિયાન ૩૨૫૩ ગુનાઓ નોંધાયા છે. ૩૦૭ ની કલમ લાગી હતી. ૨૦૦૫ થી ૨૦૦૮ દરમિયાન ૧૯૦૨ ગુનાઓ એટલે

૪૧.૫ ટકા જેટલો ખૂનની કોશિશના ગુનામાં ઘટાડો થયો છે અને વસતિ ૩૫ ટકા કરતાં વધી છે. ચોરીના ૧૯૯૧ થી ૧૯૯૪ દરમિયાન ૨૩૨૫૯ ગુનાઓ નોંધાયા હતા જ્યારે ૨૦૦૫ થી ૨૦૦૮ દરમિયાન ૧૯૯૮૯ ગુનાઓ એટલે કે ૧૪ ટકાનો ઘટાડો થયો છે અને ૩૦ ટકા વસતિ વધી છે. અપહરણ હોય કે બળાત્કાર હોય, ધાડ, લૂંટ, ચોરી હોય કે ખૂન દરેક કિસ્સામાં ૧૯૯૧ થી ૧૯૯૪ ની સરખામણીમાં આ ભારતીય જનતા પક્ષની નરેન્દ્રભાઈ મોદીની સરકારે કાયદો અને વ્યવસ્થા પર પકડ રાખી આંકડાઓ નીચે રાખ્યા છે. એ બતાવે છે કે ગુનાઓ કેટલી હદે તાબામાં આવ્યા છે. ખાલી રાજકીય નિવેદનો કરવાથી પ્રજાને ગેરમાર્ગે ન દોરાય. એમને બકરાનું કૂતરું કરવું છે પણ અમે એ નહીં થવા દઈએ. પ્રજાને આ ગૃહના માધ્યમથી સાચી વાત કહેવાની છે કે આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આજે પણ સારી છે. નબળા વર્ગો અનુસૂચિત જાતિ હોય કે અનુસૂચિત જનજાતિ હોય કે મહિલાઓ હોય, કોંગ્રેસના શાસન કરતાં એમાં પણ અનેક ગણો ઘટાડો અત્યારે થયો છે. ૧૯૯૦ થી ૧૯૯૪ અને ૨૦૦૪ થી ૨૦૦૮ના આંકડાઓ લઈએ તો અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનામાં ૩૨.૫ ટકાનો ઘટાડો થયો છે. શિડ્યુલ ટ્રાઈબના વિરુદ્ધના ગુનાની અંદર સાડા બેતાલીસ ટકાનો વધારો થયો છે અને મહિલાઓના ગુનાની અંદર ૩૦ વધુ ટકા ઘટાડો થયો છે. નબળો વર્ગ સંરક્ષિત છે, પ્રજા સંરક્ષિત છે જો કોઈ સંરક્ષિત ના હોય તો એમના પક્ષનું હિત સંરક્ષિત નથી. પ્રજા એને સ્વીકારતી નથી, પ્રજા એમને સમર્થન આપતી નથી, પ્રજા એમને જીતાડતી નથી અને એમાં ભારતીય જનતા પાર્ટીનો વાંક કાઢવાની જગ્યાએ એ પોતાનું આત્મચિંતન કરે કે પ્રજા કેમ મત નથી આપતી તો એનો રસ્તો નીકળી આવશે. આ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાંથી એમનો રસ્તો નીકળે એવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈ અને શકિતસિંહભાઈ ઘણીવાર મેં એમના પ્રેસ નિવેદનો વાંચ્યાં છે. રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની કડકમાં કડક ટીકા કરતા નિવેદનો વાંચ્યાં છે. મેં ક્યાંક વાચ્યું છે ટીકા એ તો મેલ ધોવા માટેનો સાબુ છે. એટલે હું તો ટીકાનું હંમેશા સ્વાગત કરું છું. પરંતુ વાક્ય લખવાવાળાને આગળ સાચી ટીકા અને ખોટી ટીકાનો ભેદ ખબર નહિ હોય. ખોટી ટીકાથી મેલ ના ધોવાય, મેલ વધે અને ભ્રમ ઊભો થાય. મારે એમને યાદ કરાવવું છે કે એક જમાનો હતો પોરબંદરની અંદર જેલ બંધ કરવી પડી હતી, પોરબંદરની અંદર કોર્ટ બંધ કરવી પડી હતી. પોરબંદરની ગટરનું ઉદ્દઘાટન એટલે નહોતું થાતું કે અંદર દારૂના પીપડા પડ્યા હતા. આ ગુજરાતની સરકારના રેકોર્ડ ઉપરની વાતો છે. અમને સુફીયાણી સલાહ આપવાનું બંધ કરો. તમારા શાસનને યાદ કરો અને પ્રજાને હજુ યાદ છે એટલે તેમ પેલી પાટલી ઉપર બેઠા છો. ગુજરાતની જનતા એ ભૂલી નથી કે અમદાવાદ અબ્દુલ લતીફ અને રસુલ પાર્ટીની ગીરફમાં જીવતું હતું. ગુજરાતની જનતા હાજી હાજી ઈસ્માઈલ, ઈજ્જુ શેખ, મમુમિયાં પંજુમિયાં આ કોઈને ભૂલી નથી. ગુજરાતની જનતા ભૂલી નથી કે રાજુ રીસાલદાર કોના ઘરે રહીને ભોજન કરતો હતો? ગુજરાતની જનતા એ ભૂલી નથી કે લતીફને માસાંહાર કરાવવો જોઈએ એવી રાજ્યના કયા પ્રધાને જેલની અંદર ભલામણ કરી હતી? ગુજરાતની જનતા એ ભૂલી નથી કે રસુલ પાર્ટીને ત્યાં લગ્નમાં જઈ સિકયોરીટીવાળાએ હવામાં ગોળીબાર કર્યા હતા. તમે અમને સાંઠગાંઠની વાત ના કરતા અમારા કપડા ઉપર કયાંય ડાઘ લાગે એવું નથી અને તમારો આખો ઝભ્ભો કાળો કાળો છે અને એ દિવસ પહેરીને આવ્યા હતા. એકેય દાગ લાગે એવું નથી. સલાહઓ આપવાની જગ્યાએ પોતાનો ભૂતકાળ જોઈ લે તો કદાચ ટીકા કરવાની એમની વૃત્તિ ઓટોમેટિક કંટ્રોલ આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી ગુજરાતનો સવાલ છે અનેક વાતો છે, નવી ભરતી હોય, ભરતીના નિયમોમાં સુધારાથી કર્મચારીઓની ગુણવત્તા સારી થાય એના માટે ટ્રેનિંગ હોય, વેલફેરની વાત હોય, પોલીસ હાઉસિંગની વાત હોય, સુવિધામાં વધારો કરવાની વાત હોય કે એફ.એસ.એલ.ને અતિ આધુનિક બનાવવાની વાત હોય અનેક ઈનીસીએટીવ આ રાજ્ય સરકારે વૈજ્ઞાનિક આયોજનથી લીધા છે અને એના સામ્રાજ્યથી એક સુંદર વાતાવરણ ગૃહ વિભાગની અંદર ઊભું થયું છે. કાયદાકીય સમર્થન આપવાના પણ આ રાજ્ય સરકારે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છે અને એ સમર્થનના ભાગ સ્વરૂપે જ અમે ગુજકોક લઈને આવ્યાં હતા. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે પોટાનો કાયદો દેશભરની અંદર હતો અને ભારત સરકારે જ ગુજકોકનો કાયદો મોકલ્યો હતો અને એની અંદર બે લીટી લખી હતી કે સરહદી રાજ્યએ તો ખાસ આ કાયદાનો અમલ કરવો. એટલા માટે આ રાજ્યની વિધાનસભાએ, આ રાજ્યના વિધાનમંડળે આ કાયદાને મંજૂર કરી રાષ્ટ્રપતિ સાહેબની મંજૂરી માટે મોકલ્યો હતો. આ કાયદો બે બે વાર પાછો આવ્યો અને ગુજકોક એ સંગઠિત ગુનાખોરી અને આતંકવાદનો સામનો કરવા માટેનો કાયદો છે અને ગુજકોક્નો વિરોધ કોંગ્રેસ પક્ષ કરે છે. મારે ગૃહના માધ્યમથી આ રાજ્યની જનતાને એ પૂછવું છે કે કોંગ્રેસ પક્ષને કોઈ પૂછે કે શેના માટે વિરોધ કરો છો? તમને શું વાંધો છે આ કાયદાથી? આ કાયદો કડક થશે તો સંગઠિત ગુનાખોરી ડામવાની છે. આ કાયદો કડક થશે તો આતંકવાદ નાબૂદ થશે. તમારે શું આતંકવાદ અને સંગઠિત ગુનાખોરીને બચાવવી છે? શેના માટે વિરોધ કરીએ છીએ? મત બેંકની લાલચમાં દેશના સીમાડાની સુરક્ષા સાથે ચેડા કરવાનું કામ જે લોકો ગુજકોકનો વિરોધ કરી રહ્યા છે એ કરે છે. એ લોકો એમ ન સમજે કે પ્રજા કશું જોતી નથી, પ્રજા કશું સાંભળતી નથી. તમારે કદાચ, મારે કદાચ, એમને કદાચ બે કાન અને બે આંખો છે પણ આ પ્રજા, પાંચ કરોડ પ્રજાને ૧૦ કરોડ આંખ અને ૧૦ કરોડ કાન છે અને એ એમની વર્તણૂંકને દિવસે દિવસે જોઈ રહી છે. હજુ પણ ગુજકોક આ ગૃહમાં આવવાનો છે અને જો રાજકીય ભવિષ્ય વહાલું હોય તો મતોની લાલચથી ઉપર

ઊઠી ગુજકોકનું સમર્થન કરે અને કેન્દ્ર સરકારને એક સંદેશો મોકલે કે કોંગ્રેસ હોય કે ભા.જ.પ., ગુજરાતની રક્ષા માટે અમે બધા એકજુટ છીએ, એક અવાજ છીએ એવો સંદેશો કેન્દ્રની કોંગ્રેસની સરકારને મોકલાવે અને કોંગ્રેસ પક્ષ ગુજકોકને સમર્થન કરે એના માટે હું આહ્વાન કરું છું. બીજી અનેક બાબતો તરફ ધ્યાન દોરાય એવું છે પણ સમય મર્યાદા છે. હું એક વિશેષ ઉલ્લેખ કરવા માગું છું કે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જો સુચારુરૂપે ચલાવવી હોય તો કામને ત્રણ ભાગમાં વહેંચવું પડે. એક ક્રાઈમ કન્ટ્રોલ અને ક્રાઈમ ડિટૅક્શન આ એક ભાગ છે. પ્રોસિક્યુશન માટે એને સાયન્ટિફિક સપોર્ટ આ બીજો ભાગ છે અને ત્રીજો ભાગ એ એક્ચ્યુઅલ પ્રોસિક્યુશન એટલે કોર્ટની અંદર ગુનેગારોને સજા કરવી, ગુનાના પ્રમાણમાં ઘટાડો કરવો અને સજાનું પ્રમાણ વધારવું. આ ત્રણ ભાગમાં કુલ મિલાકર કાયદો અને વ્યવસ્થાનું કામ વહેંચાયેલું છે. આ રાજ્ય સરકારે આ ત્રણેય ભાગોને એક પ્રકારનું ટ્રેઈન્ડ માનવબળ અને તજજ્ઞો મળે, પ્રશિક્ષિત માનવબળ મળી રહે એટલા માટે એક નવો ઈનિશિયેટીવ લીધો છે. હું ત્રણ યુનિવર્સિટીઓની વાત અહીંયા કરવા માગું છું. કદાચ કોઈક સીધી નજરથી જુએ તો આ ટુકડા-ટુકડાનો પ્રયત્ન દેખાય. પરંતુ આ ટુકડા-ટુકડાનો પ્રયત્ન નથી. નરેન્દ્રભાઈનું દીર્ઘદૃષ્ટિયુકત વૈજ્ઞાનિક આયોજન છે. આ રાજ્યમાં સૌથી પહેલા લો યુનિવર્સિટી બની અને વિશ્વભરના કાયદાઓનો અહીં સારી રીતે અભ્યાસ થાય, ભારતના બંધારણ પર અનેક પ્રકારની ચર્ચાઓ થાય, અનેક પ્રકારના કેસોની વિશદ છણાવટ થાય, એની એક ડેટા બેંક બને અને એ ડેટા બૅન્કથી આ બધા જ કાયદાના સ્નાતકો એનો અભ્યાસ કરી એનો એનો લાભ મેળવી શકે અને કાયદાની સેવા કરી શકે એના માટે પહેલા લો યુનિવર્સિટી સ્થાપવામાં આવી. જેનાથી એકચ્યુઅલ પ્રોસીકયુશનના કામ કરાવાવાળા લો-ઑફિસર્સ એટલે કોર્ટના સહાયકોને મદદ થવાની છે. બીજી યુનિવર્સિટીની સ્થાપના કરી, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની. માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી દેશભરમાં પહેલી યુનિવર્સિટી છે, કદાચ વિશ્વમાં પણ પહેલી હશે, મારી પાસે પૂરતો ડેટા નથી એટલે હું એવું નથી કહેતો પણ કોઈ જગ્યાએ આવી હજુ સુધી યુનિવર્સિટી ધ્યાનમાં નથી આવી કે, જે કેવળ ફોરેન્સીક સાયન્સના ક્ષેત્રમાં તજજ્ઞતા ડિગ્રી, માસ્ટર ડિગ્રી, પી.એચ.ડી. સુધીની વ્યવસ્થાઓ અને ડિપ્લોમા કોર્સિસ કરવાના હોય અને આનાથી પોલીસને વિજ્ઞાનની સહાયથી ગુનેગારો ઉપર પકડ મેળવવામાં મદદ થાય એ પ્રકારનું માનવ બળ અને તજજ્ઞો આ યુનિવર્સિટીમાંથી પૂરા પડવાના છે અને દેશભરમાં આનો ફાયદો થવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ જ ગૃહમાં ગઈ કાલે જ અમે બીલ બધા સભ્યશ્રીઓને પહોંચાડ્યું છે, એક ત્રીજી યુનિવર્સિટીની દરખાસ્ત લઈ આવવાનું મને સૌભાગ્ય મળ્યું છે, માનનીય નરેન્દ્રભાઈના ઈનિશિયેટીવના લીધે. એ યુનિવર્સિટી, રક્ષા શકિત યુનિવર્સિટી આ રાજયે સ્થાપવાનો નિર્ણય કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશભરના પોલીસ બળો , લશ્કરી દળો, અર્ધ લશ્કરી દળો, દેશભરની સ્ટેટ એસ.આર.પી.ઓ અને બધી જ સિક્યોરિટી એજન્સીઓ આને કોઈ ટ્રેઈન માનવબળો નથી. પ્રશિક્ષિત માનવબળ પૂરું પડે અને જેની રુચિ છે આ ક્ષેત્રની અંદર એ આ વિષયને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરી શકે. અને રુચિ હોય, કારકિર્દિ તરીકે પસંદ કર્યો હોય અને એનું પ્રશિક્ષણ મળે તો એની તાકાત વિદ્યાર્થીની અનેકગણી વધી જાય છે. પોલીસ સેવા, સુરક્ષાની સેવા, લશ્કરી સેવા ખાલી પગાર મેળવવાનું સાધન ન બને અને જોબ સેટીસ્ફેકશન મળે એના માટે આ રક્ષા શકિત યુનિવર્સિટી સ્થાપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે અને એ બીલ પણ અમે દાખલ કરી દીધું છે અને એ બીલ પણ આ જ ગૃહની અંદર આ જ સત્રની અંદર ચર્ચા માટે આવવાનું છે.

આ ત્રણેય યુનિવર્સિટીઓના માધ્યમથી રાજય સરકારે સમસ્યાના મુળમાં જવાનો પ્રયત્ન કર્યો છે. વ્યકિત આવે, વ્યકિત પસંદ થાય અને એને ટ્રેઈન કરીએ એના કરતાં વ્યકિતની રૂચિ જ હોય એ સામેથી આવે એને પ્રશિક્ષણ એ પ્રમાણેનું મળ્યું હોય અને પછી નોકરી કરે તો એને રાજયની સેવા કરવાનો અનેકગણો વધુ અવસર મળવાનો છે અને આનાથી કાયદો અને વ્યવસ્થાના જે ત્રણ વિભાગ મેં કહ્યા. ત્રણેય વિભાગની ખૂબ સુંદર સેવા થવાની છે. આ પ્રકારે ગૃહ વિભાગની અંદર છેલ્લા આઠ વર્ષની અંદર હું બરાબર ખાતરીપૂર્વક કહી શકું છું કે વૈજ્ઞાનિક આયોજનથી આ રાજય સરકાર આગળ વધી છે એના પરિણામ સ્વરૂપે પોલીસના રહેઠાણોની સુવિધા વધી છે એના લીધે એના સંતોષનું પ્રમાણ વધ્યું છે. પોલીસની કામગીરી કરવાની જગ્યા, ઑફિસો, પોલીસ સ્ટેશનની સુવિધા વધી છે એના લીધે એની એફીશીયન્સી વધી છે, એને મોર્ડનાઈઝ કર્યા છે એના લીધે ઝડપ વધી છે, એના વ્હીકલ સુધાર્યા છે જેથી ગુનેગારો કરતા ઝડપી થઈ છે પોલીસ. એમની ટ્રેનીંગની વ્યવસ્થા કરી છે. ભરતીના નિયમોની અંદર કોમ્પ્યુટર, એન.સી.સી. આવું બધું ફરજિયાત કરી એની ગુણવત્તા વધારવાનો પ્રયત્ન કર્યો છે. એમની ટ્રાન્સફરનો સમગ્ર ભારતની અંદર ઓછામાં ઓછો દર કોઈ જગ્યાએ હોય એક જમાનામાં ટ્રાન્સફર ઈન્ડસ્ટ્રી ચાલતી હતી. પરંતુ ટ્રાન્સફરનો ઓછામાં ઓછો દર કોઈ એક રાજય સરકારની અંદર હોય, પોલીસને વધુમાં વધુ એક જગ્યાએ કામ કરવાની તક મળી હોય તો હું ગૌરવપૂર્વક કહી શકું છું નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મળી છે અને એના પરિણામ સ્વરૂપે એક સુંદર વાતાવરણ ઉભું થયું છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પણ અટકી છે. એક પણ છાત્ર આંદોલન નથી થયું, એક પણ કિસાન આંદોલન નથી થયું. કરફયુની સંખ્યા નહીંવત રહી છે. પોલીસે ગોળીબાર કરવા પડયા હોય તો ગુનેગારો પર હુમલો ખાળવા ગોળીબાર કરવા પડયા છે. પ્રજા પર ગોળીબાર કરવા પડયા હોય એવી ઘટનાઓ ઘટી નથી, કોઈ મોટા પ્રજાકીય આંદોલનો નથી થયા. કોઈ મોટી ઔદ્યોગિક હડતાલો નથી. પડી. કયાંય કોમી તોફાનો નથી થયાં. આ બધું હોવા

છતાં ગુનાઓ પણ ૧૯૯૧ની સરખામણીમાં ૨૫ટકાથી ૪૦ ટકા સુધી ઘટયા છે છતાંય જો વિપક્ષને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરાબર ના લાગતી હોય તો એનો ઉપાય તો મારી જોડે છે નહીં. આજે એ લોકો છે નહીં નહીંતર હું એમને નકકર વિગતોના આધારે જવાબ આપત પણ છાપાઓમાં એમણે જે નિવેદનો આપ્યા છે એના આધાર પર મેં આ વાત મુકવાનો પ્રયત્ન કર્યો છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગુજરાતની અંદર સમગ્ર દેશમાં આદર્શમાં આદર્શ છે અને એ ખાલી હું કે આ ગૃહ નહીં, સમગ્ર દેશની અંદર ચર્ચાનો વિષય છે અને સમગ્ર દેશની અંદર સ્વીકૃતિ પામેલો વિષય છે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ગુજરાતની અંદર ખૂબ સારી છે.

વાહન વ્યવહાર વિભાગની પણ આજે માગણીઓ લઈને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું. વાહન વ્યવહાર વિભાગની અંદર છેલ્લા સાત -આઠ વર્ષથી સતત એક પણ વર્ષ એવું નથી ગયું કે એના લક્ષ્યાંકો પૂરા ન કર્યા હોય. સમગ્ર દેશની અંદર માથાદીઠ ઈન્સ્પેકટરદીઠ આવક સૌથી વધુ ગુજરાતની અંદર થઈ છે. મંદી આવવા છતાં આવકને અસર નથી થઈ. આવક વધી છે. મારે વધુ ડીટેઈલ નથી આપવી પણ હું એટલું ચોકકસ કહીશ કે કોમ્પ્યુટરાઈઝેશન અને એના મોર્ડનાઈઝેશનને લીધે ઘણા છીંડા પુરવામાં વાહન વ્યવહાર વિભાગ સફળ થયો છે અને ખંતથી કામ કરવાને લીધે એની આવક, રાજયની તિજોરીમાં પણ વધુ સારી રીતે આવક જમા થઈ છે અને ખાસ કરીને એસ.ટી.માં છેલ્લા ચાર વર્ષથી સળંગ આ સરકારે એસ.ટી.ને મદદ કરી નવી બસોનો કાફલો ૧૦૦૦ થી ૧૫૦૦ બસોનો દર વર્ષે ઉમેર્યો છે એને કારણે એસ.ટી.ના આર્થિક પરિણામોની અંદર તો સુધારો થયો જ છે. એસ.ટી. નિગમ નફો કરતો તો થયું જ છે. પરંતુ રોડ ઉપરની સર્વીસો અને જે સામાન્ય માણસ પરિવહન માટે એસ.ટી.નો ઉપયોગ કરે છે એને સલામતી અને સગવડ બંને પૂરા પાડવામાં સફળતા મળી છે. હું માનું છું કે ભલે વિપક્ષ ગમે તે કહે. પરંતુ ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખૂબ સારી થઈ છે અને નરેન્દ્રભાઈના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ, વૈજ્ઞાનિક આયોજનવાળા નેતૃત્વના કારણે વધુ સુધરી છે. અને તેમાં ઉત્તરોત્તર વધુ સુધારો થશે તેવી આપ સૌ સભ્યોને ખાતરી આપી મારી માગણીઓને મંજૂર કરે તેવી વિનંતી કરું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ (બંદરો અને વાહનવ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ હું માગણી ક્રમાંક-૭૫ જે બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લાગે છે તે લઈને આવ્યો છું. આ દેશ માટે દરિયાકિનારો, વહાણવટુ અથવા દરિયા કિનારા સાથે સંકળાયેલ છે તે નવી વાત નથી. આપણે એ સંસ્કૃતિના વારસદારો છીએ, જે સંસ્કૃતિ અગત્સ્ય મુનિ સાત સમુદ્ર પી ગયા હતા, તેની વાત કરે છે. આજે પણ જાવા, સુમાત્રા, બોરનીઓમાં અગત્સ્યની મૂર્તિ આપણને જોવા મળે છે, તેનું મૂળ કારણ એ સમયે પણ આપણા દેશના દરિયા કિનારાને વળોટીને સાત સમુંદર પાર અગત્સ્ય મુનિ આ વિસ્તારમાં પહોંચ્યા હશે. અંકોરવાટના મંદિરો પણ એની ખાતરી આપે છે. મહેન્દ્ર અને સંઘમિત્રા એમણે આ દેશનો દરિયાકાંઠો છોડી અને સીલોન થઈને બ્રહ્મદેશ અને ત્યાંથી દૂર સુધી છેક ચીન અને જાપાન સુધી આ દેશમાંથી બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવાનું કામ અને આ દેશના બૌદ્ધ ધર્મને અને એને આ શાંતિ અને અહિંસાના સિદ્ધાંતોને દૂર સુધી લઈ જવાનું કામ કર્યુ છે. જેનો ઉલ્લેખ મારા સાથી ધારાસભ્યશ્રી જયંતિભાઈએ કર્યો, એ જખૌમાં વહાણો બાંધવા માટેની અને વહાણવટા સાથે સંકળાયેલ જે ક્ષમતા હતી, એના પરિણામે આપણા દેશમાંથી તેજાના અને મલમલ લઈને આપણા વેપારીઓ દૂર સુધી દરિયો ખેડી અને વિદેશ વ્યાપાર કરતા હતા. આજે પણ ગુજરાતના છોકરાઓને દેવો, ધાંધલ અને ટંડેલ, ફરારી, સરફરોશ અને દરિયાલાલ જેવી ગુણવંતલાલ આચાર્યની નવલકથાઓ આ દેશના અને ગુજરાતના દરિયા કિનારાનો ઈતિહાસ શું હતો તે અંગેની વાત કહે છે. આ એ રાજય છે જેના દરિયાકિનારે એક એવી ખમતીધર કોમ ઉતરી એ જે રાજયમાં દૂધમાં સાકળ ભળે એમ ભળી ગઈ અને એ કોમે આ દેશને પહેલા ફિલ્ડમાર્શલ આપ્યા, આ દેશને પ્રથમ ભકિતના દેશભક્ત આપ્યા, આ દેશને પ્રથમ પંક્તિના ઉદ્યોગપતિ આપ્યા અને ઉદ્યોગપતિએ આ દેશને નેનો કાર આપી. આ એ રાજ્ય છે કે જ્યાં ચાઉસ અને સીદીઓ દરિયો ખેડીને અહીયાં આપણે ત્યાં કામ કરવા માટે આવતા અને અંગ રક્ષકોથી માંડીને અનેક પ્રકારનાં કામો કરતા આજે પણ સીદીઓનું ધાંધલનૃત્ય આ વાતની સાક્ષી પૂરે છે. સુરત ખાતે બ્રિટિશરોએ પહેલી કોઠી સ્થાપી એનું કારણ પણ નાનુભાઈએ જે વાત કહી એ ચોર્યાસી દેશોના વાવટા ફરકાવતું આ બંદર સમૃદ્રથી ધમધમતું હતું અને વિદેશ વ્યાપાર અને વિદેશથી આવતા વ્યાપારીઓને ખેંચી લાવતું હતું, એની સમૃદ્ધિ આ પુરાવો છે. નાનજી કાળીદાસ આ દેશનો, સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો છોડી અને આફ્રિકા ગયા ત્યારે માત્ર દોરીલોટો લઈને ગયા હતા અને એમણે આફ્રિકાના નવસર્જનમાં જે ફાળો આપ્યો એ ઈતિહાસને સુવિદિત છે. આ વાતની સાથોસાથ ગુજરાતમાં એ વાર્તા પ્રચલિત બની છે કે અહીયા દરિયો ન ખેડે એ માણસ એના માટે કોઈ ભવિષ્ય નથી એવો એક જમાનો હતો અને એટલા માટે આપણે ત્યાં કદાચ કહેવત પડી છે કે જે જાય જાવે, એ પાછો ન આવે. અને જો પાછો આવે તો કોળિયાના કોળિયા ખાય તેટલું લાવે, તે પરિસ્થિતિ આપણા દરિયાકાઠાની હતી. એની અગત્યતા એટલા માટે છે કે આ દરિયાકાંઠો સમૃદ્ધિ પણ લાવે છે અને ગુલામી પણ લાવે છે. આ દરિયાકાંઠાથી વ્યાપાર પણ વધે છે અને આ દરિયાકાંઠો બ્રિટિશરોને આરડીએકસ અને મોતના સોદાગરોને ખેંચી લાવવાનું કામ પણ કરે છે.માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આ દરિયાકાંઠાની સલામતી અને સમૃદ્ધિ આ રાજયના વિસ્તાર માટે ખૂબ જ અગત્યની બાબત છે. એ કારણથી મારે આજે કહેવું છે કે વિશ્વ સ્તરે જે માલની હેરફેર થાય છે તે હેરફેર પૈકી ૮૦ ટકા હિસ્સો દરિયાઈ માર્ગે થાય છે. ૨૦૦૭ના વર્ષ દરમ્યાન કુલ ૧૬૦૫.૦૫ કરોડ ટન માલ વિશ્વમાં હેરફેર થવા પામ્યો તેમાંથી ૬૦૩

કરોડ ટન જેટલો માલ એશિયાઈ દેશોના બંદરો પરથી હેરફેર થવા પામ્યો હતો. ભારત દેશના તમામ બંદરો પરથી ૨૦૦૭ દરમ્યાન ૭૨.૦૩ કરોડ ટન માલની હેરફેર થઈ જે એશિયાઈ દેશોના બંદર પરથી હેરફેર થયેલ જથ્થાની સાપેક્ષમાં ૧૨ ટકા જેટલી થવા જાય છે. ગુજરાત રાજય હસ્તકના બંદરોની કામગીરીની વાત કરીએ તો ૨૦૦૭ દરમ્યાન કુલ ૧૫.૦૩ કરોડ મિલીયન ટન માલની હેરફેર થઈ જે એશિયાઈ દેશોના બંદર પરથી હેરફેર થાય છે તેનો ૨.૫૪ ટકા અને દેશના તમામ બંદરોનો ૨૦ ટકા હિસ્સો બતાવે છે. દેશના તમામ દરિયાઈ રાજયો હસ્તકના નાના અને મધ્યમ કક્ષાના બંદરો પરથી હેરફેર થયેલ માલસામાનના ૭૩ ટકા જેટલો જથ્થો ગુજરાતના નાના અને મધ્યમ કક્ષાના બંદરો પરથી હેરફેર થવા પામ્યો હતો. ૧૧મી પંચવર્ષીય યોજનાના અંતે દેશના બંદરો ઉપરથી ૧૧૬ કરોડ ટન માલ સામાન હેરફેર થવાની શક્યતા છે. જેની સામે ગુજરાતના નાના બંદરો પરથી ૪૮ કરોડ ટન જેટલા માલની હેરફેર થશે એટલે ગુજરાત ૪૧ ટકા જેટલા માલ સામાનની હેરફેર માટે આવનાર સમય માટે સુસજજ થઈ રહ્યું છે. એ કારણસર જે હું માગણી લઈને આવ્યો છું અને ગુજરાત મેરીટાઈ બોર્ડ અને ગુજરાત રાજયનો માર્ગ અને પરિવહન વિભાગ સાથે જે બંદરીય વિભાગ સંકળાયેલો છે તે વિભાગની જે કામગીરી છે તે ત્રણેય વિભાગોની કામગીરી ખૂબ અગત્યની બની જાય છે. જે સૂચનો માનનીય સભ્યશ્રી જયંતિભાઈ, માનનીય નાનુભાઈ અને માનનીય લક્ષ્મણભાઈએ કર્યા તે સૂચનોને અમે લક્ષમાં લીધાં છે અને માનનીય લક્ષ્મણભાઈને હું કહેવા માગું છું કે એમણે જે ધોલાઈ બંદર માટે સૂચન કર્યુ કે તેમાં વધારાનો ખર્ચ કરીને હજુ વધારે સવલતો આપવાની જરૂર છે. તો હું આપના થકી માનનીય લક્ષ્મણભાઈને કહેવા માગું છું કે ૨૦૦૯-૧૦ના વર્ષમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ ૧.૪૮ કરોડ રૂપિયા એ ધોલાઈ બંદરના વિકાસ માટે વાપરવાનું છે અને તેમાંથી પાણી પુરવઠા માટે ૨૬.૪૦ લાખ રૂપિયા વપરાવવાના છે. મને લાગે છે કે માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ તેનો સાનુકૂળ પ્રત્યાઘાત તેમને આ જાહેરાતમાં મળી રહેશે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની કામગીરી માટે ઘણું કહી શકાય તેમ છે. પણ સમયની મર્યાદામાં મેં એવું નિર્ણીત કર્યુ છે કે માત્ર ભાવિ આયોજન અંગેની કેટલીક વાતો હું સન્માનનીય ગૃહ સમક્ષ મૂકીશ. જેથી સમયની મર્યાદામાં મારી વાત પૂરી થઈ શકે. આગામી પાંચ વર્ષમાં બંદર ક્ષેત્રે નવા બંદરો, શીપ બિલ્ડીંગ યાર્ડ અને અન્ય માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટેનું આયોજન છે. જેમાં ૫૦ હજાર કરોડ જેટલું ખાનગી મૂડી રોકાણ થવાની ધારણા છે. મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે ગુજરાતના વિકાસનો પહેલો તબક્કો એ ઔદ્યોગિક વિકાસ હતો. ગુજરાતના વિકાસનો બીજો તબક્કે અત્યારે ચાલી રહ્યો છે. જેમાં આપણે કૃષિક્ષેત્રે ૪૮૫૦૦ કરોડ જેટલું ઉત્પાદન મેળવી જેને કહેવાય કે એક હનુમાન કૂદકો લગાવ્યો છે. આવતીકાલના ગુજરાતનો વિકાસ, આવતીકાલનું ગુજરાત જે દિશામાં જવાનું છે અને આવતીકાલના ગુજરાતની સમૃદ્ધિ અને રોજગારી દરિયાના રસ્તે, પરિવહન રસ્તે જેને આપણે ઈન્ફ્રાસ્ટ્રકચર કહીએ છીએ તે આંતર માળખાકીય સવલતોના રસ્તે આવવાની છે. તેના કારણથી રાજય સરકારે હેઠળના જે બંદરોની ટ્રાફિક વહન કરવાની ક્ષમતા જે અત્યારે દેશની કુલ ક્ષમતાના ૨૬ ટકા જેટલી છે તેને વધારીને ૩૫ થી ૪૦ ટકા લઈ જવા માટેનું આયોજન છે. સીમર, છારા, સૂત્રાપાડા, ધોલેરા, મહુવા, ખંભાત, મોડવા અને મરોલી નવા ખાનગી બંદરો તરીકે વિકસાવી આ ક્ષમતા વધારવા માટેનું આયોજન કરાયું છે. માનનીય જયંતિભાઈએ કચ્છ અંગેની વાત કહી. કચ્છના અખાત તેમજ ખંભાતના અખાતમાં વેસલ ટ્રાફિક, કારણકે ટ્રાફિક વધે તેમ તેની સલામતીના પ્રશ્નો ઉભા થવાના છે. તે માટે વેસલ ટ્રાફિક મોનીટરીંગ સિસ્ટમ એટલે કે વી.ટી.એમ.એસ. સ્થાપવાની યોજનાઓ હાલ પ્રગતિમાં છે. છેક ૭૦ના દાયકાથી આ રાજયમાં જે તે સરકારો આવી વારંવાર ઘોઘા દહેજ ફેરી સર્વિસની વાતો થતી રહી છે. આજે મારે આ ગૃહને બહુ આનંદ સાથે કહેવું છે કે, ઘોઘા દહેજ ફેરી સર્વિસ, હવે આમ તો ફેરીનો અર્થ થોડુક આમ બદલી નાખીએ તો પરિ પણ થાય એટલે એ પેલી કલ્પનામાંં જ રહેતી હતી હવે એના બદલે વાસ્તવિકતામાં આવશે. ઘોઘા દહેજ વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવા માટે ૧૭૧ કરોડ રૂપિયાના ખર્ચે ટર્મિનલ સુવિધાઓ વિકાસવાની યોજનાને સરકારે મંજૂરી આપી છે. આમ થવાથી સૌરાષ્ટ્ર અને મુંબઈ વચ્ચેનું જે અંતર છે એ અંતર ઘટશે અને એ અંતર વટાવવામાં સારો એવો ઓછો સમય લાગશે અને એના કારણે એની કિંમતો પણ ઘ ટશે અને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનો જે વિકસિત પટ્ટો છે તેની સાથે જોડવા માટેનું પણ સરળતાપૂર્વક કામ આ સેવાના કારણે થશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય લક્ષ્મણભાઈએ satellite-based tracking system ની વાત કરી, ફીશીંગ બોટ માટે, માનનીય અધ્યક્ષશ્રી, આપણા માછીમારોની થોડીક આમતેમ ચૂક થઈ જાય તો એમને પકડી લઈ જાય છે અને પાકિસ્તાનની જેલોમાં લાંબો વખત સબડવું પડે છે.એમને દરિયામાં માર્ગદર્શન મળે તે પ્રકારનાં સાધનો અને આયોજન કરવું એ આ સરકારને જરૂરી લાગ્યું છે અને એટલે માતબર રકમ ૯૪.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ૧૨૦૦૦ ફીશીંગ બોટો માટે satellite-based tracking અને warning system ઉભી કરવા માટેનું ગુજરાત સરકાર દ્વારા આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે જે સાગરખેડુ યોજનાની વાત માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી છે, અને સાગરખેડુની સાથે સંકળાયેલ એમની સલામતી અને એમની વેપાર અને એમની આર્થિક વ્યવસ્થા અંગે સુરક્ષાની વાત છે એ આ ૯૪.૫૦ કરોડ રૂપિયાના ખર્ચે રાજય સરકારે જે ૧૨૦૦૦ ફિશિંગ બોટોની વ્યવસ્થા કરી છે તેમાં રાજય સરકારની પ્રતિબધ્ધતા અને રાજય સરકારની એમની સલામતી માટેની ચિંતા વ્યક્ત થાય છે.

Integrated Port Management System માટે આપણે અત્યારે we are living in the age of information technilogy and e-Governance - તો એનો ઉપયોગ Integrated Port Management System માટે પણ કરવા માટેની કાર્યવાહી હાથ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં દરિયાઈ ક્ષેત્રની શૈક્ષણિક તાલીમની સગવડતા ઉભી કરવા માટે ચાર સંસ્થાઓ સાથે સમજૂતી કરારો કરી સરકારે આ દિશામાં પહેલ કરી છે શીપ બિલ્ડીંગની વાત થઈ ત્યારે પ્રથમ તબક્કામાં દહેજ, ભાવનગર, અને જુના બંદર ખાતે આ પ્રકારના શીપ બિલ્ડીંગ સ્થાપવામાં આવશે. આ સરકાર અને એની કામગીરી માટે જે કોઈ અવલોકનો જે લોકો કરતા હોય એમને કહેવું છે કે, એક જમાનામાં તમારા સરકારમાં ગુજરાતના ગુજરાતી શીપીંગ મિનિસ્ટર હતા છતાં પણ તમે ગુજરાતની શિપીંગ બિલ્ડીંગ યાર્ડ અથવા તો જહાજવાડા વિકસાવવા માટેની સવલતો આપી શક્યા ન હતા પણ આ સરકારે પોતાના બળ ઉપર, પોતાના સાધનો ઉપર અને પોતાનામાં ખાનગી ક્ષેત્રની વિશ્વસનીયતાને આકર્ષીને શીપબિલ્ડીંગ માટેની સવલતો આ રાજયમાં ઉભી થાય તે માટેની કામગીરી કરી છે. આ શીપબિલ્ડીંગના ક્ષેત્રે આગામી પાંચ વર્ષમાં ૨૦૦૦૦ કરોડનું ખાનગી મૂડીરોકાણ થવાની ધારણા છે. This will be one of the major investment area. ૨૦૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ શીપબિલ્ડીંગ ક્ષેત્રે આગામી સમયમાં થાય એ પ્રકારનો અમારો અંદાજ છે અને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ દરમિયાન આ માટે દરિયાકાંઠાની જુદી જુદી જગ્યાએ ૧૭ એમઓયુ થયા છે.

આપણે વર્ષોથી રેલવે પાસે માગણી કરતા રહ્યા છીએ. દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરની વાત કરીએ તો એનો એક ખૂબ મોટો ભાગ ૧૪૮૩ કિલોમીટરની કુલ લંબાઈમાંથી ૫૬૫ કિલોમીટર એટલે કે ૩૮ ટકા ભાગ ગુજરાતમાં પડે છે. આપણે આમે બંદરો સાથે જોડાયેલા છીએ. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશથી માંડીને છેક પંજાબ, હરિયાણા સુધીનો hinterland છે એ આપણા દરિયાકાંઠાનો ઉપયોગ કરી શકે તેમ છે પણ કોઈ અગમ્ય કારણોસર ગુજરાતના બંદરોને રેલવેલાઈનની લીંક ન મળે એ પ્રકારનું આયોજન અત્યાર સુધી થયું હોય તેવું જણાય છે. કારણ કે ગુજરાતના બંદરોને રેલવેલાઈનની લીંક આપવામાં આવી નથી. એટલે આ ખામી દૂર કરવા માનનીય અધ્યક્ષશ્રી, દહેજ અને હજીરા બંદરોને બ્રોડગેજ રેલવેથી જોડવા અંગે સ્પેશિયલ પરપઝ વ્હીકલની રચના કરી યોજનાની અમલીકરણી કામગીરી પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અત્રે કહેવા માગીશ કે આ દેશની કોઈ ખાનગી એક માત્ર રેલ લાઈન હોય અને જેણે રેલ લાઈનના નેટવર્કને બંદર સાથે જોડયું હોય તો આ કામ મુન્દ્રા પૉર્ટ માટે ગુજરાતમાં થયું છે. આના રસ્તે આગળ વધીને દહેજ અને હજીરા બંદરને પણ જોડવા માટેની આગળની કામગીરી હાથ ધરાશે. બેડી અને રોઝી, પોરબંદરને રેલવે જોડાણથી ૭૫ કરોડની યોજનાઓ હાથ ધરવામાં આવનાર છે. દહેજ બંદર ખાતે ૫૫૦ કરોડના ખાનગી મૂડી રોકાણથી સોલીડ કાર્ગોના પરિવહન માટે અદ્યતન સગવડતા ઉભી કરવાની યોજના અત્યારે પ્રગતિમાં છે. હજીરા ખાતેની કૅપ્ટિવ જેટીને ૫૯૨ મીટર લંબાવવાનું કામ અંદાજીત રકમ રૂા. ૧૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. કૅપ્ટિવ જેટી અને ખાનગી બાબતમાં પણ ગુજરાતે નમૂનેદાર કામ કર્યું છે. અત્યાર સુધીમાં ૨૩ કેપ્ટિવ જેટીઓમાં કુલ ૭૩૦૦ કરોડનું મૂડી રોકાણ અને ૨૦૦૭-૦૮ સુધીમાં હેરફેર થયેલ કાર્ગો ૬૬૦.૨૦ મિલિયન અને ૨૦૦૭-૨૦૦૮ સુધીની આવક ૭૬૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. મેરિટાઈમ બોર્ડની વિકાસ લક્ષી પ્રક્રિયાને કારણે ૧૨ ખાનગી જેટીઓ પરથી પણ ટ્રાફિકની હેરફેર થાય છે અને બોર્ડ હસ્તકના ટ્રાફિકમાં ખાનગી અને કેપ્ટિવ જેટીઓનો હિસ્સો ૬૧ ટકા જેટલો છે. એટલે ખાનગી અને કેપ્ટિવ જેટીઓના ક્ષેત્ર પણ ગુજરાત મેરિટાઈમ બોર્ડે જે કામગીરી કરી છે એ મને લાગે છે સરાહનીય છે અને એ દિશામાં આગળ કાર્યવાહી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર બંદરના પુનરુત્થાન માટે કૉંક્રિટ જેટીનું નવીનીકરણ અને ડ્રેજિંગની કામગરી ૧૫ કરોડના અંદાજથી કરવા માટેનું આયોજન છે. હું એ કહેતો હતો અને ગુજરાતની પ્રજાને અને આ સન્માનીય ગૃહને આપના માધ્યમ થકી હું કહેવા માગુ છું કે, આવનાર સમયમાં આંતર માળખાકીય ક્ષેત્રે જે અભૂતપૂર્વ ઘટના બનવાની છે ગુજરાત માટે અને જે ગુજરાતની પ્રગતિને એકદમ રૉકેટ ગતિથી આગળ વધારવા માટેનું એક મહત્ત્વનું ચાલકબળ બનશે એ આ દિલ્હી મુંબઈ ફ્રેઈટ કોરીડોર છે એની ૧૪૮૩ કિલો મીટરની લંબાઈમાંથી ૩૮ ટકા એટલે કે ૫૬૫ કિલો મીટરની લંબાઈ ગુજરાતમાંથી પસાર થાય છે. ઈન્વેસ્ટમેન્ટ નોડ વિકસાવવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરી અને આને બ્રોડગેજ રેલવે લાઈનથી જોડવા માટે કેન્દ્ર સરકારને ૭-૧-૨૦૦૮થી દરખાસ્ત આપણે રજૂ કરેલ છે અને સદરહું દરખાસ્ત અનુસાર બંદરોના જોડાણ માટે કુલ ૬૦૦૮ કરોડ અને રસ્તાઓ ૬ માર્ગીય અથવા ૪ માર્ગીય કરવા માટે કુલ ૮૨૩૭ કરોડની દરખાસ્ત એમ કરીને લગભગ ૧૫૦૦૦ કરોડ રૂપિયા જેટલી રકમની દરખાસ્ત ભારત સરકાર સમક્ષ પડતર છે. મારે એ વાત પણ ખાસ કરવી છે કે, અત્યાર સુધી બંદરોના વિકાસને ઇન્ટીગ્રેટેડ ફ્રેઈટ મૂવમેન્ટ સાથે નહોતા જોડતા એટલે એની અસર બીજા વિસ્તારો ઉપર પડતી ન હતી પણ આ ઈન્વેસ્ટમેન્ટ નોડ થવાના કારણે જે વિસ્તારો બંદરોથી દૂર છે એવા પાલનપુર, સિધ્ધપુર અને મહેસાણા વિસ્તાર, અમદાવાદ-ધોલેરા, વડોદરા-ભરૂચ, ભરૂચ-દહેજ, સુરત-નવસારી અને વલસાડ-ઉમરગામ આ બધા વિસ્તારોમાં અદ્ભુત રોકાણની તકો ઉભી થવાની છે. એ રોકાણના કેટલાક આંકડા આપીને હું મારી વાત પૂરી કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, પાલનપુર-સિધ્ધપુર-મહેસાણા કુલ અંદાજીત મૂડી રોકાણ ૬૬૦૦ કરોડ અને ૫૩ હજાર લોકોને રોજગારી મળે તે પ્રકારની તકો ઉભી થશે, અમદાવાદ-ધોલેરા કુલ

અદાજીત મૂડી રોકાણ ૪૪૮૦૦ કરોડ અને ૨.૫૦ લાખ લોકોને રોજગારીની તકો ઉભી થશે, વડોદરા-ભરૂચ ૯૮૫૦ કરોડ અને ૮૪ હજાર લોકોને રોજગારીની તકો ઉભી થશે, ભરૂચ-દહેજ ૨૮૧૦૦ કરોડ અને ૨.૫૦ લાખ લોકોને રોજગારી ઉભી થશે, સુરત-નવસારી ૯૬૦૦ કરોડ અને ૮૪ હજાર લોકોને રોજગારી અને વલસાડ-ઉંમરગામ ૨૫૦૦૦ કરોડ અને ૭૦ હજાર લોકોને રોજગારીની તકો આપશે. એટલા માટે મેં જ્યારે શરૂઆત કરી ચર્ચાની ત્યારે મેં કહ્યું હતું કે, The first phase of Gujarat's development was dominated by industrial development. ઔદ્યોગિક વિકાસના કારણે ગુજરાતનો આર્થિક વિકાસ એ એનો પહેલો તબક્કો હતો અત્યારે જે તબક્કો ચાલી રહ્યો છે તે કૃષિ અને પશુપાલન સંલગ્ન વિકાસનો તબક્કો ચાલી રહ્યો છે અને હવે પછીનો તબક્કો આવશે That will be intrastructural and port led development as far as Gujarat is concerned. એટલે આવનાર સમય માટે આંતર માળખાકીય સવલતો, બંદરીય વિકાસ, રસ્તાઓ, ફ્રેઈડ કોરીડોર, રેલવે લાઈન, પાવર સ્ટેશન અને એના કારણે વીજળીની ઉપલબ્ધિ આ બધી બાબતોને કુલ સાંકળીને ભેગી કરીએ તો તો આવતીકાલનું ગુજરાત એ દિશામાં જઈ રહ્યું છે કે જ્યારે ગુજરાત માત્ર દેશનું જ નહિ પણ વૈશ્વિક કક્ષાએ પણ એક સૌથી વધુ પ્રગતિશીલ રાજય અને સૌથી વધુ પ્રગતિશીલ પ્રદેશ બની ચૂક્યું હશે અને એ પ્રગતિશીલ રાજય અને પ્રગતિશીલ પ્રદેશ બને તેમાં મેરીટાઈમ બોર્ડ અને બંદરો સાથે સંકળાયેલી જે પ્રવૃત્તિ છે એનો મહત્ત્વનો ફાળો હશે એ જોતાં જે માગણીઓ અમે લઈને આવ્યા છીએ એ સાવ નગણ્ય માગણીઓ છે એમ હું કહુ તો ખોટું નહિ ગણાય અને એ માગણીઓ મેં જે વાતો કહી એના સંદર્ભમાં સન્માનનીય ગૃહને, સન્માનનીય સદસ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, એ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા શિક્ષણ વિભાગની માગણીઓ પ્રત્યે જે જે ધારાસભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે, એમના કિંમતી સૂચનો કર્યા છે એ બધાનો હું આભાર વ્યક્ત કરું છું. હું મારી માગણીઓ પરની ચર્ચાના જવાબની શરૂઆત કરું તે પહેલાં કવિ શ્રી નરેન્દ્ર મોદીની એક કવિતાની પંક્તિઓ કહેવા માગું છું.

**'પથ્થર આપે ઠેસ અને ઠોકર હોય અંતર ને અંતરાય,**
**પથ્થરમાંથી રચું પગથિયા પર્વત પર પહોંચાય,**
**ખુદ એ મારો ખુદા સદાનો સૌનો સાથી છું,**
**સમય સમયનો વિવિધ પરિચય હું મધમાખી છું'**

**આવા કવિ નરેન્દ્ર મોદીના સાનિધ્યમાં જ્યારે શિક્ષણ વિભાગની હું માગણીઓ લઈને આવ્યો છું ત્યારે સને ૨૦૦૪-૦૫માં શિક્ષણ વિભાગમાં રૂપિયા ૫૦૫ કરોડની જોગવાઈઓ હતી, પાંચ વર્ષના ટૂંકાગાળામાં ત્રણ ગણી, ૨૦૦૯-૧૦માં ૧૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ લઈને હું આવ્યો છું, તમામ બાળકના જીવનમાં જે નાનપણમાં એને સંસ્કારો મળે છે, એ સંસ્કારો એને આજીવન કામ લાગતા હોય છે, આધુનિક વિજ્ઞાને પણ એ સિદ્ધ કર્યુ છે કે પ્રાથમિક શિક્ષણમાં જે વિદ્યાર્થીઓએ સારું શિક્ષણ મેળવ્યું છે એ એને આજીવન કામ આવતું હોય છે અને એટલા માટે આ રાજય સરકારે પ્રાથમિક શિક્ષણને ખૂબ અગત્યતા આપી છે, આ પ્રાથમિક શિક્ષણને અગત્યતા આપવા માટે રાજયના મુખ્યમંત્રીશ્રીએ સૌથી પહેલાં કન્યા કેળવણી ઉપર ખૂબ ભાર મૂક્યો છે, કન્યા કેળવણીના કારણે સમગ્ર રાજયમાં ૧૦૦ ટકા નામાંકન થાય, સ્થાયીકરણ થાય અને ડ્રોપઆઉટ રેશિયો ઘટે, એ રાજય સરકારની નેમ છે અને એના કારણે ૨૦૦૧ થી ૨૦૦૨મા ધોરણ ૧ થી ૫ નો ડ્રોપઆઉટ રેશિયો ૨૦.૫૦ ટકા હતો તે ઘટીને ૨૦૦૮-૦૯માં ૨.૨૯ ટકા થયો છે, ધોરણ ૧ થી ૭ નો ડ્રોપઆઉટ રેશિયો ૨૦૦૧-૦૨મા ૩૭.૩૨ ટકા હતો, તે ઘટીને ૨૦૦૮-૦૯માં ૮.૮૭ ટકા થયો છે, આ અગાઉ કોંગ્રેસના સભ્યશ્રીઓએ એક ખાનગી અહેવાલને ટાંકીને આ ડ્રોપઆઉટ રેશિયો વધ્યો છે એવી જ્યારે વાત કરી છે ત્યારે આપે પણ રુલીંગ આપ્યું હતું કે એ અંગેની વિગતો મેજ ઉપર મૂકવી જોઈએ, આ સરકારી આંકડા પ્રમાણે,**

અધ્યક્ષશ્રી : **એમણે છાપાના આધારે કહ્યું હતું તમે જેના આધારે કહેતા હોય એ કહેજો,**

શ્રી રમણલાલ વોરા : **માનનીય અધ્યક્ષશ્રી, એમના આંકડાઓની તો હવે લાંબી ચર્ચાને અવકાશ નથી પરંતુ રાજયમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો છે અને માત્ર એટલું પૂરતું નથી આ ડ્રોપઆઉટ રેશિયો ઘટવા પાછળ અને શાળાને સક્ષમ બનાવવા માટે રાજય સરકારે અનેકવિધ ભૌતિક સુવિધાઓ આપી છે, રાજયમાં અત્યારસુધીમાં ૩૭૧૧૫ વર્ગખંડો બનાવીને આગામી વર્ષમાં ૩૧૩૭ વર્ગખંડો પાછળ ૧૫૬ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. તમામ શાળાઓમાં કમ્પાઉન્ડ વૉલ, ..વીજળીકરણની સુવિધા, સાનીટેશન, પીવાનું પાણી, કૉમ્પ્યુટર, બેંચીઝ રાજયમાં પ્રથમ વખત ૧ થી ૪ ધોરણના બાળકો માટે પ્લાસ્ટિક ડિશની વ્યવસ્થા જેની પાછળ ૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. પ્લાસ્ટિકની ખુરશી, સ્વ અધ્યયન પોથી અને પ્રથમ વખત સ્વ અધ્યયન પોથીની સાથે નકશા પોથી અને પ્રયોગ પોથી ધોરણ ૫ અને ૭ના વિદ્યાર્થીઓ માટે ૧૭.૨૨ કરોડના ખર્ચે આપવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે. આધુનિક યુગની સાથે તાલ મિલાવવા માટે રાજય સરકારે**

**દૂરવર્તી શિક્ષણ માટે આ શાળાના વિદ્યાર્થીઓને બાયસેગના માધ્યમથી તેના સ્ટુડિયોમાં બેઠાં બેઠાં તેના નિષ્ણાતો આ વિદ્યાર્થીઓને તાલીમ આપે, શિક્ષકોને તાલીમ આપે તે પ્રકારની વ્યવસ્થા રાજય સરકારે ગોઠવી છે. અત્યાર સુધી શાળામાં વર્ગ ખંડ હોય તો શિક્ષકો ના હોય એવી સ્થિતિનું નિર્માણ હતું. ૧૯૯૮થી શરૂ કરીને ૨૦૦૯ સુધીમાં રાજય સરકારે ૧ લાખ ૫૦ હજાર ૬૪ વિદ્યા સહાયકોની ભરતી કરેલી છે. આ વિદ્યા સહાયકો પૈકી ૫૪૯૫૨ શિક્ષકો પૂરાં પગારથી કામ કરે છે. ચાલુ વર્ષે તેમાં બીજા નવા ૧૫ હજાર શિક્ષકોનો વધારો થવાનો છે. પરંતુ આગામી વર્ષે એટલે આ ચાલુ નાણાંકીય વર્ષે ૭૩૨૮ શિક્ષકોની ખાલી જગ્યાઓ વિદ્યા સહાયકોની મારફતે ભરવામાં આવશે. આ વિદ્યા સહાયકોની ભરતીમાં ૫૦ ટકા શિક્ષકો તે વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોમાંથી ખાસ ભરતી ઝુંબેશ કરીને ભરવામાં આવશે. ધોરણ-૮માં પ્રાથમિક શિક્ષણનો વર્ગ વધારો કરવાનો છે. ધોરણ-૫ થી ૭માં તાસ પદ્ધતિ કરવાની છે. ગણિત અને વિજ્ઞાન જેવા પાયાના વિષયોને જ્યારે પ્રાધાન્ય આપવાનું છે ત્યારે આ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને આ વર્ષે ખાસ ભરતી ઝુંબેશ કરીને ૫૦ ટકાની ભરતી તેમાં કરવામાં આવશે.**

માનનીય અધ્યક્ષશ્રી, દરેક શાળામાં પુસ્તકાલય હોવું એ જરૂરી છે. અને એટલા માટે રાજય સરકારે આ વર્ષે તમામ પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૭ના બાળકોને ઉપયોગી થાય એવા પુસ્તકો આપીને પુસ્તકાલય શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રત્યેક શાળામાં એક હજાર રૂપિયાના પુસ્તકો આપી ૩.૨૫ કરોડની જોગવાઈ ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળના અંદાજપત્રમાં કરવામાં આવી છે. તે સાથે સાથે આગામી શૈક્ષણિક સત્રથી રાજયમાં પ્રથમ વખત બે હજાર જેટલી ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮નો વર્ગ શરૂ કરવાનું રાજય સરકારે નક્કી કર્યુ છે. જે ગામોની અંદર માધ્યમિક શાળાઓની સુવિધા નથી તેવા ગામોને પસંદ કરીને જ્યાં માત્ર પ્રાથમિક શાળાની સુવિધા છે તે ગામોમાં ધોરણ-૮નો વર્ગ બે હજાર શાળાઓમાં શરૂ કરવાનો આગામી શૈક્ષણિક સત્રથી રાજય સરકારે નક્કી કર્યુ છે. કન્યા કેળવણીની અંદર વધારો થાય એટલા માટે ૩૫ ટકાથી ઓછી સાક્ષરતા હોય અને ગરીબી રેખાથી નીચે જીવતા બાળકો માટે બીપીએલના લાભાર્થીઓ માટે એક હજાર રૂપિયાના વિદ્યા લક્ષ્મી બોન્ડ આ રાજય સરકાર આપે છે. સાત વર્ષ પછી તેના વ્યાજ સાથે તે રકમ પાછી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે રાજય સરકારે ૧૪.૫૦ કરોડની જોગવાઈ કરી છે. આ પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક શાળાના બાળકોનું આકસ્મિક અવસાન થાય તો આ રાજય સરકારે વિદ્યાદીપ યોજના શરૂ કરી છે અને તેના માધ્યમથી ૫૦ હજાર રૂપિયાનું વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવે છે. આરોગ્ય વિભાગના સહયોગથી રાજય સરકારે ધોરણ-૧ થી ૭ના બાળકો, આંગણવાડીમાં અભ્યાસ કરતા છ વર્ષના બાળકોને કાયમી ધોરણે તેમની આરોગ્યની તપાસણી કરવાનું કામ આરોગ્ય વિભાગ થકી કરવામાં આવે છે. નિષ્ણાત ડોકટરો દ્વારા, બાળ રોગ નિષ્ણાત ડોકટરો હોય, આંખના સર્જન હોય, નાક,કાન અને ગળાના સર્જન હોય, જે બાળકને તાત્કાલિક ચશ્માની જરૂર હોય તેને તાત્કાલિક ચશ્મા પૂરા પાડવામાં આવે. ૨૦૦૬થી આજદિન સુધીમાં ૧,૦૮,૭૨,૮૯૭ બાળકોને આ મેડિકલની સારવાર રાજય સરકાર તરફથી આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારથી એમણે શરૂ કર્યુ કે એમને જે ભેટ સોગાદો મળે છે, એ ભેટ સોગાદો પોતાના ઘરમાં રાખીને પોતાના ઘરની શોભા નહીં વધારતા આખા ગુજરાતનું ઘરેણું એટલે કે ભણેલી દીકરીઓ. એટલે ભણેલી દીકરીઓને પ્રોત્સાહન આપવા માટે એમને મળતી ભેટ સોગાદોમાંથી અત્યાર સુધીમાં ૨૧.૮૭ કરોડ રૂપિયાની માતબર રકમ આમાં એકત્ર થઈ છે. અત્યાર સુધીમાં જયાં પણ કોઈ મુખ્યમંત્રીઓ જતા તો ત્યાં તેમને આવેદનપત્રો સુપ્રત થતા હતા. આ મુખ્યમંત્રી એવા છે કે જયાં પણ જાય છે ત્યાં તેમને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિમાં ચેક આપવામાં આવે છે, જેની અત્યાર સુધીની રકમ મેં અગાઉ કહ્યું તેમ ૨૧.૮૭ કરોડ થઈ છે. અગાઉના મુખ્યમંત્રીઓએ શું કર્યુ, કેમ કર્યુ એ મારો વિષય નથી. પરંતુ આ ૨૧.૮૭ કરોડની આવક એ કયાં ગઈ હોત એ અંગે એમને કોઈ પૂછવાવાળું નહોતું. અત્યાર સુધીમાં કયારેય કોઈએ પૂછયું પણ નથી. પરંતુ આ કન્યાઓના વિકાસ માટે વિશેષ કરીને દરેક તાલુકામાં પહેલા, બીજા અને ત્રીજા ક્રમાંકે આવનાર દીકરીને ૫ હજાર રૂપિયા, પી.ટી.સી., બી.એડ માટે ૧૦ હજાર રૂપિયા અને વિકાસશીલ તાલુકામાં મેડિકલ, એન્જીનીયરીંગ અને આઈ.એ.એસ. કરવાવાળી દીકરી જે સ્પીપામાં અભ્યાસ કરે છે એને વીસ હજાર રૂપિયાની સહાય અને કોમ્પ્યુટર સાથે આપવાની વાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે, ત્યારે આ મુખ્યમંત્રીના કન્યા કેળવણી માટેના આ પ્રયત્નોને કારણે એમને મળેલી ૨૨ કરોડ જેવી માતબર રકમ એમણે જયારે આપી છે, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી માટે મારે એટલું જરુર કહેવું છે કે,

"આસમાં, ચાંદ, સિતારોંકી નજર હૈ આપ પર,
આપકે અજીજોકી દુવાંઓંકા અસર હૈ આપ પર,
હે નરેન્દ્રભાઈ, આપકી કિસ્મત હી કુછ નિરાલી હૈ,
કયું કિ મેરે માલિકકી એક ખાસ નજર હૈ આપ પર." આવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી..

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈએ કહયું તે સાચું છે કે આજે બધા શાયરીઓ સાથે જ આવ્યા લાગે છે.

**શ્રી રમણલાલ વોરા:** આ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો પૂરા થયા. રાજય સરકાર આ શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે આગામી દિવસોમાં ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન આ વર્ષે કરી રહી છે. શાળામાં

ગુણવત્તાની ચકાસણી થાય, તેનું સર્વાંગી મૂલ્યાંકન થાય, સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપવામાં આવે અને એ મારફતે ગુણવત્તાવાળું શિક્ષણ વધે એ માટે ગુણોત્સવનો કાર્યક્રમ આ રાજય સરકારે કર્યો છે.

ગુજરાત રાજયની સ્વર્ણિમ્ જયંતિ નિમિત્તે જે નવી શાળાઓ ચાલુ થનાર છે, તે સિવાયની રાજયની તમામ શાળાઓમાં સ્વર્ણિમ્ વર્ષ ૨૦૧૦ સુધીમાં પીવાનું પાણી, શૌચાલયો અને વીજળીકરણની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવાનું રાજય સરકારનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં પ્રૌઢ શિક્ષણ માટેની અનેક વાતો થઈ છે. "તમામ જિલ્લાઓ સાક્ષરતાને પંથે" એ આજથી ૧૫ વર્ષ પહેલા બોર્ડ લગાવવામાં આવેલા. પરંતુ કોઈ નકકર કામગીરી એમાં થઈ નહોતી. પરંતુ સ્વર્ણિમ્ જયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે સાક્ષરતા દરમાં હરણફાળ ભરવા માટે "અક્ષર સંસ્કાર પ્રકલ્પ" ની નવી યોજના રજૂ કરી છે અને એમાં ૧૮ કરોડની જોગવાઈ કરી છે. આની પાછળ નિરક્ષરોનો સરવે કરવામાં આવશે. પ્રોજેકટ કો-ઓર્ડિનેટરોની નિમણૂક કરવામાં આવશે. આના પ્રચાર-પ્રસારની ટૂંકી ફિલ્મો અને જાહેરાતો કરવામાં આવશે. નિરક્ષરોને શિખવવાની સામગ્રી આપવામાં આવશે. નિરક્ષરને અક્ષરજ્ઞાન આપનારને માનદ્ વેતન અને પ્રવાસ ખર્ચ આપવામાં આવશે. આમ આ અક્ષર સંસ્કાર પ્રકલ્પ યોજના દ્વારા પ્રૌઢ શિક્ષણમાં ફરણફાળ ભરવાની સરકારની નેમ છે. જે પ્રમાણે પ્રાથમિક શિક્ષણમાં વધારે વિદ્યાર્થીઓ આવી રહ્યા છે, એ પ્રમાણે આગામી દિવસોમાં માધ્યમિક શિક્ષણમાં પણ એનો વધારો કરવો જરૂરી છે અને એટલા માટે ૨૦૦૭-૦૮ ના વર્ષ સુધીમાં રાજયમાં ૩૧૭ જેટલી સરકારી માધ્યમિક શાળાઓ હતી, ૨૦૦૮-૦૯ ના વર્ષમાં આ સરકારે ૨૪૦ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરીને એક ઐતિહાસિક પગલું ભર્યુ છે. રાજયના તમામ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આજે ઉપલબ્ધ છે અને આ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ સાથે ૨૪૦ શાળા બાયસેગના માધ્યમથી ૧૦ કિલોમિટર અને ૧૫ કિલોમિટરની ત્રિજયાને ધ્યાનમાં લઈ આદિવાસી , સાગર ખેડુ કે આંતરિયાળ વિસ્તાર હોય કે જયાં શિક્ષણ પહોંચ્યું નથી અથવા જે તે જગ્યાએ સ્વૈચ્છિક સંસ્થાઓ હજુસુધી પહોંચી નથી એવા વિસ્તારમાં ૨૪૦ શાળાઓ કરવાનું આ રાજય સરકારે નકકી કર્યુ છે. કોમ્પ્યુટર શિક્ષણ આગળ વધી રહ્યું છે ત્યારે આ જ વર્ષે ૨ મહિનાના સમયગાળા દરમ્યાન ૩૬૫૦ જટલી શાળાઓમાં પ્રત્યેક શાળાદીઠ ૧૧ કોમ્પ્યુર, એલ.સી.ડી. ટી.વી, યુ.પી.એસ.ફરનિચર, ઈન્ટરનેટની સુવિધા, મલ્ટી મિડીયા એજયુકેશન સોફટવેર, આ બધું જ આ ૩૬૫૦ શાળાઓમાં ૩ મહિનામાં કરવા માગીએ છીએ અને બાકી રહેતી ૨૪૮૧ શાળાઓ માટે પ્રોજેકટ રાજય સરકારે મોકલી આપેલ છે એનો એકશન પ્લાન પણ તૈયાર થયો છે. રાજય સરકારની અપેક્ષા છે કે ૨૦૧૦ ના સ્વર્ણીમ ગુજરાતના વર્ષ નિમિત્તે રાજયની સરકારી અને ગ્રાન્ટેડ તમામ શાળાઓને આમાં સાંકળી લેવામાં આવે. એ સાથે સાથે માધ્યમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ પણ જરૂરી છે અને એટલા માટે તમામ શાળાઓમાં કલર ટી.વી.,ડીસ એન્ટિના ૪૫૦ શાળાઓમાં આપવામાં આવશે.ગ્રંથાલય સહાય ૨૪૦૦ શાળાઓને પ્રત્યેક શાળા દીઠ ૨૫ હજાર રૂપિયા સહાય જરૂરિયાત પ્રમાણે, કેરીયર કોર્નર માટે જરૂરિયાત પ્રમાણે સહાય, બાયોમેટ્રિક મશીનની શરૂઆત પહેલી વખત રાજય સરકારે કરેલ છે. સમગ્ર ગુજરાતના પાયલોટ પ્રોજેકટ તરીકે એક જિલ્લાની ૨ શાળાઓ એટલે ૫૨ શાળાઓ એમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, કમિશ્નરશ્રીની કચેરી , એટલે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ તમામ માટે ૯.૩૦ કરોડનાં બાયોમેટ્રિક મશીન સિસ્ટમ યોજના ગોઠવાશે. માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદાને કારણે આગામી વર્ષે ફાયર સેફટીનાં સાધનો આપવા માટેની યોજના રાજય સરકારે નવી મૂકી છે અને આ યોજના પ્રમાણે ૨.૯૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને રાજય સરકારે એની અંદર ૫૮૧૭ જેટલી શાળાઓમાં આપવામાં આવશે. આપણી સંસ્કૃતિ અને જેને વિશેષ કરીને આપણે વધારે ધ્યાન આપી રહ્યા છીએ એવા યોગની તાલીમ માટે રાજય સરકારની અપેક્ષા છે કે પ્રત્યેક તાલુકામાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે. ૨૨૫ તાલુકાના ૨૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ તૈયાર થાય અને એની સાથે સાથે શારીરિક શિક્ષણ સાથે સંકળાયેલ ૭૫૦૦ શિક્ષકો એમ કુલ મળીને બધા જ તેમને વિશિષ્ટ પ્રકારની તાલીમ એના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને અને શિક્ષકોને આપવામાં આવે અને એનો લાભ સીધેસીધો વિદ્યાર્થી મિત્રોને મળે એ રાજય સરકારનો આશય છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના બાળકોને જે બી.પી.એલ.ના લાભાર્થી છે એના ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં ૧,૧૫,૦૦૦ વિદ્યાર્થીઓને મફત પાઠયપુસતક આપવામાં આવે છે. વિદ્યાદીપ યોજના અંતર્ગત ૨૦૦૮-૦૯ માં ૧૬૧ વિદ્યાર્થીઓને ૮૦.૫૦ લાખના વીમાની ચૂકવણી કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૮ માં અભ્યાસ કરવા જતી કન્યાઓ, દીકરીઓ છે આ દીકરીઓ જે બી.પી.એલ. લાભાર્થીઓની યાદી વાળી દીકરીઓ છે તેમને ૨૦૦૦ રૂપિયાના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. ચાલુ વર્ષે ૮૮૦૦ કન્યાઓને આ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે. આ પહેલા નવી માધ્યમિક શાળાઓ કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના જે માપ દંડ હતા એમાં સુધારો કરવામાં આવ્યો છે. માધ્યમિક શાળા શરૂ કરવા માટે દસ કિલો મિટરની ત્રીજીયા હતી તેના બદલે હવે પાંચ કિલો મિટરની ત્રીજીયામાં માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે. એ જ પ્રમાણે ૧૫ કિલો મિટરની ત્રીજીયામાં ઉચ્ચતર માધ્યમિક શાળા હતી તેમાં દસ કિલો મિટરની ત્રીજીયામાં ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે, અને આદિજાતિ વિસ્તારોમાં આ ધોરણ ૭ કિલો મિટર કરવામાં આવ્યું છે. એટલે ત્યાં ૭ કિલો મિટરન્ના અંતરે ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે. આની સાથે સાથે મધ્યાહન ભોજન યોજના પણ જોડાયેલી છે, અને કેન્દ્ર સરકારનો એમાં સહયોગ પણ છે. નામદાર

સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ આ મધ્યાહન ભોજન યોજનામાં શરેરાસ ૨૦૦ દિવસ મધ્યાહન ભોજન આપવા માટેની સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન હતી. આ રાજય સરકારે ૨૧૮ દિવસ મધ્યાહન ભોજન આપ્યું છે. અને ૬૩૧૮ કિચન શેડ પૂર્ણતાના આરે છે. ૨૨૩૯૯ કેન્દ્રોને પાંચ હજારની કિંમતના વાસણો ખરીદીને આપેલા છે. વિશેષ કરીને છેલ્લા ચાર વર્ષમાં આદિજાતિ કન્યાઓના વાલીઓને લાભ થાય અને તેમના શિક્ષણમાં સુધારો થાય એટલા માટે આવી દીકરોઓને ૬૦ કિલો અનાજ વીના મૂલ્યે આપવાની રાજય સરકારની યોજના છે. રસોડાના અને જમવા માટેના સાધનો માટે નવી એક કરોડની જોગવાઈ કરી છે. કિચન શેડ માટે અત્યાર સુધીમાં ૫૫૮૧.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે ચાલુ વર્ષે ૯૫૦૦ લાખની જોગવાઈ રાજય સરકાર તરફથી કરવામાં આવી છે. આ સાથે સાથે ઉચ્ચ શિક્ષણની અંદર રાજય સરકારે વિશેષ ભાર મૂકયો છે. ઉચ્ચ શિક્ષણ માટે ૩ માપ દંડો જરૂરી છે. એક એનો વ્યાપ, ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાસભર સંસ્થાઓનો વ્યાપ વધવો જોઈએ, એમાં ગુણવત્તા માટે અને આર્થિક ઉત્કર્ષ માટે અને કૂશળતા માટે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે આપણા વિદ્યાર્થિઓ સફળતા મેળવે, અને ત્રીજી વાત સમાનતા, ગુજરાતના તમામ વર્ગોને, તમામ ભૂ ભાગમાં આદિવાસી હોય, સાગર ખેડૂ હોય, મહિલા હોય કે અતિ પછાત તાલુકાઓ હોય એ તમામમાં સમાનતાના ધોરણે કામ કરવાનું રાજય સરકારે નકકી કર્યુ છે. અને એટલા માટે આ રાજય સરકારના આયોજન પ્રમાણે ૧૨ જેટલી નવી કોલેજો શરૂ કરવામાં આવી છે. તે ઉપરાંત જેનો ગ્રોસ એનરોલમેન્ટ રેશીયાનો આંક ઓછો છે, ત્યાં આગામી વર્ષે ૨૦ નવી કોલેજો શરૂ કરવામાં આવનાર છે. તે ઉપરાંત એક સેન્ટ્રલ યુનિવર્સિટી અને એક વર્લ્ડ કલાસ યુનિવર્સિટી શરૂ કરવાનું આયોજન છે. રાજયની કોલેજોના શિક્ષણમાં ગુણવત્તા જળવાય, ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો થાય અને આ બધી સુવિધાઓ માટે નેકનું પ્રમાણપત્ર જરૂરી છે. અને એટલા માટે ૨૦૦૫-૦૬માં માત્ર ૧૩ કોલેજોએ નેકનું પ્રમાણપત્ર મેળવ્યું હતું. આ વર્ષના પ્રયાસોને કારણે આજે ૨૮૮ કોલેજોએ નેકનું પ્રમાણપત્ર મેળવેલ છે અને બાકીની કોલેજોની પ્રક્રિયા ચાલુ છે. અને નજીકના ભવિષ્યમાં એ પૂર્ણ કરવા માગીએ છીએ. આ તમામ બાબતોમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ વિભાગની અંદર આજે જયારે અંગ્રેજી કોમન થયું છે ત્યારે અંગ્રેજી ભાષા ઉપર વિદ્યાર્થીનું પ્રભુત્વ આવે એ સારી રીતે અંગ્રેજી બોલી શકે અને પોતાનો વ્યવસાય માટે એનો ઉપયોગ કરી શકે તે માટે રાજય સરકારે ડીઝીટલ ઈંગ્લીશ લેગ્વેજ લેબની સ્થાપના કરવાનો પ્રયાસ કર્યો છે. અત્યાર સુધીમાં ૨૧૭ જેટલી સંસ્થાઓમાં આ ડીઝીટલ ઈંગ્લીશ લેંગ્વેજ લેબ આપવામાં આવી છે. વિશેષ કરીને ૩૫ જેટલી આદિવાસી વિસ્તારની કોલેજોમાં પણ આ ડીઝીટલ ઈંગ્લીશ લેંગ્વેજ લેબ આપવામાં આવી. છે. એની સાથે સાથે સંકળાયેલો સ્કોપનો કાર્યક્રમ ગુજરાતનો વિદ્યાર્થી, યુવાન કયાંય પાછો ન પડે અને અંગ્રેજીનું કૌશલ્ય પ્રાપ્ત કરે એટલા માટે સ્કોપની રચના કરવામાં આવી છે. જેમાં ૬૫૪૭૩ જેટલા વિદ્યાર્થીઓએ અત્યાર સુધીમાં લાભ લીધો છે અને બીજા દસ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવાની છે એટલે ૭૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ આ સ્કોપની તાલીમ પૂર્ણ કરી છે. અત્યાર સુધી જણાવતા આનંદ થાય છે કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તમામ જિલ્લાની અંદર સ્મર્ણિમ જયંતિ સંકલ્પ જયોત રથયાત્રા લઈને ગયા છે ત્યારે આ ૨૫-૨૫ જિલ્લામાં આ સ્કોપની તાલીમ પામેલી એક દીકરીએ અંગ્રેજી ભાષાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી માટેનું સ્વાગત પ્રવચન કર્યુ છે. આટલો સ્કોપના પ્રભાવને કારણે શિક્ષણનું સ્તર સુધર્યુ છે.

આ સિવાય અનેક નવા આયામો રાજય સરકારે લીધા છે . કર્મયોગી તાલીમ શિબિર માટે આચાર્યશ્રીઓને ત્રણ દિવસની નિવાસી તાલીમ આપી છે જેમાં ૬૦૦ જેટલા આચાર્યોએ ભાગ લીધો છે એની અંદર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. એમાં સરકારી તેમજ બિન સરકારી તમામ કૉલેજોના આચાર્યો અને પ્રાધ્યાપકો આ નવા સંશોધનથી વાકેફ થાય ટૅક્નૉલૉજીથી વાકેફ થાય એટલા માટે રાજય સરકારે આચાર્યો અને પ્રાધ્યાપકોની કર્મયોગી તાલીમ શિબિર કરી છે એ સાથે સાથે બાયસેફના માધ્યમથી ગુજરાતના અંતરિયાળ વિસ્તારો સુધી શિક્ષણ શાસ્ત્રીઓ દ્વારા જ્ઞાન પ્રસાર કરવાનો કાર્યક્રમ કર્યો છે. આ સિવાય નૉલેજ મેનેજમેન્ટ પોગ્રામ ફૉર ફેકલ્ટી અને એના માટે આચાર્ય પ્રાધ્યાપકોને પ્રશિક્ષણ આપવાનું કામ આ રાજય સરકારે કર્યુ છે. આ અગાઉ રાજય સરકારે ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં એમનો સર્વાંગી વિકાસ થાય, વૈશ્વિક જ્ઞાનથી એ પરિચિત થાય સાથોસાથ શારીરિક સ્વાસ્થ્ય જળવાય, રમતગમતની પ્રવૃત્તિ થાય, સંગીત, કલા, નાટક સંશોધન વગેરેમાં ભાગ લેતા થાય તેવા હેતુથી કૉલેજોમાં સપ્તધારા યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે પણ વિદ્યાર્થી ભણે છે એને પોતાનું અને એના માતાપિતાનું સ્વપ્ન હોય છે કે મારો દીકરો સારી નોકરી કરે સારો ધંધો કરે, ગુજરાત રાજયના નવયુવાનો નસીબદાર છે કે જેમને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ મળ્યું છે.

શ્રમ અને રોજગાર વિભાગની માગણી વખતે શ્રમ મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે છેલ્લા સાત વર્ષથી સમગ્ર દેશમાં રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ રાજય છે ત્યારે શિક્ષણ વિભાગ થકી પણ અમારી જે કૉલેજો છે એની અંદર પણ ભરતી મેળાનું આયોજન કરીને એ જ કૉલેજ કેમ્પસની અંદર એમનું પ્લેસમેન્ટ થાય એ માટેના રાજય સરકારે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ અને અન્ય જગ્યાએ ખૂબ સફળતાપૂર્વક પ્રયાસો કર્યા છે. શિક્ષણ વિભાગ અન્ય વિભાગોને સહયોગ કરી શકે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સોઈલ હેલ્થ ટેસ્ટીંગની કામગીરી આ શિક્ષણ વિભાગ કરવા જઈ રહ્યું છે. રાજયની વિજ્ઞાન કૉલેજોમાં લૅબૉરૅટરીની અંદર

સોઈલ ટેસ્ટીંગની કામગીરી ૫૬ વિજ્ઞાન કૉલેજો મારફતે થવાની છે. આને માટે કૃષિ વિભાગ તરફથી એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળી છે ૧૧ લાખ ૨૦ હજાર જમીનના નમૂનાઓનું પૃથ્થકરણ કરી સાયન્સ કૉલેજોના આચાર્યો દ્વારા માસવાર આયોજન કરીને કૃષિ વિભાગને મોકલી આપશે. આવનાર નમૂનાનું ટેસ્ટીંગ કરી સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવશે. આ કામગીરી ૨૦૧૦ના સ્મર્ણિમ જયંતિ વર્ષ દરમિયાન પુરું કરવાનું રાજય સરકારનું આયોજન છે.

ટેકનિકલ શિક્ષણ વિભાગમાં રાજય સરકારે અનેકગણી સિદ્ધિ હાંસલ કરી છે. ગઈ વખતે પણ મેં પ્રશ્નોત્તરીમાં કહ્યું છે એ પ્રમાણે ૨૦૦૧-૦૨માં ડિગ્રી અભ્યાસક્રમોમાં કુલ ૮૫૦૧ બેઠકો હતી. ૨૦૦૧માં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં ૮,૫૦૧ બેઠકો હતી, હાલમાં ૩૪,૩૦૦ બેઠકો થતાં ૨૫,૮૨૨ બેઠકોનો વધારો થયો છે. એ જ પ્રમાણે ડીપ્લોમા ઈજનેરીમાં ૧૩,૮૫૫ બેઠકો હતી તેમાં ૪૭,૭૫૩ બેઠકો થતાં ૩૮,૮૯૮ બેઠકોનો વધારો થયો છે. આ વધારો થવાની સાથે સાથે રાજય સરકારના પ્રયાસોને કારણે રાજય સરકારની કુલ બેઠકો પૈકી તેની વિદ્યાશાખાવાર ૧૦ ટકા બેઠકોમાં જે વિદ્યાર્થી તેમાં મહિલાઓ માટે, અપંગ માટે અને આર્થિક રીતે પછાત એટલે ગરીબ વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકાનું ધોરણ રાખવામાં આવ્યું છે. જેના કારણે નિરમા યુનિવર્સિટી હોય, ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી હોય, ગણપત વિદ્યાલય હોય કે કડી સર્વ વિદ્યાલય હોય આ તમામ નામાંકિત સંસ્થાઓમાં..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે પાંચ મિનિટ છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૭૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ કામગીરી કરી રહ્યા છે. આખું ટૅક્નીકલ શિક્ષણ બાકી છે.

**અધ્યક્ષશ્રી** : જે હોય તે, પાંચ મિનિટમાં આપે પૂરું કરવાનું છે.

**શ્રી રમણલાલ વોરા** : મને સમય આપ્યો હતો તેમાં ૨૫ જ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી** : તમને અત્યાર સુધીમાં ૩૧ મિનિટ થઈ. તમે ૧-૨૦ મિનિટે બોલવા ઉભા થયા હતા.

**શ્રી રમણલાલ વોરા** : ૪૦ મિનિટની આપણે વાત થઈ હતી.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે ૨-૦૦ વાગ્યા સુધીનો સમય હતો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ટૅક્નીકલ શિક્ષણમાં ગઈ કાલે મેં ઘણી બધી વાતો કરી છે. સમયની મર્યાદા છે, એટલે બધી જ વાતો કરવી નથી. પરંતુ બે-ત્રણ બાબત ઉપર મારે ધ્યાન દોરવું છે. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે મધ્યાહ્ન ભોજન યોજના એ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આ યોજનાની અંદર કેન્દ્ર સરકાર આપણને માર્ગદર્શન આપે છે. આજે જ મારી માહિતી પ્રમાણે જે મને સમાચારો મળ્યા છે તે પ્રમાણે મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓ આંદોલનના માર્ગે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને મારે એ વાતથી માહિતગાર કરવા છે કે કેન્દ્ર સરકારે બે પરિપત્રો દ્વારા મધ્યાહ્ન ભોજનમાં આપવામાં આવતા તેલમાં ૧૦ ગ્રામ તેલના બદલે ૫ ગ્રામ તેલ આપવાની સૂચનાઓ કેન્દ્ર સરકારે આપેલી છે. તેના અનુસંધાનમાં રાજય સરકારે પરિપત્ર કર્યો છે. આ રાજય સરકાર નવા વર્ષે ફોર્ટીફાઈડ આટા માટે જ્યારે ૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી રહી છે ત્યારે માત્ર આ ૫ ગ્રામ તેલના કારણે કેન્દ્ર સરકારે જે પગલું લીધું છે તેને કારણે મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓ અને તેની સાથે સંકળાયેલા લોકો ઉપર દૂરોગામી અસર થશે. જ્યારે તેલની વાત આવે છે ત્યારે

મને એ સમજાતું નથી કે આવું શાને થાય છે, ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે.
કામધેનુને ન મળે સૂકું એક તણખલું, ને લીલાછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે.
છે ગરીબોના કૂબામાં તેલનું ટીંપુય દોહ્યલું,ને શ્રીમંતોની કબર ઉપર ઘીના દીવા થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સાથે સાથે હમણાં જ ૧૦૦ દિવસની સિદ્ધિની અંદર રાજય સરકારે હમણાં અંધ, મૂક-બધિર, મંદ બુદ્ધિ, શારીરિક રીતે અપંગની સંસ્થાઓ જે ચાલતી હતી, આ તમામ સંસ્થાઓની યોજના રાજય સરકારે બંધ કરી છે. આ ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજનાના કારણે ૧૨૪૮ જેટલા શિક્ષકો આજે નોકરી વગરના થયા છે. એમને જ્યારે નોકરી ગુમાવવી પડી છે ત્યારે કેન્દ્ર સરકારે આ જે કેન્દ્ર પુરસ્કૃત યોજના બંધ કરી છે એ ચાલુ કરવા માટેની હું વિનંતી કરું છું. આ વિનંતી એટલા માટે કરું છું કે ૧૨૪૮ લોકોની જ્યારે રોજગારીનો સવાલ છે ત્યારે-

તુલસી હાય ગરીબ કી કભી ખાલી ન જાય,મૂએ ઢોર કે ચર્મ સે લોહા ભસ્મ હો જાય.

કેન્દ્રમાં બેઠેલી સરકાર જો આ અંગે નહીં વિચારે તો ૧૨૪૮ શિક્ષકોનું ભાવિ જોખમમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૬ જેટલી ખાનગી યુનિવર્સિટીઓ હતી. હમણાં ૪ નવી યુનિવર્સિટીની મંજૂરી આપવાના કારણે ૧૦ જેટલી યુનિવર્સિટીઓ આજે ગુજરાતમાં છે. સમગ્ર દેશમાં ખાનગી યુનિવર્સિટીમાં ગુજરાત પ્રથમ ક્રમે છે ત્યારે આ શિક્ષણ વિભાગની માગણીઓ માટે છેલ્લે મારે માત્ર એટલું કહેવું છે.

"શાંત જળને ડહોળવા જેવા નથી, નાગ આ છંછેડવા જેવો નથી,
છતાં પછીનું જીવન અઘરું થશે, કોઈના મન વાંચવા જેવા નથી.
છે આ કપાતર વંશ આખો એમનો, ઝાંઝવાના જળ ઉકેલવા જેવા નથી. "

**મારી આ માગણીઓની અંદર તમામ સભ્યશ્રીઓ સંમતિ આપશે એવી વિનંતી સાથે તમામનો આભાર.**

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી રમણભાઈએ સુંદર વાત કરી, સંતોષ થયો છે. છતાં પણ આપના મારફત એમનું ધ્યાન દોરવા માગું છું કે,

**અધ્યક્ષશ્રી** : જે ન ઉકેલવાનું હોય એ એમને ઉકેલવા દો.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : હું અધ્યાપક છું અને એના કારણે વિદ્યાર્થીઓની જ્યારે વાત આવે ત્યારે એમને કોઈ તકલીફ પડી હોય ત્યારે હું એ વાત કર્યા સિવાય રહી શકતો નથી. દક્ષિણિ ગુજરાત યુનિવર્સિટીમાં આઠ કૉલેજો છે. આ આઠ કૉલેજોમાં એન્જિનિયરીંગની કૉલેજો પણ છે. એના થર્ડ યરની પરીક્ષા હજુ થઈ નથી અને બીજી બાજુ ટૅક્નીકલ યુનિવર્સિટીએ એમ.એસ.માં પૂર્ણ ગ્રૅજ્યુએટને એડમિશન આપવાનું ચાલુ કર્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારે બે વાગ્યે પૂરું કરવાનું છે, મંત્રીશ્રી એ બનાવ ઉપર ધ્યાન આપજો.(અંતરાય)

**પ્રો. મંગળભાઈ મા. પટેલ:** જેનાથી આ ૩૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા ન આપી શકે માટે કાંઈ રસ્તો કાઢવા વિનંતી છે.(અંતરાય) બીજી મારે મંત્રીશ્રી અમિતભાઈને આપના મારફત વિનંતી કરવી છે કે, નિગમનું કામ સુધર્યું છે, સુંદર થયું છે પણ એમાં સહેજ મને જે મુદ્દાઓ મળ્યા છે એ વિશે વાત કરવી છે. એમાં જ્યારે અકસ્માત થાય ત્યારે આપણી વળતર આપવાની યોજના છે. આ વળતર યોગ્ય સમયે ન મળે તો પેસેન્જર અથવા ઘાયલ થયેલ વ્યકિત કોર્ટમાં જાય છે પછી ઑર્ડર થાય છે, ઑર્ડર થયા છતાં પણ નિગમ એમને પેમેન્ટ કરતું નથી. એમને ઝડપથી વળતર મળવું જોઈએ(અંતરાય) એ અપીલમાં ન જાય એ જોવા જેવું છે.

**માગણી ક્રમાંક-૪૩, ૪૪, ૭૪, ૭૫, ૮ અને ૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રી આદેશાનુસાર સોમવાર, તા.૨૦મી જુલાઇ ૨૦૦૯ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| માજી ધારાસભ્યોની મુસાફરી દરમ્યાન ટોલ ટેક્સ વસૂલ ન કરવા માંગણીઓ | ૨૨૯ |
| ) | |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૧૦૮ |
| સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ | ૧૦૮ |
| **અનિલ જોષીયારા** | |
| ડી સેગ માટે ફંડ માટેના સોર્સ | ૧૭૨ |
| ડી-સેગ માં પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત | ૧૬૨ |
| ભિલોડા તાલુકામાં ગ્રામ પંચાયતના મકાનો | ૧૭૫ |
| ભિલોડા તાલુકામાં તળાવો ઊંડા કરવા બાબત | ૩૦૧ |
| ભિલોડા તાલુકામાં બનાવેલ ચેકડેમો અને ખર્ચ | ૩૧૮ |
| ભીલોડા તાલુકામાં દારૂનો ધંધો કરતાં ઈસમો પર થયેલા કેસો | ૨૬ |
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં મરામત કર્યા વગરના રસ્તાઓ | ૨૩૩ |
| સાબરકાંઠા જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ | ૧૦૦ |
| સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ | ૨૪૫ |
| સાબરકાંઠા જિલ્લામાં બાલ મજૂર પકડવા કરેલ પ્રયત્નો | ૧૦૬ |
| સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૮૮ |
| **અનિલકુમાર અ. માળી** | |
| અંબાજી ચેકપોસ્ટની આવક | ૮ |
| દિયોદર - જાડા - કોતરવાડા - ધ્રાંગધ્રા - મોળીયા - વાવ રસ્તાને મજબૂતીકરણ કરવા અંગે | ૨૩૫ |
| દિયોદર તાલુકામાં ગોચરની જમીનના દબાણો | ૧૫૮ |
| બનાસકાંઠા જિલ્લામાં નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના | ૨૯૮ |
| બનાસકાંઠા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૮૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૦ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિ | ૯૩ |
| મહેસાણા જિલ્લામાં માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૨૧૪ |
| **અભેસિંહ મો. તડવી** | |
| છોટાઉદેપુર ચેક પોસ્ટની આવક | ૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૯ |
| વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની માગણીઓ | ૧૬૩ |
| વડોદરા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં પોસ્ટમોર્ટમની સુવિધા બાબત | ૩૦૫ |
| વડોદરા જિલ્લામાં ઓરસંગ નદીમાંથી લઈ જવાતી રેતી | ૧૮ |
| વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મફત પુસ્તકો આપવા બાબત | ૨૦૯ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| ગુજરાત પેટર્નના આયોજન માટેની આયોજન સમિતિઓ | ૧૭૦ |
| નર્મદા જિલ્લાના ડામર કર્યા વગરના મંજૂર થયેલ રસ્તાઓ | ૨૨૬ |
| પીંગોટ ડેમની કેનાલોની મરામત | ૩૧૪ |
| પીંગોટ સિંચાઈ ડેમમાંથી કાંપ દૂર કરવા બાબત | ૨૯૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ ર. વસાવા** | |
| ભરૂચ અને નર્મદા જિલ્લાના આદીમ જૂથનાલાભાર્થીઓને બી.પી.એલ.માંથી એ.પી.એલ.માં લઈ જવા બાબત | ૧૫૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં હેન્ડ પંપો | ૩૩૧ |
| માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતાં પાક્ષિક્ની છપામણી અને તેનો ખર્ચ | ૩૮ |
| રાજ્યના પોલીસ કર્મચારીઓને પોલીસ ક્વાર્ટસમાં જ રહેવાના હુકમો | ૨૩ |
| **અમિત શાહ** | |
| કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલની રજૂઆત | ૨૭૪ |
| કામકાજ સલાહકાર સમિતિનો પત્રવ્યવહાર પ્રેસને આપવા અંગે | ૩૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૬૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ |
| વિશેષાધિકાર ભંગનો મુદ્દો | ૧૧૩ |
| સન ૨૦૦૬-૦૭નો ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક હિસાબ | ૧૭૭ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ જિલ્લામાં આંબેડકર ભવનની સુવિધા અંગે | ૮૬ |
| આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો | ૧૫૦ |
| આણંદ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી તેડાગર બહેનોની ખાલી જ્ગ્યા | ૨૨૧ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| કાલોલ તાલુકામાં સરદાર આવાસ બનાવવા બાબત | ૧૫૪ |
| કાલોલ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠા યોજનાઓ | ૩૦૬ |
| પંચમહાલ જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણોનું વીજળીકરણ | ૨૨ |
| પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવા મહિલાઓને માસિક સહાય | ૨૩૪ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને અપાતી ખાંડના ભાવ | ૧૬૮ |
| ગીરના સિંહોને રાજ્યમાં અન્ય જ્ગ્યાએ વસાવવા બાબત | ૧૪૯ |
| ઘેડ વિકાસ સમિતિની રચના | ૨૯૧ |
| પોરબંદરમાં એરપોર્ટના વિસ્તાર માટે જમીનની માંગણી | ૨૨૫ |
| પેટ્રોલ ડિઝલના વેચાણથી સેસની થયેલ આવક | ૧૦૪ |
| ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનના સંચાલન અંગે | ૯૨ |
| સેન્ટ્રલ રોડ ફંડ યોજના હેઠળ પંચાયત તથા રાજ્યના રસ્તાના કામો મંજૂર કરવા અંગે | ૨૪૨ |
| **અશ્વિન કોટવાલ** | |
| ડી સેગ માટે ફંડ માટેના સોર્સ | ૧૫૭ |
| વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ અને ભિલોડા તાલુકામાં હેન્ડપંપો | ૩૧૦ |
| સાબરકાંઠા જિલ્લામાં અપંગ સાધન સહાયની મળેલ અરજીઓ | ૯૯ |
| સાબરકાંઠા જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો | ૧૫ |
| સાબરકાંઠા જિલ્લામાં નવી શરતની જમીન જુની શરતમાં ફેરવવા અંગે | ૨૧૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અશ્વિન કોટવાલ** | |
| સાબરકાંઠા જિલ્લામાં બાળમજૂર પકડવા કરેલ પ્રયત્નો | ૮૭ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ગઢડા અને ઉમરાળા તાલુકામાં પીવાના પાણીના ચેકડેમો | ૨૯૫ |
| ગઢડા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનો | ૧૭૨ |
| નગરપાલિકાઓમાં તળાવોનું બ્યુટીફિકેશન તથા વોટર હાર્વેસ્ટીંગ | ૩૧૬ |
| ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબ સ્ટેશન | ૪૧ |
| ભાવનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૧૦૩ |
| રાજ્યમાં નવા સ્થપાતા ઉદ્યોગોને વિદ્યુત કરમાં માફી | ૩૬ |
| રાજ્યમાં નવી ડિગ્રી ટેકનિકલ કોલેજો મંજૂર કરવા બાબત | ૨૨૩ |
| વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ માટે કર્મયોગી શિબિરો | ૧૩ |
| સુરત અને ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોનું વિભાજન | ૧૬૫ |
| સુરત અને ભાવનગર જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીની આવક બાબત | ૨૪૧ |
| સુરત અને ભાવનગર જિલ્લાઓમાંઅનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ચૂકવેલ ફી અંગે | ૮૬ |
| **ઈકબાલ પટેલ** | |
| આમોદ તાલુકામાંથી ડાર્કઝોન ઉઠાવી લેવા બાબત | ૨૯૩ |
| ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ | ૨૧ |
| ભરૂચ જિલ્લામાં આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ તેમજ ખાલી જગ્યાઓ ભરવા અંગે | ૧૦૩ |
| ભરૂચ જિલ્લામાં ખેડૂતોની કાર્યરત સહકારી મંડળીઓ | ૨૪૩ |
| ભરૂચ જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર કર્મચારીઓ | ૧૭૦ |
| ભરૂચ જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં તબદીલ કરવા અંગે | ૨૪૯ |
| ભરૂચ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના કામ | ૩૧૫ |
| ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારલક્ષી તાલીમ અંગે | ૯૧ |
| ભરૂચ જિલ્લામાં મીઠા ઉદ્યોગોની જમીનોની લીઝ લંબાવવા માંગણીઓ | ૨૨૭ |
| ભરૂચ જિલ્લામાં સરદાર આવાસ યોજનામાં મકાનો | ૧૫૧ |
| વાયબ્રન્ટ ગુજરાતમાં ભરૂચ જિલ્લા માટે થયેલ એમ.ઓ.યુ. | ૩૭ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૬ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૮ |
| સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેકનોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયર ફાળવણી | ૨૮૮ |
| સાબરકાંઠા જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા | ૨૨૯ |
| સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ બાળ મજૂરો | ૭૭ |
| સાબરકાંઠા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૧૦૧ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| વડોદરા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૨૬ |
| સાવલી તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ | ૩૧૨ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| જૂનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૨૪ |
| જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને અકસ્માત વિમા સહાય | ૨૩૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| વિસાવદર તાલુકામાં સરપંચો સામે ફરિયાદો | ૧૫૬ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૬ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૬૨ |
| **કાંતિભાઈ રા. પટેલ** | |
| નગરપાલિકાઓ માટે સફાઈ વેરાની વસૂલાત સામે પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાની યોજના | ૨૯૩ |
| વિજાપુર તાલુકામાં ઈન્દિરા આવાસના મકાનો | ૧૫૫ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| તાપી જિલ્લામાં વન ખાતા ધ્વારા ચેકડેમ, જૂથકૂવા અને વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૬૧ |
| બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે મળેલ કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ અન્વયે કરેલ ખર્ચ | ૯૪ |
| મોરબી અને માળીયા તાલુકાને જોડતો રસ્તો | ૨૩૮ |
| મોરબી તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ | ૨૯૭ |
| રાજકોટ જિલ્લાની શાળાઓમાં શૌચાલયોની સુવિધા | ૨૪૭ |
| રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેટ | ૨૫૦ |
| **કાન્તિલાલ રા. લકુમ** | |
| અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૩ |
| બાળવા તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાનો | ૧૩૭ |
| સરકારી હોસ્પિટલોમાં તબીબી સેવાઓની ગુણવત્તા સુધરે તે માટેના પગલાં | ૩૦૮ |
| **કાળુભાઈ ચ. રાઠોડ** | |
| ઉના તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનો | ૧૫૩ |
| જુનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ | ૯૧ |
| જૂનાગઢ જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૩૦ |
| **કાળુભાઈ વીરાણી** | |
| ભાવનગર જિલ્લાની શાળાઓમાં શૌચાલયોની સુવિધા | ૨૨૨ |
| ભાવનગર જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૨૯ |
| ભાવનગર જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૯૬ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ | ૧૬ |
| જંબુસર તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ એન.જી.ઓ.ને કામ આપવા બાબત | ૧૬૯ |
| જંબુસર તાલુકામાં હરિયાળી ક્રાંતિ યોજના હેઠળ મંજૂર થયેલ કામો | ૧૫૧ |
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પૂર્ણ થયેલ કામો | ૨૨૧ |
| ભરૂચ જિલ્લામાં લોકફાળો ભરી બનાવેલ કુવાઓ | ૩૨૫ |
| એસ. ઓ. આર. ના ભાવો વધારવા બાબત | ૩૧૦ |
| **કિરીટભાઈ ગં. પટેલ** | |
| ઓલપાડ તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ | ૨૮૧ |
| ઓલપાડ તાલુકામાં વનીકરણ માટે રકમ | ૧૬૬ |
| સુરત જિલ્લાના રસ્તાઓનું મજબૂતીકરણ કરવા અંગે | ૨૩૨ |
| સુરત જિલ્લામાં બક્ષીપંચના વિધાર્થીઓને ગણવેશ પેટે કરેલ સહાય | ૭૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કિશોર વાંકાવાલા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૨ |
| સુરત જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૨૪ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| ઝઘડીયા-ડેગડીયા પાણી પુરવઠા ફિલ્ટર યોજના | ૨૯૭ |
| તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝ | ૪૦ |
| બારડોલી અને માંડવી તાલુકામાં ગ્રામવન | ૧૫૪ |
| રતનીયા તળાવનો નાની સિંચાઇ નહેર સુવિધા માટે ઉપયોગ | ૩૧૮ |
| સુરત જિલ્લામાં પાવર, લીગ્નાઈટપ્રોજેક્ટ માટે ખેડૂતોની જમીન સંપાદન કરવા અંગે | ૨૪૧ |
| સુરત જિલ્લામાં બળાત્કાર અને હત્યાની ઘટનાઓ | ૨૮ |
| સુરત જિલ્લામાં રસ્તાઓની મરામતની કામગીરી | ૨૨૩ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ગારીયાધાર શહેરનો બાયપાસ રસ્તો બનાવવા માટેની દરખાસ્તો | ૨૨૩ |
| ટાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફેરવવા બાબત | ૩૧૮ |
| ભાવગનર જિલ્લામાં તલાટીઓની ખાલી જગ્યાઓ | ૧૬૫ |
| ભાવનગર જિલ્લાના ખેતમજૂરોને વીમા રક્ષણનો લાભ | ૭૯ |
| ભાવનગર જિલ્લામાં ખેડૂતોની જમીન ધોવાણનું વળતર ચૂકવવા અંગે | ૨૪૦ |
| ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ | ૧૭૩ |
| ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ | ૧૭૬ |
| રાજયમાં જિલ્લા સરકારી વકીલોની નિમણૂક | ૧૦ |
| રાજ્યમાં એન્જીનીયરીંગ કોલેજો | ૨૪૮ |
| શેત્રુંજ્ય ડેમ આધારિત સ્ટેજ-૨ ની યોજના | ૩૦૦ |
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| મધ્ય પ્રદેશને વિજળીનું ઉત્પાદન કરવા નર્મદાનું પાણી આપવા બાબત | ૨૯ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| બોરસદ-દેગડીયા જૂથ પાણી પુરવઠા યોજના | ૩૦૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૪ |
| સુરત જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણોનું વીજળી કરણ | ૩૦ |
| સુરત જિલ્લાના રસ્તાઓનું મજબૂતીકરણ કરવા અંગે | ૨૪૨ |
| સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ | ૩૩૬ |
| સુરત જિલ્લામાં ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૧૦૧ |
| સુરત જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | ૨૨૪ |
| સુરત જિલ્લામાં સરકારી દવાખાનામાં તબીબોનું મંજૂર મહેકમ | ૩૨૨ |
| સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૮૧ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| તાપી જિલ્લામાં વન ખાતા ધ્વારા ચેકડેમ, જૂથકૂવા અને વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૬૧ |
| બી.આર.ટી.એસ. ની અમલવારી કરતા મહાનગરો | ૨૯૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ગીતાબેન યો. પટેલ** | |
| સગર્ભા બહેનોને આરોગ્ય સુધારણા માટે પગલાં | ૨૨૭ |
| **ગુલસીંગભાઈ રં. રાઠવા** | |
| છોટાઉદેપુર તાલુકામાં સરપંચો સામે ફરિયાદો | ૧૪૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૫ |
| વડોદરા જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ | ૨૯૭ |
| વડોદરા જિલ્લામાં વિધવા સહાય યોજનાની અરજીઓ | ૨૨૮ |
| વડોદરા જિલ્લામાં સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૮૩ |
| **ગોવિંદભાઈ ઉ. પટેલ** | |
| બી.આર.ટી.એસ. ની અમલવારી કરતા મહાનગરો | ૩૦૧ |
| રાજકોટ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ | ૧૫૪ |
| રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબસ્ટેશનો | ૩૩ |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |
| બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૦ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | |
| ખેડા અને આણંદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ માટે મળેલ અરજીઓ | ૧૭ |
| **ગ્યાસુદીન હ. શેખ** | |
| અબડાસા અને લખપત તાલુકાના સીમતળમાં ઘાસનો જથ્થો ખલાસ થઇ જતાં ભૂખમરાથી પ્રાણીઓના મોત | ૨૪૫ |
| અમદાવાદ અને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલોમાં પ્રવેશ ફી ઉઘરાવવા બાબત | ૩૧૬ |
| અમદાવાદ કલેકટર કચેરી પર ફાટેલો રાષ્ટ્રધ્વજ ફરકાવવા બાબત | ૪૦ |
| અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસે એફ. આઇ. આર. નોંધાવા કરેલ ઇન્કાર | ૪૨ |
| નર્મદાનું પીવાનું પાણી મેળવતા જિલ્લાઓ | ૨૯૪ |
| નવા બંદરની સગર્ભા મહિલાને પોલીસ દ્વારા ઢોર માર મારતાં ગર્ભસ્થ બાળકનું થયેલ મૃત્યુ | ૩૨ |
| રાજકોટ જિલ્લાની ખાનગી શાળાઓમાં સ્કોલરશીપની ગ્રાન્ટો માટે છેતરપીંડી | ૨૩૫ |
| સરકારી હોસ્પિટલો ખાનગી તંત્રને સોંપવા બાબત | ૩૩૪ |
| **ચંદુભાઈ ડાભી** | |
| અમદાવાદ જિલ્લામાં વેચાણવેરાની આકારણીની ક્ષતિ અંગે | ૮૮ |
| નવી દિલ્હી ખાતે ગુજરાત ભવન પાછળ ખર્ચ | ૪૦ |
| વડોદરા જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી લીફ્ટ કરવા બદલ ખેડૂતો સામે ફોજદારી કેસો | ૩૦ |
| વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મકાનો | ૧૫૮ |
| વડોદરા જિલ્લામાં ગોચરની જમીન ઉપર થયેલ દબાણોની ફરિયાદો | ૧૭૧ |
| વડોદરા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું સંચાલન કરતા ટ્રસ્ટો | ૩૨૬ |
| વડોદરા શહેર અને જિલ્લામાં હડકવા વિરોધી રસીનો જથ્થો | ૩૩૭ |
| વડોદરા શહેરમાં શહેરી ગરીબ સમૃધ્ધિ યોજના અંતર્ગત કામગીરી | ૩૧૧ |
| **ચંદ્રિકાબેન છ. બારીયા** | |
| ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ | ૧૫ |
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | |
| કચ્છ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ મેળવવાની અરજીઓ | ૧૫૬ |
| કચ્છ જિલ્લામાં તાલુકાવાર સી.એચ.સી. | ૩૨૫ |
| જમીન બિનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવાની સત્તા | ૨૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૮ |
| યુવાનો પર થયેલા હુમલા અંગે | ૬૦ |
| વિદેશ અભ્યાસ માટે મળેલ અરજીઓ | ૯૪ |
| શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત થેલેસેમીયાના દર્દીઓની સારવાર | ૩૦૯ |
| **જયનારાયણ વ્યાસ** | |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૫૧ |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૨૫૧ |
| આરોગ્ય વિભાગની અધિસૂચના | ૧૭૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૬૬ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૬૫ |
| **જયોત્સનાબેન ૨ા. પટેલ** | |
| આણંદ જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા | ૨૨૭ |
| આણંદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ | ૨૯૨ |
| આણંદ શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં | ૭૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૮ |
| રાજ્યમાં આંગણવાડીના મકાનો બનાવવા બાબત | ૨૪૩ |
| **જશોદાબેન ચ. પરમાર** | |
| ૮૦/page>મહેસાણા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૮૦ |
| મહેસાણા જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબ સ્ટેશનો | ૩૦ |
| મહેસાણા જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃતિ | ૧૦૧ |
| મહેસાણા તાલુકામાંસ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર પાણી પુરવઠાયોજનાઓ | ૨૮૫ |
| રાજ્યમાં આંગણવાડીના મકાનો બાબત | ૨૨૫ |
| **જસુબેન સ. કોરાટ** | |
| જેતપુર તાલુકાના ઝુંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને વીજ જોડાણ | ૨૮ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| કપરાડા - વલસાડ - ઉમરગામ - પારડી તાલુકામાં સી.એચ.સી. | ૩૧૩ |
| રમતગમત ક્ષેત્રે મળેલ એવોર્ડ | ૯૭ |
| વલસાડ જિલ્લાના અતિ પછાત કપરાડા તાલુકાના દોલધા ખાડી ઉપર માયનોર બ્રિજ બનાવવા અંગે | ૨૩૦ |
| વલસાડ જિલ્લામાં પી.એચ.સી. | ૩૩૦ |
| **જીતેન્દ્ર સુખડીયા** | |
| રાજય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ | ૮૨ |
| વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના શોષણ અંગે | ૧૦૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જીતેન્દ્ર સુખડીયા** | |
| વિશ્વામિત્રી નદીમાંથી કાંપ દૂર કરવા બાબત | ૩૧૨ |
| વૈદ્યનાથન સમિતિના આધારે સહકારી ધારામાં સુધારા | ૨૦૨ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૬ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | |
| કડાણા હાઈ લેવલ યોજનાનું કામ | ૩૧૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૩ |
| શહેરા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનો | ૧૬૫ |
| **જોધાજી ગુ. ઠાકોર** | |
| કાંકરેજ તાલુકામાં ચેકડેમોના બાંધકામમાં ગેરરીતિની ફરિયાદો | ૩૩૭ |
| ડીસા સિંચાઈ વિભાગમાં વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કર્મચારીઓ | ૩૨૭ |
| પાટણ જિલ્લામાં તાલુકાવાર ગ્રાન્ટેબલ શાળાઓની મંજૂરી | ૨૩૧ |
| પાટણ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ | ૨૪૪ |
| વાગડોદ તાલુકામાં તળાવોના કામો | ૩૧૧ |
| **દિલીપ સંઘાણી** | |
| સન ૨૦૦૭-૦૮નો ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ. | ૧૭૭ |
| સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૧૭૭ |
| **દિલીપસિંહ વ.પરમાર** | |
| મોડાસા તાલુકામાં ગૌચરની જમીનોના દબાણો | ૧૪૫ |
| સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મીકમ્પોસ્ટ પ્લાન્ટ | ૨૮૭ |
| સાબરકાંઠા જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબ સ્ટેશન | ૧૨ |
| સાબરકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૪ |
| **દીતાભાઈ ભી. મછાર** | |
| ચાકલીયા રોડ રેલ્વે ક્રોસીંગ પર અન્ડર બ્રીજનું કામ | ૨૧૭ |
| ઝાલોદના ફતેપુરા તાલુકા મથકે ટ્રેઝરી કચેરી શરૂ કરવા અંગે | ૯૯ |
| ફતેપુરા તાલુકાના સુખપુર ગામે પંચાયતની માલિકીની જમીનમાં દબાણ | ૧૫૨ |
| **દેવુસિંહ જે. ચૌહાણ** | |
| ખેડા જિલ્લાના નાયકા-ભેરાઈ-ઢઢાલ- વડાલા રોડની સપાટી સુધારણાની કામગીરી | ૨૪૨ |
| ખેડા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૨૮ |
| ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની માંગણીઓ | ૧૬૦ |
| ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૩ |
| માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી દર્દીઓને સહાય | ૨૨૪ |
| રાજ્યના સ્ટેમ્પ ડ્યુટીનો એકત્રિત દર | ૨૪૮ |
| **દોલતરાય ના. દેસાઈ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૩ |
| **ધનજીભાઈ ગો. સેંધાણી** | |
| કચ્છ જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનીયરોની ફાળવણી | ૩૧૮ |
| કચ્છ જિલ્લામાં ખેડૂતોને અકસ્માત વિમા સહાય | ૨૪૭ |
| જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને અકસ્માત વિમા સહાય | ૨૩૭ |

| વિષય | પાના નંબર |
| --- | --- |
| **ધનજીભાઈ ગો. સેંધાણી** | |
| માંડવી તાલુકાને ડાર્કઝોન જાહેર કરવા બાબત | ૨૯૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૨ |
| **ધીરૂભાઈ ચુ. ભીલ** | |
| નર્મદાના અસરગ્રસ્તોની વસાહતોમાં પીવાના પાણીની સુવિધા | ૧૬ |
| વડોદરા જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી લીફ્ટ કરવા બદલ ખેડૂતો સામે ફોજદારી દાવા | ૩૫ |
| **નટવરસિંહ ફુ. ઠાકોર** | |
| મોટેરા આશારામ આશ્રમની જમીન ઉપર દબાણ દૂર કરવા અંગે | ૨૨૪ |
| વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ધોરણ-૧ થી ૭ માં શિક્ષણ સુધારણા | ૧૪૯ |
| **નરેશભાઈ મ. પટેલ** | |
| ચીખલી તાલુકામાં વનકુટિરો બનાવવા બાબત | ૧૫૮ |
| નવસારી જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણોનું વીજળીકરણ | ૨૭ |
| પારડી કોસ્ટલ જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવિષ્ટ ગામો | ૨૮૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૨ |
| **નરોત્તમભાઈ પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૭૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૭૯ |
| **નાનુભાઈ ભ. વાનાણી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૬૧ |
| સુરત જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૧૯ |
| સુરતમાં બી.આર.ટી.એસ. નો અમલ | ૨૯૬ |
| **નારાયણભાઈ લ. પટેલ** | |
| ગૃહ વિભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસો | ૪૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૧ |
| રાજ્યમાં પોલીસ કોન્સ્ટેબલોની ભરતી | ૩૬ |
| **નિરંજન પટેલ** | |
| આંધ્રપ્રદેશની કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાંથી મળેલ ગેસ અને થયેલ આવક | ૧૫ |
| આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૨૪૮ |
| આણંદ જિલ્લામાં આઈ.ટી.આઈ.માં શિક્ષકોની ઘટ | ૧૦૫ |
| આણંદ જિલ્લામાં રાજ્ય/પંચાયત હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ | ૨૧૮ |
| આણંદ જિલ્લામાં રાજ્ય/પંચાયત હસ્તકના ડામર કર્યા વગરના રસ્તાઓ | ૨૪૦ |
| માથાદીઠ આવક અને દેવું | ૧૦૦ |
| **નીતિનભાઈ ર. પટેલ** | |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **નીતિનભાઈ ર. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૬૯ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૧ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૧ |
| **નીમાબેન બી. આચાર્ય** | |
| અંજાર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં આવાસો | ૧૪૦ |
| કચ્છ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૧૪ |
| કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ | ૧૬૮ |
| કેન્દ્ર સરકારની લોન પેટે મળેલ રકમ તેમજ ચૂકવેલ વ્યાજ | ૯૨ |
| રાજયમાં આંગણવાડીના મકાનો બનાવવા બાબત | ૨૧૧ |
| રાજ્યમાં ટ્રોમા સેન્ટરો | ૨૯૧ |
| **પંકજકુમાર વી. દેસાઈ** | |
| ખેડા જિલ્લામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા અંગે | ૨૧૦ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | |
| ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળવા અંગે | ૩૭ |
| રાજ્યની લોકાયુક્ત કચેરીના વહીવટ માટે કરેલ ખર્ચ | ૨૩ |
| સમાજ કલ્યાણ વિભાગ પાસેથી બાળકોના વિકાસને લગતી કામગીરી | ૨૩૭ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | |
| અમદાવાદ શહેરમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો સામે ફરિયાદો | ૧૫૯ |
| અમદાવાદ શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં | ૮૫ |
| અમદાવાદમાં બી.આર.ટી.એસ. નો અમલ | ૨૯૫ |
| કાળા કપડાં પહેરી સભાગૃહમાં પ્રદર્શન કરવા બાબત | ૪૫ |
| ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક, ૨૦૦૯ | ૨૭૪ |
| ગુજરાત વડી અદાલતમાં આસિસ્ટંટ પબ્લિક પ્રોસીકયુટરની જગ્યાઓ | ૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૪૫ |
| વિરોધપક્ષના સભ્યશ્રીઓના ભથ્થાં અંગે | ૧૮૯ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૪ |
| **પ્રફુલભાઈ ખો. પટેલ** | |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૬૧ |
| બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત. | ૧૭૯ |
| બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ. | ૧૭૯ |
| રાજ્યમાં સ્વાઈન ફલુનો ફેલાવો અટકાવવા આપત્તિ વ્યવસ્થાપન પ્લાન | ૨૯૦ |
| સાબરકાંઠા જિલ્લામાં પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી આવાસ | ૧૪૪ |
| **પ્રભુભાઈ ના. વસાવા** | |
| ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ | ૨૦ |
| તાપી જિલ્લામાં વન ખાતા ધ્વારા ચેકડેમ, જૂથકૂવા અને વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૬૦ |
| સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૧૭૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **પ્રવિણભાઈ મો. માકડિયા** | |
| ઉપલેટા તાલુકામાં ગોચરની જમીનના દબાણોની ફરિયાદો | ૧૫૨ |
| કેન્દ્ર સરકારની મળેલ લોન તેમજ ચૂકવેલ વ્યાજ | ૮૮ |
| રાજકોટ જિલ્લાની ભાદર-૨ પાણી પુરવઠા યોજના બાબત | ૨૯૧ |
| રાજકોટ જિલ્લામાં ઇ-ધરા હેઠળ હક્ક પત્રકની નોંધોનો નિકાલ | ૨૨૨ |
| રાજ્યમાં સાંધ્ય કોર્ટોના મકાન બાંધવા બાબત | ૨૦ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | |
| કાળા કપડાં પહેરી સભાગૃહમાં પ્રદર્શન કરવા બાબત | ૪૬ |
| ગુજરાત વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યાઓ | ૨૮ |
| બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે મળેલ કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ અન્વયે કરેલ ખર્ચ | ૯૫ |
| માંડલ તાલુકાની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ ધ્વારા વીજળી બિલ ભરવાની વ્યવસ્થા | ૧૬૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૫ |
| **ફકીરભાઈ ર. વાઘેલા** | |
| સન ૨૦૦૮-૦૯નો સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતનો વાર્ષિક વહીવટી અહેવાલ. | ૧૭૭ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૧ |
| **બચુભાઈ ના. કિશોરી** | |
| દાહોદ જિલ્લામાં આર. કે. વી. વાય. હેઠળ શેડ બનાવવા પાછળ થયેલ ખર્ચ | ૨૪૪ |
| દાહોદ જિલ્લામાં કાર્યરત સ્વતંત્ર અને જૂથ પાણી પુરવઠા યોજનાઓ | ૩૩૪ |
| દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પેસેન્જરોની હેરાફેરી કરતાં વાહનો | ૧૪ |
| દાહોદ જિલ્લામાં ચેકડેમ રીપેરીંગ પાછળ ફાળવેલ રકમ | ૩૦૧ |
| દાહોદ જિલ્લામાં જંગલની જમીનની માલિકી માટેની અરજીઓ | ૧૫૦ |
| દાહોદ જિલ્લામાં માધ્યમિક/પ્રાથમિક શાળાના શિક્ષકોને કર્મયોગીની તાલીમ | ૨૩૦ |
| દાહોદ જિલ્લામાં રમતગમત પાછલ કરેલ ખર્ચ | ૧૦૭ |
| દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણરોજગાર ગેંરટી યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ ગ્રાન્ટ | ૧૬૮ |
| દાહોદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું કરેલ આયોજન | ૯૧ |
| સુજલામ સુફલામ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં મંજૂર કામો | ૩૧૯ |
| **બાબુભાઈ જ. પટેલ** | |
| અમદાવાદ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ | ૨૮૨ |
| અમદાવાદ જિલ્લામાં ૬૬ કે. વી. ના વીજ સબ સ્ટેશનો | ૧૧ |
| અમદાવાદ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૯૫ |
| દસક્રોઈ તાલુકામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત | ૧૫૯ |
| **બાબુભાઈ મે. શાહ** | |
| આકસ્મિક તબીબી સેવાઓ અંગેના અભ્યાસક્રમો | ૩૨૩ |
| કચ્છ જિલ્લામાં પવન ચક્કી ઊભી કરવા માટે સરકારી પડતર જમીનો | ૨૩૮ |
| કચ્છ જિલ્લામાં વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતથી વીજ ઉત્પાદન | ૩૬ |
| કચ્છ જિલ્લામાં સિંચાઈની સવલતો બાબત | ૩૦૩ |
| જી.એસ.પી.સી. કે સાથી કંપની ધ્વારા ગેસ કે ક્રુડ તેલનું ઉત્પાદન | ૨૦ |
| નાની બચત અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ | ૯૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **બાબુભાઈ મે. શાહ** | |
| વાંસને ફૂલ આવવાને કારણે વાંસના વનોને નુકસાન | ૧૬૨ |
| **બાવકુભાઈ ના. ઉંધાડ** | |
| નવસારી અને વલસાડ જિલ્લામાં જંગલની જમીનોની સનદો | ૧૫૦ |
| **બ્રિજરાજસિંહ હે. જાડેજા** | |
| ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટની ગેરકાયદેસર નિકાસ | ૨૧ |
| **ભગવાનજીભાઈ લા. કરગટીયા** | |
| આકસ્મિક તબીબી સેવાઓ અંગેના અભ્યાસક્રમો | ૩૨૩ |
| નગરપાલિકાઓમાં અધિકારીઓની કોમન કેડર | ૩૦૩ |
| માંગરોળ તાલુકામાં સરદાર આવાસ યોજના હેઠળના આવાસો | ૧૭૦ |
| માંગરોળ તાલુકામાં સસ્તા અનાજની દુકાન પર દરોડા | ૧૫૫ |
| રાજ્યમાં જિલ્લા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન રીસ્પોન્સ સેન્ટરો | ૨૨૩ |
| રાજ્યમાં સાંધ્ય કોર્ટોની સ્થાપના | ૩૨ |
| **ભગવાનભાઈ ધા. બારડ** | |
| જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં માછીમારો માટે ૭૫-હોર્સ પાવરનું એન્જીન ધરાવતી ફીશીંગ બોટને ડીઝલ ફાળવણી | ૨૨૬ |
| જૂનાગઢ જિલ્લાના માછીમારોને ડીઝલ માટે દોઢ રૂપિયાની સબસીડી | ૨૪૩ |
| જૂનાગઢ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૨૪૮ |
| જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ચેકડેમો | ૩૧૦ |
| જૂનાગઢ જિલ્લામાં નર્મદાનું પાણી ન મેળવતા વિસ્તારોમાં પીવાનું પાણી પૂરૂં પાડવાનું આયોજન | ૩૩૭ |
| જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીની અછત | ૩૨૬ |
| નર્મદા કેનાલ, સોરાષ્ટ્રમાં ફરજ બજાવતા ચીફ એન્જીનીયર | ૧૬ |
| **ભરત બારોટ** | |
| તાપી જિલ્લામાં વન ખાતા ધ્વારા ચેકડેમ, જૂથકૂવા અને વન તલાવડીઓ બનાવવા બાબત | ૧૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૪૩ |
| રાજ્ય સરકાર ધ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ | ૯૬ |
| વેધનાથન સમિતિના આધારે સહકારી ધારામાં સુધારા | ૨૩૨ |
| **ભરતસિંહજી શં. ડાભી** | |
| મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં ટેકનોસેવા પ્રોગ્રામ હેઠળ એન્જિનિયરોની ફાળવણી | ૨૮૬ |
| વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ક્ષાદ પ્રોજેક્ટનું મૂલ્યાંકન | ૧૬૪ |
| સેક્ટર નં. ૨૧ ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના કેસો | ૧૮ |
| **ભાનુબેન મ. બાબરીયા** | |
| આર.બી.ડી. પામોલીન તેલનો જથ્થો | ૧૪૭ |
| રાજકોટ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૮ |
| રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશનો | ૨ |
| રાજકોટ શહેરમાં ચાલતી આંગણવાડીઓ | ૨૦૪ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૬૧ |
| **ભારતીબેન અ. રાઠોડ** | |
| કામરેજ તાલુકામાં વનીકરણની યોજનાઓ | ૧૩૯ |
| સુરત જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજળીકરણ | ૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભારતીબેન અ. રાઠોડ** | |
| સુરત જિલ્લામાં તાલુકાવાર નિરાધાર મહિલાઓને ચૂકવેલ માસિક સહાય | ૨૧૩ |
| **ભાવનાબેન રા. મકવાણા** | |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૬૦ |
| **ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** | |
| બિન સરકારી વિધેયકો | ૨૭૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૪૯ |
| વડોદરા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો વ્યાપ | ૨૯૮ |
| વડોદરા જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૩૬ |
| વડોદરા જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૨ |
| વડોદરા શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં | ૭૬ |
| **મંગુભાઈ છ. પટેલ** | |
| ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૯૮ |
| બિન સરકારી વિધેયકો | ૨૭૭ |
| સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ. | ૧૭૬ |
| સન ૨૦૦૮-૦૯નો ગુજરાત પ્રદૂષણ નિયંતત્રણ બોર્ડનો વાર્ષિક અહેવાલ | ૧૭૬ |
| **મણીભાઈ દે. પટેલ** | |
| કપડવંજ અને કઠલાલ તાલુકાના પાકા રસ્તાથી વંચિત પેટાપરાં | ૨૪૬ |
| ખેડા જિલ્લામાં જર્જરીત હાલતના પશુ દવાખાના | ૨૪૯ |
| ખેડા જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન માટે કરેલ અરજીઓ | ૩૧ |
| ખેડા જિલ્લામાં પાકા ડામરના રસ્તાઓ | ૨૩૬ |
| **મનસુખભાઈ પાં. ભુવા** | |
| અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૪ |
| ધારી તાલુકામાં સરપંચો સામે ફરિયાદો | ૧૪૨ |
| **મફતલાલ મો. પુરોહિત** | |
| બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્યકેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આધુનિક બનાવવા બાબત | ૩૦૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૭ |
| **મહંમદજાવીદ અ. પીરઝાદા** | |
| ધોળીધજા ડેમમાં નર્મદાનું પાણી ઠાલવવા મળેલ રજૂઆતો | ૩૧ |
| રાજકોટ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં મજુરોના અપમૃત્યુના બનાવો | ૮૯ |
| રાજકોટ જિલ્લામાં પબ્લિક હેલ્થ સેન્ટરો | ૩૦૧ |
| રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના લાભ | ૨૩૪ |
| રાજકોટ જિલ્લામાં સરકાર માન્ય રેશનીંગની દુકાનો | ૧૫૪ |
| રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરો / નર્સોની ખાલી જગ્યાઓ | ૩૩૫ |
| હલકી ગુણવત્તાની દવાઓ પૂરી પાડતી કંપનીઓ | ૩૧૯ |
| **મહેન્દ્રસિંહ પ. સરવૈયા** | |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૪૭ |
| ખેડૂતોને વીજ બચતનું મહત્વ સમજાવવા અંગેનું આયોજન | ૪ |
| પાલિતાણા તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ | ૨૮૧ |
| પાલીતાણા અને ગારીયાધાર તાલુકામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૪૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મહેન્દ્રસિંહ પ. સરવૈયા** | |
| પાલીતાણા તાલુકાની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ દ્વારા વીજળી બીલ ભરવાની વ્યવસ્થા | ૧૩૮ |
| ભાવનગર જિલ્લામાં માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૨૧૨ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૮ |
| **માનસિંહ કો. ચૌહાણ** | |
| ખેડા જિલ્લામાં સુજલામ્-સુફલામ્ યોજનાનું પાણી | ૩૦૫ |
| **મૂળુભાઈ હ. આયરબેરા** | |
| જામનગર જિલ્લાના તાલુકા મથકે રમત ગમત સંકુલ સુવિધા અંગે | ૧૦૨ |
| જામનગર જિલ્લાની નગરપાલિકાઓમાં વર્મિકમ્પોસ્ટ પ્લાન્ટ | ૨૯૯ |
| જામનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ | ૧૭૧ |
| જામનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની મળેલ અરજીઓ | ૯૦ |
| જામનગર શહેરમાં પશુ હોસ્પિટલ શરૂ કરવા બાબત | ૨૪૩ |
| જામનગર શહેરમાં સરકારી દૂધની ડેરી શરૂ કરવા બાબત | ૨૨૬ |
| ભાણવડ તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૧૫૯ |
| ભાણવડ તાલુકામાં નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગે | ૧૦૬ |
| રાજ્યમાં કામધેનુ પશુ યુનિવર્સિટી સ્થાપવા અંગે | ૨૪૯ |
| **મેઘજી ડા. કણઝારીયા** | |
| ખંભાળીયા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળના મકાનો | ૧૭૪ |
| ખંભાળીયા તાલુકામાં ઓછી આવકધરાવતાં કુટુંબોના ઘરનું વીજળીકરણ | ૭ |
| ખંભાળીયા તાલુકામાં વન કુટિરો બનાવવા બાબત | ૧૬૬ |
| જામનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ | ૯૨ |
| જામનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન | ૨૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૪ |
| **મોહંમદ ફારૂક હુ. શેખ** | |
| અમદાવાદ ખાતે આશારામ આશ્રમમાં ગેરકાયદેસર દબાણ | ૨૧૬ |
| અમદાવાદ જિલ્લામાં ગોચરના દબાણો | ૧૬૭ |
| અમદાવાદ શહેરમાં કેરોસીનના કાળાબજાર રોકવા દરોડા | ૧૪૮ |
| અમદાવાદ શહેરમાં ક્રિકેટ મેચના સટ્ટા અંગે દરોડા પાડવા બાબત | ૧૪ |
| અમદાવાદ શહેરમાં ચાલતા હુક્કાબારના અડ્ડાઓ | ૩૫ |
| અમદાવાદ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગમાં સોનોગ્રાફી મશીનો | ૨૯૮ |
| પીપાવાવ પોર્ટમાં સ્થાપિત ધોરણ મુજબ સ્થાનિક લોકોને રોજગારી | ૯૨ |
| રાજ્યના માછીમારોને પાકિસ્તાનમાંથી છોડાવવા અંગે | ૨૩૯ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | |
| ટંકારા તાલુકાના સરપંચો સામે ફરિયાદો | ૧૫૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૫૯ |
| **મોહનસિંહ છો. રાઠવા** | |
| જેતપુર - પાવી તાલુકામાં હિરપરી ગામમાં વિવિધ કાર્યકારી સહકારી મંડળી વિરૂધ્ધ અરજીઓ | ૨૩૯ |
| જેતપુર-પાવી તાલુકામાં વડોય ગામે ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશન | ૨૬ |
| વડોદરા જિલ્લાના જેતપુર-પાવી તાલુકાને આયોજનની ફાળવેલ રકમના કામો | ૩૮ |
| વડોદરા જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં કન્યાઓને શાળામાં પ્રવેશ | ૨૧૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મોહનસિંહ છો. રાઠવા** | |
| વડોદરા જિલ્લામાં પાણી પુરવઠા માટે મંજૂર કરેલ રકમ | ૨૯૬ |
| વડોદરા જિલ્લામાં સામૂહિક કૂવા મંજૂર કરવા બાબત | ૩૧૭ |
| **રજનીકાંત સો. પટેલ** | |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૪૮ |
| ચાણસ્મા તાલુકામાં ગોચરના દબાણો દૂર કરવાની ફરિયાદો | ૧૬૬ |
| પાટણ જિલ્લામાં વિદ્યાર્થીઓના ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૧૦૨ |
| પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૭ |
| **રમણલાલ ના. પાટકર** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૦ |
| વલસાડ જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજળીકરણ | ૨૩ |
| વલસાડ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૯૩ |
| **રમણલાલ વોરા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૬૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૩૯ |
| શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ. | ૧૭૭ |
| **રમેશ વ. મહેશ્વરી** | |
| કચ્છ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચુકવેલ સાયકલ સહાય | ૭૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૨૦ |
| મુન્દ્રા તાલુકામાં સરપંચો સામે ફરિયાદો | ૧૫૬ |
| **રાકેશ શાહ** | |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૪૮ |
| અમદાવાદ શહેરના બી.પી.એલ. લાભાર્થીઓની અરજીઓ | ૨૮૯ |
| બિન સરકારી વિધેયકો | ૨૭૭ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૯ |
| **રાઘવજીભાઈ હં. પટેલ** | |
| ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પક્ષીનો શિકાર | ૧૭૬ |
| જોડીયા તાલુકામાં બિન પરંપરાગત ઉર્જાના ઉદ્યોગો માટે ફાળવેલ જમીન | ૨૪૫ |
| જામનગર જિલ્લામાં નાની બચત પેટે મળેલ રકમ | ૧૦૬ |
| જામનગર જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદ કરવા બાબત | ૧૭૪ |
| જામનગર જિલ્લામાં રૂ. ૧૦ કરોડથી વધુ વેટ વસુલ લેવાના ઉદ્યોગગૃહો | ૯૧ |
| જામનગર જિલ્લામાં રૂા. ૧૦ કરોડથી વધુ વેટ બાકી હોઈ તેવી સિમેન્ટ કંપનીઓ | ૧૦૩ |
| જામનગર શહેરના બ્રાસપાર્ટના ઉદ્યોગનો પુનઃવિકાસ કરવા બાબત | ૨૬ |
| ધ્રોલ અને જોડીયા તાલુકાની સરકારી હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓ | ૩૧૩ |
| ધ્રોલ સી.એચ.સી. ખાતે પોસ્ટ મોર્ટમ રૂમ બાબત | ૨૯૧ |
| રાજ્યમાં અતિ વૃષ્ટિથી પાકોને રક્ષણ આપવા માટે વીમા યોજના સહાય અંગે | ૨૩૬ |
| રાજ્યમાં રત્ન કલાકારોની આત્મહત્યા | ૩૯ |
| **રાજસીભાઈ વી. જોટવા** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **રાજસીભાઈ વી. જોટવા** | |
| કાર્બાઈડ ગેસથી ફળો પકવવા પર પ્રતિબંધ | ૩૧૫ |
| જૂનાગઢ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં પકડાયેલ બાલ મજૂરોનાં પુનઃસ્થાપન અંગે | ૧૦૬ |
| જૂનાગઢ જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ | ૧૬૩ |
| જૂનાગઢ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવાના થયેલ એમ. ઓ. યુ. | ૧૪ |
| જૂનાગઢ જિલ્લામાં ખુલ્લા વાયરના વીજ કરંટથી થયેલ માનવી અને પ્રાણીઓના મૃત્યુ | ૩૪ |
| જૂનાગઢ જિલ્લામાં બિન પરંપરાગત ઉર્જાના ઉદ્યોગો માટે ફાળવેલ કોસ્ટલની જમીન | ૨૪૭ |
| જૂનાગઢ જિલ્લામાં રૂ. પાંચ કરોડથી વધુ વેટ બાકીના ઉદ્યોગગૃહો | ૮૯ |
| બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે મળેલ કેન્દ્ર સરકારની શિષ્વૃત્તિ અન્વયે કરેલ ખર્ચ | ૧૦૨ |
| રાજ્યમાં સામૂહિક વિમા યોજના અંગેની અરજીઓ | ૨૩૬ |
| વેરાવળ અને સુત્રાપાડા તાલુકામાં સરકારી હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓ | ૨૯૨ |
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં ખાલી જગ્યાઓ | ૩૨૧ |
| આણંદ જિલ્લામાં ધોરણ-૧૧ તથા ૧૨ની સાયન્સ શાળાઓ | ૨૩૯ |
| આણંદ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં હડકવાની રસી પૂરી પાડવા બાબત | ૩૦૨ |
| આણંદ જિલ્લામાં ભારે વરસાદથી નુકસાન ન થાય તે માટેની કામગીરી | ૨૧૬ |
| ગોણ ખનીજ પેદાશોની રોયલ્ટીની રકમ પંચાયતોને આપવા બાબત | ૧૭ |
| બોરસદ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પીવા લાયક પાણીની સમસ્યા | ૩૩૫ |
| **રામસિંહ પ્ર. પરમાર** | |
| ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો ખર્ચ | ૩૧૨ |
| આંધ્રપ્રદેશની કૃષ્ણા-ગોદાવરી બેઝિનમાંથી મળેલ ગેસ અને થયેલ આવક | ૨૪ |
| ડાકોરના વિકાસ માટે ફાળવેલ રકમ | ૩૨૮ |
| **લક્ષ્મણભાઈ પ. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૩૬૦ |
| વલસાડ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૮ |
| **લાલજીભાઈ પ્રે. સોલંકી** | |
| કાલાવડ તાલુકાના પેટાપરાંઓમાં વીજળીકરણ | ૧૭ |
| જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની અરજીઓ | ૧૫૭ |
| જામનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૬ |
| **લાલસિંહ ઉ. વડોદીયા** | |
| અમદાવાદથી વડોદરા જતા એક્સપ્રેસહાઈવેના કારણે બાજુના ગામડામાં વરસાદનું પાણી ભરાઈ જવા અંગે | ૨૪૨ |
| આણંદ અને ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના અન્વયે ચૂકવવાની બાકી સહાય | ૧૦૫ |
| આણંદ અને ખેડા જિલ્લામાં ખેતીના કામમાં લેવામાં આવતા બળદોની ઉપયોગીતા | ૨૨૫ |
| આણંદ અને ખેડા જિલ્લામાં મહી સિંચાઈ નહેરોના પાળાને ડામરના બનાવવા બાબત | ૩૦૬ |
| આણંદ આર.ટી.ઓ. કચેરીનું મહેકમ | ૨૫ |
| આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના સેજા નક્કી કરવા બાબત | ૧૭૨ |
| આણંદ જિલ્લામાં વનીકરણ | ૧૬૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **લાલસિંહ ઉ. વડોદીયા** | |
| આણંદ જિલ્લામાં વેચાણવેરાની બાકી વસુલાત અંગે લીધેલ પગલાં | ૯૫ |
| ખેડા જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ પકડવા બાબત | ૧૭૫ |
| રાજ્યમાં સ્વાઈન ફ્લુ ના દર્દીને સારવાર માટેની વ્યવસ્થા | ૩૨૩ |
| **લીલાધરભાઈ ખો. વાઘેલા** | |
| બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે સબજેલ શરૂ કરવા અંગ | ૩૩ |
| બનાસકાંઠા જિલ્લામાં પાસા હેઠળ થયેલ ફરિયાદ | ૪૧ |
| બનાસકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૩ |
| **વંદનાબેન મ. મકવાણા** | |
| કેશોદ તાલુકામાં ઈન્દીરા આવાસ યોજના હેઠળના મકાનો | ૧૬૯ |
| જૂનાગઢ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૩૧ |
| જૂનાગઢ જિલ્લામાં અનાજ/કેરોસીનના વિતરણ અંગે ફરિયાદ | ૧૫૧ |
| જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૨૩૦ |
| જૂનાગઢ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૮૭ |
| **વજુભાઈ વાળા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૦ |
| **વજેસિંગભાઈ પા. પણદા** | |
| દાહોદ અને ગરબાડા તાલુકામાં ફાળવેલ ગ્રાન્ટ અને કરેલ ખર્ચ | ૧૫૩ |
| દાહોદ અને ગરબાડા તાલુકામાં બી.પી.એલ. કાર્ડ | ૧૭૦ |
| દાહોદ અને ગરબાડા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના નીચે રોજગારીનાં નાણાંની ચૂકવણી | ૧૭૪ |
| દાહોદ જિલ્લાની સ્વનિર્ભર માધ્યમિક શાળાઓ | ૨૩૪ |
| **વર્ષાબેન ન. દોશી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૬૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૧૮૪ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ | ૧૫૫ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૩૨ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ | ૨૩૭ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિતદિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના લાભાર્થીઓ | ૮૨ |
| **વલ્લભભાઈ ગો. કાકડિયા** | |
| અમદાવાદ જિલ્લામાં ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો | ૩૪ |
| અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને મફ્ત પુસ્તકો | ૨૪૫ |
| ઉમરેઠ પી.એચ.સી.નું સંવર્ગવાર મંજૂર મહેકમ | ૩૩૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **વલ્લભભાઈ ગો. કાકડિયા** | |
| તત્કાલ બિનખેતી યોજના હેઠળ અરજીઓનો થયેલ નિકાલ | ૨૩૨ |
| બાપુનગર જનરલ હોસ્પિટલ બનાવવાની કામગીરી | ૩૦૦ |
| **વસુબેન ત્રિવેદી** | |
| આર. બી. ડી. પામોલીન તેલનો જથ્થો | ૧૫૬ |
| જામનગર ચેકપોસ્ટની આવક | ૩૩ |
| જામનગર જિલ્લાની શાળાઓમાં શોચાલયોની સુવિધા | ૨૨૨ |
| જામનગર શહેરમાં ચાલતી આંગણવાડીઓ | ૨૪૦ |
| જામનગર શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં | ૯૫ |
| મોડેલ આયુર્વેદ કોલેજ સ્થાપવા બાબત | ૨૯૯ |
| **વિભાવરીબેન વિ. દવે** | |
| ભાવનગર શહેરમાં ચાલતી આંગણવાડીઓ | ૨૨૨ |
| ભાવનગર શહેરમાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર સામે ફરિયાદો | ૧૫૫ |
| ભાવનગર શહેરમાં વેટની બાકી રકમ વસૂલ કરવા લીધેલ પગલાં | ૯૯ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | |
| ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક,૨૦૦૯. | ૨૭૪ |
| પાટણ જિલ્લામાં ૬૬ કે.વી.ના વીજ સબસ્ટેશન | ૧૧ |
| પાટણ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે ચૂકવેલ સહાય | ૯૬ |
| બિન સરકારી વિધેયકો | ૨૭૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) | ૫૩ |
| માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી દર્દીઓને સહાય | ૨૧૫ |
| યુવાનો પર થયેલા હુમલા અંગે | ૬૦ |
| રાધનપુર તાલુકામાં ગોચરની જમીન પર દબાણો | ૧૬૫ |
| રાધનપુર-મસાલી-માધાપુરા રસ્તાનું મજબૂતીકરણ કરવા અંગે | ૨૪૦ |
| **શંભુજી ઠાકોર** | |
| ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લૉટ | ૧૪૫ |
| ગાંધીનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૭ |
| ગાંધીનગર તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ | ૨૯૪ |
| ગુજરાતમાં વડી અદાલતમાં આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યાઓ | ૨૫ |
| **શંભુપ્રસાદ બ. ટુંડિયા** | |
| પાટડી તાલુકામાં ગોચરના દબાણો દૂર કરવાની ફરિયાદો | ૧૬૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૧૯૨ |
| રાજયમાં એન્જીનીયરીંગ કોલેજો | ૨૦૭ |
| સામખીયાણી અનેખારાઘોડાના મીઠા ઉદ્યોગના વિકાસ માટે દરિયાઈપાણીની ગટર બનાવવા અંગે | ૧ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૭ |
| સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ટેક્નો સેવા પ્રોગ્રામ હેઠળ એન્જીનીયરોની ફાળવણી | ૩૦૦ |
| **શિરિષકુમાર મ. શુકલ** | |
| આણંદ જિલ્લામાં જમીન માપણીની ઓફિસમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૨૦૮ |
| આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ ચૂકવેલ સાયકલ સહાય | ૯૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **શિરિષકુમાર મ. શુકલ** | |
| ખંભાત તાલુકામાં સરપંચો સામે ફરિયાદ | ૧૪૬ |
| ખંભાત તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ | ૩૦૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૧૮ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૫૭ |
| **શૈલેષ મ. પરમાર** | |
| અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ | ૩૦૭ |
| કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન માટે ફાળવેલ રકમ | ૨૩૩ |
| સાણંદ ખાતે સ્થપાનાર નેનો કારના પ્રોજેકટમાં સ્થાનિક રોજગારીના ઠરાવના અમલ અંગે | ૮૯ |
| **સિધ્ધાર્થ ચી. પટેલ** | |
| જામનગર ખાતે દરિયામાં ડૂબી ગયેલા વ્યક્તિઓને મૃત્યુની સહાય | ૨૩૧ |
| વડોદરા જિલ્લાના મોજે પોર-રમણગામડીને ઔદ્યોગિક વસાહત માટે ખેડૂતોની જમીન સંપાદન કરવા અંગે | ૨૪૪ |
| **સુરેશકુમાર ચ. પટેલ** | |
| કલોલ તાલુકામાં પલસાણા-શેરીસા પાસે નવા બનાવેલ રોડ વચ્ચેનું નાળું | ૨૯૫ |
| કલોલ તાલુકામાં સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ સ્કૂલો | ૨૩૪ |
| **સૌરભ પટેલ** | |
| ઉદ્યોગ વિભાગની અધિસૂચના | ૧૭૮ |
| સન ૨૦૦૬-૦૭નો ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ. | ૧૭૭ |
| **હીરાભાઈ હ. પટેલ** | |
| ખાનપુર તાલુકાને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આપવા બાબત | ૩૧૫ |
| પંચમહાલ અને દાહોદ જિલ્લામા રમતગમતના મેદાનો અંગે | ૧૦૩ |
| પંચમહાલ અને દાહોદ જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૨૯૩ |
| પંચમહાલ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોનું મહેકમ | ૩૩૨ |
| પંચમહાલ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ સહાય | ૧૫૩ |
| પંચમહાલ જિલ્લામાં જમીન માપણી માટેની અરજીઓ | ૨૨૮ |
| પંચમહાલ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૯૦ |